64, Summerhill (Gujarati Edition)

Dhaivat Trivedi

VISIT...

LANZAROTE Caliente.com

ધૈવત ત્રિવેદી

સદીઓથી ખોવાયેલા
સત્યનું સરનામું



64 સમરહિલ

64, સમરહિલ

સદીઓથી ખોવાયેલા સત્યનું સરનામું

ધૈવત ત્રિવેદી

સાર્થક પ્રકાશન
અમદાવાદ

64, SUMMERHILL
by Dhaivat Trivedi


Published by Saarthak Prakashan, Ahmedabad 380 006.

2015

ISBN: 978-93-84076-15-3

eBook by





www.e-shabda.com

અર્પણ...

ફરીથી

સ્વ. અશ્વિની ભટ્ટને જ...

તદપિ તવ ગુણાનામીશ પારં ન યાતિ
(પુષ્પદંત વિરચિત શિવમહિમ્નસ્તોત્રમ્)

આવી અનેક નવલકથાઓ
હું સતત તમને અર્પણ કરતો રહું તો પણ
તમારા ગુણને,
તમારા ઋણને
પાર પામી નહિ શકું



‘Science does not need mysticism and mysticism does not need science, but man needs both’

—The Tao of Physics

સત્યનું સરનામું... પોતપોતાનું

મારી પહેલી નવલકથા 'લાઈટહાઉસ' 'ગુજરાત સમાચાર'ના પાનાઓ પર બરાબર જામી રહી હતી અને એ સફળતાથી હું ખુશ હતો. એ ખુશીની સમાંતરે મને બેચેની ય થતી હતી કે, જે કંઈ આવડતું હતું એ આ એક નવલકથામાં મેં કહી દીધું. હવે બીજી નવલકથામાં નવું શું કરીશ?

એવામાં એક દિવસ, અરે એક દિવસ શા માટે, એક્ઝેક્ટ તારીખ જ કહું.

28 માર્ચ, 2012 બુધવારે રોજિંદી ટેવ મુજબ હું ગુજરાત સમાચારની ઓફિસમાં મારું કામ પતાવીને સિટી ન્યુઝ ચેક કરી રહ્યો હતો. અચાનક એક હેડિંગે મારું ધ્યાન ખેંચ્યું,

'ઉમતા જૈન દેરાસરની અમૂલ્ય મૂર્તિ ચોરનાર છપ્પનસિંઘ ઝડપાયો... 45 લાખમાં મૂર્તિ મથુરામાં વેચી દેવાનું નક્કી થયું હતું.'

અખબારી કામગીરીમાં ક્રાઈમ એ મારો વિષય નથી, પણ એક પત્રકાર તરીકે મારા રસના અનેક વિષયો પૈકીનો એક તો ખરો જ. હું સડસડાટ એ સમાચાર વાંચી ગયો. સંબંધિત રિપોર્ટર સાથે ય થોડી ચર્ચા કરી. ચોરાયેલી મૂર્તિની તસવીર જોઈને તાજુબી ય અનુભવી.

પછી તરત હું એ સમાચાર ભૂલી પણ ગયો.

લગભગ વીસેક દિવસ પછી એક વરિષ્ઠ પોલિસ ઓફિસરનો મારા પર ફોન આવ્યો.

'અરે યાર, એક ચોર પકડાયો છે. તારે મળવા જેવો છે...'

- અને એમ એક ભેજાંબાજ મૂર્તિચોર સાથે મુલાકાત થઈ અને એ મુલાકાતમાંથી ઘડાઈ ગઈ એક નવલકથા... 64, સમરહિલ.

એ મૂર્તિચોરનું નામ હતું છપ્પનસિંઘ. રીઢા, ખેપાની અને કીમિયાબાજ છપ્પનસિંઘ સાથેની એ મુલાકાત વિશે નવલકથાના અંતે જોડેલ પરિશિષ્ટમાં વિગતે લખ્યું જ છે એટલે અહીં તેનું પુનરાવર્તન નથી કરતો, પણ અહીં મારે જે કહેવું છે એ છે નવલકથાની સર્જનપ્રક્રિયા.

હું બહુ સભાનતાપૂર્વક કહું છું કે, આ નવલકથા એ મારામાં ધબકતા એક ખણખોદિયા પત્રકાર, કલ્પનાશીલ નવલકથાકાર અને ઉત્સુકતાથી ફાટાફાટ થતા વાચકનું સહિયારું સાહસ છે.

છપ્પનને મળ્યા પછી મારા મનમાં એક પત્રકાર તરીકે સવાલોની બૌછાર વરસતી હતી. આવી જર્જરિત મૂર્તિના આટલા બધા રૂપિયા કોણ આપતું હશે? ખરીદનાર આ મૂર્તિનું શું કરતો હશે? ચોરનારે શા માટે આ મૂર્તિ જ પસંદ કરી? તેણે એવી તે કેવી કારીગરી કરી કે આખી ય મૂર્તિ અક્ષુણ્ણ કાઢી શક્યો અને કોઈએ તેને જોયો પણ નહીં?

પત્રકાર-સહજ આવા અનેક સવાલો મારા મનમાં ઊગતા હતા, પણ તેનો જવાબ મળ્યા પછી મારા મનમાં ઉત્સુકતા, કુતૂહલ અને અપાર વિસ્મયનો વિસ્ફોટ થતો હતો. પત્રકારની ભૂમિકાની સરહદ પૂરી થતી હતી ત્યાંથી જ એક નવલકથાકારની કલ્પનાશીલતા શરૂ થઈ અને તેમાં ભળ્યું એક વાચક તરીકેનું અફાટ વિસ્મય.

2008માં મારી પહેલી કોલમ 'દિવ્ય ભાસ્કર'ની 'કળશ' પૂર્તિના છેલ્લા પાના પર અવતરી, જેનું નામ હતું 'વિસ્મય'. એક વ્યક્તિ તરીકે વિસ્મય એ મારો સ્થાયી ભાવ છે. જાતભાતના સવાલો, ઉત્સુકતાઓ મારા મનમાં જાગતાં રહે અને તેના જવાબો મેળવવા હું મથતો રહું. ક્યારેક મળેલા જવાબથી સંતોષ ન થાય કે સંચોડો જવાબ જ ન મળે ત્યારે હું મારા

ભાવવિશ્વમાં તેનો જવાબ ફંફોસતો રહું.

આમ, આ નવલકથા એ મારી અંદર જીવતા ત્રણેય સ્વરૂપોનું સંયુક્ત ફરજંદ છે, જેમાં પત્રકાર તરીકે રોજબરોજની ઘટનાઓ સાથે પડતો રૂક્ષ, બરછટ પનારો પણ છે, નવલકથાકાર તરીકેની કોમળ, મુગ્ધ કલ્પનાશીલતા પણ છે અને એક વાચક તરીકે સતત ઉત્સુકતા પછાડતી તાકીદ પણ છે.

છપ્પને તો મને કહી દીધું કે, 'ચહેરા વગરનો, નામ-ઠામ કે સરનામા વગરનો એક આદમી છે જે તેની પાસે મૂર્તિઓની ચોરી કરાવે છે.' રામ જાણે, તેણે સાચું કહ્યું હોય કે ખોટું, પણ તેનાંથી મારી કલ્પનાને તેણે જબરી કાંડી ચાંપી દીધી હતી. કોણ હોઈ શકે એવો માણસ, જે આટલી શાતિર ઢબે મૂર્તિઓ ચોરાવતો હોય? કઈ રીતે એ પોતાની જાતને, પોતાની ઓળખને ઓઝલ રાખતો હશે? કઈ રીતે એ છપ્પનની તમામ ગતિવિધિ પર બારિક નજર રાખતો હશે? પાણીની જેમ રૂપિયા વેરીને મૂર્તિઓ ચોરાવવાનો તેનો હેતુ શું હશે? એ શું ફક્ત ઊઠાઉગીર જ હશે? મૂર્તિકળાનો પરખંદો હશે? જડ દુનિયાના ઉપહાસ ખાઈને વિફરેલો કોઈ વિદ્વાન કશુંક સાબિત કરવા આ રવાડે ચડ્યો હશે?

અચાનક મને યાદ આવ્યા થોર હાયરડાલ.

એ નોર્વેજિયન એન્થ્રોપોલોજિસ્ટે નૃવંશશાસ્ત્રની પોતાની થિયરી સાબિત કરવા માટે હજારો વર્ષ પહેલાં બનતાં ઢંગધડા વગરના તરાપા પર સવાર થઈને 8000 કિલોમીટરનો દરિયો ખેડ્યો હતો. 'કોનટિકી' તરીકે મશહૂર થયેલી એ સાહસયાત્રાના સ્મરણથી મારા મનમાં એક પાત્ર ઘડાવા લાગ્યું... દુબળી!

અહીં પ્રસ્તાવનામાં જ આખી કથા નહિ કહી દઉં, પરંતુ 'ગુજરાત સમાચાર'માં ધારાવાહિક તરીકે આ નવલકથા વાંચ્યા પછી હજારો વાચકોએ ફોન, એસએમએસ, મેઈલ, મેસેન્જર અને વ્હોટ્સએપ મેસેજ પર પ્રતિક્રિયા વ્યક્ત કરી હતી અને ત્યારે એ દરેકનો એક સવાલ કોમન હતો, શું આ બધું ખરેખર સાચું છે?

એટલાં પૂરતો અહીં જ જવાબ આપું છું. છપ્પનસિંઘ સાચો છે, પણ તેનું પાત્રઘડતર કથાની જરૂરિયાત મુજબ ઘડ્યું છે. નવલકથામાં વર્ણવેલી મૂર્તિચોરીની તરકીબો પણ હું અસલ છપ્પનસિંઘ પાસેથી જ શીખ્યો છું, પરંતુ તેની પાછળ જવાબદાર વૈજ્ઞાનિક કારણો મેં ફોરેન્સિક નિષ્ણાતોની સલાહ અને પુસ્તકો વાંચીને મેળવ્યા છે.

જમ્મુના રઘુનાથ મંદિર સુધી મને લઈ જવામાં ભારતીય સેનાના એક સૈનિકની મહત્ત્વની ભૂમિકા હતી. થયું હતું એવું કે, 2013ના સપ્ટેમ્બર મહિનામાં હું જમ્મુમાં હતો એ જ દિવસે એ જ સામ્બા આર્મી કેમ્પ પર આતંકવાદીઓએ આત્મઘાતી હુમલો કર્યો હતો, જેમાં ભારતીય સેનાના 11 જવાનો શહીદ થયા હતા. એ પછી વધુ આતંકી હુમલાઓની દહેશત વચ્ચે જમ્મુ તોફાને ચડ્યું હતું. આખાય શહેરમાં કર્ફ્યુ હતો. શહેરમાં ચારેબાજુ તોફાનો અને સરહદ પાર કરીને ઘૂસેલા 35 જેટલાં આતંકવાદીઓએ ફેલાવેલી તંગદીલી વચ્ચે ભારતીય લશ્કરના એક સુબેદાર અંગત રસ લઈને મને રઘુનાથ મંદિર લઈ ગયા હતા. ટોળાના પથ્થરમારા અને આગજની વચ્ચેથી આર્મીની ખટારીમાં પસાર થવાનો એ અનુભવ કદી નહિ ભૂલાય.

એ સુબેદારનું નામ ઝુઝારસિંઘ મલ્હાન. એમની દિલાવર ખુશમિજાજી અને મારા બરડામાં મારેલા દોસ્તાના ધબ્બાના સ્મરણ તરીકે એમની અનુમતિથી મેં અહીં એક પાત્રને એમનું નામ આપ્યું છે. બસ, નામ સિવાય પાત્ર અને વ્યક્તિત્વ વચ્ચે બીજું કોઈ જ સામ્ય નથી.

કથાનું ફલક વ્યાપક હશે એ વિશે હું આરંભથી જ સ્પષ્ટ હતો અને આશરે પાંચ હજાર વરસનો

અંતરાલ રજૂ કરવો એ ભારે મોટી કસોટી હશે તેનો પણ મને અહેસાસ હતો. એટલે જ, લાઈટહાઉસની સમાપ્તિ પછી લગભગ એક વરસ મેં કથાનક વિષયક પુસ્તકોના અધ્યયનમાં ગાળ્યું અને ઐતિહાસિક તથ્યોની શક્ય તેટલી સ્પષ્ટ વિગતો મેળવી.

એ પછી શરૂ થયો પ્રવાસ. નવલકથામાં રજૂ થયેલી, તિબેટ સિવાયની લગભગ દરેક જગાની મેં મુલાકાત લીધી છે. બ્રહ્મપુત્રના ઘૂઘવતા કાંઠે મેઘલી રાતે અડાબીડ જંગલ વચ્ચે સ્થાનિક આદિવાસીના કૂબામાં પોલા વાંસ અને કરમદાનું શાક જાતે બનાવીને ખાધું છે. બોડો અને સુગ્મા આદિવાસીઓના હોડકાંમાં શાંગરાના કાંઠે ઘુમ્યો છું. એ વખતે હું શું લખીશ, આ જગાઓના કેવા વર્ણન આવશે, અહીં કેવી ઘટનાઓ આકાર લેશે એ વિશે મારા મનમાં લેશમાત્ર સ્પષ્ટતા ન હતી. હવે એ દરેક જગાઓ મને ઘરઆંગણા જેવી પરિચિત અને પોતીકી લાગે છે.

વંટોળિયા વચ્ચે ઊડતી કાગળની ચપતરીની માફક સત્યને પામવાની આ કથામાં દરેક પાત્ર ઘટનાઓના ઘોડાપૂરમાં ફંગોળાયેલું છે અને પારાવાર કસોટીમાંથી તવાઈને દરેક પાત્ર છેવટે પોતપોતાના અનોખા, અલાયદા, નીજી સત્યને પામે છે. સત્ય એ છે જે અફર છે, અટલ છે, અવિનાશી છે અને સૌથી વધુ તો, નિરપેક્ષ છે. 61 હપ્તા સુધી ચાલેલી આ નવલકથામાં મારે જે કહેવું છે એ બસ, આટલું જ છે.

એ કહેવા માટે મેં અહીં અફાટ ઉત્સુકતા જગાવતી તરકીબો પ્રયોજી છે. થ્રિલ, રોમાંચ, વર્ણન, તેજ ઘટનાપ્રવાહ, રસ પડે તેવી વિગતો વગેરે મારે મન પેકેજિંગ છે. ડેરી મિલ્ક ચોકલેટ કે ચોકોફિલ બિસ્કિટ ઉપર જે અત્યંત આકર્ષક રેપર હોય છે એવું જ આ પેકેજિંગ છે. જેનાંથી આકર્ષાઈને ઘટનાતત્ત્વનો રસિયો સાધારણ વાચક અંદર સુધી જવા પ્રેરાશે.

મૂળ તત્ત્વમાં મારે બીજું જે આપવું છે એ ગુજરાતી ભાષાનું અત્યંત સબળ, સક્ષમ અને કામણગારું સૌંદર્ય છે, જે આજકાલ સદંતર વિસરાઈ રહ્યું છે. લેખક તરીકે મારી માતૃભાષા બચાવવાનો મને આવડે છે એવો આ પ્રયાસ છે. ગુજરાતીના વિસરાયેલા, પણ અત્યંત બળકટ શબ્દો હું જાણી જોઈને ચલણમાં મૂકવા પ્રયાસ કરું છું. બાકી મને પણ લખતાં આવડે કે, એ માણસ ટમી બહાર નીકળે એવી રીતે બેન્ડ થઈને ચેરમાં બેઠો હતો એટલે બહુ જ અગ્લી લાગતો હતો, પરંતુ તેને બદલે હું ધરાર એવું લખું છું કે, એ માણસ ખુરસીમાં રાંટો થઈને બેઠો હતો એટલે બહુ જ કઢંગો લાગતો હતો.

તોફાની ઘટનાપ્રવાહ અને ધગધગતી ઉત્સુકતાથી દોરાયો વાચક હળવેકથી મૂકી દેવાયેલા આ બે અજાણ્યા શબ્દો ય વાંચશે. જરાક થંભીને મનોમન વિચાર કરશે અને સ્થિતિના અનુક્રમમાં ધારી લેશે કે રાંટો એટલે ટમી બહાર કાઢીને કે જરાક બેન્ડ થઈને એવો અર્થ થતો હશે.

જો એવું થાય તો એ મારી સફળતા.

થેન્ક ગોડ, એવું થયું પણ છે. ફેસબુક પર, વ્હોટ્સ અપના 64, સમરહિલ ફ્રેન ગ્રુપમાં લગભગ દરેક પ્રકરણ પછી આવી ચર્ચાઓ જામી છે. નવલોહિયાઓએ પૂછ્યું ય છે, 'આ રાવટી એટલે વળી શું? કરગઠિયા કોને કહેવાય? પડાળી એટલે?' તરત હું જવાબ ન આપું અને બીજા વાચકોને પડકાર ફેંકું. કોઈક સાચો જવાબ આપે. કોઈક વળી કરગઠિયાનો ફોટો ય મૂકે. રાવટીના બીજા પર્યાયવાચી શબ્દો ય ચર્ચાય. પડાળી ઉપરથી કોઈક અડાળી જેવો બીજો શબ્દ પણ મૂકે.

- અને ત્યારે મને મારું લેખકકર્મ સાર્થક થતું અનુભવાય.

ગુજલિશ બોલાય છે, ગુજલિશ સમજાય છે, ગુજલિશ વંચાય છે, ગુજલિશ વેચાય છે માટે હું

ય ગાડરિયા પ્રવાહમાં સામેલ થઈને ગુજલિશ લખું એ મને હરગિઝ મંજૂર નથી. મારા (તેમજ મારી પેઢીના) લેખકકર્મનો એ સૌથી મોટો પડકાર ગણીને હું મારી ભાષામાં તમારી પાસે આવું છું. તમને હું ધરાર મારી શર્તે લખાયેલું વાંચવાની ફરજ પાડીશ અને અજાણ્યા શબ્દો તમારા કાનમાં મૂકતો જઈશ.. મૂકતો જ જઈશ. તમને શબ્દો ન સમજાય તો પણ તમે મને વાંચવાનું છોડી શકો નહીં એવું નક્કર લખવું, લખતાં જ જવું એ મારી સામેનો પડકાર છે. તમે ન સમજાયેલા શબ્દો મમળાવ્યા કરો,

તેનો અર્થ જાતે જ શોધતા ફરો અને પછી જાતે એ પ્રયોજતા રહો એ લેખક તરીકેની મારી સાચી સફળતા છે, નહીં કે આ નવલકથાની આઠ-દસ આવૃત્તિ.

- અને એ જ મારા લેખકકર્મની મારી માતૃભાષા પ્રત્યેની ફરજ પણ છે.

મારી નવલકથા વર્ષો સુધી યાદ રહેશે અને હું બેસ્ટ સેલર બની જઈશ અને હું નંબર વન નવલકથાકાર ગણાઈશ એવી કોઈ સ્થૂળ ખ્વાહિશ મને જરાક અમસ્તી ય નથી. લોકપ્રિયતા મારે મન સદંતર એક આડપેદાશ છે. હું ય તેનો ભરચક આનંદ માણું જ છું, પણ પ્રવાસમાં મળી ગયેલી ઠંડા પાણીની પરબની માફક. હું ય ત્યાં ઘડીક થંભું છું, મારો થાક ઉતારૂં છું અને વિસ્મૃતિ તરફ આગળ વધતો જાઉં છું. કારણ કે, મને બરાબર ખબર છે કે ગુજરાતી સર્જકોનો આધ એવો નરસૈંયો ય જો હળાહળ વિસરાઈ શકતો હોય તો હું કઈ વિસાતમાં?

વીસરાઈ જવું એ મારી નિયતિ છે...

... અને અંગત રીતે મારી નીતિ પણ એ જ છે.

— ધૈવત ત્રિવેદી

2, 'રાજુલા', ઘુમા 89 રેસિડેન્સી,
કબીર એન્ક્લેવ પાછળ, વિભૂષા બંગલો રોડ,
બોપલ, અમદાવાદ
મોબાઈલ : 90996 94491,
ઈમેઈલ : dt061109@gmail.com

ઋણસ્વીકાર

શ્રેયાંસ શાહ, બાહુબલિ શાહ, નિર્મમ શાહ

મારી સળંગ બીજી નવલકથા પણ 'ગુજરાત સમાચાર'માં પ્રગટ થાય એ માટે મને ઉલટભેર સમય અને અનુકૂળતાની તમામ મોકળાશ આપવા માટે.

દિપક સોલિયા, ઉર્વીશ કોઠારી, કાર્તિક શાહ

સાર્થક પ્રકાશનમાં હોવા છતાં ન હોઉં એવો ત્રાહિત બની જાઉં ત્યારે મારી અનુકૂળતા અને મારા મૂડને પ્રાથમિકતા આપીને હંમેશા મને સામેલ ગણવા માટે.

લલિત ખંભાયતા, દિવ્યેશ વેકરિયા, હર્ષ મેસવાણિયા

આ નવલકથા લખાતી હતી એ દરમિયાન બીજા રોજિંદા કામોમાં મારો ઓછામાં ઓછો સમય બગડે અને હું મારા વિચારોમાં, લેખનમાં મહત્તમ એકાગ્રતા જાળવી શકું તેની બેહદ પ્રેમભરી કાળજી લેવા માટે.

શર્મિલી પટેલ

હંમેશની માફક મારી નવલકથા જાણે તેની પોતાની હોય એટલી તલ્લીનતાથી તેમાં સંકળાવા માટે અને સતત મને ચાંપતો રાખવા માટે.

રમણિકકાકા

હવે તો તેમને ય ખાતરી થઈ ગઈ છે કે મશીન ચાલુ થઈ જાય એ ઘડી સુધી હું લખવાનો છું, એટલે કદી જ મારા માથા પર ડેડલાઈન ન થોપવા માટે.

પરાગ દિહોરા

મારી કલ્પના મુજબના નકશાઓ અને આ પુસ્તકનું આવરણ, ટાઈપ સેટિંગ તૈયાર કરી આપવા બદલ.

ડો. સેજલ શાહ (અમદાવાદ), ડો. નિકિતા પટેલ (આણંદ), મેઘા જોશી (વલ્લભવિદ્યાનગર), વિરલ રાચ્છ, પ્રતીક શુક્લ (જામનગર) અને હિરેન ભટ્ટ (સુરત)

લખાતા જતા પ્રકરણોના આગોતરા વાચક તરીકે મને મૂલ્યવાન સૂચનો કરીને પ્રોત્સાહિત કરવા બદલ.

ફેસબુકના એ અગણિત દોસ્તો...

શનિવારે રાતે વેબસાઈટ પર પ્રકરણ મૂકાય એ ઘડીથી ફેસબુક પર શરૂ થઈ જતી ચર્ચાએ સતત મને ઉત્સુક રાખ્યો છે અને મારો પાનો ચઢાવ્યો છે. હું મારી જાતને નસીબદાર ગણું છું કે આટઆટલા વાચકો સાથે હું આટલો જીવંત સંપર્ક રાખી શક્યો.

વ્હોટ્સએપના 64, સમરહિલ્સ ફ્રેન્સ

માય ગોડ... સવારે સાડા ચાર વાગ્યે એક જણ ગુડનાઈટ લખે અને પોણા પાંચે કોઈક ગુડ મોર્નિંગ કહીને દિવસ ઉઘાડે એવા ચોવીસ કલાક મોબાઈલના સ્ક્રિન પર ધમધમતા રહેલા આ ગ્રુપના દરેકેદરેક મિત્રો મારે મન અનોખા, અદકેરાં અને અનેરાં છે. તેમના પ્રેમ, આદર અને લાગણીના ઋણમાંથી હું કદી નહિ છૂટી શકું... મારે છૂટવું ય નથી.

મમ્મી-પપ્પા અને મારો પરિવાર

હું કશુંક લખી રહ્યો છું અને જે લખી રહ્યો છું એ લોકપ્રિય પણ થઈ રહ્યું છે તેનાથી સુપેરે વાકેફ રહેવા છતાં મારા પગ ધરતી સાથે જડેલા રાખવા માટે.

સ્વાતિ

નવલકથાની સમગ્ર સર્જનપ્રક્રિયામાં તે બેહદ સક્રિય રહી છે, પણ તેનો આભાર માનવાનો ન હોય. હા, સફળતાનો નિર્લેપભાવે આનંદ માણવો અને નિષ્ફળતાને નિર્ભિકપણે સ્વીકારવી એવી સ્વસ્થતા

મને શીખવવા માટે હું કાયમ તેને શ્રેય આપવાનો છું. નવલકથામાં પ્રયોજેલ સંસ્કૃતના પ્રચૂર ઉપયોગમાં તેનું બહુમૂલ્ય યોગદાન રહ્યું છે.

સ્થળ: મધ્યપ્રદેશ અને છત્તીસગઢની બોર્ડર પર સિરોંજ ગામથી ડિંડોરી તરફ જતાં આવેલું એક પુરાણું દેવાલય

સમય: નમતી બપોર

ધર્મશાળાના ખખડધજ બારણાની ફાંટમાંથી આવતા અજવાસની ઝાંય બદલાતી જોઈને તે પથારીમાંથી બેઠો થયો. આકાશમાં કદાચ વાદળો ઘેરાઈ રહ્યાં હતાં. ગમે ત્યારે વરસાદ તૂટી પડવાની એંધાણી આપતો તીવ્ર બફારો સવારથી જ હવામાં ઘૂમરાતો હતો. જો વરસાદ પડે તો તેણે હજુ ય અહીં રોકાઈ જવું પડશે. 'લોકેશન' પર ઓછામાં ઓછા દિવસો રોકાઈને કામ પાર પાડી દેવું એ તેનો ઉસૂલ હતો અને આજે તેને ચોથો દિવસ તો થઈ ગયો હતો. બધું જ બરાબર ચેક થઈ ગયું હતું. 'સ્પોટ'ની ભાળ મળી ગઈ હતી. ખાસ કોઈ જોખમ ક્યાંય જણાતું ન હતું. આજે સાંજ ઢળે એ પહેલાં ખેલ પાડી દેવાનું તેણે નક્કી કર્યું જ હતું. એમાં જો વરસાદ પડે તો...

તે સફાળો ઊભો થઈ ગયો અને કિટ તૈયાર કરવા માંડ્યો. અલગ-અલગ ગેજના લાકડાના પેચિયાનું બંચ, જાડા રબ્બરની નાનકડી હથોડી, બારીક કાચની લૂગદી ચડાવેલા સૂતરના મજબૂત દોરાની દડી વગેરે તેણે ક્રમ મુજબ કિટના આગળના ખાનામાં ગોઠવ્યાં. પ્લાસ્ટિકની એક થેલી ખોલીને ખાટલા પર ઠાલવી. તેમાં ચૂનાની એક કોથળી હતી અને બીજી કોથળીમાં લાપી અને ચારેક મુઠ્ઠી જેટલી રાખ હતી. નાનકડા ટમલરમાં તળિયું ડૂબે એટલું પાણી ભરીને અંદર રાખ, લાપી અને ચૂનાનું મિશ્રણ નાંખતા જઈને તેણે જાડી પેસ્ટ બનાવી. ઉપયોગમાં લેવાય ત્યારે જરાક સુકાઈ ગયેલી એ પેસ્ટ પર તેણે ફક્ત પાણી જ છાંટવાનું હતું. બિનજરૂરી એક ટાંકણી ય જોડે રાખવાનો તેનો સ્વભાવ ન હતો. સ્પોટ જોયા પછી તેને ખાતરી હતી કે રાંઢવાના ચાર-પાંચ ફૂટના ત્રણ ટુકડા બસ થઈ પડશે. રાંઢવાના હારડામાંથી તેણે છરી વડે જરૂરિયાત મુજબનો ટુકડો કાપીને કિટમાં મૂક્યો અને બાકીનો સરંજામ સામાનની મોટી બેગમાં ભરી બેગ લોક કરી દીધી.

વેપન્સની તેને સખત નફરત હતી. કાચી વયનો હતો ત્યારથી જ એ 'ધંધે' લાગી ગયો હતો પણ હથિયારનો ઉપયોગ કરવાની કલ્પનામાત્રથી તેને લખલખું આવી જતું. આમ છતાં સલામતી પૂરતાં ય હથિયાર તો રાખવાં જ પડે. તેણે જિન્સના ડાબા પડખે હોલ્સ્ટર બાંધીને તેમાં લાંબો, સીધા ફણાવાળો ધારદાર છરો ખોસ્યો અને જિન્સની નીચે પહેરેલા ઈલાસ્ટિક બેન્ડમાં ગ્લોક-17 પિસ્તોલ બાંધી. એ તેની માનીતી ગન હતી. કદમાં નાની, વજનમાં હળવી અને ધડાકો ય ધીમો પણ નિશાન બેમિસાલ. કમરમાં ગન ખોસતી વખતે તે કાયમ મનોમન બબડી ઊઠતો... બસ, આ પિસ્તોલ વાપરવાની નોબત ન આવવી જોઈએ. આટલાં વરસનો અનુભવ અને આટલી સફળતા છતાં પકડાવાનો ડર તેને ફફડાવી દેતો હતો.

હવે સૌથી અગત્યનું કામ કરવાનું હતું.

ટેબલ ફેનને જરાક નજીક ખસેડવા જતાં ખરબચડી ભોંય સાથે સ્ટૂલના પાયા ઘસાવાથી કર્કશ અવાજ થયો એથી એ છળી ઊઠ્યો. આસપાસના રૂમમાં કોઈ ન હતું, પણ 'કામ' પર જવા માટે એ તૈયાર થતો હોય ત્યારે હૈયાના ધબકારાના અવાજથી ય એ ભડકી ઊઠતો. જો કે તેનું કામ જ એવું હતું. જરાક સરખી ચૂક કરી કે ખલ્લાસ.

કિટ વ્યવસ્થિત ગોઠવીને તેણે થેલા પર પડેલું કાચું ચીભડું ઉઠાવ્યું. તેની ચાર- પાંચ ચીર કરીને બેય હાથ વડે બળપૂર્વક છૂંદી નાંખ્યું અને તેનો રસ ધીમે ધીમે બંને હાથના કાંડાના મણિબંધ સુધી કાળજીપૂર્વક રેલાવા દીધો. પાકાં ચીભડાંનો મીઠો, ચીકણો રસ બેય હથેળીમાં પ્રસરી

ગયા પછી તેણે હાથના પંજા પંખા સામે ધર્યા અને પંખાની હવામાં આંગળીઓની છાપની અત્યંત બારીક રેખાઓ પર સમરસ થઈ રહેલાં ચીભડાના રસને સુકાતો તેણે જોયા કર્યો.

સ્ટૂલની નીચે મૂકેલી રકાબીમાં અડધી મીણબત્તી જલી ચૂકી હતી અને તળિયે પ્રવાહી મીણ તરવા લાગ્યું હતું. સ્ટૂલની ધાર પર મૂકેલી સનમાઈકાની ચપતરી તેણે ઉઠાવી. હાથવગી કોઈ પણ ચીજને હથિયાર અને આંખે ચડે એ કોઈ પણ ચીજને ઓજાર બનાવવામાં તે માહેર હતો. ચપતરીને સંભાળપૂર્વક પકડીને તેણે ગરમ પ્રવાહી મીણમાં ઝબોળી અને ડાબા હાથની આંગળીઓ પર ચોપડવા માંડ્યું. બેય હથેળી પર હૂંફાળું મીણ ચોપડ્યા પછી તેણે ફરીથી ટેબલ ફેન સામે હાથ ધરી દીધા. ચીભડાના રસ ફરતો મીણનો પાશ વીંટળાતો જોઈને એ મનોમન મરકી પડ્યો. ફિંગર પ્રિન્ટ પારખવાના આધુનિક વિજ્ઞાનને તેનો આ તદ્દન દેશી કીમિયો હંમેશા મહાત કરતો રહ્યો હતો. અથવા કહો કે, આજ સુધી કદી એ પકડાયો ન હતો એટલે તે આ કીમિયાને કારગત નીવડેલો માનતો હતો.

પકડાવાના વિચારથી જ ટેબલ ફેન સામે ધરેલા તેના હાથમાં હળવી કંપારી આવી ગઈ. તેનો બાપ ગૂંગાસિંઘ કાયમ કહેતો, "હમરે કામ મેં તીણ બાત ખયાલ મેં રખઉં. ઉઠૈયો, ભાગો ઔર ફેંકો. તીણ મેં સે એક મેં ભી દેર લગી તો સમજો વાટ લગી"

બાપના સ્મરણથી તેના ચહેરા પર હળવાશ આવી ગઈ. મોતીહારીથી છપરા અને મધુબનીથી ગોરખપુર સુધીના વિસ્તારમાં એક જમાનામાં ગૂંગાસિંઘની હાક વાગતી. પોલીસ તો ઠીક, ભલભલા માથાભારે જમીનદારો, ઠાકુરોના લઠૈત પણ તેને પકડી શક્યા ન હતા. એ તદ્દન અભણ દેહાતી હતો પણ સાલો ગજબનો ચબરાક હતો. જેટલો ચબરાક એટલો જ સનકી. દરેક મોટી ચોરીની કશીક યાદગીરી રાખવાની તેને આદત. એવી જ આદતમાં, છપ્પનકોશી મંદિરનું ભોંયરું તેણે તોડ્યું અને અઢળક દાગીના ઉઠાવ્યા એ જ રાતે તેના ગામ સોનેહારમાં તેની પત્નીએ દીકરાને જન્મ આપ્યો એટલે તેણે દીકરાનું નામ રાખી દીધું... છપ્પનસિંઘ...!

નામના વિચારમાત્રથી તેણે મૂછ પર તાવ દઈ દીધો. પોતાના નામ માટે તેને અજબ લગાવ હતો. એક તો, સમગ્ર ઈલાકાને ખળભળાવી ગયેલી ચોરીનું પરાક્રમ તેના નામ સાથે જોડાયેલું હતું અને બીજું, તેનું નામ આજ સુધી કદી પોલીસના ચોપડે ચડ્યું ન હતું. પોલીસ તો શું, હાથફેરાની કારકિર્દીના તેણે જ્યાં શ્રીગણેશ કર્યા હતા એ મિશનરી સ્કૂલ કેમ્પસમાં આઠ-આઠ વર્ષ સુધી તે કળા કરતો રહ્યો તો ય કદી ઝડપાયો ન હતો.

દીકરો ભણી-ગણીને બીજા કામ-ધંધે વળગે અને પોતાના ધંધામાં ભૂલથી ય ન પ્રવેશે એ માટે અભણ ગૂંગાસિંઘે છપ્પનને બાળપણથી જ પટણા મોકલી દીધો હતો, પરંતુ ત્યાં મિશનરી સ્કૂલની હૉસ્ટેલમાં ય છપ્પનના લોહીના સંસ્કાર છાના રહ્યા ન હતા. ક્લાસમેટ્સના કંપાસ, બુક્સની ઊઠાંતરીમાં તેણે હાથ અજમાવ્યો. પછી તો હોસ્ટેલમાં રહેતા વિદ્યાર્થીઓનો એકેય કબાટ કદી સલામત ન રહ્યો. ગૂંગાસિંઘ પૈસા મોકલે એથી બમણું તો છપ્પન હાથચાલાકીથી 'કમાઈ' લેતો હતો.

નાની ઉંમરે ઓછી મહેનતે જરૂરિયાતથી ઝાઝું રળવા લાગેલો છપ્પન હોસ્ટેલમાં તેની બાદશાહી મહેફિલો માટે ખાસ્સો લોકપ્રિય હતો. સૌ કોઈ એમ જ માનતા કે એ તળબિહારના કોઈ જમીનદારનો દીકરો છે અને કદી કોઈને એ ખબર ન પડી કે છપ્પન એમનાં જ ખિસ્સાં કાતરીને ઐયાશી કરતો હતો અને કરાવતો હતો. પંદર વર્ષની ઉંમરથી હોસ્ટેલની અગાસીમાં તે મુજરા યોજતો. નવા-નવા જવાન થયેલા છોકરાઓની મહેફિલમાં નાચવા આવેલી તવાયફો બે-ત્રણ ઠૂમકા લગાવે પછી ચોથે ઠૂમકે તો પથારીમાં ખેંચાઈ જતી.

નૌસિખિયાઓનું લોહી, કહેનારું-પૂછનારું કોઈ નહીં, એવી બેલગામ ઘોડા જેવી હણહણતી જિંદગીના તોરમાં છપ્પન અને તેના કેટલાંક સાથીદારોએ મોટો દલ્લો ઉઠાવવાના આશયથી માંગીલાલ જ્વેલર્સની દુકાન તોડવાનો કારસો ઘડ્યો. લોકેશન કેવું છે, ત્યાં સિક્યોરિટી કેવી છે તેની કશી જ ગતાગમ વગર બાપના ખેતરમાં વાડ ભાંગતાં હોય એવી બેપરવાઈથી તેમણે શટર તોડ્યું એ સાથે એલાર્મ ગાજી ઊઠ્યો. બીકના માર્યા સૌ જે પહેલી દિશા દેખાઈ ત્યાં ભીના પાટલૂને ભાગી છૂટ્યા. એવા ભાગ્યા કે પછી જિંદગીમાં કદી એકમેકને ભેગા જ ન થયા.

ગૂંગાસિંઘને આખરે દીકરાની કુંડળીમાં પણ પોતાની માફક ચર-રાશિના ગ્રહો બળુકા હોવાનો અહેસાસ થઈ ગયો. તેણે ઘડીક પોતાનું માથું કૂટ્યું. જવાન થવા આવેલા દીકરાને ધોલધપાટ પણ કરી નાંખી. છેવટે નસીબને દોષ દઈને તેણે છપ્પનને પોતાની પાસે જ પલોટવા માંડ્યો.

ગૂંગાસિંઘની કાબેલ દેખરેખ હેઠળ ઘડાયેલો છપ્પન પોતાના બાપને આરાધ્ય માનતો. દરેક મુશ્કેલ વખતમાં તે ચંદ ઘડી માટે આંખ મીંચી દેતો અને બંધ પોપચાં હેઠળ બાપનો ચહેરો નજર સામે આવે પછી ગમે તેવું સાહસ ખેડી નાંખતાં ય એ કદી ખચકાતો નહીં. બાપે શીખવેલા ચોરીના દરેક ઉસૂલોને એ ભગવદ્ગીતાની આસ્થાથી યાદ રાખતો.

તેના બાપનો બીજો ઉસૂલ હતો, "તૌલિયા ઊઠૈયો તો ભી ચોરી, ગહેના ઊઠૈયો તો ભી ચોરી... તો ફિર ગહેના હી ક્યોં ન ઊઠૈયો??"

છપ્પનસિંઘને પણ મોટા મીર મારવામાં જ રસ હતો. ઘરફોડી કરતો હતો ત્યારે પણ તેણે માલેતુજારને જ નિશાન બનાવ્યા હતા. લોકો ચોરીને હરામની કમાઈ કહેતા ત્યારે છપ્પનનું મગજ ફાટી જતું. આટઆટલો પરસેવો પાડવો પડે છે... દિમાગ ફાટીને ચૂરચૂર થઈ જાય એટલી તરકીબો લડાવવી પડે છે.. રૂંવાડે રૂંવાડે ફફડાટના ડામ પડે એટલું જોખમ ઉઠાવવું પડે છે અને પછી ય ચોરેલા માલની ધારી રકમ મળે છે કે નથી મળતી એ તો સાલું સાવ અનિશ્ચિત. તો પછી ચોરી કરવી એ હરામની કમાણી કેવી રીતે?

કરિયાણાના વેપારીને મન દુકાન માટે હોય અને ટાટા-બિરલાને મન તેમના કારખાના માટે હોય એટલા જ તીવ્ર લગાવ અને ગર્વ છપ્પનને પોતાના વ્યવસાય માટે હતા. એ કરે છે એવી મહેનત હું ય કરું છું... એ કરે છે એવું રોકાણ હું ય કરું છું... એ ઉઠાવે છે એવું જોખમ હું ય ઉઠાવું છું... તો ફિર વો કરે વો ધંધા ઔર મૈં કરું વો ચોરી? ઉ કમાયે વો મહેનત કી કમાઈ ઔર હમ કમાયેં વો હરામ કી?

"છટ્ટ..." અત્યારે તૈયાર થતી વખતે ય છપ્પનના મોંમાંથી તિરસ્કારસૂચક ડચકારો નીકળી ગયો.

તેનો બાપ જીવતો હોત તો પોતાની સફળતાથી, સમૃદ્ધિથી કેવો પોરસાતો હોત એ વિચાર છપ્પનને કાયમ લિજ્જત આપતો. એમાંય દૂબળી સાથેની મુલાકાત પછી તો છપ્પનને ચહુ દિશાએથી બખ્ખાં જ હતાં.

દૂબળી... તેનું નામ તો છપ્પન પણ ક્યાં જાણતો હતો? કદમાં જરાક ઠીંગણો અને કાઠીમાં ખાસ્સો એવો પાતળો હોવાથી બસ્તરમાં થયેલી એ પહેલી જ મુલાકાતથી છપ્પને મનોમન તેનું નામ પાડી દીધું હતું... દૂબળી! છપ્પનના બાપ ગૂંગાસિંઘે જે રેલમછેલનાં જિંદગીભર સપનાં જોયાં હતાં એટલું તગડું હવે છપ્પનનું બેન્ક બેલેન્સ થઈ ચૂક્યું હતું. જિંદગીએ અચાનક જ હસીન કરવટ બદલી નાંખી હતી. ચોરીનો માલ વેચવામાં નેવાંનાં પાણી મોભે ચડાવીને, પારાવાર જોખમ તળે રાતોની ઊંઘ હરામ કરીને બે પૈસા કમાતો છપ્પન હવે ફક્ત ચોરી કરવા પૂરતી મહેનત કરીને અઢળક કમાતો થઈ ગયો હતો. પેલો દૂબળી કહેતો હતો તેમ... એસ્કોર્ડ

ઈનકમ!

બે-અઢી વર્ષથી એ દૂબળી માટે કામ કરતો હતો અને દૂબળી કેટલો ભેજાંબાજ, કેવો શાતિર અને ડામીસ હતો એનાં પરચા તેણે અસંખ્ય વાર જોયા હતા. તેના મનમાં સ્પષ્ટ અંકાઈ ગયું હતું, ગૂંગાસિંઘ સિવાય જગતમાં જો બીજું કોઈ ખેપાની હોય તો એ દૂબળી જ છે... સાલો જબ્બર ખેલાડી છે યાર...

દૂબળીના નામની અસર એવી હતી કે છપ્પનની એક આંખમાં ખૌફ અને બીજી આંખમાં અહોભાવ અંજાઈ ગયા. ચહેરા પર દૂબળીની ધાકથી ઓઢાઈ ગયેલી નિ:શબ્દ સ્તબ્ધતા ખંખેરીને એ સતર્ક બન્યો.

ફિંગરપ્રિન્ટ છુપાવવા તેણે કરેલી કરામત હવે હથેળી પર સુકાઈ ગઈ હતી. હાથ પર થીજેલું મીણ અને મીણ નીચે બાઝેલી ચીભડાંનાં રસની પર્ત એકાદ-દોઢ કલાકમાં ઉતરડાવા લાગે એ પહેલાં કામ આટોપી લેવું રહ્યું. ખભા પરથી ગમછો ઝાટકીને તેણે ચહેરા પર ઘસ્યો અને ઊંડો શ્વાસ છાતીમાં ભર્યો.

તેના બાપનો આદેશ હતો, ક્યારેય ટોળી નહીં બનાવવાની. ગમે તેવું મુશ્કેલ કામ હોય તો પણ એકલાએ જ અંજામ આપવાનો. ગૂંગાસિંઘ હંમેશાં માનતો કે, ચોરીનું કામ ફક્ત દસ મિનિટનું જ હોય છે પણ આયોજન વગર કરેલી ચોરી પકડાતાં બે મિનિટ પણ નથી લાગતી. ચોરીને અંજામ આપતાં પહેલાં આયોજનનો ભરચક ટાઈમ આપવા માટે એ કાયમ કહેતો, "ચોરી અઈસે કરો જઈસે લૌંડિયા સે ઈસ્સક કરતે હો..."

- અને રંગીલો છપ્પનસિંઘ પણ આ વેરાન જગ્યાએ આવેલા પુરાણા મંદિરની ખખડધજ ધર્મશાળામાં ચચ્ચાર દિવસથી ધામા નાંખીને પાક્કું હોમવર્ક કરી રહ્યો હતો... બિલકુલ એવી જ તલ્લીનતાથી, જાણે લૌંડિયા સાથે ઈશ્ક કરી રહ્યો હોય!!

*** *** ***

બહાર ધર્મશાળાના વિશાળ ચોગાનમાં ચોમાસાની નમતી બપોરનો આછકલો તડકો પછડાતો હતો. પીપરના ઝાડ ફરતાં ચણેલા ઓટલા પર ઉભડક બેઠેલા યાત્રાળુઓ અને ઘૂમટા તાણેલી ઓરતો કુંડાળું વળીને સમૂહમાં કોઈક ધૂન ગાઈ રહ્યાં હતાં. હારબંધ ઓરડાઓ પૈકી કેટલાકમાં ચહલપહલ વર્તાતી હતી. લાંબી પરસાળની વળગણી પર ટુવાલ, ધોતિયાં-ખમીસ સુકાતાં હતાં.

"હમ્મ્મ, માહોલ બરાબર જામી ચૂક્યો છે..." એક જ નજરમાં આસપાસનું વાતાવરણ પામીને તે મનોમન બબડ્યો. પ્લાનિંગનો તબક્કો અહીં પૂરો થતો હતો અને હવે એક્શનનો વારો હતો. તેણે ઊંડો શ્વાસ લીધો. તેના હોઠ દૃઢતાથી બિડાયા અને જડબાં તંગ થયાં. ખભા પર કિટ બાંધીને તેણે માથા પરની પી-કેપ સરખી કરી. ગોગલ્સ ઠીક કર્યાં અને ધૂન ગાતી મંડળીની સામે નજર પણ કર્યા વગર દરવાજા ભણી ચાલતો થયો.

અંતરિયાળ વગડામાં આવેલું આ મંદિર ખાસ્સું જૂનું અને બિસ્માર હતું. પૂનમ સિવાયના દિવસોમાં રોજના ચાલીસ-પચાસ યાત્રાળુઓ માંડ આવે પણ પૂનમ આસપાસના દિવસોમાં અહીં ખાસ્સો ધસારો રહેતો. આડા દિવસે ધર્મશાળાનો બુઢ્ઢો ચોકીદાર, અન્નક્ષેત્રના બે રસોઈયા અને મંદિરની નાનકડી ખેતીવાડી, ગૌશાળાનો વહીવટ સંભાળતા મહેતાજી સિવાય ખાસ કોઈ અવરજવર રહેતી નહીં પણ પૂનમના આગલા-પાછલા દિવસોમાં યાત્રાળુઓના ધસારાને પહોંચી વળવા આઠ-દસ વધારાના માણસો ય સેવા આપવા આવી જતાં.

છપ્પને એક્શન માટે ખાસ પૂનમનો જ દિવસ પસંદ કર્યો હતો. છપ્પનની તાલીમ વખતે તેનો

બાપ કહેતો, ચોરી કરતી વખતે વધુમાં વધુ લોકોની હાજરી હોય ત્યારે જ ઉઠાંતરીનો દાવ અજમાવી દેવો. શકમંદ શોધવામાં જેટલાં માથાં એટલી શંકાનો ગૂંચવાડો સર્જાશે અને એટલી વારમાં પલાયન થઈ જવાનો સમય મળી રહેશે.

દર વખતની જેમ છપ્પને પાકું હોમવર્ક કર્યું હતું. કતની-શાહદોલ હાઈ-વે પર આવેલ સિરોંજ ગામથી બાર કિલોમીટર દૂર ડિંડોરી તરફ જતી કાચી સડક પર આ મંદિર આવેલું હતું. ડિંડોરીથી ટિમ્બર, મલબારી નળિયા લઈ જતાં ટ્રક સિવાય કાચી સડક પર વાહનોની ખાસ અવર-જવર ન હતી. મંદિરના વિશાળ પરિસરને અડીને પસાર થતી સડકની સામેની તરફ ભૂતડાની નાનકડી ખાણ હતી. ત્યાંના મજૂરો, કારીગરો માટે સડકથી સહેજ દૂર બંજર જમીન પર લાકડા-પતરાંનું એકઢાળિયું ગોઠવીને બનાવેલું એક દેહાતી ઢાબું હતું.

આ કામને અંજામ આપવા છપ્પને છેક ઉત્તરપ્રદેશના ઉરઈથી બોલેરો ગાડી ઉઠાવી હતી. જે જગ્યાએ કામ પાર પાડવાનું હોય તેનાથી તદ્દન વિરુદ્ધ દિશાએથી, બની શકે તો બીજા સ્ટેટની ગાડી ઉઠાવવી એ તેની કાયમી પદ્ધતિ હતી. ઉરઈથી એ બાંદા ગયો અને બાંદાથી સતના થઈને મધ્યપ્રદેશની હદમાં પ્રવેશ્યો ત્યારે બોલેરોનાં રંગરૂપ સદંતર બદલાઈ ગયાં હતાં. સિરોંજ ગામથી મંદિર તરફ જતી સડક પર તેણે ગાડી વાળી ત્યારે મધ્યપ્રદેશ ખનીજ વિકાસ નિગમનું લાલ રંગનું સરકારી પાટિયું તેની ગાડીની નંબરપ્લેટ પર જડાઈ ગયું હતું અને હવે તે ખાણ-ખનીજના સરવે માટે આવેલો સરકારી અધિકારી હતો!

સરકારી અધિકારી તરીકે પૂરતો રૂઆબ ઝાડીને તેણે મંદિરના મહેતાજીને અને અન્નક્ષેત્રના માણસોને પહેલા દિવસથી જ ભોંચક્કા કરી દીધા હતા. મંદિર અને આસપાસની જમીનનો સરવે કરવાના નામે પહેલા દિવસે સવારે તેણે ભૂતડાની ખાણમાંથી કેટલાંક મજૂરોને બોલાવીને આડાંઅવળાં માર્કિંગ કરાવ્યાં હતાં. બપોર સુધી તદ્દન ઠંડા કલેજે કાચી સડક પરનો ટ્રાફિક, યાત્રાળુઓની આવ-જા અને સડકના ઢાબા પરનો માહોલ નીરખ્યા કર્યો હતો. છેક મોડી સાંજે તેણે મંદિરના અંદરના પરિસરમાં પગ મૂક્યો હતો, જ્યાંથી તેણે ચોરી કરવાની હતી. ક્યાંક મરેલાં જાનવરના કોહવાતા મડદાંની ગંધ આવતી હતી. છતાં ય નાક આડો રૂમાલ ધરીને તે અંદર પ્રવેશ્યો.

બહારની દીવાલ પર કોરેલી તકતી તો આ મંદિર દોઢ હજાર વર્ષ જૂનું હોવાનું કહેતી હતી પણ છપ્પનને એ ચારસો-પાંચસો વર્ષથી વધારે જૂનું હોવાનું લાગતું ન હતું. ખાસ્સા ઊંચા ઓટલાની વચ્ચોવચ ઊભેલા મંદિરના આથમણા દરવાજે મોટું ચોગાન હતું. ખાસ કોઈ સારસંભાળ કે માવજત વગર જ્યાંત્યાં ઊગી નીકળેલાં ઝાડી-ઝાંખરાં અને ઘાસથી છવાયેલી ભોંય પર નાની-મોટી ત્રીસ-પાંત્રીસ જેટલી મૂર્તિઓનાં સ્થાનક હતાં. નાનકડી દેરીના ગોખમાં કળીચૂનાનો ચાર આંગળ જાડો થર પાથરીને તેના પર જડેલી આ મૂર્તિઓ ય દેખભાળના અભાવે જર્જરિત થઈ રહી હતી પણ તો ય મૂર્તિમાત્રમાં ભગવાનને ભાળતાં યાત્રાળુઓ અહીં નમન કરી જતા હતા.

- અને છપ્પન આજે એ ભગવાનને જ ઉઠાવવા આવ્યો હતો.

હંમેશની માફક દૂબળીએ આ વખતે પણ તેને ચોક્કસ મૂર્તિની પાકી ઓળખ આપી હતી. અલગ અલગ એંગલથી લીધેલા આઠ-દસ ફોટોગ્રાફ ઉપરાંત જરાક પણ સરતચૂક ન થાય એ માટે એક નોંધમાં તેણે મૂર્તિનું, તેના ગોખલાનું અને આસપાસનું ઝીણવટભર્યું વર્ણન પણ આપ્યું હતું.

'મંદિરના પશ્ચિમ દરવાજેથી ચાર પગથિયાં ઊતર્યા પછી વીસેક કદમ દૂર ડાબે- જમણે મૂર્તિઓના હારબંધ ગોખ છે. ડાબી બાજુ કુલ 11 મૂર્તિ છે, જમણી તરફ 24 મૂર્તિ છે. અહીં

દરેક ગોખમાં જુદા-જુદા ભૌમિતિક આકારોની અંદર મૂર્તિઓ કોતરેલી છે. કેટલીક ચોરસમાં છે, કેટલીક લંબચોરસ છે, કેટલીક ત્રિકોણની અંદર છે. તારે જમણી દિશાએ જોવાની જરૂર નથી. ડાબી બાજુએ છઠ્ઠા નંબરનો ગોખલો એ આપણો ટાર્ગેટ છે. એ ગોખલામાં ચક્રાકારે સાંકળ જેવી કોતરણીથી નાની- નાની દસ મૂર્તિઓ કોરેલી છે. ગોખલાના થાળામાંથી મૂર્તિના ચક્રની એક કાંકરી સુધ્ધાં ન ખરે કે તેના પાયાને જરાક પણ હાનિ ન થાય એ રીતે તારે એ ઉઠાવવાની છે. ગૂડ લક બોય!'

અહીં આવ્યાની પહેલી સાંજે આ નોંધના આધારે મૂર્તિઓના આટલા જમેલા વચ્ચે પણ તે આસાનીથી પોતાનો સ્પોટ પારખી ગયો હતો, પણ મૂર્તિ જોઈ ત્યારે તેણે મનોમન દૂબળીને બે ય હાથે સલામ કરી નાંખી હતી. સાલો જબરો ભેજાંબાજ છે... ક્યાં ક્યાંથી પોતાના કામની મૂર્તિ કેટલી ચોક્સાઈથી શોધી લાવે છે!

મૂર્તિને જરાક પણ હાનિ ન થાય એ રીતે અત્યંત સિફતપૂર્વક પાયામાંથી કોતરી નાંખવામાં છપ્પનની માસ્ટરી હતી. કહો કે, એ માસ્ટરીને લીધે જ દૂબળીને તેનો ખપ હતો, બાકી તો ગમે તે તીનપાટિયા લલ્લુ-પંજુને એ કામ ન સોંપે? અરે, જો આસાન હોત તો તો આટલી જફામાં પડવાને બદલે એ પોતે જ મૂર્તિઓ ન ઉઠાવતો હોત? છપ્પનને પોતાની કરામત પર ગર્વ હતો અને એ ગર્વ જરાય અકારણ પણ ન હતો.

પગ છૂટો કરવા લટાર મારતો હોય એ રીતે દિવસમાં બે વખત એમ પાંચ-છ વખત અહીં ચક્કર લગાવીને તેણે પાકી ખાતરી કરી લીધી હતી. અત્યારે મંદિરનો પૂજારી દૂરના ચોગાનમાં યાત્રાળુનાં ટોળાંને ધાર્મિક આસ્થાનું કશુંક અષ્ટંપષ્ટ પઢાવીને ખંખેરવાની વેતરણમાં હતો. મંદિરનાં પગથિયાં પાસે કેટલાંક યાત્રાળુઓ ધર્મશાળાના ઓટલાની જેમ ધૂન જમાવી રહ્યા હતા. મૂર્તિ તરફના પરિસરમાં હવે કોઈ ન હતું. છઠ્ઠા નંબરના ગોખલા પાસે કિટ મૂકીને સાવચેતી ખાતર તેણે આખા પરિસરનો એક આંટો મારી લીધો. મૂર્તિ કોરીને તેણે પચાસેક મીટર દૂરની પડુંપડું થઈ રહેલી જર્જરિત દીવાલ કુદાવીને સડક તરફનાં ઝાડી-ઝાંખરાંમાં છુપાવી દેવાની હતી અને પછી ગાડી લઈને ધર્મશાળા-મંદિરનો ચકરાવો ફરી, અહીં આવીને ઝાંખરાંમાંથી મૂર્તિ ઉઠાવી, ગાડી મારી મૂકવાની હતી બિલાસપુર તરફ...

દીવાલની બહાર ડોકિયું કરીને મૂર્તિ છુપાવવા જેવી જગ્યા ફાઈનલ કરી લીધી અને જરાક ઉતાવળી ચાલે એ ગોખલા ભણી પાછો ફર્યો. ગોગલ્સ ઉતારીને શર્ટના પહેલા ગાજમાં ભેરવ્યાં અને ઘડિયાળમાં જોયું. સવા ચાર થવા આવ્યા હતા. જો કોઈ આ બાજુ ન આવે તો અડધા કલાકમાં કામ પતી જવું જોઈએ.

તેણે ઊંડો શ્વાસ લીધો અને દર્દીની નાડ તપાસતા તબીબની એકાગ્રતાથી ચોરસ થાળા પર જડેલી ચક્રાકાર મૂર્તિના દરેક છેડે હળવા હાથે આંગળી ફેરવવા માંડી. બેય હાથની આંગળી વડે ચારેય છેડા આવરી લઈને તે ક્ષણભર સ્થિર નજરે જોતો રહ્યો, પછી કિટના આગળના ખાનામાંથી તેણે લાકડાના ધારદાર પેચિયાનું બંચ અને રબ્બરની હથોડી કાઢ્યાં. આંખ ઝીણી કરીને ફરીથી થાળાના પાયામાં આંગળી ફેરવી અને એક ખાંચો પસંદ કર્યો. લાકડાનું સૌથી નાના કદનું પેચિયું એ ખાંચામાં જરાક બળપૂર્વક પેસાડ્યું અને તેના પર રબ્બરની હથોડી હળવા હાથે ઠોકવા માંડી. હથોડીના ફટકા સાથે એ ઝડપભેર છતાં ય અત્યંત કાળજીપૂર્વક પેચિયાની ધારની દિશા એવી રીતે બદલતો રહ્યો કે થાળાનો પાયો લંબાઈ અને ઊંડાઈ બંનેમાં ખોતરાતો જાય.

તેના નીવડેલા હાથે પેચિયાની સાઈઝ બદલતા રહીને પાંચેક મિનિટમાં જ પાયામાં દોઢ ઈંચ ઊંડું અને ચારેક ઈંચ લાંબું ભગદાળું પાડી દીધું હતું. હવે તેણે કિટમાંથી રોટલીના કણક જેવી

લાપી, રાખ અને ચૂનાની લૂગદી અને પાણીની બોટલ કાઢી. જરાક સુકાઈ રહેલી લૂગદીના પિંડ પર થોડુંક પાણી છાંટીને સહેજ વધારે લચપચતી કરી અને તેમાંથી એક લોંદો ઉખાડી પેચિયાએ પાડેલી ખાંચમાં ભરવા માંડ્યો. દરેક દિશાએ તેણે આવી ખાંચ કરીને તેમાં લૂગદી ભર્યા પછી સૌથી મોટું પેચિયું ઉઠાવ્યું અને જરા વધારે બળપૂર્વક પ્રહારો કરવા માંડ્યા. બહારથી સંભળાતા ધૂનના અવાજમાં પેચિયાના લાકડાના મથાળા પર ઠોકાતા રબ્બરની બોદી ઠકઠકાટી ક્યાંય દબાઈ જતી હતી.

થાળામાં લૂગદી ભરવાને લીધે પાયા પરથી ઊંચકાતી મૂર્તિ તરત સપોર્ટ ગુમાવીને બટકી પડતી ન હતી અને છતાં ય પેચિયાની ધાર વધુ ને વધુ કોતરકામ જારી રાખતી હતી. આ કારીગરી જ છપ્પનસિંઘને જરીપુરાણી અને જર્જરિત મૂર્તિઓને કોઈ જ હાનિ પહોંચાડ્યા વગર યથાતથ કોરી કાઢનારો અઠંગ, આબાદ અને અફલાતૂન મૂર્તિચોર બનાવતી હતી. કપાળ પરનો પરસેવો લૂછીને તેણે ફરીથી ઘડિયાળમાં જોયું. સાડા ચાર થયા હતા. આઠ ઈંચ લાંબું પેચિયું મૂર્તિના થાળાની દરેક દિશાએ આખું અંદર પેસી શકતું હતું. મતલબ કે બે ફૂટનો ઘેરાવો ધરાવતું થાળું હવે વચ્ચેના હિસ્સેથી જ કોરાવાનું બાકી હતું.

હવે કસોટીનો સમય હતો. બોટલ મોઢે માંડીને તેણે પાણીનો એક ઘૂંટડો ગળા નીચે ઉતાર્યો અને કિટમાંથી બારીક કાચ ચડાવેલા દોરાની દડી કાઢી. અઢી-ત્રણ ફૂટના ચાર-પાંચ કટકા કરીને અરસપરસ દોરડી જેવો વળ ચડાવીને તેણે થાળાના ડાબી તરફના આગળ-પાછળના બેય છેડે પસાર કર્યું અને ઝડપભેર ઘસવા માંડ્યું. પાંચેક મિનિટ પછી ઘસાયેલા દોરા બદલીને નવા દોરા વડે થાળાના જમણી તરફના છેડા ઘસી કાઢ્યા. એવી રીતે વધુ બે વાર દોરા બદલ્યા ત્યારે આખી મૂર્તિ થાળાથી છૂટી પડી ગઈ હતી અને ત્યારે ઘડિયાળમાં પોણા પાંચ પર પાંચ મિનિટ થઈ હતી.

ખુશહાલ ચહેરે તેણે શર્ટની બાંય વડે પસીનો લૂછ્યો અને કિટમાંથી રાંઢવું કાઢ્યું. હજુ ય જરાક પણ ગફલત પાલવે તેમ ન હતી. અત્યંત જૂની મૂર્તિને થાળામાંથી ઊંચકવા જવામાં જરાક પણ બેધ્યાન રહેવાય તો ક્ષારથી ખવાઈ રહેલી મૂર્તિ ફસકી જાય. ધ્યાનપૂર્વક હાથ ફેરવીને તેણે મૂર્તિનું તળિયું ચકાસ્યું અને પછી મૂર્તિને દરેક ખૂણેથી આધાર મળે તે રીતે રાંઢવાનો ત્રણ છેડાનો ગાળિયો તેમાં પરોવીને થાળામાંથી આખેઆખી મૂર્તિને ઊંચકી લીધી... બિલકુલ એવી જ તલ્લીનતાથી, જાણે લૌંડિયા સાથે ઈશ્ક કરી રહ્યો હોય!!

*** *** ***

સાડા છ થવા આવ્યા હતા. આકાશમાં ઘેરાયેલાં વાદળો તળે ઢંકાયેલો સૂરજ ઉજાસની ઓઢણી ધીમે ધીમે ખેંચી રહ્યો હતો. ધર્મશાળાના ચોગાનમાં ખાટલા ઢાળીને દેહાતી યાત્રાળુઓ બીડીઓ ફૂંકતા ગપાટા મારી રહ્યા હતા. અન્નક્ષેત્રના રસોડામાં બફાતા શાકની સોડમ ચોગાનને ઘેરી વળી હતી. તેણે બેપરવાઈનો ડોળ કરતાં રહીને બોલેરોમાં પોતાનો સામાન મૂક્યો. મહેતાજીના હાથમાં ચાવી થમાવી. ચોકીદારને બક્ષિસ આપી અને ગાડીમાં બેઠો.

દરવાજાની બહાર નીકળીને જમણી તરફ સ્ટિઅરિંગ વાળ્યું. ઉબડખાબડ જમીન પર બોલેરોના જમ્પર કિચૂડાટ કરી રહ્યાં હતાં એથી તેનું મોં કટાણું થઈ રહ્યું હતું. પરફેક્શનનો આગ્રહી છપ્પન ગાડી પણ ટનાટન રાખવામાં માનતો હતો. એ હંમેશાં માનતો કે, ગાડી ઔર બોડી બિલકુલ ફિટ હોના મંગતા. શરીરમાં એક દોરો ય ચરબી ન હોવી જોઈએ અને ગાડીમાં કોઈ પણ જાતનું નોકિંગ ન હોવું જોઈએ. બોડી નબળું પડે કે ગાડી બિસ્માર હોય એટલે પકડાઈ જવાના ચાન્સ વધી જાય. પણ આ ગાડી ક્યાં આપણા બાપની હતી? બિલાસપુર પહોંચીને ગાડી ક્યાંક છોડી દેવાની હતી અને બિલાસપુરથી કોરબા, બૈકુંઠપુર થઈને સીધા પટણા-

મધુબની-સોનેહાર...

ઘરના સ્મરણથી એ આવી તંગ હાલતમાં ય મરકી ઊઠ્યો... રીઢો ચોર હતો છતાં ય.

ધર્મશાળાની દીવાલ પછી મંદિરની પછીત શરૂ થઈ એટલે તેણે ગાડી ધીમી પાડી. બોરડી અને ગોખરુની ઝાડીમાં તેણે મૂર્તિ મૂકી હતી. ગાડી દીવાલની શક્ય તેટલી નજીક લઈ જઈને લઘુશંકા કરવા ઊતર્યો હોય તેવી રીતે બોરડીના કાંટાથી બચતો દીવાલની નજીક ગોઠવાયો અને પગ ફંફોસીને તેણે મૂર્તિની ભાળ મેળવી. ઝાંખરાં વચ્ચે દબાયેલી મૂર્તિને જોઈને ફરી એક વાર તેના ચહેરા પર ફતેહની ખુશહાલી ફરકી ગઈ. મૂર્તિ ઉઠાવવા એ ઢીંચણભેર ઝૂકીને બોરડીના કાંટા તેના ચહેરા પર ન ઘસાય તેની કાળજી રાખતો પાંચ-સાત ડગલાં આગળ ધપ્યો અને ત્વરાભેર તેણે મૂર્તિ ઉઠાવી. બેઉ હાથ વચ્ચે સંભાળપૂર્વક મૂર્તિ દબાવીને એ પાછાં પગલે બોરડીના ઘેરાવામાંથી બહાર નીકળી રહ્યો હતો ત્યાં તેના માથામાં કશુંક અડ્યું. કાંટાનું ઝૂંડ ગરદન છોલી નાંખશે એવા ડરથી તેણે અધૂકડા બેઠેલી હાલતમાં જ ગરદન ઘુમાવીને પાછળ જોયું એ સાથે તેનાં રૂંવેરૂંવે ફફડાટનો પલીતો ચંપાઈ ગયો.

આટઆટલાં વરસની સફળ કારકિર્દીમાં આજે પહેલી વાર અઠંગ ઉઠાઉગીર છપ્પનસિંઘ વલ્દ ગૂંગાસિંઘ રંગેહાથ ઝડપાઈ ગયો હતો.

તેની બરાબર પાછળ ઊભેલો એક માણસ તેના લમણે ગન તાકીને ભેદી રીતે મરકી રહ્યો હતો. આથમતા સૂરજની કેસરી ઝાંય છપ્પનસિંઘના છળી ઊઠેલા ચહેરાને વધુ બિહામણો બનાવતી હતી.

બેઉની જિંદગીમાં વણદેખાતો ઝંઝાવાત ફૂંકાવાની એ પહેલી ક્ષણ હતી.

*** *** ***

તેની બંધ આંખોની ભીતર ઘેનભર્યો ઓથાર થડકાઈ રહ્યો હતો.

ઘડીકમાં કોઈક મુછ્છડ આદમી તેના લમણે ગન તાકીને ઊભેલો દેખાતો હતો. ઘડીકમાં એ મૂર્તિની રેખાઓમાંથી સજીવન થયેલી ઓરત છુટ્ટા વાળ ઘૂમરાવીને તેની સામે વિકરાળ ચહેરે અટ્ટહાસ્ય રેલાવતી હતી. બાવળ-બોરડીના ઝાડી- ઝાંખરાં વચ્ચે છોલાતા શરીરે એ ભાગવા પ્રયાસ કરતો હતો અને કમબખ્ત આખો રસ્તો જ જાણે ભોંયમાં ઊતરી રહ્યો હોય તેમ ઊંડો ને ઊંડો જતો રહેતો હતો. એસ્કેલેટરની માફક સડસડાટ ભાગતા જતા રસ્તા પર કોઈક તેની સાથે અથડાયું. તેણે ગરદન ઘુમાવીને જોયું. એ દૂબળી હતો. તેણે ચોરેલી બધી જ મૂર્તિઓ ગળામાં હારડાની માફક પહેરીને એ સાલો નાચતો હતો. ઉશ્કેરાટ, ભય અને થડકાટ હેઠળ તેનાથી ચીસ ફાટી ગઈ... દૂબળીઈઈઈઈઈ....

'ડોન્ટ બી પેનિક... આમ ચીસાચીસ ન કર...' પાતાળમાં ઊતરતા રસ્તાની ભેદી ગુફાઓના પોલાણમાંથી પડઘાતા અવાજે કોઈક તેને કહી રહ્યું હતું. કોઈક તેને ઢંઢોળી રહ્યું હતું.

કોણ હતું એ? કોણ તેના ગાલ થપથપાવતું હતું? એ તેનો બાપ ગૂંગાસિંહ હતો? ના, એ તો તેની આગળ દોડતો જઈને લીમડાના ઝાડમાં ઓગળી ગયો હતો. તેણે ભોગવેલી બજારુ સ્ત્રીઓ રસ્તાની બેય તરફ ખિખિયાટા કરતી ઊભી હતી અને એ ભયથી છળી ઊઠેલા ચહેરે સડસડાટ નીચે ઊતરતો જતો હતો.

તેની બેય હથેળીમાંથી ચીભડાંના રસની ધાર વહેતી હતી અને એ ધારમાંથી ખરી પડતી ફિંગરપ્રિન્ટનું એક-એક ટપકું ભોંય પર તેનું નામ છાપતું જતું હતું... છપ્પનસિંઘ... છપ્પનસિંઘ... એ ઊભો રહીને ટપકાં ભૂંસવા મથતો હતો અને રસ્તો ઊંડો ને ઊંડો, આગળ ને

આગળ ખસતો જતો હતો.

અચાનક કોઈકે જોશભેર વહેતા પાણીના ધોધ હેઠળ તેને ખડો કરી દીધો હોય તેમ તેના ચહેરા પર પાણીની વેગીલી છાલક વાગતી હતી. રસ્તાની ગુફાનું પોલાણ હવે ઓસરતું હતું અને થોડા સ્પષ્ટ અવાજે તેને સંભળાતું હતું, "ઈટ્સ ટુ મચ યાર, આંખો ખોલ... ધીમે ધીમે.."

કાંપતા હૈયે તેણે આંખો ખોલવાનો પ્રયાસ કર્યો પણ પોપચાં જાણે લાપી પૂરીને લીંપાઈ ગયાં હોય તેમ સજ્જડ ચોંટી ગયાં હતાં. અચાનક ઝાટકા સાથે તેની આંખ ખૂલી ગઈ અને સૂરજની લગોલગ ખડો થઈ ગયો હોય તેવું ધારદાર અજવાળું તેની આંખમાં ભોંકાયું અને પછી તેની ખુલ્લી રહી ગયેલી આંખો તળે પથરાઈ ગયો કાળોમેશ અંધકાર...

"આર યુ ઓલરાઈટ...?" આ અવાજ હવે તેને સ્પષ્ટ સંભળાતો હતો. કોઈક તેના પર ઝળુંબીને તેને કહી રહ્યું હતું. તેણે ફરીથી આંખો મીંચવાનો પ્રયાસ કર્યો. ના, હવે સડસડાટ ઊંડો ઊતરતો જતો રસ્તો, મૂર્તિમાંથી પ્રગટીને માથું ધુણાવતી સ્ત્રી, લીમડાના થડમાં ઓગળી જતો તેનો બાપ, બ્લાઉઝનાં ઉપલાં બટન ખોલીને ખિખિયાટા નાંખતી બજારુ ઓરતો... બધું જ ક્યાંક અલોપ થઈ ગયું હતું.

તેણે ફરીથી આંખો ખોલી. કીકી અને પોપચાં વચ્ચે બાઝી ગયેલી ભીનાશની પર્ત હવે ધીમે ધીમે આછી થતી જતી હતી. આંખ પર ઢળી જતાં બોઝિલ પોપચાંને તેણે પ્રયત્નપૂર્વક રોક્યાં. અવશપણે ડાબી બાજુ ગરદન જરાક ઢાળી. તેની બિલકુલ લગોલગ કોઈક ઊભું હોવાના અહેસાસથી તેને કંપારી છૂટી ગઈ.

"રિલેક્સ..." કોઈકે અંગૂઠા વડે તેનાં પોપચાં ખોલીને આંખમાં ટોર્ચનો ઉજાસ ભોંક્યો, "મેં તો રૂમાલ પર જરાક અમથું જ ઈથર છાંટ્યું હતું પણ મને ખબર ન હતી કે તું સાત-આઠ કલાક માટે બઠ્ઠો પડી જઈશ... આઈ એમ સોરી..."

ઓસરતા ઘેનની તંદ્રા તળે ય તેને અહેસાસ થઈ ગયો, એ ઝડપાઈ ગયો છે અને કોઈકની કસ્ટડીમાં ફસાયો છે. ઈથરના ઘેનને લીધે સુસ્ત અને પસ્ત થઈ ગયેલા તેના શરીરમાં પગથી માથા સુધી ભયનું લખલખું પસાર થઈ ગયું. તેણે આંખો ભારપૂર્વક દબાવીને ભીનાશ નિતારી દીધી અને માહોલ પારખવાનો પ્રયાસ કર્યો. હવે તે ખાસ્સો સભાન હતો.

લોખંડના પાટીવાળા પલંગ પર એ લેટ્યો હતો. પલંગની સામે દીવાલ પર જડેલા હોલ્ડરમાં એક ઝાંખો બલ્બ સળગતો હતો. તેણે હળવેથી જમણી બાજુ ગરદન ઘુમાવી. એ ખૂણામાં તેનો સામાન પડ્યો હતો. તેની સૂટકેસ પર તેનો હોલ્ડોલ પડ્યો હતો અને તેમાંનો સરંજામ સૂટકેસ પાસે વિખરાયેલો હતો. અચાનક એ છળી ઊઠ્યો અને ત્વરાથી પડખું ફેરવીને તેણે ફરીથી સામાન ભણી જોયું.

"એ અહીંયાં છે..."

તેણે ઝાટકા સાથે ડાબી તરફ જોયું. પલંગની ધાર પાસે લાકડાની જુનવાણી ખુરશી પર બેઠો હતો એક માણસ અને તેના ખોળામાં હતી એ મૂર્તિ...

છેલ્લાં અઢી વરસમાં કેરળના અનાઈમૂડીથી માંડીને હરિયાણાના નરવાણા, આસામના જોરહટથી લઈને ગુજરાતના ગીરના જંગલમાંથી કંઈ કેટલી ય મૂર્તિઓ આબાદ ઉઠાવી ગયા પછી આ વખતે એ ઝડપાઈ ગયો હતો.

છાતી પર ગરદન ઢાળીને તેણે ઊંડો નિ:શ્વાસ નાંખ્યો અને અવશ પણે ડોકું ધુણાવી દીધું. ખબર નહી ક્યાં, કેમ, શું ચૂક રહી ગઈ આ વખતે...

*** *** ***

છપ્પનને હજુ ય ભરોસો પડતો ન હતો કે તે ખરેખર ઝડપાઈ ગયો છે. એ સાલો મહેમાનની માફક તેની ખાતરબરદાસ્ત કરતો હતો. બેહોશીમાંથી બહાર આવ્યા પછી તે ધીમે ધીમે સ્વસ્થ થતો હતો ત્યારે તેણે હાથનો ટેકો દઈને પલંગ પરથી ઊભો કર્યો હતો અને બાથરૂમ સુધી દોરી ગયો હતો.

"આ લોકો ય હરામખોર છે. ગરમ પાણીની ડોલના ય દસ રૂપિયા પડાવે છે."

છપ્પન દિગ્મૂઢભાવે તેને જોઈ રહ્યો. એ પોલીસ સ્ટેશનમાં ન હતો? તેણે ફરીથી ઓરડાનો માહોલ જોયો. દીવાલો પર વાદળી રંગના ડિસ્ટેમ્પરના ધબ્બા બલ્બના પીળા પ્રકાશમાં વધુ વરવા લાગતા હતા. મોઝેક મઢેલી ઠંડી ફર્શ પર જ્યાંત્યાંથી આરસના દાણા ઉખડીને ખાડા પડી ગયા હતા. પલંગ પર પાથરેલા ઓછાડના લીલા-સફેદ ચોકઠાને એ ઘડીક તાકી રહ્યો. ભૂરા રંગનો સોલાપુરી ચોરસો, લાકડાની ખુરસી, એક પાયામાંથી સ્હેજ ખોડંગાતું નાનકડું ટેબલ, બારીની બહાર ક્ષિતિજ પર હારબંધ દેખાતા સ્ટ્રીટલાઈટના આછેરા ઉજાસ તળે વળ ખાતું અંધારું અને મેઘલી રાતે દૂર ક્યાંક રેડિયો પર વાગતું ગીત... 'ભૌંરા બડા નાદાન હૈ... બગિયન કા મહેમાન હૈ...કલિયન કી મુસ્કાન હૈ... ફિર ભી જાને ના... જાને ના...'

એ વધુ મૂંઝાયો. આ લોકઅપ તો ન હતું. એ આખરે ક્યાં હતો? તેને ઝબ્બે કરનારો આ માણસ કોણ હતો?

જો આ પોલીસ સ્ટેશન ન હતું તો તેને કોણે ઝડપ્યો હતો? એ પોલીસવાળો હશે? હોઈ શકે? ધણીધોરી વગરની ચોરીના કિસ્સામાં ચોર ઝડપાય એટલે પોલીસ પહેલા તોડ કરે અને ત્યાં સુધી ધરપકડ જાહેર ન કરે એ ખાનદાની ઉઠાઉગીર તરીકે છપ્પનને સમજાતું હતું.

"થેંક ગોડ, એવું જ હોય..." બે-ચાર ઢીંકાપાટું ખાઈને દોઢ-બે લાખ રૂપિયા આ ખડ્ડુસના મોંમાં દાબી દેવાથી છૂટી તો શકાશે એવો હાશકારો છપ્પનના ચહેરા પર ફરકી ગયો.

"આંખ પર ગરમ પાણી જરા છાલક મારીને છાંટજે. તેનાથી ઘેન ઝડપથી ઓછું થશે" બાથરૂમનો દરવાજો ખોલી છપ્પનને અંદર હડસેલતાં તેણે કહ્યું.

- પણ પોતે પકડાયો છે તેના અહેસાસમાત્રથી છપ્પનસિંઘ જરૂરથી ય વધારે હોશમાં આવી ચૂક્યો હતો. તેણે તાજુબીથી, કંઈક ફફડાટથી થડકતા હૈયે તેની સામે જોયું. એ આદમી તેનાથી ખાસ્સો ઊંચો હતો. ગોરો, ભરાવદાર ચહેરો, મોટી-ઘેરી આંખો, કાળા ઘૂંઘરાળા વાળ, આડેધડ વધેલા દાઢી-મૂછ સાફ કરી દેવામાં આવે તો એ વધારે રૂપાળો લાગે. ઘેરા, ખદડ ડેનિમની ઉપર તેણે લાઈટ ગ્રીન પુલઓવર પહેર્યું હતું અને પગમાં લી કૂપર ટ્રેકિંગ શૂઝ...

"હા... આ એ જ માણસ હતો..."

તેના પુલઓવરનો કલર અને ટ્રેકિંગ શૂઝની બઠ્ઠડ હિલ જોઈને, ઈથરની અસરથી બોઝિલ બની ગયેલું છપ્પનસિંઘનું દિમાગ ફરીથી સતર્ક બનવા લાગ્યું અને સાત-આઠ કલાકના ઘેન હેઠળ સુસ્તાઈ ગયેલું સ્મરણ ઝાંખાપાંખા અણસાર સાથે આંખો સમક્ષ આવવા માંડ્યું.

હા... આ એ જ માણસ હતો. પોતે જ્યારે મૂર્તિ ઉઠાવીને અધૂકડી હાલતમાં પાછાં પગલે ખસી રહ્યો હતો ત્યારે આ માણસે જ તેના માથા પાછળ ગન તાકી હતી. પોતે ઘડીક ચકિતપણે તેની સામે જોયા કર્યું હતું. પછી હાથ ઊંચા કરવા જતો હોય તેવી ચેષ્ટા કરીને તેણે તેના હાથ પર હોલ્ડોલ ફંગોળ્યું હતું. હોલ્ડોલના અણધાર્યા ફટકા પછી ય તેના હાથમાંથી ગન તો ન છટકી પણ એ થોડો બેધ્યાન જરૂર બન્યો. મરણિયા બનેલા છપ્પને એટલી વારમાં ત્વરાથી ઊભા

થઈને તેના પેઢુમાં જમણા પગની લાત ઝીંકી દીધી હતી. છપ્પને લાત મારવા પગ વાળ્યો એ જ વખતે એ ઝડપભેર ખસી ગયો હતો પણ છપ્પનની લાતનો બળકટ પ્રહાર તેના ડાબા સાથળ પર ઝીંકાતા એ કમર અને ઢીંચણમાંથી બેવડો વળી ગયો.

એ જ વખતે છપ્પન અવઢવમાં મુકાયો. ગન કાઢું કે ચાકુ ભોંકી દઉં? ગનથી ફાયર કરીશ તો આ માણસથી બચી જવાશે પણ પછી અવાજના કારણે નાસવાનું મુશ્કેલ. તેણે ચંદ સેકન્ડમાં નિર્ણય લઈને ડાબા પડખે બાંધેલા હોલસ્ટરમાંથી છરો ખેંચ્યો. એ આદમીના હાથમાં ગન હતી પણ એ ફાયર કેમ નહોતો કરતો? એ પણ પોતાની જેમ ફાયરિંગ કરવાથી ડરતો હતો અને ફક્ત તેને ડારવા પૂરતી જ ગન દેખાડતો હતો?

પોઝિશન લેવાનો સમય ન હતો. વગડાની ઉબડખાબડ ભોંય પર માટીનાં મસમોટાં ઢેફાં પર તેના પગ સમતોલ રહેતા ન હતા એટલે એ જ હાલતમાં તેણે છલાંગ મારી.

- પણ એ જ તેની ભૂલ હતી.

સામેનો આદમી તેના કરતાં કદ-કાઠીમાં મજબૂત અને જોરાવર તો હતો જ, ચબરાક પણ વધુ સાબિત થયો. છપ્પને છલાંગ મારીને છરી હુલાવવા હાથ ઘુમાવ્યો એટલે બંને વચ્ચેનું અંતર ઘટ્યું અને એ પેલા માણસના હાથની રેન્જમાં આવી ગયો. એ જ ઘડીએ એ આદમીએ ગનનું બેરલ હથોડાની માફક તેના જડબાં પર ઠોક્યું અને પોતે ચપળતાથી બાજુ પર ખસી ગયો. છરીનો બીજો ઘા કરવાના છપ્પનને હોશ આવે એ પહેલાં રાઠોડી પંજાની નાગચૂડમાં તેનો છરી પકડેલો હાથ ભીંસીને તેણે ફરીથી ગનનો વજનદાર કુંદો છપ્પનના લમણે ફટકાર્યો.

મજબૂત હાથના સળંગ બે ફટકા ખાઈને છપ્પનને તમ્મર આવી ગઇ. મધપૂડામાં મોં ખોસી દીધું હોય તેમ તેના માથામાંથી સણકારા બોલવા લાગ્યા. એ જરાક પણ સ્વસ્થતા મેળવે એ પહેલાં છરી પકડેલા હાથ પરની ભીંસ વધુ મજબૂત કરીને એ આદમી તેના પર પટકાયો હતો. સંવનન કરી રહેલા યુગલની પેઠે પંદર- વીસ સેકન્ડ સુધી બંને એકમેકને પછાડી દેવા ગોટવાતા રહ્યા અને પછી...

પછી શું થયું એ છપ્પનને સ્પષ્ટપણે યાદ આવતું ન હતું.

ગરમ, હૂંફાળા પાણીની છાલક તેણે ચહેરા પર મારી એ સાથે તેના મોંમાંથી સિસકારો નીકળી ગયો. તેણે ચહેરા પર હાથ પસવાર્યો. લમણાં પર ખાસ્સું મોટું ઢીમણું ઉપસી ગયું હતું અને જડબાંમાંથી હજુય લવકારા નીકળતા હતા. એ ક્યાં હતો, આ માણસ કોણ હતો, તેની મરમ્મત કર્યા પછી અત્યારે સલૂકાઈ દાખવવા પાછળ તેનો શું ઈરાદો હતો એ કશું જ તેને સમજાતું ન હતું પણ તેને એ બરાબર સમજાઈ ગયું હતું કે એ ભેરવાઈ ચૂક્યો હતો... બહુ જ ખરાબ રીતે ભેરવાઈ ચૂક્યો હતો...

“અહીં બીજું કંઈ ખાસ અત્યારે મળતું નથી એટલે આ ખાઈ લીધા વગર તારો આરો નથી...” બાથરૂમમાંથી એ બહાર આવ્યો ત્યારે તેની સામે ટુવાલ ધરતાં એ આદમીએ કહ્યું, “ડબલ આમલેટ ખાઈને જરાક તાજો થા પછી આપણે ઘણી વાતો કરવાની છે...”

ટુવાલના છેડાથી મોં લૂછવાનો ડોળ કરીને છપ્પને ચહેરા પરનો ગભરાટ ઢાંકી દીધો. ત્રાંસી આંખે ફરીથી તેણે ઓરડાનું નિરીક્ષણ કર્યું. તેણે ઉઠાવેલી મૂર્તિ ખુરસીના પાયાના ટેકે આડી પડી હતી અને મૂર્તિમાંથી ઝાંખીપાંખી ઉપસતી સ્ત્રીની આકૃતિ તેની સામે બિહામણું સ્મિત વેરી રહી હતી.

કે પછી છપ્પનને એવું લાગતું હતું?

*** *** ***

"ચેડા સમજ રખા હૈ મેરે કો...??"

છપ્પન આમલેટ ખાઈને પરવાર્યો એ સાથે એ માણસના તેવર બદલાયા હતા.

"કોણ છે તું?" એવા પહેલા સવાલના જવાબમાં છપ્પન કડકડાટ પોતાનો બધો જ બાયોડેટા બોલી ગયો હતો. પોલીસ ઈન્ટ્રોગેશનનો તેને કોઈ જાતઅનુભવ તો ન હતો પણ એટલી ખબર હતી કે પકડાયા પછી શક્ય તેટલું સાચું બોલવામાં વધારે ફાયદો રહે છે. વહેલી તકે તોડ કરીને છૂટી જવાના આશયથી એ પોતાની કુટુંબકથા કહેતો ગયો. એ આદમી સ્વસ્થતાપૂર્વક સાંભળતો રહ્યો. વચ્ચેવચ્ચે તેણે કેટલાંક સવાલો પણ કર્યા.

"શા માટે મૂર્તિ ચોરી?"

છપ્પન ઘડીક ખચકાયો. પરાણે દોસ્તાના સ્મિત વેરીને તેણે કહ્યું, "આજકલ એન્ટિક મેં બહોત માલ હૈ... વધારે રૂપિયા મળતા હતા એટલે મૂર્તિઓ ઉઠાવવાનું શરૂ કર્યું."

"કેટલીક મૂર્તિઓ ઉઠાવી છે અત્યાર સુધીમાં?"

છપ્પનને હજુ પણ તેના ચહેરાની રેખાઓ પરથી ખબર પડતી ન હતી કે પોતાના જવાબોની શું અસર થઈ રહી છે... તેણે ઉડાઉ જવાબ આપી દીધો, "હિસાબ તો કતઈ નહિ રખ્ખૌ, લેકિન બહોત સારી..."

"ડીંડોરીના એ દેવાલયમાં તો અનેક મૂર્તિઓ હતી. તેં કેમ આ જ મૂર્તિ ઉઠાવી?"

છપ્પન ઘડીભર ચૂપ થઈ ગયો. આ સવાલ બહુ અણિયાળો હતો. સાચો જવાબ આપે તો દુબળીનો ય ઉલ્લેખ કરવો પડે અને તો...

તેણે મરિયલ સ્મિત વેરીને કહી દીધું, "નિકાલની મેરે કો આસાન લગી તો..." તેનું વાક્ય પૂરું થાય એ પહેલાં વીજળીની જેમ એ આદમીનો હાથ વીંઝાયો અને બંધ મુઠ્ઠીનો વજનદાર મુક્કો તેના જડબાં પર ઝીંકાયો, "ચેડા સમજ રખા હૈ મેરે કો?? *** સમજતા હૈ મેરે કો?"

અત્યાર સુધીની બધી નરમાશને એક ઝાટકે ફગાવીને તેણે છપ્પનના વાળ ઝાલીને બીજી બે અડબોથ ઠોકી દીધી, "ઈધર ક્યા મૈં તેરે કો *** લગતા હૈ? ગધા હૂં મૈં કિ તૂ જો કહેગા માન જાઉંગા?" છાતી પર ઠોંસો મારીને છપ્પનને તેણે ફરીથી ખુરસી પર ધકેલ્યો અને ટેબલ પર પાથરેલા છપ્પનના સામાનના અસબાબમાંથી 6" બાય 8"ની સાઈઝના કેટલાંક ફોટા કાઢ્યા, 'યે ક્યા હૈ?'

"યહી મૂર્તિ કી હી તો હૈ..." છપ્પનના જડબાંમાં અસહ્ય લવકારા બોલતા હતા. મોંમાં ખારાશ ફેલાઈ રહી હતી. કદાચ અંદર લોહી નીકળતું હતું. સાલો દેખાવમાં જ ગોરોચીટ્ટો છે, બાકી હાથ ઉપાડે ત્યારે લઠૈત જેવો છે... જડબા પર હાથ દાબીને છપ્પને ખુરસીના પાયાને ટેકવેલી મૂર્તિ તરફ હાથ લંબાવીને કહ્યું, "આ મૂર્તિના જ ફોટા છે..."

"એ તો મને ય દેખાય છે... ફોટા કોણે પાડ્યા?"

'મેં...' ચહેરાના હાવભાવ પર મહાપરાણે અંકુશ રાખીને તેણે સિફતપૂર્વક જૂઠું બોલી નાંખ્યું, "ચોરી કરતાં પહેલાં ખરાઈ માટે હું ફોટા પાડી લઉં. ઉ કા હૈ કિ માલ બેચને મેં ભી ઈસસે આસાની રહેતી હૈ ના..."

"અચ્છા? તો ફિર યે ક્યા હૈ?" તેણે ખુરસી નજીક ખસેડીને છપ્પનની આંખ સામે એક ફોટોગ્રાફ ધર્યો. છપ્પન ફોટોગ્રાફ સામે ધારીને જોઈ રહ્યો. પેન્સિલની સાવ ઝાંખી લાઈન વડે ફોટોગ્રાફમાં આડા-ઊભા લીટા કરેલા હતા. જે મૂર્તિ ચોરવાની હોય તેના કેટલાંક ફોટોગ્રાફ્સ

દૂબળી દર વખતે મોકલતો અને દરેક વખતે ફોટોગ્રાફ્સમાં આવા લીટા હોય.

એ લીટા શેના છે એની છપ્પનને ય ખબર ન હતી. એટલે એ વધુ મૂંઝાયો, “ઉ તો બસ, યૂં હી…” હવે તેને ચહેરાના હાવભાવ સ્વસ્થ રાખવામાં તકલીફ પડતી હતી. માનસિક ભીંસ અને તીવ્ર તણાવ હેઠળ અચાનક જ તેની કિડની પેશાબનું દબાણ કરવા માંડી હતી, ‘મૈંને ઐસે હી…’

થડ્.. થડ્.. થડ્…

તેને જરાક પણ અણસાર આવે એ પહેલાં તેના બેય ગાલ પર સટાસટ અડબોથ પડી ગઈ. દુખતી જગ્યાએ ફરીથી માર ખાઈને તેના મોંમાંથી હળવી ચીસ નીકળી ગઈ. પારાવાર દર્દ અને બેબસી હેઠળ તેની સહનશક્તિ હવે જવાબ દઈ રહી હતી. એ જેટલો અઠંગ ઉઠાઉગીર હતો એટલો જ મારનો કાયર હતો.

પોલીસના ઈન્ટ્રોગેશન, થર્ડ ડીગ્રી, તવા પર ફૂટતી ધાણીની જેમ ફેંકાતા સવાલો અને વીજળીના વેગે ઝીંકાતા હાથનો સામનો કરવા માટે અનુભવ એ જ સૌથી મોટો ગુરુ હોય છે. પોલીસનો માર ખાઈને રીઢા થયેલા ચોર બઠ્ઠા પડી જાય

તો ય મોં ન ખોલે પણ છપ્પન આયોજનમાં એવો એક્કો હતો કે આજ સુધી કદી પકડાવાની નોબત જ નહોતી આવી એટલે વિપરીત પરિસ્થિતિમાં સવાલોના મારા અને બેરહેમ માર સામે ટકવાની તેની ક્ષમતા જ ન હતી. તેણે હાથ જોડી દીધા અને કાકલૂદીભર્યા સ્વરે ફરીથી જૂઠાણાંનો જ આશરો લીધો, ‘સા’બ, રહમ કરીયો… મૈં સચ કહેતા હૂં… ઉ સબ મૈંને વૈસે હી… બસ યૂં હી…’

તે બોલી રહે એ પહેલાં ફરીથી તેના પેટ પર એક લાત પડી. તાકાતભેર ઠોકાયેલી એ લાતના જોરથી એ ખુરસી સમેત ફંગોળાયો અને તેનું માથું લોખંડના પલંગની ધાર સાથે અથડાયું. બેવડા મારથી તેના મોંમાંથી ચીસ નીકળે એ પહેલાં અધમણના હથોડા જેવો ગંજાવર મુક્કો તેની પીઠ પર ઝીંકાયો એ સાથે ચીસ, દર્દ, ઉંહકારો અને કાકલૂદી એ બધું જ તેણે મોટા ઘળકા સાથે ભોંય પર ઓકી નાંખ્યું. અસહ્ય દર્દથી તેની આંખોમાંથી પાણીની ધાર થઈ રહી હતી. ઊલટીના ગંદા, ગંધાતા પ્રવાહીમાં લોહીના ડાઘ જોઈને તે વધુ ઘાંઘો બન્યો હતો.

‘સચ સચ બતા…’ એ આદમીના ચહેરા પર ખુન્નસની વિકૃતિ જોઈને તે ડઘાઈ ગયો. તેના હોલ્ડોલમાંથી તેણે બીજા આઠ-દસ ફોટા કાઢીને તેની સામે એક પછી એક ફેંકવા માંડ્યા, ‘યે ક્યા હૈ? ક્યા હૈ યે સબ?’

‘એ બધા અગાઉ ચોરેલી મૂર્તિઓના ફોટા છે…’ જડબાંની સૂજન અને દર્દ હવે તેના અવાજમાં ય વર્તાતાં હતાં.

‘ઔર સભી તસવીરેં તૂને હી ખીંચી હોગી ના?’

આ વખતે જૂઠું બોલવાની તેની તાકાત ન હતી. એ ચૂપ જ રહ્યો.

‘ઔર યે સબ માર્કિંગ ભી તૂને હી કિયે હોંગે…’

હમણાં વળી અડબોથ ઝીંકાશે એવી આશંકાથી થરથર ધ્રૂજતો એ તેની સામે જોઈ રહ્યો. ક્યાંય સુધી તદ્દન મૌન વચ્ચે બંને એકમેકને ઘૂરકી રહ્યા. તેની નજરની ઉગ્રતા અને મક્કમતા પારખીને છેવટે છપ્પન હાર્યો, ‘યે સબ ચોરી…’ તેણે તદ્દન રડમસ થઈને ગળગળા અવાજે બે હાથ જોડી દીધા, ‘અબ રહમ કીજિયે માલિક… મૈં સબ કુછ બતા રહા હૂં… આ બધી જ ચોરી મેં કોઈકના કહેવાથી કરી છે…’

આટલું કહીને એ ઘડીભર અટક્યો. તેની આંખોમાં ભય, ફફડાટ અને ખોફ પથરાઈ ચૂક્યા હતા. તેણે હાથથી ઈશારો કરીને પાણી માંગ્યું. બારીના ગોખલામાં પડેલા માટલામાંથી ગ્લાસ ભરીને એ આદમીએ તેને ધર્યો એટલે દર્દથી માંડ ખૂલેલા હોઠ વચ્ચે પ્યાલો મૂકીને તે એકશ્વાસે પાણી પી ગયો.

'કોણ છે એ માણસ?' છપ્પનને ખાતરી હતી કે હવે એ સાચું જ બોલશે તો ય આ જવાબનો ભરોસો કોઈ કરવાનું નથી. તેણે ફૂંકીફૂંકીને વાત ઉખેળવા માંડી.

*** *** ***

'આજ સે ઢાઈ સાલ પહલે બસ્તર મેં એક આદમી અચાનક મુઝે મિલને આયા. હું એને ઓળખતો ન હતો પણ એ સાલો મારા વિશે બધું જ જાણતો હતો. મૂર્તિઓ ચોરવાની મારી કાબેલિયત વિશે એ બરાબર હોમવર્ક કરીને આવ્યો હતો. અરે, મેં જ્યાંથી મૂર્તિ ચોરી હતી એવી કેટલીક જગ્યાએ જઈને તેણે ચોરી પછીના ફોટોગ્રાફ પણ પાડ્યા હતા અને મને બતાવ્યા હતા. તેણે મને કહ્યું, "દેખ છપ્પન, આ રીતે તો તું ઢંગધડા વગરની મૂર્તિઓ ચોરે છે. પૂરતું જોખમ ઉઠાવે છે. પછી ગ્રાહક શોધવા રઝળે છે. ક્યારેક તને સારી કિંમત મળતી હશે પણ મોટાભાગે તો તારે પંદર-વીસ હજારમાં જ મૂર્તિઓ વેચી દેવી પડતી હશે, રાઈટ?"

તેનું હોમવર્ક બરાબર પાકું હતું. મેં હા પાડી,

'તારી આ બધી જ જફા બંધ. હવે તારે ફક્ત હું કહું એ જ મૂર્તિ ઉઠાવવાની. મૂર્તિ ક્યાં છે એ પણ હું તને શોધી આપીશ. તારે ફક્ત એ મૂર્તિ એક કાંકરી ય ન ખરે એ રીતે ઉઠાવીને મને આપી દેવાની. હું તને એક મૂર્તિ દીઠ એંશી હજાર રૂપિયા આપીશ.'

'હું ચકિત થઈને તેની સામે જોઈ રહ્યો. તેની દલીલ બિલકુલ સાચી અને તેણે આપેલી ઓફર બહુ જ લોભામણી હતી. હું કંઈ મૂર્તિનો જાણકાર તો છું નહીં. પ્રાચીન મૂર્તિ વિશે હું મારી સમજણ મુજબ ક્યાંકથી માહિતી મેળવીને એ સ્થળનો સ્ટડી કરું. પછી લાગ જોઈને ઉઠાવી લઉં. એ પછી ગ્રાહક શોધવાની મારી રઝળપાટ શરૂ થાય. એ કામ બહુ જ માથાકૂટભર્યું અને તેમાં જોખમ પણ પારાવાર. ગ્રાહકના સ્વાંગમાં પોલીસ તો નથી ને તેનો ફડકો સતત રહ્યા કરે. ઘણી વાર ગ્રાહક મળે તો મૂર્તિ તેના કામની ન હોય. મૂર્તિનો પ્રકાર ગ્રાહકની જરૂરિયાત સાથે મેળ ખાય તો ગ્રાહક પણ ઉસ્તાદીમાં અમારો ય બાપ નીકળે. આખરે તો ચોરીનો માલ વેચીને છૂટા થવાની મને ય તાલાવેલી હોય. એ પારખીને ગ્રાહક ભંગારના ભાવે મૂર્તિ માંગે. એ હિસાબે વર્ષેદહાડે હું માંડ સાત-આઠ મૂર્તિ ચોરીને સાડા ત્રણ- ચાર લાખ રૂપિયા કમાઈ શકતો. તેની સામે

એ અજાણ્યો માણસ મહિને બેથી ત્રણ મૂર્તિ ઉઠાવવાનો મને ટાર્ગેટ આપતો હતો અને મૂર્તિ દીઠ એંશી હજારનું મહેનતાણું. મારે ન તો મૂર્તિ શોધવા ભટકવાનું હતું કે ન તો ગ્રાહક મેળવવા મથવાનું હતું. ભાવતાલની માથાકૂટ નહીં અને પકડાવાનું જોખમ પણ ઓછામાં ઓછું.

હું કંઈ ગધેડો ન હતો કે ના પાડી દઉં. મેં તેની ઓફર સ્વીકારી લીધી.'

*** *** ***

છપ્પન એકશ્વાસે બોલીને જરાક અટક્યો. એ આદમી ત્રાટક કરીને તેની સામે જોતો હતો. તેના ચહેરા પર અકળ ભાવ હતા. તેના વંકાયેલા હોઠ, તેની મોટી, ઘેરી આંખોમાં ઊઠીને અલોપ થઈ જતો કશોક ચમકારો... એ તેને તુચ્છકારથી જોતો હતો? તેની દયા ખાતો હતો? તેના પર શંકા કરતો હતો કે પછી...

'ઉસકો મિલને સે પહેલે તૂ ગધા હી થા...' એ આદમી ખુરસી પરથી ઊભો થયો. બારીની ધાર પર હાથ ટેકવીને સિગારેટ જલાવી છપ્પનને ધરી, 'ઔર ઉસસે મિલને કે બાદ ગધે કા ભી બાપ હૈ તૂ...'

'મતલબ?' છપ્પનને તેના બદલાયેલા તેવરથી હાશકારો તો થતો હતો છતાં તે સાવધ હતો.

'મતલબ કિ તૂ પૈદાઈશી *** હૈ... એક નંબર કા ગધા...' તે શું કહી રહ્યો હતો તેની છપ્પનને કશી ગતાગમ પડતી ન હતી. તેને ફક્ત એટલું સમજાતું હતું કે એ તેને પીટવાને બદલે હવે ગાળો દઈ રહ્યો હતો અને તેનો છપ્પનને કોઈ વાંધો ન હતો.

'જાનતા હૈ યે ક્યા હૈ?' તેણે છપ્પનની સામે ફરીથી એ ફોટોગ્રાફ ધર્યા. છપ્પને

તેને ખુશ કરવા ચહેરા પર અઢી વરસના બાળક જેવું માસૂમ ભોળપણ ઓઢીને નનૈયો ભણી દીધો.

'યે સબ 2-બી પેન્સિલ સે કિયે માર્કિંગ હૈ...' છપ્પનને હજુ ય તેની વાત બિલકુલ અધ્ધર જતી હતી છતાં તેણે ડોકું ધુણાવવાનું ચાલુ રાખ્યું.

'ખબર છે એ શેનાં માર્કિંગ છે? મૂર્તિ ચોરવામાં તું માહેર છે પણ મૂર્તિને કદી ધ્યાનથી જુએ છે ખરો? એટલે જ કહું છું કે સાલા તું એક નંબરનો **** ગધેડો છે' તેણે પોતાની સિગારેટ જલાવી ઊંડો કશ લીધો અને ધૂમાડાનો ગોટ હવામાં છોડ્યો.

છપ્પનને લાગ્યું કદાચ તેના મનમાં ય કશીક ગડમથલ, કશીક કશ્મકશ ચાલી રહી હતી. તેણે નરમાશથી કહ્યું, 'દેખીયે સા'બ, મૈં તો થોડા-બ્હોત પઢા હૂં... પેશે સે ચોર હૂં... ચોરી કે અલાવા કુછ નહિ જાનતા... આપ બડે પુલિસ અફસર હૈ તો આપ સમજ સકતે હૈ કિ યે ક્યા હૈ... મૈં તો અપને કામ સે હી મતલબ...'

તેનું વાક્ય તેના મોંમાં જ રહી ગયું અને એ આદમી ઠહાકાભેર હસી પડ્યો, 'તુજે કિસને કહા મૈં પુલિસ અફસર હૂં? મૈં કોઈ પુલિસવાલા નહિ હૂં યાર...'

છપ્પનનું મોં ખૂલી ગયું અને તે ફાટી આંખે તેને જોઈ રહ્યો. તે પૂછી ન શક્યો પણ તેની આંખોમાં સ્પષ્ટ વંચાતું હતું... તો????

*** *** ***

ઝરમર વરસાદની ભીનાશ ઓઢીને બારીમાંથી પ્રવેશતી પવનની શીળી લહેર છપ્પનસિંઘના છળી ઊઠેલા ચહેરા પર વાગતી હતી. આ જગ્યા કઈ હતી? આ માણસ કોણ હતો? અત્યારે કયો સમય થયો હતો? પોતે કેટલોક સમય બેહોશ રહ્યો? છપ્પનના દિમાગમાં અટકળોની સમાંતરે છુટકારો મેળવવાની તરકીબો દોડી રહી હતી. તેને પકડનારો માણસ પોલીસવાળો ન હોય એથી ખુશ થવું જોઈએ કે એથી મુશ્કેલી વધતી હતી? છપ્પન નક્કી નહોતો કરી શકતો.

બારીની બહાર ભીંત સાથે ઘસીને સિગારેટ બુઝાવવાના બહાને તેણે ડોકિયું કરી લીધું. નીચે એક્રેલિકના છજાં પર વરસાદના છાંટા એકધારો અવાજ કરી રહ્યા હતા. થાંભલા પર જલતા બલ્બના ઉજાસ પર કાળુંડિબાંગ અંધારું વીંટળાવા મથતું હતું. કાચી સડક પર જ્યાંત્યાં ભરાયેલાં પાણીનાં ખાબોચિયાંનો ઝાંખોપાંખો અણસાર વર્તાતો હતો. દૂર ક્યાંક રેડિયો પર વાગતાં ગીતો બંધ થઈ ગયાં હતાં.

આ ઓરડો બીજા માળનો હોવો જોઈએ... છપ્પને બારીની બહાર જરાક અમથી નજર દોડાવીને અનુમાન બાંધવા માંડ્યાં. સડક કાચી છે, વાહનનો ખાસ અવાજ સંભળાતો નથી, ઓરડાની બાંધણી-માવજત-ફર્નિચર જુનવાણી છે... મતલબ કે તેને અંતરિયાળ કોઈક લોજ કે

ધર્મશાળામાં રાખવામાં આવ્યો છે. ઢળતી સાંજે મૂર્તિ ઉઠાવતી વખતે ઝપાઝપી થઈ હતી. એ પછી પોતે ચાર-છ કલાક બેહોશ રહ્યો હોય તો અત્યારે મધરાત થવા આવી હોય. ચોર તરીકેની ખાનદાની આદતને વશ થઈને બારીના સળિયા પર ભીંસાયેલા તેના આંગળાઓ ય બોલી રહ્યા હતા, સળિયા સડી ગયા છે. લાકડાની ફ્રેમના ગ્રુવ્ઝ જરાક જ ખોતરવા પડશે... દીવાલ પર સિગારેટનું ઠૂંઠૂં ઘસતી વખતે તેણે હાથ ફંફોસીને ભીંત પણ ચકાસી લીધી.

ચૂનો ધોળેલી દીવાલોની નીચે બે ઈંટ વચ્ચે તેને જરાક પોલાણ અનુભવાયું. તેનાં અનુભવી ટેરવાં આસાનીથી સમજી શક્યાં કે દીવાલના ચણતરમાં સિમેન્ટ વપરાયેલી ન હતી. ગામડાંમાં સિમેન્ટની અવેજીમાં કાળી માટીથી ય ચણતર થતાં હોય... કદાચ ભૂતડો ય...

તેની આંખોમાં ઝબકારો આવી ગયો. કદાચ ભૂતડો નહીં... ભૂતડો જ... આ દીવાલો ભૂતડાથી ચણાયેલી હતી અને મંદિર પરિસરની બરાબર સામે ભૂતડાની ખાણ હતી. તો શું એ મંદિરની આસપાસ જ ક્યાંક હતો?

તેણે ઊંડા શ્વાસ લઈને ખુલ્લી હવાની ભીનાશ ફેફસાંમાં ભરી. મનોમન કશોક નિર્ણય બાંધ્યો હોય તેમ તેનાં જડબાં તંગ થયાં. લમણાંમાં, જડબાંમાં, પીઠ પર હજુ દર્દ હતું પણ ભાગી શકાશે એવી કલ્પનાથી તે હવે રાહત અને આત્મવિશ્વાસ અનુભવતો હતો.

'આપણે ક્યાં છીએ?' તેણે પીઠ ફેરવીને તરત ચહેરા પર ભોળપણ ઓઢીને જાણે સહજ સવાલ કરતો હોય તેમ પૂછી લીધું.

- પણ પેલો આદમી સહેજપણ બેધ્યાન ન હતો.

'બહારનો નજારો જોઈને તને શું લાગે છે?'

ખુરસી પર રાંટો થઈને મેગ્નિફાઈંગ લેન્સ વડે એ મૂર્તિઓના ફોટા નીરખી રહ્યો હતો પણ સાલાની ચબરાક નજરથી કશું ય છાનું ન હતું. છપ્પન મનોમન ગાળ બોલી ગયો... જબરા ખડ્ડુસ સાથે પનારો પડ્યો છે...

'મૈંને ક્યા કહા તુજે...' હીરો પારખતો હોય તેમ એ મેગ્નિફાઈંગ લેન્સને ઘડીક ફોટાની નજીક લઈ જતો હતો, ઘડીક દૂર લઈ જઈને ત્રાંસી આંખે નીરખતો હતો... 'મૈંને ક્યા કહા તુઝે? તું બેવકૂફ છે... સાલા, મામૂલી ચોરી કરી ખાતો તદ્દન બેવકૂફ *** જ છે તું...'

'મૈં કુછ ભી હૂં...' જો આ પોલીસવાળો નથી એ જાણ્યા પછી હવે છપ્પન પણ લડી લેવાના મૂડમાં આવી ચૂક્યો હતો, 'તારે એની સાથે શું લાગે-વળગે? જો તું પોલીસવાળો નથી તો...' છપ્પને ફરીથી ઊંડો શ્વાસ લીધો અને કહી નાંખ્યું, '... કમ ટૂ ધ પોઈન્ટ, તેં મને કેમ પકડ્યો છે? તારે શું જોઈએ છે?'

'હાહાહાહા....' એ ખડખડાટ ઠહાકો મારતો ત્વરાભેર ખુરસીમાંથી ઊભો થયો. તેનો મજબૂત બાંધો અને ઊંચાઈ ઓરડામાં છવાઈ જતાં હતાં, 'સાલા, તેં મને પકડ્યો છે કે મેં તને? ઉલટતપાસ તો તું એવી રીતે મારી કરે છે જાણે હું ચોરી કરતા ઝડપાયો હોઉં...' તેના ચહેરા પર હજુય બેફિકરાઈ હતી પણ ગમે ત્યારે હાથ ઉઠાવી દેવાની તેની ઝડપ પારખીને છપ્પન હવે સાવધ હતો.

'હજુ તેં મને એ આદમી વિશે એક અક્ષર પણ કહ્યો નથી... એન્ડ યુ એક્સ્પેક્ટ કે મૈં અપને બારે મેં તેરે કો બતાઉં?'

'મારે જે કહેવાનું હતું એ મેં કહી જ દીધું છે...' છપ્પન તેની સામે જોઈને મનોમન પોઝિશન શોધી રહ્યો હતો. ગન અથવા છરો તેના હાથમાં આવી જાય તો... આમલેટની ખાલી થયેલી

પ્લેટની ધાર પાસે એ સાલાએ તદ્દન બેપરવાઈથી ગન ટેકવી હતી અને છરો ક્યાંય દેખાતો ન હતો.

'કોણ છે એ આદમી?'

'મને નથી ખબર... આઈ મીન ઈટ.. સાચે જ મને નથી ખબર...' મિજાજપલટો કરવામાં છપ્પન માહેર હતો.

'એમ?' એ આદમીએ હોઠ વંકાવીને ટોળમાં તેની સામે જોયું, 'મૈં ક્યા અભી ચ પૈદા હુએલા લગતા હૈ તેરે કો?'

'ભરોસો કરવો કે ન કરવો એ તારી મરજી પણ હું સાચું જ કહું છું...' છપ્પન તેને પલાળવા માટે કાકલૂદીભર્યા સ્વરે બે ડગલાં આગળ વધ્યો. એ આદમીને બેધ્યાન કરવા માટે તેણે આંગિક (બૉડી લેંગ્વેજ) અચાનક બોલકાં કરી દીધા. બેય હાથ ડાબે-જમણે પ્રસારીને વધુ નજીક સરકતાં તેણે કહ્યું, 'બસ્તર ખાતે એક દોસ્તના રેફરન્સથી એ મને મળવા આવ્યો... એ તો મેં તને કહ્યું, રાઈટ? તેણે મૂર્તિઓ ચોરવાની પ્રપોઝલ મને આપી. મને તેની પ્રપોઝલ ઈન્ટરેસ્ટીંગ લાગી. આઈ એક્સેપ્ટેડ ઈટ... બસ, એ પછી...'

વાક્ય પૂરું કર્યા વિના જ, એ આદમી સામે તાકી રાખેલી યાચનાભરી નજરનો એક દોરો ય પલટાવ્યા વગર અચાનક જ છપ્પને જંગલી બિલાડાની ત્વરાથી ટેબલની દિશામાં પડતું મૂક્યું અને પેલો માણસ નજર પણ હટાવે એ પહેલાં એક હાથથી ટેબલ ગબડાવી દીધું અને બીજા હાથથી એ બેઠો હતો એ ખુરસી ઉથલાવી નાંખી. છપ્પનના પ્રહારનું ટાઈમિંગ અને અણધાર્યાપણું એટલાં પરફેક્ટ હતાં કે મધરાતે ઓરડામાં અચાનક જાણે ધરતીકંપ થયો હોય તેમ ટેબલ અને ખુરસી પછડાવાથી ઓરડાના સન્નાટામાં ધબાકો ગાજી ઊઠ્યો. આમલેટની સ્ટીલની પ્લેટ ફંગોળાઈને એ ધબાકામાં કાન ચોંકાવી દેતો ખણકારો ઉમેરવા લાગી.

આમ કરવામાં છપ્પન પણ ટેબલની ધાર પર દાઢીભેર પછડાયો. તેણે પૂરી કાળજી રાખી હતી તો ય તેના નીચેના દાંત ઉપરના હોઠમાં ઘૂસી ગયા, પણ આ ખરાખરીની ઘડી હતી. બેય હાથ જુદી જુદી ક્રિયા કરે, નજર ક્યાંક ત્રીજે જ ઠેકાણે તકાયેલી હોય અને પગ વળી પોતાનું કામ કરી જાણે એવા કેળવાયેલા મલ્ટિ ટાસ્કિંગ રિફ્લેક્સિસનો છપ્પને અજબ પરચો બતાવ્યો હતો. જેટલી ત્વરાથી એ પછડાયો હતો એટલી જ સ્ફૂર્તિથી એ ઉથલી પડેલા ટેબલ પરથી બાથરૂમના દરવાજા તરફ ફંગોળાયેલી ગન ભણી લપક્યો. પેલો આદમી ભીંત સાથે અથડાઈને હજુ ખુરસીમાં જ ગોટવાયેલો પડ્યો હતો એટલી વારમાં તો છપ્પને ગન ઉઠાવી લીધી હતી.

ચંદ સેકન્ડમાં શરીરને અપાર શ્રમ આપીને હવે તેની છાતી હાંફવા લાગી હતી. ચિરાયેલા હોઠમાંથી લોહી વહેવા લાગ્યું હતું અને અગાઉ જડબાં પર, લમણાંમાં, પીઠ પર થયેલી ઈજાના સણકારા મગજને ધમરોળી રહ્યા હતા. તો ય તેણે હાંફતા શ્વાસ પર કાબૂ મેળવ્યો. ખુરસીમાંથી ઊભા થવા મથતા આદમીને ડાબા હાથે ઠોંસો મારીને પલંગ પર હડસેલ્યો અને તેનાથી સલામત અંતરે ઊભા રહીને ગન તાકી દીધી, 'હવે બોલ... તું કોણ છે?'

'કમ ઓન યાર, શું મસ્તીએ ચડ્યો છે ગધેડા?' એ આદમીએ તેની સામે તકાયેલી ગનની પરવા કર્યા વગર લમણાં પર હાથ દબાવી રાખ્યો હતો. ખુરસીમાંથી અચાનક પછડાયા પછી ભીંત સાથે તેનું માથું અથડાવાથી તેને તમ્મર આવી ગઇ હતી. છપ્પનને તેના અવાજની સ્વસ્થતા અકળાવનારી લાગતી હતી.

'હવે મેં તને ઝબ્બે કર્યો છે. ચાલ, બોલવા માંડ ફટાફટ...' છપ્પને ઉગ્રતાભેર કહ્યું પણ એ સાલો લમણે હાથ દીધા પછી ય સ્મિત વેરી રહ્યો હતો...

'ઝબ્બે કરવા માટે ગન લોડેડ હોવી જોઈએ મિ. છપ્પનસિંઘ...' હળવો ઠહાકો મારીને તે ઊભો થયો અને જિન્સના હિપ પોકેટમાંથી ગન કાઢી છપ્પનની સામે ધરી દીધી, 'તારી ગનની બુલેટ્સ તારા હોલ્ડોલના ઝીપ પોકેટમાં પડ્યા છે પણ આ ગન ફુલ્લી લોડેડ છે અને સાયલેન્સર પણ ચડાવેલું છે. બોલ, અબ ક્યા કરું મૈં તેરા?'

છળી ઊઠેલા છપ્પને પહેલાં ગનનો બેરલ ઠપકાર્યો, ટ્રીગરનું પ્રેશર ચેક કર્યું. 'ઠિચ્ચ..' અવાજ સાથે અંદરનું રોટર ખાલી ડ્રમ જોડે અથડાયું અને છપ્પન ઢીંચણભેર જમીન પર ફસકાઈ પડ્યો.

તેનો મરણિયો દાવ પણ નિષ્ફળ ગયો હતો... સરિયામ નિષ્ફળ...

*** *** ***

ક્યાંય સુધી છપ્પન હતાશાથી ભાંગેલા મનથી ભોંય પર જ ઢળેલો રહ્યો હતો. છેવટે એ આદમીએ તેને ઊભો કર્યો હતો. છપ્પનને તીવ્ર તાજુબી થતી હતી અને એ સાલો હળવું સ્મિત વેરી રહ્યો હતો.

ખણણણણ... અવાજ સાથે તેણે લોખંડના કબાટનું સજ્જડ થઈ ગયેલું બારણું ખોલ્યું. છપ્પન ન જોવાનો ડોળ કરીને એક ચોરની નજરે બારીકાઈથી નીરખી રહ્યો હતો. અંદર એક મોટી બેગ હતી. કેટલાંક ચોપડાંનાં થોથાં, કેટલીક ફાઈલો, છાપાંઓની પસ્તી વગેરે સામાન છપ્પનને દેખાતો હતો. તેણે ઓલિવ ગ્રીન કલરનો એક થેલો ઉઠાવ્યો. અંદરથી રેક્ઝિનની એક કિટ કાઢી અને છપ્પન તરફ લંબાવી, 'આમાં રૂ, ડેટોલ છે... તારા લમણાં પર, જડબાં પર લગાવી લે.. સૂજન વધતી જાય છે...' છપ્પનનું આશ્ચર્ય શમે એ પહેલાં તેણે એક સ્ટ્રિપ ફાડીને ટેબ્લેટ કાઢી, 'એનાલ્જેસિક છે. લઈ લે, રાહત લાગશે...'

'ન્હાયા વગર મને ઊંઘવું નથી ગમતું...' થેલામાંથી કાઢેલો ટુવાલ ખભા પર વીંટાળીને શૂઝ કાઢતાં તેણે કહ્યું. છપ્પન હજુ ય ફાટી આંખે આ વિચિત્ર આદમીને જોઈ રહ્યો હતો. છપ્પનના ચહેરા પર વીંઝાતી મૂંઝવણને પારખીને તે હસ્યો અને બાથરૂમ ભણી જતો અટકીને તેની નજીક આવ્યો, 'હવે તો તને ભરોસો હશે જ કે તારી કોઈ ચાલાકી કામ લાગવાની નથી. તારી ગન તારી પાસે છે અને બુલેટ, એઝ આઈ સેઈડ, તારા થેલામાં છે...'

આટલું કહીને એ અટક્યો અને ગર્ભિત સ્મિત સાથે છપ્પનની સામે તાકી રહ્યો, 'હજુ આપણે ઘણી વાતો કરવાની છે અને મને ખાતરી છે કે એ તારા લાભમાં રહેશે. બહેતર છે કે તું મારા પર વિશ્વાસ મૂકીને ચૂપચાપ બેઠો રહે. તને ઊઠાવ્યો ત્યારથી જ તારી સલામતીનો મેં પૂરતો ઈન્તઝામ કરી લીધો હતો...' આટલું કહીને તેણે બાથરૂમનો દરવાજો ખોલ્યો અને વાક્ય પૂરું કર્યું, '... અને મારી સલામતીનો પણ..!'

બારણું ઠાલું વાસીને તેણે શાવર ચાલુ કર્યો એ વખતે છપ્પનસિંઘના મગજમાં ધોધમાર સવાલો વરસી રહ્યા હતા. બંને ગન બહાર રાખીને એ બેફિકરાઈથી ન્હાવા જતો રહ્યો એથી છપ્પન હેબતાઈ ગયો.

પોતે શું કરવું જોઈએ? નાસી છૂટવું જોઈએ? પણ પોતે ક્યાં હતો એ તેને ક્યાં ખાતરી હતી? શક્ય છે કે નીચેના મજલે એ આદમીએ કંઈક પહેરો મૂક્યો હોય કે બીજી કોઈ વ્યવસ્થા ગોઠવી હોય. તો શું એ બહાર આવે એટલે તેને ઝબ્બે કરવો જોઈએ? પણ એ કંઈ એવો બેવકૂફ નથી કે એ શક્યતાને તેણે નજરઅંદાજ કરી હોય.

ઉશ્કેરાટ અને અકળામણથી છપ્પને પીડાની પરવા કર્યા વગર માથું ધુણાવી નાંખ્યું. શું કરવું જોઈએ? આ સિવાય બીજું શું થઈ શકે? તે સપાટાભેર ઊભો થયો. કબાટની નજીક ગયો અને

પાક્કા ચોરની કાબેલિયતથી જરાક પણ કિચૂડાટ ન થાય એ રીતે દરવાજો ખોલીને આડો પગ ધરી દીધો. સૌ પહેલાં તેણે થેલો ફંફોસ્યો. અંદર ત્રણ-ચાર જાડાં ખદડ જીન્સ, લિનન-કોટનનાં શર્ટ્સ અને એવું બધું હતું. બાજુમાં હિન્દી-અંગ્રેજી અખબારોનો થોકડો પડ્યો હતો. કેટલાંક મેગેઝિન્સ હતાં, જેના કવર કે નામ છપ્પને બાપ જન્મારે ય નહોતાં જોયાં.

'આ તો કોઈક ભણેશરી લાગે છે...' પોલીસ કે બીજા કોઈ અઠંગ ખેપાનીને બદલે પોતે આવું બધું વાંચનારા કેવા આદમીના હાથે ઝડપાયો છે એવા સવાલમાત્રથી છપ્પનને એ ઘડીએ નીચાજોણું લાગતું હતું. આ ઓરડો અને આ બધી ચીજવસ્તુ બીજા કોઈકની હશે કદાચ... વધુ ખાતરી માટે તેણે નીચેના ખાનામાં પડેલાં આઠ-દસ પુસ્તકો ઉઠાવ્યા અને તેની આંખ ચમકી. એ પુસ્તકના કવર પર કોઈ પુરાતન મૂર્તિનો ફુલ સાઈઝનો ફોટોગ્રાફ હતો... તેણે ઝડપભેર બીજું પુસ્તક જોયું. એમાં પણ કોઈ અત્યંત જર્જરિત દેવાલય જેવો ફોટો હતો અને બુકનું શીર્ષક હતું, 'સિગ્નિફિકન્સ ઓફ એન્શ્યન્ટ ઈન્ડિયન આર્કિયોલોજી એન્ડ...' છપ્પને તરત બુકનું બેક કવર જોયું અને પગથી માથા સુધી તેને કરંટ લાગ્યો હોય તેમ તે ધ્રૂજી ઊઠ્યો.

બેક કવર પર એ જ આદમીનો ફોટો હતો... ફોટામાં એ વધુ સોહામણો લાગતો હતો. અને નીચે લખ્યું હતું, 'લેખક ભારતીય પુરાતત્ત્વ વિધાના વિદ્વાન અને પ્રાચીન ભારતીય મૂર્તિકલાના અભ્યાસુ છે...'

છળી ઊઠેલા છપ્પને ફરીથી ફ્રન્ટ કવર જોયું. બુકના શીર્ષકની નીચે લખ્યું હતું,

લેખક: ડો. ત્વરિત કૌલ

*** *** ***

સ્થળ: જ્યાંથી છપ્પને મૂર્તિ ઉઠાવી હતી એ ડિંડોરીનું દેવાલય

સમય: સવારના અગિયાર વાગ્યે

'સાહેબ…'

કોન્સ્ટેબલ દેવીલાલના અવાજથી તેની તંદ્રા તૂટી. તેને ખ્યાલ આવ્યો કે મંદિરના ગર્ભગૃહમાં હવે તે એકલો જ હતો. તેણે પાછળ ફરીને જોયું તો કાફલાના બીજા ત્રણેય કોન્સ્ટેબલ વડના ઝાડ નીચે પરસાળના પગથિયે બેસીને સ્ટેટમેન્ટ લેવાનો બંદોબસ્ત કરતા હતા. હેડ કોન્સ્ટેબલ કરડા અવાજે પૂજારી, મહેતાજી અને અન્નક્ષેત્રના બીજા લોકોની પૂછપરછ કરી રહ્યો હતો. મંદિરના ચોગાન બહાર દરવાજા પાસે પોલીસની ગાડી જોઈને ફોકટની પંચાતના શોખીનોએ ભીડ જમાવવા માંડી હતી.

'સાહેબ…' દેવીલાલે માઉથપીસ દાબી રાખવાની કાળજી સાથે તેની સામે મોબાઈલ ધર્યો, 'હેડ ક્વાર્ટરથી એસપી સાહેબ…'

તેણે ત્વરાથી ફોન કાને માંડ્યો, 'યસ સર…'

'યુ સીમ વેરી બિઝી ધેર…' તેણે લાઈન પર આવવામાં વાર લગાડી એટલે એસપી સાહેબના અવાજમાં નારાજગી હતી કદાચ…

'નો સર…' દેવીલાલની હાજરીથી સતર્ક થઈને તે મંદિરના પ્રદક્ષિણા માર્ગ પર થોડો દૂર ગયો, 'એક્ચ્યુઅલી આઈ ફિલ ઈટ વેરી સ્ટ્રેન્જ સર… અહીં જાતભાતની ત્રીશ-પાંત્રીશ મૂર્તિઓ છે પણ ચોરી ફક્ત એક જ મૂર્તિની થઈ છે…'

'તો બાકીની તારે ઉઠાવી જવી છે?' એસપીના અવાજમાં ટોળ હતો કે નારાજગી એ નક્કી નહોતું થઈ શકતું.

'આઈ મીન સર, મંદિરનું ગર્ભગૃહ સલામત છે. મૂર્તિ પર ચાંદીના થોડાં-ઘણાં આભૂષણો છે પણ આભૂષણોને ચોરે હાથ સુધ્ધાં નથી લગાવ્યો. ગર્ભગૃહથી આગળ લાંબી હારમાં બંને તરફ જુનવાણી અને જર્જરિત મૂર્તિઓ જડેલી છે એમાંથી એક જ મૂર્તિ ચોરે ઉઠાવી છે. એ પણ એટલી સિફતથી કે ચોરાયેલી મૂર્તિ આખેઆખી કોરાઈ ગઈ છતાં આસપાસની બીજી એકેય મૂર્તિની કાંકરી ય નથી ખરી… એન્ડ સર, થીવ્સ હેઝ યુઝ્ડ સમ સ્ટ્રેન્જ ટેક્નિક. અહીં રાખ, લાપી અને ચૂનાના લોંદા પડ્યા છે. કાચ પાયેલા દોરાના ટુકડા ય છે. હરિયાણાના એક કેસમાં આવી જ ટ્રિક વિશે મેં થોડાં સમય પહેલાં વાંચ્યું હતું.' તે એકશ્વાસે બોલી ગયો.

'ઓહ કમ ઓન, ડોન્ટ પેનિક… તમારા જેવા ડાયરેક્ટ રિક્રૂટની આ જ તકલીફ છે. એમ વાંચી વાંચીને ક્રાઈમ ડિટેક્ટ કરવા નીકળી પડો છો. કેટલો સમય થયો તારે ચાર્જ લીધાને?'

'યસ સર…' એસપીનો ટોન હવે તેને ખૂંચતો હતો તેમ છતાં ય તેણે ડિસિપ્લિન જાળવી રાખીને પોતાનો અવાજ બદલાવા ન દીધો, 'સમ સિક્સ એન્ડ હાફ મન્થ…'

'સી માય ડિયર…' પોલીસ સુપરિન્ટેન્ડેન્ટસાહેબ હવે વડીલનો પાઠ ભજવવાના મૂડમાં હોય તેમ શિખામણના ટોનમાં આવી ગયા, 'મિનિસ્ટર સાહેબના કુળદેવતાના મંદિરમાં ચોરી થાય એટલે મારે તને મોકલવો પડે. ઈટ ડઝન્ટ મીન ધેટ.. કે તું ત્યાં જઈને શેરલોક હોમ્સની માફક લાપી, સિમેન્ટ, ચૂનાના લોંદા જોખવા માંડે… '

'યસ સર…' હવે તેને ગુસ્સો આવતો હતો. તેનાં જડબાં તંગ થઈ રહ્યાં હતાં છતાં તેણે અવાજ પર સંયમ રાખ્યો.

'મિનિસ્ટરનું માન રાખવા મેં તને મોકલ્યો જેથી એમને એવું લાગે કે આપણે કમ્પ્લેનને સિરિયસલી લીધી છે. અધરવાઈસ આઈ વૂડ હેવ સેન્ટ સમ લોકલ પીઆઈ, યુ નો... ક્યા કેસમાં કેટલા એક્ટિવ થવું, ક્યા કેસને કેવી રીતે હેન્ડલ કરવો અને ક્યા કેસમાં દેખાડો કરવો, રાજકારણીઓ સાથે કેમ પનારો પાડવો એ જ તમારે શિખવાનું હોય. ડાયરેક્ટ રિક્રૂટ થયા એટલે બધું આવડી ન જાય. મિનિસ્ટર સાહેબનેય ફક્ત પોતાના વતનના ગામમાં રોલો પાડવા પૂરતો જ તપાસનો આગ્રહ છે. આઠ-દસ સ્ટેટમેન્ટ લઈ લે. રેકોર્ડ પરથી બે-ચાર શકમંદને ઉઠાવીને અંદર કરી દે. થોડાં ધમારીને છોડી દે.. એન્ડ ફરગેટ ઈટ... જૂની- પુરાણી મૂર્તિ તો ચોરાયા કરે. એમાં કંઈ આટલી જફા કરવા ન બેસાય... આવા ફીફાં ખાંડવાં તું અફસર નથી બન્યો, અન્ડરસ્ટેન્ડ?'

'બટ સર...'

'મને સાંજ સુધીમાં રિપોર્ટ કર. આઈ વિલ હેવ ટૂ કોલ મિનિસ્ટર.'

એસપીએ ફોન કટ કર્યો એ સાથે તેને મોબાઈલનો છુટ્ટો ઘા કરવાનું મન થઈ આવ્યું હતું.

'સાલો પૂરી વાત સાંભળવા ય તૈયાર નથી અને મને શિખામણ આપવા બેસે છે...' મનોમન બબડતો એ મંદિરના મંડપમાં આવ્યો ત્યારે દેવીલાલ ત્યાં જ ઊભો હતો.

પોતાના ચહેરા પરનો ક્ષોભ વંચાઈ ન જાય તેની તકેદારી રાખતાં તેણે ખિસ્સામાંથી રૂમાલ કાઢ્યો. દેવીલાલ એકીટશે તેને જોઈ રહ્યો હતો એટલે તેનાથી કહેવાઈ ગયું, 'બહુ ગરમી છે, નહીં?'

'યસ સર...' ખંધો દેવીલાલ સાડા ત્રણ દાયકાથી જાણતો હતો કે ઉપરી સાથે ફોન પર વાત કરતી વખતે દરેક મોસમમાં એકસરખી ગરમી થાય છે.

'પૂજારીને બોલાવ...' તેણે ફરીથી અફસર તરીકેની અકડાઈ અવાજને પહેરાવી દીધી.

દેવીલાલે ઈશારો કર્યો એટલે પરસાળના પગથિયે બેઠેલા કોન્સ્ટેબલ્સ એટેન્શનમાં આવી ગયા અને હેડ કોન્સ્ટેબલે પૂજારીને આગળ કર્યો.

'કેટલાં વરસથી તમે આ મંદિરમાં પૂજા-આરતી કરો છો?'

'જી સા', હમીં તો પાંચ પીઢી સે ઈધર હૈ.'

'તો આ બધી મૂર્તિઓ અને મંદિર વિશે ય જાણતાં જ હશોને?'

'હોવ્વે.. સબ કુછ જાનિયો ના..' મંદિરનો મહિમા ગાવાનો મોકો મળ્યો એટલે પૂજારી ય રંગતમાં આવી ગયો, 'માતા કુંતા ઔર પાંચ પાંડવ યાત્રા પર નીકલ પડે થે તબ ઈધર આયે.' આંખેદેખ્યો અહેવાલ આપતો હોય તેમ પૂજારીએ ચાલુ કર્યું, 'કુંતા માતા તો બડે નિયમવાલે. શિવજી કે દરસન કિયે બિના મૂંહ મેં પાની તક નહિ ડાલતે થે. ઔ વક્ત ઈહાં તો બહોત ઘના જંગલ હુઆ કરતા થા. તો માલુમ હૈ, ભીમ ને ક્યા કિયા? પિત્તલ કા લૌટા ઉલટા કર દિયા ઔર ઉપર મિટ્ટી ડાલ દી. અઈસન બના યે શિવલિંગ ઔર તબ સે યે કુંભનાથદાદા સાક્સાત હઈ ઈધર... '

'ઓહ શટ અપ પ્લિઝ...' મૂર્તિ વિશે કહેવાને બદલે પૂજારી પાંડવ સુધી પહોંચી ગયો એટલે તે કંટાળ્યો, 'ચોરાયેલી મૂર્તિ વિશે મને કંઈક કહેશો કે એ ય મારે ભીમને પૂછવા જવું પડશે?'

'ઉસમેં તો સા'...' તેના ચહેરા પર તરી આવેલી ઉગ્રતા જોઈને પૂજારીનો સ્વર હેબતાવા લાગ્યો, 'મંઈ તો બસ ઈત્તા હી જાનિયો... પર હમરે શાસ્ત્રીદાદા કહત હઈ કિ યે સબ બહોત પૂરાની મૂર્તિ હઈ ઔર...'

'એ કોણ?'

'હમરે દાદા લગત હઈ... અબ તો ઉનકી અવસ્થા હુઈ લેકિન ચલ સકત થે તબ તક રોજ સુબહ મંદિર મેં આતે થે... અબ તો...'

'દેવીલાલ...' તેણે અડધેથી જ પૂજારીની લાંબી કેફિયત કાપી નાંખી, 'ફોટા પાડીને પંચનામું કરી લો. સરપંચને બોલાવીને મંદિરના મહેતાજી, રસોઈયા અને પૂજારી ઉપરાંત ગામના બીજા બે-ત્રણ આગેવાનની ય સહી લઈ લો અને...' તેણે ફરીથી પૂજારી સામે નજર માંડી, 'શાસ્ત્રીજીનું સરનામું લખી રાખો, તેમને ય મળવું પડશે'

આટલું કહીને એ મંદિરનાં પગથિયાં ઊતરીને પીપળાના ઝાડ નજીક પાર્ક કરેલી જીપ્સી તરફ આગળ વધ્યો.

'ઉ સા'બ...' હેડ કોન્સ્ટેબલે લંબાવેલા કાગળિયા ખચકાતા હાથે લેતા પૂજારીએ દબાયેલા સ્વરે પૂછ્યું, 'ઈધર નયે આયે હૈ કા??'

'હા...' હેડ કોન્સ્ટેબલે મિતાક્ષરી જવાબ વાળ્યો પણ પોલીસ સાથે પનારો પડ્યાની હેબત હજુ ય પૂજારીની આંખોમાં વર્તાતી હતી.

'સાયેબનું નામ...' તેણે ડરતાં-ડરતાં પૂછ્યું.

'માહિયા સાહેબ... એસીપી રાઘવ માહિયા.'

*** *** ***

'ઈંહા હી ઠહરિયો સા'...'

નીલગીરીના પાતળાં-ઊંચા વૃક્ષોના ઝુંડમાં પ્રવેશતાં જ પૂજારીએ આંગળી ચીંધીને કહ્યું એ સાથે જીપ્સી એ દિશામાં વળી. પીળી માટીને પસવારતા નમતી બપોરના તડકામાં વહેલી સવારે પડેલા વરસાદની કુમાશ વર્તાતી હતી. સીમની લીલાશ ઓઢીને પાદરમાં પ્રવેશતી સાંજ લાકડાંના અધખુલ્લા ડેલામાંથી ઢાળ ઊતરી રહી હતી. ભીંજાયેલી માટીની સોડમ, સૂકાં ખડના રાડાં મઢેલી છાજલી, હારબંધ ઊભેલાં મકાનોની કાચી દીવાલો... અને રાઘવના ચહેરા પર લીંપાતી જતી રોનક.....

તેની ખુશનુમા આંખો ફળિયાના વેકરામાં ઉઘાડાપગે દોડી જતાં શૈશવને નીરખી રહી હતી... પોતાના ખુદના શૈશવને...

પૂજારીએ ચીંધેલા મકાનના ડેલા પાસે ગાડી ઊભી રહી એ સાથે એ સપાટાભેર નીચે ઊતર્યો. સાથેના કોન્સ્ટેબલ્સને ય એસીપી સાહેબની આ ઉત્સુકતા અને ઉત્સાહ અજાણ્યાં લાગતાં હતાં. જ્યારે રાઘવે શાસ્ત્રીજીને મળવાનું કહ્યું ત્યારે દેવીલાલ જરાક દૂર જઈને બીજા કોન્સ્ટેબલ્સ જોડે બબડ્યો ય હતો, 'નવા આવેલા બાવા ઝાઝી ભભૂત ચોળે એમાં મરો તો છેવટે આપણો જ થાયને... એસપી સાહેબને રસ નથી પણ આ લાટસાહેબને બે બદામની મૂર્તિમાં ય ઈન્વેસ્ટિગેશન કરવાના ચાળા સૂઝે છે...'

ડિપાર્ટમેન્ટમાં ઊંચી પાયરી પર ડાયરેક્ટ રિક્રૂટ થયેલા દરેક જવાન ઓફિસરે શરૂઆતમાં પીઠ પાછળ થતી મજાક અને અવગણનાનો સામનો કરવો જ પડે એવું રાઘવ બરાબર જાણતો હતો. રીઢા થઈ ગયેલા પાકટ વયના ઈન્સ્પેક્ટર્સ પોતાના સાહેબ તરીકે આવેલા જુવાનિયાને જલ્દી સ્વીકારી ન શકે અને ઈન્સ્પેક્ટરના સીધા ચાર્જમાં આવતા કોન્સ્ટેબલ્સ ઈન્સ્પેક્ટર સાહેબને રાજી રાખવા ડાયરેક્ટ રિક્રૂટેડ એસીપીના નામે મજાકો ચડાવીને કહેતા ફરે.

રાઘવ એ વિશે પૂરતો સતર્ક રહેતો. ઈન્સ્પેક્ટરથી નીચેની પાયરીના કર્મચારીઓ સાથે અંતર

રાખવામાં તેને ખાસ મુશ્કેલી નડતી નહીં પણ સિનિયર ઓફિસર્સ પણ ખડ્ડુસ વર્તાવ કરે કે નવા વિચાર, નવી પદ્ધતિને હસી કાઢે ત્યારે તેને અકળામણ થઈ જતી.

અત્યારે એ વર્દીમાં ન હતો. રેડચીફ લેધર શૂઝ, બ્લેક કોડ્રોય અને કોપર બ્રાઉન સ્કિન ફિટ શર્ટમાં એ જસ્ટ પાસ્ડઆઉટ કોલેજિયન જેવો લાગતો હતો. બાંધો એકવડિયો, શરીર પથ્થરમાંથી તરાશ્યું હોય તેવું તદ્દન સપ્રમાણ, પણ આકરી કસરતથી જમાવેલા સ્નાયુના ગઠ્ઠા કપડાં નીચે ઢંકાઈ જતાં અને બહાર દેખાતો તેનો કુમળો, ગોરો ચહેરો, ભાવવાહી આંખો, ટૂંકા વાળ... તેને છોકરડો જ ગણાવી દેતા. મૂછ વધારવી તેને જરાય ગમતી ન હતી. તેનો ફિટનેસ ટ્રેનર મન્સુર કાયમ કહેતો, ‘મૂછ તો હોની હી ચાહિયે. સ્ટ્રોંગ બોડી પર મૂછ ઐસી લગતી હૈ જૈસે શાહ કે સર પે તાજ...’

- પણ રાઘવને એ તાજ પહેરવો કદી ગમ્યો ન હતો. પોલીસ ઓફિસર્સ મેસમાં પહેલે દિવસે તેને જોઈને સૌ આપસમાં હસી લેતા હતા. સિંઘલે તો અજાણપણાંનો ડોળ કરીને પૂછી ય લીધું હતું, ‘કિસી કો ઢૂંઢને આયે હો બેટે? કિસ કા કામ હૈ?’ એ જ સાંજે સ્ક્વોશ રૂમમાં એકધારા દોઢ કલાક સુધી એ રમ્યો અને એક પછી એક સૌને હરાવ્યા ત્યારે તેને અહેસાસ થઈ ગયો હતો કે અહીં પાવર ગેઈમમાં હાવી થવા માટે સતત તેણે પોતાની ક્ષમતા સાબિત કરતાં રહેવું પડશે.

આ કેસમાં પણ સુપરિન્ટેન્ડેન્ટ પડતું મૂકવાનો આગ્રહ રાખતા હતા ત્યારે રાઘવને તેમાં પોતાની ક્ષમતા સાબિત કરવાની તક દેખાતી હતી.

તેણે આંખ ઉપરથી ગોગલ્સ ઉતાર્યાં અને એક નજરમાં માહોલ માપી લીધો.

છાણ-માટીની ગાર લીંપેલા ઓટલા પર ચોકઠું ચિતરીને નવ કૂકરી રમી રહેલાં ટાબરિયાંઓનો કલબલાટ પોલીસની ગાડીની હાજરીથી થડકાવા લાગ્યો હતો. હેન્ડપંપ ઘૂમાવવો અટકાવીને થીજી ગયેલી ઓરત, સાઈકલ લઈને બાજુની ગલીમાં વળવા જતાં કુતૂહલવશ ઊભો રહી ગયેલો એક આદમી, ભીંતને ટેકો દઈને અધૂકડા થઈ ગયેલા જૈફના મોંમાં ઠઠી રહેલી બીડીનો ગૂંગળાતો ધુમાડો અને મકાનની પછીતે અધખૂલી બારીના સળિયા વચ્ચેથી તાકતી સ્તબ્ધ ઉત્સુકતા...

દોઢ હજારની વસ્તી ધરાવતા ગામડાંમાં પોલીસની ગાડી આવે એટલે સન્નાટો
વ્યાપી જવો સ્વાભાવિક હતો. ‘સબ કો બોલો કિ...’ તેણે પૂજારીને કહ્યું, ‘હમ યહાં શાસ્ત્રીજી સે મિલને આયે હૈ...’

લાકડાંના અધખુલ્લા ડેલાની અંદર મોટું ચોગાન, ડાબી તરફ ગાય-ભેંશ બાંધવાનો ફર્જો, સામે લાંબી પરસાળમાં હારબંધ ત્રણ-ચાર ઓરડા, જમણી તરફ બીલીના ઝાડ પાસે નાનકડી દેરી અને દેરી પાસે થાંભલીના ટેકે ઊનની શાલ ઓઢીને માળા ફેરવતા એક બુઝુર્ગ...

સફેદ નેણ તળે ઓલવાઈ રહેલી ઊંડી આંખો, ગોરા ચહેરા પર ગરવાઈ પોંખતી કરચલીઓ, કૃશ હાથનું હળવું કંપન અને બોખા મોંમાં સતત જડાઈ રહેતું સ્મિત...

એ દુર્ગાશંકર શાસ્ત્રી હતા...

*** *** ***

‘મારે ફોટા જોવાની જરૂર નથી...’ રાઘવે લંબાવેલા ફોટોગ્રાફની સામે નજર પણ માંડ્યા વિના શાસ્ત્રીજીએ કહ્યું હતું, ‘સાત પેઢીથી અમે અહીંના પુરોહિત છીએ. અહીંના એક-એક કાંકરાને ઓળખું છું...’

'શાસ્ત્રીજી, આમ તો મંદિરમાં ચોરવા જેવું કંઈ છે જ નહીં...' પોતાનો ઉદ્દેશ સ્પષ્ટ કરવા રાઘવે પૂર્વભૂમિકા બાંધવા માંડી, 'મંદિરમાંથી બીજું કશું જ ચોરાયું નથી. ચોરે ફક્ત આ એક જ મૂર્તિ કેમ ચોરી એ મને સમજાતું નથી.'

'...પણ મને સમજાય છે' ધ્રૂજતા ચહેરાને સહેજ ઉપર ઉઠાવીને શાસ્ત્રીજીએ રાઘવની આંખોમાં તાકીને કહ્યું, 'મને સમજાય છે કે શા માટે એ મૂર્તિ જ ચોરાઈ, પણ મને એ સમજાતું નથી કે ચોરને કેવી રીતે ખબર પડી કે એ મૂર્તિ વિશિષ્ટ છે?'

રાઘવની આંખોમાં પ્રશ્નાર્થ વાંચીને શાસ્ત્રીજીએ પૂછ્યું, 'સમય પૂરતો હોય તો માંડીને વાત કરું'

રાઘવે હકારમાં ડોકું ધુણાવ્યું એટલે શાસ્ત્રીજીએ પૂજારીની મદદથી થાંભલીને ટેકે ગાદી સરખી કરી અને વાત માંડી. ધ્રૂજતા અવાજે શાસ્ત્રીજી કટકે કટકે બોલતા જતા હતા અને રાઘવના ચહેરા પર વિસ્મયનો સ્ફોટ થતો જતો હતો.

'શિવજીને માનનારા આપણે સૌ દક્ષિણપંથી છીએ. શિવ શબ્દનો અર્થ જ કલ્યાણકારી એવો થાય છે પરંતુ શિવ એ સમગ્ર સંસારની ઉત્પત્તિ, સ્થિતિ અને લયનું કારણ છે. સર્જક અને સંહારક. કલ્યાણકારી અને રૌદ્ર.'

રાઘવ એકીટશે તેમને તાકીને સાંભળી રહ્યો હતો પણ તેના મગજમાં ઘમસાણ ફૂંકાતું હતું. એક સાધારણ મૂર્તિની ચોરી થાય એમાં શિવજીનાં સ્વરૂપ સમજવાં પડશે એવી તેને ધારણા ન હતી.

'મોટાભાગના સંસારીઓ શિવજીના કલ્યાણકારી સ્વરૂપને પૂજે છે પરંતુ બીજો એક પંથ છે જે શંકરના રૌદ્ર, સંહારક સ્વરૂપને પૂજે છે. એ વામપંથ છે.'

રાઘવ હજુય એકાગ્રતાપૂર્વક સમજવાનો પ્રયાસ કરતો હતો.

'હું બનારસમાં શાસ્ત્રો ભણ્યો છું...' શાસ્ત્રીજીએ ખભા પરના ગમછા વડે આંખોમાં ઉંમરસહજ આવી જતી ભીનાશ લૂછી, 'વામપંથીઓને મેં જોયા છે. તેમનાં વિધિ-વિધાન બહુ જ અલગ, ક્યારેક આપણી બુદ્ધિને પચે નહીં અને સામાજિક માનસિકતાને માફક ન આવે એવાં હોય છે. એ એક એવું સત્ય છે જે બધા માટે નથી. એ પામવા માટે યોગ્યતા કેળવવી પડે, જે બધામાં નથી. એટલે જ વામપંથને આપણે પાશુપતદર્શન કે અઘોર વિદ્યા તરીકે ઓળખીએ છીએ અને તેનાથી દૂર રહીએ છીએ'

'બટ...' હવે રાઘવને અકળામણ થતી હતી, 'તેને અને આ મૂર્તિની ચોરીને શું સંબંધ?'

'એટલે જ મેં પૂછ્યું હતું...' શાસ્ત્રીજીએ તેની આંખોમાં આરપાર તાકીને હળવું સ્મિત વેર્યું, 'કે પૂરતો સમય હોય તો જ વાત કરું...'

'ના.. ના.. એમ નહીં પણ...' રાઘવની થોથવાતી જીભ વાક્ય પૂરું કરે એ પહેલાં જ શાસ્ત્રીજીએ કહી દીધું, 'એ મૂર્તિ વામપંથી હતી...'

'એટલે...'

'એટલે કે અઘોરવિદ્યાના ઉપાસકો જેની પૂજા કરે એવી...' રાઘવના ચહેરા પર સતત અંકાતી જતી મૂંઝવણો અને ગૂંચવણો જોઈને શાસ્ત્રીજીએ આર્જવપૂર્વક

તેનો હાથ દાબ્યો, 'આ બધું માનવું, સમજવું અને પચાવવું અઘરું છે. બહુ જ અઘરું... એટલે તો આપણાં જેવાં સંસારીઓ માટે એ ત્યાજ્ય ગણાય છે...'

'બટ, તો પછી... બીજી બધી મૂર્તિઓ?'

'મેં તો જોયું નથી કદી, પણ મારા વડવાઓએ તેમના વડવાઓ પાસેથી સાંભળેલી વાત છે. કેટલું સાચું-કેટલું ખોટું એ હું નહીં કહી શકું, પણ આ મૂર્તિઓ ડિંડોરીના એ દેવાલયમાં

900-1000 વર્ષથી હોવાનું કહેવાય છે. 200 વર્ષ પહેલાં ચોક્કસ દિવસોમાં અહીં અઘોરીઓ સાધના કરવા આવતા અને ત્યારે ગામમાંથી કોઈ ઘરની બહાર પણ ન નીકળતું એવું મેં સાંભળ્યું છે. મારા વડવાઓ કહેતાં કે આ મૂર્તિઓ અપૂજ રાખવાની છે પણ સાચવવાની ય છે કારણ કે એ લાખેણી છે...'

'મતલબ કે એ દરેક, પાંત્રીસે ય મૂર્તિ વામપંથી હોય તો આ એક જ મૂર્તિ કેમ ચોરાઈ?'

'એવું મેં તો નથી કહ્યું...' શાસ્ત્રીજી બરાબર વાક્પટુ હતા. નેવુંની અવસ્થા પાર કરી હતી પણ સ્મૃતિ સતેજ હતી અને મિજાજની ખુમારી અકબંધ, 'બધી મૂર્તિ વામપંથી હતી કે અમુક હતી કે કોઈ એક જ હતી એ મને ખબર નથી, પણ હું એટલું કહી શકું કે, વામપંથી મૂર્તિઓ પારખવાનું એક ચોક્કસ શાસ્ત્ર છે...'

'તમે એ શાસ્ત્ર જાણો છો?'

શાસ્ત્રીજી બોખા મોંએ એવું ગમતીલું હસી પડ્યા કે રાઘવના તંગ ચહેરા પર પણ સ્મિત આવી ગયું, 'બેટા, આ બહુ અઘરો સવાલ છે. વામપંથ એ આપણો સંસારીનો વિષય નથી.' ધ્રૂજતા હાથે તેમણે ઘડીક બાજુના બીલીવૃક્ષના થડને પસવાર્યા કર્યું અને અચાનક જાણે નવો પ્રાણસંચાર થયો હોય તેમ તેમનો કંઠ બદલાયો, 'નાહં મન્યે સુવેદેતિ નો ન વેદેતિ વેદ ચ... યો નસ્તદ્વેદ તદ્વેદ નો ન વેદેતિ વેદ ચ.. કેન-ઉપનિષદમાં બ્રહ્મને ઓળખવા વિશે આ મંત્ર કહેવાયો છે, પણ એ સૃષ્ટિએ સર્જેલા આવા ભેદને ય એટલો જ લાગુ પડે છે. જો હું એમ કહું કે હું જાણું છું તો હું નથી જાણતો, કારણ કે વામપંથની આરાધના અને તેમાં ડિંડોરી દેવાલયની એ મૂર્તિઓનું મહત્ત્વ મને ખબર નથી. જો હું એમ કહું કે હું નથી જાણતો તો ય હું ખોટો છું, કારણ કે એ શાસ્ત્ર, એ વિદ્યા, એ પંથ, એ ઉપાસના છે એ મને ખબર છે..' એકધારું આટલું બોલીને શાસ્ત્રીજીને હાંફ ચડ્યો હતો છતાં હાંફતી છાતીએ તેમણે રાઘવની સામે આંગળી ચીંધીને કહી દીધું, '... અને મને એ ય ખબર છે કે એ તારા માટે નથી'

ક્ષમતાથી અનેકગણો શ્રમ લઈને હવે તેમના કૃશ ફેફસાં ફાટવાં લાગ્યાં હતાં. બાજુમાં બેઠેલો ટાબરિયો ગમછાથી તેમને હવા નાંખતો હતો, પૂજારી પાણી લેવા દોડ્યો હતો...

- અને એસીપી રાઘવ માહિયાના ગળામાં વિમાસણની કાંચકી ભીંસ દેવા માંડી હતી!

*** *** ***

બુકના કવર પર તેનો ફોટો અને નામ જાણીને મગરના મોંમાં હાથ નાંખી દીધો હોય એમ છપ્પન છળી ઊઠ્યો હતો. આવા એક ભણેશરીના હાથે પોતે ઝડપાઈ ગયો? ઝડપાયો એટલું જ નહીં, એ પછી ય તેના આટલા દાવ નિષ્ફળ બનાવીને એ સાલો તેના પર હાવી થઈ રહ્યો છે? બાપ જીવતો હોત તો... ગૂંગાસિંઘના દીકરા તરીકે છપ્પનનું ગુમાન ઘવાઇ ગયું.

બેઉ ગન બહાર છે અને એ અંદર બાથરૂમમાં છે. સાલાને ટચકાવી જ દેવો જોઈએ...

નૈસર્ગિક રીતે જ ગન લેવા લંબાતા કદમને રોકીને તેણે હંમેશની આદત મુજબ આંખ મીચી દીધી. કટોકટી વખતે બંધ આંખોની ભીતર બાપ ગૂંગાસિંઘનો ચહેરો નિહાળવાની તેને ટેવ હતી. ડોળા પર પોપચાંની વધુ ભીંસ દીધી. બાપના ચહેરાને બદલે તેને પેલા આદમીનો ચહેરો દેખાતો હતો. તેણે વધુ ઉગ્રતાથી આંખ ભીંસી. પણ હવે તો એ સાલો બોલી રહ્યો હતો...

એ તારો દૂબળી સાલો તને ફક્ત 80,000 રૂપિયા આપે છે...

હું તને આ મૂર્તિના બે લાખ.. અરે, પાંચ લાખ અપાવું...

તને સાલા ભાન નથી કે તું શું ચોરી રહ્યો છે...

વી વિલ મેક અ ડીલ...

વી વિલ મેક અ ડીલ...

વી વિલ...

તેણે ઝાટકા સાથે આંખ ખોલી નાંખી. સાંકડા, થોડાક અંધારિયા, જર્જરિત ઓરડાની ભીતર તેને ભૂતાવળ નાચતી લાગતી હતી અને પલંગના પાયા પાસે ટેકવેલી એ મૂર્તિમાંથી કોઈ ઓરત પ્રગટીને છુટ્ટા વાળે માથું ધુણાવતી કહી રહી હતી, વી વિલ મેક અ ડીલ...

અજાણ્યા ખોફ અને અપાર ઉત્સુકતાથી એ છળી રહ્યો હતો. ના, એમ નહીં. આ માણસનો ભેદ તો જાણવો જ રહ્યો. ફક્ત આ માણસનો જ નહીં, દૂબળીનો પણ...

દૂબળી સાલો જબ્બર ખેલાડી છે જ, નો ડાઉટ... એ મને 80,000 આપતો હોય તો તેને અનેક ગણી વધુ રકમ મળતી જ હોય એ તો છપ્પનને પહેલેથી સમજાતું હતું પણ આવી ઉપયોગી મૂર્તિ લોકેટ કરવી એ જ સૌથી વધુ અગત્યની વાત હતી. પોતાને ફક્ત ચોરી જ કરવાની હતી. મૂર્તિ શોધવી અને પછી વેચવી એ બેય જોખમ ટળી જતાં હોય તો ભલેને એ વધારે કમાય, પોતે ઓછા નફે બ્હોળો વેપાર કરતો જ હતો ને? છપ્પનનો એ તર્ક જો કે હવે હલબલવા લાગ્યો હતો.

ના, આ ત્વરિત કૌલ પણ મૂર્તિનો જાણકાર તો છે જ. એ શું ડીલ આપે છે એ તો જોવું જ રહ્યું. જો પોતે વધુ જોખમમાં મુકાતો હશે તો આવા ભણેશરીને ચકમો દેવામાં ખાસ વાંધો નહીં આવે.

બાથરૂમનું બારણું ખખડ્યું એ સાથે છપ્પને ચહેરા પરના તમામ ભાવ સાફ કરી નાંખ્યા. બીજી ગન ક્યાં છે, હોલ્ડોલ ક્યાં છે અને પોતે ક્યાં ઊભો છે તેની મનોમન નોંધ લઈ લીધી.

એ બેફિકરાઈથી ખુલ્લા બદને માથા પર ટુવાલ ઘસી રહ્યો હતો ત્યારે તેને ચોંકાવી દેવા માટે છપ્પને લાગલું જ કહી દીધું, '.. તો મિ. ત્વરિત કૌલ, આપણે ક્યાં છીએ અત્યારે?'

છપ્પનને હતું કે એ સીધું જ તેનું નામ બોલશે એટલે એ ચોંકી જવાનો. એ કંઈક જવાબ વાળે એ પહેલાં જ પોતે વાક્ચાતુરી અજમાવીને આ જગ્યા મંદિર પાસેની જ હોવાનું ડિંડક ચલાવીને તેને બીજો આંચકો આપશે અને...

- પણ પેલાએ તો જાણે કોઈ ત્રીજા માણસનું નામ બોલાયું હોય તેમ ધ્યાન સુધ્ધાં ન આપ્યું એટલે જરાક વાર માટે ખસિયાણા પડી ગયેલા છપ્પને ફરીથી કહ્યું, 'ઓહ સોરી, મિસ્ટરને બદલે મારે કહેવું જોઈએ... પ્રોફેસર ડોક્ટર ત્વરિત કૌલ, રાઈટ?'

'તું ય યાર...' માથાના વાળમાં ટુવાલ ઘસતાં નમાવેલી ગરદને તોફાની સ્મિત વેરતાં તેણે જવાબ વાળ્યો, 'મારું નામ જાણી ગયો એમાં તો જાણે અમેરિકાનું ડ્રોન વિમાન તોડી પાડ્યું હોય એવી સફ્ફાઈ ઠોકે છે... મારું નામ જાણીને તેં કંઈ મીર મારી લીધો છે?' ખુલ્લા બદને તે વધુ જાજરમાન લાગતો હતો. મજબૂત સ્નાયુઓ પર લપેટાયેલી ચરબીને લીધે તેનો બાંધો પુષ્ટ દેખાતો હતો. આર્કિયોલોજી જેવા મોળા વિષયનો નિષ્ણાત શરીરથી આવો ચુસ્ત અને દિમાગથી આવો ખેલાડી હોઈ શકે?

છપ્પનની આંખોમાં પ્રગટેલા કુતૂહલને ઓલવી દેતાં તેણે ટુવાલ ખુરસી પર ફગાવ્યો અને સ્મિતભેર કહ્યું, 'આભ જ તોડી પાડવું હોય તો મારું નામ જાણવાને બદલે એ જાણ કે આ દરેક ફોટોગ્રાફ્સ પર અને તેં ચોરેલી આ મૂર્તિ પર આ આછાં અને એક્યુરેટ માર્કિંગ શેનાં છે?'

'એ માર્કિંગ કંઈ પણ હોય, મને પહેલો રસ તો એ છે કે તેં મને કેવી રીતે ઝડપ્યો અને આ

મૂર્તિમાં તને શું રસ છે?' છપ્પન હવે મનોમન સ્વીકારી રહ્યો હતો કે હવે પોતે નમતું મૂકતો જશે. કમ સે કમ, બીજી તક ન મળે ત્યાં સુધી દેખાડો તો એવો જ કરશે.

'વેલ...' ચહેરા પર કશુંક ક્રીમ લગાવીને ભોંય પર ચોરસો પાથરતાં તેણે કહ્યું, 'જો એમ પણ તને સંતોષ થતો હોય તો... લેટ મી ટેલ યુ, હું એક આર્કિયોલોજિસ્ટ છું. નવમી-દસમી સદીની મૂર્તિઓ અને અન્ય અવશેષો એ મારો અભ્યાસનો વિષય છે. ડિંડોરીનું દેવાલય 700થી 800 વર્ષ પુરાણું છે અને અહીંની કેટલીક મૂર્તિઓ એથી ય વધુ જૂની, કદાચ હજાર વર્ષ જૂની છે...'

છપ્પનને કેવોક રસ પડે છે તે જોવા ઘડીક એ તેના ચહેરાને તાકી રહ્યો, 'મારા રિસર્ચનો હેતુ એવો હતો કે જો મૂર્તિઓ મૂળ દેવાલયથી ય વધારે જૂની હોય તો એ કશેક અન્ય ઠેકાણેથી અહીં લાવવામાં આવી હોય. એ ઠેકાણું ક્યું હોઈ શકે, કેમ અહીં સ્થાનાંતર થઈ હશે, કોણ લાવ્યું હશે, અહીં ક્યારે લાવવામાં આવી હશે એ બધું પુરાતત્ત્વીય પુરાવાઓ સાથે સાબિત કરવાનું મારું લક્ષ્ય હતું'

'એમાં હું કેવી રીતે તારી આંખે ચડ્યો?'

'ડિંડોરીની આ મારી છઠ્ઠી મુલાકાત છે. હું સોળ દિવસથી અહીં રોકાયેલો છું. મૂર્તિઓની બનાવટ સમજવા માટે હંમેશની જેમ હું અત્યંત બારીક નમૂનાઓ લઈ રહ્યો હતો ત્યારે...' તેણે પલંગના પાયાને ટેકવેલી મૂર્તિ ઉઠાવીને છપ્પનની સામે ધરી, 'મેં જોયું કે આ મૂર્તિ પર અત્યંત ઝીણવટભર્યાં માર્કિંગ થયેલાં હતાં.' છપ્પનને બરાબર ખ્યાલ આવે એ માટે તેણે માર્કિંગની સમાંતરે ટોર્ચનો શેરડો ફેરવ્યો. હવે છપ્પન પણ તાજુબ થતો હતો. મૂર્તિ ઉઠાવતી વખતે તેને સહેજપણ ખ્યાલ આવ્યો ન હતો એ સાવ આછા આડા-ઊભા ચેક્સ જેવાં માર્કિંગ તેને વર્તાતાં હતાં.

'આ માર્કિંગ એ ખરેખર આર્કિયોલોજિકલ સ્કેલિંગ છે. મૂર્તિઓના શાસ્ત્રને, મૂર્તિના ભૌમિતિક આકારને તેના તમામ પ્રપોર્શનમાં માપવા-ચકાસવા માટે જ આવા સ્કેલિંગ થાય. આ મૂર્તિ પર સ્કેલિંગ થયું હતું મતલબ કે, મારા સિવાય આર્કિયોલોજી કે મૂર્તિનિર્માણનો બીજો કોઈ જાણકાર માણસ અહીં આવ્યો હોવો જોઈએ. માર્કિંગ બહુ આછાં પડી ગયાં હતાં, પરંતુ સાવ ભૂંસાયાં ન હતાં. મતલબ કે, વધુમાં વધુ પંદરેક દિવસ પહેલાં જ કોઈએ આ મૂર્તિનું સ્કેલિંગ કર્યું હોવું જોઈએ. મેં મંદિરના મહેતાજી અને પૂજારીને પૂછ્યું પણ તેમણે તો ચોખ્ખી ના પાડી. મેં મંદિરમાં નિયમિત આવતા બીજા લોકોને ય પૂછ્યું. રોડ પરના ઢાબાવાળાને ય પૂછી લીધું. બધા જ કહેતા હતા કે એવા કોઈ સાહેબ આવ્યાની તેમને ખબર નથી. મારા માટે એ તાજુબી હતી.'

'મારી સૌથી મોટી મૂંઝવણ અને ઉત્સુકતા એ હતી કે મારા સિવાય કોઈ મારી જાણબહાર અહીં રિસર્ચ કરી રહ્યું હતું? મારે એ જાણવું જ રહ્યું એટલે મેં મંદિરના એ પરિસરની બહાર જમણી તરફના વડના ઝાડ પર નાનકડો માંચડો બાંધીને અડિંગો જમાવવા માંડ્યો. સળંગ એક અઠવાડિયાના તપ પછી તું ઝડપાયો...'

'મતલબ કે, હું ડિંડોરીમાં આવ્યો ત્યારથી તું મારી હાજરીની નોંધ લેતો હતો?'

'હા, પહેલા દિવસે તેં ખનીજ વિકાસ નિગમના અધિકારી તરીકે જમીનનો સરવે કરાવ્યો ત્યારે મેં તારા વિશે માહિતી મેળવી હતી. મંદિરમાં આવતા દરેક બહારના આદમી પર હું નજર રાખતો હતો. તારો હુલિયો, સ્ટાઈલ અને કામ કરવાની પદ્ધતિ જોઈને મેં એક વખત તો તને સરકારી અધિકારી જ ધારી લીધો હતો અને તેં જરાક ભૂલ ન કરી હોત તો હું જ તને સામેથી મળવા આવ્યો હોત..'

'કઈ ભૂલ?'

'તું ડિંડોરી આવ્યો એ જ સાંજે તેં મંદિરના એ પરિસરમાં આંટો માર્યો હતો. એ વખતે મંદિરના એ પરિસર પાછળ એક મરેલું કૂતરું બે દિવસથી ભયાનક ગંધાતું હતું. મને ય ઝાડ પર બેસી રહેવામાં ઊબકા ચડતા હતા. હું બે-અઢી કલાક બેસીને ઊતરવા જ જતો હતો એ વખતે મેં તને જોયો. લટાર મારવાની તારી સ્ટાઈલ અને બેપરવાઈ જોઈને મને લાગ્યું કે તું અમસ્તો જ અહીં ફરી રહ્યો છે. બટ માય ડિયર...' તેણે છપ્પનની સામે જોઈને લુચ્ચાઈભર્યું સ્મિત વેર્યું, 'અમસ્તી લટાર મારવા નીકળેલો બીજો કોઈ માણસ આટલી ગંધ આવતી હોય એ જગ્યાએથી તરત પાછો ફરી જાય અને તું સાલા મૈસુરના ગાર્ડનમાં ગર્લફ્રેન્ડની કમરમાં હાથ નાખીને ફરવા નીકળ્યો હોય તેમ ટહેલતો હતો. બસ, એ તારી ભૂલ... મને ખાતરી થઈ ગઈ આટલે દૂર ઝાડ પર પણ મારે બબ્બે ગમછા મોં પર બાંધી રાખવા પડે છે એ જગ્યાએ જો તું પંદર મિનિટ સુધી આંટા મારતો રહે તો તું અમસ્તો લટાર મારવા નથી જ નીકળ્યો. એ વખતે તું પાછો ફરી ગયો હોત તો આજે આપણે આ વાત ન કરતા હોત...'

છપ્પન નીચું જોઈને ઊંડો નિશ્વાસ છોડી રહ્યો હતો. અત્યારે તેના સ્મરણમાં ય એ વાસ ઘૂમરાઈ રહી હતી. પોતાનાથી જરાક સરખી ય ચૂક રહી જાય, પોતે કોઈની નજરે ચડી જાય અને રંગે હાથ ઝડપાઈ જાય એ છપ્પનનું ગુમાન શી વાતે ય સાંખી શકે તેમ ન હતું. તેણે પોતાની નાલેશી છુપાવવા વાત બદલવાની પેરવી કરી, 'તને કેમ એવું લાગે છે કે આ મૂર્તિ બહુ વિશિષ્ટ છે?'

ત્વરિત ઘડીક તેની સામે તાકી રહ્યો. પછી ટેબલ પરથી છપ્પનના સામાનમાંથી મળેલા ફોટા ઉઠાવ્યા. પલંગ પાસેથી એ મૂર્તિ પણ ઉઠાવી, 'આ દરેક ફોટોગ્રાફ અને પછી આ મૂર્તિ ધ્યાનથી જો...'

છપ્પને બારીકાઈથી જોવાની કોશિશ કરી, 'આ મૂર્તિ મેં ગોલકોંડાથી ઊઠાવી છે... આ બીજી મૂર્તિ મેં ગીરના જંગલમાંથી ચોરી હતી... એ સિવાય...' તેણે મૂંઝવણભર્યા ચહેરે ત્વરિતની સામે જોયું, 'મને કંઈ ખાસ સમજાતું નથી...'

'તું જેને દૂબળી કહે છે તેણે તને મોકલેલા દરેક ફોટોગ્રાફ પર ચોક્કસ પ્રકારનાં માર્કિંગ દેખાય છે? હવે તેં ચોરેલી મૂર્તિ જો... એ મૂર્તિ પર પણ એવા જ પ્રકારનાં આછાં માર્કિંગ દેખાય છે?'

'હા...' છપ્પને માર્કિંગ જોઈને તરત ત્વરિતની સામે જોયું. તેની આંખોમાં વણબોલાયેલો સવાલ હતો, 'તો શું છે એ માર્કિંગનું?'

'આ માર્કિંગના આધારે મને સમજાય છે કે, એ માણસને આખા હિન્દુસ્તાનમાંથી ચોક્કસ પ્રકારની મૂર્તિઓમાં જ રસ છે. મને માનવામાં નથી આવતું, પણ એ માણસ દેશભરમાં ફેલાયેલી લાખો મૂર્તિઓ વચ્ચેથી આંગળીના વેઢે ગણાય એવી પોતાના કામની આવી મૂર્તિઓનાં ઠેકાણા ય જાણે છે...'

'પણ આ મૂર્તિમાં એવું છે શું?' હવે છપ્પનને તીવ્ર ખંજવાળની માફક ઉતાવળ કરડી રહી હતી.

તેણે દરેક ફોટોગ્રાફ છપ્પનના ખોળામાં ફગાવ્યા. ઊંડો શ્વાસ લીધો. માથું ધુણાવ્યું અને પછી છપ્પનની આંખમાં આંખ પરોવીને કહી દીધું, 'આ દરેક મૂર્તિનો ડાબો હાથ જમણા હાથ કરતાં લાંબો છે...'

*** *** ***

'એનાથી શું ફરક પડે?'

દરેક મૂર્તિનો ડાબો હાથ જમણા હાથ કરતાં લાંબો હોય એવું કહેતી વખતે ત્વરિતના ચહેરા પર અજબ આવેગ, આંખોમાં અદમ્ય વિસ્ફાર અને અવાજમાં ઉશ્કેરાટ વર્તાતા હતા. તેણે ફગાવેલી તસવીરો છપ્પન ઘડીક ધ્યાનભેર જોઈ રહ્યો. તસવીરોમાં દેખાતી મૂર્તિના બંને હાથ તેણે ચકાસ્યા પણ ડાબા-જમણાનો ભેદ કે એ ભેદનું કારણ તેને સમજાતાં ન હતા. અસમંજસભર્યા ચહેરે તેણે ત્વરિતને પૂછી લીધું, 'એનાથી શું ફરક પડે?'

છપ્પનનો સવાલ જાણે સાંભળ્યો જ ન હોય તેમ ત્વરિત ક્યાંય સુધી અન્યમનસ્કપણે ઘડીક ભોંય પર તો ઘડીક છત સામે તાકતો રહ્યો. પછી જાણે ગળામાં વજનિયાં લટકાવ્યાં હોય તેવા શ્રમથી તેણે ગરદન ઉઠાવી અને છપ્પન સામે જોયું. તેની આંખોમાં નર્યો સૂનકાર હતો અને છપ્પનના ચહેરા પર ભારોભાર ઉત્સુકતા.

'એનાથી શું ફરક પડે એ તને કેમ સમજાવું?' ત્વરિતે બેય હાથના અંકોડા માથા પાછળ ભીડીને બાવડાં તંગ કર્યા, 'એનાથી ધરતીકંપ થઈ જાય... ત્સુનામી આવી જાય.. આસમાન નીચે આવીને પટકાય.' તેના ચહેરા પર હવે હળવું સ્મિત હતું, 'એ બધું સમજવા માટે તારે 4-5 વર્ષ માટે મૂર્તિવિધાનનું આખું શાસ્ત્ર સમજવું પડે. બટ આઈ વિલ ટ્રાય ટુ એક્સ્પ્લેઈન ઈન ઈઝીએસ્ટ વે...'

'હમ્મ્મ્...' હોંકારો દઈને છપ્પને ખુરસી નજીક ખેંચી. આ ઘડીએ તેને ચા પીવાની તીવ્ર તલબ ઉપડતી હતી પણ પોતે ક્યાં છે, આ ઘડીએ ચા મળી શકે કે કેમ એ સવાલ ઊભો કરીને તે માંડ પાટે ચડેલી ગાડીને ખોરવવા નહોતો માંગતો. તેણે બારીના રમણિયામાં પડેલું સિગારેટનું પાકિટ ઉઠાવ્યું અને એક સાથે બે સિગારેટ જલાવી એક ત્વરિતને ધરી. ઘડીભર બંને સિગારેટનો પહેલો દમદાર કશ ખેંચતા રહ્યા. બંધ ઓરડાની ભીતર તમાકુની કડવી ગંધ પ્રસરવા લાગી.

'મેં તને કહ્યું કે આ મૂર્તિના પ્રપોર્શનમાં ડાબો હાથ જમણાં હાથ કરતાં લાંબો છે...' ત્વરિતે ધુમાડાનો ગોટ ઉડાડતાં કહ્યું.

'પ્રપોર્શન એટલે?'

'એ જ સમજાવું છું, ઉતાવળ ન કર અને ધ્યાનથી સાંભળ' ત્વરિતે ફરીથી એ ચોરેલી મૂર્તિ ઉઠાવી અને ટેબલ પર છપ્પનની આંખો સામે ધરી. 'મને કહે, તારો ચહેરો વધારે રૂપાળો લાગે છે કે સલમાન ખાનનો?'

છપ્પન નીચે જોઈને ઘડીક શરમાઈ ગયો પછી દોસ્તાના લહેકામાં કહ્યું, 'પથારીમાંથી ઊભો થાઉં છું ત્યારે મારી લગભગ દરેક ગર્લફ્રેન્ડ હું સલમાનનો ય બાપ છું એવું બોલવા મજબૂર થઈ જાય છે.' પછી પોતાની જ મજાક પર એ ભદ્દું હસી પડ્યો.

'સાલા તારા શૂરાતનનું નથી પૂછતો...'

'હા હું સમજ્યો...' ચહેરા પર પ્રસરેલું સ્મિત ઓલવીને તેણે ફરી ગંભીરતા ધારણ કરી લીધી.

'તારી કે મારી સરખામણીએ સલમાન કે શાહરૂખ આપણને વધુ રૂપાળા લાગે છે. આપણી આસપાસની છોકરીઓ કરતાં દીપિકા કે પ્રિયંકાનાં ફિગર આપણને રૂંવાડે રૂંવાડે આગ લગાડે છે. એ કેમ એવાં લાગે છે એ આપણને ખબર નથી પડતી એટલે આપણે કહીએ છીએ કે તેમના ચહેરાના ઘાટ-ઘૂટ સુંદર છે... તેમનાં ફિગર અફલાતૂન છે. હકીકત એ છે કે, તેમના શરીરના દરેક અંગો એકબીજાની સાપેક્ષમાં તદ્દન પ્રમાણસર છે. એ પ્રમાણને પ્રપોર્શન કહેવાય.'

'હમ્મ્મ્... સમજાયું...'

'ચહેરાની લંબાઈ-પહોળાઈ મુજબના નાક-હોઠ અને આંખ-કાન હોય, ચહેરાના આકાર સાથે બિલકુલ અનુકૂળ એવી ગરદન હોય, ગરદનની લંબાઈ સાથે સુરેખ લાગે એવડું જ ધડ હોય, ધડના અનુપાતમાં જ હાથ-પગની લંબાઈ હોય એ પરફેક્ટ બોડીનાં લક્ષણ કહેવાય. બહુ ઓછા લોકોનું શરીર એવું તદ્દન સપ્રમાણ હોય. મૂર્તિ ઘડતી વખતે આ દરેક માપનો પૂરતો ખ્યાલ રાખવામાં આવે.'

છપ્પને હકારમાં ડોકું ધુણાવ્યું, 'પણ ક્યારેક એ પ્રપોર્શન ચૂકી જવાય તો? ક્યારેક એ માપ જાળવી ન પણ શકાયને?'

'એ જ સમજાવું છું...' ત્વરિતના ચહેરા પર તીવ્ર કશમકશ વર્તાતી હતી. એક રીઢા, અઠંગ ઉઠાઉગીરને.. જેણે ચોરી કરવી અને જલસા ઠોકવા એ બે સિવાય જિંદગીમાં ત્રીજું કશું વિચાર્યું નથી એવા ખડુસને એ મૂર્તિશાસ્ત્ર ભણાવવા બેઠો હતો, પણ એ વગર તેનો આરો ય ન હતો. તેણે ઊંડો નિ:શ્વાસ છોડીને પોતાનો પ્રયત્ન આગળ વધાર્યો,

'આપણે આર્ય પ્રજા છીએ. મૂળભૂત રીતે આપણે મૂર્તિપૂજક છીએ. મૂર્તિના આકારમાં આપણે ઈશ્વરના નિરાકારને નિહાળીએ છીએ, પરંતુ કઈ મૂર્તિ ઈશ્વરના નિરાકારને ઝીલે છે તે નક્કી કરવાનું એક પ્રાચીન શાસ્ત્ર છે. એ શાસ્ત્ર મુજબ, પ્રપોર્શનની સંપૂર્ણતા ધરાવતી મૂર્તિ જ પ્રતિષ્ઠાન પામે છે અને તેમાં જ દૈવત્વ આરૂઢ થાય છે એવું આપણાં શાસ્ત્રો કહે છે.'

'મતલબ કે, પ્રપોર્શનમાં ન હોય એવી મૂર્તિ મંદિરમાં સ્થાપના કરવા માટે કે પૂજા માટે નકામી એમ જ ને?'

'હા...' ત્વરિતે સસ્મિત જવાબ વાળ્યો અને ફરીથી સિગારેટનો કસ લીધો. તેનો 'સ્ટુડન્ટ' બરાબર સમજતો જતો હતો તેની રાહત તેને અનુભવાતી હતી.

'પરંતુ કેટલીક વાર...' તેણે બહુ જ ધીરજપૂર્વક છપ્પનની આંખમાં આંખ પરોવીને, એક-એક શબ્દ ધીમે ધીમે છૂટો પાડીને કહ્યું, 'મૂર્તિને જાણીજોઈને, બેડોળ બનાવીને અપૂર્ણ કે વિસંગત રાખવામાં આવે છે. પ્રયત્નપૂર્વક રાખવામાં આવેલી અપૂર્ણતા ધરાવતી આવી મૂર્તિ એ વામપંથની સાધના માટે ઉપયોગી હોય છે.'

'વામપંથ એટલે?' છપ્પન સમજવાની ભરચક કોશિશ કરતો હતો, પણ આ બધા જ શબ્દો તેને અધ્ધર જતા હતા.

'દક્ષિણ એટલે જમણું અને વામ એટલે ડાબું. વામપંથ એ શંકરના વિધ્વંસક સ્વરૂપને પૂજે છે. આ માર્ગના સાધકો માંસ, મદિરા એટલે કે શરાબ, મૈથુન એટલે કે સંભોગ જેવી જાતીય ક્રિયા વડે ઈશ્વરને ભજે છે... આપણે તુલસીની માળા ફેરવીને મંત્રો જપીએ છીએ ત્યારે વામમાર્ગીઓ મનુષ્યની ખોપરીના પોલાણમાં પોતાનું જ લોહી ભરીને સાધના કરતા હોય છે.'

'હાઆઆઆ...' કંઈક પોતાને જાણીતી વાત આવી એટલે છપ્પન ઉત્સાહભેર કહી ઊઠ્યો, 'એટલે અઘોરી જ ને? ઉ તો હમનેં ભી સુણા હૈ...' પોતે ચોરેલી મૂર્તિ અઘોરીઓના કામની છે એવું જાણીને હવે તે મૂર્તિની સામે નજર માંડતા ય ખચકાતો હતો.

'પુરાતત્ત્વવિધા અને મૂર્તિકલાવિધાનના નિષ્ણાતો એવું કહે છે કે, આજથી બે હજાર વર્ષ પહેલાં આવી વામમાર્ગી પ્રતિમાઓ હતી, પરંતુ પછી દક્ષિણપંથી શૈવધર્મ વિકસતો ગયો અને વામમાર્ગીઓ ઘટતા ગયા. એ ઉપરાંત સદીઓની ભૌગોલિક, સાંસ્કૃતિક અને નૈસર્ગિક ઉથલપાથલોને લીધે હવે વામમાર્ગીય મૂર્તિઓ લગભગ અપ્રાપ્ય છે. છેલ્લામાં છેલ્લે જમણી આંખ કરતાં ડાબી આંખ ખાસ્સી મોટી હોય તેવી વામમાર્ગીય મૂર્તિ ઈ.સ. 1812માં દક્ષિણ ભારતના ઐચવુરમાંથી મળી હતી. હજુ પણ કેટલીક અતિ મહત્ત્વની વામમાર્ગીય મૂર્તિ હોવાની

ધારણા છે, પણ એ મૂર્તિ ક્યાં છે તેની કોઈ ઓળખ કે સ્પષ્ટ માહિતી પ્રાપ્ય નથી..'

'એટલે?'

'એટલે એમ કે...' ત્વરિતે સંમોહિત થયેલી આંખે મૂર્તિ તરફ જોઈને કહ્યું, 'સાલા... ભલભલાં એક્સપર્ટ્સ પણ જેને સદીઓથી લાપતા થયેલી માને છે એવી મૂર્તિઓ તું ઉઠાવી રહ્યો છે અને તને એનું ભાન પણ નથી'

'ઈન્ટરેસ્ટિંગ...' સ્તબ્ધતાપૂર્વક સાંભળી રહેલા છપ્પને ઉપલા દાંત વડે નીચલો હોઠ કરડી ખાધો.

'ઈન્ટરેસ્ટિંગ એ નથી કે તું આ બધી મૂર્તિ ઉઠાવી લાવ્યો, ઈન્ટરેસ્ટિંગ એ છે કે કોઈક માણસ સાલો આ બધી મૂર્તિનાં ઠામ-ઠેકાણાં અને વિગતો શોધી ચૂક્યો છે.' તેણે વાપરેલા ઈન્ટરેસ્ટિંગ શબ્દને પકડીને ત્વરિતે જવાબ વાળ્યો, '.. અને મને ઈન્ટરેસ્ટિંગ એ પણ લાગે છે કે તેણે એ કેવી રીતે જાણ્યું અને હોરિબલ ઈન્ટરેસ્ટિંગ એ લાગે છે કે આ બધી મૂર્તિઓનું તે શું કરી રહ્યો છે?'

'તું કહે છે કે ડિંડોરીના દેવાલયમાં તું વારંવાર આવે છે અને મૂર્તિઓનો અભ્યાસ કરે છે તો તને કદી ખ્યાલ ન આવ્યો કે આ મૂર્તિ વામમાર્ગી છે?' છપ્પને એકદમ ચોટડુક સવાલ કર્યો એટલે ત્વરિતને રાહત થઈ. એ બરાબર ટ્રેક પર આખી વાતને સમજી રહ્યો હતો.

'તારા દૂબળીને હું બેય હાથે સલામ એટલે જ કરું છું, કારણ કે વામમાર્ગીય મૂર્તિઓ ઓળખવા માટે સ્કેલિંગ ઉપરાંત બીજા ય માપદડો છે. એ મૂર્તિની મુખાકૃતિ માણસ જેવી હોય અને ક્યારેક પશુ જેવી હોય, એમાં ભેદી સંકેતો હોય, ગુપ્ત રીતે અંકિત કરેલા મંત્રો ય હોઈ શકે, મુખાકૃતિમાં કે અન્યત્ર ક્યાંક વામમાર્ગનું ચિહ્ન અંકિત થયેલું હોય એ પ્રકારના બીજા ય માપદંડ છે. આ બધા જ માપદંડની જેને ખબર હોય અને એ માપદંડ ઓળખતા પણ આવડે એ જ આર્કિયોલોજિકલ સ્કેલિંગ કર્યા પછી મૂર્તિ વામમાર્ગી હોવાનું પારખી શકે'

'પણ તને તો માત્ર સ્કેલિંગથી જ ખબર પડી ગઈ...'

'ના, સ્કેલિંગ તો મેં ડિંડોરીના દેવાલયમાં જ આ મૂર્તિ પર જોયા હતા. જો ત્યારે જ મને આ મૂર્તિ વામમાર્ગી હોવાની ખબર પડી હોત તો મેં ત્યારે જ તેનો ઢંઢેરો પીટી દીધો હોત અને તને એ મૂર્તિ ચોરવાનો મોકો ય ન મળ્યો હોત..'

'તો?'

'સ્કેલિંગ જોઈને તો મને એટલી જ ખબર પડી હતી કે મારા સિવાય બીજું કોઈક અહીં છાનુંછપનું સંશોધન કરવા આવે છે, કારણ કે આવા સ્કેલિંગ તો અમે પણ કરતાં જ હોઈએ. એ કોણ હોઈ શકે એ ચેક કરવાનો જ મારો ઈરાદો હતો. માથું ફાડી નાંખતી દુર્ગંધ વચ્ચે એ જગ્યાએ મેં તને ફરતો જોયો અને મને તારા પર શંકા ગઈ. તને મૂર્તિમાં શું ઈન્ટરેસ્ટ હશે તેના બહુ બધા વિકલ્પો મેં વિચાર્યા. તું રિસર્ચર હોઈ શકે અથવા તું એન્ટિક ચીજોનો ઉઠાઉગીર હોઈ શકે. એકેય એંગલથી તું મને રિસર્ચર તો લાગતો ન હતો.'

'તો તેં પોલીસને કે મંદિરના માણસોને જ અગાઉથી કેમ ન ચેતવ્યા?'

'તેનું કારણ પણ એ જ કે આ મૂર્તિ પર સ્કેલિંગ હતા.' છપ્પન મુદ્દાસર સવાલો કરતો હતો એથી ત્વરિતને ખાસ્સો હાશકારો થતો હતો, કારણ કે એ આ આખી જફા ધ્યાનપૂર્વક સમજે તો જ એ તેનો ભરોસો કરશે એવી ત્વરિતને ખાતરી હતી.

'સાધારણ ઘરફોડિયો જે ઘરમાં તાળું દેખાય તેનો નકૂચો તોડે, રાઈટ?' ત્વરિતે હવે છપ્પનને

તેની જ ભાષામાં સમજાવવાનો પ્રયાસ કર્યો, 'પરંતુ બેન્ક લૂંટવા જવી હોય તો બેન્કના ટાઈમિંગ, કસ્ટમરની ભીડ, કેશ ક્યારે વધુ હોય કે ઓછી હોય, એલાર્મિંગ સિસ્ટમ અને સિક્યુરિટી એવી બહુ બધી એક્સરસાઈઝ તારે કરવી પડે. બરાબરને?'

'હમ્મમમ્...' છપ્પન હવે સંમત થતો જતો હતો.

'તું આ માર્કિંગ કરેલી મૂર્તિ ઉઠાવે એટલે જ મને રસ પડે, કારણ કે હું સમજી શકું કે તું સાધારણ મૂર્તિચોર નથી. તને ચોક્કસ પ્રકારની મૂર્તિમાં જ રસ છે. એ રસ કેમ છે અને આ મૂર્તિમાં શું ચોક્કસ છે તેનો જવાબ મારે મેળવવો હતો. એટલે મારે તારું મોં ખોલાવવું પડે એ મને સમજાતું હતું. તને ઝડપવા જતા તારી સાથે કદાચ ઝપાઝપી ય થાય એમ ધારીને મેં વેપન્સ પણ તૈયાર રાખ્યાં. મૂર્તિના નમૂના પલાળી રાખવા ઈથર પણ હું જોડે રાખતો હોઉં છું. તને બેહોશ કરવાની જરૂર પડે તેમ ધારીને મેં ઈથર પલાળેલો રૂમાલ પણ પાછલા ખિસ્સામાં ખોસી રાખ્યો અને તારી ઉલટતપાસ માટે આ જગ્યાનો ય બંદોબસ્ત કરી રાખ્યો...'

છપ્પને ઊંડો શ્વાસ છોડીને ઓરડામાં નજર ઘુમાવી દીધી. તેનો બાપ કાયમ કહેતો, 'ઈ સબ કિસ્મત કી બાજી હૈ રે છપ્પનવા. જીસ દિન કિસ્મત બિગડી, દિખીયો સબ કુછ બિગડા. ચુન્નીભર કી ગલતી ભી ગલે મેં ફંદા બનકર ફસ જાવે' તેની સાથે એવું જ થયું હતું. હજુ ય તેને પોતાની નિષ્ફળતાની શરમ અનુભવાતી હતી.

'તું બેહોશ હતો એ દરમિયાન મેં તારો સામાન ચકાસ્યો. એમાંથી મળેલા બીજી મૂર્તિઓના ફોટોગ્રાફ્સ પર પણ મેં એવા જ સ્કેલિંગ જોયા. તું તો સાલા છ કલાક ઘોરતો રહ્યો પણ એ છ કલાકમાં મેં આ એકેએક ફોટાના સ્કેલિંગ ઉકેલવા આંખો ફોડી નાંખી ત્યારે મને સમજાયું કે દરેક મૂર્તિનો ડાબો હાથ...'

'જમણા હાથ કરતાં લાંબો છે...' છપ્પને પોતાના જ ગાલ પર લપડાક મારતાં કહ્યું '... અને મને ગધેડાને આજ સુધી કદી તેનો અણસાર સુધ્ધાં ન આવ્યો...'

*** *** ***

'નાવ આઈ હોપ કે દૂબળી વિશે મને તું તમામ વિગત કહે અને સાચી કહે...' પલંગની સમાંતરે ચોરસો પાથરીને તેના પર ઓશીકું ઝાપટતાં ત્વરિતે કહ્યું.

પોતે ચોરી કરતાં ઝડપાયો તેનો આઘાત છપ્પનના દિમાગમાંથી હજુ ઓસર્યો ન હતો ત્યાં બીજો આઘાત તેના માથામાં સણકા બનીને વાગી રહ્યો હતો. પોતે જે મૂર્તિઓ ચોરતો હતો તેની અસલી કિંમત આંકવામાં એ સદંતર બેવકૂફ ઠર્યો હતો.

દૂબળી કોણ હતો, કેવી રીતે એ સતત તેના પર નજર રાખી શકે છે, ફોલો કરી શકે છે એ વિશે તેણે દિમાગી કસરત કરી જ નહીં અને ફક્ત પોતાનું ખિસ્સું તરબતર થતું રહે છે તેની સાથે જ નિસ્બત રાખી. હવે ત્વરિતની કેફિયત પછી તેને પોતાની મુર્ખામીનો અહેસાસ થતો હતો. પોતાના જ ગાલ પર બે-ચાર લપડાક ઠોક્યા પછી ક્યાંય સુધી એ ખુરસીમાં બેસીને માથું ધુણાવતો રહ્યો હતો. દરમિયાન ત્વરિતે વેરવિખેર થઈ ગયેલા ઓરડાને થોડો સમાર્યો અને પલંગની સમાંતરે ચોરસો પાથરીને સૂવાની વ્યવસ્થા કરી.

'દૂબળીએ તારી પાસે કેટલીક મૂર્તિઓ ચોરાવી છે અત્યાર સુધીમાં?' છપ્પનનો વિષાદયોગ રોકવા ત્વરિતે તેનો પગ થપથપાવીને ફરીથી પૂછ્યું.

'ખબર નહીં. અઢી વરસથી તેના માટે કામ કરું છું. કદી મૂર્તિઓ ગણી નથી કારણ કે...' તેણે ફરીથી હતાશાભેર ડોકું ધુણાવી દીધું, 'હું ગધેડો જ છું. મને માત્ર રૂપિયા ગણવામાં જ રસ

હતો...'

'તો પણ, આશરે?'

'પચાસ... સાઠ... કદાચ સિત્તેર-એંશી.. મને સાચે જ ખબર નથી...' છપ્પનની આંખોમાં પોતાની નાલેશીની તીવ્ર શરમ વર્તાતી હતી, '..પણ અઢી વરસમાં આખા દેશના બબ્બે ચકરાવા માર્યા છે. છેક પુંચ સરહદ ઉપર અને સિક્કિમમાંથીય મૂર્તિ ઉઠાવી છે. કેટલીક વાર તો એ સાલો એક જગ્યાએ ત્રણ-ત્રણ વાર મોકલતો હતો. તાંજોરથી મૂર્તિ ઉઠાવવાનું તેણે ત્રણ વખત એસાઈનમેન્ટ આપ્યું હતું. ગોલકોંડા અને દોલતાબાદ બબ્બે વાર મોકલ્યો હતો.'

'કેમ એવું? એક વાર ચોરી કરેલી જગ્યાએ બીજી વાર જવાનું થાય તો એનાથી જોખમ વધી ન જાય?' હવે ચોરીનું શાસ્ત્ર સમજવાનો ત્વરિતનો વારો હતો એટલે ગુરુ-શિષ્યના સ્થાન બદલાઈ ગયાં હતાં.

'હું પણ એને કહેતો કે યાર, એક જગ્યાએથી ત્રણ, ચાર કે પાંચ... તારે જેટલી મૂર્તિ ચોરાવવી હોય એ એકસાથે કહી દે. આમ કટકે-કટકે બે-ચાર મહિને કહે એનાથી મને પરસેવો છૂટી જાય છે. પણ એ કાયમ એમ જ કહેતો કે, છપ્પન બાદશાહ... કિંમત તુમ્હારી, તરિકા મેરા... મને ય સમજાતું નહીં કે એ કેમ એવું કરતો પણ...'

'આપણે ધારી લઈએ કે' છપ્પનની વાત અડધેથી જ કાપીને ત્વરિતે કહ્યું. તેનો ચહેરો તીવ્ર વિચારોમાં ખોવાયેલો હતો, 'ધારો કે, તેં સિત્તેર-પંચોતેર મૂર્તિ ચોરી છે. એ તને એક મૂર્તિના 80,000 રૂપિયા આપતો હતો..'

'એવું ય પાંચ-છ વખત બન્યું છે કે ટાર્ગેટ ડિફિકલ્ટ હોય તો તેણે મને એક લાખ રૂપિયા પણ ચૂકવ્યા છે.'

'હમ્મ્મ્...' ત્વરિત મનોમન કશીક ગણતરી માંડી રહ્યો હતો, 'મતલબ કે, અઢી વર્ષમાં તેણે તને સ્હેજે ય સાઠ લાખ રૂપિયા ચૂકવ્યા છે. એ સિવાય તારા બીજા ખર્ચ માટેના સાત-આઠ લાખ અલગ ગણીએ તો એ માણસે 65-70 લાખ રૂપિયા ખર્ચી નાંખ્યા હશે...' ત્વરિતની આંખોમાં અપાર અચરજ અને આઘાત તરવરતાં હતાં. એક માણસ પાણીની પેઠે રૂપિયા વેરી રહ્યો હતો... એવી મૂર્તિઓ પાછળ જે સદીઓથી લાપતા હતી અને જેની હયાતી વિશે કોઈને ખબર સુધ્ધાં ન હતી. વ્હાય? વ્હાય? હવે છપ્પનના બદલે તેણે માથું ધુણાવવા માંડ્યું.

'કોઈ માણસ આટલો ગંજાવર ખર્ચ શા માટે કરે?' ત્વરિત સ્વગત સવાલો કરી રહ્યો હતો કે પોતાને પૂછી રહ્યો છે તે છપ્પનને સમજાતું ન હતું એટલે એ મૌન જ રહ્યો એટલે ત્વરિતે જાતે જ વિકલ્પો વિચારવા માંડ્યા.

'70 લાખના રોકાણ સામે તેને બે-અઢી કરોડ રૂપિયા મળ્યા હોય તો જને? પણ એવા રૂપિયા તેને કોણ આપે? ધારો કે એ આર્ટ ડિલર હોય કે સંગ્રાહક હોય..'

ત્વરિત પોતે ય એવા અનેક લોકોને ઓળખતો હતો જે પ્રાચીન મૂર્તિઓ, શિલ્પો, ચીજવસ્તુઓમાં અપાર રસ ધરાવતા હોય અને મોં માંગ્યા દામ ચૂકવીને વસાવતા હોય. ઈન્વેસ્ટમેન્ટના હેતુથી ય એન્ટિકની દુનિયાભરમાં બોલબાલા હતી. પણ એ બધું તો કાયદેસર રીતે મેળવાયું હોય તો જ શક્ય બને. આટલી મહત્ત્વની મૂર્તિઓ ચોરીને મેળવ્યા પછી એ માણસ દુનિયામાં ક્યાંય કોઈને દેખાડી તો શકવાનો ન હતો. તો પછી આટલો ખર્ચ, આટલી મહેનત અને આટલા જોખમનો હેતુ શું હોઈ શકે?

કેટલીક મિનિટો સુધી બેય વચ્ચે નિ:શબ્દ સ્તબ્ધતા અને દિમાગમાં બેકાબૂ વંટોળ ઘૂમરાતા રહ્યા પછી ત્વરિતે છપ્પનની આંખમાં આંખ પરોવીને પૂછ્યું, 'હવે તને સમજાય છે કે તું કોહિનૂર

હીરાને કથીરના ભાવે વેચી રહ્યો છે?'

છપ્પન હકારમાં ગરદન હલાવીને નીચું જોઈ ગયો.

'હજુ મોડું નથી થયું...' ત્વરિતે અચાનક ઊભા થઈને છપ્પનની બાજુમાં બેસી તેના ખભા પર હાથ મૂક્યો, 'હજુ પણ ગમે તેમ કરીને આપણે એ માણસને જ પકડીએ તો બધા ભેદ ખૂલી જાય... તારા માટે મૂર્તિની કિંમતનો, ચોરીના હેતુનો અને મારા માટે મૂર્તિની શોધનો... કોણ છે એ માણસ? કોણ છે એ દૂબળી?'

ત્વરિતે છપ્પનને રીતસર ઝકઝોરી નાંખ્યો. તેની આંખોમાં ફૂંકાતું ઉત્સુકતાનું વાવાઝોડું છપ્પનના ચહેરા પર વીંઝાઈ રહ્યું હતું.

છપ્પન કશો જ જવાબ વાળ્યા વગર બારીની બહાર તાકી રહ્યો. હતાશાભર્યા નકારમાં તેણે ગરદન ધુણાવી અને સુસ્તીપૂર્વક બારીની બહાર હાથ લાંબો કર્યો, 'એ આ હવા હોઈ શકે...' પછી ત્વરિતની સામે જોયું ત્યારે ઘડીભર ત્વરિત પણ છળી ઊઠ્યો. છપ્પનની આંખોમાં ચળીતર નિહાળ્યાનો સન્નાટો વર્તાતો હતો, 'એ આ હવા હોઈ શકે... મારી પીઠ પાછળથી દેખાતું કોઈ પણ દૃશ્ય એ હોઈ શકે... વો કુછ ભી હો સકતા હૈ, કઈસન ભી આ સકતા હૈ... ઔર મેરે કો કુછ નઈ પતા...'

'કંઈક સમજાય એમ બોલને યાર...'

'મૈં ખુદ કુછ સમજુ તો ના? મારી પાસે ન તો તેનો કોઈ મોબાઈલ નંબર છે, ન તો હું તેનું નામ જાણું છું, ન તો તેનું સરનામું મને ખબર છે. એ કોણ છે, ક્યાં રહે છે, શું કરે છે... મને સાચે જ નથી ખબર.' ત્વરિત ભયાનક શંકાથી છપ્પનના ચહેરાને તાકી રહ્યો.

'એ કદીક મોબાઈલથી મારો સંપર્ક કરે ત્યારે હંમેશાં મારા મોબાઈલના સ્ક્રીન પર આઈએસડી નંબર જ ડિસ્પ્લે થાય છે...' છપ્પનની બેહોશી દરમિયાન ત્વરિતે તેનો મોબાઈલ બરાબર ચેક કર્યો હતો. તેના કોલલોગમાં પહેલી નજરે આઈએસડી જેવા લાગતા નંબરો હતા પણ ખરાં, જે માસ્ક નંબર હોવાનું ત્વરિતને સમજાયું પણ હતું.

'મોટાભાગે એ રૂબરૂ જ મને મળે અથવા કોઈ પણ રીતે રૂબરૂ જ તેનો સંદેશો આવી જાય. મને આજ સુધી ખબર નથી પડી કે એ મારા પર કેવી રીતે નજર રાખે છે. પરંતુ એ હકીકત તો છે જ કે તેની મારા પર સતત નજર હોય છે. મૂર્તિ ઉઠાવીને હું ગમે ત્યાં જાઉં, એ મને પકડી જ પાડે. મૂર્તિ મેળવે, પૈસા ચૂકવે અને થોડાક સમય પછી નવી મૂર્તિનું ઠેકાણું આપી જાય'

છપ્પન શૂન્યમાં તાકીને એકીટશે કહી રહ્યો હતો, 'ક્યારેક તો હું મૂર્તિ ઉઠાવું કે તરત એ હાજર થઈ જાય અને ક્યારેક બબ્બે મહિના સુધી ય ન દેખાય.. એક વાર હું ચોરી કરીને હિકમતપુર ગામે મારા એક દોસ્તના ખેતરમાં આશરો લઈ રહ્યો હતો. પંદર વીસ દિવસ દૂબળીની રાહ જોઈને છેવટે હું કંટાળ્યો અને લૌંડિયાબાજી કરવાના આશયથી શહેરમાં જવા નીકળ્યો. રસ્તો સાવ અંતરિયાળ હતો. સાંજ ઢળવા આવી હતી. ભારે વરસાદને લીધે એક પણ વાહન મને મળતું ન હતું. એવામાં એક પતરાં ભરેલી લોડિંગ રિક્ષા આવીને ઊભી રહી અને મને મુખ્ય સડક સુધી બેસી જવા કહ્યું. હું પાછળ પતરાંને અઢેલીને બેઠો. થોડે દૂર જઈને રિક્ષા ઊભી રહી. હું કંઈ સમજું એ પહેલાં ડ્રાઈવર નીચે ઊતર્યો અને મારી પાસે આવીને કહ્યું, 'કઈસન હો છપ્પન બાદશાહ...?' હું ચોંકી ઊઠ્યો.

દૂબળી હંમેશાં મને છપ્પન બાદશાહ જ કહેતો હતો... તેણે ગજબ વેશપલટો કર્યો હતો. આંખનાં નેણ, હડપચી, ગાલના ઢોરા બધે કારીગરી કરીને ચહેરાનો હુલિયો બદલી નાંખ્યો હતો. કદ-કાઠીમાં પણ એ એટલો વિશિષ્ટ છે કે સાલો જરાક ચહેરો બદલે એટલે ઓળખાતો

નથી. એ રીતે તેણે મારી પાસેથી મૂર્તિ મેળવીને મને પૈસા ચૂકવ્યા હતા.’

ત્વરિત જાણે બેહોશ થવાની અણી પર હોય તેમ અસમંજસમાં છપ્પન પર અછડતો ઢળી રહ્યો હતો, પણ છપ્પનના દિમાગમાં હવે દૂબળીની અત્યંત શાતિર તરીકે ચિતરાયેલી છબી વધુ બિહામણી બની રહી હતી. ‘મારે એ સ્વીકારવું પડે કે તેમાં તેણે કદી જ બેઈમાની નથી કરી. ક્યારેક તો મને ખુશ થઈને બક્ષિસના વધારાના રૂપિયા ય આપ્યા છે. ક્યારેક મારા માટે વિદેશી દારૂની બોટલ લાવ્યો છે, ક્યારેક મારા માટે અફલાતુન વેકેશનની વ્યવસ્થા કરીને પણ એ મને કહેતો કે, ‘ઉપડો છપ્પન બાદશાહ, ગોવાની તાજ એક્ઝોટિકામાં તમારું બુકિંગ કરાવી દીધું છે. જાવ, ઐશ કરી આવો...’

‘હમ્મ્મ...’ ત્વરિતે ખુરસીમાં ફસકાઈ પડતાં કહ્યું, ‘મતલબ કે દૂબળીને પકડવો આસાન નથી...’

‘સ્હેજ પણ નહીં...’ છપ્પને તરત જવાબ તો વાળ્યો પછી ત્વરિતની આંખોમાં તાકીને ઉમેર્યું, ‘..પણ આપણે બેઉ સાથે હોઈએ તો કદાચ...’

તેની આંખોમાં, ચહેરા પર, ટોનમાં પહેલી જ વાર સાલસતા વર્તાતી હોવાનું ત્વરિતને અનુભવાતું હતું.

*** *** ***

કેટલીય વાર સુધી બંને એ જ સ્થિતિમાં બેઠા રહ્યા અને બેબાકળી બનેલી મૌન સ્તબ્ધતા ઓરડાના સન્નાટામાં ઘૂમરાતી રહી.

છેવટે ત્વરિતે શરીર લંબાવતાં મૌન તોડ્યું, ‘ચાલ, હવે બહુ મોડું થઈ ગયું છે. ઘડીક સૂઈ જા... મારે સવારે ડિંડોરી જવું પડશે.’

છપ્પને જવાબ ન વાળ્યો પણ તેને ત્વરિતે ‘ડિંડોરી જવું પડશે’ એમ કહ્યું એથી એ એટલું સમજી ગયો કે તેઓ અત્યારે ડિંડોરીમાં તો નથી જ. તેને એ પણ સમજાતું હતું કે, ત્વરિત અહીં મૂર્તિઓનો અભ્યાસ કરવા નિયમિત આવતો હતો એટલે મૂર્તિ ચોરાયા પછી તે ગેરહાજર હોય એથી શંકા તેના પર જ જાય.

‘બે-ત્રણ કલાકની ઊંઘ ખેંચી લઈએ. ખબર નહીં, કાલે પોલીસને ઘૂમાવવામાં કેટલો ટાઈમ જાય...’

‘પોલીસને તું શું કહીશ?’

‘તને શું લાગે છે, મારે શું કહેવું જોઈએ?’ ત્વરિતે ઓશીકા તળે અડધું મોં દબાવીને રમતિયાળ સ્મિત કરતાં પૂછ્યું.

‘મારી બોલેરો ક્યાં છે?’

‘આપણે એ ગાડીમાં જ અહીં આવ્યા છીએ. અત્યારે આપણે ડિંડોરીથી સાત કિલોમીટર દૂર કતની-શાહદોલ હાઈ-વે નજીકના એક ધાબાના ઉપરના મજલે છીએ.’

‘તો કાલે તું ડિંડોરી જાય એ દરમિયાન હું બોલેરોને આ જગ્યાથી તદ્દન વિરુદ્ધની દિશાએ છોડી દઉં. તું મંદિરના માણસોને અને પોલીસને મળે એ દરમિયાન જ બોલેરો મળી આવ્યાની ખબર પડશે એટલે ‘ખનીજ વિકાસ નિગમના અધિકારી’ તરીકે આવેલા એ માણસ પર જ શંકા દૃઢ બનશે અને તું આબાદ નીકળી શકીશ.’

‘હમ્મ્મ્...’ છપ્પનનું ઉઠાઉગીર દિમાગ ફરી કામે લાગી ગયું હતું એ અનુભવીને ત્વરિતને હસવું આવી ગયું.

'આઈ હોપ, કે હવે તું ભાગવાનો પ્રયાસ નહીં કરે...' ત્વરિતે મોટું બગાસું ખાતાં કહી દીધું. જોકે છપ્પન ભાગવાનું ટાળે એ માટે તેના મનમાં પોતાનો પ્લાન તૈયાર જ હતો.

'હવે તો સાલા, હું તને નહીં ભાગવા દઉં...' છપ્પને પણ લોખંડના પલંગ પર પડતું મૂક્યું, 'હવે મને આ કમઠાણમાં તારાથી ય વધારે રસ પડ્યો છે અને મારે ભાગવું જ હોત તો તું નહાવા ગયો ત્યારે પૂરતી તક હતી જ...'

'આઈ સી...' ત્વરિતે નેણ અધ્ધર ચડાવીને છપ્પનની સામે સ્મિત કર્યું.

'બંને ગન બહાર મૂકીને તું બાથરૂમમાં ગયો હતો. એવી ભૂલ બીજી વાર ન કરતો..' છપ્પન પણ હવે ત્વરિતની ધાકમાંથી બહાર આવી રહ્યો હતો.

'ડોન્ટ વરી માય ડિયર...' ત્વરિતે પડખું ફરતાં કહ્યું, 'હવે સૂઈ જા, મારી ય આંખ ઘેરાય છે..' પછી પલંગની દિશામાં છપ્પન તરફ ગરદન જરાક ઘુમાવીને ઉમેર્યું, '... અને ભરોસો રાખજે, બતાવવાની અને ચલાવવાની ગન હું અલગ અલગ રાખું છું'

- અને બેફિકરાઈથી ચોરસો માથા પર ઓઢીને પડખું ફરી ગયો.

*** *** ***

'હમ્મ્મ્મ્..' રાઘવે ધારદાર નજરે તેની સામે ઘડીક જોયા કર્યું. સાલાની આંખ છે કે હીરાકણીની ધાર... ત્વરિતને ચહેરો સ્વસ્થ રાખવામાં ભયંકર મહેનત પડવા લાગી હતી.

ડિંડોરીના દેવાલયમાં પહોંચીને તે મૂર્તિ ચોરાયા અંગે મહેતાજી પાસે ખરખરો કરી રહ્યો હતો એ જ વખતે પોલીસની ગાડી દેવાલયના કમ્પાઉન્ડમાં પ્રવેશતી જોઈને તેના ધબકારા તેજ થવા લાગ્યા હતા. અનાયાસે તેના પગ બૂટની એડી વડે જમીન ખોતરવા લાગ્યા હતા અને મહેતાજી સાથે વાત કરતી તેની આંખો ચકળવકળ થવા લાગી હતી. 'નપ... નપ ત્વરિત... ઈટ્સ ટાઈમ ટુ પ્રૂવ યોરસેલ્ફ.. બી કૂલ' તેણે આદતવશ પોતાની જાતને કમાન્ડ આપવા માંડ્યા. પેટને અંદર ખેંચીને ઊંડા શ્વાસ વડે તેણે ઘડીભર ફેફસાંને ફૂલવાં દીધાં. ગભરાટભરી બોડી લેંગ્વેજ સભાનપણે અટકાવી અને હળવેથી શ્વાસ છોડ્યો.

હજુ ય તેનું મન તેને રોકતું હોય તેમ લાગતું હતું. તેણે શું કરવું જોઈએ? કહી દેવું જોઈએ કે મૂર્તિચોર તેના કબજામાં છે? તેણે કહી દેવું જોઈએ કે...

'શીટ્..' તેણે બેય હાથના આંગળા સ્ટ્રેચ કરીને વેઢાના કડાકા બોલાવી દીધા. 'નો વે, જિંદગી આખી વીતી જાય તો ય આવી તક કદી મળવાની નથી. ચારસો- પાંચસો વર્ષથી જેનું અસ્તિત્વ જ વાયકા ગણાવા લાગ્યું હોય એવી બાબત શોધવાના આરે તે ઊભો હતો અને એમ ડરી જવાનું?' તેણે મનની એ જરાક નબળી રહી જતી બાજુને વિચારનો ધક્કો મારીને પાછી હડસેલી દીધી.

'તમે સાહેબને મળી લો...' મહેતાજીએ કહ્યું એ સાથે ત્વરિત સભાન બન્યો. '

હમ્મ્.. આવોને તમે ય, મારી ઓળખાણ તો કરાવવી પડશે ને...'

એ પછી લગભગ પોણી કલાક સુધી મંદિરના ઓટલા પર રાઘવે ત્વરિતની ઉલટતપાસ લીધી. ત્વરિતે તેને બારીકાઈથી નીરખ્યો હતો. લબરમૂછિયો લાગતો આ યંગ એસીપી તદ્દન ઠંડા દિમાગે સવાલ કરી રહ્યો હતો. તેના અવાજમાં ક્યાંય પોલીસને માટે સહજ ગણાય એવી તોછડાઈ ન હતી. એ પૂરતા સન્માન સાથે વાત કરતો હતો, પણ તો ય ત્વરિતને તેની બાહ્ય શાલીનતા તળેથી ઠંડી, દૃઢતાનો દઝારો અનુભવાતો હતો.

તેણે હસતાં ચહેરે પણ પૂરતી ઝીણવટથી ત્વરિતના તમામ ડોક્યુમેન્ટ્સ ચેક કર્યા હતા. જમ્મુ

સ્કૂલ ઓફ આર્કિયોલોજીના ઓનરરી ફેકલ્ટી તરીકેનું આઈ-કાર્ડ, તેનો પાસપોર્ટ અને બીજા કેટલાંક કાગળોના મોબાઈલથી ફોટા પાડી લેવાની કોન્સ્ટેબલને સૂચના આપી હતી. ત્વરિત કોણ છે, શા માટે અહીં આવ્યો છે, વગેરે તમામ બાબતો તેણે રસપૂર્વક સાંભળી હતી.

'બટ મિ. કૌલ...' ચાનો કપ ઉઠાવીને સૌજન્યપૂર્વક ત્વરિતને ધરતાં તેણે કહ્યું, 'ડોન્ટ યુ ફિલ ઈટ સ્ટ્રેન્જ કે અહીં આટલી મૂર્તિઓ હોય તેમાંથી આ એક જ મૂર્તિ ચોર ઉઠાવી જાય?'

'સી, આઈ કાન્ટ સે એનિથિંગ અબાઉટ મોડસ ઓપરેન્ડી...' ત્વરિતે પણ એટલી જ સલુકાઈથી ચાનો ઘૂંટ ગળા નીચે ઉતારતા જવાબ વાળ્યો, 'બટ આઈ થિન્ક, બધી મૂર્તિ ઉઠાવવી એટલી આસાન પણ ન હોય એટલે તેણે હાથ લાગી અથવા તો કાઢવી સરળ લાગી એ મૂર્તિ ઉઠાવી હોય તેમ બને...'

'હમ્મ્મ્.. રાઈટ... બટ એઝ એન એક્સપર્ટ, વોટ ડુ યુ થિન્ક, એ મૂર્તિ કોઈ રીતે વિશિષ્ટ હોઈ શકે?'

'એઝ એન એક્સપર્ટ...' ત્વરિતે સ્મિતભેર કહ્યું, 'મારા માટે તો આ બધી જ મૂર્તિઓ વિશિષ્ટ છે. ધો આઈ નીડ ફર્ધર સ્ટડી એન્ડ ઈન્વેસ્ટિગેશન, બટ માય રફ આઈડિયા સેઝ... આ બધી મૂર્તિઓ દેવાલયથી ય વધુ પુરાણી લાગે છે. રાધર, એ જ મારા રિસર્ચનું મેઈન ફોકસ છે.'

'સી ધિસ..' રાઘવે એક બાસ્કેટ તેની આગળ ધર્યું. તેમાં પ્લાસ્ટિકના નાનકડાં પેકિંગમાં સુકાયેલી માટીનાં સેમ્પલ, લાકડાના દોઢ-બે ઈંચ લાંબા ધારદાર ટુકડા, દોરાના કેટલાંક ઘસાયેલા કટકા વગેરે જેવી ચીજો હતી, 'આ બધું એ ચોરાયેલી મૂર્તિના થાળા પાસેથી મળ્યું છે. મૂર્તિ ઉખાડવામાં તેનો ઉપયોગ થયો હોય તેમ લાગે છે?'

ત્વરિત ધ્યાનપૂર્વક એ જોઈ રહ્યો. છપ્પનિયો ય મારો બેટો ખરો ખેલાડી છે. સાલાએ આવા બધા દેશી સરંજામ વડે આટલી અદ્ભુત રીતે મૂર્તિ કોરી પાડી હતી. ત્વરિતે મનોમન છપ્પનને શાબાશી દઈ દીધી. પછી રાઘવની સામે જોઈને સ્વસ્થ સ્મિતભેર કહ્યું, 'તેણે કઈ રીતે મૂર્તિ કાઢી એ વિશે હું કંઈ અનુમાન કરી શકતો નથી. બટ..' તેણે લાપી-ચૂનાની સુકાયેલી પેસ્ટવાળું પેકિંગ સૂરજ સામે ધરીને ઝીણી આંખે જોતાં ઉમેર્યું, 'આર્કિયોલોજીના પોઈન્ટથી કહું તો આવી ચીજો અમે ન વાપરીએ..'

'તો તમે મૂર્તિઓનું રિસ્ટોરેશન કઈ રીતે કરો?' ત્વરિતને પેટમાં ગોટા વળવા માંડ્યા હતા. આ છોકરડા જેવો લાગતો એસીપી સાલો બરાબર હોમવર્ક કરીને બેઠો હતો. ઉડાઉ જવાબ એ દઈ શકતો ન હતો અને ઠંડકથી પુછાતા સવાલોની ઝડીથી થતી અકળામણ તેનાથી છુપાવી શકાય તેમ ન હતી.

તેણે જવાબ વાળ્યો, 'એ બધી મેથડ સમજવા માટે તમારે આર્કિયોલોજી ભણવું પડે.' તેણે ચહેરા પર સ્મિત મઢીને શક્ય તેટલા ફ્રેન્ડલી થવા કોશિશ કરી પણ તેની ભાષામાં છુપાયેલો વ્યંગ રાઘવે બરાબર પકડ્યો.

'જરૂર પડ્યે એ પણ કરીશ..' તેણે ચહેરાની એક રેખા સુધ્ધાં બદલ્યા વગર કહ્યું, 'ફિલહાલ તો મારે એ જાણવું છે કે જો તમારે આ મૂર્તિ કાઢવાની હોય તો તમે શું કરો?'

'મારે ચોરની માફક છાનાછપના તો આ મૂર્તિ કાઢવાની હોય નહીં. ઓર લેટ મી સે, મેં એવી રીતે કદી મૂર્તિ કાઢી નથી. અમે તો આધુનિક સાધનો વાપરીએ. મૂર્તિને હાનિ ન થાય એ રીતે તેના બેઈઝથી દોઢ-બે ફૂટ નીચેનો ભાગ મશીનથી કોરી લઈએ. આ મૂર્તિ તેના પાયામાંથી માંડ પાંચ સેન્ટિમીટર ઊંડાઈનો આબાદ કાપો પાડીને ઉખેડી લેવાઈ હોય તેમ લાગે છે. એ માટે ચોરે કઈ પદ્ધતિ અજમાવી, કેટલો ટાઈમ લીધો, કેવાં સાધનો વાપર્યાં એ સમજવા માટે મને ય

અનહદ તાલાવેલી છે...' તેણે રાઘવની આંખમાં આંખ પરોવીને કહ્યું, 'ચોર પકડાય ત્યારે તેનો ડેમો જોવા માટે મને ય બોલાવજો..'

'ઓહ સ્યોર મિ. કૌલ, ડેફિનિટલી આઈ વિલ..' રાઘવે બહુ જ મોકળાશથી હસીને કહ્યું, 'બટ માય લાસ્ટ એન્ડ પરહેપ્સ મોસ્ટ ઈમ્પોર્ટન્ટ ક્યુરિયોસિટી ઈઝ...' તેણે મૂર્તિઓના એ ઝમેલા ભણી આંગળી ચીંધી, 'અહીંની કોઈ મૂર્તિ વામપંથી હોઈ શકે ખરી?'

ત્વરિત સડક થઈ ગયો. એસીપી આટલી ઝડપથી તપાસના છેક આ તબક્કા સુધી પહોંચી ગયો હતો? મૂર્તિ વામપંથી હતી એવું પોતે આટલા સમયથી અહીં આવતો હતો તો ય ખબર નથી પડી અને એસીપીને આટલી જલદી તેનો અંદાજ કેવી રીતે આવી શક્યો? જો એ આ મૂર્તિ વામપંથી હોવાનું જાણતો હોય તો તેની વિશેષતા ય તેને ખબર હોય અને તો પછી એ ચોરીની ગંભીરતા ય બરાબર પામી ગયો હોય.

તેના પેટમાં આંટા ભીંસાવા લાગ્યા હતા. ખુરસી પર બેઠો હોવા છતાં તેના પગની પીંડીના સ્નાયુઓ ધ્રૂજી રહ્યા હતા. આ માણસને કોઈ પણ રીતે આગળ વધતો રોકવો જ રહ્યો.

'વામપંથી એટલે? યુ મીન..' ચહેરા પર ભોળપણ ઓઢીને તેણે ઝીણી આંખે રાઘવને તાકીને જાણીજોઈને વાક્ય અધૂરું છોડ્યું. એ હવે રાઘવને ચકાસી રહ્યો હતો.

'અફકોર્સ, ઈટ્સ નન ઓફ માય બિઝનેસ બટ અલ્ટિમેટલી ઈટ્સ અ ડર્ટી જોબ, યુ નો..' રાઘવે બેય હાથ પહોળા કરીને સહજભાવે કહ્યું, પણ આ વખતે પ્રતિક્રિયામાં ત્વરિત સહજ રહી શકતો ન હતો, 'અમારું પોલીસનું કામ જ એવું છે. ગંગા ગયે ગંગાદાસ, જમના ગયે જમનાદાસ. જેને લગતો ગુનો બને તે વિષયમાં ઊંડા ઊતરવું જ પડે. બેન્ક લૂંટાય તો લોકલ ઈકોનોમિક્સ સમજવું પડે અને મર્ડર થાય તો સાયકોલોજી, સોશિયોલોજી ય શીખવાં પડે. હવે આ મૂર્તિ ચોરાઈ તો...' તેણે બેફિકરાઈથી ખભા ઉલાળ્યા, 'અબ માયથોલોજી, આર્કિયોલોજી ભી પઢના પડતા હૈ...'

ત્વરિતના મગજમાં ભયાનક અવાજે ઘંટડીઓ વાગી રહી હતી. તેણે પીન પોઈન્ટેડ ક્વેશ્ચન પૂછ્યો હતો અને આ સાલો ગોખેલું બોલતો હોય તેમ કડકડાટ બોલી ગયો હતો, પણ વામપંથ વિશે પોતે કેટલું જાણે છે, કોણે તેને આ દિશામાં દોર્યો એ વિશે એક લફ્ઝ બોલ્યો ન હતો. આ માણસની સામે વધુ વખત ઊભા રહેવું હવે તેને ભયજનક લાગવા માંડ્યું હતું.

તેણે ટૂંકમાં પતાવવા માંડ્યું, 'વામપંથી મૂર્તિ વિશે હું પણ થોડુંક ભણ્યો છું, પરંતુ આવી મૂર્તિઓ કોઈએ જોઈ નથી. એ ફક્ત જુનાં પુસ્તકોનાં પાના પર રહી ગયેલી એક હકીકતમાત્ર છે. આવી મૂર્તિઓ હતી, પરંતુ હજુય ક્યાંય છે કે નહીં એ કોઈને ખબર નથી.'

'પણ આપણે પર્ટિક્યુલરલી આ ચોરાયેલી મૂર્તિની જ વાત કરીએ તો...'

'આ મૂર્તિ વામપંથી હોય તેવું હું માનતો નથી...' ત્વરિતે મક્કમતાપૂર્વક કહી દીધું, 'કારણ કે ડિંડોરીની આ પુરાતન મૂર્તિઓ, ભલે લોકોમાં ખાસ જાણીતી ન હોય, પરંતુ પુરાતત્ત્વ અને મૂર્તિશાસ્ત્રના નિષ્ણાતો માટે આ સાઈટ સહેજે ય અજાણી નથી. આ દેવાલયના ઘુમ્મટની બાંધણી વિશે મંદિર સ્થાપત્યમાં ભણાવવામાં ય આવે છે. મતલબ કે, બહુ બધા એક્સપર્ટ્સ આ સાઈટ વિશે, અહીંની મૂર્તિઓ વિશે જાણે છે. મેં કદી ક્યાંય કોઈની પાસે ડિંડોરીની આ મૂર્તિઓ વામપંથી હોવા વિશે અછડતું ય સાંભળ્યું નથી.'

'તો પછી...' રાઘવે અવઢવમાં દાઢી ખંજવાળતા ચહેરા પર અકળામણના ભાવ સાથે કહ્યું 'મને સમજાતું નથી કે આ મૂર્તિમાં એવું શું હશે..'

'સી મિ. માહિયા.. એઝ આઈ ગેસ, હજુ ગઈકાલ સુધી એ મૂર્તિ ધૂળ ખાતી ઉપેક્ષા પામતી

હતી એ મેં નજરે જોયું છે. દર વખતે હું આવું ત્યારે પહેલાં તો મારે એ કમ્પાઉન્ડની સાફસફાઈ કરવી પડતી જેથી હું ત્યાં બેસી શકું. પરંતુ ચોરે આટલી મૂર્તિઓ વચ્ચેથી ફક્ત એ જ મૂર્તિને ઉઠાવી એટલે આપણું ધ્યાન દોરાયું. એટલે હવે આપણે એ મૂર્તિનું ઈમ્પોર્ટન્સ નક્કી કરવા આવા બધા તર્ક લડાવીએ છીએ..'

'રાઈટ...' રાઘવે સંમતિસૂચક આંખો નચાવીને દોસ્તાના અંદાજમાં ત્વરિતનો ખભો થાબડ્યો, 'ઐસા ભી હો સકતા હૈ' પછી કપાળ પર ત્રણ કરચલી પાડીને વચ્ચે સવાલ પરોવતાં ઉમેર્યું, 'લેકિન યે ગાંવવાલે, યે પુરોહિત તો કહેતે હૈ કિ પાંડવ યહાં આયે થે... ભીમને લોટા ઉલટા કરકે યે શિવલિંગ બનાયા..' એ સાલો ભોળો હતો, ભોટ હતો, વાત કઢાવતો હતો કે જાણકારી મેળવતો હતો... ત્વરિતને સમજાતું ન હતું. ઘડીભર તેને થઈ ગયું કે, આના કરતાં તો પોલીસ થર્ડ ડીગ્રી અજમાવે તો માર સહી લેવાનું વધારે સહેલું પડે.

તેણે તિરસ્કારભર્યું હાસ્ય વેરીને મોં મચકોડતાં કહી નાંખ્યું, 'એ તો એવું હોય કે, મંદિરના પૂજારીઓ, ગામલોકો તો પોતાના મંદિરનો મહિમા વધારવા આવી વાર્તાઓ જોડી કાઢતા હોય, પરંતુ તે ફેંકમફેંકથી વિશેષ કશું ન હોય.'

'વેલ, મિ. કૌલ...' રાઘવ ઓટલા પરથી નીચે ઊતર્યો એ સાથે ત્વરિતને હાશ થઈ, 'થેંક્સ ફોર યોર કાઈન્ડ હેલ્પ..' તેણે શેકહેન્ડ કરવા હાથ લંબાવ્યો એ જ ઘડીએ મંદિરના કમ્પાઉન્ડમાં સપાટાભેર પોલીસની બીજી એક ગાડીએ વળાંક લીધો અને ઓટલા પાસે આવીને ઊભી રહી.

અંદરથી એક ઈન્સ્પેક્ટર દરજ્જાનો ઓફિસર ઊતર્યો અને ત્વરિત-રાઘવથી સહેજ અંતર રાખીને તેણે કડક સલામ કરી.

'યસ હોલકર..' તેની ઉતાવળ અનુભવીને રાઘવની આંખોમાં સવાલ તરતો હતો.

'સર..' હોલકરે ત્વરિત સામે સૂચક નજર ફેરવીને અદબભેર કહ્યું, 'એક ઈન્ફર્મેશન હૈ સર..'

'અરે કહીએ, નો પ્રોબ્લેમ..' રાઘવે સ્મિત વેરીને ત્વરિતને સહેજ આગળ કર્યો, 'આ મિ. ત્વરિત કૌલ છે. જમ્મુના આર્કિયોલોજિસ્ટ છે. અહીં મૂર્તિઓના સંશોધન માટે વારંવાર આવતા હતા.'

ત્વરિતે હોલકર સાથે હાથ મિલાવ્યો પછી હોલકરે રાઘવને કહ્યું, 'કન્ટ્રોલમાંથી ફોન હતો. શાહદોલથી 17 કિલોમીટર દૂર સોહાગપુર ગામના વગડામાંથી બોલેરો ગાડી નધણિયાતી મળી આવી છે.'

'હમ્મ્મ્...' રાઘવના ચહેરા પર સતર્કતા અંકાતી ત્વરિત જોઈ રહ્યો. તેના કંઠે શોષ પડી રહ્યો હતો. છપ્પને કામ બરાબર તો પાર પાડ્યું હશે ને?

હોલકરે આગળ ચલાવ્યું, 'ગાડી પર મધ્યપ્રદેશ ખનીજ વિકાસ નિગમનું બોર્ડ છે, પણ તપાસ કરતાં ખબર પડી છે કે ખનીજ વિકાસ નિગમ પાસે આવી કોઈ ગાડી નથી.'

'રજિસ્ટ્રેશન નંબર?'

'ખોટો છે..' હોલકરે તરત જવાબ વાળ્યો, 'એન્જિન ચેસિસ નંબર આરટીઓમાં મોકલ્યાં છે, પણ એ ગાડી મધ્યપ્રદેશની તો નથી જ લાગતી.. અને દેવીલાલે લીધેલા સ્ટેટમેન્ટમાં એવી વિગત છે કે આ જ ગાડી લઈને આવેલો માણસ મૂર્તિની ચોરી થઈ ત્યાં સુધી ચાર દિવસથી અહીં હતો..'

'હમ્મ્મ્...' રાઘવે કદમ ઉઠાવ્યા અને બેપરવાઈથી કહી દીધું, 'મંદિરના માણસોની પૂછપરછ કરીને એ આદમીનું વર્ણન મેળવો અને આર્ટિસ્ટને બોલાવીને તેનો સ્કેચ તૈયાર કરાવો.' હોલકરને સમજાતું ન હતું કે એક મામૂલી મૂર્તિમાં માહિયા કેમ આવડો બધો તાયફો કરી રહ્યો

હતો. તેણે અણગમા સાથે સલામ કરી અને ધર્મશાળા ભણી ચાલવા માંડ્યું.

'ઓકે મિ. કૌલ..' રાઘવે ત્વરિત સાથે ઉષ્માભેર હાથ મિલાવ્યા. ત્વરિત તેના છોકરડા જેવા ચહેરા હેઠળના સ્નાયુઓનું બઠ્ઠડપણું અનુભવી રહ્યો, 'હવે તમારો શું પ્રોગ્રામ છે?'

'બસ, ઈફ યુ એલાઉ મી... હું અહીંથી હવે દિલ્હી જઈશ. ત્યાં એક ઈન્ટરનેશનલ કોન્ફરન્સ છે તેમાં કદાચ હાજરી આપીશ. નહીં તો મેહરૌલી રહેતા મારા એક જૂના દોસ્તને મળવા જઈશ. ત્યાંથી જમ્મુ...'

'યોર લાઈફ સીમ્સ ઈન્ટરેસ્ટિંગ..' રાઘવે સ્મિત વેર્યું, 'મારા ઈન્ટ્રોગેશનમાં ક્યાંય મેં તમને અપસેટ કર્યા હોય તો આઈ એમ સોરી, બટ આઈ એમ વેરી મચ પ્લિઝ્ડ ટુ મીટ યુ.. તપાસમાં કદાચ ક્યાંય તમારી જરૂર પડશે તો વી વિલ કોલ યુ..'

'એનિટાઈમ મિ. માહિયા...' ત્વરિતે ફરીથી હાથ મિલાવ્યો અને મંદિરની છેક બહાર રસ્તા પરના ધાબા પાસે પાર્ક કરેલી ફોર્ડ ઈકોસ્પોર્ટ ભણી ચાલવા માંડ્યું. મંદિરનું એ ચોગાન, ચોગાનની વચ્ચે પીપળાનું એ ઝાડ, ઝાડ હેઠળનો એ ઓટલો અને ઓટલા પર ખુરસી નાંખીને બેઠેલો એસીપી રાઘવ માહિયા... પાછું ફરીને જોવાના હવે તેને હોશ ન હતા.

છપ્પન ભાગવાનું ટાળે એ માટે ચોરેલી મૂર્તિ ઈકોસ્પોર્ટની પાછળી સીટના મોડિફાઈ કરેલા ખાનામાં રાખીને તે અહીં આવ્યો હતો. એ નિર્ભિકતા હવે તેને પોતાની સરાસર બેવકૂફી લાગતી હતી.

'પ્લાન બદલવો પડશે..' ખિસ્સામાંથી રૂમાલ કાઢીને ચહેરા પરનો પસીનો લૂછતાં તે મનોમન બબડ્યો. પોલીસ તેની ધારણાથી અનેકગણી વધારે ચબરાકીથી અને પોલીસને કદી સુસંગત ન હોય એટલી ઝડપથી તપાસમાં જોતરાઈ ગઈ હતી.

*** *** ***

છપ્પને કામ બરાબર પાર પાડ્યું હતું.

ત્વરિત નીકળ્યો કે તરત તેણે પોતાની કરામત આદરી હતી અને હુલિયો સદંતર બદલી નાંખ્યો હતો. જપાકુસુમ તેલની બોટલ તેણે ખોલી અને માથા પર ટાપલી મારો તો ય છાંટા ઊડે એટલું તેલ નાંખીને વાળને ચિપકાવી દીધા. જાડી ફ્રેમના ચશ્માં પહેર્યાં. ગળા ફરતો સિલેટિયા રંગનો મેલો ગમછો વીંટ્યો અને ખદડ સફેદ કાપડમાંથી બનેલા પહોળી મોરીના પાયજામા પર વાદળી રંગનું ઈસ્ત્રી વગર ચિમળાયેલું ખમીસ ચડાવ્યું. હવે એ અદ્દલ દેહાતી ખેડૂત લાગતો હતો.

કતની-શાહદોલ હાઈ-વે ક્રોસ કરતાં સુધી તેનો જીવ ફફડતો હતો. જો પોલીસતપાસ વેગમાં ચાલતી હોય તો આ ગાડી પણ તેમની તપાસમાં સામેલ હશે જ. હાઈ-વે પર પહોંચતા પહેલાં કાચી સડક પાસે ગાડી થોભાવીને તેણે નકામા સામાનનો નાશ કરી નાંખ્યો. ડિંડોરીના ચાર દિવસના રોકાણ દરમિયાન પહેરેલાં કપડાં, જૂતાંનું પોટલું વાળીને તેણે ડીઝલ છાંટી કાંડી મૂકી દીધી. ચોરેલી મૂર્તિ ત્વરિતે તેની ગાડીમાં રાખી હતી. હવે બસ, બોલેરોથી છુટકારો થાય એટલે હાશ..

હાઈ-વે પર ખાસ પેટ્રોલિંગ જણાતું ન હતું. કતની તરફ જતાં ટ્રક અને લોડિંગ વ્હિકલ સિવાય ખાસ ટ્રાફિક ન હતો. થડકતા હૈયે હાઈ-વે ક્રોસ કરીને તેણે સોહાગપુર તરફ જતી સડકની દિશાએ ગાડી વાળી. ચોમાસાની નમતી બપોરના ભીના વીંઝણા હેઠળ લીલોછમ સન્નાટો ઓઢીને વગડો ઝોંકે ચઢ્યો હતો. વીસેક મિનિટ પછી તેણે એક રેઢા ખેતરની ઉબડખાબડ

જમીન પર ગાડી વાળી. થોડેક આગળ લઈ જઈને ત્યાં જ તેણે બોલેરો છોડી દીધી અને સૂટકેસ ઊંચકીને હાઈ-વે તરફ પાછો ફર્યો.

આંખ આડે હાથનું નેજવું કરીને તે કતની તરફથી આવતા વાહનની રાહમાં હતો. પંદરેક મિનિટ પછી દૂરથી એક ટ્રક આવતી દેખાઇ. તેણે હાથ ઊંચો કરીને ટ્રક રોકી.

'બૈકુંઠપુરા ઉતાર દો ભૈયા. અપણી ફેમ્લી મેં ડેથ હો ગવઈ હૈ. સમસાન પહુંચના હૈ વક્ત પર...' ખભા પરથી ગમછો ઝાટકીને ચહેરો લૂછતાં તેણે કહ્યું. બૈકુંઠપુરા ચૌરાહા પાસે ત્વરિત તેને મળવાનો હતો અને એ ન આવે ત્યાં સુધી એક ધાબામાં બેસીને તેણે ત્વરિતની રાહ જોવાની હતી.

*** *** ***

'સ્કોચ તો અહીં નહીં મળે... રોયલ સ્ટેગ ફાવશે?'

છપ્પને ફરીથી જરા મોટા અવાજે પૂછ્યું ત્યારે સોફા પર લાંબા થઈને હવામાં તાકી રહેલા ત્વરિતની તંદ્રા તૂટી.

ડિંડોરીથી એ નીકળ્યો ત્યારથી તેના મગજમાંથી રાઘવ માહિયા નીકળતો ન હતો. મંદિરના કમ્પાઉન્ડમાંથી બહાર નીકળીને તેણે છપ્પનને ફોન કરવાનો વિચાર કર્યો હતો, પરંતુ તરત તેને સવાલ થયો કે અહીં આસપાસમાં ક્યાંક ઈન્ટરસેપ્ટર વાન હશે તો? છપ્પન ધારો કે ભૂલથી તેને ફોન કરે તો પણ ઈન્ટરસેપ્ટરમાં એ ઝલાઈ જાય. છપ્પનનો નંબર હથેળીમાં લખીને તેણે અગમચેતી વાપરીને પોલીસને આપેલા નંબરવાળો ફોન સ્વિચ્ડ ઓફ કરી દીધો અને ગાડીના ડ્રોઅરમાંથી જમ્મુના તેના બીજા નંબરનું સીમકાર્ડ કાઢ્યું હતું.

રાઘવ માહિયાએ જે રીતે ઘાતકી ઠંડકથી તેની ઉલટતપાસ લીધી એ પછી હવે તે કોઈ જ રિસ્ક લેવા તૈયાર ન હતો. બૈકુંઠપુરા ડિંડોરીથી માંડ ચાલીસેક કિલોમીટર હતું, પણ હવે આટલા નજીક મળવાનું તેને જોખમી લાગતું હતું. રાઘવ માહિયા વિશે સાંભળીને છપ્પનને ય ઘડીક પેટમાં શેરડો પડી ગયો. છેવટે તેણે ત્વરિતને મધ્યપ્રદેશની બોર્ડર વટાવીને 170 કિલોમીટર દૂર છત્તીસગઢના ગઢબિદરા ગામે પહોંચવા જણાવ્યું. ત્યાં છપ્પનના જૂના વિશ્વાસુ દોસ્તે ઢાબું માંડ્યું હતું. જગ્યા તદ્દન સલામત હતી અને બોર્ડર ક્રોસ કરી ગયા પછી પોલીસનો ભય પણ ખાસ્સો ઘટી જતો હતો એટલે ત્વરિત પણ સંમત થયો.

મોડી સાંજે તે ગઢબિદરાના પાટિયા પાસે પહોંચ્યો ત્યારે છપ્પન તેની રાહ જોઈને રોડ પર જ ઊભો હતો.

દિવસભરની દડમજલ અને થકવી દેતા તણાવ પછી આજે બંનેએ ગળા સુધી શરાબ ઢીંચીને ઘોરી જવાનું નક્કી કર્યું હતું... પણ ત્વરિતના મગજમાં હજુ ય વિચારો અટકતા ન હતા.

'શું વિચારે ચડ્યો છે યાર?' છપ્પને ટેબલ પર મૂકેલા ગ્લાસમાં પેગ બનાવતાં કહ્યું, 'પહેલી બાર પોલીસ સે મિલા તો ફટ ગઈ ડેઢ ફૂટ કી?'

'શટ અપ...' ત્વરિતે સોફો સહેજ નજીક ખસેડીને ગ્લાસ ઉઠાવ્યો અને હવામાં ચિઅર્સ કરતાં કહ્યું, 'તને અત્યારે જશ્ન સૂઝે છે બટ યેટ વી હેવ ટૂ થિન્ક સો મેની થિંગ્ઝ...'

'તો તારી એ સો મેની થિંગ્ઝ થિન્કવા માટે આપણે સતત હવામાં તાકવું જરૂરી છે?' શરાબની ગંધથી જ છપ્પનનો મિજાજ રંગતે ચડવા લાગ્યો હતો.

'આઈસ મિલેગા?' ત્વરિતે એક મોટો ઘૂંટ ગળા હેઠળ ઉતારતાં પૂછ્યું.

'ઉમ્મિદ તો નહિ હૈ... ફિર ભી પૂછ લેતે હૈં...' છપ્પનને ઓરડાના પગથિયાં પાસે જઈને હાક

મારી, 'અબે કેકવા, એક પિલાટ બઈ બગૈરા ભીજવા ના...'

'નામ તો ઉસ સસુરે કા કિસનકાંત હૈ..' છપ્પને બે ઘૂંટડામાં અડધો ગ્લાસ ગળે ઉતારી દીધો એ જોઈને ત્વરિત મનોમન મલકી ઊઠ્યો. સાલો દારૂની બોટલ ખૂલી કે તરત અસલ ભૈયો બની ગયો હતો, 'હમ ઉસ કો કિસનવા બોલતે થે તો ઉસ સસુરે કો મિર્ચી લગ જાતી થી. તો ઓ કિસનવા સે બચને કે લિયે કિસનકાંત મેં સે હો ગવા કેકે... અબ હમ સસુરેકો કેકવા કહેકે બુલાત હૈ...' પછી પોતાની મજાક પર પોતે જ ભદ્દા અવાજે ખિખિયાટા નાંખવા લાગ્યો.

ચાર ઘૂંટડામાં ગ્લાસ ખાલી કરીને છપ્પને બીજો પેગ ભર્યો અને ત્વરિતની સામે જોયું. ત્વરિતનો ગ્લાસ હજુ અડધો ભરેલો હતો, 'અરે ઊઠા ના.. આઈસ તો આયેગા..'

ત્વરિત જવાબ વાળે એ પહેલાં લાકડાના દાદરા પર ધબ-ધબ કરતું કોઈ ચડી રહ્યું હતું, 'લો તેરા આઈસ ભી આ ગયા...' ગ્લાસમાં સોડા રેડી રહેલા છપ્પને આઈસ ક્યૂબ લઈને આવેલા છોકરાને બાઉલ ટેબલ પર મૂકવા ઈશારો કર્યો. છોકરાએ બાઉલ મૂક્યું અને બીજા હાથમાં રહેલું એક પેકેટ છપ્પન ભણી લંબાવ્યું. '

ઈ કા હૈ?' કાળા રંગની કોથળીમાં કશુંક જોઈને છપ્પનને અચરજ થતું હતું, 'કેકવાને ભેજા?'

'મેરે કો કા માલુમ? કો આદમીને સેઠ કો દિયા, સેઠને બોલા કિ ઉપર સા'બ કો દેદે.'

'અરે, પર હૈ કા?' ત્વરિત ગ્લાસમાં આઈસના ત્રણ ક્યૂબ્ઝ નાંખીને વ્હિસ્કી હલાવતો રહ્યો અને છપ્પને વિસ્ફારિત આંખે પેકેટ ફરતું વીંટાળેલું રબ્બર બેન્ડ ખોલ્યું. અંદરથી છાપાના કાગળ ફરતું બીજું રબ્બર તોડ્યું અને ગભરાટમાં ધ્રૂજતા હાથે કાગળ ફાડ્યો એ સાથે તેની આંખોમાં ખૌફનાં મોજાં ઉછળવા લાગ્યાં.

અંદર પાંચસોની નોટોનાં ત્રણ બંડલ હતાં અને ઉપર ચાર વડી ગડી વાળેલો એક સાદો કાગળ ખોસેલો હતો.

નોટોનાં બંડલ જોઈને થંભી ગયેલો ત્વરિત પણ હવે પ્રશ્નસૂચક નજરે છપ્પનને જોઈ રહ્યો હતો. ચિઠ્ઠી વાંચી રહેલા છપ્પનની આંખોમાં કોઈ અગોચરને ભાળી ગયો હોય તેવો ખાલીપો પછડાતો તેને અનુભવાયો.

'શું છે? આ બંડલ કોણે...' વાક્ય પૂરું કરતાં પહેલાં જ ત્વરિતને અણસાર આવ્યો. તેણે ઝાટકાભેર છપ્પનના હાથમાંથી ચિઠ્ઠી ખેંચી.

પહેલું જ વાક્ય લખ્યું હતું, 'શાબ્બાશ છપ્પન બાદશાહ...'

ચિઠ્ઠી છપ્પન ભણી ફગાવીને તરત તેણે નીચે ઊતરતાં દાદર ભણી દોટ મૂકી અને રમણિયાના કઠેડા પર ઝળુંબીને હાક મારી, 'અબે કેકવા, યે કિસને ભેજા?'

'પતા નહિ સા'...' ભોંયતળિયેથી ગરદન ઊંચી કરીને કેકવાએ જવાબ વાળ્યો, 'હમ નહિ જાનિયો, ઉસને તો સિર્ફ ઈત્તા હી કહા કિ છપ્પન ભાઈજાન કો દેના હૈ...'

'અરે, પર વો કૌન થા?' એક સાથે ચચ્ચાર પગથિયાં કૂદતો ત્વરિત નીચે ધસી આવ્યો હતો.

'થા નહિ, થી સરકાર... કોઈ લૌંડિયા થી...'

*** *** ***

આજે કોઈ કેકવાને જુએ તો ધારી ન શકે કે એક જમાનામાં છત્તીસગઢથી છેક રાજસ્થાન સુધી આ માણસે કેવો કહેર મચાવ્યો હશે. ટ્રકના ક્લિનર તરીકે નાની ઉંમરે જ ધંધે વળગી ગયેલો કેકવો હાઈ-વે પર રખડી-રવડીને જ મોટો થયો હતો. ચાવી વગર ટ્રકના દરવાજા ખોલી

નાંખવા, લોક કરેલી ડીઝલટેન્કમાંથી ડીઝલ કાઢી લેવું, ઇગ્નિશન હોલમાં ત્રાંબાનો વાયર કાળજીપૂર્વક પરોવીને વગર ચાવીએ ટ્રકનું એન્જિન ચાલુ કરી દેવું વગેરે કરામતો નાની ઉંમરે શીખી ગયા પછી ભરતપુરના કુખ્યાત બનવારી સાથે તેનો ભેટો થયો.

બસ, એ પછી કેકવાની કરામતને જાણે ઢાળ મળ્યો હતો. બનવારીની સોબતમાં જ્વેલર્સની દુકાનો તોડવાનું શરૂ કર્યા પછી એક-બે વાર એ ઝડપાયો ય ખરો પણ ફાયદો એ થયો કે પોલીસનો ઢોરમાર ખાઇને એવો રીઢો થઈ ગયો કે પછી પોલીસનો કે પકડાવાનો ડર જ નીકળી ગયો. પછી તો તેણે પોતાની ય ગેંગ બનાવી અને મોટાભાગે ગામડાંના સોનીઓને જ નિશાન બનાવવાની મોડસ ઓપરેન્ડી રાખી. દસેક વર્ષ પહેલાં ચોરીનો માલ સગેવગે કરવામાં તેને છપ્પન સાથે ઓળખાણ થઈ હતી.

છપ્પનનું 'કાર્યક્ષેત્ર' કેકવાથી ખાસ્સું અલગ હતું. કહો કે, કેકવો આજે જે ચોરીઓ કરતો હતો એ બધું તો છપ્પનસિંઘ કોલેજમાં હતો ત્યારે કરી ચૂક્યો હતો. કેકવાને છપ્પનની બિન્દાસ્તી, પ્લાનિંગની ચોક્સાઈ અને ચોરી માટેનાં ઓજારો બનાવવાની કાબેલિયતે ખૂબ પ્રભાવિત કર્યો અને એમ બેય વચ્ચે ભાઈબંધી જામી. જોકે બાપના આદેશનું અક્ષરશ: પાલન કરતો છપ્પન કદી ટોળી બનાવતો નહી એટલે કેકવાની કાકલૂદી છતાં છપ્પને કદી જોઈન્ટ વેન્ચર ન બનાવ્યું. પણ કોઈ મોટો હાથ માર્યા પછી પોલીસની નજરથી બચવા અંડરગ્રાઉન્ડ થઈ જવું પડે ત્યારે બંને એકમેકની મહેમાનગતિ માણતા રહે એવી ભાઈબંધી તેમની વચ્ચે મજબૂત હતી.

હવે તો જો કે કેકવો બધી લીલા સંકેલી લઈને તમામ અર્થમાં સફેદપોશ થઈ ચૂક્યો હતો. તે આમ તો માંડ પચાસનો થવા આવેલો એક જમાનાનો રીઢો ચોર હતો, પણ શોખસાહ્યબી એકદમ રજવાડી રાખી જાણતો. ચોરીની કમાણી તેણે ચોખ્ખા ધંધામાં આબાદ રોકીને વખત પહેલાં જ નિવૃત્તિ લઈ લીધી હતી. આઠ-દસ ટ્રક ખરીદીને તેણે રાયપુર-દિલ્હી, રાયપુર-અમદાવાદ લાઈન પર ભાડે ફેરવવા માંડ્યા હતા અને હાઈ-વે ઉપર આ ઢાબું શરૂ કરીને તે આરામની જિંદગી જીવતો હતો.

આવક સધ્ધર હતી, ધંધો ચોખ્ખો હતો, પણ જીવ તો હરામખોરીનો જ રહ્યો એટલે તેનું ઢાબુ ય આડકતરા ગોરખધંધાને છત્ર પૂરું પાડતું. પોતે ચોરીના ધંધામાંથી હાથ ખેંચી લીધો, પણ જૂના દોસ્તો માટે આશરો પૂરો પાડવામાં તેને હજુ ય લિજ્જત આવતી. પોતે ક્યાંય ફસાય નહીં તેની કાળજી રાખીને તે દોસ્તોને આશરો ય આપતો અને તેમનો માલ પણ સાચવતો.

બપોર થાય ત્યારે તેની સવાર પડતી. ઈમ્પોર્ટેડ લક્સ સાબુથી નહાઈ, કાનમાં મોગરાના અત્તરનું પૂમડું ઘાલીને કડક આર કરેલા સફેદ પેન્ટ-શર્ટમાં બનીઠનીને નીકળે એટલે જાણે આખો બગીચો નીકળ્યો હોય તેમ એ મઘમઘતો. ટ્રાન્સપોર્ટના ભાડાની લેતી-દેતી પતાવી સાંજ ઢળ્યે એ ઢાબે પહોંચે એ સાથે અહીં મહેફિલ મંડાતી. નિવૃત્તિ પછી તેણે હવે ત્રણ જ શોખ રાખ્યા હતા. પહેલી ધારનો તેજ દેશી મહુડો, હળવે હળવે જવાન થતી ભરપૂર બદનની ખૂબસૂરત છોકરી અને યેશુદાસનાં ગીતો.

યેશુદાસનો એ ગાંડોતૂર આશિક. ઢાબા પર તેનો આવવાનો ટાઈમ થાય એટલે તેનો નોકર અચૂક તેની ફેવરિટ સીડી ચડાવી રાખે. તેના ટ્રકના ડ્રાઈવરો ય કેકવાની આ અજીબ આશિકીની રોકડી કરવામાં માહેર થઈ ગયેલા. હિસાબ કરવાનો હોય ત્યારે ખાસ કેકવો સાંભળે એમ ટ્રકમાં યેશુદાસનાં ગીતો વગાડતા આવે અને કેકવો મુહમ્મદશાહ રંગીલાની અદાથી બંધ આંખે બેય હાથ હવામાં પસારી 'ક્યા બ્બાત.. ક્યા બ્બાત' કરતો 500-700 રૂપિયા ટિપમાં ધરી દે.

*** *** ***

'કોઈ લૌંડિયા થી...' એવું કેકવાએ કહ્યું અને ત્વરિતના મોંમાંથી મોટા અવાજે રાડ ફાટી ગઈ એ સાથે ઢાબાની તમામ રંગત ઓઝપાઈ ગઈ.

કાઉન્ટર પર અધૂકડા થઈ ગયેલા કેકવાના હાથમાં ચૂંગી ઠઠી રહી અને કશમાં લીધેલો ધૂમાડો ફેફસાંમાં ગોટવાવા લાગ્યો. રસોયો ય સાણસીથી ઊંચકેલું તપેલું એમ જ પકડેલું રાખીને બહાર આવી ગયો.

ઉભડક બેસીને પ્લેટ વીછળી રહેલો છોકરો, દૂર ખૂણામાં પાથરેલા કાથીના ખાટલા પર જમવા વેરવિખેર ગોઠવાયેલા પાંચ-સાત આદમી, લાકડાના પાટિયા પર થાળી-વાટકા ગોઠવી રહેલા નોકર, ઢાબાથી સહેજ દૂર કુંડાળું વળીને વાહનની રાહમાં બેઠેલાં દેહાતીઓનું ટોળું અને કાઉન્ટરના છાપરે ગોઠવેલા સ્પીકરમાંથી મોટા અવાજે વાગતું ગીત, 'સૂરમઈ અખિયોં મેં નન્હા-મુન્ના એક સપના દેજા રે... નિંદિયા સે ઊડતે પાખી રે, સપનોં મેં આજા સા...'

કેકવાએ તરત રિમોટથી સીડી પ્લેયર પોઝ કર્યું. તેણે ચોરીનું કામ છોડી દીધું હતું, પણ બદમાશીનું દિમાગ તો હજુ ય સાબૂત જ હતું. પેકેટ આપી ગયેલી છોકરીમાં કશુંક લફડું છે એ પામીને તે સફાળો ઊભો થયો અને ત્વરિતને કશો જવાબ વાળવાને બદલે સીધો સડક ભણી દોડ્યો. ઘેરાતી રાતના કાળાડિબાંગ અંધારામાં દૂર એક પેટ્રોલપંપની લાઈટના આછેરા ઉજાસ સિવાય સર્વત્ર સન્નાટો હતો. બુલેટ મોટરસાઈકલની હળવી ઘરઘરાટી ધીમે ધીમે દૂર સરકી રહી હતી. તેણે કાન સરવા કરીને દિશા તાગવાનો નિષ્ફળ પ્રયાસ કરી જોયો.

અહીંથી પાંચસો મીટર છેટે ત્રણ રસ્તા ફંટાતા હતા. એક રસ્તો રાજનંદગાંવથી રાયપુર તરફ જતો હતો. બીજો રસ્તો મધ્યપ્રદેશના બાલાઘાટ તરફ અને ઢાબુ જ્યાં હતું એ રસ્તો ગઢબિદરાથી મહારાષ્ટ્રના કોહમારા થઈને નાગપુર તરફ ફંટાતો હતો. કેકવાએ ગણતરીની સેકન્ડમાં ત્રણેય રૂટ પર મન દોડાવીને માથું ધૂણાવી નાંખ્યું. બુલેટના એક્ઝોસ્ટનો એ ટિપિકલ 'ઢગ્..ઢગ્..ઢગ્..ઢગ્' અવાજ હવે ચોમાસાની મેઘલી રાતે હવામાં ઘૂમરાતા તમરાંના ત્રમકારા કરતાં ય સાવ મંદ પડી રહ્યો હતો.

ત્વરિત કેકવાની મૂવમેન્ટને આશાભરી આંખે જોઈ રહ્યો હતો. કેકવો પેલા દેહાતીઓનું ટોળું બેઠું હતું એ તરફ વળ્યો એ સાથે ત્વરિતને કશુંક સૂઝ્યું હોય તેમ એ લાંબી ડાંફ ભરતો ઢાબાની પાછળ પાર્ક કરેલી ફોર્ડ ઈકોસ્પોર્ટ તરફ દોડ્યો. ધાબાની સામે જ ગાડી પાર્ક થયેલી હોય તો હાઈ-વે પર પેટ્રોલિંગ માટે નીકળતી પોલીસ જમ્મુ-કાશ્મીરનું પાસિંગ જોઈને વહેમાય તેમ ધારીને છપ્પને જ તેને ઢાબાની સાવ પાછળ ખેતરમાં ગાડી પાર્ક કરવા સૂચવ્યું હતું.

ખેતરની ઉબડખાબડ ભોંય પર સંતુલન જાળવવાની મુશ્કેલી છતાં રઘવાયા ત્વરિતે ગાડી નજીક પહોંચીને મોબાઈલની ટોર્ચ ઓન કરી એ સાથે તેનું હૈયું ઉછળીને પાંસળી સાથે અથડાવા લાગ્યું અને પેટમાં કોઈએ હાથ નાંખીને બળપૂર્વક આંતરડાનો વળ ચડાવ્યો હોય તેવી આંકણી ઉપડી આવી. બેકસીટના બેય દરવાજા ખુલ્લા હતા અને મોડિફાઈ કરેલી ફર્શનું કુશન ફાડીને ખુલ્લા ફટ્ટાક પડેલા ઢાંકણામાં ત્વરિતને પોતાના હૈયાનો ધ્રાસકો સંભળાતો હતો.

એ ભેદી છોકરી સાલી ગાડીમાંથી મૂર્તિ ય ઊઠાવી ગઈ હતી.

આવ્યો હતો એથી ય વધુ ઝડપથી માટીનાં ઢેફાં ખૂંદતો તે ધાબા તરફ પાછો વળ્યો અને દૂરથી જ તેનાથી બૂમ પડાઈ ગઈ, 'કેકવાઆઆઆઆ...'

ફરીથી ધાબા પર સ્તબ્ધતા છવાઈ ગઈ. પ્લેટ વીછળતો છોકરો ફરીથી ચોંકીને થંભી ગયો. ખાટલા પર પલાંઠી વાળીને જમી રહેલા આદમીઓના હાથમાં ફરીથી રોટલાનું બટકું અટકી

ગયું. દેહાતીઓની ઉલટતપાસ કરી રહેલો કેકવો ફરીથી અવાજની દિશામાં દોટ મૂકવા જતો હતો ત્યાં ત્વરિત તેને દેખાયો.

'વો લૌંડિયા આઈ થી કહાં સે?' તેણે હાંફતી છાતીએ કેકવાને પૂછી નાંખ્યું.

કેકવાએ દેહાતીઓ ભણી આંગળી ચીંધી, 'ઓ વહાં બૈઠી થી... સબ કે સાથ... અઈસન હી ઘાઘરા-ચૂનરી પહન કે ઘૂંઘટા તાન કે બૈઠી થી તો...' પોતાનાથી કશીક જબ્બર ગફલત થઈ ગઈ છે એવું સમજી ગયેલો કેકવો ય મનોમન ધૂંધવાતો હતો, 'મને લાગ્યું કે એ આ લોકોની સાથેની જ કોઈ ઓરત છે..'

'એ લોકો કોણ છે? કદાચ હજુ ય...' ત્વરિત ઉશ્કેરાટભેર દેહાતીઓ ભણી કદમ ઉપાડવા જતો હતો, પણ કેકવાએ તેને રોક્યો.

'ઉ લોગ તો પાસપડોસ કે ગાંવવાલેં હી હૈ... મૈં તેમની ખરાઈ કરી લીધી. એ એક જ છોકરી અજાણી હતી..'

'તેણે એક્ઝેક્ટ શું કહ્યું?'

'વો ઈહાં બૈઠી થી...' કેકવાએ મનોમન સીન રિકન્સ્ટ્રક્ટ કરવા માંડ્યો, 'ઈધર આઈ તો મૈં સમજો...' પછી થોડુંક લજાઈને તેના હોઠ પર તોફાની સ્મિત આવી ગયું, 'છપ્પનવાને રાત રોશન કરને કા કુછ જુગાડ કર રખ્ખા હૈ...'

'પણ એ તને છપ્પન માટે કંઈક પેકેટ આપે ત્યારે તો તારે પૂછપરછ કરવી જોઈએ ને?' ઉશ્કેરાયેલા ત્વરિતથી તોછડાઈભેર પુછાઈ ગયું.

'કા પૂછતાછ?' ત્વરિતની ઓળખાણ છપ્પને 'મેરા દોસ્ત હૈ' એટલી જ આપી હતી એટલે છપ્પનના દોસ્ત તરીકે કેકવો તેને ઈજ્જતભેર સંબોધતો હતો, પણ ત્વરિતની અકળામણ અને અવાજની તોછડાઈ હવે તેને વધારે પડતી લાગતી હતી, 'આખિર છપ્પનવા દોસ્ત હૈ હમરા. એકદૂજે કી અઈસી બાતા મેં હમ જરૂરત સે જ્યાદા ઈન્ટ્રૃસ નહિ લેતે...' તેણે ય જરાક ઊંચા અવાજે કહી દીધું.

દોસ્તીનો આ વિશિષ્ટ 'ઈન્ટ્રૃસ' અનુભવીને ત્વરિતે અણગમાથી મોં મચકોડ્યું, પણ કેકવાનું એ તરફ ધ્યાન ન હતું, 'મેરે કો નઈ માલૂમ આપ છપ્પન કો કિત્તા જાનિયો પર હમ ઉસકી પરછાઈ હિલે ઈત્તે મેં હી જાન જાવે. ઉ છપ્પનવા કોઈ કમ ખિલાડી નહીં હૈ. ઉસ સસૂરે કે પંખી ગાંવોગાંવ ઊડત હૈ સરકાર, એક સે બઢકર એક. મને થયું કે એવું જ કોઈ છપ્પનનું પંખી હશે અને રાત ગરમ કરવા આવ્યું હશે તો... હમ કા પૂછતાછ કરે? હમ કા ઈ પૂછે કિ કોન્ડોમ લાઈ હો યા હમ દેં? ઓર કા પૂછતાછ કરે હમ??'

કેકવાને બરાબરનું માઠું લાગ્યું હતું એ અનુભવીને ત્વરિતે પણ ઊંડો નિ:શ્વાસ છોડી દીધો. તેનો રઘવાટ અને બેચેની સહેજે ય ખોટા ન હતાં, પણ એ કેકવા પર ખોટી રીતે કાઢી રહ્યો હતો. મૂર્તિ લેવા માટે દૂબળી આવે ત્યારે જ કોઈક રીતે તેને ઝાલી લેવો એવો તેમનો પ્લાન દૂબળીએ ઊંધા હાથની એક લપડાક મારીને ધરાશાયી કરી દીધો હતો.

પરાભવના બોજથી ઝૂકેલા ચહેરે તેણે દોસ્તાના અંદાજથી કેકવાનો ખભો થાબડ્યો અને વગર બોલ્યે સોરીનો અહેસાસ કરાવ્યો.

'પર મામલા હૈ કા?' ચબરાક કેકવાએ છેક હવે મુદ્દાનો સવાલ કર્યો. બીજો કોઈ આદમી હોય તો ત્વરિતની પહેલી ત્રાડ વખતે જ આ સવાલ કર્યો હોય તેને બદલે કેકવાનું પહેલું રિએક્શન એ છોકરીને શોધવાનું હતું.

'વો છપ્પન બતાયેગા' ત્વરિતે ઉસ્તાદીભર્યો જવાબ વાળી દીધો અને કેકવો વધુ પૂછપરછ ચાલુ કરે એ પહેલાં દાદર ભણી આગળ વધી ગયો.

*** *** ***

જમાનાના ખાધેલ કેકવાએ તરત વગર કહ્યે તેના માણસોને ત્રિભેટા સુધી તપાસ કરવા મોકલી દીધા. પોતે સાંભળેલી ઘરઘરાટી બુલેટ મોટરસાઈકલની હતી એ વિશે તેને ખાતરી હતી, પણ ખુલ્લા વગડામાં દિશાનો ક્યાસ એ કાઢી શક્યો ન હતો. અડધો કિલોમીટર દૂર આવેલ પેટ્રોલપંપ, એથી આગળનો ત્રિભેટો અને પછી ત્યાંથી ફંટાતા બંને રસ્તાના ધાબા પાસેથી બુલેટ પસાર થતું કોઈએ જોયું હોય તો પૂછપરછ કરવાની સૂચના આપીને તેણે ખાટલો ઢાળ્યો અને કોણી સુધીનો હાથ ઊંચો કરીને નોકરને મહુડાની બાટલી લાવવા ઈશારો કર્યો.

તેના મગજમાં ધમસાણ મચ્યું હતું. છપ્પનવા કહીં કુછ ફસા હુઆ તો નહિ હૈ ન? તેના મનમાં સવાલો ફૂંકાવા શરૂ થઈ ગયા. છોકરી પેકેટ આપીને જતી રહી તેમાં કંઈક મોટી ગફલત થઈ છે. પણ આટલું થવા છતાં છપ્પનિયો પોતે કેમ નીચે ન આવ્યો? ખાટલાની ઈંસ પર ઢાળેલી ગરદન ઉઠાવીને તેણે ઉપરના મજલે જોઈ લીધું. ઉપર રૂમની બત્તી જલતી હતી. કુછ ગરબડ તો હૈ... છપ્પન કે સાથ યે આદમી કૌન હોગા? છપ્પનને કહા તો થા કિ ઉસકા દોસ્ત હૈ પર શકલ સે અપણે પેશે કા તો નહિ દિખતા... ઔર બાતા તો બડે પઢાકુ જૈસી કરતા હૈ...

તેણે ચૂંગીમાં અંગૂઠાનો પહેલો વેઢો ભારપૂર્વક ખોસીને તમાકુ દબાવી અને તેના પર લાઈટરની ઝાળ ધરી ઊંડો કશ લીધો. કડક દેશી પત્તી તમાકુનો ધૂમાડો ક્યાંય સુધી ફેફસાંમાં ગોટવાતો રહીને તેના નાક વાટે બહાર નીકળ્યો, પણ મગજમાં ઘૂમરાતા સવાલો નીકળતા ન હતા. ખાટલાની પાસે નાનકડું સ્ટૂલ ખસેડીને પેગ બનાવી રહેલા નોકરના હાથમાંથી તેણે બોટલ ઉઠાવી અને સીધી મોઢે માંડી દીધી. આખું મોં ભરાઈ જાય એવડો મોટો ઘૂંટ ભરીને તેણે કટકે-કટકે ગળા નીચે ઉતાર્યો એ સાથે જીભથી લઈને છેક જઠર સુધી આગની જ્વાળા જેવો દઝારો ફરી વળ્યો.

'ગર છપ્પનવા કુછ ગરબડ મેં હૈ તો...' આંખોમાં ઘેરાતી મહુડાના કેફની રતાશ તળે તેને કશોક એલાર્મ વાગતો સંભળાતો હતો. માથું ધૂણાવીને તેણે બીજો એવડો જ મોટો ઘૂંટડો ગળા હેઠે ઉતાર્યો અને દેશી દારૂની કડવાશ ભાંગવા ચીઝની સ્લાઈસ ચાવી નાંખી, 'હમકા અબ કોઈ ગરબડ નઈ મંગતા... હમ્મ્, સુબહ ઉસ છપ્પનવા કો પૂછના પડેગા કિ કા હૈ... ઈ સબ મામલા કા હૈ ભૈયા?'

ક્યાંય સુધી હવામાં તાકીને વિચારમગ્ન અવસ્થામાં તે ઘૂંટડા ઉતારતો રહ્યો. મહુડાની અડધી બોટલ કોરેકોરી પેટમાં ઓરી લીધા પછી તેની હોજરીમાં આગ ભડકતી હતી પણ બદન હળવુંફૂલ થઈ ગયું હતું અને મગજ ફૂલગુલાબી ખાલીપાના હીંચકે ઝૂલવા લાગ્યું હતું.

'અરે ઓ સુંદરવા...' ખાટલાની ધાર પર ગરદન ઢાળીને શિમળાના રૂનું ઓશિકું બાથમાં દબાવતા તેણે લથડાતા સાદે હાક મારી.

શેઠના આ રોજિંદા રાજાપાઠથી ટેવાયેલા સુંદરવાએ હાક સાંભળીને તેની સામે પણ જોયા વગર સીડી પ્લેયર ઓન કરી દીધું એ સાથે સડકની છાતી માથે ઘૂમરાતો અંધકારનો સન્નાટો યેશુદાસનો કંઠ પહેરીને કેકવાની આંખમાં પરોવાઈ ગયો...

... સાથી રે... રારીરારી... ઓરારીરી... રારીરારી... ઓરારીરી... સૂરમઈ અખિયોં મેં...

*** *** ***

‘તું તો કહેતો હતો કે...’ રૂમમાં પ્રવેશતાવેંત ત્વરિતે લાગલું જ બોલી નાંખ્યું, પણ છપ્પનના થીજી ગયેલા ચહેરાને જોઈને તેનું વાક્ય તેના મોંમાં જ રહી ગયું.

બારી પાસે ઢાળેલા સોફામાં ઘૂંટણમાંથી વાળેલા પગ પર બંને હાથ ચસોચસ વીંટીને તે બેઠો હતો. અન્યમનસ્કપણે સામેની દીવાલને તાકી રહેલી તેની આંખોમાં દૂબળીએ વધુ એક વાર ઊંઘતા ઝડપ્યા તેનો ખૌફ હતો, પરાસ્ત થવાની ગ્લાનિ હતી કે શરારતી તોફાન હતું? ત્વરિત પારખી ન શક્યો.

‘હેલ્લો...’ તેણે સાવ નજીક આવીને તેને ઢંઢોળ્યો એટલે છપ્પને ગરદન જરાક પણ હલાવ્યા વગર ફક્ત પાંપણ ઊંચકીને ધારદાર નજરે ત્વરિતની સામે જોયું.

ના, તેની આંખોમાં ફક્ત બેબસી હતી... દૂબળીની કાબેલિયત સામેની નિઃશબ્દ શરણાગતિની એ બેબસી.. ત્વરિત થડકાટ સાથે જોઈ રહ્યો.

‘મૂર્તિ પણ ઉઠાવી ગયો ને?’ જડબાં ઓછામાં ઓછા ઉઘાડીને તેણે દાંત ભીંસીને પૂછ્યું.

‘ઉઠાવી ગયો નહીં... ઉઠાવી ગઈ...’ ત્વરિતે તેના ભણી તાકીને એક-એક શબ્દ પર ભાર દેતાં કહ્યું.

‘ક્યા ફરક પડતા હૈ...’ છપ્પને હળવા નિઃશ્વાસ સાથે નજર ફેરવી દીધી. ‘

મતલબ?’

‘હોણી થી વો તો હો હી ગવઈ...’ સોફા સામેના ટેબલ પર પગ લંબાવીને તેણે શરીરને તંગ કર્યું. એકધારી સ્તબ્ધતા તળેથી હવે એ બહાર આવી રહ્યો હતો, ‘આદમી હો યા લૌંડિયા, ચકમા તો હમ ખા હી ગયે ના.’

‘અરે, પણ તેં સાલા મને એમ કહ્યું હતું કે દૂબળી તો કોઈક આદમી છે અને આ છોકરીની તો કોઈ વાત જ કરી નથી...’ ત્વરિતનો રઘવાટ હવે ઝાલ્યો રહે તેમ ન હતો.

‘મૈંને કહા થા તુજે...’ છપ્પનના ઘેરા, દબાયેલા અવાજમાં હજુ ય આઘાત વર્તાતો હતો.

‘કબ કહા થા?’ ઉશ્કેરાટથી ફાટાફાટ થતો ત્વરિત છેક તેની છાતી સુધી ધસી ગયો, ‘બેવકૂફ મત...’

‘વો કુછ ભી હો સકતા હૈ...’ ત્વરિતના ઉશ્કેરાટની જરાક પણ પરવા કર્યા વગર છપ્પને સપાટ અવાજે જવાબ વાળ્યો, ‘મૈંને કહા થા તુજે, વો કઈસન ભી આ સકતા હૈ... એ આ હવા હોઈ શકે... મારી પીઠ પાછળથી દેખાતું કોઈ પણ દૃશ્ય એ હોઈ શકે... કહા થા ન તુજે?’

‘અરે યાર... લેકિન... યે તો..’ મગજમાં કલબલાટ કરતા સવાલોના વણથંભ્યા શોરબકોરથી ત્રાસીને ત્વરિતે પોતાના વાળ ખેંચી લીધા, ‘મેરી સમજ મેં નહિ આતા યે સબ...’

‘મૈંને યે ભી કહા થા...’ જાણે કોઈ જીનાત પંડમાં પ્રવેશ્યું હોય તેમ છપ્પન તદ્દન સપાટ સ્વરે બોલી રહ્યો હતો, ‘મૈંને કહા થા, મેરી ભી સમજ મેં નહિ આ રહા... ઢાઈ-તીન સાલ સે...’

ક્યાંય સુધી બેય એકમેકને તાકતા રહ્યા. ઘડીક હવામાં જોતા રહ્યા. ઘડીક ત્વરિતે હાથના આંગળાના ટચાકા ફોડીને પારાવાર અકળામણ વ્યક્ત કરી નાંખી. ઘડીક બારીની બહાર તરબતર અંધારાને જોયા કર્યું.

‘કેકવાને કહા, વો દેહાતી લોગોં કે બીચ બૈઠી થી... આઈ મિન, બૈઠા થા.. મતલબ..’ ત્વરિતની મૂંઝવણ અનુભવીને છપ્પનના ચહેરા પર સ્મિત ફરકી ગયું એ જોઈ ત્વરિતને હાશ થઈ, ‘અરે યાર, વો આદમી હૈ યા ઔરત?’

'મૈંને યે ભી કહા થા..' હવે છપ્પનના ચહેરા પર શરારત સ્પષ્ટ વંચાતી હતી, 'મૈં ખુદ કુછ સમઝું તો ના? એ જ્યારે મને મળે છે ત્યારે અલગ અલગ ચહેરો લઈને આવે છે. એ ઓછામાં ઓછું બોલે છે. વો આદમી હૈ યા ઔરત... મને કંઈ જ ખબર નથી. આજે એ દેહાતી લૌંડિયા થઈને આવ્યો, આવતીકાલે સોનિયા ગાંધી કે બરાક ઓબામા બનીને આવે તો ય મને હવે આઘાત નથી લાગવાનો'

'પર યાર યે કૈસે હો સકતા હૈ?' અદમ્ય આવેગનો માર્યો ત્વરિત સફાળો ઊભો થઈને ભીંત પર હથેળી પછાડી બેઠો, 'અબ મત બોલના મૈંને યે ભી કહા થા...' છપ્પનની સામે તાકીદભરી આંગળી તાકીને તેણે કહ્યું, 'યે મૈં અપને આપ સે પૂછતા હૂં...'

'બહેતર હૈ કિ તૂ ખુદ ઈસે હી પૂછ લે...' છપ્પનસિંઘે પૂંઠ તળે દબાવેલો કાગળ કાઢતાં કહ્યું 'મૌકા ભી બહોત જલ્દ આનેવાલા હૈ...'

તેના હાથમાં કાગળ જોઈને હાથમાં સાપ વીંટળાયો હોય તેમ ત્વરિતે ઉશ્કેરાટભેર હાથ વીંઝીને કાગળ ઝડપી લીધો. દૂબળી આદમી છે કે ઔરત તેના આઘાતમાં તે આ ચિઠ્ઠી જ વિસરી ગયો હતો. ચિઠ્ઠીમાં લખ્યું હતું,

'શાબ્બાશ છપ્પન બાદશાહ... માન ગયે ઉસ્તાદ...' ત્વરિતે ફરીથી બંને વાક્યો વાંચ્યાં. પ્રયત્નપૂર્વક અક્ષર બગાડવાનો આબાદ પ્રયાસ થયેલો તેને વર્તાતો હતો.

તેણે આગળ વાંચ્યું, 'ડિંડોરીની એ મૂર્તિ કોઈ મુશ્કેલ તો ન હતી, પણ મારા માટે તેની જરૂરિયાત બહુ હતી... વાહ બાદશાહ... કહેને કી જરૂરત નહિ કિ મૂર્તિ અબ મેરે પાસ હૈ... પણ આ વખતે તારું મહેનતાણું ઉધાર રહ્યું માનજે...' ત્વરિતને તરત યાદ આવ્યું કે પેકેટમાં તો નોટોનાં બંડલ પણ હતા. તેણે સવાલિયા નજરે છપ્પન ભણી જોયું અને ફરીથી ચિઠ્ઠીમાં નજર પરોવી.

'નવો ટાર્ગેટ ડિફિકલ્ટ છે... બોલે તો, બહોત ડિફિકલ્ટ.' ઓહ માય ગોડ... ત્વરિતની ધ્રૂજતી હથેળીમાં પસીનો વળવા લાગ્યો હતો... આ સાલો તો નવી ચોરીનું સરનામું ય આપી રહ્યો હતો... 'રાજસ્થાન અને પાકિસ્તાનની બોર્ડર પર જેસલમેરથી ઉત્તર દિશામાં 48 કિલોમીટર દૂર ડેરા સુલતાનખાઁ નામનો નાનકડો કસબો છે. આખો વિસ્તાર બોર્ડર સિક્યોરિટી ફોર્સના હવાલે છે, પણ ડેરા સુલતાનખાઁથી દોઢ કિલોમીટર દૂર રણમાં કેશાવલિ માતાનું મંદિર બહુ જાણીતી જગ્યા છે. ત્યાં ત્રણ મૂર્તિ છે તેમાં ડાબેથી પહેલી મૂર્તિ મારે જોઈએ છે.' આટલું વાંચતાં જ ત્વરિતને રૂંવે રૂંવે સન્નાટો ભોંકાવા લાગ્યો.. સાલો, શું હોમવર્ક કરી આવતો હતો...

'જાનતા હૂં કિ રિસ્ક બહોત જ્યાદા હૈ... ખર્ચ પણ વધી જવાનો. આ દોઢ લાખ રૂપિયા ખર્ચ પેટે એડવાન્સ માનજે. આ મૂર્તિની કિંમત પણ તું માંગે એટલી. કિસી ભી કિંમત પર યે મૂર્તિ મુઝે ચાહિયે. બીએસએફની ચોકી જડબેસલાક છે એટલે જ આ વખતે હું ત્યાં જઈને તારા માટે ફોટા લાવી શક્યો નથી, પણ તારી કાબેલિયત પર મને ભરોસો છે. ડાબી દિશા કઈ અને જમણી બાજુ કઈ એ શોધીને પહેલી મૂર્તિ પસંદ કરવામાં તું ગોટે ચડી જઈશ એવો મને ડર છે, પણ...'

પછીનું વાક્ય વાંચીને ત્વરિતને પેટ પર ગરોળી ફરતી હોય તેવી કમકમાટી છૂટી ગઈ. તેણે ફરીથી વાક્ય વાંચ્યું, '...પહેલી મૂર્તિ પસંદ કરવામાં તું ગોટે ચડી જઈશ એવો મને ડર છે, પણ ડો. ત્વરિત કૌલ એ મૂર્તિ આસાનીથી ઓળખી જશે... ત્વરિત, તારી કાબેલિયત પર પણ મને ભરોસો છે. ગૂડ લક બોય્ઝ...'

*** *** ***

પોતે છપ્પનની સાથે છે એટલું જ નહીં, નામ-ઠામ અને કામ સહિત દૂબળી પોતાને ય જાણી ચૂક્યો છે તેના અહેસાસમાત્રથી ત્વરિત અવશપણે સોફા પર પટકાઈ ગયો હતો. મધરાત થવા આવી હતી. બહાર ધીમી ધારે વરસાદ શરૂ થઈ ગયો હતો. ધાબાની રોજિંદી ચહલપહલ જંપી ગઈ હતી. સિવાય કે, કેકવો હાજર હોય ત્યારે હરઘડી ગાતો રહેતો યેશુદાસ...

ધાબાના છાપરે ગોઠવેલા સ્પીકર પરથી ગીત પોકારી રહ્યું હતું, ‘ગોરી તેરા ગાંવ બડા પ્યારા... મૈં તો ગયા મારા.. આ કે યહાં રે.. આ કે..’

ત્વરિતે બળપૂર્વક બેય હાથ કાન ફરતા ભીંસી દીધા.

*** *** ***

Science does not need mysticism and mysticism does not need science, but man needs both

(વિજ્ઞાનને રહસ્યવાદની જરૂર નથી અને રહસ્યવાદને વિજ્ઞાનની જરૂર નથી, પરંતુ માણસને તો એ બંનેની આવશ્યકતા છે)

ફ્રિત્ઝોફ કાપ્રાની બુક ‘ધ તાઓ ઓફ ફિઝિક્સ’નું આ વાક્ય વાંચીને એ ફરીથી સ્તબ્ધ થઈ ગયો.

વિજ્ઞાનના વિદ્યાર્થી તરીકે એ ઈશ્વર, મંત્ર-તંત્ર, સાધના-પ્રાર્થના વગેરેથી હંમેશાં દૂર રહ્યો હતો અને એ બધાને તે નબળા મનની અંધશ્રદ્ધા માનતો રહ્યો હતો. વિજ્ઞાનની નજરે સત્ય ફક્ત એ જ છે, જે પ્રેક્ટિકલને થિયરીમાં સમજાવી શકે અથવા તો થિયરીને પ્રેક્ટિકલ વડે સાબિત કરી શકે.

પ્રાચીન ભારતીય તત્ત્વચિંતન એ જ વાતને કાર્ય-કારણ સંબંધ વડે સમજાવતું હતું. ભારતીય દર્શન એવું કહેતું હતું કે, દરેક કાર્ય થવા પાછળનું કોઈ નિશ્ચિત કારણ હોય જ છે અને દરેક કારણને ચોક્કસ કાર્યમાં અચૂક ઢાળી શકાય છે. તો પછી, આ હજારો વર્ષ જૂનો કહેવાતો વામપંથ, આ મૂર્તિઓ, મૂર્તિઓ પર અંકિત થયેલા મનાતાં ચોક્કસ ચિહ્નો શું હોઈ શકે? આધુનિક વિજ્ઞાન જેને પામી ન શકે એવા કોઈ સવાલનો એ જવાબ હશે? જો એ જવાબ હોય તો મૂળ સવાલ શું હોઈ શકે?

પોતાના જ મનમાં ઊઠતા પ્રશ્નોના ઝંઝાવાતથી ત્રાસીને તેણે માથું ધૂણાવી નાંખ્યું.

‘પેગ બનાવ..’ ઓર્ડરલીને સૂચના આપીને બુક વચ્ચે આંગળી મૂકી તે હવામાં તાકી રહ્યો.

એસપીને તો તેણે રિપોર્ટ કરી દીધો હતો એટલે હવે હેડ ક્વાર્ટરમાંથી કોઈ પૂછપરછ થવાની ન હતી, પણ તેના જીવને ચેન પડતું ન હતું. રાત્રે ક્લબમાંથી એ વહેલો આવી ગયો એથી તેના અંગત સ્ટાફને ય નવાઈ લાગી હતી.

ગમે તેવું કામ હોય તો પણ રોજ સાંજ ઢળે એ પહેલાં ઓફિસર્સ મેસમાં જઈને સ્ક્વોશ રમવાનું એ ભાગ્યે જ એવોઈડ કરતો. અહીં તેને કોઈની કંપની ખાસ ગમતી નહીં. ઓછાબોલા અને કંઈક અંશે અંતર્મુખીની છાપ ધરાવતા રાઘવને ચોવીસે કલાક અધિકારીના ઠાઠમાં જ રહેતાં અને પોતપોતાના ખાતા સિવાયની જાણે બીજી કોઈ દુનિયા જ ન હોય તેમ ગોસિપિંગમાં મશગૂલ રહેતાં સિનિયર ઓફિસર્સ સાથે બહુ સોરવતું નહીં.

પણ કલેક્ટરેટમાં નવી આવેલી બિરવા અસનાનીએ ક્લબમાં આવવાનું શરૂ કર્યું પછી ક્લબની રંગત વધી હતી. શરૂઆતમાં બિરવા સાથે સ્માઈલ કે હાઈ- હેલ્લોથી આગળ વાતચીત કરવાનું તેણે ટાળ્યું હતું, પણ એક દિવસ તેના હાથમાં અર્નેસ્ટ હેમિંગ્વેની બુક જોઈ ત્યારે તેનાથી સહજ

રીતે પુછાઈ ગયું હતું, 'ઓવ્વ, સો યુ રીડ ઈટ?'

છંછેડાયેલી બિરવાએ વીંધી નાંખતી નજરે તેને વળતો સવાલ ફેંક્યો હતો, 'એમ આઈ કીપિંગ ઈટ જસ્ટ ટૂ શો ઓફ્..?'

એ પછી ઓછાબોલા રાઘવ અને આખાબોલી બિરવા વચ્ચે કેમિસ્ટ્રી વધતી ચાલી હતી.

'ડૂ યુ નો એનિથિંગ અબાઉટ વામપંથ?' આજે બિરવા કંઈક પોએટ્રીની વાત કરી રહી હતી અને પોતાના જ વિચારોમાં મગ્ન રાઘવે અચાનક પૂછી નાંખ્યું હતું. '

વામપંથ?' રાઘવે અચાનક જ વાતનો વિષય બદલ્યો એટલે બિરવાને અચરજ થયું, 'યુ મીન પોલિટિકલી લેફ્ટ? કમ્યુનિસ્ટ?'

'ઓહ્ નો..' ઘડીભર રાઘવને ય થઈ આવ્યું કે તેણે ખોટી જગ્યાએ વાત માંડી હતી, 'આઈ વોઝ ટોકિંગ અબાઉટ ઈન્ડિયન માયથોલોજી.' બિરવા કશું જ નથી જાણતી એવું સમજાયા પછી રાઘવે હમણાં પોતે જે શીખ્યો તેનું જ્ઞાન પ્રદર્શિત કરવા માંડ્યું, 'દક્ષિણ એટલે જમણું. વામ એટલે ડાબું. શિવનાં બે સ્વરૂપ હોય, કલ્યાણકારી અને રૌદ્ર. શિવના વિનાશકારી સ્વરૂપને પૂજે એ વામપંથી કહેવાય...' બિરવા મુગ્ધ ઉત્સુકતાથી સાંભળતી રહી.

- પણ પછી તરત રાઘવ કંટાળ્યો. તેને પોતાને ય કહેવામાં નહી, સાંભળવામાં રસ હતો. મનમાં ઊઠતા સવાલોના જવાબ મેળવવામાં રસ હતો. એક માણસ તદ્દન જર્જરિત અને પહેલી નજરે સાવ નકામી લાગતી મૂર્તિ ચોરે, એ ચોરવા માટે કાચ પાયેલા દોરા, લાકડાના ધારદાર ટુકડા જેવો સરંજામ વાપરે... રહી-રહીને તેના મનમાં વીજળીના ઝાટકાની માફક સવાલોના આંચકા લાગ્યા કરતા હતા.

થોડો સ્ટડી કરવાનો છે એમ બિરવાને કહીને તે ક્લબમાંથી વહેલો નીકળી ગયો, પણ ઘરે આવીને ય તેનો અજંપો બેવડાતો હતો.

ગ્લાસમાં રેડાતા જેક ડેનિઅલ્સ વ્હિસ્કીના અવાજથી તેનું ધ્યાન ખેંચાયું. ઓર્ડરલીને જવાનો ઈશારો કરીને તેણે જાતે જ ગ્લાસમાં ત્રણ આઈસક્યૂબ નાંખ્યા અને બરફની પારદર્શક સફેદી પર એકાકાર થતા જતા વ્હિસ્કીના કેફી બદામી રંગને તે જોતો રહ્યો.

આવી જ એક ચોરી વિશે તેણે ક્યાંક વાંચ્યું હતું. કદાચ હરિયાણાનો કોઈક કેસ હતો કે પછી કદાચ પંજાબનો કે ઉત્તરપ્રદેશનો... તેને બરાબર યાદ આવતું ન હતું. એ કેસમાં તેને રસ પડ્યો હતો, કારણ કે ચોરીના અહેવાલમાં પણ મૂર્તિ ચોરનારાએ વાપરેલા દોરીના ટુકડા, લાપી-ચૂનાની લૂગદી વગેરે જેવા સરંજામનું આશ્ચર્ય વ્યક્ત થયું હતું.

ડો. ત્વરિત કૌલે તેને કહ્યું હતું કે થાળામાંથી મૂર્તિ ઉખાડવાની આ કોઈ વૈજ્ઞાનિક કે પ્રચલિત રીત તો ન હતી. તો પછી બંને મૂર્તિઓ ચોરનારો એક જ માણસ હશે? મોડસ ઓપરેન્ડી તો લગભગ સરખી જ હતી. વ્હિસ્કીનો મોટો ઘૂંટ ગળા હેઠળ ઉતારીને તે સફાળો ઊભો થયો અને લેપટોપમાં ઈન્ટરનેટ જોડ્યું. ગૂગલમાં જઈને તેણે હરિયાણા આઈડોલ થેફ્ટ, એન્શ્યન્ટ સ્કલ્પ્ચર, વામપંથી આઈડોલ થેફ્ટ એવા કિ-વર્ડ નાંખીને સર્ચ કરવા માંડ્યું અને એમ જ તેને જોઈતા સમાચાર મળી ગયા.

ચંડીગઢથી પ્રકાશિત થતા ધ ટ્રિબ્યુનના એ સમાચાર મુજબ, આજથી અઢી મહિના પહેલાં હરિયાણાના કર્નાલ જિલ્લાના કરારા ગામ પાસેના એક પહાડ પર આવેલી બૌદ્ધકાલીન ગુફામાંથી એક મૂર્તિ ચોરાઈ હતી. ઘટનાસ્થળેથી કાચની બારીક ભૂકી માંજેલા મજબૂત દોરાના ત્રેવડો વળ ચડાવેલા ત્રણ-ચાર કટકા, લાપી-ચૂનાની પેસ્ટના સુકાયેલા લચકા મળી આવ્યા હતા. મૂર્તિ જ્યાં જડાયેલી હતી એ દીવાલ પર મૂર્તિ ઉખેડતા પહેલાં ચોરે કોઈક અજીબ

તરકીબથી નીચે લાપી-ચૂનાની પેસ્ટ ભરી હોવાનું જણાતું હતું.

અહેવાલમાં આટલી જ વિગત હતી. પછી શું થયું? એ ચોર ઝડપાયો? તપાસમાં શું જાણવા મળ્યું? શકમંદો કોણ હતા? તેના મનમાં ઉપજતા આ દરેક સવાલો સામે કમ્પ્યૂટરના સ્ક્રીન પર ધ ટ્રિબ્યુનની વેબસાઈટ મૌન હતી.

વ્હિસ્કિનો પેગ એકઝાટકે પૂરો કરીને તેણે તરત ઈન્ફર્મેશન પ્રોટોકોલની પોલીસ ડાયરી કાઢી અને તેમાંથી હરિયાણા હોમ મિનિસ્ટ્રીના પીઆરઓનો નંબર જોડ્યો. પીઆરઓ પાસેથી મળેલી માહિતી મુજબ, કરારા ગામની એ ચોરીની તપાસ જે.ડી. અહલાવત નામના કોઈ ઈન્સ્પેક્ટરે કરી હતી. તેણે ઘડિયાળમાં જોયું. રાતના અગિયાર વાગ્યા હતા. થોડીક અવઢવ પછી તેણે અહલાવતને ફોન જોડ્યો. સદ્નસીબે અહલાવત ત્યારે ડ્યૂટી પર હતો. રાઘવે પોતાની ઓળખાણ આપી અને આઈપીએસ ટ્રેનિંગ પછી હરિયાણા બેચમાં મુકાયેલા પોતાના કેટલાંક સાથીદારોનો રેફરન્સ પણ આપ્યો એટલે અહલાવત સરળતાથી વાત કરવા તૈયાર થઈ ગયો.

અહલાવત સાથેની વાત દરમિયાન તેને આઈપીએસ ટ્રેનિંગ વખતે પોલીસના ઈન્ટ્રોગેશન માટે કહેવાતો એક જોક યાદ આવી ગયો.

એક વાર દેશભરના પોલીસની કાર્યક્ષમતા નક્કી કરવા માટે દિલ્હીમાં સ્પર્ધા થઈ. દરેક પ્રાંતોના પોલીસને કહેવામાં આવ્યું કે તેમણે વાઘ કે સિંહ પકડી લાવવાના હતા. જે સૌથી પહેલાં પકડી લાવે તેને ઈનામ. બધા રાજ્યોના પોલીસ તો સડસડાટ ભાગ્યા. કોઈકે સિંહને શોધવા ગુજરાતના ગીરના જંગલ તરફની દિશા લીધી તો કેટલાક વાઘને શોધવા સુંદરવન ભણી દોડ્યા. નિર્ણાયકોએ જોયું કે પંજાબ-હરિયાણાની પોલીસ આરામથી ટહેલતી ટહેલતી બાજુની ગલીમાં ગઈ હતી. બધાને સ્પર્ધા જીતવાની ઉતાવળ હતી તો આ લોકો કેમ આરામથી ખાણી-પીણી પતાવીને કોઈ વાહન લીધા વગર નીકળ્યા એવા આશ્ચર્યથી નિર્ણાયકોએ જોયું તો બાજુની ગલીમાં થાંભલાં સાથે બાંધેલાં ત્રણ-ચાર ગધેડાંને પોલીસ બેરહેમીથી ફટકારીને કબૂલાત કરાવી રહી હતી, 'બોલ તૂ શેર હૈ... બોલ...'

નવા ઓફિસરોને તાલીમ આપવા આવેલા સિનિયરે ઈન્ટ્રોગેશન માટે કહ્યું હતું એ જોક જ હતો, પણ અહલાવત સાથેની વાતચીત પછી એ જ ખરી વાસ્તવિકતા હોવાનું રાઘવને લાગ્યું.

'એ કેસમાં ખાસ કંઈ દમ ન હતો સરજી... મૂર્તિ બહુ મામૂલી હતી અને એ ગુફામાં ય કોઈની ખાસ આવ-જા હોતી નથી, પણ એ ગુફા અને આસપાસનાં મંદિરોની દેખભાળ કરતી ખાપ પંચાયત જરા વજનદાર છે એટલે તપાસ કરવી પડી. અધરવાઈસ...'

'અને મૂર્તિ પાસેથી મળેલી કેટલીક ચીજવસ્તુઓ?'

'હા, જાડા-ધારદાર દોરાના આઠ-દસ મોટા ટુકડા ત્યાં દીવાલમાં ભરાયેલા મળ્યા હતા. એ સિવાય દીવાલ પર લાપી-ચૂનો એવા મટીરિયલ્સની સાઈન પણ મળી હતી'

'મૂર્તિ મામૂલી હતી એવું તમે કઈ રીતે ડિસાઈડ કરી લીધું?' રાઘવને લાગ્યું કે, હરિયાણા હોય કે મધ્યપ્રદેશ, પોલીસફોર્સની માનસિકતા તો બધે સરખી જ હોય છે.

'માફ કિજિયે સરજી, આપ તો જાનતે હૈ કિ કુછ વારદાત પહેલે સે હી ડિસાઈડ કર દેની પડતી હૈ.' પછી અહલાવત ખડખડ અવાજે ગંદું હસ્યો અને તેણે ઉમેર્યું, 'હવે તો ચોર પોતે જ સ્વીકારી ચૂક્યો છે કે એ મૂર્તિ મામૂલી જ હતી અને જૂની મૂર્તિના ખરીદાર આસાનીથી મળી આવે એમ ધારીને તેણે ઉઠાવી હતી...'

'વ્હોટ્..?' ઉશ્કેરાટના કારણે રાઘવ પોતાના અવાજ પર અંકુશ ન રાખી શક્યો, 'એ ચોર પકડાઈ ગયો છે?'

સામા છેડે અહલાવત ઘડીક ચૂપ રહ્યો. પછી તેણે દબાતા અવાજે કહ્યું, ‘બસ યૂં હી સમજ લિજિયે...’

‘મતલબ?’ રાઘવની કશ્મકશ બેવડાતી હતી.

‘સરજી, આપ હમારે સિનિયર્સ કે દોસ્ત હૈ તો આપ સે ક્યા છિપાના..’ અહલાવતના અવાજમાં હવે સાલસતા વર્તાતી હતી, ‘આવી વાહિયાત ચોરીના કેસ સોલ્વ કરવામાં કંઈ મગજ ખરાબ કરવાનું ન હોય. આવા કેસમાં આપણે સૌ ઉપરછલ્લું ઈન્વેસ્ટિગેશન કરીને ફાઈલ અભેરાઈએ ચડાવી દઈએ. પછી બીજા કોઈ કેસમાં કોઈ ચોર ઝડપાય ત્યારે તેના નામે આ ચોરી પણ ચડાવી દઈએ. મૈંને ભી ઐસા હી કિયા...’

‘અરે, પણ ખરો ચોર...’ ખાખી વર્દીની નિંભરતા અનુભવીને રાઘવને માથું પટકવાનું મન થઈ આવતું હતું.

‘ખરો ચોર પકડાયો નથી, પણ... પકડાઈ ગયો છે... બસ યૂંહી સમજ લિજિયે..’ પછી હળવો ઠહાકો મારીને તેણે રાઘવને ય સલાહ આપી દીધી, ‘આપ ભી ઐસા હી કિજિયે...’

કંટાળેલા રાઘવે તેને પોતાનો નંબર આપીને એ મૂર્તિના ફાઈલ ફોટોગ્રાફ્સ અને ચોરી પછીના ફોટો વગેરે વ્હોટ્સએપ પર મંગાવીને વાત પૂરી કરી. વ્હિસ્કીના બીજા બે પેગ ગળા નીચે ઉતાર્યા પછી હવે માંડ તેનું મગજ શાંત પડ્યું હતું. ઓર્ડરલી ટેબલ પર તેની થાળી તૈયાર કરી રહ્યો હતો. તે જમી રહ્યો એટલી વારમાં અહલાવતે ફોટોગ્રાફ મોકલી આપ્યા હતા.

વ્હોટ્સએપ પર આવેલા ફોટા તેણે એન્લાર્જ કરીને ધ્યાનથી જોયા. પથ્થર પર કોરેલી આટલી અસ્પષ્ટ, જર્જરિત મૂર્તિ ચોરવામાં કોઈને શા માટે રસ હોય એ તેને સમજાતું ન હતું, પણ બીજા ફોટોગ્રાફ્સ જોઈને જેક ડેનિયલ્સના ત્રણેય પેગ તેના મગજમાંથી ઊતરી ગયા.

મૂર્તિના થાળા પર જોવા મળતા લાપી-ચૂનાના લપેડા દર્શાવતા ફોટોગ્રાફ્સ બિલકુલ એવા જ હતા જેવા તેણે ડિંડોરીના દેવાલયમાં ઉખડેલી મૂર્તિના થાળા પર જોયા હતા. મૂર્તિ ચોરવાનું કારણ ગમે તે હોય, મૂર્તિ ગમે તેવી તિલસ્મી હોય કે ન હોય, ચોરનારો માણસ તો એક જ છે... તેના હોઠ દૃઢતાથી દાંત તળે ભીંસાઈ રહ્યા હતા. ફરીથી તેણે હરિયાણાની એ મૂર્તિ અને ડિંડોરીની ચોરાયેલી મૂર્તિના જૂના ફોટા મેચ કરવા પ્રયાસ કર્યો. ફોટા ઊંધા-ચત્તા, વાંકાચૂંકા કરીને તે આંખો ફાડી-ફાડીને જોતો રહ્યો. ક્યાંય કશું તેને સમજાતું ન હતું.

તેણે ઊંડો નિ:શ્વાસ નાંખીને મોબાઈલ બેડ ઉપર ફગાવ્યો. શરીરને તંગ કરીને આળસ મરડી અને લમણાં પર હાથ ભીંસીને છતને તાકી રહ્યો.

શાસ્ત્રીજીને આ ફોટા બતાડવા પડશે... મનોમન બબડીને તેણે ઘડિયાળમાં જોયું. સવાર પડવાને સાલી હજી ખાસ્સી વાર હતી.

*** *** ***

ચોમાસાની સવારનો ભીનો અજવાસ આંજીને ડિંડોરી હજુ આળસ મરડી રહ્યું હતું ત્યારે જિપ્સી વાન ગામના પાદરમાં દાખલ થઈ ગઈ હતી. દૂર ટેકરીઓ પરથી ખેતર ભણી વહી આવતો પાણીનો નાનકડો ઝરો, જ્યાંત્યાં ભરાયેલાં ખાબોચિયાં, ભીની માટીના કાદવમાં લપેટાતી ઢોરના છાણની ગંધ, સડકની પેલી તરફ ખુલ્લામાં લાઈનબંધ હાજતે બેસીને એકબીજા પર કાંકરીદાવ રમી રહેલાં નાગાંપૂગાં ટાબરિયાં અને અહીં પુરોહિતવાડામાં તુલસીના ક્યારા પાસે પ્રગટાવેલા દીવડાંની, પવનની લપડાકે તરફડતી જ્યોત.. રાઘવે ડેલાના ઢાળ પાસે ગાડી થંભાવી.

અંદર ઓસરી પર મોટા બોઘરણામાં વલોવાતા વલોણાનો ફફડાટી જેવો અવાજ છેક અહીં સુધી સંભળાતો હતો. સીધા અંદર જવું કે બહારથી હાક મારવી તેની અવઢવમાં રાઘવ ઘડીક ત્યાં જ ઊભો રહ્યો.

'કિસકા કામ...' ડેલાની બાજુની નાનકડી ડોકાબારીમાંથી ગરદન બહાર કાઢીને દાતણની ઉલ ઉતારી રહેલા એક માણસે તેને પૂછ્યું એટલે રાઘવ એ દિશામાં ફર્યો, 'અરે.. સાહબ આપ?' આટલું કહીને તેણે તરત ગરદન અંદર ખેંચી. રાઘવ કશું સમજે એ પહેલાં ગમછાથી હાથ-મોં લૂછતો એ બહાર આવ્યો, 'આઈએ સા'બ... ઘડીક તો હું ઓળખી ન શક્યો...'

એ ડિંડોરી દેવાલયનો પૂજારી હતો. ટૂંકા પહેરણ અને ઊભી લીટીવાળા પાયજામામાં 'ઓપતા' પૂજારીને ઘડીક રાઘવ પણ ઓળખી શક્યો ન હતો.

'માફ કિજિયે...' તેણે કંઈક ક્ષોભથી કહેવા માંડ્યું, 'બિના બતાયે હી ઈતની જલ્દી ચલા આયા...' સવાર પડે અને કોઈકને મોકલીને શાસ્ત્રીજીની અનુકૂળતા પુછાવી શકાય એટલી રાઘવને ધીરજ ન હતી.

જેક ડેનિયલ્સના ત્રણ પેગ પછી ય તેને ઘેન વર્તાતું ન હતું અને રાતભર પથારીમાં તેણે પડખાં ઘસ્યાં હતાં. આંખ જરાક મીંચાતી હતી અને તેને ઘડીકમાં ડિંડોરીની મૂર્તિ દેખાતી હતી તો ઘડીક હરિયાણાની એ ચોરાયેલી મૂર્તિના ગળા ફરતા વીંટળાયેલો કાચ પાયેલા દોરાનો હારડો દેખાતો હતો.

સવારે રોજની આદત મુજબ એ સાડા પાંચે ઊઠી ગયો. ઘરે થોડીક વોર્મઅપ એક્સર્સાઈઝ કરી. પંદરેક મિનિટ સ્ટેશનરી સાઈકલ ચલાવી. ટ્રેક સૂટ પહેરીને જોગિંગ પર નીકળતો હતો ત્યાં અચાનક જ વિચાર બદલીને ગાડી મારી મૂકી ડિંડોરીની દિશામાં...

'શાસ્ત્રીજી કૈસે હૈ?' ઉત્સુકતાનો માર્યો એ સવારના પહોરમાં આવી તો ચડ્યો પણ અહીંનો માહોલ જોઈને હવે રાઘવને ય સંકોચ થતો હતો.

'શાસ્ત્રીજી કી અબ ઉમર હો ગવઈ તો...' પૂજારીએ વેકરા વચ્ચે જાસૂદ- કરેણના ક્યારા પાસે ખાટલો પાથર્યો, '..થોડા-બોત ચલતા હી રૈતા હૈ.'

એટલી વારમાં એક ટાબરિયો પાણી ભરેલો પિત્તળનો લોટો ય આપી ગયો અને થોડી વાર પછી ઘૂમટો તાણેલી એક ઓરત સ્ટીલની રકાબીમાં ગરમ ગરમ વરાળ કાઢતી ચા ય પીરસી ગઈ. પંદર-વીસ મિનિટ પછી શાસ્ત્રીજી પૂજાપાઠમાંથી પરવાર્યા અને રાઘવને સન્મુખ થયા.

'શાસ્ત્રીજી...' તબિયતની અને હવામાનની ને એવી બધી ઔપચારિક વાતો પછી આખરે રાઘવે -ખિસ્સામાંથી મોબાઈલ કાઢ્યો, 'મૈં બહોત શરમિંદા હૂં ઐસે વક્તપે આને કે લિયે, લેકિન..' તેણે વાક્ય પૂરું કર્યા વિના જ શાસ્ત્રીજીની સામે જોયું. ડગમગતી ગરદન પરાણે સ્થિર રાખીને કરચલિયાળા ચહેરે શાસ્ત્રીજી તેની સામે માયાળુ સ્મિત વેરી રહ્યા હતા.

'અહીં જે રીતે મૂર્તિ ચોરાઈ છે એવી જ રીતે હરિયાણાના એક પુરાતન મંદિરમાંથી ય થોડાંક સમય પહેલાં મૂર્તિ ચોરાઈ હતી..' રાઘવે એ બંને ચોરી વચ્ચેનું સામ્ય અને પોતાની શંકા જતાવીને મોબાઈલના સ્ક્રીન પર દેખાતા ફોટોગ્રાફ શાસ્ત્રીજીની સામે ધર્યા, 'આપ કહે પાયેંગે... આ બેય મૂર્તિમાં કંઈ સામ્ય હોય તો?'

શાસ્ત્રીજીએ પૂજારીની સહાયતાથી મોબાઈલના સ્ક્રીનને ઝીણી આંખે તાક્યા કર્યો. ઘડીક આંખ આડે હાથનું નેજવું કર્યું. ઘડીક અજવાસની વિરુદ્ધ દિશામાં મોબાઈલ ધર્યો. રાઘવની આંખોમાંથી ઉત્સુકતાની ધાર થઈ રહી હતી.

‘આમ તો મને કંઈ સમજાતું નથી...’ શાસ્ત્રીજીએ આંખોમાં આવી ગયેલું પાણી લૂછતાં કહ્યું, ‘મૂર્તિઓ તો બધી એક જેવી જ લાગે. તફાવત શોધવો આસાન નથી હોતો. મારા જેવો માણસ જો એ તફાવત પારખી જતો હોય તો પછી એ મૂર્તિનું મહત્ત્વ જ શું રહ્યું?’

‘...પણ હરિયાણાની આ મૂર્તિ ય વામપંથી હોઈ શકે એવું કહી શકાય?’ રાઘવના મગજમાં વામપંથનો વંટોળિયો ઘૂમરાયા જ કરતો હતો.

‘મેં પહેલાં જ કહ્યું હતું કે, એ મારો વિષય નથી. ડિંડોરીની આ મૂર્તિઓ વામપંથી હોઈ શકે એવું મેં મારા વડવાઓ પાસેથી સાંભળ્યું છે. કઈ મૂર્તિ વામપંથી છે, શા માટે એ વામપંથી છે એ તો કોઈ નિષ્ણાત જ કહી શકે. એવું જ આ મૂર્તિનું.’ શાસ્ત્રીજીએ સહેજ ગરદન ઊંચકીને પૂજારીની તરફ જોયું, ‘મંદિરમાં પેલા ભાઈ આવે છે તેમની સાથે સાહેબની ઓળખાણ કરાવ ને... એ કદાચ કંઈક જાણતા હોય તો...’

‘ક્યા ભાઈ?’ પૂજારી ઘડીક શાસ્ત્રીજીની સામે અવઢવમાં જોઈ રહ્યો અને પછી અચાનક ઝબકારો થયો હોય તેમ તેણે કહ્યું, ‘અરે વો... અરે હાં, ઓ સા’બ કો તો મિલા દિયો.’

‘કોની વાત કરો છો?’ રાઘવને હવે ઉત્તેજનાની કીડીઓના ચટકારા ચડતા હતા.

‘અરે વો કસ્મીરવાલે સા’બ.. પરસોં આપ કો મિલાઈયો ના? ઓ મૂર્તિ કા ઈસ્ટાડી કરને આતે હૈ..’

માય ગોડ... રાઘવના ચહેરા પર અચરજ વીંઝાઈ ગયું. આ તો ત્વરિતની વાત કરે છે, ‘ડો. ત્વરિત કૌલ? એ અહીં આવતો હતો? શાસ્ત્રીજીને એ મળ્યો છે?’

‘હા એ જ...’ પૂજારી જવાબ વાળે એ પહેલાં શાસ્ત્રીજીએ જ હકારમાં ગરદન હલાવી દીધી, ‘ઉંમરમાં નાનો છે પણ મૂર્તિઓનો અભ્યાસ સારો છે.’

‘એ વામપંથી મૂર્તિઓ વિશે જાણે છે?’ રાઘવ ભારે પ્રયત્નપૂર્વક સમગ્ર ગુત્થીના છેડા સુધી આવી ગયાનો ઉન્માદ ચહેરા પર આવતો રોકી રહ્યો હતો.

‘એ તો મને ખબર નથી, પણ મૂર્તિઓનો સમયગાળો, તેની રચનાનો પ્રકાર, તેનો હેતુ વગેરે તેમના સંશોધનના વિષયો હોય છે એવું એ કહેતો હતો. ડિંડોરીની મૂર્તિઓ મંદિરથી ય વધારે પ્રાચીન હોવાનું તે માનતો હતો. મારી સાથે ય બે-ચાર વાર ચર્ચા કરી ગયો છે. મેં તેને કહ્યું હતું કે આ મૂર્તિ પુરાતન છે, કંઈક ભેદી ય હોવાનું મારા વડવા કહેતા હતા, પણ એ માનતો ન હતો. તે કહેતો હતો કે એવા તો કંઈક ગપગોળા હોય.’ શાસ્ત્રીજીએ મંદ સ્મિત કરીને ધ્રૂજતા હાથે હવામાં સંમતિ વેરી.

પાછા ફરતી વખતે રાઘવનો પગ એક્સલરેટર પર અથડાતો હતો, હાથ સ્ટિઅરિંગ પર યંત્રવત્ ફરતો હતો અને દિમાગમાં સવાલોનો દાવાનળ પ્રગટ્યો હતો. તેણે ત્વરિતનું આટલું ડિટેઈલ્ડ ઈન્ટ્રોગેશન કર્યું તેમાં તેણે એમ કેમ ન કહ્યું કે તે દુર્ગાશંકર શાસ્ત્રીને મળ્યો છે? વામપંથી મૂર્તિ વિશે સ્પષ્ટ રીતે તેને પૂછ્યું ત્યારે તો તે શાસ્ત્રીજીનો ઉલ્લેખ કરી જ શક્યો હોત? છેલ્લે જ્યારે તેણે ગામલોકોની પાંડવકાલીન મંદિર હોવા વિશેની માન્યતા અંગે સવાલ કર્યો ત્યારે પણ તે બોલી શક્યો હોત. તો શું ત્વરિતે જાણીજોઈને શાસ્ત્રીજી સાથેની તેની મુલાકાત છુપાવી હતી? વધુ સવાલોથી બચવા માટે તેણે શાસ્ત્રીજીનો ઉલ્લેખ કરવાનું ટાળ્યું હતું? કે પછી પોતે શાસ્ત્રીજી વિશે ન પૂછ્યું એટલે સહજ રીતે જ તેણે ય કંઈ ન કહ્યું?

અકળાયેલા રાઘવે બ્રેકપેડલ પર પગ સજ્જડ દબાવ્યો એ સાથે ભીની, કાચી સડક પર ચિચિયારી સાથે મોટો લિસોટો પાડતી જિપ્સી ઊભી રહી ગઈ. જિપ્સીના હૂડ ફરતો હાથ ભીંસીને ક્યાંય સુધી તે વિચારતો રહ્યો. મનોમન ગણતરીઓ માંડતો રહ્યો અને પછી

ખિસ્સામાંથી મોબાઈલ કાઢીને કોન્ટેક્ટ લિસ્ટમાં એક નામ શોધ્યું...
ઝુઝારસિંઘ મલ્હાન...

*** *** ***

ખુરસી પર પગ ચડાવીને એ એવી રીતે બેઠી હતી જાણે મિસરની મહારાણી હોય. રૂમમાંથી બહાર આવેલો ત્વરિત આ નજારો જોઈને રીતસર ભડકી ગયો હતો. તેને એકલો અહીં છોડીને છપ્પનિયો 'કુછ પ્લાન કરના પડેગા' કહીને વહેલી સવારથી કેકવા જોડે ક્યાંક જતો રહ્યો હતો. આખો દિવસ તેણે બહાર ખુલ્લા ખેતરમાં લટાર મારીને અને આ સાંકડા, ગંધાતા ઓરડામાં ઊંઘીને પસાર કર્યો હતો. આળસ મરડીને તે પથારીમાંથી બેઠો થયો અને ઘડિયાળમાં જોયું. પોણા છ થવા આવ્યા હતા. હવે તો છપ્પન આવ્યો જ હશે એમ ધારીને એ બહાર આવ્યો ત્યારે દાદર ભણી ફંટાતા રવેશ પાસે આ અનહદ રૂપાળી અને મારકણી બલા કોણ બેઠી હતી?

તેણે એ છોકરીની સામે ધારીને જોયું અને પછી અકળામણમાં હાક મારી, 'છપ્પન...'

નીચેથી કંઈ અવાજ ન આવ્યો એટલે તેણે ફરીથી બૂમ પાડી, 'કેકવા...'

'અબ્બી આ રિયે હૈ સરકાર..' ભોંયતળિયેથી છોકરાએ દાદરના કઠેડા ભણી નજર ઊંચકીને જવાબ વાળ્યો.

દૂર ક્ષિતિજ પર ચોમાસાની ગોરંભાયેલી સાંજે વાદળો તળે અથડાતો સૂરજ આથમવા જઈ રહ્યો હતો. આગલી મોડી રાતે પડવો શરૂ થયેલો વરસાદ બપોર થતા થંભી ગયો હતો, પણ ભીની માટીની ઘેનભરી સોડમ ખેતરના ઊભા મોલની લીલાશ ઓઢીને હજુય હવામાં વીંઝાતી હતી. ધાબાની સામેના ચોગાનમાં આઠ-દસ ટ્રક પાર્ક કરીને ત્રણેક ખાટલા પર ડ્રાઈવરો ગંજીપો ચીપી રહ્યા હતા અને સીડી પ્લેયર પર કેકવાના આગમનની છડી પોકરાતો યેશુદાસ ગાઈ રહ્યો હતો, 'ઈન નજારોં કો તુમ દેખોઓઓઓ.. ઔર મૈં તુમ્હેં દેખતે હુએ દેખું... મૈં બસ..'

ત્વરિતે ફરીથી એ છોકરી તરફ જોયું. ત્વરિતની હાજરીની કે નજરની સહેજપણ પરવા કર્યા વગર એ છોકરી બિન્ધાસ્ત ઊભી થઈ. બાજુના ઓરડાના દરવાજા પાસે મૂકેલા જાતજાતના સામાનમાંથી એક થેલો તેણે ઊંચક્યો અને બહારનું ઝીપ પોકેટ ખોલીને અંદરથી કશુંક પડીકું ખેંચ્યું. ત્વરિત તેને શંકાભરી નજરે ધારી-ધારીને જોઈ રહ્યો હતો. પડીકામાંથી તેણે રસીલી સુપારીનાં ચાર-પાંચ પાઉચ કાઢ્યાં. એક પાઉચ તોડીને સીધું જ મોંમાં ઓર્યું અને ત્વરિતની સામે મારકણી આંખોનો માદક ઉલાળો કરીને હસ્કી અવાજે પૂછ્યું, 'ચખોગે સરકાર?'

- અને એક કાચી સેકન્ડમાં ત્વરિત મનોમન ભડકો થઈ ઊઠ્યો. સાલી શું છોકરી હતી...

ઓવલ શેઈપના ગોરા, લિસ્સા ચહેરા પર લસરતી કુમાશ, સહેજ મોટી, ભૂરી આંખોમાંથી અનાયાસે નીતરતું ઈજન, સસ્તી લિપસ્ટિક કરીને વધારે ઘેરા બનાવેલા ભરાવદાર હોઠ, પોનીમાં બાંધેલા બ્રાઉન શેડના રેશમી, લાંબા વાળ, ભડકીલા ઓરેન્જ રંગની તંગ કેપ્રીમાં હાંફતા ચુસ્ત માંસલ નિતંબ અને ખૂલતા ગળાના સ્કિનફિટ ટી-શર્ટમાં છલોછલ ભીંસાતાં સ્તનોનો લલચામણો ઉભાર...

જિંદગીમાં પહેલી વાર કોઈ છોકરીને જોઈ હોય એવી બાઘાઈથી પોતે તાકી રહ્યો છે તેનું ભાન થતાં ત્વરિત થોડોક ઓઝપાયો. એ સાલી એવી જ બેપરવાઈથી ઘાટીલા નિતંબ મટકાવતી ત્વરિતથી પાંચ જ ફૂટ દૂર રવેશમાં આમતેમ ઘૂમી રહી હતી. દૂબળીના નામે પેકેટ આપી ગયેલી છોકરીનો કોયડો હજુ ઉકેલાયો નથી ત્યાં આ નવી છેલબટાઉ કોણ આવી ગઈ?

'હેલ્લો...' દૂબળી અને એ ભેદી દેહાતી છોકરીના સ્મરણમાત્રથી તેના હૈયામાં પડેલો ધ્રાસકો

જીભ વાટે નીકળી ગયો, 'કૌન હૈ તૂ?'

'કૌન, મૈં?' ખિલખિલ અવાજે એ હસી ત્યારે તેના ભર્યાભર્યા ગાલમાં પડતાં ખંજન ઉન્માદનું સરનામું જાણે ચીંધતાં હતાં. ત્વરિતની સામે ફરીને છાતીના ઉભારને તેણે વધુ તંગ કર્યો, નીચલો હોઠ દાંત તળે દબાવીને ભલભલા પુરુષને પગથી માથા સુધી ઝાળ લાગી જાય એવી કેફી ચેષ્ટા કરીને ઉમેર્યું, 'મૈં... તેરી ઔરત!!'

આઘાત અને અચરજના તમામ અર્થોની પેલે પાર જઈને ત્વરિતનું મોં ખુલ્લું રહી ગયું ત્યારે સીડી પ્લેયર પર યેશુદાસ ઊંચા અવાજે જાણે તેને સંભળાવી રહ્યો હતો, 'કસ્તુરી કો ખોજતા ફિરતા મૈં હૂં એક બન્જારા હો બન્જારાઆઆઆ...'

*** *** ***

'ઝુઝારસિંઘ મલ્હાન'

નંબરપ્લેટની જગ્યાએ જડેલા તેના નામના પાટિયાના સ્ક્રૂ કાઢી રહેલા નોકરને તે જોઈ રહ્યો.

'કૌન સા નંબર લગાઉં, હુકુમ?' નંબરપ્લેટનો થપ્પો હાથમાં લઈને નોકરે પૂછ્યું.

'હમ્મ્મ્...' પોમેડ ચોપડેલી કાળી ભમ્મર, ઘાટીલી અને ભરાવદાર મૂછો પર તેણે હળવો હાથ પસવાર્યો અને બેપરવાઈથી કહી દીધું, 'કોઈ ભી લગા લે ના, ક્યા ફરક પડતા હૈ...' એ જે કામ પર જઈ રહ્યો હતો ત્યાં તેને પોતાનું નામ જાહેર કરવાનું ન હતું એટલા પૂરતો જ નંબરપ્લેટનો તેને ખપ હતો.

બ્રાઉન બ્રિચીસની ઉપર ડાર્ક બ્લેક કલરના લોંગ શર્ટનાં તેણે બટન બીડ્યાં અને તાજાં કરાયેલા પોલિશથી ચમકતા લેધર શૂઝ ઉઠાવ્યા. બ્રિચીસ સાથે બાંધેલા હોલ્સ્ટરમાં કોલ્ટ ગન ખોસીને આદત મુજબ તેણે એમ્યુનિશન ચેક કરી લીધું.

કામ પર જતી વખતે ત્રણ ચીજ તેની અનિવાર્યતા બની જતી. કોલ્ટ ગન, નિસ્સાન જોન્ગા ગાડી અને ઓલ્ડ મોન્ક રમની બોટલ ભરેલું ખોખું. આ ત્રણેયનું તેને જબ્બર વળગણ હતું.

જબલપુરની ફેક્ટરીમાં તેણે માથે ઊભા રહીને આ નિસ્સાન ગાડી એસેમ્બલ થતી જોઈ હતી અને શા માટે નિસ્સાન પેટ્રોલનું આ સેકન્ડ જનરેશન પી-60 મોડેલ જોન્ગા તરીકે ઓળખાતું અને શા માટે આ જૂની, બઠ્ઠડ, દમદાર જોન્ગા પાસે આજની રૂપાળી એસયુવી ગાડીઓ ટાયલા ઘોડા જેવી ગણાય એ બધું તે દાખલા- દલીલ સાથે કલાકો સુધી કહી શકતો, પણ પોતાની ગાડીનો રજિસ્ટ્રેશન નંબર સુદ્ધાં તેને યાદ ન હતો. જોન્ગાની બંને બાજુ નંબરપ્લેટની જગ્યાએ લાલ રંગમાં મોટા ફોન્ટમાં તેનું નામ લખેલું રહેતું. છેલ્લા લગભગ દોઢ દાયકાથી આખા ય મધ્યપ્રદેશમાં જેનો દિ' ફર્યો હોય એ જ ઓલિવ ગ્રીન કલરની તેની જોન્ગા ગાડીને રોકવાનું દુ:સાહસ કરતો.

અત્યારે પચાસ-બાવનનો થવા આવેલો ઝુઝાર છેલ્લા દોઢેક દાયકામાં ખાસ્સો બદલાયો હતો. તેને ઓળખનારાઓ પર તેની કરડાકીની જબરી ધાક હતી પણ ઝુઝારને પોતાને લાગતું કે વધતી ઉંમરની સાથે એ વધુ ને વધુ કૂણો પડતો જાય છે. વર્ના અસલ કે વો દિન મેં તો યાર...

'ડીઝલ કા કેરબા ભી રખ દે...' તેણે શર્ટના ચેસ્ટ પોકેટમાંથી રમનું ચપટું ટીન કાઢીને બે ઘૂંટડા ઉતારીને નોકરને હુકમ કર્યો, 'શાયદ દૂર તક જાના પડે...'

ગ્વાલિયર અને દતિયા વચ્ચે ચંબલની ઘાટીમાં આવેલા રાનોડ નામના ગામનો એ મલ્હાન ગિરાસદાર. કહેવા પૂરતો તો એ ખેડૂત પણ આ વિસ્તારમાં ઘઉં-બાજરી વાવો તો ય બંદૂક-કારતૂસ ઊગી નીકળે એવી ચંબલની સાખ. રાનોડ આમ તો ખોબા જેવડું પણ મધ્યપ્રદેશના

એકેએક પોલીસ સ્ટેશનમાં રાનોડની કોઈ બે રીતે હાજરી હોય. કાં તો ક્રાઈમ રેકોર્ડમાં અથવા તો રાનોડના વતની પોલીસ ઓફિસરને લીધે. રાનોડની આ ખાસિયત જાળવી રાખવા માટે ઝુઝારને પહેલો વિકલ્પ વધુ માફક આવ્યો હતો.

રાનોડની ખુલ્લી હવા અને ચંબલના ખમતીધર પાણીથી ઘડાયેલો તેનો બાંધો. સ્નાયુઓમાં જાણે સીસું ભર્યું હોય તેવી ફોલાદી તાકાત. શરીર પર ચરબીનું ક્યાંય નિશાન નહીં અને મનમાં ચરબીનો પાર નહીં.

રાનોડનો દરેક છોકરો જવાન થવા આવે એટલે ગ્વાલિયર કે ભીંડ-મુરૈનાની દિશા પકડે. ઝુઝારે ય એ જ કર્યું. ધંધાનો બહોળો ફેલાવો ધરાવતા ગ્વાલિયરના એક ધનિક શેઠિયાના લઠૈત તરીકે તેણે કામની શરૂઆત કરી. અટકેલી ઉઘરાણીની પતાવટ કરવી, નવા ઉભરતા હરીફોને ધમકાવવા, સરકારી અધિકારીઓને દબડાવીને ટેન્ડર પાસ કરાવવાં, રેલવેના વેગનમાં અડધો ખટારો કોલસા ભરીને પંદર ખટારા ઠાલવ્યા એવા ઓર્ડર ફડાવવા એ તેની જવાબદારી. બદલામાં શેઠ તેનો બધો ખર્ચ ઉપાડે. હાથખર્ચી આપે, બાંધ્યો પગાર તેને ગામ મોકલી આપે. રહેવા માટે મકાન અને પીવા માટે દારૂ ય આપે. ફક્ત પથારી ગરમ કરવા પૂરતું તેણે સ્વનિર્ભર રહેવું પડતું હતું.

પછી તો એમાં ય શેઠે જ વ્યવસ્થા કરી આપી.

એક વાર શેઠના ઘરડાં મા-બાપ અને પત્ની મુંબઈ જતાં હતાં ત્યારે તેમની સહાયતા માટે શેઠે તેને મોકલ્યો ત્યારે ઝુઝારને ય આશ્ચર્ય થયું હતું. આવાં પરચૂરણ કામ બીજા લઠૈતે કરવાં પડતાં, પણ ઝુઝાર તો શેઠ માટે હુકમનો એક્કો હતો. અઘરું કામ હોય ત્યારે જ શેઠ તેને મેદાનમાં ઉતારતા. પરિવારની આવી હમાલગીરી કરવામાં ઝુઝારને નાનપ લાગી અને ઘડીક તેણે આનાકાની ય કરી, પણ પછી એ બહાને મુંબઈ જોવા મળશે એમ ધારીને સ્વીકારી લીધું. ત્યારે તેને ખબર ન હતી કે પરિવાર સાથે તેને મુંબઈ મોકલીને શેઠ પોતાની જ પથારીમાં હુકમનો એક્કો ઉતારી રહ્યા હતા અને તેમાં ઝુઝારે શેઠ માટે આ વખતે ઉઘરાણીને બદલે વારસદારની પતાવટ કરી આપવાની હતી.

શેઠાણી બીજવારૂકી અને અત્યંત રૂપાળી. પહેલી પત્નીના મૃત્યુ પછી વારસદારની આશાએ શેઠ પાકટ વયે પોતાનાથી અડધી ઉંમરની છોકરીને પરણ્યા. નવી શેઠાણી જેટલી કામણગારી એટલી જ કામાતુર પણ ખરી. કમ સે કમ ઝુઝારને તો એવું જ લાગ્યું. પરોઠાનો ડબ્બો આપતી વખતે તેણે ઝુઝારની આંગળી દબાવીને આંખનો ઉલાળો કર્યો એટલામાં જ જવાન ઝુઝારના લોહીમાં ભડાકા થવા માંડ્યા હતા.

એ વખતે તો એ નીચું જોઈ ગયો, પણ પછી આખા રસ્તે એ સાસુ-સસરાનું ધ્યાન ચુકાવીને માદક આંખોથી ઈજન આપતી રહી. ખંડવા સ્ટેશને ટ્રેન પહોંચી અને રાત ઘેરાવા માંડી. શેઠના ઘરડા મા-બાપને તેણે બર્થ પર કમ્બલ પાથરી આપ્યો અને પોતાની જગ્યાએ જઈને તે આડો પડ્યો. એ છેક ઉપરની બર્થ પર હતી. ઝુઝારે ત્રાંસી આંખે એ તરફ જોયું એ સાથે તેની આંખોમાં વિસ્ફોટ થઈ ગયો. છેક કમર સુધી સાડીનો પલ્લુ હટાવીને ઉપરની બર્થ પરથી એ નીચે ઝળુંબીને તેની સામે સ્મિત વેરી રહી હતી. તેના ભૂરા રંગના તંગ બ્લાઉઝમાંથી ફાટફાટ થતાં સ્તનોની ગોરી કુમાશ જોઈને ઝુઝારના હાથમાં ઉન્માદની ધ્રૂજારી છૂટી ગઈ.

રૂંવેરૂંવેથી તંગ થઈ ગયેલા ઝુઝારે એ રાત માંડ પસાર કરી.

ધંધાના કામની આવ-જા વખતે ખપ લાગે એ હેતુથી શેઠે અંધેરીમાં એક ફર્નિશ્ડ ફ્લેટ લઈ રાખેલો. દિવસભર તો ઝુઝારને તક ન મળી, પણ રાતે એ તીવ્ર બેચેનીથી ડ્રોઈંગરૂમના સોફા

પર પડખાં ઘસી રહ્યો હતો ત્યારે શેઠાણીએ તેના ખભે હાથ મૂકીને તેને ચોંકાવી દીધો. ઉતાવળી તો એ ય હતી. ઘરડાં સાસુ-સસરાને રાત્રે આપેલા દૂધમાં ક્લોનાઝેપામની આખી ટીકડી ઓગાળીને તેણે પીવડાવી દીધી હતી.

સાસુ-સસરાને ઘેનમાં રાખવાના તેના એ કરતબ પાછળ રંગરેલિયાની ખ્વાહિશ પારખીને ઝુઝાર રૂંવેરૂંવેથી હણહણી ઊઠ્યો અને રાતભર તેના એ હણહણાટ તળે શેઠાણીનું નાજુક, કૂણું, ગોરું બદન તરબોળ થતું રહ્યું.

મુંબઈના એ ચાર દિવસના રોકાણ દરમિયાન બંને વચ્ચે ઐહિક આવેગનો તીવ્ર ઉન્માદ છલકાતો રહ્યો. ભરજુવાનીમાં ઘૂઘવતી પત્નીને સંતોષી ન શકતા શેઠે જ સંતાનપ્રાપ્તિ માટે આ ખેલ પાડ્યો હતો. એમને મન કરોડોની સંપત્તિનો વારસદાર મેળવવાની લાલસા હતી. શેઠાણી માટે શરીરમાં અટવાતી આગને ઝુઝારના બળુકા ઉન્માદ તળે ઠારવાની ખ્વાહિશ હતી, પણ આ બધાથી અજાણ ઝુઝાર શેઠાણીના પ્રેમમાં પડતો જતો હતો.

'હુકુમ, ગડ્ડી તૈયાર હૈ...' નોકરે સામંતશાહી અદબ મુજબ આંખો જમીનસરસી ઢાળીને કહ્યું.

અડધા કલાક પછી તેની નિસ્સાન જોંગા જબલપુરનો શહેરી વિસ્તાર વટાવીને નારાયણગંજ થઈને સોહાગપુર તરફ જતી સડક પર સડસડાટ દોડી રહી હતી. ડ્રાઈવિંગ કરી રહેલા ઝુઝારની નજર સતત ડેશબોર્ડ પર મૂકેલા મોબાઈલના સ્ક્રીન તરફ જતી રહેતી હતી...

એસીપી રાઘવ માહિયાનો ફોન હવે આવવો જ જોઈએ.

*** *** ***

'મૈં... તેરી ઔરત...' કહીને એ છોકરી ખિલખિલ હસી પડી હતી અને પછી આંખોમાંથી કામણની ધાર કરતાં તેણે ઉમેર્યું હતું, 'છપ્પનને સિરફ ઈત્તા હી કહા હૈ..'

ધૂંધવાયેલો ત્વરિત તેની વધુ પૂછપરછ કરવા આગળ ધપ્યો એ જ વખતે દૂર સડક પરથી આવતી એક ગાડીએ ધાબા તરફ વળીને કર્કશ અવાજે હોર્ન વગાડ્યું હતું.

આખો દિવસ ક્યાંક જતો રહેલો છપ્પન જૂના મોડેલની લેફ્ટ હેન્ડ ડ્રાઈવ વીલીઝ જીપ હંકારતો પાછો ફર્યો હતો. તેની સાથે જાતજાતનો સામાન ભરેલા ત્રણ-ચાર મોટા કોથળા હતા. ખભા પર ક્યાંકથી આણેલી જૂની રાઈફલ લટકતી હતી. ત્વરિતને સૌથી વધુ આશ્ચર્ય તેની સાથેની બે ઓરતો અને અહીં ધાબાના રવેશમાં તેની સામે નિતંબ મટકાવી રહેલી આ છોકરી માટે થયું હતું.

'દિનભર કહાં થા યાર?' છપ્પને દાદર ચડવાનો શરૂ કર્યો ત્યાં જ ત્વરિતે તેનો ઉધડો લેવા માંડ્યો હતો..

એ પછી ત્રણેય ઓરતોને બાજુના ઓરડામાં ધકેલીને છપ્પને ત્વરિતની આંખોમાંથી ફાટતા વિસ્મયનો જવાબ વાળવાનું શરૂ કર્યું હતું.

*** *** ***

'હાં વો તેરી ઔરત હી હૈ...' છપ્પનિયો સાલો ત્વરિતની અકળામણની લિજ્જત લઈ રહ્યો હતો.

ધાબાની બહાર રાત ઘેરાવા લાગી હતી. રસોડામાંથી સંભળાતો વાસણનો ખખડાટ શમી ગયો હતો અને ભીની, મેઘલી રાતે દૂર ક્યાંક વગડામાંથી સંભળાતી શિયાળવાની કારમી લાળી ઉજ્જડ, વેરાન અંધકારને વધુ કારમો બનાવતી હતી. સતત વાગતું સીડી પ્લેયર પણ મૂંગું થઈ ગયું હતું. મતલબ કે કેકવો ધાબા પર ન હતો.

'કમ ઓન યાર... ઈટ્સ નોટ જોક.' ત્વરિત અંદરથી સખત ધૂંધવાતો હતો, પણ છપ્પન કંઈક જડબેસલાક પ્લાનિંગ કરી રહ્યો હોવાનો અણસાર તો એ પામી શકતો હતો.

'એ તારી ઓરત જ છે..' છપ્પને તેની સામે તોફાની સ્મિત વેરીને ઉમેર્યું, 'ચાહે તો આજ સુહાગરાત ભી મના સકતા હૈ ઉસકે સાથ..'

ત્વરિતને મૂર્તિચોરીનો ભેદ જાણવો હતો, વામપંથી મૂર્તિ જો હોય તો તેનું પગેરું મેળવવું હતું, દેશભરમાં પથરાયેલી મનાતી આવી મૂર્તિઓ ઓળખીને તેની ચોરી કરાવનાર દૂબળીનું રહસ્ય પણ પામવું હતું, પરંતુ હવે પોતે જ સીધી રીતે મૂર્તિચોરીમાં સંડોવાવું પડે એવી સ્થિતિ આવી એટલે એ મનોમન ખચકાઈ રહ્યો હતો.

ડિંડોરીથી ચોરેલી મૂર્તિ લેવા માટે દૂબળી છપ્પનનો સંપર્ક સાધે એ વખતે જ તેને દબોચી લેવો એવી તેની ધારણા હતી તેને બદલે દૂબળી સાલો અનેકગણો પાવરધો અને ખુંખાર સાબિત થયો હતો. છપ્પન સવારે નીકળ્યો પછી ક્યાંય સુધી ત્વરિતે દૂબળીની ચિઠ્ઠી વાંચ્યા કરી હતી.

એ સાલો એ પણ જાણે છે કે ડિંડોરીની મૂર્તિ ચોર્યા પછી મેં છપ્પનને ઝડપ્યો હતો. તેને એ પણ ખબર છે કે હું કોણ છું. મતલબ કે, દૂબળી સતત તેમને ફોલો કરી રહ્યો છે. છપ્પન કહે છે તેમ, એ કોઈક ને કોઈક રીતે આસપાસ ક્યાંક હોવો જોઈએ. ડિંડોરીના દેવાલયની પછીતેથી તેણે છપ્પનને ઝડપ્યો એ પછીની એકેએક ક્ષણને તેણે મનોમન રિવાઈન્ડ કરીને સ્કેન કરી જોઈ. તેને ફોલો કરી રહેલો કોઈ અજાણ્યો ચહેરો તેને દેખાતો ન હતો. કોણ હોઈ શકે આ દૂબળી? એ પુરુષ છે? સ્ત્રી છે? એકલો છે? આખી ટોળકી છે?

તેના મનમાં સવાલોનો ઝંઝાવાત ફૂંકાતો હતો અને તેમાંથી અપાર કુતૂહલના ગોટા ચડતા હતા. વામપંથી મૂર્તિઓનો, દૂબળીનો ભેદ તેના રૂંવેરૂંવે ચટકા ભરી રહ્યો હતો અને એ જાણવું હોય તો હવે છેક બૉર્ડર એરિયામાં જઈને મૂર્તિ ચોરવાનું જોખમ ઉઠાવવાની વાત હતી. દિવસભર તે આ કશ્મકશમાં અટવાતો રહ્યો.

'ફિકર મત કર... તૂ ચોરી મેં મેરે સાથ નહિ રહેગા.' છપ્પને તેની અવઢવ વગર કહ્યે જ પારખી લીધી હતી.

'મતલબ?' ત્વરિતને હજુ ય છપ્પનનું આયોજન સમજાતું ન હતું.

'મતલબ કે...' છપ્પને છાપાની પસ્તીમાંથી એક કાગળ ખેંચી ટેબલ પર પાથર્યો, 'મેરે બાપ કા ઉસૂલ થા, ચોરી તો મૈં અકેલે હી કરુંગા.'

આટલું કહીને તેણે ધીમે-ધીમે એકેએક વિગતો કહેવા માંડી. ત્વરિત મુગ્ધપણે તેને સાંભળતો રહ્યો. જ્યાંથી મૂર્તિ ઉઠાવવાની છે એ ડેરા સુલ્તાનખાઁ જગ્યા કેવી છે, બીએસએફની ચોકી કેટલી કડક છે, શા માટે ત્યાં આટલો ચુસ્ત પહેરો છે, ત્યાં સુધી ક્યા વાહનમાં પહોંચવું પડે, કેવી કેવી એલિબી-ઓળખના ખોટા પુરાવા જોઈશે, એવા બનાવટી પરાવા ક્યાંથી કેવી રીતે મેળવાશે, કેવી કેવી ચીજોની જરૂર પડશે, કઈ ચીજ અહીંથી જ લઈ લેવી પડશે અને કઈ ચીજ ત્યાંથી મળશે, હવામાન કેવું હશે, જતી વખતે-ચોરી કરતી વખતે અને પાછા ફરતી વખતે કોનો હુલિયો કેવો હશે... કાગળ પર છપ્પન એ દરેક વિગતો આંકતો ગયો, ત્વરિતના સવાલોના જવાબ આપતો ગયો, રાજનંદગાંવની બજારમાંથી કરેલા 'શોપિંગ'ને જરૂરિયાત અને અગ્રતાક્રમ મુજબના પેકિંગમાં ગોઠવતો ગયો અને ત્વરિતના ચહેરા પર અહોભાવ લીંપાતો રહ્યો.

'તેરે કો તો યાર, પ્લાનિંગ કમિશન મેં હોના ચાહિયે...' તેણે છપ્પનના ખભા પર હળવો ધબ્બો માર્યો.

'ઉધર ભી કોઈ મૂર્તિ હૈ, ક્યા?' જવાબમાં છપ્પને ય મસ્તી કરી લીધી પછી ઊંડો શ્વાસ લઈને છત ભણી ગરદન તાકી આંખ મીંચી દીધી. બંધ પોપચાની ભીતર તેનો બાપ ગૂંગાસિંઘ તેની સામે મલકી રહ્યો હતો. ચંદ સેકન્ડ પછી તેણે આંખો ખોલી ત્યારે તેના ચહેરા પર છલોછલ આત્મવિશ્વાસ ઝળકતો હતો.

એક રીઢા ચોરની પૂર્વતૈયારી, તેની કાબેલિયત અને માનસિકતા ત્વરિત રસપૂર્વક નિહાળી રહ્યો હતો, 'મને ખબર નહિ કે તેં દિવસ દરમિયાન આટલી બધી તૈયારી કરી લીધી હશે...' પોતે નાહકનો છપ્પન પર વહેમાતો રહ્યો તેનો ક્ષોભ તેના અવાજમાં વંચાતો હતો.

'ચોરીનું કામ ફક્ત અડધી કલાકનું જ હોય છે, પણ ગલતી રહી જાય તો પકડાતા દસ મિનિટ પણ નથી લાગતી. ઈસી લિયે મેરે બાપ કા ઉસૂલ થા...' છપ્પને ઓરડામાં વેરવિખેર પડેલા તમામ અસબાબને સંકોર્યો. ત્વરિતને સમજાવવા માટે કાગળ પર કરેલી નોંધ, દોરેલા નકશા પર લાઈટર ચાંપ્યું અને પછી બેય હાથ માથા પર ખેંચીને આળસ મરડતા ઉમેર્યું, 'ચોરી અઈસે કિજિયો જઈસે લૌંડિયા સે ઈસ્સક કરતે હો..'

ત્વરિતે સ્મિતભેર બેયની પથારી સરખી કરવા માંડી.

'ક્યોં, તેરી ઔરત કે સાથ સુહાગરાત નહિ મનાની?'

'જા, જા સાલા...'

'અરે, અપની હી આઈટમ હૈ... મૈં તો પચાસો બાર ચખ ચૂકા હૂં.' છપ્પન તેને જાણે આઇસક્રીમ ખવડાવતો હોય તેમ આગ્રહ કરી રહ્યો હતો.

હસ્કી અવાજે એ છોકરીએ પણ રસીલી સુપારી ચાવતાં આમ જ પૂછ્યું હતું, 'ચખોગે સરકાર?' ભડકેલા ત્વરિતને ત્યારે ચાખવાનો આ બીજો અર્થ નહોતો સમજાયો.

તેણે આંખ જરાક ઢાળીને બાજુના ઓરડામાં બેઠેલી એ છોકરીને મનોમન નિહાળી લીધી... ભડકીલા ઓરેન્જ રંગની તંગ કેપ્રીમાં હાંફતા ચુસ્ત માંસલ નિતંબ અને ખૂલતા ગળાના સ્કિન ફિટ ટી-શર્ટમાં છલોછલ ભીંસાતાં સ્તનોનો લલચામણો ઉભાર...

ઝાટકા સાથે તેણે ડોકું ધૂણાવી નાંખ્યું, 'નહિ યાર...'

'તો મૈં જાઉં...' છપ્પનના અવાજમાં ઉતાવળ અછતી રહેતી ન હતી, '..તેરી ઔરત કે સાથ?'

અડધી કલાક પછી ત્વરિત અહીં આંખ મીંચવાનો પ્રયાસ કરી રહ્યો હતો ત્યારે બાજુના ઓરડામાં લોખંડના પલંગના કિચૂડાટ પર સવાર થઈને ફેંકાતા માદક ઊંહકારા બારી વાટે ત્વરિતના કાનમાં પડઘાતા હતા.

તે સફાળો બેઠો થઈ ગયો. આંખ મીંચાતી હતી અને એ છોકરીનું ભર્યુંભર્યું બદન કીકીઓમાં પથરાઈ જતું હતું. ધ્યાન વાળવા માટે તેણે છપ્પને કહેલી ડેરા સુલ્તાનખાઁની વિગતો તાજી કરવા માંડી, જ્યાં જવા માટે કાલે વહેલી સવારે તેમણે નીકળવાનું હતું...

*** *** ***

'સલામ સરજી...' મોબાઈલ વાઈબ્રેટ થયો કે તરત તેણે બ્લ્યૂટૂથનું બટન પ્રેસ કરી દીધું.

'કહાં પહુંચે મલ્હાન?' ઝુઝારનો મિજાજ જાણતા રાઘવે સલૂકાઈથી પૂછ્યું.

મધ્યપ્રદેશ કેડરમાં પોસ્ટિંગ મળ્યું કે તરત રાઘવે પોતાનું નેટવર્ક પાથરવા માંડ્યું હતું. જૂના કોઈ ઓફિસર પોતાના ઈન્ફોર્મર તેને આપવાના ન હતા એ તેને ખબર હતી. પોતે નવોસવો હોય ત્યારે જરાક નબળો પડે તો નીચેની પાયરીના ઈન્સ્પેક્ટર પણ તેને દબડાવી જશે એ ય તેને

સમજાતું હતું.

એટલે પોસ્ટિંગ થયું કે પહેલું કામ તેણે આખા મધ્યપ્રદેશના તમામ ડિસ્ટ્રિક્ટ હેડ ક્વાર્ટર્સની કર્ટસી વિઝિટ લેવાનું કર્યું. સ્ટેટ પોલીસના તમામ સિનિયર ઓફિસર્સ સાથે ઓળખ થઈ જાય, રાજ્યની ભૂગોળ સમજી શકાય એ બહાને તેણે આખા પ્રાંતની મુસાફરી કરી અને દરેક ડિસ્ટ્રિક્ટના ક્રાઈમ રેકોર્ડ્સ પણ ચેક કરી લીધા. રોજ રાત્રે નવરો પડે ત્યારે એ ડિસ્ટ્રિક્ટ વાઈસ ક્રાઈમ રેકોર્ડને ગુનાની ગંભીરતા મુજબ સરખાવતો ગયો. જ્યાં જ્યાં સવાલો ઉપજ્યા ત્યાં જાતે માહિતી મેળવતો ગયો. પંદરેક દિવસની આવી સઘન કવાયત પછી તેણે પંદરેક જેટલાં એવાં નામ તારવ્યાં જે ક્રાઇમ ફાઈલમાં હતાં, છતાં સીધી રીતે એકેય ક્રાઈમમાં તેમની સંડોવણી જણાતી ન હતી અને એ કોઈની સામે કોઈ પણ પ્રકારની તપાસ થઈ ન હતી.

પોતાના ઈન્ફોર્મરને છાવરવાની પોલીસની આ જુક્તિ પારખીને તેણે તારવેલા લિસ્ટમાં પહેલું નામ હતું, ઝુઝારસિંઘ મલ્હાન.

‘સોહાગપુર પહુંચને આયા હૂં સા’બ... લેકિન લગતા હૈ આપ કા પંખી તો કહીં ઓર ઊડ ગયા.’

‘મતલબ?’ સામા છેડેથી રાઘવના અવાજમાં અચરજમાં લપેટાયેલી ઉત્સુકતા હતી.

‘વો પ્રોફેસર... આપને કહા થા કિ યહાં સે દિલ્હી જા રિયા હૈ.. કહા થા ન? લગતા હૈ વો ઊડ ગયા..’

‘ડિટેઈલમેં બતાઓ મલ્હાન..’

‘ફિલહાલ તો કા ડિટલ્વા બતાયેં સા’બ...’ સડકના હડદોલાને લીધે કાન પરથી સરી જતાં બ્લ્યૂટૂથને એક આંગળી વડે બળપૂર્વક દાબીને ઝુઝારે પોતાની કામગીરી સમજાવવા માંડી, ‘ડિંડોરી દેવાલયના ધાબા પાસે તેણે તેની ફોર્ડ ઇકોસ્પોર્ટ પાર્ક કરી હતી. નંબર નથી મળ્યો પણ જમ્મુ-કાશ્મીરનું પાસિંગ હતું. એ ગાડી પહેલાં કતની-શાહદોલ હાઈવે તરફ ગઈ.’

‘તેરા સોર્સિઝ?’ સવાલ અધરો હતો. રાઘવને ય ખબર હતી કે ઈન્ફોર્મરને તેના માહિતીસ્રોત વિશે કદી ન પૂછાય. તો ય તેણે પૂછી નાંખ્યું. બહુ બહુ તો ઝુઝાર ના પાડશે કે છેડાઈ જશે તેને બદલે ઝુઝારે બિન્દાસ્ત જવાબ વાળી દીધો...

‘એ રૂટ પર ટિમ્બર, મલબારી નળિયાના ટ્રકની આવ-જા હોય છે. મેં એ રૂટના ટ્રકવાળાને સાધ્યા. ફોર્ડ ઈકોસ્પોર્ટ ગાડી આ વિસ્તારમાં આંગળીના વેઢે ગણાય એટલી છે અને જમ્મુ-કાશ્મીરનું પાસિંગ હોય એટલે કોઈ પણ ટ્રકવાળાનું ધ્યાન ખેંચાયું જ હોય.’

‘હમ્મ્મ્.. ફિર?’ આ કામ તેણે ઝુઝારને સોંપીને કોઈ ભૂલ નથી કરી એવા અહેસાસથી રાઘવ મનોમન મલકી રહ્યો હતો. ત્વરિતને તે પોતે ય કોઈ બહાનું કાઢીને ફોન કરી શકે, પણ એમ કરીને એ તેને સતર્ક કરી દેવા માંગતો ન હતો. જો ત્વરિતે જ મૂર્તિ ચોરી હોય તો એ એકલો ન પણ હોય. તેની સાથે બીજા લોકો ય સંકળાયેલા હોય. એવા સંજોગોમાં રાઘવ જો પોલીસફોર્સને તેની તલાશી માટે કામે લગાડે તો ક્યાંક માહિતી લીક થઈ જ જાય. ત્વરિતને તેણે રોકવાનો ન હતો, પણ સતત ફોલો કરવાનો હતો. આવા કિસ્સામાં આઉટ ઓફ વે જઈને જ તેનો પીછો થવો જોઈએ. શાસ્ત્રીજીને મળીને પરત ફરતી વખતે રાઘવે બરાબર ગણતરી માંડ્યા પછી જ ઝુઝારને ફોન જોડ્યો હતો.

‘ઉસે ગર દિલ્લી હી જાના હોતા તો વો રેવા-પન્ના સે છતરપુર કી ઓર જાના ચાઈયે...’

‘હા તો?’ હવે રાઘવની ઉત્સુકતા બેવડાતી હતી.

‘વો ગયા હૈ બૈકુંઠપુરા કી ઓર...’

‘બૈકુંઠપુરા તો બોર્ડર પર હૈ ના?’ રાજ્યનો ગોખી નાંખેલો નકશો રાઘવે મનોમન ફંફોસી લીધો. તેના સવાલમાં સ્પષ્ટ ઉચાટ ઉછળતો હતો. દિલ્હી જવાનું કહીને ત્વરિત ઊંધી દિશામાં છત્તીસગઢ તરફ કેમ ગયો? ઉશ્કેરાટથી તેની મુઠ્ઠી ભીંસાવા લાગી હતી.

*** *** ***

ડેરા સુલ્તાનખાઁ...

અહીં પગ મૂકો એટલે પહેલો અહેસાસ એ જ હોય કે હિન્દુસ્તાનની ધરતી બડી અજાયબ છે. જેસલમેર અને બિકાનેરની વચ્ચે મરુભૂમિમાં પથરાયેલું નિસર્ગનું એ રૌદ્ર સ્વરૂપ ચોમાસાની નમતી સાંજે રમણીય આહ્લાદ બની જતું. નજર પહોંચે ત્યાં સુધી આંખોમાં વીંઝાતી કારમી વેરાની, વેરાનીને બિહામણી બનાવતા ક્યાંક- ક્યાંક ઊગી નીકળેલાં બોરડી, આવળ કે ખજૂરીનાં ઝાડ, ઝાડનાં પાંદડાંમાંથી પ્રગટતો લીલાશનો હાશકારો, એ હાશકારો ચાવીને રેતીના અલમસ્ત ઢૂવાઓના રંગમાં એકાકાર થઈને મોજથી આરડતા ઊંટ અને ઊંટના કઢંગા આકાર પણ સુડોળ લાગે એવા બેડોળ રીતે ઢુવા પાછળ પથરાયેલા ગાર-માટીના અવાવરુ સાઠ-સિત્તેર ભૂંગા...

નકશામાં જેનું નામોનિશાન શોધ્યું જડતું ન હતું અને છતાં બબ્બે દેશોની આર્મી પોતાના નકશા પર આ આખા વિસ્તાર ફરતું લાલ કુંડાળું કરીને બાજનજર રાખતી હતી. ભારત કે પાકિસ્તાનની આર્મી જ શા માટે, છેક અફઘાનિસ્તાનના પહાડોમાં લપાયેલા અલ કાયદાના આકાઓ ય ભારતના આ છીંડાને નામજોગ ઓળખતા હતા...

જેમને ખબર હતી કે નંદનવન જેવી પૃથ્વીની આ દોઝખ જેવી જગ્યાએ ય કેટલીક વસ્તી જીવે છે. એ લોકો તેને ડેરા સુલ્તાનખાઁ તરીકે ઓળખતા હતા.

*** *** ***

રમનો મોટો ઘૂંટ ગળા નીચે ઉતારીને ઝુઝારે એકધારા બેઠા રહીને જકડાઈ ગયેલું શરીર તંગ કર્યું. હજુ હમણાં સુધી મધ્યપ્રદેશનો જ હિસ્સો ગણાતા છત્તીસગઢનો અહીંથી આરંભ થતો હતો. સમનાપુરથી અમરકંટક થઈને નર્મદા કાંઠાની સમાંતરે જમ્મુ-કાશ્મીરનું પાસિંગ ધરાવતી ફોર્ડ ઈકોસ્પોર્ટનું પગેરું દબાવતો એ અહીં સુધી આવ્યો હતો, પણ હવે તેની કસોટી હતી.

અહીંથી બે રસ્તા ફંટાતા હતા. એક રસ્તો મોતીહાલા થઈને મંડોલા ફોર્ટ અને કાન્હા તરફ પાછો મધ્યપ્રદેશમાં જ લઈ જતો હતો અને બીજો રસ્તો સાલટેકરી થઈને છત્તીસગઢમાં પ્રવેશતો હતો. ક્યાંય સુધી તેણે વિચાર કર્યા કર્યો. જો એ આદમીએ છત્તીસગઢની હદમાં જ પ્રવેશવું હોય તો શાહદોલથી બિલાસપુર તરફ જવું જ આસાન રહે. એ રસ્તો ય પહોળો અને ડ્રાઈવિંગ માટે મજેદાર હતો. પરંતુ ચેકપોસ્ટ આગળના ડીઝલ પમ્પવાળાએ બે દિવસ પહેલાં અહીંથી પસાર થયેલી ફોર્ડ ઈકોસ્પોર્ટ ગાડી સમનાપુર તરફ ગઈ હોવાનું કહ્યું હતું. નર્મદા કાંઠાની એ સડક અત્યંત બિસ્માર અને સાંકડી હતી. જો કોઈએ છત્તીસગઢ જવું હોય તો શાહદોલથી સીધો રસ્તો છોડીને આ તરફ આવવાની કોઈ જરૂર જ ન હતી. તે ડિંડોરીનો ચકરાવો મારીને કાન્હા થઈને ફરી પાછો મધ્યપ્રદેશમાં જ આવવા માંગતો હોય તો જ આ રસ્તો પકડે.

પોતાના જ સવાલોથી ધૂંધવાતો ઝુઝાર એકશ્વાસે ‘ઘટક્..ઘટક્’ અવાજે રમના ચાર-પાંચ મોટા ઘૂંટડા પી ગયો. એ એવું માનતો કે અવઢવમાં હોય ત્યારે રમ પીવાથી તેને રસ્તો સૂઝતો હતો. હકીકત એ હતી કે, રસ્તો સૂઝે ત્યારે આગળ જવા માટે ય તેને રમ પીવો પડતો અને આગળ વધ્યા પછી નવી અવઢવ આવે ત્યારે ફરીથી રમ પીવો પડતો.

ધારો કે પોતે આ રીતે નીકળ્યો હોય તો શું કરે તેની ય કલ્પના કરી જોઈ પછી ડોકું ધુણાવ્યું. પોતે જો આ રીતે થઈ શકતા પીછાથી વાકેફ હોય તો ચકમો આપવા માટે આવો ચકરાવો જ લે અને પોતે મધ્યપ્રદેશમાં જ પાછો ફર્યો છે એવા ખોટા સંકેતો બતાડીને છેવટે છત્તીસગઢમાં જ પ્રવેશે. (છપ્પને એ ગણતરી કર્યા પછી જ ત્વરિતને આ રસ્તો ચીંધ્યો હતો.)

નિર્ણય પર આવેલા ઝુઝારે ફોન જોડ્યો. પોતે જાતે ચેકપોસ્ટમાં જઈને બે દિવસ પહેલાં પસાર થયેલી ગાડીના નંબર ચેક કરી શકે, પરંતુ ચેકપોસ્ટમાં કોઈક ઓળખીતું હોય તો 'ઝુઝારસિંઘ મલ્હાનને આવી કોઈ ગાડીની તલાશ છે.' એવો મેસેજ આખાય પ્રાંતમાં ફરતો થઈ જવામાં વાર ન લાગે. એક જમાનામાં માલેતુજાર શેઠિયાઓની લઠૈતી કરી ખાતો ઝુઝાર હવે પોતાના જ લઠૈત રાખતો થઈ ગયો હતો.

'હેલ્લો રામખિલાવન..'

'જી હુકુમ..' મલ્હાનનો ફોન આવે તો ય જાણે એ સામે જ ઊભો છે તેમ ધારીને ખુરસી પરથી ઊભા થઈ જવા ટેવાયેલા રામખિલાવને અદબભેર કહ્યું.

'ઈહાં સાલટેકરી નાકે પે કોઈ પૈચાન હૈ ક્યા?'

'જી હુકુમ, કા હુવા?'

'હુવા કુછ નઈ, પૈચાન હો તો બોલ... એક ગાડી માટે જાણવાનું હતું. ફોર્ડ ઈકોસ્પોર્ટ ગાડી. જમ્મુ-કાશ્મીર પાસિંગ. બે દિવસ પહેલાં ત્યાંથી પસાર થઈ હોવી જોઈએ.' મલ્હાને મુદ્દાસર સમજાવી દીધું.

'જી હુકુમ... અભી બતાતા હૂં...'

દસ મિનિટ પછી મલ્હાનના મોબાઈલમાં રિંગ આવી. તેણે ફોન કાને ધર્યો અને ચૂપચાપ સાંભળ્યા કર્યું. ફોન મૂક્યો ત્યારે તેના ચહેરા પર મંદ સ્મિત હતું.

તેણે જોન્ગાનું સ્ટિઅરિંગ વાળ્યું અને સાલટેકરીની દિશા પકડી. તેણે ડેશબોર્ડ પરની ઘડિયાળમાં જોયું. મધરાતના સાડા ત્રણ થવા આવ્યા હતા. રાજનંદગાંવના ધોરી માર્ગ તરફ વળતી આ સિંગલ પટ્ટીની સડક પર એકલદોકલ ટ્રક અને કેટલાંક લોકલ મોટરસાઈકલ સિવાય વાહનોની ખાસ આવ-જા ન હતી. તેની આંખોમાં હવે દોઢ બોટલ નીટ રમનો શુમાર ઘેરાવા લાગ્યો હતો. રસ્તો સૂઝી ચૂક્યો હતો એટલે બીજા બે મોટા ઘૂંટડા ગળા હેઠે ઉતારીને તેણે જોન્ગાની સ્પીડ વધારી.

મેઈન રોડ પર ત્રણેક કિલોમીટર આગળ જઈને એક ધાબા પાસે તેણે ગાડી રોકી અને ત્યાં જ સૂઈ જવાનો નિર્ણય લીધો. ગાડીમાંથી રકસેક કાઢ્યો. બ્રિચીસ પર બેટન ઠપકારી. 'ઢગ્..ઢગ્..ઢગ્..ઢગ્' અવાજે સડક પરથી પસાર થઈ રહેલા બુલેટ એનફિલ્ડની દિશામાં અહોભાવપૂર્વક અછડતું જોયું અને ધાબાના કાઉન્ટર તરફ આગળ વધ્યો.

નશાના અતિરેકમાં તેની આંખો ઘેરાઈ ન હોત અને તે વધુ ત્રણેક કિલોમીટર આગળ ગયો હોત તો નરી આંખે એ માણસને વિલિઝ જીપમાં ડ્રાઈવિંગ સીટ પર બેઠેલો જોઈ શક્યો હોત, જેની તલાશમાં એ નીકળ્યો હતો.

*** *** ***

તેણે ઘડિયાળમાં જોયું. સાડા દસ થવા આવ્યા હતા. બપોર નમે ત્યાં સુધી એક પણ હોલ્ટ કર્યા વગર હંકાર્યે જવાની છપ્પનની સૂચના હવે તેને આકરી લાગતી હતી. ચહેરા પર વધેલા દાઢી-મૂછના કાતરા ગરમી અને બફારાને લીધે કરડવા લાગ્યા હતા અને જાડા ખદ્દડ કાપડના

લાંબા પહેરણ તળેથી પસીનાના રગેડા ઊતરતા હતા. રણમાં જવાનું હતું ત્યારે છપ્પનિયો સાલો એસી ગાડીને બદલે આ જૂના મોડેલની વિલિઝ લઈ આવ્યો હતો. શા માટે આ વિસ્તારના લોકો હજુ ય આવા ઠોઠિયા વાપરતા હશે? અકળામણથી તેણે ડોકું ધુણાવી નાંખ્યું.

ડેઝર્ટ એરિયામાં આવાં વાહનો જ ચાલે છે અને તું હવે ચરવાહા રાજપૂત છે. આ તારી ઔરત છે. બીજી તારી સાસુ છે એવું કહીને છપ્પને મળસ્કે તેને વેશપલટો કરાવ્યો ત્યારે એ પોતાનો હુલિયો જોઈને ઘડીક થીજી ગયો. પોતે કેવું જોખમ ઉઠાવી રહ્યો છે તેનો પાક્કો અહેસાસ થયા પછી તેને હળવી હળવી ધ્રૂજારી છૂટી રહી હતી.

'આ વિલિઝ તું વેચાતી લાવ્યો છે?' તેણે છપ્પનને પૂછ્યું હતું.

'માય ડિયર...' એ સાલાએ નફ્ફટાઈથી કહી દીધું હતું, 'મેં પહેરેલો જાંઘિયો ય હું વેચાતો નથી લેતો!!'

'ગાડીમાંથી ઊતરે એટલે ભૂલ્યા વગર ખભા પર તારે આ ડબલ બેરલ ગન લટકાવી રાખવાની છે.' જોટાળી ગન જીપમાં આગળની તરફ ગોઠવતાં છપ્પને કહ્યું હતું, 'એ રાજપૂતાના છે... લોગ પિસાબ કરને જાતે હૈ તબ ભી ગન લેકે જાતે હૈ..' ત્વરિતની સવાલિયા નજર પારખીને તરત ઉમેર્યું હતું, 'અને આમ પણ તું તો ચલાવવાની અને બતાડવાની ગન અલગ રાખે છે ને!!'

છપ્પને મારેલો એ ટોન્ટ યાદ કરીને અત્યારે આ તંગ, અકળામણભરી હાલતમાં ય તેના ચહેરા પર સ્મિત આવી ગયું.

'કા હસ રિયા હૈ રે?' બાજુમાં બેઠેલી મસક્કલીએ આંખનો ઉલાળો કરીને હસ્કી અવાજે પૂછતાં તેના બાવડાં પર માદક ઢંગથી આંગળી ફેરવી દીધી.

લગાતાર આઠ કલાકના ડ્રાઈવિંગમાં ત્વરિત બાજુમાં બેઠેલી 'તેની ઓરત' સામે જોવાનું ટાળતો રહ્યો હતો. ખભા પરથી સતત સરી જતી તેની કેસરી ચૂંદડી, લીલા રંગના અતલસના કમખામાંથી ધસી આવતાં તેનાં ગોરાં સ્તનો, ગોરી સુંવાળી પીઠ પર કસની ભીંસને લીધે ઉપસી આવતા લોભામણાં ઢોરા અને ઘડીએ ઘડીએ હાથનાં બલોયાં ખખડાવીને ધ્યાન ખેંચવા મથતી તેની ગજબની કામણગારી આંખો...

ત્વરિત તેની જિંદગીમાં કદી જ સાધુ-મહાત્મા ન હતો. બીજો કોઈ સમય હોત તો...

પણ આજે એ સતત રિઅર વ્યૂ મિરરમાં તાકી રહ્યો હતો અને જરાક વસ્તી જેવું આવે ત્યાં ગાડી ધીમી પાડીને બ્હાવરી આંખે એકેએક ચહેરાને, ચીજને, હલનચલનને નીરખતો જતો હતો.

'કભી હસ રિયા હૈ, કભી દેખ રિયા હૈ.. અરે કુછ તો બતા...' પેલીએ ઘાઘરો ઢીંચણ સુધી ચડાવીને માંસલ, ગોરી, ચસચસતી પીંડી સીટ પર ચડાવીને પૂછ્યું ત્યારે તેની અદાથી ત્વરિતને ય ઘડીક લાહાય લાગી ગઈ.

દૂબળી સતત તેમને ફોલો કરે છે એ સંભાવનાની ફડક તેના મનમાં ન હોત તો કદાચ...

સ્ટિઅરિંગ ફરતી તેની મુઠ્ઠીઓ ભીંસાઈ ગઈ અને તેનો પગ એક્સલરેટર સાથે દબાયો. હજુ કાલે બપોરે તેઓ ડેરા સુલ્તાનખાઁ પહોંચવાના હતા અને રસ્તામાં તેમણે ક્યાંક નાઈટ હોલ્ટ કરવો પડે તેમ હતો. એક તરફ મનમાંથી દૂબળી ખસતો ન હતો અને બીજી તરફ આ છોકરી...

ફાટાફાટ થતા ઉશ્કેરાટ હેઠળ અકારણ જ તેણે જોરથી હોર્ન દબાવી દીધું.

*** *** ***

કહેવાય છે કે જમીનને જુબાન નથી હોતી એટલે એ પોતાની છાતી માથેથી પસાર થયેલાં કદમોની વાત કહી શકતી નથી, પણ સાવ એમ જમીનને બેજુબાન માનવાનું ય ભૂલભરેલું છે. ખરેખર તો જમીનના એક એક અણુ, ધૂળના એકેએક રજકણ સેંકડો વર્ષોની દાસ્તાન કહેતાં હોય છે, પણ એ સાંભળવા જેટલા સક્ષમ કાન આપણી પાસે નથી એટલે આપણે ગોથાં ખાઈએ છીએ.

ઈન્સાનની માફક જમીનની ય કશીક તકદીર હોતી હશે. એ હિસાબે, ડેરા સુલ્તાનખાઁની તકદીરમાં કુદરતની ઉજ્જડ ઉદાસીનતા સાથે માનવીએ સર્જેલી અપાર અંધાધૂંધી, અરાજકતા અને લોહિયાળ ખૂનામરકી સદીઓથી લખાયેલા હતા.

ડેરા એટલે ગામ, વસ્તી, વસાહત.

પણ ડેરા સુલ્તાનખાઁને ગામ તો શું, ગામનો એક કસ્બો કે મહોલ્લો ય ન ગણી શકાય એટલી પાંખી વસ્તી. આમ તો આવી બંજર, વેરાન અને વારંવાર કુદરતનો કોપ સહેતી જગાએ આટલી વસ્તી ય શા માટે હોવી જોઈએ એવો સવાલ અહીં પગ મૂકતાંની સાથે જ થાય.

ચારેકોર પથરાયેલા રેતીના અફાટ-અડાબીડ અને બિહામણા ઢૂવા, ભાલાની નોક જેવી વાગકણી, ગરમ હવા સાથે ફેંકાતી રેતીની ડમરી, ચહેરા પર વાગતી ડમરીની છાલક સામે સતત અધમીંચાયેલી રહેતી આંખોની કાકલૂદી અને પાણીના એક-એક બુંદ માટે હિઝરાતો કંઠનો શોષ... શહેરી આદમીને અહીં પગ મૂક્યાના એકાદ દિવસમાં જ રૂંવેરૂંવેથી પાછા ફરવાનો પોકાર કરાવી દેતું ડેરા સુલ્તાનખાઁ...

થર અને પારકર એવા સિંધના રણના બે હિસ્સાને જોડતો આ આખો વિસ્તાર આમ જુઓ તો કુદરતની અપાર લીલાનું અજાયબ પ્રતીક હતો. અલમસ્ત પહાડ જેવા રણના ઢૂવાઓ વચ્ચે ક્યાંક ક્યાંક છીણી-હથોડી લઈને માપસરનાં ચોસલાં કાપ્યાં હોય તેમ ઢૂવાઓ ઢાળ ઊતરતા સમથળ બનતા જાય. રેગિસ્તાનમાં ઉછરેલો આદમી તેને 'ખુબરા' તરીકે ઓળખે. મૂળ તો એ મકરાણી ભાષાનો શબ્દ, પણ વાયવ્ય હિન્દુસ્તાનથી છેક અરબસ્તાન સુધી પથરાયેલી આ બંજર ધરતીમાં સર્વત્ર તેનો એક જ અર્થ થાય.. હાશકારો!

ખુબરા એટલે લીલાશનું ઝાંખુપાંખું સરનામું. રેગિસ્તાનની વેરાની એકધારી જેની આંખમાં ભોંકાઈ હોય એ જ લીલાશનું મહત્ત્વ પામી શકે. કુદરત જ્યારે વિકરાળ બને ત્યારે એ પોતે જ ક્યાંક સધિયારાનો હૂંફાળો હાથ લંબાવીને બેઠી હોય છે. રણમાં વખતોવખત ફૂંકાતી તોફાની આંધી સામે ખુબરા નૈસર્ગિક રક્ષણ આપે. રણમાં પવનની દિશા સતત બદલાતી રહે એટલે ઢૂવાઓનાં કદ, આકાર અને સ્થાન પણ બદલાતાં જાય. એક ઢૂવાની દર્રા બીજા ઢૂવાનો આરંભ બનતી હોય એવા રેતીના અફાટ દરિયા વચ્ચે આવા ખુબરા એક નાનકડાં મેદાનની ગરજ સારે.

રણમાં ફૂંકાતા પવનની બીજી વિશેષતા એ કે અહીં પવન દિવસભર સતત દિશા બદલતો રહે, પરંતુ ગમે તે દિશામાં એકમાર્ગી થઈને ફૂંકાતો પવન ખુબરા આવે ત્યાં ચકરાવે ચડીને ગોળ ગોળ ઘૂમરાવા લાગે. આમ તો તેનું વૈજ્ઞાનિક કારણ બહુ સીધું. ઢૂવાની ઊંચાઈ પરથી વહેતો પવન સપાટ ખુબરાની ઊંડાઈમાં પ્રવેશે એટલે તેની ઝડપમાં અવરોધ આવે. ખુબરાના તળિયે પહોંચેલો પવન ફરી ઊંચકાય ત્યાં પાછળથી આવતી એવી જ બીજી વેગીલી લહેરખી તેને ધક્કો મારે. એ રીતે પવન ચકરાવે ચડે અને એ ચકરાવો બીજા ઢૂવા પર સવાર થાય ત્યારે વળી પાછો મૂળ દિશા પકડે.

એ રીતે મોટાભાગે રણના ઝંઝાવાત સામે બચી જતા આવા ખુબરામાં તેના કદ પ્રમાણે ચોમાસા પૂરતો પાણીનો સંગ્રહ પણ થાય. જમીન હોય તો જળ ઊતરે, જળ ઊતરે તો

ઝાંખીપાંખી ય હરિયાળી પાંગરે અને એ હરિયાળી વચ્ચે જીવન ઉછરે. એ રીતે વિપરીત જગાએ શ્વસતા જીવનને ટકી રહેવા જળ જોઈએ અને ફરીથી જળને જમીન. કુદરતના આ ચક્રનું સુપેરે પાલન થતું રહે તો હજારો વર્ષ સુધી તમામ આફતો વચ્ચેય ખુબરા સલામત રહે. નહીં તો આઠ-દસ વર્ષમાં જ રેતીના ઢેર તળે ગર્ત થતા જાય.

ખુબરામાં મોટાભાગે બાવળ, ખજૂરી, ખીજડો કે બોરડી જેવી લીલોતરી ય ઊગે. ખપપૂરતી ભીનાશમાં ઝબોળાયેલી લીલાશની એ છાયા તળે વસાહતો પાંગરે, રણમાંથી પસાર થતા કારવાઁને વિસામો ય મળે અને ક્યારેક ખુબરા વિશાળ કદના હોય તો આફત સામે અડીખમ રહેવા ટેવાયેલી જાતિઓના ડેરા ય સ્થપાય.

ડેરા સુલ્તાનખાઁ એવી જ એક જગા હતી. આજે ભાગ્યે જ કોઈને અંદાજ આવે, પણ પંદરસો વર્ષથી ભયાનક ઉથલપાથલ સહેતા રહેલા આ ઈલાકાનો ય એક જમાનો હતો.

કાળના ખપ્પરની માફક માઈલો સુધી મોં ફાડીને ઊભેલા સિંધના રણને પાર કરવું સર્વથા અશક્ય મનાતું હતું ત્યારે ઈસ્વીસનની પાંચમી સદીમાં ખૈબરની ઘાટીઓમાંથી જંગલી સુવ્વર જેવી કારમી ચિચિયારીઓ નાંખતાં લડાકુઓનાં લોહીતરસ્યા ધાડાં પ્રવેશ્યાં. હુણ જાતિના એ બર્બરોએ વાયવ્યના મેદાની વિસ્તારમાં તબાહી મચાવી રણની વાટ પકડી અને આ રસ્તેથી પસાર થઈને હિન્દુસ્તાનમાં પ્રવેશ કર્યો.

અભેદ ગણાતા આ બંજર, શાપિત રેગિસ્તાનની સહસ્ત્રો વર્ષોથી જળવાતી રહેલી આમાન્યા હુણોએ તોડ્યા પછી ઉત્તર-પશ્ચિમ સરહદ પર આ આખો ઈલાકો હિન્દુસ્તાનનું પ્રવેશદ્વાર ગણાવા લાગ્યો અને ચારસો વર્ષ સુધી અહીં લોહીયાળ, હિંસક અને અરાજક ઉથલપાથલ જારી રહી.

છેવટે આઠમી સદીના આરંભે અરબસ્તાનની તકિફ જાતિનો એક લડાયક યોદ્ધો 20,000 ઊંટસવારોના સૈન્ય સાથે ચડી આવ્યો અને સમગ્ર સિંધ સહિત હિન્દુસ્તાનના આ પગથિયાં સુધીના વિસ્તારને તેણે તાબામાં લીધો. તેનું નામ મુહમ્મદ બિન કાસિમ. માથા પર વીંઝાતી તકિફોની લોહીભીની તલવારો બે જ વિકલ્પ આપતી હતી, ઈસ્લામ કબૂલ કરો અથવા જીવ ગુમાવો. જવાબમાં હજારો ધર્મપરિવર્તનો થતાં રહ્યાં, જનોઈ ઊતરતી રહી, કલમાઓ પઢાતા રહ્યા, હજારો માથાંઓ ધડથી નોંખા થતાં રહ્યાં અને રેગિસ્તાન શોણિતભીના આંસુડે રહ રહ રોતું રહ્યું.

બેરહેમ તબાહી મચાવીને અરબસ્તાન પરત ગયેલા કાસિમે હબ્બાર અને બલોચ જાતિના તેના સરદારો વચ્ચે રેગિસ્તાનનો આ બંજર ઈલાકો વહેંચી દીધો. સંપીને ખાવા ન ટેવાયેલા આ સરદારો પછી આપસમાં અનેક યુદ્ધો લડ્યા, ભયાનક ખુવારી વહોરી, હજારો માથાં વાઢ્યાં અને સેંકડો વર્ષો સુધી અહીં અંધાધૂંધી અને અરાજકતા ફેલાયેલી રહી.

રેગિસ્તાનમાં લોહીતરસી તલવારો વીંઝાતી હતી ત્યારે દૂરના મેદાની વિસ્તારોમાં તાર્તાર અને ઘૂર અને ખોરસાની અને મામલુકોની સલ્તનતો સ્થપાતી રહી, વિકસતી રહી, ઉખડતી રહી. પંદરમી સદીમાં મુલતાનના સલાહુદ્દીન તાર્તારની બાદશાહત સામે કેટલીક જંગલી આદિજાતિઓનો પડકાર ઊભો થયો ત્યારે રેગિસ્તાનના હબ્બાર અને બલોચ જેવા લડાકુઓની તેણે મદદ લીધી. એ વખતે હબ્બારનો સરદાર હતો સુલતાનખાઁ અને બલોચનો નેતા હતો ગાઝીખાઁ. સગપણે બંને સાળો-બનેવી થતા હતા.

સલાહુદ્દીનને મદદ કરવાના બદલામાં સિંધના છેક પશ્ચિમ છેડાથી અહીં બિકાનેરની જમીન સુધીનો રેગિસ્તાની પ્રદેશ સુલતાનખાઁને મળ્યો. તેણે અહીં રણમાં વેરવિખેર પથરાયેલા

ખુબરાઓમાં ડેરો સ્થાપ્યો અને એ ડેરો તેના નામે ઓળખાયો... ડેરા સુલ્તાનખાઁ.

સદીઓથી લોહી પી-પીને રક્તવર્ણી થઈ ગયેલી રેગિસ્તાનની કરાલ ધરતીની કુંડળીમાં ત્યારે પહેલી વાર અમન અને તરક્કીના ગ્રહો પગ વાળીને ઘડીક બેઠા. આખાય હિન્દમાંથી અરબસ્તાન, તહેરાન અને છેક ઈસ્તંબુલ સુધી વ્યવહાર ધરાવતા વેપારી કારવાઁ અહીંથી પસાર થતા. સિંધના ઉજ્જડ રણમાં પ્રવેશતા પૂર્વેની આ છેલ્લી વસાહત હતી. અહીંથી હબ્બાર જવાનિયા માલસામાનથી લાદેલા વેપારી કારવાઁને સહીસલામત રણ પાર કરાવવા છેક મકરાણ સુધીની સફર મારતા.

હાડેતી કાઠી, સીધા સોટા જેવા શરીર, અણિયાળાં નાક, રાની પશુ જેવી હિંસક આંખો અને એથી ય ચાર ચાસણી ચડે તેવો ખૂંખાર મિજાજ એ હબ્બાર લોકોની તાસીર હતી. કારવાઁઓની જકાતથી સમૃદ્ધ થયેલા હબ્બારોએ જોકે રેગિસ્તાન વળોટીને હિન્દુસ્તાનના મેદાની વિસ્તારો તરફ પેશકદમી કરવાનું ટાળ્યું હતું. એ દરમિયાન ડેરાથી ઉત્તર-પૂર્વે (ઈશાન ખૂણે) બિકાનેર અને દક્ષિણ-પશ્ચિમે (નૈઋત્ય ખૂણે) જેસલમેરના રાજપૂતો બળુકા થઈ ચૂક્યા હતા.

અઢારમી સદીમાં અહીં બલોચી ઔલાદના ઊંટનું બ્રિડિંગ શરૂ થયું. બિકાનેરના રાવની એકધારી સમજાવટ પછી ડેરાના માતેલા હબ્બારો ઊંટ કેળવવાના ધંધામાં પડ્યા અને હજુ ગઈકાલ સુધી અહીં પગ મૂકવાની કલ્પનામાત્રથી થથરાટી છૂટતી હતી એ ઈલાકો ઊંટના વેપારના કેન્દ્ર તરીકે અડધી દુનિયામાં જાણીતો બન્યો.

એ વખતે રાજપૂતાનામાં જયસલાણ રાઠોડ સાખના રાજપૂતો ય ઊંટ કેળવવામાં માહેર ગણાતા. કામની જરૂરિયાતને લીધે સતત વગડામાં રખડપટ્ટી કરવાને લીધે તે ચરવાહા રાજપૂત તરીકે ય ઓળખાતા. દીર્ઘદૃષ્ટિ ધરાવતા બિકાનેરના રાવે માથાફરેલા હબ્બારોનું વર્ચસ્વ સંતુલિત કરવા ચરવાહા રાજપૂતોને ય અહીં વસાવ્યા.

ચરવાહાઓના અહીંના વસવાટ માટે ઊંટના વેપાર ઉપરાંત બીજું ય એક કારણ જવાબદાર હતું. ડેરાથી ઉત્તરે બિકાનેરની દિશામાં દોઢ કિલોમીટર દૂર એક સાંકડા ખુબરામાં કેશાવલિ માતાનું દોઢ હજાર વર્ષ જૂનું મનાતું મંદિર હતું. ચરવાહા રાજપૂતોની એ કુળદેવી. મંદિરની દેખભાળ થઈ શકે, યાત્રાળુઓની ખિદમત પણ થાય, હબ્બારોની તાકાત વધતી રોકી શકાય અને ઊંટના વેપારમાં બરકત પણ થાય એવા હેતુથી ઓગણીસમી સદીના ઉત્તરાર્ધમાં દેશનોક ગામ આસપાસના ચરવાહાઓ અહીં મોટી સંખ્યામાં વસવાટ કરતા થયા હતા.

ડેરા સુલ્તાનખાઁના હબ્બારો અને ચરવાહાઓના હાથે કેળવાયેલી બિકાનેરના રાવ ગંગાસિંઘની કેમલ રેજિમેન્ટ ગંગારિસાલા તરીકે ઓળખાતી હતી અને આ ગંગારિસાલાએ અંગ્રેજો વતી છેક ચીન અને સોમાલિયામાં ય યુદ્ધમોરચે ભાગ લીધો હતો. પ્રથમ વિશ્વયુદ્ધમાં ઈજિપ્તના મોરચે ગંગારિસાલાએ એવો કહેર મચાવ્યો કે ખુશ થયેલી બ્રિટિશ રાણીએ વિખ્યાત વર્સેલ્સની સંધિ કરવા માટે પોતાના પ્રતિનિધિ તરીકે ગંગાસિંઘને મોકલ્યા અને તેમણે સંધિપત્ર પર સહી કરી હતી, 'રાવ ગંગાસિંઘ ઓફ બિકાનેર, કમાન્ડર ઈન ચીફ, ગંગારિસાલા કેમલ રેજિમેન્ટ ઓફ ડેરા સુલ્તાનખાઁ'!!

સદીઓથી લોહીના રગેડામાં બંબોળ થતા રહેલાં ડેરા સુલ્તાનખાઁને મળેલી એ વૈશ્વિક ઓળખ આજે ય બ્રિટિશ તાજના દસ્તાવેજમાં જીવંત છે.

પણ એ પછી ફરી ડેરાની તકદીરે પલટી મારી. વીસમી સદીનો આરંભ થયો અને સમગ્ર હિન્દનું વાતાવરણ પલટાવા લાગ્યું. ડેરા સુલ્તાનખાઁનો ઈલાકો ય તેનાં ચેપથી મુક્ત ન હતો. આઝાદીના આશક રાજપૂતોએ બ્રિટિશ રાજ સામે પડકાર ઊભો કર્યો અને હબ્બારોને

અંગ્રેજોનું સમર્થન કરવામાં સલામતી લાગી. હબ્બાર અને રાજપૂતો વચ્ચેની એ અંટસ સતત પહોળી થતી ગઈ અને દેશના વિભાજન વખતે હબ્બારોએ પાકિસ્તાન તરફી વલણ લીધું ત્યારથી આ વિસ્તારની માઠી દશા ફરી શરૂ થઈ.

1965 અને '71 એ બંને યુદ્ધમાં પાકિસ્તાને હબ્બારોને આગળ કરીને ડેરા પર કબજો મેળવ્યો હતો. એ પછી સફાળી જાગેલી ભારત સરકારે કાયમી ધોરણે અહીં બોર્ડર સિક્યોરિટી ફોર્સનું થાણું નાંખી દીધું હતું.

હવે ચરવાહાઓ ઈલાકો છોડીને બિકાનેર, જેસલમેર ભણી જતા રહ્યા હતા અને કુળદેવીનાં દર્શને આવવા કે માનતા પુરી કરવા પૂરતી જ અહીં આવ-જા કરતા હતા. હબ્બારોના સાઠ-સિત્તેર પરિવારો હજુ ય અહીં વસતાં હતા. ઊંટનો વેપાર હજુ ય ધીકતો હતો, પણ સમાંતરે બીજો ય ધંધો નવી પેઢીના હબ્બારોએ ખીલવી જાણ્યો હતો. ઉત્તર-પશ્ચિમ ભારતની આ સરહદ એવી પેચીદી હતી કે અહીં ક્યાંય પણ ઊભેલી વ્યક્તિ ખાતરીપૂર્વક ન કહી શકે કે એ ભારતમાં છે કે પાકિસ્તાનમાં! શરૂઆતમાં પાકિસ્તાની લશ્કરે અને હાલ અલ-કાયદાના આકાઓએ તેનો ભરચક ફાયદો ઉઠાવ્યો હતો.

રણમાં કાયમી વાડ બાંધીને સરહદ આંકવાનું મુશ્કેલ હતું અને બોર્ડર સિક્યોરિટી ફોર્સ માટે સાડા ત્રણસો કિલોમીટરના પટ્ટામાં જડબેસલાક પહેરો ભરવો આસાન ન હતો એવા માહોલમાં છેલ્લા એક દાયકાથી અહીં ઘાતક હથિયારો અને અફીણની બેશૂમાર હેરાફેરી ઉપરાંત, આતંકીઓની ઘૂસણખોરી પણ બેરોકટોક ચાલતી હતી.

ડેરા સુલ્તાનખાઁ ઈલાકાના તમામ વિરોધાભાસ વચ્ચે ય સૌથી વધુ કંઈ સ્પર્શી જાય તો એ તેની સાંજ. એમાં પણ જો ચોમાસાની ઋતુ હોય અને ભાગ્યે જ વરસતો વરસાદ વાદળોમાં ઘૂમરાઈ રહ્યો હોય ત્યારે આખો ડેરો હિંગળોક રંગે રંગાઈ જાય. રણની ગરમ હવામાં મોસમની ભીનાશ વર્તાય અને બે છાંટા ડિલ પર પડે એ સાથે રેગિસ્તાનનો તપ્ત, અભિશપ્ત આત્મા ખુશનુમા વાઘા પહેરી લે. નિસર્ગની લાખેણી ભેટ જેવાં બે-ચાર ફોરાં પડવાનાં શરૂ થયાં હોય, રેતીના ઢૂવા વચ્ચેની દર્રામાં આળોટતા હરખઘેલાં ઊંટ આરડતાં હોય, ખજૂરીના પાનની છાજલી મઢેલા ગાર-માટીના ભૂંગાની દીવાલ પર ગળીથી ચિતરેલા મોર-પોપટ સજીવન થઈને ટહુકા કરી રહ્યા હોય, ચાર-પાંચ ભૂંગાના ચોકમાં રંગબેરંગી ઓઢણી લહેરાવતી ષોડશી કન્યાઓ ગરદન ઊંચી કરીને ધગધગતા, તરડાયેલા ચહેરા પર વરસાદનાં શીતળ ફોરાં ઝીલી રહી હોય અને ટોચના ઢૂવા પર બેસીને ભીંજાતો, લહેરિયો સાફો પહેરેલો હબ્બારી જવાન રાવણહથ્થાના રાઠોડી સૂર વહેતા મૂકે.. મ્હાડ રાગમાં ધૂન છેડાય અને બે ફોરાંના વરસાદમાં સાંબેલાધાર સૂર રણને ઘેરી વળે,

તું રે દેસી રૂખડો.. મ્હેં પરદેસી લોગ

મ્હને અકબર તેરિયા... તું કટ આયો ફોગ ડેરાવા... વાહ.. ડેરાવા...

*** *** ***

મળસ્કે ત્વરિત અને બેય ઓરતનો કાફલો નીકળ્યો પછી છપ્પને પોતાની તૈયારી આદરી હતી. સામાનનું લિસ્ટ લખવાની તેને આદત ન હતી, પરંતુ કઈ ઘડીએ કઈ ચીજની પહેલી જરૂર પડશે એ મુજબ અગાઉથી જ વિચારીને તેણે ગોઠવણ કરી રાખી હતી.

અવાવરું વિસ્તારના જર્જરિત મંદિરોમાંથી તે આ પહેલાં ય મૂર્તિઓ ઉઠાવી ચૂક્યો હતો. અનુભવે તેને ખબર હતી કે આવી મૂર્તિઓ થાળામાંથી કાપવાનું ખાસ મુશ્કેલ ન હતું, પરંતુ ઓછી આવ-જાવાળી જગ્યાએ જવું, રોકાવું અને મૂર્તિ ઉઠાવીને સફળતાપૂર્વક નાસી છૂટવું એ

જ તેને સૌથી મોટું ભયસ્થાન લાગતું. તેનો બાપ ગૂંગાસિંઘ હંમેશાં કહેતો, ‘તરિકા અઈસે બદલો જઈસે બિસ્તર મેં લૌંડિયા બદલતે હો…’

ગૂંગાસિંઘ અભણ હતો એટલે મોડસ ઓપરેન્ડી શબ્દ તેને આવડતો ન હતો, પણ એ જે કહેવા માંગતો હતો એ છપ્પનને હવે બરાબર ગળે ઊતરી ગયું હતું. દરેક ગુનેગાર પોતાના ગુનાને અંજામ આપવા માટે ચોક્કસ પ્રકારની કાર્યપદ્ધતિ અપનાવતો હોય. ચબરાક પોલીસ અધિકારી જો ગુનેગારની મોડસ ઓપરેન્ડીનો સ્ટડી કરીને પગેરું દબાવે તો ગુનેગારના પકડાઈ જવાના ચાન્સ વધી જાય.

છપ્પન તરીકા બદલવામાં બરાબર શાણપણ દાખવતો. સ્થળનો સઘન અભ્યાસ કરીને તે પોતાનો રોલ નક્કી કરતો. ડિંડોરીમાં તે જમીનની માપણી કરવા આવેલો સરકારી અધિકારી બન્યો હતો, એ પહેલાં ક્યાંક તેણે યાત્રાળુઓનો સંઘ લઈને નીકળેલા શ્રેષ્ઠીનો દેખાડો કર્યો હતો. આજે જ્યાં જવાનું હતું તેના માટે તેણે ઊંટના વેપારીનો સ્વાંગ લેવાનો હતો અને તાજુબી એ હતી કે તેણે બાપ જન્મારે કદી ઊંટસવારી કરી ન હતી.

- પણ અણધારી સ્થિતિ સાથે તાત્કાલિક અનુકૂલન સાધી લેવાની ઝડપ જ તેને બીજા કરતાં કાબેલ સાબિત કરતી હતી.

તરીકામાં અપાર વૈવિધ્ય લાવી જાણતો રંગીલો છપ્પન લૌંડિયા બદલવામાં તેના બાપને ય ઈર્ષ્યા થાય એવી ‘વરાયટી’ ધરાવતો હતો. ગામેગામ તેના ડેરા તણાયેલા રહેતા. કોઈક બજારું ઓરત હોય તો કોઈક વળી કોઈકની પરણેતર પણ હોય. પટનાસાહિબમાં એક કોલેજિયન છોકરી ય તેણે પટાવી રાખી હતી અને છેક રાજસ્થાનમાં ય પાળેલા પંખીને તે વખતોવખત દાણા નાંખી આવતો. એકેય છોકરી કદી તેનું સાચું નામ સુધ્ધાં જાણતી નહીં અને કામ તો હરગિઝ ન જાણતી. કોઈક માટે એ લાંચ લઈ-લઈને તગડો થયેલો સરકારી અધિકારી હતો તો કોઈક છોકરી તેને આશિકમિજાજ નબીરા વેપારી તરીકે ઓળખતી હતી.

છોકરીઓની આટલી મોટી સંખ્યા ફક્ત બિસ્તરમાં વૈવિધ્ય માટે જ ન હતી. તે છોકરીઓનો કવર તરીકે ય આબાદ ઉપયોગ કરતો. ચોરી કરીને સલામત આશરો લેવા માટે કે ચોરી કરવા જતી વખતે ‘સજ્જન પરિવાર’નો દેખાડો કરવા માટે ય છોકરીઓનો તેને ખપ રહેતો.

દૂબળીની ચિઠ્ઠીમાં હવે પછીનું ટાર્ગેટ ડેરા સુલ્તાનખાઁ હોવાનું જાણીને તેણે રાતભર દિમાગ કસ્યું હતું અને બીજા દિવસની સવાર પડી ત્યાં સુધીમાં પ્લાન ઘડી નાંખ્યો હતો. ચોખ્ખા ધંધામાં બરાબર ગોઠવાઈ ગયેલો કેકવો પોતાના પર આફત આવે એટલી હદે ક્યાંય ફસાવાનું પસંદ કરતો ન હતો એ છપ્પન બરાબર જાણતો હતો. કોઈ છોકરી પેકેટ આપી ગઈ એ જાણ્યા પછી ઘાંઘા થયેલા ત્વરિતે ઉધામો મચાવ્યો એ જોઈને ખંધો કેકવો વહેમાયો જ હોય તેની છપ્પનને ખાતરી હતી. સવારે તેણે કેકવાને બરાબર પલોટી નાંખ્યો. ત્વરિત પટણાનો એક નબીરો છે અને તેને મેવાડમાં આરસની ખાણ સસ્તામાં અપાવવાનું કહીને તે શીશામાં ઉતારી રહ્યો છે. રાયપુરમાં રહેતાં તેના સસરાને ખબર ન પડે એ રીતે ત્વરિત અહીં પૈસાની જોગવાઈ કરવા આવ્યો છે એમાં જરાક ગરબડ થઈ ગઈ છે એવી ગોળગોળ વાર્તા કહીને તેણે વહેમાયેલા કેકવાને ઘુમાવી દીધો હતો. જ્યાં કેકવાએ અણિયાળા સવાલ કર્યા ત્યાં ‘મૈં કહૂં ઉતના હી કર… મૈં નહિ ચાહતા કે તૂ કહીં ફસ જાય’ એમ ફસાવાનો ડર બતાવીને તેણે કેકવાને બખૂબી મૂંગો કરી દીધો હતો.

દિવસભર તેણે રાજસ્થાનના પોતાના છેડા અડાડીને ડેરા સુલ્તાનખાઁ તેમજ કેશાવલિ માતાના મંદિર વિશે માહિતી મેળવી હતી. એ પછી રાજનંદગાંવ પહોંચીને તેણે શોપિંગ લિસ્ટ તૈયાર કર્યું

હતું. ત્વરિતને સાથે રાખ્યા વગર મૂર્તિ ઓળખવી મુશ્કેલ હતી, પરંતુ ચોરી કરતી વખતે કોઈને સાથે રાખવાની તેને ટેવ પણ ન હતી એટલે તેણે આબાદ પ્લાન વિચારી લીધો હતો અને ફાતિમાને સાધી હતી.

બાળપણમાં જ બાંગ્લાદેશથી ઘૂસણખોરી કરીને આવેલી ફાતિમા કુમળી વયથી જ દેહવ્યાપારમાં ધકેલાઈને હવે માંડ વીસીએ પહોંચી હતી તો ય બરાબર રીઢી થઈ ગઈ હતી. ગ્રાહકોને વૈવિધ્ય મળે અને ધંધો ય જળવાઈ રહે એ માટે આઠ-દસ છોકરીઓ સાથે સતત સ્થળાંતર કરતી રહેતી ફાતિમાનો હાલનો મુકામ રાયપુરમાં છે એ છપ્પન જાણતો હતો. ત્વરિતની ઓરત તરીકે રણની સહેલગાહે જવાનું છે એમ કહીને તેણે ફાતિમાને ધાબા પર ઉતારીને રાજનંદગાંવનો બીજો આંટો માર્યો હતો. ફાતિમા સાથેની બીજી બે ઓરતને લઈને રાજનંદગાંવ જઈને તેણે લિસ્ટ મુજબનું શોપિંગ કરાવ્યું હતું અને પોતે કેકવાની મદદથી વિલિઝ જીપ ઉઠાવવામાં પરોવાયો હતો.

લાલ રંગનો, લીલી-ભૂરી ટીપકીવાળો ચાંદલિયો ફેંટો, ખમીસ અને ધોતીને ફર્શની ધૂળમાં ઘસીને તેણે ‘જૂનાં’ બનાવી દીધાં અને એક થેલામાં મૂક્યાં. દરેક ચીજ તેના અગ્રતાક્રમ મુજબ સામાનમાં ગોઠવીને તેણે આંખે સુરમો આંજ્યો. ચહેરા, ગરદન અને છેક છાતી સુધી ત્રણેક વખત મેંશ ચોપડીને ફક્ત પાણીથી ઘસીને ધોયા પછી હવે તેની સ્કિન નૈસર્ગિક કાળાશ પકડી ચૂકી હતી. આડેધડ વધેલાં કાબરચિતરા દાઢી-મૂછ, મેશની કાળાશથી સદંતર બદલાઈ ગયેલો તેના ચહેરાનો વર્ણ, આંખોને વધુ પાણિયાળી બનાવતો સુરમો અને માથા પર સફાઈપૂર્વક વીંટેલો ચાંદલિયો ફેંટો... અરીસામાં પોતાનો હુલિયો ત્રણ-ચાર વખત જોઈને તેને સંતોષ થયો હતો.

ફાતિમા અને ચંદાને તેણે ત્વરિત સાથે મોકલ્યાં હતાં અને મરિયમને પોતાની સાથે રાખી હતી. મરિયમ એ તેનો ‘પ્લાન બી’ હતો. ઊંટના વેપારી તરીકે બીએસએફના જવાનો તેને છેક ડેરા સુલ્તાનખાઁ સુધી ન પણ જવા દે એમ ધારીને તેણે ત્રીજી ઓરતને પોતાની સાથે રાખી હતી. બૉર્ડર સિક્યૉરિટી ફોર્સની બિકાનેર કોર્પ્સની ઓફિસ લાલગઢ ચોકમાં હતી. ત્યાંથી તેણે વેપારી તરીકે સરહદી વિસ્તારમાં જવાની પરમિશન લેવાની હતી. એવી પરમિટ લીધા વગર સરહદી વિસ્તારમાં જવાનું શક્ય ન હતું. અલબત્ત, યોગ્ય જગ્યા પારખીને રૂપિયા ખર્ચતા આવડે તો હિન્દુસ્તાનમાં તાજમહાલ પણ મળી શકતો હોય તો પરમિશન કઈ ચીજ છે એ છપ્પન જાણતો હતો. હજુ હમણાં સુધી કેશાવલિ માતાના મંદિરે જતા યાત્રાળુઓ માટે ય આવી પરમિશન ફરજિયાત હતી, પરંતુ ચૂંટણીમાં કેટલાંક પક્ષોએ દર્શનાર્થીઓની કનડગતના નામે આ મુદ્દો બરાબર ચગાવ્યા પછી યાત્રાળુઓ હવે છેક કેશાવલિ સુધી વગર પરમિશને જઈ શકતાં હતાં. તેમણે ફક્ત ચેકપોસ્ટ પર પોતાનાં ઓળખપત્ર આપવાનાં થતાં હતાં.

ત્વરિતને તેણે ઈલેક્શન કાર્ડ આપ્યું હતું, જેમાં તેનું નામ દેવુસિંઘ જયસલાણ, ઠે. કુંઢા, જિ. ભરતપુર હતું. છપ્પનનું નામ હવે મેવાતીલાલ ચંદરિયા હતું, ગામ તરાદિયા, જિ. બિકાનેર.

*** *** ***

‘ઉસકી * * ***’ ઝુઝારે ડોળા તગતગાવીને ગાળ બોલી નાંખી. તેના કાન ફોનમાંથી આવતા અવાજ ભણી સરવા હતા, પણ મનોમન તે ભીંત સાથે માથાં અફળાવી રહ્યો હતો.

પોતે અહીં ઘોરી ગયો અને જેની તલાશમાં નીકળ્યો હતો એ સાલો અહીંથી ત્રણ જ કિલોમીટર છેટેના ઢાબામાં હતો એ ખબર પડ્યા પછી તે પોતાની જાત પર બરાબર અકળાયો હતો.

વહેલી સવારે રમનો કેફ ઊતર્યા પછી તેણે નરણા કોઠે ત્રણ-ચાર મોટા ઘૂંટડા ગળા નીચે

ઓરીને પારણાં કર્યાં હતાં અને છત્તીસગઢના પોતાના સંપર્કો દોડાવવાનો ઉધમ આદર્યો હતો. બે દિવસ પહેલાં સાંજે છત્તીસગઢમાં પ્રવેશેલી ફોર્ડ ઈકોસ્પોર્ટ વિશે હવે તેની બે ધારણા હતી. નંબર એક, ડિંડોરીથી સળંગ સાત કલાકનું ડ્રાઈવિંગ કર્યા પછી એ આદમી રાજનંદગાંવની આસપાસમાં ક્યાંક તો રોકાયો જ હોય. નંબર બે, જો ચોરીનો માલ અહીં ક્યાંક સગેવગે કરવાનો હોય તો તેણે કોઈક સ્થાનિકનો સંપર્ક પણ કરવો જ પડશે. એસીપી રાઘવ માહિયાએ જો કે તેને જૂની મૂર્તિ ચોરાઈ હોવાનું જ કહ્યું હતું, પણ જમાનાનો ખાધેલ ઝુઝાર બરાબર જાણતો હતો કે એક રદ્દી મૂર્તિ માટે માહિયા તેને ન દોડાવે. બાત કુછ અલગ હૈ...

ઝુઝારે પોતાની બંને ધારણાને ધ્યાનમાં રાખીને સંપર્કો સાધવાના શરૂ કર્યા. એમાં છઠ્ઠો ફોન તેને ફળ્યો હતો. એ મિંઠ્ઠુમિંયા હતો. ગઢબિદરા ગામના ત્રિભેટા પાસે તેની પંક્ચર શોપ હતી.

'પંરસો રાંત કેંકવા કે ઢાંબે પે કુંછ લંફડા હુંઆ થા, હુંકુમ..' દરેક શબ્દનો પહેલો અક્ષર ગૂંગણો બોલવાની વિશિષ્ટ ટેવ ધરાવતો પંક્ચરવાળો એટલે જ 'મિંઠ્ઠુમિયાં' તરીકે ઓળખાતો.

અગાઉના ફોનમાં ય મળેલી આવી છુટક-પુટક માહિતી જેવી જ આ નિરર્થક માહિતી હશે એમ ધારીને ઝુઝારને ખાસ ઉત્સાહ ન પ્રગટ્યો પણ કેકવાનું નામ સાંભળીને તે જરાક સતર્ક થયો.

'ઉ કેકવા તો અબ લેન મેં નઈ રિયા ના?' ખેપાનીઓની આ દુનિયાને મન ગોરખધંધા એ જ સહી લાઈન. કોઈ ગુનાખોરી મૂકી દે એટલે 'એ હવે લાઈનમાં નથી રહ્યો' એમ કહેવાય.

'લેંન મેં તો નંઈ રિયા પંર દોંસ્તોં કા આંના-જાંના તો લંગા રંહેતા હૈ, હુંકુમ..'

'હમ્મ્મ્... લફડા ક્યા હુઆ થા?'

'પંતા નંઈ પંર અંચાનક એંક આંદમી ચિંલ્લાતા હુંઆ નીંચે આંયા થાં ઔંર ફિંર હંડબડી મંચ ગંઈ થીં...' એ પછી મિંઠ્ઠુએ જે કંઈ કહ્યું એથી ઝુઝારને માથાં પટકવાનું મન થઈ આવ્યું.

પોતે અહીં ઘોરી ગયો અને જેની તલાશમાં નીકળ્યો હતો એ સાલો અહીંથી ત્રણ જ કિલોમીટર છેટેના ઢાબામાં હતો.

કેકવાના ઢાબા પર કોઈ ભેદી મહેમાન રોકાયા હોય, એક આદમી રાત્રે અચાનક બૂમો પાડતો નીચે ધસી આવે, એ પછી કેકવો ય ઘડીભર ઘાંઘો થઈને કોઈકને શોધવા દોડાદોડી કરી મૂકે... ઝુઝારના મગજમાં ઘટનાઓના ગુણાકાર- ભાગાકાર થવા માંડ્યા હતા.

મિંઠ્ઠુને ફોર્ડ ઈકોસ્પોર્ટનું મોડેલ ઓળખાયું ન હતું અને પાસિંગ તેણે જોયું ન હતું પણ ઢાબાની પાછળ પાર્ક કરેલી ગાડીમાં કંઈક ચેડાં થયાં હતાં એટલે એ આદમીએ ફરીથી ચીસ પાડી હતી એ વિશે તે ચોક્કસ હતો. ફરીથી કેકવો બ્હાવરો બનીને એ દિશામાં દોડી ગયો હતો. કોઈક લોંડિયાની તલાશી ચાલી હતી... ગૂંગણા અવાજે મિંઠ્ઠુ કહેતો ગયો અને ઝુઝારને રૂંવેરૂંવે ચટપટી ઉપડતી રહી. માહિયાએ ભલે કહ્યું, પણ આ કોઈ સાધારણ રદ્દી મૂર્તિની ચોરી નથી... નથી જ... કુછ બડા લફડા હૈ...

એસાઈન્મેન્ટ સોંપતી વખતે પોલીસ ઓફિસર તેને સાવ સાચી જ વિગતો આપે એ જરા ય જરૂરી ન હતું, પણ પોલીસ ઓફિસર કહે એ બધું ઘીના શીરાની જેમ ગળે ઉતારીને પોતે દોડતો થઈ જાય એ ઝુઝાર માટે ય જરૂરી ન હતું.

વધુ માહિતી મેળવવા મિંઠ્ઠુને કામે લગાડીને બપોરે પોતે રૂબરૂ મળશે એમ કહી તેણે રાઘવને ફોન જોડ્યો. હવે કદાચ તેણે આઉટ ઓફ વે પણ જવું પડે એમ તેને લાગતું હતું. આવા કિસ્સામાં પોલીસ અધિકારી કેટલો મક્કમ છે એ ચકાસી લેવું પડે. ત્રણ દાયકાથી પોલીસ અને ગુનાખોરીની દુનિયા સાથે તેનો પનારો હતો અને બેય વચ્ચે ભરોસો મૂકવાની વાત આવે તો

ઝુઝાર ગુનેગાર પર બેધડક ભરોસો મૂકી શકતો. પણ રાઘવ માહિયા તેને અલગ લાગતો હતો. તેણે એકેય એવો પોલીસ અધિકારી જોયો ન હતો, જે કાબેલ પણ હોય અને સજ્જન પણ હોય. રાઘવમાં એ બેય 'અવગુણ' હતા, એટલે જ ઝુઝાર તેનાથી ડરતો હતો.

*** *** ***

દેહાતી કપડાં તળે ફાટાફાટ થતા ફાતિમાના માદક ઉભારો અને આંખોના બેહદ નશીલા ઉલાળા સામે મક્કમ રહીને ત્વરિતે આખું મધ્યપ્રદેશ પસાર કરી દીધા પછી પહેલો હોલ્ટ કર્યો. તેની એક આંખમાં ડેરા સુલ્તાનખાઁ પહોંચવાની તાલાવેલી હતી અને બીજી આંખ તેની આગળ-પાછળ, આજુબાજુ હલનચલન કરતી પ્રત્યેક ચીજમાં સતત દૂબળીને શોધતી હતી.

છપ્પન અને મરિયમ ખાનગી ટ્રાવેલ્સમાં બેસીને કોટા પહોંચવાં આવ્યાં હતાં. દૂબળીની હરહંમેશની સરસાઈથી ઘરબાઈ ગયેલા છપ્પને તેના વિશે વિચારવાનું ક્યારનું બંધ કરી દીધું હતું, પણ ત્વરિતને મળ્યા પછી, વામપંથી મૂર્તિ વિશે જાણ્યા પછી હવે એ ય મનોમન દૂબળીને દબોચવા તૈયાર થઈ રહ્યો હતો. જોકે, કેકવાના ધાબા પર દૂબળીએ લપડાક મારી દીધા પછી ય તેને પકડી શકવા વિશે ત્વરિત આશાવાદી હતો, છપ્પન અવઢવમાં હતો અને તેમ છતાં ય એ હકીકત તો હતી જ કે આખા રસ્તે બંનેના દિમાગમાં સતત સમાંતરે દૂબળી અને તેના વિશેના વિચારો ચાલતા રહ્યા હતા.

- અને એ વિચારની સમાંતરે, એ બંનેની જાણબહાર રેગિસ્તાની ઈલાકામાં બહુ ખૂંખાર અને જોખમી સંજોગો આકાર લઈ રહ્યા હતા.

*** *** ***

સ્થળ: બોર્ડર સિક્યુરિટી ફોર્સ, બિકાનેર કેમલ કોર્પ્સની લાલગઢ ઓફિસ.

સમય: ત્વરિતનો કાફલો ડેરા સુલ્તાનખાઁ જવા નીકળ્યો તેના ત્રણ દિવસ પહેલાં

ઈન્ટેલિજન્સ બ્યૂરોમાંથી આવેલો રિપોર્ટ કમાન્ડન્ટ ઈન ચાર્જ વિશ્વનાથ પરિહારે ત્રણેક વખત ડિકોડ કરાવીને ચેક કર્યો હતો. ઉશ્કેરાટ અને ગુસ્સામાં ટેબલ પર હાથ પછાડ્યો હતો. દાંત વચ્ચે દબાવેલી ચૂંગીમાંથી દારૂમાં પલાળેલી તમાકુનો ધૂંધવાટ ધુમાડો બનીને હવામાં ઘૂમરાતો રહ્યો હતો. આવા ગોળગોળ ઈનપુટ આપીને જવાબદારીમાંથી છટકી જવાની આઈબીની ચાલાકીને તેમણે મનોમન ગાળ દઈ દીધી.

બે મહિના પહેલાં જલંધરમાં પકડાયેલા બે આતંકવાદીઓની પૂછપરછમાં જાણવા મળ્યું હતું કે તે બંને ડેરા સુલ્તાનખાઁના રસ્તે ભારતમાં ઘૂસ્યા હતા. તેમણે એવુંય કહ્યું હતું કે, આ મહિનાના અંતમાં પાકિસ્તાનથી બહુ મોટું કન્સાઈન્મેન્ટ આ રસ્તે આવવાનું હતું. શેનું કન્સાઈન્મેન્ટ હતું એ વિશે ઈન્ટેલિજન્સ બ્યૂરોના રિપોર્ટમાં કોઈ સ્પષ્ટતા ન હતી.

પાકિસ્તાનની કુખ્યાત આઈએસઆઈ અને કાશ્મીરમાં એક્ટિવ જૈશ-એ- મહમ્મદની મોડસ ઓપરેન્ડી ભારતમાં અફીણ અને નકલી નોટો ઘુસાડવાની રહેતી. જ્યારે લશ્કર-એ-તૈયબા હથિયારોની હેરાફેરીનું કામ કરતું હતું તો ઈન્ડિયન મુજાહિદ્દીન આતંકવાદીઓની સરહદ પાર હેરફેર કરતું હતું. આઈએમ તરીકે ઓળખાતા મુજાહિદ્દીન હવે નેપાળના માઓવાદીઓ સાથે હાથ મિલાવીને ઉત્તર-પૂર્વની સરહદનો ઉપયોગ કરતા હતા, પણ જૈશ અને લશ્કરનું પહેલું ટાર્ગેટ કાશ્મીર હતું અને કાશ્મીરમાં ભારતીય સેના સતત હાઈએલર્ટ હોવાથી રેગિસ્તાનની સરહદ પર ક્યાંક છીંડાં પાડવાં એ તેમની પ્રાથમિકતા હતી.

પકડાયેલા આતંકવાદીઓ પાસેથી મળેલી માહિતી અને આઈબીની પોતાનાં સૂત્રોમાંથી મળેલી બાતમી મુજબ, ડામીસ પાકિસ્તાનીઓએ આબાદ ભેજું લડાવ્યું હતું. રણનું વહાણ ગણાતા ઊંટની શરીરરચનામાં કુદરતે આપેલી વિશિષ્ટતાનો તેઓ જબ્બર ફાયદો ઉઠાવતા હતા.

ઊંટની હોજરીમાં બે મોટી કોથળીની વિશિષ્ટ રચના હોય છે. એક કોથળીમાં ખોરાકની ચયાપચયની મંદ ક્રિયા જારી રહે જ્યારે બીજી કોથળીમાં પાણીનો અનામત જથ્થો સચવાયેલો રહે. એટલે જ, રેગિસ્તાનના સુક્કા, બંજર, નપાણિયા ઈલાકામાં ઊંટ અઢાર-વીસ કલાક સુધી પાણી વગર આસાનીથી મુસાફરી કરી શકે. એમાં ય બલોચી ઔલાદના ઊંટ તો પચ્ચીસ-ત્રીસ કલાકની દડમજલ કાપવા માટે ય જાણીતા હતા.

સરહદ પર ભારતનો ચોકીપહેરો મજબૂત હોય અને સ-માનવ ઘૂસણખોરી મુશ્કેલ બને ત્યારે પાકિસ્તાનીઓએ નવો રસ્તો અપનાવ્યો હતો. થરના રણની સામે પાર પારકરના કોઈ સરહદી ગામડાંમાં જૈશ-એ-મહમ્મદના માણસો ઊંટને બેહોશ કરી સર્જરી વડે તેની વધારાની કોથળીમાં ચાર-પાંચ કિલો અફીણ કે હેરોઈન છુપાવી દેતા હતા. એવા દસ-પંદર ઊંટ રેગિસ્તાનના માર્ગે પાંચ-છ કલાકની મુસાફરી કરીને અહીં ડેરા સુલ્તાનખાઁ આસપાસ ભરાતા ઊંટના બજારમાં પહોંચી જાય એટલે અહીંના તેમના મળતિયા એ ઊંટનો કબજો લઈ લે. બિકાનેર વટ્યા પછી ઊંટને બેહોશ કરીને તેના પેટમાંથી અફીણ-હેરોઈન કાઢી લેવાય અને પછી એ અફીણ-હેરોઈન ભારતીય બજારમાં બાર-પંદર ગણાં ભાવે વેચાય એટલે એ જ પૈસા વળી પાછા ભારતવિરોધી પ્રવૃત્તિઓમાં વપરાય. આતંકના આ નવા અર્થશાસ્ત્રનું સરનામું પોતાનો ઈલાકો હોય તેના અહેસાસમાત્રથી કમાન્ડન્ટ વિશ્વનાથ પરિહારને આવેગની ધ્રુજારી વછૂટતી હતી.

આઈબી ઈન્ફોર્મેશનના બીજા ઈનપુટ્સ પણ એવા જ ચોંકાવનારા હતા. સશસ્ત્ર હથિયારોની

પણ અહીં મોટાપાયે હેરફેર થતી હતી. રેગિસ્તાન વટીને ફિદાયિનો અહીં ઘૂસી આવતા હતા. થોડાક રૂપિયા વેર્યા પછી ડેરા અને આસપાસના ખુબરાઓમાં પનાહ મેળવવી તેમના માટે ખાસ મુશ્કેલ ન હતી. સ્થાનિક લોકોની લાલચ અને કેટલેક અંશે બીએસએફનો ભ્રષ્ટાચાર પણ એ માટે કારણભૂત હતો. પાકિસ્તાનના પઠાણકોટ, જલાલાબાદ, પેશાવરના ઘરઘરાઉ કારખાનામાં બનેલા તમંચા, રિવોલ્વર, સ્મિથ એન્ડ વેસન કે કોલ્ટની નબળી પણ આબેહૂબ નકલ જેવી સેમિ ઓટોમેટિક પિસ્તોલ, મુલતાન ખાતે આવેલી ઓસ્ટ્રિયન કંપની અર્ગેસમાં બનેલા હેન્ડ ગ્રેનેડ્સ જેવો ઘાતક સામાન કોથળા ભરી-ભરીને અહીં આસપાસના ખુબરાઓમાં ઊતરતો હતો અને પછી કોઈક રીતે સહીસલામત ભારતમાં પગ કરી જતો હતો. વેપન્સની પરમિટેડ શોપ્સમાંથી રૂપિયા પોણા બે લાખમાં મળતી પિસ્તોલના કેલિબરની ગન અહીં એંસી હજારથી એક લાખમાં આસાનીથી મળી જતી હતી એટલે સમગ્ર ઉત્તર-પશ્ચિમ ભારતના ગુનેગારો, ગુંડાઓ ય 'શોપિંગ' માટે અહીં ધામા નાંખતા રહેતા.

પોતાના કમાન્ડ હેઠળના વિસ્તારમાં આટલા મોટાપાયે ઘૂસણખોરી ચાલતી હોય અને આઈબીના ઓફિશ્યલ ઈનપુટ્સમાં એવો ઉલ્લેખ આવે એટલામાત્રથી પરિહાર બરાબર ગિન્નાયા હતા. રિટાયરમેન્ટ આડે દોઢ વરસ બાકી હોય ત્યારે અત્યાર સુધીની જ્વલંત કારકિર્દી પર આવી કાળી ટીલી સહેવાની તેમની સહેજપણ તૈયારી ન હતી. બહુ મથામણ પછી તેમણે બે વિકલ્પ વિચાર્યા અને બંને વિકલ્પના પ્લસ-માઈનસ નોંધ્યા.

પહેલો વિકલ્પ એવો હતો કે તેઓ બોર્ડર સિક્યોરિટીને હાઈએલર્ટ પર મૂકી દે, જવાનોની તાદાદ વધારી દે અને પેટ્રોલિંગ માટે કેમલ કોર્પ્સ ઉપરાંત મિની રણગાડીને ય ઉતારીને આખું રેગિસ્તાન રગદોળી નાંખે. આમ કરવાથી સરહદ પાર કરીને એક ચકલું ય ફરકવું મુશ્કેલ થઈ જાય. આ વિકલ્પનો પ્લસ પોઈન્ટ એ હતો કે પોતે તાત્કાલિક એક્શન લીધા હોવાની હાઈ કમાન્ડને ખાતરી કરાવી શકે. ઘૂસણખોરોની તમામ પ્રવૃત્તિ બંધ થઈ જાય અને 'ઓલ વેલ'નો રિપોર્ટ કરીને પોતે રાહતનો શ્વાસ લઈ શકે.

પરંતુ આ વિકલ્પની નબળાઈ એ હતી કે, આમ કરવાથી આતંકવાદીઓની પ્રવૃત્તિ હાલપૂરતી અટકી જતી હતી. આ વિકલ્પમાં તેઓ આતંકવાદીઓની હામ તૂટી જાય અને બીજી વાર આ વિસ્તારમાં નજર સુધ્ધાં નાંખવાની હિંમત ન કરે એવો કોઈ પાઠ ભણાવી શકતા ન હતા.

તો?? મનોમન પ્રગટતા આ સવાલનો જવાબ જરાક જોખમી હતો.

ભારતવિરોધી તત્ત્વોના હાંજા ગગડાવી દેવા હોય તો તેમને અંધારામાં જ રાખવા રહ્યા. તેમની તમામ પ્રવૃત્તિ ચાલવા દેવી રહી. હથિયારો, પેટમાં અફીણ સિવેલા ઊંટનો કાફલો, ફિદાયિનોને અહીં સુધી આવવા દેવા રહ્યા, ભારતમાં ખુલ્લેઆમ ફરતાં તેમનાં મળતિયાંઓને ય અહીં પ્રવેશવા દેવા રહ્યા અને પછી એ આખો માંચડો ભેગો થાય ત્યારે તેમને ચારેબાજુથી ભીંસીને એક-એકને સાલાને...

ઉન્માદ, આવેગ અને ઉશ્કેરાટથી તેમની મુઠ્ઠીઓ ભીંસાઈ ગઈ, જડબાં તંગ થયાં, સીનામાં શ્વાસ ભરાયો અને સિનિયર ઓફિસરને બોલાવવા તેમણે હાક નાંખી દીધી...

એ પછી એક કલાકમાં જ દેશદ્રોહી તાકાતને કચડી નાંખવા માટે તેમણે રણનીતિ તૈયાર કરી નાંખી હતી.

હજુ ય ઊંટના વેપારીઓને લાલગઢ ઓફિસમાંથી અપાતી પરમિટ એ જ રીતે છૂટથી આપવાની હતી, જાણે કંઈ જ બન્યું ન હોય...

હજુ ય ચેકપોસ્ટ ઉપર ઓળખપત્રોની ખરાઈ કરવામાં ચાલતી લાલિયાવાડી સામે આંખ આડા

કાન કરવાના હતા અને યાત્રાળુઓને બેરોકટોક આવ-જા કરવા દેવાની હતી, જાણે કંઈ જ બન્યું ન હોય...

- પણ હવે ડેરા સુલ્તાનખાઁ તરફ પાંખ ફફડાવતું એકેએક પરિન્દુ સુધ્ધાં તેમની કાતિલ અને સતર્ક નજર તળે રહેવાનું હતું. જરાક સરખી શંકાસ્પદ મૂવમેન્ટને કોર્ડન કરી લેવાની હતી અને અવાજ સુધ્ધાં જરાક ઊંચો થાય ત્યાં ગન ચલાવી દેવાની હતી.

*** *** ***

32 કલાકના એકધારા ડ્રાઈવિંગ પછી ત્વરિત, ફાતિમા અને ચંદા બિકાનેર પહોંચીને સવારે એક હોટેલમાં આરામ કરી રહ્યાં હતાં, બરાબર ત્યારે જ કમાન્ડન્ટ વિશ્વનાથ પરિહારનો કાફલો ચૂપકીદીપૂર્વક ડેરા સુલ્તાનખાઁ ફરતો અજગર ભરડો ભીંસી રહ્યો હતો.

જાનલેવા કળણમાં ત્વરિતને વધુ જોરથી દબાવતો નિયતિનો એ બીજો યોગાનુયોગ છદ્મવેશે આકાર લઈ રહ્યો હતો અને તેનાથી સદંતર બેખબર ત્વરિત 32 કલાકના એકધારા ડ્રાઈવિંગનો થાક ઉતારતો, ફાતિમાના લલચાવનારા ચેનચાળા મગજમાંથી હટાવવા મથતો હોટેલની નર્મ-પોચી બિછાત પર ઘડીક ઊંઘવા માટે પ્રયત્ન કરતો હતો.

તેની બોઝિલ આંખો ઘડીક દૂબળી તો ઘડીક ફાતિમા એવા બે વિચારના પલડે ઝૂલતી જતી હતી ત્યારે તેની તકદીરમાં ફૂંકાનારો નવો ઝંઝાવાત શાંત કદમે રેગિસ્તાનમાં ક્યાંક ઘેરાઈ રહ્યો હતો.

*** *** ***

ફાતિમા સામે હાથ લંબાવીને ત્વરિતે ગોગલ્સ માંગી લેવા પડ્યાં.

ચોમાસાની બપોરના હજુ અગિયાર વાગ્યા ન હતા ત્યાં તીવ્ર બફારો સુક્કી અને ભેંકાર હવામાં ઘૂમરાઈ રહ્યો હતો. બિકાનેરથી નીકળ્યા પછી લેન્ડસ્કેપ સતત બદલાતો જતો હતો. તડકો વધુ આકરો થતો જતો હતો અને હવામાંથી જાણે કોઈક અકળ ટીસ ઊઠતી હોય તેમ સન્નાટાનું મૌન વિલિઝની એકધારી ઘરઘરાટીને બિહામણું બનાવતું હતું. ત્વરિતે મોબાઈલના સ્ક્રીન પર ગ્લોબલ પોઝિશનિંગ સિસ્ટમ ચેક કરી. ડાબે-જમણે સતત ટર્ન લેતો રસ્તો... તેને રસ્તો ય શેનો કહેવાય? બજારું ઓરતના ગાલ પર ઊઘડેલા સસ્તા પાઉડર જેવી, ભીતરની ખારાશની સફેદી ચહેરા પર છાંટીને દોડી જતી એ ઉબડખાબડ સડકમાત્ર હતી.

ત્વરિત આખા રસ્તે સતત તેની આસપાસ દેખાતા ચહેરાઓને ધ્યાનમાં રાખતો જતો હતો. મળસ્કે હોટેલમાં પહોંચ્યા પછી એ સખત થાક્યો હતો, પણ દિમાગ પર સવાર થયેલો ઉશ્કેરાટ તેને ઊંઘવા દેતો ન હતો.

ભેદી, તિલસ્મી ગણાતી વામપંથી મૂર્તિ યા તો કિંવદંતી છે અથવા તો હજારો વર્ષોની ઉથલપાથલમાં નાશ પામી છે એવું આખી દુનિયાએ સ્વીકારી લીધું હતું ત્યારે એક આદમી દેશભરમાં ખૂણેખાંચરે પથરાયેલી આવી મૂર્તિઓને શોધી- શોધીને ઉઠાંતરી કરાવી રહ્યો હોય એ કલ્પનામાત્રથી તેને રૂંવેરૂંવે ઉત્સુકતાના ચટકા ભોંકાતા હતા. કોણ હતો એ આદમી? આદમી હતો કે ઓરત? પોતાના અસ્તિત્વની જરાક સરખી ઓળખ પણ ન આવવા દઈને કઈ રીતે એ સતત છપ્પનનો પીછો કરી શકે છે? હવે તો તેને પોતાના વિશે ય ખબર છે.

ત્વરિતને ફરીથી કંપારી છૂટી ગઈ.

ના, કોઈ પણ હિસાબે ગમે તેમ કરીને આખી દુનિયાના કાયદા-કાનૂન તોડીને ય આ ભેદી દૂબળીને તો પટકવો જ રહ્યો. તે સપાટાભેર પથારીમાંથી ઊભો થયો. એક ચાદર ઉઠાવીને

શરીર ફરતી વીંટાળીને એ બહાર નીકળ્યો અને હોટેલની આસપાસ દેખાતા પ્રત્યેક ચહેરામાં તે દૂબળીને શોધવા મથતો રહ્યો હતો.

તેને જોકે સમજાતું ન હતું કે દૂબળી તેનો પીછો કરે કે છપ્પનનો? છપ્પન અત્યારે ક્યાં હશે? તેણે પોતાનો પ્લાન કહ્યો ન હતો. ત્વરિતે કેશાવલિ માતાના મંદિરે જઈને એ મૂર્તિ ઓળખવાની હતી, પણ એ મૂર્તિ ઓળખ્યા પછી છપ્પન તેને ક્યાં મળશે એ વિશે તેણે સાલાએ કશું જ કહ્યું ન હતું. 'વો ફિકર મત કર... તારે બાર વાગ્યા સુધીમાં મંદિરે પહોંચી જવાનું છે...' આટલું જ તેણે કહ્યું હતું.

જમીનની તરાહ હવે સાવ બદલાઈ ગઈ હતી અને સડક પર જાણે વહાણ ચાલતું હોય તેમ વિલિઝ એકધારા હડદોલા ખાતી દોડી રહી હતી. પાછળ આવતાં વાહનો તરફ અને સડકની ધાર બાજુ દેખાતી દરેક હલચલનને તે બારીકાઈથી જોતો રહેતો હતો. તેની જીપની આગળ લગભગ બસ્સો મીટર દૂર બીએસએફની એક ખટારી જઈ રહી હતી. આઠ-દસ ઊંટસવારોના કારવાઁને તેણે ઓવરટેક કર્યો હતો.

'ઠન્ડે પાની કી પ્યાઉ' લખેલા પાટિયા, બોરડીના ઝાડના છાંયે ભીના કંતાન વીંટેલા, જમીનમાં અડધા દાટેલા ઊભા ઘાટનાં બે-ત્રણ માટલાં, એકાદ-બે ખટિયા પર ઊભડક બેઠેલા દેહાતીઓ વચ્ચે ઘૂમરાતો ચલમનો ધુમાડો, રસ્તા પર મોટરસાઈકલ પાર્ક કરીને થોરના ઝુંડ પાછળ પેશાબ કરી રહેલો એક આદમી... ત્વરિત એકેએક ચહેરો મનોમન નોંધતો જતો હતો અને એ પ્રત્યેક ચહેરો તેના હૈયામાં અજાણ્યો થડકાટ પેદા કરતો જતો હતો.

રણની મુસાફરીની રંગત આવી વસમી હશે તેનો આંચકો ફાતિમા અને ચંદાના ચહેરા પર પણ દેખાતો હતો. પૈસાની લાલચ અને ડેઝર્ટ સફારીની મોજના આશયે જોડાયેલી બંને ઓરતો ઘૂઘવતી નદીના લીલાંછમ કાંઠે ઉછરી હતી. રણ વિશે ફિલ્મોમાં જોયેલાં દૃશ્યોથી વિશેષ કોઈ સમજ તેમનામાં હોય એવું ત્વરિતને લાગતું ન હતું.

દેહાતી વેશ પહેર્યા પછી ઉન્માદમાં આવીને બેય આખા રસ્તે કલશોર મચાવતી રહી હતી. સુંવાળી રેતીના ઢૂવા હશે, મસ્ત ચાંદની રેલાતી હશે અને બેય હાથનાં બલોયાં હવામાં ખનકાવીને 'મોરની બાગામાં બોલે આધી રાતમાં...' એવા રોમેન્ટિક ગીતો ગાઈશું એવી તેમની તમામ કલ્પના આકરો તાપ અને કરાલ સન્નાટો ખાઈને હવાઈ ગઈ હતી. બેયનો કલબલાટ શમી ગયો હતો અને જીપના માફામાંથી ફૂંકાતી ગરમ હવાના દઝારાથી બચવા બંનેએ ચહેરા પર જાડા દુપટ્ટા ઢાંકી દીધા હતા.

બિકાનેરથી સાડત્રીસ કિલોમીટર પછી બીએસએફની ચેકપોસ્ટ આવી ત્યારે સ્ટિઅરિંગ ફરતા ભીંસાયેલા ત્વરિતના આંગળામાં ધ્રૂજારી થવા માંડી હતી. ચેકપોસ્ટ એટલે રસ્તાની બેય સાઈડ પાકા બાંધકામની કેબિન હશે, ઝિગઝેગ બેરિકેડ વટ્યા પછી બેરિયર પોલ આડો પાડીને રસ્તો બંધ કરાયો હશે અને...

ચેકપોસ્ટની હાલત જોઈને ત્વરિતને તીવ્ર થડકારા હેઠળ પણ હસવું આવી ગયું.

સડકની બેય બાજુ ડાબે-જમણે થોડાંક થોડાંક અંતરે બનાવેલા સેન્ડબેગના માંચડા, માંચડા પાછળ સ્ટેનગન લઈને ઊભેલા કરડા ચહેરાવાળા ચોકિયાતો અને ડામરનાં ખાલી પીપ રસ્તા પર ગોઠવીને ઊભી કરાયેલી આડશો... ભારત અને પાકિસ્તાનને જુદા પાડતા ભેંકાર રણ તરફ જતી સડકનું એ છેલ્લું થાણું હતું.

ત્વરિતે ધાર્યું હતું એવો સાવ નિર્જન વિસ્તાર ન હતો. અહીંથી ત્રણ કેડા ફંટાતા હતા. એક કેડો ડેરા સુલ્તાનખાઁ તરફ જતો હતો અને બીજો બીએસએફ કેમ્પ તરફ જતો હતો. એ તરફ જવાની

ખાનગી વાહનોને છૂટ ન હતી. ત્રીજો કેડો ડેરા તરફ જતી સડકની સમાંતરે થોડેક સુધી જઈને પછી થોર-બોરડીની કાંટાળી લીલોતરી તરફ ફંટાતો હતો. એ રસ્તે એક ખુબરામાં ઊંટની લે-વેચ ચાલતી. એ વિસ્તાર ઊંટિયાલી તરીકે ઓળખાતો. દેશભરમાંથી ઊંટ ખરીદવા આવતા વેપારીઓ, વણઝારાઓ, 'દેહાલ' તરીકે ઓળખાતા ઊંટને કેળવનારા રણના બાશિંદાઓની અહીં આવ-જા રહેતી. નિયમિત રીતે અહીં આવનારાઓ બીએસએફની બિકાનેર ઓફિસથી માસિક પરવાનો લઈ રાખતા, જેને સ્થાનિકો 'પીલા પાસ' તરીકે ઓળખતા. જ્યારે છૂટકપુટક આવનારાંઓ માટે ભૂરા રંગના પૂંઠા પર પરવાનગી અપાતી હતી.

ત્વરિતે ડબલ બેરલ રાઈફલ ખભા પર ભરાવી. ગમછાના છેડાથી ચહેરા પરનો પસીનો લૂછ્યો. નાનકડા પાઉચની ઝીપ ખોલીને ઓળખના બનાવટી પુરાવા કાઢ્યા અને જીપની નીચે ઊતર્યો ત્યારે વગર રેતીએ તેના પગતળેથી જમીન સરકતી હોય તેમ તેને લાગતું હતું. પ્રયત્નપૂર્વક તેણે જાતને સ્વસ્થ કરી પીપની આડશ પાસે ઊભેલા સ્ટેનગનધારી જવાન તરફ કાગળો લંબાવ્યા અને જાણે આસપાસનો નજારો નીરખતો હોય તેમ આડું જોઈને બોલી ગયો, 'મંદિર જાના હૈ...'

'જનાને કે સાથ તો મંદિર હી જાઓગે ના...' જવાને તેના હાથમાંથી કાગળ લીધા, 'બાકી તો ઉધર ઓર કુછ હૈ હી ક્યા?'

બીજા પીપડા પર મૂકેલા લાકડાના એક નાનકડી પેટી જેવા બોક્સમાંથી તેણે બ્રાઉન પૂંઠાવાળું રજિસ્ટર કાઢ્યું અને ત્વરિતના ઈલેક્શન કાર્ડમાં જોઈને લખવા માંડ્યું,

દેવુસિંઘ જયસલાણ, ઠે. કુંઢા, જિ. ભરતપુર...

પછી તેણે નજર તિરછી કરીને વિલિઝ જીપ પર લખેલો ગાડીનો રજિસ્ટ્રેશન નંબર નોંધ્યો. ગાડીમાં કોણ-કોણ છે, શા માટે જવું છે એવી રોજિંદી પૂછપરછ કરી. કોઈ કારણ આપ્યા વગર માથાદીઠ પાંચસો રૂપિયા લીધા અને ગેટપાસ બનાવી દીધો. ગાડીની ચકાસણી કરતો હોય તેમ વિલિઝ ફરતો એક આંટો માર્યો. જાડાં કાપડના ખૂલતાં, દેહાતી કાપડાં તળેથી ય અછતા ન રહેતા ફાતિમાના ભરાવદાર ઉભાર તરફ લોલુપ નજરે જોયું. ભદ્દા અવાજે મોંમાંથી જર્દાનો ગંદો બડખો કાઢ્યો અને પીપડાંની આડશ હટાવી લીધી.

કમાન્ડન્ટના ગિન્નાયેલા મિજાજથી બેખબર એ જવાનની આ રોજિંદી બેદરકારી આજે તેને ભારે પડવાની હતી...

*** *** ***

'કમાન્ડન્ટ સર...' તેણે વોકીટોકીનો માઉથપીસ હોઠને અડાડીને કહ્યું, 'વિલિઝ જીપ મેં એક આદમી-દો ઔરત ટેમ્પલ કી ઓર આ રહે હૈ, સર...'

રસ્તાની ધાર પર મોટરસાઈકલ પાર્ક કરીને થોરના ઝુંડ પાસે પેશાબ કરવા ઊભેલા એ આદમીને ત્વરિતે જોયો હતો, પણ તેને ખબર ન હતી કે બિકાનેરની ઉત્તર-પશ્ચિમ દિશાની આ એકમાત્ર સડક પર તેણે જીપ વાળી ત્યારે જ તેને ઓવરટેક કરીને આગળ નીકળી ગયેલો આ મોટરસાઈકલ સવાર બીએસએફનો આદમી હતો.

'ઓકે...' વિશ્વનાથે કાગળ પર કશુંક નોંધ્યું. યાત્રાળુઓનું આ ચોથું વાહન હતું. ડેરા, ઊંટિયાલી અને મંદિર વચ્ચે છેક રણ તરફ પથરાયેલા ખુબરાઓમાં ત્રણ દિવસથી કશીક ભારે મૂવમેન્ટ હોવાના રિપોર્ટ તેમને મળી ગયા હતા. સ્થાનિક ઈનચાર્જને અને સ્ટાફને સદંતર બેખબર રાખીને પોતે અહીં મોરચો માંડ્યો હતો. વિશ્વનાથે જબ્બર જોખમ ઉઠાવ્યું હતું, પણ પોતાની ઉજળી કારકિર્દી પર કાયમ માટે કલંક લાગતું અટકાવવા એ રાજપૂત બચ્ચો મરણિયો

બન્યો હતો.

ઊંટિયાલી કે મંદિર તરફ જતા દરેક વાહનનો પીછો કરાવવાનું તેણે ગોઠવી દીધું હતું. એ સિવાય બંને સ્થળોની આસપાસ તેમના આદમીઓ દેહાલ કે વણઝારાના વેશમાં ઊંટ પર સવાર થઈને ફરી રહ્યા હતા. ઊંટિયાલીમાં ય કેટલાંક જવાનોને તેમણે વેપારી તરીકે ઘુસાડી દીધા હતા.

'એક કામ કર...' વિશ્વનાથે ઘડીક વિચારીને જવાબ વાળ્યો, 'તું એ ગાડીનો પીછો જારી રાખ. સહેજપણ અંદેશો ન આવે તેની કાળજી રાખજે... કિપ સેઈફ ડિસ્ટન્સ. કોઈ ભી સસ્પિસિયસ મૂવમેન્ટ દીખે તો ભી હમ કરને દેંગે... ડોન્ટ સ્ટોપ એનિબડી વિધાઉટ માય ઓર્ડર... ઠીક હૈ?'

'યસ સર.. રાઈટ સર..'

એ આદમીએ મોટરસાઈકલ સ્ટાર્ટ કર્યું.

'ચેકપોસ્ટ પરથી પરવાનો કઢાવીને જ જજે...' પોતાના ઓપરેશનની વિગતો છાની રાખવા અને આતંકી તત્ત્વોને અંધારામાં રાખવા માટે ચેકપોસ્ટ પર ઊભેલા જવાનો ય બેખબર રહે એ વિશે વિશ્વનાથ બહુ જ સતર્ક હતા, 'બી કેરફુલ એન્ડ ગો અહેડ...' વિશ્વનાથે વોકીટોકી ઓફ્ફ કર્યું અને બીજા સેટ પરથી મંદિર આસપાસ ફરતાં આદમીઓને સૂચના આપી દીધી.

અગાઉ ગયેલા યાત્રાળુઓના ત્રણ કાફલા પૈકી એક ગાડી પરત જવા નીકળી ગઈ હતી. બીજા બે કાફલાના આદમીઓ-ઓરતો હજુ મંદિર અને તેનાથી થોડે દૂરની છત્રી આસપાસ જ હતાં. ક્યાંય કોઈ શંકાસ્પદ હિલચાલ ન હતી એથી વિશ્વનાથને રાહત પણ થતી હતી અને તેમનો અજંપો ય બેવડાતો હતો.

શરીરને તંગ કરીને તેમણે ચહેરા પરની અસ્વસ્થતા હટાવી દીધી. તેમણે જુગાર તો ખેલ્યો જ હતો, પણ એ જુગાર કેવડું મોટું જોખમ ઊભું કરવાનો હતો તેનો કમાન્ડન્ટ વિશ્વનાથ પરિહારને ય અંદાજ ન હતો.

*** *** ***

ઉબડખાબડ સડક પર વિલિઝ આગળ ધપાવી રહેલો ત્વરિત દૂર ક્ષિતિજ પર દેખાતા રેતીના અફાટ ઢૂવાઓ ભણી નજર માંડી રહ્યો હતો. સૂરજ બરાબર માથે આવીને ઊભો હતો અને મધ્યાહ્નનો તડકો સુક્કી ધરતી પર પછડાઈને ક્ષારની સફેદીથી છવાયેલી બંજર જમીન પર જળની ભ્રમણા સર્જતો હતો. ત્વરિતે ફાતિમાના ખોળામાં પડેલી પાણીની બોટલ ઉઠાવીને એક ઘૂંટડો ભર્યો અને ગળું ભીનું કર્યું.

'અભી કિત્તા દૂર હૈ?' કંટાળેલી ફાતિમાને હવે રણનો કોઈ સ્વાદ રહ્યો ન હતો અને વહેલી તકે બિકાનેર ભેગા થવાની ઉતાવળ જાગી હતી.

'રાસ્તા ઐસા હી રહા તો બસ...' ત્વરિતે જીપીએસ ચેક કરીને કહ્યું 'આધા ઘંટા લગેગા...'

થોડી-થોડી વારે તેને કોઈક વાહનની ઘરઘરાટી જેવો અવાજ સંભળાતો હતો અને તે ચોંકીને આજુબાજુ તેમજ રિઅર વ્યૂ મિરરમાં ચેક કરી લેતો હતો. ઘડીકમાં તેને રેતીના ઢૂવાઓ પર કશીક હલનચલન થતી લાગતી હતી. રેગિસ્તાનની વેરાની આંખોમાં આવી અનેક ભ્રમણા સર્જે છે એવું ત્વરિતે સાંભળ્યું હતું, પણ આ ભ્રમણા હતી કે નહીં એ તે નક્કી નહોતો કરી શકતો.

આ બધી અવઢવ વચ્ચે અચાનક સડકની ડાબી તરફથી ઊંટ ભાંભરવાનો આછકલો અવાજ તેને સંભળાયો. એ ખરેખર ઊંટનો અવાજ હતો કે તેનો વધુ એક ભ્રમ? આવી વેરાન જગ્યાએ ભરબપોરે ઊંટ લઈને કોઈ શા માટે રખડતું હોઈ શકે? રણની જિંદગીથી બેખબર ત્વરિત ફરી

અવઢવમાં મુકાયો. તેણે ગાડીની સ્પીડ તદ્દન ઘટાડી દીધી પણ તો ય જૂના મોડેલની વિલિઝનું એન્જિન હજુ એવી જ ઘરઘરાટી કરી રહ્યું હતું.

'બાયનોક્યુલર દે...' ત્વરિતે ફાતિમા તરફ હાથ લંબાવ્યો, પણ બાયનોક્યુલર આંખે માંડવાની તેને જરૂર ન પડી. એક ઊંટસવાર રેતના આછકલા ઢૂવા પાર કરીને સડકની આ તરફ આવી રહ્યો હતો. ઘડીક તેણે ઊંટને મલપતી ચાલે નીચે ઊતરવા દીધું. પછી તંગ કસીને ઝાટકો માર્યો એ સાથે હળવો ભાંભરોટો નાંખીને ઊંટે ગરદન જમણી તરફ મરડી. ધનુષની જેમ તેની વિશાળ, બેડોળ કાયા તંગ થઈ અને આંખના પલકારામાં ઊંટે દિશા બદલી નાંખી.

'અરે...' ઊંટસવારે જે ત્વરાથી દિશા બદલી એથી ત્વરિત બરાબર વહેમાયો. 'તેણે મને જોઈને અચાનક દિશા કેમ બદલી?'

જીપને એ ઊંટસવારની દિશામાં ઢૂવા પર ચડાવવી કે પોતે નીચે ઊતરીને એ દિશામાં ધસી જવું? અવઢવમાં મુકાયેલા ત્વરિતથી અભાનપણે જ જમણા પડખે ખોસેલી ગન પર હાથ મુકાઈ ગયો. તેણે ગાડીનું એન્જિન રાઉસ કરીને સ્ટિઅરિંગ જમણી તરફ વાળ્યું એ જ વખતે ફરીથી એ ઊંટસવાર રેતીના ઢૂવા પાછળથી પ્રગટ્યો.

હવે ત્વરિત બરાબર તૈયાર હતો. ગિયર ન્યુટ્રલ કરીને ચાલુ એન્જિને તેણે જીપમાંથી નીચે છલાંગ મારી અને હવામાં હાથ લહેરાવીને મોટેથી બૂમ પાડી દીધી, 'અરે ઓ ભાઈસા'બ...'

તેની બૂમથી ઊંટસવારનું ધ્યાન ખેંચાયું. તેણે ફરીથી તંગ કસ્યો એ સાથે ચકરાવા લેતું ઊંટ સ્થિર થયું. ત્વરિતે તેને નીચે આવવા ઈશારો કર્યો એટલે ઊંટના પડખામાં બૂટની એડી ભોંકીને સવારે ઊંટ નીચે ઉતાર્યું. એ સાવ નજીક આવી ગયો. કાળા ચહેરા પર કાબરચીતરી ભરાવદાર મૂછો, ઝીણી આંખો, માથા પર જેમતેમ વીંટેલો ભૂરા રંગનો મેલો ફેંટો, પીળાશ પડતા સફેદ રંગનું ખમીસ, સાંકડી મોરીનો પાયજામો...

ત્વરિતે એક જ નજરમાં તેને આવરી લીધો.

'કા હૈ? મંદિર જાના હૈ ના?' અહીંથી પસાર થતા કાફલા માટે મંદિર સિવાય બીજી કોઈ દિશા ન હતી, એટલે ત્વરિતે ય તેને નીરખવાનું જારી રાખીને હકારમાં ડોકું હલાવી દીધું.

'આ જ રસ્તા પર આગળ જાવ...' એ આદમીએ ઊંટ પર બેઠા બેઠા જ સડક ભણી હાથ લંબાવ્યો, 'આગળ વચ્ચેના ઢૂવા પાસેથી ત્રણ ફાંટા પડશે એમાં બીજા ફાંટા પર સીધા જશો એટલે મંદિર આવશે.'

હજુ ય ત્વરિત હટતો ન હતો એટલે ઊંટસવારે ફરીથી પૂછ્યું, 'ઠીક હૈ?'

'હા... ઠીક હૈ... શુક્રિયા મહેરબાન..' ત્વરિતે તેનો ચહેરો નજરમાં આંજી લીધો હતો. હવે વધુ વાત કરવાનું કોઈ કારણ રહેતું ન હતું. એ ફરીથી જીપમાં ગોઠવાયો અને ગાડી આગળ હંકારી.

કોણ હશે આ આદમી? બોલચાલ અને પહેરવેશ પરથી તો લોકલ જ લાગતો હતો. ત્વરિતના મગજમાં પ્રશ્નો ફૂંકાઈ રહ્યા હતા. પણ એમ તો પોતેય કોઈકને ચરવાહા રાજપૂત જ લાગતો હતો ને? તો શું એ દૂબળી હશે? ભરબપોરે આમ વેરાન, ઉજ્જડ ઢુવા પર અકારણ કોઈ ઊંટના આવા દાવપેચ શા માટે કરે? અકળાયેલા ત્વરિતે માથું ધુણાવી નાંખ્યું.

રણમાં ઘૂમતો કાફલો સતત ઝાંઝવાંની ભ્રમણાથી આથડતો રહે. અહીં ત્વરિત સતત દરેક ચહેરામાં દૂબળીને શોધવાની છલનાથી બહાવરો બન્યો હતો.

રેતીના મધ્યમ કદના આઠ-દસ ઢૂવા સડકની બંને તરફ પથરાયેલા વર્તાતા હતા. રણમાં અંતરનો ક્યાસ કેવો છેતરામણો હોય છે તેનો ત્વરિતને અહેસાસ થવા માંડ્યો હતો. જે ઢૂવા સાવ નજર

સામે અને ચંદ મિનિટના ફાંસલે હોવાનું લાગે એ જ જગ્યા સુધી પહોંચતા ધારણાથી અનેકગણી વાર લાગતી હતી.

હવે સામેના ઢૂવા પાછળથી એક વાહન આવી રહ્યું હોવાનું તેને કળાયું. ત્વરિતે પહેલાં તો એક્સલરેટર સહેજ વધારે દબાવીને જીપ ભગાવી. હવે અંતર ખાસ્સું ઘટ્યું હતું અને એ વાહન સ્પષ્ટ પારખી શકાતું હતું. ઠાંસોઠાંસ ભરેલી એ મહિન્દ્રા કમાન્ડર જીપ હતી. આવી કોઈ ગાડીમાં દૂબળી હશે? તે ફરીથી ચૌકન્નો બન્યો અને જીપને સડકની ધાર પર એવી રીતે ઊભી રાખી કે સામેથી આવી રહેલી ગાડીએ ફરજિયાત સ્પીડ ઘટાડવી જ પડે.

જીપ સાવ લગોલગ આવી ગઈ. અંદર હકડેઠઠ દેહાતી યાત્રાળુઓ બેઠા હતા. ડ્રાઈવરે અને બીજા એક-બે મુસાફરોએ તેની સામે ધ્યાનથી જોયું. અહીં આ સૂમસામ સડક પર માંડ ચહેરા જોવા મળતાં હોય ત્યાં દેખાતો પ્રત્યેક ચહેરો પોતીકો જ લાગતો હોય. જીપમાંથી દેખાતા દરેક મોઢાને ત્વરિત નીરખી રહ્યો હતો ત્યાં ડ્રાઈવરે તેની સામે હાથ હલાવીને દોસ્તાના સ્મિત વેર્યું અને જોરથી કહી દીધું, ‘બોલો કેશાવલિ માત કી...’

અંદર ખડકાયેલું ટોળું જાણે રાહ જોઈને જ બેઠું હોય તેમ જવાબ વળ્યો, ‘જય...’

ત્વરિતે ય એ જયકારમાં સૂર પુરાવ્યો અને ઓઝપાયેલા ચહેરે જીપ ફરી ભગાવી.

લગાતાર પોણી કલાકના ડ્રાઈવિંગ પછી હવે એ પેલા ઊંટસવારે ચીંધેલા ઢૂવાઓ પાસે આવી ગયો હતો. તેણે વચ્ચેનો ફાંટો કહ્યો હતો, પણ અહીં તો દરેક ફાંટો થોડોક આગળ જઈને સાવ નાનકડી એવી બે-ત્રણ કેડીમાં ફંટાતો હતો. મૂંઝાયેલા ત્વરિતે ઘડીક ગાડી થંભાવી અને પછી નિર્ણય લીધો. વચ્ચેના ફાંટાની સાવ વચ્ચેની કેડી પર તેણે ગાડી આગળ ધપાવી.

‘રૂકો રૂકો રૂકો...’ એ સતત દૂબળીના, છપ્પનના, મંદિરના અને મૂર્તિના વિચાર કરી રહ્યો હતો ત્યારે ફાતિમાએ તેની તંદ્રા તોડી, ‘ઉધર કોઈ આદમી કુછ કહ રહા હૈ...’

ફાતિમાએ ચીંધેલી દિશામાં જીપની જમણી બાજુએ સહેજ પાછળ ઢૂવા પરથી ઊતરતો એક ઊંટસવાર હાથમાં લાલ રંગનો ગમછો લહેરાવીને તેમને કશુંક કહી રહ્યો હતો. ચોંકેલો ત્વરિત ગાડીમાંથી નીચે ઊતર્યો.

‘મંદિર જા રિયે હો?’ સડક સુધી પહોંચતા જ ઊંટસવારે પૂછ્યું.

‘હા..’ તેને નીરખવામાં પરોવાયેલા ત્વરિતે જવાબ વાળ્યો.

‘તો મહેરબાન ઈહાં કા કર રિયે હો? ઈ રાસ્તા તો સીધા થર મેં લે ચલેગા. ડેઢ ઘંટે બાદ તોહાર યે ઘરઘરિયા કે પહિયે ભી રૂક જાવેંગે ઔર પાની કી બુંદ કે લિયે ભી તરસોગે..’ એ આદમી ઠપકાના સૂરમાં ચેતવી રહ્યો હતો.

‘અરે...’ ત્વરિતે દૂર ક્ષિતિજમાં દેખાતા મંદિરની સાવ આછેરી દેખાતી લાલ ધજા ભણી આંગળી ચીંધી, ‘સામને હી તો મંદિર દિખતા હૈ...’

‘મહેરબાન, ઈ રેગિસ્તાન હૈ. ઈહાં જો સામને દિખતા હૈ વો હોતા નહીં હૈ...’ તે ઉપહાસભર્યું હસ્યો અને બીજી કેડી તરફ હાથ ચીંધ્યો, ‘ઉ રાસ્તે પે ચલે જાવ... આધે ઘંટે મેં મંદિર પહોંચ જાઓગે..’

ત્વરિતે એ ઊંટસવારનો આભાર માનીને ગાડી રિવર્સ વાળી ત્યારે તેને ખબર ન હતી કે તેની તકદીર પણ રિવર્સમાં ચાલી રહી છે.

એ જ્યાંથી પાછો ફર્યો હતો તેનાથી પંદર-વીસ ઢૂવાના અંતરે ગાર-માટીના ભૂંગામાં લપાઈને બેઠેલા આતંકવાદીઓ પાવરફુલ બાયનોક્યુલર વડે ખુન્નસભરી આંખે તેને નીરખી રહ્યા હતા.

ત્વરિતને એ ય ખબર ન હતી કે તેની જીપથી ખાસ્સો પાછળ બીએસએફનો આદમી મોટરસાઈકલ પર તેનો પીછો કરતો આવી રહ્યો હતો. ત્વરિત કોણ હતો તેની કોઈને ખબર ન હતી. કોઈને તેની અસલિયત જાણવાની પરવા ય ન હતી, પણ મોટરસાઈકલ પર પાછળ આવતો આદમી બીએસએફનો માણસ હોવાનું આતંકવાદી પારખી ચૂક્યા હતા.

*** *** ***

અડધા કલાક પછી ઢૂવાઓની હારમાળા પસાર કરીને ખુબરા તરફ ઢાળ ઊતરતી કેડી પર વિલિઝ દોડી રહી હતી. બંને તરફ હારબંધ પથરાયેલા ઢૂવાઓ વચ્ચે વિશાળ કદના ચોસલા જેવો આ નૈસર્ગિક ખુબરો, ખુબરાની વચ્ચે ક્યાંક ક્યાંક સતત ઊઠતો રહેતો વંટોળિયો, વંટોળિયાના ચક્રાવાતમાં ઘૂમરાતી ઝીણી, બારીક રેતનો ધૂળિયા રંગનો અર્ધપારદર્શક પડદો અને એ પડદા પાછળથી વર્તાતો એક શિખરબંધ મંદિરનો ઝાંખોપાંખો અણસાર...

એ કેશાવલિ માતાનું મંદિર હતું.

કુદરતની આ તમામ વિપદાઓ વચ્ચે ય આશરે દોઢ હજાર વર્ષથી અડીખમ ઊભેલું, હજારો ચરવાહા રાજપૂતોનું એ શ્રદ્ધાકેન્દ્ર...

ફાતિમા અને ચંદાની આંખમાં તીવ્રપણે હાશકારો છલકાતો હતો, પણ ત્વરિતના ચહેરા પર અજંપો બેવડાયો હતો. હવે જ તો ખરાખરીના ખેલની શરૂઆત થતી હતી.

મંદિર અને સામેની છત્રી પાસે બેઠેલા બાર-પંદર યાત્રાળુઓનું ટોળું તેને દૂરથી જ દેખાઈ રહ્યું હતું. છાતીનાં પાટિયાં ભીંસી દે તેવા સન્નાટા અને વેગીલા, ગરમ પવનના સિસકારા જેવા અવાજ વચ્ચે વાહનને આવતું જોઈને મંદિરના પગથિયે, પરસાળમાં અને છત્રી પાસે બેઠેલા યાત્રાળુઓનું ધ્યાન ખેંચાયું. મંદિરના પગથિયે ટોળા વચ્ચે બેસીને બીડી ફૂંકી રહેલો એક દેહાતી આદમી ખડો થયો. માથા પર બાંધેલો ચાંદલિયો ફેંટો તેણે કસ્યો અને મંદિરથી લગભગ દોઢસો મીટર દૂરની છત્રી તરફ ચાલતો થયો.

પગથિયાં પર બેઠેલો બીજો ય એક આદમી ઊભો થયો અને મંદિરની પછીત તરફ ગયો.

એ બે પૈકી એક છપ્પનસિંઘ હતો અને બીજો બીએસએફનો આદમી હતો.

*** *** ***

સદીઓથી બંજર રહેલી ખુબરાની જમીનના ચીલા પર ત્વરિતની વિલિઝ જીપ મંદિર ભણી આગળ વધી રહી હતી. દૂરથી જીપ આવતી જોઈને મંદિરના પગથિયાં પાસે ઉભડક બેસીને બીડી ફૂંકી રહેલો એક દેહાતી આદમી ઊભો થયો હતો. માથા પર બાંધેલો ચાંદલિયો ફેંટો તેણે કસ્યો, છેલ્લો ઊંડો કસ લઈને ચાંચવાળાં જોડાં નીચે તેણે બીડીનો અંગારો ઘસી નાંખ્યો અને મંદિરથી લગભગ દોઢસો મીટર દૂરની છત્રી તરફ ચાલવા માંડ્યું.

એ છપ્પનસિંઘ હતો.

બીએસએફની લાલગઢ ઓફિસથી ઊંટિયાલી જવા માટેનો પરવાનો મેળવવામાં તેને કોઈ તકલીફ પડી ન હતી. તેણે ધરેલા ઓળખના પુરાવા જોવાની કે ઊંટના વેપાર અંગેના બે-ચાર સવાલ કરવાની ય કોઈએ દરકાર કરી નહીં એથી ખંધો છપ્પન થોડોક વહેમાયો તો હતો, પણ પરવાનો આપનાર જવાને અઢી હજાર રૂપિયા માંગ્યા એટલે એ અહીંનો રિવાજ સમજી ગયો.

ઊંટિયાલી જવાનો પરવાનો મળી ગયો એટલે હવે પ્લાન-એ બદલીને તેણે પ્લાન-બી અમલમાં મૂકવાનો હતો.

પરવાનો મેળવ્યા પછી તેણે બે કામ કર્યાં. જૂનાગઢ ફોર્ટ વિસ્તારમાં નવા ખૂલેલા એક શોપિંગ

મૉલમાં જઈને મરિયમનો હુલિયો બદલાવ્યો. ટ્રાયલ રૂમમાંથી એ બહાર નીકળી ત્યારે હવે એ રામગઢના કોઈ નવાબી ઘરાનાની ઠસ્સાદાર મરિયમબાનો હતી. મરિયમને હવે તેણે બિકાનેરની જ હોટેલમાં રોકવાની હતી. મૂર્તિ ઉઠાવીને પાછા ફરતી વખતે છપ્પન પણ અહીં ધનિક મુસ્લિમના વેશમાં મરિયમના પતિ તરીકે તેની સાથે બે-ત્રણ દિવસ રોકાવાનો હતો.

ત્વરિત-ફાતિમાનો કાફલો મૂર્તિ ઓળખીને તરત બિકાનેરથી અલવર જવાનો હતો. ચોરેલી વિલિઝ અલવરમાં ક્યાંક તેણે છોડી દેવાની હતી. અહીંથી ફાતિમા- ચંદા રાયપુર તરફ ઊપડે અને ત્વરિત દિલ્હી જતો રહે. ચોરીની તપાસ ધારો કે થઈ રહી હોય તો પણ બે-ત્રણ દિવસ પછી નવાબી ઘરાનાના સ્વાંગમાં છપ્પન-મરિયમ બિકાનેરથી આરામથી નીકળે એટલે પોલીસનો ય ભય ન રહે. જયપુરથી મરિયમને રવાના કરીને છપ્પન પણ દિલ્હી પહોંચીને ત્વરિતને મળે.

છપ્પનને આ પ્લાન જડબેસલાક લાગ્યો હતો. આ રીતે તે પોલિસને તો હંમેશની માફક ચકમો આપી જ શકવાનો હતો, પણ દૂબળીને ય તે ગૂંચવી દેવા માંગતો હતો. તે અને ત્વરિત અલગ પડી જાય પછી મૂર્તિ કોની પાસે હોય એ વિશે દૂબળી અવઢવમાં રહેવો જોઈએ એવી છપ્પનની ગણતરી હતી.

- પણ ખાંખતિયા દિમાગના છપ્પનને જરાકે ય અણસાર ન આવે એ રીતે નિયતિ સંજોગોનું ચક્ર બડી શાતિરતાથી ઘુમાવી રહી હતી.

મરિયમને હોટેલ પર છોડીને તેણે ઓટોરિક્ષા પકડી. રસ્તામાંથી માતાજીની ચૂંદડી, અગરબત્તી વગેરે પૂજાપો ખરીધો. ત્યાંથી કરણી સર્કલ પહોંચીને તેણે રિક્ષા છોડી દીધી. પોતે ક્યાં જઈ રહ્યો છે તેની રિક્ષાવાળાને ય ખબર ન પડવી જોઈએ એવી તકેદારી છપ્પનની ખાસિયત હતી. અહીંથી હવે તેણે દોઢ કિલોમીટરના અંતરે જેસલમેર રોડ પર પહોંચવાનું હતું. ત્યાંથી ચેકપોસ્ટ જવા માટે ખાનગી જીપ ઉપડતી. એવી એક જીપમાં તે ગોઠવાયો. ઠાંસોઠાંસ ભરાયેલા મુસાફરો પૈકી કેટલાંક કેશાવલિ માતાના મંદિરે જતાં યાત્રાળુઓ હતા તો કેટલાંક ઊંટિયાલી જઈ રહેલા વેપારી હતા.

દેશનોક ગામ વટ્યા પછી રેગિસ્તાનનો આરંભ થતો હતો. ચેકપોસ્ટ પર તેમના પરવાના ચેક થયા. મંદિરે જઈ રહેલા મુસાફરોને નવા પરવાના અપાયા. એ બધી વિધિમાં અડધી કલાક થઈ.

ત્વરિત સમયસર નીકળી ગયો હોય તો સારું... છપ્પનને મનોમન ઉચાટ થતો હતો.

જિંદગીમાં ક્યારેય તેણે કોઈને સાથે રાખીને ચોરી કરી ન હતી. આજે ય એ ચોરી તો એકલપંડે જ કરવાનો હતો, પણ મૂર્તિ ઓળખવા પૂરતો ય તેણે ત્વરિતનો આધાર રાખવો પડે તેમ હતો એ તેને કઠતું હતું.

મંદિરે પહોંચીને તેણે ભાવુક શ્રદ્ધાળુની માફક દર્શન કર્યાં, સાત પેઢીથી અઠંગ ભક્ત હોય એવા ભાવ સાથે માતાજીને ચૂંદડી ચડાવી અને મોટે મોટેથી સ્તુતિ ગાઈ રહેલા યાત્રિકોની જોડે અમથા હોઠ ફફડાવતો ઊભો રહી ગયો.

મંદિરનો જીર્ણોદ્ધાર થયે ખાસ વખત થયો નથી. તેણે ચબરાક નજરે અવલોકન કરવા માંડ્યું. ગર્ભગૃહમાં ત્રિશૂળધારી મૂર્તિ તો ચકાચક આરસની હતી. એ મૂર્તિ તો કોઈ હિસાબે ન જ હોઈ શકે. તેણે આસપાસ નજર દોડાવી. અર્ધગોળાકાર ઘુમ્મટ અને સપાટ દીવાલને જોડતી પેનલ પર હારબંધ નાની-નાની મૂર્તિઓ કોરાયેલી હતી. પાર્વતીનાં વિવિધ સ્વરૂપો દર્શાવતી એ મૂર્તિઓ પૈકી કોઈ એક ઉઠાવવાની હશે તો...

સ્તુતિના તાલે બે હાથ જોડીને તાળીઓ પાડી રહેલા છપ્પનને પરસેવો વળી ગયો.

દૂબળી સાલો ક્યાં-ક્યાંથી મૂર્તિઓ શોધી લાવે છે!

દૂબળીના વિચારમાત્રથી તેને કંપારી છૂટી ગઈ. એ અહીં જ ક્યાંક હોવો જોઈએ... બહાવરી આંખે તેનાથી આસપાસના ચહેરાઓ તરફ જોવાઈ ગયું અને પછી તરત તેણે ભારપૂર્વક આંખો મીંચી દીધી.

સ્તુતિ પછી હવે યાત્રાળુઓ જયજયકાર કરી રહ્યા હતા અને તે પાછા પગલે બહાર નીકળ્યો. મંદિરનો અંદરનો માહોલ અને બહારની કેડી તરફ નજર રહે એ રીતે જગ્યા પસંદ કરીને તે એક ઊંચા પગથિયા પર બેઠો. દૂબળીએ ત્રણ મૂર્તિ પૈકી ડાબી તરફની પહેલી મૂર્તિ કહી હતી, પણ અહીં અંદર ગર્ભગૃહમાં એક જ મૂર્તિ હતી અને એ ય ખાસ્સી નવી હતી. પેનલમાં જડેલી નાની-નાની મૂર્તિ કદાચ જૂની હોય, પણ એ તો ડઝનબંધ હતી.

ચહેરા પરના હાવભાવ સમતોલ રાખીને તે મનોમન ગૂંચવાતો જતો હતો. સાંજ સુધીમાં મૂર્તિ શોધવાનું જો ત્વરિતને પણ અઘરું પડે તો કાલે બીજો ધક્કો ખાવો પડે અને આવી જગાએ સળંગ બીજા દિવસે આવવું...

પરાણે સ્વસ્થ રહેવા મથતા છપ્પને મૂંઝારો છુપાવવા બીડી પેટાવી નાંખી.

માથા પર આવેલો સૂરજ ધખતો જતો હતો. ઢૂવા પરથી ઢાળ ઊતરતી ઉજ્જડ કેડી પર ફૂંકાતો ગરમ પવન ખુબરાની ઊંડાઈમાં પ્રવેશીને બિહામણા સિસકારા નાંખતો હતો. મંદિરમાંથી નીકળેલા ત્રણ-ચાર યાત્રાળુઓ છપ્પનની સામે પગથિયે બેઠા. બીજા બે-ત્રણ યાત્રાળુ પગથિયાં ઊતરીને આગળ ચાલતાં થયા એટલે છપ્પને સહજ રીતે જ એ દિશામાં જોયું અને તે ચોંક્યો.

મંદિરથી દોઢસો-બસો મીટર દૂર રેતીના ઢૂવાની દિશામાં બેઠા ઘાટના ઓટલા જેવું કશુંક તેણે જોયું હતું, પણ હવે કેટલાંક લોકો એ ઓટલાની નીચે પગથિયાં ઊતરી રહ્યા હતા.

‘ઉ કા હૈ?’ તેણે ચહેરા પર ભોળપણ ઓઢીને બાજુમાં બેઠેલા એક જણને પૂછી લીધું.

‘પઈલી બાર આયે હો કા?’ પેલા આદમીના અવાજમાં આશ્ચર્ય પણ હતું અને આઘાત પણ.. ‘ચરવાહા નંઈ હો કા?’

છપ્પને મનોમન પોતાની જાતને ગાળ દઈ દીધી. તેણે કાચું કાપી નાંખ્યું હતું. આવી વેરાન જગ્યાએ ચરવાહા રાજપૂત સિવાય કોઈ શા માટે આવે અને જો પોતે ચરવાહા રાજપૂત જ હતો તો તેને આ મંદિરની ભૂગોળ વિશે ખબર ન હોય એ કોઈ પણના મગજમાં શંકા ઊભી કરી શકે.

‘અરે, ઈત્તા છોટા થા તબ આયા થા...’ તેણે વાત વાળવાની કોશિશ કરી, ‘ઉ કા હૈ ઇ તો માલુમ હૈ પર કુછ નયા લગતા હૈ...’

‘હા...’ છપ્પને ધરેલી બીડી પેટાવતાં એ દેહાતીએ હકારમાં ડોકું ધુણાવ્યું, ‘કુછ પાંચ-સાત સાલ પઈલે હી દેવીમા કા ઈ છત્તર નયા બના...’ પોતાનું જ્ઞાન પ્રદર્શિત કરવાની તક મળી એથી એ આદમી ગેલમાં આવી ગયો હતો, ‘રણનાં તોફાનોને લીધે ભોંયરામાં પુરાના મંદિરની હાલત બગડતી જતી હતી એટલે ઉપર ચણેલી પાકી છત્રીનો એક માળ વધાર્યો છે.’

માય ગોડ... છપ્પનની આંખો ચમકી ઊઠી. અસલ મંદિર તો એ હતું... છત્રીની નીચે ભોંયરામાં.

મતલબ કે દૂબળીએ ચીંધેલી મૂર્તિ ય ત્યાં જ હોવી જોઈએ. આવા નિર્જન સ્થળે ભોંયરામાં મૂર્તિ હોય તો તો... તેના હૈયામાં હાશકારાની ઝાલર વાગવા લાગી હતી. હવે બસ, ત્વરિત આવે અને મૂર્તિ ઓળખે એટલે...

એ જ ઘડીએ ખુબરામાં પ્રવેશતી કેડી પર રેતીની ડમરી પાછળ એક વાહન આવતું દેખાયું. વાહન સાવ નજીક આવ્યું એટલે છપ્પનના ચહેરા પર ઓજસ રેલાયું... એ વિલિઝ હતી.

બેધ્યાનપણાનો ડોળ કરતો એ ઊભો થયો. માથા પર બાંધેલો ચાંદલિયો ફેંટો કસ્યો અને છત્રી તરફ ચાલવા માંડ્યું.

*** *** ***

એ વખતે છપ્પનને ખ્યાલ ન હતો, પણ મંદિરના પગથિયે તેનાથી તદ્દન વિરુદ્ધ દિશાએ જમણી તરફના ખૂણે બેઠેલો એક આદમી પણ વાહન જોઈને ઊભો થયો હતો અને મંદિરની પછીત તરફ લપક્યો હતો. એ બીએસએફનો આદમી હતો.

મંદિરની પાછળના ઢૂવાઓમાં લપાઈને રણની પેલે પારની હિલચાલ તરફ નજર રાખી રહેલા પરિહારે એક આદમીને અહીં બેસાડ્યો હતો. ત્વરિતનો પીછો કરી રહેલા બાઈકસવાર અને અહીં બેઠેલો જવાન એ બંને સાથે તેમનું કમ્યુનિકેશન જારી હતું. વિલિઝ જીપ આવી રહી છે એવો મેસેજ મળ્યો એટલે તરત એ આદમી મંદિરના જમણા ખૂણે બેસીને સતર્ક ગઈ ગયો હતો અને જીપ જેવી દેખાઈ કે તરત પરિહારને ખબર આપવા મંદિરની પછીતે સરક્યો હતો.

પરિહારને પણ ઢૂવાઓ પાછળ કશીક મૂવમેન્ટ વર્તાતી હતી અને તેમાં આ જીપે બે વખત રસ્તો ચાતર્યો એટલે તેમની શંકા ઢ બની હતી. ચેકપોસ્ટથી ઊંટિયાલી અને છેક રેગિસ્તાનમાં રમતાં મૂકેલા આદમીઓના સઘળા કાફલાને તેમણે હાઈએલર્ટ પર મૂકી દીધો હતો. તેમની અંતઃસ્ફુરણા કહેતી હતી... કંઈક થવાનું છે... અને મંદિર આસપાસ જ કંઈક થવાનું છે...

*** *** ***

એ જ ઘડીએ મંદિર અને છત્રી વચ્ચેના ઊંચા ટીંબા પર બેઠેલો ત્રીજો ય એક આદમી ચૌકન્નો બનીને ઊભો થઈ ગયો હતો. એ અલાદાદ હબ્બાર હતો.

રેગિસ્તાનના એકએક કણને પારખતો અને હવાના બદલાતા દરેક મિજાજને સૂંઘી શકતો ડેરા સુલ્તાનખાઁનો એ રહેવાસી. પાકિસ્તાનથી આવેલું કન્સાઈન્મેન્ટ ત્રણ દિવસથી ખુબરાની પેલે પાર રેતીના અફાટ ઢૂવાઓ વચ્ચે દટાયેલું પડ્યું હતું અને સળંગ બે દિવસથી એ રોજ સવારે અહીં આવીને કરિયરની રાહ જોતો.

પાકિસ્તાનથી કન્સાઈન્મેન્ટ રવાના થાય એટલે પહેલો સંદેશો અલાદાદ પર આવતો. સરહદ પાર કરીને આવેલાં અફીણ, હથિયારો કે સશસ્ત્ર આતંકવાદીઓને ભારતમાં ઘૂસાડવાની જવાબદારી અલાદાદની હતી. બદલામાં તેને તગડું કમિશન મળતું. સ્થાનિક હબ્બારોની મદદથી તેનું નેટવર્ક છેક બિકાનેર અને જેસલમેર સુધી પથરાયેલું હતું. બીએસએફ સાથે ય તેણે વ્યવહાર ગોઠવી રાખ્યો હતો.

માલ આવે એટલે એ નાગૌરના તેના આદમીને જાણ કરતો. નાગૌરથી ગાડી આવે એમાં માલ લદાઈને બિકાનેર-નાગૌર થઈને અજમેર પહોંચી જાય. અજમેરથી તેનું ડિસ્ટ્રિબ્યુશન થાય. અલાદાદને લોકલ બીએસએફ સાથે સાંઠગાંઠ હતી, પણ બિકાનેરની હદમાં પ્રવેશતી ગાડીને બીજાં ય ઘણાં જોખમ નડે. એટલે નાગૌરથી આવતી ગાડી મોટાભાગે સ્ત્રીઓ, બાળકો, પુરુષો સાથે યાત્રાળુઓના સ્વાંગમાં જ આવતી.

દૂરથી વિલિઝ આવતી જોઈને તે ટીંબા પર ઊભો થયો. આંખ આડે હાથનું નેજવું કર્યું. પહેલાં તેને જીપની બહાર લહેરાતી ફાતિમાની હરિયાળી ઓઢણી દેખાઈ અને પછી અંદર બેઠેલી ફાતિમા.

તેની આંખોમાં હાશકારો ઊભરી આવ્યો. જનાના સાથે બે દિવસમાં આ પહેલી ખાનગી ગાડી આવી હતી.

આજે યાત્રાળુઓ ય રોજ કરતાં વધારે હતા અને સૂરજ બરાબર ધખતો હતો. છત્રી પાસેના પાંખા ઢૂવા પાછળ ગાડી પાર્ક કરાવીને ત્યાં જ સામાન લાદવો પડશે. ત્રણ વાગ્યા સુધીમાં સામાન લાદી દેવાય તો માંડ રાત્રે 8 વાગ્યે ગાડી અજમેર પહોંચે. મનોમન તેણે આયોજન કરી નાંખ્યું, ટીંબા પર ઊભા રહીને તેણે આળસ મરડવાનો ડોળ કર્યો અને બેય હાથ હવામાં અધ્ધર કરીને લીલો-ભૂરો ગમછો લહેરાવી દીધો.

મંદિરથી દોઢ કિલોમીટર દૂર આઠ-દસ તોતિંગ ઢૂવાઓ પાછળના એક ખુબરામાં ભૂંગાઓ વચ્ચે પાકિસ્તાનીઓ આશરો લઈ રહ્યા હતા અને છેલ્લા ઢૂવા પાછળ લપાઈને એક આદમી બાયનોક્યુલર વડે સતત અલાદાદ પર નજર રાખતો તેના સંકેતની રાહ જોઈ રહ્યો હતો.

છપ્પન ઊભો થયો ત્યારે તેને બીએસએફના જવાનની હાજરીની ખબર ન હતી. બીએસએફનો જવાન ઊભો થઈને મંદિરની પછીત ભણી ગયો ત્યારે તેને ટીંબા પર ઊભેલા અલાદાદ વિશે ખબર ન હતી. અલાદાદે જીપ જોઈને ગમછો લહેરાવતો સંકેત આપી દીધો ત્યારે તેને જીપની પાછળ આવી રહેલા બાઈકસવાર જવાનની ખબર ન હતી. બાઈકસવાર જવાનને એ ખબર ન હતી કે તે જે જીપને ફોલો કરી રહ્યો છે એ જીપને જોઈને અહીં કેવી-કેવી સમજણો આકાર લઈ રહી છે...

- અને આ તમામ ઘટનાક્રમથી સદંતર બેખબર ત્વરિત વિલિઝને કેડી પાસેના એક ઢોરા પર પાર્ક કરી રહ્યો હતો.

*** *** ***

મંદિર ભણી તેણે પગ માંડ્યા એ જ ઘડીએ છપ્પને હાથબદલો કરતો હોય તેમ હેન્ડબેગ ઘુમાવીને ત્વરિતનું ધ્યાન ખેંચી લીધું હતું. દેહાતી હુલિયામાં તેને જોઈને ત્વરિત ઘડીક ચોંક્યો હતો.

સાલો, મારાથી ય પહેલાં અહીં પહોંચી ગયો? આંખોમાં ઊભરી ગયેલા આશ્ચર્યને પલકવારમાં તેણે ઓલવી નાંખ્યું. છત્રી ભણી છપ્પને કરેલો ઈશારો તેણે બરાબર પારખ્યો હતો, પરંતુ મંદિરમાં ગયા પહેલાં છત્રી તરફ જવું કે ન જવું અને ફાતિમા-ચંદાનું શું કરવું તેની અવઢવમાં એ ઘડીક અટક્યો. પછી હકારમાં જરાક ડોકું હલાવીને મંદિર તરફ આગળ વધ્યો.

મંદિર જોઈને જ તે પારખી ગયો કે આ નવનિર્મિત સ્થાનક હતું અને આમાંની એક પણ મૂર્તિનો દૂબળીને ખપ ન હોય. જે મૂર્તિ ઉઠાવવાની છે એ છપ્પને ઈશારો કરેલા છત્રી જેવા ઓટલા આસપાસ જ હોઈ શકે. દેવીમાની મૂર્તિ સમક્ષ તેણે ચૂંદડી ધરી, પૂજાપો મૂક્યો, સાષ્ટાંગ દંડવત્ કર્યા. ફાતિમા અને ચંદા ય તેનું અનુકરણ કરી રહી.

'તમે અહીં પોરો ખાવ...' મંદિરની પરસાળમાં બેઠેલી ઘૂમટો તાણેલી બીજી ત્રણ-ચાર ઓરતો ભણી ઈશારો કરીને તેણે ફાતિમા-ચંદાને કહ્યું, 'હું જરા... ' ટચલી આંગળી જરાક લંબાવીને તે પગથિયાં ઊતરી ગયો.

આખા રસ્તે તે દૂબળીની ઝલકથી ભ્રમિત થતો રહ્યો હતો, પણ હવે તેને એ મૂર્તિની તાલાવેલી લાગી હતી... જે તેણે ઓળખવાની હતી... દૂબળીને જે મૂર્તિનો ખપ હતો... આ મૂર્તિ પણ જો વામપંથી હોવાના સંકેત ધરાવતી હોય તો...

પગથી માથા સુધી ઉશ્કેરાટ ત્વરિતને ઘેરી વળ્યો હતો.

*** *** ***

ત્વરિતે છત્રી ભણી કદમ ઉપાડ્યાં બરાબર એ જ વખતે ત્રણ સ્થળે ત્રણ અલગ ઘટના બની.

- અલાદાદે કરેલા સંકેતને પારખીને ઢૂવાઓની પાછળથી કન્સાઈન્મેન્ટના કોથળા લઈને ચાર આદમી ખુબરાનો ઢાળ ઊતરવા લાગ્યા. ત્વરિત રસ્તો ચૂક્યો ત્યારે ઢુંગામાં લપાયેલા પાકિસ્તાનીઓએ પણ જીપને જોઈ હતી અને જીપની પાછળ આવતા બાઈકસવારને ય જોયો હતો, પરંતુ અલાદાદના ઈશારામાં તેમણે 'સબ સલામત'નો સંકેત સમજ્યો.
- જીપની પાછળ આવેલા બાઈકસવારે જીપથી સહેજ દૂર બાઈક પાર્ક કર્યું ત્યારે તેને જોઈને અલાદાદ વળી નવી મૂંઝવણમાં પડી ગયો. રેતીના વંટોળ, જીપની ડમરી અને ખાસ તો બે દિવસથી વાહનની રાહ જોઈને કંટાળેલા પોતે ઉતાવળમાં સંકેત આપી દીધો હતો કે શું? નાગૌરથી મોટાભાગે કમાન્ડર ગાડી આવતી, પણ ક્યારેક વિલિઝમાં ય અહીંથી માલ ગયો જ હતો. તેણે બાઈકસવારને ધ્યાનથી નીરખ્યો. રેગિસ્તાનના આ અવાવરું ઇલાકામાં રેતીના ઢૂવાઓ વચ્ચેથી પસાર થતી સાંકડી, ઉબડખાબડ કેડીઓ પર બાઈક ન જ ચાલે એવું તો ન હતું, પણ રેગિસ્તાનના પૈદાઈશી બાશિંદા તરીકે અલાદાદને બરાબર ખબર હતી કે અહીં મોટરસાઈકલ ચલાવવા માટે અહીંની ધરતીમાં જન્મવું જરૂરી હતું. અજાણ્યો આદમી તો જરાક કેડો ચૂક્યો એટલે જિંદગીભર રણમાં ગોળ-ગોળ ઘૂમ્યા કરે તો ય બહાર ન નીકળી શકે.

અહીંના એકેએક કેડાથી, રેતીના કળણથી અને ખસતાં ઢૂવાના મિજાજથી વાકેફ હોય એવા સ્થાનિકો જ મોટરસાઈકલ વાપરતા હતા અથવા હાઈરેન્જ વોકીટોકી સેટ લઈને નીકળતા બીએસએફના જવાનો, પણ એ લોકો બીએસએફના એનફિલ્ડ મોટરસાઈકલ વાપરતા હતા જ્યારે આ આદમી તો પલ્સર લઈને આવ્યો હતો.

તો શું એ સ્થાનિક કસ્બાનો હતો? અલાદાદે સલામત અંતર રાખીને તેને ફરીથી નીરખ્યો. ના, તેનો નાક-નકશો સહેજેય સ્થાનિક નથી. તેની આંખો ઝીણી છે. નાક ચપટું છે. ગાલ પર ચરબીના સહેજ થેથર છે. અહીંનો જવાન આવો ન હોય. તેની આંખો પાણિયાળી અને નાક અણીદાર હોય અને ગાલ પર ચરબીના ઢોરા તો શક્ય જ નથી. રણના વિષમ હવામાન વચ્ચે જીવતા આદમીના ચહેરા પર પણ રેગિસ્તાનની વિરાની વર્તાઈ જાય. આ તો સાલો ગલગોટા જેવો લાગતો હતો. તો પછી...

ભડકેલો અલાદાદ ફરીથી ટિંબા પર ચડ્યો અને હાથ લહેરાવીને બીજો સંકેત કરવા જતો હતો ત્યાં જ તેણે જોયું કે ચાર-ચાર આદમીઓ બે જૂથમાં વહેંચાઈને ઢૂવા પરથી કોથળા ઉતારી રહ્યા હતા.

અલાદાદ ઘાંઘો બની ગયો. હવે તેણે જીપ લઈને આવેલા આદમીને જ ઝાલવો રહ્યો.

- વિલિઝ જીપ મંદિર પરિસરમાં પહોંચી ચૂકી છે, બે ઓરત અને એક આદમી મંદિરમાં ગયાં છે, પીછો કરતો જવાન પણ પહોંચી ચૂક્યો છે અને જીપ લઈને આવેલો માણસ હવે છત્રી ભણી જઈ રહ્યો છે એ દરેક વિગત વોકીટોકી પર ધ્યાનથી સાંભળીને કાગળ પર પોઝિશન ટપકાવી રહેલા વિશ્વનાથ તેમના સબ ઈન્સ્પેક્ટરે મારેલા હળવા ઠોંસાથી ચમક્યા. અણગમાથી તેમણે જોયું તો ઢૂવા તરફ બાયનોક્યુલરથી તાકી રહેલો સબ ઈન્સ્પેક્ટર તેમનું ધ્યાન ખેંચતો હતો.

તેનો ઈશારો સમજીને ચોંકેલા વિશ્વનાથે પોતે બાયનોક્યુલરમાં આંખ માંડી અને તેમના ચહેરા પર તંગદિલી ધસી આવી. ચાર-ચાર આદમીઓ બે જૂથમાં વહેંચાઈને ઢૂવા પરથી કોથળા ઉતારી રહ્યા હતા.

*** *** ***

છત્રીના ઓટલાને ટેકો દઈને અદ્દલ દેહાતી સ્ટાઈલથી બેઠેલા છપ્પનને જોઈને આ તંગદિલીમાં ય તેને હસવું આવી ગયું. પોતે આવી રહ્યો છે તેનાથી સાવ બેખબર હોય એ રીતે મોં ફેરવીને બેઠેલા છપ્પને જકડાઈ ગયેલા હાથના સાંધા છૂટા કરતો હોય તેમ ડાબો હાથ ડાબી દિશા ભણી લંબાવીને ખેંચ્યો, ફરીથી યથાવત્ વાળ્યો, ફરીથી ખેંચ્યો. આ સહજ ચેષ્ટા ત્વરિતને સમજવા માટે પૂરતી હતી.

ઓટલા પાસે તેણે જોડાં ઉતાર્યાં અને ડાબી તરફ નીચે ઊતરતા પગથિયાં ભણી આગળ વધ્યો.

રેતી-મુરમ અને ધૂળથી ખરડાયેલાં પગથિયાં ઓટલાની નીચેના ભોંયરા તરફ ખૂલતાં હતાં. હવા-ઊજાસ વગરના ભોંયરામાંથી સદીઓના બંધિયારપણાની વાસ આવતી હતી, પણ એ વાસથી વિચલિત થવાને બદલે ત્વરિતની આંખો તાજુબીથી વિસ્ફારિત થઈ રહી હતી. ઓટલાની બરાબર નીચે લગભગ સાડા ત્રણસો-ચારસો ચોરસ ફૂટના વિસ્તારમાં ભોંયરું પથરાયેલું હતું. દસેક પગથિયાં ઊતરીને તે અંદર પ્રવેશ્યો. પોતાનો હાથ સુધ્ધાં ન દેખાય એવું કાળુંડિબાંગ અંધારું વટાવ્યા પછી છેક નીચે બે-ત્રણ ફાનસ અને આઠ-દસ દીવડાં પ્રગટાવીને યાત્રાળુઓની સુવિધા માટે ઝાંખોપાંખો ઉજાસ કરાયો હતો.

ત્વરિતે ખિસ્સામાંથી મિની ટોર્ચ કાઢીને તેનો શેરડો ફેરવી દીધો.

ભોંયરાની જમણી તરફ મધ્યમ કદના ગોખલા, ઉપર તોરણ જેવી બાંધણીમાં કશીક ખરડાયેલી આકૃતિઓ, દરેક ખૂણે સ્તંભ પર સિંહાકૃતિ, વચ્ચે એક મોટા થાળા પર પથ્થરનું એક ખરબચડું, તૂટેલું આસન અને ડાબી તરફ દીવાલમાં જડેલી બિહામણી લાગતી ત્રણ ભગ્ન મૂર્તિ...

ત્વરિતને સમજતા વાર ન લાગી. ભોંયરાની બાંધણી અને પ્રકાર જોતાં આ જગ્યા નાંખી દેતાં ય એક હજાર વર્ષ પુરાણી હોવી જોઈએ. બીજા કોઈ યાત્રાળુ અંદર આવે એ પહેલાં તેણે ઝડપભેર ભોંયરાનો ખૂણે-ખૂણો ટોર્ચના ઉજાસ વડે ફંફોસી નાંખ્યો.

ડાબી તરફની સદીઓ જૂની દીવાલના પથ્થરો વચ્ચે ત્રણ મૂર્તિ સ્થાપિત કરેલી હતી. મૂર્તિ પર શેરડો ફેંકીને ત્વરિત ઘડીભર સ્તબ્ધ થઈ ગયો. ચહેરાના ભાગમાં સમયની થપાટે પાડી દીધેલું ખવાણ મૂર્તિને વધુ ભયાનક બનાવતું હતું. પથ્થરમાંથી કોરેલી એ મૂર્તિ, મૂર્તિના ગળામાં નરમુંડની માળા, સાથળ પર ટેકવેલા જમણા હાથમાં લટકતું અસુરનું મસ્તક અને ઢીંચણથી ય છેક નીચે સુધી લબડતો ડાબો હાથ.

ત્વરિતે બારીકાઈથી ત્રણેય મૂર્તિ ચકાસી. કદ અને આકાર જોયાં. વધારે ચકાસણી કરવા જેટલી સુવિધા ય ન હતી અને અનુકૂળતા ય ન હતી છતાં વધુ ખાતરી માટે તેણે ટોર્ચ ફેરવવાનું ચાલુ રાખ્યું. ડાબી તરફની એ પહેલી મૂર્તિની બરાબર નીચે કશુંક લખાણ કોરેલું હતું. તેણે ખિસ્સાં ફંફોસ્યાં. રૂમાલ તો ન હતો અને હોત તો કામ પણ ન લાગત. તેણે લાગલો ઝભ્ભો જ ઉતારી નાંખ્યો અને રેગિસ્તાનની તળભૂમિના ક્ષારથી ખરડાયેલી મેલીદાટ દીવાલ પર ઘસીને ફરીથી ટોર્ચ માંડી અને એક-એક અક્ષર એ વાંચતો ગયો એ સાથે તેની આંખોમાં ઉમ્રભરનું આશ્ચર્ય ધોધમાર વહી નીકળ્યું...

એ મૂર્તિની નીચે લખ્યું હતું,

ગલદ્રક્તમુન્ડાવલિકન્ઠમાલા
મહાઘોરરાવા સુદૃષ્ટાં કરાલા
વિવસ્ત્રા સ્મશાનાંલયા મુક્તકેશી
મહાકાલકામાકુલા કાલિકેયમ

स्वरूपं त्वदियं न विन्दन्ति देवा

ગળામાં નર-મસ્તકની માળા પહેરેલી, અત્યંત ઘોર અવાજ વડે વિકરાળ લાગતી, નિર્વસ્ત્ર શરીરે છુટ્ટા વાળ લહેરાવતી હે મહાકાલિકા માતા, તમારું સ્વરૂપ પારખવું દેવો માટે ય દુષ્કર છે.

પ્રચંડ આઘાત, અપાર આશ્ચર્ય અને અફાટ તાજુબીથી સ્તબ્ધ થઈ ગયેલો ત્વરિત મૂઢપણે મૂર્તિને નીરખી રહ્યો. તેને હજુ ય માનવામાં નહોતું આવતું કે વિલુપ્ત થઈ ગયેલી મનાતી કે લોકવાયકામાં ખપી ગયેલી ગણાતી દોઢેક હજાર વર્ષ જૂની વામપંથી મૂર્તિની સન્મુખ તે ઊભો હતો.

કોણ છે એ માણસ, જે છેક અહીં સુધી મૂર્તિનું પગેરું દબાવી શક્યો છે?

દૂબળીના વિચારથી એ ફરીથી બહાવરો બન્યો. એ મૂર્તિ પર અને આસપાસ ફરીથી ભારપૂર્વક ઝભ્ભો ઘસીને તેને વધુ ચોખ્ખી કરી નાંખી. છપ્પનને હવે તેણે સૌથી વધુ ચોખ્ખી લાગતી મૂર્તિ ઉઠાવવાનું જ કહેવાનું હતું.

ખરડાયેલો ઝભ્ભો ખંખેરીને તે ફક્ત ગંજી અને પાયજામાભેર પગથિયાં ચડી રહ્યો હતો એ જ વખતે પહેલો રાઉન્ડ ફાયર થયો હતો.

પહેલી ગોળી છોડીને અલાદાદે બહુ મોટી ગલતી કરી નાંખી હતી, પણ તેનું પરિણામ ત્વરિત ભોગવવાનો હતો.

*** *** ***

ડેરા સુલ્તાનખાઁની સુક્કી, ગરમ, બોઝિલ હવાના સન્નાટામાં પહેલી ગોળી છૂટી બરાબર એ જ ઘડીએ ડિંડોરીમાં બેઠેલા એસીપી રાઘવ માહિયાના દિમાગમાં ડાયનેમાઈટના ધડાકા થઈ રહ્યા હતા.

હવે તેમને ખાતરી થઈ ગઈ હતી, ત્વરિત જ મૂર્તિચોર હતો.

ઝુઝારના ફોન પછી ક્યાંય સુધી રાઘવ ગુમસૂમ બેઠો રહ્યો હતો. મનોમન ત્વરિત સાથેની તમામ વાતચીતને તાજી કરીને કાગળ પર મુદ્દા ટપકાવતો રહ્યો હતો. તેના ચહેરાની તંગદિલીમાં, મુદ્દા ટપકાવતી આંગળીની કંપારીમાં, અસંબદ્ધપણે દાંત તળે ભીંસાતા હોઠમાં અને આંખોમાં પ્રગટી રહેલા ખુન્નસમાં તેનો ઉશ્કેરાટ વ્યક્ત થતો હતો.

ત્વરિત જુઠ્ઠું બોલ્યો હતો એ સાબિત થતું હતું.

દુર્ગાશંકર શાસ્ત્રી સાથેની મુલાકાત વિશે તેણે એક હરફ કહ્યો ન હતો. વામપંથી મૂર્તિ હોવા વિશે પોતે શંકા વ્યક્ત કરી તો ય તેણે ખાસ કોઈ મહત્ત્વ આપ્યા વગર વાત ટાળી દીધી હતી. ઓળખના તમામ પુરાવાઓ તેણે બિન્દાસ્ત ધરી દીધા હતા અને દિલ્હી જવાનું કહીને છેક છત્તીસગઢના એક ઢાબામાં એ રોકાયો, તેની સાથે બીજો ય કોઈ આદમી હતો, રાત્રે કોઈક છોકરી કશુંક આપી ગઈ અને ઢાબા પર ઘડીક ધમાલ મચી ગઈ. તેની ફોર્ડ ઈકોસ્પોર્ટ ગાડી સાથે ય કંઈક ચાળો થયો હતો.

- અને હવે ઝુઝાર કહેતો હતો કે, જમ્મુ-કાશ્મીરના પાસિંગવાળી એ ફોર્ડ ઈકોસ્પોર્ટ રાજનંદગાંવના એક વેરહાઉસની અંદર પાર્ક થયેલી પડી હતી. રાત્રે બે-ત્રણ છોકરીઓ ઢાબા પર આવી હતી. તેની સાથેનો બીજો આદમી વિલિઝ જીપ લઈને આવ્યો હતો અને વહેલી સવારે આખો કાફલો ઢાબા પરથી નીકળી ગયો હતો.

તેની સાથે બીજો આદમી કોણ છે? છોકરીઓ કોણ હતી? નવી-નક્કોર ફોર્ડ ઈકોસ્પોર્ટ મૂકીને વિલિઝ જીપ લાવવાની જરૂર કેમ પડી? વહેલી સવારે એ લોકો ક્યાં ગયા?

કાગળ પર ટપકાવેલા દરેક સવાલને એ ત્રાટક કરીને જોતો રહ્યો.

તેણે ધાર્યું હતું તેના કરતાં ત્વરિત કૌલ અનેકગણો ખેપાની હોવો જોઈએ. તેની સાથેનો આદમી તેનો સાગરીત હોય અથવા તો...

અચાનક તેને કશુંક યાદ આવ્યું હોય તેમ તેણે ધડાધડ ટેબલનાં ખાનાં ફંફોસવાં માંડ્યાં અને પ્લાસ્ટિકની કોથળી કાઢી. ડિંડોરીના દેવાલયમાં ચોરાયેલી મૂર્તિ પાસેથી મળેલી ચીજવસ્તુઓને તે ધ્યાનપૂર્વક નીરખી રહ્યો. તદ્દન દેશી કીમિયાઓ વડે પણ એટલી જ આબાદ રીતે થાળામાં જડેલી મૂર્તિ કાઢી લેવાઈ હતી. એ વિશે તેણે ત્વરિતને પૂછ્યું પણ હતું અને એ સાલાએ બિન્દાસ્ત કહી દીધું હતું કે, 'મને ય મૂર્તિ કાઢવાની આ તરકીબ વિશે જાણવું ગમશે. ચોર પકડાય ત્યારે તેનો ડેમો જોવા માટે મને ય બોલાવજો..!'

મનોમન ધૂંધવાઈ રહેલા રાઘવના દાંત ભીંસાઈ રહ્યા હતા. તેની પાસે એકેય પુરાવો ન હતો, પણ તેને અંદરથી અહેસાસ થઈ રહ્યો હતો કે કોઈ પણ રીતે ત્વરિત આ ચોરીમાં સંડોવાયેલો છે જ.

દરેક સવાલોની સામે તે મનમાં ઊગતા જવાબો ટપકાવવા માંડ્યો.

તેની સાથેનો બીજો આદમી ત્વરિત કહે એ મૂર્તિ ઉઠાવનારો હોઈ શકે. એ તેનો મદદગાર પણ હોય. ઝુઝારે કહ્યું હતું તેમ, ઢાબા પર ધમાલ મચ્ચા પછી ત્વરિત ત્યાં જ રોકાયો હતો, પણ બીજો આદમી દિવસભર બહાર હતો અને છોકરીઓને જીપમાં બેસાડીને એ જ લાવ્યો હતો.

મતલબ કે, એ સેકન્ડરી હોવો જોઈએ.

છોકરીઓ... રાઘવે ઘડીક વિચાર કર્યો. છોકરીઓ તો કદાચ રંગરેલિયા માટે... પણ ના, અહીં પુરુષો બે છે અને છોકરીઓ ત્રણ આવી હતી તેમ ઝુઝારે કહ્યું હતું. એ જ છોકરીઓ વહેલી સવારે પાછી ગાયબ પણ થઈ ગઈ... એ તેમની સાથે જ ગઈ હશે? પણ ક્યાં??

રાઘવે માથું ધુણાવી નાંખ્યું...

છોકરીઓને લઈને એ લોકો ક્યાં ગયા હોય? પોતાની ગાડી અહીં મૂકી દીધી અને વિલિઝ જીપ કેમ લીધી? શક્ય છે કે, ફોર્ડ ઈકોસ્પોર્ટ તો કદાચ ઓળખાઈ ન જાય એટલે અહીં છોડી દીધી હોય... અથવા તો પાછળ તપાસ થતી હોય તો ઉંધા રસ્તે ચડાવવા માટે...

તો શું પોતે તેમની પાછળ લાગ્યો છે એ વિશે ત્વરિતને અંદાજ હશે?

પોતાના જ મનમાં ઊગતા સવાલોથી રાઘવ ગૂંચવાઈ રહ્યો હતો, પરંતુ એ તેની આદત હતી. બ્રેઈનસ્ટોર્મિંગ વડે તમામ શક્યતાઓ કાગળ પર માંડવી અને તેના જવાબો વિચારવા. એ વખતે ગુનેગારના હિસ્સામાં એ તમામ શક્યતાઓ મૂકે અને પછી તેના જવાબો શોધવામાં દિમાગ કસે. ક્રાઈમ ડિટેક્શન માટે તેને આ અક્સીર તરકીબ લાગતી હતી.

વિલિઝ જીપ તો... માનો કે, ફોર્ડ છુપાવવા માટે જ મંગાવી છે.

નેક્સ્ટ ક્વેશ્ચન.. વ્હાય વિલિઝ? વ્હાય નોટ કમાન્ડર, સ્કોર્પિયો ઓર અધર ઈક્વિવેલન્ટ એસયુવી લાઈક હિઝ ઓન ફોર્ડ ઈકોસ્પોર્ટ?? તેણે ફોર્ડ છુપાવવી છે તો પોતે જે પ્રકારની ગાડીમાં ફરવા ટેવાયેલો છે એવી જ બીજી ગાડી મંગાવે ને? શા માટે જૂના મોડેલની નોન એસી વિલિઝ જીપમાં ક્યાંય પણ જાય?

મતલબ કે, જ્યાં જવાનું છે ત્યાં આ ટાઈપના વાહનની જરૂર છે અને ત્યાં તરત કોઈનું ધ્યાન ન ખેંચાય એ માટે એ ઈલાકામાં રૂટિન ગણાય એવા વાહન તરીકે વિલિઝની જરૂર છે.

તેણે ફરીથી કાગળ પર નોંધ્યું, ક્યા વિસ્તારમાં વિલિઝનું ચલણ વધારે છે તે ચેક કરવું પડશે.

મોટાભાગે આ જીપ ચોરેલી હશે અથવા ભાડે મેળવેલી હશે. જો ભાડે લીધી હોય તો ઠામ-ઠેકાણું મળવું આસાન રહે, પણ ત્વરિતની બદમાશી જોતાં તેણે આવાં છીંડાં બાકી ન પણ રાખ્યાં હોય.

ઝુઝાર કહેતો હતો કે, જો કેકવાને ઠમઠોરવામાં આવે તો...

કાગળ પર નોંધ કરતો તેનો હાથ અટકી ગયો. પેન વડે ગાલ ખંજવાળતા ક્યાંય સુધી તેણે વિચાર્યા કર્યું. પગના વજનદાર ઠેલાથી રિવોલ્વિંગ ચેર પાછળની તરફ હડસેલીને તે ઊભો થયો અને ઝુઝારને ફોન જોડ્યો.

'કુછ કિયે બિના ફિલહાલ સિર્ફ નજર બનાયે રખ. મૈં આ રહા હૂં.'

ત્વરિત ભોંયરામાં પ્રવેશ્યો ત્યારે...

વિલિઝ જીપની પાછળ બાઈક લઈને આવેલો આદમી સ્થાનિક નથી અને તો એ બીએસએફનો જ માણસ હોવો જોઈએ એવું પારખ્યા પછી અલાદાદ બરાબર ગૂંચવાયો હતો. દૂર ઢૂવાઓ પરથી માણસો ઊતરવા લાગ્યા હતા. હવે તેમને સંકેત કરીને રોકવાનું શક્ય ન હતું. તેણે ગણતરીની સેકન્ડમાં વિચાર કરી લીધો અને વિલિઝ જીપ લઈને આવેલો આદમી (ત્વરિત) પુરાણા મંદિરના ભોંયરા તરફ ગયો હતો એ દિશાએ દોટ મૂકી.

મંદિરની પછીત ભણી ગયેલો બીએસએફનો આદમી વિશ્વનાથ પરિહારના આદેશની રાહ જોઈને ઊભો હતો. હવે તેણે દૂર ટીંબા પરથી ઝડપભેર નીચે ઊતરી રહેલા અલાદાદને જોઈ લીધો હતો.

બાઈકસવાર મંદિરની પછીતે ઊભેલા પોતાના સાથીદારને પારખીને વિલિઝ જીપથી સહેજ આગળ મંદિર અને છત્રી વચ્ચેની ખુલ્લી જગ્યામાં ઊભો રહી ગયો હતો.

છત્રી પાસે ઉભડક બેસીને હાથ લાંબા-ટૂંકા કરી રહેલો છપ્પન હવે નીચે ભોંયરામાં ગયેલો ત્વરિત બહાર આવીને મૂર્તિની ઓળખનો સંકેત આપે તેની રાહ જોઈ રહ્યો હતો. તેની પોઝિશન એવી હતી કે ત્રણેય દિશાએ મૂવમેન્ટ થાય ત્યારે તેનું ધ્યાન સહજ રીતે ખેંચાય તેમ હતું.

મૂર્તિ શોધવા ત્વરિતે ટોર્ચ સળગાવી ત્યારે...

મંદિરની પાછળની તરફ લગભગ એક કિલોમીટર દૂર ઊંચા ઢૂવા પર કેમ્પ નાંખીને બેઠેલા પરિહારની નજર બાયનોક્યુલરમાં બરાબર ચોંટેલી હતી.

'ચેક ધ ડિસ્ટન્સ...' નજર હટાવ્યા વગર તેમણે સબ ઈન્સ્પેક્ટરને તાકીદ કરી.

સબ ઈન્સ્પેક્ટરે જીપીએસનો ડેટા ફીડ કર્યો. મંદિરથી તેઓ 45 ડિગ્રી સાઉથમાં 980 મીટર દૂર અને 65 મીટરની ઊંચાઈ પર હતા.

મંદિરથી 40 ડિગ્રી નોર્થ-વેસ્ટમાં 1200 મીટર દૂર ઢૂવાઓ તરફથી ચાર આદમી પેટી કે કોથળા જેવું કશુંક લઈને નીચે ઊતરી રહ્યા હતા.

પરિહારે મંદિરની દિશામાં બાયનોક્યુલર ફોકસ કર્યું અને એ જ વખતે અલાદાદને તેમણે ટીંબા તરફથી સપાટાભેર નીચે ઊતરતો જોયો. અનુભવી પરિહારે કાચી સેકન્ડમાં ટેબ્લો પારખી લીધો. વિલિઝ જીપ લઈને આવેલા લોકો આતંકવાદીઓના કુરિયર છે. ટીંબા પરથી ઊતરી રહેલો આદમી તેમનો લોકલ મળતિયો છે. તેણે ઈશારો કર્યો એટલે કન્સાઈન્મેન્ટ નીચે ઊતરી રહ્યા છે.

પણ એ દોડી કેમ રહ્યો છે? પરિહારના ચહેરા પર હવે તંગદિલી હતી. તેમણે રણમાં પોતાના

આદમીઓને વેરવિખેર પાથરી રાખ્યા હતા. અવરજવરના આ એકમાત્ર ઠેકાણા આસપાસ જ કંઈક થશે એવી તેમની ધારણા સાચી જ હતી. કન્સાઈન્મેન્ટ લઈને આવનારા લોકો અને તેમની છુપાવાની જગ્યા લોકેટ થઈ ગઈ હતી. એ કાફલો ખુબરામાં પ્રવેશે પછી મંદિરમાં રહેલા તેમના બે આદમીઓ તેમને પડકારે એ જ ઘડીએ પોતે અહીંથી નીચે ધસી જાય, રણમાં પથરાયેલા આદમીઓ આતંકીઓ છુપાયા છે એ લોકેશનને કવર કરી લે, રેગિસ્તાનની બહાર નીકળતા દરેક રસ્તા પર કડક ચોકીપહેરો અને ચેકપોસ્ટ પર નાકાબંધીનો આદેશ પણ થઈ જાય અને લોહીનું એક ટીપું ય વહાવ્યા વગર તેઓ રંગેહાથ સૌને ઝબ્બે કરી શકે.

પરિહારનો એ વ્યૂહ આબાદ હતો, પરંતુ દોડી રહેલા અલાદાદને જોઈને તેઓ વહેમાયા. આમ પાગલની માફક દોડવાથી તો તેની હાજરી છતી થઈ જાય. તો ય એ કેમ દોડી રહ્યો છે? પોતાના માણસોને તે ઓળખી ગયો હશે? પરિહારના મગજમાં ધણધણાટી થવા લાગી હતી. ટીંબા પરથી નીચે ઊતરી રહેલો અલાદાદ હવે છત્રી ભણી ધસમસતો ભાગી રહ્યો હતો.

‘સ્ટોપ હિમ...’ પરિહારે વોકીટોકીના માઉથ પીસ પર ચીસ પાડી, ‘એનિહાઉ સ્ટોપ હિમ...’

શ્લોક વાંચીને ત્વરિત અભિભૂત થઈ રહ્યો હતો ત્યારે...

પરિહારના આદેશથી મંદિરની પછીતે અને બાઈક પાસે ઊભેલા એ બંને આદમીઓ ગૂંચવાયા. કોમન ફ્રિક્વન્સી પર પરિહારે ઓર્ડર કર્યો હતો, પણ એ કોને કહ્યું હોય તેની ખાતરી કરવા જેટલો સમય ન હતો. અલાદાદ હવે સાવ સામે આવી રહ્યો હતો.

એટલે એ બંને આદમી પોતાની પોઝિશન છોડીને બહાર આવ્યા.

દેહાતી આદમીની જેમ ઉભડક બેઠેલો છપ્પન ત્વરિતના બહાર નીકળવાની રાહ જોઈ રહ્યો હતો એ જ ઘડીએ અલાદાદના ગળા ફરતા વીંટળાયેલા ભૂરા-લીલા રંગના ગમછાથી તેનું ધ્યાન ખેંચાયું.

મરુભૂમિમાં વસતાં લોકો લાલ, લીલા, ભૂરા એવા ભડકામણા રંગ પસંદ કરે તેનું કારણ એ કે સિલેટિયા રંગમાં અડાબીડ પથરાયેલા રેગિસ્તાનના એકધારા લેન્ડસ્કેપમાં આવો ભડકામણો રંગ તરત ધ્યાન ખેંચે. રેગિસ્તાનમાં ભટકી ગયેલા કાફલાનો જીવ બચાવતી એ કાયમની તરકીબ આજે અલાદાદને મોંઘી પડતી હતી.

તેને દોડતો જોઈને છપ્પન ચોંક્યો. એ જ ઘડીએ મંદિરની પછીતેથી (બીએસએફના) એક આદમીને તેણે ખુલ્લા ચોગાન તરફ ધસી આવતો જોયો અને તેની હિલચાલ છપ્પન બરાબર નીરખે એ પહેલાં તો બાઈક પાસે ઊભેલો (બીએસએફનો) આદમી ય ટીંબા તરફથી ધસમસતા માણસ (અલાદાદ) તરફ લપક્યો.

‘ઓહ માય ગોડ... કંઈક લોચો છે...’ ફડકી ગયેલો છપ્પન સટાક કરતો ઊભો થઈ ગયો.

છપ્પન જે રીતે ઊભો થયો અને અલાદાદ પણ એ દિશામાં જ દોડતો હતો એ જોઈને બીએસએફના બંને જવાનોને લાગ્યું કે એ (એટલે કે છપ્પન) અલાદાદનો જ સાથી હોવો જોઈએ...

ગંજી-પાયજામાભેર ત્વરિત બહાર આવી રહ્યો હતો ત્યારે...

છત્રી તરફ દોડી રહેલા અલાદાદને બાઈકસવાર જવાને આંતર્યો હતો. એકબીજાથી આશરે બસો ફૂટના અંતરે સામસામે આવીને બેય રાની પશુની માફક એકમેકને ઘૂરકી રહ્યા હતા. ઘાંઘા થયેલા અલાદાદે એ જ ઘડીએ મંદિરની પછીતેથી અડધે સુધી ધસી આવીને ત્યાં જ ખોડાઈ ગયેલા (બીએસએફના) બીજા આદમીને ય જોઈ લીધો. પોતે બરાબર ઘેરાઈ રહ્યો છે

તેના અંદેશાથી એ ભોંયરાનાં પગથિયાં તરફ ધસ્યો અને છપ્પનની સાવ લગોલગ આવી ગયો.

અચાનક શરૂ થયેલી આ દોડધામથી ચોંકેલા બીજા યાત્રાળુઓ ય છત્રી આસપાસ અને મંદિરનાં પગથિયાં પાસે સ્તબ્ધ થઈને જોઈ રહ્યા હતા. છત્રીની પાછળ શરૂ થતા ઢૂવા પર અલાદાદ સરકી જાય એ પહેલાં ત્યાં જ તેને દબોચી લેવા બાઈકસવાર જવાને હડી કાઢી એ જોઈને અલાદાદ વધુ રઘવાયો થયો. ખમીસની નીચે નેફામાંથી તેણે ગન કાઢી. તેના તરફ ધસી આવતા જવાનને ગન બતાડીને ડારતા જવાનો અને એ રીતે ઢૂવાઓ ભણી સરકી જવાનો તેનો ઈરાદો હતો.

પણ એ જ ઘડીએ અલાદાદને ગન કાઢતો જોઈને વચ્ચે ઊભેલા (બીએસએફના) જવાને ય ગન તાકી એટલે રઘવાયેલા અલાદાદે ધડાકો કરી દીધો.

માંડ દોઢસો ફૂટના અંતરેથી અલાદાદે ફાયર કર્યું એ સાથે બાઈકસવાર જવાન કારમી ચીસ નાંખીને પટકાયો હતો.

છત્રી અને પરસાળ પાસે ઊભેલા યાત્રાળુઓના ચહેરા પર ડઘાઈ ગયેલી કંપારી, સનનન્. સનનન્ અવાજ સાથે ઢૂવાઓ પરથી ખુબરામાં ઊતરીને ઘૂમરાઈ રહેલો વંટોળિયો, માથા પર આવીને કાળઝાળ ગરમી વરસાવતો રેગિસ્તાનનો કાળમુખો સૂરજ, અનિચ્છા છતાં ય ગોળી ચલાવીને આદમીને પાડી દીધા પછી ભાગવાનો રસ્તો શોધતા અલાદાદના કરડા ચહેરા પરનો રઘવાટ અને અચાનક પલટાયેલા પાસાંઓથી હબકી ગયેલા છપ્પનની આંખોમાં વીંઝાતો અજંપો...

સદીઓની લોહીઝાણ ઉથલપાથલ સહ્યા પછી માંડ કેટલાંક દાયકાથી ઠરીઠામ થયેલી કેશાવલિ માતાના મંદિરની હવા વધુ એક વાર હીબકે ચડી હતી.

ત્વરિત ભોંયરામાંથી બહાર નીકળી ચૂક્યો ત્યારે...

છેવટના પગથિયે પહોંચવા આવેલો ત્વરિત મેલો ઝભ્ભો પહેરવા બાંયમાં હાથ નાંખી રહ્યો હતો એ જ વખતે ધડાકો થયો. બહાવરો ત્વરિત બાંયમાં હાથ નાંખેલી હાલતમાં એમ જ ગંજી-પાયજામાભેર ઉતાવળા પગલે બહાર આવ્યો ત્યારે ચોગાનમાં ધમાલ મચી ગઈ હતી.

સપાટાભેર ઊભો થઈને છપ્પન ત્વરિતને ચેતવવા માટે ભોંયરા તરફ લપક્યો. એ તેની બીજી મોટી ભૂલ હતી. ચોગાનમાં ગન તાકીને ઊભેલા બીએસએફના જવાનને ખાતરી થઈ ગઈ કે એ આતંકવાદીઓનો મળતિયો જ હોવો જોઈએ. જો એ કોઈ યાત્રાળુ હોય તો પિસ્તોલના ધડાકા કરી રહેલા આદમીની જ દિશામાં ન જાયને?

અલાદાદે આંખના પલકારે ગોળી ચલાવીને પોતાના સાથીદારને ઢાળી દીધો એ જોઈને બીજો જવાન ઘડીક હતપ્રભ બની ગયો, પણ બીજી જ સેકન્ડે તેણે નિશાનની ચોક્સાઈ કર્યા વગર બે રાઉન્ડ ફાયર કરી દીધા. પહેલો ફાયર ભોંયરા તરફ ભાગી રહેલા છપ્પન ઉપર અને બીજો રાઉન્ડ છત્રી ભણી દોડી રહેલા અલાદાદ ઉપર.

અલાદાદે ય છપ્પનને જોયો હતો અને તેને તો ખબર જ હતી કે એ પોતાનો માણસ નથી. તેમ છતાં એ પોતાની તરફ આવ્યો એટલે તેણે છપ્પનને બીએસએફનો જવાન ગણી લીધો. મંદિરના ચોગાનમાંથી ફાયર કરી રહેલો (બીએસએફનો) આદમી તો નિશાન પર આવે તેમ ન હતો અને ઢૂવા ભણી ભાગવા માટે તેણે છત્રી ઓળંગવી જરૂરી હતી. આડશના અભાવમાં ઘડીક એ ખચકાયો. છપ્પન તેની બરાબર સીધમાં હતો અને જો એ ગન કાઢે તો...

ડઘાયેલા અલાદાદે છપ્પન પર નિશાન તાક્યું એ જ ઘડીએ ખુબરાની વીંઝોળાતી હવામાં સ્ટેનગનની ધણધણાટી ફરી વળી.

જે દિશાએથી ફાયરિંગ થતું હતું એથી તંગદિલીથી ફાટાફાટ થતા અલાદાદના ચહેરા પર નૂર આવ્યું. ઢૂવાનો ઢાળ ઊતરી રહેલા તેના સાથીદારો અલાદાદના બચાવમાં આવી રહ્યા હતા.

બીજો કોઈ સંજોગ હોત તો આતંકવાદીઓ એક સ્થાનિક મળતિયાને બચાવવા માટે આટલું મોટું જોખમ કદી ન ખેડે, પરંતુ પહેલો ફાયર થયો એ સાથે મંદિરથી એકાદ કિલોમીટર દૂર તેમણે મૂવમેન્ટ જોઈ લીધી હતી. દોડી રહેલા આદમીને ઝબ્બે કરવાનો આદેશ આપ્યા પછી ફક્ત કમ્યુનિકેશન ટીમને જ કેમ્પમાં રાખીને પરિહારનો આખો કાફલો મંદિર તરફ ધસી રહ્યો હતો. સ્ટ્રેટેજી કમાન્ડ કેમ્પમાંથી આવવાનો હતો અને રેગિસ્તાનમાં ઠેરઠેર દેહાલના સ્વાંગમાં ઊંટ મરડી રહેલા બીએસએફના ચુનંદા જવાનો મંદિરના ખુબરા તરફ ધસી રહ્યા હતા.

ખંધા પાકિસ્તાનીઓએ સ્થિતિ પારખી લીધી અને તરત અલાદાદ માટે કવર ફાયર ઓપન કરીને સ્ટેનગન ધણધણાવી દીધી.

સ્ટેનગનનો બ્લાઈન્ડ શાવર ફાયર ચાલુ થયો એ વખતે ત્વરિત અને છપ્પન બંને સામસામે આવી ચૂક્યા હતા, પણ કોણ ફાયરિંગ કરી રહ્યું છે, શા માટે ફાયરિંગ થઈ રહ્યું છે એ વિશે બંને અજાણ હતા.

ફાયરિંગને લીધે જમીનમાંથી મુરમના ગચ્ચા ફેંકાતા હતા અને બોદા અવાજ સાથે રેતીના ઢગલામાં પેસી જતી બુલેટના સનકારાથી વાતાવરણ ગાજી રહ્યું હતું.

'તારી ગન આપ...' છત્રીના ઓટલાને સમાંતરે જેમતેમ દોડીને ત્વરિતે છપ્પનને ઝકઝોર્યો. એકધારી ધણધણાટી વચ્ચે બેમાંથી કોઈને ઊંચું જોવાના ય હોશ ન હતા, 'તારી ગન આપ... હું આ લોકોને ખાળું છું...' છપ્પને લંબાવેલી ગન પર ઝાપટ મારીને ત્વરિતે કહ્યું, 'પગથિયાં ઊતરીને ડાબી તરફ પહેલી મૂર્તિ... સૌથી વધુ સાફ થયેલી એ એકમાત્ર મૂર્તિ છે... જા ભાગ જલ્દી...'

એ જ ઘડીએ છત્રી ઓળંગવા અલાદાદ સાવ નજીક પહોંચી રહ્યો. એ કોણ છે અને શા માટે ફાયરિંગ થઈ રહ્યું છે તેની ત્વરિતને ખબર ન હતી, પણ અલાદાદને મન તો એ બીએસએફનો જ માણસ હતો. તેણે ઓટલા પર છલાંગ મારતા પહેલાં ત્વરિત ભણી ગન તાકી એ જ વખતે ચોંકેલો ત્વરિત ઓટલાની ધાર પર એક પગ ટેકવીને જંગલી વરૂની માફક ઉછળ્યો હતો અને અલાદાદની ચૌડી છાતીમાં ચાંચવાળા દેહાતી જોડાંની ભીષણ લાત ઝીંકી દીધી હતી.

છાતીની બરાબર વચ્ચે અણધારી અને બળકટ લાતનો પ્રહાર ખાઈને અલાદાદ પાંચેક ફૂટ અધ્ધર ફંગોળાઈને ઊંધેકાંધ પટકાયો હતો.

અલાદાદને કોઈકે લાત ઠોકી દીધી એ ઢૂવા પર મોરચો માંડીને ઊભેલા આતંકવાદીઓએ પણ જોયું પરંતુ ઓટલાની આડશને લીધે તેમને ત્વરિતનું નિશાન લેવામાં ફાવટ આવે તેમ ન હતી.

હેબતાયેલો છપ્પન ત્વરિતના ઝનૂનને બહાવરી આંખે જોતો ભોંયરામાં ભાગ્યો એ જોઈને બીએસએફના જવાને એ દિશામાં ફાયર કર્યું. જવાબમાં ત્વરિતે ઓટલાની આડશમાંથી તેના પર ધડાધડ ચાર રાઉન્ડ ફાયર કરી દીધા. તદ્દન અજાણપણે, માત્ર આત્મરક્ષા માટે સહજતાથી થઈ ગયેલી ત્વરિતની એ ગંભીર ગલતી હતી. ધસમસતા વેગે ખુબરામાં પ્રવેશી રહેલા પરિહારે ય તેને જોઈ લીધો હતો. અલાદાદને તેણે લાત મારી હતી એ આતંકવાદીઓએ જોયું હતું એટલે તેમને મન એ બીએસએફનો આદમી હતો. બીએસએફના જવાનો પર તેણે ફાયર કર્યું હતું એટલે પરિહારે તેને આતંકવાદી ધારી લીધો હતો.

માઉથપીસ પરથી તેમણે ઓર્ડર કર્યો, 'કોર્ડન ઓલ ધ ટ્રીઓ...'

તેમની સાથેના છ જવાનો બબ્બેની ફાઈલમાં રક્ષણાત્મક મોરચો બનાવીને છત્રી તરફ ધસ્યા.

ચાર જણાએ મંદિરના ઊંચા ઓટલા પર પોઝિશન લીધી અને ખુદ વિશ્વનાથ પરિહારે બીએસએફની વિખ્યાત વિધ્વંસક બ્રાન્ડની સ્નાઈપર રાઈફલ વડે ઢૂવાઓ પરથી સ્ટેનગન ધણધણાવી રહેલા આતંકવાદીઓને તિતરબિતર કરવા માંડ્યા.

પટકાયેલા અલાદાદને પાંસળીમાંથી ભયાનક લવકારા ઉપડી રહ્યા હતા. અલમસ્ત પઠ્ઠા જેવા ત્વરિતે વેગપૂર્વક ઝીંકેલી લાતથી તેની છાતીનું પિંજરું હલબલી ગયું હતું અને તો ય પેઢીઓથી રેગિસ્તાનનું તમામ બંજરપણું લોહીમાં વહાવતી હબ્બાર નસ્લનો એ ખુર્રાંટ બાશિંદો સહેજ પડખું ફરીને ત્વરિત તરફ આડેધડ ગોળીઓ છોડી રહ્યો હતો. અલાદાદ એક ગોળી છોડે તેના જવાબમાં ચોગાનમાંથી આગળ વધી રહેલા બીએસએફના જવાનો ચચ્ચાર ગોળી વરસાવતા હતા.

- અને ડઘાયેલા ત્વરિતને કશી જ સમજ પડતી ન હતી. આ શાનું ધમાસાણ છે, કોણ છે આ લોકો, શા માટે બેય પાર્ટી તેના પર જ ફાયરિંગ કરી રહી છે એ કશું જ તેને સમજાતું ન હતું. તેણે પોતાની ગન કાઢી. ઓટલાની આડશમાં લપાઈને એક હાથ અલાદાદની દિશામાં અને બીજો હાથ બીએસએફના કાફલાની તરફ લંબાવીને ધડાકા કરવા માંડ્યા. તમામ અવઢવ વચ્ચે તેને ફક્ત એટલું સમજાતું હતું કે ભોંયરાની દિશામાં તેણે કોઈને આવવા દેવાના ન હતા.

ત્વરિતે છપ્પનને પરાણે ભોંયરામાં ધકેલ્યો પણ શાતિર છપ્પન આવી ભયાનક સ્થિતિમાં મૂર્તિ ચોરવી કે ન ચોરવી એ વિશે હજુ અવઢવમાં હતો. કોણ કોની સામે અને શા માટે ધડાકા કરે છે એ તેને ય સમજાતું ન હતું પણ આ હાલતમાં મૂર્તિ ઉઠાવ્યા પછી ભાગવું કઈ રીતે એ તે નક્કી નહોતો કરી શકતો. જો આજે તે મૂર્તિ ન ઊઠાવી શકે તો પછી કદાચ ક્યારેય આ તક ન મળી તો? દૂબળીનો, વામપંથી મૂર્તિનો ભેદ પણ વણઉકેલ્યો જ રહી ગયો તો?

‘જા ભાગ...’ કહીને ત્વરિતે તેને રીતસર હડદોલો માર્યો હતો અને પોતે બેય દિશામાં રીઢા નિશાનબાજની માફક બેખૌફપણે ફાયર કરવા લાગ્યો એ જોઈને છપ્પનની હામ બંધાઈ. આ સ્થિતિમાં ય ત્વરિત હિંમતભેર કામ લઈ રહ્યો છે તો મૂર્તિમાં ચોક્કસ કંઈક ભેદ હશે જ.

ખભા પર થેલો ભરાવી, આંખ મીંચીને તે ઢીંચણમાંથી ઝૂકેલી હાલતમાં દોડ્યો હતો અને સિફતપૂર્વક ભોંયરામાં લપક્યો હતો. ઉપર થઈ રહેલાં ધડાકા-ભડાકાની ગુંજ ભોંયરામાં પ્રવેશીને વધુ બિહામણી સંભળાતી હતી. ત્વરિતે સાફ કરેલી મૂર્તિ પળવારમાં ઓળખી શકાય તેમ હતી. જિંદગીમાં આટઆટલી મૂર્તિઓ તેણે ચોરી હતી પણ આવી હાલતમાં, આટલી ઉતાવળમાં મૂર્તિ ઉઠાવવાનો આ પહેલો અનુભવ હતો.

તેણે આંખ બંધ કરીને ઊંડો શ્વાસ લીધો. શરીરના એક-એક સેન્ટિમીટરમાંથી વછૂટતી ભય અને ઉશ્કેરાટની કંપારી વચ્ચે ય બંધ આંખોની ભીતર તેનો બાપ ગૂંગાસિંઘ મલકી રહ્યો હતો. તેણે આંખો ખોલી. શરીરને તંગ કર્યું અને થેલામાંથી લાકડાના જાડા પેચિયા અને હથોડી કાઢ્યાં. ફરીથી, મરીઝની નાડ તપાસતા તબીબની તલ્લીનતાથી મૂર્તિની દરેક ધાર પર આંગળા ફેરવવા માંડ્યા. તેના અનુભવી ટેરવાંએ બહુ ઝડપથી બે ખાંચા પસંદ કરી લીધા.

સદીઓ જૂની દીવાલો રેગિસ્તાનના ક્ષારને લીધે અંદરથી સાવ ખવાઈ ચૂકી હતી અને માત્ર પથ્થરની મજબૂતી સાથે જડાઈને મૂર્તિ ટકી રહી હતી. દરેક ખૂણે બે-ત્રણ ટકોરા મારીને તેણે પોલાણ પારખી લીધું. એ પોલાણ ફસકી ન પડે તેની કાળજી રાખવાની હતી. ઉપર હજુ ય દર અડધી મિનિટે ફાયરિંગના સુસવાટા ચાલુ હતા. કોઈક ધડબડ અવાજે દોડી રહ્યું હોય તેવું ય લાગતું હતું.

કાંપતા હાથ પર છપ્પને મહામુસીબતે કાબૂ મેળવીને પસંદ કરેલી ખાંચમાં પેચિયાની અણી

પેસાડી અને ધડાધડ હથોડી ઠોકવા માંડી. પેચિયાનું ત્રણેક ઈંચ લાંબું ફણું અંદર પેઠું એટલે તેણે લાપી-ચૂનાની લૂગદી ભરી લીધી. વિરુદ્ધ દિશાની બીજી ધાર પણ એ રીતે ખોતરી કાઢી. મૂર્તિના મસ્તકના ભાગે પોલાણમાંથી કાંકરી ખરવા લાગી હતી. તેણે ઉતાવળભેર થેલામાંથી રૂનો પેલ કાઢ્યો, એક બોટલમાં ભરેલા સિમેન્ટના જાડા રગડામાં રૂ પલાળીને ફસકી રહેલી ખાંચમાં ગોઠવ્યું અને તળિયે હથોડીના વધુ કેટલાંક ફટકા માર્યા એ સાથે ભખ્ખ્ અવાજ સાથે મૂર્તિ પથ્થરમાંથી ફસકી પડી.

એ જ ઘડીએ ઉપર ધડાકાના એકધારા ભીષણ અવાજ વચ્ચે કોઈકની કારમી ચીસ પડઘાઈ ઊઠી અને ભોંયરાનાં પગથિયાં પર કોઈક ઝીંકાયું હોય એવો અવાજ આવ્યો.

એ સાથે આખું શરીર આડું ધરીને મૂર્તિને ઝીલવા મથી રહેલો છપ્પન પગથી માથા સુધી થરથર કંપી ઊઠ્યો.

અલાદાદને કેમ ગેરસમજ થઈ?

અલાદાદ તો ઢૂવા ભણી ભાગવા માટે જ છત્રી તરફ દોડ્યો હતો, અને તેને આંતરવા માટે બીએસએફના જવાનો દોડે તે પણ સહજ હતું, પરંતુ એ જ વખતે છત્રીના ઓટલાને અઢેલીને દેહાતી પહેરવેશમાં બેઠેલો છપ્પન સફાળો ઊભો થયો એટલે અલાદાદે પોતાના ભણી દોડી રહેલા બે ભેગો આ ત્રીજો આદમી ય તેમની સાથેનો જ હોવાનું માની લીધું.

તો ય છપ્પન ગન ન કાઢે ત્યાં સુધી વાંધો આવે તેમ ન હતો, પણ અલાદાદે પહેલી ગોળી છોડી એથી છપ્પન હેબતાયો અને ત્વરિતને સતર્ક કરવા ભોંયરા ભણી દોડ્યો. એથી અલાદાદની ગેરસમજ મજબૂત બની. એક આદમીને ઢાળી દીધા પછી હવે પહેલું જોખમ તેને છપ્પન તરફથી જ હતું. છપ્પન તરફ ફાયર કરવાને બદલે તેને ગન બતાવીને છત્રી તરફથી નીકળી જવા એ ધસ્યો.

બરાબર એ જ વખતે ત્વરિત ભોંયરામાંથી બહાર નીકળ્યો. તેનો હુલિયો કોઈનું પણ ધ્યાન ખેંચે અને ધ્યાન ખેંચાયા પછી શંકા પ્રેરે એવો હતો. વિલિઝ જીપમાં આવેલા આદમી તરીકે અલાદાદ ત્વરિતને ઓળખી તો ગયો પણ એ સીધો છપ્પન તરફ દોડ્યો અને તેની ગન લીધી એટલે અલાદાદને ખાતરી થઈ ગઈ કે આ માણસ આપણો તો નથી જ, પણ બીએસએફે ગોઠવેલા છટકાનો જ હિસ્સો છે.

બીએસએફનો વ્યૂહ કેમ કાચો પડ્યો?

કમાન્ડન્ટ વિશ્વનાથ પરિહારે ગોઠવેલા બંને આદમી સાદાં અને સહજ કપડાંમાં હતા. સવારથી જ મંદિરમાં યાત્રાળુના સ્વાંગમાં ગોઠવાઈ ગયેલો આદમી દેહાતી પહેરવેશમાં હતો અને બાઈક લઈને આવેલો જવાન સાદા પેન્ટ-શર્ટમાં હતો. પરિહારે મંદિરના આ ખુબરામાં, ઊંટિયાલીમાં અને આસપાસના રેગિસ્તાનમાં ઊંટ કેળવી રહેલા દેહાતીઓના વેશમાં પોતાનો કાફલો ઘૂમતો રાખ્યો હતો.

નેટવર્કની મર્યાદાને લીધે કોઈ ગેરસમજ ઊભી ન થાય એ માટે તેમણે દરેકનાં વાયરલેસ કમ્યુનિકેશન કોમન ફ્રિક્વન્સી પર સેટ કર્યાં હતાં. ઢૂવાઓ પાછળ થતી હિલચાલ પારખીને તેમણે જીપીએસ ડિવાઈસમાં એ સ્થાન લોકેટ કરી લીધું હતું અને એક કાફલાને એ દિશામાં મોકલી દીધો હતો. એ જ વખતે અલાદાદ દોડ્યો. મંદિરના ચોગાનમાં ઊભેલા બંને જવાનો તેને ખાળવા ધસ્યા અને અલાદાદે કરેલા ફાયરમાં એક આદમી ઢળી પડ્યો. પરિહારનો આખોય પ્લાન ચોપટ થઈ જવાની એ શરૂઆત હતી.

ફાયરિંગના અવાજથી ચોંકેલા પાકિસ્તાનીઓએ પરિસ્થિતિની ગંભીરતા પારખી લીધી અને

ચોમેર બાયનોક્યુલર ઘુમાવી દીધું એટલે પોતે ઘેરાઈ રહ્યા છે તેનો અણસાર પણ તેમને આવી ગયો. જો તેમને ઘેરાવાનો ખ્યાલ ન આવ્યો હોત તો રેગિસ્તાનના ઉસૂલ મુજબ માલસામાન લાદીને તેમણે લાઈન ઓફ કન્ટ્રોલ ભણી પાછા જવાનો વિકલ્પ જ પસંદ કર્યો હોત અને તો તેઓ આસાનીથી પરિહારના કાફલાના હાથે મુઠભેડ વગર જ ફસાઈ ગયા હોત.

પરંતુ ઢૂવા તરફ આવી રહેલા ઊંટસવારોના કાફલાને ઓળખીને પાકિસ્તાનીઓ ગભરાવાને બદલે મરણિયા બન્યા. હવે મંદિરની ઉત્તરે રેગિસ્તાનનો લાંબો ચકરાવો મારે તો જ તેઓ સલામત ભાગી શકે તેમ હતા, પણ એ માટે ખુબરાના આ જંગમાં સરસાઈ મેળવવી જરૂરી હતી.

- અને સ્ટેનગન ધણધણાવીને તેમણે જંગમાં ઝુકાવી દીધું.

છપ્પન કેમ ઘડીક ખચકાયો?

ભોંયરામાં ગયેલો ત્વરિત બહાર આવીને ઈશારો કરે એટલે મૂર્તિ ઉઠાવી લેવા માટે છપ્પન તલપાપડ હતો. તેણે પોતાની બેગ પણ તૈયાર રાખી હતી. અચાનક અલાદાદને તેણે દોડતો જોયો, બે આદમીને અલાદાદ તરફ ધસતા જોયા એટલે છપ્પન વહેમાયો. તેની પ્રકૃતિમાં જ ચોર તરીકેની સતર્કતા વણાયેલી હતી. હવાની ગંધમાંથી ગરબડ પારખી લેતો છપ્પન સપાટાભેર ઊભો થયો. ત્વરિતને તેણે બોલાવી લેવો જોઈએ કે નહીં તેની કશ્મકશમાં હજુ એ કશા નિર્ણય પર આવે એ પહેલાં અલાદાદે પહેલી ગોળી ચલાવી દીધી હતી.

ફાયરિંગથી છપ્પન સખત હેબતાઈ ગયો હતો. તેનું દિલ કહેતું હતું કે, આવી તંગ હાલતમાં તેણે ચોરી કરવી જ ન જોઈએ. તદ્દન અજાણી, વેરાન અને વાત- વાતમાં બંદૂકના ધડાકા કરી નાંખતી ખૂંખાર જગ્યાએ કોઈકના ઝઘડાને લીધે પોતે ફસાઈ જાય એવું જોખમ ઉઠાવવાનો છપ્પનનો સ્વભાવ જ ન હતો. એ શાતિર ચોર જરૂર હતો પણ રીઢો, ખુર્રાંટ ગુંડો નહોતો.

શા માટે ત્વરિત બહાવરો બન્યો?

મૂર્તિ જોયા પછી ત્વરિતના દિમાગમાં હજારો વોલ્ટના કરન્ટ જેવી તીવ્ર ઝણઝણાટી ઉપડી આવી હતી. આંતરડામાં પરોવેલી ખોપરીની માળા, ખંડિત ચહેરાને વધુ બિહામણો બનાવતો ભયાવહ આકાર, જમણાં હાથમાં વાળ ઝાલીને પકડેલું અસુરનું રક્ત ટપકતું મસ્તક અને મૂર્તિની નીચે કોતરેલો શ્લોક... સદીઓથી હજારો યાત્રાળુઓએ આ મૂર્તિ જોઈ હતી, પરંતુ યાત્રાળુઓની શ્રદ્ધાસભર આંખો અને મૂર્તિવિધાનના અભ્યાસથી કેળવાયેલી ત્વરિતની દૃષ્ટિમાં તફાવત હતો.

કાલિકાની આવી મૂર્તિઓ તો દેશભરમાં ઠેરઠેર પથરાયેલી હતી અને અગાઉથી જ વામપંથી મૂર્તિઓ વિશે ત્વરિતને વહેમ ન ગયો હોત તો એ પણ સઘન ચકાસણી વગર આ મૂર્તિનું મહત્ત્વ પામી શક્યો ન હોત, પરંતુ છપ્પન પાસેથી મળેલા મૂર્તિઓના ફોટા અને ડિંડોરીના દેવાલયમાંથી ચોરેલી મૂર્તિ એ દરેકમાં સામ્ય હતું અને એ સામ્ય આ દરેક મૂર્તિઓ વામપંથી હોવાનું સૂચવતું હતું. એટલે ત્વરિતે સીધા એ દરેક માપદંડથી જ આ મૂર્તિને ચકાસવાનું શરૂ કર્યું.

ઢીંચણ પર ટેકવાયેલો મૂર્તિનો ડાબો હાથ કાંડામાંથી સહેજ ઊંચકાઈને નીચેની તરફ તર્જની સંકેત કરતો હતો. હણેલા અસુરની પીઠ પર કાલિકાએ આસન લીધું હતું અને એ અસુરનો ડાબો હાથ પણ કાંડામાંથી સહેજ વિરૂપ બનતો હતો. મૂર્તિના ડાબા ખભાથી છાતીમાં હૃદયના ભાગ સુધી કટાર જેવો કશોક આકાર કોતરાયેલો હતો.

આ દરેક ચિહ્નો તેમજ કદ-આકારની આ વિરૂપતા અકારણ, મૂર્તિકારની અણઆવડત કે

ભૂલથી થયેલી ન હોઈ શકે. આટલા સંકેતોમાં ઉમેરો કરતી હતી શ્લોકની છેલ્લી પંક્તિ...

સ્વરૂપમ્ ત્વદિયં ન વિન્દન્તિ દેવા...

1200 વર્ષ પહેલાં આદ્ય શંકરાચાર્યે રચેલ કાલિકાષ્ટકમ્નો એ મૂળ શ્લોક ચાર ચરણમાં જ હોવો જોઈએ. ભવાની-અષ્ટકમ્, દુર્ગાશતિ એવી શંકરાચાર્ય વિરચિત લગભગ દરેક સ્તુતિ એકસમાન છંદ અને ચાર ચરણમાં હતી. મૂળ કાલિકાષ્ટકમ્ પણ ચાર-ચાર ચરણના શ્લોકોનો સંપુટ હતો. તેમ છતાં અહીં સદીઓ જૂના પથ્થરની ખાંચમાં પાંચમી પંક્તિ ય કોતરાયેલી હતી... સ્વરૂપમ્ ત્વદિયં ન વિન્દન્તિ દેવા... હે દેવી, તમારું સ્વરૂપ પારખવું દેવો માટે ય દુષ્કર બની રહો...

ક્ષણભર ત્વરિત દિગ્મૂઢ બનીને જોતો રહ્યો હતો. તેના માનવામાં નહોતું આવતું કે કિંવદંતિ સમાન ગણાવા લાગેલી એક એવી મૂર્તિ સન્મુખ તે ઊભો હતો જે સેંકડો વર્ષોથી વિદ્વાનો, નિષ્ણાતોની બાજનજરથી દૂર રહી શકી હતી.

જેટલી પ્રાચીન, જર્જરિત એટલી જ બેનમૂન, દેખાવમાં જેટલી કુરુપ એટલી જ અપૂર્વ એવી આ મૂર્તિને નિહાળીને ત્વરિતના દિમાગમાં હજારો વોલ્ટના કરન્ટ જેવી તીવ્ર ઝણઝણાટી ઉપડી આવી હતી અને આવી કેટલીય મૂર્તિઓ પારખીને તેને ઉઠાવી રહેલા દૂબળીને ઓળખવા માટે તેના દિમાગમાં ધડાકા થઈ રહ્યા હતા.

કોઈ પણ ભોગે હવે તેણે દૂબળીને પકડવો જ રહ્યો અને દૂબળીની અસલિયત સુધી પહોંચવા માટે આ મૂર્તિ પર તેનો કબજો હોવો જ રહ્યો. ઘાંઘી હાલતમાં એ ભોંયરાની બહાર નીકળ્યો ત્યારે ખુબરાના ચોગાનમાં અસલી ધડાકા શરૂ થઈ ગયા હતા. તેને પહેલો વિચાર છપ્પનની સલામતીનો આવ્યો પણ છપ્પન તેને સામે જ ભટકાયો.

હવે શા માટે ચોરી ન કરવી જોઈએ એ વિશે પોતાનો તર્ક છપ્પન હજુ ત્વરિતને સમજાવે એ પહેલાં તો સ્ટેનગનની ધણધણાટી ચાલુ થઈ ગઈ હતી અને અલાદાદ તેમના તરફ ધસ્યો હતો. એ વખતે જો છપ્પન અને ત્વરિત ત્યાંથી ખસીને ભોંયરાની ઊંધી દિશા (બીએસએફના આદમીઓ) તરફ ભાગ્યા હોત તો ય ગેરસમજની આ હારમાળા ત્યાં જ અટકી ગઈ હોત, પરંતુ અલાદાદને મન આ લોકો બીએસએફના આદમી જ હતા અને ઢૂવા તરફ તેણે છટકવું હોય તો આ બંનેને માત કરવા તેના માટે જરૂરી હતા. એટલે પોઈન્ટ બ્લેન્ક ફાયર કરવાની કોશિશમાં એ સીધો ત્વરિત તરફ ધસ્યો.

આંખ સામે વેંતછેટું મોત ભાળીને ત્વરિત ઘાંઘો થયો. છપ્પનને પરાણે ભોંયરા ભણી ધકેલીને તેણે અલાદાદને લાત ફટકારી દીધી.

શું બીએસએફ કે શું આતંકવાદી, શું અલાદાદ કે શું છપ્પન-ત્વરિત... પોતપોતાના કામમાં માહેર ગણાતા એ કોઈની કોઈ ગણતરી કે હોશિયારી હવે કામ લાગવાની ન હતી. એ બધા જ હવે તકદીરના હાથે મુકાતાં-પટકાતાં પ્યાદાં હતાં. રેગિસ્તાનની બંબોળ હવામાં નિયતિનો ચક્રાવાત ઊઠ્યો હતો અને ભોંયરામાં સદીઓથી પથ્થર સાથે જડાયેલી રહેલી મૂર્તિ હવે છપ્પનની છાતી પર ફસકાઈને જાણે અટ્ટહાસ્ય કરી રહી હતી...

સ્વરૂપમ્ ત્વદિયં ન વિન્દન્તિ દેવા...

*** *** ***

છત્રીના ઓટલા પર એક પગ ટેકવીને બીજા પગે ત્વરિતે ઝીંકેલી બળકટ લાતનો કારમો પ્રહાર ખાધા પછી અલાદાદના ગળામાંથી ઘડીક અવાજ સુધ્ધાં નીકળી શક્યો ન હતો.

પાંસળીમાંથી લવકારા નીકળી રહ્યા હતા અને મોંમાંથી લાળ પડવા લાગી હતી. બીજો કોઈ

આદમી હોત તો ત્વરિતની આવી વજનદાર લાત ખાધા પછી ઘડીભર ઊભો ન થઈ શક્યો હોત, પણ આ અલાદાદ હતો. પારાવાર પીડા અને મોંમાંથી સરી રહેલા કણસાટ વચ્ચે ય તેણે તાયફો માપી લીધો હતો.

પાંસળીના તીવ્ર દર્દથી કણસતા અલાદાદે મહામુસીબતે પડખું ફેરવ્યું. છાતીના હાડકામાં કાટ ખાઈ ગયેલા નકુચામાંથી નીકળતા આગળિયા જેવી કિચુડાટી થતી હતી અને તેના મોંમાંથી પારાવાર દર્દની ટીસ ઊઠી જતી હતી. ભૂરાયા થયેલા અલાદાદે લેટેલી હાલતમાં જ ત્વરિતની દિશાએ ગોળી ચલાવી દીધી.

જવાબમાં બહાવરા બનેલા ત્વરિતે ય કશું પણ સમજ્યા વિના ફક્ત સ્વબચાવમાં ગન ફૂંકી નાંખી.

ત્વરિતની મુશ્કેલી એ હતી કે ઓટલાની આડશને લીધે તે સ્ટેનગનની રેન્જથી બચી શકતો હતો, પરંતુ એમ કરવા જતાં અલાદાદ અને ચોકમાંથી ફાયરિંગ કરી રહેલો આદમી એ બંનેનું નિશાન બની જતો હતો. બેય મોરચા સંભાળી શકાય એ માટે છલાંગ મારીને ઓટલાના ખૂણે તે લપાયો, પરંતુ તેને લીધે બીએસએફના આદમીને અલાદાદ ભળાતો બંધ થઈ ગયો હતો એટલે ત્વરિત એ દિશામાં ય ગોળી ચલાવે છે તેનો પણ ખ્યાલ આવતો ન હતો.

પડ્યા પડ્યા અલાદાદે બૌછાર વરસાવી એટલે ત્વરિતે ચોગાન તરફની ખૂણાની ધાર પાસે લપાઈ જવું પડ્યું

અને કોઈ આડશ વગર ખુબરાના વચ્ચેના સમથળ ચોગાન પર ઊભેલો બીએસએફનો આદમી ય જમીન પર સપડાક લેટી ગયો. ખંધા અલાદાદે બરાબર દાવ ખેલ્યો હતો. બંને પિસ્તોલને ઘડીભર મૂંગી કરી દીધા પછી એ ફાયરિંગ કરતો છત્રી ઓળંગીને ઢૂવા ભણી દોટ મૂકી શકે તેમ હતો.

- અને હવે તેની પિસ્તોલના મેગેઝિનમાં માંડ એકાદ રાઉન્ડ બચ્યો હતો.

ત્વરિત બંને દિશાએ ફાયરિંગ કરી રહ્યો હતો.

દર્દ પર કાબૂ મેળવીને અલાદાદ ફરીથી ઊભો થઈ ભાગવા મથતો હતો.

બરાબર એ જ વખતે મંદિરના પાછળના સાંકડા, ટૂંકા ઢૂવાઓની ધાર પરથી કમાન્ડન્ટ વિશ્વનાથ પરિહારના ઊંટસવારો કારમી કિલકારી કરતા ખુબરાનો ઢાળ ઊતર્યા હતા. ખુદ પરિહારે લાંબા સમય પછી સ્નાઈપર રાઈફલ ચલાવીને દૂરના ઢૂવાઓ પરથી સ્ટેનગનનું ટ્રિગર એકધારું દબાવી રહેલા પાકિસ્તાનીઓને તિતરબિતર કરી દીધા હતા.

મંદિરના ઓટલે ચડેલા બીએસએફના જવાનોએ યાત્રાળુઓને અંદર ધકેલીને પોઝિશન લઈ લીધી હતી. અચાનક બદલાયેલા માહોલથી હેબતાયેલી ફાતિમા અને ચંદા એકમેકની કોટે વળગીને ઓરતોના જમેલા ભેગી પરાણે ગળામાં ચીસો અટકાવી રહી હતી.

હવે ત્વરિત માટે મુશ્કેલી સર્જાઈ હતી. એ જો ઓટલાના ખૂણે ઊભો રહે તો બીએસએફની ગોળીઓનો શિકાર બને. રેતના વંટોળ, સુક્કી હવામાં ખુબરાની ક્ષાર ઓકતી જમીન પર પછડાતો નમતી બપોરનો મારકણો તડકો અને એક પછી એક છૂટતી ગોળીઓની બૌછાર વચ્ચે ત્વરિત મંદિરની દિશામાં નજર સુધ્ધાં માંડી શકે તેમ ન હતો.

જો તેણે નજર માંડી હોત તો બીએસએફનો ગણવેશ તે પારખી શક્યો હોત અને તો એ દિશાએ ભાગવામાં જ તેને નૈસર્ગિક સલામતી જણાઈ હોત.

પરંતુ તે ઓટલાના ખૂણેથી સરકીને ભોંયરાના પ્રવેશ ભણી ભાગ્યો. તેનો એ નિર્ણય ખોટો હતો

છતાં માનવસહજ હતો. બીએસએફની અંધાધૂંધ ધણધણાટીને લીધે સ્ટેનગન ચૂપ થઈ ગઈ હતી એટલે ત્વરિતને જીવની સલામતી સૌ પહેલાં એ દિશામાં જ વર્તાય. વળી, છપ્પન પણ અહીંથી જ બહાર આવવાનો હતો.

ત્વરિતને આ તરફ લપકતો જોઈને અલાદાદ વધારે ઘાંઘો બન્યો. હવે તેને સ્ટેનગનનું રક્ષણ મળતું ન હતું અને તેની પોતાની પિસ્તોલમાં મેગેઝિન ખાલી થવા આવ્યું હતું. એટલે રઘવાયા બનેલા અલાદાદે તમામ જોખમને કે પાંસળીના દર્દને ગણકાર્યા વગર જ કમરમાંથી ઝૂકેલી હાલતમાં ત્રાંસી દોટ મૂકી.

રેતીના પોચા, સરકતા ઢગલા પર દબાતા પગલે વેગપૂર્વક કેમ દોડવું એ રેગિસ્તાનના કાચિંડા જેવા અલાદાદે ગળથૂથીમાં જ શીખી લીધું હતું. ત્વરિતની આંખ ફરી એ પહેલાં તેની છાતી સામે પહાડ જેવો અલાદાદ ઝળુંબી રહ્યો હતો અને શરીરમાંથી ઊઠતી એકેય સહજ પ્રતિક્રિયા ત્વરિત દાખવી શકે એ પહેલાં તો ગોફણ વીંઝતો હોય એવી તાકાતથી જમણો હાથ છેક પીઠ પાછળ ખેંચીને અલાદાદે ચાબૂકની જેમ પિસ્તોલનો કુંદો ત્વરિતના જડબામાં ઠોક્યો હતો.

અણધાર્યા, વેગીલા અને તાકાતવાન પ્રહારને લીધે ત્વરિતના ગળામાંથી દર્દની ચીસ નીકળે એ પહેલાં મોંમાંથી લોહીનો ઘળકો નીકળી ગયો.

એ ઢીંચણભેર ફસકાઈ પડ્યો. જડબાના લવકારા, મોંમાંથી વછૂટતી લોહીની ધાર, થરથર કાંપતું શરીર, ભય-આઘાત અને પીડાને લીધે પેટમાં વળ ખાઈ રહેલા આંતરડા અને કારમા દર્દને લીધે મીંચાઈ રહેલી આંખો વચ્ચેથી તેણે અલાદાદને છલાંગભેર ઓટલા પર ચડતા જોયો.

ત્વરિત હજુ બીજું કંઈ સમજે, વિચારે એ પહેલાં જ તેના માથા પરથી સુપરસોનિક વિમાનની ચિચિયારી જેવી સનસનાટી સેકન્ડના દસમા ભાગમાં પસાર થઈ ગઈ અને તેનાથી પંદર ફૂટ આગળ ઓટલા પર ચડીને કૂવા ભણી કૂદવા જતો અલાદાદ કારમી ચીસ નાંખીને નીચે પગથિયાં પર ઝીંકાયો.

ચોંકાવી દેતા સનકારાથી ત્વરિત હોશમાં આવ્યો. તેની પીઠ પાછળથી ગોળીઓ છૂટી રહી હતી. ઓટલા પરથી કૂદવા જતો અલાદાદ વીંધાઈ ગયો હતો મતલબ કે તે પોતે પણ આસાન રેન્જમાં હતો. પોતે કેવી કફોડી હાલતમાં મુકાયો છે તેનો તેને ખ્યાલ આવ્યો એ સાથે હતી એટલી તાકાત એકઠી કરીને તેણે ભોંય પર પડતું મૂક્યું અને જમીન પર ઢસડાઈને ઓટલાની પાછળ લપક્યો.

ગોળીઓની ધડાધડી સામે ઓટલાની આડશને લીધે હવે તે કામચલાઉ સલામત હતો. ગંજી ઊંચું કરીને તેણે લોહી ઓકતા મોં પર ફેરવ્યું. અલાદાદે કરેલા બળુકા પ્રહારને લીધે તેના ડાબા જડબાના પેઢા હચમચી ગયા હતા, ગાલ પર મોટો ચીરો પડી ગયો હતો અને આગળના દાંત વચ્ચે આવી જવાથી જીભ કચરાઈ ગઈ હતી.

અસહ્ય દર્દને લીધે તેની આંખોમાંથી પાણી ઝમી રહ્યું હતું. ભય, ઉશ્કેરાટ અને થડકાટને લીધે શરીરની નસોમાં લોહીનું દબાણ ફાટાફાટ થવા માંડ્યું હતું. ગંદા થયેલા ગંજીને ઉલટાવીને તેણે આંખો લૂછી સહેજ ગરદન ઊંચકી ત્યારે આ છેલ્લી અડધી કલાકમાં પહેલી વાર જરાક હાશકારો થઈ આવ્યો.

ફાયરિંગનો અવાજ, કોઈકના પડવાનો અવાજ અને કારમી ચીસથી ડઘાયેલો છપ્પન અધૂકડો બેસીને છાતીસરસી મૂર્તિ ચાંપીને બહાર આવી રહ્યો હતો.

છપ્પને ત્વરિતને જોયો. છેક છાતી ઉપર ચડેલું ગંજી, જમીન પર ક્રાઉલિંગ કરીને ધૂળથી ખરડાયેલો પાયજામો, લોહી નીંગળતો ચહેરો, ખભા પર લટકતી રાઈફલ અને બેય હાથમાં

તાકેલી પિસ્તોલ...

દેખાડવાની અને બતાડવાની બેય ગન આજે તેણે રાખી જાણી હતી.

'મૂર્તિ સલામત છે ને?' આંખો ફાડીને જોઈ રહેલો છપ્પન ત્વરિતના સવાલથી વધુ ડઘાયો, સાલાને કંઈ ઝોડ વળગ્યું છે કે શું? આ હાલતમાં ય પોતાની સલામતી કરતાં તેને મૂર્તિની સલામતી સૂઝે છે?

'આ કોણ આપણા પર ગોળીઓ છોડે છે...?' છપ્પનનું વાક્ય પૂરું થાય એ પહેલાં તેની પીઠ પાછળ તાકી રહેલા ત્વરિતના ચહેરા પર કાળીચૌદશની મધરાતે ક્યાંક અગોચર જગ્યાએ જાણે ચળિતર જોઈ લીધું હોય તેવા બિહામણા ભાવ અંકાયા. છપ્પન કશું સમજે એ પહેલાં ઝાટકો મારીને તેણે મૂર્તિ પોતાની પાસે ખેંચી લીધી, બીજા હાથે કચકચાવીને છપ્પનનું બાવડું ઝાલીને તેને નીચો પાડી દીધો અને તેના ગળામાંથી ચીસ ફાટી ગઈ,

'છપ્પનિયા ભાઆઆઆઆગ...'

- એ વખતે જાણે હુણનાં બર્બર, હિંસક ધાડાં ધસી આવ્યાં હોય તેમ રેગિસ્તાનના આ સપાટ ખુબરાની બંને તરફ કારમી કિલકારી ફરી વળી હતી. ઘડીક શાંત પડેલી બંદૂકો ફરીથી ગરજવા માંડી હતી, મંદિરમાં જાણે આરતી થતી હોય તેમ અચાનક જોરજોરથી અનિયમિત પણ અસ્ખલિત ઘંટારવ ચાલુ થઈ ગયો હતો અને શરીર સાથે મૂર્તિને ચાંપવા જતા ત્વરિતને અટ્ટહાસ્ય કરી રહેલી મૂર્તિ જાણે બોલી રહી હોય તેમ લાગતું હતું, સ્વરૂપમ્ ત્વદિયં ન વિન્દન્તિ દેવા...

*** *** ***

ભોંયરામાંથી બહાર નીકળી રહેલો છપ્પન બેહદ હેબતાયેલો હતો. ત્વરિતે તેને ભોંયરામાં ધકેલ્યો અને મૂર્તિ ઉઠાવીને તે બહાર નીકળ્યો એટલી વારમાં આટલું બધું શું થઈ ગયું? કોણ આવી બેરહેમીથી તેમના પર ફાયર કરી રહ્યું હતું? સૌથી પહેલી ગન ચલાવનાર આદમી તરીકે તે અલાદાદની લાશને તો ઓળખી ગયો પણ એ કોણ હતો? કોણે તેને ઢાળી દીધો? ક્યાંક ત્વરિતના હાથે જ તો...

કાચી સેકન્ડમાં છપ્પનના મગજમાં સવાલોનો ઝંઝાવાત ફૂંકાઈ ગયો. એ ત્વરિત તરફ આગળ વધ્યો અને હજુ તેને પહેલો સવાલ પૂછે એ પહેલાં તો ત્વરિતની ભયાર્ત આંખો છપ્પનની પીઠ પછવાડેનું દૃશ્ય નિહાળીને ફાટી રહી.

'છપ્પનિયા ભાઆઆઆગ...' ત્વરિતે ઝાટકા સાથે તેના હાથમાંથી મૂર્તિ ઝૂંટવી લીધી અને તેને નીચે પાડી દીધો એ ઘડીએ ડઘાયેલા છપ્પનનું હૈયું ધબકારા ચૂકી ગયું હતું. ભયથી છળી ઊઠેલી આંખે તેણે જરાક ગરદન ઘુમાવીને પાછળ જોયું.

ઢૂવાઓની નર્મ, ગુદાજ, સરકતી બિછાત પર લાંઘ પછાડતા ઊંટોનો કાફલો બિહામણા ગાંગરાટા નાંખતો સપાટાભેર નીચે ઊતરી રહ્યો હતો. માતેલા અસવારોની હિંસક ચિચિયારી, દરેક દિશાએથી બેફામપણે ગરજી રહેલી બંદૂકો, દૂર મંદિરની ઊંચી પરસાળમાંથી ફેંકાતો ઘંટારવનો કારમો અવાજ અને ખુબરાના મેદાનમાં ઊતરીને છત્રી તરફ છપ્પન અને ત્વરિતની દિશાએ દોડી રહેલા દસ- બાર આદમીઓએ આદરેલી સ્ટેનગનની ધણધણાટી...

ઘાંઘા થયેલા છપ્પનના હોશ ઊડી ગયા.

*** *** ***

ભાગવા જતા અલાદાદને સ્નાઈપરના આબાદ નિશાન વડે પરિહારે ઢાળી દીધો હતો, પણ હજુ બીજો આદમી (ત્વરિત) ઓટલાની આડશમાં લપાઈ ગયો હતો.

તેમણે મંદિર આસપાસ ઊભેલા તમામ જવાનોને ઓટલા તરફ આગળ ધપવા ઈશારો કર્યો અને પોતેય દાંત ભીંસીને દોટ મૂકી. લોહીનું એક ટીપું ય ન વહે એવા ચુસ્ત આયોજન સામે અત્યાર સુધીમાં બે લાશો ઢળી ચૂકી હતી. તેમાં એક આદમી પોતાનો ય હતો તેનું ખુન્નસ પરિહારના મગજ પર સવાર થઈ ગયું હતું.


તેમણે અલાદાદ પર ગોળી છોડી એ જ વખતે મંદિરમાં અચાનક બિહામણો ઘંટારવ ચાલુ થઈ ગયો હતો એથી ચોંકેલા પરિહારે એ દિશામાં જોયું, પરંતુ બીજા આદમી (ત્વરિત)ને અને ઢુવા પરથી ઊતરતા કાફલાને નિશાન બનાવવા માટે તેઓ હવે મંદિર ભણી તાકી શકે તેમ ન હતા.

અચાનક શરૂ થયેલા ફાયરિંગને લીધે ગભરાઈને છેક મંદિરના નૃત્યમંડપ અને ગર્ભદ્વાર સુધી લપાઈ ગયેલા યાત્રાળુઓએ આપત્તિમાંથી બચવા માટે ઘંટારવ ચાલુ કરી દીધો હશે તેમ પરિહારને લાગ્યું. પરિહારે ઘડીક તો એ અવાજ પ્રત્યે બેપરવાઈ દાખવીને નિશાન તાકવાનું જારી રાખ્યું, પરંતુ બંદૂકના ધડાકા, નજીક આવતાં જતાં ટાર્ગેટ અને ક્ષણે-ક્ષણે વધુ ને વધુ કસાઈ રહેલા સકંજાના અત્યંત તંગ માહોલમાં આ ઘંટારવ તેમને બેહદ બિહામણો અને ડરામણો લાગતો હતો.

'અરે, કોઈ રોકો ઉનકો યાર...' તંગદિલી, ઉશ્કેરાટ અને ગુસ્સાથી ફાટાફાટ થતા પરિહારે મંદિરની દિશામાં જ એકાદ ફાયર કરી દેવાની તલબ પર કાબૂ મેળવીને પાછળ આવતા જવાનને કહ્યું.

*** *** ***

ઢૂવા પાછળ લપાયેલા પાકિસ્તાનીઓએ પોતાની દિશામાં ઊંટસવારોનો કાફલો આવતો જોયો એ સાથે જ તેમના ગાત્રો ગળવાં લાગ્યાં. પારોઠનાં પગલાં ભરવાનું હવે શક્ય ન હતું. હવે ખુબરાને વટીને મંદિરની ઉત્તરે રેગિસ્તાનમાં લપકવું એ એકમાત્ર વિકલ્પ બચતો હતો, પણ એ રસ્તે ય ઘેરાવ નહીં હોય તેની શું ખાતરી? ઉસ્માનઅલીના ચહેરા પર તીવ્ર તંગદિલી પથરાઈ ગઈ.



સિંધના રણની સામે પાર હૈદરકોટનો રહેવાસી ઉસ્માનઅલી દોઢ દાયકાથી આઈએસઆઈ માટે કામ કરતો હતો. રેગિસ્તાનના ભોમિયા તરીકેની તેની સાખ હતી અને નેટવર્ક એવું જોરદાર કે ઘરનો ઉંબરો વટતો હોય એવી સહજતાથી સરહદ ઓળંગીને છેક બિકાનેર, બાડમેર, જેસલમેર સુધી ફરી આવે.

રૂપિયા વેરીને સીમાસુરક્ષામાં છીંડાં પાડવામાં માહેર ઉસ્માનનો માલ કદી ન પકડાય એવી શેખી પર તેનો આખો કબીલો મૂછે લીંબુ લટકાવીને ફરતો. આજે પહેલી વાર એ ઉસ્માનને પતલી ગલી શોધવાનો વારો આવ્યો હતો.

પાછળથી દસેક ઊંટસવારો તેમના તરફ આવી રહ્યા હતા. ખુબરા તરફ ગોળીઓ છૂટતી હતી. અલાદાદ વીંધાઈ ગયો હતો એ તેમણે બાયનોક્યુલરમાં પારખી લીધું હતું, પણ એ ગોળી મંદિર તરફથી છૂટી હતી કે અલાદાદની બરાબર પાછળ ઊભેલા આદમીએ (ત્વરિતે) છોડી હતી તે સમજી શકાય તેમ ન હતું. રેગિસ્તાનના એક-એક કણને લોહીમાં વણી ચૂકેલો ઉસ્માન રેતીને બાથ ભરતો હોય તેમ બેય હાથ પસારીને નીચે લેટી ગયો. કટોકટીની ઘડીએ શું કરવું તેનાથી બરાબર ટેવાયેલા તેના સાથીઓએ જરાક પણ ઘાંઘા થયા વગર ગન સાબદી કરી નાંખી અને પોતપોતાની કિટમાં પાણીની બોટલ, ડ્રાયફ્રૂટ્સનાં પેકેટ, એમ્યુનિશન, હેન્ડગ્રેનેડ્સ વગેરે બારૂદ વહેંચી લીધો. હવે સૌનું ધ્યાન રેતીમાં અડધું માથું ખોસીને લેટેલા ઉસ્માનઅલી પર હતું.

રણમાં થઈ રહેલા હવામાનના પલટાને કે દૂર ક્યાંક થઈ રહેલી હલચલને પારખવાનો રેગિસ્તાની નસ્લનો આ પરંપરાગત કીમિયો હતો. પવનની લહેરખીને લીધે એકસરખી ભાત ઉપસાવતા રેતીના અડાબીડ ઢગલાઓ પર પગેરાં પારખવા, ઢૂવાઓ પરથી સરકતી રેતીની ધ્રુજારી નીરખીને આવી રહેલા વંટોળ કે ઝંઝાવાતની રૂખ પારખવી વગેરે આવડત વાંચીને, વર્ણવીને સમજી ન શકાય. એ માટે સદીઓથી રેગિસ્તાનને બાથ ભરીને વસતા કબીલામાં જન્મ

લેવો પડે. ઉસ્માન તેમાં ઉસ્તાદ હતો.

જેટલી ચૂપકીદીથી રેત વચ્ચે તેણે માથું ખોસ્યું હતું એટલી જ ત્વરાથી એ ઊભો થયો. માથું ધૂણાવીને વાળ, મોં, કાનમાં પથરાયેલી રેતી ખંખેરી ચહેરા પર ગમછો ઝાટક્યો.

ઉસ્માને ફટાફટ પરિસ્થિતિનું આકલન કરી લીધું હતું. પાછળ ઢૂવાઓ વટીને દસ-બાર જેટલા ઊંટસવારો આવી રહ્યા હોવાનું તેનું અનુમાન હતું. ખુબરાના ચોગાનમાં ય પંદર-વીસ જવાનો ગન ચલાવી રહ્યા હતા. પોતે બહુ જ બૂરી રીતે ઘેરાઈ રહ્યા હતા અને હવે ખુબરો ઓળંગીને ડાબી દિશાએ રેગિસ્તાનનો લાંબો ચકરાવો મારવાનો એકમાત્ર વિકલ્પ બચતો હતો.

'ચારો તરફ પ્યાજ બિખેર દો...' સ્વસ્થતાપૂર્વક તેણે પહેલો ઓર્ડર છોડ્યો.

પાછળ આવી રહેલા ઊંટસવારોને કેમ રોકવા એ ઉસ્માનને શીખવવુ પડે તેમ ન હતું. તેણે ફટાફટ પોતાનો રક્સેક ચેક કરીને ખભા પાછળ ભેરવ્યો. એક હાથમાં લાઈટ મશીનગન ઉઠાવી અને બીજા હાથે છાતી ફરતા કારતૂસના હારડા પાથર્યા. તેના સાથીદારોએ ઢૂવાના ઢાળમાં ચારે તરફ બોમ્બ ફેંકી દીધા. બે કન્સાઈન્મેન્ટ અડધે સુધી નીચે ઊતરી ચૂક્યાં હતાં. એટલે બાકીનો સામાન ઉઠાવીને નીચે ઊતરવાનું ખાસ મુશ્કેલ ન હતું.

ઉસ્માને એક પણ શબ્દ બોલ્યા વગર સાથીદારો સાથે ફક્ત આંખ વડે જ સંતલસ કરી લીધી. એ કુલ આઠ જણા હતા. છ જણાં કન્સાઈન્મેન્ટ લઈને નીચે ઊતર્યા હતા અને બંદૂકના ધડાકા શરૂ થવાથી ત્યાં જ લપાઈ ગયા હતા. ચૌદના આ કાફલાને હવે હેમખેમ પાર ઉતારવાની કપરી જવાબદારી ઉસ્માન પર હતી. તેની ઘેરી, પાણીદાર આંખોમાં ખુન્નસની ટશર ફૂટી નીકળી હતી.

'ટ્રિગર દબાતે રહો, મંઝિલ કરિબ આતી રહેગી..'

એકમેકને કવર ફાયર મળી રહે એ રીતે ત્રણ દિશામાં બે-બે આદમીની હાર બનાવીને તે નીચે ઊતર્યો એ જ ઘડીએ તેમની પાછળ આવતા ઊંટસવારોએ, સામે મંદિરના ચોગાનમાંથી સ્નાઈપર રાઈફલે તેમનું સ્વાગત કરી લીધું. જવાબમાં સહેજપણ ઘાંઘા થયા વગર ઉસ્માનના આદમીઓએ પણ ગન ધણધણાવી નાંખી.

તેમને બરાબર ખબર હતી, પાછળ આવતા ઊંટસવારો તરફથી હવે ફક્ત પાંચ જ મિનિટ સુધી જોખમ હતું. એ દિશાએ તેમણે ઉલાળેલા પંદરેક બોમ્બ પાંચ જ મિનિટ પછી ફાટવાના હતા.

*** *** ***

ત્વરિત અને છપ્પને એકમેકનો હાથ ઝાલીને જમીન પર પડતું તો મૂક્યું પણ કઈ દિશાએ જવું અને ક્યાં આડશ શોધવી તેની તેમને ગતાગમ પડતી ન હતી. મંદિર તરફથી બેફામ ફાયરિંગ થતું હતું ત્યારે ઓટલાની આડશ મળી રહેતી હતી, પરંતુ હવે સામેના ઢૂવાઓ પરથી ઊતરતા આદમીઓએ પણ તેમની દિશામાં ફાયરિંગ ધણધણાવ્યું હતું.

નમતી બપોરનો સૂરજ હવે મંદિરની દિશાએ ધીમે ધીમે ખસતો અસ્તાચળ ભણી જઈ રહ્યો હતો. તડકાની પછડાટમાં ખુબરાની ક્ષાર ઓકતી જમીનની સફેદી પર ઠેરઠેર ઝાંઝવાંનો આભાસ દૃષ્ટિભ્રમ રચવા લાગ્યો હતો. આંખ આડે હાથનું નેજવું કરીને ત્વરિતે પોતે પાર્ક કરેલી વિલિઝની દિશામાં જોયું. એ દિશાએથી પણ (બીએસએફના) ચાર આદમી લપાતા કદમે આગળ વધતા હતા. તેણે વગર બોલ્યે છપ્પનની સામે જોયું. છપ્પને પણ દરેક દિશાએ નજર ઘુમાવીને અંતરનો ક્યાસ કાઢ્યો.

છત્રીના ઓટલાથી લગભગ પચાસેક મીટર દૂર વિલિઝ જીપ પાર્ક થયેલી હતી. પીઠ પાછળ અને મંદિર તરફથી થતું ફાયરિંગ ધુંઆધાર હતું. એ સંજોગોમાં જીપની દિશામાંથી આવી રહેલા

ત્રણ આદમીઓને ખાળવા એ એકમાત્ર અને પ્રમાણમાં ઓછો જોખમી વિકલ્પ બચતો હતો. વધુ વિચારવાનો સમય ન હતો. પાછળથી ઢાળ ઉતરી રહેલા આદમીઓ (પાકિસ્તાનીઓ) સાવ લગોલગ આવી રહ્યા હતા અને સતત ગરજી રહેલી તેમની બંદૂકો એક ઇંચ પણ માથું ઊંચકવા દેતી ન હતી.

વગર બોલ્યે તેણે હકારમાં ડોકું ધુણાવ્યું એટલે ત્વરિતે લેટેલી હાલતમાં જ લોહીથી ખરડાયેલુ ગંજી ઉતાર્યું. તેના જડબામાં તીવ્ર પીડા થઈ રહી હતી અને મોંમાંથી હજુય લોહીના કોગળા વછૂટતા હતા. છપ્પન તાજુબીભેર તેને જોઈ રહ્યો. ગંજી ઉતારીને તેણે વચ્ચેથી ફાડ્યું, મૂર્તિ સંભાળપૂર્વક નેફામાં ખોસી અને બેલ્ટ બાંધતો હોય તેમ ફાડેલું ગંજી વીંટીને તેણે મૂર્તિને છાતી સાથે મુશ્કેટાટ બાંધી લીધી. હજુ ય મૂર્તિ ભણી નિહાળતી તેની આંખોમાં વિસ્ફાર અને મૂર્તિને સ્પર્શતા તેના હાથમાં વછૂટતી ધ્રુજારી છપ્પન પારખી શકતો હતો.

છપ્પને ગનનું મેગેઝિન ચેક કરી લીધું. ગન ચલાવવાના વિચારમાત્રથી તેને કમકમાં છૂટી જતાં હતાં અને એવી હાલત કદી ન આવે એવી તે કાયમ મનોમન પ્રાર્થના કરતો હતો, પરંતુ આજે કોણ કોના પર અને શા માટે ગોળી ચલાવે છે તેના કોઈ અંદાજ વગરના આ આંધળા કમઠાણમાં તે બહુ ખરાબ રીતે ફસાઈ ગયો હતો, જ્યાં બંદૂક ચલાવ્યા વગર હવે આરો જ ન હતો.

ત્વરિતે મૂર્તિ કસોકસ બાંધી એ સાથે છપ્પને પોતાનો હોલ્ડોલ ઉઠાવ્યો અને વિલિઝ જીપ પાછળ લપાવા જતા ત્રણેય આદમીઓ પર ધડાધડ ગોળી છોડી દીધી. બીએસએફના માણસો આ ફાયરિંગથી સતર્ક થાય એ પહેલાં દસેક ડગલાં આગળ દોડી ગયેલા ત્વરિતે ઓટલાના ખૂણા પાસે લપાઈને ત્રણ-ચાર રાઉન્ડ ફાયર કરી નાંખ્યા. તેની પાસે એમ્યુનિશન પણ ખાસ્સું હતું અને બે ગન ઉપરાંત બતાવવા પૂરતી રાઈફલ પણ હતી.

ત્વરિતના કવર ફાયર પછી છપ્પન વધુ આગળ ખસ્યો એ જ ઘડીએ સદીઓથી સન્નાટો ઓઢીને રેગિસ્તાનની આગોશમાં લપાયેલા ખુબરામાં કારમા ધડાકાઓ ગાજી ઊઠ્યા. ભયાનક અવાજે ગાંગરી રહેલાં ઊંટ, ઢૂવા પરથી નીચે ફેંકાતા અસવારોની મરણચીસ, હવામાં ફંગોળાતાં ક્ષત-વિક્ષત અંગો અને બારૂદની કડવી-તીખી ગંધથી રેગિસ્તાનની સુક્કી હવા હચમચી ઊઠી.

પોતે ફેંકેલા બોમ્બ બરાબર કારગત નીવડ્યાનું પારખીને ઉસ્માનના આદમીઓએ કેળવાયેલા ફૌજીની માફક તરત ચાર-ચારની ત્રણ હરોળ રચી નાંખી. એક હરોળે મંદિરની દિશામાં થતા ફાયરિંગને જવાબ વાળવા માંડ્યો. બીજી હરોળે છત્રી પર કબજો જમાવ્યો. ત્રીજી હરોળે માલસામાન ઊંચકી લીધો અને વધેલા બે આદમીઓએ પરિહારની દિશામાં અને છપ્પન-ત્વરિત તેમજ બીએસએફના ત્રણ આદમી હતા એ દિશામાં વધુ ગ્રેનેડ ઉછાળી દીધા.

ઢૂવાઓ પરથી પાકિસ્તાનીઓને ખુબરા તરફ ખદેડી રહેલો ઊંટસવારોનો કાફલો બોમ્બ ધડાકામાં વેરણ-છેરણ થઈ રહ્યો હતો એ જોઈને કમાન્ડન્ટ પરિહારનો પિત્તો છટક્યો હતો. તેમનો તમામ પ્લાન હવે રસાતળ જઈ રહ્યો હતો અને આક્રમક મટીને તેઓ બચાવની સ્થિતિમાં આવી રહ્યા હતા. તેમણે તરત રેગિસ્તાનમાં ઘૂમતી કુમકને ખુબરા તરફ ધસી આવવા આદેશ કર્યો. મંદિરની પાછળ કમ્યુનિકેશન સંભાળતી ટીમને હુકમ કરીને બિકાનેર કેમ્પથી હેલિકોપ્ટર યુનિટ મોકલવાની સૂચના આપી દીધી.

હવે તેમણે પોતાની ટીમના ત્રણ ભાગ પાડ્યા. એક ટીમને વિલિઝ જીપ ભણી જઈ રહેલા ત્રણ આદમીઓની મદદમાં મોકલી. લોન્ગ રેન્જ ગનથી તૈનાત ટીમને ટીંબા તરફ ચડવા ઈશારો કર્યો અને પોતે ચાર આદમી સાથે છત્રી તરફ આગળ ધસ્યા.

મંદિરમાં થઈ રહેલો ઘંટારવ હજુ ય અટક્યો ન હતો. તેમણે અણગમાથી એ દિશામાં જોયું. તેમણે મોકલેલો આદમી ક્યાંય ભળાતો ન હતો અને અત્યારે આ સ્થિતિમાં એ જોવાનું ય ન હોય. પરિહારે સ્નાઈપરના લેન્સમાં નજર માંડી ઘડીક નાળચું આમ-તેમ ઘુમાવ્યું અને ધડાધડ ટ્રિગર દબાવવા માંડ્યું એ સાથે છત્રીના ઓટલા પાસે લપાવા મથતાં (પાકિસ્તાનીઓના) બે માથાં પાક્કા તરબૂચની જેમ વીંધાઈ ગયા.

બીજા બે આદમી (છપ્પન અને ત્વરિત) એકધારા ફાયરિંગ કરતા જઈને ઓટલો વટીને હવે ચોગાન ભણી લપકી રહ્યા હતા. પાકિસ્તાનીઓએ ઉછાળેલા ગ્રેનેડના કારમા ધડાકાને લીધે પોતાના જવાનો વેરવિખેર થઈ રહ્યા હતા. પરિહારે એ બે આદમીની દિશામાં સ્નાઈપરનું નાળચું ઘુમાવીને નિશાન તાક્યું.

ઓટલાની ઊંચાઈને સમાંતર થવા માટે તેમણે પોઝિશન લીધી અને ટ્રિગર દબાવે એ પહેલાં તેમના મોમાંથી કારમી ચીસ નીકળી ગઈ, સ્નાઈપર હાથમાંથી ફસકી ગઈ અને લથડિયું ખાઈને તે નીચે ફસડાઈ પડ્યા. એક ગોળી તેમના ડાબા ખભાને વીંધીને શોલ્ડર બ્લેડમાં ફસાઈ ગઈ હતી. આ કારમા ઝંઝાવાતમાં પોતે કોની રેન્જમાં આવી ગયા તેનો અંદાજ માંડવાનો આ વખત ન હતો. છાતી પર રાઈફલ ટેકવવા માટે જમણો હાથ ખભામાંથી વાળી શકાતો ન હતો, પરંતુ હવે કસોકસના જંગમાં લોન્ગ ડિસ્ટન્સ રાઈફલની જરૂર પણ ન હતી.

તેમણે કમરે ખોસેલી કોલ્ટ પિસ્તોલ કાઢી અને ઓટલા પાસેના જમેલા પર ધડાધડ ફાયરિંગ કરતા જઈને દોટ મૂકી દીધી.

પાકિસ્તાનીઓએ ઉછાળેલા ગ્રેનેડ છપ્પન અને ત્વરિતને ફળ્યા હતા. તેઓ બંને નીચે ભોંય પર લપકેલા હતા ત્યારે ગ્રેનેડ ફાટ્યા હતા. કારમા ધડાકા વચ્ચે રેતીનો વંટોળ ફૂંકાયો હતો અને અચાનક થયેલા ગ્રેનેડ બ્લાસ્ટથી ડઘાયેલા બીએસએફના આદમીઓ પાછા હટી ગયા હતા. હવે વિલિઝ જીપ માંડ દસ મીટર છેટી હતી.

'તું ગાડી તરફ દોડ... હું તેમને રોકું છું' ત્વરિતે ઈગ્નિશન-કી છપ્પન તરફ ફગાવીને કહ્યું અને છપ્પન ચાવી ઝીલે એ પહેલાં પાછળથી ફાયરિંગ કરી રહેલા પાકિસ્તાનીઓને નિશાન બનાવવા માંડ્યા.

છપ્પને ખુલ્લું પડ ભાળીને વિલિઝ તરફ દોટ મૂકી એ જ વખતે મંદિર તરફ પ્રવેશતી ખુબરાની કેડીએથી પાંચ-સાત ઊંટ દેમાર ઝડપે ધડબડાટી કરતા આવી રહ્યા હતા. ઢૂવાઓ પર થયેલા બોમ્બ ધડાકામાં અસવારવિહોણા થઈ ગયેલા ઘાયલ ઊંટ પણ નિરંકુશપણે તેમની તરફ ભાગ્યા હતા. છપ્પન દોડીને વિલિઝની ડ્રાઈવિંગ સીટ પર બેઠો, ઈગ્નિશન ઘુમાવ્યું અને ત્વરિતને હાક મારવા એ તરફ જોયું ત્યારે જાણે કોઈએ તેના કાળજે ધગધગતો સળિયો પરોવી દીધો હોય તેવી કારમી ચીસ તેનાથી નંખાઈ ગઈ.

*** *** ***

પોતે કણસી રહ્યો છે તેનો હવે તેને આછેરો અંદાજ આવતો હતો પણ તેનાથી આંખ ઊઘડતી ન હતી. પાંપણો પર જાણે વજનિયાં લટકાવ્યાં હોય તેવો ભાર વર્તાતો હતો. તેણે અસંબદ્ધ રીતે હાથ ઊંચકીને આંખ સુધી લઈ જવાની કોશિશ કરી પણ હાથ ક્યાંક અટવાયેલો હતો. ક્યાં અટવાયો હતો? વિલિઝના સ્ટિઅરિંગમાં ફસાઈ ગયો હતો? ઊંટના નાકના ફોયણાંમાં પરોવેલી રાશ લબડતી હતી અને તેમાં...

તેની બંધ પાંપણોની ભીતર રેતીનો તોફાની વંટોળિયો ઘૂમરાટે ચડ્યો હતો. માથા પરથી ગોળીઓના સનકારા ફૂંકાતા હતા. રાઉસ થતા એન્જિનની ઘરઘરાટી, રેતીના સરકણા ઢાળ પર

મરડાતા ટાયરની ચિચિયારી, 'થડ્..થડ્' અવાજ સાથે વિલિઝના હૂડમાં ભોંકાતી બુલેટ, દેમાર ધસી આવતા ઊંટના બિહામણા ગાંગરાટા... એ ભાગવા મથતો હતો અને...

તેનાથી ઊભા ય થવાતું ન હતું. આંખો ખૂલતી ન હતી. હાથ ઊંચકાતો ન હતો અને બંધ પાંપણોની ભીતર જાતજાતના અવાજોનો કોલાહલ અને દૃશ્યોની ભૂતાવળ નાચતી હતી.

કોઈક તેના કાન પાસે બોલતું હતું, 'મેવાતીલાલ... મેવાતીલાલ... મેરી આવાજ સુનાઈ દેતી હૈ?'

- પણ ભીતર ચાલતી ગોળીઓની સનસનાટી, ઊંટોના ગાંગરાટા, આંખો ભરી દેતી રેતીની ડમરી અને કારમી ચીસો વચ્ચે તેને સંભળાતું ન હતું. સંભળાતું હતું તો સમજાતું ન હતું. સમજાતું હતું તો પ્રતિક્રિયા આપવાનું સૂઝતું ન હતું.

વળી કોઈકે તેને ઢંઢોળ્યો. 'છપ્પનસિંઘ... આંખો ખોલ...' કોઈક તેના કાનમાં કહી રહ્યું હતું. તીણો, પાતળો, ઝાલરના રણકાર જેવો અવાજ... બંધ પોપચાં તળે તેની આંખો ઘડીભર સળવળી ગઈ હતી.

'એ હોશમાં આવી રહ્યો છે... બટ ઈટ વિલ ટેક સમ ટાઈમ.' કોઈક તેના પર ઝળુંબીને કહી રહ્યું હતું. કોઈક તેના બાવડા પર ચૂંટી ખણતું હતું. તેને એ અનુભવાતું હતું, પણ દિમાગમાં સમાંતરે દોડતાં દૃશ્યોની હારમાળામાં બધી ભેળસેળ થઈ જતી હતી.

વધુ કેટલોક સમય એ તંદ્રામાં ભીંસાતો રહ્યો. બંધ આંખોના અંધારા તળે રેગિસ્તાનનો ધખતો સૂરજ આથમતો જતો હતો. વિલિઝ પર ગોળીઓ છૂટતી જતી હતી. તેની લગોલગ હંકારતા ઊંટસવારો હાકોટા નાંખતા તેને રોકવા મથતા હતા અને એ...

- અચાનક ઝાટકા સાથે તેની બોઝલ આંખો ખૂલી ગઈ અને બેહોશ હાલતમાં તેના માનસપટ પર ચાલતા દૃશ્યોની તંદ્રા ય તૂટી.

આંખોમાંથી પાણી ઝમતું હતું, પરંતુ લૂછવા માટે એ હાથ ઊંચકી શકતો ન હતો. છાતી માથે પ્લાસ્ટર ઓફ પેરિસની કલાત્મક કોતરણી વચ્ચે નકશીદાર ફેન્સી પંખો ફરતો હતો. તેના મનમાં હજુ ય રેગિસ્તાનની લાયનો દઝારો વર્તાતો હતો, પણ શરીરને ખાસ્સી ઠંડક અનુભવાતી હતી. ઘડીક ખુલ્લી આંખે સ્તબ્ધતાપૂર્વક એ શરીરની વાસ્તવિકતા અને મનમાં ઘૂણતી તંદ્રાનો તાલમેલ સાધતો રહ્યો.

આંખોની કીકી ધીમે ધીમે સ્થિર થઈ એટલે ગરદન ઘુમાવ્યા વગર તેણે ફક્ત આંખો ફેરવીને ઓરડાનું નિરીક્ષણ કરવા માંડ્યું. પ્લાસ્ટર ઓફ પેરિસની બિછાત તળેથી આંખને વાગે નહીં એ રીતે પનપતી મધ્યમ રોશની, બારીઓ પર ઢંકાયેલા જાંબલી રંગના જાડા પડદા, સામે વોર્ડરોબને અઢેલીને પડેલો મોટો સોફો, સોફા પાસે પડેલી ટિપોય પર સિગારેટનું કેસ અને એશ-ટ્રે, ધીમા અવાજે ઓરડામાં શીતળતા લહેરાવતું એરકન્ડિશનર...

પોતે ઝડપાઈ ગયો હતો? વિચારમાત્રથી તેનું હૈયું થડકી ઊઠ્યું. તેણે ફરીથી આસપાસ નજર દોડાવી. ના, આ હોસ્પિટલનો કમરો ન હોઈ શકે. ફર્નિચરની સ્ટાઈલ, દીવાલોનો પેઈન્ટ અને પડદાનો કલર જોતાં આ કોઈક હોટેલનો રૂમ જ હોઈ શકે. ટેબલ પર સિગારેટનું કેસ પડ્યું હતું. એશ-ટ્રેમાં બુઝાવેલી સિગારેટમાંથી હજુ ય આછકલો ધુમાડો વર્તાતો હતો.

મતલબ કે ઓરડામાં ય બીજું ય કોઈક હતું. હમણાં સુધી હતું. કોઈક તેને મેવાતીલાલ કહીને ઢંઢોળતું હતું. કોઈકે તેને છપ્પનસિંઘ પણ કહ્યો હતો. કોણ તેને અહીં લાવ્યું હશે? તેનો હાથ કેમ ઊંચકાતો ન હતો? પગ કેમ ભારેખમ લાગતા હતા? તેને કોઈએ બાંધ્યો હતો? તેણે જરાક ગરદન ઘુમાવી અને તે છળી ઊઠ્યો.

તેના જમણા હાથના પોંચામાં બટરફ્લાય મારફતે નળી ખોસેલી હતી અને સ્ટેન્ડ પર ગોઠવેલા બાટલામાંથી પીળા રંગનું પ્રવાહી એ નળી વાટે તેની નસોમાં પસાર થતું હતું. જમણાં પગને ખેંચીને સહેજ ઊંચો બાંધ્યો હતો અને તેના પર ભૂરા રંગનું પ્લાસ્ટર વીંટળાયેલું લાગતું હતું. ડાબો હાથ મજબૂત પાટા વડે કમર સાથે બાંધેલો હતો. હવે તેને ખ્યાલ આવતો હતો કે તેના બાવડામાંથી, જમણાં પગની પીંડીમાંથી તીવ્ર લવકારા ઉપડી રહ્યા હતા. ભયના ફફડાટ તળે તેણે ફરીથી આંખો મીંચી દીધી.

હવે તે ધીમે ધીમે સ્વસ્થ થઈ રહ્યો હતો, પણ એ સ્વસ્થતા તેને બહુ જ અકારી લાગતી હતી, કારણ કે અહીં આવતાં પહેલાંની એક-એક પળ તેના દિમાગમાં રિવાઈન્ડ થવા માંડી હતી.

પોતે કોના હાથે કઈ રીતે અને ક્યારે પકડાયો એ તેને યાદ આવતું ન હતું, પણ એ પહેલાંની આખીય ઘટના તેના મનમાં ક્રમાનુસાર દૃશ્યો રચવા લાગી હતી.

*** *** ***

ત્વરિતે તેને કવર ફાયર આપ્યું એટલે છપ્પને વિલિઝ તરફ દોટ મૂકી હતી. એ તરફ લપકવા જતા બીએસએફના આદમીઓ પાકિસ્તાનીઓએ ફેંકેલા ગ્રેનેડથી બચવા જમીનસરસા લપાઈ ગયા હતા. એ વિલિઝની સીટમાં ગોઠવાયો ત્યારે અપાર તંગદિલી વચ્ચે ય ઢૂવાઓ પરથી બેફામ દોડી રહેલા ઊંટના ગાંગરાટાથી તેનું ધ્યાન એ તરફ ખેંચાયું હતું. તેણે એ દિશામાં અછડતી નજર નાંખી અને ઈગ્નિશનમાં ચાવી ખોસી એ જ વખતે વિલિઝની પાછળની દિશાએથી બંદૂકના ધડાકા થવા માંડ્યા હતા.

પરિહારે બોલાવેલી ઊંટસવારોની બીજી કુમક એ દિશાએથી આવી પહોંચી હતી. કુમકનો નાયક એ જ આદમી હતો, જેને જોઈને ત્વરિત તેને દૂબળી ધારીને વહેમાયો હતો અને પછી તેણે કેશાવલિ મંદિરનો રસ્તો પૂછ્યો હતો. પરિહારે તેને ચેકપોસ્ટથી મંદિર તરફના રસ્તે ફંટાતા કેડા પર ચોકી માટે ગોઠવ્યો હતો. વોકીટોકીથી સજ્જ એવા દસેક ઊંટસવાર છેક લાઈન ઓફ કન્ટ્રોલ સુધી પથરાયેલા હતા અને પરિહારનો આદેશ મળ્યો કે તરત અહીં કેશાવલિના ખુબરામાં ધસી આવ્યા હતા.

વિલિઝ જીપમાં આવેલા આદમીને તેણે જ રસ્તો બતાવ્યો હતો એટલે એ આદમી વગર કહ્યે સ્થિતિ પારખી ગયો. બિકાનેર કેમલ કોર્પ્સના ચુનંદા ઊંટસવારોએ તરત ડાબે-જમણે અને વચ્ચે એવું ફોર્મેશન રચી નાંખ્યું અને વિલિઝ પર હલ્લો આદર્યો.

ડાબે-જમણેના અસવારો ત્યાં જ થંભીને એકધારું ફાયરિંગ કરતા રહે અને વચ્ચેની ટુકડી જીપ તરફ, છત્રી તરફ ધસી જાય એવો તેમનો વ્યૂહ એટલો આબાદ હતો કે પાકિસ્તાનીઓ સહિત ત્વરિત-છપ્પન દરેક દિશાએથી ઘેરાઈ જાય અને અડધી જ કલાકમાં ખુબરાનો જંગ સમાપ્ત થઈ જાય.

પણ એ દિવસે કોઈનું નસીબ કોઈને સાથ આપવાના મિજાજમાં ન હતું.

ઊંટસવારો વિલિઝ સ્ટાર્ટ કરી રહેલા છપ્પનને નિશાન બનાવે એ જ વખતે ઢૂવાઓ પર થયેલા બોમ્બ- વિસ્ફોટમાં ઘવાયેલાં ત્રણેક ઊંટ માતેલા બનીને છત્રી તરફ દોડ્યા હતા. એક ઊંટને પેટમાં મોટું ભગદાળું પડી ગયું હતું. બીજાનો પગ લંગડાતો હતો. ત્રીજા ઊંટનું મોં બોમ્બની જીવલેણ કરચોથી અડધું છૂંદાઈ ગયું હતું.

ત્વરિત પાસે પૂરતું એમ્યુનિશન હતું. છપ્પન પાસે ફક્ત એક જ ગન અને કદાચ એક-બે સ્પેર મેગેઝિન્સ હોવા જોઈએ એમ ધારીને ત્વરિતે એવો વ્યૂહ વિચાર્યો કે, છપ્પન વિલિઝ સ્ટાર્ટ કરે એટલી વારમાં પોતે પીઠ પાછળથી ફાયરિંગ કરી રહેલા અને ગ્રેનેડ ફેંકી રહેલા લોકો

(પાકિસ્તાનીઓ) પર સતત ફાયરિંગ કરીને તેમને પાછા હડસેલી દે.

છપ્પન વિલિઝ તરફ દોડ્યો એટલે ત્વરિત સહેજ પાછળની તરફ ખસ્યો. તેણે બેય હાથે પિસ્તોલ ચલાવીને પાકિસ્તાનીઓને આડશ લેવાની ફરજ પાડી. ત્વરિત જીપ તરફ દોડે એ વખતે જીપમાંથી છપ્પન ફાયરિંગ કરે એવી તેમની ગણતરી વચ્ચે છપ્પને જીપ સ્ટાર્ટ કરીને ગન હાથમાં લીધી એ વખતે...

- પોતાના આદમીઓની થઈ રહેલી ખુવારીથી ગિન્નાયેલા ઘાયલ પરિહારે પોતાના દર્દની પરવા કર્યા વગર છત્રીની જમણી દિશાએથી હલ્લો કર્યો. તેમના એકધારા ફાયરિંગથી પાકિસ્તાનીઓએ છત્રીના ઓટલાની બીજી આડશ તરફ ખસવું પડ્યું.
- ઉસ્માનઅલીએ ખુબરાના પ્રવેશના રસ્તે આવતી ઊંટસવારોની કુમક જોઈ. એક આદમીને (છપ્પનને) જીપમાં ગોઠવાતો જોયો. તેમના તરફ ફાયરિંગ કરીને બીજા આદમીને (ત્વરિતને) ય એ દિશાએ ભાગવાની ફિરાકમાં ભાળ્યો અને પરિહારના કાફલાએ એકધારી બંદૂક ચલાવી નાંખી. એટલે મરણિયા બનેલા ઉસ્માને દરેક દિશાએ ગ્રેનેડ ઉછાળવાનો ઈશારો કરી દીધો. હવે આ જંગમાં ગ્રેનેડ બ્લાસ્ટથી સર્જાઈ શકતી અંધાધૂંધી એ તેમના માટે બચવાનો એકમાત્ર રસ્તો હતો.

ઉસ્માનના આદમીઓએ ગ્રેનેડ ફેંક્યા એ જ ઘડીએ ઢૂવાઓ પરથી દોડતા બેફામપણે ગાંગરી રહેલા ઊંટોએ ત્વરિતને અડફેટે લીધો. સામે ધસી આવતા અસવારવિહોણા, લોહીથી લથપથ અને વિકૃત અવાજે ગાંગરાટા નાંખતાં ઊંટને જોઈને ત્વરિત ઘડીક ઓઝપાયો. કાશ્મીરની સર્દ, સોહામણી હવામાં ઉછરેલા ત્વરિતને રણના વહાણ તરીકે ઓળખાતા આ પ્રાણી સાથે જિંદગીમાં કદી પનારો પાડ્યો ન હતો.

પહેલાં તો એ ઊંટના ધસારાથી થોડો ખસ્યો, પરંતુ બોમ્બના ધડાકાને લીધે ઊંટ વધુ ભૂરાયા થયા અને છેવટે ત્રણેય ઊંટની વચ્ચે ત્વરિત ફસાયો. પગની ઈજાને લીધે લંગડાતું એક ઊંટ કારમી ચીસ નાંખીને અચાનક ગડથોલિયું ખાઈને નીચે ફસકાયું. તેની પછડાટથી ડઘાયેલો ત્વરિત પાછા પગે ભાગવા ગયો અને એ રીતે પાછળથી ધસમસતા બીજા ઊંટની અડફેટે ચડ્યો.

ઊંટની પ્રકૃતિથી તદ્દન અજાણ ત્વરિતને લાગ્યું કે એ તેના પર હુમલો કરશે એટલે નીચે સુધી લબડતી રાશ ખેંચીને તેણે ઊંટને હડકારવાની કોશિશ કરી એ સાથે ઊંટે ભયાનક ગાંગરોટો નાંખીને સીધું ત્વરિત પર જ પડતું મૂક્યું. બોમ્બની કરચોએ એ ઊંટનું મોં છૂંદી નાંખ્યું હતું. એમાં ત્વરિતે રાશ ખેંચી એટલે ઊંટના છૂંદાયેલાં ફોયણાંમાં ભયાનક પીડા ઉપડી.

ત્વરિત પર ઝીંકાયેલા ઊંટે પારાવાર પીડા તળે લાંબી ગરદન આઠ-દસ વખત આમ-તેમ ઝકઝોરી એમાં રાશ વચ્ચે ત્વરિતનો હાથ બહુ બૂરી રીતે વીંટળાઈ ગયો. વજનદાર ઊંટના ભાર તળેથી ચસકવાના પ્રયાસમાં તેનો એક પગ ઊંટની પીઠ પર બાંધેલા કાઠાના છેડે મજબૂત લોખંડના મજેઠમાં ફસાયો.

અચાનક ઊંટ બેઠું થયું. ત્વરિતના વજનને લીધે ખેંચાતી રાશ અને રાશના ખેંચાવાથી છૂંદાયેલાં મોંમાં થતા અપાર દર્દથી ભૂરાયું બન્યું અને આડેધડ ચકરાવા માર્યા પછી ત્વરિતને પાડી દેવાની કોશિશમાં તેણે ઢૂવાઓની દિશામાં આંધળી દોટ મૂકી દીધી.

ભયાનક અવાજે ચીસો નાંખતું, ઢૂવાઓ તરફ દેમાર ઝડપે ભાગી રહેલું ઊંટ અને ઊંટની પીઠ પર એક હાથ, એક પગ વડે ફસાઈને વિવશપણે લટકતો, છૂટવાનાં હવાતિયાં મારતો ત્વરિત...

એ જોઈને જાણે કોઈએ કાળજે ધગધગતો સળિયો પરોવી દીધો હોય તેવી કારમી ચીસ

છપ્પનથી નંખાઈ ગઈ.

પોતે શું કરવું તેની અવઢવમાં એ ઘડીક પૂતળાની માફક સ્થિર થઈ ગયો હતો, પણ તેની એ સ્તબ્ધતા લાંબી ચાલે તેમ ન હતી.

ખુબરાના દરેક ખૂણે આતશ મચ્યો હતો. પાકિસ્તાનીઓએ ઉછાળેલા ગ્રેનેડે કોહરામ મચાવી નાંખ્યો હતો અને દરેક મિનિટે તીવ્ર ધડાકા, રેતીની ડમરી, ચારે દિશાએ ફેંકાતા મુરમના ગચ્ચા, પરિહારના કાફલાની બંદૂકોનો આંધળો ધણધણાટ અને વિલિઝના પતરાના બોડીમાં 'થડ્..થડ્' અવાજ સાથે ભોંકાઈને અગનલિસોટો પાડી જતી બુલેટ્સ...

હોશમાં આવેલા છપ્પને એક્સલરેટર પર પગ દાબીને એન્જિનને તીવ્ર અવાજે રાઉસ કર્યું અને પછી ઝાટકા સાથે ક્લચ છોડ્યો એટલે ખુબરાની ખરબચડી ભોંય પર વિલિઝે ટાયરની કિચુડાટી બોલાવીને 60 અંશનો ટર્ન લઈ લીધો. હવે તે ધસી આવતા ઊંટસવારોની બરાબર સામે જ હતો. અસવારો એકધારી ગોળીઓ છોડી રહ્યા હતા અને ઊંટની ઊંચાઈ પર હોવાથી આસાનીથી નિશાન લઈ શકે તેમ હતા.

મરણિયા બનેલા છપ્પને એક જ નજરમાં દિશાનો ક્યાસ લઈને સ્ટિઅરિંગ વચ્ચે માથું ખોસી દીધું અને પૂરપાટ વેગે ઊંટસવારો પર જ ગાડી ભગાવી નાંખી. આ તેનો મરણિયો દાવ હતો. ડઘાયેલા ઊંટસવારોએ આદમીને જીવતો ઝડપવાના આશયથી પહેલાં ગાડીને નિશાન બનાવીને ટાયર પર ગોળીઓ છોડી, પરંતુ રેગિસ્તાની ઈલાકાના વાહન તરીકે વિલિઝના દરેક ટાયર પર મડગાર્ડની જગ્યાએ રેતી ખંખેરવાના આશયથી મેટલનાં પતરાં મઢેલાં હતાં એટલે દરેક બૂલેટ મેટલ પર અથડાઈને ખડિંગ...ખડિંગ અવાજ કરતી દિશા બદલી નાંખતી હતી.

ઊંટસવારોએ ગાડીના હૂડ, વિન્ડો અને બોડી પર ગોળીઓ છોડવા માંડી, પણ ત્યાં સુધીમાં તીવ્ર ચિચિયારી નાંખતી વિલિઝ તેમની પાસેથી પસાર થઈ ગઈ હતી. નાયકના ઈશારાથી અસવારોએ ઊંટની રાશ મરડીને ઊંધી દિશા પકડી. ક્યાંય સુધી તેમણે વિલિઝની લગોલગ ઊંટ દોડાવ્યા અને ગોળીઓની એકધારી બૌછારથી વિલિઝનું ડાબું પડખું ચાળણી જેવું કરી દીધું, પરંતુ અંદરનો ડ્રાઈવર એક્સલરેટર પરથી પગ હટાવતો ન હતો, મતલબ કે એ હજુ સાબૂત હતો.

કાફલાના નાયકે તરત વ્યૂહ બદલ્યો. બે સવારોને વિલિઝની પાછળ જતા રાખીને બે ટુકડીને ડાબે-જમણે ઢૂવા પર દોડવા ઈશારો કર્યો. વિલિઝ ખુબરાની ઊબડખાબડ બંજર જમીન પર ગમે તેટલી આગળ જતી રહે તો પણ ડાબે-જમણેથી આગળ વધેલો કાફલો તેને ઘેરી લે એવો તેનો વ્યૂહ હતો. લગભગ બે કિલોમીટરની આ કાળઝાળ રેસ પછી ડાબી તરફના ઢૂવાઓ પરથી ઊંટસવારોએ તીરછી દોટ મૂકી એ જોઈને છપ્પન હેબતાઈ ગયો.

જીપના ડાબી તરફના બોડીમાંથી એક ગોળી તેના બાવડામાં ખૂંપી ગઈ હતી. પાછળથી છૂટેલી ગોળી તેના સદ્નસીબે સીટના પોલાણમાં પેસી ગઈ હતી, પણ એ પહેલાં તેના પડખામાં લાંબો છરકો આપી ગઈ હતી. ગોળીઓની બૌછારને લીધે તૂટેલો વિન્ડશિલ્ડના કાચનો મોટો ટુકડો તીરની માફક તેના પગમાં ખૂંપ્યો હતો. એ પગમાં એટલી પીડા થતી હતી કે એક્સલરેટર પર દબાયેલો પગ એ બ્રેક તરફ ખસેડી સુધ્ધાં શકતો ન હતો. આ હાલતમાં એ બે બાજુથી ભીંસાય એટલે તેનો ખેલ ખતમ...

મૂંઝાયેલા છપ્પને કારણ વગર સ્ટિઅરિંગ આમ-તેમ ઘૂમાવીને વિલિઝના પૂરપાટ વેગ વડે ઊંટસવારોને ગભરાવવાનો પ્રયાસ આદર્યો.

તેને કોઈ દિશાભાન રહેતું ન હતું. પગમાંથી, બાવડામાંથી, પડખામાંથી નીકળતા લોહીનો

ડ્રાઈવિંગ સીટની નીચે પાટડો ભરાવા માંડ્યો હતો. ઝડપભેર વહેતું લોહી, એકધારી આતશબાજી, ભય, ફફડાટ અને ઉશ્કેરાટને લીધે છપ્પનનું બ્લડપ્રેશર સપાટાભેર ઘટવા માંડ્યું હતું. આંખે લાલપીળા દેખાવા લાગ્યા હતા. ઊંટસવારો સાવ નજીક આવી રહ્યા હતા અને તે જીવ પર આવીને જીપ ભગાવ્યે જ જતો હતો.

અચાનક અકળ કારણોસર ઊંટસવારોની ગતિ મંદ પડતી હોય તેમ તેને લાગ્યું. તેણે મહામહેનતે એક હાથે આંખો ચોળી. હા, ખરેખર ઊંટસવારો વેરવિખેર થઈ રહ્યા હતા. ડાબી તરફથી ઢાળ ઊતરીને તેને આંતરવા મથતા બેય ઊંટસવાર ઢૂવા પર જ ગડથોલિયું ખાઈ ગયા હતા. અચાનક બદલાયેલાં તેવરથી ડઘાયેલા છપ્પને ફરીથી આંખો મસળી ત્યારે તેને ઝાંખાંપાંખાં બે દૃશ્યો દેખાયાં.

આથમતા સૂરજની દિશાએ ઢૂવાઓના ઢાળ પછવાડે ગાંગરાટા નાંખતું એક ઊંટ બેફામપણે દોડતું જતું હતું અને તેની પીઠ તરફ રાશ અને મજોઠમાં લપટાયેલો ત્વરિત બહુ બૂરી રીતે લટકતો જતો હતો.

તેના આ બદહાલ પારખીને છપ્પનની પાંસળી ભયથી ભીંસાવા લાગી હતી.

એ જ ઘડીએ સામેના ઢૂવા પરથી સ્નાઈપર રાઈફલ ચલાવતો એક અસવાર ઢાળ ઊતરી રહ્યો હતો. છપ્પને તમામ કોશિશ કરીને એક્સલરેટર પર પગ દબાવવા પ્રયાસ કર્યો, પણ હવે તેનું શરીર જવાબ દઈ રહ્યું હતું.

*** *** ***

પોતે આ હાલતમાં કઈ રીતે મુકાયો છે તેનું હવે તેને બરાબર ભાન થઈ રહ્યું હતું, પરંતુ કોના હાથે પકડાયો છે, આ જગ્યા કઈ છે એ વિશે વિચારવા જેટલું તેનું મગજ હજુ ય સ્વસ્થ ન હતું. તેણે ઊંડો શ્વાસ ભર્યો એ છાતીના પાટિયામાં કડેડાટી બોલી ગઈ અને તેનાથી દર્દનાક ચીસ નંખાઈ ગઈ.

બાવડું, છાતી, પડખું, પગ, માથું... ક્યાં-ક્યાં તેને ઈજા નહોતી થઈ.

પણ તો ય પોતે બચી ગયો હતો. આટલા કારમા, આંધળા અને બેફામ જંગમાં પોતે બચી ગયો હતો અને ત્વરિત બિચારો...

ત્વરિતના વિચારથી એ થીજી ગયો.

ત્વરિતનાં જડબાંમાં કશીક ગંભીર ઈજા થઈ હતી એવું તેણે પારખ્યું હતું. તેણે ગંજી ફાડીને મૂર્તિને છાતીસરસી બાંધી દીધી હતી એ ય તેને યાદ આવતું હતું. પોતે ગાડી ચાલુ કરીને તેને હાક મારે એ જ ઘડીએ એ કશીક ભેદી રીતે ઊંટના કાઠડાની રાશ અને મજેઠ વચ્ચે ફસાયો હતો. છેલ્લે તેણે એ ઘાયલ ઊંટને રેગિસ્તાનની આથમણી દિશાએ આંધળી દોટ મૂકતાં જોયું હતું અને તેના પર લટકતો ત્વરિત...

ફરીથી તેના મોંમાથી દબાયેલો સિસકારો નીકળી ગયો અને તેણે ડોકું ધુણાવી નાંખ્યું.

આટલી ઈજાગ્રસ્ત હાલતમાં ત્વરિતનું શું થયું હશે? ઘાયલ ઊંટ તેને ક્યાં સુધી ઘસડી ગયું હશે? રેગિસ્તાનમાં પોતાનો પ્રવાસમાર્ગ યાદ રાખી જાણતાં ઊંટ વગર અસવારે મંઝિલ સુધી પહોંચી જાય તેવું તેણે સાંભળ્યું હતું. તો શું ત્વરિતને લટકાવીને ઊંટ છેક પાકિસ્તાન સુધી ખદેડી ગયું હશે? રાશ અને મજેઠની ચુંગાલમાં ફસાયેલો ત્વરિત કોઈક રીતે બંધન કાપી શક્યો હોય તો પણ એ રેગિસ્તાન પાર કરીને એ પાછો કેવી રીતે આવશે? તેની પાસે ન તો ખાવાની કોઈ ચીજ છે કે ન તો પાણી. તેણે બાપ-જન્મારે કદી રણ જોયું ય નથી. તો એ ભાગીને આવશે

ય કઈ રીતે?

ત્વરિતની બેબસી અને પોતાની લાચારીના અહેસાસથી તેની આંખમાં આંસુ ધસી આવ્યાં. ગરદન સહેજ ઝુકાવીને ઓશીકાના ગલેફ સાથે તેણે આંખ ઘસી એ જ ઘડીએ બહાર કોરિડોરમાં કોઈનાં પગલાંનો અવાજ સંભળાયો. દરવાજાના લેચમાં ચાવી ફરવાનો હળવો કટાકો ય તેના સરવા કાને પારખી લીધો. સતર્કપણે તેણે દરવાજા ભણી નજર માંડી. દરવાજો ખૂલ્યો એ સાથે તેના હૈયું બમણાં વેગે ધડકીને જાણે છાતીની પાંસળીઓ સાથે અથડાવા લાગ્યું અને લોહીનું દબાણ નસો ફાડીને બહાર ધસી જવા મથ્યું. ફાટી આંખે, ડોળા તગતગાવીને એ જોઈ રહ્યો.

એ આદમી સ્ટાઈલભેર પગ પર પગ ચડાવીને સોફા પર બેઠો અને છપ્પન સામે તોફાની સ્મિત વેરીને કહ્યું, 'કઈસન હો છપ્પન બાદશાહ?'

*** *** ***

છેલ્લી ગોળી છૂટી ત્યારે ખુબરાની ઉજ્જડ, રતુમડી જમીન પર નમતી બપોરનો આછકલો તડકો પડછાયા લંબાવી રહ્યો હતો.

સામેની દિશાએથી ફાયરિંગ બંધ થયા પછીય કોઈ ચાન્સ લેવા ન માંગતા પરિહારે ત્રણ દિશાએથી ખુન્નસભેર બંદૂકો ધણધણાવી હતી. દરમિયાન ત્રણ રાઈડર્સને ટીંબાનો આંટો ફરીને ઊંચા ઢૂવા પરથી હિલચાલ જોવા રવાના કરી દીધા હતા.

બાયનોક્યુલર વડે છત્રીના ઓટલાનો દરેક ખૂણો ચકાસી લીધા પછી રાઈડર્સે ક્લોઝિંગની સાઈન આપી તો પણ પરિહારે પહેલાં એક ફાઈલને ઓટલાની સમાંતરે મોકલી અને બીજી હરોળે અર્ધવર્તુળાકારે ઓટલાને અંગ્રેજી મૂળાક્ષર 'ડી' શેઈપમાં ઘેરીને ખાતરી કરી લીધી.

બધું મળીને માંડ એકાદ કલાક ચાલેલા જંગમાં આખરે પાકિસ્તાનીઓ પરાસ્ત થયા હતા. છત્રીની આસપાસ બોમ્બ ઉછાળીને નાસી જવાનો તેમનો વ્યૂહ પરિહારે ગોઠવેલી ટીંબા તરફની જડબેસલાક નાકાબંધીને લીધે નાકામ નિવડ્યો હતો. હેન્ડગ્રેનેડની લિમિટથી દૂર રહીને પરિહારના કાફલાએ તેમની દિશામાં ભાગવા મથતા પાકિસ્તાનીઓને ખુલ્લા ખુબરામાં જામેલા સામસામેના જંગમાં ઢાળી દીધા હતા.

ગોળીની ધણધણાટી, હેન્ડગ્રેનેડના કારમા ધડાકા, ઘાયલોની ચીસો અને હમલાવરોની કિલકારીઓમાં કલાક સુધી ધમરોળાયા પછી ખુબરાની બંજર હવાને હવે હાંફ ચડ્યો હતો.

વિશ્વનાથ પરિહારનો પ્લાન અણધારી ખાનાખરાબી પછી સફળ નીવડ્યો હતો, પણ તેમના પાંચ જવાન માર્યા ગયા હતા અને પરિહાર પોતે તેમજ એ સિવાય બીજા ત્રણ જવાન જખ્મી થયા હતા. ઢૂવા પર થયેલા વિસ્ફોટમાં બે ઊંટ મરી ગયાં હતાં અને ચારને મરણતોલ ઈજા થઈ હતી.

સામા પક્ષે ઉસ્માનના આઠ આદમીઓ માર્યા ગયા હતા. પાંચ બહુ જ બૂરી રીતે ઘવાયા હતા. એક આદમી થોડીઘણી મામૂલી ઈજાઓ સાથે જીવતો ઝડપાયો હતો. જીપ લઈને ભાગેલો એક આદમી (છપ્પન) ઝડપાઈ જ જવો જોઈએ એ વિશે પરિહારને ખાતરી હતી.

જંગ દરમિયાન તેમણે દરેક પોઝિશન પર કેટલાં આદમીઓ છે તેની નોંધ કરી હતી. પોતાને થયેલી ઈજાને ગણકાર્યા વગર તેમણે લાશોની ગણતરી કરાવવા માંડી. ટીંબા પરથી દોડેલા આદમી (અલાદાદ) સહિત 17 થવા જોઈએ. 9 લાશ, 5 જખ્મી, એક પકડાયેલો આદમી અને વિલિઝમાં ભાગેલો એક આદમી (છપ્પન)... તો ય એક આદમી (ત્વરિત) ખૂટતો હતો. એ ગમે

તેમ કરીને છટકી ગયો હતો?

પરિહારની મૂંઝવણ વધી.

હેન્ડગ્રેનેડના બેફામ ધડાકા વચ્ચે ઘવાયેલા એક ઊંટને ઢૂવાઓ તરફ ભાગતું કોઈકે જોયું હતું, પણ ત્યારે ગોળીઓની બૌછાર વછૂટતી હતી અને દરેક દિશાએ દરેક સમયે કંઈક ને કંઈક બનતું હતું એટલે ભાગતા ઘાયલ ઊંટ તરફ ધ્યાન આપવાનું કોઈને પરવડે ય નહીં.

પરિહારે ધારી ન હતી એટલી ખુવારી વેઠવી પડી હતી. મિશનની ગુપ્તતા રાખવા તેમણે લોકલ સ્ટાફને સાવ અંધારામાં રાખ્યો હતો. એ સંજોગોમાં આટલી ખુવારી થાય તેનો જવાબ પણ તેમણે હેડ ક્વાર્ટરને આપવો પડે.

માથું ધુણાવતા પરિહારને પહેલાં માઠાં સમાચાર ખુબરાથી ચેકપોસ્ટ તરફ ગયેલા કાફલાએ આપ્યા. વિલિઝ જીપમાં ભાગેલો આદમી કોઈક રીતે છટકી ગયો હતો. કસાયેલા છ ઊંટસવારો જીપમાં ભાગતા એક આદમીને ઝડપી ન શક્યા? પરિહારના માથામાં સણકા ઉપડી આવ્યા, પણ ઊંટસવારોની કેફિયત સાંભળીને તેઓ ચોંકી ઊઠ્યા.

વિલિઝ જીપમાં ભાગેલો આદમી ડેરાબીડ પાસે પહોંચ્યો ત્યારે સામેના ઢૂવાઓ પરથી તેના કોઈ ઊંટસવાર સાથીદારે કાફલા પર ફાયર કર્યું હતું.

‘તો ગધેડાઓ, તમારી ગન ક્યાં ખોસી હતી ***?’ ગિન્નાયેલા પરિહારનું મગજ હવે ફાટાફાટ થતું હતું.

‘અમેય ફાયર કર્યું, પણ એ આદમી રેન્જમાં ન હતો...’

‘એ તમારા પર ફાયર કરી શકે અને તમે તેને રેન્જમાં ય ન લઈ શકો? એવી તો કેવી પોઝિશન હતી?’

‘તેની પાસે ટેલિસ્કોપિક સ્નાઈપર હતી, સર... એ 800-1000 મીટર દૂરથી અમને નિશાન બનાવતો હતો...’

જવાનનો જવાબ સાંભળીને પરિહાર થીજી ગયો.

એક આદમી સ્નાઈપર રાઈફલ સાથે ઊંટ પર સવાર થઈને ખુબરાની બહાર તૈનાત હોય એ કલ્પનામાત્રથી પરિહાર છળી ઊઠ્યો હતો. પકડાયેલા વેપન્સની પેટીઓ પર તેમણે અછડતી નજર નાંખી લીધી હતી. સામાન જીવલેણ હતો જ, પણ આટલા સામાનની હિફાઝત માટે આટલા આદમીઓ, આવી રીતે વેરવિખેર થઈને સ્નાઈપર રાઈફલ સાથે મૌજૂદ હોય?

કુછ બડા લફડા તો નહિ ના? પરિહારના હોઠ દૃઢતાથી બિડાયા. પકડાયેલા આદમીઓની બરાબર ધોલાઈ કરવા માટે તેમના હાથમાં ખણ ઉપડી રહી હતી, પણ એ પહેલાં યાત્રાળુઓની ય વ્યવસ્થા કરવાની હતી. બધાની પૂછપરછ કરીને, આઈડેન્ટીટી ચકાસીને સલામત રવાના કરવાના હતા. હેડ ક્વાર્ટરને રિપોર્ટ કરવાનો હતો અને પછી મીડિયામાં સ્ટોરી પ્લાન્ટ કરવાની હતી.

તેમણે મનોમન બધા જ મુદ્દા ફટાફટ નોંધતા જઈને આદેશો છોડવા માંડ્યા.

બિકાનેરથી હેલિકોપ્ટર યુનિટ રવાના થઈ ગયું હતું. હવે એ મદદની કોઈ જરૂર ન હતી, પણ સાંજ ઢળે એ પહેલાં રેગિસ્તાનમાં છેક એલઓસી સુધી હવાઈ નિરીક્ષણ કરાવીને ભાગેડુઓને તલાશવા જરૂરી હતા. ઘાયલોને પ્રાથમિક સારવાર તો અહીં જ અપાવા માંડી હતી, પણ ગંભીર ઈજાઓ થયેલાને બિકાનેર ખસેડવા પડે તેમ હતા.

- અને તેમાં પરિહારનો ય સમાવેશ થતો હતો.

તેમના ડાબાં બાવડાં અને પીઠની સહેજ ઉપર ગોળી વાગી હતી. માંસપેશીમાં દોઢેક ઈંચનો ગચ્ચો ફાડીને અંદર છેક ખભાના હાડકા નીચે ઘૂસી ગયેલા કારતૂસનો બેરલ પણ બહાર દેખાતો હતો. તેને તાકીદની સારવારની જરૂર હતી, પણ મરદનો બચ્ચો પરિહાર મનોમન બેહદ ધૂંધવાઈ રહ્યો હતો એટલે ઈજાને ગણકાર્યા વગર ચોમેર ઘૂમીને પરિસ્થિતિ થાળે પાડી રહ્યો હતો. કડક લશ્કરી તાલીમ અને સળંગ બે દાયકાની એકધારી શિસ્તબદ્ધ જિંદગીને લીધે પરિહાર આ હાલતમાં ય દિમાગ સાબૂત રાખીને એક સાથે અનેક સ્તર પર વિચારી શકતો હતો.

તેના મનમાં બે ગૂંચવણ મુખ્ય હતી. પાકિસ્તાનીઓના કાફલામાં એક આદમી ખૂટતો હતો. (ત્વરિતને તેમણે સહજ રીતે જ પાકિસ્તાની ધાર્યો હતો). જીપ લઈને ભાગેલા આદમીને કોણે સહાય કરી એ ય શોધવાનું હતું.

- પણ એ સિવાય બીજી ય કેટલીક એવી ગૂંચવણો ધીમે ધીમે સામે આવવાની હતી જેનાથી પરિહારનું માથું ફટકી જવાનું હતું.

સૌથી પહેલી શરૂઆત થઈ યાત્રાળુઓની પૂછપરછથી...

કેશાવલીના મંદિરમાં ધકેલાયેલા યાત્રાળુઓ અચાનક મચી ગયેલા કોહરામથી હજુ ય ફફડતા હતા. બીએસએફના જવાનોએ મંદિર ફરતાં ફટાફટ બેરિયર્સ ગોઠવીને વચ્ચે યાત્રાળુઓને બેસાડી દીધા હતા અને દરેક યાત્રાળુને એક પછી એક બોલાવીને તેમની અંગઝડતી, સામાનની તલાશ અને ઓળખપત્રોની ચકાસણી આદરી દીધી હતી. યાત્રાળુઓના કાફલા વચ્ચે હેબતાયેલી, રડમસ ચહેરે બેઠેલી ફાતિમા અને ચંદા પૂછપરછના એ પહેલા રાઉન્ડમાં જ ઝલાઈ ગઈ હતી. અનેક ઘાટનાં પાણી પી ચૂકેલી એ બંને માટે આ આફત જેટલી અણધારી હતી એટલી જ ભયપ્રદ હતી.

તેમની પાસે ઓળખના કોઈ પુરાવા ન હતા, કારણ કે એ બધું ત્વરિત પાસે હતું અને ત્વરિત ગાયબ હતો. પકડાયેલા કે મૃતક એક પણ આદમીમાં તેમણે ત્વરિતને ન ઓળખી બતાવ્યો એટલે બેયની આકરી પૂછપરછ થવા માંડી હતી અને સાવ અકારણ ભેરવાઈ ગયેલી ફાતિમા-ચંદાએ પોપટની જેમ બોલવાનું શરૂ કરી દીધું હતું. બંને સાવ સાચું જ કહી રહી હતી, પણ તેનાથી પરિહાર જબ્બર રીતે ગોટે ચડ્યો હતો.

એ બંને બજારું ઓરત હોય, એક એવા આદમીની સાથે વિલિઝમાં છેક રાજનંદગાંવથી આવે- જેનું તેઓ નામ પણ ન જાણતી હોય, અહીં આવવાનો હેતુ પણ તેમને ખબર ન હોય, એ આદમી બીએસએફના જવાનો પર ગન ચલાવે અને ઢળેલી એક પણ લાશમાં કે જીવતાં પકડાયેલાઓમાં એ આદમી ન હોય. એમાં પણ એ બંને છોકરીઓનું બાંગ્લાદેશ કનેક્શન જાણ્યા પછી પરિહારને સહેજેય વિશ્વાસ પડતો ન હતો. તેણે એ બંને ઓરતોને કસ્ટડીમાં રાખવા ઓર્ડર કરી દીધો.

ચેકપોસ્ટ પરથી ફર્સ્ટ એઈડ કિટ્સ આવી અને ઘાયલોની સારવાર શરૂ થઈ. પરિહારનો યુનિફોર્મ ફાડીને બાવડું ખુલ્લું કરાયું. તેની આખી પીઠમાં અને છેક ડાબા હાથના પહોંચા સુધી પારાવાર સણકા ઉપડતા હતા. ખભો સૂજી ગયો હતો. પરિહારે દર્દને ગણકાર્યા વગર જાતે જ જમણો હાથ પાછળ વાળીને ઘા તપાસ્યો હતો. કારતૂસના બેરલને સ્પર્શ કરીને તે ઘડીક અચંબામાં મુકાયો. માંસપેશીમાં કારતૂસ જે રીતે ખૂંચેલી હતી એ અછડતું અનુભવીને તે ચોંક્યો. તેના ઘા પર બેન્ઝીનમાં પલાળેલો રૂનો પેલ લગાડી રહેલા જવાનનો હાથ રોકીને તેણે ઘડીભર આંખો બંધ કરી અને કશુંક યાદ કરવાનો પ્રયાસ કર્યો.

કશુંક સમજાતું ન હોય તે રીતે તેણે ડોકું ધુણાવ્યું. તેના ઘાવની સારવાર કરી રહેલો જવાન પણ પરિહારની આ અન્યમનસ્ક હરકત સમજી શકતો ન હતો.

'સ્કાલપેલ ઓર ફોર્સેપ નિકાલ...' તેમણે એઈડ કિટ ભણી આંગળી ચીંધીને જવાનને કહ્યું.

'જી સર...'

'અરે, નિકાલ ના...' જવાન અવઢવમાં હતો પણ પરિહારના મગજમાં કંઈક જુદું જ ધમસાણ મચ્યું હતું.

'માંસપેશીમાં સ્કાલપેલ ખોસીને કારતૂસને સહેજ ઊંચી કર અને ચીપિયાથી ખેંચી લે...'

'લેકિન સર, બહોત દર્દ હોગા...' પરિહારના આદેશ છતાં એ જવાન આ રીતે કારતૂસ ખેંચતા ખચકાતો હતો, 'ચોપર આતે હી આપ બિકાનેર...'

'મૈંને ક્યા બોલા?' ધૂંધવાતા પરિહારે ડોળા તગતગાવીને કહ્યું, 'દર્દ હોગા તો હોગા... નિકાલ...'

ધ્રૂજતા હાથે એ જવાને સ્કાલપેલની ધાર વડે માંસપેશી ભારપૂર્વક દબાવી એટલે કારતૂસનું બેરલ સહેજ ઊંચકાયું. જરાક દેખાતા બેરલને ફોર્સેપ (ચીપિયા) વડે પકડીને તેણે ધીમે ધીમે ખેંચવા માંડ્યો. લોહીના રગેડાથી પરિહારની પીઠ ભીંજાઈ રહી હતી. એક જવાન સ્પિરિટના પેલ વડે લોહી સાફ કરી રહ્યો હતો અને પરિહાર હોઠ બીડીને, દાંત કચકચાવીને, ડોળા તગતગાવીને ગળામાંથી નીકળતો ઉંહકારો રોકી રહ્યો હતો.

છેક હાડકા સુધી ખૂંપેલી કારતૂસ અઢી-ત્રણ મિનિટની જહેમત પછી નીકળી હતી, પણ એટલો વખત જડબાં તંગ કરીને રૂંવેરૂંવેથી ફાટતી ચીસને દબાવી રહેલા પરિહારને એક આખા જન્મારા જેવો લાગ્યો હતો. ફાટેલી માંસપેશી પર બેન્ઝિનનો પેલ દબાવાયો ત્યારે તેમની આંખે અંધારાં આવી ગયાં હતાં.

મહામહેનતે થોડાં સ્વસ્થ થઈને તેમણે એ કારતૂસ હાથમાં લઈને ચકાસી. અસહ્ય દર્દને લીધે આંખમાં ભરાયેલાં પાણીને લૂછીને તેમણે કારતૂસને બરાબર નીરખી. પછી કંઈક સૂઝ્યું હોય તેમ પાકિસ્તાનીઓએ વાપરેલી ગન મંગાવી અને તેની કારતૂસ ચેક કરી. તેમના ચહેરા પર સ્પષ્ટ અંદેશો તરી આવતો હતો. તેમનો ડાબો હાથ ઝોળીમાં નાંખી રહેલા જવાનને હડસેલીને તે ફરીથી એ જગ્યા પર ગયા, જ્યાં ફાયર કરતી વખતે તેમને ગોળી વાગી હતી.

આંખ બંધ કરીને તેમણે મનોમન એ દૃશ્ય અને પોતાની પોઝિશન રિવાઈન્ડ કરી. એ જ પોઝિશનમાં આવીને તેમણે ગન તાકતાં હોય તેવી મુદ્રા કરી જોઈ.

- અને તેમના ચહેરા પર રીતસરનો ફડકો ફરી વળ્યો.

છત્રીના ઓટલા પાસે લપાવા મથતા બે આદમીઓને પોતે વીંધી નાંખ્યા એ જ વખતે બીજા બે આદમી (ત્વરિત અને છપ્પન) ઓટલાની આડશ છોડીને એકધારા ફાયરિંગ કરતા વિલિઝ ભણી દોડવા મથતા હતા. પોતે તેમની તરફ સ્નાઈપરનું નાળચું ઘુમાવ્યું એ જ વખતે તેમને ગોળી વાગી હતી. પોતાની પોઝિશન જોતાં એ ગોળી ડાબી તરફ મંદિરની દિશાએથી છૂટી હોવી જોઈએ અને એ દિશામાં તો પોતાનો જ કાફલો હતો. વળી, પોતાને વાગેલી ગોળી 9 એમએમ બ્રાઉનિંગ હાઈસ્પીડ પિસ્તોલની હતી, જ્યારે કે પાકિસ્તાનીઓ પાસેથી ગ્લોક અને કોલ્ટ ગન મળી હતી.

ગન નવી હતી, પોઝિશન અલગ હતી. તો શું તેમનો કોઈ આદમી મંદિરમાં ય પેઠેલો હતો?

ગુસ્સાથી, અવઢવથી, એક પછી એક ખૂલતી નવી-નવી ગુત્થીઓથી પરિહારનું મગજ ચકરાવે ચડી ગયું હતું.

બ્રાઉનિંગ પિસ્તોલ સાથે મંદિરમાં કોઈ આદમી તેમના પર નજર રાખતો હોય, એ આદમી એક જ રાઉન્ડ ફાયર કરે અને એ પણ એવે વખતે, કે જ્યારે પોતે વિલિઝ ભણી જઈ રહેલા બે આદમીને નિશાન બનાવવા જતો હોય... એ આદમી આખાય જંગથી પોતાને અલિપ્ત રાખવા માંગતો હતો? તેનું ધ્યાન સતત જંગમાં જ હતું અને ફક્ત પેલા બે આદમીને બચાવવા પૂરતું જ તેણે ફાયર કર્યું હતું?

'અરે, બિશન...' પરિહાર પોતાની ઘાયલ અવસ્થા વિસરીને ઝાટકાભેર ઊભો થયો અને હાક પાડી દીધી,

અચાનક તેમને ફરીથી મંદિરમાં થયેલો ભેદી ઘંટારવ યાદ આવ્યો હતો, 'અરે, ઓ બિશન... મંદિર મેં ઘંટિયાં કૌન બજા રહા થા?'

'યે... યે...' અચાનક આકરી ત્રાડથી પુછાયેલા સવાલથી હેબતાયેલા બિશને યાત્રાળુઓ ભણી આદમી ચીંધી દીધી. 'યે સબ હી બજા રહે થે...'

જંગ ચાલુ હતો એ વખતે મંદિરમાં ચાલુ થયેલા ઘંટારવથી ત્રાસીને પરિહારે એ અવાજ બંધ કરાવવા બિશનને ધકેલ્યો હતો. બિશને ત્યાં જઈને જોયું તો ડઘાયેલા દેહાતી યાત્રાળુઓ સમજ્યા વગર મંદિરના પિતળના ઘંટ એકધારા ઠોક્યે જતા હતા. તેણે ડારો દઈને એ બંધ કરવા ઈશારો કર્યો છતાં ઘંટારવ જારી રહ્યો. છેવટે ઓટલાનાં પગથિયાં ચડીને એ ઉપર ગયો અને બૂમ પાડીને ઘંટારવ બંધ કરાવ્યો હતો. ડરથી કાંપતાં યાત્રાળુઓને તેણે ગર્ભગૃહની આડશમાં ધકેલ્યા હતા.

પણ અત્યારે પરિહાર કેમ એ પૂછી રહ્યો હતો એ તેને સમજાતું ન હતું.

'એક-એક કો પકડ પકડ કે પૂછો...' ગિન્નાયેલા પરિહારે ફરીથી ઓર્ડર ઝાડવા માંડ્યા, 'ઘંટિયા બજાને કી શુરૂઆત કિસને કી થી?' કોઈને સમજાતું ન હતું, પરંતુ પરિહારના મગજમાં ધૂંધવાતું દૃશ્ય ધીમે-ધીમે ચોખ્ખું થવા માંડ્યું હતું.

ફરીથી યાત્રાળુઓની પૂછપરછનો આકરો દૌર ચાલ્યો. અબુધ દેહાતીઓ માટે તો આ ધૂમધડાકા જ બેશૂધ કરી દેવા માટે પૂરતા હતા તેમાં હવે બીએસએફની અસલ ખાખી પૂછપરછ શરૂ થઈ. અકળાયેલા જવાનોએ એકાદને ધોલધપાટ પણ કરી લીધી એથી ડઘાયેલા અભણ યાત્રાળુઓમાં ભયપ્રેરિત રડારોળ પણ ચાલુ થઈ ગઈ.

છેવટે એક ઓરત જરાક ખસીને તેના શૌહર ભણી ગઈ અને તેના કાનમાં કંઈક કહ્યું. તેનો શૌહર ઘડીક ખચકાયો પછી દબાતા પગલે જવાન તરફ આગળ વધ્યો અને ધ્રૂજતા અવાજે કહ્યું, 'સા'બ, મેરી ઓરત કહ રહી હૈ કિ...'

- અને તેણે કહ્યું તેનાથી પરિહારના પેટમાં અચંબાના આંટા ભીડાવા લાગ્યા.

*** *** ***

પોતે ઊંટની રાશ અને મજોઠ વચ્ચે બહુ ખરાબ રીતે ફસાઈ ચૂક્યો છે અને દર્દનાક ચીસો નાંખતું ઊંટ ઊંધી જ દિશામાં રેગિસ્તાન તરફ આંધળી દોટ મૂકી રહ્યું છે તેનો ત્વરિતને બહુ મોડો ખ્યાલ આવ્યો.

ઊંટ ઊભું થયું અને ભાગવા માંડ્યું ત્યારે ઘડીભર તેને એમ લાગ્યું કે પોતાના વજનને લીધે જ હમણાં તે રાશની ગાંઠમાંથી સરકીને નીચે પટકાશે. ઓચિંતી પછડાટથી બચવા તે હવાતિયાં મારી રહ્યો હતો પણ જેમજેમ તે ઝાટકા મારતો જતો હતો તેમ તેમ વજનદાર મજોઠ સરકીને તેના પગ ફરતો મજબૂત ગાળિયો વીંટતી જતી હતી. એકધારા હડદોલા અને ઢૂવાઓ પરની ચડ-ઊતરને લીધે સતત બદલાતા લેન્ડસ્કેપ જોઈને ત્વરિતને ખ્યાલ આવ્યો કે ઊંટ દેમાર ઝડપે ભાગી રહ્યું છે.

શરૂઆતમાં તો તેને ફાળ પડી. આ લાચાર સ્થિતિમાં પહેલો વિચાર તેને ગન ફાયર કરીને રાશ તોડવાનો અથવા તો બેકાબૂ બનેલા ઊંટને જ ગોળી પરોવી દેવાનો આવ્યો. તેના ખભા પરની રાઈફલ તો ક્યારનીય સરકી ગઈ હતી અને નેફામાં ડાબા પડખે ખોસેલી ગન કાઢવાનું તેને અઘરું પડતું હતું. ડાબો હાથ રાશમાં લપેટાયેલો હતો અને છાતી પર બાંધેલી મૂર્તિની જાડાઈને લીધે જમણો હાથ ત્યાં સુધી પહોંચતો ન હતો.

ઊંટથી છૂટવા મથતો ત્વરિત અને ત્વરિતને પટકવા મથતું ઊંટ... એ કશ્મકશ ક્યાંય સુધી ચાલ્યા કરી. બેકાબૂ ઊંટ કારમી ચીસો પાડતું રેગિસ્તાનના ઢૂવાઓ એક પછી એક ઓળંગતું ભાગ્યા જ કર્યું. એક-એક હડદોલા સાથે ખેંચાતી રાશનો ગાળિયો ભીંસાતો જતો હતો. ઊંટના બહુ જ ખરાબ રીતે છૂંદાયેલા મોં પરથી ફેંકાતા લોહીના રગેડાની ધાર અને માંસના લોચા ત્વરિતના ચહેરા પર, છાતી પર ફંગોળાતા હતા.

એકધારી દિશાહીન દડમજલ પછી ઊંટ ઘડીક થંભ્યું. તેના પેટ સાથે ચીપકેલા ત્વરિતને ઊંટનાં ફેફસાંની હાંફ સ્પષ્ટ વર્તાતી હતી. પોતાના હલનચલનથી ઊંટ વધારે ભડકે છે એવું પારખી ગયેલા ત્વરિતે આટલી ખરાબ હાલતમાં ય શરીરને સ્થિર રાખવાનો પ્રયાસ કર્યો.

તેની આંખો સામેના આકાશનો રંગ ધીમે ધીમે બદલાવા લાગ્યો હતો. ચળકતા, રૂપેરી ફુગ્ગાઓનાં ઝૂમખાં જેવાં વાદળો પર કેસરવરણી ઝાંય પથરાવા લાગી હતી. બંદૂકની ધણધણાટી, હેન્ડગ્રેનેડના ધડાકા એ બધું શમી ગયું હતું કે પોતે ખાસ્સો દૂર ધકેલાઈ આવ્યો હતો? ઊંટ ખુબરાથી રેગિસ્તાનની બહાર નીકળવાના રસ્તે ભાગ્યું હતું કે પોતે રેગિસ્તાનમાં વધુ ઊંડે સુધી આગળ હડસેલાયો હતો? છપ્પને વિલિઝ સ્ટાર્ટ કરી એ તો તેણે જોયું હતું પણ છપ્પન ભાગી શક્યો હતો?

ડાબો હાથ રાશમાં અને જમણો પગ મજોઠમાં એવી તંગ હાલતમાં લટકતો ત્વરિત મનોમન છૂટવાની નવી વેતરણ આદરે એ પહેલાં તેને ઊંટના પગમાં અજબ સંચલન અનુભવાયું. તેના ચારેય પગ ધ્રૂજવા લાગ્યા હતા. પેટમાં જાણે ધમણ ફૂંકાતી હોય તેમ બેકાબૂ થડકારા ત્વરિતના શરીરને અથડાતા હતા.

અચાનક ઊંટે કારમો ગાંગરોટો નાંખ્યો. લથડિયાં ખાતું તે વધુ થોડોક સમય દોડવા લાગ્યું અને અચાનક તેના પાછળના પગ ફસકાયા અને ઢૂવાઓના ઢાળ તરફ તેણે ગડથોલિયું ખાધું. પટકાયેલા ઊંટ સાથે ત્વરિત પણ ઢૂવાની નર્મ બિછાત પર પછડાયો. ઊંટે ઊભા થવા માટે મરણિયો ગાંગરોટો નાંખીને આગળના પગ રેતીમાં ખૂંપાવ્યા પણ હવે તેની તમામ તાકાત અને શરીરની તમામ ચેતના જવાબ દઈ રહી હતી.

ઊંટે આકાશ તરફ જોયું. છૂંદાયેલા મોંમાંથી છેલ્લો અવાજ કાઢ્યો. આગળના પગનો લથડાટ વધ્યો. ઊંટ છેલ્લા શ્વાસ લઈ રહ્યું છે તે પારખીને ત્વરિત તમામ તાકાત એકઠી કરીને સ્થિર રહેવા મથતો રહ્યો. તેણે ધીમે ધીમે જમણો હાથ ઊંચકીને ઊંટના શરીરને વહાલપભેર પસવાર્યું. ક્યાંય સુધી તેણે હાથ પસવાર્યા કર્યો. છેવટે રેગિસ્તાનના એ છોરુંએ કારમી પીડાને શાતા આપવા માટે રેતીના ઢેર વચ્ચે છૂંદાયેલું મોં ખોસ્યું અને પછી ત્યાં જ ફસકાઈ પડ્યું.

ઊંટના મજોઠમાં ફસાયેલો પગ ત્વરિતે બહાર ખેંચવાની મથામણ આદરી ત્યારે છાતી માથેનું આખું આકાશ હિંગળોક રંગે રંગાઈ ચૂક્યું હતું અને રેતીના ઢૂવાઓ પછવાડે દિવસભર લપાઈને બેઠેલો કાન ફાડી નાંખતો સન્નાટો અંધારું ઓઢીને દબાયેલાં કદમે બહાર નીકળી રહ્યો હતો.

*** *** ***

એ દેહાતી ઓરતના પતિએ ધીમા, ગભરાયેલા અવાજે જે કંઈ કહ્યું એથી પરિહારના ચહેરા પર કારમી સ્તબ્ધતા અંકાઈ ગઈ.

તેની વાતમાં અવિશ્વાસ કરવાનું કોઈ કારણ ન હતું. તેણે કહ્યું એટલે બીજા ય એક-બે યાત્રાળુઓએ હામી ભરી હતી. પરિહારે ઘડીભર આંખ મીંચીને મનોમન એ કેફિયત પ્રમાણેનું દૃશ્ય મંદિરની પરસાળમાં ભજવાતું કલ્પી લીધું.

અલાદાદે પહેલી ગોળી છોડી એ સાથે જ મંદિરમાં અબુધ યાત્રાળુઓમાં હો- હા મચી ગઈ હતી અને સૌનું ધ્યાન છત્રી તરફ દોરાયું હતું. એ પછી ખુબરામાં હાજર બીએસએફના બંને જવાનોએ પોઝિશન લીધી અને ઓટલા પાસેથી વધુ એક રાઉન્ડ ફાયર થયો એટલે છત્રી આસપાસ ઊભેલા કેટલાંક યાત્રાળુઓ ગભરાઈને મંદિર ભણી દોડ્યા.

મંદિરમાં આવીને તેમણે એક આદમી (અલાદાદે છોડેલી ગોળીથી બીએસએફનો જવાન) માર્યો ગયો હોવાનો આંખેદેખ્યો અહેવાલ આપ્યો એ પછી યાત્રાળુઓમાં ફફડાટ વ્યાપી ગયો.

ત્યાં સુધી કોઈને ખબર ન હતી કે ઓટલા આસપાસ ત્રણ-ચાર જણા વચ્ચે શાની ઝપાઝપી થઈ રહી છે અને તે લોકો કોણ છે. પરિહારનો કાફલો ઢૂવા પરથી ઊતરીને મંદિરમાં પ્રવેશ્યો ત્યારે તેઓ બીએસએફના માણસો હોવાની ખાતરી થઈ હતી.

ખુબરામાં, ઓટલા પાસે અને ઢૂવાઓ પર જંગ બરાબર જામ્યો અને પરિહારના જવાનો મંદિર છોડીને આગળ વધ્યા કે તરત મંદિરની પરસાળમાં થાંભલીઓની આડશમાં લપાવા મથતા યાત્રાળુઓ પૈકી ઘૂમટો તાણેલી એક ઓરત ઊભી થઈ હતી અને સૌના ફફડાટ વચ્ચે અચાનક તે મંદિરની બરાબર વચ્ચેનો ઘંટ વગાડવા માંડી હતી.

એકધારો ઘંટારવ કરતાં જઈને તેણે અન્ય ઓરતોને અને યાત્રાળુઓને ય ઈશારાથી બોલાવ્યા અને બીજા ઘંટ વગડાવવાના ચાલુ કરી દીધા. પછી તો તેનું જોઈને દેખાદેખીમાં સઘળા અબુધ, દેહાતી યાત્રાળુઓ ગભરાઈને ટંકોરા પર 'ટનન્..ટનન્' મંડી પડ્યા. એક યાત્રાળુએ ક્યાંકથી ઝાલર શોધી કાઢીને તેના પર દાંડી પીટવા માંડી. તેનાથી મનોવૈજ્ઞાનિક અસર એ ઊભી થઈ કે, ખુબરામાં છૂટી રહેલી ગોળીઓના અવાજ આ ઘંટારવમાં દબાઈ જવા લાગ્યા અને ઘંટારવ સાથે સંકળાયેલા ઈશ્વર સામિપ્યના અહેસાસથી સૌનો ગભરાટ પણ થોડો ઘટ્યો.

અહીં સુધી જ જો બન્યું હોત તો પરિહારે તેને અબુધ યાત્રાળુઓની ભયપ્રેરિત શ્રદ્ધા ગણી લીધી હોત, પરંતુ એ ઓરતનું અહીં પછીનું બયાન વધુ ચોંકાવનારું હતું.

મોટાભાગના યાત્રાળુઓ ઘંટારવ કરવામાં, ઝાલર વગાડવામાં અને મોટેમોટેથી સ્તુતિ બોલવામાં લાગી ગયા ત્યારે સૌથી પહેલો ઘંટારવ ચાલુ કરનારી એ સ્ત્રીને મંદિરની પછવાડે

લપકતાં આ ઓરતે જોઈ હતી. તેણે માથા પરનો ઘૂંઘટો હટાવી દીધો એથી આ ઓરતનું ધ્યાન વિશેષ ખેંચાયું હતું.

કેશાવલિના આ રેગિસ્તાની ઈલાકામાં આવેલા મંદિરે કોઈ દેહાતી ઓરત એકલી આવે એ શક્ય ન હતું અને દેહાતી ચરવાહાઓની પરંપરા મુજબ, પુરુષોની હાજરીમાં કોઈ સ્ત્રી માથા પરનો ઘૂંઘટો ઉતારી નાંખે એ ય તાજુબીભર્યું જ હતું.

અંદર સૌને ટંકોરા, ઝાલરે વળગાડીને કોઈનું ધ્યાન ન પડે તેમ એ એકલી મંદિરની પછીતે સરકી ગઈ હતી, માથા પરનો ઘૂંઘટો ઉતારીને તેણે કમરમાં ખોસેલો ચૂંદડીનો છેડો ય કાઢી નાંખ્યો અને જાંબલી અતલસની ચોળીમાં હાથ નાંખીને ભરાવદાર ઉભાર વચ્ચેથી એક પિસ્તોલ કાઢી હતી. પછી ઘાઘરાની સાળ ઊંચી કરીને ગોરી, માંસલ પીંડી ફરતો બાંધેલો પટ્ટો તેણે છોડ્યો અને તેમાંથી સહેજ મોટા કદની વધુ એક પિસ્તોલ કાઢી. ઘેરદાર ઘાઘરાનું નાડું સહેજ ઢીલું કરી તેની વચ્ચે તેણે સપાટાભેર એ પિસ્તોલ બાંધી લીધી. આ બધો વખત એ એકધારી ખુબરાના મેદાન ભણી જોઈ રહી હતી.

- અને તેને બેહદ તાજુબીભેર જોઈ રહી હતી આ દેહાતી ઓરત.

અચાનક તેણે જોયું કે, એ ભેદી સ્ત્રીએ મંદિરની પાછળ પ્રદક્ષિણા માર્ગ પર સહેજ સરકીને જાળિયામાં બે આંગળા ભરાવ્યા. પછી ગોખલામાં પગ ટેકવીને શરીરને ત્વરાથી ઊંચક્યું હતું અને અડધી લટકેલી હાલતમાં બે થાંભલી વચ્ચેથી તેણે આબાદ ગોળી ચલાવી હતી. (એ જ ગોળીથી પરિહાર ઘાયલ થયા હતા) એ ક્યાંય સુધી એમ જ લટકતી ઊભી રહી અને પછી ખબર નહીં કેમ, પણ અચાનક તેણે નીચે ભૂસકો માર્યો અને મંદિરની પાછળના ઢૂવાઓ ભણી ક્યાંક ગાયબ થઈ ગઈ.

તેને ગોળી ચલાવતી જોઈને હેબતાઈ ગયેલી એ ગામડિયણ ઓરત એટલી હબકી ગઈ હતી કે એ વિગતો કહેતી વખતે હજુ ય તેનો અવાજ થોથવાતો હતો અને ચહેરા પર ખૌફ તગતગતો હતો.

સ્વાભાવિક રીતે જ, પરિહારને પહેલી શંકા ફાતિમા અને ચંદા પર ગઈ, પણ એ બંને તો છેક સુધી મંદિરમાં જ થાંભલી પાસે કે અન્ય કોઈક જગ્યાએ ડઘાયેલી હાલતમાં ઊભી હતી એવું કહેનારા બીજા ય મળી આવ્યા અને આ ઓરતે પણ ફાતિમા-ચંદાને બરાબર નિહાળીને કહી દીધું, 'ઈ દોન મેં સે કોઈ નંઈ થી, સા'બ'

'તો?' અકળાયેલા પરિહારે પૂછી તો નાંખ્યું, પણ તેમને ય બરાબર ખબર હતી કે આ ઓરતે જેટલું જોયું હતું એ બધું જ કહી દીધું છે.

'ઉસકા પહનાવા તો હમરા થા પર..' એ ઓરત ડઘાયેલી આંખે ઉશ્કેરાટભેર કહી રહી હતી, 'ઉ તો કોઈ મેમસા'બ જૈસી થી... ગોરી.. ગોરી... બ્હોત હી...'

એ અટકી ગઈ પણ તેની આંખોના ચમકારામાં સ્પષ્ટ સંભળાતું હતું, 'બ્હોત હી ખૂબસૂરત...'

આટલું કહીને તેણે આંખો ઝુકાવી દીધી ત્યારે પરિહારના મગજમાં એક પછી એક અંકોડા ગૂંથાઈ રહ્યા હતા.

ગામડેથી આવેલા યાત્રાળુઓ ભેગી એ છોકરી પહેલેથી જ અહીં મોજૂદ હતી. ફાયરિંગ શરૂ થયું ત્યારે તેણે પોતાની હિલચાલ ભણી કોઈનું ધ્યાન ન ખેંચાય એ માટે અહીં ઘંટારવ ચાલુ કરાવવાની જુક્તિ વાપરી. ગભરાયેલા યાત્રાળુઓ ટંકોરા આસપાસ એકઠા થયા હોય એ વખતે પોતે આસાનીથી બહાર સરકી શકે અને ધારો કે પોતાને ગન ચલાવવાની થાય તો પણ પિત્તળના મસમોટા ટંકોરાના અવાજમાં પોતે ચલાવેલી ગોળીનો અવાજ પણ દબાઈ જાય.

અચાનક શરૂ થયેલી બંદૂકોની ધણધણાટી અને ઢળી ગયેલી લાશને લીધે ડરી ગયેલા યાત્રાળુઓ તેનું જોઈને દેખાદેખીમાં ટંકોરા, ઝાલર વગાડવા માંડ્યા પછી એ લાગ જોઈને બહાર સરકી ગઈ.

પેલી ઓરતે ચીંધેલી જગ્યાએ જાળિયા અને ગોખલામાં પરિહારે ઝીણવટભરી તપાસ કરી હતી. દીવાની મેંશ અને ઘીની ચીકાશથી ખરડાયેલા ગોખલામાં કોઈકનું પગલું સ્પષ્ટ વર્તાતું હતું. પરિહારે પોતે ખભાની ઈજાની પરવા કર્યા વગર બિલકુલ એ રીતે લટકીને ખાતરી પણ કરી જોઈ અને તેમના હોઠ વચ્ચેથી અનાયાસે જ તારીફભર્યો સિસકારો નીકળી ગયો.

એ છોકરીએ આવી લટકતી સ્થિતિમાં એક હાથ વડે બે થાંભલીઓ વચ્ચેની જરાક અમથી જગામાંથી નિશાન તાકીને પોતાનો જમણો ખભો આબાદ વીંધી નાંખ્યો હતો.

કાબેલ નિશાનબાજીના અહેસાસથી સમસમી ગયેલા પરિહારે ડોકું ધુણાવી નાંખ્યું. સાથીદારોનું મૉરલ ટકાવી રાખવા તેઓ ચહેરાને સપાટ રાખવાનો પ્રયત્ન કરતા હતા પણ કપાળ પર તણાયેલી ભ્રુકુટીમાં એ સવાલ સ્પષ્ટ વંચાતો હતો...

કોણ હતી એ છોકરી???

*** *** ***

નર્સે ધરેલી દવા છપ્પને પરાણે કટાણું મોં કરીને જીભ પર મૂકી. બીજા હાથે નર્સે મોંએ માંડેલા ગ્લાસમાંથી નાળિયેર પાણીનો મોટો ઘૂંટડો ગળા નીચે ઝડપથી ઉતારી દીધો અને પછી તરત મોટા અવાજે ઓડકાર ખાઈ લીધો.

‘અભી શામ તક પેશન્ટ કો કમજોરી મહેસૂસ હોગી... ’

છપ્પને અધખુલ્લી આંખે જોયું તો નર્સ તેને નહીં પણ સોફા ભણી મોં કરીને કોઈકને કહી રહી હતી. અચાનક તેની સ્મૃતિ સળવળી.

હા... એ જ હતો... એ જ...

તેની આંખો ફરીથી બેહોશીમાં ઢળી પડી એ પહેલાં દરવાજો ખોલીને તે અંદર આવ્યો હતો અને સોફા પર સ્ટાઈલથી બેસતાં તેણે પૂછ્યું હતું,

‘કઈસન હો છપ્પન બાદશાહ?’

હવે પૂર્ણતઃ હોશમાં આવી રહેલા છપ્પનના હૈયામાં કારમી કિચુડાટી બોલવા લાગી હતી. દિમાગની બોઝિલ હાલત અને શરીરની ઘાયલ અવસ્થા વચ્ચે ય તેણે ફટાફટ વિચારવા માંડ્યું.

‘કોઈ બાત નહિ... રાત કી દવાઈ મૈં વક્ત પર દે દુંગા...’ ઊંઘવાનો ડોળ કરી રહેલા છપ્પને ચૂંચી આંખે જોયું. નર્સને કહેતો એ પર્સમાંથી પૈસા કાઢી રહ્યો હતો.

‘પ્લિઝ કન્વે માય થેન્ક્સ ટુ ડોક્ટર...’ તેણે નર્સના હાથમાં ટિપ થમાવી, ‘સી યુ ટુમોરો...’ દરવાજા સુધી નર્સને વળાવીને તે અંદર આવ્યો એટલે છપ્પન હતી એટલી તાકાત એકઠી કરીને સતર્ક થઈ ગયો.

‘છપ્પન બાદશાહ...’ નજીક આવીને તેના પર ઝળુંબીને તેણે છપ્પનના વાળમાં એવા આર્જવથી હાથ પસવાર્યો જાણે એ તેનો બાપ હોય.

અણીદાર નાક, સ્હેજ ફિક્કો ચહેરો, એવી જ ફિક્કી પીળાશ પડતી આંખો, ભૂખરા વાળ, કોઈ પણ ઢાંચામાં આસાનીથી ઢળી જાય તેવો પાતળો, એકવડિયો, છરહરો બાંધો...

એ જ હતો... દૂબળી.

'બિલકુલ ફિકર ન કરીશ...' તેણે છપ્પનની સ્તબ્ધ આંખોમાં તાકીને પ્રેમાળ સ્મિત વેરતાં કહ્યું, 'અબ મૈં આ ગયા હૂં...'

જવાબમાં પોતે શું પ્રતિક્રિયા આપવી તેના વિચારમાં છપ્પન તેને તાકી રહ્યો. બંનેએ એક પણ શબ્દ બોલ્યા વગર એકમેક સામે જોયા કર્યું.

છેવટે છપ્પને હોઠ ફફડાવ્યા, 'એ મૂર્તિ...'

'તું શ્રમ ન લે...' તેણે તરત હાથ લંબાવીને છપ્પનને બોલતો રોક્યો, 'મને ખબર છે, મૂર્તિ તારી પાસે નથી. મને એ પણ ખબર છે કે મૂર્તિ ત્વરિત પાસે છે અને એ બિચારો...'

એ બે સેકન્ડ અટક્યો પણ એટલી વારમાં છપ્પનનું હૈયું ધબકારા ચૂકી ગયું. 'એ બિચારો...? શું થયું ત્વરિતને?' અચાનક તેનો અવાજ ઊંચકાયો અને તેણે પૂછી નાંખ્યું.

'ઘાયલ ઊંટની રાશ વચ્ચે ફસાઈને તે રેગિસ્તાનમાં ક્યાંક લાપતા થઈ ગયો છે.'

'ઓહ નો...' છપ્પનની આંખમાં ઝળઝળિયાં આવી ગયાં અને તેણે બે ય પોપચાં ભારપૂર્વક બીડી દીધાં, 'પણ તેં તેને બચાવવાની કોશિશ ન કરી?'

'વોટ ડુ યુ થિન્ક?' તેણે પલંગમાં સ્હેજ જગ્યા કરીને છપ્પનની બાજુમાં જ બેસતાં કહ્યું, 'મારા હાથમાં હોત તો મેં પ્રયત્ન ન કર્યો હોત?'

'તને ખબર હતી કે...' નબળાઈ અને ધીમા બ્લડપ્રેશરને લીધે ક્ષીણ અવાજે છપ્પને ફિક્કી આંખ તાકીને પૂછ્યું. એ પૂછવા માંગતો હતો કે ખુબરામાં આવો જંગ જામશે એ તને ખબર હતી?

'ઈન ફેક્ટ, નો...' તેના અવાજમાં મક્કમતા હતી, 'નોટ એટ ઓલ... મને જો ખબર હોત તો મેં તને ય રોક્યો હોત અને રસ્તો ચૂકેલા ત્વરિતનેય મેં અટકાવ્યો હોત. જે કંઈ થયું એ મારા માટે ય તદ્દન અણધાર્યું હતું.'

'તો હવે? ત્વરિત?'

'વી વિલ ટ્રાય...' તેના હોઠ દૃઢતાપૂર્વક બિડાયા, 'મારી શિખામણ યાદ રાખશે તો કદાચ વાંધો નહીં આવે..'

છપ્પન આશ્ચર્ય અને આઘાતથી તેને તાકી રહ્યો. કઈ અગમચેતીથી આ માણસ ત્યાં હતો? કઈ રીતે તેણે મને બચાવ્યો? કઈ રીતે તે પોતાની જાતને અળગી રાખીને પણ સર્વત્ર હાજર હોય છે? ત્વરિતને વળી તેણે ક્યારે શિખામણ આપી? કઈ શિખામણ?

છપ્પન બોલ્યો નહીં, પરંતુ તેની આંખોમાં વિચારોનું ઘમસાણ સ્પષ્ટ વર્તાતું હતું.

'મંદિર તરફ જવાનો રસ્તો મેં તેને બતાવ્યો ત્યારે જ મેં તેને કહ્યું હતું કે મહેરબાન! ઈ રેગિસ્તાન હૈ. ઈહાં જો સામને દિખતા હૈ વો હોતા નહિ હૈ...'

*** *** ***

દિવસભર ધખધખીને ઉકળાટાની હાંફે ચઢેલું રેગિસ્તાન, રેગિસ્તાનની છાતીના હાંફમાંથી દમ-બ-દમ વલોવાતી વેરાની, વેરાનીના ખભે ચડીને કારમી ચીસ સાથે યાળ ઉછાળતો નિર્જન સન્નાટો અને સન્નાટાની તગતગતી આંખોમાંથી ફેંકાતો ભ્રમણાઓનો બિહામણો ચક્રાવાત...

ઊંટની રાશ અને મજોઠની નાગચૂડમાંથી મહાયત્ને મુક્ત થયેલો ત્વરિત ક્યાંય સુધી અસમંજસમાં એમ જ બેઠો રહ્યો હતો. હજુ ય તેના મનમાં અચાનક શરૂ થઈ ગયેલા ખુબરાના જંગની ભીષણ ધણધણાટીના ભણકારા વાગ્યા કરતા હતા અને

તે ભયથી છળી ઊઠતો હતો. મનમાં ફૂંકાતા ગોળીઓના સનકારાથી અનાયાસે જ ગરદન નમાવી દેતો હતો.

કેટલીય વાર સુધી અન્યમનસ્કપણે બેસીને તે આઘાત જીરવતો રહ્યો. પછી આસપાસનો માહોલ નીરખ્યો. દૂર નજર પહોંચે ત્યાં સુધી પથરાયેલી નિર્જન સ્તબ્ધતાને તેણે વિવશ આંખોએ જોઈ લીધી. એ ક્યાં હતો તેની કોઈ ગતાગમ ન હતી. રેતીના ઢૂવાઓ પાછળ સૂરજ આથમી રહ્યો હતો અને ઢાળ પરથી મલપતી ચાલે ઊતરતું કાળુંડિબાંગ અંધારું રણને ઘેરી વળવા હાથ પસારી રહ્યું હતું.

અંધારું થાય એ પહેલાં કંઈક રસ્તો વિચારી લેવો પડશે... મનોમન બબડીને તે ઝડપભેર ઊભો થયો અને હાથ ફંફોસીને ઊંટની પીઠ પર બાંધેલો કાઠડો ચકાસ્યો.

બીએસએફની પ્રણાલી મુજબ પેટ્રોલિંગ પાર્ટીના ઊંટની પીઠ પર કેટલોક સામાન ફરજિયાત લદાયેલો રહેતો. સવારી દરમિયાન હડદોલા ઓછા લાગે અને કરોડસ્તંભના મણકાને આંચકા ન લાગે એ માટે સિફતપૂર્વક કાઠડાની બેઠકથી પીઠ સુધી જડેલી પાતળી ગાદી તેણે ખેંચી લીધી. મજીઠના ચામડાના મજબૂત પટ્ટાની ખાંચમાં બાંધેલી ફર્સ્ટ એઈડ કિટ, પાણીની મશક, જાડા પ્લાસ્ટિકમાં વીંટાળેલા થર્મોકોલમાં આઠ-દસ પૂરી અને થોડુંક શાક.

તેણે સંભાળપૂર્વક દરેક ચીજ ઉતારી. તેના ગળામાં શોષ પડતો હતો. મશક મોઢે માંડીને તે પાણી ગટગટાવવા ગયો એ જ વખતે જાણે તેના માંહ્યલાએ રોક્યો હોય તેમ તેના હાથ અટકી ગયા. હવે તે તદ્દન અણધારી અને અનિશ્ચિત સ્થિતિમાં હતો. આ હાલતમાંથી એ કઈ રીતે, ક્યારે અને ક્યાં બહાર આવશે તે નક્કી ન હતું. પાણીનું એક-એક બુંદ હવે તેના માટે જિંદગીની સૌથી અણમોલ ચીજ હતું. ભૂખ-પ્યાસ અસહ્ય ન થઈ જાય ત્યાં સુધી તેણે કશું ખાવું-પીવું ન જોઈએ.

ગળું ભીંજાવવા પૂરતો પાણીનો એક જ ઘૂંટડો તેણે પીવો જોઈએ એવો મક્કમ નિર્ધાર કરીને તે મશક મોઢે માંડવા જતો હતો ત્યાં તેના કાનમાં કશીક ઘરઘરાટી જેવો અવાજ વર્તાયો. તેણે અવાજની દિશાનો ક્યાસ કાઢવા આંખ બંધ કરી. હવે ઘરઘરાટી સ્પષ્ટ સંભળાતી હતી. તેના ચહેરા પર ભયની રેખાઓ તરી આવી. હવામાં ઘૂમરાતી હેલિકોપ્ટરની બ્લેડનો એ અવાજ હતો. ઘરઘરાટી નજીક આવતી જતી હતી પણ રતૂમડા આકાશના ઝાંખા અજવાળામાં હેલિકોપ્ટર ક્યાંય દેખાતું ન હતું.

ઝીણી સાંકળીથી જડેલું મશકનું ઢાંકણ બીડીને તે ઝડપભેર ઊભો થયો અને ઊંટના કાઠડા પરની એકેએક ચીજ છોડી નાંખી. કાઠડા સાથે મઢેલું પાણકોરું પણ તેણે બેબાકળા હાથે ફાડવા માંડ્યું. રેગિસ્તાનના એકધારા રંગમાં પાણકોરા કપડાનો લાલ-કિરમજી રંગ હેલિકોપ્ટર જો પારખી જાય તો પોતે તરત ઝડપાઈ જાય. તેણે તમામ સામાન એકઠો કરી લીધો. કામની ચીજો એક પોટલામાં બાંધી અને નકામી ચીજો રેતીના ઢેર નીચે દાટીને તે દોડવા લાગ્યો.

કાશ્મીરના સુહાના હવામાનમાં ઉછરેલા ત્વરિત માટે રેગિસ્તાનનો આ પહેલો જ અનુભવ હતો અને પહેલા પરિચયમાં જ એ દોઝખના તમામ અર્થો પામી રહ્યો હતો. ઢૂવાઓ પર દોડવાનું જરા ય આસાન ન હતું. છાતી સાથે બાંધેલી મૂર્તિ, નેફામાં ખોસેલી ગન, કમરપટ્ટા ફરતા વીંટાળેલા મેગેઝિન, ખભા પર લટકતું પોટલું, જડબાંમાંથી ઉપડતા અસહ્ય લવકારા અને માથા પર ગાજતી, સતત નજીક આવી રહેલી હેલિકોપ્ટરની ફડફડાટી...

એ અભાનપણે દોડતો જ રહ્યો. ક્યાંક રેતીમાં ખૂંપેલો પગ ન ઊંચકાવાથી એ ગડથોલું ખાઈ ગયો. ક્યાંક અચાનક પૂરા થતા ઢૂવાના ઢાળ પર લપસીને મોં-ભેર પટકાયો. માથામાં, વાળમાં,

કાનમાં-નાકમાં... બધે જ એ બારીક રેતથી ખરડાઈ રહ્યો હતો. કપડામાં ઘૂસી ગયેલી રેતીનો ધગારો શરીર સાથે ડામની પેઠે ચંપાઈ રહ્યો હતો.

દિશાનું તેને ભાન ન હતું. સમયનો તેને ખ્યાલ ન હતો. સ્થળ વિશે એ તદ્દન અજાણ હતો.

- અને એ કશાની પરવા કર્યા વગર હાંફતી છાતીસરસી ચંપાયેલી મૂર્તિ ફરતો એક હાથ વીંટાળીને, અધખૂલી આંખે એ દોડતો જ રહ્યો.

ક્યાંય સુધી દોડ્યા પછી તેના પગ અટક્યા. બે તોતિંગ ઢૂવાઓ વચ્ચેની ઊંડી દર્રામાં એ ઢીંચણભેર ફસકાઈ પડ્યો. એકધારા શ્રમને લીધે તેના રૂંવે-રૂંવેથી પ્યાસ ફાટતી હતી. ચડ-ઊતરના અપાર શ્રમને લીધે ફેફસાં વ્હાણના સઢની જેમ ફુલાતાં હતાં. જડબાંના સણકાનું પારાવાર દર્દ મોંમાંથી લાળ બનીને વહેવા લાગ્યું હતું. એવી લૂઢકેલી હાલતમાં જ એ નીચું જોઈને હાંફતો રહ્યો.

હેલિકોપ્ટરની ઘરઘરાટી હવે દૂર સરી રહી હતી અને આમ પણ અંધારાની આગોશમાં લપાયેલા અફાટ રેગિસ્તાનમાં હેલિકોપ્ટર હવે તેની હાજરી પારખી શકે તેમ ન હતું. શ્વાસ પર કાબૂ મેળવીને તેણે નેફાની અંદરના ખિસ્સામાંથી મોબાઈલ કાઢ્યો અને સ્ક્રીનલાઈટને પોટલાની આડશમાં છુપાવીને ગ્લોબલ પોઝિશનિંગ સિસ્ટમ ચેક કરી. નેટવર્કની કનેક્ટિવિટી ન હતી એટલે જીપીએસમાં તેને ફક્ત કરન્ટ લોકેશન જ જોવા મળવાનું હતું, પરંતુ પોતે ડેરા સુલ્તાનખાઁ વિસ્તારમાં હોય તો પણ..

જોકે તેની આશા નાકામ રહી. તે થરના રણમાં ક્યાંક હોવાનું જણાતું હતું પણ એ સ્થળ ક્યું છે, ડેરા સુલ્તાનખાઁની દિશા કઈ અને પાકિસ્તાન કઈ તરફ એ બધી વિગત નેટવર્ક વગર ખબર પડે તેમ ન હતી. હવે સવાર ન પડે ત્યાં સુધી કોઈ આરો ન હતો. તેણે હતાશાભેર માથું ધુણાવ્યું અને ઊંડો નિઃશ્વાસ છોડ્યો. રેતી હવે શીતળ લાગતી હતી. એક તોસ્તાન ઢૂવાની આડશમાં તેણે પોટલું છોડીને મજોઠ પરથી ઉતારેલી પાતળી, સાંકડી ગાદી પાથરી. છાતી સાથે ઝભ્ભા વડે મુશ્કેટાટ બાંધેલી મૂર્તિ છોડી. ફર્સ્ટ એઈડ કિટ ખોલીને ગાઢ અંધારા વચ્ચે સ્પર્શ કરીને, સૂંઘીને તેણે રૂના પેલ વડે ચહેરો સાફ કર્યો અને પછી બેન્ઝોનમાં રૂ પલાળીને જડબાં પરનો ઘાવ સાફ કર્યો. થર્મોકોલના ડબ્બામાંથી ચવડ થઈ ગયેલી બે પૂરી અને શાકનાં બે ફોડવાં ગળા નીચે ઊતાર્યા અને અડધી ભરેલી મશકમાંથી માપી- જોખીને એક ઘૂંટડો પાણી પીધું.

હવે તેની આંખો ઘેરાતી હતી. માથા પાસે તેણે પાણીની મશક દબાવી. પ્લાસ્ટિકની થેલીમાં થર્મોકોલના ડબ્બાની સાથે જ મોબાઈલ, ગન અને મેગેઝિન સંભાળપૂર્વક મૂક્યાં. મૂર્તિ ફરતો એક હાથ વીંટાળેલો રાખ્યો. આ મૂર્તિ કેટલી વિલક્ષણ હતી તેનો અંદાજ તે પામી શક્યો હતો. છાતી સાથે ચંપાયેલી એ મૂર્તિના કઢંગા આકારના વિચારથી તેને કમકમાટી છૂટતી હતી.

ગળામાં નરમુંડની માળા... વિવસ્ત્રાં સ્માશાનાંલયાં મુક્તકેશી... એક હાથ વડે વાળ પકડીને ઝાલેલું અસુરનું રક્ત ટપકતું મસ્તક... મહાઘોરરાવા સુદૃષ્ટાં કરાલા... ઢીંચણથી ય છેક નીચે સુધી પહોંચતો ડાબો હાથ, છાતીમાં ડાબી તરફ કોતરાયેલા કશાંક આછા સંકેત... સ્વરૂપંમ ત્વદીયં ન વિન્દન્તિ દેવા...

એકધારા શ્રમ, શરીરનો થાક, મનનો તણાવ અને હૈયાનો ફફડાટ હવે હાવી થઈ રહ્યો હતો. ઢૂવાઓની આડશમાં લેટેલી હાલતમાં મૂર્તિઓના ભયાવહ વિચારો તળે ક્યારે તેની આંખ મીંચાઈ ગઈ તેની તેને ય ખબર ન પડી.

અચાનક તેની આંખ ઊઘડી ગઈ. કેટલો સમય વીતી ગયો, પોતે કેટલો સમય ઊંઘતો રહ્યો

તેનો અંદાજ આવે તે પહેલાં ચોમેરથી ફૂંકાતા તીણી સિસકારી જેવા અવાજો તેના કાનમાં પડઘાવા લાગ્યા. નિરવ સન્નાટા વચ્ચે અચાનક જ રેગિસ્તાનનું પેટાળ જાણે ખળભળ્યું હોય તેમ નીચેની ધરતી સરકતી જતી હતી. તેણે ઊભા થવાનો પ્રયાસ કર્યો પણ તેનાથી ચસકી ય નહોતું શકાતું. ઘડીભર એ બેબાકળો બની ગયો. તેના શરીર ફરતો રેતીનો ઢેર ખડકાતો જતો હતો.

રેગિસ્તાનમાં પવનનું તોફાન ઉપડ્યું હતું. જે ઢૂવાની આડશમાં તે લેટ્યો હતો એ ઢૂવો વેગીલા પવનના માર સામે સરનામાફેર કરતો જતો હતો અને પોતે જે દર્રામાં સૂતો હતો એ દર્રા પર નવો ઢૂવો આકાર લઈ રહ્યો હતો. એ ગાઢ ઊંઘમાં હતો અને તેને કોઈ ખ્યાલ આવે તે પહેલાં તેના શરીર પર ઝીણી, બારીક, નર્મ રેતીના ઢેર ખડકાવા લાગ્યા હતા.

તેણે રઘવાયા હાથ બેફામપણે ફંફોસીને રેતી તળે દટાઈ રહેલો પોતાનો સામાન શોધ્યો. પાણીની મશક સહિત બધું ફરીથી પોટલામાં બાંધ્યું. મૂર્તિ છાતી સાથે બાંધી અને સામેના ઢૂવા પર ચડવા માંડ્યું.

- પણ સાવ સામે જ દેખાતો ઢૂવો જોજનો છેટો જતો હોય તેમ તેને લાગતું હતું. દર્રામાંથી પસાર થતા ચક્રાવાતની લપડાક વાગતી હતી અને તે કાગળના પત્તાની માફક ફંગોળાઈ જતો હતો. આંખ આડે હાથનું નેજવું કરીને તેણે જોયું અને તેનું હૈયું કાંપી રહ્યું. ચક્રાવાતના કારમા સિસકારા વચ્ચે દૂર ઢૂવાઓ પર બિહામણા આકારો અધ્ધર ખડા થતા હતા અને ઓસરી જતા હતા. તેની આસપાસ ચોમેર જાણે ભૂતાવળ નાચતી હોય તેમ તેને લાગ્યું. એકેય દિશાએ તે ભાગી શકતો ન હતો. ક્યાંક પવનનો ચક્રાવાત ઘેરતો હતો તો ક્યાંક ઉપરથી ઊડતી રેતીના ઘટાટોપ તેને પાછો ધકેલતા હતા. કેટલીય વાર તેણે ઢૂવો ચડવાના પ્રયાસો કર્યા અને કેટલીય વાર તે નીચે પછડાયો.

તેનું શરીર જવાબ દઈ રહ્યું હતું. હૈયું છાતી ફાડીને બહાર ધસી આવવા મથતું હોય તેમ ધબકવા લાગ્યું હતું. આંખો ખુલ્લી રહેતી ન હતી અને બંધ આંખો તળે ભયનો ઓથાર બેવડાતો હતો. ઢીંચણિયાભેર બેસીને તેણે ઘડીક પોટલામાં મોં ખોસ્યું, ઘડીક ઊભા થઈને ઢૂવાઓની સામે પાર જવાનો નિર્ધાર કર્યો. ફરી ફસકાયો. ફરીથી ઊભો થયો... ફરીથી પછડાયો...

તેની આંખો તળેથી દાયકાઓનો સમય સરકી રહ્યો હતો અને મનોમન તે જેલમના કિનારે ચિનાર વૃક્ષથી ઘેરાયેલા તેના ઘરના વરંડામાં પહોંચી ગયો હતો. સમી સાંજે વાદીઓ પરથી શીતળ હવા પ્રસરી રહી હતી. વરંડામાં એકઢાળિયા તળે દીવડો પ્રગટાવીને તેના દાદા બુલંદ અવાજે ગાઈ રહ્યા હતા....

થડકતા હૈયે તેણે મૂર્તિ પર હાથ દબાવ્યો. રેતીની અડાબીડ ડમરી વચ્ચે પરાણે આંખો ખુલ્લી રાખી. બે હાથ આકાશ ભણી ફેલાવી દીધા. ગરદન ઊંચકી અને જડબાંની પીડા છતાં ય હતી એટલી તાકાત એકઠી કરીને મોટા અવાજે લયબદ્ધ રીતે ગાવા માંડ્યું..

વિવાદે વિષાદે પ્રમાદે પ્રવાસે
જલે ચાનલે પર્વતે શત્રુમધ્યે
અરણ્યે શરણ્યે સદા માં પ્રપાહિ
ગતિસ્ત્વં ગતિસ્ત્વં ત્વમેકા ભવાનિ

વિવાદ વખતે કે વિષાદ વચ્ચે, મારા આનંદના સમયે કે અજાણી ભોમમાં મારી નિયતિએ આંકેલા પ્રવાસ વખતે, પાણીમાં કે આગમાં, ભીષણ પહાડો, ગાઢ જંગલો કે કરાલ દુશ્મનો વચ્ચે.. હે દેવી, મારું રક્ષણ કરજો...

બુલંદ અવાજે એ એક-એક પંક્તિ ગાતો ગયો... ગાતો જ ગયો...

અને સદીઓનો સન્નાટો ઓઢીને ફૂંકાતી રેગિસ્તાનની અવાવરું, બે-લગામ હવા સિરફિરા આદમીની અદમ્ય જિજીવિષા જોતી રહી.

*** *** ***

નાસી ગયેલા બે આદમી, સ્નાઈપર રાઈફલ ચલાવીને છોડાવી ગયેલો એક આદમી અને મંદિરમાંથી ફાયર કરીને નાસી ગયેલી છોકરી...

લાપતા થયેલા આ ચાર લોકોને પરિહારે રેકર્ડ પર લેવાનું ટાળ્યું. પકડાયેલા પાકિસ્તાનીઓની પણ તેણે અદ્દલ લશ્કરી ઢબે પૂછપરછ કરી લીધી. તેમણે અલાદાદને પોતાના સ્થાનિક મળતિયા તરીકે ઓળખી બતાવ્યો, પરંતુ બીજા ચાર લોકો કોણ હતા એ વિશે તેમની પાસેથી ય કોઈ માહિતી મળી ન હતી. ફાતિમા- ચંદાને પરિહારે તેમની સામે ધર્યા ત્યારે ય તેમણે નકાર ભણ્યો.

એ ભેદી ચાર જણા કોણ હતા તે જાણવા માટે હવે ફાતિમા-ચંદા જ ઉપયોગી હતા, કારણ કે તેઓ જેમની સાથે આવ્યા હતા એ આદમી (ત્વરિત) લાપતા હતો. ફાતિમા-ચંદા કોણ છે એ જાણી શકાય તો લાપતા આદમીઓની ઓળખ પણ થઈ શકે. સતત રોકકળ કરતી, હેબતાયેલી આ બંને સ્ત્રીઓએ રાજનંદગાંવની કુખ્યાત ગલીનું એડ્રેસ આપ્યું એટલે શક્ય તેટલી ઝડપે તેની ખરાઈ કરવા પરિહારે તાબડતોબ બંદોબસ્ત કર્યો.

બિકાનેરથી આવેલા હેલિકોપ્ટરે છેક એલઓસી સુધી ત્રણ રાઉન્ડ મારી લીધા, પણ સાંજ ઢળી રહી હતી એટલે ઓવરવ્યૂ સ્પષ્ટ મળતો ન હતો. હેલિકોપ્ટરમાં જ ઘાયલોને બિકાનેર મોકલવાની વ્યવસ્થા થઈ અને ફાતિમા-ચંદાને ય મોકલી આપ્યા. તેમના ફોટા પાડીને તાત્કાલિક છત્તીસગઢ પોલીસને મોકલવાના હતા.

અણધારી ખુવારી થઈ હતી એટલે પરિહાર માટે હાઈકમાન્ડને જવાબ આપવાનું ય અઘરું પડવાનું હતું. તેમાં આ ચાર આદમીઓ ભેદી રીતે લાપતા હોવાનો ઉલ્લેખ આવે તો પોતાના પર માછલાં ધોવાય એ નક્કી હતું. એ ચાર આદમીઓની ભાળ ન મળે ત્યાં સુધી પરિહારે મૌન રાખવાનું નક્કી કર્યું અને પકડાયેલાં શસ્ત્રો, આદમીઓની કેફિયતના આધારે રિપોર્ટ તૈયાર કરીને હાઈકમાન્ડને મોકલી આપ્યો.

ઊંટની સંખ્યાનો ય મેળ ખાતો ન હતો. રેગિસ્તાન ભણી ભાગેલા ઘાયલ ઊંટને ય શોધવાનું હતું. મોડી રાત સુધી તેમણે જાતે સર્ચ પાર્ટીમાં સામેલ થઈને ખુબરાની આસપાસના ઢૂવાઓનો એક ચકરાવો મારી લીધો. સગડ શોધવામાં માહેર ગણાતા સ્થાનિક પગીઓને સવારે મોકલવાનો નિર્ણય લઈને તેમણે કેમ્પ ઢાળ્યો ત્યારે દૂર રેગિસ્તાનમાં ધૂળની બેફામ ડમરી ચડી હતી. અંધારી રાતને વધુ બિહામણી બનાવતા પવનના તોફાનનો એ સંકેત હતો. પરિહારને ખબર ન હતી પણ એ જ ઘડીએ કેમ્પથી ક્યાંય દૂર અંધારી રાતે આવા તોફાનથી તદ્દન અપરિચિત ત્વરિત વિવશપણે બહાવરો બનીને રેગિસ્તાનમાં આથડી રહ્યો હતો.

શરીરથી થાકેલા, ઘાયલ અને મનથી ગૂંચવાયેલા પરિહાર ગ્લાસમાં રેડાતા રમના ઘેરા, કથ્થાઈ રંગને એકધારો જોઈ રહ્યા અને પછી એકશ્વાસે ગટગટાવી ગયા.

બહારના અને અંદરના તોફાનને ખાળવા માટે અત્યારે તેમની પાસે આ એક જ રસ્તો બચ્યો હતો.

*** *** ***

એ જ ઘડીએ બિકાનેરની એ હોટેલના બંધ, શીતળ, આહ્લાદક ઓરડામાં જુદું જ તોફાન ઘેરાઈ રહ્યું હતું.

ત્વરિત વિશે જાણ્યા પછી છપ્પનનો ઉચાટ વધ્યો હતો પણ એ સાલો સ્વસ્થતાપૂર્વક સોફા પર બેસીને લેપટોપમાં કશુંક કરતો રહ્યો. ટીવી પર લોકલ ચેનલ પણ તેણે સર્ફ કરી જોઈ. તેનું વર્તન બહુ જ શાલીન હતું. એ તેને હેલ્પ કરતો હતો. લટકાવેલા પગને આરામ મળે એ રીતે ઓશિકાની દિશા બદલી આપતો હતો, ઓઢવાનું સંકોરતો હતો, પણ છપ્પન કંઈ પણ પૂછે તેના જવાબમાં એક જ વાક્ય કહેતો હતો, 'ફિકર મત કર... સબ ઠીક હો જાયેગા'!

અચાનક દરવાજો નોક થયો ત્યારે ફરીથી છપ્પનની તંદ્રા તૂટી હતી. ટેબલ પર પ્લેટ, બાઉલ, ગ્લાસ પાથરીને વેઈટર ગયો પછી તેણે છપ્પનના બેડ નજીક ટેબલ ખસેડ્યું હતું અને તેને ચમચી વડે થોડાં દાળ-ભાત ખવડાવ્યાં. ઓરેન્જ જ્યૂસના કાર્ડપેકમાં સ્ટ્રો નાંખીને તેની સામે ધરી અને એ પોતે ખાવા બેઠો.

છપ્પન સતત તેનું નિરીક્ષણ કરતો હતો. અત્યાર સુધીમાં આ આદમી જેટલી વાર મળ્યો હતો એ દરેક પ્રસંગ તેને યાદ આવી રહ્યો હતો અને દરેક વખતના તેના હુલિયા સાથે હવે તે મનોમન તેને સરખાવી રહ્યો હતો.

એક વાર આસામના જોરહત પાસેથી મૂર્તિ ચોરીને તે ગૌહાતી એક્સ્પ્રેસમાં પાછો ફરી રહ્યો હતો. પૂર્ણિયા સ્ટેશન પર તેની આંખ ઊઘડી. ચા વેચતા એક ફેરિયાને ડબ્બામાં જોઈને તેણે ચા મંગાવી. ફેરિયાએ ચા આપીને હળવેથી સ્મિત વેરતાં પૂછી લીધું હતું, 'કઈસન હો છપ્પન બાદશાહ?'!

યવતમાલની ગુફાઓમાં વિદેશી ટૂરિસ્ટ તરીકે એ તેની સામે આવી ગયો હતો. ગીરના જંગલમાંથી મૂર્તિ ચોરીને તે નીકળ્યો અને અગાઉથી મળેલી સૂચના મુજબ જૂનાગઢ પહોંચીને એ દાતારનો ડુંગર ચડતો હતો ત્યારે દૂર ચરિયાણમાં ઘેટાં- બકરાં ચરાવી રહેલા ગોવાળને તેણે જોયો હતો. દાતાર પીરની જગ્યાએ ક્યાંય સુધી એ બેઠો રહ્યો. સાંજ ઢળી અને કોઈ આવ્યું નહીં એટલે કંટાળીને તે નીચે ઊતરવા લાગ્યો. બરાબર ત્યારે જ ગોવાળનો સ્વાંગ ફગાવીને એ હાજર થઈ ગયો અને આથમતી સાંજે ગિરનારના વેરાન ખૂણે પૈસા ભરેલો થેલો ધરીને મૂર્તિ ઉઠાવી તે ચાલતો થઈ ગયો હતો.

છપ્પને પોતે ય અનેક વખત વેશપલટા કર્યા હતા. એ ય ચહેરો બદલવામાં માહેર હતો, પણ તેને જે તાજુબી હતી એ આ માણસના સ્ટ્રોંગ ફોલોઅપની હતી. હરએક જગ્યાએ એ હંમેશાં તેનાથી બે ડગલાં આગળ જ રહ્યો હતો.

અહીં ખુબરામાં પણ...

ખુબરાના વિચારમાંથી તેને ગોળીઓનું ધમાસાણ યાદ આવ્યું અને તેમાંથી ત્વરિત...

'કેટલા વાગ્યા?' છપ્પને ક્ષીણ અવાજે પૂછ્યું. તે કોઈ પણ રીતે વાત આગળ વધારવા માંગતો હતો.

'કેમ, તારે કંઈ ઓફિસ-બોફિસ જવાનું છે?' તેણે લેપટોપમાંથી નજર પણ ઊંચક્યા વગર ટોળમાં જવાબ વાળી દીધો.

'ત્વરિત અત્યારે ક્યાં હશે એ વિચારું છું...' છપ્પનના અવાજમાં મક્કમતા હતી.

'તો સીધા બોલ દે ના...' તેણે ગરદન સહેજ ઊંચી કરી છપ્પનની આંખમાં જોઈને કહ્યું. તદ્દન ભાવશૂન્ય ચહેરો, સ્થિર આંખો, કોઈ આરોહ-અવરોહ વગરનો સપાટ અવાજ, 'કેટલા વાગ્યા

એમ પૂછે છે તો શું ઘડિયાળમાંથી ત્વરિત પ્રગટવાનો છે?' તે અકળાયો હતો, મજા લેતો હતો કે હળવાશભેર કહેતો હતો? છપ્પનને અંદાજ આવતો ન હતો.

'સીધું પૂછું છું તો તું જવાબ નથી આપતો... ફિકર મત કર... ફિકર મત કર, એમ જ કહ્યા કરે છે' છેવટે છપ્પને મ્યાન ફગાવી જ દીધું.

'ક્યા ફરક પડેગા...' તેણે ખોળામાંથી લેપટોપ નીચે ટેબલ પર મૂક્યું, સલૂકાઈભેર પગ લંબાવ્યા અને બંને હાથ માથા પાછળ બાંધ્યા, 'ચલ, સૂન લે... ખુબરામાં બોર્ડર સિક્યોરિટી ફોર્સ અને ઘૂસણખોરો વચ્ચેના જંગમાં અજાણતા જ તમે બેઉ ફસાઈ ગયા હતા. અત્યારે રાતના પોણા બાર થયા છે, ત્વરિત રેગિસ્તાનમાં ક્યાંક ગાયબ છે, આપણને શોધવા માટે બીએસએફનો કમાન્ડન્ટ હડકાયા કૂતરાની જેમ ભૂરાયો થયો છે અને ડેરા સુલ્તાનખાઁનું આખું રેગિસ્તાન ઉલેચાવી રહ્યો છે, બીએસએફનું એક હેલિકોપ્ટર ડેરાનો રાઉન્ડ મારીને હમણાં જ રિટર્ન થયું છે, લગભગ અડધી કલાક પહેલાં જ...' આટલું કહીને તે ઊભો થયો. છપ્પનના બેડ પાસે કમર પર હાથ ટેકવીને ઊભો રહ્યો અને તેની આંખમાં આંખ પરોવીને ઉમેર્યું, 'આવું હું ચોક્સાઈપૂર્વક કહી શકું છું, કારણ કે આપણે બીએસએફના લાલગઢ હેડ ક્વાર્ટરથી ફક્ત દોઢ કિલોમીટર દૂર જ છીએ.'

છપ્પન સ્તબ્ધપણે તેને જોઈ રહ્યો. પ્લાસ્ટર ઓફ પેરિસથી મઢેલી સિલિંગની આડશમાંથી ફેંકાતી રોશનીના પીળા ઉજાસમાં તેનો ચહેરો વધુ ફિક્કો લાગતો હતો. દાઢી-મૂછ કદી ઉગ્યા જ ન હોય તેમ તેની હડપચી પર પુરુષસહજ લાલાશની જગ્યાએ નરી કુમાશ વર્તાતી હતી. તેના હાથ પાતળા હતા. કમર માંડ 32 ઈંચની હશે. ઊંચાઈ કદાચ પાંચ ફૂટ ચાર કે પાંચ ઈંચ... છપ્પને તેના માથાની સમાંતરે દીવાલ ભણી જોઈને અંદાજ માંડ્યો.

'વજન 54 કિલો, હાઈટ પાંચ ફૂટ ચાર ઈંચ. દિમાગને વધારે કષ્ટ ન આપ. વાળ-આંખનો રંગ હું બદલતો રહું છું. અત્યારે જે છે એ પણ સાચો નથી. મારા વાળ ભૂખરા છે અને આંખ કથ્થાઈ છે... અબ ઔર કુછ?'

છપ્પનની આંખો ફાટી ગઈ. તેણે ઊંચાઈનો અંદાજ મેળવવા દીવાલ ભણી આંખ ફેરવી એટલામાત્રથી તે પામી ગયો કે હું તેનું બારીક નિરીક્ષણ કરી રહ્યો છું?

'ક્યા કહા મૈંને?' તેણે છપ્પનની આંખો પર હળવો હાથ ફેરવ્યો, 'દિમાગ કો જ્યાદા જોર મત દે. હું તારી આંખ જોઈને જ વાંચી શકું છું કે તારા મનમાં શું ચાલી રહ્યું છે.'

તે મજાક કરી રહ્યો છે, પોતાને ડારી રહ્યો છે કે સાચે જ એ તેના મનમાં ચાલતા વિચારોને પુસ્તકનાં પાનાંની માફક આગોતરા જ વાંચી લે છે? છળી ઊઠેલા છપ્પનથી હવે જીભ ઉપડતી ન હતી.

'તને છે એથી ય વધારે ત્વરિતની ફિકર મને છે.' વગર પૂછ્યે હવે તે બોલી રહ્યો હતો એટલે છપ્પન પોતાની જાત પર શક્ય તેટલો કાબૂ રાખીને સાંભળી રહ્યો, 'મારે સૌથી વધુ જેની જરૂર છે એ મૂર્તિ તેની પાસે છે... બટ ડોન્ટ બોધર... વી વિલ કેચ હિમ '

'કેવી રીતે?' છપ્પનના મનમાં સવાલ ઝબક્યો પણ જેવો સવાલ ઊભો થયો એ ભેગો જ તેણે ડામી દીધો અને શૂન્યવત્ તેની સામે જોતો રહ્યો.

'તું એ ચિંતા છોડ. ત્વરિત તો તેની જાતે જ આપણા સુધી આવી જશે. જલ્દી સાજો થઈને કામ પર લાગી જા...'

'ત્વરિત વગર હું હવે એક ડગલું ય માંડવાનો નથી...' છપ્પને હતી એટલી હિંમત એકઠી કરીને કહી દીધું એ સાંભળીને સોફા ભણી ઉપાડેલાં કદમ અટકાવીને એ પાછો ફર્યો. છપ્પનને હતું કે

પોતાના આવા જવાબથી એ ઉશ્કેરાશે, પણ તેના ચહેરો એવો ને એવો સપાટ હતો.

'ઓહ્હો...' તેની આંખોમાં થોડીક શરારત આવીને જતી રહી... અથવા છપ્પનને એવું લાગ્યું, 'ચાર દિવસમાં તો ગહેરી દોસ્તી થઈ ગઈ... અચ્છી બાત હૈ'

'તારે જે માનવું હોય તે માન પણ હવે તારે મને કહેવું જ પડશે કે તું કોણ છે, આ મૂર્તિઓનું તું શું કરે છે એ બધું જાણ્યા વગર હું હવે એક પણ મૂર્તિ ચોરવાનો નથી... એક મૂર્તિના તું પાંચ કરોડ, દસ-પંદર કરોડ આપે તો પણ...'

'કેમ, ત્વરિત એથી ય વધુ આપવા તૈયાર થયો છે?'

'ના, પણ ત્વરિતને મળ્યા પછી મને આ મૂર્તિની વિશેષતા સમજાઈ છે.'

'અચ્છા? ઐસા ક્યા હૈ ઈસ મેં?'

'એ તારે મને કહેવાનું છે.'

'મને તો ફક્ત એટલી ખબર છે કે, મેં હજુ શરૂઆત કરી છે...'

આ માણસ કોઈ રીતે દાવમાં નહીં જ આવે એમ ધારીને છપ્પને છેલ્લો પાસો ફેંકી દીધો, 'પણ હવે મને ખબર છે કે આ મૂર્તિ વામપંથી છે.'

તે ધારદાર નજરે તેના હાવભાવ નિરખી રહ્યો. તેને હતું કે વામપંથી શબ્દથી તેની આંખોમાં ચમકારો આવશે, ચહેરાની રેખાઓ ય કદાચ બદલાશે. તેને બદલે એ પોતે જ જાણે મૂર્તિ હોય તેમ સ્થિર નજરે, સપાટ ચહેરે છપ્પનની સામે જોતો રહ્યો. તેની મક્કમતાથી ડઘાયેલા છપ્પનથી અનાયાસે જ તેના ડાબા-જમણા હાથ ભણી જોવાઈ ગયું... ક્યાંક આ ભેદી દૂબળી પોતે જ જીવતી-જાગતી વામપંથી મૂર્તિ તો નથી ને?!

'હો સકતા હૈ, તો?'

'હો સકતા હૈ નહિ, હૈ...' હવે છપ્પન કોઈ પણ રીતે આરપારના મિજાજમાં આવી રહ્યો હતો, 'ત્વરિત મૂર્તિઓનો એક્સપર્ટ છે. તે બરાબર જાણી ચૂક્યો છે કે આવી મૂર્તિઓ ચોરાવવા પાછળ તારો હેતુ શું છે'

'શું છે મારો હેતુ?'

'એ ત્વરિત જાણે છે'

'શું જાણે છે ત્વરિત?'

'એ ત્વરિતને જ પૂછને!'

'ક્યાં છે ત્વરિત?'

'ઓહ યાર... મુજે તંગ મત કર...' છપ્પનને માથાં પટકવાનું મન થઈ આવ્યું, 'તેં જ તો કહ્યું કે એ રેગિસ્તાનમાં અટવાયો છે.'

'યહી તો...' પહેલી વાર એ ખડખડાટ હસ્યો, 'એ જ હું કહું છું કે, જેને ખબર હોવાનું તું કહે છે તેને અત્યારે તો પોતે ક્યાં ઊભો છે એ ય ખબર નથી અને મારી સામે સૂતેલા તને તો કશી જ ખબર નથી. તો ફિર ક્યોં દિમાગ કો જોર દેતા હૈ? જલ્દી સાજો થઈ જા. આપણે હવે વહેલીતકે વારંગલ, આંધ્રપ્રદેશ જવાનું છે.' એકીટશે તાકી રહેલા છપ્પન તરફ તેણે સ્મિત કર્યું, 'મૈંને કહા ના, અભી તો મૈંને શુરૂઆત કી હૈ. આ છેલ્લી મૂર્તિ છે. મારું અસલી કામ પછી શરૂ થવાનું છે.'

છપ્પનનું ઓઢવાનું સરખું કરીને તેણે લાઈટ બુઝાવી દીધી. એ સાથે આછકલા અજવાસમાં

ઓરડો ઢબુરાઈ ગયો.

- પણ છપ્પનના મગજમાં શી વાતે ય બત્તી થતી ન હતી, આ દૂબળી સાલો છે કોણ?

*** *** ***

ઉંધેમાથે પડેલા ત્વરિતને ક્યાંક કશોક ફફડાટ થતો હોવાનો અહેસાસ થયો.

રેગિસ્તાનમાં ઊઠેલા ચક્રાવાત વચ્ચે રાતભર એ આથડ્યો હતો. તેના પગ તળેથી રેતી સતત સરકતી જતી હતી. ચહેરા પર વાગતી પવનની થપાટ સામે આંખો ખુલ્લી રહી શકતી ન હતી અને નીચેથી સરકતી રેતીને લીધે તેના પગ સ્થિર રહેતા ન હતા.

આંખ સામે ઢૂવાઓ પર વિકરાળ કદના ઓળા ઊઠતા હતા, હવામાં ચિત્રવિચિત્ર આકારો સર્જાતા હતા અને નીચે પછડાતા હતા. રેગિસ્તાનની સૂમસામ ક્ષિતિજ પર નાચતી એ ભૂતાવળ, સિસકારા જેવા તીણા અવાજે ફૂંકાતો ચક્રાવાત, રણની છાતી ફાડીને ચોમેર પ્રસરી ગયેલું કાળુંમેંશ અંધારું અને શરીરની ભીતરથી ઊઠતો કારમો ફફડાટ...

બાળપણના સંસ્કારને અનુસરીને મોટા અવાજે તેણે ભવાની-અષ્ટકમ ગાવાનું શરૂ કર્યું. પોતાના જ અવાજના કંપનને લીધે તેને એકલતામાંથી ઉદ્ભવતો ભય ઓછો થતો લાગ્યો. કેટલીય વાર પડ્યા, આખડ્યા પછી પણ હતી એટલી તમામ તાકાત એકઠી કરીને તે તોફાની, વેગીલા, બેકાબૂ ચક્રાવાત સામે બાથ ભીડતો આગળ વધતો રહ્યો. ઢૂવા પર પહોંચ્યા પછી પણ ત્યાં ઊભા રહેવાનું આસાન ન હતું. રેતીનો અફાટ દરિયો જાણે અંદરથી વલોવાતો હોય તેમ ચોમેરથી રેતીનાં ઘોડાપૂર ઉમટ્યાં હતાં.

ઢૂવા પરથી ઊડતી જતી રેતીને લીધે તેના પગ સતત અંદર ખૂંચતા જતા હતા. આમ ને આમ એ ક્યાંક રેતીના ઢેરની નીચે ગરકાવ થઈ જશે તો?

શરૂઆતમાં એ થોડો ગભરાયો. ઢૂવા પર બેસીને સંતુલન જાળવવાનું બેહદ મુશ્કેલ હતું. છેવટે તેણે ઊભેલા રહીને જ ચીજ-વસ્તુઓ બાંધેલા પોટલાને આંખ આડું ધર્યું. અંધારાથી આંખો થોડીક ટેવાઈ અને પવનના વેગ-દિશા પ્રમાણે પોટલું ફેરવતા જવામાં તેને ફાવટ આવી એટલે હવે તે રેગિસ્તાનનો બદલાયેલો મિજાજ પારખવા લાગ્યો. હવે તેને સમજાતું હતું કે તે પોતે દર્રામાં સૂતો હતો ત્યારે ઢૂવાઓ પરથી ફેંકાતી રેતી તેના પર ખડકાવા લાગી હતી. અત્યારે જ્યાં દર્રા છે ત્યાં સવાર સુધીમાં ઢૂવો ખડકાઈ જશે અને હવે પોતે જેના પર ઊભો છે એ ઢૂવામાં ઊંડી દર્રા પડી જશે.

સરકતા ઢૂવા પર ઊભા રહેવું એ બેહદ અઘરી કસોટી હતી, પણ જીવતા રહેવાનો એ એકમાત્ર રસ્તો હતો. જો એ સંતુલન ગુમાવીને દર્રામાં પછડાયો તો ફરીથી ઢૂવા પર પહોંચવાની હવે તેની ત્રેવડ ન હતી.

આંખ-મોં આડે પોટલાની આડશ ધરીને મોટે મોટેથી તેણે ભવાની-અષ્ટકમ બોલવાનું ચાલુ રાખ્યું. તેને સમજાતું હતું કે આ નિર્જન એકલતામાં, આ સન્નાટા વચ્ચે તેની હામ પોતાના જ અવાજને લીધે ટકી રહેતી હતી. ભવાની-અષ્ટકમ એકધારું બોલીને એ કંટાળ્યો એટલે બીજા સ્તોત્ર બોલવાના શરૂ કર્યા. આવડતા હતા એ તમામ સ્તોત્રો પૂરા થયા એટલે ફિલ્મોનાં ગીતોના રાગડા તાણવા માંડ્યા.

આખરે જીવતા રહેવાની આ લડાઈ હતી.

કેટલો સમય વીત્યો તેનો કોઈ અંદાજ આવતો ન હતો. તેના કંઠે ભયાનક શોષ પડતો હતો અને શ્વાસનળી સુકાઈ જવાથી તીવ્ર ખાંસી ઉપડતી હતી. જીવતા રહેવા માટે સંતુલન રાખવું જરૂરી

હતું, સંતુલન રાખવા માટે હામ ટકાવવી આવશ્યક હતી, હામ ટકાવવા માટે ગાતા રહેવાનું હતું, ગાતા રહેવા માટે ખાંસી રોકવી પડે તેમ હતી, ખાંસી રોકવા માટે પાણી પીવું પડે તેમ હતું, પણ પાણી ન પીવા માટે મનોબળ મક્કમ રાખવાનું હતું.

અત્યારે જો તે બચી ગયો તો પણ જો પાણી નહીં હોય તો એ આઠ-દસ કલાકથી વધારે ખેંચી શકવાનો ન હતો.

ભીસ્તીની ફાટેલી પખાલ જેવો કર્કશ અવાજ થઈ ગયો, સુકાયેલા ગળામાં જાણે ઊભા કાપા મૂક્યા હોય તેવી તીવ્ર જલન ઉપડી તો પણ એ ગાતો રહ્યો. હોશ ટક્યા ત્યાં સુધી ગાતો રહ્યો.

હવે તેને કશોક ફફડાટ સંભળાતો હતો. હોશમાં આવેલું તેનું ચેતાતંત્ર ધીમે ધીમે સક્રિય થવા લાગ્યું હતું. તેને અહેસાસ થતો હતો કે તે રેતીના ઢેર પર ઊંધેકાંધ પડ્યો હતો.

તેણે હળવેથી માથું ઊંચક્યું. આસપાસ જોયું. મારકણા પ્રકાશથી તેની આંખો અંજાઈ જતી હતી તો પણ તેણે ડોળા ફાડી-ફાડીને જોયા કર્યું. રેગિસ્તાન વધુ એક વાર આકરા તડકા વચ્ચે હાંફી રહ્યું હતું. રાતભર ફૂંકાયેલા પવનના તોફાને રેગિસ્તાનના કંઈક ઢૂવાની ફેરબદલ કરી નાંખી હતી અને છતાં ય રણનો ચહેરો એવો ને એવો એકધારો રહ્યો હતો... કોઈ ઠામ-ઠેકાણાં, સરનામાં વગરનો.

ફરીથી તેને કશોક ફફડાટ સંભળાયો. તેણે ચારે દિશાએ જોયું અને તે છળી ઊઠ્યો. તેની બરાબર પીઠ પાછળ એક અલમસ્ત પહાડ જેવો ઢૂવો ખડકાઈ ગયો હતો અને ઢૂવાની ટોચ પર બેઠેલાં ચાર-પાંચ ગીધ તેની સામે લાલચભરી આંખે તાકીને પાંખો ફફડાવી રહ્યાં હતાં.

ત્વરિતની બદહાલીમાં તેમને આજનું ભોજન તૈયાર થઈ રહેલું જણાતું હતું.

હવામાં ચકરાવો મારીને ગીધ તેની નજીક આવવાં ગયાં એટલે ત્વરિત ગભરાયો. તેણે હાથમાંનું પોટલું ફંગોળીને ગીધને ભગાડવાનો પ્રયાસ કર્યો અને પોતે ફરીથી દર્શ ઊતરતો ગયો. ગીધ ઘડીક દૂર જતાં રહે, ઘડીક વારમાં ઊંચે આકાશમાં લાંબો ચકરાવો મારીને તેના માથા પરથી પસાર થઈ જાય. ત્વરિત તેમને મોટા અવાજે હડકારીને, રેતીનો દોથો તેમના તરફ ઉછાળીને, પોટલું ફંગોળીને ભગાડતો રહ્યો અને પોતે ય ભાગતો રહ્યો.

પણ ત્વરિત કરતાં ગીધને રેગિસ્તાનની રસમ વિશે બરાબર ખબર હતી. ભાગી-ભાગીને અહીં માણસ ક્યાં ભાગવાનો છે? ગીધના ચકરાવા ચાલુ જ રહ્યા. છેવટે કંટાળેલો ત્વરિત ત્યાં જ ફસકાઈ પડ્યો. પોટલામાંથી મશક કાઢીને ગળું ભીંજવ્યું. હવે ફક્ત બે ઘૂંટડા પાણી બાકી હતું. દિવસ કેટલો પસાર થયો તેનો કોઈ અંદાજ આવતો ન હતો અને રાત કઈ રીતે વીતશે તેની કોઈ ગતાગમ ન હતી.

દિશાના કોઈ ભાન વગર, સમયના કોઈ અહેસાસ વગર એ ચાલતો જ રહ્યો. લાય નાંખતા તાપ અને કોઈ છાંયડા કે આડશ વગર કારમી લૂ ખાઈને તેનો ચહેરો તતડી ગયો. છાતી સાથે બાંધેલી મૂર્તિ ધગધગતા ડામની પેઠે ચંપાતી હતી, પણ તો ય એ મૂર્તિ છોડવા તૈયાર ન હતો. ખુલ્લી છાતીમાં ચારે તરફ મૂર્તિનાં કદ-આકારના ઊભા-આડા ઘારા પડી ગયા હતા અને મૂર્તિની નીચેની ચામડીમાં જાણે આગ પ્રગટાવી હોય તેવી જલન ઉપડતી હતી. પાણીના છેલ્લા બે ઘૂંટડા વધ્યા હતા. થોડુંક પાણી આંગળા પર લઈને તેણે લાયથી ધગધગતી છાતી પર રેડ્યું અને પછી વધેલો એક નાનકડો ઘૂંટ ફરીથી ગળા નીચે ઉતાર્યો.

તેની આંખોમાં કારમું ધ્રૂસકું તગતગી ગયું. શું તે જિંદગીનું આ છેલ્લું આચમન કરી રહ્યો હતો? હવે પાણી વગર એ કેવી રીતે રેતીના આ અફાટ દરિયાની પાર જશે?

તેની આંખો સામે જેલમનો ભર્યો ભર્યો કાંઠો છલકાઈ ઊઠ્યો. સુર્ખ, ઠંડી હવાની લહેરખીથી

વીંટળાયેલું તેનું ઘર, રસોડામાં તેને ભાવતો સફરજનનો બિરંજ બનાવતી તેની મા, પૂજાઘરમાં મોટેમોટેથી સાંખ્યદર્શનના પાઠ કરતા તેના દાદા, સાંજે ઓફિસેથી પાછા ફરતા તેના પોલીસ અમલદાર પિતાના બુટનો ડરામણો અવાજ...

હવે એ બધું જ અહીં આ અજાણ્યા, સૂકાભટ્ઠ રેગિસ્તાનમાં જ રહી જશે?

ઘરના, બાળપણના સ્મરણથી ડગમગી ગયેલાં તેનાં કદમ ગીધની પાંખોના ફફડાટથી પાછાં ઊંચકાયા. એક-એક ડગલું ઠેકીને પાછળ આવતાં, માથા પર ચકરાવા મારતા, જાણે તેનો શ્વાસ માપતા હોય તેમ છેક નીચે ઊતરીને તરાપ મારી જતાં ગીધોને ઉડાડતો એ ભાગતો જ રહ્યો... ભાગતો જ રહ્યો.

હવે તેની અંજાયેલી આંખો ત્રાસી ચૂકી હતી. રેગિસ્તાનના એકધારા સિલેટિયા રંગના ઢૂવા હવે લાલ-પીળા રંગોની ઝાંયમાં ઓસરી રહ્યા હતા. રૂંવેરૂંવેથી તેને પ્યાસ ફાટતી હતી. પાણીની આશામાં તેણે મજબૂત પ્લાસ્ટિકની મશક પણ તોડવા માંડી અને જરાક સરખી ભીનાશ ચાટવાનાં ઝાંવાં ય મારી જોયાં.

હવે આંખોના દીવા ધીમે ધીમે ઓલવાતા હોય તેમ તેને ઝાંખું ભળાતું હતું. દૃશ્યભ્રમ તેના ચિત્તતંત્રને ઘેરી વળ્યો હતો. માથા પર ફફડાટ મચાવતાં ગીધ હવે તેના ખભા પર બેસવા મથતાં હોય તેમ લાગતું હતું, ઘડીકમાં જેલમના ઘૂઘવાટા સંભળાતા હતા, ઘડીકમાં તેના નાકમાં બિરંજની મીઠી સોડમ પ્રવેશતી હતી, ખુબરામાં છૂટતી ગોળીઓનો અવાજ સંભળાતો હતો, દૂરના ઢૂવાઓ પર પાણીનાં સરોવર હિલોળાતાં દેખાતાં હતા અને સરોવરના એ હિલોળા પછવાડેથી ઊંટસવારોનો કારવાઁ આવતો ભળાતો હતો...

તેના ગળામાંથી અવાજ નીકળતો ન હતો અને તે ચીસ પાડવા મથતો હતો.

પોતાની માને પોકરાવા મથતો હતો.

*** *** ***

દિવસભર આકરો તાપ સહીને તેની સંવેદના હવે અકારી ગઈ હતી. ઉઘાડા શરીરમાં ઠેકઠેકાણે ચામડી તરડાઈ ગઈ હતી, ફોલ્લા ઉપસી આવ્યા હતા, હોઠમાંથી કાળી લાય ઊઠતી હતી. ઢૂવાઓના એકધારા ઢાળ પછવાડે તેને સરોવર હિલોળાતાં વર્તાતાં હતાં અને એ જોઈને રૂંવેરૂંવેથી તેને પ્યાસ ફાટતી હતી. આંખોના દીવા ઓલવાઈ જવા આવ્યા ત્યાં સુધી એ લથડિયાં ખાતો દોડતો રહ્યો હતો.

આખરે તેના હોશ જવાબ દઈ રહ્યા હતા. ઢૂવાના ઢાળ પર તે લથડ્યો અને ત્યાં જ ફસકાઈ પડ્યો. માથા પર ચકરાવો મારતાં ગીધ તિરછી ઊડાન ભરીને નીચે ઊતર્યાં હોય એવું તેને લાગતું હતું પણ હવે તેને હડકારવાની હામ તે ખોઈ રહ્યો હતો.

રેતીના ઢેર પર તેની ગરદન લૂઢકી ગઈ હતી. જડબાંની ઈજાને લીધે સૂજી ગયેલો ચહેરો બેહદ વિકૃત લાગતો હતો. તેની આંખો અધખુલ્લી હતી પણ આછા, ચળકતા રંગોના લિસોટા સિવાય તેને કંઈ ભળાતું ન હતું. નાકનાં ફોયણાંમાંથી અનિયમિત રીતે ટૂંકા ઉચ્છ્વાસ નીકળતા હતા અને એ ઉચ્છ્વાસથી ઊડતી રેતી તેના ચહેરા પર ચોંટતી જતી હતી.

અચાનક તેના બાવડામાં ઊંડે સુધી કશુંક ભોંકાતું હોય તેમ લાગ્યું અને દર્દનો કારમો ઉંહકારો તેના સુકાયેલા ગળા સુધી આવીને અટકી ગયો. કલાકોથી શિકારનો પીછો કરીને ઉતાવળા થયેલા ગીધે તેના બાવડામાં અણીદાર ચાંચ ભોંકીને માંસનો લોચો ઉખાડી લીધો હતો. શિકાર તરફથી કોઈ પ્રતિકાર ન થયો એટલે ગીધે ફરી ચાંચ ભોંકી અને ઢૂવા પર ઊતરેલા બીજાં ગીધ પણ મિજબાનીમાં જોડાયાં.

પીડાથી ખૂલી ગયેલી આંખોમાં રેલાતા રંગોના લપેડા વચ્ચેથી તેને ગીધનો આકાર ઝાંખોપાંખો કળાતો હતો, સાવ કાન પાસે થતો પાંખોનો ફફડાટ તેને સંભળાતો હતો પણ આંગળી ઊંચકવાની ય હવે તાકાત રહી ન હતી. દોઝખ જેવા રણની વેરાની વચ્ચે જીવતેજીવત આમ ફોલાઈ જવાના તકદીરથી તેનું હૈયું ધ્રૂસ્કે ચડ્યું.

બાવડામાં, સાથળમાં, નિતંબમાં ભોંકાઈ રહેલી ચાંચ, કારમું દર્દ, અસહાય વિવશતા, ઘેરાતી સાંજે ફૂંકાતો રેગિસ્તાનનો સન્નાટો.

- અને અચાનક કશોક ધડાકો થયો એ સાથે તેના બાવડામાં ચાંચ ભોંકી રહેલું ગીધ ઉથલી પડ્યું. તરત બીજા ધડાકા સાથે ઊડવા મથતાં ગીધ પણ પટકાયાં. વધુ બે ધડાકા પછી ઘડીક નિરવ સ્તબ્ધતા પ્રવર્તી રહી. પછી તરત હાકોટા જેવો કશોક અવાજ પડઘાયો. રેતીમાં પછડાતા ડાબલા જેવો અવાજ નજીક આવવા લાગ્યો.

આંધળીભીંત થઈ ગયેલી આંખો ઘુમાવીને એ અવાજની દિશા પકડવા મથતો રહ્યો. હાથ ફંફોસીને પગરવને પામવા મહેનત કરતો રહ્યો. તેની આંખો ખુલ્લી હતી પરંતુ ભૂરા, પીળા, લીલા રંગોની ચળકતી આભા તળે તેને કશું પરખાતું ન હતું. મંદ થઈ રહેલી શ્રવણશક્તિને ગેબી પડઘામાં વીંટળાયેલા અજાણ્યા અવાજો સંભળાતા હતા.

ઢૂવાની દર્રા પરથી ચાર-પાંચ ઊંટનો કાફલો ઊતર્યો. અસવારના બૂચકારા સાથે હળવો ગાંગરોટો નાંખીને સલૂકાઈભેર ઊંટ ઝંકોરાયાં. કાઠડા પરથી આદમીઓ ઊતર્યા. તેને સીધો કર્યો અને કોઈક બોલ્યું, 'ઓહ માય ગોડ... ઓહ નો... હી ઈઝ... હી ઈઝ ધ મેન...'

હતી એટલી તાકાત એકઠી કરીને એ શ્વાસ લેવા મથતો હતો, આંખોમાં દૃશ્ય ઝીલવા જતો હતો, પડઘાની જેમ સંભળાતા અવાજ પાછળનો અર્થ પામવા ઝૂરતો હતો અને કોઈક તેના પર ઝૂકીને બોલી રહ્યું હતું, 'ઓહ નો... હી ઈઝ ત્વરિત... પ્રોફેસર ત્વરિત કૌલ...'

એ રાઘવ હતો, એસીપી રાઘવ માહિયા.

ત્યારે, ત્વરિતના તકદીરમાં લખાયેલું એક ભયાનક પ્રકરણ આટોપીને રેગિસ્તાન પર અંધારપછેડી ઓઢાડી રહેલી તેની નિયતિ મરકી રહી હતી.

*** *** ***

ઝુઝારે બરાબર કેડો દબાવ્યો હતો.

મારુતિ ફેબ્રિકેશન વર્ક્સની વખારમાં પાર્ક કરેલી ફોર્ડ ઈકોસ્પોર્ટ તેણે પારખી લીધી હતી. બંગલાની જાળી બનાવવાની છે અને એ માટે પોતે ડિઝાઈન પસંદ કરવા આવ્યો છે એમ કહીને તે દમામભેર અંદર ઘૂસ્યો હતો અને દૂર પડેલી ઈકોસ્પોર્ટના સિફતપૂર્વક ફોટા પાડીને રાઘવને મોકલી આપ્યા હતા.

કેકવો આમાં ક્યાંક સંડોવાયો છે એવી તેને પાક્કી ખાતરી હતી, પણ રાઘવ આવે ત્યાં સુધી તેણે ચૂપકીદી રાખવાની હતી. ગાડી પર નજર રાખવાનો બંદોબસ્ત ગોઠવીને તેણે ચીનાબજાર તરફ નિસ્સાન પેટ્રોલ હંકારી.

રાજનંદગાંવનો ચીનાબજાર વિસ્તાર તેની રંગીની માટે મશહૂર હતો. જૂના મોડેલનાં વાહનોના સ્પેરપાર્ટ્સ અને દુનિયાભરની તમામ જાણીતી પ્રોડક્ટની સસ્તી નકલો અહીં મળતી. લેમ્બ્રેટા, વિજય સુપર, ફાલ્કન જેવાં સ્કૂટર, યેઝદી જેવી ભુલાઈ ગયેલી મોટરસાઈકલના પાર્ટ્સની શી ખબર, કોને જરૂર પડતી હશે, પણ જૂના મોડેલની નિસ્સાન પેટ્રોલ ગાડીને પ્યાર કરતા ઝુઝાર જેવા શોખીનો માટે આ બજાર ખાસ હતી.

ઝુઝાર જેવા શોખીનોને અહીં આવવા લલચાવતી બીજી બાબત હતી દુકાનોના મેડા ઉપર નાનકડી બારીઓમાંથી ઝાંખતી છરહરી છોકરીઓ. જમીનદારીના જમાનાથી અહીં ચાલતો તવાયફોનો દોરોદમામ હવે ઘસાઈ ચૂક્યો હતો અને હવે લખનૌ, રામપુર, સિવાન કે બર્દવાનની કેળવાયેલી તવાયફોની તહેઝિબને બદલે બાંગ્લાદેશી સ્ત્રીઓના ભદ્દા ચેનચાળા જ રહ્યા હતા.

ઝુઝારે હલિમ, કબાબ વેચતા એક ખુમચા પાસે ગાડી થંભાવી અને ઉપરની તરફ ડોકિયું કર્યું. જાંબલી રંગની લિપસ્ટિક કરેલી એક છોકરીએ તેની સામે જોઈને મારકણું સ્મિત કર્યું, પણ ઝુઝારને તેના અલ્લડ ઈશારાની પરવા ન હતી. ભરચક જવાનીમાં ગ્વાલિયરના શેઠની બીજી વારની પત્નીના પ્રેમમાં પડ્યા પછી અને લાગણીના એ સંબંધમાં જિંદગીનો એકમાત્ર ઊંડો ઘાવ સહ્યા પછી રોમાન્સના નામમાત્રથી તેને કંપારી છૂટતી હતી.

દમામભેર એ ગાડીમાંથી ઊતર્યો. તેના અનુભવી દિમાગે બરાબર હિસાબ માંડી લીધો હતો. કેકવાના ધાબા જેવી જગ્યા હોય અને કબાડા કરનારા લોકો ત્યાં રોકાય ત્યારે છોકરીની હાજરી વગર વર્તુળ પૂરું ન થાય. કેકવાની પૂછપરછ કરવાની ન હતી, પરંતુ રાઘવ આવે ત્યાં સુધીમાં પોતે શક્ય તેટલી કડી હાથ કરી લેવા માંગતો હતો. આસપાસની દુકાનના વેપારીઓ માટે દાદર ચડીને ઉપર જતાં લોકોની કોઈ નવાઈ ન હતી. કોઈની પણ સામે નજર નાંખ્યા વગર ઝુઝાર રૂઆબભેર સાંકડી ગલીમાં ડાબા હાથે વળીને દાદર ચડી ગયો.

પોણી કલાક પછી નીચે ઊતર્યો ત્યારે તેના ચહેરા પર પોતાની ગણતરી સાચી પડી હોવાનો સંતોષ ઝળકતો હતો, પણ મગજમાં સવાલો ઊગવા માંડ્યા હતા. અહીંથી ત્રણ છોકરીઓ કેકવાના ધાબા પર ગઈ હતી. બસંતકુમાર નામનો રાયપુરનો કોઈક આદમી એડવાન્સ પૈસા આપીને ત્રણ છોકરીને કશેક સહેલગાહે લઈ ગયો હતો.

સાંજે સાડા સાત વાગ્યે ગઢબિદરાના પાટિયા પાસે રાઘવ તેને મળ્યો એટલે ઝુઝારે તમામ

ડિટેઈલ્સ કહી દીધી.

બે આદમી કેકવાના ધાબા પર ઊતર્યા. એ રાત્રે કોઈક છોકરી કશુંક આપી ગઈ અને પછી ધમાલ મચી ગઈ. બીજા દિવસે એક આદમી ધાબા પર જ રહ્યો અને બસંતકુમાર નામનો આદમી રાજનંદગાંવ આવ્યો અને છોકરીઓને ત્યાં લઈ ગયો. ફોર્ડ ઈકોસ્પોર્ટ હવે એક ગોડાઉન જેવી જગ્યાએ પડી છે અને બંને આદમી ત્રણ ઓરત સાથે કેકવાના ધાબેથી નીકળી ચૂક્યા છે.

'બસંતકુમાર કોણ હોઈ શકે?' ત્વરિત પર વહેમાઈને પોતે સાચી દિશાએ જઈ રહ્યો છે તેનો અહેસાસ થવાથી રાઘવનો આત્મવિશ્વાસ બેવડાતો હતો.

'એ આદમી અહીં વારંવાર આવે છે, છૂટા હાથે રૂપિયા વેરે છે, પણ મને લાગે છે કે એ તેનું સાચું નામ ન હોય.' ઝુઝારે આવી જગ્યાઓનો પૂરતો મહાવરો કેળવ્યો હતો.

'હમ્મ્મ્..' રાઘવે મનોમન પોતાનું ગણિત ગણી લીધું. ત્વરિત એકલો નથી અને મામલો ફક્ત આ એક મૂર્તિ ચોરવા પૂરતો ય નથી. એ લોકો ક્યાં ગયા છે એ જાણવા હવે કેકવાનું મોં ખોલાવ્યા વગર આરો નથી. કેકવાની કુંડળીમાં ય પૂરતાં કુંડાળાં છે એ જોતાં લોકલ પોલીસને વિશ્વાસમાં લેવી જોઈએ.

રાઘવની એ દીર્ઘ ષ્ટિ જ આખરે તેને ફળી હતી. મોડી રાત્રે પરિહારે મોકલેલી ફાતિમા-ચંદાની વિગતો, તસવીરો રાજનંદગાંવ પોલીસમાં પહોંચી એ સાથે પરપોટો ફૂટવાની શરૂઆત થઈ હતી. ખુદ રાઘવે મોડી રાતે કમાન્ડન્ટ વિશ્વનાથ પરિહાર સાથે વાત કરી ત્યારે બેયના મનમાં અણધાર્યા ઘટસ્ફોટ થવા લાગ્યા.

મધ્યપ્રદેશ પોલીસનો એસીપી પ્રાચીન મૂર્તિઓની ચોરીનો એક કેસ ટ્રેક કરી રહ્યો છે એવું જાણ્યા પછી પહેલી વાર પરિહારને લાપતા આદમીઓ વિશે બત્તી થવા માંડી હતી. તે હવે સ્પષ્ટ થવા માંડ્યો હતો કે લાપતા આદમીઓને આતંકવાદીઓ સાથે કોઈ કનેક્શન નથી. એ બધા મૂર્તિ ચોરવા માટે જ અહીં આવ્યા હોઈ શકે અને સંજોગોવશાત્ પાકિસ્તાનીઓ સાથેની મૂઠભેડમાં ભેરવાઈ ગયા હોવા જોઈએ.

વ્હાઈટ રમનો ગ્લાસ એકશ્વાસે ગટગટાવી ગયા પછી હવે પરિહારને પહેલી વાર હાશકારો થઈ રહ્યો હતો.

આ તરફ પરિહાર પાસેની વિગતો જાણ્યા પછી રાઘવને પણ હવે પાક્કાપાયે ખાતરી થઈ ગઈ હતી કે તે ત્વરિતનો પીછો કરીને અજાણતાં જ મૂર્તિચોરીનું એક મહાખેપાની રેકેટ ઝડપવા ભણી આગળ વધી રહ્યો છે. ત્વરિત અને તેની સાથેનો આદમી લાપતા છે. બે ઓરત ઝડપાઈ ગઈ છે. ત્રીજી ઓરત ક્યાં છે એ ખબર નથી. ત્રીજો કોઈ આદમી સ્નાઈપર રાઈફલ લઈને ત્યાં હાજર હતો. એ કોણ હોઈ શકે? એક છોકરીએ ય ફાયર કર્યું હતું. ફાતિમા-ચંદા સાથે ગયેલી ત્રીજી બાંગ્લાદેશી છોકરી તો ત્રીશી વટાવી ગયેલી અને વર્ણે શ્યામ હતી, જ્યારે પરિહારે આપેલું વર્ણન તો 22-25 વર્ષની કોઈ ખૂબસૂરત છોકરીનું હતું. વળી, બજારુ ઓરત એમ આવી સ્થિતિમાં ગન ચલાવી નાંખે એ ય શક્ય ન હતું.

ગૂંચવાયેલા રાઘવે એ જ ઘડીએ ડેરા સુલ્તાનખાઁ જવા નીકળવાનો નિર્ણય કરી લીધો હતો.

*** *** ***

વહેલી સવારે પહોંચેલો રાઘવ સીધો જ લાલગઢ ઓફિસ પહોંચી ગયો હતો. પરિહારની સૂચનાથી ફાતિમા અને ચંદાને તેની સામે લાવવામાં આવી હતી. એકધારી રોકકળ કરી રહેલી એ બંને ઓરતોએ ત્વરિતનો સ્કેચ ઓળખી બતાવ્યો એટલે રાઘવને રાહત થઈ હતી.

બેય છોકરીઓને ત્વરિતે કવર તરીકે જોડે રાખી હોઈ શકે એવા તેના અંદાજમાં ઝુઝારે પણ સંમતિ આપી હતી. બપોરે સાડા અગિયાર વાગ્યે બીએસએફનું હેલિકોપ્ટર ડેરા સુલ્તાનખાઁ કેમ્પના હેલિપેડ ખાતે લેન્ડ થયું ત્યારે કમાન્ડન્ટ પરિહાર રાઘવને સત્કારવા હાજર હતો.

કેશાવલિ મંદિરે પહોંચીને રાઘવે ઘટનાસ્થળનું નિરીક્ષણ કર્યું ત્યારે તેના મોંમાંથીય ડચકારો નીકળી ગયો. આવી વેરાન જગ્યાએ આટલું ફાયરિંગ થાય, હેન્ડગ્રેનેડ બ્લાસ્ટ થાય, આટલી ખુવારી થાય અને ત્વરિત કૌલ તેમાં સંડોવાયેલો હોય એ કલ્પનામાત્રથી તેના હાથની મુઠ્ઠીઓ સખ્તાઈથી બિડાઈ જતી હતી. સાલો, મળ્યો ત્યારે તો કેવી વિદ્વત્તાથી વાતો કરી રહ્યો હતો!

પરિહાર વર્ણન કરતો ગયો તેમ રાઘવ મનોમન પોઝિશન નોંધતો ગયો. પાકિસ્તાની ઘૂસણખોરો અને બીએસએફના જંગમાં મૂર્તિ ચોરવા આવેલી ટોળકી અકારણ જ ફસાઈ પડી હશે એવો પરિહારનો તર્ક તેને ય ગળે ઊતર્યો હતો, પણ આવા જંગમાંથી ય એ લોકો છટકી શક્યા એ તેના માનવામાં આવતું ન હતું.

કેશાવલિનું મુખ્ય મંદિર સલામત હતું, પણ ભોંયરામાં એક મૂર્તિનો ગોખલો આખોય કોરાઈ ગયો હતો. પરિહાર કહેતો હતો કે ભોંયરામાં પ્રવેશેલા માણસે માંડ અડધી કલાકમાં મૂર્તિ ઉઠાવી હોવી જોઈએ. રાઘવે પોતાની રીતે એ દરેક સ્થળના ફોટા પાડ્યા. કોરાયેલી મૂર્તિ નીચે દીવાલમાં કોતરેલા મંત્રના ય ફોટા લીધા. બપોરે સૂરજ માથા પર હતો ત્યારે બીએસએફનાં ઊંટ તૈયાર થઈ ચૂક્યાં હતાં.

વહેલી સવારથી જ પરિહારે રેગિસ્તાનની ત્રણે દિશામાં પગીઓને રવાના કરી દીધા હતા. રાત્રે ઊઠેલા વંટોળને લીધે પગેરું શોધવામાં નિષ્ણાત આદમીઓને ખાસ્સી તકલીફ પડી હતી, પરંતુ બપોર થતા સુધીમાં મરેલા ઊંટનો મૃતદેહ મળી આવ્યો હતો. ઊંટના કાઠડા પરનો તમામ સામાન ગાયબ હતો એટલે ઘાયલ ઊંટની સાથે કોઈ આદમી હોવાની શંકા ય મજબૂત બની હતી.

આગળ ગયેલા પગીઓ દિશા ચીંધતા ગયા તેમ રાઘવ, પરિહાર, ઝુઝારનો કાફલો આગળ ધપતો ગયો. છેક મોડી સાંજે આખરે લાઈન ઓફ કન્ટ્રોલની દિશાએ અઢી-ત્રણ કિલોમીટર દૂર ઢૂવાના ઢાળ પર ફસકાઈ પડેલો એક આદમી લોકેટ થયો હતો.

એ ત્વરિત જ હતો. વિકૃત ચહેરો, તરડાઈ ગયેલું શરીર, ચાઠાં પડીને વકરી ગયેલા ઘાવ, હોશોહવાસ વગરની હાલત અને તેમ છતાં છાતી સાથે મુશ્કેટાટ બાંધેલી મૂર્તિ.

રાઘવને કમકમાટી છૂટી ગઈ હતી. આખરે આ કમઠાણ છે શું?

*** *** ***

જો રાઘવ-પરિહારને થોડુંક જ મોડું થયું હોત તો ઈજા, આઘાત, રેગિસ્તાનની લૂ અને પાણી વિના વલખતા ત્વરિતે ત્યાં જ છેલ્લા શ્વાસ લઈ લીધા હોત. ફટાફટ તેને પહેલાં કેમ્પ અને પછી હેલિકોપ્ટર મારફત બિકાનેર આર્મી હોસ્પિટલ ખસેડવામાં આવ્યો.

રાતભર જાગીને રાઘવ-પરિહારે પોતપોતાની સ્થિતિ સ્પષ્ટ કરી. પરિહારે બીએસએફના દરેક કમાન્ડને અજાણ રાખીને આ ઓપરેશન પાર પાડ્યું હતું. તેને અલબત્ત સફળતા મળી હતી, પરંતુ પોતાના જવાનોની ખુવારી માટે જવાબ આપવો મુશ્કેલ હતો. એ સંજોગોમાં લાપતા આદમીઓનો ઉલ્લેખ કરીને એ વધુ ભેરવાવા માંગતો ન હતો.

લાપતા આદમીઓને પાકિસ્તાનીઓ સાથે કોઈ કનેક્શન નથી તેની ખાતરી થઈ ગયા પછી તેણે એ વિશે ચૂપકીદી રાખવાનું નક્કી કર્યું. ત્વરિત, ફાતિમા, ચંદા સહિત એ આખો મામલો હવે

રાઘવનો હતો અને જ્યાં સુધી છેલ્લી કડી હાથ ન લાગે ત્યાં સુધી રાઘવ પણ ચોપડે ચડાવીને મામલો ચગાવવા માંગતો ન હતો.

આખરે બન્નેએ પોતપોતાના હિતમાં એકબીજાને સહકાર આપીને મૌન રાખવાનો નિર્ણય કર્યો હતો.

*** *** ***

‘ગૂડ મોર્નિંગ છપ્પન બાદશાહ...’

છપ્પનની આંખ ઊઘડી ત્યારે એ ઓરેન્જ જ્યૂસનો ગ્લાસ હાથમાં લઈને ઊભો હતો, ‘જો કે અત્યારે બપોરનો દોઢ વાગ્યો છે, પણ તું ઘસઘસાટ ઊંઘતો રહ્યો એટલે મેં તને જગાડ્યો નહીં...’

છપ્પને ચકળવકળ આંખે ચારે તરફ જોઈ લીધું. એ જ કમરો, એ જ માહોલ. ફક્ત દૂબળીએ ડ્રેસ ચેન્જ કર્યો હતો. લાઈટ સેફ્રોન શેડનો લિનન શર્ટ અને ઓફ્ફ વ્હાઈટ કલરના ટ્રાઉઝરમાં એ હાઈપ્રોફાઈલ એક્ઝિક્યુટિવ જેવો લાગતો હતો.

‘હાઉ ડૂ યુ ફિલિંગ નાવ?’

‘ઓકે...’ પોતે આટલું બધું ઊંઘ્યો તેનો અચંબો છપ્પનના અવાજમાં વર્તાતો હતો.

‘ડોન્ટ બોધર એન્ડ ડોન્ટ ટોક મચ.. ડોક્ટર સવારે આવી ગયા છે. તને હજુ સાજા થતાં બે દિવસ લાગશે બટ, આઈ એમ સોરી માય ડિઅર, આપણે અત્યારે જ અહીંથી નીકળી જવું પડશે.’

‘કેમ? કંઈ...’

‘ઈટ્સ હાઈ એલર્ટ એટ બિકાનેર. ઓફિશ્યલ એનાઉન્સમેન્ટ નથી થયું, પણ એટલે જ મને વિચિત્ર લાગે છે. આપણે ગફલતમાં ન રહેવું જોઈએ. ડોન્ટ વરી, મેં બધી તૈયારી કરી રાખી છે...’

‘હાઈ એલર્ટ શા માટે અને ઓફિશ્યલ એનાઉન્સમેન્ટ શેનું?’

એ એવા જ સપાટ ચહેરે તેને જોયા કર્યો. પછી હળવેથી તેની પાસે ખસીને કપાળ પર હાથ મૂક્યો, ‘ફાઈન, તને હવે સ્હેજે ય ટેમ્પરેચર નથી.’

‘અરે, હેલ વિથ માય ટેમ્પરેચર... હું પૂછું છું તેનો જવાબ આપને.’ પથારીમાં રહેવાની પોતાની વિવશતા અને આ માણસની જાડી નિંભરતાથી છપ્પન બેહદ અકળાયો.

‘શાનો જવાબ?’

‘કેમ, તું બહેરો છે? મારી ભાષા સમજતો નથી? મંગળ ગ્રહ પરથી પ્રગટ્યો છે? સાલા, મેં તને સીધી રીતે પૂછ્યું કે હાઈ એલર્ટ શેનો છે, ક્યા એનાઉન્સમેન્ટની તું વાત કરે છે, શા માટે આપણે બીજે શિફ્ટ થવાનું છે અને તું...’ ઓરેન્જ જ્યૂસનો ગ્લાસ ફગાવવાનું છપ્પનને મન થઈ આવ્યું હતું.

‘ધારો કે હું તને કહી દઉં તો પણ...’ ત્રાટક કરતો હોય તેમ એ છપ્પનની આંખમાં જોઈ રહ્યો, ‘તું કંઈ ફરક પાડી શકવાનો છે?’

‘તો ય મને જે અસર કરે છે એ વાત મારે જાણવી તો પડશે ને?’

‘અને ન કહું તો?’

તેનું વાક્ય પૂરું થાય એ પહેલાં ઉશ્કેરાટથી હાંફતા છપ્પને જ્યૂસ ભરેલો ગ્લાસ જોરથી તેના

તરફ ફેંક્યો. ગ્લાસ ફેંકવા માટે છપ્પનનો હાથ ઊંચકાયો કે તરત નીચા નમીને તેણે ઘા તો ચુકાવી દીધો પણ ભીંત સાથે અથડાઈને કાચના ટુકડા ચારેતરફ વેરાઈ ગયા અને જ્યૂસના છાંટા તેનાં કપડાં પર પણ ઊડ્યા.

ચહેરાની એક રેખા બદલ્યા વગર તૂટેલા કાચના ટુકડા એ જોતો રહ્યો પછી છપ્પનની સામે જોયું. બાથરૂમમાં જઈને ડાઘ પર થોડું પાણી લગાવ્યું અને બાથરૂમના બારણામાંથી જ બોલવા માંડ્યો,

'ત્વરિત પકડાઈ ગયો છે. બેહદ ખરાબ હાલતમાં અહીંથી માંડ એક કિલોમીટર દૂર આર્મી હોસ્પિટલમાં છે. પોલીસ અને બીએસએફનું કમ્બાઈન્ડ ઓપરેશન છે અને એકેએક હોટેલ આજે રાતે ચેક થશે...' છપ્પનના ચહેરા પર ઉપસી આવેલી ભયની રેખાઓ ભણી આંગળી ચીંધીને તેણે ઉમેર્યું, 'બોલ, મેં બધું જ કહી દીધું. તારાથી કંઈ થઈ શકે તેમ છે?'

છપ્પન સ્તબ્ધ ચહેરે જોઈ રહ્યો. એ પૂછવા જ જતો હતો કે તને આ બધી કેવી રીતે ખબર પડી? ત્યાં વધુ એક વખત, જાણે છપ્પનનો ચહેરો વાંચતો હોય તેમ તેણે સપાટ સ્વરે પુછાયા પહેલાં જ જવાબ વાળી દીધો, 'હું એકલો નથી...!!'

*** *** ***

આર્મી હોસ્પિટલમાં મોટાભાગે ઘાયલ જવાનોને જ સારવાર આપવામાં આવે, પરંતુ બિકાનેરની આર્મી હોસ્પિટલના તબીબોનો લાભ સાધારણ જનતાને ય મળી શકે એ માટે રોયલ ફેમિલીએ પોતે ખર્ચ ઉપાડ્યો હતો અને એક વિંગ સિવિલિયન માટે અનામત રખાવી હતી. ત્રીજા માળે એક સ્પેશ્યલ રૂમમાં ત્વરિતને રાખવામાં આવ્યો હતો. તેને જડબામાં મસ્ક્યુલર રપ્ચર ડિટેક્ટ થયું હતું. ત્રીજી પાંસળીમાં ય ઈજા હતી. એ સિવાય સિવિઅર ડિહાઈડ્રેશનને લીધે ઑક્સિડેશન ઝડપી બની ગયું હતું અને નર્વ્ઝ સિસ્ટમ કોલપ્સ થવા માંડી હતી. સમયસર એ મળી આવ્યો હતો એટલે આઉટ ઑફ ડેન્જર હતો.

ડોક્ટર પાસેથી વિગતો જાણ્યા પછી રાઘવે ચોવીસ કલાકમાં પહેલી વખત હાશકારો અનુભવ્યો હતો.

મોડી રાત સુધી તે હોસ્પિટલમાં રોકાયો. ત્વરિતને હોશમાં આવવાને હજુ ખાસ્સી વાર હતી, પરંતુ તેને મનમાં કંઈક અંદેશો થયા કરતો હતો.

કંટાળીને રાત્રે સાડા અગિયાર વાગ્યે તે નીકળ્યો. કમ્પાઉન્ડમાં ત્રણ-ચાર ગાડીઓ પાર્ક થયેલી હતી. દરવાજાની સામેના રસ્તા પર થોડોઘણો ટ્રાફિક હતો. ઝાંપા પાસે ઊભેલા ચોકિયાત ગપાટા હાંકી રહ્યા હતા.

રાઘવે હોસ્પિટલ કમ્પાઉન્ડમાંથી ડાબી તરફના રસ્તે બીએસએફ ગેસ્ટહાઉસ ભણી કદમ ઉપાડ્યા.

એ વખતે તેણે ગરદન ઘુમાવીને જોયું હોત તો, ઝાંપામાંથી 'ઢગ્..ઢગ્..ઢગ્..ઢગ્' અવાજ સાથે અંદર પ્રવેશેલા એનફિલ્ડ બુલેટ મોટરસાઈકલને જરૂર જોયું હોત.

હોસ્પિટલમાં રાત્રે સાડા અગિયાર વાગ્યે

ઝુઝારે કઢંગી રીતે આળસ મરડી અને પછી ઘડિયાળમાં જોયું.

આખો દિવસ તેના ભાગે ખાસ કંઈ કરવાનું આવ્યું ન હતું. ત્વરિતનો કબજો મેળવ્યા પછી રાઘવ સતત પરિહાર સાથે ગુફ્તેગુમાં વ્યસ્ત રહ્યો હતો, પણ એ બધો વખત ઝુઝારે બીએસએફના આદમીઓ પાસે કરામત વાપરીને ખુબરાના જંગની વિગતો મેળવી લીધી હતી.

બર્બરતાની હદ પૂરી થાય અને સભ્યતાની હદ હજુ શરૂ થઈ ન હોય એવા ચંબલના સંધિસ્થાને જન્મેલા, ઉછરેલા અને પલોટાયેલા ઝુઝારને મન કેટલીક પૂર્વધારણાઓ બહુ જ સ્પષ્ટ હતી. તે બહુ જ દ્રઢતાપૂર્વક માનતો કે દુનિયામાં કોઈ માણસ સીધોસાદો ન હોઈ શકે. તેનો અનુભવ કહેતો હતો કે, દરેક માણસને બદમાશ બનવા માટે ફક્ત એક મોકો જ જોઈતો હોય છે.

રેગિસ્તાનમાંથી પકડાયેલો આ આદમી મૂર્તિશાસ્ત્રનો હોશિયાર પ્રોફેસર હોવાનું રાઘવે તેને કહ્યું હતું અને તે આવા કબાડામાં કેમ પડ્યો તેનું તેને આશ્ચર્ય થતું હતું, પરંતુ એવા કોઈ આશ્ચર્યનું ઝુઝારના માનસમાં સ્થાન ન હતું. 'માણસ માત્ર કબાડાને પાત્ર' એવી સરળ ફિલસૂફીમાં માનતો ઝુઝાર રાઠોડી પંજાની બે ધોલ ઠોકીને તમામ આશ્ચર્યો ઓકાવી દેવાના મતનો હતો.

ખુબરાના જંગમાં આ માણસે કેવી રીતે ગન ચલાવી એ સમજ્યા પછી ઝુઝારે પોતાની રીતે તૈયાર કરેલા ખાનામાં તેને મૂકી દીધો હતો. રાઘવનું બધું સાયન્ટિફિક ઈન્વેસ્ટિગેશન થાકી જાય પછી હાથ અજમાવવા ઝુઝાર તત્પર હતો. તકલાદી, જર્જરિત અને બેહૂદી મૂર્તિ ચોરવા માટે આટલું જોખમ ઉઠાવનારાઓમાં હવે તેને ય રસ પડ્યો હતો.

સાડા અગિયાર થવા આવ્યા હતા.

તેણે ગંદા અવાજ સાથે મોટેથી બગાસું ખાધું, ત્વરિતના રૂમની બહાર બેન્ચ પર બેઠેલા બીએસએફના ચોકિયાતો તરફ અકારણ સ્મિત વેર્યું અને ખાખી વેસ્ટકોટના અંદરના ખિસ્સામાંથી રમનું મિનિએચર કાઢીને એકશ્વાસે ગટગટાવી ગયો.

તેને કંટાળો આવતો હતો, પણ આખી રાત જાગવાનું હતું. પરિહારના સેકન્ડ કમાન્ડે ત્વરિતના રૂમ બહાર બે ગનધારી આદમીઓ ગોઠવ્યા હતા, પણ ઝુઝારને આવા કામ વખતે આખી દુનિયામાં એક જ માણસ પર સૌથી વધુ ભરોસો પડતો... ઝુઝારસિંઘ મલ્હાન પોતે.

ત્વરિતને રૂમ એલોટ થયો એ સાથે જ તેણે કમરાની ભૂગોળ ચેક કરી લીધી હતી. ત્રીજા માળે વચ્ચેની હરોળમાં આવેલો રૂમ બધી રીતે સેઈફ હતો, પણ ટોઈલેટનું વેન્ટિલેશન પાછળની અગાસીમાં ખૂલતું હતું અને અગાસીનો દાદર વળી બીજા બ્લોકમાં નીકળતો હતો. ઝુઝારને એ પસંદ આવ્યું ન હતું. પોતે જો આ રીતે નજરકેદ હોય તો એ વેન્ટિલેશનવાળી જગાનો જ ફાયદો ઉઠાવે.

જોકે ત્વરિતની હાલત તેણે જોઈ હતી અને ડોક્ટરે પણ કહ્યું હતું કે તેને એટલી બધી નબળાઈ છે કે પોતાના પગ પર ઊભા થતા જ તેને ત્રણ-ચાર દિવસ લાગી જશે. ઝુઝારને જો કે માણસની શારીરિક નબળાઈ કરતાં દિમાગની બદમાશી પર પાક્કો ભરોસો રહેતો. પોતે જો આ હાલતમાં હોય તો હોશ આવે કે તરત ભાગવાનો જ વિચાર કરે અને એમાંય જો તેના સાથીદારો તૈયાર હોય તો...

અચાનક જાણે દાંત વચ્ચે કાંકરી ચવાઈ ગઈ હોય તેવું લખલખું આવી ગયું અને તે સફાળો ઊભો થઈ ગયો. ત્વરિત બેહોશ છે, તેને નબળાઈ વર્તાય છે, એ ઊભો ન થઈ શકે પરંતુ તેના સાથીદારો તો આવી શકે ને? મનમાં વિચાર ઉદ્ભવ્યો

તેની દસમી સેકન્ડે તો ત્રણ લાંઘમાં આખી લોબી વટાવીને તે દરવાજા પાસે પહોંચી ગયો હતો. તેને લગભગ દોડતો આવેલો જોઈને ચોકિયાત પણ ખચકાયા હતા, પણ એ બેયને બળપૂર્વક બાજુમાં હડસેલીને તેણે ધડામ કરતું બારણું ખોલ્યું અને ઊંડો શ્વાસ છોડી ત્યાં જ ખોડાઈ ગયો.

રૂમમાં મધ્યમ રોશની, એસીની આછી ઘરઘરાટી વચ્ચે લહેરાતી શીતળ હવા, સ્ટેન્ડ પર લટકતા બાટલામાંથી ટીપે-ટીપે સરકતું ઘેરા ગુલાબી રંગનું પ્રવાહી અને પાતળી ટ્યુબ વાટે

બટરફ્લાય સાથે જોડાયેલો ત્વરિતનો હાથ.

તે ગાઢ નિદ્રામાં હતો કે પછી દવાના ઘેન તળે હતો. તેની આંખો અધખુલ્લી હતી. કપાળ પર તેના વાંકડિયાં ઝુલ્ફાં છેક નેણ સુધી વેરવિખેર પથરાયેલાં હતાં. જડબાંની સૂજનને લીધે તેનો ગોરો ચહેરો થોડો માંસલ અને મોટો લાગતો હતો.

ઝુઝાર એકીટશે તેને જોઈ રહ્યો. ના, આ આદમી કમ સે કમ આજની રાત તો આંખ સુધ્ધાં ખોલી શકે તેમ નથી. ઘડીક હાશકારો અનુભવીને તેણે બાથરૂમનો દરવાજો ખોલ્યો. વેન્ટિલેશનના કાચ ખેંચી જોયા. આ રીતે તો નાજૂક બાંધાનો કોઈ માણસ આસાનીથી અંદર પ્રવેશી શકે. ઘડીક તે વેન્ટિલેશન સામે જોતો રહ્યો, ઘડીક કાચની ત્રાંસી ફાંટમાંથી દેખાતી સામેની ટેરેસને જોતો રહ્યો તો ઘડીક ત્વરિતને.

અચાનક તેના ચહેરા પર નિર્ણયાત્મકતા તરી આવી.

'તુમ દોનો યહીં પર બૈઠો...' બહાર આવીને તેણે બંને ચોકિયાતોને કહ્યું, 'મૈં સામને વાલી ટેરેસ પર બૈઠતા હૂં...' વેન્ટિલેટર મારફતે ત્વરિતનો કોઈક સાથી અંદર ઘૂસવાનો પ્રયાસ કરવા ધારે તો તેણે ટેરેસ પર તો આવવું જ પડે એમ વિચારીને તેણે ટેરેસ પર જ બેઠક જમાવવાનું નક્કી કર્યું. મોબાઈલ નંબરની આપ- લે કરીને તેણે બંને ચોકિયાતોને સતર્ક રહેવા જણાવ્યું અને એક ગાર્ડન ચેર ઉઠાવીને દાદર ઊતરી ગયો.

એ તેની ભૂલ હતી.

ખરેખર તો તેણે ત્યાં જ બેસવા જેવું હતું.

રાત્રે સવા બાર વાગ્યે...

'વોટ નોનસેન્સ... તમને ઈન્સ્ટ્રક્શન ન મળી હોય એટલે મારે પેશન્ટને જોખમમાં મૂકવાનો?' લોબીના સામેના છેડે કોઈક ઊંચા અવાજે બોલતું હતું એ સાંભળીને બીએસએફના એક ચોકિયાતે અવાજની દિશામાં ગરદન લંબાવી.

ગળામાં બેપરવાઈથી સ્ટેથોસ્કોપ લટકાવીને એક ગોરી, જાજરમાન યુવતી દમામદાર અવાજે ફ્લોર સ્ટાફને ધમકાવતી હતી. કાંસાની ઘંટડી જેવો તેનો અવાજ ઉશ્કેરાટમાં ઊંચો થઈને છેક અહીં સુધી સંભળાતો હતો.

વ્હાઈટ એપ્રન, માંડ નિતંબ સુધી પહોંચતું ડાર્ક બ્રાઉન ચુસ્ત ટોપ, લાઈટ પીચ શેડના તંગ લેગ-ઈન્સમાંથી છલકાતો સાથળનો માંસલ હિલોળો, પગમાં વ્હાઈટ સેન્ડલ...

બેય ચોકિયાતે એકબીજાની સામે જોયું. એ બંને કંઈ નક્કી કરે એ પહેલાં તો એ તેમની જ દિશામાં આગળ વધી અને ફ્લોર સ્ટાફનો નાઈટશિફ્ટ મેલ નર્સ, એક બીજી છોકરી, એક કમ્પાઉન્ડર એમ આખો જમેલો તેની પાછળ દોરવાયો.

'બટ મેડમ, વી આર ઈન્સ્ટ્રક્ટેડ નોટ ટુ ડિસ્ટર્બ પેશન્ટ ટિલ ધ મોર્નિંગ રાઉન્ડ.' ઝડપથી રુઆબભેર ચાલતી એ યુવતીની લગોલગ થવા મથતો મેલ નર્સ તેને કહી રહ્યો હતો.

'તો?' અચાનક તે ઝાટકા સાથે થંભી ગઈ અને તેની સામે પેડ ધર્યું, 'આ રિપોર્ટ ખોટા છે? આમાં લખ્યું છે કે પેશન્ટને છાતી પર સિવિયર બર્ન ઈન્જરી છે. એન્ડ હી ઈઝ ગિવન એસિક્લોફિનાક એનાલ્જેસિક. ઝોલ્પિડેમ ટાર્ટાર એઝ સિડેટિવ... હાઉ સ્ટુપિડ ધ ડોક્ટર ઈઝ..'

'પણ મેડમ, ડોક્ટર પઠાણે જ એ દવા આપી છે.. એન્ડ એકોર્ડિંગ ટૂ હાયર ઓથોરિટી, અમારે કોઈને પણ સવાર સુધી તેની રૂમમાં એલાઉ કરવાના નથી.' બંને નર્સને હજુ ય સમજાતું ન હતું

કે પેશન્ટ જે રૂમમાં હોય એ ફ્લોર પર જ રહેતા તેના કેસપેપર્સ આ લેડી ડોક્ટર નીચેથી કઈ રીતે લઈ આવી હશે? પણ તેઓ આ સવાલ કરે એ પહેલાં જ તેણે ઉપર આવીને મેડિકલ સુપરિન્ટેન્ડેન્ટનો ઓથોરિટી લેટર ધર્યો હતો અને ધમાલ મચાવી દીધી હતી.

'નોનસેન્સ...' તેણે તુચ્છકારથી હોઠ મરડ્યા, 'ડુ યુ નો, તેને છાતીમાં, બાવડા પર સ્ટીચીઝ લીધા છે. કાલે બપોરે સ્કીન ગ્રાફ્ટિંગ કરવાનું છે. એસિક્લોફિનાકથી તેને હેડકી ઉપડી શકે છે. સિડેટિવ્ઝથી વોમિટિંગ પણ થાય. એવું થાય તો બર્ન ઈન્જરી વધુ વકરે. કોણ લેશે તેની જવાબદારી? તમે? અ સ્ટુપિડ કેરિંગ સ્ટાફ?'

તેણે બંને નર્સની આંખમાં આંખ પરોવીને ધારદાર નજરે કહી દીધું, 'આઈ નો, ઈટ્સ અ પોલીસકેસ એન્ડ નોબડી ઈઝ એલાઉ ટુ મીટ હિમ. બટ માઈન્ડ વેલ, ઈટ્સ ફોર સ્ટ્રેન્જર્સ, નોટ ફોર મી... અ ડોક્ટર.'

'કા હુઆ?' સટાસટ ફેંકાતા અંગ્રેજીમાં ગોથાં ખાતા બેય ચોકિયાતોને એટલું તો સમજાયું કે પોતે જેની ચોકી કરી રહ્યા છે એ જ પેશન્ટની વાત છે, પણ એમાં સ્ટાફ અંદરઅંદર કેમ બાખડે છે એ તેમને સમજાતું ન હતું, 'કા મામલા હૈ?'

બંને જવાનો ચુસ્ત એપ્રન તળે ભીંસાતા તેના માંસલ, પુષ્ટ ઉભારનું હલનચલન અને ગોરી, લિસ્સી, મરોડદાર ગરદનની સ્નિગ્ધતાને હવસભરી નજરે જોઈ રહ્યા.

'ટેલ ધ ગાય્ઝ...' એ યુવતીએ બંનેની સામે જોવામાં ય જાણે નાનપ લાગતી હોય તેમ તિરસ્કારભેર નજર ફેરવીને સાથેની નર્સને રીતસર ઠોંસો મારી દીધો, 'આઈ એમ અ ડોક્ટર એન્ડ નીડ ટૂ ચેક ધ પેશન્ટ...'

કોઈની જાણે પરવા જ ન હોય તેમ તે દરવાજા ભણી આગળ વધી. નર્સ પેલાને ભાષાંતર કરીને સમજાવે એ પહેલાં તો તેના ઠસ્સાથી અંજાયેલા ચોકિયાતે પોતે જ દરવાજો ખોલી આપ્યો.

અંદર પ્રવેશીને ઘડીક તે ત્વરિતની સામે જોઈ રહી, પછી નજીક સરકીને તેના જડબાનો ઘાવ તપાસ્યો. ચાદર હટાવીને છાતી પર મૂર્તિ બાંધવાને લીધે પડેલા લંબચોરસ આકારના ડામને જોયો. ક્ષણાર્ધ માટે તેની આંખમાં ચમકારો આવ્યો અને ઓલવાઈ ગયો. પછી તેણે મોનિટર જોયું.

'આઈ ડોન્ટ બીલિવ... ડિજિટલનો આ જ વાંધો છે, ખોટકાય તો ય ખબર ન પડે.' મોનિટરના લાલ-લીલા ગ્રાફની ચડ-ઊતર જોતાં રહીને તેણે ડોકું ધુણાવ્યું, 'સ્ફિગ્મોમેનોમીટર લાવ..'

'જી..' તેણે કહ્યું કે તરત મેલ નર્સ બહાર કાઉન્ટર પર પડેલું બીપી ઈન્સ્ટ્રુમેન્ટ લેવા દોડ્યો.

'મેડિસિન ચાર્ટ પ્લિઝ...' ત્વરિત પરથી નજર હટાવ્યા વગર બીજી નર્સ સમક્ષ તેણે રુઆબભેર હાથ ધર્યો. નર્સે ટેબલ પરથી પેડ લઈને તેને આપ્યું એટલે ઝીણવટપૂર્વક તેણે વિગતો વાંચી.

'વોટ રબ્બીશ...' નર્સની સામે સવાલિયા નજરે જોઈને તે તાડુકી, 'પેશન્ટને સ્પોન્જ નથી આપ્યું?'

'નો મે'મ, ઘાવ સાફ કરીને દવા લગાવી છે. એ પછી સ્પોન્જની કોઈ ઈન્સ્ટ્રક્શન નથી.'

'માય ડિયર, કેટલાં વરસથી પ્રોફેશનમાં છે તું? સ્કિન ગ્રાફ્ટિંગ કરતા પહેલાં દર ત્રણ-ચાર કલાકે એન્ટિસેપ્ટિક સ્પોન્જિંગ કરવું જ પડે.' કંઈક હેબતાઈને, થોડાક અહોભાવથી જોઈ રહેલી નર્સને તેણે બાથરૂમ ભણી આંગળી ચીંધીને કહ્યું, 'પાણી લાવ અને દરવાજો બંધ કર...'

બેય ચોકિયાતોને બહાર ધકેલીને નર્સે રૂમનો દરવાજો બંધ કર્યો અને એ બાથરૂમમાં ગઈ એટલે ફટાફટ એ યુવતીએ એપ્રનના ખિસ્સામાંથી મોબાઈલ કાઢ્યો અને ત્વરિતના ત્રણ-ચાર

એન્ગલથી ફોટા લઇ લીધા. મેડિસિન ચાર્ટ અને મોનિટરના ય બે ફોટા લઇને મોબાઇલ ખિસ્સામાં મૂક્યો. નર્સ બહાર આવી ત્યાં સુધીમાં વીજળીની ત્વરાથી તે ફરી વળી અને પલંગની નીચે, સામેના ખાનામાં બધે જ નજર, હાથ ફંફોસી લીધા.

'ઓકે...' તેણે નર્સની સામે જોઈને પહેલી વાર હળવું સ્મિત વેર્યું, 'બીપી માપવાની જરૂર નથી લાગતી. ગ્રાફ સિમ્સ ઓકે. સવારે સ્પોન્જ કરીશ તો ય ચાલશે' હાથમાં ડોલ પકડીને બહાર નીકળતી નર્સ અચરજભર્યા ડઘાયેલા ભાવે તેને જોઇ રહી અને તે દરવાજો ખોલીને ઠસ્સાદાર ચાલે બહાર નીકળી ગઈ.

બરાબર એક મિનિટ પછી...

સામેની ટેરેસ પર અડિંગો જમાવીને બેઠેલા ઝુઝારે બાથરૂમની લાઇટ થતી જોઈ એ સાથે તે ચોંક્યો હતો. પેશન્ટ જાતે તો ઊભા થવાની ત્રેવડમાં ન હતો અને સવારે ડોક્ટર રાઉન્ડ પર આવે ત્યાં સુધી બીજા કોઈને રૂમમાં જવાની પરમિશન ન હતી. તો બાથરૂમમાં કોણ ગયું હશે? સિક્યોરિટીવાળા જ સાલા બહારના કોમન ટોઇલેટને બદલે અંદર ગયા હોવા જોઈએ.

ગુસ્સાથી ધમધમતા દિમાગે તેણે ફોન જોડ્યો, 'પેશન્ટના રૂમમાં બાથરૂમની લાઈટ કેમ ચાલુ છે?'

'કહાં? અરે વો તો કોઈ મેમસા'બ ચેકઅપ કરને આઇ થી.' સિક્યોરિટીવાળા જવાને તબિયતથી ખુરશીમાં રાંટા થઈને બેઠેલી હાલતમાં જવાબ વાળ્યો.

'અરે, કૌન મેમસા'બ? કિસ કો ચેક કરને આઈ થી?'

'જી તો કરતા હૈ કિ હમેં ભી ચેક કર લે...' લિફ્ટ ભણી જઈ રહેલી એ યુવતીના નિતંબના માદક હીંચકા સાથે આંખો ઝુલાવતાં તેણે લોલુપ અવાજે કહ્યું, 'પર ઉસને તો સિર્ફ પેશન્ટ કો દેખા ઔર અબ જા રહી હૈ.'

'પેશન્ટ કી હાલત કુછ ખરાબ થી ક્યા?' ઝુઝારને હજુ ય તાયફો સમજાતો ન હતો.

'અરે, વો તો ઘોડે બેચકર સો રહા હૈ.'

'તો ફિર? ડોક્ટરે તો એવું નહોતું કહ્યું કે એ રાતે રાઉન્ડમાં આવશે.'

'હા, અહીંનો સ્ટાફ પણ ના જ પાડતો હતો, પણ...' ઝુઝારના સવાલથી એ જવાન પણ થોડો એલર્ટ થયો. એટલી વારમાં એ યુવતી લિફ્ટ સુધી પહોંચી ગઈ હતી, 'આ કોઈક બહારની ડોક્ટર હોય તેમ લાગ્યું..'

'એ ક્યાં છે?'

'વો જા રહી હૈ... લિફ્ટ તક પહોં...'

'રોક ઉસે...' ઝુઝારના દિમાગમાં શંકાની કડેડાટી બોલવા માંડી હતી, 'દુસરે આદમી કો રૂમ મેં ભેજ, મૈં આ રહા હૂં...'

'ઓય...' ઝુઝારનું વાક્ય પૂરું થાય એ પહેલાં જ તેની શંકા પામી ગયેલા જવાને પેલી યુવતીને હાક મારી લીધી, 'ઓ મેડમજી...'

એ યુવતીએ એવા જ તુચ્છકારથી તેની સામે જોયું. તેની ઘેરી, કથ્થાઈ આંખોમાં તોફાન નાચતું હતું. તે કશું જ બોલ્યા વગર તેની સામે જોઈ રહી એટલે એ આદમીએ ફરીથી હાક મારી, 'રૂકિયે મેડમજી..' તે દોડતો તેની પાસે પહોંચ્યો.

એ છોકરીએ સ્વસ્થતાપૂર્વક લિફ્ટની જાળી ખોલી, ગળા ફરતું વીંટાળેલું સ્ટેથોસ્કોપ હાથમાં

લીધું, 'ક્યા હૈ?' પૂછીને બે ડગલાં તેની તરફ આગળ વધી અને પેલો જવાન સાવ લગોલગ આવ્યો એટલે અચાનક વીજળીની ત્વરાથી ગોફણની માફક સ્ટેથોસ્કોપ વીંઝ્યું. જવાન કશું સમજે એ પહેલાં તેનાં જડબાં પર બળકટ હાથના તમાચાની જેમ સ્ટેથોસ્કોપનો ડાયાફ્રામ ઠોકાયો.

ઘડી પહેલાં માદક વળાંકોના હિલોળાથી આંખોને હીંચકાવતી એ છોકરી અચાનક રણચંડી બની ગઈ હતી.

અણધારી વ્યક્તિ, અણધાર્યો સમય અને અણધાર્યા પ્રહારથી હેબતાયેલા જવાનના મોંમાંથી ઉંહકારો નીકળે એ પહેલાં તેની ગરદન પર બરાબર મર્મસ્થાને એ છોકરીએ અંગૂઠા અને તર્જની વડે એવી ભીંસ દીધી કે જવાનની આંખો ફાટી ગઈ અને સૂમસામ લોબીના સન્નાટામાં તેની ચીસ ફરી વળી.

જવાને તેને પહેલી હાક મારી ત્યારે તેના કાન પર મોબાઈલ ચિપકેલો છોકરીએ જોયો હતો. મતલબ કે, કોઈકે ફોન કર્યો એટલે જ તેને લોલુપ નજરે તાકી રહેલો આ આદમી વહેમાયો હતો. હવે શક્ય છે કે ભોંયતળિયે અને લિફ્ટના દરેક ફ્લોરના પેસેજમાં ઘેરાવ થઈ ગયો હોય.

તેણે ત્વરાથી નિર્ણય લીધો. લિફ્ટની જાળી ખુલ્લી જ રાખીને કાઉન્ટર પાછળની બારીમાંથી બહાર ડોકિયું કર્યું. બીજા બ્લોકની પાળી લગભગ ચારેક ફૂટ છેટી હતી. એપ્રન ફગાવીને બારીના એલ્યુમિનિયમ સેક્શનમાં તેણે પગ ભરાવ્યો, ઊંડો શ્વાસ લીધો અને છલાંગ લગાવી દીધી.

પંદર મિનિટ પછી...

આખી હોસ્પિટલ ઉપરતળે થઈ રહી હતી. સિવિલિયન્સ ફ્લોરના તમામ લોકોની જડતી લેવાવા માંડી હતી. ઝુઝાર નીચે ભોંયતળિયે લિફ્ટની સામે ગન તાકીને ક્યાંય સુધી ઊભો રહ્યો પણ લિફ્ટનું ઈન્ડિકેટર ચસકતું ન હતું. પેલો આદમી ફોન રિસીવ કરતો ન હતો. છેવટે એ દાદર વાટે ઉપર ધસ્યો હતો અને લિફ્ટ સામે પટકાયેલા જવાનની કેફિયત સાંભળીને તેને પારાવાર અચંબો થતો હતો.

એક છોકરી... માંડ બાવીશ-ચોવીશની લાગતી એક છોકરી.

કેકવાના ધાબા પર પેકેટ આપીને સિફતપૂર્વક એ છટકી ગઈ. ખુબરાના જંગમાં લટકતી હાલતમાં બે થાંભલી વચ્ચેથી આબાદ નિશાન તાકીને તેણે પરિહારને વીંધી નાંખ્યો અને હવે અહીં હટ્ટાકટ્ટા, લશ્કરી તાલીમથી કેળવાયેલા જવાનને આમ આટલી આસાનીથી બઠ્ઠો પાડી દીધો..

એ છોકરી ઊંચાઈની પરવા કર્યા વગર, આટલા અંધારામાં બે બ્લોક વચ્ચેનો ચાર ફૂટનો ફાંસલો કૂદી ગઈ હતી, એ જાણ્યા પછી ઝુઝારનું શરીર તંગ થઈ ગયું હતું. ભલભલાં ખેપાનીઓ સાથે તેનો પનારો પડી ચૂક્યો હતો પણ હન્ટરના સાટકા જેવી આવી છોકરી કદી જોઈ ન હતી.

ત્વરિત સલામત હતો એટલા પૂરતો હાશકારો લઈને તેણે રાઘવને ફોન જોડ્યો.

એ વખતે હોસ્પિટલની બહાર રાતનું અંધારું ઓઢીને સુસ્તાયેલી સડક પર એનફિલ્ડ થંડરબર્ડનો આછકલો અવાજ પડઘાતો હતો.

ઢગ્..ઢગ્..ઢગ્..ઢગ્..ઢગ્..ઢગ્..

*** *** ***

'તો ઐસી બાત હૈ છપ્પન બાદશાહ...' અચાનક તેણે લેપટોપમાંથી નજર ઊંચકીને કહ્યું એથી છપ્પન ચોંકી ગયો પણ અડધેથી વાત માંડવાની તેની આદત આટલા સમયમાં છપ્પને નોંધી લીધી હતી. એ કશો જ હોંકારો ભણ્યા વગર તેને જોતો રહ્યો.

તેણે એક પુસ્તક ઉઠાવ્યું, સંભાળપૂર્વક વચ્ચે આંગળી મૂકી અને છપ્પન તરફ આગળ વધ્યો.

'જો આ મૂર્તિ...' તેણે છપ્પનની સામે પાનું ધર્યું. અત્યંત જર્જરિત પાનામાં છપાયેલી એટલી જ ઝાંખી તસવીર ભણી છપ્પને જોયું અને તે જરાક ચોંક્યો. અત્યાર સુધી ઉઠાવેલી તમામ મૂર્તિઓ કરતાં આ મૂર્તિ અનોખી હતી.

'કંઈ ફરક સમજાય છે?' છપ્પનની આંખમાં ઝબકેલો ચમકારો ઓસરે એ પહેલાં જ તેણે પૂછી લીધું એથી છપ્પન થડકી ગયો... સાલો, મારા મનમાં વિચાર આવે એ પહેલાં તો પારખી જાય છે.

'હું કેવી રીતે તારા મનને વાંચી લઉં છું તેની ફિકર છોડ, મૂર્તિને જો...' ફરીથી છપ્પનને ચોંકાવીને તેણે શરારતી સ્મિત વેર્યું, 'ધારીને જો... અત્યાર સુધી તેં ઉઠાવી એ દરેક મૂર્તિ પ્રત્યક્ષ પ્રતિમા હતી. આ મૂર્તિ સંકેત પ્રતિમા છે.'

'એટલે?'

'એટલે એમ કે...' અચાનક પોતાની માયાજાળ સંકેલતા જાદુગરની અદાથી તેણે પુસ્તક બંધ કરી દીધું, 'હવે તારે આ મૂર્તિ ઉઠાવવાની છે.' પછી છપ્પનની તરફ ગરદન ઘુમાવીને ઉમેર્યું, 'મુ. પો. ધરમાવલ્લી, વરંગલ'

'મેં તને કહ્યું.. ત્વરિત વગર હું હવે એક ડગલું ય માંડવાનો નથી'

'પણ ત્વરિત પોતે હજુ અઠવાડિયા સુધી પથારીમાંથી નીચે ડગલું માંડી શકે તેમ નથી.' તેણે સપાટ સ્વરે તરત જવાબ વાળ્યો એથી છપ્પન સતર્ક થઈ ગયો. તેની પાસે ત્વરિત વિશે કંઈક નક્કર માહિતી હોવી જોઈએ.

'નક્કર માહિતી નહીં, ફોટોગ્રાફ પણ છે, જોવો છે તારે?' ડઘાયેલા છપ્પનને સમજાતું ન હતું કે વીજળીના ચમકારાથી ય વધુ ઝડપે દિમાગ વાંચી લેતા આ માણસ સાથે કઈ રીતે વાત કરવી.

'આ જો...' તેણે છપ્પનના ચહેરા સામે મોબાઈલ ધર્યો.

કોઈ હોસ્પિટલના બેડ પર સૂતેલો ત્વરિતનો ફોટો જોઈને તે ચમક્યો, 'ઓહ નો... એ તો બહુ ખરાબ હાલતમાં લાગે છે...'

'બચી ગયો...' તેણે ફોટો એન્લાર્જ કરીને ત્વરિતના ચહેરા પર, બાવડા પર, છાતીમાં ક્યાં-ક્યાં ઘાવ છે એ બતાવ્યા, 'રેગિસ્તાનમાં બેહદ હેરાન થયો. ભૂખ્યાડાંસ ગીધ બિચારાને ફોલી રહ્યાં હતાં, પણ હવે વાંધો નથી. બહુ જલ્દી ઠીક થઈ જશે...'

'તું તો કહેતો હતો કે એ પકડાયો છે. પોલીસના કબજામાં છે તો પછી આ તસવીર?'

ઘડીભર એ છપ્પનને વિચિત્ર રીતે તાકી રહ્યો. તેના આવા વર્તનથી છપ્પનને તીવ્ર અકળામણ થઈ આવતી હતી. એ ક્યારેક વ્હાલ વરસાવે તો ક્યારેક સાવ અજાણ્યો થઈ જાય. ક્યારેક અડધા વાક્યથી જ વાત આરંભી દે, ક્યારેક સવાલ પુછાય એ પહેલાં જવાબ વાળી દે તો ક્યારેક પુછાયેલા સવાલને બદલે ભળતો જ જવાબ આપે.

'આ મૂર્તિ બહુ જ વિશિષ્ટ છે.'

'હા, પણ સંકેત પ્રતિમા એટલે શું એ તારે કહેવું નથી..' છપ્પને વધુ એક દાવ રચવા માંડ્યો, 'વેલ, મને કહીશ, આ જ મૂર્તિ શા માટે ઉઠાવવાની છે?'

‘કારણ કે તને આ મૂર્તિ માટે જ પૈસા મળવાના છે.’ તેણે ઉડાઉ જવાબ આપ્યો, પણ છપ્પન તૈયાર હતો.

‘તો આ મૂર્તિમાંથી તને શું મળવાનું છે?’

ત્રાંસી આંખે તેણે છપ્પનની સામે જોયું. વિચાર પરખાઈ જવાના ડરથી છપ્પને નજર ઝુકાવી દીધી એ જોઈને તે હસી પડ્યો, ‘મને તારું દિમાગ વાંચવાની તાકાત મળવાની છે. વો ક્યા હૈ કિ, હજુ એ માટે મારે તારી સામે જોવું પડે છે... તારી આંખોમાં જોવું પડે છે...’

પછી એ ખડખડાટ હસી પડ્યો, ‘આરામ કરો છપ્પન બાદશાહ... સાંજે તમારા માટે જ્હોની વોકર રેડ લેબલ વ્હિસ્કી મંગાવ્યો છે.’

બહાર ધીમી ધારે વરસાદ ચાલુ થઈ ચૂક્યો હતો. કાચની બારી પર મોટાં ફોરાં પડવાથી રચાતી આકૃતિઓ જોઈને અચાનક તે ઊભો થયો. પહેલી વાર તેના ચહેરા પર છપ્પનને કોઈક ભાવ જોવા મળ્યો. તેની આંખોમાંથી ખુશહાલીની વાછટ ઊગતી હતી અને ચહેરા પર રંગત વર્તાવા લાગી હતી.

છપ્પન તદ્દન મૌન રહીને તેના બદલાયેલા તેવર જોઈ રહ્યો.

તેણે ઊભા થઈને ગેલેરીનું બારણું ઉઘાડ્યું એ સાથે ભીની માટીની મહેક ઓરડાને ઘેરી વળી. બિકાનેરની હોટેલમાંથી સ્થળાંતર કર્યા પછી પહેલી વાર છપ્પનને અહેસાસ થયો કે તેઓ ભોંયતળિયાના કોઈ મકાનમાં હતા. બહાર નજર સામે જ રાઈનું ખેતર હતું અને વેગીલા પવનમાં દોઢ-બે ફૂટના છોડવા હિલોળાઈ રહ્યા હતા.

ગેલેરીના બારણે ઊભો રહીને તે ગરદન જરાક ઊંચકીને, બંધ આંખે મોસમની ભીનાશ શ્વાસમાં ભરતો રહ્યો. વરસાદનું જોર હવે વધ્યું હતું. આકાશમાં મેઘાડંબર બરાબર જામ્યો હતો. વીજળીના ચમકારે પવનના દોરે પરોવાયેલી વાછટ રાઈના છોડવાની અડાબીડ પીળાશ છેક ઓરડા સુધી ખેંચી લાવતી હતી અને આખો ઓરડો ઝળાંઝળાં થઈ જતો હતો. એ ક્યાંય સુધી ગેલેરીમાં ઊભો રહીને ચહેરા પર બંધ આંખે શીતળતાનો અહેસાસ લેતો રહ્યો.

અચાનક આકાશ સામે જોઈને તેણે મોટે મોટેથી બોલવાનું શરૂ કર્યું,

અહં વૃક્ષસ્ય રેરિવા
કિર્તિ: પૃષ્ઠં ગિરેરિવ
ઉર્ધ્વપવિત્રો વાજિનિવ સ્વમૃતસ્મિ
દ્રવિણં સવર્ચસમ્
સુમેધા અમૃતોક્ષિત:

પછી ખુશહાલ ચહેરે તેણે છપ્પન તરફ જોયું, ‘સમજાય છે મેં શું કહ્યું?’

તેના આટલી હદે બદલાયેલા મિજાજને સતર્કપણે નીરખતા છપ્પને ડોકું ધુણાવીને ના પાડી.

છપ્પનને ટેકો દઈને તેણે પરાણે ઊભો કર્યો અને ગેલેરીમાં ખુરસીમાં બેસાડતાં કહેવા માંડ્યું, ‘મહર્ષિ વેદવ્યાસે પોતાના ચાર શિષ્યોને ચાર વેદ શીખવ્યા. જેમાં વૈશમ્પાયનને યજુર્વેદ શીખવ્યો હતો. વૈશમ્પાયને આ જ્ઞાન પોતાના શિષ્ય યાજ્ઞવલ્ક્યને આપ્યું. એક વખત કોઈક કારણસર યાજ્ઞવલ્ક્ય સાથે તેમને ઝઘડો થઈ ગયો એટલે ગુસ્સે થયેલા વૈશમ્પાયને પોતે શીખવેલું બધું જ જ્ઞાન ઓકી નાંખવા શિષ્યને આદેશ કર્યો. ગુરુની આજ્ઞા સ્વીકારીને યાજ્ઞવલ્ક્યે શીખેલો યજુર્વેદ ઓકી તો નાંખ્યો, પણ એ વખતે તેમના શિષ્યોએ તરત તેતર પક્ષીનો સ્વાંગ લીધો અને વમન કરેલો યજુર્વેદ ચણી ગયા. એ રીતે સચવાયેલું યાજ્ઞવલ્ક્ય ઋષિનું દર્શન તૈત્તિરીય સંહિતા તરીકે ઓળખાય છે.’

‘હું બોલ્યો એ તૈત્તિરીય સંહિતાનો મંત્ર છે...’ છપ્પનના દિગ્મૂઢ ચહેરા સામે જોઈને તેણે તોફાની સ્મિત વેર્યું, ‘આયા કુછ સમજ મેં?’

આટલું કહીને તે જાણે બાળપણ તાજું થયું હોય તેમ ખુલ્લા ખેતરમાં દોડી ગયો. ભીની, લથપથ માટીમાં પડતાં પગલાં, કાળું મલીર ઓઢીને ઈજન આપતી વાદળોની ગડગડાટી, ધરતી પર લહેરાતી રાઈના ખેતરની ખુશ્બોદાર પીળાશ અને એકધારા વરસાદ વચ્ચે બેય હાથ હવામાં પસારી, ગરદન આકાશ ભણી ઊંચકી બંધ આંખે અહાલેકના અવાજમાં એ બોલી રહ્યો હતો.

સમગ્ર સંસારરૂપી વૃક્ષ મારામાંથી સ્ફુટ થાય છે... કીર્તિ: પૃષ્ઠં ગિરેરિવ... મારી કીર્તિ પર્વતના શિખરની માફક ઉન્નત છે... જ્ઞાનનો પ્રકાશ મારા ધનના ભંડારનું રક્ષણ કરે છે... સુમેધા અમૃતોક્ષિત:... અમૃત થકી અભિષેક પામેલો હું સંસારમાં સૌથી બુદ્ધિવાન છું.

છપ્પન સ્તબ્ધપણે, ફાટી આંખે તેને જોઈ રહ્યો હતો. છાતી માથે ઘેરાયેલા મેઘાડંબરને આહ્વાન કરતો હોય તેમ એ એકધારો બોલી રહ્યો હતો.

જ્ઞાનનો પ્રકાશ મારા ધનના ભંડારનું રક્ષણ કરે છે.

અમૃત થકી અભિષેક પામેલો હું સંસારમાં સૌથી બુદ્ધિવાન છું.

હું સૌથી વધુ બુદ્ધિવાન છું.

*** *** ***

રાઘવ ઘડીક તો સૂનમૂન થઈ ગયો હતો.

તેને સમજાતું ન હતું કે આ આખું કમઠાણ ખરેખર શું છે, તેમાં કોણ લોકો હોઈ શકે, એ કેટલાં છે, કેવાંક શક્તિશાળી છે... બંધ આંખે એ જોઈ રહ્યો હતો, બીએસએફના અલમસ્ત જવાનને એક જ ચોંપમાં રાડ પડાવીને ગાઢ અંધારામાં બારી વાટે બે બ્લોકની પાળ કૂદી જતી છોકરી.

તેણે હતાશામાં માથું ધુણાવી દીધું હતું.

હોસ્પિટલ સ્ટાફ અને સિક્યોરિટી ગાર્ડની ઝીણવટભરી પૂછપરછ કરીને તે મુદ્દાઓ નોંધતો હતો એથી ઝુઝાર અકળાતો હતો. અત્યારે તો ધરતી આખી ઉપરતળે કરી નાંખવાની હોય તેના બદલે આ પોલીસ ઓફિસર...

'લે બૂંધું ને કર સીધું'માં માનતો ઝુઝાર અકળાઈને દૂર બેસી ગયો, પણ રાઘવનું ઈન્વેસ્ટિગેશન રાતભર ચાલ્યું હતું.

તેના મગજમાં દૃશ્યો બનતાં જતાં હતાં અને વિખેરાઈ જતાં હતાં.

આખાય કમઠાણમાં ત્રણ જગ્યાએ ભેદી છોકરી દેખાઈ હતી. કેકવાના ધાબા પર એક છોકરીએ પેકેટ આપ્યું, ખુબરાના જંગમાં અબુધ યાત્રાળુઓને ઘંટારવના રવાડે ચડાવીને એક છોકરીએ સિફતપૂર્વક આબાદ નિશાન તાકીને પરિહારને વીંધી નાંખ્યો અને હવે અહીં પણ એક છોકરીએ ડોક્ટર તરીકે આબેહૂબ રુઆબ ઝાડીને ત્વરિતના રૂમની જડતી લીધી.

રાઘવના દિમાગમાં અધમણના હથોડા પછડાતા હતા અને બેચેનીપૂર્વક એ ચાના પ્યાલાને ભીંસ દઈ રહ્યો હતો.

એ છોકરી બેહદ રૂપાળી છે... તેણે સાક્ષીઓએ આપેલું વર્ણન ફરી વાંચવા માંડ્યું, ઓવલ શેઈપનો ચહેરો છે. આંખોનો રંગ પારદર્શક બદામી. વાળ સ્હેજ ભૂખરા, થોડા કર્લી અને રેશમી. નિતંબ સ્હેજ પ્રસરેલા પણ અત્યંત ચુસ્ત. ઉન્નત, તંગ અને ભરાવદાર સ્તનો... એક-એક વિગત માટે તેણે બહુ ખણખોદ કરી હતી. સાક્ષીઓ મૂંઝાતા હતા ત્યારે તેણે સરખામણી માટે ઓપ્શન પણ આપ્યા હતા, 'યુ મીન, આયેશા ટકિયા જેવી? દીપિકા જેવી કે વિદ્યા બાલન જેવી?' તેણે ઢીલ આપી એટલે પેલો ચોકિયાત બોલી ગયો હતો, 'ઐસી થી... માનો, કૈસે ભી છૂને કો મન હો જાવે.'

એ યાદ કરીને અત્યારે ય તે મનોમન મરકી પડ્યો.

હોસ્પિટલની સમાંતરે પસાર થતા રોડ પર સામેની બાજુ ચા-નાસ્તાના ખુમચા, ભોજન પીરસતા એક-બે ઢાબા, ફ્રૂટ વેચતા બે-ચાર વેપારી અને બે-ત્રણ મેડિકલ સ્ટોરને બાદ કરતાં દિવસે પણ ખાસ અવરજવર રહેતી નહીં. અત્યારે એ દુકાનો ખૂલવાની શરૂઆત થઈ રહી હતી. એક-બે દૂધવાળા પસાર થયા હતા. એક એમ્બ્યુલન્સ અંદર આવી હતી. થોડાં વાહનોની આવ-જા શરૂ થઈ હતી. હોસ્પિટલથી દૂર દુકાનો પૂરી થતી હતી ત્યાં બ્લેક સ્કોર્પિયો પાર્ક થયેલી હતી.

કીટલીવાળાએ મૂકેલા નેતરના મૂઢા પર બેસીને રાઘવ શૂન્ય નજરે એ માહોલ જોતો રહ્યો.

નાઈટશિફ્ટ પરનો સ્ટાફ ઘરે જઈ રહ્યો હતો. બહાર નીકળી રહેલી એક નર્સને જોઈને રાઘવના ચહેરા પર કશુંક યાદ કરતો હોય તેવા ભાવ અંકાયા અને તરત તેની આંખમાં હળવાશ પ્રસરી. ત્વરિતના ફ્લોર પર જ તેની ડ્યૂટી હતી. મધ્ય વયસ્ક એ નર્સની પૂછપરછ કરી ત્યારે રાતની ઘટનાથી એ બેહદ હેબતાયેલી હોય તેમ રાઘવને લાગ્યું હતું. રાઘવ સહજ રીતે જ તેને જોતો રહ્યો. થોડે આગળ જઈને તેણે રસ્તો ક્રોસ કર્યો કે તરત ત્યાં પાર્ક થયેલી સ્કોર્પિયો આગળ વધી

અને થોડે દૂર જઈને જમણી બાજુ વળી ગઈ. રાઘવે ધ્યાનથી જોયું તો નર્સ પણ એ જ દિશામાં વળી અને પાંચ-સાત મિનિટ પછી ફરીથી મેઈન રોડ પર આવીને જતી હતી એ જ દિશામાં આગળ વધી ગઈ.

'આ ટર્ન કઈ તરફ જાય?' રાઘવે એ વળાંક તરફ આંગળી ચીંધીને કીટલીવાળાને પૂછ્યું.

'એ વિહારનગર ક્રોસિંગ તરફ જાય, પણ અત્યારે ફાટક બંધ હોય એટલે વાહનો મેઈન રોડનો ચક્કર મારીને અન્ડરપાસથી જવાનું પસંદ કરે.'

કીટલીવાળો જવાબ આપી રહ્યો હતો ત્યારે રાઘવ રોડની બરાબર વચ્ચે ઊભો રહીને સ્થિર નજરે જોઈ રહ્યો હતો. ઝુઝારને હજુ ગળે નહોતું ઊતરતું કે રાઘવ કેમ આવી સુસ્તીથી વર્તે છે? તેની જગ્યાએ પોતે હોય તો આખા ગામમાં ચારે બાજુ નાકાબંધી કરીને તમામ શંકાસ્પદ જગ્યાઓએ રેડ પડાવી હોય. તેને બદલે...

*** *** ***

બપોર નમી ત્યાં સુધી રાઘવ ગેસ્ટહાઉસના તેના ઓરડામાં જ પુરાઈ રહ્યો એટલે કંટાળેલા ઝુઝારે છેવટે રૂમ નોક કર્યો.

ઝુઝારને જોઈને તેણે સ્મિત વેર્યું, 'એક ઔર છોકરી પકડાઈ છે.' પરિહારની હેલ્પથી આગલા દિવસે સાંજે જ તેણે બિકાનેર પોલીસને રિક્વેસ્ટ કરીને તમામ હોટેલ પર ચેકિંગ હાથ ધરાવ્યું હતું અને બધી જ હોટેલનાં રજિસ્ટર મંગાવ્યાં હતાં.

છોકરી પકડાયાનું જાણીને ઝુઝાર ચોંક્યો.

'અફકોર્સ, નોટ ધેટ ટારઝન ગર્લ...' તેની ગેરસમજ પારખીને રાઘવે તરત ચોખવટ કરી, 'આ કોઈ મરિયમ નામની બાઈ છે. ફાતિમા-ચંદા અને આ મરિયમ બધા એક જ ડાળના પંખી છે. તેની પાસેથી ખાસ માહિતી મળી નથી અને મને ય ખાતરી છે કે તેમનો ઉપયોગ આ લોકોએ કવર તરીકે જ કર્યો છે.'

પછી ટેબલ પર પડેલા રજિસ્ટરના થોકડા ભણી આંગળી ચીંધીને તેણે કહ્યું, 'હવે આમાંથી કંઈક મળવું જોઈએ...'

ઝુઝાર કામથી થાકનારો આદમી ન હતો. પીછેહઠ થાય ત્યારે તેનું ઝનૂન બેવડાઈ જતું અને દિવસરાત કે ભૂખતરસ જોયા વગર એ મચી પડતો. ફ્રીઝમાંથી રમની બોટલ ઉઠાવી અને રાઘવની હાજરીની પરવા કર્યા વગર સીધી જ તેણે મોઢે માંડી. શર્ટની બાંય વડે હોઠ લૂછ્યા અને ગંદા અવાજે ઓડકાર ખાધો.

ઝુઝાર તેની આદત મુજબ 'ફ્રેશ' થઈ રહ્યો એટલે રાઘવે વ્યૂહ સમજાવ્યો.

ખુબરાના જંગમાં એક આદમી (છપ્પન) વિલિઝ જીપ લઈને ભાગ્યો અને સ્નાઈપર રાઈફલ સાથે આવેલા બીજા એક આદમીએ તેને સહાયતા કરી ત્યારે બપોરના સાડા ત્રણ- ચાર વાગ્યા હશે. વિલિઝ જીપ ચેકપોસ્ટથી વિરુદ્ધના છેડે મળી હતી. મતલબ કે, તે બંને દેશનોક ચોકડીથી બીજા કોઈ વાહનમાં ભાગ્યા હતા. એ બંનેએ રાહતનો શ્વાસ લેવો હોય, વાહનની વ્યવસ્થા કરવી હોય, હુલિયો બદલવો હોય કે છુપાઈ રહેવું હોય તો બિકાનેર એકમાત્ર રસ્તો હતો. આસપાસ ગામડાં હતાં પણ નાનકડાં ગામમાં વાત છાની ન રહે. એ બંને બિકાનેરમાં જ છુપાયા હોય.

ડેરાથી બિકાનેરનો રસ્તો અઢી કલાકનો હતો. મતલબ કે, વહેલામાં વહેલા તે બંને સાંજે સાત વાગ્યે બિકાનેરમાં પ્રવેશ્યા હોય. જો તેમને લોકલ સપોર્ટ ન હોય તો તેમણે કોઈ હોટેલમાં જ

આશરો લીધો હોય. બીજા દિવસે સાંજે સાડા છ વાગ્યે દરેક હોટેલનું ચેકિંગ હાથ ધરાયું હતું અને તેમાં મરિયમને બાદ કરતાં આ બે આદમી પકડાયા ન હતા. તેનો અર્થ એ થયો કે, બીજા દિવસે ચેકિંગ શરૂ થાય એ પહેલાં તેમણે ચેક-આઉટ કરી લીધું હોય.

રાઘવનો તર્ક એકદમ સંગીન હતો.

કલાકો સુધી બંનેએ રજિસ્ટર્સનાં પાનાં ફંફોસીને, એકાગ્રતાપૂર્વક માથાફોડી કરીને એવા 33 લોકો શોધી કાઢ્યા, જે આગલા દિવસે સાંજે સાત પછી હોટેલમાં પ્રવેશ્યા હતા. એ 33 પૈકી 13 ટૂરિસ્ટ બીજા દિવસે સાંજના છ પહેલાં હોટેલ છોડીને રવાના થઈ ગયા હતા. ઝુઝારે એક પછી એક એ દરેકનો, રજિસ્ટરમાં દર્શાવેલા ફોન નંબર પર સંપર્ક કરવા માંડ્યો. 12 જણાની ઓળખની ખરાઈ થઈ ગઈ, હવે એક બાકી રહ્યો. એ નંબર સતત સ્વિચ્ડ ઓફ્ફ આવતો હતો. સર્વિસ પ્રોવાઈડર કંપનીમાં પૂછપરછ કરી તો જાણવા મળ્યું કે સાંજે સાડા પાંચ પછી એ નંબરનો યુઝ થયો જ નથી.

સર્વિસ પ્રોવાઈડર કંપનીના ઓફિસર સાથે રાઘવે થોડીક વધારે વાત કરી પછી તેના ચહેરા પર હળવી મુસ્કાન આવી હતી.

રાત્રે સાડા અગિયારે તેમણે લાલગઢ ચોકમાં આવેલી હોટેલ બિકાજી ઈનની મુલાકાત લીધી ત્યારે તેમના મનમાં ચિત્ર થોડું વધું સ્પષ્ટ થયું.

હોટેલના રૂમ નંબર 331માં બે આદમી રોકાયા હતા. એક આદમી ઈજાગ્રસ્ત હતો. તેના માટે ડોક્ટર પણ આવ્યા હતા. બીજા દિવસે સાંજે પાંચ વાગ્યે અચાનક જ તેમણે ચેક-આઉટ કરી લીધું. ત્યારે પણ એ આદમીની હાલત કંઈ એટલી સારી ન હતી. ડોક્ટરની પૂછપરછમાં જાણવા મળ્યું કે તેના જમણા પગમાં સળિયો ભોંકાયો હતો, ગરદનમાં (વિલિઝ જીપના વિન્ડશિલ્ડનો) કાચ વાગ્યો હતો, ડાબા પગના સાથળમાં ય ઈજા હતી. ઈજાઓ શંકાસ્પદ હતી પણ તગડી ફીની લાલચમાં ડોક્ટરે પણ ઝાઝી પડપૂછ ટાળીને સારવાર કરી આપી હતી.

ચેકઆઉટ કરતી વખતે કાઉન્ટર પર જ તેમણે ટેક્સી માટે રિક્વેસ્ટ કરી હતી. ત્યારે જેસલમેર જવાનું કહ્યું હતું, પણ જૂનાગઢ ફોર્ટ પાસે પહોંચીને તેમણે ટેક્સી છોડી દીધી હતી. જૂનાગઢ ફોર્ટ આસપાસ તપાસ કરતાં જાણવા મળ્યું કે અહીંથી તેમણે એક ઓટોરિક્ષા પકડી હતી અને જેસલમેર રોડ પાસે રિક્ષા ય છોડી દીધી હતી. એ પછી સઘન તપાસ છતાં ય તેમનું ઠેકાણું મળ્યું ન હતું.

વળી, હતા ત્યાં ને ત્યાં જ આવીને ઊભા રહી ગયા એથી ઝુઝારને માથાં પટકવાનું મન થઈ આવ્યું. ગુસ્સાથી ફાટતા દિમાગે તેણે રમના ત્રણ-ચાર મોટા ઘૂંટડા પી નાંખ્યા. ઉશ્કેરાટમાં બે-ચાર ગાળો ય બોલી નાંખી, પણ રાઘવના ચહેરા પર સ્વસ્થતા હતી.

- અને ઝુઝારને તેની એ ટાઢક જ વધારે અકળાવતી હતી.

*** *** ***

બીજા દિવસે છેક બપોરે ત્વરિત ભાનમાં આવ્યો હતો, પણ ત્યાં સુધીમાં ઝુઝારનું દિમાગ ફટકી ગયું હતું. એક વાર પેલી છોકરી ચકમો આપીને અંદર ઘૂસી ગઈ એ પછી સિક્યોરિટી વધુ ટાઈટ કરવી જોઈએ તેને બદલે રાઘવે બેય ચોકિયાતોને હટાવી લીધા અને ઝુઝારને ય ભળતી-સળતી તપાસના નામે બીજી દિશાએ દોડાવ્યો.

જેના માટે આ આખીય જફા થઈ હતી એ મૂર્તિ બગલમાં દબાવીને આરામથી તે ગેસ્ટહાઉસથી ચાલતો જ હોસ્પિટલ આવવા નીકળ્યો હતો. લટાર મારવા નીકળ્યો હોય તેમ હોસ્પિટલ

સામેની તમામ દુકાને ડોકિયાં કરતો મૂર્તિ સાથે જ એ ફર્યો હતો. એક જગ્યાએ લાકડાની પાટલી પર બેસીને લિજ્જતથી સડાકા બોલાવતાં તેણે દાલબાટી ય ખાધી હતી અને એ બધો વખત 'જરા સમ્હાલ કે રખના' એમ કહીને હોટેલના કાઉન્ટર પર જ મૂર્તિ મૂકી હતી. પછી જાણે સગા સસરાની ખબર કાઢવા જતો હોય તેમ તાજાં ફૂલોનો એક ગુચ્છો ખરીધો અને આરામથી ટહેલતો ટહેલતો ત્રીજા માળે ત્વરિતના રૂમમાં પ્રવેશ્યો.

ત્વરિતના ચહેરા પર ખાસ્સી તાજગી વર્તાતી હતી. ત્રીસેક કલાકમાં સેલાઈનના ચાર બાટલા અને દવાઓ પછી હવે તે પ્રમાણમાં સ્વસ્થ હતો. રાઘવને જોઈને જાણે વીજળી પડી હોય તેમ એ ચોંક્યો હતો.

'રિલેક્સ...' રાઘવે દોસ્તાના સ્મિત વેરીને તેના હાથમાં ગુલાબ, કરેણના ફૂલનો નાનકડો ગુચ્છો થમાવ્યો પછી જાણે કોઈ મામૂલી ચીજ મૂકતો હોય તેમ ટેબલ પર મૂર્તિ મૂકી, 'નો નીડ ટૂ બી પેનિક... તારી હાલત ઠીક થાય ત્યાં સુધી મારે તને એક અક્ષર પુછવો નથી. બસ, એટલું કહું કે...' તેણે ત્વરિતની આંખમાં આંખ પરોવીને સ્વસ્થતાપૂર્વક કહ્યું, 'સાચું બોલીશ તો ખુબરામાં કરેલા પરાક્રમમાંથી હું તને બચાવી લઈશ.'

ત્વરિત સ્તબ્ધપણે તેને તાકી રહ્યો. ઘડીક આંખો મીંચી, ફરીથી ખોલી, ટેબલ પર પડેલી મૂર્તિ સામે જોયું અને ફરીથી આંખો મીંચી દીધી. હજુ ય તેના દિમાગમાં ભયનો ઓથાર ઝળુંબતો હતો. રેગિસ્તાનમાં નાચતી ભૂતાવળ, ગોળીઓની બૌછાર, ગીધની પાંખોનો બિહામણો ફફડાટ અને મૂર્તિમાંથી અદૃશ્યપણે ઊઠતું અટ્ટહાસ્ય...

'તારા બધા જ સાથીદાર તને એકલો છોડીને છટકી ચૂક્યા છે...' રાઘવે તેનો મેડિકલ ચાર્ટ જોવાનો ડોળ કરતાં હળવેથી કહી દીધું, 'એન્ડ નાવ યુ આર ઓલ અલોન ઓન માય મર્સી...' ત્વરિતના ડઘાયેલા ચહેરા સામે જોઈને તેણે આછું સ્મિત વેર્યું, 'યુ આર એન એકેડેમિશિયન એન્ડ આઈ હોપ... બીજી વાર ખોટું બોલવાની ભૂલ તું નહીં કરે.'

ત્વરિતે ઊંડો નિ:શ્વાસ છોડ્યો. ઓશીકા પર માથું ઢાળ્યું પછી મૂર્તિને તાકીને વગર પૂછ્યે કડકડાટ બોલવા લાગ્યો.

'ઈટ વોઝ ઓલ માય મિસ્ટેક. ઈટ વોઝ ઓવર ક્યુરિઓસિટી. આઈ શુડ ટોલ્ડ યુ બટ...' તેની આંખોમાં ઝળહળી ગયેલી પીડામાં રાઘવને સચ્ચાઈ ભળાતી હતી, 'બીલિવ મી, હું કોઈ મૂર્તિચોર ગેંગમાં નથી. રાધર, ડિંડોરી સુધી હું આમાં ક્યાંય સામેલ જ ન હતો.'

એ જાતે જ બોલતો જતો હતો એટલે રાઘવ ચૂપચાપ તેને સાંભળતો રહ્યો. ડિંડોરીની મૂર્તિ પર માર્કિંગ જોઈને તેના મનમાં જાગેલી ઉત્સુકતાથી માંડીને તેણે છપ્પનને દબોચ્યો ત્યાં સુધીનું બધું જ એ બોલી ગયો. રાઘવ સ્મિત વેરતો રહ્યો, પણ છપ્પન જેને દૂબળી તરીકે ઓળખાવતો હતો એ ભેદી આદમીનો ઉલ્લેખ આવ્યો ત્યારે રાઘવના દિમાગમાં પૂરપાટ ઝડપે સ્કેનિંગ ચાલુ થઈ ગયું હતું.

'છપ્પનસિંઘ પાસે તેણે ઉઠાવેલી બીજી મૂર્તિઓના જે ફોટોગ્રાફ્સ મેં જોયા એ બધામાં પણ આર્કિયોલોજિકલ સ્કેલિંગ હતું. આવું સ્કેલિંગ એક્સપર્ટ આર્કિયોલોજિસ્ટ જ કરી શકે. મને શંકા ગઈ કે એ બધી જ મૂર્તિઓ વામપંથી છે.'

'એવું કેમ લાગ્યું?' વામપંથી મૂર્તિનો ઉલ્લેખ આવ્યો ત્યારે પહેલી વાર રાઘવે સવાલ કર્યો.

'એ દરેક મૂર્તિના પ્રપોર્શનમાં કંઈક ને કંઈક ખામી હતી અથવા કંઈક વધારાના સંકેત હતા.'

'શાના સંકેત?' રાઘવના મનમાં ય હવે ઉત્સુકતાના ધડાકા થતા હતા, પણ તેણે અવાજ અને ચહેરાના ભાવ પર સંયમ રાખ્યો.

‘સી, આઈ એમ નોટ શ્યોર બટ...’ તેણે મૂર્તિ સામે આંગળી ચીંધી, ‘ચેક ધિસ, ઈટ્સ અ રેરેસ્ટ આઈડોલ. બીલિવ મી, હું મૂર્તિશાસ્ત્રનો એક્સપર્ટ છું, પણ હજાર વર્ષ પુરાણી આવી કોઈ મૂર્તિ ખરેખર અસ્તિત્વમાં છે એવું મેં ક્યાંય સાંભળ્યું ન હતું.’

‘આ મૂર્તિમાં એવું શું ખાસ છે?’ રાઘવના મનમાં ઉત્સુકતા ફાટાફાટ થતી હતી.

‘ડિંડોરીની મૂર્તિ આઠસો-હજાર વર્ષ જૂની હતી અને આ મૂર્તિ સહેજે બારસો વર્ષ જૂની હોઈ શકે. હિન્દુસ્તાનમાં જૂની મૂર્તિની કોઈ નવાઈ નથી, પણ કેટલીક મૂર્તિ બહુ જ વિશિષ્ટ હોવાનું કહેવાય છે. એ મૂર્તિઓ સાથે વામપંથ અને તેની સાથે સંકળાયેલા અનેક ભેદભરમ જોડાયેલા છે, પણ એવી મૂર્તિ ખરેખર અસ્તિત્વમાં છે કે કેમ તેનો કોઈ પુરાવો મળ્યો નથી.’

ત્વરિતને બોલવામાં શ્રમ પડતો હતો. તેનો અવાજ પણ ક્ષીણ હતો, પરંતુ રેગિસ્તાનમાં મોતને હાથવેંત છેટું ભાળ્યા પછી અનુભવેલો કારમો થડકાટ હવે એ બોલીને બહાર કાઢવા મથતો હતો. તેણે પાણી માટે ઈશારો કર્યો એટલે રાઘવે જગમાંથી ગ્લાસ ભરીને તેને ધર્યો. એકશ્વાસે પાણી પીને તેણે ફરીથી વાત માંડી.

‘એઝ એન એક્સપર્ટ, મારા માટે એ બહુ મોટી ક્યુરિયોસિટી હતી કે તદ્દન વિસારી દેવાયેલી આવી તિલસ્મી મૂર્તિ વિશે એક આદમી બધું જ જાણે છે. ઠેકઠેકાણે ભેદી, અવાવરું જગ્યાએ રખાયેલી આવી મૂર્તિઓ શોધે છે અને તેને આબાદ રીતે ઉઠાવી રહ્યો છે. મૂર્તિઓના ફોટોગ્રાફ પર થયેલું સ્કેલિંગ અને ચોક્કસ જગ્યાએ થયેલું માર્કિંગ જોઈને હું પાગલ થઈ ગયો હતો, પણ આ મૂર્તિ જોઈને તો...’ ઘડીક તે અટક્યો. મૂર્તિની સામે જોયા કર્યું અને ડોકું ધુણાવી નાંખ્યું, ‘હજુય મને એમ જ લાગે છે કે હું સપનામાં તો નથીને?’

‘પણ...’ રાઘવને બેહદ ચટપટી ઉપડતી હતી એ જ વખતે નાઈટશિફ્ટ નર્સ અંદર પ્રવેશી.

‘પેશન્ટને સ્પોન્જિંગ કરવાનું છે અને...’

તેનું વાક્ય પૂરું થાય એ પહેલાં જ રાઘવે ત્વરિતને કહી દીધું, ‘ડોન્ટ બોધર, વી વિલ હેવ પ્લેન્ટિ ઓફ ટાઈમ... આપણે ફરીથી વાત કરશું. કાલે બીજી હોસ્પિટલમાં તારી સ્કિન ટ્રીટમેન્ટ થવાની છે. એ પહેલાં અત્યારે તારા હાથમાં પ્લાસ્ટર કરવાનું છે.’

મેડિસિનની સ્ટ્રિપ ફાડી રહેલી નર્સે જરાક ગરદન ઊંચકી, પણ રાઘવે તેના પર ધ્યાન આપ્યા વગર ઉમેર્યું, ‘હાથના મસલ્સમાં કંઈક ઈન્જરી છે એવું ડોક્ટરે કહ્યું છે. બટ ડોન્ટ વરી, ડેફિનેટલી યુ વિલ ગેટ વેલ સૂન.’

*** *** ***

મોડી સાંજે ત્વરિતે એક રોટલી ખાધી, ફ્રૂટ જ્યૂસ પીધું પછી ફરીથી તેને ઘેનનું ઈન્જેક્શન આપી દેવાયું. તેને હજુ ય આરામની જરૂર હતી. રાઘવની હાજરીમાં જ ડોક્ટરે તેના જમણા હાથે પ્લાસ્ટર કર્યું. મોડી સાંજે રાઘવને બેય હાથ ખિસ્સામાં રાખીને ખુશહાલ મિજાજે નીચે ઊતરતો જોયો ત્યારે ઝુઝારને નવાઈ લાગતી હતી.

‘લેટ્સ હેવ સમ ડ્રિન્ક...’ ઝુઝારનું ડ્રિન્ક તો સતત ચાલુ જ હોય છે એ યાદ આવતાં તેણે ખડખડાટ હસીને ઝુઝારના ખભે ધબ્બો માર્યો, ‘આઈ મિન, લેટ મી ટૂ હેવ સમ ડ્રિન્ક...’

ઝુઝારને પારાવાર નવાઈ લાગતી હતી. કોઈ ચોકીપહેરા વગર ત્વરિતને એકલો છોડીને રાઘવ હવે તેને ય સાથે લઈ જઈ રહ્યો હતો.

બંને હોસ્પિટલનો ગેટ વટાવીને બહાર નીકળ્યા ત્યારે તેમણે પાછળ જોયું હોત તો ઓપીડીની લાઉન્જ પાસે સાઈન બોર્ડ અને ભીંતના પોલાણમાં કશોક કાગળ ખોસી રહેલી એ નર્સને જોઈ

શક્યા હોત.

રાઘવ સાચો હતો. વગર જોયે એ પારખી ગયો હતો.

બીજા દિવસે બપોરે ચાર વાગ્યે

હોસ્પિટલના ગ્રાઉન્ડ ફ્લોર પર થોડી ધમાલ થઈ.

સિવિલ હોસ્પિટલમાં પેશન્ટને લઈ જવા માટે આવેલી એક એમ્બ્યુલન્સના વોર્ડબોયે કાઉન્ટર પર ટ્રાન્સફર ઓર્ડર ધર્યો એટલે ક્લાર્ક ગિન્નાયો હતો. પેશન્ટને શિફ્ટ કરવાના પેપર પર રબ્બર સ્ટેમ્પ કેમ નથી, આ સહી કોની છે, જે પેશન્ટને લઈ જવાનો છે તેને એવી કોઈ ગંભીર ઈજા હોવાનું અહીં રેકોર્ડમાં ક્યાંય લખાયું નથી, એવા સવાલો કરીને તે વોર્ડબોયને ધમકાવી રહ્યો હતો એ જ વખતે ત્રીજા માળેથી એ નર્સ લિફ્ટમાંથી ઊતરી હતી અને કાઉન્ટર પર કાગળ ધર્યા હતા.

'અરે સિસ્ટર...' કેસ હિસ્ટ્રી વાંચીને ઝંખવાણા પડી ગયેલા ક્લાર્કે સફાઈ પેશ કરવા માંડી, 'મારી પાસે આ કોપી નથી આવી એટલે મને તો એમ જ થાય ને કે પેશન્ટને સિવિલમાં મોકલવાની કોઈ જરૂર નથી. આપણું તંત્ર જ આવું લાહડિયું છે. તમારે મને તરત કોપી ફોરવર્ડ કરવી જોઈએ...' એવું બધું બબડતા જઈને ક્લાર્કે સહી-સિક્કા કરી આપ્યા એટલે સ્ટ્રેચર લઈને વોર્ડબોય ત્રીજા માળે ગયા. પોણી કલાક પછી સાયરન વગાડતી એમ્બ્યુલન્સ ઉપડી ત્યારે ત્વરિત હજુ ય બેહોશ હતો.

બપોરે પોણા પાંચ વાગ્યે

ઓરડામાં ભરાઈને ધીમા અવાજે સતત મોબાઈલ પર ઘૂસપૂસ કરી રહેલો રાઘવ અચાનક બહાર આવ્યો એ જોઈને ઝુઝાર ઘડીક ચોંકી ગયો હતો. ખાખી કોટન ટ્રાઉઝર, ચાઈનીઝ કોલરનો ઓપન વ્હાઈટ શર્ટ, ચેસ્ટ બેલ્ટમાં બંને સાઈડ ખોસેલી પિસ્તોલ, હિપ પોકેટમાં ત્રીજી એક ગન અને ખભા પર બેકપેક.

'લેટ્સ મૂવ...' તેણે એમ્યુનિશન કિટ ચેક કરતાં ઉતાવળા અવાજે કહ્યું, 'તારા વેપન્સ લઈ લે.'

રાઘવનો ચહેરો જોઈને જ સતર્ક થઈ ગયેલા ઝુઝારને હવે વધુ સૂચનાની જરૂર ન હતી. બે જ મિનિટમાં તૈયાર થઈને તે બહાર નીકળ્યો અને સાતમી મિનિટે તો તેમની ઓલિવ ગ્રીન જિપ્સી ટોપ ગિયરમાં આવી ગઈ હતી.

'સીધી જ જવા દે..' રાઘવ એક કાન પર મોબાઈલ ધરીને બેઠો હતો અને બીજા કાનમાં ખોસેલા બ્લૂ ટૂથ પર આંગળી દબાવીને ધ્યાનપૂર્વક કશુંક સાંભળતો જતો હતો. બ્લૂ ટૂથમાંથી થોડી-થોડી વારે આછો અવાજ આવતો હોવાનું ઝુઝારને લાગતું હતું, પરંતુ બીજા કાને ધરેલા મોબાઈલમાં રાઘવ કશું બોલતો ન હતો. આ શું જફા છે એ ઝુઝારને સમજાતું ન હતું. રાઘવના હાવભાવ જોઈને તે સમજી શકતો હતો કે ખરાખરીની ઘડી આવી રહી છે.

એક વાર તેમણે ખોટો ટર્ન લઈ લીધો. દોઢ-બે કિલોમીટર આગળ જઈને રાઘવે યુ-ટર્ન મારવાની સૂચના આપી. એક જગ્યાએ બ્રેક મારીને ગાડી સાઈડ પર રાખવા કહ્યું. દસેક મિનિટ પછી ફરીથી ગાડી ઉપાડવા ઈશારો કર્યો. એ સતત રસ્તો બતાવતો જતો હતો એટલે ઝુઝારને સમજાયું કે બ્લૂ ટૂથમાં કોઈક તેને ગાઈડ કરી રહ્યું છે.

લગભગ બે કલાકની આડીઅવળી દડમજલ પછી ગજનેર ગામના પાટિયાની ડાબી તરફ કાચી કેડીએ ગાડી વળી એટલે રાઘવે ફરીથી બ્રેક મારવા ઈશારો કર્યો. નીચે ઊતરીને તેણે કોઈકની સાથે વાત કરી. અંદર આવીને તેણે મોબાઈલ ડેશબોર્ડ પર મૂક્યો. કાનમાંથી બ્લૂ ટૂથ પણ

કાઢી નાંખ્યું. ચેસ્ટ બેલ્ટમાંથી એક ગન ખેંચી અને તેનું મેગેઝિન ચેક કર્યું અને સ્વસ્થ ચહેરે ઝુઝારને કહ્યું, 'આપણે જેમની જરૂર છે એ લોકો અહીંથી અડધો કિલોમીટર દૂર જમણી બાજુએ એક ખેતરમાં છે... લેટ્સ મૂવ કેરફુલી.'

થોડેક સુધી ગાડી લઈ જઈને સડકથી સહેજ દૂર લીમડાના એક ઝાડ નીચે જિપ્સી પાર્ક કરી બંને થોડુંક આગળ ચાલ્યા. હવે ખેતરનાં ઢેફાં શરૂ થતાં હતાં. કેડીની સમાંતરે બાવળના ઝુંડની પાછળ હારબંધ લીંબુડી, દાડમડી વાવેલો બાગ હતો. બાગની પછવાડે ઢળતી સાંજના સૂરજનો તડકો પહેરીને હિલોળાતું રાઈનું ખેતર હતું અને રાઈના છોડની અડાબીડ પીળાશથી ઝળહળતું હતું સિમેન્ટના પીઢિયા પર પતરાં જડીને બનાવેલું બેઠા ઘાટનું એક મકાન...

રાઘવે ઊંડો શ્વાસ લઈને નિર્ણય લીધો.

- જે ખરેખર તેણે લેવા જેવો ન હતો.

*** *** ***

ડિંડોરીની ચોરીની તપાસ કરતી વખતે રાઘવનો પ્લાન બહુ સ્પષ્ટ હતો. એ આખી ગેંગને ઝબ્બે કરવા માંગતો હતો, પણ જે સિફતથી જૂની-જર્જરિત મૂર્તિ ઉઠાવાઈ હતી એથી રાઘવના દિમાગમાં કશીક ઘંટડી વાગી હતી. દુર્ગાશંકર શાસ્ત્રીએ વામપંથી મૂર્તિનો ઉલ્લેખ કરીને તેની જિજ્ઞાસા વધુ ભડકાવી હતી અને હવે અહીં ખુબરાના જંગમાં થયેલા ભીષણ ફાયરિંગ, બે ભેદી વ્યક્તિની બેહદ ચબરાક હાજરી, ગમે ત્યારે ગમે ત્યાં ટપકીને ઓચિંતી અલોપ થઈ જતી છોકરી...

એક પોલીસ ઓફિસરની ઉત્સુકતામાં હવે માનવસહજ કુતૂહલ પણ ભળ્યું હતું. જોકે એ કુતૂહલ એટલું વજનદાર હતું કે તેના ભાર તળે રાઘવની ઊંઘ હરામ થઈ ગઈ હતી.

ત્વરિતના રૂમમાં અજાણી છોકરી લેડી ડોક્ટરના સ્વાંગમાં આવી એ સાથે જ તેનું મન હાઈએલર્ટ પર મૂકાઈ ગયું હતું. ઝુઝારનો ફોન આવ્યો ત્યારે એ ઘડીક સ્તબ્ધ બની ગયો હતો, પરંતુ પછી આ ઘટનામાં જ તેને આખી ગેંગ સુધી પહોંચવાની તક દેખાઈ એ સાથે તેણે પ્રયત્નપૂર્વક પોતાનો ઉશ્કેરાટ શાંત પાડ્યો હતો અને ઠંડા કલેજે પ્લાન ઘડી કાઢ્યો હતો.

રાઘવને એ પ્લાન માસ્ટરસ્ટ્રોક જેવો લાગ્યો હતો.

આઈપીએસની ટ્રેનિંગ વખતે તેને શીખવવામાં આવ્યું હતું કે, દરેક ઘટનાનો એક હેતુ હોય છે અને એ હેતુથી કોઈકને ફાયદો થતો હોય છે. ફાઈન્ડ આઉટ બેનિફિશિયરી. જે ગુનેગાર હશે તે તેની પ્રકૃતિથી વિરોધી વર્તન કરશે. ધીમેથી બોલવાની તેને આદત હશે તો એ મોટેથી બોલવા લાગશે. ઝડપથી ચાલવાની ટેવવાળો માણસ ગુનો કર્યા પછી ધીમો પડી જશે. તેના અવાજ, ચહેરાની રેખાઓના બદલાવ, આંખોના હાવભાવમાં તેની ગભરામણ દેખાઈ આવશે.

આ લક્ષણોના આધારે હાઈ, એવરેજ એન્ડ લો એવી ત્રણ કેટેગરીમાં ત્રણ શકમંદ પસંદ કરો અને તેમને છૂટો દોર આપો. પોતાના પર શંકા નથી ગઈ એવી ખાતરી થયા પછી ત્રણ પૈકી જે ખરેખર સંડોવાયેલો હશે તેની વર્તણૂંકમાં અચાનક ફરક આવશે. એ અકારણ હસતો રહેશે, ખુશમિજાજ અથવા હેલ્પિંગ અથવા માયાળુ બની જશે. આ તેની ગભરામણ ઘટવાનો તબક્કો છે. પછીના તબક્કામાં વધુ પડતા આત્મવિશ્વાસમાં આવીને તે કંઈક ભૂલ કરી બેસશે.

બસ, એ ભૂલનો છેડો પકડો અને મૂળ ગુનેગાર સુધી પહોંચો.

કલ્પ્રિટ લોજિક એન્ડ ક્રિમિનલ સાયકોલોજીના ક્લાસમાં ભણેલા આ એક-એક લેસનને રાઘવ બ્રહ્મવાક્યની શ્રદ્ધાથી ઉપયોગમાં લેતો હતો. રીઢા પોલીસ અફસરો માટે શરૂઆતમાં રાઘવની

આવી બધી પદ્ધતિ મજાકનો વિષય બની રહેતી પરંતુ પોતાની સ્ટાઈલને દૃઢતાપૂર્વક અનુસરીને રાઘવે પોતાનો ક્રાઈમ ડિટેક્શન રેશિયો 70 પરસન્ટ અપ સાબિત કર્યો ત્યારે તેની પીઠ પાછળ થતા ખિખિયાટા બંધ થઈ ગયા હતા.

હોસ્પિટલ પહોંચીને તેણે પહેલાં તો મનોમન સિચ્યુએશનની કલ્પના કરી. એક પણ શબ્દ બોલ્યા વગર હોસ્પિટલની વ્યવસ્થા, કાર્યપદ્ધતિ, નાઈટસ્ટાફની જવાબદારી વગેરે વિગતો મેળવી હતી.

પેશન્ટ જે ફ્લોર પર હોય એ જ ફ્લોર પર તેના કેસપેપર્સ રહે તેવી વ્યવસ્થા છતાં એ છોકરી ઉપર આવી ત્યારે જ તેના હાથમાં ત્વરિતની ફાઈલ હતી. મતલબ કે, સ્ટાફમાંથી જ કોઈક તેને સહાયતા કરી રહ્યું હતું. 22-24ની એક છોકરીના હાથે હટ્ટોકટ્ટો જવાન જે રીતે માત થયો એ જોઈને પહેલાં તો તેણે એ જવાનને જ શંકાનાં દાયરામાં લીધો પણ એ જવાન કેસપેપર્સની હેરાફેરી ન કરી શકે.

છોકરીએ ફ્લોર પર આવીને જેમને ધમકાવ્યા એ સ્ટાફમાં એક મેલ નર્સ, એક ફિમેલ નર્સ અને એક કમ્પાઉન્ડર હતાં. ફ્લોર ઈનચાર્જ મેટ્રન એ વખતે કોઈ પેશન્ટને નેબ્યુલાઈઝિંગ કરાવી રહી હતી. રાઘવે એક-એકને અલગ બોલાવીને છોકરી ઉપર આવી એ પહેલાંની સ્થિતિ વિશે માહિતી કઢાવી એ સાથે તેને ખ્યાલ આવ્યો કે છોકરી ઉપર આવી તેની પાંચ જ મિનિટ પહેલાં મેટ્રન ઊભી થઈને રૂમ નંબર 368માં પેશન્ટને નેબ્યુલાઈઝિંગ કરાવવા ગઈ હતી.

પેશન્ટ તરફથી કોઈ ઈમરજન્સી કોલ હતો નહીં. છાતીમાંથી, શ્વાસનળીમાંથી કફ કાઢવાની આ પ્રક્રિયા માટે મેટ્રને પોતે જ જવું પડે એ જરૂરી હતું નહીં અને એ રૂમ ત્વરિતના રૂમથી કાટખૂણે વળતી બાજુની લોબીમાં હતો.

રાઘવના રડારમાં તરત હાઈ રેન્જમાં એ મેટ્રન ફિટ થઈ ગઈ હતી.

પછી પૂછપરછના દરેક તબક્કે મેટ્રન પરની તેની શંકા ઢ બનતી ગઈ. વહેલી સવારે તે જ્યારે ઝુઝાર સાથે ચાની કીટલી પર બેઠો હતો ત્યારે મેટ્રનને તેણે સ્કોર્પિયોની પાછળ ગલીમાં વળતાં અને થોડી વાર પછી મેઈન રોડ પર આવતાં જોઈ એ સાથે તેને પાક્કી ખાતરી થઈ ગઈ હતી. હવે એ સ્કોર્પિયો સુધી પહોંચવાનું હતું.

એ દિવસે તેણે પાક્કાપાયે આયોજન કરી નાંખ્યું. ઝુઝારના સ્વભાવથી એ માહિતગાર હતો અને આવા પ્લાનિંગમાં ઝુઝારને પણ અંધારામાં રાખીને તે નૈસર્ગિક ક્રમમાં જ ઘટનાઓ થવા દેવા માંગતો હતો.

તેની ગણતરી બહુ સ્પષ્ટ હતી. એ લોકોને ત્વરિતથી પણ વધારે મૂર્તિમાં જ રસ હોય અને ત્વરિતને ઉઠાવવા કરતાં મૂર્તિ ઉઠાવવી વધુ આસાન પણ રહે. હવેની ધાપ મૂર્તિ માટે જ હશે તેમ ધારીને તેણે બીએસએફ યુનિટમાંથી એક બટન સેન્સર મેળવ્યું અને મૂર્તિ ઉઠાવતી વખતે ખરેલાં પોપડાના પોલાણમાં સેન્સર છુપાવી દીધું. હવે એ મૂર્તિ જ્યાં જશે એ જગ્યાની ચાડી ખાવાની હતી.

મેટ્રન સિવાય હોસ્પિટલની આસપાસ પણ ગેંગના કોઈ મળતિયા હોય તેમ ધારીને બપોરે મૂર્તિ સાથે તેણે બધે લટાર મારી અને પછી મૂર્તિ ત્વરિતના રૂમમાં તરત નજરે પડે એ રીતે મૂકી. ત્વરિત હોશમાં આવ્યો હોય તો પણ આજે એ ખાસ બોલી નહીં શકે એવી તેની ધારણાથી વિપરીત ડઘાયેલો ત્વરિત વગર પૂછ્યે બોલવાના મૂડમાં હતો.

તેની કેફિયત સાંભળીને, દૂબળી નામના ભેદી પાત્ર વિશે જાણીને, ત્વરિતની ભૂમિકા ઉત્સુકતાથી દોરાયેલા એક સ્કોલરની જ હોવાનું અનુભવીને તે મનોમન ચોંકતો જતો હતો. એ

દૂબળી ત્વરિત વિશે તમામ વિગત મેળવી ચૂક્યો હતો, એટલું જ નહીં, ડેરા સુલ્તાનખાઁની મૂર્તિ ઓળખવાની જવાબદારી પણ ત્વરિતના માથે તેણે આબાદ નાંખી દીધી હતી.

ગભરાયેલો, હેબતાયેલો ત્વરિત બોલતો જતો હતો, પરંતુ તેને સાંભળવાનો ડોળ કરી રહેલા રાઘવના મનમાં સપાટાભેર ગણતરીઓ મંડાવા લાગી હતી.

જો ખરેખર ત્વરિત કહે છે તેમ જ હોય તો, એ ભેદી આદમી આટલું જાણી ચૂકેલા ત્વરિતને પણ રેઢો ન મૂકી દે. પોતે જો જરાક ઢીલ આપે તો શક્ય છે કે એ મૂર્તિની સાથે ત્વરિતને પણ ઉઠાવવાની કોશિશ થાય. તેને પાક્કી ખાતરી હતી કે પોતે અહીં બેઠો છે એટલી વારમાં એકાદ વાર એ મેટ્રન અંદર આવશે જ.

અને એ આવી પણ ખરી.

બસ, રાઘવને ખાતરી થવા માટે એ પૂરતું હતું. તેણે તરત બીજો પ્લાન પણ અમલમાં મૂકી દીધો. મેટ્રન સાંભળે એ રીતે સ્કિન ગ્રાફ્ટિંગ અને સિવિલ હોસ્પિટલની હૂલ મારી દીધી. એમ કરીને તેણે જુગાર જ ખેલ્યો હતો. મેટ્રન કોઈક રીતે આ ઈન્ફર્મેશન પાસ કરશે જ એવી તેની ધારણા હતી.

રાઘવ માટે મૂંઝવણ એ હતી કે ઉઠાવેલી મૂર્તિ અને ત્વરિતને બે અલગ અલગ જગ્યાએ લઈ જવાય તો પોતે ત્વરિતનો કેડો કઈ રીતે દબાવશે? અગાઉ મોબાઈલ સર્વિસ પ્રોવાઈડર કંપનીના ઓફિસર સાથે થયેલી વાત તેને યાદ આવી, ‘અગર મોબાઈલ ચાલુ હૈ તો હમ ઉસે આસાની સે ટ્રેસ કર સકતે હૈ.’

- અને તેણે એક જ સેકન્ડમાં નિર્ણય લઈ લીધો અને ત્વરિતને કહી દીધું, ‘તારા હાથમાં મસ્ક્યુલર ઈન્જરી છે એ માટે પ્લાસ્ટર પણ કરવું પડશે.’ પછી બસ, એક સાદા મોબાઈલની વ્યવસ્થા કરવાની હતી અને ડોક્ટરને સાધવાનો હતો.

રાઘવને એ પોતાનો માસ્ટરસ્ટ્રોક લાગતો હતો પણ દૂબળી કઈ ચીજ છે એ તેને હવે ખબર પડવાની હતી.

*** *** ***

આગલી રાતે પડેલા એકધારા વરસાદમાં ભીંજાઈને છોડની પીળાશ પહેરેલી સાંજ બરાબર ખીલી રહી હતી. લીંબુડી, દાડમડી વચ્ચે ઊડાઊડ કરતા બપૈયાનો કલશોર, બપૈયાના સાદથી ડોક ઊંચી કરતો ખેતરનો સન્નાટો, હૂંફાળા તડકામાંથી ચળાઈને આવતી પવનની આછેરી લહેરખી ઓઢીને ખેતરની વચ્ચોવચ ઊભેલો પીળચટ્ટો હાર પહેરેલા રાજવી જેવો કૂવો.

રાઘવે એક નજરમાં આખોય માહોલ તરાશી લીધો.

કૂવાથી લગભગ વીસેક મીટર છેટે બેઠા ઘાટનું એક મકાન હતું. આગળની તરફ લાકડાની નકશીદાર આડશ મઢેલી પરસાળ, પરસાળની સામે ખાસ્સો પહોળો ડ્રાઈવ-વે, આ તરફથી દેખાતી બે બંધ બારી અને સિમેન્ટના વજનદાર પીઢિયા પર જડેલાં ચળકતાં પતરાં..

ચારે દિશાએથી ખુલ્લા એ મકાનમાંથી કોઈ નજર માંડીને બેઠું હોય તેમ કળાતું ન હતું. બારીઓ બંધ હતી. પરસાળ ખાલી હતી. પરસાળ તરફ વળાંક લેતો ડ્રાઈવ-વે તેઓ ઊભા હતા એથી વિરુદ્ધ દિશાએ લીમડાના ઝાડ પાછળ લંબાતો હતો.

ત્વરિતને લઈને નીકળેલી એમ્બ્યુલન્સ એ જ દિશાએથી આવી હોવી જોઈએ. જોકે ક્યાંય કોઈ વાહન દેખાતું ન હતું. રાઘવે ફરી એક વાર સર્વિસ પ્રોવાઈડર સાથે કન્ફર્મ કરી લીધું અને સેન્સરનું રિસિવર બ્લીન્કિંગ પણ ચેક કર્યું. ત્વરિત અને મૂર્તિ અહીં જ હતાં.

જેકેટના ચેસ્ટ પોકેટમાંથી પિસ્તોલ કાઢીને તેણે ઊંડો શ્વાસ લીધો અને ઝુઝારની સામે જોયું.

માંડ એક્શનમાં આવવા મળ્યું એથી ગેલમાં આવી ગયેલો ઝુઝાર ક્યારનો ગન કાઢીને તૈનાત હતો.

નજરથી જ સંતલસ કરીને બંનેએ કમરમાંથી ઝૂકીને દોટ મૂકી.

કૂવા ફરતું ચારેક ફૂટ ઊંચું પથ્થરનું થાળુ ચણેલું હતું. થાળાની આડશમાંથી એક પણ બારી વગરની પછીત દેખાતી હતી. ખેતર ભણી ફંટાતી નાનકડી કેડી પરથી કોઈ આવે નહીં અને મકાનમાંથી કોઈ બારી ખોલે નહીં તો વીસેક મીટરનું અંતર કાપીને મકાન સુધી પહોંચવું મુશ્કેલ ન હતું.

રાઘવે ઈશારો કર્યો એટલે પહેલાં ઝુઝાર દોડ્યો અને મકાનની પછીતે લપાયો. ક્યાંય કોઈ હલચલ નથી તેની ખાતરી કરીને રાઘવે પણ દોટ મૂકી.

એક પણ બારી વગરની આવી કઢંગી પછીતથી રાઘવને આશ્ચર્ય થતું હતું, પણ ઝુઝાર આવા દેહાતી મકાનથી ટેવાયેલો હતો. ખેતરમાં આવાં મકાનની પાછળ ઢોરનાં છાણ-વાસીદાં થતાં હોય અને આગળની તરફ દરવાજો હોય, અંદર બે કે ત્રણ ઓરડા હોય જેની બારીઓ મકાનની બે દિશાએ ખૂલતી હોય.

ઝુઝારે ચકરાવો મારીને બીજી તરફ જોયું. તેની ધારણા સાચી હતી. એ તરફ પણ બે બંધ બારી હતી. પરસાળ પાસેથી વળાંક લેતો કાચો ડ્રાઈવ-વે એ જ દિશાએ લીમડાના ઝાડ ફરતો ચકરાવો મારીને શેઢા તરફ જતો હતો.

ઝુઝારે આંગળી ચીંધી એ દિશામાં રાઘવે જોયું. નીંદામણ વાઢીને બેય તરફ ચોખ્ખા કરેલા કાચી મુરમ પાથરેલા ડ્રાઈવ-વે પર ટાયરનાં નિશાન હતાં. મતલબ કે, થોડી વાર પહેલાં જ એમ્બ્યુલન્સ અહીંથી ગઈ હોવી જોઈએ.

હવે ખરાખરીનો ખેલ હતો. અંદર કેટલાં આદમી છે તેનો કોઈ અંદાજ ન હતો. રાઘવે મકાનની ભૂગોળ અને ખેતરથી સડકનું અંતર એ બધાની મનોમન ગણતરી માંડીને વ્યૂહ વિચારી લીધો. ઝુઝારને પરસાળની બરાબર સામે અને બારણાથી સ્હેજ ત્રાંસમાં લીમડાના થડની આડશ તરફ જવા ઈશારો કર્યો.

ઝુઝારે ત્યાં પોઝિશન લીધી એ સાથે રાઘવે ગ્લોક પિસ્તોલનું મેગેઝિન ચેક કર્યું, સેફ્ટી લોક ઓપન કર્યું અને પરસાળ તરફ લપક્યો.

કોટાસ્ટોન મઢેલી પરસાળ કાદવથી ખરડાયેલી હતી. ભીની માટીમાં રગદોળાયેલા ખુલ્લા પગે કોઈક ફર્યું હોય તેવાં એ નિશાન હતાં. પરસાળ ભણી મુકાયેલી બારીઓ ય બંધ હતી. રાઘવે કાન માંડી જોયા. અંદર કોઈ બોલચાલ કે સળવળ સુધ્ધાં સંભળાતાં ન હતાં.

પોતે ભણેલા કલપ્રિટ લોજીક અને ક્રિમિનલ સાયકોલોજીના જોરે રચેલો વ્યૂહ આજે કસોટીની સરાણે ચડ્યો છે એવું વિચારતા રાઘવે થડકતા હૈયે શૂઝની એડી વડે જોરથી લાત મારી. લાતના પ્રહારથી લાકડાનો ખખડધજ દરવાજો ધડામ અવાજ સાથે દીવાલ સાથે અથડાયો એ સાથે છજામાં બેસીને ઘૂઘવાટ કરી રહેલાં કબૂતર ઊડ્યાં. ઓરડાના અંધારા વચ્ચે ચારે દિશાએ રાઘવે નજર ફંફોસી. ક્યાંય કોઈ દેખાતું ન હતું. તેણે સતર્કપણે આગળ વધવા કદમ ઉઠાવ્યાં એ સાથે જ ઉપરની છતની દિશાએથી અવાજ આવ્યો, 'કલ્પ્રિટ લોજિક એન્ડ ક્રિમિનલ સાયકોલોજી તો મેં પણ વાંચી છે, રાઘવ બાદશાહ...!'

નબળી કાઠીનો, પાતળા બાંધાનો એક આદમી દીવાલમાં પથ્થર જડીને બનાવેલી છાજલી પર

આડો લેટીને બેય હાથે તેની સામે ગન તાકીને મરકી રહ્યો હતો.

એ જોઈને રાઘવના હૈયામાં કિચૂડાટી બોલી ગઈ.

વીસ મિનિટ પછી...

અંદરના ઓરડાની બધી જ બારીઓ ખૂલી ગઈ હતી. ખૂણાના એક પલંગ પર છપ્પનસિંઘ લેટ્યો હતો. બાજુના ખાટલા પર અર્ધબેહોશ હાલતમાં ત્વરિત હતો, બંને પલંગના એક-એક પાયા સાથે બંધાયેલા હતા રાઘવ અને ઝુઝાર, અને ટેબલ પર પડ્યાં હતાં બેયની પાસેથી મળેલી ગન અને મેગેઝિન્સ.

તે અકારણ બંનેની સામે જોઈને સ્મિત વેરી રહ્યો હતો.

'ગ્લોક 16... ટૌરસ...' તેણે ટેબલ પર પડેલી ગન ઉઠાવીને પહેલી જ વાર જોતો હોય એ રીતે હાથ પસવાર્યો.

રાઘવ મહાપ્રયત્ને ચહેરો સ્વસ્થ રાખવા પ્રયાસ કરતો હતો અને ઝુઝાર મનોમન બરાબર ધૂંધવાતો હતો.

રાઘવે હાક મારી ત્યારે તેને ખબર ન હતી કે આ સાલો તેના માથે ગન તાકીને બારણા પાછળ ઊભો હતો. બંદૂકના નાળચે તેણે પહેલાં રાઘવના હાથે ઝુઝારને બંધાવ્યો અને પછી પોતે રાઘવને બાંધ્યો હતો. આટલી સરળતાથી પોતે ઝડપાઈ ગયા તેનો આઘાત અને શરમ બેયના ચહેરા પર વર્તાતાં હતાં.

'ગન તો બહોત ખૂબ રખતે હૈ અપને રાઘવ બાદશાહ...' તેણે છપ્પનની તરફ ગન ફગાવીને કહ્યું. છપ્પનની હાલત હવે ઘણી સુધારા પર વર્તાતી હતી. તેણે ત્વરાથી ગન ઝીલી. હજુ તેને ય આ દાવ સમજાતો ન હતો. સવારે દૂબળીએ તેને કહ્યું કે 'કુછ મહેમાન આને વાલે હૈ...' ત્યારે તેણે કોઈ પૂછપરછ કરવાનું જાણી જોઈને ટાળ્યું હતું. આમ પણ તેને ખાતરી થઈ ગઈ હતી કે આ આદમી તેને કહેવું હોય એટલું જ અને કહેવું હોય ત્યારે જ કહે છે.

સવારથી એ સતત વ્યસ્ત રહ્યો હતો. બહાર જઈને કોઈકની સાથે લાંબી-લાંબી વાતો કરતો હતો. લેપટોપમાં કશુંક ટાઈપ કર્યા કરતો હતો. વ્હોટ્સએપમાં કોઈકની સાથે મેસેજિંગ પણ કરતો હતો, પણ એ આખો ય વખત તેનો ચહેરો ખુશનુમા હતો.

બપોર પછી તેણે છપ્પનને અંદરના રૂમમાં ખસેડ્યો હતો અને બહાર પડેલી બીજી ય એક ચારપાઈ અંદર પાથરી હતી. છપ્પન ચૂપચાપ તેની મૂવમેન્ટ જોઈ રહ્યો. તેણે માળિયા પરથી એક કોથળો ઉતાર્યો. અંદરથી જાડાં દોરડાં, એડહેસિવ ટેપનાં બંડલ, ધારદાર છરા અને બે પિસ્તોલ કાઢ્યાં એ જોઈને છપ્પન થડકી ગયો હતો.

'જરૂરત તો નહિ પડેગી, ફિર ભી...' તેણે છપ્પનની સામે જોઈને સ્મિત વેર્યું, 'મહેમાન જ કંઈક એવા છે કે ખાતર બરદાશ્તમાં કોઈ કમી ન રહેવી જોઈએ...' પછી જોરથી ધબ્બો મારતાં ઉમેર્યું, 'સહી બોલા ના?'

પછી એ ક્યાંય સુધી બહાર પરસાળમાં જ બેઠો રહ્યો. થોડી વારે એક વાહનનો અવાજ આવ્યો. છપ્પન સરવા કાને હિલચાલ સાંભળવાનો પ્રયાસ કરતો હતો ત્યારે અચાનક અર્ધબેહોશ ત્વરિતને જેમતેમ ટેકો દઈને, લગભગ ઘસડતો તે અંદર લાવ્યો એ જોઈને છપ્પન છળી ઊઠ્યો.

'અરે, પણ... તું...' પડછંદ શરીરના ત્વરિતને તેણે ઘઉંની ગૂણનો થપ્પો કરતો હોય એ રીતે ચારપાઈ પર સુવડાવ્યો એ જોઈને છપ્પનથી ચીસ ફાટી ગઈ.

'ચિલ્લાઓ મત...' તેણે ડારતા અવાજે કહ્યું, 'તેને ઈજામાં ઘણી રાહત છે. અહીં લાવવા પૂરતો જ બેહોશ કર્યો છે. હમણાં ભાનમાં આવી જશે.'

ડઘાયેલા છપ્પનને માનવામાં આવતું ન હતું. આ આદમી... સાલો છે કોણ? એ અહીંથી ક્યાંય બહાર ગયો નથી. અહીં કોઈ આવ્યું નથી અને તો ય એ ત્વરિતને આવી હાલતમાં ઉઠાવી લાવ્યો?

'તારા બધા જ સવાલોના જવાબ મળશે, પણ સાંજ સુધી ચૂપચાપ પડ્યો રહેજે' સવાલ મનમાં ઊગે એ સાથે જ જવાબ વાળીને વધુ એક વાર તેણે છપ્પનને સ્તબ્ધ કરી દીધો હતો.

- અને છપ્પનના અપાર આશ્ચર્ય વચ્ચે સાંજે આ ખરા મહેમાનની પધરામણી થઈ હતી.

'ગન તો બહોત ખૂબ રખતે હો, રાઘવ બાદશાહ...' તેણે રાઘવની સામે નજર માંડીને ફરીથી એ વાક્ય દોહરાવ્યું, 'પણ મોબાઈલ હજુ ચાલુ કિસમના જ વાપરો છો!' તેણે રાઘવની સામે મોબાઈલ ધર્યો એ સાથે રાઘવને જાણે કંપવા ઉપડ્યો. આ એ જ મોબાઈલ હતો જે તેણે ત્વરિતના પ્લાસ્ટરમાં ખોસ્યો હતો.

પછી તે છપ્પન તરફ ફર્યો, 'આ છે રાઘવ માહિયા સાહેબ, એસીપી ઓફ મધ્યપ્રદેશ પોલીસ, રાઈટ?'

મધ્યપ્રદેશના ઉલ્લેખથી છપ્પનની આંખો ચમકી.

'ડિંડોરીથી તારો અને ત્વરિતનો પીછો કરતા કરતા અહીં આવી ચડ્યા છે...' રાઘવ ચૂપચાપ આ ભેદી આદમીની બોડી લેંગ્વેજ, તેના હાવભાવ અને અવાજના ટોનને પરખવાની કોશિશ કરી રહ્યો હતો. તેના મનમાં સતત એ ગડમથલ જારી હતી કે તેણે આટલો ચુસ્ત પ્લાન બનાવ્યો હતો તો ય ક્યાં થાપ ખાધી?

'વહીં પર...' તેણે રાઘવની સામે આંગળી ચીંધીને ભારપૂર્વક કહ્યું એટલે રાઘવથી અનાયાસે જ બોલાઈ ગયું, 'હેં??'

'અહીંયાં જ થાપ ખાધી તેં.' રાઘવની મનોસ્થિતિ કલ્પીને હવે છપ્પન મનમાં મલકી રહ્યો હતો. દૂબળીએ ત્રાટક કરીને તેની સામે જોયું, 'તું એમ માને છે કે તું પીછો કરીને અહીં પહોંચ્યો છે, રાઈટ?'

પોતે કશું જ પૂછ્યું ન હતું અને ફક્ત મનમાં વીજળીના ઝબકારા જેવો એક સવાલ ઊગ્યો ત્યાં તો આ આદમી જવાબ પણ આપવા માંડ્યો? રાઘવથી પ્રચંડ આઘાત અને કૌતુકથી અનાયાસે જ હકારમાં ડોકું ધુણાવાઈ ગયું.

'તું અહીંયાં આવ્યો નથી દોસ્ત, તને હું અહીંયાં લાવ્યો છું...' તે ઊભો થઈને રાઘવની સાવ નજીક સર્યો. ઘડીક ઝુઝારની સામે ત્રાટક કરીને જોયા કર્યું અને પછી આંખો ફાડીને ડરામણા અવાજે તાકીદ કરતો હોય તેમ આંગળી ચીંધી, 'સહેજ પણ હોશિયા...'

તેનું વાક્ય પૂરું થાય એ પહેલાં જ ઝુઝારે અજબ સ્ફૂર્તિ દર્શાવી નાંખી હતી. કાચી સેકન્ડમાં તેણે ચારપાઈની ઈસ નીચે ખભા ભેરવીને ત્વરિત સહિતનો આખો ખાટલો ખભા પર એક ફૂટ અધ્ધર કર્યો હતો. એ જ ક્રિયાની સમાંતરે બેય પગ દૂબળીના પગમાં નાગચૂડની માફક ભેરવીને તેને પટક્યો હતો અને પછી તરત ઊંચકાયેલા ખાટલાના પાયામાંથી ગાળિયો સેરવી નાંખ્યો હતો.

દૂબળી જ્યારે રાઘવને બીજા પાયા સાથે બાંધી રહ્યો હતો ત્યારે જ ઝુઝારે પાછળ ભેરવાયેલા બેય હાથના અંગૂઠા વડે ગાંઠ ઢીલી કરવા માંડી હતી. હાથ ફંફોસીને તેણે પાયા અને દોરડા

વચ્ચેનો ઝોલ ઢીલો પાડી દીધો હતો. હવે જો તેને પાયો ઊંચકવાની તક મળે તો એ બંધાયેલી સ્થિતિમાં જ હાથ છૂટા કરી શકે તેમ હતો.

- અને એ તક તેણે ઝડપી પણ લીધી.

તેના બેય પગની આકરી ભીંસમાં પટકાયેલો દૂબળી કોઈ છટપટાહટ કે છૂટવાના કોઈ પ્રયાસ કે બુમરાણ વગર જાણે સરન્ડર થઈ ગયો હોય તેમ પડ્યો હતો. છપ્પન દિગ્મૂઢપણે ડોળા ફાડીને જોઈ રહ્યો હતો.

ઝુઝારે બળપૂર્વક દૂબળીના પેટમાં લાત મારી. મજબૂત બાંધાના ખડતલ પઠ્ઠાની લાતના બળુકા પ્રહારથી પાતળા કદ-કાઠીનો દૂબળી દીવાલ સાથે અથડાયો.

એ જ ઘડીએ ખાટલો ઊંચકાવાથી અને પછડાવાથી ત્વરિત પણ પથારીમાં સળવળ્યો. હળવા ઉંહકારા સાથે તેણે આંખો ખોલી ત્યારે તેની આંખો સામે એવો તાયફો ખડકાયો હતો કે એ જોઈને ફરીથી બેહોશ થઈ જવાય...

એક આદમી (દૂબળી) દીવાલ પાસે ઊંધો લેટીને કણસી રહ્યો હતો.

બીજો હટ્ટોકટ્ટો આદમી કાળઝાળ નજરે હાથમાં બાંધેલી રસ્સી ફગાવીને હવે ઢીંચણભેર ભોંય પર બેઠેલા રાઘવના હાથ છોડી રહ્યો હતો અને છપ્પનસિંઘ ફાટી આંખે ઘડીકમાં દૂબળીને, ઘડીક ઝુઝારને તો ઘડીક હોશમાં આવી રહેલા ત્વરિતને જોઈ રહ્યો હતો.

રાઘવના હાથ છૂટ્યા એ સાથે ઝુઝાર કમરાના દરેક દરવાજા બંધ કરવા દોડ્યો અને રાઘવે દૂબળીને ઊંચકીને ખુરસીમાં પટક્યો. રાઘવ તીવ્ર પ્રયત્ન કરીને ચહેરો સ્વસ્થ રાખવા મથતો હતો, પણ તેના મનમાં પારાવાર ઉશ્કેરાટ ઉભરાતો હતો. ત્વરિતની કેફિયત સાંભળ્યા પછી તેણે જેવા આદમીની કલ્પના કરી હતી, આ સાલો તેનાથી અનેકગણો તિલસ્મી લાગતો હતો...

કંઈક ભય, થોડાક ઉશ્કેરાટ અને થોડાક ગુસ્સાથી તેણે દૂબળીની આંખમાં આંખ પરોવી, 'યોર ગેમ ઈઝ ઓવર...'

દૂબળી તેને તાકી રહ્યો. તેની ભૂખરી આંખોમાંથી જાણે આગ વરસતી હતી અને સપાટ, ફિક્કા, પાતળા ચહેરાના એક-એક સ્નાયુ તંગ થઈ ગયા હતા. આખી દુનિયા જાણે હલાવી નાંખવાનો હોય તેમ ભભૂકતી આંખે તેણે રાઘવની સામે જોયું અને પછી એવા જ સ્થિર, આરોહ-અવરોહ વગરના અવાજે જવાબ વાળ્યો, 'ધ ગેઈમ ઈઝ જસ્ટ સ્ટાર્ટેડ, રાઘવ બાદશાહ...'

છપ્પને જોયું કે તેનો અવાજ સાંભળીને ત્વરિતના ચહેરા પર અજબ વિસ્ફાર તરી આવ્યો હતો. એ મહામુસીબતે પથારીમાંથી બેઠો થયો હતો અને જાણે મેઘલી રાતે અગોચર જગ્યાએ જીનાત જોયું હોય તેમ તેનું ડાચું ફાટી ગયું, આંખો પહોળી થઈ ગઈ અને ચહેરા પર આઘાતનું લખલખું પથરાઈ ગયું.

એ જ ઘડીએ...

વાદળમાં કશીક ગડગડાટી થઈ હોય તેવો અવાજ આવ્યો. રાઘવ અને ઝુઝારે ઉપર જોયું. એ બંને કશું સમજે એ પહેલાં સિલિંગના મોભ પર ટેકવેલું સિમેન્ટનું વજનદાર છાપરું ઊંચકાયું. રાઘવે કંઈક પારખ્યું અને એ ત્વરાથી ખસવા ગયો, ઝુઝારને હજુ કશું સમજાય એ પહેલાં ઉપરથી કોઈ તેના પર જ ઝીંકાયું હતું અને આંખના પલકારે ઝુઝાર બહુ ખરાબ રીતે પછડાયો હતો.

છપ્પનના પલંગ પર લપકેલો રાઘવ ગરદન ઊંચકે કે પીઠ ફેરવે એ પહેલાં જ તેના બરડામાં કોણીનો બળકટ પ્રહાર થયો એ સાથે એ પણ ત્યાં બેવડો વળી ગયો. તેના મોંમાંથી ઉંહકારો

નીકળે એ પહેલાં લમણે ગન તકાઈ ગઈ હતી. તેણે ગરદન ફેરવીને જોયું...

ઓવલ શેઈપનો ગોરો ચહેરો, કથ્થાઈ આંખો, લિસ્સા-સુંવાળા-સ્નિગ્ધ વાળ, ચુસ્ત ટી-શર્ટમાં હાંફતા ભરાવદાર ઉભાર અને...

હોઠમાંથી નીકળીને દાઢી સુધી પહોંચેલો લોહીનો રેલો લૂછતો દૂબળી ઊભો થયો અને બેહદ ગુમાની નજરે રાઘવની સામે જોયું, 'વોટ આઈ સેઈડ? ધ ગેમ ઈઝ જસ્ટ સ્ટાર્ટેડ...'

એ વખતે હજુ પણ ત્વરિત ઉઘાડા મોંએ, ફાટી આંખે તેની સામે જોઈ રહ્યો હતો... તે બોલવા મથતો હતો, 'માય ગોડ... માય ગોડ... હું આ શું જોઈ રહ્યો છું?'

- પણ તેના ગળામાંથી અવાજ નહોતો નીકળતો.

*** *** ***

આશરે ત્રણસો ચોરસ ફૂટનો ઓરડો, સળિયા જડેલી બે બારી, ગામઠી રીતથી બનેલું જોડિયા કમાડનું સાંકડું બારણું, પથ્થરની ઉબડખાબડ લાદી મઢેલી ઠંડી ફર્શ, બે દીવાલોને અડીને સામસામે ઢાળેલી બે ચારપાઈ અને એકબીજાથી ત્રણ-ચાર ફૂટના અંતરે હાથે-પગે મુશ્કેટાટ બંધાયેલા બે જણ...

લોખંડની પાતળી સાંકળ પર પ્લાસ્ટિકના છજા જેવા હોલ્ડરમાંથી બલ્બનું પીળું અજવાળું લટકી રહ્યું છે. જમણા ખૂણે ગરદન ઝુકાવીને રાઘવ બેઠો છે. બેઠો છે એમ કહીએ તો એ ખોટું કહેવાય, તેણે ફરજિયાત એ રીતે બેસવું પડે તેમ છે. ઢીંચણ છાતી સુધી વાળીને બે હાથ ઢીંચણની નીચે ખેંચીને બાંધ્યા છે અને એ જ દોરડું લંબાવીને બેય પગ પણ બંધાયેલા છે. નજર વડે ભોંય ખોતરી રહેલો રાઘવ ચહેરો ઊંચકવાના મૂડમાં નથી, અન્યથા ચહેરા પર ખિન્નતા, આઘાત અને અચરજનું લીંપણ સ્પષ્ટ વાંચી શકાય તેમ છે.

તેની બરાબર સામેની ભીંતને ટેકો દઈને ઝુઝાર બેઠો છે, બિલકુલ એવી જ હાલતમાં. ઈટાવા-મેનપુરી કે ભીંડ-મુરૈના ઈલાકાનો એકેય આદમી તેને આ હાલતમાં જોવાનો નથી એ માટે તે મનોમન ભગવાનનો પાડ માની રહ્યો છે. બાકી, ઝુઝારસિંઘ મલ્હાનની મૂછે જિંદગીભર લટકેલાં બધાં જ લીંબું એકઝાટકે ઊતરી જાય.

એકધારી આ બીજી પછડાટથી તેને ભારે આઘાત લાગ્યો છે. પહેલી વાર એક સુકલકડી આદમીએ તેમને ઝબ્બે કર્યા. ચાલો, ત્યારે તો સમજી શકાય કે તેણે આબાદ ચાલાકી કરી હતી, પણ બીજી વાર... ઝુઝાર ડોકું ધુણાવી રહ્યો છે... બીજી વાર સાલી એ છોકરી છેક છાપરું કૂદીને તેની માથે પછડાઈ હતી અને ઓચિંતા પ્રહારથી પોતે હબકી ગયો હતો.

ઝુઝારની આંખોમાં શરમ છલકાઈ રહી છે. પછડાયા પછી ત્વરાથી ઊભા થઈને તેણે એ છોકરીને જોઈ હતી... બરાબર જોઈ હતી... ગોરીચીટ્ટી, ભરીભરી એ છોકરી... કથ્થાઈ રંગની મારકણી આંખો... પીગળેલા મીણમાં સિંદૂરનું એક ટીપું પડે પછી જે રંગછાયા ઊભરે એવા ગોરા-ગુલાબી, લિસ્સા ગાલ... કંઈક આઘાત, કંઈક આશ્ચર્ય અને વધારે તો એ છોકરીનું રૂપ... રઘવાયો ઝુઝાર મંત્રમુગ્ધ થઈને જોઈ રહ્યો હતો ત્યાં અચાનક જ તેના પેઢુમાં લાત પડી હતી અને એ બેવડો વળી ગયો હતો. એ છોકરીએ પલકવારમાં તેની મૂછે લટકતાં લીંબુ ઉતારી નાંખ્યા હતા.

ઝુઝારનું મોં હજુ ય કટાણું થઈ રહ્યું હતું. સાલી... હાથમાં આવે તો હવે ભીંસી જ દઉં... મનોમન પારાવાર ઉશ્કેરાટ અનુભવતા ઝુઝારના ચસોચસ ભીંસાયેલા હાથમાં અજબ સંવેદન ઊભરાતું હતું.

રાઘવથી સ્હેજ નજીક, જાડી શેતરંજી પાથરેલી ચારપાઈ પર લેટેલો છપ્પન હજુ નક્કી નથી કરી શકતો કે સાંજ પછી ઝડપભેર બદલાયેલા ઘટનાક્રમથી તેણે ખુશ થવું કે દુ:ખી થવું? એક બાજુ તેને મનોમન રાહત થાય છે. છેલ્લાં અઢી વર્ષથી તે દૂબળીના હાથે કાયમ, સતત પરાસ્ત થતો રહ્યો. છેવટે તેણે સ્વીકારી જ લીધું કે આ માણસની સામે પડવામાં કોઈ સાર નથી. તેમાં વળી ત્વરિતે તેને ચાનક ચડાવી એટલે એકધારી શરણાગતની મુદ્રામાંથી ઊભા થઈને તેણે ય છાતી ફુલાવી દીધી હતી. દૂબળીના પાતળા હાથની પાક્કી રસીદ જેવી અડબોથ ખાધેલા આ ત્રણેયની હાલત જોઈને મનોમન તેની નાલેશી ધોવાઈ રહી હતી.

ત્વરિત તો ઠીક, રાઘવ જેવો પોલીસ અફસર, ઉપરાંત ઝુઝાર જેવો ચંબલછાપ હથોડો ય તેની નજર સામે જે રીતે પટકાયો એ જોયા પછી છપ્પનની શરમ હવે સાવ ધોવાઈ ગઈ હતી.

બીજી તરફ, તેના હૈયાના કોઈ અગોચર ખૂણામાં ક્યાંક ફફડાટ પણ થતો હતો. ત્વરિતને મળ્યા પછી તેનું જોમ બેવડાયું હતું. એ સાથે હોય તો કદાચ દૂબળીને દબોચી શકાય એવી તેને બંધાયેલી આશા ય આખરે વિફળ ગઈ હતી. હવે અગાઉની માફક ફરીથી દૂબળીને સરન્ડર થઈ જવામાં જ તેને સાર વર્તાતો હતો.

બધાને જડબેસલાક બાંધી દરેકનાં વેપન, મોબાઈલ બધું ઉપાડીને દૂબળીએ રૂમ બંધ કર્યો ત્યારથી તે આંખો ખોલ-બંધ કરવા લાગ્યો હતો. બાપ ગૂંગાસિંઘનો આદેશ પણ હવે મળી ચૂક્યો હતો. હવે બસ, દૂબળી બીજી વાર મોં-પાઠ ચાલુ કરે એટલે તે નવી ચોરી માટે તૈયાર થઈ જવા તલપાપડ હતો.

તેણે આખરી વાર આશાભરી આંખે ત્વરિતની સામે જોયું.

ત્વરિત હજુ ય એવી જ હતપ્રભ આંખે, ફાટેલ મોંએ બીડાયેલાં બારણાં ભણી તાકી રહ્યો હતો. છપ્પને ધારીને જોયું, તેને ત્વરિતની વિસ્ફારિત આંખોમાં પ્રચંડ આઘાતનો મૂઢ કરી દેતો સન્નાટો નીતરતો વર્તાતો હતો.

'શું જુએ છે એઈ...??' છપ્પને સ્હેજ ઊંચા અવાજે પૂછ્યું એ સાથે રાઘવ અને ઝુઝારનું ધ્યાન પણ છપ્પનની નજરના રસ્તે ત્વરિત તરફ ફંટાયું.

ઓરડામાં અચાનક ફાટી નીકળેલા આ ઘમાસાણ દરમિયાન ત્વરિત ભાનમાં આવી ચૂક્યો છે એવું કોઈનું ધ્યાન રહ્યું ન હતું.

'હેલ્લો ત્વરિત... તને કહું છું... એઈ.. ત્વરિત...' છપ્પનના દબાયેલા ઘાંટાનીય ત્વરિત પર કોઈ અસર થતી ન હતી એથી તેની ચારપાઈની નજીક બેઠેલા ઝુઝારે ઈસ પર ઢીંચણ અથડાવ્યો.

ત્વરિતે સામે જોયું. તેની આંખોમાં જાણે પારલૌકિક છળ જોયાનો આઘાત હતો. દરવાજા ભણી અવશપણે તકાયેલી આંગળી એમ ને એમ રાખીને તેણે ડઘાયેલા અવાજે પૂછ્યું, 'તું જેને દૂબળી કહેતો હતો એ માણસ આ જ?'

છપ્પને હકારમાં ડોકું ધુણાવ્યું.

ઘડીક ત્વરિત તેની સામે એવી જ સ્થિર નજરે તાકી રહ્યો. તેના જડબામાં જાણે કશુંક ચાવતો હોય તેમ થોડુંક હલનચલન થયું. સ્તબ્ધ થઈને ચોંટી ગયેલી તેની કીકીઓમાં જરાક સળવળાટ થયો. માની શકતો ન હોય તેમ તેણે જરાક ગરદન હલાવી.

રાઘવ તેની હાલત બરાબર અવલોકી રહ્યો હતો. તેણે ત્વરિતથી શક્ય તેટલા નજીક ખસીને તેની આંખમાં આંખ પરોવી, 'યસ ત્વરિત... તું કંઈક કહેવા માંગે છે... સ્પીક અપ... વોટએવર યુ વાન્ના સે... સ્પીક અપ... હેલ્લો ત્વરિત...'

તેનું જોઈને ઝુઝારે પણ કશી ગતાગમ વગર ત્વરિતની ચારપાઈને ઢીંચણ વડે ઝકઝોરવા માંડી ત્યારે ત્વરિતથી માંડ એટલું જ બોલાયું, 'હી વોઝ માય પ્રોફેસર...'

ઓરડામાં ભીંસાતી કારમી સ્તબ્ધતા વચ્ચે તેણે સિસકારા જેવા અવાજે કહ્યું, 'હી ઈઝ પ્રોફેસર રાય... પ્રોફેસર નીલાંબર રાય...'

*** *** ***

'યસ.. આઈ એમ પ્રોફેસર રાય...' ધડ્ડામ કરતો દરવાજો ખૂલ્યો અને વાવાઝોડાંની માફક અંદર પ્રવેશીને રાઘવ ભણી હાથ લંબાવતાં તેણે કહ્યું, 'ત્વરિત ઈઝ રાઈટ. હી વોઝ માય સ્ટુડન્ટ એટ બીએચયુ. માયસેલ્ફ પ્રોફેસર નીલાંબર રાય...'

તેના ચહેરા પર ગુમાન હતું. આંખોમાં બેખૌફ મુસ્તાકી હતી અને બોડી લેંગ્વેજમાં અજીબ

આત્મવિશ્વાસ.

સ્થિર નજરે રાઘવ તરફ તાકીને તેણે ઉમેર્યું, 'પ્રોફેસર ઓફ એન્શ્યન્ટ સ્કલ્પ્ચર એન્ડ એપિગ્રાફી...'

રાઘવે પહેલાં શેકહેન્ડ માટે લંબાયેલા તેના હાથ ભણી જોયું અને પછી તેની સામે જોઈને હસ્યો, 'આવી બંધાયેલી હાલતમાં શેકહેન્ડ કરવાનું મને નહીં ફાવે...'

'ઓહ યસ...' તેણે હાથ પાછો ખેંચ્યો અને છપ્પનની બાજુમાં ચારપાઈ પર રાઘવની નજીક બેઠો, 'આઈ એમ સોરી, પણ તારા હાથ તો હું છોડી શકું તેમ નથી...'

'ત્યાં સુધી મારાથી હાથ મિલાવવાનુ ય શક્ય નથી...'

'જરૂરી ભી નહિ હૈ...' રાઘવની ચબરાકીને નજરઅંદાજ કરીને તરત તેણે જવાબ વાળ્યો અને એક-એક શબ્દ છૂટો પાડીને કહ્યું, 'એ-સી-પી રાઘવ માહિયા... આઈ સેઈડ, તમે અહીં આવ્યા નથી, પણ હું તમને અહીં લાવ્યો છું, રાઈટ?'

'હાઉ?' રાઘવ પણ હવે હર હાલતમાં આ ઉસ્તાદ આદમીનો ભેદ પામવા તત્પર હતો, '... એન્ડ વ્હાય?'

'હાઉ...' તેણે પગ પર પગ ચડાવ્યો. હોઠ પર અંગૂઠો ફેરવ્યો. સ્હેજ ગરદન નમાવીને તીરછી નજરે જોયા કર્યું. રાઘવ સમજી શકતો હતો કે સામેના માણસની ઉત્સુકતા બેવડાવવાની આ સ્ટાઈલ હતી.

'યસ... તારી ઉત્સુકતા વધારવી હોય ત્યારે આવા પોઝ, આવી સ્ટાઈલ કામ લાગે જ...' રાઘવને વિશ્વાસ નહોતો પડતો. આ માણસ ખરેખર સામેની વ્યક્તિના મનમાં આગિયાની જેમ ઝબકી જતા વિચારને પકડી લેતો હતો?

'યસ્સ્સ્....' પ્રોફેસરે એ જ ઘડીએ બીજો ફટકો ય મારી જ દીધો, 'હું તારા વિચાર આબાદ પકડી શકું છું. બટ ઈટ્સ ડિફરન્ટ થિન્ગ... અત્યારે તો તારા પહેલા સવાલનો જવાબ આપું. હું તને કેમ અને કેવી રીતે અહીં સુધી ખેંચી લાવ્યો, રાઈટ?'

એ કહી રહ્યો હતો રાઘવને, પણ તેને બરાબર ખબર હતી કે ઓરડામાં હાજર બીજા ત્રણેય ધ્યાનથી તેને સાંભળી રહ્યા હતા.

'એક મૂર્તિ ચોરાઈ તેની તપાસ કરતો છેક ડિંડોરીથી તું ડેરા સુલ્તાનખાઁ સુધી પહોંચ્યો એ માટે હું તને સલામ કરું છું, પણ એથી મને સમજાય છે કે તું છાલ છોડે એ માંહ્યલો અફસર નથી...' તેણે તારીફભરી નજરે રાઘવની સામે જોયું, 'અહીં હું તને ચકમો આપું તો તું હજુ ય મારો પીછો કરવાનો જ અને એ હવે મને પાલવે તેમ નથી...'

તેણે ઊંડો શ્વાસ લીધો. તેના ગોરા, સ્હેજ ફિક્કા ચહેરા પર મક્કમતા ઉભરી, 'ધ ગેઈમ ઈઝ જસ્ટ સ્ટાર્ટેડ એન્ડ આઈ કાન્ટ એલાઉ એનિબડી ટુ ડિસ્ટર્બ ઈટ...' અચાનક એ કમરમાંથી ઝૂક્યો અને ઝાટકા સાથે રાઘવનો કોલર મજબૂત હાથે ખેંચ્યો, 'તું કે તારો કાનૂન તો શું, દુનિયાની કોઈ તાકાત મને મારા લક્ષ્ય તરફ જતો રોકી નહીં શકે, સમજ્યો?'

કપાળ પર ધસી આવેલા લિસ્સા, સીધા, ભૂખરા વાળ આડેથી દેખાતી તેની આંખોમાં હિંસક પશુ જેવો ઉન્માદ છલકાતો હતો. શબ્દો તેના હતા, પણ અવાજમાં કશુંક ગેબીપણું હતું. રાઘવ દિગ્મૂઢ થઈને જોતો રહ્યો.

'અત્યારે હું મારી જિંદગીના સૌથી વધુ મહત્ત્વના વળાંક પર ઊભો છું... એન્ડ નાવ ઈટ્સ પોઈન્ટ ઓફ નો-રિટર્ન. હું અહીંથી પાછો ફરી શકું તેમ નથી. મને બરાબર ખબર છે કે, એક

મૂર્તિ ચોરાઈ એટલે તેની તલાશ કરતો તું છેક અહીં સુધી પહોંચ્યો નથી, પણ એક વામપંથી મૂર્તિની વાયકા સાંભળીને તને ઉત્સુકતા જાગી છે, રાઈટ?'

ફરીથી રાઘવ થીજી ગયો. આ માણસ સાલો એકએક ઝીણી-ઝીણી બાબતથી કેવી રીતે માહિતગાર છે? ઝુઝારને આખો તાયફો સમજાતો ન હતો પણ રાઘવના રિએક્શનને તે બારીકાઈથી જોઈ રહ્યો હતો. છપ્પન જાણે ખાખી વર્દી સાથે જિંદગીભર અનુભવેલી ફડકનું વેર વસૂલાતું હોય એવી ગમ્મતથી રાઘવને ચકિત થતો જોઈ રહ્યો હતો. ત્વરિત એક પણ અક્ષર બોલ્યા વગર હજુ ય એવી જ તાજુબીથી તેને જોઈ રહ્યો હતો.

દૂબળીએ નજર ફેરવ્યા વગર જ સૌના મનોભાવ વાંચી લીધા, પછી છપ્પનની સામે જોઈને ગર્ભિત સ્મિત વેર્યું, 'હું એટલા માટે જ તને આ વાતથી દૂર રાખતો હતો. બિકોઝ આઈ નો, એક વાર આ વામપંથીના ચક્કરમાં પડે એ માણસ જિંદગીભર તેનાથી પોતાનો પીછો છોડાવી શકતો નથી...'

પછી રાઘવ તરફ આંગળી ચીંધીને ઉમેર્યું, 'યુ ઓલ્સો સીમ ટૂ બી ધેર એટ પોઈન્ટ ઓફ નો-રિટર્ન...હવે એક જ મૂર્તિ મારે જોઈએ છે અને એ આંધ્રપ્રદેશના વારંગલ પાસે છે. એ મળી જાય પછી હું નક્કી કરીશ કે મારે તારું શું કરવું. ફિલહાલ, તું મારો મહેમાન છે. મહેમાનની માફક રહીશ તો મહેમાનગતિ માણીશ..' પછી આગ ફેંકતી નજરે ઝુઝારની સામે જોઈને ઉમેર્યું, '... અને છટકવાની કોશિશ કરીશ તો છટક્યા પછી ય ઘરે જવાનું મન નહીં થાય...'

રાઘવે સવાલિયા નજરે તેની સામે જોયું એટલે તેણે ઠંડા કલેજે, ચહેરાની એકેય રેખા ચસકવા દીધા વગર સપાટ સ્વરે કહી દીધું, 'કારણ કે ઘરે જઈને ઓળખાવા જેવો તું નહીં રહ્યો હોય...'

'ત્વરિત આવે તેની જ તું રાહ જોતો હતો ને?' અચાનક તેણે છપ્પનને કહ્યું એથી એ બઘવાઈ ગયો, 'આ રહ્યો ત્વરિત અને સાથે આ બીજા બે મહેમાન પણ... બોલ, હવે તું તૈયાર છે?'

તેના અવાજમાં તાકીદ હતી અને આંખોમાં અંગારા જેવો દઝારો. તેનું વાક્ય પૂરું થાય એ પહેલાં જ છપ્પને હકારમાં ગરદન ધુણાવી દીધી.

'વારંગલની એ સંકેત પ્રતિમા છે... શરીરના આઠ કોઠાને ચેતાઓ વડે મન સાથે સાંકળતી એ સંકેત પ્રતિમા..'

પછી તેણે ત્વરિત સામે જોયું અને ઉપહાસભર્યા અવાજે પૂછ્યું, 'કોઈ ટેક્સ્ટમાં વાંચ્યું છે તેં આ બધું? તાજુબી થાય છે ને કે ટેક્સ્ટ બુક્સમાં ય ભુલાઈ ગયેલી આવી મૂર્તિઓ મેં ક્યાંથી અને કેવી રીતે શોધી?'

અચાનક તેનો અવાજ ઊંચકાયો, ચહેરાના હાવભાવ બદલાયા અને આંખોમાં ખુન્નસ ઊભરી આવ્યું, 'હવે યાદ કર મારા નામે ફરતા થયેલા જોક્સ... મારી ફીરકી ઉડાવતાં કાર્ટૂન્સ... મારી પીઠ પાછળ ખખડતા તમારા બધાના હાસ્યના એ ઠહાકા... માય ફૂટ... યુ ઓલ વેર સ્ટુપિડ... હું એ સાબિત કરવાની અણી પર છું કે મારી હાંસી ઉડાવનારા તમે બધા ગધેડા છો... હું જ સૌથી વધુ બુદ્ધિવાન છું...'

તેના બદલાયેલા અવાજમાં જાણે અગોચરમાંથી શબ્દો મુકાતા હોય તેમ તેણે છત તરફ તાકીને બે હાથ પહોળા કર્યા અને બુલંદ અવાજે કહ્યું, 'સુમેધા અમૃતોક્ષિતઃ... અમૃત થકી અભિષેક પામેલો હું સંસારમાં સૌથી વધુ બુદ્ધિવાન છું...'

બધાના દિગ્મૂઢ ચહેરાની પરવા કર્યા વગર એ બહાર નીકળ્યો અને ધડામ અવાજ સાથે બારણું બંધ કર્યું ત્યારે ઓરડાના સૂનકારા વચ્ચે હજુ ય તેનો અવાજ પડઘાઈ રહ્યો હતો.

'સુમેધા અમૃતોક્ષિતઃ... હું સંસારમાં સૌથી વધુ બુદ્ધિવાન છું... હું સંસારમાં...'

*** *** ***

સૌના દિમાગને ઝકઝોરીને દૂબળી બહાર નીકળ્યો એ પછી ક્યાંય સુધી દરેક અબુધપણે એકમેકને નીરખતા રહ્યા હતા. છેવટે રાઘવે ત્વરિતને પૂછ્યું હતું, 'કોણ છે આ માણસ?'

ત્વરિત ઘડીક ચૂપ રહ્યો હતો. દરેક આંખો પોતાના પર આતુરતાભેર મંડાયેલી છે તે અનુભવીને તેણે ઊંડો નિઃશ્વાસ નાંખ્યો હતો. ડિંડોરીના દેવાલયમાં તેણે એ દિવસે જવા જેવું ન હતું. ગયો જ હતો તો એ મૂર્તિ પર થયેલાં માર્કિંગ જોવા જેવાં ન હતા. માર્કિંગ પણ જોઈ જ લીધાં હતાં તો પછી...

તેની નિયતિ ખબર નહીં, તેને ક્યાં ખેંચી રહી હતી. તેણે ફરીથી નિઃશ્વાસ નાંખીને ગરદન હલાવ્યા કરી.

'એ નીલાંબર રાય છે... બનારસ હિન્દુ યુનિવર્સિટીનો પ્રાચીન શિલ્પશાસ્ત્ર અને તામ્રપત્રો વગેરેનો વિદ્વાન પ્રોફેસર અને રિસર્ચ ગાઈડ...' તેણે ધીમા અવાજે બોલવાનું શરૂ કર્યું કે તરત સૌના કાન સરવા થયા. રાઘવને બંધનને લીધે જકડાઈ રહેલા સ્નાયુઓનું દર્દ વિસરાઈ ગયું, ઝુઝારને ઓલ્ડ મોન્કની તલબ ભુલાઈ ગઈ અને છપ્પનના મગજમાં અઢી વર્ષનો આ આદમી સાથેનો પનારો સડસડાટ દોડી ગયો.

'વિદ્વાન યાને સ્કોલર યાને એક્સપર્ટ.. આથી વિશેષ બીજો કોઈ શબ્દ મને સૂઝતો નથી એટલે એ જ શબ્દ વાપરી રહ્યો છું. અધરવાઈસ, આઈ શૂડ સે.. હી ઈઝ અ જેમ... ગોડ ગિફ્ટેડ.' હવામાં તાકીને ત્વરિતે બોલવાનું શરૂ કર્યું. તેની આંખો સામે તેનો આખો અભ્યાસકાળ ફિલ્મની પટ્ટીની જેમ ભજવાતો જતો હતો.

'ફોટોગ્રાફિક મેમરી. ભલભલાં પ્રાધ્યાપકો જ્યાં થાપ ખાઈ જાય ત્યાં આ માણસ પાના નંબર સાથે આખાને આખા રેફરન્સ બોલી નાંખતો. આંતરરાષ્ટ્રીય સ્તરે તેનાં સંશોધનો અને તર્કો બહુ જ આદરપૂર્વક જોવાતાં હતાં. ખાસ કરીને ઈસ્વીસનના પ્રથમ સૈકાનાં શિલ્પો તેમજ શૈવશાસ્ત્રમાં એ માસ્ટર કહેવાતો, પણ જેટલો અભ્યાસુ, જેટલો વિચક્ષણ એટલો જ સનકી... એક વાર તેની પીન ચોંટી જાય પછી સરળતાથી ઉખડે નહીં અને કઠણાઈ એ કે તેની પીન ક્યાંક ને ક્યાંક ચોંટેલી જ હોય. એટલે તે વિદ્યાર્થીઓમાં મજાકનું સાધન પણ બનતો...'

'શૈવમત, લકુલિશ, કાપાલિકના અભ્યાસમાં એ એટલો તન્મય થઈ ગયો હતો કે અંગત જિંદગીમાં પણ સ્વભાવે સનકી અને દેખાવે અઘોરી જેવો થઈ ગયો હતો.

'પણ આ લકુલિશ અને કાપાલિક એટલે?' રાઘવ નોટપેડ વગર પણ મનોમન મુદ્દાઓ નોંધતો હોય તેમ તરત પૂછી બેઠો.

'શિવઉપાસના એટલે કે શૈવમતના એ અલગ અલગ ફાંટા છે. સ્થાપિત શૈવમત લકુલિશ અને કાપાલિકને વામપંથી ગણે છે. એ વામમાર્ગીય ઉપાસનાની પદ્ધતિઓ બહુ જ ગૂઢ અને રહસ્યમય રાખવામાં આવી છે અને એવું ય કહેવાય છે કે સંસારીઓ માટે એ ત્યાજ્ય છે.'

'આજે હું તેને આવાં સફાઈદાર સ્ટાઈલિશ કપડાંમાં જોઉં છું તેનું મને અપાર આશ્ચર્ય છે, પરંતુ મેં જે નીલાંબર રાયને જોયો છે એ તો બેહદ લઘરો હતો. દિવસો સુધી એકના એક કપડાં પહેરે, નહાવા-ધોવાના ય ઠેકાણાં નહીં. દિવસ-રાત પોતાની ચેમ્બરમાં બેસીને વાંચ્યા જ કરે. એટલો બધો ધૂની કે, એકવાર એ યુરિન પાસ માટે ટોઈલેટમાં હતો અને ત્યાં કશોક વિચાર આવ્યો તો એ જ હાલતમાં ક્લાસમાં દોડી આવ્યો અને વિદ્યાર્થીઓને થોમસ બ્યુલર અને જીન

મેક્કેઈનની થિયરી શા માટે ખોટી છે એ ભણાવવા માંડ્યો!'

'તેની તમામ સનક અને આવા ધૂનીપણા છતાં એ વિદ્યાર્થીઓમાં ભારે લોકપ્રિય હતો. એ ભેજાંગેપ ચક્રમ હતો, પણ તેના વિષયમાં મહાભેજાંબાજ હતો. એવું ય કહેવાતું કે તે કેટલીક અઘોરી સાધના કરે છે અને વારંવાર આસામનાં જંગલોમાં અને એવી બધી ભેદી, નિર્જન જગ્યાએ જતો રહે છે. ઈન શોર્ટ, બનારસ હિન્દુ યુનિવર્સિટીનું એક એવું કેરેક્ટર હતો જેનાં વિશે સૌથી વધુ ગોસિપિંગ થતું અને છતાં તેના વિશે સાચી ખબર ભાગ્યે જ કોઈને હતી.'

બહાર ઝરમર વરસાદ પડવો શરૂ થઈ ગયો હતો. સિમેન્ટનાં પતરાં પર પડતાં ફોરાંની તડતડાટી ક્રમશ: વેગ પકડી રહી હતી. નિર્જન ખેતરની પેલે પાર શિયાળની કારમી લાળી પડઘાતી હતી. સન્નાટા વચ્ચે ફૂંકાતા વરસાદી પવનની લહેરખીમાં આમતેમ હિલોળાતા રાઈના છોડ બિહામણા આકારો ખડા કરતા હતા. લીંબુડી અને દાડમડીના ઘેરાવા તળે ઊડાઊડ કરતા તમરાંનો અવાજ ખેતરના નિર્જન સન્નાટામાં લય પૂરતો હતો.

- અને ઓરડામાં સૌની નજર ત્વરિત પર મંડાયેલી હતી.

અચાનક દરવાજો ફરીથી એવી જ રીતે ધડ્રામ કરતો ખુલ્યો. એક ટેબલ ખસેડતો એ અંદર આવ્યો. મકાનમાં બીજું કોઈ હોય એવું કળાતું ન હતું અને આ રસોઈ કોણે તૈયાર કરી, બહારથી લાવવામાં આવી તો કોણ લાવ્યું તેનો કોઈ અંદાજ આવતો ન હતો. છાપરેથી કૂદેલી પેલી રણચંડી જેવી છોકરી કોણ હતી અને પછી ક્યાં ગઈ તેનો ય કોઈ અણસાર મળતો ન હતો. એક પણ અક્ષર બોલ્યા વગર તેણે રાઘવ અને ઝુઝારના હાથ ખોલ્યા અને ત્વરિતની સામે અછડતી નજર ફેંકીને એ જતો રહ્યો.

ટેબલ પર પડેલાં બાઉલમાંથી પ્રસરતી સોડમમાં ઓરડો ઘેરાતો જતો હતો. મકાઈની રોટી, ફ્લાવરનું શાક, કાળા અડદની દાળ, સ્ટિમ્ડ રાઈસ, માખણનાં ચોસલાં, ફુદીનાની ચટણી અને ઝુઝાર માટે ખાસ ઓલ્ડ મોન્કની બોટલ...

પણ કોઈને ખાવાનું સૂઝતું ન હતું અને ઝુઝાર પણ પીવાનું વિસરી ગયો હતો. સૌની આંખોમાં વંચાતી આતુરતા પારખીને ત્વરિતે ફરીથી શરૂ કર્યું.

'એક ઈન્ટરનેશનલ કોન્ફરન્સમાં તેણે એક અત્યંત રસપ્રદ રિસર્ચ પેપર રજૂ કર્યું, જેના વિશે મહિનાઓથી એ બેહદ ઉત્સાહિત હતો. એ રિસર્ચ પેપરમાં તેણે કમ્પ્યુટર, ઈન્ટરનેટ, મોબાઈલ એપ્લિકેશન્સ, બ્લ્યૂ ટૂથ, વેબ ચેટિંગ જેવાં તમામ અત્યાધુનિક ડિવાઈસના રેફરન્સ ટાંક્યા અને પછી સૈદ્ધાંતિક રીતે એવું સાબિત કરવાનો પ્રયત્ન કર્યો કે આ કહેવાતું આધુનિક વિશ્વ હજુ પણ પ્રાચીન વિદ્યાઓની સરખામણીએ ઘણું પાછળ છે.'

'એટલે?' ઉત્સુકતાથી ફાટાફાટ થતો રાઘવ પૂછ્યા વગર ન રહી શક્યો.

'અત્યારે આપણે ડેટા ટ્રાન્સફર કે મેઈલિંગ કે ઈન્ટરનેટ શેરિંગથી પ્રભાવિત છીએ, પરંતુ પ્રાચીન કાળમાં એવી એવી વિદ્યાઓ હતી જે આજે આપણને જાદુઈ લાગે. આજની સંપર્કક્રાંતિ ખરેખર તો મશીન યાને કમ્પ્યુટર યાને ડિવાઈસ બેઝ્ડ છે. પ્રાચીન કાળમાં તો એવી ટેલિપથી બે વ્યક્તિના માનસ વચ્ચે પણ સર્જાઈ શકતી.'

'એટલે? હજુ ય મને સમજાયું નહીં...' રાઘવ તેની વધુ નજીક ખસ્યો. છપ્પન અને ઝુઝાર પણ તાજુબીભરી આંખે સમજવાનો પ્રયાસ કરતા હતા.

'આપણે બંને આપણાં મોબાઈલમાં બ્લ્યૂ ટૂથ ઓન કરીએ એટલે બ્લ્યૂ ટૂથના માધ્યમથી આપણે એક-બીજાના મોબાઈલમાં રહેલો ડેટા શેર કરી શકીએ, બરાબર? નીલાંબર રાયનો મત એવો હતો કે, આજથી હજારો વર્ષ પહેલાં કેટલીક એવી વિદ્યાઓ હતી કે જેને લીધે બે

માણસના દિમાગ વચ્ચે આ પ્રકારનું ડેટા શેરિંગ શક્ય બનતું હતું.'

'નીલાંબરે તેના રિસર્ચ પેપરમાં સૈદ્ધાંતિક રીતે એવું સાબિત કરવાનો પ્રયાસ કર્યો કે કર્ણપિશાચિની, પ્રહસ્તલંબ, દીર્ઘાનુસાર જેવી વિદ્યાઓ વિશે સાવ અછડતો ઉલ્લેખ પ્રાપ્ય છે, પરંતુ પ્રાચીન ભારતીય વિજ્ઞાને આવી કુલ 64 વિદ્યાઓ તૈયાર કરી હતી. તેના ફુલટાઈમ સિલેબસ હતા. આજે આપણે ઈન્ફર્મેશન ટેક્નોલોજીના યુગમાં એવું માનીએ છીએ કે અત્યારે મનુષ્ય તેના જ્ઞાનની ચરમસીમાએ છે. દુનિયાએ આજે ભલે તરક્કી કરી હોવાનું લાગે, પરંતુ જો આ વિસરાઈ ગયેલી, ખોવાઈ ગયેલી વિદ્યાઓ, તેનાં શાસ્ત્રોને સમજી શકાય તો દુનિયાએ પ્રગતિની નવી વ્યાખ્યા બાંધવી પડે.'

'નીલાંબરના આ સંશોધનની દુનિયાભરમાં જબ્બર ઠેકડી ઊડી. પ્રાચીન શાસ્ત્રોના જગતભરના વિદ્વાનોએ પૂછેલા પ્રશ્નોના એ સહેજેય સંતોષકારક જવાબો ન આપી શક્યો અને બેહદ હાંસીપાત્ર ઠર્યો. આમ પણ તેની છાપ ધૂની, ચક્રમ અને ભેજાંગેપ તરીકેની તો હતી જ, તેમાં આ નિષ્ફળતા ભળી.'

'પછી તો બેવકૂફી અને શેખચલ્લીપણાના પર્યાય તરીકે તેની બહુ મજાકો ઊડી. આજે આપણે રજનીકાંત કે આલિયા ભટ્ટના નામે વોટ્સએપ પર જોક્સ શેર કરીએ છીએ એવી જ હાલત બનારસ હિન્દુ યુનિવર્સિટી પૂરતી તેની થઈ અને તેના નામના જોક્સ ફરતા થઈ ગયા. દીવાલો પર, ક્લાસરૂમના બ્લેક બોર્ડ પર તેના બેહદ ભદ્દાં અને બેરહેમ ખિલ્લી ઉડાવતા કાર્ટૂન્સ દોરાવા લાગ્યાં. કેમ્પસમાં એ પ્રાધ્યાપકો અને વિદ્યાર્થીઓ વચ્ચે સતત મજાક, મશ્કરી, ઉપહાસ અને ઉપાલંભનું કારણ બનવા માંડ્યો.'

'એ પછી એક દિવસ અચાનક એ ગાયબ થઈ ગયો. આમ તો એ ઘણી વાર ગાયબ થઈ જતો અને પંદર-વીસ દિવસે કે મહિને-દોઢ મહિને અચાનક ટપકી પડતો, પણ આ વખતે ગયો એ ગયો... ચાર-પાંચ વર્ષથી એ ક્યાં છે, શું કરે છે તેની કોઈને ખબર ન હતી અને આજે અચાનક મેં તેને અહીં આ હાલતમાં જોયો.'

'પણ પછી? પછી શું થયું?' હવે ઝુઝારને ય ચટપટી ઉપડી હતી.

'બસ, આટલી જ મને ખબર છે. હવે તો ખબર નહીં...' ત્વરિતે ઊંડો શ્વાસ છોડીને શરીરને તંગ કર્યું. તેના ચહેરા પર ઉત્સુકતા, તણાવ, ચિંતા અને ઉન્માદના મિશ્ર ભાવ હતા. તેણે કોઈની સામે જોયા વગર બોઝિલ આંખો બીડી દીધી અન્યથા, દરેકના ચહેરા પર એ એવા જ ભાવો જોઈ શક્યો હોત.

કમરામાં ક્યાંય સુધી મૌન પ્રસરેલું રહ્યું. રાઘવ દીવાલને અઢેલીને અવશપણે ગરદન ધૂણાવતો રહ્યો. ઝુઝારે ઓલ્ડ મોન્કનું ઢાંકણ ખોલીને ત્રણ-ચાર મોટા ઘૂંટડા ગળા હેઠે ઉતાર્યા અને પછી એ ય હવામાં આંગળી વડે ચિતરામણ કરતો ઝોકે ચડી ગયો. છપ્પન સૂનમૂન થઈને છતને તાકતો રહ્યો અને મનોમન વારંગલના વિચારો કરતો રહ્યો.

બહાર વરસાદનો વેગ વધ્યો હતો પણ નિયતિના અદૃશ્ય હાથે તેની વાછટ આ ચારેયના ચહેરા પર વીંઝાતી હતી.

*** *** ***

વહેલી સવારે આકાશમાં ભડભાંખળું થઈ રહ્યું હતું ત્યારે ખેતરના નિર્જન સૂનકારાને ઢંઢોળતી ચહલપહલ શરૂ થઈ હતી. ઝાંખાપાંખા ઉજાસ વચ્ચે દબાયેલા પગલે હરફર કરતો એક આદમી વેનિટી વાનમાં સામાન ગોઠવી રહ્યો હતો.

ત્રણ કમ્પાર્ટમેન્ટમાં મોડિફાઈ કરેલી ટેમ્પો ટ્રાવેલર વાનના છેલ્લા કમ્પાર્ટમેન્ટમાં ત્રણ વિશાળ સોફા ચેર, ફ્રીઝ, સેટેલાઈટ ટીવી. તેની પાછળ સામાન મૂકવાના ત્રણેક ફૂટ પહોળા બે શેલ્ટર. વચ્ચેના કમ્પાર્ટમેન્ટમાં આરામદાયક કુશન મઢેલા બે રેક્લાઈનર સોફા, ડ્રાઈવર કેબિનની બાજુમાં વધુ એક રેક્લાઈનર ચેર. તેની પાસે ડબલ સ્ટૂલ સાઈઝનું કિચન પ્લેટફોર્મ.

બહારથી ટિપિકલ વાન જેવી લાગતી ટેમ્પો ટ્રાવેલર મોડિફાઈ કર્યા પછી હરતાં-ફરતાં ઘર જેવી બની ગઈ હતી.

ચારેયને બહાર લાવવામાં આવ્યા અને ત્વરિતને છેલ્લા કમ્પાર્ટમેન્ટમાં સુવડાવવામાં આવ્યો. તેની બાજુમાં રાઘવને બેસવાનો ઈશારો કરીને ત્રીજી ચેર પર દૂબળી પોતે ગોઠવાયો. ઝુઝાર તેમજ છપ્પનને વચ્ચેના કમ્પાર્ટમેન્ટમાં બેસાડ્યા. દરેક વિન્ડો પર નેટ કર્ટન અને દરેક કમ્પાર્ટમેન્ટને જોડતું વિન્ડો શટર. એ શટર બંધ કરો એટલે સ્વતંત્ર રૂમ જેવી પ્રાઈવસી જળવાઈ રહે પણ દરેકનો માસ્ટર કન્ટ્રોલ છેલ્લા કમ્પાર્ટમેન્ટની એ સીટ પર, જ્યાં દૂબળી બેઠો હતો.

ચારેયના મગજમાં એક જ ઉત્સુકતા ઘોળાતી હતી. હવે એ છોકરી દેખાવી જ જોઈએ, પણ કમ્પાર્ટમેન્ટમાં બેઠા પછી દરેકને સમજાયું હતું કે ભલે વૈભવશાળી અને આરામદાયક, પણ આ એક પ્રકારની હરતી-ફરતી નજરકેદ જ હતી. પોતાના કમ્પાર્ટમેન્ટ સિવાય બીજે કોણ બેઠું છે એ જોઈ શકાય તેમ ન હતું. કોણ ડ્રાઈવિંગ કરે છે કે કોણ આગળ બેઠું છે તેની કોઈ સૂઝ વગર મુસાફરી શરૂ થઈ હતી.

‘છ કલાક સુધી ગાડી ક્યાંય ઊભી રહેવાની નથી’ ગાડી ઉપડી એટલે તરત ઈન્ટરકોમમાં દૂબળીનો અવાજ પડઘાયો, ‘તમારી દરેકની સીટ પાસે કોફીનાં થર્મોસ અને બીજાં ડ્રિન્ક્સ પડ્યાં છે. બે કલાક પછી નાસ્તો મળશે. આપણે પહેલો હોલ્ટ ભીમબેટકા લઈશું. નાગપુર ત્રણેક કલાકનો વિરામ અને પછી નોર્થ-સાઉથ હાઈ-વે પર ચડ્યા પછી સીધા વારંગલ. મીનવ્હાઈલ, ટેક રેસ્ટ એન્ડ એન્જોય ધ જર્ની...’

*** *** ***

‘ક્યાં પહોંચ્યા?’ ઝુઝારે ઊંઘરેટી આંખ જરાક ખોલી, બારીની બહાર નજર માંડી અને પછી ઘેનભર્યા અવાજે પૂછ્યું.

‘ખબર નથી...’ આંખો બંધ કરીને ઊંઘવા મથતા છપ્પને બેપરવાઈથી જવાબ આપ્યો.

‘કેટલા વાગ્યા?’ એક તરફ ઝૂકેલી રહેવાથી જકડાઈ ગયેલી ગરદનના સ્નાયુને પસવારતા ઝુઝારે ફરીથી પૂછ્યું.

‘ખબર નથી...’ તેણે એ જ ટોનમાં જવાબ આપ્યો.

‘ભીમબેટકા આવી ગયું?’

‘ખબર નથી...’ છપ્પને ભારે અવાજે એવી જ બેદરકારીથી જવાબ વાળ્યો, ‘આજે કઈ તારીખ છે, કયો વાર છે? ખબર નથી... આ ક્યું રાજ્ય છે? ખબર નથી... યે સબ ક્યા મામલા હૈ? નહીં માલૂમ...’

‘કયા બકવાસ કરતા હૈ યાર?’ ઝુઝારે ચીડાઈને તેની સામે જોયું, પણ એ તો જાણે તંદ્રામાં હોય તેમ જ બોલી રહ્યો હતો.

‘તેરા બ્લ્યૂ ટૂથ ઓન કરો, મેરા બ્લ્યૂ ટૂથ ઓન કરો... ફિર ક્યા? મેરે કો નહીં માલૂમ... ઈન્ટરનેટ જેવું ડેટા શેરિંગ તારી અને મારી વચ્ચે કેવી રીતે શક્ય છે? નહીં માલૂમ...’ પછી તેણે

મોટેથી બગાસું ખાતા બેહૂદા અવાજે ઉમેર્યું, 'મૂર્તિઓ ચોરવાથી તું અને હું માણસ મટીને ઈન્ટરનેટ કેવી રીતે થઈ જઈએ? વાકઇ નહીં માલૂમ..'

'તારા બાપનું નામ શું છે?'

'વો ભી નહીં માલુમ...' તેણે આંખો ખોલીને ઝુઝારની સામે જોયું અને રમતિયાળ સ્મિત કર્યું, 'હસ નહિ સાલા, હજુ બે-ચાર દિવસ આ બધાની વાતો સાંભળીશ તો તું ય તારા બાપનું નામ ભૂલી જઈશ...'

'નહિ યાર, વાતમાં કંઈક દમ તો છે...' ઝુઝારે રમનું મિનિએચર એક શ્વાસે ગટગટાવીને હળવો ખોંખારો ખાઈ લીધો, 'તું કોફી પીશ?'

એ કોઈ પણ રીતે છપ્પનને વાતે ચડાવવા માંગતો હતો પણ આંખો મીંચીને છાતી પર હાથની અદબ ભીડીને બેઠેલા છપ્પનને જાણે કશામાં ય રસ ન હોય તેમ એ શૂન્યમનસ્ક બની ગયો હતો.

'તને એક મૂર્તિ ચોરવાના આ માણસ કેટલાં રૂપિયા આપતો હતો?'

'એંશી હજાર, લાખ.. ક્યારેક બે લાખ... ખર્ચ અલગ... કભી ગોવા... કભી મસૂરી... કભી... નહીં માલુમ..' છપ્પન જાણે સમગ્ર સંસારની માયાજાળથી વિરક્ત થઈને પરમહંસની ભૂમિકાએ પહોંચ્યો હોય તેમ અવશપણે બોલ્યે જતો હતો.

ઝુઝાર ફાટી આંખે તેને જોઈ રહ્યો. ગ્વાલિયરમાં એ કંઈક ધાપ મારે, જોખમ વહોરીને બે-ચાર મારવાડી વેપારીને દબડાવે ત્યારે ત્રણ-ચાર મહિને માંડ બે-અઢી લાખ જોવા પામતો હતો અને આ સાલો...

'તને ક્યારેય સવાલ ન થયો કે એ આટલા રૂપિયા ખર્ચીને મેળવેલી મૂર્તિઓનું શું કરે છે?' આંકડો સાંભળીને તેની આંખમાંથી ઊંઘ અને શરીરમાંથી એકધારી મુસાફરીનો કંટાળો ક્યાંય ગાયબ થઈ ગયા હતા.

'જેનો જવાબ જ ન હોય એવા સવાલ કરીને શું ફાયદો?'

'એટલે?'

'એટલે એમ કે...' છપ્પને ફરીથી બગાસું ખાધું, આંખો ખોલીને બારીની બહાર ક્ષિતિજ ભણી શૂન્ય નજરે તાકીને કહી દીધું, 'ખબર નથી..'

સતત 'ખબર નથી... નહીં માલુમ' સાંભળીને ત્રાસેલા ઝુઝારે મનોમન ગંદી ગાળ બોલી નાંખી. સાલા એક એકનું માથું ભાંગે એવા ચક્રમો વચ્ચે પોતે ક્યાં ભરાઈ પડ્યો તેનો તેને વસવસો થતો હતો.

*** *** ***

'હવે રૂઝ આવી રહી છે...' ત્વરિતની છાતીની બર્ન ઈન્જરી પર મલમ લગાવીને તેણે કિટમાંથી બે ટેબ્લેટ તેના હાથમાં થમાવી અને પછી પાણીની બોટલ ધરી રાઘવ ભણી વળ્યો, 'વૂડ યુ લાઈક ટુ હેવ સમ ડ્રિન્ક મિ. એસીપી...'

'નો, થેન્ક્સ...' તેને સતત અવલોકી રહેલા રાઘવે શાલીનતાથી જવાબ વાળ્યો, 'તારે મને સતત એસીપી કહેવાની જરૂર નથી. મારું નામ રાઘ...'

'રાઘવ માહિયા...' તેણે અધવચ્ચે જ કહી દીધું. ગરમ કોફીનો ઘૂંટ ગળા નીચે ઉતારીને તેણે રાઘવની સામે જોયું. તેની આંખોમાં અજબ ચમક હતી કે પછી સાલો સાચે જ કંઈક ત્રાટક કરી

રહ્યો હતો? રાઘવે નજર ઢાળી દીધી.

‘બીજની ગામ... તહેસિલ ડુમરા... હેડમાસ્ટર સુનહરીલાલ માહિયા.’ કોફીના મગમાં આંખો ઢાળીને શાતિર સ્મિત સાથે એ બોલતો ગયો અને રાઘવની આંખોમાંથી આશ્ચર્ય વહેતું ગયું, ‘હું એવું કામ કરી રહ્યો છું જેમાં રસ ધરાવતા દરેકની પૂરેપૂરી કુંડળી મારે જાણવી પડે છે’

રાઘવ ચૂપ રહ્યો. પોતે ડિંડોરીથી પીછો કર્યો એ જ ઘડીથી આ માણસે તેની તમામ ડિટેઈલ મેળવી હોવી જોઈએ. તેણે ડિપાર્ટમેન્ટમાંથી માહિતી લીધી હશે કે પછી...

આ તિલસ્મી આદમીને પોતે તદ્દન ઠંડા કલેજે નાણતો જશે એવો દૃઢ નિર્ધાર છતાં રાઘવ મનોમન ઉકળી રહ્યો હતો, ‘તેં મારી પર્સનલ લાઈફ અને રિલેશનમાં ઊંડા ઊતરવાની ગુસ્તાખી કરી છે.’

‘એક જૂની મૂર્તિની ચોરી માટે તેં છેક ડેરા સુલ્તાનખ્વાઁ સુધી આવવાની ગુસ્તાખી ન કરી હોત તો મારે ય ક્યાં કશું કરવાની જરૂર હતી?’

‘કમ ઓન યાર...’ રાઘવ હવે સાચે જ ગિન્નાયો હતો, ‘તું એક પ્રોફેસર છે. વિદ્વાન છે. સ્કોલર છે. તારા તર્કને, રિસર્ચને સાબિત કરવા માટે તારે આવા કબાડા કરવાની કેમ જરૂર પડી? આવું જોખમ વહોરીને આવી ઉઠાંતરી કરાવવાને બદલે સીધી રીતે તું આ મૂર્તિઓનો અભ્યાસ ન કરી શકે?’

‘ઈટ્સ અ લોંગ સ્ટોરી...’

‘નો પ્રોબ્લેમ, વી હેવ અ લોંગ વે ટુ ગો...’

પહેલી વાર તેના ચહેરા પર કશાક ભાવ ઊભર્યા. એકશ્વાસે કોફીનો મગ ખાલી કરીને તેણે ઊંડો નિઃશ્વાસ છોડ્યો, ‘મારા રિસર્ચને જો સ્વીકારાયું હોત તો મારે સીધી રીતે જ સ્ટડી કરવો હતો’

‘પણ સેંકડો વર્ષોથી સ્થાપિત થયેલી પુરાતન મૂર્તિઓ ઉખાડીને તમે સમાજનો તો ગુનો કરો જ છો.’ સ્ટડીની વાત આવી એટલે ત્વરિતથી બોલ્યા વગર ન રહેવાયું.

‘કયો સમાજ?’ તેણે ધારદાર નજરે, ઉપહાસભર્યા સ્મિત સાથે ત્વરિતની સામે જોયું, ‘જેણે અત્યંત નિર્દયતાથી મારા રિસર્ચની મજાક ઉડાવી એ સમાજ? મારી નજર સામે મારા નામના જેણે ખિખિયાટા કર્યા એ સમાજ? કશું જ સમજ્યા વગર કે સમજવાની ચેષ્ટા પણ કર્યા વગર મારી બેહૂદી મજાક ઉડાવતાં કાર્ટુન દોર્યાં એ સમાજ? મને બેવકૂફ ચિતરતા રોજના પચ્ચીસ જોક્સ મારી દીકરીના મોબાઈલ પર મોકલનાર સમાજની મારે પરવા કરવી જોઈએ એમ તું કહે છે?’

ભાગ્યે જ પલટાતા તેના અવાજમાં દબાયેલો ઉશ્કેરાટ છલકાતો હતો.

‘સમાજની તને કદાચ પરવા ન હોય, પણ કાયદાનો ડર તો તારે રાખવો જ રહ્યો...’ રાઘવ બેહદ અસમંજસમાં હતો. ઘડીક તેને આ આદમી અત્યંત વિચક્ષણ અને ભેજાંબાજ લાગતો હતો. ક્યારેક રમકડું તૂટી જતાં જીદે ચડેલા બાળક જેવો લાગતો હતો તો ક્યારેક ડામિસ ગુનેગાર. તેણે ઉમેર્યું, ‘અત્યારે હું તારા કબજામાં છું, પણ આખું પોલીસતંત્ર નહીં. ક્યાંક તો તું સપડાવાનો જ છે.’

‘આઈ સેઈડ, આઈ એમ મૂવિંગ ઓન એન્ડ ઓન.. એન્ડ ધેર ઈઝ નો પોઈન્ટ ઓફ યુ-ટર્ન...’ અચાનક ઉશ્કેરાટ ફગાવીને તેનો ચહેરો સપાટ થઈ ગયો. તેની આંખોમાં ઝનૂન તરી આવ્યું અને અવાજમાં શિકાર પર લપકતા હિંસક પશુનો ઘુરકાટ, ‘માઈન્ડવેલ, મેં મારી આખી

જિંદગીને દાવ પર લગાવી દીધી છે, કારણ કે મારે મારી જાતને સાબિત કરવાની છે અને ત્યાં સુધી...' રાઘવની આંખમાં આંખ પરોવીને તેની છાતી તરફ મક્કમતાથી આંગળી ચીંધીને તેણે ઉમેર્યું, 'તું, તારી પોલીસ, તારો કાયદો, તારો સમાજ... દુનિયાની કોઈ તાકાતને હું ગણકારવાનો નથી...'

રેક્લાઈનર સોફાને પુશબેક કરીને હાંફતી છાતીએ તે પાછળની તરફ ખસ્યો અને નેટ કર્ટનમાંથી દેખાતા ઝાંખાપાંખા દૃશ્યને તાકી રહ્યો. રાઘવને એટલું સમજાતું હતું કે આ માણસ તેને વાગેલા ઘાવને જાતે જ ખોતરી ખોતરીને વકરાવી ચૂક્યો છે. કદાચ એ ઘાવને પંપાળવામાં આવે તો...

તેણે દાવ બદલ્યો અને અવાજમાં સહાનુભૂતિ ભરી, 'ત્વરિતે અમને તારા વિશે કેટલીક વાત કરી. મને સમજાતું નથી કે પ્રાચીન મંત્રોને, વિધિ-વિધાનોને, આ જરીપુરાણી જર્જરિત મૂર્તિઓને તું અત્યાધુનિક વિજ્ઞાનની પેરેલલ કઈ રીતે મૂકીશ?'

'પેરેલલ ઈઝ યોર વર્ડ...' તેના અવાજમાં ઉત્સાહ વર્તાતો હતો, 'હું તો પ્રાચીન વિદ્યાઓને આધુનિક વિજ્ઞાનથી ય અનેકગણાં ચડિયાતા સ્થાને મૂકવા માંગું છું.'

એ બોલતો થયો એથી રાઘવને હાશકારો થતો હતો. તેણે વાત જારી રાખવા માટે મનોમન સવાલો વિચારવા માંડ્યા, 'પણ ત્વરિત કહે છે કે તું લેટેસ્ટ ઈન્ફોર્મેશન ટેક્નોલોજી અને ડેટા શેરિંગને પ્રાચીન વિદ્યાઓ સાથે સાંકળવા મથે છે. આધુનિક વિજ્ઞાન કંઈ એમ ને એમ તો આવી તિલસ્મી વાતો ન જ સ્વીકારે ને?'

'ડુ યુ નો, વિજ્ઞાન શું સ્વીકારે છે?' તે સોફા પર હાથ ટેકવીને અધૂકડો બેઠો થયો, 'તમે કોઈ સિદ્ધાંત શોધો તો એ થિયરી પ્રાયોગિક રીતે સાબિત થવી જોઈએ અથવા જો કોઈ પ્રયોગ કરો તો એ પ્રયોગને વૈજ્ઞાનિક સિદ્ધાંત વડે સાબિત કરી શકાવો જોઈએ.'

'એટલે?'

'સમજાવું...' તેના અવાજમાં વર્તાતો રણકો ત્વરિતને બનારસ હિન્દુ યુનિવર્સિટીના ક્લાસરૂમની યાદ અપાવતો હતો.

ઘડીક આંખ બંધ કરીને તેણે કહ્યું, 'ઝાડ પરથી સફરજન પડ્યું એ જોઈને ન્યુટનને ગુરુત્વાકર્ષણનો નિયમ સૂઝ્યો. બટ માઈન્ડ વેલ, સફરજન તો એ પહેલાં ય ઝાડ પરથી પડતું જ હતું. ન્યુટને તો એ પડવાની ક્રિયાને વિજ્ઞાનની ભાષામાં વ્યાખ્યાયિત કરી. મતલબ કે, વ્યવહારમાં કે કુદરતમાં થતી રહેતી અને આપણને સહજ લાગતી એવી અનેક ક્રિયાઓ હોય છે જેને સૈદ્ધાંતિક રીતે આપણે હજુ સમજવાની બાકી હોય. એ જ રીતે કેટલીક બાબતોની વૈજ્ઞાનિક સમજુતી આપી શકાય તેમ હોય પણ એ પ્રાયોગિક રીતે સિદ્ધ કરવી અઘરી હોય..'

'મને સમજાયું નહીં...' તેને બોલતો કરવા પ્રયત્ન કરતો રાઘવ પોતાની જ જાણબહાર તેની વાતોમાં ઉત્સુકતાભેર વીંટળાતો જતો હતો.

'લેટ મી રિપિટ... સફરજન તો પહેલેથી પડતું જ હતું, પરંતુ એ શા માટે પડે છે એ પછી શોધાયું. હવે એક એવું ઉદાહરણ આપું જેમાં આવું આવું થાય તો સફરજન પડે એવો નિયમ પહેલાં શોધાયો અને પછી એ નિયમ મુજબ સફરજન પડે છે કે કેમ તેની ખાતરી કરવામાં આવી...' તેના અવાજમાં વર્તાતો આત્મવિશ્વાસ, ચહેરા પરની અજબ પ્રસન્નતા... આવા શિક્ષક પાસે ન ભણવા મળ્યું તેનો રાઘવને ઘડીક વસવસો થઈ ગયો.

'ફોર એક્ઝામ્પલ, હિગ્ઝ-બોઝોન થિયરી... ગોડ પાર્ટિકલની સમજણ આપતી આ થિયરી જ્યારે શોધાઈ ત્યારે એવો પ્રયોગ કરવો સર્વથા અશક્ય લાગતો હતો. પછી થોડાંક સમયમાં એ પ્રયોગ શક્ય પણ મુશ્કેલ લાગવા માંડ્યો અને પછી હાલમાં આપણે એ પ્રયોગ પણ કરી

શક્યા અને સિદ્ધાંતને સાચો ય માનવો પડ્યો...'

'પણ એને તારા રિસર્ચ સાથે શું સંબંધ?'

'એ જ હું કહું છું...' ફરીથી આંખોમાં એ જ ઝનૂન, અવાજમાં એવો જ ઘુરકાટ, ચહેરા પર એવો જ ઉન્માદ... 'ડાર્વિનના સર્વાઈવલ ઓફ ધ ફિટેસ્ટની આવી ગંદી મજાક ઉડાવી હોત તો? નિલ્સ બોહર, આઈઝેક ન્યુટન, હિગ્સ- બોઝોનનાં બેહૂદાં કાર્ટૂન દોરાયાં હોત તો? સાલી આ હરામખોર દુનિયા, આ ઉલ્લુના પઠ્ઠા જેવા કહેવાતા એક્સપર્ટ્સ મારી થિયરીને હું પ્રેક્ટિકલી સાબિત કરી શકું ત્યાં સુધી રાહ ન જોઈ શક્યા..?'

'પણ એમ તો ગેલિલિયો ગેલિલી કે કોપરનિક્સના સંશોધનની ય એમના જમાનામાં હાંસી ઊડી જ...'

'હું ગેલિલી નથી...' તેણે બેહદ હિંસક અવાજે તરત જવાબ વાળ્યો, 'હું બેવકૂફોના હાથે જીવતેજીવત સળગી જવા કે મારી આંખો ફોડાવી નાંખવા બન્યો નથી. હું મારી જાતને સાબિત કરીશ અને પછી સાલા એકેએક બેવકૂફના રૂંવેરૂંવે મરચાં ભરીશ.'

અચાનક એ રંગ બદલતો હતો. ઘડીક ઉત્સાહ, ઘડીક ઉન્માદ, ઘડીક ઝનૂન, ઘડીક પીડા...

હવે ત્વરિતે સવાલ કર્યો, 'પણ તમારી થિયરીનો કશોક સાયન્ટિફિક બેઈઝ તો હોવો જોઈએને? તમે બે માણસના મગજ વચ્ચે ડેટા શેરિંગની વાત કરો તો કોઈ વૈજ્ઞાનિક આધાર વગર એ કેવી રીતે ગળે ઊતરે?'

'ગળે ન ઊતરે તો...' છેડાયેલા અવાજે તે ત્વરિત તરફ ફર્યો, '... એ તારા ગળાનો વાંક છે. હું સાચો સાબિત થાઉં પછી ગળું કપાવીને નવું ફિટ કરાવીશ? બોલ??'

'ઓકે.. એગ્રીડ... પણ માત્ર તમે કહો એટલે એ સાચું તો સાબિત ન થઈ જાયને? બે મગજ વચ્ચે કોઈ જ સંધાન વગર ડેટા શેરિંગ...'

'માય ફૂટ...' તેણે ઉશ્કેરાટભેર જવાબ વાળ્યો, 'મગજ એટલે? હજારો રસાયણોનો જમેલો જ કે બીજું કંઈ? શરીરનું નિયમન કરતી લાખો ચેતાઓનું જાળું જ કે બીજું કંઈ? બે વ્યક્તિને પરસ્પર બહુ બને તેના માટે આપણે કહીએ છીએ કે તેમની કેમિસ્ટ્રી મેચ થાય છે. વોટ ડઝ ઈટ મિન?'

'પણ તો પછી તારે એ થિયરી કેમિસ્ટ્રીના કે એવા કોઈ સાયન્ટિફિક બેઈઝ વડે સમજાવવી જોઈએ. તેમાં આ જૂની મૂર્તિઓ ઉઠાવવાનું કમઠાણ ક્યાં આવ્યું?'

'કમ ઓન, આઈ એમ પ્રોફેસર ઓફ એન્શ્યન્ટ સ્કલ્પ્ચર એન્ડ એપિગ્રાફી. મારા રિસર્ચનો છેડો સાયન્સ સુધી નીકળે છે, પણ એ સમજાવવાની રીત તો મારા વિષયની જ છે. કદાચ ત્વરિત એ સમજી શકશે.'

'ઓહ નો...' ત્વરિતે તરત કહી દીધું, 'હરામ છે જો મને કશો ય અંદાજ સુદ્ધાં આવતો હોય તો...'

'વેઈટ...' ગુમાનભર્યા હાસ્ય સાથે તે ઊભો થયો અને લગેજ શેલ્ટર ભણી વાંકા વળીને કેશાવલિ મંદિરની એ મૂર્તિ ઉઠાવી ત્વરિતની વચ્ચે ધરી, 'આ મૂર્તિ જોઈને તને તો કંઈક ખ્યાલ આવ્યો જ હોવો જોઈએ...'

'અફકોર્સ યસ...' ત્વરિત અજાયબીભર્યા ચહેરે કહ્યું, 'છેક ઢીંચણ સુધી પહોંચતો મૂર્તિનો ડાબો હાથ જમણા હાથ કરતાં લાંબો છે. છાતીના ડાબા ભાગે શૂળ કે કટાર જેવી કશીક ઝાંખી અને અસંબદ્ધ આકૃતિ છે. નરમૂંડની માળાનો ઝુકાવ પણ સીધો હોવાને બદલે જાણે પવનના વેગથી

ફંટાતો હોય તેમ ડાબી તરફ વળેલો છે. આ બધા સંકેતો મૂર્તિકારની ભૂલ કે અણઘડપણું નથી. એ ચોક્કસ કશુંક સૂચવે છે. આવી મૂર્તિ હોવા વિશે ભણાવવામાં આવે છે, પણ આવી કોઈ મૂર્તિ કોઈએ જોયાનું મેં ક્યાંય જાણ્યું ન હતું.'

'એક્ઝેટલી...' મંત્રમુગ્ધ થઈને સાંભળી રહેલા રાઘવને ઉદ્દેશીને તેણે કહ્યું, 'આ મૂર્તિ વિશિષ્ટ છે. યુ કેન સે, એ લાખોમાં એક છે. ત્વરિતે આ સંકેતો પારખ્યા અને મૂર્તિ વામપંથી હોવાનો તેને ખ્યાલ આવ્યો, પણ એટલું પૂરતું નથી. વામપંથી મૂર્તિમાં કેટલાંક બીજા ય સંકેતો હોય છે. એ પુરાતન લિપિઓ, સંકેતોનો ઉકેલ આવડવો જોઈએ...'

'યસ્સ્સ...' ત્વરિતના અવાજમાં બેહદ ઉત્સુકતા વર્તાતી હતી, 'કાલિકાષ્ટકમ્નાં ચાર ચરણ પછી પાંચમી પંક્તિ અને આ બધા સંકેતો જોઈને જ હું તો બેહોશ થઈ ગયો હતો, પણ બીજા સંકેતો તો મને નથી સમજાયા.'

'લુક એટ ધિસ...' સોફાની પાસેના ડ્રોઅરમાંથી મેગ્નિફાઈંગ લેન્સ કાઢીને તેણે મૂર્તિ પર ફેરવવા માંડ્યો, 'બારીકાઈથી જુઓ... અહીં નરમૂંડની માળા, અસુરના રક્ત ટપકતાં મસ્તક પર આડા-ઊભા લીટા જેવું કશું વંચાય છે? મૂર્તિના કપાળ પર, છાતી પર હારબંધ કશીક કોતરણી, એકસમાન લાગતા કાપા જેવું કંઈ દેખાય છે? ઢંગધડા વગરની લાગતી એ એક ભાષા છે અને એ ભાષામાં એક મંત્ર...'

તેનું વાક્ય પૂરું થાય એ પહેલાં જ રાઘવ ખડખડાટ હસી પડ્યો, 'વોટ અ જોક યાર...'

'તને જોક લાગે છે?' તે રાઘવ સામે તાડુક્યો.

'જોક નહીં તો બીજું શું? આ તો પેલી પાગલની વાર્તા જેવું છે. પાગલોની મનોસ્થિતિનો અભ્યાસ કરતો એક ચિકિત્સક પાગલોને ખુલ્લા મેદાનમાં લઈ ગયો અને વાદળો બતાવ્યાં. કોઈકને તેમાં ઘોડો પાણી પીતો હોય તેવો આકાર લાગ્યો, કોઈકને વળી હનુમાનદાદા સંજીવની લઈને ઊડતા દેખાયા તો કોઈકને તેમાં સરદારજી જેવા દાઢી-પાઘડીનો આકાર પણ વર્તાયો. માય ડિયર, આવા કાપા- લીટા-ચિતરામણમાં તો કંઈ અર્થ શોધવાનો હોય?'

એ ઘડીક રોષભરી આંખે રાઘવને, ઘડીક ત્વરિતને જોઈ રહ્યો. તેની આંખો પહોળી થઈ રહી હતી. ગોરા-ફિક્કા ચહેરા પર લાલાશ તરી આવી હતી. કપાળ પર ધસી આવતા ભૂખરા વાળ ઝાટકાભેર હટાવીને તેણે એક બટન પ્રેસ કરીને બે કમ્પાર્ટમેન્ટ વચ્ચેનું શટર ખોલ્યું.

શટરના અવાજથી ચોંકેલા ઝુઝારે આ તરફ જોયું અને તંદ્રાવસ્થામાં બેઠેલો છપ્પન પણ અંદર ડોકાયો.

'તમારી બંનેની ઊંઘ બગાડવા માટે સોરી, પણ મારે તમને ચારેયને એક વાક્ય કહેવું છે. તમે દરેક તમારી રીતે જે અર્થ સૂઝે એ મને કહેજો.'

અચાનક આ શું ઉખાણા જેવું પુછાઈ રહ્યું છે તેનું આશ્ચર્ય ઝુઝાર અને છપ્પનના ચહેરા પર વીંઝાતું હતું. રાઘવ મનોમન આ ભેજાંબાજ આદમીની ટીચિંગ મેથડ અને નોલેજથી પ્રભાવિત થઈ રહ્યો હતો.

આંખ મીંચીને મનોમન તેણે કશુંક વિચાર્યું અને પછી ઝુઝારની સામે જોઈને બોલ્યો, 'ડેલ્ટા એસ ઈઝ ઈક્વલ ટુ ડેલ્ટા એચ માઈનસ ડેલ્ટા જી ડિવાઈડેડ બાય ટી.. ચાલ બોલ, તને શું સમજાયું?'

'કપાળ તારા બાપનું...' ઝુઝારના હોઠ પર આવી ગયું, પણ કંઈ બોલ્યા વગર તેણે કંટાળાભેર ડોકું ધુણાવીને નનૈયો ભણી દીધો.

'બોલ, તું શું સમજ્યો?' તેણે છપ્પનને પૂછ્યું.

'મને તો યાર...' તેણે દયામણાભાવે જવાબ વાળ્યો, 'તેં શું પૂછ્યું એ જ સમજાયું નથી..'

'હું રિપિટ કરું છું, ટ્રાય કર... ડેલ્ટા એસ ઈઝ ઈક્વલ ટુ ડેલ્ટા એચ માઈનસ ડેલ્ટા જી ડિવાઈડેડ બાય ટી, હવે બોલ...'

'તું યાર...' છપ્પને બે હાથ જોડ્યા અને પછી રાઘવ-ત્વરિત તરફ આંગળી ચીંધી, 'આ બેય બહુ ભણેલા છે. તું એમની સાથે જ લમણાં લે અને મારું ભેજું ન ખા... તને વારંગલની મૂર્તિ ઉઠાવી દઈશ, પણ આ રીતે મારા મગજની નસો ન ખેંચ, પ્લિઝ...'

તે રાઘવ અને ત્વરિત તરફ જોઈને ખડખડાટ હસી પડ્યો, 'હવે તમે બેય અર્થ કહેશો કે હું એ સેન્ટેન્સ રિપિટ કરું?'

બંનેના ચહેરા પર શરણાગતિના ભાવ જોઈને તેણે હળવાશભેર કહ્યું, 'તમને સૌને જે વાક્ય સાંભળીને જોક સાંભળ્યાની અનુભૂતિ થાય છે અથવા તો કોયડા જેવું લાગે છે એ જ વાક્ય જો હું ભૌતિકશાસ્ત્રના જાણકારને કહું તો એ તરત સમજી જશે કે આ તો થર્મોડાયનેમિક્સના ત્રીજા નિયમનું સૂત્ર છે.'

સોફાને અઢેલીને એ આરામથી બેઠો અને વિજયી અદાથી પગ પર પગ ચડાવતાં રાઘવ તરફ જોયું, 'તું જેને સોલ્ટ તરીકે ઓળખે છે તેને રસાયણવિજ્ઞાની શચભન કહે તો એ ખોટો નથી, પણ તારી સમજણની આંખે અધૂરપના ડાબલા ચડેલા છે.'

તેણે ફરીથી મૂર્તિ હાથમાં લીધી. ફરીથી મેગ્નિફાઈંગ લેન્સ તેના પર ફેરવ્યો, 'હું કહું છું કે આ મૂર્તિ પર ઈસ્વીસનની બીજી સદી આસપાસ શક જાતિ દ્વારા વપરાતી ખરોષ્ઠિ લિપિમાં મંત્ર લખાયો છે અને તને જો હસવું આવે તો એ તારી સમજની મર્યાદા છે. તને આ આડા-ઊભા લીટા, કાપા, કઢંગા ચિતરામણ લાગે છે અને મને તેમાંથી એક બેનમૂન અર્થ પ્રગટતો દેખાય છે. વોટ આઈ મિન ટુ સે? તને ખબર નથી માટે તને એ ફની અથવા તો મેજિકલ અથવા તો અનબિલિવેબલ અથવા તો પઝલ જેવું લાગે છે, પણ તને ખબર ન હોય એટલે હકીકત ન બદલાઈ જાય.'

રાઘવના ચહેરા પર વાવાઝોડાં પછીનો સન્નાટો હતો. છપ્પન અને ઝુઝાર દિગ્મૂઢ થઈને તેને જોઈ રહ્યા હતા. ત્વરિત પ્રચંડ અચંબાથી અહોભાવભરી મૌન, સ્તબ્ધ આંખે તેને જોઈ રહ્યો હતો અને તેણે બેય હાથ હવામાં પસાર્યા અને બુલંદ અવાજે કહ્યું, 'અજ્ઞાનતિમિરાન્ધસ્ય જ્ઞાનાંજનશલાકયા... ચક્ષુ: ઉન્મિલિતં યેન તસ્મે શ્રી ગુરુવે નમ:... અજ્ઞાનરૂપી અંધકારથી અંજાયેલી મારી આંખોમાં જ્ઞાનનો ઉજાસ જે આંજે છે એવા ગુરુને હું નમસ્કાર કરું છું.'

*** *** ***

'આપણે વારંગલમાં પ્રવેશી રહ્યા છીએ...' તેણે શટર ખોલીને છપ્પનને ઝકઝોર્યો એ સાથે બીજા ત્રણેય હોશમાં આવ્યા. કલાકોની સ્તબ્ધતા હજુ ય એ દરેકના ચહેરા પર સ્પષ્ટ વર્તાતી હતી.

'મેં કહ્યું તેમ, આ સંકેત પ્રતિમા છે...' પછી ત્વરિતના ખોળામાં કેટલાંક ફોટોગ્રાફ્સ મૂક્યાં અને રાઘવ તરફ જોઈને કહ્યું, 'કાલે સાંજે જો છપ્પન આ મૂર્તિ આખેઆખી ઉઠાવીને લાવશે તો મોડી રાત સુધીમાં હું આ આડા-ઊભા લીટા, કાપા, કઢંગા ચિતરામણમાંથી મેં નીપજાવેલો અર્થ તને કહીશ...' પછી ત્વરિત તરફ જોઈને ઉમેર્યું, '..અને પછી ય જો તારા ગળે ન ઊતર્યું તો ગળું કાપીને તારા હાથમાં દઈ દઈશ.'

તેના અવાજમાં ખુન્નસ હતું કે હળવાશ? રાઘવ કળી શકતો ન હતો અને ત્વરિતને એ કળવાના હોશ ન હતા. એ તસવીરમાં દેખાતું મંદિર, મંદિરની અંદરનો એક જર્જરિત થાંભલો અને થાંભલાની વચ્ચે જડેલી પ્રતિમાને ધારી- ધારીને એ જોઈ રહ્યો હતો.

વર્તુળાકારમાં પ્રસરેલી નાના કદની આઠ પ્રતિમાઓને વાયરના ગૂંચળા જેવી કોતરણી વડે પરસ્પર સાંકળતી મધ્યસ્થ નવમી પ્રતિમા.

એ સંકેત પ્રતિમા હતી.

અત્યાર સુધી સડસડાટ દોડતી ટેમ્પો ટ્રાવેલરનો વેગ હવે ધીમો પડ્યો હતો. કોણ ગાડી ડ્રાઈવ કરે છે એ સવાલ જ આ ચારેય જણા વિસરી ચૂક્યા હતા. બહાર ઝરમર ઝરમર વરસાદ વચ્ચે વાહનોનાં હોર્ન સંભળાઈ રહ્યાં હતાં.

- અને હોર્નના એ શોરબકોર વચ્ચે સંભળાઈ રહ્યો હતો એનફિલ્ડ થંડરબર્ડના ફાયરિંગનો અવાજ...

ઢગ્..ઢગ્..ઢગ્..ઢગ્..ઢગ્

*** *** ***

વારંગલ પહોંચીને તરત દૂબળીએ ટેમ્પો ટ્રેવેલરની બેઠક વ્યવસ્થા બદલી હતી. ઝુઝારને પાછળના કમ્પાર્ટમેન્ટમાં મોકલીને પોતે છપ્પનની પાસે ગોઠવાયો હતો. છપ્પનને તેણે મંદિર વિસ્તારનો નકશો, ફોટોગ્રાફ આપ્યા અને મૂર્તિના સ્થાન વિશે તેણે કરેલી નોંધ પણ આપી.

પોતે કઈ રીતે મૂર્તિ ઉઠાવશે એ વિશે કોઈની પણ સાથે ચર્ચા કરવી છપ્પનને કદી ગમતી નહીં અને અહીં હજુ તેણે લોકેશન પણ જોવાનું બાકી હતું. તેણે એક પણ બાબતનો ફોડ પાડ્યા વગર બે દિવસનો સમય અને પચ્ચીસ હજાર રૂપિયા માંગી લીધા અને કાઝીપેટ રેલવે સ્ટેશન પાસે ઊતરી ગયો હતો.

સૌથી પહેલાં તેણે સિટી બસની તપાસ કરી અને સર્ક્યુલર રૂટમાં બેસીને આખા શહેરની પ્રદક્ષિણા કરી લીધી. અજાણ્યા શહેરને ઓછા સમયમાં અને ઝડપથી સમજવા માટે તેને આ કીમિયો અક્સીર લાગતો હતો.

એકધારી 32-33 કલાકની મુસાફરીથી લાગેલો થાક ઉતારવાનો હતો, પણ એ પહેલાં કેટલુંક શોપિંગ કરી લેવું જરૂરી હતું. બજારમાં ફરીને તેણે એક નાનકડો બેકપેક, એક મોટો થેલો, ત્રણ જોડી કપડાં, અલગ અલગ સાઈઝના, પણ એકસરખાં જૂતાંની બે જોડી, શેવિંગ ફોમ, મીણબત્તી, લાઈટર, રસ્સી, લાકડાના ટૂકડા, છીણી, હથોડી, ડિસમિસ એવો જાતજાતનો સામાન ખરીધો. પછી ત્રણેક મેડિકલ સ્ટોર ફરીને બ્રાઉન બેન્ડેજનું એક ફીંડલું, ડેટોલ, બોડી

સ્પ્રે, હેર રિમૂવર ક્રીમની પાંચેક ટ્યુબ ખરીદ કરી.

ચૌરાહાની ફૂટપાથ પરથી વારંગલનો નકશો અને તેલુગુ ભાષાના પ્રાથમિક શબ્દો શીખવતી પોકેટ સાઈઝની બુક પણ લીધી. ખાસ્સી વાર સુધી એ ત્યાં જ ઊભો રહીને સ્થાનિકોની ચાલવાની ઢબ, ચહેરાની વિશેષતા, કપડાં, એકમેક સાથેનો વર્તાવ વગેરેનું બારીક નિરીક્ષણ કરતો રહ્યો.

છપ્પનની ખાસિયત હતી. કામ પર ચડતી વખતે તેની તમામ ઈન્દ્રિયો ફક્ત લક્ષ્ય પર જ કેન્દ્રિત થઈ જતી. રેલવે સ્ટેશન વિસ્તારની એક સસ્તી હોટેલમાં પહોંચ્યા પછી ય તેની આંખોમાં ઊંઘ ન હતી. ઘડીક આરામ કરીને તેણે લોકેશન વિઝિટની તૈયારી શરૂ કરી.

આજે તેનો બાપ ગૂંગાસિંઘ તેને બેતહાશા યાદ આવી રહ્યો હતો. ગૂંગાસિંઘનો કાયમી આદેશ રહેતો, કામ પર જતી વખતે જેટલી વિઝિટ કરવી પડે એ દરેક વખતે વેશપલટો કરવો જોઈએ. એ તદ્દન અભણ દેહાતી વેશપલટામાં જબરો માહેર હતો અને ચબરાક એટલો કે કોઈ પણ હાથવગી કે ઘરગથ્થુ ચીજ વડે તે હુલિયો આબાદ બદલી શકતો.

સવારનો સમય હોય તો વેશપલટો કેવો હોવો જોઈએ અને સાંજે કેવો હુલિયો રખાય તેના વિશે ય ગૂંગાસંહિતામાં ખાસ અધ્યાય રહેતા.

દિખાવા, પહનાવા ઔર ચલાવા ઉ તીણ બાતા બદલતે રહો, ખુદ કી લુગાઈ ભી નઈ પૈચાણ સકેગી... છપ્પન મનોમન મરકી પડ્યો.

અરીસામાં ક્યાંય સુધી પોતાનો ચહેરો જોયા કરીને સૌથી પહેલાં તેણે દેખાવ બદલવાની કરામત આદરી. દિવસોથી વધેલા દાઢી-મૂછ આજે યથાવત્ જ રાખવાના હતા. તેણે માથામાં ઘસી-ઘસીને તેલ નાંખ્યું પછી ડાબી બાજુ પાંથી પાડીને વાળને ચપ્પટ પાથરી દીધા. ચહેરા પર દીવાની મેશ ચોપડીને થોડોક સમય સૂકાવા દીધી. મોં ધોયા પછી તેના ચહેરાનો વર્ણ થોડોક ઝાંખો અને શ્યામ થઈ ગયો હતો, જે સાંજના આથમતા તડકામાં વધારે ડલ લાગવાનો હતો.

કપડાં બદલીને તે બહાર નીકળ્યો. હોટેલ સાધારણ કક્ષાની હતી. કાઉન્ટર પર તેણે અકારણ જ સિવિલ હોસ્પિટલ જવા વિશે રસ્તો પૂછ્યો. કાઉન્ટર ક્લાર્ક ગંભીરતાપૂર્વક કાગળ પર નકશો દોરીને તેને સમજાવતો રહ્યો અને તે ય જાણે સમજવાનો પ્રયાસ કરતો હોય તેમ ડોકું હલાવતો રહ્યો.

તે બહાર નીકળ્યો ત્યારે ધીમે ધીમે બપોરનો તડકો કૂણો થતો જતો હતો. હવામાં ભેજ વર્તાતો હતો. ખભા પર બેકપેક લટકાવીને એકાદ કિલોમીટર સુધી એ સીધી જ દિશામાં ચાલતો રહ્યો અને પછી ઓટોરિક્ષા ઊભી રાખી, ‘1000 સ્તમ્બાલા ગુડી વાઉડા?’

‘વાઉડા.. વાઉડા’

રિક્ષાવાળાએ તેની સામે અછડતી નજર ફેંકીને મીટર ડાઉન કર્યું અને રેલવે સ્ટેશન રોડના ભરચક ટ્રાફિક વચ્ચેથી કર્કશ અવાજ કરતી રિક્ષા સડસડાટ આગળ વધી.

*** *** ***

‘ઈટ્સ અ વરાઈટી ટેમ્પલ’ દૂબળી જાણે હવાફેર કરવા હિલ સ્ટેશન પર આવ્યો હોય તેમ ઈઝી ચેર પર પગ લંબાવીને ખુશનુમા મિજાજે કહી રહ્યો હતો, ‘હજાર સ્તંભવાળું મંદિર...’ પછી તેણે ત્વરિત તરફ આંગળી ચીંધી, ‘તને તો ખ્યાલ હોવો જોઈએ.’

ધ્યાનથી તસવીરો નીરખી રહેલા ત્વરિતે ગરદન જરાક ઊંચકી અને બેધ્યાનપણે હકારમાં ડોકું ધુણાવ્યું. સંકેત પ્રતિમાની તસવીરો તેણે જોઈ ત્યારથી તેના મગજમાં ઘમાસાણ મચ્યું હતું. એ

માની નહોતો શકતો કે આટલા વિખ્યાત, પુરાતન મંદિરમાં આવી દુર્લભ પ્રતિમા હતી અને તેમ છતાં અત્યાર સુધી તેનું તો ઠીક, બીજા કોઈનું ય ધ્યાન ગયું ન હતું.

'મેં પણ અનેક વાર આ મંદિરની મુલાકાત લીધી છે અને એક જર્નલ માટે આર્ટિકલ પણ લખ્યો છે.'

'આ પ્રતિમા જોઈ હતી?' દુબળીના અવાજમાં પાક્કું પ્રોફેસરપણું ઊભરાતું હતું.

'નપ્..' ત્વરિતના ચહેરા પર બેસબબ આશ્ચર્ય તરવરતું હતું અને રાઘવના ચહેરા પર અપાર ઉત્સુકતા.

'કમ ઓન, આ તમારો બંનેનો સબ્જેક્ટ છે એટલે તમે ઘણું જાણતા હશો પણ હું ય અહીં બેઠો છું.' કુતૂહલથી ધબકી રહેલા રાઘવે ખુરસી નજીક ખસેડી, 'એટલિસ્ટ મને સમજાય એ માટે ડિટેઈલમાં કહે, પ્લિઝ..'

'કેમ??' તેણે ધારદાર નજરે, ચહેરા પર રમતિયાળ સ્મિત મઢીને રાઘવની સામે જોયું, 'પછી મને પકડવામાં સરળતા રહે એટલે?'

'તો પછી આટલું ય શા માટે કહે છે?' રાઘવ ગિન્નાયો, 'બાંધી રાખને ક્યાંક ભંડકિયામાં?!'

'તને છૂટો રાખ્યો છે, કારણ કે તું ભાગી શકવાનો નથી એ મને ખબર છે એન્ડ માઈન્ડ વેલ...' તે ઝાટકાભેર કમરમાંથી ઊંચકાયો અને ડારતી નજરે રાઘવ સામે જોયું, 'આઈ એમ નોટ અ ક્રિમિનલ..' પછી એક એક શબ્દ છૂટો પાડતાં ઉમેર્યું, 'આઈ એમ જસ્ટ ટ્રાઈંગ ટૂ પ્રૂવ માયસેલ્ફ... એન્ડ બીલિવ મી, આઈ વિલ...'

'તો પછી આમ અડધુંપડધું શા માટે બોલે છે? ઘડીક તસવીર કાઢે છે, ઘડીક નકશા બતાવે છે, થાઉઝન્ડ પિલર્સ ઓર હન્ડ્રેડ વોલ્સ... જે કંઈ હોય એ સમજાય એમ કહે... આમ ગોળ-ગોળ કહ્યું હશે એમાં જ તારું રિસર્ચ કોઈને ગળે નહીં ઊતર્યું હોય.'

'માય ફૂટ...' હવે તે બરાબર ચિડાયો લાગતો હતો, 'તું જડ બુદ્ધિનો પોલીસવાળો છે, એ લોકો તો આ સબ્જેક્ટના ઈન્ટરનેશનલ સ્કોલર્સ હતા...'

'પણ હું તો...' રાઘવ નક્કી નહોતો કરી શકતો કે આ માણસ ચિડાય છે ત્યારે વધારે બોલી નાંખે છે કે તેને પંપાળવાથી તેની જીભ ખૂલે છે. છેવટે તેણે ઢીલ મૂકી, 'એઝ યુ સેઈડ, જડ બુદ્ધિનો પોલીસવાળો જ છું તો પ્લિઝ મને સમજાય એમ કહેને... મને ય આ તિલસ્મી વાતમાં રસ પડ્યો છે.'

એ ઘડીક એમ જ હવામાં તાકીને બેઠો રહ્યો, પછી ત્વરિતના હાથમાંથી ફોટોગ્રાફ ખેંચીને રાઘવની સામે ધર્યા, 'આ મંદિર એક હજાર વર્ષ જૂનું છે અને આ મૂર્તિ ઓછામાં ઓછી 1700 વર્ષ પુરાણી છે.'

'એ કેવી રીતે બની શકે?' રાઘવે આશ્ચર્ય વ્યક્ત કર્યું, 'ઘર કરતાં ઘરની દીવાલ જૂની હોય કદિ?'

'હોય...' તેણે સ્મિતભેર જવાબ વાળ્યો, 'જો ફક્ત એ દીવાલને સાચવવા માટે જ ખાસ ઘર બાંધવામાં આવ્યું હોય તો...'

'એટલે? યુ મીન...' હવે ત્વરિતને ય કશુંક ગળે ઊતરતું હોય તેમ તેનો ચહેરો સપાટાભેર હાવભાવ બદલતો હતો.

'યસ, આ મૂર્તિ 1700 વર્ષ જૂની છે. ઈવન, કેશાવલિના સ્થાનકની મૂર્તિ કે ડિંડોરી દેવાલયની મૂર્તિ પણ મૂળ દેવાલય કરતાં 200, 500 કે 700 વર્ષ જૂની છે અને કેટલીક વાર તો ખાસ

એ મૂર્તિઓ સંતાડવા માટે, સાચવવા માટે જ દેવાલયો બન્યાં છે..'

બંનેના ચહેરા પર છવાયેલી અવઢવ જોઈને તે મરક્યો, 'હિન્દુસ્તાનના આટલા લાંબા ઇતિહાસમાં થઈ ગયેલા શ્રેષ્ઠતમ માણસની બેહદ કુશાગ્ર બુદ્ધિ અને દૂરંદેશીપણાનું એ પરિણામ છે કે હજારો વર્ષની ઉથલપાથલ પછી પણ માનવશક્તિની ચરમસીમા સમી આ મૂર્તિઓને આજે આપણે જોઈ રહ્યા છીએ.' તેણે હવામાં બે હાથ ફેલાવ્યા, ચહેરા પર અજબ ભાવ સાથે તેની આંખો મીંચાઈ, હાથ વંદનની મુદ્રામાં જોડાયા અને ભાવસભર સ્વરે તેણે ઉમેર્યું, 'આદ્ય શંકરાચાર્ય...'

'વોટ અ વિઝન... વોટ અ વિઝનરી મેન...' તેણે કેટલીય વાર ડોકું ધુણાવી નાંખ્યું, 'ઈસવીસનની નવમી સદીના પ્રથમ ઉત્તરાર્ધમાં થઈ ગયેલા એ આદમીએ વેદના ભેદ ઉકેલ્યા, શાંકરભાષ્ય રચ્યું, હજારો સ્તોત્રો રચ્યા અને એથી અનેકગણું મહત્ત્વનું કામ એ કર્યું કે પ્રાચીનતમ મહાવિદ્યાઓને શોધી-શોધીને તેમણે એકત્ર કરી અને બીજાં હજારો વર્ષો સુધી તેને આંચ ન આવે, કુપાત્રના હાથમાં એ વિદ્યા જાય નહીં એ રીતે સુરક્ષિત રાખી જાણી...'


ઘડીક એ અટક્યો. બોટલ ઉઠાવીને પાણીનો ઘૂંટડો ગળા નીચે ઉતાર્યો. ત્વરિત અને રાઘવ બંને સ્તબ્ધપણે તેને સાંભળી રહ્યા હતા.

*** *** ***

છપ્પન ઘડીક દિગ્મૂઢ થઈને જોતો રહ્યો.

આખા રસ્તે એ સતત માહોલ નીરખતો જતો હતો. કયો ટર્ન કેટલો સાંકડો છે, કયા રસ્તે કેટલો ટ્રાફિક છે એ બધાની મનોમન નોંધ લેતા જઈને તે આવતીકાલનું પ્લાનિંગ કરી રહ્યો હતો, પણ મંદિરની ભવ્યતા જોઈને તેના જેવા ધીટ, જાડી ચામડીના રીઢા ચોરનાં ય રૂંવાડાં ઊભાં થઈ ગયાં હતાં.

વારંગલથી દૂર અને હનુમાનકોન્ડાથી સહેજ નજીક, શહેરની ભીડથી દૂર, ખુલ્લા મેદાનમાં જમીનથી લગભગ ચારેક ફૂટ ઊંચા પથ્થરના પ્લેટફોર્મ પર બસ થાંભલા જ થાંભલા.



આથમતા સૂરજનું અજવાળું ઝીલતા, એકમેકના ઓછાયામાં ભળીને વિરાટ કદના આદમીઓનું જાણે લશ્કર ઊભું હોય તેવો આભાસ સર્જતા એ દૃશ્યને છપ્પન ક્યાંય સુધી જોઈ રહ્યો.

સાંજ ઢળવા આવી હતી. પગથિયાં પર કોઈક અટકચાળિયાએ કોતરેલા નવ કૂકરીના ખાંચા પર બે જણાં કોડીના દાવ પાડી રહ્યા હતા. થાંભલાઓ પાછળ કેટલાંક ટાબરિયાં થપ્પો રમતાં કોલાહલ કરી રહ્યાં હતાં. કેટલીક ઓરતો અકારણ જ થાંભલાઓ પર દેખાતા આકારમાં ઈશ્વરને ભાળીને સાડીનો છેડો માથે ઓઢીને વંદન કરી રહી હતી.

છપ્પને ખિસ્સામાંથી નકશો કાઢ્યો. મંદિરના વચ્ચેના અર્ધવર્તુળાકાર મંડપથી ડાબી તરફ ચોથી હરોળમાં છઠ્ઠો થાંભલો, તેની બરાબર પાછળ સીધમાં ત્રીજો

થાંભલો, એ થાંભલા પર પાછળની દિશાએ જડેલી એક -બિહામણી મુખાકૃતિ, એ મુખાકૃતિના ડાબા હાથનાસહેજ વળેલા અંગૂઠા વડે ચીંધાતી દિશાએ વધુ એક થાંભલો અને તેના પર એકમાં બીજું, બીજામાં ત્રીજું એવા થ્રી-ડાયમેન્શલ ઓરડા કે વાવ જેવો આભાસ ઊભી કરતી

કોતરણી વચ્ચે જડાયેલી વર્તુળાકાર પ્રતિમા...
એ જ ઉઠાવવાની હતી...

*** *** ***

'એ મૂર્તિ શંકરાચાર્યના દેહત્યાગ પછી શૃંગેરી મઠના કબજામાં હતી...' તેણે હોઠ લૂછીને વાત આગળ વધારી, 'માત્ર આ જ મૂર્તિ નહીં, એવી અનેક મૂર્તિઓ બાકી હતી જે શંકરાચાર્યની હયાતીમાં ક્યાંક છુપાવવાની બાકી હતી. શંકરાચાર્યના અવસાન પછી શૃંગેરી મઠ સંભાળતા તેમના આધ્યાત્મિક વારસદારોએ એ જવાબદારી નિભાવી.'

'પણ આ મંદિર તો ત્રણેક વખત મુસ્લિમ આક્રમણકારીઓનો ભોગ બન્યું છે...' ત્વરિતે પૂછ્યું.

'એ જ કહું છું...' તેણે ત્વરિત તરફ ધરપતભર્યો હાથ કરીને ઉમેર્યું, 'અગિયારમી સદીમાં વારંગલ કાકતીય વંશના રાજા પુષ્પદેવની રાજધાની હતું. પુષ્પદેવ શૃંગેરી મઠનો પરમ અનુયાયી હતો એટલે શંકરાચાર્યના આદેશથી તેણે અહીં મંદિર બાંધવાનો આરંભ કર્યો. 24 વર્ષ સુધી મંદિર બાંધવાનું કામ ચાલ્યું અને છેવટે ઈસ. 1163માં પુષ્પદેવનો દીકરો રુદ્રદેવ ગાદીઓ હતો ત્યારે તે પૂર્ણ થયું.'

'તો પછી આ મૂર્તિ?'

'એ મૂર્તિ જાણે આ મંદિરનો જ હિસ્સો હોય એ રીતે તેને હજારો થાંભલાઓની વચ્ચે જડી લેવામાં આવી.'

'પણ અલાઉદ્દીન ખિલજી અને ગ્યાસુદ્દીન તઘલકના સૈન્યે આ મંદિર તોડ્યું, બાળ્યું અને ખાસ્સું નુકસાન પહોંચાડ્યું ત્યારે આ મૂર્તિ કેવી રીતે સલામત રહી?'

'એટલે જ મેં કહ્યું...' તેણે સ્મિતભેર ત્વરિતની સામે જોયું, ફરીથી વંદનની મુદ્રામાં હાથ ઊંચા કર્યા અને આકાશ તરફ જોઈને ઉમેર્યું, 'વોટ અ વિઝન... વોટ અ વિઝનરી મેન...'

'આ મૂર્તિ તેમણે એકઠી કરેલી મૂર્તિઓની શૃંખલાની છેલ્લી કડી છે. એ તમામ મૂર્તિઓ એક સાથે ઉકેલવાથી સદીઓથી ખોવાયેલા અણનમ, ચિરંતન અને શાશ્વત સત્યની પ્રાપ્તિ થાય છે...' તે હવામાં તાકીને અવશપણે બોલી રહ્યો હતો. તેના ચહેરા પર અજબ ભાવ હતા, આંખોમાં બેખૌફ ગૌરવ છલકાતું હતું અને અવાજમાં જાણે ટંકાર કરતી પ્રત્યંચાનો રણકો... 'પછી હું દુનિયા સામે આવીશ... પછી હું દુનિયા સામે મારા જ્ઞાનને સાબિત કરીશ... પછી હું દુનિયાનો સર્વશ્રેષ્ઠ, સૌથી વધુ સામર્થ્યવાન અને સૌથી ચડિયાતો માણસ હોઈશ...'

એ બોલી રહ્યો હતો અને ત્વરિત-રાઘવ એકમેકની સામે બાઘાની જેમ જોઈ રહ્યા હતા.

*** *** ***

બીજા દિવસે સવારે અગિયાર વાગ્યે...

છપ્પને છેલ્લી વાર અરીસામાં નજર નાખી લીધી.

દિવસોથી વધેલા દાઢી-મૂછ સફાચટ કરીને તેણે ચહેરો ચકાચક કરી નાખ્યો હતો. આજે તેણે આખી બાંયનું બ્લ્યૂ રંગનો પહોળું શર્ટ અને તેની સાઈઝ કરતાં બે ઈંચ મોટું પાટલૂન પસંદ કર્યાં હતાં. શર્ટ-પેન્ટ બંને ઓવરસાઈઝ હોવાથી તેને ઘઘ્ઘા જેવાં લાગતાં હતાં પણ અત્યારે એ જ કામનાં હતાં.

જમણાં પગે તેણે બેન્ડેજના ચાર-પાંચ આંટા વીંટાળીને ક્લિપ મારી દીધી અને જમણાં પગના મોટી સાઈઝનાં જૂંતામાં ય કોટન પાથર્યો. ડાબા પગમાં પોતાની સાઈઝનું જ જૂતું પહેર્યું. હવે

વિના પ્રયત્ને જાણે પગની જન્મજાત ખોડ હોય તેમ તેની ચાલ નૈસર્ગિક રીતે જ લંગડાવાની હતી.

હુલિયો બદલાયો, ચાલ બદલાઈ અને પહનાવા ય બદલાયા... ગૂંગાસિંઘ ખુશ!

મનોમન મરકતો છપ્પન કાઉન્ટર પર ચાવી સોંપીને દાદર ઊતરી ગયો.

આગલા દિવસે સાંજે તેણે મહિલા કોલેજ સર્કલ પાસેથી મારુતિ ઈકો ઉઠાવી લીધી હતી. લોકેશન જોયા પછી હવે તે બિલકુલ ક્લિયર હતો.

થાંભલા જરી-પુરાણા હતા. મંદિર અપૂજ હતું અને ચાલુ દિવસે બપોરના સમયે ખાસ કોઈની આવ-જા પણ ન હોય એવો સમય તેણે પસંદ કર્યો હતો. એક ટમ્બલરમાં બે બોટલ ડેટોલ ઠાલવીને તેણે લાકડાના પાતળા ટુકડા આગલા દિવસથી પલળવા મૂકી દીધા હતા અને રાત્રે પરત ફર્યા પછી છરી, ડિસમિસ વડે તેણે કૂણાં થઈ ગયેલા લાકડાને કોતરીને કામનાં ઓજારો બનાવી નાખ્યાં હતાં.

બેકપેકમાં બાકીની સામગ્રી પણ તૈયાર હતી.

પોતાના જ ગામમાં ફરતો હોય તેવા આત્મવિશ્વાસથી તેણે મારુતિ ઈકો મારી મૂકી. ગાડીની જરૂરિયાત આવ-જા પૂરતી જ અને મૂર્તિ સાચવવા પૂરતી જ હતી. મૂર્તિ ખાસ વજનદાર કે મોટી પણ ન હતી. જો એર ફ્રેશનર કે ક્રીમનો કીમિયો કારગત નીવડ્યો તો...

મૂર્તિ ઉઠાવવામાં તેને વધુ કમાણી દેખાઈ ત્યારથી તેણે એક મૂર્તિશાસ્ત્રીની ચીવટથી મટીરિયલનો અભ્યાસ કર્યો હતો. કેટલીક મૂર્તિઓ લાઈમસ્ટોનની હોય તો કેટલીક સેન્ડસ્ટોન અથવા તો કેટલીક અગ્નિકૃત કહેવાતા કાળમીંઢ પથ્થરની પ્રતિમા ય હોય. દરેક વખતે એકસરખી તરકીબ કામ ન લાગે. કાળમીંઢ પથ્થરની મૂર્તિ લોખંડના ઓજાર વગર થાળામાંથી નીકળી ન શકે અને તેની ઠકઠકાટી પણ એટલી હોય કે તરત પકડાઈ જવાય. એ માટે તેણે પોતાની રીતે પ્રયોગો કરીને જલદ હાઈડ્રોક્લોરિક એસિડનો ઉકેલ શોધ્યો હતો.

એ જ રીતે, સેન્ડસ્ટોન કે લાઈમસ્ટોનની મૂર્તિ જો બહુ દેખરેખ પામતી ન હોય તો લાકડાના પેચિયાવાળો કીમિયો તેના માટે કારગત હતો. એ પહેલાં મૂર્તિને દરેક દિશાએથી પોલી કરવી પડે પછી પેચિયાથી ખોતરવી પડે અને વળી પોલાણ બનાવવું પડે. એ આખી સાઈકલ માટે હાથવગા હથિયાર તરીકે તેને બોડી સ્પ્રે અને હેર રિમૂવર ક્રીમ ધોરણસરનાં લાગ્યાં હતાં.

છપ્પનસિંઘને અચાનક એવો સવાલ કરો કે કેમિસ્ટ્રીના સ્પેલિંગમાં સી આવે કે કે? તો કદાચ તેને ફાંફાં પડી જાય પણ પોતાના કામ પૂરતો એ હરતી-ફરતી યુનિવર્સિટી હતો.

બોડી સ્પ્રેમાં રહેલું ઈથાઈલ અને આલ્કોહોલનું સંયોજન રેતિયા પથ્થરના અતિ બારીક છીદ્રોમાં છેક અંદર સુધી ઉતરીને રાસાયણિક ક્રિયા વડે ઝડપભેર ખવાણ કરવા માંડે એથી પેચિયાના ફટકા વધુ ઊંડે સુધી જઈ શકે. જેમ જેમ મૂર્તિ ખોતરાતી જાય તેમ પોલાણમાં રાખ-ચૂનાની લૂગદીની જગ્યાએ હેર રિમૂવર ક્રીમ ઊંડે સુધી ઉતારતા જવાનું. તેમાં રહેલું સોડિયમ સિલિકેટ મૂર્તિને તરત ફસકી પડતી રોકે.

હનુમાનકોન્ડા અને વારંગલને જોડતા ત્રિભેટે પહોંચીને તેણે ગાડી ધીમી પાડી.

સ્થાનિક બોલીમાં કમ્પાતી તરીકે ઓળખાતી ચા, પાન, બીડી અને પરચૂરણ ચીજવસ્તુ વેચતી કેબિન, આસપાસ પ્લાસ્ટિકનાં તકલાદી સ્ટૂલ વેરવિખેર પાથરીને બેઠેલા આઠ-દસ આદમીઓ, લાંબી લાકડી પર બાંધેલા ફુગ્ગાનું ઝૂમખું લઈને આમતેમ ઘૂમતાં છોકરાંઓ, હારબંધ ખુમચાઓ પર મોટા દેગડામાં ઉકળતા રસમની તીખી, ખાટી સોડમ અને ખુમચાની હાર પૂરી

થાય ત્યાં સડકના વળાંક પર ખીજડાના ઝાડ નીચે દિશા ચીંધતું પાટિયું, '1000 સ્તમ્બાલા ગુડી વાઈપુ...'

મારૂતિ ઈકો ઊભી રાખીને છપ્પને એક જ નજરમાં આખો માહોલ જોઇ લીધો. ડેશબોર્ડ પર મૂકેલી પોકેટ સાઈઝ ડિક્શનરીના માર્કિંગ કરેલાં પાનાં ઉથલાવીને ઘડીક જોયું. પછી ફુગ્ગા વેચતા એક છોકરાને તેણે ઈશારો કરીને બોલાવ્યો. તે નજીક આવ્યો એટલે તેણે કાચ ઉતારીને 100ની નોટ ધરી, 'ક્લાસિક માઈલ્ડ...'

છોકરો પ્રશ્નસૂચક નજરે તેની સામે જોઈ રહ્યો એટલે તેણે કેબિનની સામે જોઈને ઊંચા અવાજે હાક મારી, 'આન્ના ઓકા પેકેટ ક્લાસિક માઈલ્ડ ઈવુ...'

દુકાનવાળો ઘડીક તેની તરફ જોઈ રહ્યો, 'ક્લાસિક માઈલ્ડ લેડુ... કેવેન્ડર ઊન્ડી આય... એવાલા?'

જવાબમાં છપ્પને મોં બગાડ્યું અને કંઈક બબડ્યો, પછી હકારમાં ડોકું ધુણાવતો નીચે ઊતર્યો અને આબાદ લંગડાતી ચાલે કેબિન સુધી જઈને કેવેન્ડર્સનું પાકિટ લીધું. એક સિગારેટ જલાવી અને ફરી ગાડીમાં બેઠો.

પોલીસ સામેની અગમચેતી એ તેનો કાયમી ઉસૂલ હતો.

મંદિરમાં ખાસ ચહલપહલ ન હતી. કાલ જેવો જ સન્નાટો હતો. બે-ચાર મજૂર પેડલરિક્ષા મૂકીને મંદિરના આગળના ઓટલે આરામ કરી રહ્યા હતા. પહેલાં તેણે સૌ જુએ, તેને નોટિસ કરે એ રીતે ફોટા પાડ્યા. પછી બેકપેકમાંથી ઓજારો કાઢીને મંદિરનાં પગથિયાં આસપાસની માટી ખોતરી. પ્લાસ્ટિકની નાનકડી બેગમાં તેના નમૂના મૂક્યા. એક મજૂર તેને ધ્યાનથી જોઈ રહ્યો હતો એટલે તેને કેવેન્ડર્સ ધરીને સ્મિતભેર કહ્યું, 'એન્ડા ગવર્નમેન્ટ માલી વેના...' (સરકારી કામ છે, શું કરીએ?) એવી રીતે પહેલાં બધાના દેખતાં થોડીક ઠકઠકાટી કરી. પછી મંદિરની પછીતે ગયો અને થોડી વાર પછી પાછો ફર્યો ત્યારે બીજા મજૂર હજુ ય ઘોરતા હતા અને પેલો દૂર જઈને આરામથી કેવેન્ડર્સના ધુમાડા કાઢતો હતો.

તેના તરફ જોયું જ નથી એવો ડોળ કરીને એ અંદર પ્રવેશ્યો.

આંખ બંધ કરીને અનુભવી આંગળીના ટેરવાં વડે તલ્લીનતાથી તેણે મૂર્તિની દરેક ધારને ચકાસી, પછી સાથે લાવેલ એર ફ્રેશનરના પારાવાર ફુવારા છોડીને મૂર્તિનો તમામ વર્તુળાકાર લથબથ કરી દીધો. કોઈ દેખભાળ વગરના મંદિરમાં અચાનક સુગંધની લ્હાણી થઈ ગઈ. સુગંધથી દોરવાયો કોઈ મજૂર અંદર જુએ તો કંઈક જવાબ વાળવો પડે પણ એ વગર છૂટકો ય ન હતો.

તેણે ફટાફટ લાકડાના પેચિયા વડે ખોતરકામ કરવા માંડ્યું. વળી થોડું બોડી સ્પ્રે છાંટ્યું અને ખોતરણીમાં હેર રિમૂવર ક્રીમ ભરવા માંડ્યું. પોલાણ થાય તેની રાહ જોઈને તે ઘડીક બહાર આંટો પણ મારી આવ્યો. બહાર વાતાવરણ યથાવત્ જ હતું.

પાક્કી સવા કલાકની જહેમત પછી એ બહાર નીકળ્યો ત્યારે તેના ચહેરા પર હાશકારો હતો.

જેને સિગારેટ ધરી હતી એ મજૂર ફરી ઊંઘી ગયો હતો. તેને ઉઠાડીને તેણે સ્મિત વેર્યું, 'કેવેન્ડર એવાલા?'

બચેલી તમામ સિગારેટ તેને થમાવીને તેણે ગાડી સ્ટાર્ટ કરી ત્યારે સદીઓથી સચવાઈ રહેલી ભારતીય જ્ઞાનની ચરમસીમાસમી સંકેત પ્રતિમા તેના બેકપેકમાંથી ડોકિયું કરતી હતી.

- અને સાથેસાથે છપ્પનની નિયતિ પણ...

*** *** ***

મૂર્તિ જોયા પછી દૂબળીમાં જાણે પરકાયાપ્રવેશ થયો હોય તેમ એ અચાનક જ ભાવાવેશમાં આવી ગયો હતો.

છપ્પનને એ ભેટી પડ્યો હતો. રાઘવના ખભે માથું ઢાળીને એ ચોધાર આંસુએ રડ્યો હતો. કશું ન સમજાવાથી અતડા રહેતાં ઝુઝારને ય તેણે બાથમાં લીધો હતો, બાળકની જેમ ત્વરિતના ગાલ થપથપાવીને તેણે વહાલ કર્યું હતું અને પછી ઓરડામાં પુરાઈ ગયો હતો.

ત્રણેય એ સાંજે છપ્પનની સફળતા અને દૂબળીની લમણાંફાડનો ભેદ ખૂલવાની રાહમાં એડવાન્સમાં જ વ્હિસ્કીની બોટલ ખોલી નાંખી હતી. ત્વરિત કાકતીય સ્થાપત્યો વિશે કહી રહ્યો હતો, છપ્પન પોતે જોયેલા મંદિરની ભવ્યતા વિશે બોલી રહ્યો હતો, રાઘવ સતત સવાલો કરી રહ્યો હતો, ઝુઝાર બાઘાની જેમ દરેકના ચહેરા જોતો રમના ઘૂંટડા ગળચતો હતો.

- અને અચાનક કારમી ચીસ જેવો અવાજ સંભળાયો.

ચોંકી ઊઠેલો રાઘવ પહેલાં ઊભો થયો. અવાજની દિશા પારખીને ઝુઝાર સૌથી પહેલાં દોડ્યો. છપ્પન અને ત્વરિત પણ તેમની પાછળ દોરાયા.

ફરીથી એવો જ ભીષણ, કારમો ચિત્કાર... કોઈક ચીસ પાડી-પાડીને માથાં પટકતું હોય, મોટા અવાજે રડતું હોય એવા બિહામણા અવાજ વચ્ચે ઝુઝારે ત્રણ- ચાર લાત ઠોકીને દરવાજો ખાંગો કરી દીધો એ સાથે ચારેયના ચહેરા પર વીજળી બનીને પ્રચંડ અચરજ, આઘાત અને આશ્ચર્ય ત્રાટક્યાં હતાં.

ઓરડામાં પથરાયેલી જાતભાતની મૂર્તિઓ વચ્ચે ઊભી હતી એક છોકરી અને તેને વળગીને નાના બાળકની જેમ મોંફાટ રડી રહ્યો હતો દૂબળી યાને પ્રોફેસર નીલાંબર રાય.

*** *** ***

મૂર્તિ ઉઠાવવા માટે છપ્પન છૂટો પડ્યો એ સાથે ટેમ્પો ટ્રેવેલરે જુદી જ દિશા પકડી હતી.

નેટ કર્ટનને લીધે સ્પષ્ટ ખ્યાલ આવતો ન હતો, પરંતુ ટ્રાફિકની પેટર્ન ધીમે ધીમે બદલાઈ રહી હતી. બાઈક્સ હવે ઓછા દેખાતાં હતાં અને આસપાસમાં ફોર વ્હિલર્સ તેમજ હેવી ટ્રક પૂરપાટ વેગે નીકળતાં હતાં. રાઘવનો અંદાજ સાચો હતો, તેઓ વારંગલ શહેરના રિંગ રોડ પરથી પસાર થઈને હવે નરસમપેટ તરફ વળી રહ્યા હતા. રસ્તાની ડાબી તરફ છૂટાછવાયા બંગલા દેખાતા હતા. છેવટે, સડકથી ખાસ્સા દોઢસો મીટર દૂરના એક બંગલા તરફ ગાડી વળી હતી.

રાયણ, બોરસલ્લીના ઝાડથી ઘેરાયેલું સાફસૂથરું કમ્પાઉન્ડ, બોગનવેલની સફેદ, ગુલાબી, જાંબલી પત્તીઓથી ઘેરાયેલો વિશાળ દરવાજો, હારબંધ સ્ટેકર્ડ પાથરીને બનાવેલો સુઘડ પોર્ટિકો અને એ સિવાય બસ, સમગ્ર સૃષ્ટિમાં આ મકાન સિવાય બીજાં કશાનું જાણે અસ્તિત્વ જ ન હોય એવો નર્યો સન્નાટો.

ગાડીમાંથી ઊતર્યા પછી ત્રણેયની આંખોમાં એક જ સવાલ વંચાતો હતો, 'ડ્રાઈવિંગ કોણ કરતું હતું?'

'આ તરફ...' ત્રણેય જાણીજોઈને ડ્રાઈવર સાઈડ તરફ ચાલવા લાગ્યા ત્યાં દૂબળીએ આડો હાથ કરીને તેમને પોર્ટિકોની જમણી તરફની પગદંડી ચીંધી, 'તમારી એરેન્જમેન્ટ અંદર બંગલામાં છે.'

પણ કોણ કરી રાખે છે આ બધી એરેન્જમેન્ટ? દરેકના ચહેરા પર ઊભરતા આ સવાલનો જવાબ મળતો ન હતો. ક્યાંય કોઈ હલચલ ન હતી. અંદર બીજું કોઈ હોવાનો અણસાર પણ

ન હતો. મોટા હોલમાં ત્રણ આરામદાયક બિછાનાં તૈયાર હતાં. એરકન્ડિશનર પણ ચાલુ હતું.

‘ફ્રેશ થઈ જાવ. થોડી વારમાં ફૂડ આવી જશે પછી આરામથી થાક ઉતારજો’ તેણે સ્મિતભેર કહ્યું અને પછી દરવાજાનો નોબ પકડીને ઘડીક ઊભો રહ્યો, ‘આઈ રિપિટ, નો સ્માર્ટનેસ પ્લિઝ. તમે મારા મહેમાન છો તો મહેમાનની જેમ જ રહેજો. અધરવાઈસ...’ તેની આંખોના ભાવ ક્ષણાર્ધ માટે પલટાયા, ‘...યુ વિલ પે’

‘ક્યા બોલા?’ તેણે દરવાજો બંધ કર્યો કે તરત ઝુઝાર તાડુક્યો હતો. આ માણસ સતત દબડાવી જાય અને તો ય કોઈ કંઈ બોલે નહીં એ તેને બહુ જ ખૂંચતું હતું, ‘ક્યા બોલા વો?’

‘તેણે એમ કહ્યું કે...’ રાઘવે ઝુઝારનો ટોન પારખીને તેના ખભે હાથ મૂકીને સ્મિતભેર જવાબ વાળ્યો, ‘ઝુઝારસિંઘ માટે ફ્રીઝમાં બોટલ રેડી છે. બે-ચાર ઘૂંટ મારતા થાવ ત્યાં જમવાનું તૈયાર થઈ જશે..!!’

*** *** ***

નમતી સાંજે સૌથી પહેલાં ત્વરિતની આંખ ખૂલી હતી. તેણે એમ જ પથારીમાં પડ્યા રહીને આળસ મરડીને ઊંઘરેટી આંખે જોયું. ઝુઝાર ઊંધો પડીને આરામથી નસકોરાં બોલાવતો હતો. રાઘવ તેના બિછાનામાં ન હતો. તેણે તરત આસપાસ નજર દોડાવી. એ એક બંધ બારીની ફાંટમાંથી કશુંક જોવા મથતો હતો.

‘શું જુએ છે? કંઈ થયું?’

‘કશું જ થતું નથી, એટલે તો જોવાની ટ્રાય કરું છું’ તેના ચહેરા પર રમતિયાળ સ્મિત હતું.

‘યુ મીન...?’

‘મને અંદાજ નથી આવતો કે દૂબળીની સાથે કેટલાંક માણસો હોઈ શકે?’ ત્વરિતના બેડ પર અધૂકડા બેસતાં તેણે કહ્યું.

‘પણ શું ફરક પડે છે, વખત આવ્યે એ પોતે જ સામેથી બધું કહેતો રહે છે...’ મૂર્તિચોરીનો ભેદ જાણવા માટે ત્વરિત એટલો બધો આતુર હતો કે હવે એ કોઈ પણ રીતે દૂબળીને છંછેડવા નહોતો માંગતો.

‘એ કહે ત્યારે જ ખબર પડે એ સ્થિતિ આપણા માટે યોગ્ય નથી...’ દૂબળીની વાતો સાંભળ્યા પછી રાઘવની ઉત્સુકતા ય ફાટાફાટ થતી હતી, પણ હજુ ય પોલીસ અફસરનો તેનો માંહ્યલો જાગી જતો હતો.

‘બંગલામાં બીજું કોઈ હોય તેમ લાગતું તો નથી.’

‘આઈ ડોન્ટ બીલિવ...’ રાઘવે મક્કમતાથી માથું ધુણાવ્યું, ‘દૂબળી અને ડ્રાઈવર બહારના આઉટહાઉસમાં હોવા જોઈએ. એ સિવાય પણ કોઈક છે જે આપણે આવ્યા એ પહેલાંથી બંગલામાં હાજર છે.’

‘હમ્મ્...’ ત્વરિતને આ બધા તર્ક લડાવવામાં ખાસ રસ પડતો ન હતો. તેણે ઉડાઉ જવાબ વાળ્યો, ‘બની શકે કે કોઈક હોય.’

‘બની શકે નહીં, છે જ...’ રાઘવના મગજમાં એ ભેદી છોકરી ઘૂમરાતી હતી, ‘આપણે અહીં આવ્યા ત્યારે રૂમમાં એરકન્ડિશનર ચાલુ હતું, રાઈટ? બટ રૂમ વોઝ નોટ ધેટ મચ ચિલ્ડ. તેનો મતલબ કે, આપણે એન્ટર થયા તેની થોડી જ વાર પહેલાં કોઈએ એસી ઓન કર્યું હોવું જોઈએ.’

‘હા... હમ્મ્મ્..’ ત્વરિતને સમજાતું ન હતું કે કઈ રીતે રાઘવને આ અર્થહીન વિચારોથી રોકવો.

‘આ મિનિમમ ચાર માણસોની ગેંગ હોવી જોઈએ એ મને સમજાય છે, પણ એ કઈ રીતે કમ્યુનિકેટ કરે છે એ સાલું સમજાતું નથી...’ રાઘવની અસલી અકળામણ આ હતી.

બિકાનેરથી નીકળ્યા પછી દૂબળીએ મોબાઈલને હાથ જ નહોતો લગાવ્યો અને છતાં ગાડી નિર્ધારિત જગ્યાએ પહોંચે, ત્યાં બધી વ્યવસ્થા પણ હોય. છપ્પન સામેલ નહીં હોય તેની ખાતરી સાથે હોલમાં ત્રણ જ બેડ પાથરેલા હોય... આ બધું... કોણ ડ્રાઈવર નક્કી કરતો હશે??? એ આઉટર ટીમ સાથે સંપર્કમાં રહેતો હશે? પણ ડ્રાઈવરને કેવી રીતે ખબર પડી કે છપ્પન અત્યારે સાથે નથી અને ક્યાં સુધી નથી આવવાનો?

‘પેલી છોકરી કેમ નથી દેખાતી?’ છેવટે તેણે મનમાં ઘૂમરાતો સવાલ કરી જ દીધો.

‘કેમ, ફરીથી કૂકડાની જેમ ઊભડક બંધાવું છે તારે?’ ત્વરિતને એ દૃશ્ય યાદ કરીને હસવું આવી રહ્યું હતું.

‘ગૂડ ઈવનિંગ ફ્રેન્ડ્સ...’ અચાનક ઓરડાનો દરવાજો ખૂલ્યો અને દૂબળી અંદર ધસી આવ્યો.

લાઈટ ગ્રીન કલરનો ડ્યુઅલ કોલરનો શર્ટ, હળવા-ચળકતા બ્રાઉન કલરનું કોટન ટ્રાઉઝર, પગમાં બ્લેક કલરના લોફ્ટર, તાજાં ધોયા હોય તેમ કપાળ સુધી આવી જતાં ભૂખરા વાળ, યુડી કોલનની અણિયાળી ખુશ્બૂ...

‘સર, ધેર ઈઝ અ ક્વેશ્ચન...’ રાઘવ કંઈક છબરડો કરે એ પહેલાં જ ત્વરિતે વાતનો દોર હાથમાં લઈ લીધો.

‘યસ, માય ડિયર...’ દૂબળીની ખુશમિજાજી યથાવત્ લાગતી હતી, ‘મારા ડ્રેસિંગથી આશ્ચર્ય થાય છેને?’

‘યસ સર...’ પુછાય એ પહેલાં જ જવાબ વાળી દેવાની તેની ક્ષમતાથી ત્વરિત હવે ટેવાઈ રહ્યો હતો, ‘તમારો જબ્બર મેકઓવર થયો છે. કેમ્પસમાં મેં તમને આવા સ્ટાઇલિશ કદી નથી જોયા.’

‘લાઈફ...’ તેણે એક ઈઝી ચેર નજીક ખસેડીને બેઠક જમાવતા ઊંડો નિ:શ્વાસ નાંખ્યો, ‘લાઈફ ઈઝ અ બીચ, યુ નો... મારા જેવો માણસ સઘન તાલીમ લઈને આબાદ નિશાનબાજ પણ બની ગયો... તેનું આશ્ચર્ય નથી તને?’

‘એટલે?’ તેનો બદલાતો ટોન જોઈને રાઘવને ય રસ પડ્યો.

‘વાંચવું, લખવું અને ભણાવવું... આ ત્રણ સિવાય મેં મારી જિંદગીમાં કશું જ વિચાર્યું ન હતું. હું મારા સ્ટડીમાં જ એટલો મશગૂલ હતો કે મારા માટે બસ, આટલી જ દુનિયા હતી. લોકો કેવાં કપડાં પહેરે છે, શું વિચારે છે, કેવી રીતે ટાઈમપાસ કરે છે, લોકોની કેવી હોબી હોય છે... મેં કદી એ કશાની પરવા કરી ન હતી... બટ...’ ઘડીક એ અટકીને હવામાં તાકી રહ્યો. તેની આંખોમાં કશોક ખાલીપો વર્તાતો હતો, ‘ઈટ વોઝ હોરિબલ ટાઈમ...’ સ્વગત બોલતો હોય તેમ તે ડોકું ધુણાવી રહ્યો હતો, ‘હું ભયાનક ડિપ્રેશનમાં હતો. હેવ એટેમ્પ્ટેડ સ્યુસાઈડ એફોર્ટ ટુ. મારા માટે આ રિસર્ચ મારી આખી જિંદગીની મહેનતનો નિચોડ હતો. તેમાં માર ખાધા પછી મને જિંદગી જ નિરર્થક લાગવા માંડી હતી.’

આંખો ભારપૂર્વક મીંચીને તેણે બંનેની સામે જોયું, એકધારું ત્રાટક કરીને જોયા જ કર્યું. તેની આંખમાં સન્નાટો હતો, કશીક ફરિયાદ હતી, ‘હું આવો હતો નહીં, મારે આવા બનવું પડ્યું છે. કોઈ પણ ભોગે હું મારી જાતને સાબિત કરવા માંગતો હતો, પણ મને રસ્તો સૂઝતો ન હતો.

ત્યારે એક વ્યક્તિએ મને સંભાળ્યો, મને બરાબર સાંભળ્યો, મહિનાઓ સુધી મને સધિયારો આપતાં જઈને એક દિવસ તેણે મારી સામે પ્લાન ધર્યો. મારી જાતને જો ખરેખર મારે સાબિત કરવી હોય, દુનિયાની સામે મારા રિસર્ચને સન્માનભેર મૂકવું હોય તો એ એકમાત્ર રસ્તો હતો...'

એ ફરી અટક્યો, ફરી બંનેની સામે જોયા કર્યું અને પછી તેના ચહેરા પર જરાક ભાવ આવ્યો, 'આજે એ પ્લાનનો છેલ્લો દિવસ છે.. હવે છપ્પન મૂર્તિ લાવે એટલે...'

'પણ એ વ્યક્તિ કોણ?' તેનું વાક્ય પૂરું થાય એ પહેલાં જ રાઘવથી પુછાઈ ગયું એ સાથે ચંદ સેકન્ડ સુધી હોલમાં સ્તબ્ધતા ફરી વળી. ઘડીક ત્વરિતને ય થઈ ગયું કે રાઘવે ખોટા સમયે ખોટો સવાલ પૂછી લીધો. તેને હજુ બોલવા દેવો જોઈતો હતો. રાઘવ પણ તેના બદલાતા હાવભાવ જોઈને પોતાની જાતને મનોમન કોસવા લાગ્યો.

તેણે મુસ્તાક નજરે બેયને નાણીને સ્મિત વેર્યું, 'શી ઈઝ માય ડોટર... હિરન... હિરન રાય'!

*** *** ***

એ પછી બીજા દિવસેય તેણે ખુશહાલ મિજાજે જાતજાતની વાતો કરી હતી. ત્વરિતે ભણ્યા પછી શું કર્યું એ વિશેય રસપૂર્વક સાંભળ્યું હતું અને રાઘવે પૂછેલા સવાલોના ય ઉલટભેર જવાબો વાળ્યા હતા.

'આ બધી મૂર્તિઓ રેર છે, અતિશય દુર્લભ છે એમ તું કહે છે તો અત્યાર સુધી કોઈને ખબર ન પડી અને અચાનક તેં કેવી રીતે તેનાં ઠામઠેકાણાં શોધી લીધાં?' ખરેખર તો ત્વરિતના મનમાં આ સવાલ ઝંઝાવાત જગાવતો હતો, પણ તે નારાજ થઈ જવાના ભયથી એ પૂછી શક્યો ન હતો પણ રાઘવે તો છેવટે પૂછી જ લીધું હતું.

'બીજા કોઈને ખબર કેમ ન પડી એ જવા દો...' તેણે ત્વરિત તરફ હાથ લંબાવ્યો, 'આ ત્વરિતને કેમ ખબર ન પડી એ સવાલ જરૂર થવો જોઈએ.'

'એટલે?' તેના આ ભેદી જવાબથી બંને મૂંઝાયા હતા.

'રઘુનાથ મંદિર...'

'હેં??' એ બોલ્યો કે તરત ત્વરિતથી લગભગ રાડ ફાટી ગઈ. બેડ પરથી એક જ છલાંગે કૂદીને તે સાવ નજીક ધસી આવ્યો. તેના બદલાયેલા હાવભાવથી રાઘવ પણ ચૌકન્નો થઈ ગયો.

'યસ માય ડિયર...' તેના ચહેરા પર ગર્વિષ્ઠ સ્મિત હતું.

'એઈ... એક મિનિટ...' હવે રાઘવ પણ નજીક ખસ્યો, 'ફરીથી કહું છું, તમને બંનેને ખબર હોય એટલે આમ અડધી-પડધી વાત નહીં ચાલે... મને સમજાવું જોઈએ... માંડીને કહે, શું છે આ રઘુનાથ મંદિરનું?'

'જમ્મુનું રઘુનાથ મંદિર બહુ જાણીતું...'

'યસ, મને યાદ આવ્યું...' રાઘવ ઉત્સાહમાં આવી ગયો હતો, '2002માં કાશ્મીરી મિલિટન્ટ્સે બબ્બે વખત આ મંદિર પર ફિદાયિન એટેક કર્યો હતો.'

'યસ્સ, ધેટ્સ ઈટ... એ મંદિર ખાસ..' અચાનક એ અટક્યો. જાણે સરવા કાને કશુંક સાંભળતો હોય તેમ ત્રાંસી નજરે જોઈ રહ્યો, તેના ચહેરા પર ઝડપભેર ભાવપરિવર્તન થવા લાગ્યું અને અચાનક નાના બાળકની જેમ ખુશખુશાલ ચહેરે મોટેથી ચિલ્લાયો, 'ઓઓઓઓઓઓ....'

રાઘવ, ત્વરિત અને ઝુઝાર ત્રણેય ડઘાયેલી નજરે તેને જોઈ રહ્યા.

'સોરી દોસ્તો...' તેણે રાઘવનો ખભો થપથપાવ્યો, 'મારે વાત અહીં જ અધૂરી છોડવી પડશે... છપ્પને કદાચ કામ પાર પાડી દીધું છે... આઈ નીડ ટૂ ગો... પણ, આજે રાતે ચોક્કસ તમારી દરેક ઉત્સુકતાનો જવાબ આપીશ...'

એ સપાટાભેર બહાર નીકળી ગયો એટલે ત્વરિતે લમણું કૂટી નાંખ્યું, 'હું પાગલ થઈ જઈશ યાર, મને સાચે જ કંઈ સમજાતું નથી... મને માથાં પટકવાનું મન થઈ આવે છે... શું થઈ રહ્યું છે આ બધું?'

'તને તો આટલી પણ ખબર છે અને તો ય તારી આ હાલત છે તો મને તો કશી ભાન જ પડતી નથી...' રાઘવે ય એવો જ ઊંડો નિઃશ્વાસ છોડ્યો.

'મને ફક્ત એટલી ખબર પડે છે કે આ માણસ સખત ડામિસ છે અને ધમારવાથી જ સમજે તેવા માણસને તમે બંને પંપાળીને સમજાવી રહ્યા છો.' ઝુઝારને આ બેઉ દ્વારા થતી દૂબળીની આળપંપાળ સહેજેય માફક આવતી ન હતી.

'પહેલાં વામપંથી મૂર્તિ, બે ઈન્સાનોના દિમાગ વચ્ચે ડેટા શેયરિંગ.. પછી સંકેત પ્રતિમા અને હવે આ રઘુનાથ મંદિર... સાલી વાત ક્યાં શરૂ થાય છે, ક્યાં પૂરી થાય છે એ જ સમજાતું નથી મને તો..' રાઘવે અકળામણભેર જોરથી હાથ ઠપકાર્યો, 'શું છે આ રઘુનાથ મંદિરનું યાર?'

'મને ય શું ખબર?'

'અરે, પણ તું તો કાશ્મીરનો જ મૂઓ છે ને? તેણે રઘુનાથ મંદિરનું નામ લીધું કે તરત તું હેંએએએ કહીને દોડ્યો તો હતો. થોડીક ખબર તો હોય ને?' રાઘવના મગજમાં અફાટ ઉત્સુકતા ભભૂકતી હતી અને એકેય સવાલનો જવાબ મળતો ન હતો એટલે હવે એ બરાબર અકળાયો હતો.

'દૂબળી શું કહેવા માંગે છે એ તો મને ય ખબર નથી, પણ હું તો હિસ્ટોરિકલ ફેક્ટ્સના આધારે જ જેટલું જાણું છું એટલું કહી શકીશ.રઘુનાથ મંદિર સાથે એક બહુ મોટો ભેદ સંકળાયેલો છે એટલી મને ખબર છે.'

'હા તો બોલને, શું છે એ? અહીં સાલુ બધું ભેદભેદભેદ જ છે. કશું જ સીધું સાદું સમજી શકાય તેવું નથી. તું બોલ યાર બોલ, શું છે ભેદ...' રાઘવ હવે પોલીસ અફસર મટીને નાના બાળક જેવી જીદ પર આવી ગયો હતો.

'રઘુનાથ મંદિર એ કાશ્મીરના ડોગરા વંશના સ્થાપક ગુલાબસિંઘ ડોગરાએ બંધાવ્યું હતું...' ત્વરિતે મગજ પર જોર આપીને યાદ કર્યું, 'ઓગણીસમી સદીના ફર્સ્ટ હાફમાં... સમજોને, 1830-35 આસપાસ. એ સમયગાળામાં દેશભરમાં, ખાસ કરીને ઉત્તરભારતમાં મુઘલ સત્તા સ્થાપિત થઈ ચૂકી હતી. દખ્ખણમાં અહમદનગર, બીજાપુર, ગોલકોંડા પર આદિલશાહી અને કુતુબશાહી વંશજોનું રાજ હતું. રાજપૂતાના વેરવિખેર હતું. મરાઠાઓનો અસ્ત થઈ રહ્યો હતો એવે વખતે જામવાલ શાખના ડોગરાઓનું કાશ્મીર એકમાત્ર મોટું હિન્દુ રાજ્ય હતું'

'હમ્મ્મ્..' રાઘવને હવે બરાબર રસ પડ્યો હતો. રાજપૂત, મુઘલ, હિન્દુ એવા શબ્દોથી ઝુઝાર પણ નજીક આવીને ગોઠવાઈ ગયો હતો.

'રઘુનાથ મંદિર બની ગયું, જાણીતું પણ બન્યું તેના લગભગ ત્રીસેક વર્ષ પછી એક્ઝેટ કહું તો, 1857ના પ્રથમ સ્વાતંત્ર્યસંગ્રામની ભયાનક નિષ્ફળતા પછી અહીં ચિનાબ નદી આસપાસ કંઈક ભેદી હેરફેર થતી હોવાની વાયકા પ્રસરી હતી. એ વખતે મહારાજા ગુલાબસિંઘની આખરી

અવસ્થા હતી અને યુવરાજ રણબીરસિંઘ જ બધો વહીવટ સંભાળતા હતા. કાશ્મીરને અંગ્રેજો સાથે મૈત્રીભર્યા સંબંધો હતા. એટલે જ કાશ્મીર વિપ્લવથી પણ અલિપ્ત રહ્યું હતું.'

'પણ આ ચિનાબ નદીની હેરફેરની વાયકા ફેલાવા માંડી એટલે કંપની સરકારે પોતાના સૈનિકોને અહીં તપાસ કરવા મોકલ્યા હતા. ખુદ યુવરાજ તેમની સાથે ચિનાબના કાંઠે-કાંઠે ફર્યા અને કેટલીય જગ્યાએ તલાશી લીધી પણ કશું હાથ લાગ્યું ન હતું.'

'એ પછી એકાદ દાયકાના અંતરાલ બાદ મંદિરના કશાક સમારકામ દરમિયાન મુખ્ય મંદિરના ગર્ભગૃહથી લગભગ ત્રીસેક મીટર દૂર કશુંક પોલાણ જેવું નજરે પડ્યું. એ પોલાણ થોડુંક ખોદવામાં આવ્યું તો માટીના થરની નીચે પગથિયા જેવું કંઈક ભળાયું. જેમ જેમ ખોદકામ આગળ વધ્યું તેમ તેમ ખબર પડતી ગઈ કે અહીં તો મંદિરની બરાબર નીચે ભોંયરું હતું. એ ભોંયરાનું ખોદકામ છ-સાત વર્ષ જેટલો સમય ચાલ્યું ત્યારે જે જોવા મળ્યું તેનો જવાબ હજુ સુધી નથી મળ્યો...'

'એટલે? શેનો જવાબ? શું હતું એ ભોંયરામાં?' રાઘવનો ચહેરો ઉશ્કેરાટથી લાલઘૂમ થઈ ગયો હતો.

'મંદિરની બરાબર નીચે રહેલા એ ભોંયરાનો છેડો સવા બે કિલોમીટર દૂર ચિનાબ નદીના તદ્દન નિર્જન અને અવાવરું કાંઠે નીકળતો હતો. ભોંયરાની બંને તરફ હારબંધ અને બહુ જ ચીવટપૂર્વક બનાવેલી અલમારીઓ હતી અને એ અલમારીઓ પર સદીઓ જૂની હસ્તપ્રતો, તામ્રપત્રો, ભોજપત્રો જેવી મેન્યુસ્ક્રીપ્ટ દેવદારના પાટિયા વચ્ચે શણ અને નાળિયેરના થડના રેસાઓમાં વીંટેલી મળી આવી હતી.'

'કેટલીય અલમારી ખાલી હતી, ભોંયરામાં કશીક આવ-જા થઈ હોવાના, દેવદારનાં ખોખાં ઘસડાયાં હોવાના, કેટલાંક ખોખાં તૂટ્યાં કે ફાટ્યાં હોવાના ય સંકેતો મળ્યા હોવાનું કહેવાય છે, પરંતુ મહારાજા રણબીરસિંઘે જાતે જ હાજર રહીને તેમાં કશુંક ભીનું સંકેલી લીધું હતું અને જે હસ્તપ્રતો, તામ્રપત્રો મળ્યાં તેને દૈવી ખજાના તરીકે જાહેર કરી દેવાયાં હતાં. પછી તો અંગ્રેજો ય અહીં આવ્યા, બહુ છાનબીન ચાલી, છેવટે આઝાદી પછી રઘુનાથ મંદિરના ભોંયરામાંથી મળેલું આ બધું સાહિત્ય નેશનલ આર્કાઈવ્ઝના કબજામાં સોંપી દેવાયું હતું.'

'બેહદ મૂલ્યવાન એવી એ હસ્તપ્રતો વગેરે કોણ ત્યાં લાવ્યું, કોણ મંદિરના ભોંયરામાં આવ-જા કરતું હતું, શા માટે આટલું બેશકીમતી સાહિત્ય આવી રીતે છુપાવી રખાયું હતું, મોટાભાગની અલમારી ખાલી કેમ હતી આ બધા જ સવાલોના સાચા, અધિકૃત અને સંતોષકારક જવાબ કદી મળ્યા નથી.'

'બસ, આટલી મને ખબર છે. દૂબળી હવે કયા રેફરન્સથી રઘુનાથ મંદિરનો ઉલ્લેખ કરે છે એ તે પોતે જ કહી શકે.'

*** *** ***

ક્યાંય સુધી ત્રણેય સૂનમૂન થઈને એકમેકને તાકી રહ્યા હતા ત્યારે બંગલાના વરંડામાં મનોહર સાંજ ઢળી રહી હતી. થોડી જ વારમાં છપ્પનસિંઘે એન્ટ્રી મારી હતી. દૂબળી પણ આઉટહાઉસમાંથી બહાર આવીને સૌને ભેટી રહ્યો હતો. ઘડીક ચોધાર આંસુએ રડી લેતો હતો. ઘડીક ગાલ થપથપાવીને, વાળમાં હાથ પસવારીને નાના બાળકની માફક હસી પડતો હતો.

ચારેયને એકલા છોડીને તેણે ફરીથી દરવાજો વાસ્યો. ચારેય શરાબ પીવા બેઠા. અચાનક ચીસ સંભળાઈ અને ચારેય જણા બહાર આઉટહાઉસ જેવા બેઠા ઘાટના મકાનના ત્રણ-ચાર ઓરડા

તરફ ધસી ગયા. ઝુઝારે અવાજની દિશા બરાબર પારખીને ધડાધડ લાત ઠોકી દરવાજો ખાંગો કરી દીધો અને...

*** *** ***

ઘડીક તો આ ચાર અને દૂબળી જેને વળગીને નાના બાળકની માફક મોટા અવાજ સાથે હીબકાં ભરી રહ્યો હતો એ છોકરી... પાંચેય એકમેકને વિસ્ફારિત આંખે તાકી રહ્યાં.

દરેકના ચહેરા પર પ્રચંડ આઘાત વીંઝાતો હતો.

'સ્ટોપ ધેર...' અચાનક એ છોકરી હાથ લાંબો કરીને મોટેથી ચિલ્લાઈ હતી અને પછી ઝડપભેર હાથનો ઈશારો કર્યો, 'પકડ સાલાઓને...'

એવું તેણે કોને કહ્યું? છપ્પને ઝુઝાર તરફ જોયું. ઝુઝારે રાઘવ સામે જોયું. રાઘવે પીઠ પાછળ નજર કરી.

તેમની બરાબર પાછળ માંડ દસેક કદમ છેટે એક આદમી બેય હાથમાં ગન ઝાલીને ઊભો હતો.

દસ જ મિનિટ પછી ચારેય જણાને ફરીથી બંગલાના હોલમાં બાંધી દેવાયા હતા. કોઈને સૂઝ પડતી ન હતી કે અચાનક શું થઈ ગયું. પેલા આદમીને પૂછવાની તેમણે કોશિશ કરી, પણ એ તો જાણે કશું સાંભળતો જ ન હોય તેમ અજડની માફક કચકચાવીને મડાગાંઠ વાળી રહ્યો હતો.

અચાનક ધડ્ડામ અવાજ સાથે બારણું ખૂલ્યું અને વાવાઝોડાની જેમ એ છોકરી અંદર પ્રવેશી. ભયાનક ધૂંધવાતી નજરે તેણે દરેકની સામે જોયું.

'જરાક પણ મૂવમેન્ટ કરે તો સાલાને ગોળી મારી દેજે...' હન્ટરના સાટકા જેવા અવાજે તેણે કહ્યું. વિસ્ફારિત થયેલી તેની ભૂખરી આંખો વધારે મોટી લાગતી હતી.

દૂધમાં ઘોળેલા સિંદૂર જેવો ગોરો, કુમાશભર્યો ચહેરો લાલઘૂમ હતો. અવાજના રણકામાં જન્મજાત સામ્રાજ્ઞી જેવો ઠસ્સો હતો. કપાળ પર આવી જતી વાળની લટ, તીવ્ર ઉશ્કેરાટથી હાંફતાં ભરાવદાર સ્તનોનો લયબદ્ધ હિલોળો, લો-વેસ્ટ જિન્સ અને ટૂંકા, સ્કિન ટાઈટ ટોપની વચ્ચેથી આંખોમાં મોરપીંછ ફેરવી જતો કમરનો મોહક, માંસલ વળાંક અને આમતેમ વીંઝાતા હાથમાં જેમતેમ ફરતું ગનનું નાળચું.

'હું પ્રોફેસર જેવી હેતાળ નથી...' તેણે ફરીથી દરેકની સામે આરપાર વીંધી નાંખતી નજરે જોયું, '... કે તમને સૌને લાડ લડાવું... જરાક પણ ડહાપણ કર્યું છે તો...' તેણે ગન તાકીને પૂતળાની જેમ ઊભેલા આદમી તરફ ઈશારો કર્યો, 'આ ઉજમ બહેરો-મૂંગો છે... લમણાંમાં ગોળી ધરબી દેશે અને તમારી મરણચીસ પણ એને નહીં સંભળાય...'

અડબૂથ જેવા એ આદમી તરફ ફરીને તેણે હાથથી કશાક ઈશારા કર્યા, જવાબમાં પેલાએ ચાવી દીધેલા રમકડાંની જેમ ગરદન હલાવી, ફરીથી તેણે ડોક ઘુમાવીને દઝાડતી આંખે જોયું અને બહાર નીકળી ગઈ.

ચારેય ડઘાયેલી હાલતમાં એકમેકને જોઈ રહ્યાં. રાઘવ પરાણે સ્વસ્થ રહેવા મથતો હતો. ચહેરો સપાટ રાખીને એ મનોમન બદલાયેલી સ્થિતિનો ક્યાસ કાઢી રહ્યો હતો. ત્વરિતના ચહેરા પર ગૂંચવણોનું જાણે જાળું વીંટળાઈ ગયું હોય તેવા ભાવ હતા.

ઝુઝારને હજુ ય ગડ બેસતી ન હતી કે અચાનક આ બધું શું થઈ રહ્યું છે. તેણે છપ્પનને સહેજ હડદોલો માર્યો, 'શું નામ કહ્યું તેનું?'

'ચૂપ બેસને યાર... હજુ કહ્યું જ નથી...' દૂબળીની વાતો વખતે છપ્પન ગેરહાજર હતો એટલે

તેને તો ક્યાંથી નામની ખબર હોય?

'તેનું નામ હિરન છે...' ત્વરિતે આ હાલતમાં ય મસ્તીખોર સ્મિત વેરીને રાઘવ સામે આંખ મીંચકારી દીધી, 'કૂકડા બનાવવાની સ્પેશ્યાલિસ્ટ હિરન રાય...'!

*** *** ***

એ આખી રાત ચારેય એમ જ બંધનાવસ્થામાં ગોટમોટ પડ્યા રહ્યાં હતાં. એક છોકરી આમ ગન બતાવીને ડારી જાય એથી બેહદ ગિન્નાયેલો ઝુઝાર બેફામ ગાળો બોલી રહ્યો હતો. છપ્પનને સમજાતું ન હતું કે પોતે આબાદ મૂર્તિ ચોરી લાવ્યો તો ય કેમ તેની સાથે આવો વર્તાવ થયો. એ સતત માથું ધુણાવી રહ્યો હતો. એક ભૂલ... ડિંડોરીમાં તેણે કરેલી એકમાત્ર ભૂલ બહુ જ મોંઘી પડી રહી છે એવા તારણ પર આવીને એ પોતાની જાતને જ કોસી રહ્યો હતો.

અત્યાર સુધી સ્વસ્થ રહેવા મથતો રાઘવ પણ હવે ખિન્ન હતો. તેના મનમાં ઉત્સુકતાનો વિસ્ફોટ થતો હતો, જવાબ મળતો ન હતો, ઉલઝન વધતી જતી હતી અને મામલો વધુ ને વધુ ગૂંચવાતો જતો હતો. ફક્ત ત્વરિત ખુશમિજાજ હતો. તેની ઈજા હજુ ય પૂરેપૂરી ઠીક નહોતી થઈ, તેમાં વળી હાથે-પગે બંધાઈને રાતભર બેસવાનો વારો આવ્યો એટલે તેનો દુખાવો વધ્યો હતો, પણ એમ છતાં, બીજા ત્રણેય ઘડીક ઝોકાં ખાઈ લેતા હતા ત્યારે એ અચાનક ખડખડાટ હસી નાંખતો હતો.

નીલાંબર રાયને એક દીકરી ય હોય અને દેખાવમાં એ આવી મારકણી અને પ્રકૃતિએ આવી વાગકણી હોય એથી મનોમન એ બેહદ રમૂજ અનુભવતો હતો.

'ખબર નહીં યાર...' તેણે રાઘવની પીઠ પર ઢીંચણનો ઠોંસો મારીને કહ્યું, 'અમે ભણતા હતા ત્યારે પ્રોફેસરે આ છોકરીને ક્યાં સંતાડી રાખી હતી...'

'તને બહુ ગમી ગઈ હોય તો...' રાઘવે ઊંઘરેટા અવાજે જવાબ વાળ્યો, 'હવે બતાડી જ દીધી છે, કરી લે પ્રપોઝ...'

'ના રે, પછી તો જરાક વાંકું પડે ત્યાં આ તો તરત કૂકડો બનાવે એવી છે...' ત્વરિત બરાબર મૂડમાં હતો, 'તને ખબર છે, અમારી બેચની એકની એક છોકરીઓને જોઈ-જોઈને અમે કંટાળી જઈએ એટલે પછી પ્રોફેસર ક્વાર્ટર્સના આંટા શરૂ થાય. ક્યારેક તો પોતાની દીકરી રૂપાળી હોવાના કારણે કેટલાંક પ્રોફેસરનાં માન-પાન વધી જાય, પણ રાય સાહેબે આ નમૂનો આબાદ સંતાડી જાણ્યો.'

ત્વરિતના મોંમાંથી ડચકારો નીકળી ગયો એટલે રાઘવને ય હસવું આવી ગયું, 'તને છોકરીના વિચાર આવે છે, પણ મને એનો બાપ કેમ આમ રડતો હતો એ સવાલ જ મનમાં ઘૂમરાયા કરે છે.'

'અરે, એ તો સનકી આદમી છે, કોલેજમાં ય આવા જ હતા. અમે તેમનું નામ પાડ્યું હતું, કે3જી!'

'કે3જી? મતલબ??'

'કભી ખુશી કભી ગમ!'

રાતભર ચારેય આવી વાતો વડે તણાવ હળવો કરવા મથતા રહ્યા.

વહેલી સવારે કોઈકનો પગરવ પારખીને પહેલાં ઝુઝારની આંખ ઊઘડી હતી, પછી રાઘવ પણ સતર્ક થયો હતો.

એ દૂબળી હતો.

લૂઢકી ગયેલા ખભા, સૂજી ગયેલી લાલઘૂમ આંખો, કપાળ પર જેમતેમ વિખેરાયેલા ભૂખરા વાળ, રાતોરાત ઉંમરમાં એક દસકો ઉમેરાઈ ગયો હોય તેવો ફિક્કો ચહેરો.

રાઘવ અને ઝુઝાર બંને સ્તબ્ધપણે તેને જોઈ રહ્યા. છપ્પન બાંધેલી હાલતમાં ય ઘસઘસાટ

ઘોરી રહ્યો હતો અને ત્વરિત પણ વળેલા ઢીંચણ પર જેમતેમ માથું ઢાળીને ઊંઘમાં જ હતો.

ચારેયની સામે અછડતી નજર ફેરવીને તે એક ખુરસીમાં બેઠો. તેની આંખોમાં કશોક અજબ સન્નાટો હોવાનું રાઘવને વર્તાતું હતું.

તેણે ઝૂકેલી ગરદને જરાક હોઠ ફફડાવ્યા અને ધીમાં ડૂસકાં જેવા સ્વરે તેના ગળામાંથી તરડાયેલો અવાજ નીકળ્યો, 'આઈ એમ સોરી...'

'સોરી ફોર?' તે બોલ્યો એટલે રાઘવે તરત તક ઝડપી લીધી.

'સોરી ફોર...' તેણે ગરદન સહેજ ઊંચકીને રાઘવની સામે જોયું પછી દરેકની સામે આંગળી ચીંધી, 'તમારી આ હાલત માટે... સોરી ફોર...' ખુરસીની પાછળ માથું ટેકવીને તેણે ઊંડો નિઃશ્વાસ નાંખ્યો, 'એવરીથિંગ વોટએવર આઈ હેવ ડન ટિલ ધ મોમેન્ટ.'

એક કલાક પછી...

આરામદાયક સ્થિતિમાં સૂતેલા રાઘવ અને છપ્પન, લોંગ ઈઝી ચેરમાં પગ લંબાવીને બેઠેલા ત્વરિત અને ઝુઝાર, ટેબલ પર પડેલી નાસ્તાની પ્લેટ અને ચાના પ્યાલા, સામેની ખુરસી પર બેસીને દીવાલ પર પગ ટેકવી હવામાં શૂન્યવત્ તાકી રહેલો નીલાંબર રાય, દરવાજા પાસે સોફાચેર પર બેસીને રોષભરી, ભુરાંટી નજરે નીલાંબરનો ઉદ્વેગ જોઈ રહેલી હિરન અને દરેકની આંખોમાં ઘૂમરાતો, બોમ્બ પડ્યા પછીના નિઃશબ્દ સન્નાટા જેવો ઓથાર...

'યુ કેન એરેસ્ટ મી...' સ્વગત બબડતો હોય તેમ દૂબળી આંખો બંધ કરીને બોલ્યે જતો હતો, 'મારી અત્યાર સુધીની મહેનત... મારી જાતને સાચી સાબિત કરવા ઉઠાવેલાં જોખમ... કરેલાં ખોટાં કામ... વેરેલા રૂપિયા...' તે ઘડીક અટક્યો, આંખો ખોલી, માથું ધુણાવ્યું અને ગળામાં અટકેલો ડૂમો બહાર આવી ગયો, 'બધું જ ખતમ થઈ ગયું છે.'

'સ્ટોપ ઈટ પાપા...' હિરને ઉશ્કેરાટભેર કહ્યું.

તેને બરાબર ખબર હતી કે ચારેય જણા તાકી-તાકીને તેને જોઈ રહ્યા છે, પણ સતત ઘૂરતી નજરોની પરવા કર્યા વગર તે ધારદાર આંખે નીલાંબરને તાકી રહી.

તેની તરફ પીઠ ફેરવીને બેઠેલા નીલાંબરે જરાક ગરદન ઘુમાવી, ચૌકન્નો થતો હોય તેમ તેની આંખોની કીકી ઘડીક સ્થિર થઈ, તેનાં જડબાં સખત થયાં, 'નો...' તેણે હિરન તરફ જોયા વગર જ કહેવા માંડ્યું, 'હવે કશું જ નહીં... ઈટ્સ ઈનફ.. આપણે હવે કશું જ કરી શકીએ એમ નથી...'

'પ્લિઝ આઈ બેગ યુ... પ્લિઝ સ્ટોપ ઈટ.' છેવટે હિરન જોરથી ચિલ્લાઈ. કાંસાની થાળી પર અથડાતી ચમચી જેવો રણકદાર અવાજ, ગોરો-ગુલાબી ચહેરો, ગુલાલના દોથા જેવા ભર્યાભર્યા ગાલ, રતાશ પડતા સુંવાળા ભરાવદાર હોઠ...

ડાર્ક મરૂન રંગના શોર્ટ સ્લિવ્ડ લૂઝ ટોપ અને લો-વેસ્ટ જિન્સમાં એ વધુ ગોરી, વધુ માંસલ અને વધુ કામણગારી લાગતી હતી.

નીલાંબરનો વિષાદ, હિરનનો ઉશ્કેરાટ.. એ પૈકી કશું જ સમજ્યા વગર ચારેય તાજુબીભેર બંનેને તાકીને મામલો સમજવાની કોશિશ કરતાં રહ્યાં. બાપ- દીકરી ક્યારેક વગર બોલ્યે તો ક્યારેક ઉગ્ર બોલાચાલીથી પરસ્પર દલીલો કરતાં રહ્યાં. ચારેયને ફક્ત એટલું જ સમજાતું હતું કે, હિરન સતત તેને કશુંક કહેતો રોકતી હતી અને નીલાંબર વધુ ને વધુ રડમસ થઈને કહેવા મથતો હતો.

છેવટે હિરને જોરથી ટેબલને લાત ફટકારી હતી. એ પછી જિન્સના હિપ પોકેટમાંથી ધારદાર

ખંજર કાઢ્યું હતું અને ઉન્માદમાં આવેલી વાઘણ જેવા ઘૂરકાટા કરીને લાકડાના દરવાજા પર ખંજરના જોશભેર પ્રહારો કર્યા હતા અને પછી હાંફતી છાતીએ સોફા પર પડતું મૂક્યું હતું.

ચંદ મિનિટોના સન્નાટા પછી તૂટતા અવાજે આખરે નીલાંબરે વાત માંડી હતી.

'આઈ એમ ફેઈલ્ડ...'

'મતલબ?' રાઘવને હવે હજારો કીડીઓના ચટકારા જેવી ચચરાટી થતી હતી.

'પ્લિઝ, છપ્પનને જવા દે. તેણે આટલી મૂર્તિઓ ચોરી છે એ કબૂલ, પણ તેનો બધો જ ગુનો હું મારા માથા પર ઓઢી લઈશ... અને...' તેણે સજળ અને ભાવસભર આંખે છપ્પન તરફ જોયું. તેની આંખોમાં પહેલીવાર આવા ભાવ જોઈને છપ્પન ચોંકી રહ્યો હતો, 'ત્વરિત તો તદ્દન નિર્દોષ છે. એ ફક્ત ઉત્સુકતાનો માર્યો દોરવાયો છે. આઈ બેગ યુ... એ બંનેને જવા દે...'

'ઓહ કમ ઓન યાર, કુછ ખુલ કે બોલ...' રાઘવ અકળામણથી ફાટાફાટ થતો હતો.

'હું વધુ એક વાર મારી જાતને સાબિત કરવામાં નિષ્ફળ ગયો છું. બહેતર છે કે હવે તું મને અરેસ્ટ કર, દુનિયાની સામે ઉઘાડો પાડ... ઓર લેટ મી ડાઈ.'

'અરે, પણ કેમ?' ઝાટકા સાથે પથારીમાં બેઠા થઈ ગયેલા રાઘવને હજુ ય સમજાતું ન હતું. તેણે સહાયતા માટે ત્વરિત તરફ જોયું અને ફરી દૂબળી તરફ ફર્યો, 'અચાનક એવું શું થઈ ગયું? તારી થિયરી ખોટી પડી છે? વામપંથી મૂર્તિ કે એવું કંઈ છે જ નહીં અને એ તારો ભ્રમ હતો એવું તું કહેવા માંગે છે? આ છેલ્લે ચોરેલી મૂર્તિ ખોટી છે?'

તેણે અણિયાળા સવાલોની ઝડી વરસાવી દીધી એટલે હવે કશુંક સમજવા મળશે તેમ ધારીને છપ્પન અને ઝુઝારના કાન પણ સરવા થયા.

'બહુ જોખમ ઉઠાવ્યું, બહુ ખોટું કર્યું, પણ...' તેણે ત્રાંસી નજરે હિરન તરફ જોયું, 'હવે એ મારી પહોંચની બહાર છે.'

'એક મિનિટ...' હવે ત્વરિત તેની નજીક સર્યો, 'તમે આટલી બેનમૂન, દુર્લભ અને ખોવાયેલી મનાતી મૂર્તિઓ શોધી અને તમે પોતે જ કહેતા હતા કે તમે છેલ્લા સ્ટેપ પર ઊભા છો તો હવે અચાનક એવું શું થયું? અત્યાર સુધી તમે તીવ્ર આત્મવિશ્વાસમાં રાચતા હતા અને હવે અચાનક આ છેલ્લી મૂર્તિ ઉઠાવ્યા પછી તમને ખબર પડી કે તમે તદ્દન ખોટા હતા?'

'નો વે...' તેણે ડોળા તગતગાવીને ત્વરિત તરફ જોયું, તેના અવાજમાં ફરીથી એવો જ હુંકાર હતો, 'પહેલી મૂર્તિ ઉઠાવવાનું પ્લાનિંગ કર્યું ત્યારે મારા રિસર્ચ પર મને ફક્ત 10 ટકા જ ભરોસો હતો. આજે દેશભરમાંથી 64 મૂર્તિઓ ઉઠાવ્યા પછી હવે મને પાક્કી ખાતરી છે કે મેં ખોજેલા સત્યની બહુ જ લગોલગ હું ઊભો છું અને છતાં ય...' ફરીથી તેનો અવાજ લથડ્યો, '...પહોંચી ન શકાય એટલો દૂર પણ છું. કદી ન પહોંચી શકાય એટલો દૂર...'

'પ્લિઝ સર...' ત્વરિતે ઊભા થઈને તેને પાણીની બોટલ ધરી અને અનુકંપાભેર તેના ખભા પર હાથ મૂક્યો, 'અમે બધા જ બેહદ ગૂંચવાઈ રહ્યા છીએ..' તેણે દૂબળીની આંખોમાં તાકીને ઉમેર્યું, 'વી આર નોટ ઓન્લી ક્યુરિયસ બટ... અમે બધા જ ઇચ્છીએ છીએ કે તમે તમારી જાતને સાચી સાબિત કરો, પણ માંડીને વાત કરો તો સાથે મળીને રસ્તો શોધીએ. અધરવાઇસ... અમે સૌ પાગલ થઈ જઈશું...'

તેણે બોટલમાંથી એકશ્વાસે ચાર-પાંચ ઘૂંટડા ગળા નીચે ઉતાર્યા, હથેળીથી મોં લૂછ્યું, સંમતિસૂચક ગરદન હલાવી, હિરનની સામે ઘડીક જોયા કર્યું અને વાત માંડી...

*** *** ***

ત્રિપુરા સ્ટેટ અને બાંગ્લાદેશની સરહદ પર આવેલ મેલાગઢનો હું જાગીરદાર. મારા બાપ-દાદાઓ વર્મન રાજાઓના સામંત. અઢળક મોટી જાગીર, કોલકાતાના શણનાં કારખાનાંઓમાં હિસ્સેદારી, આસામમાં ચાના બગીચા... બેશુમાર સાહ્યબી છતાં મારા પરિવારમાં ભણતરનું બહુ જ મહત્ત્વ હતું.

મારા પિતાના દાદા સર રત્નાંબર રાય ઈન્ડોલોજીના વિદ્વાન હતા અને ભારતીય ગૂઢ વિદ્યાઓના જર્મન સ્કોલર મેક્સમૂલર સાથે મળીને તેમણે પ્રાચીન ભારતીય લિપિઓનો કૅટલૉગ તૈયાર કર્યો હતો. મારા પિતા મેઘાંબર રાય અમારી જાગીરની દેખભાળ કરતા હતા, પણ વડદાદાનો વિદ્યાવારસો રાખવા તેમણે મને બાળપણથી જ દિલ્હી મોકલી દીધો હતો.

બહુ કાચી વયથી જ હું પરિવારથી દૂર અને એકલો રહ્યો. વાંચવું અને વિચારવું એ બે સિવાય મારી ત્રીજી કોઈ પ્રવૃત્તિ જ ન હતી. રમકડાં રમવાની ઉંમરથી જ હું રત્નાંબર દાદાની સમૃદ્ધ લાઈબ્રેરી ફંફોસતો થઈ ગયો અને એમ જ ભારતીય પૂરાતત્ત્વ, લિપિશાસ્ત્ર, એપીગ્રાફી અને ગૂઢવિદ્યાઓ ભણી આકર્ષાયો.

બાળપણથી જ મારા મનમાં અઢળક વિસ્મયો ખડકાતાં જતાં હતાં. જરાસંધની વાર્તામાં વાંચ્યું કે જરા નામની દાસીએ બે ટુકડામાં વહેંચાયેલા કુંવરના શરીરનાં બે ફાડિયાં જોડીને સજીવન કર્યો ત્યારે હું તેને લેટેસ્ટ પ્લાસ્ટિક સર્જરી સાથે સાંકળવાનો પ્રયત્ન કરતો. મને થતું કે, હજારો વર્ષ પહેલાં આવી પ્લાસ્ટિક સર્જરીમાં આપણે નિપુણ હતા તો એ બધું ક્યાં ખોવાઈ ગયું?

ક્રોધાવેશમાં શિવજીએ પુત્રનું મસ્તક કાપી નાંખ્યું અને પછી તેના સ્થાને હાથીનું મસ્તક જોડી દીધું એવું પુરાણોમાં વાંચું એટલે તેમાંથી મને હેડ ટ્રાન્સપ્લાન્ટ જેવો ધ્વનિ સંભળાય. ક્યાંય દૂર બેઠેલો સંજય દિવ્યચક્ષુ વડે અંધ ધૃતરાષ્ટ્રને મહાભારતના યુદ્ધનો આંખેદેખ્યો અહેવાલ કહી સંભળાવે તેને ય હું લેટેસ્ટ ટીવી રિલે ટેક્નોલોજી તરીકે જોઉં. અર્જુન અગ્ન્યાસ્ત્ર બાણ ચલાવીને ખાંડવવનનું દહન કરી નાંખે તેમાં મને લેટેસ્ટ મિસાઈલ ટેક્નોલોજીની સોડમ વર્તાય.

પણ, આવું તો અનેક ભારતીયો કરતાં હોય છે. ભારતીય તરીકે આપણી સૌથી મોટી નબળાઈ જ મને એ લાગી છે કે, કોઈક નવી શોધ થાય કે નવું કંઈ સંશોધન સામે આવે એટલે તરત 'આવું તો આપણાં શાસ્ત્રમાં ય હતું' એમ કહીને આપણે ફોગટની છાતી ફુલાવી લઈએ છીએ.

છેક બચપણથી મારી પીડા અલગ હતી. મને તો હંમેશાં એ 'હતું'નો વસવસો થાય અને રૂંવાડાં ખોતરી નાંખતો સવાલ મારા મનમાં જાગે કે જો આ બધું હતું તો ક્યાં ગયું? જો ખોવાઈ ગયું છે તો તેનું પગેરું કેમ ન મેળવી શકાય? જો તેનું પગેરું મેળવવાના પ્રયત્નો થયા છે તો એ ક્યાં સુધી જઈને અટકી ગયા છે?

મારા મનમાં પ્રગટતાં અપાર કુતૂહલો, વિસ્મયો અને મારા ગાઢ વાચનનો દોરવાયો હું છેવટે વામપંથ, લકુલિશ પંથ, અઘોર સંપ્રદાય સુધી પહોંચ્યો. કલ્પના કરતાં ય થથરી જવાય એવા પ્રયોગો મેં કર્યા. પુરાતન ગ્રંથોમાં સૂચવેલી વિધિઓની ખરાઈ કરવા માટે અને જો એ વિધિ ખોટી છે તો તેનું અંતિમ સત્ય શું છે, ક્યાં છે, કેવું છે એ જાણવા માટે મેં તીવ્ર મથામણો આદરી.

પણ, એ કામ આસાન ન હતું.

હજારો વર્ષો પૂર્વેનો સતત સંવર્ધિત થતો રહેલો એ જ્ઞાનવારસો હજારો વર્ષોની રાજકીય, સામાજિક, ભૌગોલિક અને કુદરતી ઉથલપાથલોમાં અનેક વાર હાથબદલો પામતો રહીને ધડમૂળથી બદલાઈ ચૂક્યો હતો અથવા નાશ પામ્યો હતો.

ઈસવિસનની બીજી સદીથી ભારત પર શરૂ થયેલાં શક, હુણ, કુશાણના બર્બર આક્રમણોથી

વિનાશકારી દોરનો આરંભ થયો. પછી આઠમી સદીમાં આરબ હમલાવર મુહમ્મદ બિન કાસિમ આવ્યો. દસમી સદીમાં મુહમ્મદ ગઝની અને ઘોરી આવ્યા, વારંવાર આવતા જ રહ્યા. એ પછી તુર્ક અને મંગોલ અને ડચ અને ફિરંગી અને અંગ્રેજ...

અત્યંત જંગાલિયત ભર્યાં આ આક્રમણોમાં પ્રાચીન ભારત ટુકડે ટુકડે કપાતું રહ્યું. આજે કલ્પનાતીત લાગે એવી શિક્ષા આપતી સંસ્થાઓ છિન્નભિન્ન થઈ ગઈ. વલ્લભી, તક્ષશિલા, નાલંદા, ગયા, વિજયા જેવી પ્રાચીન ભારતના જ્ઞાનવારસાનું જીવની જેમ જતન કરતી વિદ્યાપીઠો, લાઈબ્રેરીઓ ભસ્મીભૂત થતી રહી, જ્ઞાનના પરખંદાઓ વટલાતા રહ્યા અને સદીઓ સુધી કારમા બળાત્કારનો એ સિલસિલો અવિરામ જારી રહ્યો.

એ પછી ય કેટલુંક સાહિત્ય સદ્નસીબે બચી શક્યું, પણ સદીઓની ઉથલપાથલ પછી હવે તે મૂળ સ્વરૂપમાં ઓળખી શકાય તેવું રહ્યું ન હતું. ભાષાઓ બદલાઈ ગઈ હતી, જાણતલોની આખી પરંપરા જ નેસ્તનાબૂદ થઈ ચૂકી હતી. અર્થઘટનો અનેક થતાં હતાં, મત-મતાંતરો ય અનેક હતા. કામ કેવું કપરું હતું તેનું એક ઉદાહરણ આપું.

છઠ્ઠી સદીમાં શ્રીધર નામનો એક મહાન ગણિતશાસ્ત્રી થઈ ગયો. તેણે 'શ્રીધરસિદ્ધાંતવિચાર' નામનો ગ્રંથ લખ્યો છે. આ ગ્રંથમાં પાણી પર આસાનીથી, બિલકુલ જમીન પર ચાલતા હોવ તેમજ, કઈ રીતે ચાલી શકાય તેની તરકીબો શીખવી છે. આધુનિક વિજ્ઞાન એ કદી ન સ્વીકારે, કારણ કે પ્રવાહી કરતાં વધુ ઘનતા ધરાવતો પદાર્થ તરી ન શકે એવું વૈજ્ઞાનિક સત્ય સાબિત થઈ ચૂક્યું છે.

તો શું શ્રીધર ખોટો હતો? આધુનિક વિજ્ઞાનના પ્રચલિતની મતની સામે શ્રીધરના અજાયબ લાગતા સિદ્ધાંતને કઈ રીતે મૂકવો? આજે પંદરસો વર્ષ પછી આપણી પાસે એ ગ્રંથ અત્યંત જર્જરિત હાલતમાં પ્રાપ્ય છે અને તેના દોઢસોથી વધુ પાનાંઓ ગાયબ છે. જે પ્રાપ્ય છે તેમાં પણ સાચાં અર્થઘટનો શોધવામાં અને તારવવામાં જ દોઢસો-બસો વર્ષ લાગી જાય. એક આદમીના બસની એ વાત નથી, એ માટે બબ્બે-ત્રણ ત્રણ પેઢી સુધી એકધારા ચોટલી બાંધીને મચી પડીએ તો કદાચ એ શક્ય બને.

એવું જ બીજું ઉદાહરણ વરાહમિહિર નામના બેનમૂન ખગોળશાસ્ત્રીએ લખેલ પુસ્તક 'બૃહદ્સંહિતા'. આ પુસ્તકમાં પૃથ્વી અને અન્ય ગ્રહો વચ્ચેના સંપર્કની એવી-એવી થિયરી, પૃથ્વીના ગુરુત્વાકર્ષણને ઓળંગવાના તર્કો રજૂ થયા હતા કે આજે દુનિયા આપણને બેવકૂફ, તરંગી અને ડાગળી ચસકેલા માની લે. શા માટે આવું થાય છે? શા માટે આવું થઈ રહ્યું છે? કારણ કે આપણે વર્તમાનની ભાષામાં, વર્તમાનની પદ્ધતિમાં એ પ્રાચીન જ્ઞાનને મૂકી શકતાં નથી. ન તો આપણે સિદ્ધાંત આપી શકીએ છીએ કે ન તો પ્રયોગ કરીને સાબિત કરી શકીએ છીએ. પરિણામે આપણે જે કરીએ છીએ તેમાંથી ફક્ત વાતોનાં વડાં જ થાય છે.

મારે એ નહોતું કરવું.

સંપર્કવિદ્યા મારો પ્રખર રસનો વિષય હતો. મારા અભ્યાસ, વાચન અને ચિંતનના આધારે મને પ્રબળ ખાતરી હતી કે આજે આપણે જેને લેટેસ્ટ ઈન્ફર્મેશન ટેક્નોલોજી કહીએ છીએ એ તો પ્રાચીન ભારતીય જ્ઞાનની સરખામણીએ પા-પા પગલી ભરતું બાળકમાત્ર છે.

આધુનિક જ્ઞાન તો હજુ બે મોબાઈલ કે બે કમ્પ્યુટર સુધી પહોંચ્યું છે. પ્રાચીન જ્ઞાન તો એવો જ સંપર્ક બે માનવ દિમાગ વચ્ચે સ્થાપી શકતું હતું. આજે વોટ્સએપ નામની એક એપ્લિકેશનમાં સરખાં રસ-રુચિ ધરાવતા પચાસ-સો લોકો ગ્રૂપ બનાવીને, ભૌગોલિક અંતરની તમામ મર્યાદાઓ અતિક્રમીને પરસ્પર વાર્તાલાપ કે માહિતીની આપ-લે કરી શકે છે, બિલકુલ એવું જ

સદીઓ પહેલાં વગર મોબાઈલે, વગર એપ્લિકેશને શક્ય હતું.

પરંતુ, આવું હું એમ ને એમ કહ્યાં કરું તો દુનિયા મને ગાંડો ગણે. મારે તો નક્કર સાબિતી આપવી હતી. વિજ્ઞાને સ્વીકારેલી ઈન્વેન્શનની આધુનિક પરિભાષામાં મારે સિદ્ધાંત તૈયાર કરવો હતો અને એ સિદ્ધાંતને સ્વીકૃતિ મળે પછી પ્રયોગ વડે તેને સાબિત કરવો હતો.

બનારસ હિન્દુ યુનિવર્સિટી સાથે જોડાયા પછી મારી અભ્યાસુ પ્રકૃતિને જાણે પાંખો મળી હતી. પ્રાધ્યાપકોના ય બે પ્રકાર હોય. એક એવા પ્રકારના પ્રાધ્યાપકો, જે અભ્યાસ કર્યા વગર રોજિંદી ઘરેડમાં વિધાર્થીઓને ભણાવી દે. બીજા એવા કે જે પોતાના વિષયમાં ખપ પૂરતું વાંચીને વિધાર્થીઓ સમક્ષ મૂકે.

પરંતુ, હું ત્રીજા પ્રકારનો પ્રાધ્યાપક હતો. સતત, સઘન વાંચન, મનન અને ચિંતન પછી મન ઊભરાઈ જાય અને મનનો એ ઊભરો વાણી વાટે આપોઆપ પ્રકટે ત્યારે હું દિવસ છે કે રાત, ઘર છે, ઓફિસ છે કે ક્લાસરૂમ એ કશું જ જોયા વગર વિધાર્થીઓને ભણાવવા માંડું અને એ ઊભરો ઓસરે નહીં ત્યાં સુધી થાક્યા વગર ભણાવતો જ રહું.

એવા માહોલમાં મારી ધૂનને સાચી સાબિત કરવા માટે લગાતાર પંદર વર્ષ સુધી મેં એકાકી જિંદગી ગુજારી. સમયનું ભાન વિસારી દીધું. દુનિયાદારીની પરવા છોડી દીધી. સંબંધોની ઉષ્મા ય મેં ત્યજી નાંખી. મારા ધૂની અને ચક્રમપણાથી ત્રાસીને મારી પત્ની શરાબી થઈ ગઈ અને મોતને ભેટી.

મારી એકમાત્ર દીકરી તેના મોસાળમાં ઉછરી. છ-બાર મહિને તેનો મામો મને મેળવવા તેને લઈને આવે ત્યારે હું તદ્દન અજાણ્યા ભાવે તેને જોતો રહું. મારી આંખ તેની સામે મંડાયેલી હોય અને મન જૂની હસ્તપ્રતમાં કે કોઈ મૂર્તિના વણઉકેલ્યા સંકેતોમાં કે કોઈ પ્રાચીન ગ્રંથનાં ખોવાયેલાં પાનાંઓમાં ભટકતું હોય. એ ટબૂકડી છોકરી બિચારી એક ચોકલેટ, એક વ્હાલપભરી પપ્પી, બાપના એક હુંફાળા આગોશ માટે તરસતી નજરે મારી સામે તાકી રહે અને હું અચાનક ઊભો થઈને લાઈબ્રેરીમાં દોડી જાઉં.

કેટકેટલું મેં ગુમાવ્યું, કેટકેટલું મેં તરછોડ્યું, કેટકેટલાં પ્રત્યે હું બેપરવા બન્યો ત્યારે અંગત જિંદગીની બહુ જ ઊંચી કિંમત ચૂકવીને આખરે મેં પ્રાચીન સંપર્કવિધાનો સિદ્ધાંત તૈયાર કર્યો. મને ય ખબર હતી કે મારો સિદ્ધાંત ચોંકાવનારો છે. મને એ પણ ખબર હતી કે તેમાં ઘણી અધૂરપ છે અને મારે હજુ ય ઘણું સાબિત કરવાનું છે.

પરંતુ, સૈદ્ધાંતિક રીતે વિશ્વ તેને પ્રાથમિક માન્યતા આપે તો મારા જેવા અનેક ચક્રમો, ત્વરિત જેવા અનેક ખાંખતિયા વિધાર્થીઓ એ દિશામાં સામૂહિક સંશોધનો કરવા પ્રેરાય, વિજ્ઞાન-વિશ્વની માન્યતા મળે તો સરકારો કે યુનિવર્સિટીઓ પણ એ દિશામાં સહાયતા પૂરી પાડે અને તો હિમાલય જેવડી ઘાસની ગંજીમાંથી સોયની અણી શોધવા જેવું આ દુષ્કર કાર્ય કદાચ પાર પડી શકે.

તેને બદલે પહેલા જ તબક્કે મારી ભયાનક હાંસી ઊડી. મારુ રિસર્ચ પેપર હું પૂરું કરું એ પહેલાં જ અટ્ટહાસ્યના ઠહાકા ઊડવા માંડ્યા. મારી બેફામ મજાક ઊડી. એક જ ઝાટકે મને ચક્રમ, બેવકૂફ, ગધેડો ગણાવીને મેં ગુમાવેલાં પંદર વર્ષ પર પાણી ફેરવી દેવાયું.

તેનો મને એટલો બધો આઘાત લાગ્યો કે હું મહિનાઓ સુધી ગુમસુમ રહ્યો. બનારસ હિન્દુ યુનિવર્સિટી છોડી દીધી. દિલ્હી ય છોડી દીધું. મહિનાઓ સુધી ભિખારીની માફક, બેખબર પાગલની માફક જ્યાં-ત્યાં ભટક્યો. કારમી હતાશા અને દિશાહીન રઝળપાટમાંથી આખરે મારી દીકરીએ મારો હાથ ઝાલ્યો. મને સાંત્વના આપી. મારો ગુમાવેલો આત્મવિશ્વાસ પાછો આણ્યો

અને પછી મારી સામે તેણે એક પ્લાન મૂક્યો.

બેહદ ભયંકર હતો એ પ્લાન.. પણ, મારી જાતને સાચી સાબિત કરવાનો એ એકમાત્ર રસ્તો હતો...

*** *** ***

બપોરે પેલો યંત્રમાનવ જેવો ઉજમ પ્લેટ્સ અને બાઉલ્સના ટેબલની ઘરઘરાટી કરતો અંદર આવ્યો ત્યારે દૂબળીની કેફિયતમાં પહેલી ખલેલ પડી.

જાણે કોઈ જુદી જ દુનિયામાં વસતો હોય તેમ ઉજમ ટેબલ પર યંત્રવત્ ખાવાનું ગોઠવી રહ્યો હતો. એગ કરી પર મરી પાઉડર છાંટીને તેણે સફાઈપૂર્વક બટર સ્લાઈસ છીણી. દરેકની સામે પ્લેટ ગોઠવી. ત્વરિતે આભાર સૂચવતું સ્મિત વેર્યું તો ય એ અકારણ ઘૂરકતો જ રહ્યો અને પ્લેટ, ચમચી, પ્યાલા બધું ગોઠવીને આવ્યો હતો એમ જ યંત્રવત્ ચાલતો થયો.

રાજમા, મેથી-મટર-મલાઈ, પરાઠા, દાલ તડકા, સ્ટીમ્ડ રાઈસ અને ઘીમાં સાંતળેલા લસણની લિજ્જતદાર સોડમથી ઓરડાને જાણે ભૂખ ઊઘડી હોય તેમ એકધારી તંગદિલી પછી દીવાલો હસું-હસું થઈ રહી હતી, પણ કોઈના ચહેરા પર ખાવાની ઇચ્છા વર્તાતી ન હતી.

ત્વરિતની વર્તણૂક સહજ હતી, પરંતુ રાઘવની આંખોમાં પારાવાર કુતૂહલ તરવરતું હતું. છપ્પને કશું બોલ્યા વગર પ્લેટમાં બે પરાઠા મૂક્યા, બે ચમચા સબ્જી નાંખી. ઝુઝારે બોટલનું ઢાંકણું ખોલવા માંડ્યું એ જોઈને હિરને તેના ટેબલ તરફ ગ્લાસ ખસેડ્યો.

‘કોઈ જરૂર નથી...’ ઝુઝારે તરત આડો હાથ ધરીને તોછડાઈપૂર્વક જવાબ વાળ્યો. આ છોકરીએ બબ્બે વાર પરાસ્ત કર્યો હતો તેનો આઘાત હજુ ય એ વિસરી શકતો ન હતો.

તેણે સીધી જ બોટલ મોઢે માંડીને ત્રણ-ચાર-પાંચ મોટા ઘૂંટ ગળા નીચે ઉતાર્યા અને ગંદા અવાજે ખોંખારો ખાઈ નાંખ્યો. જીભથી લઈને જઠર સુધીના પ્રવાસમાર્ગમાં કોરેકોરો રમ લાય લગાડે પછી જ ઝુઝારનું ચિત્તતંત્ર કાર્યરત થતું હતું.

‘આ મકાન કોનું છે?’ પહેલો કોળિયો મોંમાં ઉતારતાં રાઘવે સહજ અવાજે પૂછી નાંખ્યું એ સાથે સૌના હાથ થંભી ગયા.

નીચે જોઈને જમી રહેલી હિરનનાં જડબાં સહેજ તંગ થયાં પણ દૂબળી એવો ને એવો જ સ્વસ્થ હતો.

‘નો વેસ્ટેડ ઈન્ટરેસ્ટ...’ પોતાના સવાલનો તરત જવાબ ન મળ્યો એટલે રાઘવે વગર પૂછ્યે સફાઈ પેશ કરવા માંડી, ‘અહીં બધી જ સુવિધાઓ થઈ રહે છે એટલે મને જરા નવાઈ લાગી...’

‘નથિંગ ટૂ હાઈડ નાવ...’ દૂબળીએ ચમચી વડે રાજમા મોંમાં મૂક્યા. ઘડીક ચાવ્યા કર્યું અને પછી હિરન તરફ હાથ લંબાવ્યો, ‘આ બધું જ તેના જડબેસલાક પ્લાન મુજબ થાય છે.’

કોઈ કશું બોલ્યું ન હતું, કોઈએ કશું પૂછ્યું ન હતું તેમ છતાં ય ચારેયની નજર પોતાના ભણી મંડાયેલી છે તેના અહેસાસથી હિરન થોડી અસહજ બની. તેના ગોરા, કુમાશભર્યા ચહેરા પર લાલઘૂમ ઉશ્કેરાટ અંકાવા માંડ્યો. તેની હાઈટ સહેજ ઓછી હતી, બાંધો ભર્યોભર્યો હતો, પણ તેની પ્રત્યેક બોડી લેંગ્વેજમાં અપાર સ્ફૂર્તિ વર્તાતી હતી અને આંખોમાં જંગલી પ્રાણી જેવી હિંસક સતર્કતા.

પલભરમાં ચહેરા પરના ભાવ ખંખેરીને તેણે જમવાનું ચાલુ રાખ્યું.

‘મૂર્તિનું લોકેશન નક્કી થાય એટલે તરત એ પ્લાનિંગ શરૂ કરી દે. ક્યાં મકાન જોઈશે, મકાન

મેળવવા માટે ખોટા પુરાવા કેવી રીતે ઊભા થશે, છપ્પનને કોણ, ક્યારે અને કેવી રીતે ફોલો કરશે એવી દરેક બાબતનું બેહદ ઝીણું પ્લાનિંગ કરવામાં એ માહેર છે.'

'તો પછી...' એકધારા હિરનને નીરખી રહેલા ત્વરિતથી અનાયાસે પુછાઈ જ ગયું, 'તમારા પ્લાનિંગમાં ક્યાં કચાશ રહી ગઈ કે હવે છેડે આવીને તમે હતાશ થઈ ગયા છો?'

'ઈટ્સ માય ફોલ્ટ...' દૂબળીએ અસહાય નજરે હિરનની સામે જોઈને ડોકું ધુણાવ્યું, 'ઈટ્સ ઓલ માય ફોલ્ટ..'

જમવાનું પત્યું એટલે ઉજમ ફરી એક વાર રૂમમાં પ્રવેશ્યો, ફરીથી કશું જ બોલ્યા વગર ચાવી દીધેલા રમકડાંની માફક ફટાફટ ઓરડો યથાવત્ કરી દીધો અને ફરીથી દૂબળીએ વાત માંડી.

*** *** ***

'હું પારાવાર હતાશામાં હતો, આપઘાત કરી લેવાના વિચારો કરતો હતો, મારી આખીય જિંદગીનું બધું જ કર્યું-કારવ્યું ધૂળમાં મળી ગયું હોય તેમ મને લાગતું હતું ત્યારે હિરને મને ઝકઝોર્યો હતો, 'તમે નક્કી કરો, જિંદગીભર આમ જ હતાશામાં ડૂબેલા રહેવું છે કે માથું પટકીને રસ્તો કરવો છે?'

- પણ હું તેને કેમ સમજાવું કે રસ્તો કરવા માટે એક માણસની એક જિંદગીનું એક માથું ઓછું પડે એટલું ગંજાવર આ કામ હતું.

તેમ છતાં ય તેના પારાવાર આગ્રહ પછી મેં તેને મારી થિયરી અને તેમાં રહેલી સાવ પાતળા તરણા જેવી શક્યતાઓ સમજાવવા માંડી.

સંપર્કવિજ્ઞાનની થિયરીનો વિચાર મને સૂઝ્યો બે ગ્રંથમાંથી, સૌભાગ્યભાસ્કર અને ચંદ્રલામ્બામહાત્મ્ય. બંને ગ્રંથોનો રચયિતા ભાસ્કરાચાર્ય તો હજુ હમણાંનો, અઢારમી સદીનો વિદ્વાન. શાક્તમતના પુરસ્કર્તા તરીકે તેનું પ્રદાન અદકેરું છે. ચંદ્રલામ્બામાહાત્મ્યમાં તેણે 8 મુખ્ય વિધા અને તેની 8 પેટા વિધા એમ કુલ 64 વિધાઓનાં નામ લખ્યાં છે.

એ નામ હું કંઈ પહેલી વાર નહોતો વાંચતો. ઈન્દ્રાણીમુક્તિનિયંત્રી, માહેશ્વરી પરાશક્તિ, ધૂમાવતી કુંડલિની વગેરે વિધાઓનાં નામ મેં આ પહેલાં પણ વાંચેલાં હતાં, પરંતુ ભાસ્કરાચાર્યે એ દરેકનું અર્થઘટન આધ શંકરાચાર્યની વિવિધ સ્તુતિઓ સાથે જોડ્યું હતું. હું ફરીથી આધ શંકરાચાર્યે રચેલી એ દરેક સ્તુતિઓ આ નવા અર્થઘટનથી જોઈ ગયો.

મારા માટે પ્રચંડ અચરજની એ પહેલી ક્ષણ હતી. આધ શંકરાચાર્યે સરળ સ્તુતિના સ્વરૂપમાં બહુ મોટો ભેદ સમાવી લીધો હોય તેમ મને પહેલી વાર અનુભવાયું. એમનાં તમામ ભાષ્યો હું ફરી-ફરી વાંચતો ગયો. દેખીતા અર્થની પાછળ ડોકાતા ગૂઢાર્થ, સૂચિતાર્થનું અનુમાન કરતો ગયો. એકમાંથી બીજી કડી, બીજામાંથી ત્રીજી કડી એમ મારા હાથમાં એક આખી સાંકળ તૈયાર થવા લાગી.

આધ શંકરાચાર્ય એટલે ઈસવીસનની આઠમી-નવમી સદીનો સમયગાળો. એ સમયે સમગ્ર ભારત વિધર્મીઓનાં હિંસક, બર્બર આક્રમણો તળે તબાહ થવા લાગ્યું હતું. આગામી સમય ભારત માટે કેવો ભયાનક હશે તેનો આગોતરો અંદાજ પારખીને આધ શંકરાચાર્યે સમગ્ર ભારતમાં વેરવિખેર પડેલી પ્રાચીન વિધાઓ એકત્ર કરવા માંડી.

અત્યંત પ્રાચીન હસ્તપ્રતો, ભોજપત્રો, તામ્રપત્રો, તાલપત્રો જેવા જર્જરિત સ્વરૂપમાં મળેલા અઢળક ગ્રંથો એ હજારો વર્ષ જૂના ભારતીય જ્ઞાનનો અણમોલ ખજાનો હતો અને બીજાં હજારો વર્ષો સુધી એ યથાવત્ સચવાય એ જરૂરી હતું. એ લિપિઓ હજુ ઉકેલી શકાતી હતી

ત્યાં સુધીમાં તેમણે તેની નકલો કરાવવા માંડી.

હાલમાં ઉત્તર અને પશ્ચિમ સરહદો પર થતાં બર્બર વિધર્મી આક્રમણો ભવિષ્યમાં સમગ્ર દેશમાં ફેલાશે અને તબાહીનું તાંડવ મચી જશે એવું પામી ગયેલા આદ્ય શંકરાચાર્યે પ્રાચીન જ્ઞાનના રક્ષણ માટે આબાદ વ્યવસ્થા ગોઠવી. તેમણે દેશના ચાર ખૂણે ચાર મઠ સ્થાપિત કર્યા અને પ્રાચીન જ્ઞાન દેશભરમાં ખૂણેખૂણે વ્યક્તિગત સ્વરૂપે સચવાઈ રહે તે હેતુથી દશનામી સંપ્રદાય રચ્યો. આ સંપ્રદાય આજે પણ અસ્તિત્વમાં છે.

ગિરિ, પુરિ, વન, પર્વત, ભારતી એવા દસ પ્રકારે વહેંચાયેલા આ સંપ્રદાયે પ્રાચીન ભારતીય જ્ઞાનવારસાના રક્ષણ માટે પેઢીઓની પેઢી સુધી અત્યંત મૂલ્યવાન જવાબદારી વહી છે. ગિરિ એટલે ગિરિમાળાઓમાં વસનારા, પુરિ એટલે નગરમાં વસનારા, વન એટલે જંગલમાં રહેનારા, ભારતી એટલે સમગ્ર ભારતનું વિચરણ કરનારા...

આદ્ય શંકરાચાર્યે આવી જ બીજી સમાજરચના કૌંઢ્ય પ્રથા તરીકે દક્ષિણ ભારતમાં લાગુ કરી. બ્રાહ્મણો અને એકદંડી સાધુઓનાં અનેક જૂથો તેમણે રચ્યાં અને એક જૂથ-એક વિદ્યા એ રીતે પરંપરા બનાવી. દશનામીઓ હાર્ડ નોલેજનું વહન કરે અને કૌંઢ્યો સૉફ્ટ નોલેજને જાળવી રાખે. આ વ્યવસ્થામાં કોઈ એક વ્યક્તિ કે એક રાજ્ય પર આધારિત તંત્રને બદલે દેશભરમાં ખૂણેખૂણે ફેલાયેલા સમગ્ર સમાજને શંકરાચાર્યે જ્ઞાનની જાળવણીમાં જોતરી દીધો હતો.

પરિણામે ઈસ્લામિક આક્રમણો ઉત્તરથી મધ્ય ભારત સુધી પ્રસર્યાં ત્યારે ભારતીય જ્ઞાનનો આ ખજાનો દક્ષિણ-પૂર્વ અને પશ્ચિમમાં કેન્દ્રિત થતો રહ્યો. એ વિસ્તાર પર પણ જોખમ ઊભું થયું ત્યારે સેંકડો વર્ષોની જહેમત પછી એ પંજાબના રસ્તે છેક કાશ્મીરની ઘાટીઓમાં પહોંચ્યો.

આ સમગ્ર બેકગ્રાઉન્ડ સમજાવ્યા પછી હવે ફરીથી મારી થિયરીની વાત પર આવું.

આપણાં પુરાણોમાં જે 64 કળાની વાત છે એ તમામ કળા સંપર્કવિજ્ઞાન સંબંધિત છે. આજે એ બધું જ લુપ્ત થઈ ચૂક્યું હોવાનું આપણે માનીએ છીએ. એ 64 કળા પૈકી કર્ણપિશાચિની, હસ્તપ્રલંબ, દીર્ઘસ્વરૂપાયની જેવી ગણી-ગાંઠી વિદ્યાઓ સિવાય બીજાં નામ સુધ્ધાં આપણે વિસરી ચૂક્યા છીએ. કર્ણપિશાચિની એટલે એક એવી વિદ્યા જેમાં એક સ્થળે બેઠેલી વ્યક્તિ બહુ દૂરના સ્થળે થતી વાતચીત સાંભળી શકે, હસ્તપ્રલંબનો જાણકાર વ્યક્તિ દૂર રહીને એક આખા જૂથ સાથે સંપર્ક જાળવી શકે, દીર્ઘસ્વરૂપાયનીમાં બે વ્યક્તિ એકબીજા સાથે એક પણ અક્ષર બોલ્યા વગર વાર્તાલાપ કરી શકે.

તમારી સૌની આંખમાં જોઈને હું તમારા મનમાં ઊગતા સવાલ વગર પુછાયે સાંભળી લઉં છું, હું અને હિરન વગર બોલ્યે એકબીજા સાથે વાર્તાલાપ કરી શકીએ છીએ, છપ્પન મૂર્તિ ઉઠાવે ત્યારે તેને ફોલો કરી રહેલી હિરન ત્યાંથી જ મને માહિતી આપે અને તમારી સાથે વાતો કરતી વખતે અચાનક મને તેનો અસ્ફુટ અવાજ સંભળાઈ જાય એ મેં દીર્ઘસ્વરૂપાયનીના અભ્યાસ વડે સિદ્ધ કર્યું છે.

- એન્ડ બીલિવ મી, હું તો હજુ દીર્ઘસ્વરૂપાયનીના પહેલા પગથિયે જ ઊભો છું. સમગ્ર વિદ્યા તો મારે હજુ જોવાની ય બાકી છે. ઘણી વાર હું સામેની વ્યક્તિના વિચાર ઓળખવામાં થાપ ખાઉં છું. ઘણી વાર મારું મગજ કમ્યુનિકેશન લિન્ક સ્થાપી નથી શકતું.

શાંકરભાષ્યમાં વારંવાર અનેક જગ્યાએ કહેવાયું હતું કે કુપાત્રના હાથમાં કેટલીક વિદ્યાઓ ન જવી જોઈએ. તેમણે એવો ય આદેશ કર્યો હતો કે સાંસારિકો માટે કેટલીક વિદ્યાઓ ત્યાજ્ય છે. યૌગિક વિદ્યાઓ શીખવા માટે પણ તેમણે ચોક્કસ માપદંડો આપ્યા હતા. નકારાત્મક માનસિકતા ધરાવતી વ્યક્તિઓના હાથમાં આ વિદ્યાઓ ન જાય તે માટે તેમણે તમામ યૌગિક

વિદ્યાઓને વિવિધ સંકેતો વડે ગોપનીય બનાવી દીધી હતી. પરિણામે, હજારો વર્ષની ઉથલપાથલ પછી હવે એ શોધવી વધુ દોહ્યલી બની હતી.

આ બધી વિદ્યાઓને એક એક દેવી સાથે સાંકળી અને એ દેવીને શક્તિનું સ્વરૂપ માનવામાં આવ્યું. આ દરેક વિદ્યા યોગક્રિયા સાથે સંકળાયેલી હતી માટે દરેક વિદ્યાની સ્કૂલ તરીકે એક દેવીનું નામ આપવામાં આવ્યું અને એમ 64 યોગિની બની. પરંતુ હજારો વર્ષ પછી મૂળ અર્થ અણસમજ તળે દટાતો રહ્યો.

64 યોગિની અપભ્રંશ થઈને જોગણી થઈ ગઈ. ઓરિજિનલ સાયન્સ તો ક્યાંય ખોવાઈ ગયું હતું અને તેના નક્કર પુરાવાઓ તો હતા નહીં એટલે આ બધું 'પુરાણોની વાર્તા'માં ખપી ગયું. ખરેખર તો એ યોગિની અથવા દેવી એટલે ચોક્કસ વિદ્યાપીઠ યાને સ્કૂલ ઓફ પર્ટિક્યુલર સાયન્સ અને શક્તિ એટલે જ્ઞાન, વિઝડમ એવો અર્થ થાય છે, પરંતુ ધર્મ સાથે જોડીને આપણે ઠાલાં વિધિવિધાનમાં સરી પડ્યા અને મૂળ વિદ્યા વિસરાતી જ ગઈ. પરિણામે, આધુનિક વિજ્ઞાન તરીકે તેને સ્વીકૃતિ મળે એવો ન તો આપણી પાસે સિદ્ધાંત બચ્યો હતો કે ન તો

પ્રાયોગિક રીતે એ સિદ્ધ થઈ શકતું હતું. પ્રયોગ કરવાની તો મારી ક્ષમતા ન હતી એટલે મેં પ્રથમ સૈદ્ધાંતિક રીતે આ તર્કને એકસૂત્ર કરવાનો પ્રયત્ન કર્યો. માનવીય દિમાગ વચ્ચે સંપર્ક સાધી આપતી 64 પ્રાચીન વિદ્યાઓ, દરેક વિદ્યાની એક સ્કૂલ, દરેક વિદ્યા હાંસલ કરવાની ચોક્કસ પદ્ધતિ, પ્રાણાયામથી માંડીને યોગ અને કુંડલિનીજાગૃતિથી માંડી ચક્રભેદ જેવી વિધિઓ વડે માનવ મગજનાં વિભિન્ન રસાયણો ઉત્તેજિત કરીને તેનાં વાઈબ્રેશન્સ દ્વારા પરસ્પર સંપર્ક સાધી શકાય એવા તર્કના આધારે મેં થિયરી તૈયાર કરી, જેને દુનિયાએ બહુ બૂરી રીતે હસી કાઢી.

મારું કહેવું એમ હતું કે આદ્ય શંકરાચાર્યે દેશભરમાં આ જ્ઞાન પ્રસરાવી દીધું છે, પણ તેમ છતાં ય એ જ્ઞાનની પ્રાપ્તિ માટે કેટલાંક સંકેતો મૂક્યા છે. આપણે એ સંકેતો શોધવા પડે અને પછી સંકેતોના રસ્તે મૂળ જ્ઞાન સુધી પહોંચવું પડે. એક વ્યક્તિથી આ કામ ન થઈ શકે. એ માટે જાણકારો, વિદ્વાનોનો આખો સમૂહ મચી પડવો જોઈએ અને તો કદાચ 25-50 વર્ષે મૂળ સુધી પહોંચી શકાય.

મારી બેરહેમ હાંસી ઉડ્યા પછી હવે મારી જાતને સાબિત કરવાનો મારી પાસે એક જ રસ્તો બચ્યો હતો. હિરનનું કહેવું હતું કે, હું એકલો જ એ ગંજાવર, અશક્ય અને મહામુશ્કેલ કામ હાથ પર લઉં. જ્યાં-જ્યાં આ પ્રાચીન જ્ઞાનના સંકેતો ફેલાયેલા છે તેનો કેડો મેળવું. આદ્ય શંકરાચાર્યે દેશભરમાં છુપાવેલા વિવિધ સંકેતો સુધી જો પહોંચી શકાય તો જ્ઞાનનો આ પ્રાચીન વારસો કદાચ પામી શકાય.

અમે આદ્ય શંકરાચાર્યનાં વિવિધ ભાષ્યોમાંથી મળતા સંકેતોને ક્રમબદ્ધ કરવા માંડ્યા. એમાંથી આઠ મુખ્ય વિદ્યા અને આઠ પેટા વિદ્યાના સંકેત તરીકે કુલ 64 પ્રતિમાઓ છે એવું તો નક્કર રીતે જાણવા મળ્યું, પરંતુ એ પ્રતિમાઓ ક્યાં છે તેનું કોઈ ઠેકાણું શંકરાચાર્યનાં લખાણોમાં ક્યાંય સાંપડતું ન હતું.

અમે પારાવાર લમણાઝીંક કરી, દિવસ-રાત એક કરીને આંખો ફાડી ફાડીને એક એક લીટીનાં, પ્રત્યેક શબ્દનાં થઈ શકે એટલાં અર્થઘટનો કરી જોયાં ત્યારે એક વાક્યે મારું ધ્યાન ખેંચ્યું. એક જગ્યાએ શંકરાચાર્યે લખ્યું હતું, 'પ્રપંચસ્ય સર્વાણિ ભેદાનિ શ્રીધરેણ ગોપિતાનિ' અર્થાત્ સૃષ્ટિનાં આવાં કેટલાંક રહસ્યોને શ્રીધરે છુપાવ્યાં છે.

હવે બુદ્ધિના સાક્ષાત્ બાપ જેવા શંકરાચાર્યની ચાલાકી જુઓ.

શ્રીધર એટલે? શ્રી એટલે લક્ષ્મી અને શ્રીને ધારણ કરનાર એટલે વિષ્ણુ. પહેલો અને મન તરત સ્વીકારી લે એવો અર્થ થાય કે વિષ્ણુએ સૃષ્ટિના કેટલાંક ભેદ છુપાવ્યા છે. અનેક વાર આ પંક્તિમાંથી પસાર થવા છતાં મને પણ આવો જ અર્થ સૂઝ્યા કર્યો હતો, પણ એક મેઘલી રાતે અનરાધાર વરસાદ વરસતો હતો. શંકરાચાર્યની ભામતી ટીકા સાથે માથાફોડી કરીને હું પથારીમાં બેચેનીપૂર્વક પડખાં ઘસી રહ્યો હતો અને અચાનક વીજળીના પ્રચંડ ઝબકારાએ મારા મનમાં હજારો વાદળોની ગડગડાટી જેવો વિસ્ફોટ કરી નાંખ્યો.

મને થયું કે, શંકરાચાર્ય તો શૈવ-શાક્ત મતના ઉગ્ર સમર્થક હતા. તો પછી તેમણે અકારણ અહીં વિષ્ણુનો ઉલ્લેખ કેમ કર્યો? એ સવાલના જવાબમાંથી મને બીજો સવાલ ઊગ્યો કે શ્રીધર એટલે વિષ્ણુ ન હોય અને ખરેખર કોઈ અન્ય શ્રીધર હોય તો?

ઝાટકાભેર પથારીમાંથી ઊભો થઈને હું લાઈબ્રેરીમાં ધસી ગયો. શંકરાચાર્યના સમકાલીન વિદ્વાનોની નામાવલિ ચેક કરવા માંડ્યો અને મને મળી ગયો શ્રીધર... નવમી સદીમાં, શંકરાચાર્યની બિલકુલ હરોળમાં થઈ ગયેલો મહાન ગણિતશાસ્ત્રી શ્રીધર. હવે મારે એ શ્રીધરનાં લખાણોમાં ખાંખાંખોળા કરવા પડે તેમ હતા પણ એ ઘાસની ગંજીમાંથી સોય શોધવાથી ય અનેકગણું કપરું હતું.

- એન્ડ બીલિવ મી, મેં એ પણ કર્યું.


આઠમી-નવમી સદી આસપાસની મનાતી હોય એવી હસ્તપ્રતો હાલ દુનિયામાં ક્યાં ક્યાં છે તેનો મેં તાગ લેવા માંડ્યો અને તેનો છેડો નીકળ્યો છેક રોયલ એશિયાટિક સોસાયટી ઓફ લંડન સુધી.

ભારતની કમનસીબી જુઓ. ઈસ્લામિક આક્રમણકારોએ અત્યંત ઘાતકી રીતે ભારતીય વિદ્યાપીઠો, પુસ્તકાલયોનો નાશ કરી નાંખ્યો હતો, તલવારની ધારે ધર્માંતર કરાવીને આખી પરંપરાઓ ભૂંસી નાંખી હતી અને ચબરાક અંગ્રેજ આક્રમકોએ ભારતીય જ્ઞાનવારસાનું મૂલ્ય પારખીને જે મળ્યું એ બધું જ ઘરભેગું કરી દીધું હતું, પણ બેય કિસ્સામાં આપણાં ભાગે તો ગુમાવવાનું જ આવ્યું હતું.

રોયલ એશિયાટિક સોસાયટી ઓફ લંડન ભારતમાંથી મેળવેલા આવા બેશકીમતી ખજાનાથી તરબતર છે અને આપણને તેની ખબર તો નથી જ, પરવા પણ નથી.

એવી જ એક હસ્તપ્રત બહુ જ રોચક ઇતિહાસ ધરાવે છે.

વાત છે સન 1881ની. પેશાવર નજીકના બખ્શાલી ગામે કોતવાલ રહિમયાર ખાન એ દિવસે ધુંઆપુંઆ હતો. તેના વિસ્તારમાં એક ખૂન થયું હતું. ખૈબર પખ્તુનના આ અરાજક પ્રાંતમાં ખૂનખરાબાની કોઈ નવાઈ ન હતી, પણ આ ખૂન અંગ્રેજ કેપ્ટન સાથે સારાસારી ધરાવતા એક શાહુકારનું હતું એટલે તેની ભાળ મેળવવા માટે કોતવાલ રહિમયાર ખાન પર પસ્તાળ પડી હતી.



હત્યારો તો પકડાયો હતો, પણ લાશની ભાળ મળતી ન હતી. ગિન્નાયેલા કોતવાલે આરોપીને મારી-મારીને અધમૂઓ કરી નાંખ્યો ત્યારે તેણે બખ્શાલી ગામની સીમમાં આવેલા એક

અવાવરું મકાનમાં લાશ દાટી હોવાનું કબૂલ્યું. રહિમયાર ખાને હત્યારાને ભેગો રાખીને દાયકાઓથી અવાવરું પડેલા એ મકાનની તૂટેલી ભીંતો અને ભાંગેલી પરસાળનું ખોદકામ કરાવવા માંડ્યું. લાશ તો લાશના ઠેકાણે રહી, પણ મકાનની પરસાળના છેડેથી પંદરેક ફૂટ ઊંડે દાટેલું લાકડાનું એક ભેદી ખોખું મળી આવ્યું અને એ ખોખામાં હતી ભોજવૃક્ષની છાલ પર લખાયેલી એક અત્યંત જર્જરિત હસ્તપ્રત.

બખ્શાલી મેન્યુસ્ક્રીપ્ટ તરીકે ઓળખાતી એ હસ્તપ્રત હાલ રોયલ એશિયાટિક સોસાયટીમાં છે. ઈસવીસનની આઠમી-નવમી સદી આસપાસની મનાતી એ હસ્તપ્રતમાં વર્ગમૂળ, ઘનમૂળ કાઢવાની પદ્ધતિઓ તેમજ ક્ષેત્રફળ અને ઘનફળ કાઢવાની રીત વર્ણવવામાં આવી છે. શંકરાચાર્યનો સમકાલીન ગણિતશાસ્ત્રી શ્રીધર તેનો રચયિતા હોવાનું મનાય છે.

હું લંડન પહોંચ્યો.

હાથ અડે તો ય ભાંગીને ભુક્કો થઈ જાય એવી બિસ્માર એ હસ્તપ્રતનાં 70 જેટલાં પાનાં મળ્યાં હતાં અને બાકીનાં 200 જેટલાં પાનાંઓ ગાયબ હતા. હાલ વિસરાઈ ગયેલી શારદા લિપિમાં લખાયેલી એ હસ્તપ્રતમાં ગણિતનાં સંકેતો અને સૂત્રોમાં ત્રણ નામ ગૂંથેલાં જણાયાં. એ ત્રણ નામ એટલે આઠમી સદીનો ખગોળશાસ્ત્રી મન્વાચાર્ય, લલ્લ અને શ્રીસેન.

આ ત્રણેય વિદ્વાનો ઉપરાંત શ્રીધરે રચેલી અને પેઢી દર પેઢી હાથબદલો પામતી રહેલી કેટલીક હસ્તપ્રતો જમ્મુ સ્થિત રઘુનાથ મંદિરના ભોંયરામાંથી મળી આવી હતી.

આદ્ય શંકરાચાર્યે રચેલી દશનામી-કૌંઢ્ય પરંપરાના વાહકોએ તદ્દન ગુમનામીમાં રહીને પારાવાર જતનપૂર્વક આશરે એક હજાર વર્ષ સુધી ભારતીય જ્ઞાનનું રક્ષણ કર્યું હતું, પરંતુ અઢારમી સદીના આરંભે મુઘલ સલ્તનત વ્યાપક બની ગઈ, છેલ્લી આશા સમા મરાઠાઓ પણ પરાસ્ત થઈને વિભાજિત થઈ ગયા, અંગ્રેજિયતની નવી સત્તાનો સૂર્ય ક્ષિતિજ પર ડોકાવા લાગ્યો ત્યારે ભારતીય જ્ઞાનનો આ મહામૂલો વારસો કાશ્મીરની ચિનાબ નદી વાટે કાંઠે બનાવાયેલા એક ભોંયરા વડે જમ્મુની મધ્યમાં એક વિશાળ ભૂગર્ભ ઓરડામાં પહોંચ્યો. એ ભૂગર્ભ ઓરડાનું હંમેશાં રક્ષણ થાય એ હેતુથી તેના પર મંદિર બાંધી દેવામાં આવ્યું.

લગભગ દોઢસો વર્ષ પછી એ ભોંયરું મળ્યું ત્યારે ત્યાંથી પણ સંખ્યાબંધ હસ્તપ્રતો ગાયબ થઈ ચૂકી હતી. જે કંઈ મળ્યું એ અત્યારે દિલ્હી, પૂણે અને પટનામાં રઘુનાથ લાઈબ્રેરી તરીકે સચવાયેલું છે.

મેં એ ત્રણેય જગ્યાની રઘુનાથ લાઈબ્રેરીના કૅટલૉગ ચકાસ્યા અને શ્રીધરે ઉલ્લેખેલા વિદ્વાનોની હસ્તપ્રતો મેળવી ત્યારે ચાર વિદ્વાનોની ચાર અલગ અલગ વિષયની હસ્તપ્રતોમાંથી મને કુલ 64 મૂર્તિઓનાં ઠામઠેકાણાં અને સંકેતો જાણવા મળ્યાં.

અત્યાર સુધીનું મારું કાર્ય એક સંશોધક તરીકેનું હતું, પણ હવે મારે જો આગળ વધવું હોય તો એ દરેક મૂર્તિઓનો સઘન અભ્યાસ કરવો પડે. મૂર્તિની સામે ઊભા રહીને એ શક્ય ન બને, કારણ કે શંકરાચાર્યે એક મૂર્તિમાં દરેક વિદ્યા એકસરખી રીતે આલેખી હોય તે શક્ય ન હતું. એ ભેજાંબાજ આદમીએ તેમાંય અપાર ચબરાકીઓ કરી હતી. એક મૂર્તિમાં એક મંત્ર અડધો હોય અને બીજું અડધિયું ચોથી મૂર્તિમાં મળે. સૂત્રો કોતર્યાં હોય તો તેનો ઉકેલ વળી છઠ્ઠી મૂર્તિમાં હોય.

નાછૂટકે મેં મૂર્તિઓ ઉઠાવવાનું નક્કી કર્યું. મારી જાગીરનો બહુ મોટો હિસ્સો વેચી નાંખ્યો. હવે બે-અઢી કરોડ રૂપિયા જેટલી રોકડ રકમ મારી પાસે હતી. પૈસા ખર્ચવાનો હવે કોઈ પ્રશ્ન ન હતો. હિરને આબાદ મૂર્તિચોર તરીકે છપ્પનસિંઘને શોધી કાઢ્યો. છુટ્ટા મોંએ રૂપિયા વેરીને એક

પછી એક મૂર્તિઓ હું ઉઠાવતો ગયો. છપ્પનથી કેમ છાના રહેવું, કેવી રીતે ક્યાંય આપણું પગેરું મૂક્યા વગર પણ આપણો કમાન્ડ હાવી રાખવો એ બધું જ આયોજન હિરનનું હતું.

ટેમ્પો ટ્રેવેલર મોડિફાઈ કરીને તેને જ અમે અમારું ઘર બનાવી દીધું. મારો ત્રણ પેઢીનો વફાદાર નોકર ઉજમ બહાદુર થાપા પણ લોહીની વફાદારીને લીધે અમારી સાથે જોડાયો.

- અને એમ હું આ 64મી મૂર્તિ સુધી પહોંચી ચૂક્યો છું. મારા તર્કની સચ્ચાઈની સાવ નજીક અને છતાં ય બહુ જ દૂર... પહોંચી ન શકાય તેટલો દૂર...'

*** *** ***

તે ઊભો થયો. તૂટતાં કદમે રાઘવ ભણી આગળ વધ્યો. તેની આંખો સજળ હતી. ગાલ પર ક્ષોભની ધ્રૂજારી હતી.

ઓરડામાં કારમી સ્તબ્ધતા ઘૂમરાતી હતી. દરેકના ચહેરા પર અજાયબ છળ જોયાનો પ્રચંડ આઘાત તરવરતો હતો. જડબુદ્ધિનો ઝુઝાર પણ ડોળા ફાડીને દૂબળીના ક્ષીણ, ફિક્કા ચહેરાને તાકી રહ્યો હતો. ત્વરિત એટલી હદે બેબાકળો થઈ ગયો હતો કે પ્રોફેસરના પગમાં પડી જવા તત્પર બની ગયો હતો. પોતે કેટલા વિરાટ અને દુષ્કર કામનો હિસ્સો હતો તેના અહેસાસથી છપ્પન મંત્રમુગ્ધ થઈ ગયો હતો.

ફક્ત બે જ ભાવ સ્થાયી હતા. હિરનના ચહેરા પરનો ઉશ્કેરાટ અને દૂબળીના ચહેરા પરની ગ્લાનિ.

'મારી દીકરી, ઉજમ અને છપ્પનને જવા દે, પ્લિઝ...' તેણે ધીમાં અવાજે ડૂસકું ભર્યું અને રાઘવની સામે નત મસ્તકે ઊભો રહી ગયો.

'બટ વ્હાય...??' ફાટી આંખે દૂબળીને તાકી રહેલા રાઘવે પૂછી નાંખ્યું, 'વાંધો ક્યાં છે? તેં આટલું કર્યું છે યાર... તું આટલું મથ્યો છે... તો હવે ક્યાં ભૂલ થઈ તારી? કેમ સરન્ડર થઈ જવાનું કહે છે?'

'64મી મૂર્તિ મેળવ્યા પછી મારી હામ તૂટી ગઈ છે...' તેના ગળે ડૂમો બાઝી રહ્યો હતો, 'મને હતું કે તમામ 64 મૂર્તિ મળી જશે પછી હું મારો સિદ્ધાંત પ્રાયોગિક રીતે સાબિત કરી શકીશ પણ હવે એ શક્ય નથી.'

'પણ કેમ એ શક્ય નથી? તું બોલ યાર... ખૂલીને બોલ...' બેબાકળો થયેલો રાઘવ લગભગ ચિલ્લાઈ ઊઠ્યો.

'કારણ કે, 64 મૂર્તિ મેળવ્યા પછી જે પદ્ધતિ મળવાની મારી ધારણા હતી એ ખોટી ઠરી છે. મને તો કેવળ 64 સૂત્ર મળ્યાં છે અને એક સૂત્ર એ એક મોટા ગ્રંથનો હિસ્સો છે. મતલબ કે મારે હવે એવા 64 ગ્રંથોની ભાળ મેળવવી પડે.'

'તો શું વાંધો છે સર??' ત્વરિત રીતસર ભાવાવેશમાં આવીને ઊભો થઈ ગયો, 'કોઈ કલ્પી ન શકે એવું કામ તમે એકલે હાથે કર્યું છે તો હવે અમે તમારી સાથે છીએ. આપણે એ 64 ગ્રંથોની ભાળ મેળવશું...'

'ઈટ્સ નોટ પોસિબલ...'

'બટ વ્હાય?'

'કારણ કે, એ તિબેટમાં છે.'

*** *** ***

મધરાતે ગાઢ ઊંઘમાંથી ઉઠાડીને કોઈએ જાણે બળુકા હાથની રાઠોડી લપડાક ઠોકી દીધી હોય તેમ સૌના ચહેરા પર પ્રચંડ આઘાત વીંઝાયો હતો.

ત્વરિત બે ડગલાં પાછળ હટીને સોફાચેર પર ફસકાઈ પડ્યો.

'છેક તિબેટ?' રાઘવના મોંમાંથી દબાયેલી ચીસ નીકળી ગઈ.

'પણ અચાનક કેમ તિબેટ?' ત્વરિતને ય સમજાતું ન હતું.

તેણે કશું જ બોલ્યા વગર ઊંડો નિ:શ્વાસ છોડ્યો. તેની ગરદન ઝૂકેલી હતી. પરાભવના અહેસાસથી તેના હાથ ખભામાંથી લૂઢકી પડ્યા હતા. તેણે કશું જ બોલ્યા વગર હિરનની સામે જોયું અને હિરન પણ કશો જ જવાબ વાળ્યા વગર રૂમની બહાર ગઈ. ચારેય જણા સમજ્યા વગર બાપ-દીકરીનું સાયુજ્ય જોઈ રહ્યા. પાછા ફરીને હિરને તેના હાથમાં એક પ્રતિમા થમાવી. છપ્પને ઉઠાવેલી એ છેલ્લી પ્રતિમા હતી.

'ધ્યાનથી જુઓ...' તેણે ઓરડાની વિશાળ બારીમાંથી આવતા બપોરના મારકણા ઉજાસમાં પ્રતિમા ધરી, 'ત્વરિત આસાનીથી સમજી શકશે, પણ તમારા માટે થોડું વિગતે સમજાવું. પ્રતિમા અનેક પ્રકારની હોય. કોઈ દેવી-દેવતાને તો આપણે જોયાં નથી, પરંતુ આપણે કલ્પના કરીને તેને માનવીય સ્વરૂપ આપ્યું હોય છે. પછી તેમાં ય આપણે ઓળખનાં પ્રતીકો મૂકીએ છીએ. જેમ કે, ખભા પર ધનુષ હોય તો એ શ્રીરામ, માથે મોરમુકુટ હોય તો શ્રીકૃષ્ણ, માથા પર બીજચંદ્ર હોય તો એ શંકર. આપણે આપણા મનનો ભાવ એ પ્રતિમાઓ સાથે જોડીએ છીએ માટે એ ભાવ પ્રતિમા કહેવાય.'

'ભાવ પ્રતિમાથી આંખોને શાતા મળે અને મનને સુખદ્ અહેસાસ થાય. જ્યારે કેટલીક પ્રતિમા એવી હોય જે મનના વિકારને, હિંસા, ક્રોધ, રુદન કે એવા નકારાત્મક ભાવને ચક્ષુપ્રત્યક્ષ કરે. આંખની સામે ઉજાગર કરે માટે એ પ્રત્યક્ષ પ્રતિમા કહેવાય. ડેરા સુલ્તાનખાઁથી ઉઠાવેલી એ બિહામણી મૂર્તિ પ્રત્યક્ષ પ્રતિમા હતી.'

'આ ત્રીજો પ્રકાર છે, જેમાં મૂર્તિનો આકાર માનવીય છે, પણ એ કોઈ દેવી- દેવતા નથી. તેનો ભાવ બિહામણો પણ નથી. પહેલી નજરે કલાત્મક શો-પીસ જેવી લાગતી આવી પ્રતિમાઓમાં ખરેખર તો કશોક સંદેશ અથવા કંઈક ભેદ છુપાયેલો હોય છે. માટે આવી પ્રતિમા સંકેત પ્રતિમા અથવા સંદેશ પ્રતિમા કહેવાય છે. પ્રાચીન શિલ્પશાસ્ત્રે આવા અનેક પ્રયોગો કર્યા છે.'

'આ પ્રતિમા ધ્યાનથી જુઓ. અહીં વચ્ચે બે મૂર્તિ છે. એક સ્ત્રી અને એક પુરુષ અને તેમનાં ફરતી આઠ બીજી મૂર્તિઓ છે. દરેક મૂર્તિઓ ગૂંચળાં જેવી કોતરણી વડે પરસ્પર સાથે જોડાયેલી છે.' પછી તેણે ઝુઝારની સામે પ્રતિમા ધરી, 'મને કહે, તને આ પ્રતિમામાં શું સમજાયું?'

ઝુઝારે આંખ ઝીણી કરીને જોયું, 'મને તો કંઈ ખાસ સમજાતું નથી. આમાં કોઈ ભગવાન તો નથી.'

'યસ્સ્સ...' તેના અવાજમાં ક્લાસ લઈ રહેલા પ્રોફેસરનો રણકો હતો, 'કારણ કે એકેય મૂર્તિના ખભે ધનુષ નથી માટે એ શ્રીરામ જેવી નથી લાગતી. મસ્તક પર બીજચંદ્ર નથી માટે શંકર પણ નથી. આપણાં મનમાં દૃઢ થઈ ગયેલું ઈશ્વરનું એકેય પ્રતીક અહીં નથી એટલે આપણને એ અમસ્તી, શોભા માટે બનાવેલા કલા-કારીગીરીના નમૂના જેવી લાગે છે.'

'વાસ્તવમાં, હજારો વર્ષ પહેલાંના વિદ્વાનોએ આ પ્રતિમા દ્વારા માનવમનની સંકલ્પના અહીં મૂકી છે. આપણે હવે લેટેસ્ટ મેડિકલ સાયન્સ વડે બરાબર જાણીએ છીએ કે મગજના બે હિસ્સા છે, નાનું મગજ અને મોટું મગજ. અત્યંત બારીક ચેતાઓ અને એ ચેતાઓ વચ્ચે થતી

રાસાયણિક ક્રિયાઓ વડે મગજનો આદેશ સંવેદના સ્વરૂપે શરીરનાં વિવિધ અંગોને પહોંચે છે.'

'હવે ફરીથી આ પ્રતિમા જુઓ. વચ્ચે રહેલાં સ્ત્રી અને પુરુષ એ નાના-મોટા મગજનું પ્રતીક છે. ફરતી આઠ મૂર્તિઓ એ શરીરના આઠ કોઠા છે. પ્રત્યેક કોઠો પોતે બીજા આઠ પેટામાં વહેંચાયેલો છે. 64 કોઠામાં વહેંચાયેલું શરીર એ પ્રાચીન દેહશાસ્ત્રીઓની કલ્પના છે અને એ દરેક પર મગજનો અંકુશ તેમણે સ્વીકાર્યો છે.'

'અગાઉની દરેક મૂર્તિ પર કોઈ મંત્ર કે સંકેત હતો, જે તેના અગાઉના કે પછીના ક્રમની મૂર્તિને સમજવાનો રસ્તો ખુલ્લો કરતો હતો. મારી ધારણા એવી હતી કે છેલ્લી મૂર્તિ સુધી પહોંચતા સુધીમાં હું કમ સે કમ 64 વિદ્યાઓના મૂળભૂત આધાર સુધી પહોંચી શકીશ, પરંતુ આ મૂર્તિની લિપિઓ ઉકેલ્યા પછી હવે મને ખ્યાલ આવે છે કે હું જેને એક અભ્યાસક્રમ યાને ટોટલ સિલેબસ ગણતો હતો એવા તો કુલ 64 સિલેબસ છે.'

'પણ તો તમે આટલું ય દુનિયાની સામે મૂકીને તમારા રિસર્ચને સાચું તો સાબિત કરી જ શકોને?' રાઘવ હવે પ્રોફેસરના પ્રચંડ અહોભાવ તળે આવતો જતો હતો.

'ના, આઈ કેન અન્ડરસ્ટેન્ડ...' ત્વરિતના સ્વરમાં ગંભીરતા છવાયેલી હતી, 'આટલાથી હજુ પણ કશું સાબિત થતું નથી. સર કહે છે તેમ, આઈધર થિયરી ઓર પ્રેક્ટિકલ.. બેમાંથી કશુંક સાબિત થવું જોઈએ. નો ડાઉટ, જે કંઈ મળ્યું છે એ કલ્પનાશક્તિની બહારનું છે. ઈટ્સ રિઅલી શોકિંગ.. ભલે એકદમ સાચી દિશા તરફનો હોય, પણ હજુ તો આ રસ્તો છે તેમ મને લાગે છે. મંઝિલ કે મંઝિલનો અણસાર મેળવવાનો બાકી છે.'

'તો હવે?' રાઘવે ઉતાવળભેર પૂછી લીધું.

રાઘવના સવાલથી ઓરડામાં ચૂપકીદી છવાઈ ગઈ. ત્વરિતે પણ માયૂસ ભાવે અસહાયતાસૂચક ખભા ઉછાળી દીધા.

'તિબેટ એ જ એકમાત્ર વિકલ્પ છે...' બારીને અઢેલીને ઊભેલો દૂબળી શૂન્યાવકાશમાં તાકી રહ્યો હતો, '... અથવા તો હું ખોટો છું, હળાહળ ખોટો.'

'પણ આ બધું તિબેટમાં છે એવું ખાતરીપૂર્વક કેવી રીતે કહી શકાય?'

'ખાતરીપૂર્વક કહી શકાય તેને નિયમ કહેવાય...' તે રાઘવ તરફ ફર્યો. હાથમાંની મૂર્તિ હિરનને સોંપી અને ઊંડો શ્વાસ લઈને ઉમેર્યું, 'સંશોધન તો ટ્રાયલ એન્ડ એરરમાંથી પસાર થતું રહે. તું ક્રાઈમ કઈ રીતે ડિટેક્ટ કરે છે?'

'પુરાવાઓની એક પછી એક કડીઓ મેળવીને.'

'બસ તો, હું ય એ જ કરું છું. તું ક્રાઈમનું પગેરું મેળવે છે, હું પુરાતન સત્યનું પગેરું મેળવું છું. બંનેમાં પદ્ધતિ તો એક જ છે.'

'યુ મીન... આ છેલ્લી મૂર્તિમાં એવા કોઈ સંકેત છે જે તિબેટમાં કશું સૂચવતા હોય?'

'મૂર્તિમાં તો નથી પણ ઇતિહાસમાં છે.'

*** *** ***

આશરે બે હજાર વર્ષ પહેલાં...

આજે જેને આપણે બિહાર પ્રાંત તરીકે ઓળખીએ છીએ એ વિસ્તારમાં પાંગરેલી નાલંદા વિદ્યાપીઠ એ સમગ્ર વિશ્વની શિક્ષણપદ્ધતિને ભારતે આપેલી મહામૂલી ભેટ ગણાય. નાલંદા વિદ્યાપીઠ એ આજની રેસિડેન્શ્યલ યુનિવર્સિટીનું આદ્ય સ્વરૂપ છે. શૈવમત ઉપરાંત, જૈન અને બૌદ્ધ એ ત્રણેય વિચારધારાનો નાલંદામાં સમન્વય થતો હતો. દુનિયાભરમાંથી વિદ્યાર્થીઓ અહીં આવતા હતા અને ભારતના શ્રેષ્ઠતમ વિદ્વાનો અહીં ભણાવતા હતા.

હજાર વર્ષ સુધી અહીં જ્ઞાનનું સંવર્ધન થતું રહ્યું. દેશભરમાં ફેલાયેલો જ્ઞાનવારસો અહીં કેન્દ્રિત થતો રહ્યો અને તત્ત્વજ્ઞાન, વિજ્ઞાન, ખગોળ, ગણિત અને વિવિધ વિદ્યાશાખાઓ અહીં પાંગરતી રહી. અહીંથી જ્ઞાન મેળવીને વિદ્યાર્થીઓ પોતાના વતનમાં જઈને પાઠશાળાઓ શરૂ કરતા અને એમ નાલંદાથી પ્રગટેલી જ્યોત સમગ્ર ભારતવર્ષને ઉજાળતી રહી.

ઈસવીસન 1193.

કુતબુદ્દીન ઐબકના આક્રમણે ભારતમાં તુર્ક સલ્તનતનો પાયો નાંખ્યો. ઐબકે દિલ્હી અને ગંગા-જમુનાના દોઆબ તરીકે ઓળખાતા વિસ્તાર પર ધ્યાન કેન્દ્રિત કર્યું અને તેના બેહદ હિંસક સેનાપતિને ભારતીયતાના પ્રતીકોનું ભંજન કરવા મોકલ્યો.

તેનું નામ મુહમ્મદ ઈબ્ન બખ્તિયાર ખિલજી.

જંગાલિયતનો એ સાક્ષાત્ નમૂનો સમગ્ર ઉત્તર ભારતને ખેદાન-મેદાન કરતો નાલંદાને નિશાન બનાવવા ધસી આવ્યો ત્યારે નાલંદા વિદ્યાપીઠનો વ્યાપ તેની ચરમસીમાએ હતો.

600 એકરમાં પથરાયેલું વિરાટ વિદ્યાસંકુલ, 10,000થી વધુ વિદ્યાર્થીઓ, 2300 જેટલા વિદ્વાનો અને ગણી ન શકાય એટલાં પુસ્તકો, હસ્તપ્રતો, ગ્રંથોથી છલકાતા સુઆયોજિત ગ્રંથાગારો.

ખિલજીના આક્રમણ વખતે માહોલમાં ભયાનક અરાજકતા હતી. નવી સત્તાને વહાલા થવાની હોડ જામી હતી. જાગીરદારોનો એક વર્ગ ખિલ્જીની ખુશામતમાં સ્પર્ધાએ ઊતર્યો હતો અને સામે ચાલીને બાતમીઓ આપવા માંડ્યો હતો. ભીરુતાની સમાંતરે સમર્પણ અને પ્રતિબદ્ધતાનો બીજો ય ઈતિહાસ આલેખાયો હતો.

આદ્ય શંકરાચાર્ય પ્રેરિત દશનામીઓ, એકદંડીઓ અને કૌંઢ્યોના આશ્રયદાતા એવા કૃષિક તરીકે ઓળખાતા રાજપૂત ખેડૂતોનો એક વર્ગ નાલંદા પર તોળાઈ રહેલા ભયનો સામનો કરવા તૈયારી કરી રહ્યો હતો.

ખિલજીની 25,000ની સેના ધસમસતી આગળ વધતી હતી ત્યારે નાલંદા વિદ્યાપીઠમાંથી બૌદ્ધ સાધુઓ, દશનામીઓ, એકદંડીઓ અને સ્થાનિક કૃષિક રાજપૂતોએ રાત-દિવસ એક કરીને વિદ્યાપીઠમાંથી પુસ્તકો, હસ્તપ્રતો ખસેડવા માંડી.

આખરે ખિલજી નાલંદા પહોંચ્યો. ભયાનક કત્લેઆમ ચલાવી તેણે. મળેલી બાતમીના આધારે સેંકડો દશનામીઓ, કૃષકોનો તેણે શિરચ્છેદ કર્યો. વિદ્યાના એ ધામમાં ભીષણ રક્તપાત ચાલ્યો. બેરહેમ તોડફોડ કરીને પછી તેણે સમગ્ર ગ્રંથાગારને આગ ચાંપી દીધી. હજારો વર્ષથી સચવાયેલા જ્ઞાનને આમ ભસ્મીભૂત થતું જોઈને બૌદ્ધ સાધુઓ દ્રવી ઊઠ્યા તો જંગલી ખિલજીએ અસંખ્ય સાધુઓને ય ભડભડતી જ્વાળાઓમાં જીવતા ભૂંજી માર્યા.

ત્રણ મહિના સુધી ભડભડતી રહેલી નાલંદાની એ આગ કેવી વિકરાળ હશે? કેવો બહુમૂલ્ય જ્ઞાનવારસો તેમાં હોમાઈ ગયો હશે? કેટલી વિચક્ષણ વિદ્યાઓ તેમાં રાખ થઈ ગઈ હશે?

અહીંથી જે કંઈ બચ્યું એ બીજાં ચારસો વર્ષ સુધી દેશભરમાં વેરવિખેર રખડતું રહ્યું. છેવટે બધો જ ગ્રંથાગાર જમ્મુ સ્થિત રઘુનાથ મંદિર પાસેના ભોંયરામાં ખડકી દેવાયો. ત્યાંથી જે કંઈ મળ્યું એ બધું સચવાયેલું છે, પરંતુ જે ગાયબ થઈ ગયું તેનું મૂલ્ય આંકી શકાય તેમ નથી. રઘુનાથ ટેમ્પલમાંથી જ્ઞાનનો એ ખજાનો ક્યાં ગયો તેનું ઠેકાણું મળતું ન હતું એવામાં લગભગ પાંચ દાયકા પછી, ઈ.સ. 1934માં એક આકસ્મિક ચમત્કાર થઈ ગયો. જ્ઞાનની તરસ છીપાવવા માટે દેશભરમાં રખડ્યા કરતો એક અલગારી આદમી આ ખજાનો શોધી આવ્યો.

તેનું નામ મહાપંડિત રાહુલ સાંકૃત્યાયન.

મૂળ તો એ ઉત્તરપ્રદેશના આઝમગઢ જિલ્લાના ખોબા જેવડાં ગામનો ગરીબ બ્રાહ્મણ. મૂળ નામ કેદારનાથ પાંડે. બાળપણથી જ તેના દિમાગમાં ઘંટી અને પગમાં ભમરો. જેટલું વાંચે એટલું ઓછું પડે અને જેટલું રખડે એટલી તેને સ્ફૂર્તિ ચડે. નવું-નવું જાણવાની, જોવાની, શિખવાની ખ્વાહિશમાં નવ વરસની ઉંમરે તેણે ઘર છોડ્યું, દેશભરમાં રખડી-રખડીને 15-17 ભાષાઓ શીખ્યો. સંસ્કૃત, માગધી, પાલી અને બૌદ્ધ ચિંતનમાં પારંગત થયો.

પ્રાચીન હસ્તપ્રતો તેનો પહેલો પ્રેમ. કહો કે, તેના માટે એવું પાગલપન કે કંઈ પણ કરવા તત્પર હોય. ઈ.સ. 1934માં કાશ્મીરના અનંતનાગ ખાતે સદીઓ પુરાણા સૂર્યમંદિરનાં ખંડેરો વિશે એ અભ્યાસ કરી રહ્યો હતો ત્યારે એક બૌદ્ધ સાધુનો તેને ભેટો થયો. તેનું નામ ગેંદોન ચોફેલ.

રાહુલ સાંકૃત્યાયનને વળગેલો સંશોધનનો કીડો પારખીને તિબેટનો વતની ચોફેલ બેહદ પ્રભાવિત થયો. પ્રાચીન હસ્તપ્રતો, પુરાતન લિપિઓ, સંકેતો, શિલ્પો વગેરેના રાહુલના અભ્યાસને જોઈને તેણે તિબેટમાં જોયેલી હસ્તપ્રતોની વાત કહેવા માંડી.

તિબેટ સ્થિત બૌદ્ધ મઠોમાં પોતાના અભ્યાસ દરમિયાન ચોફેલે અઢળક હસ્તપ્રતો ભરેલા વિશાળ ગ્રંથાગારો જોયા હતા અને આવા ગ્રંથાગારો તિબેટમાં અલગ અલગ અનેક મઠમાં હતા. આ પૈકી કેટલીય હસ્તપ્રતો ભારતથી આવેલી હોવાનું તેણે સાંભળ્યું હતું. લામાઓ તેનું જીવની જેમ જતન કરતા અને મુખ્ય લામાઓ સિવાય કોઈને તેનો અભ્યાસ સુધ્ધાં કરવાની પરવાનગી ન હતી. એ બધી તિલસ્મી વિદ્યાઓ કહેવાતી.

ચોફેલની વાતો સાંભળીને અઠંગ અભ્યાસુ અને એવા જ અઠંગ રખડુ તરીકે રાહુલની આંખો ચમકી. તેણે ચોફેલને તૈયાર કર્યો અને બંને ઉપડ્યા તિબેટ.

એ કંઈ આસાન તો હતું નહીં. માનવામાં ન આવે એવા સાહસની આ વાત છે. બેય જણાએ પગપાળા આખો હિમાલય પાર કરીને તિબેટ પહોંચવાનું નક્કી કર્યું. રાહુલે પોતાની ઓળખ બૌદ્ધ સાધુ તરીકેની રાખી અને ચોફેલ તો તિબેટિયન હોવા ઉપરાંત બૌદ્ધ સાધુ હતો જ. પારાવાર અડચણો અને બરફનાં જીવલેણ તોફાનો પાર કરીને દોઢ-બે મહિને તે બંને તિબેટ પહોંચ્યા.

તિબેટના નિવાસ દરમિયાન પોતાના જ્ઞાનથી રાહુલે લામાઓને ચકિત કરવા માંડ્યા. વૈદકમાં ય તે નિષ્ણાત હતો. હિમાલયની જડીબુટ્ટીઓ તે સાથે લેતો ગયેલો. તેની દવાઓ બનાવીને બીમારોની ચાકરી કરવા માંડી અને એ રીતે લામાઓનો વિશ્વાસ મેળવ્યો. ભારે અનુશાસન અને ગુપ્તતાથી છવાયેલા બૌદ્ધ મઠોમાં તેનો પગપેસારો વધ્યો એટલે ધીમેક રહીને તેણે ગ્રંથાગારો જોવાની ઇચ્છા વ્યક્ત કરી.

તેણે પાંચેક ગ્રંથાગારો જોયા અને તે આભો થઈ ગયો. જેના વિશે તેણે ફક્ત સાંભળ્યું હતું એવાં દુર્લભ પુસ્તકો, જેના વિશે કશી જ ગતાગમ સુધ્ધાં ન પડતી હોય, ઓળખી શકાતી ન હોય એવી બબ્બે હજાર વર્ષ પુરાણી લિપિઓમાં લખાયેલી હસ્તપ્રતો, તામ્રપત્રોના તોતિંગ સંપુટો

જોઈને તેનું મગજ ચકરાવે ચડી ગયું.

આ તો હજારો વર્ષની ભારતીય વિરાસત હતી. તેના પર ભારતનો જ હક હોવો ઘટે, પણ અહીં અજાણ્યા દેશમાં અજાણ્યા લોકો વચ્ચે તેનું એકલાનું તો કોણ સાંભળે?

તેણે પુરાવા તરીકે કેટલીક હસ્તપ્રતો પોતાની સાથે લઈ જવાની માંગણી કરી. ચુસ્ત અનુશાસનમાં રહેતા બૌદ્ધ મઠ એવી અનુમતિ તો આપે જ શાના? રાહુલના વિદ્યાવ્યાસંગની કદર તરીકે આખરે લામાઓએ તેને ત્રણ દિવસમાં એ કરી શકે એટલી હસ્તપ્રતોની પ્રતિકૃતિ લઈ જવાની પરવાનગી આપી.

રાહુલને આટલું જ જોઈતું હતું. એ તો દિવસ-રાત જોયા વગર મચી પડ્યો. ખાવા-પીવાનું ય ટાળ્યું અને કુદરતી હાજતે જવાનું ય મોકૂફ કરીને એકધારો ચોટલી બાંધીને હસ્તપ્રતોના ઉતારા કરવા માંડ્યો. તેની આવી ધગશ જોઈને લામાઓ ખૂબ પ્રભાવિત થયા અને તેને વધુ પંદર દિવસની મુદત આપી.

છેવટે રાહુલ સાંકૃત્યાયન તિબેટથી નેપાળ થઈને ભારત પરત પહોંચ્યા ત્યારે તેમની સાથે 22 ખચ્ચર હતાં અને દરેક ખચ્ચર ઉપર પોટલાંનાં પોટલાં બાંધીને તેમણે ઉતારેલી હસ્તપ્રતો ભરેલી હતી.

ભારત પરત ફરીને તેમણે કલકત્તા અને પટણા ખાતે ભારતીય વિદ્વાનો સમક્ષ આ હસ્તપ્રતોના ઢગલા ખડક્યા ત્યારે સૌ આશ્ચર્ય અને તાજુબીથી બેહોશ થવા જેવા થઈ ગયા હતા.

એ વખતે ચોધાર આંસુએ રડી રહેલા રાહુલે કહ્યું હતું કે, તમે સૌ આ હસ્તપ્રતો જોઈને પારાવાર આશ્ચર્ય પામો છો, પણ મેં જે જોયું છે તેની સરખામણીએ તો આ સોયની અણીનું ટોપકું ય નથી. હું આ ખોવાયેલું જ્ઞાનધન પાછું લાવ્યો તેની તમને ખુશી થાય છે ત્યારે મને એ વાતનું રડવું આવે છે કે આપણે કેટલું બધું મૂલ્યવાન અને કદી ન સર્જી શકાય તેવું જ્ઞાનધન ગુમાવી દીધું છે!!

*** *** ***

'હાઁ, તો કા દિક્કત હૈ? હમ તિબેટ ચલેંગે...' ઝુઝારે બેય હાથ સહેજ ફેલાવીને કહી તો દીધું, પણ પછી બધાની આંખોમાં તરવરતો આઘાત જોઈને તેનો ઉશ્કેરાટ સહેજ ધીમો પડ્યો.

અત્યાર સુધીમાં આજે પહેલી વાર તેને આ દૂબળો-પાતળો, ફિક્કો આદમી મહાભેજાંબાજ હોવાનું અનુભવાયું હતું. કયો શંકરાચાર્ય, કયો શ્રીધર અને બખ્શાલી એટલે કઈ બલા એ કશું જ તેને સમજાયું ન હતું પણ બે વ્યક્તિ એકબીજાને મળ્યા વગર, બોલ્યા વગર વાત કરી શકે તેનો ચમત્કાર નિહાળીને એ સ્તબ્ધ થઈ ગયો હતો.

'પ્લિઝ શટ અપ યાર... ' રાઘવે જરાક ગુસ્સૈલ અવાજે તેને વાર્યો, 'તિબેટ કંઈ તારા ગ્વાલિયરની શેરી નથી કે ચાલો તિબેટ બોલીએ એટલે પહોંચી જવાય.'

'તો ફિર?' ઝુઝારના અવાજમાં, આંખોમાં, ચહેરા પર બધે જ ધોધમાર ઉતાવળ વરસતી હતી.

'તિબેટ જવું ઈમ્પોસિબલ છે...' નિ:શબ્દપણે બારી પાસે ઊભા રહીને વેનિશિયન બ્લાઈન્ડ્ઝની દોરી અકારણ જ ખોલ-બંધ કરી રહેલા દૂબળીએ કહ્યું. તેના સ્વરમાં પારાવાર ઘૂટન હતી.

'કશું જ ઈમ્પોસિબલ નથી...' ખાસ્સા સમય પછી પહેલી વાર હિરન બોલી અને છલાંગભેર નીલાંબર તરફ ધસી તેના ખભા પકડીને હચમચાવી નાંખ્યો, 'પ્લિઝ ડેડ... એમ હિંમત નથી હારવાની' તેણે નીલાંબરના ખભા પર વ્હાલપભેર બેય હાથ વીંટાળ્યા એ સાથે ટોપ ઊંચકાવાથી લો-વેસ્ટ જિન્સમાંથી દેખાતો તેની ગોરી, માંસલ કમરનો સોહામણો વળાંક

ઓરડાની આંખો ઝુલાવી ગયો.

‘નેપાળ થઈને કૈલાસ-માનસરોવર જવા માટેની પરમિટ મળી શકે.’ મનોમન વિકલ્પ શોધી રહેલા ત્વરિતે ઉતાવળા અવાજે કહી દીધું.

‘બટ હુ ટોલ્ડ યુ કે મારે જે જોઈએ છે એ કૈલાસ કે માનસરોવરમાં જ છે?’ દૂબળીએ ગરદન જરાક ફેરવીને કહ્યું. ઊંડી ઊતરી ગયેલી તેની આંખોમાં હતાશા ઘૂઘવતી હતી.

‘એ સિવાય પણ એક રસ્તો છે...’ રાઘવ પણ હવે ઊભો થઈ ગયો હતો, ‘નેપાળથી આપણે ટૂરિસ્ટ ગ્રુપમાં ભળી જઈએ અને જો એક સ્પેશિયલ પરમિટ મેળવી શકીએ તો તિબેટના કેટલાંક બીજા વિસ્તારોમાં ય જઈ શકીએ.’

હિરને ધારદાર નજરે તેની સામે જોયું. સહેજ મોટી, ઘેરી, કથ્થાઈ આંખોમાંથી નર્યો તુચ્છકાર વરસતો હતો.

‘અમારા આઈપીએસ ઓફિસર્સ માટે એવરેસ્ટ એક્સિપિડિશન યોજાતું હોય છે એટલે મને બરાબર ખબર છે.’ હિરનની નજરની પરવા કર્યા વિના રાઘવે મક્કમ અવાજે કહી દીધું.

‘તેને એલિયન્સ પરમિટ કહે છે...’ જાણે હુમલો કરવા ધસતી હોય તેમ તે રાઘવની તરફ ફરી. આવેગથી તેનાં ભરાવદાર સ્તનો થથરતાં હતાં અને એ થથરાટ તેના લૂઝ ટોપમાંથી સ્પષ્ટ વર્તાતો હતો, ‘માઉન્ટ એવરેસ્ટની પરમિટ શિગાત્સે એરિયા કવર કરી શકે. એ સિવાય ઝેદાંગ, ગ્યાંગત્સે, ગારી, ઈંગચી એરિયાનીય એલિયન પરમિટ મળી શકે છે.’

પછી અચાનક તેનો અવાજ ઊંચકાયો, ‘હું શું બેવકૂફ છું? ઈન્ટરનેટ પરથી આટલી સાદી ઈન્ફો મેળવતાં મને નથી આવડતું? તમે બેય હોંશેહોંશે ઓપ્શન્સ આપવા માંડ્યા છો બટ ડુ યુ નો ઈવન બેઝિક એ બી સી ડી ઓફ તિબેટ?’ તેણે જિન્સના હિપ પોકેટમાંથી આઈફોન કાઢીને બેયની સામે ધરી દીધો, ‘રાતભર મેં બધા જ ઓપ્શન્સ ચેક કરી લીધા છે... પિલગ્રિમ પરમિટ ઓર એલિયન પરમિટ... ચીને કબજો જમાવ્યા પછી તિબેટ જવા માટે બે જ પ્રકારની પરમિટ મળી શકે છે. ભારત સાથેના ચીનના ડિપ્લોમેટિક રિલેશન પણ તંગ છે એટલે કૈલાસ-માનસરોવરની યાત્રાએ જવા માટે ય હજાર લફરાંમાંથી પસાર થવું પડે છે તો ઈનસાઈડ તિબેટની પરમિટ મળવાનો તો સવાલ જ નથી.’

‘તિબેટમાં આપણે એક્ઝેક્ટ ક્યાં જવાનું છે એ ખ્યાલ છે?’ ત્વરિત પણ હવે કંઈક રસ્તો કાઢવા બેહદ આતુર હતો.

‘એ કશું જ સ્પષ્ટ નથી... કેટલા સમય માટે ત્યાં રોકાવું પડશે એય ખબર નથી...’ દૂબળીએ હતાશ સ્વરે કહ્યું, ‘એટલે જ હું કહું છું કે માય ગેઈમ ઈઝ ઓવર... હવે બીજો કોઈ જ રસ્તો નથી.’

‘મેં કહ્યુંને...’ હિરને અચાનક ઊંચા અવાજે તાડુકીને કહ્યું, ‘કિપ ફેઈથ ઈન મી... મેં કહ્યું એ એકમાત્ર રસ્તો છે... જોખમી છે, પણ...’ ઘડીક એ ખચકાઈ, ગળા નીચે થૂંક ઉતારતી હોય તેમ તેની લાંબી, ગોરી, આબાદ તરાશેલી ગરદનનો નઢિયો જરાક ઊંચકાયો, ‘... હવે આખી જિંદગી જ જોખમી છે તો આ એક જોખમથી કંઈ તૂટી નહીં જવાય.’

‘પણ શું છે એ રસ્તો?’ પૂછ્યું હતું ત્વરિતે પણ તેના અવાજમાં ઉત્સુકતા હરકોઈની સામેલ હતી.

ઘડીક તે નીલાંબરની તરફ જોઈ રહી. ઘડીક તેણે ચારેયના ચહેરા નીરખ્યા. આંખોમાં સાંગોપાંગ ઊતરી જાય તેવી ધારદાર નજરે તેણે દરેકના ચહેરા તલાશ્યા અને પછી બારીની

બહાર તાકીને કહ્યું, 'જે રસ્તો રાહુલ અને ચોફેલે અપનાવ્યો હતો...'

'એટલે? યુ મીન...'

'યસ આઈ મીન ઈટ...' તેના હોઠ દૃઢતાથી બિડાયા, તેનાં જડબાં તંગ થયાં, ગોરા સિંદૂરિયા ચહેરા પર ઉશ્કેરાટની લાલી તરી આવી અને તેણે મક્કમતાથી ઉમેર્યું, 'પગપાળા આખો હિમાલય પાર કરીને તિબેટ પહોંચવાનું છે.'

બહાર આકાશમાં મેઘાડંબર જામ્યો હતો. કાળાંડિબાંગ વાદળોની ગડેડાટી વચ્ચે અટ્ટહાસ્ય કરી રહેલી નિયતિ મુશળધાર વરસી જવા માથે ગાજી રહી હતી.

*** *** ***

બહાર આકાશમાં ઘેરાતાં વાદળોનો ઘટાટોપ ઓઢેલી સાંજ બારી વાટે ઓરડામાં ડોકિયું કરી રહી હતી. આગલી રાતથી શરૂ થયેલો વિચારોનો કોલાહલ વકરીને હવે સૌના ચહેરા પર પારાવાર આતુરતા સ્વરૂપે મઢાઈ ગયો હતો.

વિશાળ કદની ખુલ્લી બારીમાંથી ઓરડામાં વીંઝાતી હવાની ઠંડક, આકાશમાં ગોરંભાયેલો મેઘ, ક્વચિત્ ઝબૂકી જતી વીજળીના તેજલિસોટા અને વાતાવરણના આહ્લાદ વચ્ચે ઓરડામાં છટપટાઈ રહેલી બેચેની...

સૌ કોઈ તત્પર આંખે હિરનને તાકી રહ્યા છે અને દૃઢતાથી હોઠ ભીડેલી હિરન કમર પર બેય હાથ ટેકવીને બારીમાંથી ફૂંકાતી તેજ, સર્દ હવાની શીતળતા ચહેરા પર ઝીલી રહી છે.

તેની મોટી, ઘેરી, કથ્થાઈ આંખો બિડાયેલી છે. નર્યા પથ્થરમાંથી સુંદરતા કંડારતા શિલ્પીના ટાંકણાની માફક પવનના ફફડાટમાં તેના ભૂખરા વાળ ચહેરા પર સોહામણો ભાવ તરાશી રહ્યા છે. છપ્પન તેના ઠાઠ, ઠસ્સા અને રુઆબથી અંજાયેલો છે. ઝુઝાર હજુ ય તેનાં પ્રત્યે ગિન્નાયેલો છે. ત્વરિત મનોમન તેને અજબ લગાવથી જોઈ રહ્યો છે, પણ રાઘવને હવે એ વધુ ડેન્જરસ લાગે છે.

સીધાસાદા અને ટિપિકલ ભણેશરી પ્રકારના દૂબળીને આ છોકરીએ આટલા જોખમી અને લગભગ અશક્ય કામ માટે તૈયાર કર્યો. આખ ય ભારતમાં વેરવિખેર પથરાયેલી મૂર્તિઓ આ જ છોકરીએ બે-અઢી વર્ષમાં ઉઠાવી. છપ્પનસિંઘ જેવા રીઢા ચોરને ય પોતાના અસ્તિત્વ વિશે ગંધ સુધ્ધાં ન આવવા દીધી. ખુબરાના જીવલેણ જંગમાં તેણે આબાદ ગન પણ ચલાવી નાંખી અને હવે...

'તિબેટ જવાના ત્રણ રસ્તા છે...' અચાનક તંદ્રામાંથી બહાર આવી હોય તેમ ઊંડો શ્વાસ લઈને હિરને કહ્યું એ સાથે ઓરડાની સ્તબ્ધતા તૂટી, 'લેહ થઈને તિબેટમાં પ્રવેશ કરો અને જોંગી-લા ઘાટ ઓળંગીને ઝીદાંગના રસ્તે લ્હાસા પહોંચો.'

કોઈને હોંકારો દેવાના હોશ ન હતા, પણ હિરન બારીની બહાર તાકીને જાણે સ્વગત બોલી રહી હતી, 'ઈટ વોઝ નોન એઝ સિલ્ક રૂટ. એક જમાનામાં ચીન અને યુરોપ વચ્ચે રેશમ અને અફીણનો વેપાર એ રસ્તે ચાલતો હતો, પણ હવે એ રૂટ મોસ્ટ ડેન્જરસ છે. કારગિલની ઘટના પછી ભારત-પાકિસ્તાન બંને છેક લેહ સુધી ચુસ્ત પહેરો ભરે છે અને ચીન એ રસ્તે યાત્રાળુ પરમિટ આપતું નથી.'

ઘડીક અટકીને તેણે પવનમાં ઊડાઊડ કરતાં વાળ પર હાથ પસવાર્યો. જરાક ઊંધી ફરી. સૌ કોઈ તેને તાકી રહ્યા છે તેની તેને બરાબર ખબર હતી, પણ રાઘવ તેને ધારી-ધારીને નિરખી રહ્યો હતો.

'બીજો રસ્તો છે નેપાળ થઈને તિબેટમાં પ્રવેશવાનો, પણ એ રસ્તેથી માત્ર શિગાત્સે અથવા પિન્પાઈની પિલગ્રિમ પરમિટ મળી શકે, જે આપણા માટે નકામી છે, કારણ કે સાલા ચીનકાઓ પરમિટમાં અપાયેલા રૂટથી એક દોરો ય ચસકવા દેતા નથી અને કૈલાસ, માનસરોવર કે એવરેસ્ટ એ આપણું ટાર્ગેટ નથી.'

'એમ તો તિબેટમાં ય આપણું ટાર્ગેટ ક્યાં કન્ફર્મ છે?' ત્વરિતે સહજ રીતે જ 'આપણું' કહીને પોતાની સામેલગીરી સ્પષ્ટ કરી દીધી એથી હિરનના ચહેરા પર સહેજ સ્મિત આવી ગયું.

'ટાર્ગેટ કન્ફર્મ છે, પણ 40-50 જેટલા બૌદ્ધ મઠ અને વિહારમાં પથરાયેલું છે. શક્ય છે કે આપણને જેની તલાશ છે એ ગ્રંથો કોઈ એક જ વિહાર કે મઠમાં સચવાયેલા હોય અને એ પણ શક્ય છે કે અલગ અલગ જગ્યાએ એ વહેંચાયેલા હોય.'

'એ પણ શક્ય છે ને કે એમાંનું કશું જ ત્યાં ન હોય?' રાઘવે અકારણ હિરનને કે દૂબળીને ઉશ્કેરવા માટે જ સવાલ ખડો કરી દીધો.

'ના, એ શક્ય નથી...' અત્યાર સુધી નતમસ્તકે ખુરસીમાં બેઠેલો દૂબળી ઝાટકા સાથે ઊભો થયો, 'આઈ એમ ડેમ્ન સ્યોર, જો એ ભારતમાં નથી તો તિબેટમાં જ છે.'

'એવું ખાતરીપૂર્વક કેવી રીતે કહી શકાય?'

'નંબર વન, રાહુલ સાંકૃત્યાયને લાવેલી હસ્તપ્રતો. ઉપરાંત તેઓ ન લાવી શક્યા એવી કેટલીક હસ્તપ્રતોની સૂચિ દર્શાવે છે કે પ્રાચીન ગ્રંથોની આખી શ્રેણીઓ ત્યાં હોવી જોઈએ.'

'તો પછી તમે પહેલેથી તિબેટમાં જ તલાશી કરવાને બદલે અહીં કેમ ફીફાં ખાંડ્યાં?'

'વોટ નોનસેન્સ?' દૂબળી જવાબ આપે એ પહેલાં જ રાઘવના સવાલથી ઉશ્કેરાયેલો ત્વરિત કૂદી પડ્યો, 'પહેલાં તેમણે પ્રાચીન સંપર્કવિજ્ઞાનની હયાતી છે એવું શોધ્યું. એ પછી હયાતી ગોપનીય રાખવામાં આવી છે તેની ખાતરી મેળવી. અલગ અલગ સ્થળે છુપાવાયેલી 64 મૂર્તિઓમાં એ ગોપનીય વિદ્યાઓના સંકેતો મુકાયા છે એ શોધ્યું. એ પછી તેમણે એ મૂર્તિઓનાં ઠેકાણાં શોધ્યાં અને આજે દોઢ હજાર વર્ષ પછી પણ એ મૂર્તિઓ અસ્તિત્વમાં છે તેની ખરાઈ કરી. હવે તમામ મૂર્તિઓ મેળવ્યા પછી ખબર પડે છે કે દરેક મૂર્તિઓમાંથી પ્રાપ્ત થતો સંકેત એ પોતે જ વિદ્યા નથી, પરંતુ એક સળંગ વિદ્યાનો મણકો છે. મતલબ એ થયો કે એવા 64 ગ્રંથો હોવા જોઈએ.'

'ઓહ... ઓકે, એગ્રી... ' રાઘવે હકારમાં ડોકું ધુણાવ્યું, 'પરંતુ માત્ર રાહુલ સાંકૃત્યાયનના અહેવાલના આધારે જ એ બધું તિબેટમાં હોવાનું માની શકાય? રાહુલવાળી ઘટના 1938ની હોવાનું તમે કહો છો તો આટલાં વરસમાં બીજા કોઈને તિબેટ જઈને એવો પ્રયત્ન કરવાનું ન સૂઝ્યું?'

'હી ઈઝ રાઈટ...' રાઘવને ઉગ્રતાપૂર્વક જવાબ વાળવા જતા ત્વરિતને રોકીને હિરને વચ્ચે ઝુકાવ્યું, 'લેટ હિમ સ્પીક... તેના સવાલોથી તમારા સૌના દિમાગમાં પિક્ચર ક્લિયર થઈ શકે છે.'

'પહેલી વાત...' છેવટે દૂબળીએ પણ ઉશ્કેરાટ પર કાબૂ રાખીને સ્વસ્થ સ્વરે જવાબ વાળ્યો, 'રાહુલ સાંકૃત્યાયનને પણ દરેક ગ્રંથાગાર ચકાસવાની પરવાનગી મળી ન હતી. આમ છતાં તેમણે જે કેટલાંક ઉલ્લેખો કર્યા છે એ પ્રાચીન દેહશાસ્ત્ર, મનોશાસ્ત્ર, સંપર્કવિજ્ઞાનની હજારો વર્ષના ચિંતન, મનન અને અનુભવોના દોહન પછી રચાયેલી શ્રેણીઓનો નિર્દેશ કરે છે.'

'તારા બીજા સવાલનો જવાબ બહુ જાણીતો છે. બીજા વિશ્વયુદ્ધની સમાપ્તિ થવા આવી હતી

એ જ વખતથી સામ્રાજ્યવાદી ચીને તિબેટ પર પોતાની હકૂમતનો દાવો શરૂ કરી દીધો હતો અને તિબેટ વિવાદાસ્પદ ગણાવા લાગ્યું હતું. તિબેટનું વાલીપણું ભારત પર શાસન કરી રહેલાં બ્રિટિશરો પાસે હતું, પરંતુ વિશ્વયુદ્ધમાં આર્થિક પછડાટ ખાઈને બ્રિટન પોતે હવે દુનિયાભરમાં ફેલાયેલો પોતાનો પથારો સંકેલવા માંડ્યું હતું. ચીને એ લાગ પારખ્યો. નવા-નવા આઝાદ થયેલા ભારતની નેતાગીરી હજુ ઘરઆંગણે ઠીકઠાક કરવામાં વ્યસ્ત હતી ત્યારે જ ચીન તિબેટને ગળી ગયું. એ પછી આજ સુધી ચીન કોઈને પણ તિબેટમાં પ્રવેશવાની પરવાનગી ટાળે છે અને કોઈ મક્કમ કારણથી પરમિટ મેળવીને તિબેટમાં પ્રવેશતો દરેક પરદેશી ચીનની બાજનજર હેઠળ રહે છે.'

'ઓહ માય ગોડ...' રાઘવના ચહેરા પર મૂંઝવણના ભાવ હતા, 'તો પછી એમ પણ બનેને કે બૌદ્ધ મઠના ગ્રંથાગારો પર હવે ચીનનો કબજો હોય? જો એવું હોય તો ત્યાંથી એક ચપતરું ઉઠાવવું એ મુશ્કેલ જ નહીં, અશક્ય જ બની જશે.'

'સાવ નકારી ન શકાય, પણ એ શક્યતા બહુ જ પાંખી લાગે છે.'

'કેમ પાંખી?'

'તિબેટિયનોના સર્વોચ્ચ ધર્મગુરુ દલાઈ લામાએ તિબેટ છોડ્યું એ પછી તિબેટમાં ધર્મવિગ્રહ થયો હતો. ત્યારથી ચીને તિબેટની કોઈ પણ ધાર્મિક બાબતમાં માથું મારવાનું બંધ કર્યું છે. આંતરરાષ્ટ્રીય સ્તરે તિબેટ પર પોતાના અધિકારને માન્યતા મળે એ માટે પણ ચીને બૌદ્ધ મઠને સ્વાયત્ત રાખ્યા છે અને દલાઈ લામા વખતે હતી એ જ સ્થિતિને જાળવી રાખી છે.'

'તો પછી...' રાઘવ એક પછી એક તર્ક લડાવતો જતો હતો, પણ હવે સૌને તેના સવાલોમાં કશોક ઉજાસ ભળાતો હતો, '...એવું ય બને ને કે આ ગ્રંથોના અધ્યયન થકી બૌદ્ધ લામાઓ આ બધી વિદ્યાઓના જાણકાર બની ચૂક્યા હોય?'

'તેનો જવાબ છે હા અને ના...' દૂબળીએ રાઘવની આંખમાં આંખ પરોવી, 'હા એટલા માટે કે, બૌદ્ધ સાધુઓની ચમત્કારિક શક્તિઓના કેટલાંક સત્તાવાર ઉલ્લેખો બહુ જાણીતા છે. બીજા વિશ્વયુદ્ધમાં એક જર્મન નાગરિક ભારતની હદમાં બ્રિટિશરોના હાથે પકડાયો. બ્રિટિશ કેદમાંથી છટકીને એ પગપાળા આખો હિમાલય ઓળંગીને તિબેટ ભાગી ગયો. તેનું નામ હેનરિક હેરર. તિબેટમાં એ સાત વર્ષ રોકાયો અને તિબેટને આધુનિક બનાવવામાં તેણે બહુ મહત્ત્વનું યોગદાન આપ્યું. હેનરિક હેરરે પણ બૌદ્ધ સાધુઓની વિશ્વાસ ન પડે તેવી શક્તિઓ વિશે ઉલ્લેખ કર્યો છે.'

'બીજું ઉદાહરણ છે 1961નું. લ્હાસાથી ઉત્તરે કુમબુમ નામના બૌદ્ધ મઠ પર હુમલો કરવા આવેલા દોઢ હજાર જેટલા ચીની સૈનિકોને થોન્ડુપ નોરબુ નામના બૌદ્ધ સાધુએ મંત્રમુગ્ધ કરીને પૂતળાની માફક ઊભા રાખી દીધા હતા. બહાવરા બની ગયેલા સૈનિકો ભાન ભૂલીને એકબીજાની સામે ગોળીઓ ચલાવવા લાગ્યા હતા. એ સાધુ નજરના ત્રાટક વડે આવું કશુંક કરી રહ્યો છે એમ પારખી ગયેલા ચીનાઓએ છેવટે તેની પીઠમાં ગોળી મારી ત્યારે તેનું સંમોહન ખતમ થયું હતું. એ પછી ઉશ્કેરાયેલા લશ્કરે 80 સાધુઓની હત્યા કરી નાંખી હતી. આખા વિશ્વમાં આ કત્લેઆમ સામે ઊહાપોહ થયો એટલે મહાખંધા ચીને સત્તાવાર રીતે આ ઘટના જાહેર કરવી પડી હતી.'

'માય ગ્ગ્ગોડ....' રાઘવના મોંમાંથી તાજુબીભર્યો ડચકારો નીકળી ગયો.

'આમ છતાં હું ખાતરીપૂર્વક કહું છું કે તિબેટિયન લામાઓ પણ તમામ ગ્રંથોનો પાર પામી શક્યા નથી. મેં જેમ એકાદ વિદ્યા સાવ ઉપરછલ્લી રીતે હસ્તગત કરી છે એ જ રીતે તેમણે

બહુ બહુ તો બે-ચાર વિદ્યાઓનો અછડતો તાગ મેળવ્યો હોઈ શકે, કારણ કે તેમની પાસે ગ્રંથો છે, પરંતુ એ ગ્રંથોનો ક્રમ સમજવાની ચાવી અહીં છે, જે મેં મેળવી છે. મારી પાસે ચાવી છે, પરંતુ તાળું તિબેટમાં પડ્યું છે. જ્યાં સુધી એ તાળું અને આ ચાવી બંને ભેગાં ન થાય ત્યાં સુધી સદીઓથી ખોવાયેલા સત્યનો તાગ મળી શકે નહીં.'

'તું કંઈક તિબેટ જવાના રસ્તાઓ વિશે કહી રહી હતી…' રાઘવ વધુ કંઈ સવાલ કરે એ પહેલાં ત્વરિતે હિરનને સીધું પૂછી લીધું. તેના અવાજમાં એવી ઉતાવળ હતી જાણે અબઘડી તિબેટ જવાનું હોય.

'એઝ આઈ સેઈડ, લેહ અને નેપાળના રસ્તા આપણાં માટે નકામા છે. ત્રીજો રસ્તો ભુતાન થઈને એલિયન પરમિટ વડે તિબેટ જવાનો છે. બહુ પ્રયત્નો કરીએ તો કદાચ પરમિટ મળી પણ જાય, પરંતુ નિર્ધારિત રૂટ પર ડગલે ને પગલે આપણે પુરાવા આપવાના થાય. વળી, ચીનાઓની નજર સતત મંડાયેલી હોય એ સંજોગોમાં આપણે ખાંખાંખોળા પણ કરી શકીએ નહીં…'

'તો??'

'એક જ રસ્તો એવો છે જ્યાંથી તિબેટમાં પ્રવેશીએ તો કદાચ…' એ ઘડીક અટકી, તેના ચહેરા પર તીવ્ર સતર્કતાના ભાવ હતા. પહેલાં રાઘવ અને પછી ત્વરિતની સામે નજર માંડીને તેણે ઉમેર્યું, '… મને ખાતરી નથી પણ કદાચ આપણે ચીનાઓની આંખમાં ધૂળ નાંખી શકીએ.'

'એટલે?' હવે રાઘવ પણ ભયસ્થાનને બરાબર પારખી રહ્યો હતો.

'અરુણાચલ પ્રદેશના તવાંગથી તિબેટ જવાનો એક રૂટ છે, પરંતુ બહુ જ ડિફિકલ્ટ છે એટલે તેનો વપરાશ નથી…'

'હાહાહાહા…' રાઘવથી હસી પડાયું, 'એ ડિફિકલ્ટ છે તો ય તમારે એ જ રસ્તે જવું છે?'

'ચોરીછૂપીથી તિબેટમાં પ્રવેશવાનો એ એકમાત્ર રસ્તો છે…' હિરને ડારતી નજરે જોઈને જવાબ વાળ્યો.

'પણ એ રસ્તે સૌથી પહેલાં તો તમારે ભારતીય સીમા સલામત રીતે વટાવવી પડે. ઈન્ડો-ચાઈના બોર્ડર પર જઈને ઝાંપો ખોલ્યો કે તરત તિબેટ આવ્યું એવું તો શક્ય નથીને? ફર્સ્ટ યુ વૂડ હેવ ટૂ ક્રોસ ઈન્ડિયન આર્મી. એ પછી તદ્દન અજાણ્યા અને પારાવાર જોખમી રસ્તાના જાણકારો જોઈશે. કેટલાંય દિવસો સુધીની મુસાફરી માટે પૂરતો સામાન પણ જોઈશે અને એ સામાન ઊંચકવા માટે ય માણસો જોઈશે. ઈટ્સ વેરી ડિફિકલ્ટ…' રાઘવે ખભા ઊંચકીને કહી દીધું, 'રાધર લેટ મી સે, ઈટ્સ ઈમ્પોસિબલ.'

'ડોન્ટ વરી… ત્રણ વર્ષ પહેલાં આ બધું પણ ડિફિકલ્ટ જ લાગતું હતું…' હિરને સહેજ પણ ઉશ્કેરાયા વગર ઠંડકથી તેની સામે જોયું, '… રાધર લેટ મી સે, ઈટ વોઝ ઈમ્પોસિબલ.'

ઘડીક એ સ્મિતભેર સૌને તાકી રહી. તેની આંખોમાં કારમી ઠંડકનો દઝારો હતો. અચાનક તેનો મિજાજ બદલાયો અને રાઘવની સામે ધસી જઈને તેનું બાવડું ભીંસી નાંખ્યું, 'માઈન્ડ વેલ, ટાર્ગેટ ફક્ત ટાર્ગેટ હોય છે. તેને ઈઝી, ડિફિકલ્ટ કે ઈમ્પોસિબલ તો આપણે બનાવતાં હોઈએ છીએ…' મજબૂત એકવડિયા બાંધાના રાઘવ સામે એ વધારે બટકી, નાજુક લાગતી હતી, પણ તેના આત્મવિશ્વાસની બુલંદીના બળે તેની ઓછી ઊંચાઈ ઊંચકાઈ જતી હતી, 'કોણ ટાર્ગેટ અચિવ કરવા જાય છે, કેવા હોંસલાથી પડકારને ઝીલે છે, કેટલાં ખંતથી તૈયારી કરે છે તેના આધારે તેં આપેલા ઈઝી, ડિફિકલ્ટ કે ઈમ્પોસિબલ એવા ટેગ નક્કી થાય.'

ધૂંધવાઈને તેણે દરેકની સામે જોયું, પછી એવી જ આગ જેવી જબાનમાં કહ્યું, 'જાવ, બહાર નીકળો બધા અને દસ-બાર કે પંદર ફૂટ લાંબો જમ્પ મારો જોઉં. તારા માટે એ ડિફિકલ્ટ છે. આ પિયક્કડ ઝુઝાર માટે એ ઈમ્પોસિબલ છે પણ કાર્લ લૂઈસ માટે એ ઈઝી છે.'

'બહોત બોલતી હૈ રે...' પોતાનો ઉલ્લેખ આવ્યો એટલે ઝુઝારથી ન રહેવાયું. એક છોકરી પોતાને પરાસ્ત કરી જાય તેનો ધૂંધવાટ અને હવે એ આમ તોછડાઈથી સંભળાવ્યા કરે... ઝુઝારના દેહાતી ખૂનને એ શી વાતે ય માફક આવે તેમ ન હતું.

'હા. બહોત બોલતી હૂં...' અચાનક એ ઝુઝાર તરફ ઘૂમી. તેની ઘેરી કથ્થાઈ આંખોમાં તીવ્ર ઉન્માદ વ્યાપેલો હતો, 'ક્યૂંકિ બહોત કુછ કરકે તુમ્હારે સામને ખડી હૂં.'

ઉશ્કેરાટભેર તેણે ઓરડામાં લાંબી ડાંફ ભરીને આમતેમ બે-ત્રણ આંટા માર્યા અને ફરી રાઘવની સામે હાથ લંબાવીને ત્રાડ નાંખી, 'પાડ માનો પ્રોફેસરનો કે તમે સૌ આમ છૂટા ફરો છો, હાથ લાંબા-ટૂંકા કરીને સવાલ-જવાબ કરો છો, પણ એ ન ભૂલો કે તમે હજુ ય મારા હાથમાં છો.'

'પણ અમે તારા કબજામાં છીએ તેનો અર્થ એ નથી કે તમે એમ તવાંગ થઈને તિબેટ પહોંચી જશો. તને અંદાજ છે, એ માટે કેવી કેવી તૈયારી કરવી પડશે? હિમાલય એટલે શું અને બરફનાં તોફાન એટલે કઈ બલા તેનો ખ્યાલ છે? ધારો કે તમે તિબેટ પહોંચી પણ ગયા તો, શું તું એમ માને છે કે ત્યાં એ લુચ્ચા ચીનાઓ હારતોરા કરીને તમારું સ્વાગત કરશે? ભલે પધાર્યા મોંઘેરા મહેમાન એવાં ગીતડાં ગાશે અને તમારા હાથમાં હસ્તપ્રતોના થોકડા થમાવી દેશે?' રાઘવના અવાજમાં બેહદ ઉશ્કેરાટ હતો, 'એક એવા મુલ્કમાં તમારે જવું છે જ્યાં જવાનો કોઈ માર્ગ નથી, એક એવા મુલ્કમાં તમારે જવું છે જ્યાં ચહેરાથી જ પરદેશી ઓળખાઈ જાય છે, એક એવા મુલ્કમાં તમારે જવું છે જ્યાં જવાની પરદેશીને પરવાનગી જ નથી અને...'

'શટ અપ...' રાઘવના ઊંચા થતા અવાજની સમાંતરે હિરને દબાયેલા પણ ભયાનક આવેગભર્યા સ્વરે કહી દીધું, પણ ઉશ્કેરાટથી ફાટાફાટ થતો રાઘવ અટક્યો નહીં, 'રસ્તામાં ખાવા-પીવાનું શું કરશો, ચેકપોસ્ટ પર પરમિટ માંગશે ત્યારે શું ધરશો, છૂપા વેશે ત્યાં કેટલાં દિવસ, કઈ રીતે અને ક્યાં રોકાશો, કેવી રીતે હસ્તપ્રતોની શોધ કરશો.. સાલા, કશું જ વિચાર્યા વગર ચાલો તિબેટ... ચાલો તિ...'

'શટ અપ્પ્પ્પ્પ્પ...' ભયાનક ત્રાડ નાંખીને હિરને આંખના પલકારે રાઘવની છાતીમાં એક ધબ્બો ઝીંક્યો. ઓચિંતા, વેગીલા અને બરાબર મર્મસ્થાન પર વાગેલા પ્રહારથી રાઘવ અડબડિયું ખાઈ ગયો, 'હું બેવકૂફ છું? એમ આઈ ઈડિયટ? અ સ્ટુપિડ?' ગુસ્સાથી તેનો ભરાવદાર સીનો તંગ થઈ ગયો હતો. ખભા પરથી સરી ગયેલા ટોપની નીચેથી બ્રેસિયરના બ્લેક સ્ટ્રેપ્સ દેખાતા હતા અને કશાંયની પરવા કર્યા વગર ગળાની નસો ફૂલી જાય એ રીતે તે ચિલ્લાઈ રહી હતી, 'તિબેટ મુક્તિવાહિની... નામ સાંભળ્યું છે તેં? તિબેટની આઝાદી માટે ચીન સામે ગેરિલા વૉરફેર જારી રાખતી તિબેટના બહાદુરોની એ છૂપી સેના... ડૂ યુ નો એનિથિંગ? ધરમસાલા એ તિબેટ મુક્તિવાહિનીના લડાકુઓનું આશ્રયસ્થાન અને તવાંગ એ તેમનો બેઝ કેમ્પ, જાણે છે આમાંનુ કશું?'

ઘડીક એ ધૂંધવાતી નજરે સૌને જોતી રહી. સહેજ બટકી, સહેજ હૃષ્ટપુષ્ટ, બેહદ ગોરી અને માદક વળાંકો ધરાવતી આ ફૂટડી છોકરી અને તેનો આ બાર ખાંડીનો મિજાજ.

ખુરસી પરથી ઊભા થઈને પ્રોફેસર હજુ તેને વારવા જાય ત્યાં તેણે બિન્ધાસ્ત ટોપ ઊંચું કરીને જિન્સમાં ખોસેલી ગન કાઢી અને રાઘવની સામે ધરી દીધી, 'અહીં સુધીનું આટલું કમઠાણ મેં

કર્યું છે... હવે તમે યા તો મારા પ્લાનિંગ પર ભરોસો કરો...' ફરીથી દરેકની સામે તેણે નજર ઘુમાવી, 'ઔર ગેટ લોસ્ટ ફોરએવર...'

'ઓહ કમ ઓન...' હિરનનો ઉશ્કેરાટ વાત વણસાવી દેશે તેવા અંદેશાથી પ્રેરાઈને ત્વરિત આગળ વધ્યો, 'તિબેટ જવાનું જોખમી તો છે જ, પણ...' સ્હેજ ખચકાઈને તેણે વાક્ય પૂરું કર્યું, 'આઈ એમ રેડી...'

હવે દરેકની નજર ત્વરિત પર ચોંટી હતી.

ચંદ સેકન્ડની વીંધી નાંખતી ચૂપકીદી પછી ત્વરિતે ફરીથી ડોકું ધુણાવ્યું, 'તિબેટ હોય કે દુનિયાનો કોઈ પણ છેડો... જહન્નમ હોય કે દોઝખ... હવે આ વાતનો પાર પામ્યા વિના હું ચેનથી મરી નહીં શકું...' તેણે આવેગસભર આંખે પ્રોફેસરની સામે જોયું, હિરનની સામે ય નજર ફેંકી લીધી, 'કોઈ આવે કે ન આવે, તમે લોકો જાવ કે ન જાવ... હું તિબેટ જવાનો છું... ધેટ્સ ઈટ.'

'ડન...' દૂબળી કશુંક બોલવા જતો હતો ત્યાં જ હિરને ત્વરિતનો ખભો થપથપાવી લીધો, 'અત્યાર સુધી એકલે હાથે અમે અહીં સુધી પહોંચ્યા, પણ હવે મારે વધુ માણસો જોઈશે... વધુ અને ભરોસાપાત્ર. તારી આવડત અને અભ્યાસનો અમને ચોક્કસ ખપ છે. છપ્પનનો પણ.'

'હું??' અત્યાર સુધી અવશપણે, પણ એટલી જ એકાગ્રતાથી સાંભળી રહેલો છપ્પન પહેલી વખત સહેજ ચોંક્યો.

'હા... કારણ કે પબ્લિક લાઈબ્રેરીમાં જઈને કાર્ડ ધરીએ એટલે આપણને ચોપડી ઈશ્યૂ કરી દે એવું તો તિબેટમાં થવાનું નથી. ત્યાં જઈને કેવા કેવા ખેલ પાડવા પડે તેનો કોઈ અંદાજ નથી. એ સંજોગોમાં છપ્પન ઈઝ ધ મોસ્ટ સ્યુટેબલ ગાય...'

એકધારો સ્તબ્ધતાપૂર્વક સાંભળી રહેલો છપ્પન ઊભો થયો. તેની ચાલમાં સુસ્તી હતી અને આંખોમાં કશુંક સંમોહન. તે ફક્ત એટલું જ બોલી શક્યો, 'આ મારી તકદીરનો સાદ છે... હું તૈયાર છું.'

તેણે આંખો ભારપૂર્વક મીંચી દીધી. તેની પાંપણો નીચે બાઝેલી ભીનાશની પર્ત જોઈને સૌને આશ્ચર્ય થતું હતું, પણ બંધ આંખોની ભીતર બાપ ગૂંગાસિંઘને ખિલખિલાટ હાસ્ય સાથે આશીર્વાદ આપતો હાથ ઊંચકતો જોઈને છપ્પન રૂંવેરૂંવેથી ભાવવિભોર થઈ રહ્યો હતો.

ક્યાંય સુધી ઓરડામાં નિ:શબ્દ સન્નાટો ઘૂમરાતો રહ્યો. છપ્પન અને ત્વરિત, જાણે અત્યારે જ તિબેટ જવા - ન જવાની બે ટીમ પડી ગઈ હોય તેમ ઓરડામાં જરાક ટહેલીને દૂબળી અને હિરનની સાઈડમાં ખસી ગયા હતા અને સામેની તરફ પલંગ પર બેઠો હતો રાઘવ અને તેની બાજુની ઈઝીચેર પર હતો ઝુઝાર.

'ઓકે... એઝ યુ વિશ...' છેવટે રાઘવે બોલાયા વગર હવામાં ઘૂમરાતો સવાલ પકડ્યો, 'તમે નિર્ણય પર આવી જ ગયા છો તો હું તમને નહીં રોકું.' તે ઊભો થયો અને દૂબળીની પાસે જઈ તેના ખભા પર હાથ મૂક્યો, 'હોલ હાર્ટેડલી આઈ સેલ્યુટ યુ, પ્રોફેસર. આઈ વિશ આઈ કૂડ જોઈન યુ, પણ મારી ફરજ મને રોકે છે.'

દૂબળીએ કશું જ બોલ્યા વગર ગરદન ઊંચકીને તેની સામે જોયું. પહેલી જ વાર રાઘવને તેની આંખોમાં લાગણીનો ઝબકારો વર્તાતો હતો, 'ડોન્ટ વરી સર, હું આખો ય કેસ અહીં જ પૂરો કરું છું. આમ પણ ડિંડોરીની મૂર્તિ માટે મારા સિવાય બીજા કોઈને પરવા નથી. હું એ કેસ રફેદફે કરી દઈશ.' પછી તેણે હિરન તરફ અછડતી નજર નાંખીને ઉમેર્યું, 'એન્ડ આઈ પ્રોમિસ... અ જેન્ટલમેન પ્રોમિસ, તમારા આયોજન વિશે હું કે ઝુઝાર એક અક્ષર સુધ્ધાં ક્યાંય

નહીં બોલીએ. મારા તરફથી તમે હવે છૂટા છો...' પછી હિરનની બરાબર સામે જોઈને તેણે સ્મિતભેર કહી નાંખ્યું, 'આઈ હોપ કે તમે પણ મને છોડશો.'

રાઘવે ત્વરિતની પાસે જઈને તેનો ખભો થપથપાવ્યો. છપ્પનની સામે સ્મિત વેર્યું અને ઝુઝારને ઈશારો કરીને દરવાજા ભણી આગળ વધ્યો.

'વી હેવ અ પ્લાન ફોર યુ ટુ, મિ. એસીપી...'

હિરનના ઘેરા, રણકતા અવાજથી રાઘવના પગ ત્યાં જ ખોડાઈ ગયા. તેણે અચરજભેર ગરદન ઘુમાવી.

'આટલાં વરસની અમારી રઝળપાટ, આટલી ખણખોદ, આટલાં જોખમ, એક કરોડથી ય વધારે રૂપિયાનો વેડફાટ અને હવે જાનના જોખમે છેક તિબેટ સુધી જવાની અમારી તૈયારી...' તેણે બેહદ માદક અને મલપતી ચાલે રાઘવ તરફ આગળ વધતાં કહ્યું, 'તું શું સમજે છે, ફક્ત પ્રોફેસરની થિયરી પુરવાર કરવા માટે જ આ જફા થઈ રહી છે?'

*** *** ***

થંભી ગયેલો રાઘવ પારાવાર મહેનત કરીને ચહેરો સ્વસ્થ રાખવા મથતો હતો.

આ બાપ-દીકરી બંને ચહેરા પર કોઈ ભાવ ફરકે કે મનમાં કોઈ સવાલ ઊગે એ પહેલાં તો સાંગોપાંગ વાંચી લેવામાં માહેર હતાં. અત્યાર સુધીમાં એ પામી ગયો હતો કે આંખમાં આંખ પરોવાયેલી હોય ત્યારે તેમના માટે સામેની વ્યક્તિના વિચાર વાંચવાનું આસાન રહે છે, પણ નજર ફેરવી લઈએ કે મનમાં અનેક વિચારો ઊભા કરીને મૂળ વિચારને દબાવવાની કોશિશ કરીએ તો કદાચ તેમના માટે મુશ્કેલ બની શકે??

મનમાં કોઈ સવાલ ન જાગે તેનો પ્રયત્ન કરતો એ પરાણે કોઈ બીજા, અસંબદ્ધ વિચાર પર મનને લઈ જવા મથતો હતો, પણ તેના દિમાગમાં તમરાંના અવાજ જેવી ઝમઝમાટી થવા લાગી હતી.

તેણે હિરન તરફ જોવાનું ટાળીને કોઈ કારણ વગર પોતાના બાળપણનાં તોફાનના, બહુ ભાવતી મીઠાઈ સોનપાપડીના, પહેલી ગર્લફ્રેન્ડને પહેલી વાર કરેલી કિસના અને એવા બધા અસંબદ્ધ વિચારો કરવા માંડ્યા, પણ તો ય ઊંડે ઊંડે

તેના મનમાં સવાલ ઊઠી જતો હતો, 'સમથિંગ ઈઝ ધેર... બીજો પ્લાન... એ જ એમનો અસલી પ્લાન હોવો જોઈએ... શું છે એ બીજો પ્લાન?'

ઘડીક તેણે નજર ઝૂકેલી રાખી, ઘડીક ઝુઝાર તરફ જોયા કર્યું અને એમ જ એ ઓરડામાં પાછો ફર્યો.

'આઈ હોપ, તને એ જાણવું ગમશે.' હિરને સાલસ અવાજે કહ્યું અને તેની સ્વભાવગત બેપરવાઈથી પગનો ઠેલો મારીને તેણે ખુરસી ધરી, 'પ્લિઝ, હેવ અ સીટ.'

'આમ તો આવા વખતે મને ચોંકાવી દેવા માટે એ મારા મનના ભાવ વાંચીને તેને અનુરૂપ જવાબ જ વાળવા જોઈએ... પણ તેણે એવું કર્યું નહીં...' મનોમન ગડમથલ અનુભવતો રાઘવ પોતાનો કીમિયો ચકાસવા સઘન પ્રયત્નપૂર્વક મનમાં ચિત્ર-વિચિત્ર વિચારોનું તોફાન જગાવતો જતો હતો.

આઈપીએસ અફસર તરીકે તેણે જાતજાતની તાલીમ મેળવી હતી પણ મનમાં તદ્દન વિરોધાભાસી અસંબદ્ધ વિચારો જગાવીને તેને ચહેરા પર ઓઢવાનો, આંખોમાં પહેરાવવાનો આ બહુ દુષ્કર પ્રયત્ન હતો.

'નો ડાઉટ... પ્રોફેસરની થિયરી સાચી સાબિત થાય એ અમારો અલ્ટિમેટ ગોલ છે...' ભીંતને અઢેલીને એ રાઘવ સામે તાકીને બોલી રહી હતી. અદબ વાળવાથી લૂઝ ટોપમાં ચસોચસ ભીંસાતો તેનાં સ્તનોનો ઉભાર, પગની આંટી વાળવાથી છલકાતો ભરાવદાર સાથળનો ચુસ્ત આકાર, ગોરા-રતુમડા ચહેરા પર ફરફરતો ભૂખરા વાળનો અંબાર અને કથ્થાઈ આંખોમાંથી છલકાતી આત્મવિશ્વાસ સભર બેપરવાઈ હિરનના રૂપના અંઘોળમાં અંજાયેલો ઓરડો સ્તબ્ધપણે તેને તાકી રહ્યો.

'ડેડ એન્ડ મી ટુ...' તેણે ઘડીક દૂબળીની સામે એકીટશે જોયા કર્યું, 'વેરી મચ ડેસ્પરેટ ટૂ પ્રૂવ હિમ રાઈટ... પણ મને હતું કે...' તેણે રાઘવની સામે આંગળી ચીંધી, 'તું એટલો તો સ્માર્ટ હોઈશ જ...'

રાઘવે અછડતી નજરે તેની સામે જોયું અને જરાક સ્મિત વેરીને અકારણ ત્વરિત તરફ નજર ફેરવી દીધી.

'તમે કદાચ આ અનબિલિવેબલ વાતના પ્રભાવમાં એ દિશામાં તો વિચાર્યું જ નથી કે ધારો કે...' ફરીથી તેણે દૂબળીની સામે જોયું. ઘડીક જોયા જ કર્યું અને પછી ઉમેર્યું, '... ધારો કે આપણે વિચારીએ છીએ એ બધી પ્રાચીન વિદ્યાઓ, એન્શ્યન્ટ કમ્યુનિકેશન સ્કિલ્સ સુધી આપણે પહોંચી પણ ગયા તો...'

સવાલને અધવચ્ચે જ લટકતો છોડીને તેણે હાથને સ્ટાઈલભેર જિન્સનાં ખિસ્સાંમાં ખોસ્યા, સીનો ટટ્ટાર કર્યો, પગની એડી ઠપકારીને શરીરને સ્હેજ ઊંચક્યું અને આંખોનો બેહદ મારકણો ઉલાળો ઘુમાવીને ફરીથી પૂછ્યું, '... તો શું, વિચાર્યું છે?? શું થઈ શકે, આપણી પાસે કેવી તાકાત આવી જાય, આપણે શું કરી શકીએ?' ઘૂરી રહેલા ઝુઝારની નજીક પહોંચીને તેણે કહ્યું, 'હું અને તું બોલ્યા વગર વાત કરી શકીએ તેનાથી દુનિયામાં કેવી ઉથલ-પાથલ સર્જાઈ જાય, તને અંદાજ આવે છે?'

'પ્લિઝ સ્ટોપ ઈટ...' અચાનક દૂબળીએ હાથ ઊંચો કરીને મોટા અવાજે ઘાંટો પાડ્યો, 'આ બધી વાત ક્યાં..'

'રિલેક્સ ડેડ..' હિરને તરત જ પ્રોફેસરને અટકાવ્યા. તેની નજીક જઈને એકધારી તેની આંખમાં જોતી રહી. દૂબળી પણ અવશપણે તેની આંખોમાં તાકતો રહ્યો અને પછી નીચે જોઈને માથું ધુણાવવા માંડ્યો.

કદાચ એ હિરનની વાત સાથે સંમત ન હતો. કદાચ હિરન આ કહી રહી હતી એ તેને ગમતું ન હતું. રાઘવ બહુ બારીક નજરે બેયના ચહેરા પરના ભાવ પામવા મથતો હતો.

'એક મિનિટ સર...' ત્વરિતને કથાની આ નવી માંડણી ગોટે ચડાવતી હતી, 'તેને બોલી લેવા દો, ડોન્ટ મેક અસ કન્ફ્યુઝ પ્લિઝ..' તેણે રાઘવ અને છપ્પનની તરફ જોયું. બંનેએ બોલ્યા વગર સંમતિસૂચક ગરદન ધુણાવી દીધી.

'યસ્સ્સ...' હિરને ફરીથી વાતનો દોર હાથમાં લીધો, 'આ બહુ જ લાંબા ગાળાનું આયોજન છે. ડેડનો આ સબ્જેક્ટ નથી. એ આ રીતે વિચારવા ટેવાયેલા પણ નથી. બટ આઈ એમ સ્યોર, તમને તો એ ગળે ઊતરશે જ...'

'બટ વ્હોટ??' ત્વરિતના સ્વરમાં અકળામણ વર્તાતી હતી.

'વેલ... હું ફટાફટ મૂળ મુદ્દા પર આવવાની કોશિશ કરું...' ઝડપથી ચાલીને તે સોફાચેરની કિનારને અઢેલીને ઊભી રહી, 'ટેલ મી, તારા દોસ્તો સાથે, ફેમિલી મેમ્બર સાથે કોન્ટેક્ટમાં રહેવા માટે તું શું કરે છે... આઈ મીન કોલ કરે છે, એસએમએસ ઓર એનિથિંગ એલ્સ?'

'મેઈનલી આઈ યુઝ વ્હોટ્સએપ ઑર મેસેન્જર...'

'કેમ એસએમએસ યુઝ નથી કરતો?'

'કારણ કે...' ત્વરિતને હજુ આ પ્રશ્નાવલી સમજાતી ન હતી. રાઘવ પણ સાશંકપણે ધ્યાનથી જોઈ રહ્યો હતો, 'વ્હોટ્સએપ વધારે કમ્ફર્ટેબલ છે. ફાસ્ટ છે. તેના ફિચર્સ વધુ યુઝફુલ છે એન્ડ...'

'એબસોલ્યુટલી રાઈટ...' હિરને ખુશહાલ ચહેરે હાથની ચપટી વગાડી નાંખી, '...પણ ત્રણ-ચાર વર્ષ પહેલાં તને કલ્પના સુધ્ધાં હતી કે શોર્ટ મેસેજ સર્વિસિઝ આટલી જલદી ખતમ થઈ જશે? તેનાંય દસ વર્ષ પહેલાં તને કલ્પના હતી કે એક એસએમએસ વડે તું ક્યાંય પણ, કોઈને પણ મેસેજ મોકલી શકતો હોઈશ?'

તેણે રમતિયાળ સ્મિત સાથે દરેકની આંખોમાં નજર ફેરવી નાંખી, 'પચ્ચીસ વર્ષ પહેલાં મોબાઈલ ફોન વિશે કલ્પના પણ થઈ શકતી હતી? આપણા બાપાઓ એસટીડી પીસીઓની બહાર લાઈન ખૂલે તેની રાહ જોઈને ઊભા રહેતા હતા એવું મેં સાંભળ્યું છે. મારા મામા કહેતાં કે ગામમાં ઠેકઠેકાણે પીળા પાટિયામાં બ્લેક અક્ષરે પીસીઓ લખેલી કેટલીય દુકાનો ખૂલી ગઈ હતી અને મારા મામા હોંશભેર દર અઠવાડિયે છેક ત્રિપુરામાં મારી મા સાથે વાત કરીને તાજુબી અનુભવતા હતા.'

'પચ્ચીશ જ વર્ષમાં આપણી આસપાસની આખી દુનિયા બદલાઈ ગઈ... થેંક્સ ટૂ આઈટી રિવોલ્યુશન. પણ એ વખતે જો કોઈએ આવું થશે એવી આગાહી કરી હોત તો આપણે માન્યું હોત? હું જે વાત કહેવા જઈ રહી છું એ આવતાં પંદર- વીસ કે પચ્ચીશ વર્ષ પછીની ક્રાંતિની છે...' તેણે સોફાચેરના હાથા પર પગ અને ઢીંચણ પર હાથ ટેકવ્યો, 'પોસિબલ છે કે આજે એ બિયોન્ડ ધ ઈમેજિનેશન લાગે... ભેજાંમાં જ ન ઊતરે...'

ઝાટકા સાથે તેણે પગ હટાવ્યો, થોડો પોઝ આપીને સોફાચેર ફરતો એક આંટો માર્યો અને ત્વરિતની સામે જોયું... ઘડીક અનિમેષપણે જોયા જ કર્યું, 'વ્હોટ્સએપ નામની મુદ્દલ એક મોબાઈલ એપ્લિકેશન હજુ તો દસ વર્ષ પૂરાં કરે એ પહેલાં તો 19 બિલિયન ડોલરમાં ફેસબુકે ખરીદી લીધી...' પછી તેણે છપ્પન અને ઝુઝારની સામે જોયું, '19 બિલિયન ડોલર યાને... 1900 કરોડ ડોલર યાને આજના ભાવે 1,14,000 કરોડ રૂપિયા...'

ઝુઝાર અને છપ્પન સ્તબ્ધ ચહેરે, ફાટી આંખે તેને નીરખી રહ્યા હતા. ત્વરિત જાણે કશુંક સમજી રહ્યો હોય તેમ જરાક ગરદન હલાવી રહ્યો હતો. રાઘવના ચહેરા પર હજુ ય મક્કમતા અંકાયેલી હતી.

'એક એપ્લિકેશન આવે છે અને હજુ તો મોબાઈલનું કિ-પેડ પણ ઘસાયું ન હોય ત્યાં લાખો, કરોડોમાં તેના ભાવ મંડાવા લાગે છે... એક ફેસબુક... એક ગૂગલ... એક એપલ... એક માઈક્રોસોફ્ટ... જગતની સૌથી વધુ જાણીતી, સૌથી વધુ કમાણી કરતી, સૌથી વધુ ચર્ચાતી અને સૌથી વધુ શક્તિશાળી બની રહેલી આ કંપનીઓ આખરે કરે છે શું?'

નાટકીય અંદાજે બેય હાથ પહોળા કરીને તે ધીરે ધીરે નજીક લાવતી ગઈ અને એક-એક શબ્દ છૂટો પાડીને કહેતી ગઈ, 'બે ડિવાઈસ વચ્ચેની કનેક્ટિવિટી. તારો મોબાઈલ અને મારો મોબાઈલ વ્હોટ્સએપથી કનેક્ટ થાય એટલે આપણે આખો દિવસ વાતો કરી શકીએ. પિક્સ, સોન્ગ્સ, વીડિયો શેયર કરી શકીએ. ગ્રૂપ બનાવીને કામની વાત પણ કરી શકીએ અને મજા પણ કરી શકીએ.'

પછી અચાનક એ છપ્પન તરફ ફરી, 'છપ્પન, પ્રોફેસર તને મૂર્તિની તમામ ડિટેઈલ્સ આપે એ

પછી પણ તું તારી રીતે એ સ્થળ ક્રોસચેક કરતો હતો, કઈ રીતે?'

'હેં???' મંત્રમુગ્ધપણે સાંભળી રહેલો છપ્પન આ ઓચિંતા સવાલથી ચોંક્યો હોય તેમ તેનો સ્વર હડબડવા લાગ્યો, 'હું... મેં... હું આમ તો ગૂગલ પર ચેક કરતો. જીપીએસ વડે રસ્તા ચેક કરીને પ્લાન બનાવતો હતો અને...'

'ધેટ્સ આઈ મીન ટુ સે...' સાથળ પર હથેળીનો ટપાકો મારીને તેણે કહ્યું, 'દુનિયાભરનાં કમ્પ્યૂટરની કનેક્ટિવિટી વડે ગૂગલ ડેટા બેન્ક તૈયાર કરે, આપણે આંગળીના ટેરવે એ ડેટા મેળવી શકીએ, એ સેવાના બદલામાં આપણે એક પૈસો ય ન ચૂકવીએ અને છતાં ગૂગલ તગડી થતી જ જાય. કેટલી તગડી, તને કંઈ અંદાજ આવે છે?'

તેણે પહેલાં ઝુઝારને અને પછી છપ્પનને પૂછ્યું અને જાતે જ એક-એક શબ્દ છૂટો પાડતા જવાબ વાળ્યો, 'ઝીરોથી 4000 કરોડ ડોલરની કંપની થવામાં ગૂગલને ફક્ત પંદર વર્ષ લાગ્યાં હતાં...'

'હવે સમજાય છે, હું શું કહી રહી છું?' તેણે સ્મિતભેર હવે રાઘવને ટાર્ગેટ કર્યો, 'બે ડિવાઈસ વચ્ચેની કનેક્ટિવિટી જો દુનિયાભરમાં આટલી ઉથલપાથલ મચાવી શકતી હોય, રૂપિયાની અને પાવરની રેલમછેલ વરસાવી શકતી હોય તો...'

ઘડીક તે અટકી, ત્વરિતની સામે ધ્યાનથી તેણે જોયા કર્યું, ઊંડો શ્વાસ લીધો, તેનો સ્વર સહેજ ધીમો પડ્યો, 'એન્શ્યન્ટ કમ્યુનિકેશન સ્કિલ તો બે માણસના દિમાગ વચ્ચેની કનેક્ટિવિટીની વાત કરે છે. જો આપણે સાચા પડ્યા, જો આપણે ધારીએ છીએ એ મુજબના ગ્રંથો અને તેમાં કહેવાયેલી આવડત હસ્તગત કરી શક્યા તો...' રાઘવની સાવ સામે ખસીને તેણે આંખમાં આંખ પરોવી દીધી, 'તને કલ્પના આવે છે, પંદર-વીસ કે પચ્ચીશ વર્ષ પછીનું જગત કેવું હશે?'

સૌના સ્તબ્ધ, સુન્ન થઈ ગયેલા ચહેરા જોઈને ખડખડાટ ઠહાકો વેરીને તેણે ફરીથી સોફાચેર ફરતાં ચક્કર મારી લીધાં, 'જગતની વાત છોડ... હ્યુમન માઈન્ડ કનેક્ટ કરી શકતી એપ્લિકેશનના માલિક તરીકે આ ઝુઝાર, ચંબલનો આ લુખ્ખો ક્યાંનો ક્યાં પહોંચી ગયો હશે તેનો અંદાજ આવે છે? જિંદગીભર મોં સંતાડીને ભાગતો-ફરતો આ ચોર... આ છપ્પન કેવી તાકાત ધરાવતો હશે તેની કલ્પના કરી શકે છે? અરે, એ બધાની વાત છોડ, તું ક્યાંનો ક્યાં પહોંચી ગયો હોઈશ તેનું તને ભાન પડે છે?'

'એક મિનિટ...' ત્વરિતે અચાનક જ હાથ ઊંચો કરી દીધો, 'આ બધું કેવી રીતે થશે?'

'સિમ્પલ, આજે ગૂગલે જે ઈન્ટરનેટ કનેક્ટિવિટી વડે કર્યું એ આપણે હ્યુમન માઈન્ડની કનેક્ટિવિટી વડે કરી શકીએ. વ્હોટ્સએપે મોબાઈલ એપ્લિકેશન વડે જે કર્યું એ આપણે આપણી પોતાની તદ્દન નવા પ્રકારની અને કોઈ જ ડિવાઈસ વગરની એપ્લિકેશન વડે કરી શકીએ. આપણે માણસના દિમાગના કનેક્શન વિશે જે જાણતાં હોઈશું તેની વર્લ્ડ પેટન્ટ આપણી પાસે હશે. આપણે દુનિયાને આ અનોખા પ્રકારની સર્વિસીઝ પૂરી પાડશું...'

'બટ...' ત્વરિત કશુંક બોલવા ગયો, પણ એ ઘડીક ત્વરિતની સામે ત્રાટક કરીને અને પછી રાઘવની આંખોમાં આંખ પરોવીને બોલતી જ ગઈ, 'ગવર્નમેન્ટ, કોર્પોરેટ સેક્ટર, પોલીસ, હોસ્પિટલ, યુનિવર્સિટી, આર્મી... ક્યાં ક્યાં આવાં પર્સનલ, ફાસ્ટ, બેહદ સિક્રેટ અને છતાં ય એટલાં જ અસરકારક કમ્યુનિકેશનની જરૂર નહીં હોય? તમને કોઈને અંદાજ નહીં આવતો હોય, પણ મને દેખાય છે કે, દસ-પંદર વર્ષ પછી આપણે ક્યાં હોઈશું? તિબેટનું આ પારાવાર જોખમ જો સફળ થયું તો આપણાં સૌ માટે ગંજાવર શક્યતા હું નિહાળી રહી છું. આપણે સૌ તેમાં બરાબરના હિસ્સેદાર હોઈશું. ધેટ્સ વ્હાય આઈ નીડ યુ, મિ. એસીપી... હવે સમજાય છે

હું શા માટે તને રોકી રહી છું?'

'બટ... વેઈટ અ મિનિટ...' ત્વરિતે ફરીથી હિરન અને રાઘવની વચ્ચે જવાની કોશિશ કરતાં કહ્યું, પણ હિરન હવે અટકવાના મૂડમાં ન હતી.

તે ભારપૂર્વક રાઘવને કહી રહી હતી, 'મારે બેહદ વિશ્વાસુ, ચાલાક અને આ પ્લાનિંગમાં શ્રદ્ધા રાખી શકે તેવા લોકોની જરૂર પડવાની જ છે. હું કે પ્રોફેસર એકલે હાથે આ કરી શકવાના નથી. એક ટીમ જોઈશે... મજબૂત અને વિશ્વાસુ ટીમ. તું અહીં સુધી પહોંચ્યો છે, આટલી માહિતી તેં મેળવી લીધી છે, તને ય પારાવાર ક્યુરિયોસિટી જાગી છે, તો શા માટે ઊંબરે આવીને ઊભો થઈ જાય છે? તારો લોસ એ છે કે તું એક એવી તક ગુમાવી રહ્યો છે જે ગુમાવવા માટે તારી સાત પેઢી તને ગાળો દેશે અને મારો લોસ એ છે કે તારા જેવો ચાલાક, ઈન્ટેલેક્ચ્યુઅલ અને વિઝનરી આદમી શોધવા માટે મારે ગમે તેના પર ભરોસો મૂકવો પડશે. ધેટ્સ વ્હાય આઈ નીડ યુ... એન્ડ નાવ આઈ હોપ યુ વિલ અન્ડરસ્ટેન્ડ યોર નીડ ટુ.'

'બટ હેઈઈઈઈ...' ત્વરિતે અચાનક હિરનનું બાવડું પકડીને ઉશ્કેરાટમાં તેને રીતસર ધક્કો મારી દીધો, 'પહેલાં મારી વાત સાંભળ... સાંભળ મારી વાત..' તેના અવાજમાં, તેના ચહેરા પરના ભાવમાં અને તેની આંખોમાં અજબ ઉન્માદ વર્તાતો હતો, 'માય ગ્ગ્ગોડ, તેં તો બારોબાર બધો જ વહીવટ પ્લાન કરી નાંખ્યો છે. યુ આર ડેન્જરસ ગર્લ.. તું ખતરનાક ગુનો કરી રહી છે.'

તેણે ભારે અચંબાથી ડોકું ધુણાવતા પ્રોફેસરની સામે જોયું, રાઘવની સામે જોયું અને ફરીથી હિરનને ઝકઝોરી, 'એન્શ્યન્ટ નોલેજ તો નેશનલ ટ્રેઝર કહેવાય. હજારો વર્ષ સુધી તેના વિઝન માટે મથેલા પ્રાચીન વિદ્વાનો અને તેની સાચવણી માટે મથેલા સંખ્યાબંધ અનામ લોકોની એ જહેમત પર તારો, મારો કે આપણો આઠ-દસ જણાનો અધિકાર કેવી રીતે હોઈ શકે? એ તો રાષ્ટ્રીય સંપત્તિ છે. આપણે જો સફળ થઈએ તો આપણે એ બધું રાષ્ટ્રને સમર્પિત કરી દેવું જોઈએ...'

'ઓહ્હ્હ્...' હિરને બેહદ નાટકીય અવાજે તેની સાવ લગોલગ જઈને વિસ્ફારિત આંખે કહ્યું, 'જો આ રાષ્ટ્રીય સંપત્તિ હોય તો...' તેણે વળતા એવા જ ઉશ્કેરાટથી ત્વરિતનો કોલર ભીંસી દીધો, 'તો જા. તું અને તારું રાષ્ટ્ર એકલે હાથે આ બધું શોધી લેજો.. જા.'

'આઈ મીન...' તેનાં ધક્કાથી ત્વરિત સહેજ લથડિયું ખાઇ ગયો.

'યુ મિન માય ફૂટ..' તેણે બેહદ ગુસ્સાથી પગ પછાડી નાંખ્યો અને ત્વરિત પર છલાંગ મારવા ધસી એ ભેગો ઝુઝાર વચ્ચે લપક્યો, 'બસ... બસ... બહોત હો ગયા...' તેણે નાજુક ઢીંગલીને ઊંચકતો હોય એ અદાથી હિરનને પાછળ હડસેલી અને બીજા હાથે ત્વરિતને ય રોકી દીધો.

'સોરી માહિયાસા'બ...' તેણે રાઘવની સામે જોઈને ભદ્દું સ્મિત વેર્યું, 'હમ તો જાયેગા...' પછી ગુસ્સાથી ધૂંધવાતી હિરન તરફ ફર્યો, 'કોઈ આવે કે ન આવે... ફિકર મત કર, ઝુઝારસિંહ મલ્હાન તારી સાથે આવશે... ઓ તિબ્બત તો ક્યા, જહન્નમ મેં ભી આયેગા...'

બેહદ ઉશ્કેરાટથી હાંફતો ત્વરિત હજુ ય પ્રોફેસરની સામે જોઈ રહ્યો હતો અને પ્રોફેસર આગ ઓકતી નજરે ત્વરિતને તાકી રહેલી હિરનને ઠંડી પાડતો હતો. છપ્પન દિગ્મૂઢપણે સૌ કોઈને જોઈ રહ્યો હતો.

'ઓકે ગાય્ઝ...' ઘડીક ત્વરિતને, ઘડીક હિરનને તાકીને આખરે રાઘવે ઊંડો શ્વાસ લીધો અને ખામોશી તોડી, 'હું પણ તૈયાર છું...'

તેની ઓચિંતી સંમતિથી ત્વરિત ચોંકી ઊઠ્યો હતો. છપ્પનના ચહેરા પર રાહત હતી. ઝુઝારે ખુશીથી રાઘવની પીઠ પર હળવો ધબ્બો મારી લીધો. પ્રોફેસર હિરનની સામે જોઈને માથું

ધ્રુણાવી રહ્યો હતો.

- અને બારી તરફ મોં ફેરવીને બહાર ઘેરાતા અંધારામાં તાકી રહેલી હિરનના ચહેરા પર સ્મિત હતું, પોતાનું ધાર્યું કરાવી શકાયાના કેફનું સ્મિત...

*** *** ***

દિવસભર આકાશમાં ઘુમરાયેલો બફારો રાત ઢળી એ સાથે મન મૂકીને વરસવા લાગ્યો હતો અને દિવસભર ઓરડામાં વલોવાયેલી તંગદિલી ઢળતી રાતે દિલકશ જશ્નમાં બદલાઈ ગઈ હતી.

'ચલ, આજ તેરા વેકેશન... ખાના હમ પકાયેંગે...' એમ કહીને કિચનમાં ધસી ગયેલા ઝુઝારે ઉજમ બહાદુરને ખૂણામાં બેસાડી દીધો હતો અને પોતે રસોઈ કરવા લાગ્યો હતો. બેહદ રાહત અનુભવતો છપ્પન પણ ખુશનુમા ચહેરે તેની મદદમાં જોડાયો હતો.

દૂબળી અને રાઘવ માટે ફ્લાવર-રેડ કેપ્સિકમની સબ્જી અલગ પાડીને તેણે બાઉલમાં લસણ, ડુંગળીનો ભડભડતો વઘાર કર્યો અને તેમાં રમની ધાર કરી એ સાથે ઊઠેલા આગના ભડકામાં ઘૂમરાતી વઘારની સોડમ ચારેતરફ ફરી વળી.

'ઈસે બોલતે હૈ રમ તડકા...' સાણસી વડે બાઉલ પકડીને કુશળ રસોઈયાની માફક ચમચો હલાવી રહેલો ઝુઝાર ખુશમિજાજ હતો, 'તેલ, મખ્ખન મેં તો બહોત ખાયા હોગા, આજ રમ કી ગ્રેવી ટેસ્ટ કર લો...'

વરસાદ ધોધમાર તૂટી પડ્યો હતો. બંગલાની ફોયરને ભીંજવતી ભીનાશ દિવસભર તપેલાં સૌનાં દિમાગને વીંટળાઈ ચૂકી હતી.

અંદરના ઓરડામાં ત્વરિત અને દૂબળીએ વેટ-69ની બોટલ ખોલી હતી અને ત્વરિત પોતાને શા માટે સ્કોચ કરતાં ટેનેસી વ્હિસ્કી પસંદ છે એ ઉત્સાહભેર કહી રહ્યો હતો.

જમ્યા પછી ઝુઝારે ઉપરની ગેલેરીમાં સાદી શેતરંજી પાથરીને લંબાવી દીધું હતું. બાજુના ઓરડામાં ચિરૂટ જલાવીને છપ્પન પોતાનો સામાન એકઠો કરવા લાગી ગયો હતો. વહેલી સવારે અહીંથી નીકળવાનું હતું. ચાવી આપેલા રમકડા જેવો ઉજમ બહાદુર દોડાદોડી કરીને સાફસૂફીમાં લાગી ગયો હતો. અહીં કેટલાં આદમી કેટલો સમય રોકાયા હતા તેનો કોઈ અંદાજ ન આવે એ રીતે સફાઈ કરી નાંખવામાં એ માહેર હતો.

રાઘવ અને હિરન હવે પછીનું પ્લાનિંગ કરવામાં લાગી ગયાં હતાં. વારંગલથી બે ટીમમાં કાફલો નીકળે. રાઘવ અને હિરન જબલપુર પહોંચે, રાઘવ જબલપુર રેન્જ ઓફિસમાં જઈને ઈમરજન્સી લીવ રિપોર્ટ ફાઈલ કરે અને પછી બંને રાંચી પહોંચેલા કાફલાને મળે. રાંચીથી કોલકાતા. ત્યાં જઈને શું કરવાનું છે, કોને મળવાનું છે એ વિશે હિરન કશો ફોડ પાડતી ન હતી.

'કોલકાતાથી આગળ લોજિસ્ટિક સપોર્ટ વિશે ય આપણે વિચારી લેવું પડશે..' રાઘવે આઈફોનમાં લિસ્ટિંગ કરી રહેલી હિરનને કહ્યું.

'લોજિસ્ટિકની ફિકર નથી. કોલકાતાથી આપણને મદદ મળી રહેશે.'

'અને કોલકાતા સુધીની મુસાફરી?'

'પ્રોફેસર, ત્વરિત, છપ્પન અને ઝુઝાર ટ્રેવેલરમાં રાંચી પહોંચશે અને આપણે બંને એનફિલ્ડ પર.' હિરને આઈફોનના સ્ક્રીન પરથી નજર હટાવ્યા વગર જ કહી દીધું, 'મને ઈન્ડિપેન્ડન્સી જ ફાવે છે... લાઈફ હોય કે વ્હિકલ, હું જાતે જ ડ્રાઈવ કરું છું.'

રાઘવ એકીટશે તેને જોઈ રહ્યો. કેકવાના ઢાબા પર પેકેટ આપી ગયેલી છોકરી, ખુબરાના જંગમાં જાળિયામાં પગ ભરાવીને એક હાથે લટકેલી હાલતમાં કમાન્ડન્ટ પરિહારનો ખભો વીંધી ગયેલી છોકરી, આર્મી હોસ્પિટલમાં કડક જાપ્તા વચ્ચે ય ચકમો આપી ગયેલી છોકરી...

એ આ છોકરી હતી.

તેના કાનમાં એનફિલ્ડનું ફાયરિંગ ધણધણવા માંડ્યું હતું...

ઢગ્..ઢગ્..ઢગ્..ઢગ્..ઢગ્..

*** *** ***

નિર્જન વિસ્તારના બંગલામાં નર્યો સૂનકાર હતો. વરસાદનું જોર ઘટ્યું હતું. વેગીલા પવનમાં હિલોળાતી બોગનવેલ, તમરાંનો એકધારો અવાજ લપેટીને પરસાળ સુધી ડોકિયું કરી જતી વાછટ, ભીની માટીની મદભરી સોડમ અને એકઢાળિયાના નેવા પરથી વહેતા ધધૂડાનો કલશોર...

ત્વરિત પથારીમાંથી ઊભો થયો અને મોબાઈલનો સ્ક્રીન ચેક કર્યો. મધરાતના બે વાગવા આવ્યા હતા, પણ તેની આંખોમાં ઊંઘ ઘેરાતી ન હતી. તેનાથી સહેજ દૂર દૂબળી અને રાઘવ ઘસઘસાટ ઊંઘતા હતા. છપ્પન અને ઉજમ કદાચ બાજુમાં ઓરડામાં હતા. તેણે ટિપોય નીચે મૂકેલી બોટલ ઉઠાવી અને ગ્લાસમાં એક પેગ ઠાલવ્યો. ફ્રીજમાંથી સોડા લઈને ઉમેરી. બારી પાસે ખુરસી ગોઠવીને એક મોટો ઘૂંટડો ગળા નીચે ઉતાર્યો.

તેના મનમાં હજુ ય મોડી સાંજનો કોલાહલ હટતો ન હતો. ખેપાની, રખડુ અને ખાંખતિયા સ્વભાવનો હોવા છતાં એ અંદરથી એટલો જ ઋજુ હતો. પ્રોફેસરે કેટલી આકરી મહેનત કરી છે અને કેવી વિચક્ષણ બુદ્ધિ દાખવી છે એ તેને બરાબર સમજાતું હતું. તિબેટ જવાની હવે તેને ઉગ્ર તાલાવેલી જાગી હતી, પણ હિરનના મનમાં એક વિચાર આવો પણ છે એ જાણ્યા પછી એ મનોમન ખિન્ન થઈ રહ્યો હતો.

'કેમ જાગે છે હજુ?' અચાનક પીઠ પાછળથી ફૂસફૂસાતા અવાજે પુછાયું એટલે એ ચોંક્યો. વચ્ચેનું બારણું ખોલીને હિરન ક્યારે અંદર આવી ગઈ એ તેને ખ્યાલ જ રહ્યો ન હતો.

હિરને તેને બહાર પરસાળ ભણી આવવા ઈશારો કર્યો એટલે ગ્લાસ ઉઠાવીને તે આગળ વધ્યો.

બહાર થથરાવી દે તેવી ઠંડી, ભીની હવા ફૂંકાતી હતી. આખી પરસાળ ભીંજાયેલી હતી તો ય બંને પલળેલી ગાર્ડન ચેર પર બેઠાં. ત્વરિતે કશું જ બોલ્યા વગર બીજો ઘૂંટ ગળા નીચે ઉતાર્યો અને શૂન્યપણે મેંદીની વાડ પર ટપકતાં ફોરાંને જોયા કર્યું.

'કેમ ઊંઘ ન આવી તને?' હિરને ફરીથી પૂછ્યું.

'બસ, એમ જ...' ત્વરિતે મિતાક્ષરી જવાબ આપી દીધો.

'આઈ એમ સોરી...' હિરને તેની સામે જોઈને કહ્યું, 'હું જરા ઓવર રિએક્ટ કરી બેઠી અને તને જોરથી ધક્કો મારી દીધો. કદાચ તને એ હ્યુમિલિએટિંગ લાગ્યું હોય...'

'એથી ય વધુ મને તારી આવી બિલિફ ખૂંચી છે..' ત્વરિત હજુ ય એવા જ સપાટ સ્વરે તેની સામે જોયા વગર જ જવાબ આપતો હતો, 'તેં અને પ્રોફેસરે જે કંઈ કર્યું એને સાચે જ હું એપ્રિશિયેટ કરું છું. ઈટ્સ રિઅલી અ મિરેકલ, પણ..' તેણે ફરીથી ગ્લાસ મોઢે માંડ્યો અને બે-ત્રણ ઘૂંટ ગળા નીચે ઉતારી દીધા, 'હું હજુ ય મારી વાતને વળગી રહું છું કે એ રાષ્ટ્રીય સંપત્તિ જ છે.'

'અફ કોર્સ હું ય સ્વીકારું છું...' હિરને હળવું સ્મિત વેરીને ખુરસી તેની સહેજ નજીક ખસેડી, 'જો આપણે ધારીએ છીએ એ મેળવી શકીએ તો એ નેશનલ ટ્રેઝર જ હશે.'

પહેલી વાર ત્વરિતે તેની સામે નજર માંડી. તેના ભૂખરા વાળ ખુલ્લા હતા. કિરમજી રંગના ચુસ્ત નાઈટસૂટમાં એ બેહદ માદક લાગતી હતી. સિમેન્ટના પતરાં પર પછડાઈને તેના ચહેરા પર

ટપકતી સિકરથી તેના ભર્યા ભર્યા ગાલ થથરતા હતા. ત્વરિત ઘડીભર જોઈ રહ્યો. આટલી મોહક છોકરી આટલી શાતિરતાથી કઈ રીતે વર્તી શકે છે?

'તો પછી તું જે એપ્લિકેશન અને સર્વિસીઝ અને એવી બધી વાત કરતી હતી એ શું?' છેવટે તેણે કડવાશભેર પૂછી જ નાંખ્યું.

'રાઘવ બહુ ખણખોદિયો પોલીસ અફસર છે...' તેણે અંદરના ઓરડા તરફ આંગળી ચીંધી, 'આવો અફસર આટલી વિગત જાણીને અહીંથી હેમખેમ બહાર જાય એ મને કોઈ કાળે પાલવે નહીં.'

'એટલે?' ત્વરિત ઉત્સુકતાથી તેના તરફ અડધો ફરી ગયો, 'મને સમજાયું નહીં.'

'ડેડ તેને જવા દેવા તૈયાર હતા, પણ મને ભરોસો ન હતો. હું કોઈ જ રિસ્ક લેવા માંગતી ન હતી એટલે તેને સામેલ થવાની ફરજ પડે તેવો પ્લાન મેં ફટાફટ તૈયાર કરી નાંખ્યો.'

ત્વરિતની આંખો વિસ્ફારિત થઈ ગઈ. તેના હોઠ કશુંક બોલવા ફફડ્યા, તેણે હિરનની સામે આંગળી ય ચીંધી નાંખી.

'યસ... ઈટ વોઝ ઓલ માય ગેઇમ. કોઈ પણ રીતે મારે તેને રોકવો હતો. યાદ કરી જો, મેં વાત માંડી ત્યારે જ પ્રોફેસરે વિરોધ કર્યો હતો, પણ મેં તેમની વાત અધવચ્ચે જ કાપીને તેમને સાનમાં સમજાવી દીધું હતું. મને એ પણ બરાબર ખબર હતી કે સૌથી પહેલો અને કદાચ સૌથી ઉગ્ર વિરોધ તું જ કરીશ. હું સતત તારી સામે નજર માંડેલી રાખીને તારો તાગ મેળવતી જતી હતી. આખરે તેં મારી ધારણા મુજબનું જ વર્તન કર્યું. તેં મને ડેન્જરસ ગર્લ કહી, હું બહુ જ મોટો ગુનો કરવા જઈ રહી છું એવું પણ કહી દીધું... અને એમ જ રાઘવ તૈયાર થઈ ગયો.'

તેણે સ્મિતભેર ત્વરિતનો ખભો થપથપાવ્યો, 'નાવ આઈ એક્સ્પેક્ટ... કે તું તેને એક પણ અક્ષર નહીં કહે..'

'તું શું કરતી હતી?' ત્વરિતે પારાવાર અચરજથી તેને પૂછી લીધું, 'આઈ મીન, તું શું ભણી છે? શું કામ કરતી હતી? સે સમથિંગ અબાઉટ યોરસેલ્ફ.'

'હું...' તેણે ઊંડો નિઃશ્વાસ નાંખીને બેય હાથ ઊંચા કર્યા, શરીર તંગ કરીને આળસ મરડી અને પછી સુસ્ત સ્વરે ઉમેર્યું, 'હું એનડીએમાં હતી...'

'હેં? યુ મીન.. એટલે'

'યસ, હું નેશનલ ડિફેન્સ એકેડેમીમાં હતી. ડેડ બેહદ ડિપ્રેશનમાં છે એવી ખબર પડી ત્યારથી બધું છોડીને તેમની સાથે છું.'

વીજળીના ચમકારા વચ્ચે ચહેરા પર વીંઝાતી વાછટ લૂછતી હિરનને તે એકીટશે જોઈ રહ્યો.

*** *** ***

આખી રાત ઝરમર વરસાદ વરસ્યા પછી વારંગલના આકાશમાં વાદળોના ઘટાટોપ વચ્ચે ભડભાંખળું ભીંસાઈ રહ્યું હતું ત્યારે અહીં નિર્જન બંગલામાં ચહલપહલ શરૂ થઈ હતી.

ચૂપચાપ અહીંતહીં દોડાદોડી કરતો ઉજમ બહાદુર ટેમ્પો ટ્રેવેલરમાં સામાન ગોઠવી રહ્યો હતો. લગભગ ચાર વાગ્યે ટેમ્પો ટ્રેવેલર ઉપડી ત્યારે રાઘવ પોર્ચમાં ઊભો હતો. રાઘવનો લીવ રિપોર્ટ જો કોઈ અડચણ વગર ફાઈલ થઈ જાય તો બીજા દિવસે સાંજે તેઓ રાંચીમાં મળવાના હતા. રાંચીથી કોલકાતા. એથી આગળનો પ્લાન હિરને અધ્યાહાર રાખ્યો હતો.

અડધી કલાક પછી હિરન તૈયાર થઈને બહાર આવી. વહેલી સવારના આછકલા અજવાસમાં

રાઘવ મંત્રમુગ્ધપણે તેને જોઈ રહ્યો.

સ્કિનટાઈટ લો વેસ્ટ બ્લેક જિન્સ, વ્હાઈટ બેકડ્રોપમાં ઓરેન્જ કલરની શાર્પ પ્રિન્ટવાળું શોર્ટ સ્લિવ્ડ લૂઝ ટોપ. લાઈટ બ્રાઉન ગમશૂઝ. બરડા સુધી ઝૂલતા ભૂખરા વાળમાંથી મહેકતી શેમ્પૂની સુગંધ. લો-નેક ટોપમાં વધુ કમનીય લાગતી તેની લાંબી, સુરેખ ગરદન અને ગોરા, લિસ્સા, કુમાશથી ભર્યાભર્યા ગાલ...

તેની હાજરીમાત્રથી અચાનક જાણે પોર્ચમાં અજવાળું થઈ ગયું.

ખભા પર ઝૂલતા બેકપેકમાંથી વિન્ડચીટર કાઢ્યું અને ખભા પર ચડાવ્યું. માથા પર ઝીણો, સુતરાઉ પણ સ્ટાઇલિશ સ્કાર્ફ વીંટીને તેમાં સફાઈપૂર્વક વાળ બાંધ્યા અને ઓટલા પર મૂકેલી હેલ્મેટ ઉઠાવી.

રાઘવ ધ્યાનપૂર્વક આ છોકરીને નીરખી રહ્યો હતો. જેટલી ખૂબસૂરત એટલી જ ઝનૂની, જેટલી માદક એટલી જ માથાફરેલી... તેના મોંમાંથી અવશપણે ડચકારો નીકળી ગયો.

દસ મિનિટ પછી મેટાલિક ગ્રે કલરનું એનફિલ્ડ થન્ડરબર્ડ બંગલાની બહાર નીકળીને કાચી કેડી પર ભરાયેલાં પાણીનાં ખાબોચિયાં વટાવતું મેઈન રોડ તરફ વળી રહ્યું હતું અને તેના એક્ઝોસ્ટમાંથી ફૂંકાતા ફાયરિંગના ધક્કાથી હવા લયબદ્ધપણે હિલોળાતી જતી હતી.

ઢગ્..ઢગ્..ઢગ્..ઢગ્..ઢગ્

*** *** ***

'તને ખબર છે, બિકાનેર આર્મી હોસ્પિટલમાંથી તું ભાગી ત્યારે...'

'અ લિટલ કરેક્શન...' પવનના સુસવાટા વચ્ચે તેણે ગરદન જરાક તીરછી કરીને સહેજ ઊંચા અવાજે રાઘવનું વાક્ય તોડ્યું, 'હું ભાગી ન હતી, પણ છટકી ગઈ હતી એમ કહે.'

'ઓહ.. ઓકે... રાઈટ...' રાઘવ મરકી પડ્યો.

બપોર થતા સુધીમાં તેમણે કરીમનગર થઈને આંધ્રપ્રદેશની બોર્ડર વટાવી દીધી હતી અને શ્રીનગર-કન્યાકુમારીને જોડતા વિશાળ, ચકચકતા નેશનલ હાઈ-વે પર થન્ડરબર્ડ એકધારી ગતિએ ઢગઢગાટી કરતું ભાગી રહ્યું હતું. ક્યાંય સુધી રાઘવ ચૂપચાપ બેસીને તેનું સફાઈદાર ડ્રાઈવિંગ જોતો રહ્યો હતો. પાવર બાઈકની સાંકડી સીટ પર લગોલગ બેઠેલી આ અજીબ છોકરીના વિચાર તેના દિમાગને ય પવનના સુસવાટા સાથે ઝકઝોરી રહ્યા હતા.

'વેલ, તું છટકી ગઈ એ પછી...' તેણે 'કરેક્શન' કરીને વાત માંડી, 'એ પછી હું ઈન્ક્વાયરી કરી રહ્યો હતો ત્યારે એક સિક્યોરિટી ગાર્ડે તારા માટે બહુ જ રસપ્રદ કમેન્ટ કરી હતી. આઈ થિન્ક, તારા માટેનું એ બેસ્ટ કોમ્પ્લિમેન્ટ હશે.'

'અચ્છા, શું કહ્યું હતું તેણે?'

'તારો હુલિયો, દેખાવ, બાંધો સમજવા માટે મેં તેને પૂછ્યું કે એ છોકરી કોના જેવી લાગતી હતી, દીપિકા પદુકોણ જેવી, વિદ્યા બાલન કે આયેશા ટકિયા જેવી? તેણે સાલાએ તરત જવાબ વાળ્યો હતો કે.. વો તો પતા નહિ સર, પર ઐસી લગતી થી કિ કૈસે ભી ઉસે છૂને કા મન હો જાવે!'

એ ઠહાકાભેર ખડખડાટ હસી પડી અને રાઘવ આ પહેલી વારના મુક્ત, પ્રફુલ્લિત હાસ્યમાં ફોરી રહેલો તેનો ચહેરો મુગ્ધપણે જોઈ રહ્યો.

રસ્તા પરથી પસાર થતાં હેવી ટ્રક અને પૂરપાટ વેગે ભાગતી ગાડીઓને એ બહુ જ સલૂકાઈથી

ઝિગઝેગ ટર્ન વડે ઓવરટેક કરતી જતી હતી. કોઈ વાહન સાઈડ ન આપે કે ખોટી રીતે ઓવરટેક કરે ત્યારે દબાયેલા અવાજે એ બિન્ધાસ્ત ગાળ બોલી નાંખતી હતી. સામેથી એ ભાગ્યે જ કશું પૂછતી હતી અને રાઘવ કંઈક પૂછે તો તેનો ટૂંકમાં જવાબ આપી દેતી હતી.

વર્ધાથી સહેજ આગળ પહોંચ્યા પછી વરસાદ શરૂ થયો હતો. તેમણે એક ઢાબા પર ગાડી થોભાવી. પોતાનું વિન્ડચીટર કાઢીને રાઘવને થમાવીને તે વોશરૂમમાં ગઈ. રાઘવને વિન્ડચીટર જરાક વધારે વજનદાર લાગ્યું એટલે તેણે સહજ કુતૂહલવશ હાથ ફંફોસ્યો એ સાથે જ તે થીજી ગયો.

વિન્ડચીટરના સાઈડ પોકેટમાં ગન હતી. સાડા સાતસો કિલોમીટર લાંબી જર્નીમાં એ બેખૌફપણે કમરમાં ગન ખોસીને ફરતી હતી તેના અહેસાસથી રાઘવ તંગ થઈ ગયો. પોલીસ અફસર તરીકે તેણે અનેક નમૂના જોયા હતા. ગુનેગારોની માનસિકતામાં ઊંડે સુધી જવાની તેને હરહંમેશ ઉત્સુકતા રહેતી.

આઈપીએસની તાલીમ વખતે ક્રિમિનલ સાયકોલોજીમાં એ શીખ્યો હતો કે, માણસમાત્ર મૂળભૂત રીતે ગુનો કરવાની વૃત્તિ ધરાવે છે. માણસો બે પ્રકારના હોય, કેટલાઈક એન્ડ ડોગલાઈક. બિલાડી બને ત્યાં સુધી માણસની હાજરી હોય ત્યાં બાજુ પર તરીને ચાલે. સામેથી કદી ઘૂરકાટો ન કરે. દરેક દિશાએથી એ ભીંસાઈ જાય અને ક્યાંય ભાગવાપણું જ ન રહે ત્યારે એ છંછેડાઈને હુમલો કરે. એ વખતે ય તેનો હેતુ તો ભાગવા માટેનો રસ્તો ઊભો કરવાનો જ હોય.

મોટાભાગના લોકો કેટલાઈક હોય. કાયદાથી, પોલીસથી ચેતીને રહે. અડફેટે ન ચડે. ગંભીર ગુનામાં સંડોવાવાનું ટાળે, કારણ કે તેમને ભયની ઓળખ હોય છે. સમાજમાં પોતાનો માન-મરતબો કે દરજ્જો જોખમાવાનો ડર હોય છે માટે પોલીસથી, કાનૂનના સકંજાથી છેટા રહે અને કોઈ છૂટકો ન રહે ત્યારે જ ગુનો કરી બેસે.

બીજા પ્રકારના લોકોની માનસિકતા શિકારી કૂતરા જેવી હોય. પોતાનાં લક્ષ્ય કે માન્યતા કે અહંકાર સામે તેમને દુનિયાનો દરેક કાયદો તુચ્છ લાગતો હોય. આવા પ્રકારના લોકો શિકારી કૂતરાની માફક જરૂર ન હોય તો પણ સતત ભસતાં જ રહે. હુમલાખોરી માટે તેમને છંછેડાવાની જરૂર જ ન હોય. હુમલો કરવો એ જ તેમની વૃત્તિ હોય. જોખમની તેમને ગણતરી જ ન હોય અને પોતાનું લક્ષ્ય હાંસલ કરવા કંઈ પણ કરી શકે.

ક્રાઈમની પરિભાષામાં આવા ગુનેગાર વધુ જોખમી અને ભયજનક ગણાય.

હિરનની બેખૌફી, બેપરવાઈ તેને અત્યંત ખતરનાક લાગતી હતી. કેકવાના ઢાબા પર એક છોકરી આવી ત્યાંથી લઈને આર્મી હોસ્પિટલમાં ત્રીજા માળેથી ચાર ફૂટની પાળી કૂદીને એક છોકરી નાસી ગઈ ત્યાં સુધીના દરેક વર્ણનના આધારે તેના મનમાં એ છોકરીનું એક કલ્પનાચિત્ર ઘડાયું હતું. પછી એ જ છોકરી સિમેન્ટનું વજનદાર છાપરું હડસેલીને તેમના પર ઝીંકાઈ એ તેનો પહેલો પરિચય અને પછી અત્યાર સુધીમાં તેણે કરેલાં તમામ કારનામાંઓનો આછો અંદાજ મેળવ્યા બાદ તેના મનમાં સતત ઘંટડીઓ વાગતી હતી.

આવડી-અમથી માંડ 22-24ની લાગતી નાજુક છોકરી કઈ રીતે આટલી ચુસ્તીથી આવા ભેદી કામને અંજામ આપી શકી હશે? આખા દેશને આવરી લેતું આવડું મોટું કમઠાણ પાર પાડવા માટે તે કેટલું ભટકી હશે, વાહનોની જરૂર પડી હોય, એ જ વાહન પાછાં રઝળતાં ય મૂકી દેવા પડ્યાં હોય, પોતાની હાજરી ક્યાંય છતી ન થાય, કોઈને ક્યાંય પોતાની ઓળખનો અણસાર ન મળે તેની તકેદારી ય રાખવાની હોય, હથિયારો ય જોઈએ અને ખપ પડ્યે હથિયારોનો ઉપયોગ

પણ કરવો પડે... કઈ રીતે તેણે આ બધું કર્યું?

તેણે વિન્ડચીટરની અંદર હાથ નાંખીને ચેક કર્યું. એ બ્રાઉનિંગ પિસ્તોલ હતી. તરત તેના દિમાગમાં ઝબકારો થઈ ગયો. ખુબરાના જંગમાં ખૂબ જ મુશ્કેલ સ્થિતિમાં ય પરિહારનો ખભો આબાદ વીંધી ગયેલી બુલેટ પણ બ્રાઉનિંગ પિસ્તોલની જ હતી. ધગધગતો અંગારો પકડાઈ ગયો હોય તેમ તેણે ઝાટકાભેર ગન છોડી દીધી.

'ઈટ્સ માય ફેવરિટ બ્રાઉનિંગ..' પીઠ પાછળથી હિરને ખભે હાથ મૂકીને કહ્યું એથી રાઘવ ચોંકી ઊઠ્યો, 'તેનું વાઈડ એન્ડ સ્મૂધ ગ્રીપર મારી હથેળીને બહુ માફક આવે છે.'

'નો... આઈ મીન..' તે ઓચિંતી આવી ચડી તેનો ચોંકાટ રાઘવની જબાન પર હિચકિચાઈ રહ્યો હતો, 'વિન્ડચીટર જરા વજનદાર લાગ્યું એટલે મને થયું...'

'યસ...' તેણે એટલી જ સહજતાથી કહ્યું, 'મને પણ વિન્ડચીટર કે જેકેટ વજનદાર હોય એ બહુ ફાવતું નથી.' તેણે નજીક ખસીને બિન્ધાસ્તપણે ટોપ સહેજ ઊંચું કર્યું, 'એટલે જ આ બીજી ગન હું જિન્સમાં ખોસેલી રાખું છું.'

માય ગ્ગ્ગોડ... એક ગન ઓછી હતી તો આ બીજી ય રાખે છે... રાઘવનો ધૂંધવાટ હેલે ચડ્યો હતો.

'વાહ! આ તો ઉઝી છે...' સહજતાથી તેને બોલતી કરવા તેણે પ્રયત્નપૂર્વક પોતાના ભાવ પર અંકુશ રાખ્યો, 'ઉઝી અને બ્રાઉનિંગમાં શું ફરક પડે?'

'કેમ, તેં વેપન ટ્રેનિંગ નથી લીધી?' બાઈક સ્ટાર્ટ કરતાં તેણે સામો સવાલ કર્યો.

'કમ ઓન... અમારે તો ટ્રેનિંગમાં કોલ્ટ પિસ્તોલ હોય. સ્પેશ્યલ કમાન્ડો ટ્રેનિંગમાં લેટેસ્ટ વેપન્સ હોય. એ સિવાય ઉઝી, રગર, વોલ્થર જેવી ગન સાથે અમારે બહુ પનારો ન હોય. બહુ શોખ હોય તો પર્સનલ વેપન તરીકે વસાવીએ બાકી નોકરીમાં તો કોલ્ટ પાયથન જિંદાબાદ!'

'ઉઝીનું નોઝલ હેવી ગન મેટલનું હોય છે એટલે કોન્સન્ટ ફાયર માટે તે બહુ કામની. બીજું કે, તેનો ફાયર પણ વધારે નોઈઝી છે. બીજી પિસ્તોલ કરતાં ઉઝી વધારે મોટો, તીણો અવાજ કરે. ધડાધડ ફાયર કરીને ટાર્ગેટને સ્તબ્ધ કરી દેવું હોય ત્યારે ઉઝી યુઝફુલ. પણ એક કે બે જ ફાયર કરીને નિશાન પાડી દેવા માટે તો મને બ્રાઉનિંગ જ ફાવે.'

'યસ્સ્સ... યુ આર રાઈટ.' રાઘવે તેના કાન પાસે મોં લાવીને ધીરેથી કહી દીધું, 'બીએસએફ કમાન્ડન્ટ વિશ્વનાથ પરિહારના ખભા પર જિંદગીભર રહી જનારું એ નિશાન તેનો પુરાવો છે.'

એ કશું બોલી નહીં. તેના ચહેરાના ભાવ પણ રાઘવ જોઈ શકે તેમ ન હતો એટલે તેનો મિજાજ પારખવા રાઘવે આગળ ચલાવ્યું...

'તારા એ ફાયરથી ખુદ પરિહાર સ્તબ્ધ હતો... ઈટ વોઝ રિઅલી એક્સલેન્ટ શોટ. તેં વેપન્સની આટલી શાર્પ ટ્રેનિંગ ક્યાં લીધી છે?'

'ખડકવાસલા.. દહેરાદુન અને રેવાડી...' તેણે બુલેટની ગતિ વધુ તેજ કરી અને ઉમેર્યું, 'તને જાણવું ગમશે કે હું નેશનલ ડિફેન્સ એકેડેમીની રેન્કર કેડેટ હતી.'

થન્ડરબર્ડની એકધારી ઢગઢગાટી, કાન પાસેથી સિસકારા બોલાવતો જતો વેગીલો પવન, ઓવરટેક થતા જતા વાહનોની ચિચિયારી અને રાઘવના ચહેરા પર વીંઝાતો અચંબો...

આ છોકરી લશ્કરી અફસર બનવા માટેની સઘન તાલીમ લઈ ચૂકી હતી...

રાઘવ અનાયાસે જ બુલેટની બેકસીટ પર પાછળની તરફ જરાક વધારે ખસ્યો. તેના તમામ સવાલો, તમામ ઉત્સુકતાનો જવાબ તેને આ એક જ વાક્યમાં મળી રહ્યો હતો.

*** *** ***

વારંગલથી નીકળ્યા પછી રાબેતા મુજબ બંને આરામથી ઘોરી રહ્યા હતા. એકાદ કલાક પછી છપ્પને આળસ મરડી હતી. નેટ કર્ટનની બહાર દેખાતા ઝાંખાપાંખા લેન્ડસ્કેપનો બદલાવ એ નીરખી રહ્યો હતો. સમથળ વગડાઉ મેદાનોને બદલે હવે ઘટાટોપ ઝાડીઓથી છવાયેલો ફલક અને ક્ષિતિજ પર ક્રમશઃ ઊંચકાતી જતી ટેકરીઓની હારમાળા, પાણીમાં ભીંજાયેલા પીતાંબર જેવી ઘેરી પીળી ઝાંય ધરાવતી ધરતી... છત્તીસગઢનો પહાડી વિસ્તાર શરૂ થઈ ગયો તેના અહેસાસથી છપ્પનના રૂંવેરૂંવે રોમાંચ ઘેરાવા લાગ્યો. બિહારના નાલંદા, મધુબની, દરભંગા જેવા પોતાના વિસ્તાર જેવી તેને આ ધરતી લાગતી હતી.

અકારણ જ તેને પોતાના ગામની સાંજ યાદ આવવા લાગી. બાળપણમાં એ બેહદ શરારતી હતો. મા તો નાનપણમાં જ ગુમાવી દીધી હતી અને બાપ તો પંદર દિવસે એક વાર અડધી રાતે આવી ચડે ત્યારે જ જોવા મળતો હતો. વૃદ્ધ દાદા-દાદી પાસે ઉછરતા છપ્પનને તેના દાદા સાંજે મંદિરની આરતીમાં લઈ જતા. ઝાલર પર દાંડી પીટવાથી થતો રણકદાર અવાજ છપ્પનને બહુ ગમતો.

આરતી પતે પછી બધા સમૂહમાં 'સેં રામચંદર કિરપાલુ ભજમન...' એવું આદતવશ કેળવાયેલા લયમાં ગાતા અને પછી પ્રસાદનો લાડવો રસ્તામાં જ ખાઈ રહેલા છપ્પનને તેના દાદા વાર્તાઓ કહેતા. છપ્પનને ભીમની અને બાણાવળી અર્જુનની વાર્તાઓ બહુ ગમતી, પણ ઘડીક રહીને દાદા હંમેશાં મહાભારતમાંથી પલટી મારીને પોતાના જ દાદા-પરદાદાની કહી-સૂની વાતો પર ચડી જતા.

પોતે રાજપૂત હોવાનું દાદાને ભારે ગુમાન. નાનકડા છપ્પનને ય તેઓ પ્યાલા ભરી ભરીને કુળાભિમાનનું એ ગુમાન પીવડાવતા રહે.

'હમ કરસુકા હૈ... ભલે હી હમ ખેતીબાડી કરત હઈ પર હમ હૈ તો રાજપૂત... હમરે પુરખોં કા બડા નામ હુઆ કરતા થા..' એમ કહીને દાદા પૂર્વજોની પરાક્રમગાથા માંડે એટલે રાત પડી જાય.

એક દાદા ખાધે બહુ શૂરા. બીજા દાદા વળી મહાશક્તિમાન. એક દાદાએ તો રસ્તો આપવા જેવી બાબતમાં તોછડાઈએ ચડેલા અંગ્રેજ લાટસાહેબની આખી બગી ઉથલાવી દીધી હતી. એક દાદાએ 1857ના વિપ્લવમાં ભાગ લઈને તબાહી નોતરી લીધી હતી અને બીજા એક દાદાએ...

છપ્પને ડોકું ધુણાવીને સજળ આંખો લૂછી નાંખી. ભાવાવેશમાં આવવું એ કદી તેનો સ્વભાવ ન હતો. સેંકડો છોકરીઓ, બજારુ સ્ત્રીઓનો સંગ કર્યા પછી ય એ કોઈની સાથે મનમેળ ન થઈ જાય તેની ખાસ તકેદારી રાખતો. ચોરી અને કમાણી એ બે સિવાય બીજે ક્યાંય તેને દિલનો રિશ્તો બંધાયો ન હતો.

- પણ ખબર નહીં, અત્યારે તેને દાદા નામધારીસિંઘ કરસુકા અને તેમણે કહેલી વડવાઓની પરાક્રમગાથાઓ બહુ જ તીવ્રતાથી યાદ આવી રહી હતી.

'ક્યોં રો રહા હૈ 'બે??'

અચાનક ઝુઝારના અવાજે તેને ચોંકાવી દીધો. હૈયેથી નીકળીને આંખો વાટે વહી રહેલી સ્મરણોની ભીનાશને તેણે મહાપરાણે રોકી દીધી.

'અરે, કછુ નહિ યાર... આંખે જલ રહી હૈ...'

'ક્યોં આંખે જલ રહી હૈ? વો લૌંડિયા નઈ હૈ ઈસ લિયે?' ઝુઝારે તેના પેટમાં દોસ્તાના અંદાજે ગોદો મારી દીધો, 'કલ તો ઉસ કે સામને બહોત શાના બનતા થા.'

'અરે, નહિ રે...' છપ્પને જરાક શરમાઈને મોં ફેરવી લીધું અને પછી એવી જ મસ્તીભેર જવાબ વાળ્યો, 'ઔર તૂ ભી ઉસે ઘૂરના બંદ કર જલ્દી... તિબત દૂર રહ જાવેગા ઔર વો તેરી આંખે નોચ કે હથલિયા મેં રખ્ખ દેગી...'

'ઉસે ઘૂરે મેરા સસૂરવા સાલા ******' ગિન્નાયેલા ઝુઝારે ભદ્દી ગાળ બોલી નાંખી.

'ક્યોં, તેરા સસૂરવા ભી તેરે જઈસા લૌંડિયાબાજ હૈ કા?'

'ના તો મેરા કોઈ સસુરવા હૈ... ઔર ના હી મૈં લૌંડિયાબાજ હું સમજા?' અચાનક તેનો સ્વર પલટાયો એટલે છપ્પને તાજુબીથી તેની સામે જોયું. તેની મજાકથી ઝુઝાર સાચે જ છેડાઈ ગયો હોય તેમ તેના મુછ્છડ ચહેરા પર લાલી તરી આવી હતી, 'કુછ ભી કહે તૂ મુજે પર લૌંડિયાબાજ મત કહેના...' છપ્પનનો હાથ હડસેલીને એ બારીની બહાર મોં ફેરવી ગયો.

નજીવી વાતમાં ઝુઝારના અચાનક બદલાયેલા તેવરથી છપ્પનને આશ્ચર્ય થતું હતું, પણ હવે સ્મરણોમાં ભીંજાવાનો વારો જાણે ઝુઝારનો હતો.

કોરેકોરા રમનો કડવો ઝેર જેવો ઘૂંટડો ગળે ઉતારીને તેણે આવેગપૂર્વક બોટલનું ઢાંકણું ભીંસી દીધું પણ મનોમન તેને ગ્વાલિયરની શેઠાણી દેખાતી હતી... આગના ભડકા... તરફડતી શેઠાણી અને બાળકની કારમી ચીસ...

ધૂંધવાયેલા ઝુઝારે સ્થળ-કાળનું ભાન ભૂલીને બારી સાથે માથું પટકી દીધું.

ચોંકેલો છપ્પન કશું જ સમજ્યા વગર અડબંગ, ખડ્ડુસ અને માથાભારે દેખાતા આ દેહાતી લઠૈતની કુમાશ સમજ્યા વિના જોઈ રહ્યો.

*** *** ***

ત્રણ દિવસ પછી...

હિરન અને રાઘવ જબલપુરથી આવી ચડ્યાં એટલે રાંચીથી આખો કાફલો ટેમ્પો ટ્રેવેલરમાં જ કોલકાતા જવા નીકળ્યો હતો. હિરને રાંચીમાં જ ક્યાંક તેનું બુલેટ છોડી દીધું હતું અને અહીં સીટ પર જાણે સોરવતું ન હોય તેમ સતત હલચલ કરીને અજાણતા જ એ બુલેટનો હિઝરાટ વ્યક્ત કરી રહી હતી.

બહેરો-મૂંગો ઉજમ બહાદુર થાપા હંમેશની માફક જાણે યંત્રમાનવ હોય તેમ થાક્યા વગર... અરે, હસ્યા વગર એકધારો બસ ગાડી ચલાવ્યા કરતો હતો. પાછલી સીટ પર રાઘવ, ત્વરિત અને દૂબળી તાશની રમત રમ્યા હતા. ઘડીક છપ્પને પોતાના ચોરીના રમૂજી કિસ્સાઓ કહીને સૌને હસાવ્યા હતા. દૂબળીએ ઘડીક બધાથી અલિપ્ત થઈને વાંચવામાં સમય પસાર કર્યો હતો અને બીજા બધા ઘોરી ગયા હતા.

કોલકાતા પહોંચીને હાઈ-વે પર એક ઘરઘરાઉ હોટેલ પર ગાડી ઊભી રહી હતી અને ઉજમ બહાદુરને લઈને હિરન ક્યાંક જતી રહી હતી.

લસણની પેસ્ટ ચોપડીને શેકાતી માછલીઓ, ઝીણી કાળી રેતીમાં ભૂંજાતા સિંગચણા, ફુદીનાનાં પાન ભભરાવેલી મિષ્ટી દોઈની હાંડીઓ અને કલબલ કલબલ અવાજે શોર મચાવી રહેલા દેહાતી બંગાળીઓ...

મોડે સુધી એ માહોલમાં તેઓએ સમય પસાર કર્યો. રાત ઢળી ત્યાં સુધી હિરન ન આવી એટલે અંદરના ઓરડામાં ખાટલાઓ ભાડે રાખીને સૌએ લંબાવી દીધું. વહેલી સવારે હજુ ભડભાંખળું

ય થયું ન હતું ત્યારે હિરન પાછી ફરી હતી. હવે ટેમ્પો ટ્રેવેલેરને બદલે તેની સાથે બે ટેક્સી હતી. અહીંથી તેમણે એરપોર્ટ પહોંચવાનું હતું અને સવારે સાડા દસ વાગ્યે ગૌહાતીની તેમની ફ્લાઈટ હતી.

ત્વરિત બહુ જ સહજતાથી અનુકૂળ થઈ જતો હતો પણ રાઘવ સતત સતર્ક અને સચિંતપણે આખું ય આયોજન નીરખી રહ્યો હતો. હજુય હિરન શું કરવા ધારે છે એ તેને સમજાતું ન હતું.

બીજા દિવસે બપોરે ગૌહાતીના એરપોર્ટ પર તેમના માટે વાહનો તૈયાર હતાં. શહેરી વાતાવરણ વટાવીને ગીચોગીચ જંગલ, તેજીલી નદીઓ અને કાદવ-કીચડથી છલકાતા રસ્તા પર ગાડીઓ અટકી. તદ્દન નિર્જન અને ડરામણા વગડા વચ્ચે કેમ ઊભા રહ્યા તેવો સવાલ કોઈએ પૂછવાનો ન હતો.

લગભગ એકાદ કલાક એમ જ અહીંતહીં ભટકીને સૌ સમય પસાર કરતાં રહ્યાં. શા માટે સમય પસાર કરવાનો છે, કોની રાહ જોવાઈ રહી છે, હવે ક્યાં જવાનું છે, કેવી રીતે જવાનું છે તેની કોઈ ગતાગમ વગર તેમણે એમ જ સાંજ પાડી દીધી.

ઝુઝારે અને છપ્પને આજુબાજુમાંથી નાળિયેર, ફણસ, જમરૂખ જેવા લાગતાં કેટલાંક ફળ વગેરે ઉતાર્યાં. ઉજ્જડ ખેતરમાં જરાક કોરી જમીન શોધીને સૌએ પલાંઠી મારીને ત્યાં જ એ મિજબાની માણી. સાંજ ઢળી એ સાથે અચાનક જાણે હવામાંથી પ્રગટ્યા હોય તેમ કેટલાંક આદમીઓ તેમને ઘેરી વળ્યા.

પગમાં કછોટો વાળેલું લાલ-ભૂરા ચેક્સની ધોતી જેવું વસ્ત્ર અને ઉપર કસ મારીને બાંધેલું રાખોડી રંગનું અંગરખું પહેરેલો એક આદમી ટેકરીનો ઢોળાવ ઊતરીને નીચે આવી રહ્યો હતો એ જોઈને સૌની આંખોમાં તાજુબી અને અજાણપણાનો ભય અંજાવા લાગ્યા હતા. રાઘવ ત્વરાથી બેઠો થઈ ગયો. ઝુઝાર પણ પોઝિશન લેવા જઈ રહ્યો હતો એ જ ઘડીએ દૂરથી જ એ આદમીએ હાકોટો પાડ્યો.

‘ઈગ્ના સુ લા... દોર વા નીકુડા ઈગ્ના સુ લા...’ સહેજ નજીક આવીને તે કમરમાંથી જરાક ઝૂક્યો અને સ્મિતભેર સફાઈદાર હિન્દીમાં કહ્યું, ‘સ્વાગત છે મહેમાનો... ઈશ્વરની ભૂમિ તિબ્બત જવાના રસ્તે આપ સૌનું સ્વાગત છે.’

*** *** ***

મુશળધાર વરસાદમાં ઢીંચણ સુધી પગ કાદવમાં ખૂંપી જાય એવી વગડાઉ જમીન પર સૌએ ક્યાંય સુધી ચાલ્યા કર્યું. લુંગી વીંટાળેલા એ માણસોએ તેમનો દરેક સામાન ઊંચકી લીધો હતો એ સારું હતું બાકી અહીં તો પોતાની જાત સંભાળવાનું ય સૌને મુશ્કેલ પડતું હતું.

કાદવમાં ખોસવા માટે સૌને ઝાડની લાંબી, મજબૂત ડાળખી આપવામાં આવી હતી અને કાદવમાં કઈ રીતે ડાળખી ટેકવવી, કઈ રીતે પહેલો પગ માંડવો અને એ જ લયમાં ક્યારે બીજો પગ ઊંચો કરવો તેનો ડેમો એ લોકોએ બે-ત્રણ વખત આપ્યો હતો, પણ કોઈને એ તાલમેલ બેસાડવાનું ફાવતું ન હતું જ્યારે ટેકરીઓ પરથી ઊતરેલી એ ટોળકી ખભા પર સામાનનું વજન છતાં સડસડાટ કાદવ પાર કરી રહી હતી.

સૌથી પહેલો ઝુઝાર લપસ્યો હતો.

કાદવમાં ડાળખી ખોસીને તરત પગ ઉપાડવામાં જરાક વિલંબ થયો તેમાં ડાળખી પર વધારે વજન અપાઈ ગયું અને એ જ દિશામાં વધુ ઝૂક્યો એટલે પાછલો પગ લપસ્યો અને એ મોંભેર પટકાયો. બીજો કોઈ સમય હોત તો પગથી માથા સુધી કાદવથી ખરડાયેલા ઝુઝારને જોઈને

કોઈ હસવું ખાળી શક્યા ન હોત. પણ અહીં તો દરેકની હાલત સરખી જ હતી. નહોતા લપસ્યા એ પણ પ્રત્યેક ડગલે લપસવાના ભયથી ફફડતા હતા.

'આ લોકો લુંગી જેવું કપડું કેમ વીંટાળે છે એ મને સમજાઈ ગયું...' ભારે તકલીફદાયક હાલત છતાં છપ્પન બરાબર મજા કરી રહ્યો હતો, 'આવા રસ્તા હોય તો લુંગી જ પહેરવી પડેને...'

'મેરા બસ ચલે તો નંગા હી ચલૂં...' ઝુઝારે છપ્પનના ખભાને ટેકો દઈને છાતીનો હાંફ હળવો કર્યો અને કાદવથી ખરડાયેલો હાથ લોંગ શર્ટના ખિસ્સામાં નાંખીને રમનું એક મિનિએચર ખોલી ગળું ભીનું કર્યું.

આખરે દોઢેક કલાકની આ દોહ્યલી દડમજલ પછી કાદવના થર ઘટવા લાગ્યા હતા, પણ દરેકના પગે જાણે વજનિયાં બાંધ્યાં હોય તેમ પીંડી પર આકરા ગોટલા ચડી ગયા હતા.

કાદવ પાર કર્યા પછી થોડીક નક્કર પણ એવી જ ઉબડખાબડ જમીનની પછીતે ગાઢ જંગલ શરૂ થતું હતું. વરસાદી વાયરામાં લૂમેઝૂમે લહેરાતી વનરાજીનો કલશોર જાણે લીલીછમ્મ ખુશાલી ઓઢીને દોડવા મથતો હોય તેમ સડસડાટ ઢાળ ઊતરી રહ્યો હતો.

તો ય ચાલવાનું હજુ ય એવું જ મુશ્કેલ લાગતું હતું. લુંગી કાફલો ક્યાંય આગળ જતો રહ્યો હતો, પણ તેની પરવા કર્યા વગર સૌ ત્યાં જ અટકી પડ્યા. ઝાડના ઘેરાવા વચ્ચેની બખોલમાંથી ઝરતું પાણી ખોબેખોબે ઝીલીને રાઘવે પગ પર છેક ઢીંચણ સુધી જામેલો કાદવનો થર સાફ કર્યો. તેનું જોઈને હિરન પણ બીજું એક પાતળું ઝરણું શોધીને ત્યાં જ બેસી પડી. ત્વરિત અને છપ્પન એકમેકના પગ ધોઈ રહ્યા હતા. જ્યારે પ્રોફેસર હાંફતી છાતીએ, થાકેલા નિસ્તેજ ચહેરે ઝુઝારનો હુલિયો જોઈને મરકી રહ્યા હતા.

અલગ અલગ વિચારધારા, જુદાં વ્યક્તિત્વ અને નોખા ઉદ્દેશ છતાં કઠિનાઈના એ પહેલા અહેસાસે સૌને જોડતી એકતાની સાંકળ ભીડવા માંડી હતી.

'ચલા... ઝલ્દી ચલા...' દૂર ઊભેલો લુંગી કાફલાના નેતા જેવો આદમી મોં પર કશુંક ભૂંગળા જેવું માંડીને મોટેથી ત્રાસદાયક હિન્દીમાં બરાડી રહ્યો હતો.

સૌથી પહેલાં હિરન ઊભી થઈ. તેણે પરાણે ઝુઝારને આગળ ધકેલ્યો. રાઘવ અને પ્રોફેસર એકમેકને ટેકો દઈને ઊભા થયા. ત્વરિતે બંને હાથ ઉપરની તરફ ખેંચીને આખા શરીરને બેહદ કઢંગી રીતે વાંકૂચૂકું રાંટું કરીને સ્ફૂર્તિ ભરવાનો પ્રયાસ કર્યો.

સાંજ ઘેરાતી હતી, પણ ઘનઘોર વૃક્ષોની અડાબીડ વનરાજી આથમતા સૂરજના અજવાસને અધ્ધર જ રોકી રાખતી હતી. ક્યાંય કોઈ નિશ્ચિત કેડી ન હતી. આડેધડ ઊગેલાં ઝાડી-ઝાંખરાં, બાથમાં માય નહીં એટલા વિશાળ થડ ધરાવતાં વૃક્ષોનો ઘટાટોપ, એકમેક પર ઝળુંબતા જાડા રાંઢવા જેવા જંગલી વેલાઓ, તોતિંગ વૃક્ષોની વીસ-ત્રીસ ફૂટની ઊંચાઈએ અદૃશ્યપણે મચેલો પક્ષીઓનો કલશોર અને વિશાળ પાંદડાંઓનાં પાથરણાંમાંથી ઢળીને માથા પર અચાનક થતો રહેતો જલાભિષેક...

કાદવ ખૂંદ્યા પછીની આ દડમજલ રળિયામણી હતી, પણ સૌના પગ એવા થીજી ગયા હતા કે ડગલું ય માંડવામાં ડુંગરો ચડવા જેટલો શ્રમ પડતો હતો.

40-45 મિનિટ પછી ફરી લેન્ડસ્કેપ બદલાયો. જંગલનો ઘટાટોપ આછો થતો ગયો અને નજર સામે અફાટ જળરાશિ સમેત ઘૂઘવી રહ્યો હતો મહાનદ બ્રહ્મપુત્ર...

જંગલની લીલાશ પીને મદમાતો થયેલો નદીકાંઠો, કાંઠાની ભીનાશ પર આડી પડીને આળોટતી સાંજ, સાંજના કેસરિયા ચહેરા પર વહાલપનો હાથ પસવારી જતો બ્રહ્મપુત્રના પાણીનો

હિલોળો અને હિલોળાના પાછોતરા ધક્કે ઝકઝોરાતી જતી કાંઠા પર હારબંધ ઊભેલી હોડીઓ…

દૂર ક્ષિતિજમાં એક હોડી આગળ ધપી રહી હતી અને ઝરમર વરસતા વરસાદ વચ્ચે હોડીના કઠેડા પર ઝળુંબીને એક આદમી પાવો વગાડી રહ્યો હતો. પાવાના મુલાયમ સૂરમાં બ્રહ્મપુત્ર બેય કાંઠે હિલોળે ચડી હતી.

લુંગી કાફલો તેમની અગાઉ પહોંચીને કામે લાગી ગયો હતો. નેતા જેવો દેખાતો માણસ મોંમાં ભૂંગળું ખોસીને મોટા અવાજે કોઈ અજાણી ભાષામાં સૂચનાઓ આપી રહ્યો હતો.

કાફલાના આદમીઓ જરાક સરખી બોલાશ વગર શિસ્તબદ્ધ રીતે કામે વળગેલા હતા. કોઈ બાંબુના માપસરના લાંબા કટકા કાપી રહ્યું હતું તો કોઈક જંગલમાંથી કાપી લાવેલા રાંઢવા જેવા મજબૂત વેલા વડે આડા-ઊભા બાંબુ બાંધી રહ્યું હતું. એ રીતે તૈયાર થયેલો મોટો તરાપો આખરે નદીના જળમાં તરતો મુકાયો. તેના પર બધાનો સામાન લાદવામાં આવ્યો. શણના બીજા આઠ-દસ મોટા કોથળા ય ખડકાયા. તરાપાને એક હોડકા સાથે બાંધ્યો અને સૌને હોડીમાં ચડવાનો ઈશારો થયો.

કેડસમાણાં પાણીના હિલોળા વળોટીને સૌથી પહેલી હિરન છલાંગભેર હોડકામાં કૂદી. પછી તેણે હાથનો ટેકો આપીને પ્રોફેસરને અંદર લીધા.

પંદર મિનિટ પછી ત્રણ હોડકાંમાં સવાર થઈને કાફલો મઝધારે પહોંચ્યો ત્યારે બ્રહ્મપુત્રની આથમણી ટેકરીઓ પાછળ સૂરજ લપાઈ ચૂક્યો હતો. આકાશમાં સુદનો ચંદ્ર ધીમી ધારે ચાંદની રેલાવવા માંડ્યો હતો અને ચાંદનીના કેફમાં બ્રહ્મપુત્રની અગાધ પહોળાઈ ખિલખિલાટ ઘૂઘવતી હતી.

પ્રોફેસર સ્તબ્ધ આંખે, ખુશહાલ ચહેરે નિસર્ગનો આ અજાયબ આહ્લાદ અનુભવી રહ્યા હતા. છપ્પન કશું જ બોલ્યા વગર મુગ્ધપણે પાણીમાં પછડાતાં હલેસાંની છપછપાટી નિરખી રહ્યો હતો.

હિરને જેકેટ હવે ઉતારી નાંખ્યું હતું. પીંડી સુધી વાળેલું તેનું જિન્સ છેક ઢીંચણ સુધી ખરડાયેલું હતું. ભીંજાયેલા તંગ ટોપમાંથી તેના માદક ઉભારો છલકાઈ ઊઠતા હતા અને ગાલ સાથે સતત અડપલાં કરતો જતો પવન તેના ભૂખરા વાળ વિખેરતો જતો હતો.

દૂર કાંઠાઓ પર મશાલો સળગી ઊઠી હતી. અગાઉ રવાના કરી દીધેલી હોડીમાં આવેલા લોકોએ રસોઈની તૈયારી કરવા માંડી હતી.

લગભગ દોઢ કલાકની મજલ પછી આખરે તેમનાં હોડકાં ય કાંઠે લાંગર્યાં હતાં.

હોડીમાંથી ઊતરેલા બીજા લુંગીધારીઓ ય ફરીથી કશું જ બોલ્યા વગર રોજિંદી ટેવ મુજબ ફટાફટ કામે લાગી ગયા હતા. હવે ઉજમ પણ તેમની કાર્યપદ્ધતિ સમજવાનો પ્રયાસ કરતો તેમની સાથે કામમાં જોતરાવા લાગ્યો હતો.

ત્રણ-ચાર જણાએ કાંઠાની આથમણી દિશાના જંગલમાં મશાલના ઉજાસ તળે પાતળા કરગઠિયા કાપી-વીણીને ઢગલો કરી દીધો હતો. એ પછી તેઓ સહેજ વધુ ઊંડે જંગલમાં પ્રવેશીને વાંસના મોટા, જાડા, લાંબા ટુકડા કાપવા માંડ્યા હતા.

કાંઠાની નરમ રેતીમાં ઊંડો ખાડો કરીને બીજા લોકોએ કરગઠિયા જલાવ્યા અને ખાડા ઉપર લોખંડનું બે ફૂટ ઊંચું સ્ટેન્ડ ગોઠવીને ચૂલો તૈયાર કરી નાંખ્યો.

ચોખાના લોટમાં થોડુંક પાણી, થોડુંક તેલ, મીઠું નાંખીને બાટી શેકાઈ. જંગલમાંથી વીણેલાં

કરમદાં, ગુંદાં અને પાતળા નરમ વાંસને મીઠું ભભરાવેલા પાણીમાં પલાળીને જરાક અમથા તેલમાં હળવી આંચે તળવામાં આવ્યાં. તેના પર કોરાં મીઠું, મરચું ભભરાવ્યાં. અથાણું ગણો તો અથાણું અને શાક ગણો તો શાક. બાટી સાથે એ જ ખાવાનું હતું અને આવો ખોરાક ગળા નીચે ન ઊતરે તો ધક્કો મારવા માટે શરાબનો એક ઘૂંટડો ભરવાનો હતો.

અત્યાર સુધી મોજથી સફર માણી રહેલા ત્વરિતના મોંમાંથી પહેલી વાર દબાયેલા અવાજે ગાળ નીકળી ગઈ, '****, યાર યે તો મુશ્કિલ હૈ...' તેણે ઝુઝાર તરફ મોં મચકોડીને કહ્યું, 'આટલી આકરી મુસાફરી અને આટલા શારીરિક શ્રમ પછી જો આવું ખાવાનું મળવાનું હોય તો તો આપણે તિબેટ પહોંચી રહ્યા...!'

જમવાનું પત્યું એટલી વારમાં લુંગી કાફલાએ કાંઠાની નરમ ભોંય પર ચાર મોટા ડાળખા ખોસીને વચ્ચે શણનાં મોટાં કંતાન પાથર્યાં, ત્રેવડા વીંટેલા શણના ફીંડલાનું ઓશીકું મૂક્યું અને ચારે દિશાએ ફરતા અણિયાળા કાંટાનાં ઝાંખરાં પાથરવાં માંડ્યાં.

ચાર ડાળખા વચ્ચે જાણે નનામી બાંધી હોય એવી એ પથારી હતી એટલું તો રાઘવને સમજાયું, પણ ફરતાં કાંટાળાં ઝાંખરાં કેમ?

તેણે પેલા નેતા જેવા આદમીને પૂછી જ નાંખ્યું, 'યે ક્યા હૈ? યહાં ક્યું લગા રહે હો?'

પેલાએ ક્ષુલ્લક નજરે રાઘવની સામે જોયું. જેનાં બૂટની એડી પછડાય ત્યાં કોન્સ્ટેબલ્સની સલામી વીંઝાવા લાગે એવા આઈપીએસ અફસરને મુફલિસ જેવો લાગતો એ આદમી ઉપહાસભરી નજરે તાકી રહ્યો અને પછી ચંદ્રના ઉજાસમાં હિલોળાતા મહાનદના જળરાશિ તરફ આંગળી ચીંધીને ભાંગીતૂટી હિન્દીમાં કહ્યું,

'યે બ્રહ્મપુત્ર... યર્લુંગ ત્સાંગ્પો... મતલબ માલુમ? વિકરાળ અજગર અને ઝેરી સાપનો ઈલાકો છે. તેનાથી બચવાના અહીં બે જ ઈલાજ છે.' પછી તેણે પથારી ફરતા ચારે દિશાએ પાથરેલા કાંટાળાં ઝાંખરાં તરફ આંગળી ચીંધી, 'એક આ ઝાંખરાં...'

એ બોલતો અટકી ગયો, પણ અજગર અને ઝેરી સાપના ઉલ્લેખમાત્રથી રાઘવ સહિત સૌ કોઈ તેને તાકી રહ્યા. છેવટે છપ્પને ઉતાવળભેર પૂછી લીધું, '... અને બીજો ઈલાજ?'

'બીજો એ...' તેણે આકાશમાં આંગળી ચીંધી, 'તારી જીવાદોરી જેના હાથમાં છે એ ઉપરવાળો...'

ભાંગ્યું તૂટ્યું હિન્દી, થોડું અસમિયા અને ઝાઝું તિબેટી એવું મિશ્ર ભાષામાં બોલીને એ કામે વળગ્યો.

'ક્યા બોલા?' ઝુઝારને કશો ય ટપ્પો પડતો ન હતો, પણ તેને જવાબ વાળવાના ય કોઈને હોશ ન હતા.

સૌના ચહેરા પર કોરોધાકોર સન્નાટો અંજાઈ ગયો હતો.

*** *** ***

દિવસભરની આકરી મુસાફરીના થાક પછી પેટમાં બાટીનું વજન અને શરાબના ઘૂંટ પડ્યા પછી કંતાનનાં પાથરણાય સવા મણ રૂની તળાઈ હોય તેમ સૌ પડતાવેંત ઘોરી ગયા હતા.

અચાનક ત્વરિતની આંખ ખૂલી. સામે જંગલની દિશાએ ઝડપભેર આમતેમ ઘૂમતી મશાલો જોઈ અને પછી જરાક સ્વસ્થ થયો એટલે મોટા મોટા અવાજે થતો કોલાહલ પણ તેને સંભળાવા લાગ્યો.

ચોંકીને એ તરત પથારીમાંથી ઊભો તો થયો, પણ તેના શરીરના એકેએક સ્નાયુમાંથી જાણે

કડાકા બોલી રહ્યા હતા. ઝાંખરાં વટીને તેણે રાઘવને જગાડ્યો એટલી વારમાં ઝુઝાર પણ આંખો ચોળતો ઊભો થઈ ગયો હતો. હિરનની પથારી ખાલી હતી. છપ્પન અને પ્રોફેસર હજુ પણ ગાઢ ઊંઘમાં હતા.

ઘેરા અંધારા તળે દૂર જંગલ તરફની કેડીએ કશું ભળાતું ન હતું પણ મશાલોની હેરફેર, ગાભરા સ્વરે અજાણી ભાષામાં થતી બુમરાણ, લાકડીના ફટકા પડતા હોય તેવા અવાજો... જાણે ધિંગાણું મચ્યું હોય તેવો આભાસ ખડો થતો હતો.

રાઘવે તરત ગન ઉઠાવી એ પહેલાં ત્વરિત અને ઝુઝારે એ દિશામાં દોટ મૂકી દીધી હતી.

અધવચ્ચે જ હિરન ત્યાં ઊભેલી મળી એટલે રાઘવ ત્યાં જ થંભી ગયો, પણ ઝુઝાર આગળ વધ્યો કે તરત મશાલ પકડીને ઊભેલા એક લુંગીધારીએ ત્રાડ નાંખી, 'હિક્કા તેથાન્ન્...' એ શું બોલ્યો એ તો ના સમજાયું, પણ તેની રાતીચોળ આંખો, ચહેરા પર પથરાયેલો ઓથાર અને આવેશભેર લંબાવેલો હાથ જોઈને ઝુઝાર એટલું જરૂર સમજ્યો કે એ ત્યાં જ થોભી જવા કહે છે.

ઝુઝાર અટક્યો એટલે તેણે જંગલની દિશા ભણી હાથ લંબાવીને બીજી ત્રાડ નાંખી, 'થેમ્બા... ગેસુ થેમ્બા'

'ક્યા બોલા?' ઝુઝારને હવે પારાવાર અકળામણ થતી હતી.

'અજગર છે..' હિરને ધીમા અવાજે કહ્યું.

'હેં???' અવાજ રાઘવનો હતો, પણ તેમાં હાયકારો સૌનો ભળ્યો હતો.

'હું થાકીને ઘસઘસાટ ઊંઘતી હતી ત્યાં મેં પવનના એકધારા પણ વિચિત્ર પ્રકારના સુસવાટા જેવો અવાજ સાંભળ્યો. ઝબકીને હું બેઠી થઈ ગઈ ત્યારે આ લોકો સાવ આપણી લગોલગ લપકી રહેલા અજગરને છંછેડીને જંગલની દિશા તરફ વાળવા મથતા હતા...'

'બટ વી હેવ વેપન..' રાઘવે તરત ગન કાઢી, 'શૂટ કરતાં વાર કેટલી લાગે?' જવાબમાં હિરન ફક્ત હસી. ચંદ્રના આછા ઉજાસમાં ઘેરા અંધકાર તળે તેનો ચહેરો વધુ ગોરો લાગતો હતો.

'અહીં જંગલનો કાયદો ચાલે છે...' તેણે રાઘવના ખભા પર હાથ મૂકીને ત્વરિતની સામે સ્મિત વેર્યું '.અને એ આપણા કાયદા કરતાં વધારે પ્યોર છે. એ લોકો એવું માને છે કે ભક્ષણ માટે હુમલો કરવો એ અજગરની પ્રકૃતિ છે અને બચાવ કરવો એ આપણી પ્રકૃતિ છે. ધે બીલિવ ઈન કો-એક્સિસ્ટન્સ. એ લોકો મહેનત કરીને અજગરને દૂર સુધી પાછો ધકેલી દેશે પણ અકારણ મારી નહીં નાંખે.'

એટલી વારમાં પ્રોફેસર અને છપ્પન પણ આંખો ચોળતાં આવી ચૂક્યા હતા.

ખાસ્સી એકાદ કલાકની ધમાલ પછી ચાર લોકોની ચોકી ગોઠવીને ફરીથી બધા ઊંઘ્યા. ઊંઘ્યા તો શું, પડખા ઘસવાના ય કોઈને હોશ ન હતા.

આકાશમાં તારાઓનો ચંદરવો જામ્યો હતો, પડખે વિરાટ નદીનાં જળ કાંઠાને પખાળતાં હતાં અને સૌના મનમાં સતત ફૂંફાડાનો ફફડાટ સંભળાયા કરતો હતો.

સફરની કરાલતાનો એ પહેલો અહેસાસ હતો.

*** *** ***

સવારે રાઘવ જાગ્યો ત્યારે પ્રોફેસર અને હિરન નદીકાંઠા તરફથી આવતાં હતાં. ત્વરિતની પથારી પણ ખાલી હતી. ઝુઝાર પાથરેલું કંતાન ઓઢીને ઘોરતો હતો અને છપ્પન કંતાનના ફીંડલામાં

મોં નાંખીને પડ્યો હતો.

ગઈકાલે નેતા જેવો લાગતો આદમી અત્યારે કોઈકની સામે અદબભેર ઊભો હતો. રાઘવે તેને ધારીને જોવાનો પ્રયાસ કર્યો. તેણે જિન્સ પહેર્યું હતું. ઉપર બંધ ગળાનો લોંગ શર્ટ હતો. કમર પર બાંધેલા હોલ્સ્ટરમાં ગન ખોસેલી હતી.

રાઘવે પથારીમાંથી સફાળા બેઠા થઈને તરત ચારેબાજુ નજર દોડાવવા માંડી.

લુંગીધારીઓનો કાફલો જાણે ઊંઘ્યો જ ન હોય એમ સ્ફૂર્તિભેર કામે વળગી ગયો હતો. કેમ્પ ક્યાંક બીજે ખસેડાતો હોય એવું રાઘવને લાગ્યું. એ ઝાટકા સાથે ઊભો થઈ ગયો.

બરાબર દોઢ કલાક પછી...

'માયસેલ્ફ કેસાંગ...' ઘડીક એ અટક્યો અને સૌની આંખમાં આંખ પરોવી. તેના ગોરા, પાતળા, સ્હેજ ફિક્કા ચહેરા પર સ્મિત એ જાણે સ્થાયીભાવ હોય તેમ મઢાયેલું રહેતું હતું, 'કેસાંગ ત્સોરપે... બટ યુ કેન સે મી કેસી..' તેણે હિરનની સામે જોયું અને ઉમેર્યું, 'હિરન ભી મુઝે કેસી કહે કે હિ બુલાતી હૈ...'

જાણે ક્લાસ લેવાતો હોય તેમ પ્રાત:ક્રિયામાંથી પરવારીને સૌને લાઈનસર નદીકાંઠે બેસાડી દેવાયાં હતાં અને સામે ઊભો હતો આ આદમી. એ સફાઈદાર હિન્દી અને ફાંકડા અંગ્રેજીમાં બોલી રહ્યો હતો.

રાઘવે સ્વસ્થ ચહેરે સહજ સ્મિતભેર હિરનની તરફ જોઈને તરત મોં ફેરવી લીધું, પરંતુ તેના દિમાગમાં ટેવવશ ઘંટડીઓ વાગવા માંડી હતી.

'હું તિબેટ લિબરેશન ફોર્સ યાને તિબેટ મુક્તિવાહિનીનો સુપ્રીમ કમાન્ડર છું...' તેણે રાખોડી લોંગ શર્ટની બાંય ચડાવતાં સહજ રીતે કહેવા માંડ્યું, 'મને તમારા સૌ વિશે થોડુંક કહેવામાં આવ્યું છે.' પછી તેણે સીધી રાઘવ તરફ આંગળી ચીંધી દીધી.. 'માહિયાસાહબ પુલિસ કે બડે અફસર હૈ. યે છપ્પનસિંઘ કે કારનામે મુજે ભી બડે દિલચશ્પ લગે. ત્વરિત કૌલ... આપ એક્સપર્ટ આર્કિયોલોજિસ્ટ હૈ ઔર યે મલ્હાનસાહબ... આપ તો હમારે સાથ હી હોને ચાહિયે...' તેણે આમ કહ્યું એટલે મલ્હાનના ચહેરા પર રોનક આવી ગઈ.

'એઝ યુ નો...' તેના પાતળો, એકવડિયો બાંધો ગજબનો સ્ફૂર્તિલો હતો. શરીરમાં ક્યાંય વધારે પડતી ચરબીનો અણસાર ન હતો, પરંતુ તેણે ચડાવેલી બાંયતળેથી દેખાતાં તેનાં હાડકાં અને ઉપસેલી નસો પરથી તેના કવાયતી બદન અને આકરા શ્રમથી કેળવાયેલા સ્નાયુઓની ગજવેલ જેવી તાકાતનો ખ્યાલ આવી શકતો હતો,

'તિબેટ જવું એ...' તિબેટના ઉલ્લેખ સાથે તેણે ઉત્તર દિશાએ તાકીને આંખ બંધ કરી અને વંદન કર્યાં.

રાઘવે જોયું, ત્યાં ઊભેલા દરેક લુંગીધારીએ તેનું અનુકરણ કર્યું હતું.

'... જરાય આસાન નથી. ચીનનો ચોકીપહેરો ખતરનાક કહેવાય એટલી હદે સતર્ક હોય છે. ધારો કે કોઈ રીતે તિબેટ પહોંચી પણ ગયા તો ત્યાં ખુલ્લેઆમ ઘૂમવાનું તમારા સૌના પરંપરાગત ભારતીય ચહેરા જોતાં શક્ય નથી...' તેના અવાજમાં નક્કર આત્મવિશ્વાસ રણકતો હતો.

'બટ ધેર આર સમ રૂટ્સ.. જ્યાંથી અમે તમને તિબેટ લઈ જઈ શકીએ. એ રૂટ પર કોઈ ભય નથી એમ તો હરગિઝ ન માનશો. અત્યારે ચોમાસુ છે એટલા પૂરતા જ એ રૂટ ખુલ્લા હોય છે, બાકી ત્યાં ચીનાઓનો પહેરો હોય જ છે. બટ ઈટ્સ નોટ યોર સબ્જેક્ટ. તમને સૌને તિબેટ

પહોંચાડવાની જવાબદારી અમારી છે, પણ એ માટે મારા કેટલાંક નિયમો છે.'

'આવતીકાલથી દસ દિવસ માટે તમારી સૌની ટ્રેનિંગ શરૂ થશે. માહિયાસાહેબે કદાચ માઉન્ટેનિયરિંગ કે રોક ક્લાઈમ્બિંગનો શોખ પોસ્યો હશે, પણ બાકીના તમારા બધા માટે એ બેહદ...' પછી તેણે બેય હાથ હવામાં ફેલાવ્યા, 'આઈ રિપિટ... એ બેહદ મુશ્કેલ હશે, પણ એ વગર તિબેટ તો બહુ દૂરની વાત હશે, બોમ્દિલા ઘાટ વટ્યાં પછીના ત્રણ-ચાર ચઢાણમાં જ તમારી લાશ ત્યાં રઝળતી હશે...'

'અહીંથી આપણે કેમ્પ ઉઠાવીએ છીએ...' પછી તેણે નદીની ઉત્તરે દેખાતી પહાડીઓ તરફ આંગળી ચીંધી, 'સામે જે દેખાય છે એ બોમ્દિ ઘાટ છે. મારા સાથીદારો ત્યાં તમારી તાલીમ માટે વ્યવસ્થા ગોઠવી રહ્યા છે. આજનો દિવસ તમારા માટે આરામનો છે.'

'અને હા...' બેઠક પૂરી કરતો હોય તેમ બે ડગલાં પાછાં હટીને તેણે અચાનક કહ્યું, 'રૂલ નંબર વન, તમારી કોઈની પાસે કોઈ પણ પ્રકારનું વેપન, મોબાઈલ કે મ્યુઝિક પ્લેયર કે એવું કશું જ નહીં રહી શકે.. રૂલ નંબર ટૂ...'

'બટ... તો પછી અમારે...' રાઘવે વચ્ચે જ હાથ ઊંચો કરીને કહેવા માંડ્યું.

'એ જ હું કહું છું... લિસન મી કેરફુલી...' રાઘવ તરફ તેણે એવું જ સ્મિત વેરીને અધવચ્ચે જ વાત કાપી નાંખી, 'રૂલ નંબર ટૂ, મને ફક્ત બોલવાની આદત છે, સાંભળવાની નહીં. નો ક્વેશ્ચન... નો આન્સર. જસ્ટ ફોલો.' તેણે ફરીથી રાઘવની સામે જોયું. તેના ચહેરા પર સ્મિત હતું, પરંતુ તેની પીંગળી, ચમકતી આંખોમાં બેખૌફ મુસ્તાકી હતી, 'ન ફાવે તો અહીંથી જ તમે જઈ શકો છો... અધરવાઈસ...'

પાછાં પગલે એ બે-ત્રણ ડગલાં ખસ્યો, સ્મિતભેર સૌની સામે નજર નોંધી અને પછી ઉત્તરની પહાડીઓ તરફ મોં ફેરવ્યું, સપાટાભેર ઢીંચણમાંથી સહેજ વળ્યો, બેય હાથ વંદનની મુદ્રામાં જોડ્યા અને પછી ગંભીર અવાજે કહ્યું, 'ઈશ્વરની ભૂમિ પર તમારું સ્વાગત છે!!'

*** *** ***

એ પછી કેટલીક ફરજિયાત વિધિઓ થઈ હતી. સૌના ફોટોગ્રાફ્સ લેવામાં આવ્યા હતા. ચહેરા પર તલ, મસા કે ઈજાનાં નિશાન હોય તો તેની નોંધ કરવામાં આવી હતી. કેસી બીજા લુંગીધારીઓને ગોળ કુંડાળામાં ઊભા રાખીને કશુંક કહી રહ્યો હતો અને સૌ અદબભેર તેને સાંભળી રહ્યા હતા.

'આદમી છે ફાંકડો...' ઝુઝારે રાઘવની સહેજ નજીક સરકીને ધીમા અવાજે કહ્યું.

'હમ્મ્...' રાઘવે હિપ પોકેટમાંથી ગન, કાંડા પરથી ઘડિયાળ વગેરે ઉતારતાં ક્હ્યું, '...પણ હિરને તેનો સંપર્ક કઈ રીતે કર્યો એ ન સમજાયું.'

'નો ક્વેશ્ચન... નો આન્સર' ઝુઝારે અદ્દલ કેસીની સ્ટાઈલમાં ચાળા પાડીને રાઘવના ખભે ધબ્બો મારી દીધો. રાઘવ અચંબાથી જોઈ રહ્યો. સાલો આ લઠૈત પણ હવે અહીં આવીને તેને ગણકારતો ન હતો.

બે કલાક પછી...

ચોખાના લોટના જાડા રોટલા, પોલા વાંસનું અથાણું, ફણસીનું શાક એવું કઢંગું ભોજન લઈને બપોર નમે એ પહેલાં ફરીથી હોડકામાં કાફલો રવાના થયો હતો.

આવ્યા ત્યારે કુલ ચાર હોડકાં હતા આ વખતે વધુ બે હોડી આગળ જતી હતી.

તેણે હાથ લાંબો કરીને ઈશારો કર્યો હતો ત્યારે તો બોમ્દિ ઘાટી સાવ નજીક જ જણાતી હતી, પણ નદીના તોફાની વહેણમાં સરકતી હોડીઓને પહેલી પહાડીનો આખો ચકરાવો લેવામાં જ પસીનો છૂટી જતો હતો. સાંજ ઢળવા આવી ત્યારે હોડીઓ કાંઠા પર લાંગરી હતી. દૂરથી નિર્જન ભાસતા કાંઠાઓ પર હોડીઓ લાંગરી એ સાથે જાણે ભોંયમાંથી પ્રગટ થયા હોય તેમ વીસેક આદમીઓ ફૂટી નીકળ્યા હતા અને ફરીથી એ જ રીતે, જરાક અમથી ય બોલાશ વગર લશ્કરી શિસ્તથી વ્યવસ્થા ગોઠવાવા માંડી હતી.

એ જ ડાળખીઓ પર બાંધેલું જાડા શણનું છાપરું... જાડા વાંસના ટુકડા ફરતી ઝાંખરાની તકલાદી નાકાબંદી... એ જ શણના કંતાન પાથરેલી પથારી અને ફીંડલા વિંટેલાં ઓશીકાં...

રાત્રે ભોજન પછી કેસી, તેના બીજા ત્રણેક આદમી અને હિરન એક ખૂણામાં બેસીને કશીક ગુફ્તેગુ કરી રહ્યા હતા.

દૂર નદી કાંઠે કશીક હલચલ વર્તાતી હતી. ચારેક આદમી મશાલ લઈને એ તરફ ગયા એ સાથે કેસી, હિરન વગેરે ઊભાં થયાં. ત્યાં હોડી લાંગરી અને છલાંગભેર અંદરથી કેટલાંક લોકો ઊતર્યા. કેસી એ દરેકને ભેટ્યો. હિરને હાથ મિલાવ્યા અને એ આખો ય તાયફો પોતાની બાજુ આવતો જોઈને રાઘવ, ત્વરિત વગેરે સતર્ક થઈ ગયા.

'ફ્રેન્ડ્સ, તમારા ટ્રેનર આવી પહોંચ્યા છે...' કેસીએ પોતાની બાજુમાં ઊભેલા એક આદમી તરફ આંગળી ચીંધી. મશાલના આછકલા ઉજાસમાં એ સ્પષ્ટ વર્તાતો ન હતો, પણ તેણે ગ્રીન અને બ્રાઉન કલરની ઝિગઝેગ પેટર્નનો લશ્કરી ગણવેશ જેવો સૂટ પહેર્યો હતો. પગમાં વજનદાર ગમશૂઝ, માથા પર પી-કેપ, કમર ફરતા હોલ્સ્ટરની બેય બાજુ લટકતી ગન અને ચહેરા પર બાંધેલો કાળો સ્કાર્ફ... કદમાં એ કેસીથી ય નીચો હતો.

સૌ કોઈ તાજુબીભેર આ નવા આદમીને જોઈ રહ્યા.

કેસીએ ઈશારો કર્યો એટલે તે બે ડગલાં આગળ વધ્યો. સૌની બરાબર સામે આવીને ઊભો ત્યારે મશાલનું અજવાળું તેના ચહેરા પર ઝળુંબવા લાગ્યું.

તેનો ચહેરો પાતળો હતો અને સ્કાર્ફ પાછળથી ડોકાતી આંખો બેહદ ધારદાર. તેણે સહેજ નીચું જોઈને સ્કાર્ફ ખોલ્યો, માથા પરની પી-કેપ હટાવી એ સાથે ઘેઘૂર વાળનો ઘટાટોપ છૂટીને તેના ચહેરા પર પથરાઈ ગયો.

ત્વરિતના મોંમાંથી સિસકારો નીકળી ગયો. રાઘવ અને છપ્પન તાજુબીથી જોઈ રહ્યા અને ઝુઝાર પણ સ્તબ્ધ થઈ ગયો.

એ છોકરી હતી... લગભગ હિરનની ઉંમરની એ છોકરી...

'વેલકમ ગાય્ઝ...' તેણે વજનદાર શૂઝની બંને એડી ઠપકારીને કહ્યું, 'કાલથી તમારો સૌનો ચાર્જ મારી પાસે છે...' પછી તેણે ભોંય પર પાથરેલા કંતાનની પથારી તરફ આંગળી ચીંધી, 'આઈ કેન અન્ડરસ્ટેન્ડ, અર્બન લાઈફસ્ટાઈલથી ટેવાયેલા તમને સૌને આવી પથારી પર ઊંઘ નહીં આવે, બટ ડોન્ટ વરી... આજની રાત જ આવી તકલીફ રહેશે...' પછી તે કેસી અને હિરન તરફ ફરી અને ફરીથી દરેકની સામે સપાટ ચહેરે જોયું, 'આવતીકાલથી તમે એવા થાક્યા હશો કે ઊભા ઊભા ઊંઘી જશો. લેટ્સ હેવ સાઉન્ડ સ્લીપ. કાલથી તમારો દિવસ શરૂ થશે સવારે ચાર વાગ્યે...'

*** *** ***

'ક્યા હૈ યે?'

'ક્રેમ્પોન્સ...'

'શું કામમાં આવે છે?'

'આરોહણ વખતે ચટ્ટાન પર પગની પકડ મજબૂતીથી જકડાઈ રહે એ માટે..'

'ગિવ ધ ડેમો...'

રોજ દિવસમાં બે વારનો આ ક્રમ હતો. સવારે આગલા દિવસનું લેસન જાણે મોં-પાઠ લેવાતાં હોય તેમ ફટાફટ પાક્કું કરાવીને બીજા દિવસની ટ્રેનિંગનો આરંભ થતો હતો અને અંધારું ઘેરાય ત્યારે થાકીને લોથપોથ થઈ ચૂકેલા સૌને હારબંધ ઊભા રાખીને જે કંઈ શીખ્યા તેનું પુનરાવર્તન કરાવાતું હતું.

ત્વરિતને પગમાં ક્રેમ્પોન ચડાવવાનો ડેમો આપતો છોડીને તેણે છપ્પન તરફ એક ચીજ ફેંકી,

'ક્યા હૈ યે?'

'જી યે...' છપ્પને વજનદાર મેટલના વિશિષ્ટ પ્રકારના હૂકને આમતેમ ફેરવ્યો. જાતજાતના હૂક અને તેના ઉપયોગ કાલે શીખ્યા હતા. આરોહણ વખતનો હૂક એસેન્ડર અને અવરોહણ કરતી વખતે શરીરની પછડાટને કન્ટ્રોલ કરવા માટે વપરાતો ડિસેન્ડર નામનો વળી બીજો હૂક.

'અરે, બોલ ના... લૌંડિયા હૈ કિ ઘૂર રહા હૈ?' તેણે તોછડાઈભેર છપ્પનને ખભેથી પકડીને હલબલાવી નાંખ્યો, 'ક્યા હૈ?'

'યે... વો..' મગજ કસી રહેલા છપ્પનને શી વાતે ય યાદ આવતું ન હતું.

'કેરબિનર હૈ યે... પહાડ ચડતી વખતે ચટ્ટાન પર ક્યાંય હાથ-પગ ટેકવવાની જગ્યા નહીં મળે ત્યારે ફિક્સ્ડ રોપ સાથે આ કેરબિનર જ તને બચાવશે. ઈટ્સ યોર લાઈફ... ભૂલી કેવી રીતે શકે છે?'

'મેપાંગ...' તેણે એક સહાયકને હાક મારી, 'બેકપેક પહનાઓ ઉસકો...' પછી છપ્પન તરફ ફરી, 'દસ વખત આ ચટ્ટાનની ચડ-ઊતર કર... નો રોપ, નો હૂક... જસ્ટ અ પ્લેઇન

ક્લાઈમ્બિંગ. બાપનું નામ ભૂલી જઈશ પણ કેરબિનરનો ઉપયોગ જિંદગીમાં કદી નહિ ભૂલે. ગો...'

*** *** ***

રોજ સવારે પહેલાં યોગાસન અને પ્રાણાયામનું સેશન રહેતું. એ પછી નજીકના પહાડો પર ક્લાઈમ્બિંગ અને રેપ્લિંગની પ્રેક્ટિસ થતી. દોરડાં કઈ રીતે બાંધવા, વિવિધ પ્રકારના હૂકનો ઉપયોગ કેવી રીતે કરવો. ઊંચાઈ પર ઓક્સિજનનું પ્રમાણ ઘટે ત્યારે શરીરની જરૂરિયાતનો તાલમેલ કઈ રીતે મેળવવો. બે દિવસની બેઝિક ટ્રેનિંગે જ દરેકને એવા પસ્ત કરી દીધા હતા કે સાંજ ઢળે એ પહેલાં થાકીને ચૂર થઈ ગયેલી આંખો પર બોઝિલ પાંપણો આપમેળે ઢળી જતી.

એ છોકરી કોણ હતી, તેનું નામ શું હતું એ કોઈને ખબર ન હતી. એ માત્ર ખપપૂરતી જ વાત કરતી અને મોટાભાગે સૂચનાઓ જ આપતી. એ વખતે તેના અવાજમાં ડારો અને આંખોમાં તરી આવતો કમાન્ડ અછતા રહેતા ન હતા.

એ બોલવામાં બેફામ હતી અને વર્તનમાં એટલી જ આકરી. અતિશય ઉગ્ર સ્વભાવની એ છોકરીની તોછડાઈ ક્યારેક વાગકણી ય બની જતી. ટ્રેનિંગમાં જરાક સરખી ય કચાશ ન રહેવી જોઈએ એવો તેનો હઠાગ્રહ અને જરાક ચૂક થાય ત્યાં આકરી સજા ઠોકી દેવાની આદત ક્યારેક હિરનના કાફલાને કઠી પણ જતી હતી.

બીજા જ દિવસે તેમને એક નાનકડી, પણ તદ્દન ઊભી કરાડ પર આરોહણની તાલીમ આપવામાં આવી હતી. અણિયાળા ખડકો પર ક્યાં દોરડું બાંધવું, ક્યાં એક્સ ખોસવી, ક્યા પ્રકારના હૂકનો ક્યાં અને કેવી રીતે ઉપયોગ કરવો એમાં જ સૌ અટવાઈ પડ્યા.

થાકીને ઠૂસ થઈ ગયેલો ત્વરિત એક જગ્યાએ લટકી પડ્યો ત્યારે 'ડૂબ મર સાલા' એમ તુચ્છકારભેર કહેતી એ છોકરી આખી ચટ્ટાન જાણે દીવાલ પર ગરોળી સરકતી હોય તેવી સલૂકાઈથી ચડી ગઈ હતી.

પણ એ પછી ત્વરિતને બરાબર માઠું લાગી ગયું હતું અને 'હુ ધ હેલ યુ આર.. ભાડમાં જાય તારી ટ્રેનિંગ...' કહીને પગ પછાડતો નીચે ઊતરી ગયો હતો. એ વખતે હિરને અને પ્રોફેસરે માંડ તેને મનાવ્યો હતો.

અડબંગ ઝુઝારને તો એક છોકરી આવી રીતે જોહુકમી કરે એ જ સોરવતું ન હતું, જ્યારે અહીં તો હિરન પછી આ બીજી જોગમાયા તેના પર દાદાગીરી કરતી હતી. બીજા દિવસે પ્રાણાયામના સેશનમાં શી વાતેય શ્વાસની રોક-થામ સમજી ન શકતા ઝુઝારને બરડામાં ગંજાવર ધબ્બો મારીને તેણે ત્રીસ કિલો વજન સાથે પાંચ કિલોમીટર દોડાવ્યો હતો. ગિન્નાયેલા ઝુઝારનું બબડવાનું ત્યારથી જ ચાલુ થઈ ગયું હતું. એમાં ત્રીજા દિવસે હાર્નેસ પહેરવામાં ગોટે ચડેલા ઝુઝારને તેણે ફરીથી સજા ઠપકારી ત્યારે ચંબલના મલ્હાનનો પિત્તો છટક્યો હતો. કમરે વીંટાળેલાં દોરડાં ફગાવીને તે રીતસર મારવા ધસ્યો હતો. એ વખતે ય હિરન અને રાઘવે દોડીને તેને વાર્યો હતો.

કેસી પણ ટ્રેનિંગ પ્રોગ્રામ પર બરાબર નજર રાખતો હતો. ટ્રેનરની જોહુકમીથી અને એકધારા મુશ્કેલ શ્રમથી બે જ દિવસમાં વાજ આવી ગયેલા આ શહેરીઓને એ રમૂજથી જોતો હતો.

ટ્રેનર છોકરી ઉપરાંત હિરન અને પ્રોફેસર સિવાય એ ભાગ્યે જ બીજા કોઈ સાથે વાતચીતમાં જોડાતો, પરંતુ તેનો પ્રભાવ આખાય કેમ્પ પર જાદુઈ અસર છોડતો હોવાનું સ્પષ્ટ વર્તાઈ આવતું હતું.

રોજ સવારના બેઝિક સેશનમાં કેસી અને તેમના કેટલાંક સાથીદારો પણ જોડાતા. પ્રાણાયામ પત્યા પછી ક્ષિતિજ પર સૂરજનો હળવો ઉજાસ લહેરાય એ સાથે એ સૌ ઉત્તર દિશા તરફ મોં કરીને ઢીંચણભેર બેસી જતાં અને ધીરગંભીર અવાજે કશોક પાઠ રટવા લાગતાં.

તેમની બંધ આંખોની ભીતર પ્રજ્વલિત શ્રદ્ધાનો ઉજાસ તેમના દૃઢ અને ભાવસભર ચહેરા પર તરી આવતો. તિબેટને તેઓ પરમ પવિત્ર ભૂમિ માનતા હતા અને એ પવિત્ર ભૂમિ પર અત્યારે અત્યાચાર થઈ રહ્યો છે તેનો અહેસાસ પ્રત્યેક ક્ષણે તેમના હૈયામાં તીવ્રપણે ભભૂકતો રહેતો.

કેસીની સેના ય ગજબ હતી. ભાગ્યે જ કોઈ એકબીજા સાથે વાત કરતા હતા. સતત બધા શિસ્તબદ્ધ રીતે કામે વળગેલા હોય. એકમેક સાથેનો તેમનો વણકહ્યો તાલમેલ પણ અજબ હતો.

જીવહિંસા ન થાય એ માટેની બેહદ ચીકાશભરી તકેદારી અને માતૃભૂમિ પર મંડરાતા આતતાયીઓને મારી હટાવવાની તાલાવેલી, દલાઈ લામા માટેનો અપૂર્વ શ્રદ્ધાભાવ અને ચીન પ્રત્યેનું પારાવાર ખુન્નસ... બે અંતિમો પર ઊભેલા તિબેટ મુક્તિવાહિનીના આ સૈનિકો મૌન સ્થિતપ્રજ્ઞા અને ઝનૂનના લબકારાનો વિરોધાભાસ પચાવી ચૂક્યા હતા.

કેમ્પ સાઈટ તદ્દન અવાવરું જગ્યાએ હતી. બ્રહ્મપુત્રના તોફાની પ્રવાહે સદીઓ સુધી માથાં પછાડીને પહાડની હારમાળા વચ્ચે કોતરી કાઢેલી વિરાટ બખોલ જેવી જગ્યાએ તેમણે તંબુ તાણ્યા હતા. કંઈક અંશે સમથળ અને ઊંડા મેદાન જેવી એ નૈસર્ગિક બખોલને સ્થાનિકો શાંગરા તરીકે ઓળખતા હતા. બખોલની ઉત્તરે જંગલી સરુનાં વન ફેલાયેલાં હતાં એટલે સ્થાનિકો આ બખોલને પુલામા શાંગરા તરીકે ઓળખતા.

પુલામા શાંગરા એવી અજાયબ જગા હતી કે જો આ વિસ્તારથી વાકેફ ન હોવ તો પંદર ફૂટ છેટેથી હોડીમાં પસાર થઈ જનારા લોકોને ય ખબર ન પડે કે અહીં એંશી-સો લોકોનો આખો કાફલો પનાહ લઈ રહ્યો છે.

1962ના ચીન સાથેના યુદ્ધ વખતે અરુણાચલ પ્રદેશ પર આક્રમણ લઈ આવેલા ચીનાઓ છેક તવાંગની ભાગોળ સુધી ધસી આવ્યા હતા. એ વખતે ભારતીય લશ્કરના સરફિરા જવાનો મહામુશ્કેલીએ બ્રહ્મપુત્ર પાર કરીને પુલામા શાંગરા સુધી પહોંચ્યા હતા. અહીંથી જંગલી સરુના વન વળોટીને તેમણે જીવસટોસટની લડાઈમાં ચીનાઓને પાછા ધકેલ્યા હતા.

એવી અડાબીડ, ભેંકાર અને નિર્જન જગાએ આશરો લીધા પછી નદીનો સાંકડો પટ ઓળંગીને સામેની પહાડીઓ પર કાફલાની તાલીમ ચાલતી. દિવસભર તેઓ ચટ્ટાનો પર હાથ-પગ કૂટતા રહેતાં હતાં ત્યારે શાંગરામાં આખો દી' કશીક પ્રવૃત્તિ ચાલતી રહેતી.

બ્રહ્મપુત્રનાં વેગીલાં વહેણ પર લાંગરતી હોડીઓ, સામાનના કોથળાઓની ભેદી આપ-લે, દૂર ક્યાંક અજાણી પહાડીઓમાં એક્સ્પ્લોઝિવ્સ અને વેપન પ્રેક્ટિસના બિહામણા ધડાકા અને મોડી સાંજે થતી સમૂહ પ્રાર્થના વખતે બ્રહ્મપુત્રના ઓવારા પર હારબંધ પ્રગટતા માખણના દીવડાના અલૌકિક ઉજાસ વચ્ચે ઊઠતો ધીરગંભીર રવ...

ઓમ મણિપદ્મે હુમ્...!

*** *** ***

'તને શું લાગે છે, આ કેસી એન્ડ કંપની આપણને શા માટે મદદ કરી રહી હશે?' બે કેમ્પિંગ વચ્ચેના ગેપમાં જો ભરચક હાંફી લીધા પછી ય થોડોક ટાઈમ બચે તો તેઓ એકમેકને પોતાને થતી તકલીફોની ફરિયાદ કરી લેતા હતા. આજે રાઘવે ત્વરિત સમક્ષ પોતાની ઉત્સુકતા પ્રગટ

કરી દીધી.

‘સીધી વાત છે યાર…’ ઊંડા શ્વાસ લઈને હાંફ રોકવા મથતા ત્વરિતે કહ્યું, ‘ચાઈના એમનું દુશ્મન છે…’

‘પણ સવાલ એ છે કે આપણે, આઈ મીન હિરન એન્ડ પ્રોફેસર તેના દોસ્ત કેવી રીતે થઈ ગયા?’

આટલું થાક્યા પછી ય રાઘવ પોતાનું પોલીસપણું છોડી નહોતો શકતો તેનાથી ત્વરિતને આશ્ચર્ય થતું હતું.

‘મગજ ન ખા યાર…’ તેણે સજ્જડ થઈ ગયેલાં બાવડાં વાંકાંચૂંકાં કરતાં અણગમાના ભાવ સાથે જવાબ વાળ્યો, ‘શરીર અને મન પર ત્રાસ વર્તાવવા માટે તારી આ રાની મુખર્જી પૂરતી છે’

‘કમ ઓન યાર, મને ય એટલો જ થાક લાગે છે અને ક્યારેક તો શરીર એવું કળે છે કે ઊંઘ પણ નથી આવતી.’

‘તો આ રાનીનાં સપનાં જોવાનાં શરૂ કર. એકદમ અવર ગ્લાસ છે…’ ત્વરિતે હાથ વડે હવામાં તેનું ફિગર તરાશ્યું.

‘નન ઓફ માય બિઝનેસ…’ રાઘવે હાર્નેસ સાથે બંધાયેલા રોપ સાથે રમત કરતા જવાબ વાળ્યો.

‘તો પછી…’ ત્વરિતે રમતિયાળપણે તેની સામે બે હાથ જોડી દીધા, ‘પ્લિઝ પાર્ડન… તું અને તારો પેલો લઠ્ઠો દિમાગની કુસ્તી કરી ખાવ. હું તો આ પહાડો સાથેની કુસ્તીમાં જ ચૂર થઈ જાઉં છું.’

‘યસ, બટ આઈ કાન્ટ ફોલો ધેમ બ્લાઈન્ડલી…’ પછી તેણે પરાણે ઊભા થતાં ઉમેર્યું, ‘… લાઈક યુ.’

‘એટલે?’ રાઘવના વ્યંગથી ત્વરિત બરાબર ઉશ્કેરાયો હતો, ‘આઈ એમ ફોલોઈંગ બિકોઝ ઈટ વૂડ બી અ મિરેકલ ઈફ વી સક્સિડ. એ આખાય દેશ માટે અપાર ગૌરવની ક્ષણ હશે. હું નૉલેજ માટે, આપણાં વિચક્ષણ પૂર્વજોએ મૂકેલા વારસાને પાછો મેળવવા જોડાયો છું.’ પોતાનો થાક અને સાંધાનું કળતર અને સ્નાયુઓનો દુખાવો વિસરીને એ પણ સપાટાભેર ઊભો થઈ ગયો, ‘તારી જેમ ચિક્કાર રૂપિયાની લાલચમાં નથી જોડાયો…’ પછી તેણે તુચ્છકારભરી નજરે જોયું અને પગ ઉપાડતાં પહેલાં કહી દીધું, ‘અ ટિપિકલ ખાખી…’

‘યસ આઈ એમ…’ ત્વરિતે જરાક વધારે પડતું બોલી નાંખ્યું એટલે ઉશ્કેરાયેલા રાઘવે પણ તેનું બાવડું પકડી લીધું, ‘અ ટિપિકલ ખાખી… એ છોકરી નૉલેજનો આ બધો વારસો બથાવી પાડવા માંગે છે. તેં જ એનો વિરોધ કર્યો હતો, યાદ કર… તેં જ કહ્યું હતું કે એ તો રાષ્ટ્રનો દ્રોહ ગણાશે, યાદ છે ને?’

આગળ વધવા જતા ત્વરિતને તેણે ઝાટકાભેર રોકી પાડ્યો, ‘હું રૂપિયાની લાલચમાં નથી જોડાયો, પણ એ ક્રાઈમ રોકવા માટે મારો જીવ જોખમમાં મૂકી રહ્યો છું… સાવ એકલપંડે.’ પછી તેણે એટલા જ ઉશ્કેરાટથી તેને ઠોંસો મારી દીધો, ‘કારણ કે હું ખરા અર્થમાં ટિપિકલ ખાખી છું.’

ત્વરિત થોડીક તાજુબીથી, થોડાક ઉશ્કેરાટથી તેનો આક્રોશ જોઈ રહ્યો અને તેના ચહેરા પર સ્મિત આવી ગયું. ખડખડાટ હસવા માટે તેના હોઠ ખૂલ્યા…

- અને એ જ ઘડીએ તીણા અવાજે વ્હિસલ વાગી. સામે ચટ્ટાન પર ઊભેલી પેલી જોગમાયા બેય હાથ કમર પર ટેકવીને તેમને તાકીદ કરતી હતી.

*** *** ***

'મને બરાબર ખબર છે કે ત્રણ દિવસની ટ્રેનિંગમાં સીધા જ તમને ફ્રી ફોલ અને સેલ્ફ અરેસ્ટ શીખવવા એ ખતરનાક ચાળો છે...' ખડકની ચટ્ટાન પર અણિયાળા ક્રેમ્પોન અથડાવીને 'ખડિંગ... ખડિંગ' અવાજ કરતાં તેણે કહ્યું.

વહેલી સવારથી વરસાદ ચાલુ થઈ ગયો હતો. આકાશમાં જામેલો વાદળોનો ઘટાટોપ જોઈને આજે ટ્રેનિંગ કેન્સલ જ થશે એવી ખાતરી સાથે ઝુઝારે રમની બાટલી ખોલી હતી, પણ એ જ ઘડીએ કારમી વ્હિસલ વાગી હતી અને મનોમન ગાળો બબડતા દોડાદોડ સૌ ઓવારે પહોંચ્યા હતા.

ચટ્ટાનો પર કશીક પૂર્વતૈયારીઓ થઈ રહી હતી અને ટ્રેનર દમદાર અવાજે વરસાદની વાછટ ઝીલતી સૌને સંબોધી રહી હતી. આકાશમાં ઘેરાયેલી મેઘની છાયા તળે ઓઝપાઈ ગયેલો વહેલી સવારનો ઉજાસ તેના શ્યામ ચહેરાને વધુ સોહામણો, ભીનો અને માદક બનાવતો હતો. પલળીને ચપોચપ ચોંટી ગયેલા ટ્રેકસૂટમાંથી છલકાતા તેના વળાંકો આંખને અડપલું કરી જતા હતા.

ત્વરિત ઘડીક બાઘાની જેમ તેને તાકી રહ્યો. મોસમની ભીનાશ તેના રૂંવે રૂંવે ઝાળ લગાડતી હતી.

'મૈંને ક્યા કહા મિ. આર્કિયોલોજિસ્ટ??' પોતાને ધ્યાનથી નીરખી રહેલો ત્વરિત કંઈક બીજું જોઈ રહ્યો છે એ પારખીને તેણે લાગલો જ તેને ઝાલ્યો.

'જી યે... વો...' તરત જ તેણે મગજને હડદોલો મારીને સતર્ક કરી દીધું, 'તીન દિન મેં ફ્રિ-ફોલ ઔર સેલ્ફ અરેસ્ટ ખતરનાક હો સકતા હૈ...'

'હમ્મ્મ્...' તેણે એકધારી નજરે ત્વરિતને તાકી લીધો, પણ ત્યારે ત્વરિત સિફતપૂર્વક નીચે જોઈને મનોમન હાશકારો અનુભવતો હતો. જરાક ચૂક થઈ હોત તો શી ખબર, આ જોગમાયાએ શુંય સજા ફટકારી હોત... સાલી... શ્વાસ તો નથી જ લેવા દેતી, નિરાંતે જોવા ય નથી દેતી...

'ત્રણ દિવસમાં આ ન શીખી શકાય એ હું જાણું છું, પણ આપણી પાસે બીજો કોઈ વિકલ્પ નથી.' તેણે ચટ્ટાન પર કશીક ગડમથલ કરી રહેલા સહાયકો તરફ આંગળી ચીંધી, 'પહાડોને એ પરવા નથી હોતી કે તમે ટ્રેઈન્ડ છો કે નહીં. પહાડ એમ નહીં વિચારે કે આ બિચારાએ ફક્ત ત્રણ જ દિવસની તાલીમ લીધી છે. જરાક ભૂલ કરી એટલે ફંગોળી દેવા એ પહાડનો સ્વભાવ છે. એવે વખતે કેવી રીતે બચવું એ આપણે વિચારવાનું હોય છે. આજે આપણે એવી ઓચિંતી પછડાટમાં કેમ બચવું એ શીખશું.'

બપોર સુધી ક્રેમ્પોન અને આઈસ એક્સના બેઝિક પ્રેક્ટિકલ પછી એક સહાયકે ડેમો આપ્યો ત્યારે હિરન સિવાય હર કોઈના મોંમાંથી રીતસર હાયકારો નીકળી ગયો.

સાવ સીધા ઢોળાવવાળી એ કરાડની નીચે ચાલીસેક ફૂટ ઊંડી ખીણ હતી. કરાડની ટોચ નજીક ચાર જણાએ તેને ઊંધો લટકાવીને ઢોળાવ પર ગોઠવ્યો... અને બસ, ખીણમાં પથ્થર ગબડાવતા હોય તેમ છોડી દીધો!!

પેલો આદમી પહેલાં તો સડસડાટ નીચેની તરફ ગબડ્યો. એક વજનદાર ઢોંગા જેવા ખૂણા

સાથે ખતરનાક રીતે અથડાયો એ સાથે તેની પતનની દિશા બદલાઈ. સૌ કોઈ શ્વાસ રોકીને તેને જોઈ રહ્યા હતા.

એ આદમી આમ તેમ પગ ફંગોળીને નીચેથી સરકતી જતી ચટ્ટાન સાથે ક્રેમ્પોન ભીડવવાની કોશિશ કરતો જતો હતો. ડાબા હાથના સિઘરા જેવા આંગળા ફંફોસીને આધાર ફંફોસતો જતો હતો અને જમણા હાથે આઈસ એક્સના આડેધડ ફટકા મારવાના મરણિયા પ્રયાસ કરતો હતો.

છપ્પનના મોંમાંથી રાડ ફાટી ગઈ હતી. ત્વરિત અને ઝુઝાર ડોળા ફાડીને જોઈ રહ્યા હતા. પ્રોફેસરે આંખો મીંચી દીધી હતી. ખીણ માંડ વીસેક ફૂટ છેટી હતી ત્યાં અચાનક જ ડાબા હાથના આંગળા અને પગના ક્રેમ્પોન વડે પથ્થરને એકધારા ઠોંસીને એ ત્રાંસો થયો.

આઈસ એક્સના ફટકા મારવાનું જારી જ હતું. હમણાં જ ખીણમાં પડશે એવા ધ્રાસકા સાથે સૌનાં હૈયાં ધબકવાનું છોડી રહ્યાં હતાં. એ જ વખતે તેણે ઝાટકા સાથે પલટી ખાધી અને પથ્થરની અનુકૂળ ખાંચમાં ધારદાર કુહાડી ખોસીને તેના પર એક હાથના સહારે લટકી રહ્યો.

'ઈટ્સ કોલ્ડ ફ્રિ ફોલ એન્ડ સેલ્ફ અરેસ્ટ...' સહાયકો પેલાને ઉપર ખેંચવા માટે દોરડાં ફેંકી રહ્યા હતા ત્યારે જાણે કંઈ બન્યું જ નથી તેમ આ જોગમાયાએ સૂચનાઓ ચાલુ કરી દીધી.

'આરોહણ કરતી વખતે કોઈ પણ ગરબડ થાય અને તમે ગબડો તો એ સ્થિતિ કંઈક અંશે આવી જ હશે.' તેણે દરેકના ભયાર્ત ચહેરા તરફ નજર માંડીને કહેવા માંડ્યું, 'એ વખતે તમને બચાવનારું કોઈ નહીં હોય અને ત્યારે પગના ક્રેમ્પોન, જમણાં હાથના કાંડામાં ભેરવેલી એક્સ અને ડાબા હાથના આંગળા એ ત્રણ જ તમારાં હથિયાર હશે. પ્રેક્ટિસ ઈનફ હોય તો...' તેણે ફરીથી દરેકની સામે જોયું, 'કોણ શરૂઆત કરે છે?'

ત્વરિતે મોં ફેરવી લીધું. છપ્પન અને ઝુઝારે પહેલાં એકમેકની સામે જોયું અને પછી નજર ઝુકાવી દીધી.

'ઓકે... આઈ એમ રેડી...' સૌથી પહેલો પડકાર હિરને ઝિલ્યો એથી રાઘવને ય ઘડીક ચચરાટી થઈ આવી. નેશનલ પોલીસ એકેડેમીમાં રોક ક્લાઈમ્બિંગની તાલીમ તેણે લીધી હતી અને ફ્રિ ફોલનો ય અનુભવ લીધો હતો, પણ ત્યારે ખીણની જગ્યાએ નેટ બિછાવેલી રહેતી એટલે પડવા છતાં જીવ ગુમાવવાનો સહેજે ય ડર ન હતો. જ્યારે અહીં તો...

તેને કમકમાટી છૂટી ગઈ.

અડધી કલાક પછી હિરનને ફંગોળવામાં આવી ત્યારે પ્રોફેસર આંખ મીંચીને ઊંધા ફરી ગયા. ત્વરિતથી ય આંખો બંધ થઈ ગઈ, પણ એ લડાકુ છોકરીએ માંડ ત્રીસ ફૂટના અંતરમાં જ પલટી મારીને આઈસ એક્સ ખોસવામાં સફળતા મેળવી લીધી હતી.

સૌનો આત્મવિશ્વાસ વધારવા માટે ફરીથી હિરને જ બીજા ત્રણ ફોલ લીધા અને જોખમી હોવા છતાં આ કામ મુશ્કેલ ન હોવાનો અહેસાસ કરાવ્યો. બપોર પછી તેણે પોતે છેક ખીણ સુધી સૌને દોરી જઈને ક્રેમ્પોનના ઠોંસા મારીને પલટી મારવાની ટ્રિક તેમજ ચટ્ટાનની જાતજાતની ખાંચમાં કુહાડીનું ફણું ખોસવાની ઝડપ વિશે સમજાવ્યું ત્યારે માંડ સૌથી પહેલી હિંમત રાઘવે દાખવી.

રાઘવે પહેલો ફોલ સફળતાપૂર્વક પાર પાડ્યો ત્યારે જાણે જંગ જીત્યા હોય તેમ સૌ હરખઘેલા થઈને એકમેકને ભેટવા લાગ્યા હતા.

- અને બરાબર ત્યારે જ લાજ કાઢતી નવોઢા જેવો સૂરજ પહાડની વિકરાળ ચટ્ટાનોની ધાર

પાછળ મોં છુપાવવા લાગ્યો હતો.

*** *** ***

'મશાલ બુઝાવી નાંખો.'

હોડીની આગળની હરોળમાં બેઠેલા આદમીએ કહ્યું એ સાથે છેવાડાના ભાગે જલતી રાળની મશાલને ભીના ગોદડામાં બળપૂર્વક ખોસીને બુઝાવી દેવાઈ.

આગળની હોડીએ મશાલો બુઝાવી એટલે પાછળ આવતી બીજી બે હોડીઓએ પણ તેનું અનુકરણ કર્યું.

હવે બ્રહ્મપુત્રના સાગર જેવા પટ પર હતી સૂમસામ, અંધારઘેરી સ્તબ્ધતા અને એ સ્તબ્ધતાને ખંખોળતી જતી પાણીમાં એકસરખા લયથી ઝીંકાતાં હલેસાંની છપછપાટી.

એક આદમી નાઈટ વિઝન બાયનોક્યુલર વડે સતત પશ્ચિમના કાંઠા ફંફોસી રહ્યો હતો. અચાનક તે ઊભો થયો. નજર બાયનોક્યુલરમાં જ માંડેલી રાખીને તેણે હોડીને પૂર્વ-ઉત્તરમાં જરાક ત્રાંસી હંકારવા ઈશારો કર્યો.

એક પણ શબ્દની બોલાશ વગર ત્રણેય હોડીઓ લગભગ અડધા કલાક સુધી ચૂપચાપ પાણીમાં સરકતી રહી.

'રાઈટ...' તેણે ઈશારો કર્યો એટલે આગળની હોડીએ જમણી તરફ મોરો મરડ્યો. આગળની હરોળમાં બેઠેલા નેતા જેવા આદમીએ પાછળ આવતી હોડીઓને ત્યાં જ થંભી જવા હાક મારી. પહેલી હોડીએ જમણે, ડાબે, જમણે એમ સતત તીરછી દિશા પકડીને પાક્કી ખાતરી કરી.

'છે જ...' બાયનોક્યુલર પરથી આંખ હટાવીને એ આદમીએ નેતા જેવા લાગતા આદમીને સંબોધીને કહ્યું, 'પુલામા શાંગરા તરફ કશોક અજવાસ છે.'

બરાબર એ જ વખતે દૂર પૂર્વના કાંઠે અડાબીડ જંગલમાંથી ઊઠેલી આખેટે ચઢેલા રાની પશુની હિંસક ત્રાડથી વેરાન સ્તબ્ધતા ખળભળી ગઈ હતી. ત્રાડની તરત પાછળથી શિકાર બનેલા પ્રાણીની બેબાકળી મરણચીસ પ્રગટી હતી અને ચંદ ઘડી પછી ફરીથી જંગલનો એ રોજિંદો ક્રમ ગળીને પહાડો ભેંકાર સન્નાટો વાગોળવા લાગ્યા હતા.

*** *** ***

'ક્યા બ્બાત હૈ... આજ તો એસીપીએ સૌને પાર્ટી આપવી જોઈએ, યાર...' ઝુઝારે ગ્લાસમાં રમની બોટલ ઠાલવીને ગ્લાસ છપ્પનને ધર્યો.

ચાર દિવસની આકરી અને અતિશય મુશ્કેલ દિનચર્યા પછી હવે તેઓ ધીમે ધીમે ટેવાઈ રહ્યા હતા. કમ સે કમ જમવાનું થાય ત્યાં સુધી તેમના હોશ ટકી રહેતા હતા.

હિરન અને પેલી ટ્રેનર બ્રહ્મપુત્રના જળમાં સ્નાન કરીને પાછળની ચટ્ટાન તરફ કપડાં બદલી રહ્યા હતા. થાકેલા પ્રોફેસર એક બાંડિયું અને મોટો પહોળો ચડ્ડો પહેરીને પગ પર તેલમાલિશ કરી રહ્યા હતા. રાઘવ અને ત્વરિત પણ આજે તો ફિ ફોલની ખુશાલીમાં છપ્પન અને ઝુઝાર સાથે જોડાયા હતા.

કેસી રાબેતા મુજબ, દૂર બેસીને મશાલના અજવાળે નકશા જેવા કોઈક મોટા ફીંડલા પર ચિતરામણ કરી રહ્યો હતો.

એ જ ઘડીએ કાંઠા પર કશીક હડબડી મચી ગઈ. સતત ચૌકન્નો રહેતો કેસી છલાંગભેર ઊભો થયો અને ઓવારા તરફ દોડ્યો. કેસીને દોડતો જોઈને ચૂલા પર બાટી રાંધી રહેલા લોકો ય

સફાળા ભાગ્યા હતા.

રમની બોટલ ખોલીને બેઠેલા આ લોકો કંઈ સમજે એ પહેલાં તો દબાયેલા પગલે આખી પલટન સપાટાભેર અહીંતહીં ભાગાભાગ કરીને કેમ્પનો વીંટો વાળવા માંડી હતી.

પાછળ વાઘ પડ્યો હોય તેમ મોટી મોટી લાંઘ ભરીને આ તરફ આવેલા કેસીએ એટલી જ સ્વસ્થતાથી કહી દીધું, 'વેપન્સ રેડી કરો.'

'હેં??' ચોંકેલા રાઘવે પૂછી લીધું, 'ઈઝ એનિથિંગ સીરિયસ?'

કેસીએ ધારદાર નજરે સૌના ચહેરા ચકાસ્યા. તેના હોઠ દૃઢતાથી બિડાયા, 'ઓવારા તરફ કેટલીક હોડીઓ આવી રહી છે...' પછી એવા જ ડરામણા અવાજે ઉમેર્યું, '... અને એ હોડી આપણી નથી!!'

*** *** ***

દાયકાઓથી અડાબીડ જંગલ અને પહાડી ચટ્ટાનો સાથે બાથ ભીડીને તિબેટ આવ-જા કરતાં તિબેટ મુક્તિવાહિનીના લડાકુઓ ભયંકર શિસ્ત અને ચુસ્ત સતર્કતાનો પર્યાય હતા.

જ્યાં પણ કેમ્પ ઢાળ્યો હોય ત્યાં ત્રણ દિશાએથી નજર રાખવાનો તેમનો ક્રમ હતો. પુલામા શાંગરાની સામેની પહાડી પર તૈનાત તિબેટીઓની કેળવાયેલી આંખોએ કાળાડિબાંગ અંધારા વચ્ચે ય ત્રણ હોડીની હાજરી પારખી લીધી હતી.

બ્રહ્મપુત્રમાં ફરતી હોડીઓ એ કોઈ નવાઈની વાત ન હતી. બેય કાંઠાઓ પર દૂર સુધી પથરાયેલા હુકમા, બોડો, નિરયા આદિવાસીઓના કબીલાઓની આવ- જા હોડીઓ મારફત જ થતી.

કહેવા માટે તો તવાંગ શહેર હતું, પણ અંધારું ઘેરાય એ પહેલાં જ સાંજે છ- સાડા છ પછી બજારો આટોપાઈ જતી અને મધ, જવ, ચોખા, ચંદનનાં લાકડાં વગેરે વેચવા આવેલા આદિવાસી કાફલાઓ જીવન જરૂરિયાતની ચીજો ખરીદીને હોડકાંઓમાં પાછા ફરવા લાગે.

દૂર ભેંકાર ચટ્ટાન પરથી પહેરો ભરી રહેલા તિબેટીઓએ પહેલાં તો ત્રણ હોડકાંઓને સહજ ગણી લીધાં, પરંતુ અચાનક હોડકાં પરની મશાલો બુઝાઈ ગઈ અને એક હોડી કાફલાથી છૂટી પડીને ત્રાંસી દિશામાં આગળ વધી ત્યારે તેમને એ અજુગતું લાગ્યું.

ઘડીક તેમણે એ હોડીની મૂવમેન્ટ બારીકાઈથી નીરખ્યા કરી. સતત ત્રાંસમાં અને પછી સીધાણમાં હંકારાતી એ હોડી સલામત અંતર રાખીને શાંગરાના ઓવારાને દૂરથી જોઈ શકાય એવી વેતરણમાં હોવાની પહેલી શંકા જન્મી એટલે ચોકિયાતોએ પહેલાં અંદરોઅંદર મસલત કરી અને પછી સંકેત મોકલ્યો.

સદીઓ સુધી વિકસિત જગતથી કપાઈને જીવતા તિબેટીઓ પાસે વિવિધ અવાજો કાઢવાની જન્મજાત આવડત હોય છે. ભયસૂચક અવાજ જુદો, તોફાનના આગમનની એંધાણી આપતો અવાજ પણ જુદો. પહાડની ધાર પર ઝળુંબીને એક તિબેટીએ શંકુ આકારના કઢંગા વાધમાં મોં ઘાલ્યું અને ફેફસાંમાં ભરેલી હવાને પૂરી તાકાતથી વહેતી મૂકી દીધી એ સાથે હિંસક પશુની ડણક જેવા બિહામણા અવાજથી હવામાં કંપારી વહેવા લાગી.

બખોલમાં રાત્રિભોજનની તૈયારી કરી રહેલા કાફલા માટે આ ત્રાડ આવી રહેલા ભયની શંકા જગાવવા માટેનો સંકેત હતો.

મશાલના અજવાળે નકશાઓ ચકાસી રહેલા કેસીએ સંકેત પારખીને સહેજ ત્રાંસી નજર ફેરવી, પણ એ પહેલાં તો બખોલ આસપાસ પહેરો ભરી રહેલા ત્રણ- ચાર લુંગીધારીઓ જરાક

પણ હોહા કર્યા વગર ઓવારો ચકાસવા ધસી ગયા હતા. બાકીના લોકોના આંખ-કાન જરાક સતર્ક થયા, પણ તેમણે પોતાનું કામ છોડ્યું નહીં.

આ તેમની સઘન કેળવણી હતી. ત્રાડ એ હજુ ભયની શંકાનો સંકેત હતો. ખરેખર ભયની ખાતરી ન થાય ત્યાં સુધી કોઈએ ઘાંઘાં થવાનું ન હતું.

ગણતરીની મિનિટ પછી એ ત્રાડની પાછળ ચિચિયારી જેવો બીજો અવાજ પણ વહેતો થયો. ઓવારા ભણી આગળ વધતી હોડી સપાટાભેર પાણી કાપી રહી હતી અને તેની પાછળ નિશ્ચિત અંતર રાખીને આવતી બે હોડીઓએ ઊંધા તીર આકારનું ફોર્મેશન રચી નાંખ્યું હતું. હુમલો કરવાની આ પોઝિશન પારખીને ધાર પર ઝળુંબતા પહેરેદારોએ ભયની પાક્કી ખાતરીનો સંકેત વહેતો કર્યો ત્યારે હોડીઓ ઓવારાથી હજુ ત્રણસો મીટર છેટે હતી.

બીજા સંકેત સાથે સહેજપણ બોલાશ વગર બધા પોતપોતાના નિયત થયેલા કામમાં લાગી ગયા. ઓવારા નજીક જઈને હોડીઓની ખાતરી કરી આવેલા કેસીએ તિબેટી ભાષામાં દબાયેલા અવાજે સૂચના આપી અને પછી હાથ- આંગળીના ઉપયોગ વડે કશાક સંકેતો કર્યા એ સાથે મશાલો ફટાફટ બુઝાવા લાગી.

આખોય કાફલો બરાબર કેળવાયેલો હોય તેમ એક ટુકડી વેરવિખેર પથરાયેલો બધો સરંજામ એકઠો કરવા માંડી. બીજી ટુકડીએ જંગલની દિશામાં હારબંધ ઊભા રહીને માલસામાન વગે કરવા માંડ્યો અને ત્રીજી ટુકડીના બાશિંદાઓ હથિયારો ઉઠાવીને પહાડીની ટોચ ભણી લપક્યા અને ત્રણ દિશાએથી બ્રહ્મપુત્રના ઓવારાને ઘેરી લીધો.

દબાયેલાં પગલે દોડધામ કરી રહેલો આખોય કાફલો ગણતરીની મિનિટોમાં તો જાણે અંતર્ધ્યાન થઈ ગયો હોય તેમ જંગલી સરુનાં વન ભણી લપકવા લાગ્યો હતો. પ્રોફેસર અને ઉજમને જંગલ તરફ ધકેલી દેવાયા હતા.

હવે ફક્ત પંદર જણાએ આવી રહેલા અજાણ્યા ભયનો સામનો કરવાનો હતો. કોઈ કશું બોલતું ન હતું. કેસી પણ ફટાફટ હાથના સંકેતો ઘુમાવીને ઈશારા કરતો જતો હતો. હિરનના માણસો પાસે હથિયાર ન હોય એ પારખીને કેસીએ વળી કશોક ઈશારો કર્યો એ સાથે એક આદમીએ કોથળામાંથી પ્લાસ્ટિકની કિટ જેવાં બોક્સ સૌના હાથમાં થમાવી દીધાં.

દરેક કિટમાં એક પિસ્તોલ, એમ્યુનિશન બોક્સ, બે ગ્રેનેડ, નાનકડાં લંચબોક્સમાં મીઠું, મરચું નાંખીને બાફેલો ચોખાનો લોટ, પાણીની નાનકડી મશક જેવો સામાન હતો. હિરન કિટ જોઈને આ તંગ સ્થિતિમાં ય ટ્રેનર છોકરી સામે મલકી પડી. કેસી અને તેના સરફિરા આદમીઓ હરઘડીએ કેવી સતર્કતાથી જીવતા હતા એ પારખીને તેના ચહેરા પર અહોભાવ તરી આવ્યો.

હિરન અને પેલી ટ્રેનર છોકરીને બખોલના દક્ષિણ છેડે લપકવાની સૂચના આપીને કેસીએ ઝુઝારને ય એ દિશામાં તગેડ્યો હતો.

ત્વરિતને બખોલના જંગલ તરફના છેડા તરફ ગન લઈને તૈનાત આદમીઓ તરફ મોકલીને રાઘવને તેણે પોતાની સાથે આવવા ઈશારો કર્યો.

પંદર મિનિટ પછી...

પોતે લીધેલા શ્વાસનો અવાજ પણ સંભળાય એવા તીવ્ર સન્નાટા વચ્ચે શાંગરાની બંધિયાર હવામાં અજંપો ઘુમરાઈ રહ્યો હતો. બખોલના મ્હોરાં આગળ અને ઓવારા તરફ લપાયેલા આદમીઓ કાળમીંઢ ચટ્ટાનના પોલાણમાં ગોઠવાઈ રહ્યા હતા. ઓવારા તરફથી આવતા હુમલાખોરો ઉજાસ રેલાવે તો ચામડીનો ચળકાટ તરત પકડાઈ ન જાય એ માટે તેઓ હાથના પંજા અને મોં પર ઉતાવળભેર મેશ ચોપડી રહ્યા હતા.

કેસીનો વ્યૂહ સ્પષ્ટ હતો.

હુમલાખોરો અંદર આવી જાય ત્યાં સુધી કોઈએ ફાયર કરવાનો ન હતો. એમની સંખ્યા અને ઘેરાવ કરવાનો હેતુ તેમજ ઓળખ સ્પષ્ટ થાય પછી પણ અનિવાર્ય જોખમ ઊભું થાય ત્યારે જ ફાયર કરવાનો હતો. જો ફાયર કરવાની નોબત જ ન આવે તો સૌએ ધીમે ધીમે જંગલ તરફ સરકી જવાનું હતું અને લડાઈ કરવી જ પડે તો આગળ ગયેલા કાફલાને ભાગવાનો પૂરતો સમય મળે તેની કાળજી રાખીને બબ્બેની ટુકડીમાં ફાયર કરતા રહીને જંગલ તરફ પીછેહઠ કરવાની હતી.

સૌની નજર બખોલના મ્હોરા તરફ ખૂલતાં વળાંક પર ચોંટેલી હતી. સૌની આંખોમાં અજંપો અને ચહેરા પર તંગદિલી હતી.

ફક્ત કેસીના મનમાં સવાલ-જવાબનો વંટોળિયો ફૂંકાઈ રહ્યો હતો...

આવનારા લોકો કોણ હોઈ શકે?

*** *** ***

ચીન એ તિબેટ મુક્તિવાહિનીનું મુખ્ય અને એકમાત્ર લક્ષ્ય હતું અને ભારતમાં તેમની હાજરી બીજી કોઈ રીતે હાનિકારક હતી નહીં. એટલે ભારતીય લશ્કર કે બોર્ડર પોલીસ ફોર્સ તેમની ગતિવિધિ પ્રત્યે આંખ આડા કાન કરતાં.

મિલિટરી ઈન્ટેલિજન્સ માટે મુક્તિવાહિનીની બીજી ઉપયોગિતા હતી. તેને મુક્તિવાહિની મારફત ચીન વિશે ઘણી બાતમીઓ મળતી. બદલામાં ભારતીય સેના પણ ક્યાંય પોતાની સંડોવણી સાબિત ન થાય એ રીતે મુક્તિવાહિનીને શસ્ત્રો, તાલીમ વગેરે સહાય આપતી.

શરત માત્ર એટલી જ કે તિબેટ મુક્તિવાહિની ભારતમાં આશરો લઈને પછી ભારતીય ભૂમિનો ચીનવિરોધી સશસ્ત્ર ઝુંબેશ માટે ઉપયોગ કરે છે એવો કાગારોળ કરવાની ચીનને કોઈ તક ન મળવી જોઈએ.

એંશીના દાયકાથી એનરોદ ત્સોરપેએ આ નીતિ રાખી હતી. ભારત નારાજ થાય એવી કોઈ પ્રવૃત્તિ કરવી નહીં. ભારતીય લશ્કરને સહાયક બનતાં રહેવું અને ચીનને પજવવાની એક પણ તક ન છોડવી.

કેસીએ સુકાન સંભાળ્યું એ પછી પરિસ્થિતિ બદલાઈ હતી. નવી પેઢીના તિબેટી જવાનિયાઓ ભારતમાં જ પેદા થયા હતા અને વડીલોની વાતોથી વિશેષ તિબેટ પ્રત્યે તેમને ખાસ લગાવ રહ્યો ન હતો. આથી વતન પ્રત્યેનો તેમનો ઝુરાપો અને ચીનના શાસન સામેનો તેમનો આક્રોશ ઘટી રહ્યો હતો. સૌને હવે શાંત, સુવિધાભરી અને પોતાના અંગત કોચલામાં વીંટળાયેલી સલામત જિંદગી રાસ આવવા માંડી હતી.

ભારતમાં વસતાં તિબેટી પરિવારો પાંચ દાયકાથી પોતાની આવકનો નિશ્ચિત હિસ્સો મુક્તિવાહિનીને આપતાં હતાં, પરંતુ ચીન જેવી મહાસત્તા સામે બાથ ભીડવા માટે આ ભંડોળ ચણા-મમરા જેટલું ય ન હતું.

વતનની આઝાદી કાજે જાન આપવા તૈયાર લડવૈયાઓ મળવા મુશ્કેલ થતા હતા, શસ્ત્રો-તાલીમ વગેરે માટે ભંડોળ પણ ખૂટતું જતું હતું. કેસીના હાથમાં મુક્તિવાહિનીની જવાબદારી આવી ત્યારે આવી વિષમ પરિસ્થિતિનો તેણે સામનો કરવાનો હતો.

ધર્મસત્તાના સર્વોચ્ચ પ્રતીક એવા દલાઈ લામા એક આદેશ કરે તો સમગ્ર તિબેટી સમુદાય જીવ આપી દે, પરંતુ જરાક અમથી હિંસાને ય ત્યાજ્ય માનતા દલાઈ લામા, કેસી તેમજ ત્સોરપે

પરિવાર પ્રત્યેની અપાર લાગણી છતાં, મુક્તિવાહિનીની હિંસક પ્રવૃત્તિઓના વિરોધી હતા. આરંભે તો તેઓ મુક્તિવાહિનીને જાહેરમાં વખોડીને તેનાથી દૂર રહેવાના આદેશો પણ કરતા હતા, પરંતુ એનરોદ ત્સોરપેની અનેક વારની વિનવણી પછી તેમણે જાહેરમાં મુક્તિવાહિનીને નકારવાનું બંધ કર્યું હતું.

આટલી તકલીફો વચ્ચે ય કેસીએ નવા-નવા મરજીવાઓની ભરતીમાં ઓટ આવવા દીધી ન હતી. છેક તિબેટમાં ઘુસાડેલા ગેરિલાઓ દ્વારા મેળવેલા ચીનના સિતમના વીડિયો રેકોર્ડિંગ વગેરે વડે તેણે આઝાદીની અહાલેક ફૂંકવાનું સતત જારી રાખ્યું હતું.

પરંતુ આર્થિક તાકાત ઊભી કરવી એ પ્રશ્ન વધારે ગંભીર હતો. કેસીએ મુક્તિવાહિનીના લડવૈયાઓના પ્રત્યક્ષ અને પરોક્ષ એવા બે પ્રકાર પાડ્યા. પરોક્ષ પ્રકારના લોકોને તેણે વિવિધ વ્યવસાયમાં પલોટવા માંડ્યા. ભારત સરકાર સાથે વખતોવખત થતી મંત્રણાઓમાં તેણે ભારપૂર્વક રજૂઆતો કરીને તિબેટિયનોને લોન વગેરે સવલતોમાં પ્રાથમિકતા ય મેળવી લીધી.

પરિણામે, ધરમસાલા, ડેલહાઉસી, કસૌની, ગિરિમાલ વગેરે વિસ્તારોમાં તેણે ગૃહઉદ્યોગો, લઘુઉદ્યોગો માંડી દીધા અને તેના નફામાંથી ભંડોળ ઊભું કરવા માંડ્યું. દોઢ હજાર ગેરિલાઓના નિર્વાહ માટે આ પણ અપૂરતું હતું એટલે તેણે નાછૂટકે બીજો રસ્તો અપનાવ્યો.

એ રસ્તો વધારે જોખમી હતો. ભારતના કાયદાની વિરુદ્ધનો હતો. પણ એ વગર છૂટકો ન હતો, કારણ કે એવું કશુંક કરવાથી જ તેને મબલખ પૈસા મળતા હતા, જેની તેને તીવ્ર જરૂર હતી.

એ રસ્તો હતો અફીણ, શસ્ત્રો અને એવા બીજા માલસામાનની હેરાફેરી. કોલકાતાનું બસો વર્ષ જૂનું શોમાબાજાર છેક અફઘાનિસ્તાનથી આવતા અફીણની લે-વેચ માટે કુખ્યાત હતું. કેસીના આદમીઓએ અહીં પાટલો માંડીને અફીણની લે-વેચ શરૂ કરી. તેમાં તગડો નફો હતો, પણ એ જ અફીણ જો તેઓ સરહદ પાર કરાવીને તિબેટથી ય દૂર છેક મંચૂરિયા પહોંચાડે તો તો બખ્ખાં જ હતાં.

કેસીએ તિબેટમાં ઘૂસણખોરીનાં છીંડાં પાડી રાખ્યાં હતાં. ચીની લશ્કરના ભ્રષ્ટ અધિકારીઓને સાધીને તેણે મંચૂરિયા સુધી અફીણના ચક્કા પહોંચાડવા માંડ્યા. ભારતીય લશ્કરની રહેમનજર જાળવી રાખવા માટે તેણે ભારતમાં અફીણની એક કાંકરી ય ન વેચવાની તકેદારી રાખી. ઉપરાંત, છેક મંચૂરિયા સુધી આખા રસ્તે ચીને બાંધેલાં વ્યૂહાત્મક બાંધકામો, ચોકીઓ અને ભારતીય સરહદ આસપાસ કરેલી જમાવટની તસવીરો, રેકોર્ડિંગ પણ મિલિટરી ઈન્ટેલિજન્સને આપવા લાગ્યો.

આ બધી એવી બાતમીઓ હતી જે ભારતીય લશ્કરને ઘરે બેઠા માત્ર કેસીના મરજીવાઓ મારફત જ મળતી હતી, એટલે લશ્કર અને મિલિટરી ઈન્ટેલિજન્સ અફીણની હેરાફેરી પ્રત્યે આંખ આડા કાન કરી લેતું હતું.

બોર્ડર પોલીસ સાથે ય તેને એટલી જ સારાસારી હતી. મિલિટરી ઈન્ટેલિજન્સ તેને સેઈફ પેસેજ આપતું હતું એટલે બોર્ડર પોલીસને પણ રોકવાનું કંઈ કારણ ન હતું.

એવો જ બીજો ય કસદાર ધંધો હતો માનવ તસ્કરીનો.

ચીન ભારતીય યાત્રાળુઓને કૈલાસ-માનસરોવરની યાત્રાએ જવા માટે બહુ જ અંકુશ રાખીને પરમિટ આપતું હતું. કુલ અરજી આવે તેના દસમા ભાગના લોકોને માંડ મંજૂરી મળતી હોય. એમાં ય ચીનના વાંધાવચકા અને હેરાનગતિ તો ખરા જ.

એકાદ-બે વખત આકસ્મિક રીતે એવા યાત્રાળુઓને કૈલાસ સુધી લઈ જવાની કામગીરી પાર પાડ્યા પછી કેસીને તેમાં ય કમાણીની તક દેખાઈ. પછી તો તેણે ચીની રૂક્કાઓ, પરમિટ,

ઓળખપત્રોનું બનાવટી તંત્ર ખડું કરીને પેરેલલ ટૂરિઝમની હાટડી માંડી દીધી. ચીનના ભ્રષ્ટ અધિકારીઓની લાલચ તે બરાબર પારખી ગયો હતો.

અફીણ જેવા નશા સામે ભારે કડકાઈથી કામ લેતાં ચીનના લશ્કરી અધિકારીઓને ખુદને જ તેણે અફીણના બંધાણી બનાવી દીધા હતા.

કૈલાસની આઠ-દસ ટૂર સફળતાપૂર્વક પાર પાડીને કેસીને એ ધંધામાં કસ દેખાયો. એ આવકમાંથી તેણે એક્સ્પ્લોઝિવ્સ મેળવ્યા હતા અને લ્હાસાના ચાઈનીઝ રિજન્ટની કચેરી ઉડાવી દીધી હતી. તિબેટી નાગરિકોને પરેશાન કરવામાં આવશે તો દરેક રિજન્ટના આવા હાલ થશે એવી તેની ઉઘાડી ધમકી પછી ચીનાઓના સિતમ ઘટ્યા હતા અને મુક્તિવાહિનીનો ડંકો વાગી ગયો હતો.

- પણ પછી કેસીના આદમીઓને સાધારણ દાણચોર માનતા ચીની અધિકારીઓની દાઢ વધુ સળકી હતી. અફીણ, રોકડ લાંચ ઉપરાંત, પડખું ગરમ કરવા માટે તિબેટી છોકરીઓની ય ચીનાઓએ માંગ કરવા માંડી ત્યારે કેસીના ધીકતા કારોબાર સામે પહેલી અડચણ ઊભી થઈ.

હમવતનીઓ પર ગુજારાતા એક સિતમ સામે બાથ ભીડવા જતાં આ બીજા સિતમ ઊભા કરવાના? કેસીએ એ કારોબાર વીંટી લીધો.

ફરીથી એ જ આર્થિક તંગદિલી ઊભી થઈ, પરંતુ આ રીતે મેળવેલા પૈસાથી તેણે લ્હાસામાં કરાવેલાં પરાક્રમોએ સ્થાનિક તિબેટીઓમાં જબ્બર પ્રભાવ ઊભો કરી દીધો હતો. છોકરીઓની એક એવી ફોજ ઊભી થઈ હતી, જે સંપૂર્ણત: તિબેટની સ્વતંત્રતાને વરી ચૂકી હતી. સાઠ-સિત્તેર યુવાન છોકરીઓના એ સરફિરા દળનું નેતૃત્વ જેના હાથમાં હતું એ છોકરીનું નામ તાન્શી.

શરૂઆતમાં કેસી તેના આઈડિયા સાથે સહેજે ય સંમત ન હતો, પરંતુ માથાની ફરેલી તાન્શીએ કેસીને ગણકાર્યા વગર છ-સાત યુવતીઓને સાથે લઈને તિબેટનો પ્રવાસ ખેડ્યો. તિબેટની અદાલતમાં જે દિવસે પવિત્ર બૌદ્ધ મઠોનો કબજો લેવા અંગેનો કેસ ચાલતો હતો એ જ વખતે અદાલતમાં વિસ્ફોટ કર્યા. એ ઘટનામાં ત્રણ છોકરીઓ મારી ગઈ. બે છોકરી જીવતી પકડાઈ ગઈ, પણ ચીનાઓના બેશુમાર સિતમ તેમના મોંમાંથી હરફ પણ કઢાવી શકે એ પહેલાં તેમણે સાઈનાઈડ ચાવીને જીવ આપી દીધો. તાન્શી પોતે ય ઘાયલ થઈ, પણ ભારત પરત ફરવામાં એ સફળ નીવડી.

આટલાં ટાંચાં સાધનોથી કોઈ અનુભવ વગર કે કોઈ છીંડાં શોધ્યા વગર આટલું ખતરનાક ઓપરેશન તમે કેવી રીતે પાર પાડ્યું?

કેસીએ જ્યારે પૂછ્યું ત્યારે તાન્શીએ જે જવાબ દીધો તેનાથી એ સ્તબ્ધ થઈ ગયો હતો. આટલાં વરસથી, ત્રણ-ત્રણ પેઢીથી વતનની આઝાદી કાજે ઝઝૂમનારો એ જન્મજાત યોદ્ધો ય આ છોકરીઓની શહાદત સામે ઝૂકી પડ્યો હતો.

એ છોકરીઓએ ચીની અધિકારીઓને પોતાની મોહજાળમાં ફસાવ્યા હતા. તેમને પોતાનું શરીર સોંપી દીધું હતું અને પછી મોકો સાધી લીધો હતો. વતનપરસ્તીની આ બેમિસાલ ગાથા હતી.

એ પછી તાન્શીના હઠાગ્રહથી કેસીએ ફરીથી અફીણની દાણચોરીનો ધંધો ચાલુ કર્યો. ચીની અધિકારી માંગે ત્યારે ધરવા માટે હવે તાન્શીની વિષકન્યાઓ સ્વેચ્છાએ જ તૈયાર હતી.

બેહદ કામણગારી આ વિષકન્યાઓએ તો કેસીની ધારણાથી ય અનેકગણો વધારે ઉત્પાત મચાવ્યો. ભારત-ચીનની સરહદથી લઈને પાટનગર લ્હાસા, આસપાસના ચાવીરૂપ વિસ્તારો અને છેક મંચૂરિયા સુધીના તિબેટી પ્રદેશ ખૂંદીને તેમણે કંઈક ચીની અધિકારીઓને પટાવ્યા

અને ઢગલાબંધ છીંડાંઓ ઊભાં કર્યાં.

શક્તિશાળી ચીનને પજવવાનો વારો હવે કેસીનો હતો. તિબેટમાં વિષકન્યાઓએ તેના માટે આબાદ ગ્રાઉન્ડ તૈયાર કરી આપ્યું હતું.

ઈન્ડિયન મિલિટરી ઈન્ટેલિજન્સ પણ અચાનક વધી પડેલાં કેસીનાં કારનામાંઓ અને બાતમીની બૌછારથી ખુશખુશાલ હતું.

તો પછી... કેસીના દિમાગમાં ઘણના ફટકાની માફક સવાલ પછડાતો હતો...

મિલિટરી અને બોર્ડર પોલીસ સાથે આટલી સારાસારી છતાં અહીં શાંગરામાં તેમના પર ધસી આવતાં લોકો કોણ હોઈ શકે?

તેને પહેલી અને સૌથી વધુ સ્વાભાવિક શંકા હિરન અને તેના કાફલા પર ગઈ.

*** *** ***

હજુ એક અઠવાડિયા પહેલાં શોમાબજારના અફીણના પાટલા પર એ હિસાબ લઈ રહ્યો હતો. એ સાંજે તેણે કટ્ટા તરીકે ઓળખાતા દેશી તમંચાના એક ઓર્ડર માટે ડીલ કરવા જવાનું હતું. એ વખતે તેનો એક ખાંખતિયો આદમી બાતમી લઈને આવ્યો હતો.

બજારમાં એક છોકરી ફરતી હતી અને જ્યાં-ત્યાં તિબેટિયન વેપારીની પૂછપરછ કરી રહી હતી!

બદનામ શોમાબજારમાં એકલદોકલ ફરતી છોકરી પોતે જ તાજુબીનું પહેલું કારણ ગણાય. એમાં ય એ તિબેટિયનની જ પૂછપરછ કરે એ તો...

ચોંકેલા કેસીએ તરત આદમીઓ દોડાવ્યા હતા અને એક કલાક પછી એ છોકરી તેની સામે હાજર હતી. ગરદન સુધી ઝૂલતા રેશમી વાળ, ભર્યા ભર્યા ગાલ પરથી રેલાતું સિંદૂરિયા રંગનું માદક રૂપ, મોટી ઘેરી સહેજ કથ્થાઈ આંખોમાંથી નીતરતું કામણ, લાંબી ચંચળ ગરદન, માંસલ બાંધો અને અવાજમાં છલકાતો ગજબ આત્મવિશ્વાસ...

'માયસેલ્ફ હિરન...' તેણે બેખૌફપણે શરૂઆત કરી દીધી હતી, 'હિરન રાય... મેં સાંભળ્યું છે કે તું લોકોને સરહદ પાર કરાવીને તિબેટ સુધી લઈ જાય છે...'

બીજો કોઈ સમો હોત તો એ જ ઘડીએ ભડાકો થઈ ગયો હોત. હિરન તેના વિશે પાક્કું હોમવર્ક કરીને આવી હતી પણ એ એટલી બેપરવાઈથી બોલી રહી હતી કે ઘડીક કેસી ય ભડકી ગયો હતો.

'હુ ટોલ્ડ યુ?' કેસીએ મનોભાવને ચહેરા પર આવતાં રોકીને પૂછ્યું હતું.

'કેપ્ટન અભિનવ બોહરા... એક્સ એમઆઈ (મિલિટરી ઈન્ટેલિજન્સ) ઓફિસર... નાવાડેઝ એટ કુમાઉ રેજિમેન્ટ.' હિરને એવી જ સલૂકાઈથી જવાબ વાળ્યો હતો, 'હી વોઝ માય બેચમેટ એટ એનડીએ.'

કેસી થીજી ગયો હતો. કોલેજિયન જેવી દેખાતી આ માદક છોકરી નેશનલ ડિફેન્સ એકેડેમીની કેડેટ હતી. અભિનવ બોહરા મિલિટરી ઈન્ટેલિજન્સમાં હતો ત્યારે કેસી તેના સંપર્કમાં આવ્યો હતો. તેણે અભિનવ સાથે વાત પણ કરાવી દીધી હતી એટલે હવે કેસીને શંકા કરવાનું કોઈ કારણ ન હતું.

એ છોકરીને તિબેટ જવું હતું. ના, એકલી એ છોકરી જ નહીં, તેને કુલ સાત આદમીઓના કાફલા સાથે તિબેટ જવું હતું. કૈલાસ-માનસરોવરની યાત્રાએ નીકળેલી એ શ્રદ્ધાળુ પણ ન હતી. તેને તિબેટમાં છેક લ્હાસા સુધી, મહત્ત્વના બૌદ્ધ મઠ સુધી જવું હતું.

કેસીએ તેની ગરજ પારખીને બરાબર ટિંચરિયો ભાવ પાડ્યો. એક આદમી દીઠ પાંચ લાખ રૂપિયા.

એ છોકરી ઘડીક ખચકાઈ. ઘડીક એ નીચું જોઈને મનોમન કશીક ગણતરીઓ માંડવા લાગી. ગળા નીચે થૂંક ઉતારતી હોય તેમ તેની સુરાહીદાર ગરદનનો હડિયો જરાક ઊંચકાયો. એ કોઈકની સાથે જાણે વાત કરતી હોય, કોઈકનું કહ્યું ધ્યાનથી સાંભળવા મથતી હોય તેમ તેની આંખો હવામાં ચકળ-વકળ ઘૂમતી રહી. તે ડોકું ધુણાવતી રહી અને પછી અચાનક જ કેસીની સામે આંખ માંડીને બોલી,

'ઓકે ડન. સાત આદમીના પાંત્રીસ લાખ...' કેસી તાજુબીભેર આ અજાયબ છોકરીને જોઈ રહ્યો હતો, 'જો તું તિબેટમાં અમારા માટે છુપાવાની, અમારી કહેલી જગ્યા સુધી લઈ જવાની અને કેટલાંક માલસામાન સાથે પાછા ફરવા સહિતની તમામ જવાબદારી ય સ્વીકારતો હોય તો...' કેસીની વિસ્ફારિત થતી જતી આંખોમાં તાકીને તેણે ઉમેર્યું, 'આઈ વિલ ક્લોઝ ધ ડીલ એટ 50 લાખ!!'

એ પછી આખો દિવસ કેસી એ છોકરી સાથે વાતો કરતો રહ્યો. હિરનને ય તેની ગરજ હતી એટલે તેણે ય માપસર તેમજ અનિવાર્ય હોય તેવી વિગતો આપવા માંડી. કેપ્ટન અભિનવ બોહરાની મધ્યસ્થી બંને વચ્ચે વિશ્વાસ ઊભો કરવામાં ઉપયોગી નીવડતી હતી.

આ લોકોને તિબેટમાંથી કશાંક પુસ્તકો, હસ્તપ્રતોનો ખપ છે એવું જાણ્યા પછી કેસીનું આશ્ચર્ય બેવડાયું હતું. પચાસ લાખ રૂપિયા ખર્ચીને, જાનનું આટલું વિકરાળ જોખમ ખેડીને તિબેટ પુસ્તક લેવા જતાં લોકો તેણે જોયા ન હતા.

વરસોથી તે જેની રાહ જોઈ રહ્યો હતો એ ઘડી તેને આ બેકગ્રાઉન્ડમાં સાકાર થતી ભળાતી હતી.

એ જ ઘડીએ કેસીએ પોતે પણ આ કાફલા સાથે જોડાવાનો નિર્ણય લઈ લીધો.

*** *** ***

આટલા દિવસમાં આજે પહેલી વાર તેને હિરન પર શક ગયો હતો. મિલિટરી આ રીતે તેના છૂપા રહેઠાણ પર આવી ચડે એવું આજ સુધી કદી બન્યું ન હતું. બોર્ડર પોલીસ આમ ઢળતી રાતે બ્રહ્મપુત્રમાં હોડકાં લઈને ફરે એ ય શક્ય ન હતું. આ વિસ્તારમાં બીજા ય અલગતાવાદી જૂથો અસ્તિત્વમાં હતાં, પણ એ લોકોની તમામ પ્રવૃત્તિ ભારતવિરોધી હતી એટલે આ રીતે સીધો જ હુમલો લઈ આવે એ શક્ય ન હતું. વળી, મુક્તિવાહિની સાથે એમને કોઈ દુશ્મની ન હતી.

હિરનની કોઈ ચાલ હશે? પહેલી વાર કેસી મનોમન પોતાની જાતને કોસી રહ્યો હતો. કેપ્ટન બોહરાએ મધ્યસ્થી કરી હતી અને હિરન બિલકુલ ભરોસાપાત્ર હોવાની ખાતરી આપી હતી. તેમ છતાં તેણે આ છોકરીને, તેના પ્રોફેસર બાપને બરાબર નાણ્યાં હતાં. બહુ જ મિત્રદાવે, સહૃદયતાથી તેણે તેમની વાતો સાંભળી હતી. તેના કાફલાના એકેએક આદમી વિશે એ બાપ-દીકરી ખાતરી આપતાં હતાં. છેવટે કેસીને ગળા સુધી ખાતરી થઈ હતી કે આ લોકોનો આશય સાચો જ છે.

તો પછી...

તેણે ભારે અકળામણથી ડોકું ધુણાવી નાંખ્યું એટલે રાઘવ પણ ચોંકી ઊઠ્યો.

એ જ ઘડીએ ઓવારા પર હોડી લાંગરવાનો અવાજ સંભળાયો. કાંઠા પર ખણકારા સાથે કશુંક વજનદાર ફેંકાયું અને પછી પાણીમાં આછા છપાકા જેવા અવાજો ઊઠ્યા. કેસીએ ચટ્ટાનના પોલાણમાં જાતને વધુ સંકોરી. સહેજ બહાર આવી ગયેલા રાઘવને ય ઠોંસો મારીને અંદર ધકેલ્યો. એ જ ઘડીએ હોડીમાંથી ઊતરેલા આદમીઓએ કશીક ભેદી હિલચાલ આદરી.

ખુદનો હાથ પણ ન દેખાય એવા કાળાડિબાંગ અંધારા વચ્ચે કેસી અને તેના આદમીઓ ડોળા તગતગાવીને આવેતુઓની હિલચાલ જોવા મથતા હતા. એ લોકોએ હોડકાંમાંથી કશોક સામાન કાઢ્યો. એ શું હશે તેનું અનુમાન થઈ શકતું ન હતું. કશુંક તૂટવાનો અવાજ આવ્યો. એ પછી કશુંક જોશભેર દૂર છેક શાંગરાના અંદરના નૈસર્ગિક વળાંક સુધી ફેંકાયું.

કેસીના ગળામાં દબાયેલી ચીસ થીજી ગઈ. એ લોકોએ ડીઝલના કેરબા ફેંક્યા હતા. ડીઝલની વાસ નાકમાં ઘૂસે અને મગજને એલાર્મ જાય એ પહેલાં તો સદીઓથી બંધ, અવાવરું બખોલમાં આતશ ભભૂકી ઊઠ્યો અને એ આતશના લવકારા મારતા ઉજાસમાં એકેય ચહેરો હવે છુપાવી શકાય તેમ ન હતો.

શાંગરાનો અટપટો આકાર

મઝધારમાં નિરવ, શાંત અને ધ્યાનસ્થ યોગીની જેમ વહેતી બ્રહ્મપુત્રનો અસલી મિજાજ કાંઠા પર જોવા મળતો. તિબેટના ઉત્તુંગ પહાડોમાંથી નેપાળ, ભુતાન અને ભારતની સમક્ષિતિજે વહેતી બ્રહ્મપુત્ર અરુણાચલમાં પ્રવેશતી વખતે, પિયુનો સાદ સાંભળીને ઘેલી બનેલી નવોઢાની માફક સીધો ભૂસકો જ મારતી હતી.

ત્યાંગ નામનાં જંગલોમાં ઘેઘૂર કલશોર મચાવીને બંગાળના અખાત તરફ સડસડાટ ઢાળ ઊતરતી બ્રહ્મપુત્રનો બેબાકળો ઉત્સાહ અરુણાચલ પ્રદેશને આડો ચીરી નાંખતો હતો. લાઈમસ્ટોન, કેલ્સાઈટથી છલોછલ પહાડોનો રંગ સહેજ પીળાશ પડતો કાળો લાગતો. પીળા રંગ માટે સ્થાનિક શબ્દ બોમ એટલે એ ઘાટી બોમ્ડિ-લા તરીકે ઓળખાતી.

બોમ્ડિ-લાના છેવાડે અને તવાંગથી ઉપર મજાની ભૂશિર સર્જાતી હતી.

જંગલની લીલાશ ઓઢીને દોડંદોડ ભાગ્યે જતી બ્રહ્મપુત્રના રૂપથી મોહીને ધસી આવ્યા હોય તેમ

પહાડો નદીના વિશાળ પટની વચ્ચોવચ થંભી ગયા હતા. અહીં પહાડ અને નદી વચ્ચે સદીઓથી અનંગરાગ છેડાતો હતો. નદીનો જોશીલો પ્રવાહ જાણે આતુરતાથી ભેટવા મથતો હોય તેમ ચટ્ટાનની ધાર વચ્ચે વળ ખાઈ જતો હતો. પહાડના કામાતુર આગોશમાં જાણે અહીં નદી ચૂર-ચૂર થઈ જતી હતી અને પછી પહાડના સ્પર્શથી ઉન્માદ ભભૂક્યો હોય તેમ કામણગારો વળાંક લેતી હતી. અનંગની ચરમસીમાએ પહોંચેલી સ્ત્રીની માફક ફીણ-ફીણ થઈને માદક, બેચેન કિલકારીઓ નાંખતી આગળ ધપતી હતી.

નદી અને પહાડના અનંતકાળથી ચાલતા એ નૈસર્ગિક સંવનનનું સ્થળ એટલે શાંગરા.

નદીના અત્યંત તોફાની પ્રવાહે કોરેલી ચટ્ટાનમાં ઊંડે સુધી બખોલ પડી ગઈ હતી. નદીકાંઠાથી શરૂ થઈને પહાડની ટોચ સુધી પ્રસરેલી બખોલ કાંઠાથી લગભગ સો મીટરના સીધા ચઢાણ પછી ત્રાંસો વળાંક લઈને જમણી તરફ ફંટાતી હતી અને લગભગ બસ્સો મીટર સુધી વાંકોચૂંકો વળાંક લેતી ટોચ તરફ પહોંચતી હતી. પહાડની બેય તરફની દીવાલ વચ્ચે ક્યાંક વીસ ફૂટનું તો ક્યાંક બે આદમી માંડ એકબીજાને ઘસાયા વગર પસાર થઈ શકે એટલું સાંકડું અંતર રહેતું.

પહાડની ટોચ પરથી સરુનું અડાબીડ જંગલ શરૂ થઈ જતું. અણિયાળા ભાલા જેવી સરુનાં વન વીંધીને બહાર નીકળવાનું બે જ પ્રકારના લોકો માટે સંભવિત હતું. એક તો એવા લોકો જેણે અહીંની ભૂમિમાં જન્મ લીધો હોય અથવા બીજા એવા લોકો જેમણે નિસર્ગ સાથેનો નાતો ગર્ભનાળ જેવો સાબૂત રાખી જાણ્યો હોય. એ સિવાયના આદમી માટે અહીં પગ મૂકવો એ જાતે જ પોતાની કબરમાં પ્રવેશવા બરાબર હતું.

કેસીનો વ્યૂહ

મુક્તિવાહિનીના લડાકુઓ આવા ક્વિક કોમ્બેટથી બરાબર ટેવાયેલા હતા. પહાડોની આવ-જા કરીને તિબેટ પહોંચતી વખતે મોટાભાગે તેઓ એવાં છીંડાં જ પસંદ કરતાં, જ્યાં ચીની સૈનિકો સાથે મૂઠભેડ ન થાય. મુક્તિવાહિની એ ટાંચાં સાધનો અને ઓછી સંખ્યાથી લડતું દળ હતું એટલે સૈનિકોની માફક સામસામેની લડાઈ તેમનો વિષય ન હતો. ગેરિલા વોરફેર એ તેમની મુખ્ય અને એકમાત્ર ટેક્ટિક હતી.

લપાતા-છુપાતા ચીની છાવણીઓ પર હલ્લો બોલાવવો, ઓછામાં ઓછા સમયમાં થઈ શકે તેટલું નુકસાન કરવું અને પછી સલામત નાસી છૂટવું એ તેમનો કાયમી વ્યૂહ રહેતો. ક્યારેક સામસામેની લડાઈમાં ઊતરવાનું થાય તો પણ વેગીલો, એકધારો અને મરણિયો હલ્લો કરીને પલાયન થઈ જવું એ તેમની પદ્ધતિ હતી, કારણ કે અકારણ શસ્ત્રો કે માણસોની મોટી ખુવારી વેઠવા જેટલો વૈભવ તેમની પાસે ન હતો.

પહેરો ભરતા આદમીઓએ ભયનો સંકેત આપ્યો કે તરત કેસીના આદમીઓ હંમેશની સતર્કતા મુજબ બ્રહ્મપુત્રના કાંઠાથી આખી બખોલને આવરી લઈને છેક જંગલ તરફ ખૂલતાં છેડા સુધી નિયત અંતરે ઝિગઝેગ પોઝિશનમાં ગોઠવાઈ ગયા હતા.

ટીમ 1: શાંગરાના કાંઠા સુધી કુલ ચાર આદમી સામસામે એકમેકથી થોડું અંતર રાખીને લપાયા હતા.

ટીમ 2: કેસી પોતે રાઘવને સાથે રાખીને ઓવારા તરફ ખૂલતા શાંગરાના વળાંક પર ગોઠવાયો હતો.

ટીમ 3: શાંગરાની ત્રાંસ વટ્યા પછી તાન્શી અને હિરન ડાબી તરફ તૈનાત હતા. ઝુઝાર એ બંનેથી સ્હેજ દૂર જમણી તરફ એક ભેખડની આડશમાં લપાયો હતો.

ટીમ 4: તેમની પાછળ ખાસ્સો ઊંચો ઢાળ ચડીને ત્વરિત અને બીજા આદમીઓ છેક જંગલ

તરફ ખૂલતા છેડા સુધી લપાયેલા હતા. અહીં એવું અંધારું હતું કે પોતાનો હાથ સુધ્ધાં જોઈ શકાતો ન હતો.

ઓવારા પર ઊતરેલા લોકો પહેલાં તો અજવાળું કરશે એવી તેમની ધારણા હતી. એ લોકો મશાલો પ્રગટાવે એ પછી જ એ કોણ છે, દોસ્ત છે, દુશ્મન છે કે શાંગરાની જાણકારી ધરાવતા કોઈ સ્થાનિકો છે અને કોઈક કારણથી આશરો લેવા અહીં આવ્યા છે તેની ખબર પડવાની હતી.

જોકે પહાડની ટોચે પહેરો દેતા લોકોએ બે સંકેત આપ્યા હતા. મતબલ કે આવનારા લોકો હુમલો લઈને જ આવતા હોવાની તેમને પાક્કી શંકા હતી.

કેસીએ મુક્તિવાહિનીના કાયમી વ્યૂહને જ અનુસરવાનો સંકેત આપી દીધો હતો.

શું હતો એ વ્યૂહ?

આવા નિર્જન, ભેંકાર અને ખાસ તો અતિશય દુર્ગમ સ્થળે હુમલો લઈને આવનારા લોકો સૌથી પહેલાં તો અહીંથી બહાર નીકળવાના રસ્તા પર પોતાનો કબજો જમાવી રાખે. મતલબ કે આવનારા લોકોનો એક કાફલો હોડીની સલામતી માટે ઓવારા પર જ રહેવો જોઈએ.

બીજા લોકો મશાલો પ્રગટાવીને આગળ વધશે. કદાચ બ્લાઈન્ડ ફાયર પણ કરતા જાય. એ લોકો શાંગરાના વળાંક સુધી પહોંચે ત્યાં સુધી કોઈએ પોતાની હાજરી છતી કરવાની ન હતી. વળાંક પર પહોંચે એટલે તરત છેક ઓવારા પાસે લપાયેલા ટીમ-1ના બે જણાએ હોડી સાચવતા આદમીઓને નિશાન બનાવવાના હતા અને બીજા બે જણાએ આગળ વધતા આદમીઓ પર ફાયર કરવાનું હતું.

પીઠ પાછળથી થતા ફાયરથી એ લોકો ચોંકે અને લપાવા માટે આડશ શોધે એ જ વખતે ટીમ-2 તરફથી રાઘવે અને કેસીએ તેમના પર ફાયર કરીને તેમને દબોચી લેવાના હતા.

જો અહીંથી ય તેઓ સફળતાપૂર્વક આગળ વધી જાય તો પીઠ પાછળથી ટીમ- 2 અને આગળથી તાન્શી-હિરન-ઝુઝારની ટીમ-3એ તેમને ભીંસમાં લેવાના હતા.

ટીમ-2 ફાયર ધણધણાવતી હોય ત્યારે ટીમ-1 તેમને વટીને ટીમ-3 તરફ જતી રહે.

ટીમ-3 ફાયર ઓપન કરે કે તરત ટીમ-2 આગળ લપકીને ટીમ-4ની સાથે

થઈ જાય.

ટીમ-4 કવર ફાયર આપે ત્યારે ટીમ-3 ઉપરની દિશાએ ચઢાણ ઉપર જતી રહે અને જંગલ તરફ ખૂલતો છેડો પકડી રાખે.

હવે તેઓ ઊંચાઈ પર હોય અને બધા જ એકસાથે હોય એટલે એકસામટી તાકાતથી ફાયર કરતાં રહીને જરૂર પડ્યે ગ્રેનેડ પણ ફેંકી દેવાના અને પછી જંગલમાં સરકી જવાનું.

મારીને ભાગી જવું એવો મુક્તિવાહિનીનો આ કાયમી વ્યૂહ જ તેમને ઓછાં હથિયારો અને પાંખા આદમીઓ છતાં જોરાવર ચીનાઓ સામે સખ્તાઈથી બાથ ભીડવામાં સફળતા અપાવતો હતો.

- પણ આજે પહેલા જ કદમે એ વ્યૂહના ધજિયા ઊડી ગયા.

આવનારા લોકોએ મશાલો પ્રગટાવવાને બદલે ડીઝલનો કેરબો ફંગોળીને સીધી જ કાંડી ચાંપી દીધી એ સાથે સદીઓથી અંધારું ઓઢીને બેઠેલી બંધિયાર, સ્તબ્ધ બખોલમાં આતશ ભભૂક્યો હતો.

મશાલ વડે જ અજવાળું થશે અને એટલા ઝાંખા ઉજાસમાં પોતાની હાજરી પરખાશે નહીં એવી કેસીની ગણતરી ખોટી સાબિત થઈ હતી.

કેરબો ફંગોળાયા પછીની પહેલી દસ સેકન્ડ: આગ પ્રગટી એ સાથે જ પહેલાં તો જલતા ડીઝલની મીઠી વાસથી બખોલ છવાઈ ગઈ અને પછી તરત ઊઠેલા ધુમાડાના ગોટા બહાર નીકળવાની જગ્યા ન મળતા અંદર જ ઘૂમરાવા લાગ્યા. સાલાઓએ હોડીના એન્જિનમાં તળિયે બાઝેલું રો-ડીઝલ એકઠું કરીને બાળ્યું હતું એટલે વાસ પણ બેહદ મારતું હતું અને ધુમાડો ય પારાવાર છોડતું હતું.

હવે જો તેઓ પોતાની જગ્યાએથી બહાર ન નીકળે તો ધુમાડાની ગૂંગળામણ તેમને મારી નાંખે અને બહાર નીકળવા જાય તો આવનારા લોકોની ગોળીઓથી વીંધાઈ જાય.

બીજી દસ સેકન્ડ: કેસીના દિમાગમાં તીવ્ર ધમસાણ મચી ગયું હતું. આવનારા લોકો પૂરી તૈયારી સાથે આવ્યા છે. ઓવારાથી ઉપર ચડેલો ફક્ત એક જ આદમી વર્તાયો છે. મતલબ કે, આખો કાફલો કેટલાં લોકોનો છે તેનો અંદાજ આવી શકતો નથી.

શું કરવું જોઈએ? ટીમ-1 ઓવારા તરફ હતી અને ત્યાં ખુલ્લી હવા મળતી હતી એટલે એમને બહુ વાંધો નહીં આવે, પણ જો તેઓ ગન ચલાવે તો તેમની હાજરી પરખાઈ જાય અને આવનારો આખો કાફલો તેમના પર તૂટી પડે તો...

તો શું પોતે જ ફાયર ઓપન કરી દેવું જોઈએ? પારાવાર કશ્મકશમાં કેસીએ અજાણપણે જ ચટ્ટાન સાથે માથું અફળાવી દીધું.

એ જ વખતે: ઓચિંતી આગ પ્રગટવાથી રઘવાયા થયેલા રાઘવે, ખડકસરસા ચંપાઈ રહેવાની કેસીની સૂચના છતાં ગરદન ધુમાવીને આગના લબકારા વચ્ચે દેખાતા ઓળાઓ તરફ આંખ માંડી લીધી, પરંતુ શાંગરાના વળાંક પર જ તે લપાયો હતો અને બહારથી આવતી હવાની લહેરખીને લીધે અંદરથી ફૂંકાતો ધુમાડાનો ગોટ દબાણના તફાવતને લીધે તેની દિશામાં જ ઘૂમરાતો હતો. તેણે ખોલેલી આંખો ઘડીકમાં મીંચી લેવી પડી અને ખાંસી અટકાવવા મોં પર હાથ દઈ દીધો.

એ જ વખતે: તાન્શી અને હિરન આગથી જરા દૂર હતા, પણ બહારથી ફૂંકાતી હવા ધુમાડાને તેમના તરફ ધકેલતી હતી. તો ય તેમની હાલત હજુ રાઘવ કે કેસી જેટલી ખરાબ થઈ ન હતી. આગ લાગવાથી ઊભું થયેલું જોખમ પારખીને હિરન તરત જ છત પર લપકતી ગરોળીની ત્વરાથી તાન્શી તરફ સરકી હતી અને ફૂસફૂસાતા સ્વરે તેણે કહ્યું, 'કેસી એન્ડ ટીમ-1 સીમ્સ અન્ડર થ્રેટ. શૂડ વી ગો અહેડ એન્ડ ઓપન ધ ફાયર?'

હિરનના પ્રસ્તાવનો તાન્શીએ ઘડીક કોઈ પ્રતિસાદ ન આપ્યો. આવું કદી બન્યું ન હતું. તેમના આશરાની જગ્યા જ એવી ભેદી હોય કે ક્યારેય કોઈ સાથે અથડામણના સંજોગો જ ન આવે. વળી, ભારતમાં તેમને કોઈની સાથે દુશ્મની ન હતી. તો આવનારા લોકો કોણ હોઈ શકે તેની તીવ્ર અવઢવ કેસીની માફક તાન્શી પણ અનુભવી રહી હતી.

તેણે જરાક હાથ ઊંચો કરીને હિરનને અટકાવી અને ગન સાબદી કરી.

ત્રીજી દસ સેકન્ડ: હજુ પણ એ લોકોએ ફાયર કેમ ઓપન નથી કર્યું? શું હજુ ય તેમને પોતાની હાજરીનો ખ્યાલ નથી આવ્યો? કે પછી કેરબો સળગાવીને ચોંકાવી દીધા પછી હવે તેઓ ગન ચલાવવાને બદલે...

એ લોકો સીધો ગ્રેનેડ જ ફેંકે તો શું હાલત થાય તેની કલ્પનામાત્રથી કેસી થીજી ગયો. તેણે ઊંડો શ્વાસ લીધો અને પછી નાક આડે બેય હાથનું પોલાણ ધરીને ચીબરી જેવો તીણો, ભેદી,

કમકમાટી ઉપજાવનારો અવાજ કાઢ્યો.

એ અવાજની ગુંજ શાંગરાની હવામાં ઓસરે એ પહેલાં તો તાન્શીએ એક સાથે ત્રણ ક્રિયા કરી નાંખી હતી. સૌથી પહેલાં તો તેણે પોલાણમાંથી સીધી આગળની તરફ છલાંગ લગાવી દીધી હતી, ડાબા હાથે હિરન અને ઝુઝારને ય પાછળ આવવા સંકેત કરી દીધો હતો અને જમણાં હાથે ધડાધડ ગન ચલાવવા માંડી હતી.

ઓવરા તરફ લપાઈને ઊભેલા ટીમ-1ના ચાર આદમીઓને જો આ તરફ વાળી શકાય તો હજુ ય નાસી છૂટવાનું મુશ્કેલ ન હતું.

છલાંગભેર શાંગરાના વળાંક પાસે પહોંચીને તે કેસી-રાઘવને કવર આપવા મથતી હતી, પણ પારાવાર ધુમાડાનો ગોટ તેને ય કનડતો હતો.

એ પારખીને હિરને ઊંડો શ્વાસ લીધો અને ભડકે બળતા ડીઝલની પરવા કર્યા વગર જ સીધી દોટ મૂકી. આગના લબકારા વચ્ચેથી તેણે કેટલાંક ઓળા પારખ્યા અને ગન ચલાવી નાંખી. બીજા જ ફાયરમાં એક કારમી ચીસ પડઘાઈ ગઈ.

ડીઝલના કેરબાને કાંડી ચાંપીને પાછા પગે ઓવારા ભણી જઈ રહેલા આદમીને તેણે આબાદ વીંધી નાંખ્યો હતો.

શાંગરાની બંધિયાર, સૂમસામ હવાને ડહોળી નાંખતો એ પહેલો ચિત્કાર હતો.

હિરન ફાયર કરીને હજુ હટે એ પહેલાં તો સામેથી મશીનગન ધણધણવા લાગી હતી, પણ ઓવારા પર જોખમમાં મુકાયેલા આદમીઓને કવર આપવાની આ છેલ્લી તક હતી. મશીનગનમાંથી છૂટતી ગોળીઓની પરવા કર્યા વિના જ કેસી પહાડની દીવાલોમાં આંગળા ભરાવીને આગળ વધવા માંડ્યો.

સામેથી ફાયર ઓપન થયું એટલે હિરને આડશ શોધી લીધી. હવે ઝુઝારનો વારો હતો. આગના લબકારાથી ધગધગતી ભોંયની પરવા કર્યા વિના જ મલ્હાને ક્રાઉલિંગ કરી નાંખ્યું હતું અને છેક વળાંક પર પહોંચીને તેણે ફાયર કરવા માંડ્યા હતા.

સામેથી કોઈ દિશાભાન વગર ગોળીઓ છૂટી રહી હતી. જમીન પર લેટેલો ઝુઝાર તેને જવાબ વાળી રહ્યો હતો. કેસી લગભગ અડધે પહોંચી ગયો એ જોઈને તાન્શીએ બીજી તરફની દીવાલ પર સરકીને ઓવારા તરફ આગેકૂચ માંડી.

હિરને દિશા બદલીને ચાર-પાંચ રાઉન્ડ ફાયર કરી નાંખ્યા.

ભોંય પર ભભૂકતી આગ, ધુમાડાના કારમા ગોટા, સામેથી ધણધણતી મશીનગન, ખૂણામાં લપાઈને ફાયર કરી રહેલો ઝુઝાર...

રાઘવ કેમ ક્યાંય કળાતો નથી?

કેસી, તાન્શી, ઝુઝારની પોઝિશન તે જોઈ ચૂકી હતી, પણ રાઘવ હજુ બહાર આવ્યો ન હતો.

કાળાડિબાંગ ધુમાડા અને આગના ભડકા વચ્ચે તેણે ઝુઝારની બરાબર ઉપર બખોલના પોલાણમાં લપાયેલા રાઘવને પારખ્યો.

પોતે ફાયર કરવાને બદલે કે નીચે ધગધગતી ભોંય પર ફસકાયા પછી ય ફાયરિંગ કરી રહેલા ઝુઝારને ટેકો આપીને ઉપર ખેંચવાને બદલે એ કેમ આગળ ઓવારા તરફ ધસવા મથતો હતો?

હિરને રાઘવની દિશાએ દોટ મૂકવા હજુ પહેલું ડગલું માંડ્યું ત્યાં જ સામેથી એક સાથે ત્રણ દિશાએથી મશીનગન ફૂંકાવા લાગી હતી. ભોંય પર લપકેલો ઝુઝાર સલામત હતો, પણ બખોલના એક છેડાથી બીજા છેડા તરફ લપકીને સતત ફાયર કરી રહેલી હિરન આસાન

નિશાન બની શકે તેમ હતી.

મશીનગનના અંધાધૂંધ ધડાકા વચ્ચે રીતસર પછડાટ ખાઈને હિરને પહાડના પડખામાં પડતું મૂક્યું એ જ વખતે બિહામણો ધડાકો થયો હતો.

ઓવાર તરફ લપકી ચૂકેલા કેસીએ ચંદ્રના આછા ઉજાસ અને આગના ભડકા વચ્ચે ચાર આદમીની હાજરી પારખીને ગ્રેનેડ ઉછાળી દીધો હતો. કેસીએ ફેંકેલા ગ્રેનેડનો ચમકારો પારખીને તાન્શીએ પણ એ જ જગ્યાએ બીજો ગ્રેનેડ ઝીંક્યો હતો.

બેય ગ્રેનેડના ધડાકા સાથે બ્રહ્મપુત્રના જળમાં મોટો હિલોળો પેદા થયો. કાંઠા પર લાંગરેલી હોડીઓ ય ઉછળી ગઈ અને પાણી છેક અંદર સુધી ધસી આવ્યું.

ગ્રેનેડ બ્લાસ્ટ પછી મશીનગન ઘડીક અટકી, પણ તરત જ ધણધણાટી ફરી શરૂ થઈ ગઈ. પહાડની ભીષણ દીવાલો સાથે 'ઠક્.. ઠક્.. ઠક્' અવાજ સાથે અથડાતી બુલેટના ખનકારા ગાજી રહ્યા હતા અને પથ્થરનાં અંધાધૂંધ છોતરાં ચારે બાજુ ઊડી રહ્યાં હતાં.

ગ્રેનેડ ફાટ્યા અને ઓવારા તરફ ખળભળાટ મચી ગયો કે તરત ત્યાં લપાયેલા ચારેય તિબેટીઓએ અંદર વળાંકની દિશામાં આંધળી દોટ મૂકી દીધી હતી.

એક આદમીએ મશીનગન ચલાવતા જણ પર ફાયર કરવા માંડ્યું. હિરને ઝુઝારને પીછેહઠ કરવા ઈશારો કરીને તિબેટીઓને કવર ફાયર આપવા માંડ્યું. એ ચારેય બખોલના વળાંક સુધી પહોંચ્યા એટલી વારમાં કેસી અને તાન્શી ય આવી પહોંચ્યા.

'ગો બેક...' કેસીએ તાન્શીને ઠોંસો માર્યો, પણ વધુ કશું બોલી શકાય એવી હાલત ન હતી. ડીઝલની આગનો ધુમાડો હવે બેબાકળો થયો હતો અને તેમાં ગ્રેનેડના ધડાકાએ ઉમેરો કર્યો હતો. બંધિયાર હવામાં કાર્બન ડાયોક્સાઈડની ગૂંગળામણ હવે સહન થઈ શકે તેમ ન હતી.

કેસી અને હિરને કવર ફાયર આપ્યું એ વખતે રાઘવ નીચે ઊતર્યો.

એ હજુ ય ત્યાં જ ખોડાઈ રહ્યો હતો. ઓવારા તરફથી ફરીથી મશીનગન ધણધણવા લાગી હતી. તેને ઓઝપાયેલો જોઈને હિરન ગન ચલાવતી તેના તરફ લપકી અને એક હાથે તેણે રાઘવને ઝકઝોરી નાંખ્યો, 'તું ઈન્જર્ડ છે?'

'હેં??' રાઘવ હજુ ય જાણે કશીક ગડમથલમાં હોય તેમ સ્વસ્થ જણાતો ન હતો, 'ના બટ...' તેણે ઓવારા તરફ હાથ લંબાવ્યો એટલે હિરનને લાગ્યું કે તે કવર ફાયરમાં જોડાવાનું કહે છે.

'નો...' તેણે રાઘવને પાછળ ધકેલ્યો, 'વી વિલ મેનેજ... યુ ગો બેક.'

ગણતરીની મિનિટોમાં ભીષણ ધડાકાથી આખી બખોલ ગાજી રહી હતી.

તિબેટી ગેરિલાઓ સાથે રાઘવ, ઝુઝાર અને ત્વરિતને જંગલની દિશામાં મોકલીને તાન્શીએ પોઝિશન લઈ લીધી એ પછી કેસી અને હિરને ફાયરિંગ કરતાં જઈને પીછેહઠ કરી હતી.

સામેથી બે ગ્રેનેડ ઝીંકાયા હતા. ફાયરિંગ સતત જારી હતું, પણ બખોલનો નૈસર્ગિક વળાંક મુક્તિવાહિનીને આશીર્વાદરૂપ નીવડ્યો હતો. એ લોકોએ ફેંકેલ ગ્રેનેડ અહીંથી આગળ ફૂટતા ન હતા અને અહીં સુધી પહોંચવા માટે છાતી પર ગોળી ખાવી અનિવાર્ય બની જતી હતી.

પણ તો ય એમણે પીછેહઠ કરી ન હતી એટલે કેસી ય પારાવાર આશ્ચર્યમાં પડી ગયો હતો.

આ લોકો છે કોણ?

*** *** ***

'એ કદાચ મારા માણસો છે...' રાઘવે થોથવાતાં અવાજે કહ્યું એ સાથે ત્વરિતની આંખો ફાટી

ગઈ. ચળિતર ભાળી ગયો હોય તેમ વિસ્ફારિત, સ્તબ્ધ અને આઘાતભરી આંખે તે રાઘવને જોઈ રહ્યો.

જંગલમાં પ્રવેશ્યા પછી તિબેટીઓએ એ દરેકના હાથમાં ડાળખાં થમાવી દીધાં હતાં. જંગલી સરુના ભાલા જેવા સીધા, વાગકણા, અણિયાળાં પાનથી બચવા સતત ડાળખાં આમતેમ ઘુમાવતા જવાના હતા અને કેડી વગરના અડાબીડ, અંધારિયા જંગલમાં દોટ મૂકવાની હતી.

પાછળ બખોલમાં ખેલાતા મરણિયા જંગના ધડાકા-ભડાકા હજુ ય જારી હતા. છેલ્લે એકસામટો ગ્રેનેડમારો કરીને કેસી, હિરન અને તાન્શી પણ પોબારા ગણી જવાનાં હતાં અને ત્યાં સુધીમાં સૌથી પહેલાં મોકલેલા કાફલાએ બીજી છટકબારી તૈયાર કરી રાખવાની હતી.

ત્વરિત અંધારામાં પડતો, આખડતો, ઠેબાં ખાતો તિબેટીઓ પાસેથી ઓવારા પર શું થયું તેની વિગતો મેળવવા મથતો હતો એટલામાં રાઘવ તેની નજીક પહોંચી ગયો અને તેનો ખભો દાબ્યો.

'રાઘવ...' ખુદનો હાથ પણ ન કળાય એવા કાળાડિબાંગ અંધારામાં માંડ રાઘવને પારખીને તેણે પૂછી લીધું, 'આર યુ ઓલરાઈટ?' ત્વરિતને ખબર હતી કે રાઘવ છેક વળાંક પર જ હતો, જ્યાં આગ ભડકી હતી.

'યાહ... આઈ એમ...' એટલું કહીને રાઘવ સહેજ નીચે ઝૂક્યો, 'બટ વેઈટ... મારા પગમાં કંઈક અટવાયું છે...'

ત્વરિતના ખભા પર હાથ ટેકવીને રાઘવ પગમાંથી કશોક વેલો કાઢવાનો ડોળ કરતો રહ્યો એટલી વારમાં બીજા તિબેટીઓ ખાસ્સા આગળ નીકળી ગયા.

'આપણી પાસે આ આખરી તક છે...' તેણે ફૂસફૂસાતા અવાજે ત્વરિતને કહ્યું એટલે ત્વરિત ચોંક્યો.

'શેની તક?'

'આ લોકોને ઝબ્બે કરવાની.?'

'કોને?' ત્વરિત ત્યાં જ થંભી ગયો.

'અરે હિરનને... પ્રોફેસરને...' રાઘવે તેના કાન પાસે મોં લઈ જઈને કહેવા માંડ્યું, 'તેં કહ્યું હતું તેમ આ બધી જ વિદ્યા જો ખરેખર હોય તો એ રાષ્ટ્રની સંપત્તિ છે અને આ બંને બધુ જ પોતે બથાવી જવા માંગે છે. તું શું એમ માને છે કે, એ લોકો આપણને સૌને આ બધામાં ભાગીદાર ગણશે? અરે, સરહદ વટ્યા પછી ક્યાંય આપણો કાંટો કાઢી નાંખશે...'

'વ્હોટ ડૂ યુ મીન યાર???' ત્વરિતને તેના શબ્દો પર વિશ્વાસ પડતો ન હતો.

'યસ...' તેનો અવાજ સહેજ ખચકાયો. પછી ગળા નીચે થૂંક ઉતારીને નીચે શાંગરા તરફ હાથ લંબાવતા તેણે ઉમેર્યું, 'એ કદાચ મારા જ માણસો છે...'

'ઓહ નો... ઓહ કમ ઓન યાર...' ત્વરિત પ્રચંડ આઘાતથી બે ડગલાં પાછળ હટી ગયો. તેના મોંમાંથી રીતસર દબાયેલી ચીસ નીકળી ગઈ, 'તું સાચે જ ગધેડો છે...'

'એટલે?' રાઘવને હજુ ય ત્વરિતનો પ્રત્યાઘાત સમજાતો ન હતો. શાંગરાના જંગમાં કેસીએ આવનારા લોકોને ચકમો આપ્યો એટલે તેણે હવે ત્વરિતનો સાથ લઈને આખરી પ્રયત્ન કરવાની વેતરણ માંડી હતી, પણ ત્વરિત તો કશું સાંભળવાને બદલે...

'અરે યાર... તને આ મિશનમાં ફરજિયાત જોડવા માટે હિરને સ્ટોરી ઉપજાવી કાઢી હતી...'

'ડોન્ટ ટેલ મી... શી ઈઝ ઈનફ સ્માર્ટ...'

'યસ... શી ઈઝ...' તેણે રાઘવને ધક્કો મારી દીધો, 'શી ઈઝ સ્માર્ટર ધેન યુ એન્ડ મી... આટલી બધી વિગત જાણી લીધા પછી તું વારંગલથી પાછો ફરે એ તેને રિસ્કી લાગતું હતું. એ તને ત્યાં જ ખતમ કરી દે, પણ પ્રોફેસર એવું કરવા ન દે એટલે તને પ્રવાસમાં જોડવા માટે, ખાસ તો ઝુઝારને લાલચ આપવા માટે અને તને ક્રાઈમની ગંધ આપવા માટે તેણે આખી સ્ટોરી ઉપજાવી હતી. હકીકતમાં એવું કશું જ નથી..'

હવે રાઘવ તેને ફાટી આંખે જોઈ રહ્યો હતો... બિલકુલ એમ જ, જાણે ચળિતર ભાળી રહ્યો હોય...

*** *** ***

એ વખતે શાંગરામાં ધડાકા શમી રહ્યા હતા. કેસી, હિરન અને તાન્શી છેલ્લો ઉગ્ર અને જીવલેણ પ્રહાર કરીને જંગલની કેડી તરફ દોટ મૂકી ચૂક્યાં હતાં. ગણતરીની મિનિટોની ભીષણ ધડબડાટી પછી શાંગરામાં આગ ઓલવાઈ રહી હતી. ધુમાડો ધીમે ધીમે ઓસરી રહ્યો હતો. ગ્રેનેડની કડવી, તીખી વાસ આસ્તે આસ્તે ઘટી રહી હતી. જ્યાં ત્યાં વેરાયેલી પથ્થરની કરચો, ગ્રેનેડ બ્લાસ્ટને લીધે ઊડેલા મોટા ગચ્ચા, આમતેમ વેરાયેલો કેટલોક સામાન, ઘાયલ આદમીઓના દબાયેલા ઊંહકારા અને સ્તબ્ધ હવાના કાળાડિબાંગ સન્નાટા વચ્ચે બખોલમાં આમતેમ આથડીને કોઈક મોટેમોટેથી બરાડી રહ્યું હતું.

'રાઘવ... રાઘવ...'

બખોલના નિર્જન પોલાણમાં એ અવાજ વધુ બિહામણી રીતે પડઘાઈ રહ્યો હતો.

*** *** ***

પ્રોફેસર અને તેમની સાથેનો કાફલો બિહામણા અંધારામાં અડાબીડ જંગલ વચ્ચેથી સહેજપણ અવાજ ન થાય તેની કાળજી રાખતો દબાતા પગલે આગળ ધપી રહ્યા હતા.

ખભા પર વજનદાર કોથળા લાદીને બેય હાથમાં પકડેલી ડાળખીઓ વડે સરુના અણીદાર, તીરના ફણા જેવાં સીધાં પાન વચ્ચેથી જગ્યા કરતા લૂંગીધારીઓ સપાટાભેર આગળ વધતા હતા, પરંતુ પ્રોફેસર માટે એ એટલું આસાન ન હતું.

આટલાં ભીષણ અંધારામાં નજર માંડેલી રાખવી, વરસાદને લીધે ચીકણી થયેલી ઉબડખાબડ જમીન પર સંતુલન રાખવું, તેજકદમથી ચાલવું અને બેય હાથે સરુનાં પાનને હટાવતા જવા એ છપ્પનને કે પ્રોફેસરને ફાવતું ન હતું.

ક્યારેક ચીકણી, પીળી માટીના ગરેડામાં પગ લપસી પડતો હતો અને આખાય શરીરમાં ભોંકાતા સરુનાં પાન ચહેરા પર તીણા ઉઝરડા પાડી જતા હતા. છતાં પણ છપ્પન ચૂપચાપ દોડ્યે જતો હતો.

છેલ્લી મૂર્તિ ઉઠાવ્યા પછી છપ્પન જેવો રીઢો ચોર કંઈક અજાયબ રીતે ભાવુક થઈ રહ્યો હતો.

એ જરાક બેધ્યાન થયો અને ગાલ પર ભોંકાયેલા સરુના પાને લિસોટો પાડી દીધો એ સાથે તેના મોંમાંથી ગાળ નીકળી ગઈ. 'કમબખ્ત, કેવી જગ્યાએ આવી ચડ્યા છીએ!'

મનોમન બબડીને એ ઘડીક ઊભો રહ્યો. કાળાડિબાંગ અંધારામાં આંખો ફાડીને તેણે આગળ જતા ઓળાઓને જોયા કર્યા. ઘડીક આંખ મીંચી, છાતીમાં ઊંડો શ્વાસ ભર્યો અને પછી સરુની ધારની પરવા કર્યા વિના કમરમાંથી સહેજ ઝૂકીને દોટ મૂકી દીધી.

હવે એ મરણિયો બન્યો હતો, પણ પ્રોફેસરની હાલત વધારે ખરાબ હતી.

માથામાં ભોંકાતાં પાનથી બચવા તેમણે માથા પર પટકો બાંધી લીધો હતો, પણ આંખના ખૂણે, ગાલ પર, હડપચી પર પડેલા ઉઝરડામાંથી લોહીની ટશરો ફૂટવા માંડી હતી. દિવસભર પહાડોની ચટ્ટાનો ચડીને થાકેલા પગને આરામ મળે એ પહેલાં તો આ દડમજલ આવી પડી હતી એટલે પગમાં બાઝેલા ગોટલા શી વાતે ય પગને ઊંચકવા દેતા ન હતા.

છપ્પને સડસડાટ દોડીને ઢાળ ચડી નાંખ્યો એ જોઈને ઉજમ બહાદુર ઊભો રહી ગયો અને પાછળ ફરીને અંધારામાં આંખો તાણીને તેણે જોયું. પ્રોફેસર ક્યાંય દેખાતા ન હતા.

એ જ વખતે એક વેલામાં પગ અટવાવાથી પ્રોફેસર નીચે પટકાયા. તેમને લપસી પડતા જોઈને ઉજમ નીચે ઊતર્યો. આખા શરીરે બાઝેલો ભીનો, ચીકણો કાદવ અને ચહેરા પર સંકોચવશ માયૂસી...

'ઈટ્સ ડિફિકલ્ટ... પણ તું ચિંતા ન કર..' હાંફતી છાતીએ બોલી રહેલા પ્રોફેસરે તેને ઈશારાથી સમજાવ્યું, 'હું ધીમે ધીમે આવું છું.'

વફાદાર ઉજમે પ્રોફેસરની મુશ્કેલી પારખીને ખભા પરથી માલ-સામાન લાદેલો કોથળો ઉતાર્યો અને તેને પગ પાસે મૂકી ગળા અને કમર ફરતો જાડો પટકો બાંધ્યો અને પ્રોફેસરને પોતાની પીઠ પર સવાર થઈ જવા કહ્યું.

'અરે, ના... આમ તો..' પ્રોફેસરને સહજ સંકોચ થતો હતો. ઉજમનો પરિવાર ત્રણ પેઢીથી રાય ખાનદાનની સેવામાં જોડાયેલો હતો. સ્વયં ઉજમ પણ કોઈ જ મોટી અપેક્ષા વગર આ સંબંધ નિભાવી રહ્યો હતો. પ્રોફેસરનો સંકોચ પારખીને ઉજમ સહેજ નીચો ઝૂક્યો. પ્રોફેસર ના.. ના કરતા રહ્યા એટલી વારમાં તો ઉજમે તેમને પીઠ પર બાંધેલા ગાળિયામાં જકડીને ઊંચકી લીધા હતા અને સરુનાં પાનથી બચવા સામાનનો કોથળો ચહેરા આડો ધરીને દોટ મૂકી દીધી હતી.

લગભગ વીસેક મિનિટની એ દડમજલ પછી નીચે બખોલમાં થયેલો પહેલો ધડાકો સંભળાયો હતો.

આગળ જતા લુંગીધારીઓ ઘડીક અટક્યા. સાવ દબાયેલો એક સિસકારો થયો અને ફરી એ સૌએ આગેકૂચ માંડી દીધી.

પહાડની ટોચ નજીકના પોલાણ તરફ ખૂલતી બખોલ વાટે તેઓ જંગલમાં પ્રવેશ્યા હતા. ક્યાંક સમથળ, ક્યાંક ચઢાણ અને પછી ઊંડી ખાઈ ઓળંગીને તેમણે બ્રહ્મપુત્રના સામેના કાંઠા તરફ પહોંચવાનું હતું. બખોલમાં ચાલતી લડાઈ વહેલી તકે આટોપીને કેસી સહિતનો આખો કાફલો આ જ રસ્તે નદીકાંઠે આવે ત્યાં સુધીમાં છટકી જવાની પેરવી તેમણે આદરી દેવાની હતી.

જેમના ખભે માલસામાન નહોતો લદાયો એવા આદમીઓ રસ્તામાં જ્યાં અનુકૂળ ઝાડ જણાય ત્યાં ધારદાર કુહાડા ચલાવીને ખપપુરતાં લાકડાં કાપતા જતા હતા. કાંઠે પહોંચીને તરાપો બનાવવાની એ આગોતરી તૈયારી હતી. ખભા પર વજન હોય કે પીઠ સાથે રસ્સીથી બાંધેલું વજનદાર થડ ખેંચાતું હોય... જરાક સરખા અજવાસ કે એક અક્ષરની સૂચના વગર પોતપોતાનું કામ કર્યે જતા મુક્તિવાહિનીના આ ગેરિલાઓની શિસ્ત દંગ કરી દે તેવી હતી.

પહેલો ધડાકો સંભળાયા પછી નીચે બખોલમાં બરાબર ધમસાણ મચ્યું હતું. પિસ્તોલના એકધારા શોટ્સ પછી શરૂ થયેલી મશીનગનની કારમી ધણધણાટી જંગલની અંધારઘેરી ભયાવહતાને વધુ બિહામણી બનાવતી હતી.

સૌના પગ આગળની તરફ ગતિ કરતા હતા, પણ મન પાછળથી આવતાં અવાજોમાં અટવાયું હતું.

*** *** ***

'એટલે?' ઉશ્કેરાટ અને પારાવાર ગુસ્સાથી તેની સામે જોઈ રહેલા ત્વરિતને રાઘવે પૂછી લીધું.

'એટલે શું, માય ફૂટ...' ત્વરિતને એટલો રોષ ચડતો હતો કે તે રાઘવને એક અડબોથ ઠોકી દેવા બે ડગલાં આગળ ધસી પણ આવ્યો, પરંતુ આ યોગ્ય સમય ન હતો. અત્યારે તો આગળ ભાગવાનું હતું અને અહીંથી છટકવાનું હતું. તેણે મજબૂતીથી રાઘવનું બાવડું ઝાલ્યું અને રીતસર તેને આગળના ચઢાણ તરફ ખેંચ્યો.

તેને માનવામાં નહોતું આવતું કે રાઘવે અહીં આવતાં પહેલાં આ આખાય આયોજન વિશે કોઈને કહ્યું હોય... કોને કહ્યું હશે તેણે? કોણ હશે આ લોકો? પોલીસ કે ઈન્ડિયન આર્મી?

મનમાં ઊઠતાં સવાલોથી ધૂંધવાઈને હવે તેને પોતાને જ રાઘવની પૂછપરછ કરવાની ખણ ઉપડતી હતી.

રાઘવ તેને ગમતો હતો. દોસ્તી કરવાનું મન થાય એવો લાગતો હતો. પોલીસ અફસર તરીકે એ કેટલો દૃઢ અને ભેજાંબાજ હતો એ ત્વરિતે તેના પહેલાં ઈન્ટ્રોગેશન વખતે જ અનુભવી લીધું હતું. અહીં અનુભવેલી આદમી તરીકેની તેની સાલસતા અને સહજતા ય તેને સ્પર્શી રહ્યા હતા.

હવે એ જ રાઘવ...

હિરન કે કેસીને ખબર પડશે એટલે રાઘવની શું વલે થશે તેની કલ્પનામાત્રથી તે થથરી ગયો. શક્ય છે કે હજુ ય કંઈક તક હોય... તે અટક્યો અને પાછળ દોરાયેલા આવતા રાઘવને તાકી રહ્યો.

'યાર, મને સાચે ય માનવામાં નથી આવતું...' તાજુબી અને આઘાતના મિશ્રભાવે રાઘવની આંખમાં આંખ પરોવીને તેણે પૂછ્યું, 'સાચે જ તેં ગદ્દારી કરી છે?'

'ગદ્દારી?' હવે રાઘવ પણ ઉશ્કેરાયો, 'કોની ગદ્દારી? એ લોકોની, જે આટલું ખતરનાક કાવતરું કરે છે? એ લોકોની, જે હજારો વર્ષનો દેશનો વારસો કબજે કરવા આટલા ક્રાઈમ કરી ચૂક્યા છે?'

'બેવકૂફ છે તું...' ઉશ્કેરાટભેર સહેજ ઊંચકાઈ ગયેલો ત્વરિતનો અવાજ જંગલના ભેંકાર સન્નાટા વચ્ચે પડઘાઈ રહ્યો, 'આઈ સેઈડ યુ આર અ ટિપિકલ ખાખી... તું ધારે છે એવું કશું જ નથી. સમજ યાર, હિરને એ વખતે ફક્ત અને ફક્ત તને સાથે લેવા માટે જ પોતે કશોક ગંભીર ક્રાઈમ કરી રહી હોવાની ગંધ આપી હતી. એ વખતે હું ય તેની વાતમાં લપેટાઈને ઉગ્ર વિરોધ કરી રહ્યો હતો, પણ પછી તેણે જ મને સાચી વાત કહી હતી..'

'ક્યારે?'

'વારંગલથી આપણે નીકળ્યા ત્યારે... એ રાતે બંગલાની બહાર પરસાળમાં મને બેસાડીને તેણે વાત કરી હતી. તિબેટથી ધારેલી વિદ્યાઓ મેળવી શકાય એ પછી તે માઈન્ડ કમ્યુનિકેશનની પ્રાચીન વિદ્યાનો આવો ઉપયોગ કરવા ધારે છે એ મને ય આઘાતજનક લાગતું હતું. મેં એ વખતે ય તેનો વિરોધ કર્યો. ત્યારે તેણે મને કહ્યું હતું કે ઈટ વોઝ ઓલ અ ટ્રેપ.. એ તને કોઈ પણ રીતે જવા દેવા માંગતી ન હતી.'

'એવું ય પોસિબલ છે ને કે તને આવું કહ્યું એ પણ એક ટ્રેપ જ હોય..'

રાઘવના સવાલની અણી પારખીને ત્વરિત ઘડીક નિરુત્તર થઈ ગયો.

'યા તો તું ટ્રેપમાં છે અથવા તો હું...' નીચેથી આવી રહેલા આદમીઓની ચહલપહલ પારખીને ત્વરિતે ફરી તેને ઉપર ખેંચ્યો, પણ રાઘવે બોલવાનું ચાલુ રાખ્યું, 'બેય હાલતમાં તેમણે ગુનો તો

કર્યો જ છે. આટઆટલી પુરાતન અને હજારો વર્ષથી એક જગ્યાએ સ્થાપિત થયેલી મૂર્તિઓ તેમણે ઉઠાવી છે એ કંઈ નાનોસૂનો અપરાધ છે?'

'જ્યારે ગન તેના હાથમાં હતી ત્યારે તેણે તને જવા દીધો એ નાનોસૂનો ભરોસો છે? બિકાનેરના ખેતરમાં જ તું ભીંસાઈ ગયો હતો. તેણે ધાર્યું હોત તો ત્યાં જ તને અને તારા પેલા પઠ્ઠાને ઢાળી દીધો હોત.'

'નો વે... એવું થયું હોત તો બીએસએફ તેમનો કેડો છોડ્યો ન હોત. હિરન એ સમજતી જ હોય.'

'ઓકે... પણ એ પછી તેં પોતે બિકાનેર છોડતી વખતે બીએસએફને ઓલ વેલનો સંકેત આપીને ઈન્વેસ્ટિગેશન કમ્પ્લિટ કરી નાંખ્યું હતું. એ પછી વારંગલમાં તો બીએસએફ ન હતી ને? ત્યાં તું સંમત ન થયો એ પછી તેણે તારો કાંટો કાઢી નાંખ્યો હોત અને તારી લાશની ય કોઈને ખબર પડી ન હોત. એવું કશું જ કરવાને બદલે એ દરેક વખતે તેણે તને સંમત કરવા કોશિશ કરી, એ નાનીસૂની ઉદારતા છે?'

રાઘવ ઘડીભર તેની સામે જોઈ રહ્યો.

'આઈ એમ ડેમ્ન સ્યોર...' ત્વરિતે ફરીથી આવેશભેર તેનો ખભો ભીંસી દીધો, 'હિરન ઓર પ્રોફેસર... મૂર્તિઓ ઉઠાવીને તેમણે જરૂર ગુનો કર્યો છે, બટ ધે આર નોટ હાર્ડકોર ક્રિમિનલ. તેં બહુ જ મોટી ગલતી કરી નાંખી છે. હવે એટલિસ્ટ મને કહી દે, આ લોકો કોણ છે? અહીં સુધી કેવી રીતે પહોંચી ગયા? તારો હવેનો પ્લાન શું છે?'

રાઘવ શૂન્યમનસ્કપણે તેની સામે જોઈ રહ્યો. તેની આંખોમાં અકથ્ય ભાવ હતા. આકાશમાં ઘેરાયેલાં વાદળોના ઘટાટોપ વચ્ચેથી ઘનઘોર અંધારું જંગલની છાતી માથે ભીંસાતું હતું અને અહીં નીચે ઊતરતી ખાઈના વળાંક પર ત્વરિતે વરસાવેલી સવાલોની ઝડીએ રાઘવને અવાક કરી દીધો હતો.

તેની પાસે ય અડધો જ જવાબ હતો.કેટલાંક સવાલ તો તેને પોતાને ય થતા હતા.

*** *** ***

જબલપુર પહોંચતા સુધીમાં આખા રસ્તે તેણે જાતજાતની વાતો કરીને હિરનને પલોટવાની, તેનો વિશ્વાસ જીતવાની કોશિશ કરી હતી પણ એ સાલી સહેજેય મચક આપતી ન હતી.

'અહીં હવે તારે મને એકલો છોડવો પડશે...' જબલપુર કેન્ટ રોડ તરફ એનફિલ્ડ વાળવાનું કહીને તેણે ઉમેર્યું એ સાથે હિરને ડોકું ધુણાવી દીધું હતું.

'નો વે...' તેણે જરા ય દાદ આપ્યા વિના ચોખ્ખું જ સંભળાવી દીધું હતું, 'આઈ કાન્ટ ટ્રસ્ટ યુ. બાથરુમ-ટોઈલેટ જવા સિવાય ક્યાંય તું એકલો જવાનો નથી.'

અને સાચે જ દરેક જગ્યાએ એ રાઘવનો પડછાયો બની રહી. હેડ ક્વાર્ટરમાં જઈને તેણે બિકાનેર સુધીના ઈન્વેસ્ટિગેશનનો રિપોર્ટ લખ્યો એ પણ તેણે જોયો. અનફિટ હોવાના મેડિકલ સર્ટિફિકેટ માટે ડોક્ટરને ત્યાં ય એ સાથે જ આવી. પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ સાથેની મુલાકાતમાં ય તમામ મેનર્સની ઐસીતૈસી કરીને તે સાથે જ અંદર આવી ગઈ હતી.

સુપરિન્ટેન્ડેન્ટે જ્યારે સહજ સવાલભરી નજરે તેની સામે જોયું ત્યારે રાઘવ જરાક થોથવાયો હતો. એ વખતે હિરને ઘડીક શરમાવાનો ડોળ કરીને નજાકતભર્યા અવાજે કહી દીધું હતું, 'આઈ એમ હિઝ ફિયાન્સી...'!!

એ વખતે સુપરિન્ટેન્ડેન્ટની સાથે રાઘવ પણ ચોંકી ગયો હતો.

'ઓહ! કમ ઓન માહિયા, તમે મને કહ્યું પણ નહીં??' એવો એસપીએ ઠપકો આપ્યો ત્યારે ય રાઘવને બદલે એ જ બોલતી રહી હતી. હું અમેરિકામાં બાયોટેક્નોલોજી ભણી છું. મારું ફેમિલી જયપુરમાં છે. દેશમાં છોકરા જોવા આવી અને રાઘવ પહેલી જ નજરે ગમી ગયો. આવી આબાદ સ્ટોરી કહીને તેણે એસપી સાહેબને બરાબર ભરમાવ્યા હતા.

રાઘવને જરાક સરખી ય તક મળતી ન હતી. સાલી, સાચે જ એક કાચી સેકન્ડ માટે ય તેનો કેડો છોડતી ન હતી... મનોમન તે ધૂંધવાતો જતો હતો.

લિવ રિપોર્ટ અપ્રુવ કરાવ્યા પછી વેપન જમા કરાવતી વખતે તેણે ટોઈલેટ બ્લોક્સ તરફ ઈશારો કરીને હળવેથી હિરનના કાનમાં કહ્યું હતું, 'આઈ નીડ ટુ આન્સર નેચર કોલ...'

પ્રેમાતુર ફિયાન્સીની માફક રાઘવના કોલર સરખા કરવાની ચેષ્ટા કરતાં તેણે એવી જ મીઠી નજરે આંખમાં આંખ પરોવીને ધીમા અવાજે કહી દીધું હતું, 'નો સ્માર્ટનેસ. એક કલાક રાહ જોઈશ તો કંઈ મરી નહીં જાય...'

ક્યાંય શી વાતે ય મેળ આવ્યો જ નહીં ત્યારે છેવટે તેણે જોખમ ઉઠાવ્યું.

રેકોર્ડ ઓફિસર શહાણેની સાથે તેણે જ હિરનની ઓળખાણ પોતાની ફિયાન્સી તરીકે કરાવી દીધી. હિરનના ઠાઠમાઠથી અંજાયેલા શહાણેએ સરભરા માટે સોફ્ટ ડ્રિન્ક ઓર્ડર કર્યું ત્યારે ફરીથી તેણે હિરનની સામે ટચલી આંગળી ધરીને મોં કટાણું કર્યું. એ કહેવા માંગતો હતો કે તું બાથરૂમ જવા દેતી નથી અને આ સાલો સોફ્ટ ડ્રિન્ક પીવડાવે છે.

પોતાના ચાર્જના વેપન રૂમ તેમજ એમ્યુનિશનની વિગતો ટાઈપ કરવા માટે તે ઊભો થયો, પણ શહાણે સાલો આજે એટલો બધો ઉત્સાહી અને મદદગાર સાબિત થતો હતો કે તેણે પોતાનું જ લેપટોપ રાઘવ બેઠો હતો એ તરફ ખસેડી નાંખ્યું.

રાઘવના મનમાંથી ગાળોની બૌછાર નીકળી ગઈ. આ છેલ્લી તક હતી.

લેપટોપમાં વર્ડ ફાઈલ ખોલીને તે પોતાના ચાર્જની વિગતો ટાઈપ કરવા માંડ્યો. હિરને ઉત્સાહી શહાણેની વાતોમાં રસ લેવાનો ડોળ કરીને રાઘવ શું ટાઈપ કરે છે એ જોઈ લીધું હતું.

શરૂઆતમાં તેણે ટિપિકલ સરકારી ભાષામાં ખરેખર રિપોર્ટ જ લખ્યો, પણ હિરન જરાક બેધ્યાન બની એટલી વારમાં ધડકતા હૈયે ઓફિશિયલ રિપોર્ટના સત્તાવાર ભાષાનાં વાક્યો વચ્ચે જ લખવા માંડ્યું,

'હું એક બહુ મોટા સ્કેન્ડલનો પીછો કરી રહ્યો છું. સેઈડ વેપન્સ આર વેલ ઈક્વિપ્ડ એન્ડ.. અત્યારે બૂરી રીતે ફસાયેલો છું. અહીંથી હું ક્યાં જઈશ મને કશી જ ખબર નથી. ઓલ ધ પિરિયોડિક મેઈન્ટેનન્સ હેઝ બીન ડન એઝ પર માય નોલેજ. શક્ય હશે ત્યાં સુધી હું કમ્યુનિકેશન રાખીશ. મારું કમ્યુનિકેશન બંધ થાય તેના 48 કલાક પછી જ તમે મારી તલાશ શરૂ કરશો. એમ્યુનિશન સ્ટોક યેટ ટુ બી ચેક્ડ બટ ઈટ ઈઝ અન્ડર કેરફૂલ ઓબ્ઝર્વેશન. હું મારું યુરિન સેમ્પલ ટોઈલેટ બ્લોકની છાજલી પર બોટલમાં મૂકતો જાઉં છું. સ્નિફર ડોગ્ઝને દોરવણી આપવાનો એ એકમાત્ર રસ્તો છે. બી કેરફુલ, મારો જીવ જોખમમાં હશે એ ન ભૂલશો.'

બાજુમાં બેઠેલી હિરન પોતાના દિમાગને વાંચી શકે છે. જરાક આંખ ફેરવીને ટાઈપ થઈ રહેલાં વાક્યો જો ધ્યાનથી જોશે તો ય પોતાની ચાલાકી પકડાઈ શકે છે તેના ભયથી ટાઈપ કરી રહેલી તેની આંગળીઓ રીતસર થથરતી હતી.

વારંગલમાં દૂબળીએ છેલ્લી મૂર્તિનો ભેદ ખોલ્યો એ રાતે જ તેણે નોંધ્યું હતું કે બાપ-દીકરી બંને

સામેની વ્યક્તિની આંખમાં આંખ પરોવીને ધ્યાનથી નિહાળે ત્યારે વિચારો વાંચવાનું તેમના માટે આસાન બનતું હતું. મતલબ કે, નજર ઝુકાવી દઈએ કે મોં ફેરવી નાંખીએ તો કદાચ બચી શકાય તેમ હતું.

વળી, જાતજાતના અસંબદ્ધ વિચારો પરાણે મગજમાં લાવીને મૂળ વિચારને જો દબાવી દેવાય તો પણ કદાચ એ બંને ગોટે ચડી જતા હતા એવું તેણે ત્યારે જ નોંધી લીધું હતું. ખુદ દૂબળીએ કહ્યું હતું કે મન વાંચવાની વિધાના આરંભિક તબક્કા જેટલી જ તેમને જાણકારી હતી.

શહાણે સતત હિરનને અમેરિકા વિશે, હોલિવૂડ વિશે પૂછી રહ્યો હતો. પોલીસ અફસરને પરણીને પછી તે કેટલી ત્રાસી જશે તેની આગાહી ય પોતાની પત્નીની ફરિયાદો ટાંકીને કહેતો જતો હતો. કંટાળેલી હિરન ટૂંકમાં જવાબ આપી રહી હતી.

ટેબલની નીચે શહાણેને ન દેખાય તેમ ફરીથી તેણે હિરનનો ઢીંચણ દબાવીને ટચલી આંગળી દબાવી. જવાબમાં હિરને સમૂળી આંગળી જ મરડી નાંખી ત્યારે માંડ તેણે ચહેરાના ભાવ પર કાબૂ રાખ્યો.

પછી શહાણેની સામે સ્મિત વેરી બિન્ધાસ્ત દેખાવાનો ડોળ કરીને બે કોપીમાં રિપોર્ટના પ્રિન્ટઆઉટ કાઢ્યા. સહજતાથી ફેરવતો હોય તેમ પહેલાં કાગળ પર નજર નાંખીને એ કાગળ ફેરવી નાંખ્યો અને પછી બીજો કાગળ હિરનની બાજુમાં જ ધરીને આંગળી વડે મુદ્દાઓ પર ‘ટક્..ટક્’ કર્યું પછી નીચે સહી કરી નાંખી. એક કોપી તેણે શહાણેને આપી અને શહાણે પાસેથી કવર લઈને બીજી કોપી તેમાં નાંખીને ઉપર એડ્રેસ લખતાં હળવેથી કહી દીધું, ‘ઈટ્સ ફોર કમિશનરેટ ઓફિસ...’

શહાણેના ટેબલ પરથી બોટલ ઊઠાવીને તેણે થેંક્સ કહ્યું અને ત્વરાથી ઊભો થયો.

હિરનથી અંજાયેલો શહાણે છેક દરવાજા સુધી મૂકવાય આવ્યો અને ‘રોકાયા હોત તો સાંજે તમને ટ્રીટ આપવી મને ગમી હોત...’ એવું ઈજન પણ આપતો રહ્યો.

બહાર નીકળીને લાઉન્જમાં સલામી આપી રહેલા કોન્સ્ટેબલને તેણે રોક્યો. આ ખરાખરીની ક્ષણ હતી. હાથમાંનું ખાખી કવર તેણે કોન્સ્ટેબલને થમાવ્યું અને કડક અવાજે સૂચના આપી, ‘ચાર્જ હેન્ડઓવર કરવાનો મારો રિપોર્ટ છે. એડિશનલ કમિશનરને પહોંચાડવાનો છે. રૂબરૂ જ આપી આવજે અને કહેજે કે મારી મંગેતર જોડે હતી એટલે મળવા આવી શક્યો નથી.’

એ વખતે હિરને ફરીથી ઝીણવટપૂર્વક કવર પર લખાયેલું નામ જોયું પણ ખરું...

એડિશનલ કમિશનર કચેરી, ઝંડા ચોક, જબલપુર.

રિપોર્ટ પર તેણે અછડતી નજર ફેરવી હતી. કવર પરનું સરનામું જોઈને ય તેને લાગ્યું કે પોલીસ કમિશનરની જ આ બીજી કોઈક ઓફિસ હોવી જોઈએ. ખરેખર એ જ રાઘવની ચબરાકી હતી.

એડિશનલ કમિશનર એ મ્યુનિસિપલ કોર્પોરેશનનો ય હોદ્દો હોય અને એ હોદ્દા પર હતી બિરવા અસનાની.

હવે ખરાખરીની બીજી ક્ષણનો સામનો કરવાનો હતો. બહાર નીકળતી વખતે તેણે ફરીથી હિરનને કહ્યું, ‘યાર, મને સિવિયર પ્રેશર છે. મારે બાથરૂમ જવું જ પડશે. હજુ સાઈન કરવામાં, ફોરવર્ડિંગ લેટર અને એપ્રુવલ લેવામાં બીજી અડધી કલાક થશે.’

‘નોટ એટ ઓલ...’ તેમને જોઈ રહેલા પોલીસ કોન્સ્ટેબલ્સ તરફ ત્રાંસી આંખે જોઈને હિરને મારકણું સ્મિત વેરીને જવાબ વાળી દીધો.

રાઘવ સતત જીદ કરતો રહ્યો. બંને લાઉન્જ વટ્યા તેની સામે પગથિયાંની પાસે જ કોન્સ્ટેબલ્સ તેમજ બીજા મુલાકાતીઓ માટેનાં ટોઈલેટ્સ હતાં. રાઘવે એ તરફ જોયું. એ છેલ્લી તક હતી, જો એ ચૂકી ગયા તો ગયા કામથી.

તેણે ફટાફટ ખિસ્સામાંથી પર્સ કાઢ્યું. ઓફિસમાંથી, ડોક્ટર પાસેથી મેળવેલા કાગળિયાય કાઢ્યા. બેય ખિસ્સાં બહાર કાઢીને હિરનને બતાવ્યાં અને બધું તેના હાથમાં થમાવીને ટોઈલેટ્સ બ્લોક તરફ જતાં જતાં કહી દીધું, 'મારાથી હવે નહીં જ રહેવાય. આટલી બધી શંકા હોય તો બરાબર નજર રાખજે. તારી સામે જ કામ પતાવી દઉં છું. ભલે આ લોકો મારા પર હસતા...'

કોન્સ્ટેબલ્સ, ત્યાં આવ-જા કરી રહેલા ફરિયાદીઓ, આરોપીઓ સૌ કોઈ પારાવાર તાજુબીથી આ ટોચના પોલીસ અમલદારને પબ્લિક ટોઈલેટમાં બારણું ખુલ્લું રાખીને પેશાબ કરતો જોઈ રહ્યા હતા, પણ હિરન એ કોઈની નજરની પરવા કર્યા વગર તેનાથી પાંચ-સાત ફૂટ દૂર ઊભી રહીને નજર રાખી રહી. હિરનને બરાબર દેખાય તેમ પીઠ ફેરવીને ઊભા રહીને હાથમાંની બોટલમાં હતું એટલું પાણી તે ગટગટાવી ગયો અને પછી સહેજ આડા ફરીને તેણે બોટલમાં જ પેશાબ કરી દીધો.

વચ્ચે વચ્ચે પોતાની આવી હાલત કરવાની નારાજગી સૂચવવા હિરન તરફ અછડતું જોઈને ગરદન પણ ધુણાવ્યા કરી. કામ પતાવીને બોટલ ફેંકવા આમતેમ ડાફોળિયાં મારતો હોય તેમ ડસ્ટબિન શોધી પછી ઉપર માળિયામાં બોટલ ફગાવીને એ હિરન તરફ ફર્યો ત્યારે તેનું હૈયું પૂરપાટ ભાગતા એનફિલ્ડ બુલેટની માફક ધડબડાટી કરી રહ્યું હતું...

ધક્..ધક્..ધક્..ધક્..ધક્..

*** *** ***

રાઘવનો પ્લાન આબાદ હતો.

તેનો મોબાઈલ તો ક્યારનો ય જપ્ત થઈ ગયો હતો, પણ રાંચી પહોંચીને તેણે ત્વરિતનો મોબાઈલ લીધો અને સુપરિન્ટેન્ડેન્ટને પહેલો મેસેજ કર્યો. કોલકાતા પહોંચ્યા ત્યારે છપ્પનના મોબાઈલથી બીજો મેસેજ પણ એ રીતે કર્યો. ગૌહાતીથી, જોરહટ સુધી એ આ રીતે મેસેજ કરી શક્યો, પણ પછી સૌ કોઈના મોબાઈલની બેટરી ઊતરી રહી હતી. વળી, હિરન પણ સતત માથે જ હતી.

તિબેટ જવા માટે હિરન શું તરકીબ અજમાવે છે એ જાણ્યા પછી જ બધા પકડાય એવો તેનો વ્યૂહ હતો. પોતે બોમ્ડિ-લા તરફ જાય છે એવો છેલ્લો મેસેજ કર્યા પછી હવે સ્નિફર ડોગને સાઈન આપતી રહેવી એ એકમાત્ર વિકલ્પ હતો.

તેને શોધવા અને આખીય ગેંગને એકસાથે રંગે હાથ ઝડપવા માટે કાફલો આવે ત્યારે સ્નિફર ડોગ પોતાના સુધી પહોંચે, કોઈ પણ રીતે પહોંચવા જોઈએ. તેણે પ્લાન વિચારી રાખ્યો હતો.

બોમ્ડિલાનો કાદવ ખૂંદવાનો શરૂ થયો એ પહેલાંથી તેણે ખાવાનું બંધ કરી દીધું હતું અને સતત પાણી પીવાનું રાખ્યું હતું.

આઈપીએસ અફસર તરીકેની તાલીમ દરમિયાન એ ફોરેન્સિક સાયન્સમાં ભણ્યો હતો કે, ભૂખ્યા પેટે કરેલા પેશાબમાં એસિટોનની માત્રા વધારે હોય, એથી ગંધની તીવ્રતા વધી જાય. જમીન પર કરેલા પેશાબની ગંધ સ્નિફર ડોગ ત્રણ કે ચાર દિવસ સુધી પારખી શકે, પરંતુ ઝાડના થડ પર થોડીક છાલ ખોતરીને કરાયેલા પેશાબની ગંધ તાલીમબદ્ધ કૂતરાંઓ મહિના પછી ય પારખી કાઢે. વળી, પોતે પેશાબ કરતો હોય એમાં કોઈને કશી શંકા પણ ન જાય.

ત્રણ રસ્તા ભેગા થતા હોય ત્યારે પોતે જે રસ્તે વળ્યો હોય એ વળાંક પર ઝાડના થડની છાલ થોડીક ખોતરીને તેના પર એ પેશાબ કરતો જતો હતો. નદીના કાંઠે હોડી પર સવાર થતા પહેલાં જ એ પેશાબની નિશાની છોડી આવ્યો હતો, પણ નદી પાર કરીને તે ક્યાં ગયો એ શોધવું બેહદ મુશ્કેલ બનવાનું હતું.

આમ છતાં હોડી જ્યાં લાગરી એ દરેક પડાવ પર તેણે નિશાનીઓ મૂકવાનું જારી રાખ્યું. કેસીની ગેંગ જે રીતે તેમને એક જગ્યાએથી બીજી જગ્યાએ ઘુમાવી રહી હતી અને એ જગ્યાઓ પણ એવી ભેંકાર, નિર્જન અને અવાવરું હતી એ જોયા પછી રાઘવને પોતાનો પ્લાન સરિયામ નિષ્ફળ જશે એવું લાગવા માંડ્યું હતું.

પણ એમ છતાં ય ખબર નહીં શી રીતે, કાફલો તેમના સુધી પહોંચી જ ગયો હતો.

*** *** ***

રાઘવ અને ત્વરિત ખાઈ શરૂ થતી હતી ત્યાં પહોંચ્યા હતા એ જ વખતે બખોલમાં છેલ્લો ગ્રેનેડ ઝીંકીને કેસી, તાન્શી અને હિરને જંગલ ભણી દોટ મૂકી હતી.

પ્રોફેસરને ઊંચકીને સડસડાટ આગળ ભાગી રહેલો ઉજમ કાંઠા સુધી પહોંચવા આવ્યો હતો. તેણે કાંઠા તરફ આગળ વધી રહેલા છપ્પનને અટકતો જોયો. છપ્પને તેની આગળના આદમીઓને અટકતા જોયા હતા. એ જ ઘડીએ કશોક ભેદી અવાજ પણ કાજળઘેરી હવામાં ઘૂમરાઈ વળ્યો.

- પણ એ અવાજનો સંકેત પારખીને સૌ સલામત આડશ શોધે એ પહેલાં તો મશીનગન ધણધણવા લાગી અને કશોક ચિત્કાર પણ હવામાં ફંગોળાયો હતો.

બખોલમાંથી સલામત નીકળ્યા પછી કાંઠે આવીને તેઓ ફરી ફસાયા હતા.

નિર્જન જંગલ વચ્ચે ગનનો ફાયર સાંભળીને ચોંકેલો કેસી ઘડીક ચોંક્યો. થંભ્યો. અવાજની દિશાનો ક્યાસ કાઢ્યો અને પછી સરુનાં ધારદાર પાનની પરવા કર્યા વગર તેણે કાંઠા તરફ દોટ મૂકી.

એ વખતે કાળાડિબાંગ, ભેંકાર આકાશમાંથી નિયતિ અટ્ટહાસ્ય કરી રહી હતી.

તાન્શી, હિરન અને કેસી...

લોહીના બુંદબુંદમાં લડાયક ખમીર ધરાવતા આ ત્રણેય જુવાનિયાના પગ તો કાંઠા તરફ દોડતા હતા, પણ તેમની નિયતિ તેમને જિંદગીના સૌથી વધુ મુશ્કેલ સમય તરફ ખેંચી રહી હતી.

*** *** ***

કાંઠા તરફથી ફાયર થયો એટલે કેસી ઘડીક ચોંક્યો હતો.

આવનારા લોકોએ અહીંની ભૂગોળને બરાબર સમજીને ઘેરો ઘાલ્યો હતો. બખોલનો છેડો પર્વતની ટોચે ખૂલે છે, ત્યાંથી અડાબીડ જંગલ વટાવીને બ્રહ્મપુત્રના બીજી દિશાના કાંઠા તરફ જઈ શકાય છે તેની પાકી માહિતી તેમની પાસે હતી. એટલે જ એક ટીમે બખોલમાં હુમલો કર્યો અને બીજી ટીમે જંગલ તરફના કાંઠાને દબાવી રાખ્યો હતો.

મતલબ કે, તેઓ સ્થાનિક હતા અથવા તો સ્થાનિક સ્તરેથી તેમને માર્ગદર્શન મળતું હતું. એકપણ સ્થાનિક અલગતાવાદી ગેંગ સાથે કેસીને દુશ્મની ન હતી.

તેમણે એલએમજી પ્રકારની ગન ચલાવી હતી. આવી ગન બોર્ડર ફોર્સ પાસે હોય, પણ બોર્ડર ફોર્સ સાથે તો પોતાને ઘરોબો હતો. એ લોકો કશું પૂછ્યા-કારવ્યા વિના કેસીના આદમીઓ પર સીધો હુમલો કદી ન કરે.

તો આ લોકો કોણ હતા? અહીં સુધી કેવી રીતે પહોંચ્યા હતા? પોતાનો કોઈ આદમી ફૂટે એવું આજ સુધી કદી બન્યું ન હતું. એનો અર્થ એ થયો કે આવનારા હિરનના કાફલાએ જ ગદ્દારી કરી હોય.

પરંતુ ખુદ હિરને પોતે કેટલું જોખમ ઉઠાવીને ફાયર કર્યું એ તો કેસીએ ય જોયું હતું. જો તેણે જ આ હુમલાખોરોને નોતર્યા હોય તો સ્વયં કેસીને અને તાન્શીને જ એ આબાદ નિશાન બનાવી શકે તેવી પોઝિશનમાં હતી. તેને બદલે તેણે પોતાનો જીવ જોખમમાં મૂકીને ફાયર કરવાનું ચાલુ રાખ્યું એટલે જ કેસી-તાન્શી ઓવારા સુધી જઈને પોતાના આદમીઓને બચાવી શક્યા.

હિરન તો હોઈ ન શકે.

તો પછી કોણ? કેમ? કેવી રીતે?

કાંઠા પર કેટલા આદમીઓ હતા તેનો અંદાજ ન હતો. બખોલમાં હુમલો લઈને આવેલા લોકો પીછો કરતા આવે તો તેઓ બે બાજુથી ભીંસાઈ જવાના હતા. આ બે સિવાય ત્રીજા કોઈ મોરચેથી પણ હુમલો આવી શકે કે કેમ એ ય ખબર ન હતી.

હવે કેસીના ગેરિલાઓ માટે બે જ વિકલ્પ બચતા હતા...

યા તો જંગલમાં આથડીને ભીંસાઈ મરવું અથવા તો કાંઠાનો રસ્તો દબાવીને બેઠેલા લોકો પર મરણિયો હુમલો કરીને એ છટકબારીએથી નાસી જવું.

ગૂંચવાયેલો કેસી ગણતરીની સેકન્ડ માટે થંભ્યો. એટલી જ વારમાં તેણે નિર્ણય લઈ લીધો. તાન્શી અને હિરન તેની લગોલગ આવી ગયા એટલે તેણે ગળામાંથી શિયાળવાની લારી જેવો

કારમો ચિત્કાર કાઢ્યો અને અંધારાની કે આરપાર વીંધી નાંખતાં સરુનાં પાનની પરવા કર્યા વિના પૂરપાટ ઝડપે કાંઠા ભણી ભાગ્યો.

કેસીએ કાઢેલો અવાજ પારખીને તાન્શીએ પણ હિરનને આગળની તરફ ખેંચીને એ દિશામાં દોટ મૂકી. તિતરબિતર થઈ ગયેલા તમામ લોકોને એક જગ્યાએ એકઠા થવાનો એ સંકેત હતો.

કાંઠા પર ગનના ધડાકા ચાલુ હતા. કાંઠા સુધી પહોંચવા આવેલા મુક્તિવાહિનીના બે લડાકુઓ ઢળી ચૂક્યા હતા. બાકીના લુંગીધારીઓ ગનનો જવાબ વાળવા પોઝિશન શોધે એ પહેલાં કેસીનો સંકેત હવામાં ઘૂમરાઈ ચૂક્યો હતો.

સામેથી ધણધણતી ગનનો જવાબ વાળવાને બદલે તેમણે પોતાના સાથીઓની ઢળી પડેલી લાશને ઉઠાવી લીધી અને પારોઠનાં પગલાં ભરવાં માંડ્યાં.

કાંઠા સાથે એકરૂપ થઈ જતી ખાઈનો ઢોળાવ શરૂ થતો હતો ત્યાં ઉજમ, પ્રોફેસર, છપ્પન અને મુક્તિવાહિનીના અન્ય આદમીઓ લપાયેલા હતા. કાંઠા પરથી ગોળીઓ છૂટ્યા પછી બીજો કોઈ સંચાર જણાતો ન હતો. બખોલની માફક અહીં પણ આગ ભડકાવવામાં આવે કે ગ્રેનેડ ફેંકવામાં આવે તેવી જુક્તિથી બચવા સૌ ખાઈના ઢોળાવની સમાંતરે સલામત અંતરે પોઝિશન લેવા લાગ્યા.

એ જ વખતે પહેલાં રાઘવ તેમજ ત્વરિત પહોંચ્યા અને તેમની બરાબર પાછળ ઝુઝાર પણ આવી ગયો. વિચિત્ર અવાજ તેમણે ય સાંભળ્યો હતો, પણ એ સંકેતનો અર્થ તેઓ તારવી શકે તેમ ન હતા. મેઘલી રાતના કાળાડિબાંગ અંધારામાં મુક્તિવાહિનીના ગેરિલાઓએ રાઘવ, ત્વરિત, ઝુઝાર, પ્રોફેસર અને ઉજમને બરાબર વચ્ચે રાખીને વર્તુળાકાર પોઝિશનમાં પીછેહઠ કરવા માંડી.

જંગલની ગીચોગીચ ઝાડીઓ વચ્ચેથી છલાંગભેર કૂદી આવેલા કેસીએ તેના આદમીઓ પાસેથી વિગતો મેળવી. પછી તેમની વચ્ચે કશીક સંતલસ થઈ અને અચાનક બે-ચાર આદમીઓ સામાનના કોથળા ફંફોસવા માંડ્યા. ઝુઝાર અને હિરન પણ તેમની મદદમાં જોતરાયા.

છપ્પન અને પ્રોફેસરને કાંઠાની ડાબા હાથની દિશાના ઢોળાવ તરફ લપકતા આદમીઓ ભણી ધકેલી દેવાયા હતા.

'યાર...' ત્વરિતે સાથેના ગેરિલાઓને ખ્યાલ ન આવે એ રીતે સાવ ધીમા અવાજે રાઘવને કહ્યું, 'હજુ ય તક છે... જો એ તારા આદમીઓ હોય તો પ્લિઝ, રોક એમને...'

'પણ કેવી રીતે?' રાઘવનો અવાજ ધીમો હતો, પણ તેમાં કશ્મકશ સ્પષ્ટ વર્તાતી હતી, 'આઈ એમ નોટ સ્યોર... કદાચ એ...' તેની જીભ થોથવાઈ રહી હતી, 'મારા માણસો હોય તો ય આટલા વહેલા આવી ચડે અને આટલી ભેંકાર જગ્યાએ આપણને શોધી કાઢે એ મને ય ગળે નથી ઊતરતું...'

તિબેટ જવા માટે હિરન પાસે શું પ્લાન છે તેનો રાઘવને છેક ગૌહાતી પહોંચ્યા ત્યાં સુધી કોઈ અંદાજ આવી શક્યો ન હતો. તેને એમ હતું કે હિરન ભલે તે પોતે, પ્રોફેસર અને ઉજમ એમ ત્રણ જ હોવાનું કહે, પણ આ આખાય ષડ્યંત્રમાં બીજા ય આદમીઓ હોવા જ જોઈએ. તિબેટ કંઈ એમ ને એમ સરહદ ઓળંગીને ન જઈ શકાય.

ગૌહાતી પછી તરત ક્યાંક આખીય ટીમ એકઠી થવાની હશે એવે વખતે જો પોતાના માણસો પહોંચે તો આખુંય કારસ્તાન પકડી શકાય. આવી ગણતરીથી રાઘવે પોતાનો છેલ્લો મેસેજ મળે તેના 48 કલાક પછી એક્શનમાં આવવાની સૂચના આપી હતી.

જબલપુર પોલીસ બોર્ડર ફોર્સને માહિતગાર કરે. બોર્ડર ફોર્સ ખરાઈ કર્યા પછી એક્શન સ્ટાર્ટ કરે. વળી, અહીં તેને લોકેટ કરવાનું એટલું આસાન પણ ન હતું.

પોતે બોમ્ડિ-લા સુધીના સંકેત આપ્યા હતા અને પછી પેશાબની ગંધનો સુરાગ મૂક્યો હતો, પરંતુ બ્રહ્મપુત્રમાં હોડીમાં બેઠા પછી તે બેય બાજુ પથરાયેલા ઘનઘોર જંગલમાં ક્યાં ગાયબ થયા એ શોધવું પારાવાર મુશ્કેલ, કહો કે, લગભગ અશક્ય જ હતું અથવા તો રાઘવને એવું લાગતું હતું.

તેને બદલે પાંચમા દિવસે તો આ લોકો આવી પણ પહોંચ્યા?

'બીલિવ મી...' ત્વરિતને હજુ ય સમજાતું ન હતું કે આટલા લોકોના જીવ પારાવાર જોખમમાં મૂકી દેનારી આ કટોકટીમાંથી હેમખેમ બહાર કેમ નીકળવું. તે રાઘવનો વિશ્વાસ જીતવાના પ્રયત્નો સતત ચાલુ રાખતો હતો, 'આમાં તું સંડોવાયેલો છે એવી જરાક સરખી ય ગંધ હું કોઈને નહીં આવવા દઉં. તારે પોતાને છટકી જવું હોય તો તેનો ય રસ્તો આપણે કાઢીશું બટ...' તેના અવાજમાં હવે ઢીલાશ હતી, 'આ અથડામણ રોકી દે, પ્લિઝ...'

જવાબમાં રાઘવ ક્યાંય સુધી નજર વડે ભોંય ખોતરતો રહ્યો. એક તરફ તેને પોતાને વામમાર્ગી મૂર્તિથી માંડીને માઈન્ડ કમ્યુનિકેશનની આ આખીય વાતમાં અપાર ઉત્સુકતા જાગી હતી. પ્રોફેસરે કરેલી તમામ દલીલો સાથે એ તાર્કિક રીતે સંમત થતો હતો. બીજી તરફ તેની ફરજ તેને રોકી રહી હતી. આવી કોઈ પ્રાચીન વિદ્યા હોય તો પણ એ રાષ્ટ્રની માલિકી છે. દેશને તેની જાણ કરવી જોઈએ અને તેના પર દેશનો જ અધિકાર હોવો જોઈએ. એ સિવાયના દરેક પ્રયાસ ક્રાઈમ છે એવું એ દૃઢતાપૂર્વક માનતો હતો.

'આર યુ સ્યોર...' તેણે અંધારામાં હાથ ફંફોસીને ભાવપૂર્વક ત્વરિતનો હાથ ભીંસ્યો, 'હિરને તને જે કહ્યું એ સાચું હશે?'

ત્વરિત થોડો તેની નજીક સરક્યો. અંધારામાં ય તેને જોવાનો પ્રયાસ કરતાં તેણે ધીમેથી જવાબ વાળ્યો, 'હિરનની મને ખબર નથી, પણ પ્રોફેસરની સંવેદનશીલતા પર મને ભરોસો છે.'

રાઘવના ડાબા હાથ પર પોતાનો હાથ મજબૂત રીતે પસવારીને ત્વરિત તેને વિશ્વાસ અપાવવા મથતો હતો. આકાશમાં ઘેરાયેલો મેઘ ટીપે ટીપે વરસવાનો ચાલુ થઈ રહ્યો હતો. ખાઈના ઉપરવાસમાં કેસીના આદમીઓની ચહલપહલ વધી હતી. કાંઠા તરફ હજુ ય ખાસ અણસાર ન હતો.

- અને એ વખતે રાઘવ પારાવાર કશ્મકશ વચ્ચે જમણા હાથના આંગળા વડે પોચી, ચીકણી ભોંય ખોતરી રહ્યો હતો. નિર્ણય લેવાની બેહદ નાજુક ધાર પર તે ઊભો રહી ગયો હતો... તદ્દન અડગ...

*** *** ***

બખોલમાં હુમલો લઈને આવેલા આદમીઓ પીઠ પાછળથી ધસી આવે અને પોતે બેય તરફથી ભીંસાઈ જાય એ પહેલાં જ કાંઠા પર મરણિયો હુમલો કરી નાંખવાનો કેસીએ નિર્ણય લઈ લીધો હતો.

કોથળામાંથી જાતજાતનો સામાન પાથરીને ત્રણ-ચાર આદમીઓ તાન્શી અને કેસીની સૂચના મુજબ કામે લાગી ગયા હતા. હિરન અને ઝુઝાર પણ નીચે ઝળુંબીને તાજુબીપૂર્વક આ નવતર ચીજને નિહાળી રહ્યાં હતાં.

હેવી મેટલના લગભગ પાંચ સેન્ટિમીટર વ્યાસના નળાકારને કાળજીપૂર્વક એકબીજા સાથે

જોડવામાં આવ્યા. એ રીતે લાંબા ભૂંગળા જેવી પાઈપ તૈયાર થઈ એટલે પાતળા, લાંબા ગેસ સિલિન્ડર સાથે તેને જોડવામાં આવ્યો. ગેસ સિલિન્ડર એક આદમીના હાથમાં રહે, પાઈપ બીજો આદમી ઉઠાવે. પાઈપના આગળના હિસ્સામાં લાંબા ફણાનો ક્લચ હતો. એ ટ્રિગરનું કામ કરે.

એસેમ્બ્લિંગ જોબ પત્યા પછી આખોય માંચડો તૈયાર થયો એ જોઈને હિરનના મોંમાંથી ડચકારો નીકળી ગયો. તેણે તાજુબીભેર ઘડીક તાન્શીની સામે તો ઘડીક કેસીની સામે જોયા કર્યું, પણ અત્યારે સવાલ જવાબ કરવાનો સમય ન હતો.

મુક્તિવાહિનીનું આ એવું બ્રહ્માસ્ત્ર હતું, જે કેસાંગ ત્સોરપેના ખામ્પા પૂર્વજોની દેણ ગણાતું હતું અને તદ્દન અનિવાર્ય સંજોગ હોય ત્યારે જ તેનો ઉપયોગ થતો હતો.

આજે... વેલ, એ અનિવાર્યતા કાંઠા સુધી આવી પહોંચી હતી.

*** *** ***

રાઘવે પેલા કોન્સ્ટેબલને કવર થમાવીને કહ્યું હતું, ‘એડિશનલ કમિશનર ઓફિસમાં રૂબરૂ જ આપી આવજે અને કહેજે કે મારી મંગેતર જોડે હતી એટલે મળવા આવી શક્યો નથી.’

રાઘવે જો એ ચાલાકી ન દાખવી હોત તો મધ્યપ્રદેશ પોલીસનો ભોજીયોભાઈ પણ રાઘવની શોધમાં અહીં સુધી લાંબો થયો ન હોત.

હિરનની મારકણી આંખો અને નશીલા સ્મિતને યાદ કરી રહેલા શહાણેએ તો ‘સાલો માહિયા ફાવી ગયો’ એવા ભાવ સાથે રિપોર્ટ વાંચવાની તસ્દી સુધ્ધાં લીધા વગર ફાઈલ કરી દીધો હતો અને ફાઈલ પર ઈનવર્ડ નંબર નોંધી સુપરિન્ટેન્ડેન્ટ ઓફિસમાં પહોંચાડી દીધી હતી.

એસપીને તો રાઘવે મળી જ લીધું હતું એટલે એસપી પણ ફાઈલ ચકાસવાની કે એક-એક લીટી વાંચવાની દરકાર કરવાના ન હતા. સરવાળે, સરકારી તુમારશાહીમાં ફાઈલોના ઢગલા વચ્ચે રાઘવે ઉઠાવેલા પારાવાર જોખમનો સંકેત ક્યાંય દબાઈ જવાનો હતો.

રાઘવને ય આવું થવાની શંકા હતી જ. એટલે જ તેણે એક કોપી બિરવા અસનાનીને મોકલી હતી. કેસના ઈન્વેસ્ટિગેશન માટે રાઘવે દિવસો સુધી બહાર જવાનું થાય, પરંતુ આવ્યા પછી ય એ બિરવાને ન મળે એટલે એ તેને અજુગતું તો લાગવાનું જ હોય.

એ દિવસે બિરવા ય ટૂર પર હતી. બીજા દિવસે તેના પીએ મારફત તેને જાણવા મળ્યું કે પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ ઓફિસમાંથી કોઈ કોન્સ્ટેબલ તેને કશુંક કવર આપવા આવ્યો હતો, પણ બિરવા હાજર ન હતી એટલે ‘રૂબરૂ જ આપવાનું છે’ એમ કહીને જતો રહ્યો હતો.

‘હમ્મ્મ્…’ બિરવાએ મનોમન કશોક વિચાર કરીને જવાબ વાળ્યો હતો, ‘બોલાવ તેને...’

સાંજે કોન્સ્ટેબલ આવ્યો અને બિરવાની ચેમ્બરમાં પ્રવેશીને અદબભેર ટેબલ પર કવર મૂક્યું, ‘એસીપી સા’બને ભેજા હૈ, આપ કે લિયે...’

‘એસીપી સાહબ ટૂર પર સે કબ આયે?’ રાઘવ આવીને તરત મળવાને બદલે, ફોન કરવાને બદલે આ કવર મોકલે તેનાથી બિરવા મનોમન ગિન્નાતી હતી, પણ કોન્સ્ટેબલની હાજરીમાં તેણે સંયમ રાખ્યો.

‘જી, કલ હી આયે ઔર લંબી છુટ્ટી પર નિકલ ગયે.’

‘ક્યા???’ બિરવાના ચહેરા પર આશ્ચર્ય અને આઘાતનો ધ્રાસકો વીંઝાઈ ગયો. ના, રાઘવે કે તેણે એકબીજાને કોઈ પ્રપોઝલ કરી ન હતી. બંનેને એકમેકની કંપની ગમતી હતી. બેયના મનમાં મનોમન સંબંધ હજુ ઘૂંટાઈ રહ્યો હતો, પણ તો ય રાઘવ આમ કશું જ કહ્યા વિના લાંબી

રજા પર જતો રહે...

'જી, સા'બ આપકો મિલને આનેવાલે થે પર ઉનકી મંગેતર સાથ મેં થી

તો...' એ પછી તેણે જે કંઈ કહ્યું એ બિરવાના લમણાંમાં પથ્થરની જેમ ઝીંકાતું રહ્યું.

ભલે બંને વચ્ચે કોઈ કમિટમેન્ટ ન હતું, પણ... સગાઈ કરે એ પહેલાં જાણ તો કરવી જોઈએ ને? શું બેય વચ્ચે એટલી ઘનિષ્ઠ દોસ્તી ન હતી? શું લાગણીની એટલી ઉત્કટતા ફક્ત બિરવાના પક્ષે જ હતી? રાઘવ પોલીસ અફસર તરીકે તેને સૌજન્યશીલ, શરમાળ અને સ્ટ્રેઈટ ફોરવર્ડ લાગ્યો હતો. તેને બદલે...

મનોમન બેહદ ધૂંધવાતી બિરવાએ જેમતેમ કરીને કોન્સ્ટેબલને રવાના કર્યો અને રાઘવે કવરમાં શું મોકલ્યું હશે તેની ઉત્સુકતા સાથે કવર ખોલ્યું.

સરકારી ભાષામાં વેપન, એમ્યુનિશન અને ચાર્જમાં આવતી બીજી ચીજવસ્તુઓની સોંપણીનો એ રિપોર્ટ હોવાનું સમજીને પહેલાં તો એ ગડમથલમાં મુકાઈ. આવો રિપોર્ટ પોતાને મોકલવાની શું જરૂર હોય?

ઘડીક તો તેણે રિપોર્ટનાં બેય પાનાં ત્રણ-ચાર વાર ઉથલાવ્યાં કર્યાં. હજુ ય તેના મનમાં 'રાઘવની મંગેતર' ધૂંધવાતી હતી. એ ધૂંધવાટ હેઠળ બીજા-ત્રીજા પેરેગ્રાફના ફૂદડીવાળા મુદ્દા પર તેની નજર ગઈ. તેણે ચોંકેલી આંખે વાંચવા માંડ્યું. પહેલા પાના પર સત્તાવાર રિપોર્ટની વચ્ચે લખાયેલાં સાત-આઠ વાક્યોમાં મેસેજ આપવાની રાઘવની તરકીબ પારખીને તેને કમકમાં આવી ગયાં. તેનું હૈયું ઉછળીને જાણે ગળા સુધી આવી રહ્યું હતું. ટેબલ પર પડેલો પાણીનો ગ્લાસ મોઢે માંડીને તેણે ઉશ્કેરાટભેર પર્સ ઉઠાવ્યું.

*** *** ***

'નો વે, મિસ અસનાની... તમે યાર..' વાત-વાતમાં યાર બોલવાની ટેવ ધરાવતા એસપી મિશ્રાને આ કામણગારી, યુવાન આઈએએસ ઓફિસર ગમતી હતી. ક્લબમાં ય તેને છાના ખૂણે જોઈ લેતા હતા. આજે એ ખુદ આવી ચડી એટલે મિશ્રાની મૂછ આપોઆપ તાવ દેવા લાગી હતી.

પણ બિરવાએ જ્યારે રાઘવનો રિપોર્ટ ધર્યો એ સાથે મિશ્રાના કાનમાં જાણે ધડાકો થઈ ગયો હોય તેમ તે ચોંકી ઊઠ્યા હતા. પોતાને જ ફાઈલ થયેલો આ સત્તાવાર રિપોર્ટ પોતે તો જોયો સુધ્ધાં ન હતો એ તેમની પહેલી ગફલત. બીજી ગફલત એ કે, રાઘવની સાથે આવેલી છોકરીએ તેને બાનમાં રાખ્યો હતો અને નજર સામેથી જ તે સરકી ગઈ અને હવે પોતાના એસીપીને શોધવાની જવાબદારી માથા પર ઘૂમરાતી હતી.

બિરવા જેવી આઈએએસ અફસર જો રિપોર્ટ ન લાવી હોત તો તો તેમણે ઠાગાઠૈયા કરીને હોમ મિનિસ્ટ્રી પર માહિયાનો કેસ ધકેલી દીધો હોત.

'તમે યાર... સમજો મેડમ...' તેણે સલૂકાઈભેર બિરવાની સમજાવટ આદરી હતી, 'એ લોકો કોણ છે આપણને ખબર નથી યાર. માહિયાએ કોઈ ઉલ્લેખ પણ કર્યો નથી. હા, તેણે સંપર્કમાં રહેવાનું કહ્યું છે. તેનો મેસેજ આવે તો ય આપણે વળતો સંપર્ક કરવાનો નથી. તેણે સ્પષ્ટ કહ્યું છે કે યાર, તેનો જીવ જોખમમાં છે...'

'પણ તેનો અર્થ એ નથી કે પહેલો મેસેજ ન આવે ત્યાં સુધી આપણે હાથ પર હાથ મૂકીને બેઠા રહીએ.' બિરવાને એસપીના એટિટ્યુડથી ભારે અકળામણ થતી હતી.

'યસ મિસ અસનાની..' રોષે ભરાયેલી બિરવાના ચહેરા પર તરી આવતી લાલીને મન ભરીને પી રહેલા એસપીએ એવો જ ઉડાઉ જવાબ આપી દીધો, 'ડેફિનિટલી વી વિલ ફોલો હિમ. યાર,

ડોન્ટ બોધર એટ ઓલ.. મિનવ્હાઈલ, ડોન્ટ ડિસ્ક્લોઝ ઈટ એનિવ્હેર, પ્લિઝ...'

એસપી ઓફિસમાંથી એ બહાર નીકળી ત્યારે તેનો ધૂંધવાટ ફાટાફાટ થવા લાગ્યો હતો. રાઘવ ભયાનક મોટું જોખમ ઉઠાવી રહ્યો હતો યા તો કોઈકના પ્રેશરમાં હતો.

તેણે નાછૂટકે દિલ્હી ફોન લગાવ્યો. તેના પિતા જી.ડી.અસનાની ફાયનાન્સ મિનિસ્ટ્રીમાં ડેપ્યુટી સેક્રેટરી હતા. હવે તેમની વગ વાપર્યા વગર છૂટકો ન હતો.

બીજે જ દિવસે ખુદ એસપી સામેથી બિરવાની ઓફિસે આવી ચડ્યા.

'તમે યાર... પહેલેથી કહેવું જોઈએને, યાર...'

મધ્યપ્રદેશ હોમ ડિપાર્ટમેન્ટે તાકીદ કરી એટલે મિલિટરી ઈન્ટેલિજન્સે કેસ સંભાળી લીધો હતો.

પહેલો મેસેજ આવ્યો પછી તેમાં ઝડપ આવી, પણ મોબાઈલ ક્યાંય એકધારો લોકેટ થતો ન હતો. ચાર દિવસના અંતરાલમાં મોબાઈલનાં લોકેશન અણધાર્યાં બદલાઈ જતાં હતાં. છેવટે જોરહટથી બોમ્ડિ-લા જતા છેલ્લો મેસેજ આવ્યો ત્યારે લોકેશન સ્પષ્ટ થયું. દેશના સૌથી વધુ માહેર સ્નિફર ડોગ્ઝ સાથે બોર્ડર સિક્યોરિટી ફોર્સના ચુનંદા જવાનોની ટીમ તવાંગ જવા નીકળી ત્યારે અંગત ભલામણના જોરે ભારે જીદ કરીને બિરવા ય તેમાં ચડી બેઠી હતી.

*** *** ***

ધુમાડાથી ગંધાતી બખોલના બંધિયારપણામાં શ્વાસ લેવાની પારાવાર તકલીફ હતી. સામેથી ગોળીઓની ધડબડાટી હજુ હમણાં જ અટકી હતી. ફૂટેલા ગ્રેનેડે બખોલના મૂળમાં ત્રણ-ચાર ઠેકાણે ભડકા કરી નાંખ્યા હતા અને જ્યાં-ત્યાં ઊગેલાં અગોચર ઝાડી-ઝાંખરાં સળગી ઊઠ્યાં હતાં.

કમાન્ડો યુનિટનો પહેલો જવાન આગળ જઈને ઓલવેલની ખાતરી કરી આવ્યો એ પછી તરત બિરવાએ ઓવારા તરફથી દોટ મૂકી હતી. જવાન તેને રોકે એ પહેલાં તો ધુમાડો ઓકતી બખોલમાં છેક સુધી ફરી વળીને તેણે બેબાકળા અવાજે બૂમો પાડી નાંખી હતી, 'રાઘવ... રાઘવ...'

તેને હજુ ય અકળામણ થતી હતી. હોડીઓમાં આવેલા લોકો પોતાની સહાય માટે આવ્યા છે એવી રાઘવને ખબર તો પડવી જોઈએ ને? તો જ એ પોતાની જે કંઈ હાલત હોય તેમાંથી છટકવાની પેરવી કરે, પણ કમાન્ડોનો ગેઇમ પ્લાન અલગ હતો. તેઓ રાઘવને છોડાવવા ઉપરાંત આખીય ગેંગને ઝબ્બે કરવાના મિશન માટે આવ્યા હતા. લોકલ જ્યોગ્રાફીનો બરાબર સ્ટડી કરીને ત્રીજી હોડી તેમણે જંગલ તરફ ખૂલતા કાંઠે રવાના કરી દીધી હતી, પણ અહીં બખોલમાંથી એ લોકો જે સિફતપૂર્વક છટકી શક્યા એથી કમાન્ડો યુનિટનો કેપ્ટન રેડ્ડી બરાબર ગિન્નાયો હતો.

એ લોકો પાસે ગન, ગ્રેનેડ હતા અને આબાદ નિશાન વીંધવાની હથોટી ય હતી. બિરવાને ફરી હોડીમાં ધકેલીને તેણે જંગલ વોરફેરમાં કેળવાયેલા તેના જવાનોને સરુના અડાબીડ અંધકાર વચ્ચે પ્રવેશવાનો હુકમ કર્યો.

*** *** ***

કેસીએ મનોમન સમયનો ક્યાસ કાઢ્યો. આટલી વારમાં કાંઠા પર તૈનાત થયેલા આદમીઓની ધીરજ ખૂટી હોવી જોઈએ. અથવા તો એવું ય બને કે પાછળથી આવતા લોકો તેમને ઈશારો કરે ત્યારે જ તેઓ હલ્લો કરવાની પેરવીમાં હોય. હજુ ય આકાશમાં કાળુંડિબાંગ અંધારું હતું. વરસાદનાં ફોરાં પડવા માંડ્યાં હતાં એથી કેસીના ચહેરા પર પારાવાર અકળામણ અને તણાવ

વચ્ચે ય થોડોક હાશકારો તરી આવ્યો. આજે... બસ, અત્યારે જ મુશળધાર વરસાદ ચાલુ થઈ જાય એટલે...

તે મનમાં કશુંક બબડ્યો. તાન્શીની સામે જોયું એટલે તાન્શીએ ય હકારમાં ડોકું ધુણાવ્યું. હિરન પણ કેસીના મનોભાવને પરખવા મથતી હતી. કેસીને હજુ ય હિરન પર ભરોસો પડતો ન હતો એટલે તેણે તેને કશું કહેવાનું ટાળ્યું અને પોતાના આદમીઓને ઈશારો કરી દીધો.

એક આદમીએ વજનદાર સિલિન્ડર ઉઠાવ્યું અને બીજા આદમીએ ત્રણેક ફૂટ લાંબો પાઈપ ઉઠાવ્યો. આ શું છે અને તેનાથી આ લોકો શું કરવા ધારે છે એ ઝુઝાર અને દૂર લપાયેલા રાઘવ, ત્વરિત પણ તાજુબીપૂર્વક જોઈ રહ્યા હતા.

કેસીનો પ્લાન સ્પષ્ટ હતો. હવે ગમે તેમ કરીને કાંઠા પર ઊભેલા આદમીઓને નશ્યત કરવા જ પડે. તો જ બ્રહ્મપુત્રનો કાંઠો વટીને ડેવિલ્સ રોક સુધી પહોંચી શકાય અને ડેવિલ્સ બેડ વટીને સીધા તિબેટની સરહદમાં... પછી આ પીછો કરનારા જખ મારે છે.

કેસીએ કશું જ બોલ્યા વગર હાથના ઈશારાથી ઓર્ડર આપ્યો એટલે બંને આદમી ખાઈ ઊતરવા લાગ્યા. દબાયેલા પગલે છેક કાંઠાની સાવ નજીક જઈને તેમણે અંધારામાં ફક્ત અટકળના આધારે જ પાઈપ તાક્યો. ગેસના સિલિન્ડરનો નોબ ઘુમાવ્યો અને ટ્રિગર પર આંગળી દાબી. ઘડીક તો વાવાઝોડા જેવો ભીષણ સુસવાટો હવામાં ગાજી રહ્યો અને પ્રચંડ ધડાકા સાથે ત્રણ-ચાર આદમી કારમી ચીસ નાંખીને ઉથલી પડ્યા. નદીના વહેણ વચ્ચે લાંગરેલી રબ્બરની મસમોટી ડિંગી ય હવામાં આઠ-દસ ફૂટ અધ્ધર ફંગોળાઈ ગઈ.

પહેલા ધડાકાની ગુંજ શમે એ પહેલાં તો એવો જ બીજો કારમો ધડાકોય થયો. કાંઠાની ભીની, લથબથ ભોંયના લોંદા ક્યાંય દૂર સુધી ઊડ્યા, વધુ કેટલીક કારમી ચીસો હવામાં ફંગોળાઈ.

બંને ધડાકા સાથે જ ખાઈ પરથી મુક્તિવાહિનીના ગેરિલાઓ એવી જ બિહામણી કિકિયારી કરતા નીચે ઊતરવા લાગ્યા અને દરેકે બંને હાથમાં ઝાલેલી પિસ્તોલ દિશાના કે ટાર્ગેટના કોઈ ભાનસાન વગર આંધળા ધડાકા કરવા લાગી હતી.

રાઘવ ભયાનક અસમંજસ સાથે કાંઠા પરની આ તબાહી જોઈ રહ્યો. ત્વરિતના કાનમાં ધડાકાના અવાજથી ધાક પડી ગઈ હતી. ઝુઝાર અને હિરન આ અનોખી ગનનું કારસ્તાન ભારે તાજુબીથી અનુભવી રહ્યાં.

આ તોપ પણ ન હતી, ગન પણ ન હતી. પિસ્તોલ ન હતી કે મોર્ટાર પણ નહીં.

ઉત્તર-પૂર્વ તિબેટના લડાયક ખામ્પાઓનું એ હથિયાર હતું. માતેલા બનેલા જંગલી આખલા કે બરફના પહાડોમાંથી ગામમાં આવી ચડતા માણસખાઉં રીંછનો શિકાર કરવા માટેની આ કેપ્ટિવ ગન મુક્તિવાહિનીનું લેથલ વેપન હતું.

હિરને આઘાત અને અચરજથી તાન્શીની સામે જોયું. તેણે ફક્ત હળવું સ્મિત વેરીને ખાઈ ઊતરવા ઈશારો કર્યો.

સપાટાભેર નીચે ઊતરેલા ગેરિલાઓ તરાપો બાંધી રહ્યા હતા એ જ વખતે કેપ્ટન ઉલ્હાસના આદમીઓએ ખાઈ ઊતરવા માંડી હતી.

કાંઠા પર થયેલી અણધારી તબાહી પછી કેપ્ટન ઉલ્હાસના કમાન્ડો હવે આર યા પારના મિજાજમાં હતા.

*** *** ***

સુસવાટાભેર ફૂંકાયેલું વાવાઝોડું ચંદ મિનિટમાં પસાર થઈ જાય પછી ચોતરફ વેરાયેલી તારાજી

વચ્ચે સ્તબ્ધતા હીબકે ચડી હોય એવું વાતાવરણ કાંઠા પર સર્જાઈ ગયું હતું.

કેપ્ટિવ બોલ્ટ ગન મુક્તિવાહિનીનું લેથલ વેપન અમસ્તી નહોતી ગણાતી. ચીનાઓના ગાઢ સંપર્કને લીધે ત્રણસો વર્ષથી બારૂદનો પરિચય ધરાવતા તિબેટના લડાયક ખામ્પાઓએ ધડાકા અંગે જાતજાતના અખતરા કરી કરીને આ શસ્ત્ર વિકસાવ્યું હતું.

મજબૂત ધાતુમાંથી બનેલા બે અલગ અલગ ગેજના નળાકારને ફાસ્ટ્નર વડે જોડીને આશરે સાડા ત્રણ ફૂટનો સળંગ પાઈપ તૈયાર થતો હતો.

આગળનો બેરલ મુખ્યત્વે પિસ્તોલના સિદ્ધાંત પર જ કામ કરતો હતો. બેરલની અંદર સ્પ્રિંગ રોડ અને બુલેટ કેપ હતાં. સ્પ્રિંગ રોડ બહારની તરફના ક્લચ સાથે જોડાયેલો રહેતો. ક્લચ કે ટ્રિગર ખેંચવાથી સળિયો બુલેટને ધક્કો મારે. જોશભેર આગળની તરફ ધકેલાતી બુલેટને સાવ આગળના છેડે ગોઠવેલી ફાયરિંગ પીન છેવટનો ફટકો મારે એટલે સેકન્ડના આશરે ત્રીસ મીટરની ઝડપે ફંગોળાયેલી બુલેટનો બારૂદ ધડાકા સાથે ફાટે.

સિંગલ બેરલની આ રચના સાદી પિસ્તોલ જેવી અને તેની કામગીરી પિસ્તોલથી ય સાદી. મધ્યયુગના ચીની વણઝારાઓ, વગડામાં રખડતી જાતિના લોકો જંગલી હિંસક પ્રાણીઓથી બચવા આવી ગનનો ઉપયોગ કરતા. આ ગન અને પિસ્તોલમાં પાયાનો ફરક બુલેટની સાઈઝનો હતો. સિલિન્ડર ગનમાં ડાયામીટર મોટો હોય, બુલેટ કેપ પણ મોટી હોય એટલે ઠાંસેલો બારૂદ પણ સાધારણ પિસ્તોલની બુલેટની સરખામણીએ ચાર-પાંચ ગણો વધુ હોય. પરિણામે જો નિશાન પર ધડાકો કરી શકાય તો એક જ ધડાકે જંગલી પાડાની કે હિંસક વાઘની ખોપરીનાં ય ફુરચા ઊડી જાય.

એક જ ધડાકે ઢાળી દેતી આ સિલિન્ડર ગનની મર્યાદા એટલે તેની અત્યંત નબળી રેન્જ. ગોળી વજનદાર હોવાથી તેનો વેગ પણ ઓછો અને રેન્જ પણ ઓછી. માંડ દસ મીટર છેટેથી નિશાન લીધું હોય તો જ ટાર્ગેટ વીંધાય. માનવભક્ષી બનેલાં જંગલી પ્રાણીની સાવ લગોલગ જઈને તેની ત્રાડ કે તરાપથી ડર્યા વગર ગન દાગી શકાય અને સચોટ નિશાન તાકી શકાય તો જ કામનું, બાકી એક ગોળી વેડફાઈ ગઈ એ પછી શિકારી ખુદ શિકાર બની જાય તેની પાકી ગેરંટી!

ટૂંકી રેન્જની આ ગનને પહાડી ખામ્પાઓએ વધુ ઘાતક બનાવી. તેમને બર્ફીલા પહાડોના રીંછનો વારંવાર સામનો કરવાનો થતો. બે પગે ઊભા થઈને ચાલી જાણતા રીંછ બે પગાળા માણસની હાજરી સુધ્ધાં સહન ન કરી શકે. માણસને જુએ એટલે અચૂક હુમલો કરી દેતા અઢીસો-ત્રણસો કિલો વજનના રીંછની ઘ્રાણેન્દ્રિય અત્યંત તીવ્ર હોય એટલે માણસની ગંધ તે એક-દોઢ કિલોમીટર દૂરથી જ પારખી લે.

વળી, કુદરતે મૂકેલા સંકેતો મુજબ માણસની ગંધમાત્રથી રીંછના દિમાગમાં ખતરાની ઘંટડી વાગવા માંડે એટલે ગંધ પારખીને તરત જ એ આક્રમક મિજાજ ધારણ કરી લે. પરિણામે રીંછની સાવ નજીક જવાનું ય આસાન નહીં.

આથી ખામ્પાઓએ અત્યંત જ્વલનશીલ ગેસનો ઉપયોગ કરીને આ પરંપરાગત શસ્ત્રને બેહદ મારકણું બનાવી દીધું હતું. તેમણે આગળના બેરલની સાથે કપ્લિંગ વડે બીજો ય એક બેરલ જોડ્યો. તેમાં સ્પ્રિંગ રોડની જગ્યા ખાલી રાખી અને તેના પોલાણને ભારે દબાણથી ભરેલા ગેસ સિલિન્ડરની ટ્યુબ સાથે જોડી દીધું.

ઉચ્ચાલનના વૈજ્ઞાનિક નિયમને અનુસરતી પિસ્તોલની સ્પ્રિંગ હવે ગેસના ભારે દબાણથી ખેંચાવાની હતી. ટ્રિગર દબાવો એટલે પાછળના બેરલના પોલાણમાં રહેલો ગેસ આગળના

બેરલના બોલ્ટને તીવ્ર ધક્કો મારે. ગેસ પોતે પણ પોતાના જ ધક્કાથી થયેલી જગ્યા વાટે આગળ વધે. સ્પ્રિંગે બુલેટને મારેલો ધક્કો પાંચ-સાત વર્ષના ટાબરિયાએ મારેલા ઠોંસા જેવો નાજુક હોય તો ગેસના દબાણે મારેલો ધક્કો એ માઈક ટાયસનના જોરાવર મુક્કા જેવો કહી શકાય.

પરિણામે, સેકન્ડના ત્રીસ મીટરના વેગે છૂટતી ગોળી અઢીસો-ત્રણસો મીટર છેટેથી પણ એવું જ ધાર્યું પરિણામ આપે. વળી, જ્વલનશીલ વાયુ પણ ગોળીની સાથે છૂટતો હોવાથી આગના ભડકા સાથે બુલેટ છૂટે એટલે જંગલી પ્રાણી ચોંકીને સ્તબ્ધ પણ થઈ જાય અને શિકાર આસાન બની જાય.

ખામ્પાઓનું આ ભયાનક શસ્ત્ર મુક્તિવાહિનીનું બ્રહ્માસ્ત્ર હતું. પહાડો પર ગેસ કંઈ વારંવાર મળે નહીં. બે કે ચાર ફાયરમાં ગેસનું સિલિન્ડર ખાલી થઈ જતું હોય એ સંજોગોમાં સાવ અનિવાર્ય સંજોગો હોય ત્યારે જ આ કેપ્ટિવ બોલ્ટ ગન વાપરવી એવો કેસીનો કાયમી ઓર્ડર હતો.

આજે જીવસટોસટના જંગમાં બે ફાયર કરવા જ પડ્યા હતા, પણ એ બંને ફાયરે કાંઠો ઘેરીને ઊભેલા આદમીઓને ક્યાંય ફંગોળી દીધા હતા.

કેપ્ટિવ ગનના કારમા ધડાકા પછી ય જો થોડાઘણા હોશ બચ્યા હોય તો એ ય ખતમ કરી દેવા ખાઈના ઢોળાવ પરથી બિહામણી ચિચિયારી નાંખતા ગેરિલાઓનાં ધાડાં ચારે દિશાએ આંધળા ધડાકા કરતાં ઊતર્યાં હતાં.

સૌથી મોખરે કેસી અને આઠ-દસ ગેરિલાઓ, તેમની પાછળ હિરન, પ્રોફેસર, ઉજમ, છપ્પન અને બીજા ચાર આદમીઓ અને છેલ્લે તાન્શી, રાઘવ, ત્વરિત, ઝુઝાર અને મુક્તિવાહિનીના છ-સાત લોકો... એમ આખો કાફલો કાંઠા સુધી ધસી આવ્યો.

કાંઠા પર કેપ્ટિવ ગનના બે ધડાકાએ વેરેલો વિનાશ ચારેકોર પથરાયેલો હતો. કાંઠાથી ખાસ્સી દૂર ઊંધી પટકાઈને નદીના હિલોળા વચ્ચે હાલકડોલક થતી રબ્બરની ડિંગી જોઈને કેસી વધુ ગંભીર બની ગયો હતો. બ્રહ્મપુત્રના બેય કાંઠે છૂટાછવાયા વસતાં પહાડી આદિવાસીઓ જરીપુરાણાં હોડકાં વાપરતાં હોય ત્યારે રબ્બરની ડિંગી લઈને આવેલા લોકો ચોક્કસ બહારના છે.

શક્ય છે કે એ લશ્કરના આદમી હોય. શક્ય છે કે નોર્થ-ઈસ્ટ સિવાયની કોઈ બોર્ડર ફોર્સ હોય. તેઓ વધુ સજ્જ છે અને પાક્કા આયોજન સાથે આવ્યા છે. રબ્બરની ડિંગીમાં આઉટર બોડી એન્જિન પણ હોય.

- અને જંગલનાં લાકડાં કાપીને ઊભાઊભ બનાવેલા તરાપા વડે તેમણે હુમલાખોરોને ચકમો આપવાનો હતો.

કેસીના ચહેરા પર તંગદિલી પથરાઈ ગઈ.

આકાશમાં મેઘાડંબર બરાબર જામ્યો હતો. ક્યાંક આછકલી ઝબૂકી જતી વીજળી, પર્વતોની બિહામણી કરાડોની પાછળ થઈ જતી ગડેડાટી, બ્રહ્મપુત્રના શાંત, ભેંકાર પ્રવાહ પર કાળના ખપ્પરની માફક ઝળુંબતા ઉત્તુંગ પહાડોના બિહામણા ઓળા અને અહીં નિર્જન કાંઠા પર સપાટાભેર કામે વળગેલા મુક્તિવાહિનીના મરજીવાઓ...

નદીનો આખો પટ પસાર કરીને તેમણે બે ઘાટ ઓળંગવાના હતા. ત્યાંથી ડેવિલ્સ બેડ તરીકે ઓળખાતો પહાડ ચડવાનો હતો. સીધા સપાટ આકારનો આ પહાડ તેના વિકરાળ કદને લીધે જાણે મહાકાય રાક્ષસની પથારી હોય તેવો લાગતો હતો એટલે ડેવિલ્સ બેડ તરીકે ઓળખાતો. ભારત અને ચીનને જોડતો એ છેલ્લો મુકામ. એ પહાડ ઊતરો એટલે ચીનની હદ શરૂ થઈ જતી

હતી.

કેસીએ ગણતરીની મિનિટોમાં જ નિર્ણય લઈ લીધો હતો. આવનારા લોકો જો ભારતીય લશ્કરના જવાનો હોય તો હવે ગમે તેમ કરીને ચકમો આપવો અને ડેવિલ્સ બેડ ઊતરીને સરહદ ઓળંગી જવી એ એકમાત્ર વિકલ્પ બચતો હતો.

તરાપાઓ તૈયાર થઈ રહ્યા હતા એ દરમિયાન બખોલમાંથી જંગલના રસ્તે હુમલાખોરો આવે તો એમને ખાળવા એક હરોળ રચાઈ ગઈ હતી. જંગલના રસ્તે આવતા લોકોનો સામનો કરવો ખાસ મુશ્કેલ ન હતો, પરંતુ નદીના રસ્તે બીજો કાફલો ય જો હુમલો લઈ આવે તો મુક્તિવાહિનીની હાલત ખરાબ થઈ જાય,

પણ આટલા નડતર પછી અચાનક જાણે મુક્તિવાહિનીની તકદીર જરાક ખૂલી હોય તેમ, ધોધમાર વરસાદ શરૂ થઈ ગયો હતો.

*** *** ***

રાઘવ સ્તબ્ધતાપૂર્વક કાંઠાના બદલાયેલા મિજાજને જોઈ રહ્યો હતો.

કેપ્ટિવ ગનના ધડાકા પછી ગેરિલાઓએ કાંઠા તરફ દોટ મૂકી ત્યારે ત્વરિતે રાઘવને ય આગળ હડસેલ્યો હતો, પણ પછી લુંગીધારીઓ સપાટાભેર કામે વળગ્યા ત્યારે ત્વરિત પણ તેમની મદદમાં જોડાઈ ગયો હતો. લાકડાં કાપવા, તરાશવા, ગોઠવવા અને પછી મજબૂત રસ્સીથી બાંધવા એ બધું તો અનુભવથી જ આવડે. ત્વરિતને એ કશું આવડતું ન હતું, પણ વખત પારખીને લાકડાં ઉઠાવવા, જ્યાં કહે ત્યાં ઢગલો કરવો, રસ્સીના માપસરના ટુકડા કાપવા એ બધાં કામમાં તે પોતાની મેળે જ લાગી પડ્યો હતો.

લપસણા કાંઠા પર અંધારામાં વરસતા વરસાદ વચ્ચે ઘાંઘાં થઈને આમતેમ દોડાદોડી કરી રહેલા ત્વરિતને તે શૂન્યમનસ્કપણે જોઈ રહ્યો.

એ સ્વભાવથી અલગારી, રખડુ હતો, પણ દિલનો સાફ હતો એવું રાઘવને પહેલી મુલાકાત પછી ક્રમશ: સમજાવા લાગ્યું હતું. ખુબરાના ભીષણ જંગમાં મૂર્તિ બચાવવા માટે તેણે ઉઠાવેલાં પારાવાર જોખમ વિશે તેણે સાંભળ્યું હતું. ઊંટની રાશ પર લટકીને રેગિસ્તાનના તોફાન વચ્ચે ફંગોળાઈ ગયેલા ત્વરિતને ગીધડાંઓ મરણતોલ હાલતમાં જીવતેજીવ ફોલી રહ્યા હતા એ તેણે નજરે જોયું હતું. તેની છાતી પર ધગધગતા ડામ પડી ગયા હતા...

- અને તો ય છાતી સાથે કસોકસ બાંધેલી મૂર્તિ તેણે છોડી ન હતી.

એકેએક આદમી કોઈક ને કોઈક કામમાં શિસ્તબદ્ધ રીતે જોતરાયેલો હતો અને ડઘાયેલો રાઘવ હતપ્રભ થઈને પોતાની અવઢવમાં વધુ ને વધુ ગરકાવ થઈ રહ્યો હતો.

ઉતાવળભેર બંધાઈ રહેલા તરાપાને નદીના પાણી સુધી હડસેલવામાં દૂબળી ય મદદે લાગ્યો હતો. તેના પાતળા કદ અને નબળી કાઠી છતાં વજનદાર થડનો તરાપો ખેંચવામાં એ દાંત ભીંસીને મરણિયા પ્રયાસ કરી રહ્યો હતો.

'જિંદગી એટલે ફક્ત આપણી સમજણ. આપણને જે દેખાય, અનુભવાય અને સમજાય એટલું જ આપણે સ્વીકારતા હોઈએ. બટ માય ડિયર, એ સિવાયનું સત્ય પણ હોય છે. જે આપણે જોયું નથી, અનુભવ્યું નથી, પણ આપણે સમજ્યા નથી માટે એ સત્ય મટી નથી જતું.'

રાઘવને આંખો સામે તરાપો ખેંચી રહેલો દૂબળી દેખાતો હતો, પણ આંખોની ભીતર તેનું આ વાક્ય પડઘાઈ રહ્યું હતું અને એ પડઘા તળેથી ઝકઝોરાયેલો તેનો માંહ્યલો ખુદ તેને પૂછી રહ્યો હતો,

'ત્વરિત અને દૂબળી તો સમજણની પેલે પાર જઈને પોતાને સમજાયેલા સત્યને પામવા મથે છે. તું શું કરી રહ્યો છે? એમને અવરોધીને તું શું હાંસલ કરીશ? તારી ફરજ બજાવ્યાનો સંતોષ?'

રાઘવની નજર કાંઠા પરની દોડધામ પર મંડાયેલી હતી, પણ તેની કશ્મકશ વધુ ને વધુ અંદર ઊતરી રહી હતી... પોતાના માંહ્યલા તરફ.

ફરજ એટલે ફક્ત તેનો પોલીસ મેન્યુઅલ? એ સિવાય પણ એવી ફરજ હોઈ શકે, જેના વિશે આજ સુધી મેં કદી વિચાર્યું જ ન હોય?

પેલો હરિયાણાનો ઈન્સ્પેક્ટર અહલાવત તેના એરિયામાં ચોરાયેલી મૂર્તિના કેસનો વીંટો વાળી દે છે અને પછી બીજો કોઈ ચોર પકડાય ત્યારે તેના ગળામાં મૂર્તિચોરીનો ગાળિયો નાંખીને કેસ સોલ્વ કરી નાંખે છે.

એવા જ કેસમાં અહલાવતની માફક વીંટો વાળવાને બદલે મેં આટલી લમણાફોડી કરી છે. મારો જીવ પણ જોખમમાં મૂકી દીધો છે. અહલાવતે ય ફરજ બજાવી હતી અને હું ય ફરજ બજાવી રહ્યો છું, પણ તો ય બંનેની ફરજ વિશેની સમજણમાં ફરક છે.

અહલાવતે ફક્ત કાગળ પર કેસ સોલ્વ કરી નાંખ્યો હતો, કારણ કે ફરજ વિશેની તેની સમજ આટલી મર્યાદિત હતી. હું બિકાનેરથી વારંગલ અને હવે છેક દેશના સીમાડે આવા નિર્જન, ભેંકાર સ્થળે આટલા જોખમ વચ્ચે ઊભો છું, કારણ કે મારી સમજ જુદી હતી.

અહલાવતને જો મેં ઉઠાવેલા આવાં જોખમની ખબર પડે તો એ મને પાગલ જ ગણે ને?

પોતાના મનમાં ઊઠેલા તર્કથી વિક્ષોભ અનુભવીને તેણે માથું ધુણાવી નાંખ્યું... એ પોતે ય આ ત્વરિતને, આ દૂબળીને, આ હિરનને એવા જ પાગલ ગણતો હતો ને?

શક્ય છે કે જિંદગી વિશેની, ફરજ વિશેની તેમની સમજણ મારા કરતાં વધુ વિસ્તૃત હોય!

'સમ્હાલ કે...' કાળામેંશ અંધારામાં વરસતા વરસાદ વચ્ચે લપસી પડેલા એક આદમીનો ઠોંસો તેને વાગ્યો અને તેની તંદ્રા તૂટી.

એ છપ્પનનો અવાજ હતો. કાપેલાં થડિયાં કાંઠા સુધી પહોંચાડતી હરોળમાંથી પરવારીને એ હવે દોડાદોડ બીજા કશાક કામ ભણી ભાગતો હતો. અંધારામાં આંખો ફાડીને તેણે રાઘવને ઓળખ્યો.

'મારી પાછળ આવ...' તેણે રાઘવનો ખભો ટપારીને કહ્યું અને આગળ દોડવા લાગ્યો.

કાંઠા પર તરાપાઓ ગોઠવાઈ રહ્યા હતા. નદીની દિશાએ કેસીએ મોરચો માંડી દીધો હતો, પણ ત્યાં હજુ કોઈ ચહલપહલ વર્તાતી ન હતી.

હિરને વગર કહ્યે આગેવાની લઈને ખાઈની દિશાએ મોખરાની હરોળ રચી દીધી હતી. તેની પાછળ સહેજ ત્રાંસમાં તાન્શી અને બીજા કેટલાંક આદમીઓ ગોઠવાયા હતા. ઝુઝાર પણ ગ્રેનેડનો હારડો ગળા ફરતો વીંટાળીને જંગલ વીંધીને આવનારા કાફલાનું સ્વાગત કરવા તૈયાર હતો... અને તત્પર પણ...

મુક્તિવાહિનીના લડાકુઓએ ભોંયસરસા લપાઈને પોઝિશન લીધી હતી. છપ્પન પણ ગન તાકીને તેમની સાથે જોડાયો.

'તને તો ગન ચલાવવાનો ડર લાગે છે ને?' છપ્પને પરાણે ખેંચ્યો એટલે રાઘવે ય નીચે ઝૂકતાં પૂછી લીધું.

'હવે નથી લાગતો...' તેણે અંધારામાં જ મેગેઝિન ચેક કરીને સેફ્ટી પીન અનલોક કરી નાંખી.

‘કેમ અચાનક?’

છપ્પન ચોર તરીકે જેટલો ખેપાની હતો એટલો જ પકડાઈ જવાની કલ્પનામાત્રથી ડરનારો આદમી હતો, પણ વારંગલ પછી તેનામાં અચાનક જ પરિવર્તન દેખાવા માંડ્યું હતું. અહીં સંડોવાયેલા દરેકને ભારે ઝીણવટથી અવલોકતાં રાઘવે એ પરિવર્તન બરાબર પારખ્યું હતું. છપ્પન વધુ ને વધુ અંતર્મુખ થવા માંડ્યો હતો. તિબેટ જવાની તેની ઉત્સુકતા અજબ વર્તાતી હતી.

‘કેટલીક સમજણ અચાનક જ આવી જતી હોય છે…’ છપ્પને તેની સામે જોયા વગર જંગલ તરફ નજર માંડેલી રાખીને જવાબ આપ્યો.

‘કઈ સમજણ? દૂબળીનો કે હિરનનો હેતુ સ્પષ્ટ છે. ત્વરિતને નોલેજની ફિકર છે. તો તને વળી પૈસા સિવાય બીજી કઈ સમજણ આવી ગઈ અચાનક?’

‘એ જ કે, પૈસા સિવાય… પોતાના વિશે વિચારવા સિવાય પણ કેટલીક ફરજ હોય છે.’ છપ્પને સહેજ નજીક ખસીને તેની આંખમાં આંખ પરોવતાં ધીમા અવાજે જવાબ વાળ્યો, ‘દૂબળી કે હિરન કે ત્વરિત જે સમજે છે એ કદાચ હું નથી સમજતો, પણ મને એ બરાબર સમજાયું છે કે આપણા બાપ-દાદાએ જેની જાળવણી માટે પોતાના જીવ આપી દીધા હતા, પેઢીઓ સુધી જેનું જીવની જેમ જતન કર્યું હતું એ ફરજ હવે મારા ભાગે આવી છે.’

રાઘવ શું જવાબ આપે છે તેની પરવા કર્યા વગર એ રીઢો, બદમાશ અને અત્યાર સુધી હળાહળ આપમતલબી જિંદગી જીવનારો ચોર ઉબડખાબડ, ચીકણી જમીનની પરવા કર્યા વગર ક્રાઉલિંગ કરતો આગળ ધસવા માંડ્યો.

કદાચ પહેલી વાર એક પોલીસ ઓફિસરને એક ચોર કશુંક શીખવી ગયો હતો.

*** *** ***

જંગલમાંથી ધસી આવેલો કેપ્ટન ઉલ્હાસ રેડ્ડી હવે જરાય ચૂક કરવાના મૂડમાં ન હતો. સરુના અડાબીડ જંગલમાં તેણે પગ મૂક્યો એ જ ઘડીએ થયેલા બિહામણા, ભેદી ધડાકાએ તેને ચોંકાવી દીધો હતો. કાંઠા પર મોરચો માંડવા મોકલેલી ટીમને તેણે વાયરલેસ જોડ્યો, પણ વળતો કશો જવાબ આવ્યો નહીં એટલે તે સ્થિતિ પામી ગયો.

આટલે દૂર સુધી સંભળાયેલો એ ધડાકો મોર્ટારનો હોય કે પછી…

તેણે પોતાના કમાન્ડોના એક કાફલાને બખોલ તરફ પાછો મોકલ્યો. તેમણે નદીના રસ્તે આવવાનું હતું અને પોતે જંગલ તરફથી જતા કાફલાની આગેવાની લીધી.

તેણે પ્લાન તો વધુ એક વાર પરફેક્ટ જ વિચાર્યો હતો…

- પણ વધુ એક વાર તેનું તકદીર કંઈક જુદું વિચારતું હતું.

ખાઈ સુધી પહોંચીને તેણે નાઈટવિઝન બાયનોક્યુલર પર આંખ માંડી એ સાથે તેના તંગ જડબાં વચ્ચે કાંકરી ચવાઈ ગઈ હોય એવી ઝણઝણાટી થઈ ગઈ.

કાંઠાથી ક્યાંય દૂર એક તરાપો નદીના તોફાની વહેણમાં સરકી રહ્યો હતો અને બીજા બે તરાપા પર માલસામાન અને માણસો ખડકાઈ રહ્યા હતા.

આ લોકોએ અહીં તરાપા તૈયાર રાખ્યા હતા? આંખના પલકારે તરાપા બાંધવામાં મુક્તિવાહિનીના મરજીવાઓ કેટલી હદે કેળવાયેલા હતા તેનો કેપ્ટનને અંદાજ આવી શકે તેમ ન હતો.

કાંઠાથી ખાઈ સુધીનો રસ્તો તેણે બાયનોક્યુલર વડે તરાશી લીધો. કેટલાંક લોકોને તેણે પાછા પગે શરીર ઘસડીને કાંઠા તરફ લપકતા ય જોયા.

કેપ્ટન ઉલ્હાસની સૌથી મોટી મર્યાદા એ હતી કે જે પોલીસ અફસરને સલામત છોડાવવાનું આ મિશન હતું એ અફસર આમાં છે કે કેમ અને હોય તો ક્યાં છે એ વિશે તે બેખબર હતો. એક વાર એ અફસર ઓળખાઈ જાય અને તેને છૂટો પાડી શકાય તો બાકીના લોકોને ઝબ્બે કરવાનું કેપ્ટન ઉલ્હાસના કસાયેલા કમાન્ડો માટે મુશ્કેલ ન હતું.

વગનો ઉપયોગ કરીને બિરવા ધરાર આ મિશનમાં જોડાઈ ત્યારે એ બેહદ નારાજ થયો હતો, પણ હવે એ જ બિરવા તેને ઉપયોગી લાગતી હતી.

તેણે બિરવાને આગળ ધરી. તેની આસપાસ સલામત કોર્ડન કરીને બ્લાઈન્ડ ફાયરનો ઓર્ડર આપ્યો એ સાથે કાંઠાની દિશાએ બંદૂકો ધણધણી ઊઠી.

કાંઠો બંદૂકની રેન્જથી ખાસ્સો દૂર હતો, પણ મુક્તિવાહિનીના લડાકુઓને હવે આગળ આવવાની જરૂર પણ ન હતી. તેમણે જેમ બને તેમ જલદી તરાપા પર ચડી જવા પીછેહઠ જારી રાખી. ફક્ત હિરન અને તેની સાથેના બે આદમીઓએ પોતાની જગ્યાએ ખોડાયેલા રહીને વળતું ફાયર કરવા માંડ્યું.

આગળના તરાપામાં કેસી, પ્રોફેસર અને ઉજમ મહત્ત્વનો સામાન લઈને ચડ્યા એ પછી ત્વરિત, છપ્પન અને હજુ ય દિગ્મૂઢપણે ખાઈની દિશામાં તાકી રહેલો રાઘવ પણ સવાર થયા. બીજા તરાપાની કસ બંધાય એટલે હિરન, તાન્શી અને ઝુઝાર સહિતના આદમીઓ તેના પર સવાર થવાનાં હતાં.

બીજો તરાપો નદીના વહેણમાં વહેતો થયો એ જ વખતે કાંઠા પર ગરજતી બંદૂકો વચ્ચે ખાઈના ઉપરવાસમાં પ્રકાશનો શેરડો ફંગોળાતો દેખાયો અને એ શેરડામાં સ્પષ્ટ વર્તાતી હતી બિરવા.

નદીના વહેણમાં હિલોળાતા તરાપા પર સૌ એકમેકના ટેકે સંતુલન જાળવવા મથતા હતા ત્યારે ખાઈના છેવાડે પ્રકાશનો તીવ્ર પીળાશથી છલકાતો શેરડો અને એ શેરડામાં નહાતી બિરવાને જોઈને રાઘવના મોંમાંથી અસ્ફુટ ડચકારો નીકળી ગયો.

કેપ્ટન ઉલ્હાસની એ આબાદ ચાલ હતી. રાઘવને ઓળખવો અને પોતે તેને છોડાવવા આવ્યા છે એવી ખાતરી કરાવવી જરૂરી હતી, પણ રાઘવનું નામ બોલાય તો તેનો જીવ જોખમમાં મૂકાય. એટલે બંદૂકની રેન્જથી સલામત અંતરે તેણે બિરવા પર રોશની લહેરાવી હતી.

ગણતરીની સેકન્ડો માટે બિરવા પર સર્ચલાઈટનો ઉજાસ ફેંકીને તેણે બેહદ ત્વરાથી તેને હટાવી લીધી.

નદીના વહેણમાં આગળ ને આગળ વધી રહેલા તરાપામાંથી રાઘવ એ જ દિશાએ મંત્રમુગ્ધ થઈને જોતો રહ્યો. તેની મદદમાં આવેલા આદમીઓ શા માટે તેની ધારણાથી વહેલા આવી પહોંચ્યા હતા એ હવે તેને સમજાતું હતું.

શેરડામાં દેખાતી ઓરતને જોઈને રાઘવના ચહેરા પર પથરાયેલો ઉજાસ ત્વરિતે પણ પારખ્યો.

રાઘવ સ્થિર નજરે ઉજાસમાં નહાતી બિરવાના સોહામણા ચહેરા પર અંકાયેલી તંગદિલીને જોતો રહ્યો. તેના ચહેરા પર વહાલપભર્યું સ્મિત ઉભર્યું... ઉભર્યું અને ઓલવાઈ ગયું.

સ્થાનિકોનો ઉપયોગ કરીને, ખુફિયા તંત્રની મદદથી બિરવાના કમાન્ડો સાચે જ ખાસ્સા વહેલા આવી પહોંચ્યા હતા...

- પણ તો ય મોડું થઈ ચૂક્યું હતું... ઘણું મોડું.

*** *** ***

ઉલ્હાસે પરત મોકલેલા આદમીઓને ખાસ્સો આંટો મારવો પડ્યો હતો. અડધા રસ્તેથી પાછા ફરીને બખોલમાં થઈને ફરીથી નદી વાટે આ તરફ પહોંચવામાં તેમને ઘણો સમય લાગ્યો.

નદીની દિશાએથી બીજો મોરચો ન ખૂલ્યો એટલે કેસીના આદમીઓને બરાબર લાગ મળી ગયો.

કાંઠાના પહોળા પટને લીધે તેમણે ત્રણ મોરચા રચીને એકમેકને કવર ફાયર આપવા માંડ્યું અને એક પછી એક તરાપા રવાના થતા રહ્યા.

છેલ્લો તરાપો રવાના થયો તેની વીસ મિનિટ પછી આખરે ઉલ્હાસના આદમીઓની હોડી દેખાઈ હતી. તરાપાઓ ખાસ્સા આગળ નીકળી ચૂક્યા હતા, પણ આઉટર બોડી એન્જિન ધરાવતી ડિંગીઓ અને હલેસાં વડે નદીના તોફાની પ્રવાહમાં વહેતા તરાપાઓ વચ્ચે એ અંતરની કોઈ વિસાત ન હતી.

કેસીએ તેનો ય અંદાજ માંડ્યો જ હતો.

ડીંગી સાવ સામે આવી જાય ત્યારે કેપ્ટિવ બોલ્ટ ગનમાં બચેલો એકમાત્ર શોટ ઝીંકી દેવાનો હતો. તિબેટ સુધીના પ્રવાસમાં એ ગન સાબદી હોવી બેહદ જરૂરી હતી, પણ અહીંથી છટકવા માટે બીજો કોઈ વિકલ્પ જડતો ન હતો.

ચુડેલના વાંસા જેવું કાળુંમેંશ અંધારું, ધોધમાર વરસાદ, પહાડના ઢોળાવ પરથી દદડતાં સેંકડો ઝરણાંઓનો ખળખળ નિનાદ અને ભેંકાર સન્નાટામાં હિલોળાતી ડિંગીના એન્જિનનો કર્કશ અવાજ...

કેસીના મરજીવાઓ બાવડાની નસ તૂટી જાય એવી તાકાત વાપરીને હલેસાં મારી રહ્યા હતા. તેમનું જોઈને છપ્પન, ઝુઝાર અને ત્વરિત પણ હાથ આવ્યું એ લાકડું લઈને મચી પડ્યા હતા.

ડિંગીમાંથી એકધારું ફાયરિંગ થતું રહ્યું હતું, પણ ભીષણ પહાડો વચ્ચે સર્પાકાર માર્ગે વહેતી બ્રહ્મપુત્રના તીવ્ર વળાંકોને લીધે અને કારમા અંધારા વચ્ચે નિશાન તાકી શકાય એ શક્ય ન હતું.

એન્જિનનો અવાજ જેમ જેમ નજીક આવતો જતો હતો તેમ તેમ કેસીના ચહેરા પર તંગદિલી વધતી જતી હતી. હવે ગણતરીની મિનિટોમાં જ છેલ્લો તરાપો નિશાન બની શકે તેમ હતો.

તેણે ભારે કશ્મકશ પછી કેપ્ટિવ ગનનું બેરલ ઉઠાવ્યું અને ગેસ સિલિન્ડર ઊંચકીને અંદર કેટલો ગેસ બચ્યો છે તેનો અંદાજ માંડ્યો.

એ જોઈને રાઘવ રીતસર હબકી ગયો.

હાલકડોલક તરાપા પર એ સફાળો ઊભો થયો. જેમતેમ ઉતાવળે બાંધેલા તરાપામાં લાકડાંઓ ચસોચસ બંધાયેલાં ન હતાં એટલે ચાલવામાં ય ભારે મુશ્કેલી હતી. ત્વરિતના હાથનો ટેકો લઈને તે આગળ વધ્યો. તેને આમ અચાનક ચોંકીને ઊભો થતો જોઈને ત્વરિત પણ ઊભો થયો.

'આ રીતે આપણે ભાગી નહીં શકીએ...' તેણે કેસીની નજીક સરકીને કહ્યું.

કેસી ધારદાર નજરે રાઘવને જોઈ રહ્યો.

'તને વાંધો ન હોય તો હું એક ઓપ્શન સજેસ્ટ કરું...'

'હમ્મ્મ્... બોલ...' કેસીએ હકારમાં ડોકું ધુણાવ્યું.

'નદી વળાંક લે ત્યારે ડિંગીમાંથી આપણે ગણતરીની મિનિટ માટે દેખાતા બંધ થઈ જઈશું. એ વખતે અહીંથી હું અને ત્વરિત કાંઠા પર કૂદી પડીએ. પાછળના તરાપામાંથી પણ તું નક્કી કરે એ માણસો કાંઠા પર આવી જાય. ડિંગી રેન્જમાં આવે એટલે અમે કાંઠા પરથી ફાયર કરીને તેને અહીં જ રોકી પાડીએ.'

'પછી?' કેસીને ય આ પ્લાન તો સૂઝ્યો હતો, પણ આખો પહાડ ચડીને ડેવિલ્સ બેડ સુધી પહોંચવાનું આસાન ન હતું. સાથોસાથ કમબખ્તી એ હતી કે એન્જિનવાળી ડિંગીને ચકમો આપવાનું ય શક્ય ન હતું.

આ વિકલ્પ અજમાવવામાં જોખમ તો પારાવાર હતું જ, પણ ફાયદો એ હતો કે કેપ્ટિવ ગનનો શોટ બચી જતો હતો.

'તમે શક્ય તેટલા આગળ જતા રહો. અમે યા તો ડિંગીને અહીં જ ધરબી દઈએ અથવા ખાસ્સું ડિસ્ટન્સ રહે ત્યાં સુધી રોકીને પછી પહાડ ઓળંગવા લાગીએ.'

'ઓકે...' કેસીએ બે ઘડી વિચાર કરીને ગરદન હલાવી નાંખી. પહેલા તરાપા પરથી રાઘવ, ત્વરિત અને મુક્તિવાહિનીના બે આદમીઓ. બીજા તરાપા પરથી તાન્શી અને બીજા ત્રણ તિબેટી લડાકુઓ.

એમ આઠ આદમીઓ માટે ગન, ગ્રેનેડ, એમ્યુનિશન અને ખાવા-પીવાનો સામાન છૂટો પડ્યો. નદીના સાવ ત્રાંસા વળાંક પર તરાપો સહેજ કાંઠા તરફ વળ્યો એટલે બેય તરાપા પરથી આદમીઓએ પાણીમાં ઝંપલાવી દીધું.

છીછરા અને ખડકાળ કાંઠાના લપસણા પથ્થરો પર જેમતેમ પગ ટેકવીને સૌએ પહાડ ચડવા માંડ્યો. હોડી દેખાય એ પહેલાં તાન્શીએ હરોળ રચવા માંડી હતી. આવી આફતોથી ટેવાયેલા ગેરિલાઓ ફટાફટ પોઝિશન લેવા માંડ્યા હતા. ત્વરિત હજુ ય તાજુબીથી રાઘવને નીરખી રહ્યો હતો.

- અને રાઘવ એકીટશે નીરખી રહ્યો હતો નદી તરફ....

જ્યાં બિહામણા સન્નાટાને ચીરતો એન્જિનનો અવાજ વધુ ને વધુ નજીક આવી રહ્યો હતો...

ભક્..ભક્..ભક્..ભક્..ભક્...

કેપ્ટન ઉલ્હાસનો વ્યૂહ

શાંગરા તરીકે ઓળખાતી બખોલમાં એક લડાકુ કાફલો રોકાયો છે એવી બાતમી સ્થાનિક આદિવાસીઓ પાસેથી મળી ત્યારે સૌથી પહેલાં કેપ્ટન ઉલ્હાસે તેમની પાસે બખોલનો જેવો આવડે તેવો નકશો બનાવડાવ્યો હતો.

આ લોકો કોણ હતા તેનો તેને કોઈ અંદાજ ન હતો. આઈપીએસ કક્ષાના પોલીસ અફસરનું અપહરણ અને સીધા હોમ મિનિસ્ટ્રીમાંથી જ તલાશનો ઓર્ડર... એટલે મામલાની ગંભીરતા કેપ્ટન ઉલ્હાસ બરાબર સમજી શકતો હતો. રાઘવે જે પ્રકારે સંદેશો મોકલાવ્યો એ પરથી ઉલ્હાસને એટલું જરૂર સમજાયું હતું કે એ લોકો ભારે ખંધા અને ખેપાની છે. તલાશમાં જો જરાક સરખી ય ચૂક થઈ તો રાઘવનો ઘડો-લાડવો થઈ શકે છે.

જોરહટથી તવાંગ અને તવાંગથી બોમ્ડિ-લા તરફ જતા માર્ગે તો એ સ્નિફર ડોગની દોરવણીથી બહુ જ આસાનીથી રાઘવને ટ્રેસ કરી શક્યો હતો, પરંતુ નદીના કાંઠા પાસે સ્નિફર ડોગે રાઘવના પેશાબની છેલ્લી ગંધ પારખી એ પછી કેપ્ટન ઉલ્હાસ બરાબર મૂંઝાયો હતો.

બ્રહ્મપુત્રના અફાટ પ્રવાહમાં આ લોકો કઈ તરફ ગયા હોઈ શકે? કાંઠાની બંને તરફ એ ધારો કે

સ્નિફર ડોગને મોકલે તો પણ સેંકડો કિલોમીટર લંબાઈમાં પથરાયેલા બંને તરફના કાંઠાની બંને દિશા ચકાસવામાં જ અઠવાડિયું નીકળી જાય અને સાથે જોડાયેલી બિરવા અસનાની તેને જીવતો જ ફાડી ખાય.

કોઈ પણ કમાન્ડો ઓપરેશન આઉટસાઈડરની હાજરી હોઈ જ ન શકે એવા ચુસ્ત નિયમ છતાં તેણે ધરાર બિરવાને સાથે લેવી પડી તેને લીધે બિરવાની પહોંચ કેટલી છે એ તેને સમજાઈ ગયું હતું. કોલકાતાથી કાફલો નીકળ્યો એ જ ઘડીથી બિરવા પ્રત્યેક કલાકે તેના બાપને રિપોર્ટ કરતી હતી અને ઉલ્હાસનો ઓફિશિયલ રિપોર્ટ પહોંચે એ પહેલાં તો હેડ ક્વાર્ટર પરથી સૂચના આવી જતી હતી.

બિરવાની હાજરી અને સક્રિયતાથી મનોમન ધૂંધવાતો કેપ્ટન બ્રહ્મપુત્રના કાંઠે પહોંચીને બરાબર અટવાયો હતો. ક્યાંય કોઈ બાતમી આપે તેવી સુરાગ શોધવામાં અડધો દિવસ નીકળી ગયો. બિરવાને ફૂંફાડા નાંખતી છોડીને કેપ્ટને નદીના પહોળા, વિશાળ પટમાંથી પસાર થતા હોડકાંની તલાશી લેવા માંડી.

ક્યાંથી આવો છો, ક્યાં જાવ છો, અહીંથી આગળ ક્યાં સુધી પહાડો વચ્ચે વસાહત છે, કેવા પ્રકારનો માલસામન લઈ જાવ છો, રોજના કેટલાંક હોડકાં અહીંથી પસાર થાય છે, રાત્રે નદીમાં કોઈની અવરજવર હોય છે કે કેમ એવા અણધાર્યા સવાલોની ઝડી વરસાવીને ઉલ્હાસના આદમીઓ બાતમી મેળવતા ગયા. ઉલ્હાસ એ બાતમીઓનું શાતિર ઝીણવટથી પૃથક્કરણ કરતો ગયો.

મોડી સાંજે અંધારું ઘેરાયું ત્યારે કાંઠા પર તાપણું કરીને એ બેઠો હતો. છેલ્લી ડિંગી નદીનો ચકરાવો મારીને પાછી ફરી રહી હતી. બે ડિંગી રાતભર નદીમાં પહેરો દેવાની હતી. તાપણું સંકોરી રહેલી બિરવાની આંખોના ઉચાટમાં ઉલ્હાસને તેની ઉતાવળ પરખાતી હતી. અહીં સુધી આવીને અટકી જવું પડ્યું એથી એ મનોમન અકળાતી હતી.

છેલ્લી ડિંગીના આદમીઓ તેમની તલાશી દરમિયાન મળેલી માહિતી આપી રહ્યા હતા અને અચાનક ઉલ્હાસ ચોંક્યો. ચાર દિવસ પહેલાં મોડી સાંજે અહીંથી એક કાફલો ચારેક જેટલા તરાપા પર લાંગર્યો હતો અને નદીના ઉપરવાસની દિશામાં ગયો હતો.

અડાબીડ પહાડોમાં વસતાં બોડો વગેરે આદિવાસીઓનો આ છેલ્લો પડાવ હતો. એથી ઉપરવાસમાં ભીષણ પહાડો વચ્ચે બેહદ મારકણા વળાંકો લેતી બ્રહ્મપુત્રનું વહેણ તોફાની બનતું હતું અને બેય કાંઠા પર અડાબીડ જંગલો હતાં.

એ તરફ કોણ ગયું હોઈ શકે તેવા સહજ સવાલથી ઉલ્હાસ ઊભો થયો. કાંઠા પર ઝળુંબતા પહાડો વચ્ચેની તળેટીમાં વસીને જગતથી પોતાને દૂર રાખતા આદિમવાસીઓ પંખી પકડવા માટે મોડી રાતે કાંઠા પર ઝળુંબતી ચટ્ટાનો પર આવતા હતા. માળામાં જંપી ગયેલા પંખીઓને પકડવા માટે રાતનો સમય તેમને અનુકૂળ રહેતો. રાતે એવી કરાડની ધાર પર ઊંચાં ઝાડવાં ચડી રહેલાં આદિવાસીઓએ જંગલના નિરવ સન્નાટાને ચીરતો એક કાફલો શાંગરાની દિશાએ જતો જોયો હતો.

મોડી રાતે આદિવાસીઓના ભુંગાઓ ફંફોસીને તેણે ઉઠાડ્યા અને શાંગરા તરફ જતા જળમાર્ગ સુધી લઈ જવા દાટી મારીને તેમને તૈયાર કર્યા. શાંગરાની ભૂગોળ સમજ્યા પછી તેણે આબાદ વ્યૂહ વિચારી લીધો હતો. બખોલ પહાડની ચટ્ટાન પર ખૂલતી હતી અને ચટ્ટાનના રસ્તે જંગલ ફેંદીને નદીના બીજી તરફના કાંઠે નીકળાતું હતું.

બખોલના મોઢા આગળ હલ્લો બોલાવ્યા પછી ય જો એ લોકો નાસી જવામાં સફળ થાય તો

પણ તેમને દબોચી શકાય એ હેતુથી તેણે એક કાફલો કાંઠાની જંગલ તરફ ખૂલતી દિશાએ તૈનાત રાખ્યો હતો.

- પણ તેની ધારણા ખોટી પડી હતી... ભયાનક રીતે ખોટી પડી હતી.

એ સાલાઓએ કશોક ભેદી પ્રહાર કરીને નદી કાંઠે તૈનાત કાફલાને તહસનહસ કરી નાંખ્યો હતો. એ ધડાકો સાંભળીને જ ઉલ્હાસને કંપારી છૂટી ગઈ હતી. ધડાકાની તીવ્રતા ગજબ હતી, પણ એ આર્ટિલરી ફાયર ન હતો. તેણે વેરેલી આગનો લિસોટો ય પ્રચંડ હતો તો ય એ મોર્ટારનું ફાયર ન હતું. તેને હજુ ય સમજાતું ન હતું કે એ વેપન કયું હતું.

અજાણ્યા વેપને વેરેલી ભયાવહ તારાજી તેણે નજરે નિહાળી હતી. કાંઠા પર લાંગરેલી ડિંગી ક્યાંય દૂર મઝધાર વચ્ચે ઊંધી પડીને તણાઈ રહી હતી. તેનો એકેય આદમી જીવતો ન હતો અને કેટલાંકનાં શરીર તો ઓળખી ન શકાય એટલી હદે ક્ષત-વિક્ષત્ થઈ ગયાં હતાં, જાણે કોઈએ તેમના શરીર સાથે આરડીએક્સ બાંધીને પલીતો ચાંપ્યો હોય!

કાળુંડિબાંગ અંધારું, માથા પર વરસી રહેલો ધોધમાર વરસાદ, ઉપરવાસમાંથી પહાડો વચ્ચે વળ ખાઈને ધસમસતો બ્રહ્મપુત્રનો વેગીલો પ્રવાહ અને 70-80 અંશના અણિયાળા ખૂણે અચાનક જ પલટી ખાતું વહેણ...

તરાપાઓનો પીછો કરી રહેલો ઉલ્હાસ એ વેપનના ડરથી જ ડિંગીની ઝડપ વધારતા ખચકાતો હતો.

નાઈટવિઝન બાયનોક્યુલરમાં નજર માંડેલી રાખવી, વેપન તૈનાત રાખવાં કે શરીરને સ્થિર રાખવું. ઉલ્હાસ અને તેના કમાન્ડો ભારે મુશ્કેલી અનુભવતા હતા.

આગળની ભૂગોળથી પોતે સદંતર અજાણ હતો. તરાપામાં ભાગી રહેલા લોકો માટે અહીંનો ચપ્પો-ચપ્પો ઘરના ફળિયા જેટલો પરિચિત જણાતો હતો. એવા જ

કોઈક વળાંક પર ધારો કે...

મનમાં ઊગેલી કલ્પનાથી જ ઉલ્હાસને કંપારી છૂટી ગઈ.

- તો આગળ કાંઠા પરના આદમીઓની માફક પોતે સૌએ પણ અહીં જ જળસમાધિ લેવાની થાય અને કોઈને ચાંગળું પાણી માંગવાની ય તક ન મળે.

તે મહામુશ્કેલીએ સંતુલન જાળવતો ઊભો થયો. આગળના બે આદમીને નીચે લપાઈને પોઝિશન લેવાની સૂચના આપી. ખભા પર સેલ્ફ પ્રોપેલ્ડ લોન્ચર ચડાવીને પોતે બરાબર વચ્ચે ગોઠવાયો. તેનું જોઈને સમાંતરે હંકારી રહેલી બીજી ડિંગીમાંય પોઝિશન બદલાવા માંડી એટલે ઉલ્હાસે ઈશારો કરી દીધો,

'ગિઅર અપ...'

તેની ધારણા કરતાં ય વધારે જીવસટોસટનો જંગ અહીં મંડાઈ ગયો હતો.

- પણ હજુ ય કેટલુંક એવું થવાનું હતું, જેની તેણે ધારણા કરી નહોતી.

કેસીનો વ્યૂહ

ડિંગીએ હજુ સ્પીડ કેમ વધારી નથી?

માશૂકાના પ્રણયગીતની તલ્લીનતાથી ડિંગીના એન્જિનની ભકભકાટી સરવા કાને સાંભળી રહેલો કેસી પણ ઉલઝનમાં હતો.

નદીના ત્રણ કારમા વળાંક પછી ચોથો વળાંક ખાસ્સા લાંબા અંતરે હતો. કાંઠા પર ઊતરેલાં

તાન્શી, રાઘવ વગેરે જો ડિંગીને રોકવામાં નિષ્ફળ નીવડે તો ડિંગીમાં આવતો કાફલો ચોથા વળાંક પહેલાં પોતાને આંતરી શકે. કેસીએ મનોમન ક્યાસ માંડી લીધો હતો, પણ ડિંગીની ઝડપ હજુ ય સ્થિર હતી એથી તેને નવાઈ લાગતી હતી.

શું ઉપરવાસમાં તેમણે બીજો કોઈ કાફલો તૈનાત રાખ્યો હશે અને તરાપાઓ તેમની રેન્જમાં આવે તેની રાહ જોવાતી હશે?

કે પછી તરાપાઓમાંથી કાંઠા પર કૂદી પડેલાં આદમીઓને તેમણે જોઈ લીધા હશે?

બેય ખભા પર વજનદાર સામાન અને હાથમાં કેપ્ટિવ ગન ઝાલીને પરાણે સંતુલન જાળવવા મથતા કેસીના ગોરા ચહેરા પર લાલઘૂમ મૂંઝવણ તરી આવી.

ચોથો, પાંચમો અને છઠ્ઠો વળાંક આવે ત્યાંથી બ્રહ્મપુત્રનો પ્રવાહ ક્રમશ: સાંકડા ઝરણાની માફક પહાડની ધાર પરથી નીચે ખાબકતો હતો. ભીષણ પછડાટ ખાઈને સડસડાટ ઢાળ ઊતરતા વહેણનો વેગ બેહદ તોફાની હતો. સદીઓથી પાણીની પછડાટ ખાઈ-ખાઈને નીચે ખાઈમાં બબ્બે માથોડાં ઊંડાં પોલાણ સર્જાઈ ગયાં હતાં. એ પોલાણમાંથી પસાર થતું વહેણ ભમ્મરિયો ચકરાવો મારીને નીચે ફંગોળાતું હતું.

ઘૂના તરીકે ઓળખાતા એ પ્રવાહમાં પડવાનું તરાપાઓનું તો ઠીક, મશીનબોટનું ય ગજું ન હતું.

ડિંગીઓ સાથે એ પહેલાં જ મૂઠભેડ થઈ જવી જોઈએ એવી કેસીની ધારણા ખોટી પડી રહી હતી. ચોથા વળાંકમાં પ્રવેશીને તેણે એકીટશે બ્રહ્મપુત્રના વેરાન, વિરાટ અને બિહામણા પટને ક્યાંય સુધી નીરખ્યા કર્યો. પછી અચાનક કશાક નિર્ણય પર આવ્યો હોય તેમ તરાપાની ઝડપ ઘટાડવા સૂચના આપી દીધી.

તાન્શીનો વ્યૂહ

આવનારા હુમલાખોરોએ બખોલમાં પ્રવેશીને મશાલ કે એવો કશોક ઉજાસ કરવાને બદલે સીધો ડીઝલનો કેરબો જ સળગાવ્યો હતો એટલે આ વખતે તાન્શી બરાબર સતર્ક હતી.

કાંઠાની સાવ લગોલગ બે આદમીઓને તેણે અડધા નદીમાં અને અડધા કાંઠાના ખડક પર એવી હાલતમાં લેટાવ્યા હતા. ડિંગી નજીક આવે એટલે એક આદમીએ ફૂલઝડી જેવો લાઈટ ક્લસ્ટર તીરછી દિશામાં સામેના કાંઠા તરફ ફંગોળવાનો હતો. તીરછી દિશામાં ફેંકાય એટલે તેમાંથી પ્રગટતી રોશનીને લીધી ડિંગીમાં બેઠેલા આદમીઓની આંખો અંજાઈ જાય એટલે તેઓ કાંઠા પર કોઈની હાજરી પારખી ન શકે, પણ કાંઠા પર લપાયેલા આદમીઓને ચંદ સેકન્ડ માટે ડિંગીનું લોકેશન આંખોમાં બરાબર વસી જાય.

લાઈટ ક્લસ્ટર ફેંકાય એ જ ઘડીએ કાંઠા પર લપાયેલા બીજા આદમીએ મનોમન 1, 2, 3, 4 એવી ગણતરી કરીને પાંચમો વિરામ આવે એ સાથે હવામાં સહેજ ઊંચેની તરફ ગ્રેનેડ ઉછાળી દેવાનો હતો.

ક્લસ્ટર ફેંકાયાનું ભાળીને ડિંગીમાં બેઠેલા લોકો કાંઠા તરફ બ્લાઈન્ડ ફાયર કરવા જ પ્રેરાશે. એ વખતે અચાનક ઊંચે હવામાંથી ફાટતો ગ્રેનેડ, ભલે નિશાન ચૂકી જાય તો પણ તેમને સ્તબ્ધ તો કરી જ દે.

મુક્તિવાહિનીના બીજા બે આદમીઓને તેણે કાંઠાથી સહેજ ત્રાંસમાં ગોઠવ્યા હતા. પોતે બીજા એક આદમીને લઈને કાંઠા પર ધસી આવેલી એક સાવ પાતળી, સીધી ધારની કરાડ પર લપકી હતી અને ત્વરિત, રાઘવને ડિંગી બરાબર તેમની સીધમાં આવે એવી પોઝિશન પર તૈનાત રાખ્યા હતા.

ગ્રેનેડ ફાટે એ સાથે ત્રાંસમાં ઊભેલા આદમીઓ પ્રકાશના શેરડા વચ્ચે પારખેલા ડિંગીના સ્થાન તરફ ત્રણ ફાયર કરે. તેમના પછી તાન્શી અને તેના આદમી ફાયર કરે. એ પછી ત્વરિત અને રાઘવ ગન ચલાવે. એમ કુલ નવ રાઉન્ડ ફાયર કરવાના હતા.

ડિંગીનો કાફલો સહજ પ્રતિક્રિયા તરીકે વળતું ફાયર કરશે જ. કહો કે, એ લોકોને ફાયર કરવા માટે ઉશ્કેરવા એ જ તાન્શીનો વ્યૂહ હતો. એ લોકો ફાયર કરે એટલે અવાજના આધારે તેમનું ચોક્કસ લોકેશન પારખીને કાંઠાની સાવ નજીક લેટેલા આદમીઓ ગ્રેનેડ ઝીંકવાના હતા. એ જ વખતે ત્રણ ટીમમાં વહેંચાયેલા તાન્શીના દરેક આદમીઓએ એકસામટો હલ્લો કરી દેવાનો હતો.

ક્લસ્ટર ફેંકાય એ પછી માંડ બે-ત્રણ મિનિટનો જ આ ખેલ હતો. જો એટલી વારમાં ડિંગીને કાબૂમાં ન લઈ શકાય તો પછી જોખમ ખડું થવાનું હતું.

- અને થયું પણ એમ જ.

*** *** ***

ભેંકાર અંધારામાં તરાપાઓ સ્પષ્ટ ભળાવાનો સવાલ ન હતો. નાઈટવિઝન બાયનોક્યુલરને ય નદીના તોફાની વહેણ અને તીવ્ર વળાંકની મર્યાદા અધકચરા બનાવી દેતી હતી. તરાપામાં ભાગી રહેલો કાફલો બધી રીતે ચડિયાતી સ્થિતિમાં હતો.

તેઓ આ વિસ્તારની ભૂગોળથી માહિતગાર હતા. વળી, કેપ્ટને ભાગી રહેલા લોકો વચ્ચે રહેલા પોલીસ અફસરને બચાવવાનો હતો એટલે આડેધડ ફાયર કરવાની સ્થિતિમાં એ ન હતો. જ્યારે તરાપાવાળા લોકો તો મરણિયા બન્યા હતા. એ તો ગમે તેમ અને ગમે તેવો વાર કરી જ શકે એ કેપ્ટને કાંઠાની હાલત પરથી પારખી લીધું હતું. વળી, એ લોકો એન્જિનના અવાજને લીધે ડિંગીનું સ્થાન પણ આબાદ પારખી શકે તેમ હતા.

પોતાની નબળાઈ અને સામેના કાફલાની ચડિયાતી સ્થિતિ પારખીને કેપ્ટને તરત નિર્ણય લીધો. પહેલાં તેણે ડિંગીની ઝડપ વધારી. પૂરપાટ વેગે ડિંગીને દસેક મિનિટ ભગાવી ત્યારે બેય ડિંગીમાં બેઠેલા લોકો માટે સંતુલન જાળવવું કષ્ટપ્રદ થઈ પડ્યું હતું. આમતેમ ફંગોળાતા જઈને એકમેકના સહારે પરાણે જકડાયેલા રહીને બે વળાંક પસાર કર્યા પછી અચાનક જ ઉલ્હાસે બેય ડિંગીનાં એન્જિન બંધ કરાવી દીધાં અને એન્જિનની ઘરઘરાટી શમે એ પહેલાં તો તેના જવાનોએ હલેસાં મારવાનાં શરૂ કરી દીધાં હતાં.

તરાપાઓ સુધીનું મહત્તમ અંતર કાપીને હવે તે પોતે પણ તરાપાઓની માફક હલેસાંના સહારે જ ફાંસલો કાપવા માગતો હતો. હાજરી છતી કર્યા વગર સાવ નજીક સરકીને તે પેલા અજાણ્યા હથિયારનો ભય ટાળવા મથતો હતો. તરાપો દેખાય એ સાથે જ ખભા પરથી દાગી શકાય એવો સેલ્ફ પ્રોપેલ્ડ બ્લાસ્ટ કરીને બેય તરાપાઓને ઊંધા વાળી દેવાનો તેનો વ્યૂહ હતો. એ વખતે જાનહાનિ થાય તો ભલે થાય. એ સિવાય બીજો કોઈ વિકલ્પ ન હતો અને ઉલ્હાસને અહિંસાનો એવો કોઈ મૂડ પણ ન હતો.

નદીનો બીજો મારકણો વળાંક હજુ પૂરો થાય એ પહેલાં અંધારઘેરી ક્ષિતિજ પરથી કોઈક ભેખડમાંથી ક્યાંક ચીબરી ઊડી હોય એવો કર્કશ, બિહામણો અવાજ થયો. ચોંકેલો ઉલ્હાસ કશું સમજે, તાગ મેળવે અને પ્રતિક્રિયા દાખવે એ પહેલાં આકાશમાં ડિંગીની બરાબર માથેથી કોઈકે ટોર્ચ સળગાવી હોય એવો ઉજાસ પથરાયો.

'લેટ જાવ...' લાઈટ ક્લસ્ટરની તરકીબ પારખીને તરત ઉલ્હાસે ત્રાડ નાંખી દીધી. ક્લસ્ટર વડે પોતાનું સ્થાન લોકેટ થાય એ સાથે જ હુમલો થશે એવું સમજી લેવું તાલીમબદ્ધ કમાન્ડો માટે

મુશ્કેલ ન હતું.

કેપ્ટને ત્રાડ નાંખી એટલી વારમાં તો ડિંગી પર બે પગ વચ્ચે માથું ઘાલીને જવાનોએ હલેસાંને એકધારાં એક જ દિશાએ વર્તુળાકાર ઘુમાવીને ડિંગીને જાણે ફુદરડી ફરતી હોય તેવા ચકરાવે ચડાવી દીધી.

ક્લસ્ટરનો ઉજાસ શમે અને કાંઠા પરથી ફેંકાયેલો ગ્રેનેડ ફાટે એ પહેલાં બંને ડિંગીનાં એન્જિન સ્ટાર્ટ થઈ ગયાં હતાં. ભેંકાર સન્નાટાની છાતીમાં પહેલાં રાઉસ થતા એન્જિનની ઘરઘરાટી ભોંકાઈ અને પછી તરત ભોંકાયો આગળની ડિંગીથી વીસેક ફૂટ દૂર હવામાં જ ફાટેલા ગ્રેનેડનો કારમો ધડાકો.

સૈકાઓથી નિસર્ગનું લીલુંછમ્મ મૌન ઓઢીને સમાધિએ ચડેલા જોગી જેવા બ્રહ્મપુત્રના કાંઠાના પહાડો એ દિવસે જાણે કારમું અટ્ટહાસ્ય કરવા લાગ્યા હતા.

હવામાં ગ્રેનેડ ફાટ્યો એ સાથે બે ઘટના બની.

બિરવા જેના પર સવાર હતી એ આગળની ડિંગીના કમાન્ડોએ એન્જિન રાઉસ થયું કે તરત ગિયરમાં નાંખી દીધું એટલે એ ડિંગી પૂરપાટ ચિચિયારી કરતી આગળની તરફ ભાગી. અહીં સુધી તો બધું લશ્કરી વ્યૂહ મુજબ બરાબર હતું, પણ ગ્રેનેડના ધડાકાએ ફેંકેલા છરા સુકાન સંભાળી રહેલા બેય કમાન્ડોના ચહેરા પર અને પડખામાં તીવ્ર વેગે ભોંકાયા હતા. તેમના હાથમાંથી પ્રોપેલરનો કન્ટ્રોલ અને સુકાન બેય છૂટી ગયાં, અને ડિંગીએ પૂરપાટ વેગે લગામ વગરની ઘોડીની માફક દોટ મૂકી દીધી.

ઉલ્હાસની ડિંગી ઘૂમરાટા ખાતી નદીની વિરુદ્ધ દિશાના પ્રવાહમાં ફસાઈ. એન્જિન ભારે બળપૂર્વક રાઉસ થઈને ગિયરમાં મુકાયું, પણ હલેસાંની ઘૂમરાટી બંધ કરવાના હોશ આવે એ પહેલાં ડિંગીએ મોટો ચકરાવો લઈ લીધો અને પછી સીધી કાંઠાની દિશામાં એન્જિન હણહણાવતી ધસી ગઈ.

તેનો ફાયદો એ થયો કે ગ્રેનેડ બ્લાસ્ટની સાથે જ શરૂ થયેલા ગોળીઓના ધડાકા નિશાન ચૂકી જવા લાગ્યા અને મહામુશ્કેલીએ સંતુલન જાળવવા મથતા ઉલ્હાસે અજાણતા જ ખભા પર તૈયાર રાખેલા સેલ્ફ પ્રોપેલ્ડનો બ્લાસ્ટ કરી નાંખ્યો.

ગ્રેનેડનો ધડાકો અને ફાયરિંગની ધણધણાટી પછી તરત ગાજી ઊઠેલા ભીષણ પ્રહારે પહાડીઓની વેરાન સ્તબ્ધતાને ખળભળાવી મૂકી હતી. રોકેટના ફાયરમાં કાંઠા પર લેટેલા બે અને તેમની સહેજ ત્રાંસમાં લપાયેલા બે એમ મુક્તિવાહિનીના ચાર ગેરિલાઓ ચીસ નાંખવાની પણ તક મળે એ પહેલાં જ મોતને ભેટ્યા હતા.

પોતે અજાણતા જ દાગી દીધેલા રોકેટના અવાજથી ઘડીભર ઉલ્હાસ પણ હેબતાયો. એ જ ઘડીએ સુકાન વગર ભાગતી ડિંગી કાંઠાના વિકરાળ ખડક સાથે અથડાઈને ત્યાં જ ઘૂમરાવા લાગી.

રોકેટના પ્રહારથી ડઘાયેલા રાઘવ, ત્વરિત અને તાન્શી પણ થીજી ગયાં હતાં, પણ પછી તરત પરિસ્થિતિ પારખીને તાન્શીએ એન્જિનના અવાજની દિશામાં બેફામ ધડાકા કરવા માંડ્યા. તેનું જોઈને ત્વરિતે ય ચટ્ટાનની બહાર લપકીને આખું મેગેઝિન ઠાલવી દીધું.

ચોક્કસ નિશાન વગરના એ ફાયરિંગમાં પણ આગળ બેઠેલો જવાન ઉથલી પડ્યો એ જોઈને ઉલ્હાસે અને બીજા કમાન્ડોએ વીજળીવેગે કાંઠા પર છલાંગ લગાવી અને લીલની ચીકાશથી ભરેલા કાંઠાના ખડકો પર જેમતેમ ક્રાઉલિંગ કરીને સલામત આડશ શોધી લીધી.

ઉલ્હાસની એક આંખમાં પોતાની ડિંગી અને તેમાં રહેલું એમ્યુનિશન સલામત હોવાનો હાશકારો હતો અને બીજી આંખમાં પારાવાર ઉચાટ હતો. ઘાયલ ઘોડીની માફક બેબાકળી બનીને અજાણ્યા પ્રવાહમાં આગળ ઘસડાઈ ગયેલી બીજી ડિંગી માટે, જેના પર બિરવા પણ હતી.

*** *** ***

ગ્રેનેડનો ધડાકો સાંભળ્યો એ સાથે કેસી સાબદો બની ગયો હતો.

તાન્શીના આદમીઓએ પોતાનું કામ આરંભી દીધું હતું. હવે ખરાખરીનો જંગ હતો. પોતે હવે પાંચમો વળાંક કાપવાના આરે હતો. અહીં પ્રવાહ બેહદ વેગીલો અને તોફાની હતો. તેણે જોયું હતું, સૌની સાથે પ્રોફેસર અને છપ્પન પણ બાવડા ફાટી જાય એટલું બળ કરીને હલેસાં મારવામાં જોતરાઈ ચૂક્યા હતા. હવે છઠ્ઠા વળાંકમાં પ્રવેશીને આગળ વધવું સર્વથા અશક્ય જ હતું.

ગ્રેનેડના ધડાકા સાથે તેણે તરાપાની ઝડપ ઘટાડવા સૂચના આપી. ફક્ત અવાજના આધારે તેણે તારણ કાઢવાનું હતું. દૂર કાંઠા પર મચેલો જંગ દાયકાઓથી ચાલતા તિબેટની આઝાદીના જંગ માટે નિર્ણાયક બનવાનો હતો, તેની વક્રતા તેના ચહેરા પર તીવ્રપણે અંકાઈ રહી હતી.

અચાનક તેના કાન સરવા થયા.

પાછળથી કશોક તીણો, કર્કશ અવાજ વધુ વેગ પકડી રહ્યો હતો. પવનની દિશામાં કાન માાંડીને તે તરાપાની સમાંતરે આડો પડી ગયો.

હા, એ એન્જિનનો જ અવાજ હતો. તેણે માથું ધુણાવી નાંખ્યું. પૂરપાટ વેગે ડિંગી આ તરફ આવી રહી હતી. મતલબ કે, તાન્શીના આદમીઓના પ્રહારો છતાં ડિંગી ચકમો આપવામાં સફળ નીવડી હતી.

હવે?

તેણે બહાવરી આંખે પોતાની સ્થિતિનું ફરીથી આકલન માંડી દીધું. બીજા તરાપા પર સવાર હિરન પણ પાછળ આવતો અવાજ ડિંગીનો જ હોવાનું પારખીને આતુર આંખે કેસીના હુકમની રાહ જોતી છેક નજીક ધસી આવી. ગમે તેમ કરીને હવે અહીં સામનો કરવો જ પડશે. જેમ જેમ આગળ જવાનું થશે તેમ પ્રવાહનો વેગ અને દિશા બેફામ બનતા જવાના છે. કાંઠા સુધી પહોંચવાના ય ફાંફાં પડી જશે.

ડિંગીનો અવાજ હવે સાવ નજીક આવી રહ્યો હતો.

બેબાકળી ઝડપ અને પ્રવાહની અણધારી ઉછળકૂદ વચ્ચે બિરવા ડિંગીની વચ્ચોવચ ફસકાઈ પડી હતી. પાછળની હરોળના કમાન્ડો જેમતેમ કરીને સુકાન સંભાળવા મથતા હતા. હવે તરાપા સાવ નજીક જ હશે એમ પારખીને વચ્ચેની હરોળના કમાન્ડોએ ગન ધણધણાવવા માંડી હતી.

ગનના ધડાકા પારખીને કેસીએ બેય તરાપાને કાંઠાની શક્ય તેટલા નજીક લઈ જવા ઈશારો કર્યો. હજુ ય તે રેન્જમાં ન હતો, પણ રેન્જમાં આવે એ પહેલાં તેણે સલામત મોરચો લઈ લેવો જોઈએ.

સાવ નજીક આવી ગયેલી ડિંગી હજુ સ્પીડ કેમ નથી ઘટાડતી, હજુ ય તેમાંથી ફાયર કરી રહેલાં આદમીઓ વ્યવસ્થિત નિશાન કેમ તાકી શકતા નથી તેની હિરનને ય તાજુબી થતી હતી.

તોફાની હિલોળા વચ્ચે પછડાતી ડિંગીના ઓળા પારખીને કેસીના મગજમાં ઝબકારો થયો.

'ઝુર્કા વેલાઆઆઆઆ...' હિરનના તરાપાને પાછળ ખસવાનો ઈશારો કરતાં તેણે મોટા અવાજે ત્રાડ નાંખી દીધી, 'ઝુર્કા વેલા... રસ્તો કરી આપો... તેનું સુકાન કદાચ કબૂમાં નથી...'

કેસીની ત્રાડ સાથે જ બેય તરાપામાં પારાવાર તાકાત વાપરીને હલેસાં વીંઝાવાં લાગ્યાં. બેય તરાપાની વચ્ચે ખાસ્સી જગ્યા થઈ અને ભીષણ અંધારામાં કારમી ચિચિયારી નાંખતી મુદ્દલ રબ્બરની બનેલી તકલાદી ડિંગી ઘવાયેલા બેલગામ ઘોડાની માફક પસાર થઈને બ્રહ્મપુત્રના એવા પ્રવાહમાં પ્રવેશી ગઈ, જ્યાં આવી મામૂલી હોડી લઈને પ્રવેશવું એ આત્મહત્યાનું સમાનાર્થી ગણાતું હતું.

*** *** ***

આડશમાં લપાયેલા કેપ્ટને તાન્શીની ધારણા કરતાં ય વધુ ઝડપથી તેને લોકેટ કરી લીધી હતી. ડિંગીમાંથી છલાંગ લગાવતી વખતે તેની બરાબર પાસેના ખડક પર સાવ ઊભી ગોળી વછૂટી હતી અને પથ્થરનો મોટો ગચ્ચો ઉખડ્યો હતો. ગોળીની દિશા અને વેગ જોતાં એ સાવ સામેની કરાડ પરથી જ છૂટી હોવી જોઈએ એમ ધારીને ઉલ્હાસે એ દિશામાં બે રાઉન્ડ ફાયર કર્યા. કારમા અંધારા તળે ખડકના પોલાણમાંથી આકાશનો થોડોક, જરાક અમથો ઉજાસ દેખાતો હતો ત્યાં કશોક ઓળો પારખીને તેણે તરત ટ્રિગર દાબી દીધું. એ સાથે બિહામણો ચિત્કાર સંભળાયો અને પાણીમાં કશોક છપાકો બોલી ગયો. કોઈક કરાડ પરથી નીચે ઝીંકાયું હતું.

એ તાન્શીની સાથેનો આદમી હતો.

તાન્શી માટે કરાડ પર લટકવું હવે બેહદ જોખમી હતું. કેળવાયેલા કાચિંડાની માફક પહાડના રંગથી ઓઝલ થયા વિના એ વિરુદ્ધ દિશાએ નીચે ઊતરી અને ત્વરિત-રાઘવની તરફ લપકી.

એન્જિન બંધ થયા પછી ત્વરિતને હવે લોકેશન પરખાતું ન હતું. એ જોખમ ઉઠાવીને બહાર નીકળ્યો એ જ વખતે કમાન્ડોએ તેની દિશામાં મશીનગન ધણધણાવી નાંખી એટલે તેણે ય પારોઠનાં પગલાં ભરવાં પડ્યાં. મશીનગનના અવાજના આધારે ત્વરિત-રાઘવનું લોકેશન પારખીને તાન્શી આગળ વધી એ જ વખતે ઉલ્હાસના બીજો ફાયર ગાજી ઊઠ્યો. તાન્શીના માથા પરથી પસાર થયેલી બુલેટ ઉપરના ખડક સાથે ઝીંકાઈ અને ખડકનો વજનદાર પથ્થર તેના પર પછડાયો.

પ્રતિકારની કે પ્રતિક્રિયાની કોઈ તક મળે એ પહેલાં તાન્શી ત્યાં જ બેહોશ થઈ ગઈ.

તાન્શી પર છૂટેલી ગોળી અને તેના પર ઝીંકાયેલો વજનદાર પથ્થર એ બધું જ રાઘવ-ત્વરિતે આડશમાંથી જોયું હતું.

બેયનાં મોં પર પારાવાર તંગદિલી તરી આવી. આડશમાંથી ડોકું કાઢવું ય બેહદ મુશ્કેલ હતું તો ય રાઘવે ભારે જોખમ ઉઠાવીને ક્રાઉલિંગ કરી લીધું અને એ જ રીતે હિપ ક્રાઉલ કરીને તાન્શીને ઉઠાવી લાવ્યો.

'આપણાં બીજા આદમી કેમ ફાયર નથી કરતાં?' પોતાની દિશાએ થતું ફાયરિંગ અટકતું ન હોવાથી ત્વરિત અકળાઈ રહ્યો હતો.

'એ બધા જ મરી પરવાર્યા છે...' રોકેટ પ્રોપેલરના ધડાકા સાથે જ ચૂપ થઈ ગયેલી બંદૂકોના આધારે રાઘવે અંદાજ માંડ્યો હતો.

'તો હવે?' ત્વરિતનો અવાજ બેબાકળો થઈ રહ્યો હતો.

'હવે...' રાઘવે ઊંડો શ્વાસ લીધો અને ઉમેર્યું, 'એક જ રસ્તો બચે છે.'

*** *** ***

આકાશમાંથી વરસાદની ધાર સાથે કાળુંમેંશ અંધારું વરસી રહ્યું હતું. માથા પર ગાજતા ગોળીઓના સનકારા તોતિંગ ખડક સાથે અથડાઈને ચોમેર ઝીણી કરચો અને મોટા ગચ્ચાઓ ઉડાડતા જતા હતા. સામા છેડેથી ચંદ સેકન્ડનું મૌન પથરાયું એટલે કેપ્ટન ઉલ્હાસના કેળવાયેલા દિમાગે પોતે આક્રમણની સ્થિતિમાં હોવાનો અંદાજ માંડી દીધો હતો. તેના તાલીમબદ્ધ કમાન્ડોને વ્યૂહ રચવા માટે આદેશની ય જરૂર ન હતી.

ઉલ્હાસે ત્રણ અલગ અલગ દિશાએ મોરચો બાંધીને ગોળીઓ છોડવા માંડી, પણ હવે તેને સામા છેડેથી ફાયર થાય તેની પ્રતીક્ષા હતી, કારણ કે તો જ એ દિશા નક્કી કરી શકે તેમ હતો.

ચહેરા પર વીંઝાતી વરસાદની વાછટ, ખડક પર બાઝેલી માટીને ઓગાળીને નીચે કાંઠા ભણી ઉતરતા પાણીના રગેડા, કાંઠા પર ફસકાઈને હાલકડોલક થઈ રહેલો ડિંગીનો બિહામણો ઓળો અને ગણતરીની બે કે ત્રણ મિનિટમાં જ કારમા ધડાકાઓ પછી ભેંકાર કાંઠા પર તરફડી રહેલો વાંઝિયો સન્નાટો...

પોતાના પ્રહારથી નુકસાન તો થયું છે, પણ કેટલાં આદમી માર્યા ગયા અને કેટલાં હજુ ક્યાં લપાયા છે તેનો હજુ ક્યાસ નીકળતો ન હતો.

કેપ્ટને ઈશારો કર્યો એટલે તરત ભેખડની આડશમાંથી બે કમાન્ડો બહાર નીકળ્યા અને ક્રાઉલિંગ કરતા ઉપરની તરફ આગળ વધ્યા. સાધારણ સંજોગોમાં આવી આગેકૂચ વખતે કવર ફાયર આપવું પડે, પણ ખોટી દિશાએ ફાયર કરીને ઉલ્હાસ તેમને પોતાની દિશાહીનતાનું ભાન થવા દેવા માંગતો ન હતો.

આગળ વધેલા બંને કમાન્ડોનો ઈશારો થયા પછી બીજા બે એમ ત્રણેય મોરચા ઉલ્હાસે પહાડના ઢોળાવ પર કાંઠાથી લગભગ દસેક મીટર ઉપર ખસેડ્યા. ભેંકાર અંધારા વચ્ચે પહાડની દરેક દિશામાં તેણે તાણી-તાણીને નજર ફેંકી, પણ ક્યાંય જરાક સરખો ય સંચલ દેખાતો ન હતો.

કેપ્ટનની મૂંઝવણ વધી ગઈ. પહેલા પ્રહારમાં જ બધા ઢેર થઈ ગયા હતા કે શું? અડધી મિનિટ માટે તેણે દરેક દિશાએ તાક્યા કર્યું અને પછી ખભા પર બાંધેલા બેકપેકમાંથી ગ્રેનેડ કાઢ્યો. પાંચ સેકન્ડ પછી પહાડીની દરેક દિશા કારમા ધડાકાથી ગાજી ઊઠી.

*** *** ***

'હજુય તક છે.. તું ભા...' રાઘવનો શબ્દ તેના ગળામાં જ રહી ગયો અને ભીષણ ધડાકાથી ઊડેલી ભીની, ચીકણી મુરમ તેમજ ગંદા પાણીની વેગીલી છાલકે તેને પાછો ધકેલી દીધો. તેઓ લપાયા હતા એ કરાડની બરાબર આગળ જ ગ્રેનેડ ઝીંકાયો હતો.

'તેમણે આપણને લોકેટ કરી લીધા છે...' રાઘવે ચહેરા પર વાગેલી મુરમની કરચ ખંખેરતા દબાયેલા અવાજે કહ્યું, 'આપણે બે તેનો સામનો કરી શકીએ એ શક્ય નથી.'

'તો તું એકલો કરી શકીશ, એમ?' ત્વરિતને હજુ ય રાઘવનો વ્યૂહ સમજાતો ન હતો.

'અહીં રહીશું તો બધાં જ મરશું. બહેતર છે કે તાન્શીને ઉઠાવીને તું પહાડનો ઢાળ ચડી જા. ક્યાંક તને કેસી, હિરનનો ભેટો થઈ જ જશે. મીનવ્હાઈલ, હું આ લોકોને અહીં રોકી રાખું છું.'

'હું આ પહાડમાં પેદા નથી થયો કે...' ત્વરિતના અવાજમાં અવિશ્વાસ પણ હતો, '... આટલા અંધારામાં આવા અડાબીડ જંગલને વટીને એ લોકો સુધી પહોંચી શકું..'

'ઈટ્સ ડિફિકલ્ટ..' રાઘવે બેહોશ તાન્શીના ચહેરા, ગરદન અને પીઠ પર હાથ ફંફોસીને તેની

ઈજા તપાસતાં કહ્યું, ‘બટ નોટ ઈમ્પોસિબલ... તારે કાંઠાની સમાંતરે ચાલવાનું છે અને તાન્શીને ય ફક્ત મૂઢ માર જ વાગ્યો લાગે છે. એ પહાડમાં ઉછરેલી લડાયક છોકરી છે. એ હોશમાં આવશે પછી તને વાંધો નહીં આવે.’

‘તો પછી તું તાન્શીને લઈને ઉપર કેમ ન જાય?’ ત્વરિત હજુય રાઘવ પર ભરોસો કરી શકતો ન હતો, ‘હું રોકી રાખીશ એ સૌને, અને તું કેસી, હિરનની મદદ લઈને અહીં આવે એમ પણ થઈ શકે ને?’

‘યુ કાન્ટ ફાઈટ વિથ ધેમ.’

‘વ્હાય? વ્હાય નોટ? હું પણ ટ્રેઈન્ડ શૂટર છું. ભલે તારા જેટલો કેળવાયેલો નથી, પણ હું ય ગન ચલાવી જાણું છું.’

‘ઈટ્સ નોટ પ્રેક્ટિસ ફ્લોર યાર...’ ત્વરિતની એકધારી દલીલોથી રાઘવ હવે છંછેડાયો હતો, ‘ઈટ્સ વોર ફ્રન્ટ... ઈટ્સ ડ્યુઅલ.’

‘ખુબરાનો જંગ પણ પ્રેક્ટિસ ફ્લોર ન હતો...’

‘ધે વિલ કિલ યુ...’ રાઘવના અવાજમાં હવે રીતસરની કાકલૂદી ભળી હતી.

‘... અને તને નહીં મારી નાંખે? તું સામે ગન ચલાવીશ એટલે તને હારતોરા કરશે?’

‘એઝ આઈ સેઈડ...’ રાઘવે ઊંડો શ્વાસ લીધો અને આખરી કોશિશ માંડી, ‘એ લોકો મારી તલાશમાં આવ્યા છે...’

‘યાહ્...’ ત્વરિતનો અવાજ હવે બદલાયો, ‘એ તારી ગદ્દારી છે...’ આટલી તંગદિલી વચ્ચે ય ઉશ્કેરાટમાં તેણે ભોંય સાથે પગ પટકી દીધો, ‘સીધી રીતે સ્વીકારી લે કે તારે એમની સાથે છટકી જવું છે અને અમને સૌને સપડાવી દેવા છે’

ત્વરિતના સીધા જ પ્રહારથી બંને વચ્ચે ઘડીભર મૌન પ્રસરી ગયું. ઉશ્કેરાટભેર તેને જોઈ રહેલો રાઘવ નીચે ઝૂક્યો. તાન્શીની કિટમાંથી વધારાનું એમ્યુનિશન, ગ્રેનેડ અને ગન તેણે ઉઠાવ્યાં અને કહ્યું,

‘મારે જવું નથી...’ ત્વરિતની સાવ નજીક જઈ તેની આંખમાં આંખ પરોવીને દૃઢ અવાજે ઉમેર્યું, ‘... અને તમને સૌને જવા દેવા છે.’

‘એટલે? યુ મીન...’ ત્વરિતના અવાજમાં અચંબો હતો, ‘ઘડીક પહેલાં શાંગરામાંથી નીકળતી વખતે તું મને નાસી જવા સમજાવતો હતો અને અચાનક...’

‘એ ઘડી અને આ ઘડી વચ્ચેથી બીજી ઘણી ઘડી પસાર થઈ છે...’ નિર્જન અંધારા વચ્ચે ય રાઘવની આંખોનો ચમકારો ત્વરિતને ભળાતો હતો, ‘અને આંખ ખૂલવા માટે એક ઘડી પૂરતી હોય છે.’

*** *** ***

શરૂઆતમાં તો કોઈને સમજાયું નહીં કે ડિંગી અચાનક પૂરપાટ વેગે કેમ ભાગી રહી છે.

સુકાન સંભાળતા આદમીના ચહેરા પર ગ્રેનેડની ધારદાર કરચ સોંસરવી નીકળી ગઈ હતી અને બીજા આદમીને પડખામાં ઘા વાગ્યો હતો. આગળની હરોળના બેય જવાનો ઘવાયા હતા. પણ બિહામણા અંધારું, બ્રહ્મપુત્રનું તોફાની વહેણ અને પૂરપાટ વેગે હાલકડોલક થઈને ભાગતી બે-લગામ ડિંગી... એ સ્થિતિમાં કોઈને એકમેકની ખબર લેવાના હોશ ન હતા.

સુકાન સંભાળવા એક આદમી વચ્ચેથી ઊભો થયો એ જ વખતે ડિંગી એક ધારદાર વળાંક પર

કાંઠાની નજીક સરકીને ખડક સાથે તીરછી અથડાઈ. અથડામણની પછડાટથી સંતુલન વગરનો એ જવાન ઉછળીને નદીમાં ઝીંકાયો.

તરાપા નજીક આવતા હોવાનું ધારીને, આ હાલતમાં ય સતર્ક રહેવા મથતા જવાનોએ બેફામ ફાયરિંગ તો ચાલુ કરી દીધું, પણ આંધળા ગોળીબારથી કોઈ હેતુ સરવાનો ન હતો.

અંધારી રાત, સાંકડા પટમાં સામેથી ધસમસતું આવતું નદીનું વહેણ, બંને દિશાએથી ઝળુંબતા કાળમુખા પહાડોના તોતિંગ પડછાયા અને બિરવાના ગળામાંથી ફાટી રહેલી ચીસ...

કેસીએ સમયસૂચકતા દાખવીને બેય કાંઠા તરફ ખસેડી લીધેલા તરાપાઓ ક્યારે પસાર થઈ ગયા તેનો ય કોઈને ખ્યાલ ન આવ્યો અને ઉપરવાસના ઘાતકી વળાંક પર ડિંગીએ પહેલો ઉથલો માર્યો એ સાથે ડાબી તરફ ઝળુંબતો વધુ એક આદમી નદીમાં ફેંકાયો.

'મેડમ લાઈફજેકેટ સમ્હાલો...' વચ્ચેના હૂડ પર ઢીંચણભેર સરકીને સુકાન તરફ લપકવા મથતા જવાને જોરથી બૂમ પાડી.

ડિંગી જરાક કાંઠા તરફ ફંટાય તો કૂદકો મારીને હજુય બચી શકાય તેમ હતું. ચુસ્તતાના આગ્રહી ઉલ્હાસે મુસાફરીની શરૂઆતથી જ સૌને લાઈફજેકેટ પહેરાવ્યાં હતાં. બે આદમી ઉથલી પડ્યા હતા અને નદીનું વહેણ વધુ ભયજનક બન્યું હતું. હોડીમાં હવે બે જવાન અને બિરવા હજુ હોશમાં હતાં.

હૂડ પર સરકવા મથતો જવાન હજુ સુકાન કે એન્જિનના નોબ તરફ હાથ લંબાવે એ પહેલાં જ ડિંગી એક ઘૂનામાં પ્રવેશીને ગોળ-ગોળ ઘૂમરાવા લાગી એ સાથે સહુનો સાદ ફાટી ગયો. જો અહીં ઘૂનામાં જ પછડાવાનું થાય તો લાઈફજેકેટ પણ કશા કામનું ન હતું.

મહાપરાણે સંતુલન જાળવી રહેલા એ જવાને હૂડ પર લેટેલી હાલતમાં જ હાથ ફંફોસીને ફરકડીની માફક ઘૂમરાઈ રહેલો પ્રોપેલરનો દાંડો પકડ્યો, પણ નીચે પ્રોપેલરનો કચ્ચરઘાણ કાઢી રહેલા વમળનું જોર એટલું પ્રબળ હતું કે શી વાતે ય દાંડો હાથમાં રહેતો ન હતો. છાતીમાં ઊંડો શ્વાસ ભરીને એ જવાન કમરને હૂડ સાથે જોડેલી રાખીને ધડમાંથી ઊંચકાયો અને ધનુરાસનની મુદ્રામાં બેય હાથે મજબૂતીથી પ્રોપેલરનો દાંડો પકડ્યો ત્યારે માંડ એન્જિનનો ઘૂઘવાટ કાબૂમાં આવ્યો.

પ્રોપેલરની ઘૂમરાટી તો કાબૂમાં આવી, પણ એન્જિન હજુ ય ધણધણતું હતું. જો ડિંગી હજુ ય આગળ વધે તો વમળનો ચકરાવો ડિંગીને ફુલસ્પીડમાં ફરતા પંખાની માફક ફેરવીને ક્યાંય ફંગોળી નાંખે. મરણિયો બનેલો એ જવાન પ્રોપેલરના દાંડાના ટેકે જ હાથ ભીડીને કમરમાંથી ઊંચકાયો. આખાય શરીરનું વજન તેણે દાંડા પર ભીંસીને એક હાથ છૂટો કર્યો અને એન્જિનનો નોબ ખેંચ્યો ત્યારે માંડ એન્જિન બંધ થયું.

ડિંગી જરાક સ્થિર થઈ એટલે બીજો જવાન અને બિરવા ય તેની મદદમાં જોડાયાં. કમરે બાંધેલું દોરડું પ્રોપેલરના દાંડા સાથે મજબૂતીથી બાંધીને તેના સહારે પહેલાં બિરવા પાણીમાં ઊતરી, પછી બેય જવાને પણ વમળના ચકરાવા ભણી ડિંગીને ખેંચાતી છોડીને નદીમાં ઝંપલાવી દીધું.

બાર-પંદર મીટરના દોરડાના સહારે ગમે તેમ કરીને ઘૂનો પસાર કર્યા પછી લાઈફજેકેટ વડે જિંદગીનો આ ભયાનક અનુભવ પાર કરી જવાની તેમની ગણતરી હતી.

*** *** ***

કેસીએ ફાટી આંખે એન્જિન ધણધણાવતી ડિંગીને ઉપરવાસ ભણી ધસી જતી જોયા પછી બેય તરાપાને ડાબી તરફના કાંઠે જ થંભાવી દીધા હતા. અહીંથી આગળ વધવું એટલે મોતના

મુખમાં પ્રવેશવા બરાબર હતું.

કાંઠા પર માલસામાન અને આદમીઓને ઉતાર્યા પછી તરત તેણે હિરન સાથે મસલત કરી લીધી.

હિરન, પ્રોફેસર સહિતનો કાફલો ડેવિલ્સ બેડ તરફ આગળ વધે અને પોતે બે ચુનંદા આદમીઓ સાથે તાન્શીના કાફલાની સહાયતા માટે પહાડના રસ્તે પાછો ફરે એવી તેની ગણતરી હતી.

ડેવિલ્સ બેડ એ ભારત અને તિબેટની સરહદને જોડતો છેલ્લો પહાડ હતો. લગભગ દોઢસો મીટરના પથરાવામાં સમથળ પલંગ જેવો ભાસતો હોવાથી સ્થાનિકો તેને દૈત્યની પથારી તરીકે ઓળખતા. 1962ના યુદ્ધમાં ચીની સૈન્ય ડેવિલ્સ બેડ ઓળંગીને તવાંગ સુધી પહોંચ્યું એ પછી પહેલી વાર ભારતને સરહદના આ ભેંકાર વિસ્તારનું વ્યૂહાત્મક મહત્ત્વ સમજાયું હતું. એ પછી લગભગ પંદર-વીસ વર્ષ સુધી અહીં સીમાસુરક્ષા દળની હથિયારબંધ ચોકીઓ રહી.

ભારતને ગેરમાર્ગે દોરવાની ચીનની એ આબાદ ચાલ હતી. હકીકત એ હતી કે અડાબીડ જંગલ, તોતિંગ પહાડો અને ખાસ તો બ્રહ્મપુત્રના અત્યંત તોફાની વહેણ પાર કરીને આ રસ્તે આખા સૈન્યને આગળ વધારવું બેહદ મુશ્કેલ હતું. ફક્ત ભારતનું ધ્યાન અહીં ખેંચીને સરહદના બીજા સરળ મોરચે છીંડું પાડવાનું ચીનનું કારસ્તાન હતું.

બે દાયકા સુધી ભારતે સરહદનો આ પટ્ટો ચુસ્ત બનાવ્યો ત્યાં ચીને ત્સે-લા અને પોશિંગ-લાના નિર્જન પહાડોમાં છીંડાં પાડી દીધાં. 1993માં દેશ જ્યારે બાબરી મસ્જિદ ધ્વસ્ત થયા પછીનાં રમખાણોમાં ગરકાવ હતો ત્યારે ચીને ત્સે-લા, પોશિંગ-લાના રસ્તે સૈન્ય મોકલીને અરુણાચલનો વિસ્તાર દબાવવા માંડ્યો.

એ હકીકત ધ્યાનમાં આવ્યા પછી ભારતે ફરીથી ભૂલ સુધારી. હવે ભારતીય દળોનું મુખ્ય ધ્યાન ત્સે-લા વિસ્તારમાં મંડાયેલું રહેતું હતું અને ડેવિલ્સ રોક વિસ્તારમાં હેલિકોપ્ટર વડે અઠવાડિયે એકાદ રાઉન્ડ મારવાનો ધારો પડી ગયો હતો. ચોમાસામાં તો એ ઉપરછલ્લી હવાઈ પહેરેદારી ય બંધ થઈ જતી હતી.

શિયાળામાં ભુતાનના પગરસ્તે લ્હાસા ભણી સંપર્ક રાખતા મુક્તિવાહિનીના ગેરિલાઓ મોટી ઘૂસણખોરી માટે ચોમાસાની રાહ જોતા કારણ કે આ રસ્તો ઘૂસણખોરી માટે સૌથી સલામત હતો.

ડેવિલ્સ બેડ ઊતર્યા પછી લગભગ ત્રણેક કિલોમીટર સુધી ઊંડી, લીલીછમ્મ ખાઈ આવતી હતી અને ખાઈ ઓળંગ્યા પછી તિબેટની પહાડી બંજર જમીનનો આરંભ થતો હતો. ભારતે ચોકી ખસેડી લીધી એ પછી ચીન પણ અહીં બેધ્યાન હતું.

હિરન, પ્રોફેસર અને ઝુઝાર, છપ્પન સહિતના કાફલાએ ડેવિલ્સ બેડ પહોંચીને કેસી વગેરેની રાહ જોવાની હતી.

*** *** ***

એક જ ડિંગી ઉપરવાસ ભણી ફેંકાઈ હતી મતલબ કે બીજી ડિંગીના આદમીઓને તો તાન્શીની ટીમે રોક્યા જ હતા. પહાડછોરુ જેવા કેસી અને તેના મરજીવાઓએ ચટ્ટાન પર પહોંચ્યા પછી રીતસર દોટ મૂકી હતી. કાંઠાથી તેઓ ખાસ્સા ઉપર હતા એટલે હવે નીચે ધડાકા થાય તો પણ તેમને સંભળાવાના ન હતા.

અંધારું, લપસણા ખડક કે જંગલની ગીચતા વચ્ચેથી રસ્તો કરતા જઈને તેઓ આગળ ધસી રહ્યા હતા અને અચાનક સૌથી આગળના આદમીએ રોકાઈ જવાનો સંકેત કરી દીધો. વરસોની

આદત અને સઘન તાલીમને વશ એ દરેકે તરત ઝિગઝેગ પેટર્નમાં જમીન પર લેટીને પોઝિશન લેવા માંડી. દૂર કશીક હલચલ હતી. કોઈકનાં પગલાંનો અવાજ સંભળાતો હતો. આ રસ્તે, આવા વખતે આવનારા લોકો પોતાના જ હોય તેવી ખાતરી છતાં અકારણ જોખમ લેવાનો કેસીનો સ્વભાવ ન હતો.

જમીન પર ક્રાઉલિંગ કરીને તેઓ એક ઊંચા ઢાળ પર પહોંચ્યા ત્યારે સહેજ નીચાણમાં વિચિત્ર આકારનો ઓળો વર્તાયો. તેની આગળ વધવાની સ્પીડ અત્યંત ધીમી હતી. ક્ષિતિજ અને જમીન વચ્ચેના નૈસર્ગિક રંગફેરમાં વર્તાતી તેની છાયા પણ કઢંગી લાગતી હતી. ગન તૈનાત કરવાનો આદેશ આપીને કેસી ધ્યાનથી તેને નીરખતો રહ્યો અને થોડી જ સેકન્ડમાં તેના મોંએથી ડચકારો નીકળી ગયો.

એક આદમી કોઈકને જેમતેમ ખભા પર ઊંચકીને ધોધમાર વરસાદ વચ્ચે મહાપ્રયત્ને પહાડનું આકરું, લપસણું ચઢાણ ચઢવા મથતો હતો...

એ ત્વરિત હતો.

*** *** ***

પેન્ટના નેફામાં ગ્રેનેડ અને શર્ટની ઝોળીમાં મેગેઝિન્સ ખોસીને રાઘવે ઘડીક માટે આંખ બંધ કરી. તેની બંધ આંખોની ભીતર બહુરંગી છાયામાં ઝિલમિલાતો દૃશ્યપટ ઉપસી રહ્યો હતો.

ડિંડોરીના દેવાલયમાં મૂર્તિ ચોરાઈ એવી ફરિયાદ મળી ત્યારે જ તેના એસપીએ તેને ટોક્યો હતો. મંત્રીજીનો વિસ્તાર છે માટે ઉપરછલ્લી તપાસ કરવાની છે એવી સ્પષ્ટ સૂચના છતાં તે ઊંડો ઊતર્યો હતો.

દુર્ગાશંકર શાસ્ત્રીએ ય તેને વાર્યો હતો.

'નાહં મન્યે સુવેદેતિ નો ન વેદેતિ વેદ ચ...'

તેના કાનમાં શાસ્ત્રીજીનો સહેજ ધ્રૂજતો સ્વર સંભળાઈ રહ્યો હતો. તેની ગરદન આપોઆપ સહેજ ઝૂકી ગઈ અને ચહેરા પર હતાશ સ્મિત ઊભરી આવ્યું.

બંધ આંખોની ભીતર તેને શાસ્ત્રીજી કહી રહ્યા હતા, 'જો હું એમ કહું કે હું જાણું છું તો હું ખોટો છું અને જો એમ કહું કે હું નથી જાણતો તો ય હું જૂઠું બોલું છું. એ શાસ્ત્ર, એ વિદ્યા, એ પંથ, એ ઉપાસના છે એ મને ખબર છે, પણ મને એ ય ખબર છે કે એ મારા માટે નથી. એ તારા માટે પણ નથી...'

ત્યારે જ તેણે અટકી જવું જોઈતું હતું. નીચે જોઈને તેણે ગરદન ધુણાવી નાંખી.

હરિયાણાના પેલા ઈન્સ્પેક્ટર અહલાવતે તો કેસ સોલ્વ કરવાનો આસાન રસ્તો ય તેને બતાવી દીધો હતો, પણ એ ય તેને જચ્યું ન હતું.

ફરજ... તેના ચહેરા પરનું સ્મિત વધુ પહોળું થયું અને આદતવશ ગૌરવભેર યુનિફોર્મના સ્ટાર જડેલા હોય એ શોલ્ડર બ્લેડ પર તેણે હાથ પસવારી દીધો.

શું માત્ર અને માત્ર ફરજની સભાનતાને લીધે જ તે આવડું મોટું જોખમ ઉઠાવવા પ્રેરાયો હતો?

તેનું જાગૃત મન સતત ફરજપરસ્તીનું ગાણું ગાતું હતું, પણ તેના અજાગૃત મનને બરાબર ખબર હતી કે, વામમાર્ગની ઉત્સુકતાનો દોરવાયો જ તે અહીં સુધી ધસી આવ્યો હતો.

દૂબળીએ તેનું માનસ બરાબર પારખ્યું હતું.

'મને બરાબર ખબર છે, એક વાર આ વામપંથીના ચક્કરમાં પડે એ માણસ તેનાથી પીછો છોડાવી શકતો નથી. તું પણ મારી માફક પોઈન્ટ ઓફ નો રિટર્ન સુધી આવી ચૂક્યો છે.'

એ છેલ્લી તક હતી.

- અને ત્યાંથી ય એ પાછો ન વળ્યો એટલે હવે...

બહાર શરૂ થયેલા એકધારા ફાયરિંગથી તેની તંદ્રા તૂટી. એ લોકો ખાસ્સા આગળ વધી ગયા લાગે છે. ફાયરિંગના અવાજની તીવ્રતાના આધારે રાઘવે મનોમન અંતરનો ક્યાસ કાઢ્યો. આડશમાંથી બહાર નીકળીને સૌથી પહેલાં તેણે ગ્રેનેડનો બ્લાસ્ટ કરવાનો હતો. તેને પાક્કી ખાતરી હતી કે તેણે એકસાથે ત્રણ કે ચાર દિશાએથી થતા હુમલાને ખાળવાના છે. ઓછામાં ઓછા એક કલાક સુધી આવનારા લોકોને તેણે અહીંથી ચસકવા નથી દેવાના.

બહુ જ મુશ્કેલ હતું, પણ તે હવે પારાવાર મક્કમ હતો. તેના કારણે જ અહીં સુધી પીછો કરીને આવી ગયેલા લોકોને તેણે જ હવે આગળ વધતા રોકવાના હતા.

તેણે ફેફસાંમાં ઊંડો શ્વાસ ભર્યો એ સાથે તેનાં જડબાં તંગ થયાં. શરીરને ધનુષની પ્રત્યંચાની માફક ખેંચીને તેણે નિર્ધાર દૃઢ કર્યો અને આડશમાંથી બહાર આવીને જ્યાં સૂઝ પડી ત્યાં ત્રણ

ગ્રેનેડ ઝીંકી દીધા.

સતત આડશ બદલતા રહીને ફાયર કરતા જવાનો તેનો વ્યૂહ હતો, જેથી અહીં અનેક લોકો હોવાનો ભ્રમ તે સર્જી શકે. ગ્રેનેડ ફેંકીને તેણે લાંબી ડાંફ ભરી અને ખાસ્સી પહોળી કરાડ કૂદી ગયો. ગ્રેનેડના ધડાકા હજુ શમે એ પહેલાં તેણે કરાડ પાછળથી બેય હાથ લંબાવીને અલગ અલગ દિશાએ ફાયર કરી નાંખ્યું.

મોરચા પર ખાસ્સો સમય શાંતિ પ્રવર્તી એટલે કેપ્ટન ઉલ્હાસ વહેમાયો જ હતો. જવાનોને આગળ વધતા રોકવા કે ફરીથી ફાયરિંગ જારી કરવું તેની કશ્મકશમાં એ કશો નિર્ણય લે એ પહેલાં અચાનક જ એ લોકોએ વળતો હુમલો કર્યો હતો.

રાઘવે ભલે આડેધડ ઘા કર્યા હતા, પણ એ પૈકી બે ગ્રેનેડ બરાબર નિશાન પર ઝીંકાયા હતા અને ઉલ્હાસના બે આદમી તેનો ભોગ બન્યા હતા.

ગ્રેનેડ ફેંકાવાની દિશા સમજાય એ પહેલાં ઉલ્હાસની પોઝિશનથી લગભગ 45 અંશના ખૂણેથી ફાયર થયા હતા. એ જ વખતે ઉલ્હાસની જમણી તરફનો તેનો એક આદમી ય વીંધાઈ ગયો હતો. રાઘવે ડાબા હાથે ચલાવેલી ગનનું એ પરિણામ હતું.

એ પછી ફરીથી ફાયરિંગ થયું. દિશા સહેજ ઉપરની હતી, પણ ગોળીઓ બે તરફ છૂટતી હતી. ફરીથી એવી જ પેટર્નમાં બે ગ્રેનેડ ઝીંકાયા.

ભરમાયેલા ઉલ્હાસે પહેલાં તો બે મોરચા રચીને ફાયરિંગનો ઓર્ડર આપ્યો, પરંતુ સામેથી થતા ફાયરની દિશા ઝડપભેર બદલાતી હતી. લગભગ અડધી કલાક સુધી નિયમિત અંતરે સામસામે ગોળીઓ છૂટતી રહી. સામેનો મોરચો ઊંચાઈ પર હતો. તેમને ક્ષિતિજના જરાતરા ઉજાસનો ય થોડોક લાભ મળતો હતો અને ઉલ્હાસને પહાડના કાળમીંઢ અંધારા વચ્ચે નિશાન તાકવાનું થતું હતું. પરિણામે તેના આદમી એક ડગલું ય ચસકી શકતા ન હતા.

ક્યાંય સુધી પહાડની નિર્જન સ્તબ્ધતા ગોળીઓની બૌછાર વચ્ચે સિસકતી રહી. ક્યાંય સુધી બેય પક્ષ એકબીજાને મચક આપ્યા વગર, પોતાનો મોરચો છોડ્યા વગર સ્પષ્ટ નિશાન વિના જ ફાયર કરતા રહ્યા.

છેવટે ઉલ્હાસે વ્યૂહ બદલ્યો. પોતે કાફલાથી છૂટો પડીને એક આડશ પાછળ લપાઈ ગયો અને ધ્યાનથી ફાયરિંગની દિશા નીરખવા લાગ્યો.

પહેલાં ડાબે, પછી જમણે પછી ઉપર એ પેટર્નમાં ફાયરિંગ થતું હતું. વળી, ગોળીઓ છૂટતી હતી ત્યારે બંને તરફની દિશા વચ્ચે માંડ 50-60 અંશનો ફાંસલો રહેતો હતો.

દસ-પંદર મિનિટ સુધી એકધારું નીરખ્યા પછી તેના ચહેરા પર કરડાકીભર્યું સ્મિત આવ્યું.

સિનાઈના રણમાં ઇઝરાયેલી લશ્કર સાથે સંયુક્ત કવાયતમાં તાલીમ લઈ ચૂકેલા કેપ્ટન ઉલ્હાસને બત્તી થવા માટે આટલું કાફી હતું.

એક જ આદમી અંધારાનો લાભ ઉઠાવીને સતત જગ્યાઓ બદલતો રહે છે અને બે હાથ વડે અલગ અલગ દિશાઓમાં ફાયરિંગ કરીને બે-ત્રણ મોરચા હોવાનો ભ્રમ સર્જી રહ્યો છે.

ઉલ્હાસના હોઠ દૃઢતાથી બિડાયા. તેના વધુ બે આદમી માર્યા ગયા હતા અને એક ઘવાયો હતો. હવે તેને વધુ નુકસાન પાલવે તેમ ન હતું. તેણે ચપળતાથી ક્રાઉલિંગ કરીને યોગ્ય પોઝિશન શોધી લીધી. ફાયરિંગ કર્યા પછી એ આદમી ડાબે, જમણે, ઉપર એવી પેટર્નમાં ખસતો હતો તેવું ધારીને તેણે ત્રણેય ટાર્ગેટ પર ગન ચલાવવા માંડી.

ઉલ્હાસની સતર્કતા અને અંતઃસ્ફુરણા એ રાઘવની કમનસીબી સાબિત થઈ.

ફાયર કર્યા પછી આડશમાંથી બહાર નીકળવા તેણે છલાંગ લગાવી એ જ ઘડીએ છૂટેલી ગોળીએ તેનું ડાબું પડખું વીંધી નાંખ્યું. મહાપરાણે તેણે ચીસ દબાવીને લંગડાતા પગલે જગ્યા બદલી.

આડશ પાછળ છુપાઈને તેણે ઘાવ ચકાસ્યો. પડખામાંથી લોહીની ધાર વછૂટતી હતી. તેણે મેગેઝિન્સ નીચે મૂકીને શર્ટ ઉતાર્યો અને કચકચાવીને ઘાવ પર બાંધ્યો. પોતે ઘવાયો છે એવો ખ્યાલ ન આવે એ માટે એક હાથે ગન ચલાવવાનું ય ચાલુ રાખ્યું. શર્ટ બાંધીને તેણે ફરી છલાંગ લગાવી. ફરીથી વધુ એક ગોળી તેના સાથળમાં ઘૂસી ગઈ અને તે અડબડિયું ખાઈને ખડક પર પછડાયો.

તેની આંખોમાંથી પાણી ઝમી રહ્યું હતું અને કાજળઘેરા અંધારામાંય લાલ, પીળા, ચળકતા રંગો ઊભરી રહ્યા હતા. ભારે પછડાટ ખાવાથી તેના જમણા હાથમાં ય ઈજા થઈ હતી.

તેણે કીચડથી ખરડાયેલા હાથની કોણી ઘસીને આંખ સાફ કરી. લંગડાતા પગે ખડક પાછળ લપાઈને ડાબા હાથે બે ગ્રેનેડ ફેંક્યા. ફરીથી ગન ઉઠાવીને નાળચું ઊંચક્યું.

- પણ હવે તેના હાથની રેખાઓમાંથી તેનું તકદીર છટકી ચૂક્યું હતું.

સામેથી બિલકુલ તેની જ દિશામાં ગન ધણધણી રહી હતી. એક ગોળી તેના ખભાને વીંધી ગઈ હતી અને બીજી ગોળી ક્યાં વાગી તેનો ખ્યાલ સુધ્ધાં આવે એ પહેલાં તે પાછળની તરફ ક્યાંય ફંગોળાઈ ગયો હતો.

એકધારા શ્રમ અને તણાવમાં આટલી જીવલેણ ઈજાઓ ય ભળી હતી પણ હજુ ય તે મચક આપતો ન હતો. સંકોરાઈ રહેલા દીવાની વાટ જેવું તેનું દિમાગ હવે કેટલો સમય થયો તેનો ક્યાસ કાઢવામાં ય થીજી જતું હતું. તેણે શૂન્યવત્ પેન્ટનાં ખિસ્સામાં હતા એટલા તમામ ગ્રેનેડ પગ પાસે પાથર્યા અને એક પછી એક નીચે ગબડાવવા માંડ્યા.

બે જ મિનિટમાં એક પછી એક ફાટતા ગ્રેનેડથી પહાડીમાં ખળભળાટ મચી ગયો. છેક સુધી આગળ ધસી રહેલા ઉલ્હાસના કાફલાએ ફરજિયાત આડશ શોધવી પડી.

અચાનક થયેલા પ્રહારથી ઓઝપાયેલા કમાન્ડો આડશ શોધી રહ્યા હતા ત્યારે ચટ્ટાનની છાતી માથે બેસીને રાઘવ લોહિયાળ ચહેરે બેય હાથ સીધમાં લંબાવી રહ્યો હતો. ઘડીક તેને લાગતું હતું કે તેનો ડાબો હાથ જમણાં હાથ કરતાં લાંબો છે... ઘડીક તેને લાગતું હતું કે તેની ડાબી છાતી પર વાગેલી ગોળીએ ઈજા નથી કરી પણ એ ગોળી કશોક વામપંથી સંકેત કોતરી ગઈ છે... ઘડીક તેને લાગતું હતું કે તેના ગળામાં મૂંડમાળા છે અને...

તેણે ગન ચલાવી દીધી.

તેના અંતરચક્ષુ સમક્ષ મોટા અવાજે ગાઈ રહેલો દૂબળી સંભળાતો હતો...

સુમેધા અમૃતોક્ષિત:... અમૃત થકી અભિષેક પામેલો હું જ સંસારમાં સૌથી બુદ્ધિમાન છું...

તેના લોહિયાળ ચહેરા પર પહેલાં સ્મિત તરી આવ્યું. એ ખડખડાટ હસી પડ્યો...

- અને ત્યાં જ ફસકાઈ ગયો.

*** *** ***

પહાડના કરાલ ખડક પર પગ ભીંસીને ત્વરિતે આખું શરીર અમળાવી નાંખ્યું, પણ તેને બરાબર ભીંસી રહેલા મુક્તિવાહિનીના ગેરિલાની મજબૂત પકડ તેને ચસકવા દેતી ન હતી. તેના ફેફસાંમાંથી નીકળેલી કારમી ચીસ ગળા સુધી પહોંચી અસ્ફૂટ ઊંહકારો બનીને અટકી ગઈ હતી. ખડક સાથે પગ અથડાવાથી જરાક જેટલો અવાજ થયો ત્યાં એ આદમીએ તેના પગ

પરની ભીંસ વધારી દીધી.

શરીરને તંગ કરીને કરાડ પર લેટેલી હાલતમાં તે માંડ વીસેક મીટર નીચેનું દૃશ્ય ફાટી આંખે જોઈ રહ્યો.

દૂર પહાડના ઢોળાવ પર હજુ ય ક્યાંક ગ્રેનેડ ફાટી રહ્યા હતા અને અચાનક ફાટતા બારૂદના ક્ષણિક ઝબકારામાં અંધારાની છાતી ચિરાઈ જતી હતી. એકધારા આઠ-દસ ગ્રેનેડના ધડાકા પછી સામેથી થતું ફાયરિંગ અટકી ગયું હતું. ક્યાંય કોઈ હલનચલન વર્તાતી ન હતી.

સિવાય કે કરાડની બરાબર નીચેની તરફ એક વિશાળ ખડકની આડશમાં જેમતેમ લપાઈને વળ ખાઈ રહેલો રાઘવ.

ત્વરિતના શરીરના અણુએ અણુમાંથી કારમી ચીસ નીકળતી હતી, પણ તેનાથી ચસકાય તેમ ન હતું. તે પોતાની નજર સામે રાઘવને મરતો જોઈ રહ્યો હતો અને તેનાથી...

તિબેટી ગેરિલાઓની મુશ્કેટાટ ભીંસ વચ્ચે તેના કંઠે દારૂણ ડૂસકું બાઝી ગયું.

તેણે રાઘવને એકલો છોડવા જેવો ન હતો. તેણે રાઘવને ઓળખવામાં થાપ ખાધી હતી. તેણે રાઘવને પારખવામાં મોડું કરી નાંખ્યું હતું...

પારાવાર હતાશામાં અને પસ્તાવાના તીવ્રતમ બોજ તળે તેણે લાચાર, બેબસ થઈને શરીર ઢીલું છોડી નાંખ્યું. તેનું હૈયું બેબાકપણે રડવા લાગ્યું હતું.

*** *** ***

એ પહેલાં...

ખભા પર તેણે કોઈકને ઉઠાવ્યો હતો એટલે ચાલવાની સ્ટાઈલ ઓળખાતી ન હતી. લપાયેલા કેસીએ ખાતરી ન થઈ ત્યાં સુધી ગન તાકી રાખી. ધોધમાર વરસાદ વચ્ચે કાળામેંશ અંધારામાં લપસણા ઉબડખાબડ ચઢાણ પર લથડતી ચાલે ધીમે ધીમે આગળ વધી રહેલા આદમીને આખરે તેણે પારખ્યો હતો.

એ ત્વરિત જ હતો.

ધરબાયેલો ત્વરિત અચાનક કોઈકને પોતાની સામે જોઈને ફાયર કરી બેસે એ ડરથી લપાતા-છુપાતા સાવ નજીક જઈને કેસી અને તેના આદમીઓએ ત્વરિતને પકડ્યો ત્યારે તેના ચહેરા પર બેબાકળા ભાવ તરવરતા હતા. તેના ખભા પરથી તાન્શીને નીચે ઉતારીને તરત કેસીના આદમીઓ તેનો ઘાવ તપાસવા લાગ્યા અને કેસીએ ત્વરિતને નીચે બેસાડીને ભારે શ્રમથી જકડાયેલા તેના શરીરને વોર્મઅપ મસાજ આપવા માંડ્યો.

પણ ઘાંઘો થયેલો ત્વરિત ધમણની માફક હાંફતી છાતીએ સતત ખાંસતો જઈને પીઠ પાછળ આંગળી ચીંધતો હતો.

તાન્શી બેહોશ હતી અને ત્વરિત એકલો તેને ખભે ઊંચકીને અહીં સુધી લાવ્યો હતો એટલે નીચે કાંઠા પર કશુંક અજુગતું બની ગયું હશે એવો અંદાજ તો કેસીએ માંડી જ દીધો હતો, પણ શું થયું હતું? બાકીના આદમીઓ ક્યાં?

'રાઘવ ઈઝ ઓલ અલોન...' છેવટે ત્વરિતે શ્વાસ કાબૂમાં લઈને તૂટતા અવાજે કહ્યું.

હાંફતા ત્વરિતે તૂટતા અવાજે કાંઠા પરના ધમસાણ વિશે કહેવા માંડ્યું અને કેસી ધીરજપૂર્વક સાંભળતો ગયો. આવનારા આદમીઓ વધુ તાલીમબદ્ધ અને ચડિયાતા સાબિત થયા હતા અને પોતાના માણસોએ અણધારી ખુવારી વેઠવી પડી હતી તેના અહેસાસથી કેસીના ચહેરા પર

તંગદિલી પથરાઈ ગઈ.

રાઘવે એકલે હાથે બાથ ભીડીને તેમને રોકી રાખવાનો નિર્ણય લીધો અને ત્વરિત, તાન્શીને પરત મોકલી આપ્યાં એથી તેણે મનોમન સલામ કરી નાંખી હતી.

રાઘવ એકલો ટક્કર ઝીલે તેનો અર્થ શું થાય એ ન પારખી શકવા જેટલો નાદાન કેસી ન હતો. એ ત્રણ પેઢીનો વારસો ધરાવતો જન્મજાત લડાકુ હતો, પણ તેની લડાઈ જુદી હતી. એ છાપામાર ગેરિલો હતો. તેણે હંમેશાં જીવતા રહીને જીતવાનું હતું. જ્યારે રાઘવે સામે ચાલીને વહોરી લીધેલી લડાઈ નોખી હતી. તેમાં મરીને...

તે ઝાટકાભેર ઊભો થઈ ગયો.

'અહીંથી કેટલેક દૂર છે?' તેણે પીઠ પાછળ નજર નાંખીને ગણતરીઓ માંડવા માંડી.

'તાન્શીને ઉઠાવીને અહીં સુધી આવતાં મારે લગભગ પોણી કલાક થઈ.'

'હમ્મ્મ્...' કેસીએ અછડતો હોંકારો ભણી દીધો.

આવનારા લોકો પાસે મોર્ટાર ગન હતી. પૂર્વે બખોલમાં અને હવે અહીં કાંઠા પર તેમણે જે રીતે હલ્લો કર્યો એ જોતાં તેઓ ક્વિક કોમ્બેટથી બરાબર કેળવાયેલા હતા. આવા લડવૈયાઓ સામે રાઘવ એકલો ચાલીશ મિનિટથી ઝૂઝતો હતો.

તેણે ફટાફટ નિર્ણય લીધો. તાન્શીને હોશમાં લાવવાની તજવીજ કરવા એક આદમીને સૂચના આપી. તાન્શી હોશમાં આવે એટલે તેમણે ડેવિલ્સ બેડ તરફ આગળ વધવાનું હતું. બીજા આદમી અને ત્વરિતને લઈને તે પહાડીમાં આગળ વધ્યો.

'ઈટ વોઝ ઓલ માય ફોલ્ટ...' ત્વરિતના ચહેરા પર પારાવાર વિષાદ હતો, 'મારે તેને એકલો છોડવા જેવો ન હતો...'

'નો, ઈટ વોઝ પરફેક્ટ પ્લાન...' કેસી રૂંવેરૂંવેથી ઝુઝારુ લડવૈયો હતો. રણમેદાનમાં સામસામે ગોળીઓ છૂટતી હોય ત્યારે અંગત લાગણીઓને કોરાણે મૂકીને નિર્ણયો લેવા ટેવાયેલો હતો, 'તારો કોઈ વાંક નથી. તાન્શી જો બેહોશ ન થઈ હોત તો તેણે પણ પોતે જવાબદારી લઈને તમને બંનેને સેઈફ પેસેજ આપ્યો હોત. એ બેહોશ થયા પછી બચ્યા રાઘવ અને તું, તમારા બેમાં તેનો અનુભવ વધુ ચડિયાતો છે. હી ઈઝ અ બ્રેવ સોલ્જર. આઈ સેલ્યુટ હિમ...'

પહાડનાં આકરાં ચઢાણ સપાટાભેર ચડતો-ઊતરતો કેસી ત્વરિતનો હાથ પકડીને પોતાની ઝડપ સાથે તેને ખેંચતો જતો હતો.

પણ અચાનક એ ખચકાયો અને ઝાટકા સાથે ઊભો રહી ગયો. ઘડીક ત્વરિતની સામે તે દિગ્મૂઢ થઈને જોતો રહ્યો.

'હો સકતા હૈ...' ત્વરિતની સામે જોઈને સ્વગત બબડતો હોય તેમ તે ધીમા અવાજે બોલ્યો. કશીક તીવ્ર કશ્મકશમાં હોય તેમ વળી તેણે ગરદન ધુણાવી અને ત્વરિતના બાવડા પરની ભીંસ વધારી દીધી.

'એવું પણ હોઈ શકે ને કે તે હુમલો લઈને આવનારા લોકો સાથે મળેલો હોય?'

કેસીએ ખંધી શાતિરતાથી લડાવેલા તર્કથી ત્વરિત ઊભાઊભા થીજી ગયો.

શાંગરામાં જ્યારે તેને રાઘવે કહ્યું ત્યારે તેને પારાવાર ગુસ્સો આવ્યો હતો. રાઘવના કારણે જ આટલી મુસીબત સર્જાઈ હતી અને સમગ્ર મિશન ભયાનક રીતે જોખમમાં મુકાઈ ગયું હતું. રાઘવને તે તીવ્રતમ રીતે ધિક્કારવા માંડ્યો હતો.

પણ તાન્શી બેહોશ થયા પછી તેણે રાઘવનું જે સ્વરૂપ જોયું એ તદ્દન અલગ હતું. એ માણસ...

એ જ ક્ષણે તેને રાઘવની પારાવાર ફિકર થઈ આવી હતી. જો કેસી-હિરનને ખબર પડે કે આવનારા લોકો ઈન્ડિયન આર્મીના કમાન્ડો છે અને રાઘવે મૂકેલાં છીંડાં શોધીને અહીં સુધી પહોંચ્યા છે તો એ બંને રાઘવને રૂંવાડે-રૂંવાડે ગોળી મારીને ચાળણી જેવો કરી મૂકે.

તાન્શી સાથે પરાણે તેને ધકેલતી વખતે રાઘવનો ચહેરો, તેના હાવભાવ અને તેની વાતો તેણે અનુભવ્યા એ જ ઘડીએ તેણે રાઘવને છાવરી લેવાનો નિર્ણય લઈ લીધો હતો.

'નો વે...' તેણે સિફતપૂર્વક વરસાદની ધારમાં ચહેરા પરનો આઘાત વીછળી નાંખ્યો, 'એ ત્યાં સામી છાતીએ ગોળીઓ ઝીલે છે. હાઉ કૂડ યુ ડેર ટૂ થિન્ક સો...'

'આઈ ડેર બિકોઝ આઈ હેવ સીન સચ ગાય્ઝ...' કેસીએ મક્કમતાથી જવાબ વાળ્યો, 'હું જે કામ કરી રહ્યો છું તેમાં બ્લાઈન્ડ ફેઈથ નામનો કોઈ શબ્દ નથી. નોબડી ઈઝ આઉટ ઓફ ડાઉટ. જ્યારે પણ કશુંક અણધાર્યું કે અજુગતું બને એટલે મારી સગી માને ય હું શંકાની નજરે તરાશી લઉં. એ વગર હું જીવતો ન રહી શકું.'

'એટલે?' ત્વરિત કોઈ પણ રીતે કેસીને આ તર્ક પરથી પાછો લાવવા મથતો હતો, 'વોટ ડુ યુ મીન? એ કેવી રીતે મળેલો હોઈ શકે, યાર?'

'આપણે શાંગરા સુધી પહોંચવામાં કેવી ચુસ્તી દાખવી છે એ મને ખબર છે. કોઈ લૂપહોલ ક્યાંય છોડ્યો નથી. ઈન્ડિયન ફોર્સીસ સાથે મારે કોઈ દુશ્મની નથી. તો આવનારા લોકોએ કેવી રીતે આપણને લોકેટ કરી લીધા? શા માટે તેમણે આટલી તૈયારી સાથે સીધો જ આપણા પર હુમલો કરી નાંખ્યો? મારો એકેય આદમી ફૂટ્યો નથી તો એ તમારામાંથી જ કોઈક હોવું જોઈએ.'

મધરાત પછીનું કાળુંમેશ આકાશ એકધારું ક્યારનું ધોધમાર વરસી રહ્યું હતું. પહાડના નિર્જન સન્નાટા વચ્ચે ઘટાદાર વૃક્ષોનાં પાંદડાં પર પછડાતાં ફોરાંની તડતડાટી, તોતિંગ થડની કોરાયેલી બખોલ આસપાસ આમતેમ ઊડીને ઉજાસનો આકાર ખડો કરી જતાં આગિયા, છાતીનાં પાટિયાં ભીંસી દેતી ક્વચિત્ થઈ જતી મેઘની ગડગડાટી અને અહીં વરસાદની વાછટ ઝીલતા કેસીના ગોરા, નમણા, પાતળા ચહેરા પર લીંપાતો જતો રૌદ્ર...

'કમ ઓન યાર... તું પાગલ ન બન... હી નીડ્સ હેલ્પ...'

પણ કેસી હવે કોઈ જોખમ લેવા તૈયાર ન હતો. રાઘવ જો કોઈક રીતે ઈન્ડિયન ફોર્સને અહીં સુધી લઈ આવ્યો હોય તો આખોય કાફલો ડેવિલ્સ બેડ ઓળંગે એ પહેલાં જ અહીં ક્યાંક ઘેરાઈ જાય.

શક્ય છે કે ત્વરિત-તાન્શીને જવાનું કહીને તરત રાઘવ અને આવનારા લોકોએ તેમનો પીછો કર્યો હોય અને સૌને એકસાથે ઝબ્બે કરવાનો વ્યૂહ અપનાવ્યો હોય.

રાઘવ, એક પોલીસ અફસર આવા ભેદી કાફલા સાથે તિબેટ જેવી અગોચર જગાએ જવાએ તૈયાર થાય એ વાત જ કેસીને પચી ન હતી. એ વખતે હિરને બહુ ભારપૂર્વક રાઘવની જવાબદારી લીધી હતી. તેમનો પીછો કરીને ખાસ્સી જાણકારી મેળવી ચૂકેલા રાઘવને તે મારી શકે તેમ પણ ન હતી અને છોડી શકે તેમ પણ ન હતી એ ય તેણે કેસીને સ્પષ્ટ કરી દીધું હતું.

આમ છતાં તેણે રાઘવને સતત શંકાના દાયરામાં રાખ્યો હતો. કાંઠા પર ઊતરીને ડિંગીનો સામનો કરવાનો તેનો પ્લાન સાચો જ હતો. પોતે ય એમ જ વિચાર્યું હોત. તો પણ ફક્ત રાઘવ

પરની શંકાને લીધે જ તેણે તાન્શી અને બીજા ચાર આદમીને ય સાથે ઉતાર્યા હતા.

એ ચાર આદમી માર્યા જાય, તાન્શી બેહોશ થઈ જાય, ત્વરિત બચી જાય અને રાઘવ એકલો ત્યાં લડતો રહે.

અવઢવમાં કેસીના મોંમાંથી ડચકારો નીકળી ગયો.

જો રાઘવ સાચો હતો તો બેય હાથની સલામને લાયક ખરો લડવૈયો હતો અને જો એ તેનો માસ્ટરસ્ટ્રોક હતો તો એ સમગ્ર તિબેટિયન જાતિનો હાલના તબક્કે સૌથી મોટો દુશ્મન હતો.

આ તર્કથી કેસી પોતે જ ફફડી ગયો હતો. ભાડમાં જાય હિરન અને ભાડમાં જાય તેની વામપંથી મૂર્તિઓ... કેસી માટે મુક્તિવાહિનીના લક્ષ્યથી વિશેષ આખી દુનિયામાં કશું જ ન હતું.

તેણે તરત પ્લાન બદલી નાંખ્યો. સીધા જ કાંઠા પર ધસીને હુમલો કરવાની તૈયારી બદલી નાંખી. ત્વરિતને પોતાની સાથે રાખીને બે અલગ દિશાએથી એ કાંઠા પર ઊતરવા લાગ્યો. જેમ જેમ તે ચઢાણ ઈતરતો ગયો તેમ તેમ કાંઠા પરથી સંભળાતા ધડાકા-ભડાકા તેના તર્કને વેરવિખેર કરતા રહ્યા.

ફાયરિંગ અને ગ્રેનેડના અવાજથી ત્વરિતને ભારે ઉતાવળ આવતી હતી. રાઘવ છટકી જવા માંગે છે એવો વિચાર તો તેને ય આવી જ ચૂક્યો હતો, પણ છેલ્લે તેણે જોયેલું રાઘવનું સ્વરૂપ...

'આ... આ જ કરાડ પરથી હું ઉપર ચડ્યો હતો...' ત્વરિતે પોતે જ્યાંથી પહાડ ચડ્યો હતો એ કરાડ બતાવી, 'અહીં નીચે જ ક્યાંક એ હોવો જોઈએ.'

ત્રણેય જણાએ નીચે લપાઈને જોયું. અંધારામાં તરત કંઈ ભળાય તેમ ન હતું. ધીમે ધીમે આંખ ટેવાઈ ત્યારે કરાડની બરાબર નીચે ખડકની આડશમાં કશોક સળવળાટ વર્તાયો. કોઈ ઊલટી કરી રહ્યું હોય તેવો, મોંમાંથી ફેંકાતા ઘળકાનો અવાજ સંભળાયો. અવાજની દિશામાં ધ્યાનથી જોયા પછી ભોંય પર તરફડતો, અમળાતો, પારાવાર પીડાથી વળ ખાતો રાઘવ વર્તાયો.

એ રાઘવ જ છે, બૂરી રીતે ઘાયલ છે એવો પહેલો ખ્યાલ આવ્યો એ જ વખતે સામેથી બે ગોળી છૂટી અને ઢીંચણભેર ફસકાઈને વળ ખાતો રાઘવ ઉથલીને ખડક સાથે ટિચાયો.

'રા....' ત્વરિતના મોંમાંથી ચીસ ફાટવા જતી હતી એ જ વખતે તેની પ્રતિક્રિયાનો અંદાજ માંડીને કેસીએ ભારે બળપૂર્વક તેનું મોં દાબી દીધું અને બીજા આદમીએ તેના પર પટકાઈને તેને મુશ્કેટાટ જકડી લીધો.

ત્વરિત રાઘવની સહાયતાએ જવા ઇચ્છતો હતો, પણ કેસીની અનુભવી આંખો પારખી ચૂકી હતી કે હવે બહુ મોડું થઈ ગયું છે.

પોતે ફાયરિંગ કરે તો પણ રાઘવ હવે બચવાનો નથી અને ફાયર કરવાથી પોતાની હાજરી ય છતી થઈ જઈ જાય તો કોઈ જીવતું ન બચે.

ત્રણ-ત્રણ પેઢીથી પોતાના લક્ષ્યને વળગી રહેલા ગર્મ ખૂનના એ ખામ્પા લડવૈયાએ અંધારાની આડશમાં અંગૂઠો ફેરવીને પાંપણ પર બાઝેલું આંસુ લૂછી નાંખ્યું. બે સેકન્ડ માટે આંખ બંધ કરીને રાઘવની માફી માંગી અને પછી સ્તબ્ધ થઈ ગયેલા ત્વરિતનું મોં દાબીને ખભા પર ઉઠાવી લીધો.

હર હાલમાં તેણે આગળ વધવાનું હતું...

લક્ષ્ય પ્રત્યેનું અડીખમ સમર્પણ અનુભવીને કઠણ કાળજાનો પહાડ પણ રોઈ પડ્યો હોય તેમ ચોમેર ઝરણાં દદડાવી રહ્યો હતો.

*** *** ***

વમળમાં ફસાઈ રહેલી ડિંગીમાંથી બિરવાએ દોરડાના સહારે પડતું તો મૂક્યું, પણ બ્રહ્મપુત્રના તોફાની પ્રવાહમાં સંતુલન જાળવવું અને તરતા રહેવું જરાય આસાન ન હતું. કાળમીંઢ ખડકો પર અથડાતા અને અથડાયા પછી બુંદ બુંદ સિકરમાં ઉછળતા નદીના ઠંડાગાર પાણીમાં પછડાઈને બિરવા પહેલાં તો ક્યાંય ફંગોળાઈ ગઈ હતી. દોરડા પર માંડ એક હાથ સાબૂત રહ્યો હતો અને નદીના ધસમસતાં વહેણ તેને સડસડાટ નીચે ખેંચી રહ્યાં હતાં.

તેની પાછળ કૂદેલો આદમી કેળવાયેલો કમાન્ડો હતો, પણ તેની ય હાલત એવી જ કફોડી હતી. વમળ ભણી ખેંચાતી હોડી, હોડી સાથે બંધાયેલું દોરડું અને દોરડા સાથે બંધાઈને નદીના પ્રવાહમાં ફંગોળાતા આ બેઉ...

વમળનો વેગ પાણીના ધસમસાટને કાપી નાંખે અને લાગ જોઈને પોતે કોઈ મોટા ખડકની આડશમાં સંતુલન જાળવી લે એવી તેમની ગણતરી હતી, પણ નદીમાં પડતું મૂક્યા પછી અહેસાસ થતો હતો કે એ જરા ય આસાન ન હતું.

પહેલી પછડાટ ખાધા પછી દસ જ સેકન્ડમાં એ કમાન્ડોએ દોરડું પડતું મૂક્યું, પણ ઘાંઘી બનેલી બિરવા નિર્ણય લઈ શકતી ન હતી. ડિંગી સાથે દોરડું અને દોરડા સાથે બિરવાને વમળ ભણી સડસડાટ ખેંચાતા જોઈને પેલો આદમી સતર્ક થયો. અંધારા જળમાં આમતેમ હાથ વીંઝીને તેણે બિરવાને ઝાલી. બેય ઘડીક એકસાથે ફંગોળાયા, પણ એટલી વારમાં બિરવાના હાથમાંથી દોરડું છોડાવવામાં એ સફળ થયો હતો.

તોફાની પ્રવાહમાં ક્યાંય સુધી બેય દિશાહીન ફંગોળાતાં રહ્યાં. અણિયાળા ખડકો સાથે આડેધડ ટીચાતા રહ્યાં, પણ આખરે પાંચમા વળાંક પર પટ મોટો થયો એટલે પ્રવાહ થોડો શાંત પડ્યો. હવે તરવાનું ખાસ મુશ્કેલ ન હતું. ખડક સાથે અથડાઈને બિરવા અર્ધબેહોશ થઈ રહી હતી. પેલો જવાન સતત એક હાથે તેનું લાઈફજેકેટ ખેંચીને બીજા હાથે કાંઠા ભણી સરકવા મથતો હતો. જમણા કાંઠે કેપ્ટન ઉલ્હાસની ડિંગી ફંગોળાઈ હતી. એ તરફ જવાનો તેનો પ્રયાસ હતો, પણ તેને ય અવઢવ હતી. ઉલ્હાસની હાલત કેવી હશે?

*** *** ***

સામેથી ફાયર થતું અટક્યું હતું, પણ એક વાર આડેધડ ગ્રેનેડનો વરસાદ વરસી ગયો એટલે ઉલ્હાસ કોઈ જોખમ લેવા માંગતો ન હતો. આ જંગ તેના માટે ધારણા કરતાં અનેકગણો ખોફનાક પુરવાર થયો હતો. મહઝ એક પોલીસ અફસરને છોડાવવાની ગણતરીએ તે નીકળ્યો હતો અને તદ્દન અજાણ્યા લડાકુઓનો સામનો કરવાની નોબત આવી ગઈ હતી. તેના આદમીઓની ખુવારી, બેકાબૂ બનીને આગળ ભાગેલી ડિંગી, તેમાં સપડાયેલી બિરવા...

ઉલ્હાસે તંગ હાલતમાં કેટલીક મિનિટો લપાયેલી હાલતમાં જ પસાર કરી નાંખી, પછી તેણે સતર્કતાથી ગરદન ઊંચકી અને છેલ્લે થયેલા ફાયરની દિશામાં આંખ માંડી. જમીન પર અધૂકડો ફસડાયેલો એક આદમી ઘડીક બેઠો થતો હતો, ઘડીક ઊંચે જોતો હતો, ઘડીક ગરદન પરાણે સ્થિર રાખવા મથીને બેય હાથ છાતી સામે પ્રસરાવતો હતો.

રણમોરચે અનેક યુદ્ધોનો, મૂઠભેડનો અનુભવ ધરાવતા ઉલ્હાસે છેલ્લા શ્વાસ લઈ રહેલા અનેક આદમીઓ જોયા હતા, પણ આ ચેનચાળા તેને સમજાતા ન હતા.

તે સાવચેતીથી આગળ વધ્યો. સલામત આડશ શોધીને તેણે ટોર્ચના બે ઝબકારા ય કરી જોયા. ક્યાંયથી કોઈ ફાયર ન થયું એટલે બીજી દિશાએથી બે કમાન્ડો અને સીધમાં પોતે... એમ ત્રણ દિશાએથી સીધો જ હલ્લો કર્યો.

તો ય એ આદમી યથાવત્ અધૂકડો, ઢીંચણભેર પડ્યો રહ્યો. ઉલ્હાસે તેની ગરદન ઊંચકીને ચહેરા પર ટોર્ચની રોશની ફેરવી એ સાથે તેના મોંમાંથી હાયકારો નીકળી ગયો.

આ એ જ આદમી હતો જેની તલાશમાં તેણે આટલી ખુવારી વેઠવાની થઈ હતી. મિશન પર નીકળતી વખતે અપાયેલી રાઘવની આઠ-દસ તસવીર તેણે બેકપેકમાંથી કાઢી અને ફરીથી તેનો ચહેરો સરખાવ્યો.

એ જ... એ જ પાતળી, ઘેરી આંખો... એ જ ટૂંકા પણ રેશમી, સહેજ ભૂખરા વાળ, એ જ તરાશેલા શિલ્પ જેવો મર્દાના ચહેરો...

ઉલ્હાસ ત્યાં જ ફસકાઈ પડ્યો.

એક કલાક પછી...

કાંઠા પર ચહલપહલ વધી હતી. મહામુસીબતે અહીં સુધી પહોંચેલો જવાન કાંઠે આવીને હિંમત હારીને એકધારી ઊલટી કરી રહ્યો હતો. ઉલ્હાસના બીજા કમાન્ડો તેની મદદમાં જોડાયા હતા. ખડક વચ્ચે હિલોળાતી તૂટેલી ડિંગીમાંથી ફર્સ્ટ એઈડ કિટ કાઢીને ખુદ ઉલ્હાસે રાઘવના ઘા સાફ કરવા માંડ્યા હતા. રાઘવની બાજુમાં અર્ધબેહોશ બિરવા ખુલ્લી આંખે સમજણના કોઈ ભાવ વગર રાઘવ તરફ જોઈને બબડી રહી હતી. રાઘવ બોઝિલ આંખે ઘડીક બિરવા તરફ, ઘડીક તેના પેઢુમાં, પેટમાં, સાથળ પર ઘાવ સાફ કરી રહેલા ઉલ્હાસને જોઈ રહેતો હતો અને પછી આંખો મીંચી જતો હતો.

બંધ આંખોની ભીતર તે છપ્પનસિંઘને કહી રહ્યો હતો... વડવા તો મારા ય હતા... મારા ય બાપદાદાએ આ પુરાતન શાસ્ત્ર અને આ પ્રતિમાઓ અને આ વિદ્યાઓ માટે પોતાની આહુતિ આપી હશે... ફરજ તો મારી ય છે જ...

તેના પેટમાં ઘૂસેલી બબ્બે ગોળીઓએ તેના આંતરડાં ફાડી નાંખ્યાં હતાં એ જોઈને મજબૂત મનોબળનો ઉલ્હાસ પણ ધ્રૂજી ગયો હતો, પણ રાઘવ તમામ દર્દ, તમામ સંવેદનની પેલે પાર પહોંચવા લાગ્યો હતો.

ઉલ્હાસ તેના ચહેરા પર સતત બદલાતા ભાવથી અચંબો અનુભવતો હતો. તેના ચહેરા પર સ્મિત હતું કે સંતૃપ્તિ?

તેની બંધ પાંપણો વચ્ચે ડોળા ફરફરી રહ્યા હતા. દૂર ક્યાંક તેના ભાવવિશ્વમાં દેદીપ્યમાન ઉજાસ પ્રગટતો હતો અને એ ઉજાસ વચ્ચેથી કશોક આકાર ખડો થતો હતો. અંજાયેલી આંખ આડે હાથનું નેજવું કરીને એ જોવા મથતો હતો અને અચાનક તેના કાનમાં હજારો કંઠેથી ગવાતી કશીક સ્તુતિ સંભળાતી હતી...

ગલદૃક્તમુંડાવલિ કંઠમાલા

મહાઘોરરાવા સુદૃષ્ટાં કરાલા

વિવસ્ત્રાં સ્માશાનાંલયા મુક્તકેશી

મહાકાલિકામાકુલા કાલિકેયમ...

અવશપણે અચાનક જ તેના બેય હાથ ઊંચકાયા. સાથળમાંથી નીકળી ગયેલા માંસના લોચા અને પેટમાંથી બહાર લબડતો આંતરડાનો કૂચો છતાં કોઈ આદમી ઊભો થઈ જાય એવું દૃશ્ય ઉલ્હાસ પણ તાજુબીથી જોતો રહ્યો. બેય હાથ છાતીની સમાંતરે નમસ્કારની મુદ્રામાં લાવીને તે કશુંક બોલવા મથતો હતો. ઉલ્હાસને સમજાતું ન હતું, પણ રાઘવના ઓલવાઈ રહેલા આંતરકર્ણોમાં સ્પષ્ટ નાદ પડઘાતો હતો...

સ્વરૂપમ્ ત્વદિયં ન વિન્દન્તિ દેવા...

સ્વરૂપમ્ ત્વદિયં ન વિન્દન્તિ દેવા...

સ્વરૂપમ્ ત્વદિયં...

એ ત્યાં જ પટકાયો. ઘડીક બિરવાના વાળમાં હાથ પસર્યો. તેની અધખુલ્લી અર્ધબેહોશ આંખોમાં જોવાની કોશિશ કરી.

- અને ખુલ્લી આંખે તેણે ત્યાં જ દમ તોડી દીધો.

*** *** ***

પારાવાર ગોઝારી રાત પછી કાંઠા પર રેલાયેલા ઉજાસની સંગાથે કારમો વિષાદ લઈને પહાડોનું અંધારું નીચે ઊતરી રહ્યું હતું. પરાજિત ઉલ્હાસે વીલા મોંએ પરત જવાની તૈયારી આરંભી હતી.

બીજી તરફ, સૂરજના ઉજાસની દિશામાં એક કાફલો મૂંગા મોંએ ડેવિલ્સ બેડનો ઢોળાવ ઊતરી રહ્યો હતો. જ્યાં પહોંચવાની આટલી તાલાવેલી હતી એ દિશામાં પગ માંડતી વખતે સૌના ચહેરા પર ગમગીની મઢાઈ ગઈ હતી. હિરન નતમસ્તકે પ્રોફેસરનો હાથ ઝાલીને ખીણ ઊતરી રહી હતી. ઝુઝાર ક્યાંય સુધી શૂન્યમનસ્ક થઈને રસ્તામાં અટકી જતો હતો. ત્વરિતને હજુ ય પાછા જવાની તડપ જાગતી હતી. હજુ ય તે ખુન્નસભેર કેસી તરફ તાકી રહેતો હતો. છપ્પન સ્તબ્ધ મૌનથી યંત્રવત ચાલ્યા કરતો હતો.

- અને એ સૌની આગળ જઈ રહેલી તેમની નિયતિ ઢોળાવ ચડીને ગર્ભિત સ્મિત વેરી રહી હતી.

*** *** ***

'હી વોઝ...' રિપોર્ટ ટાઈપ કરી રહેલા કેપ્ટન ઉલ્હાસની આંગળી ઘડીભર અટકી ગઈ. ટેબલ પર પડેલા ગ્લેનફિડિચ વ્હિસ્કીના ગ્લાસમાંથી તેણે એક મોટો ઘૂંટ ભર્યો. ફરીથી બીજો એવડો જ ઘૂંટ ભર્યો અને પછી આખો ગ્લાસ એકશ્વાસે ગટગટાવી ગયો.

તેની જીભ પર વ્હિસ્કીની તીખી કડવાશ બાઝી ગઈ હતી. ગળામાંથી ઊતરીને અન્નનળીના માર્ગે છેક જઠર સુધી ઊતરતો વ્હિસ્કીનો રેલો આગના ભડકા જેવો અહેસાસ કરાવતો હતો. તેણે ફરીથી લેપટોપના સ્ક્રીન પર પોતે ટાઈપ કરેલા શબ્દો વાંચ્યા પછી અવશપણે ડોકું ધુણાવીને ઊભો થયો.

ઈન્ડિયન આર્મીના ક્વિક કોમ્બેટ કમાન્ડો યુનિટના કેપ્ટન તરીકે તેણે અનેક વાર જીવસટોસટનાં ઓપરેશન્સ પાર પાડ્યાં હતાં, પણ આ અનુભવની કંપારી હજુ ય તેના રોમરોમમાં સાબૂત હતી. દિલ્હી પરત આવ્યા પછીના બીજા દિવસે ય તે ચેનથી આંખો મીંચી શકતો ન હતો.

બારીના પડદા ઝાટકા સાથે ખસેડીને તે શૂન્યમનસ્કપણે નીચે રોડ પર ધમધમતા ટ્રાફિકને જોઈ રહ્યો હતો, પણ તેના આંતરચક્ષુઓ સમક્ષ વધુ એક વખત રાઘવની અંતિમ ક્ષણો સાક્ષાત્ થઈ રહી હતી.

આખરી ઘડી ગણી રહેલા અનેક આદમીઓને ઉલ્હાસે જોયા હતા... બહુ નજીકથી જોયા હતા, પણ રાઘવના ચહેરા પર, તેની આંખોમાં અને તેના સ્મિતમાં જે સંતૃપ્તિ, જે આહ્લાદ તેણે જોયાં એ દૃશ્ય તે જિંદગીમાં કદી ભૂલી શકવાનો ન હતો.

ગાઢ અંધકાર તળે ટોર્ચના અજવાળામાં મરણાસન્ન રાઘવના ચહેરા પર અંકાતા જતા, વિખેરાતા જતા દરેક ભાવને ઉલ્હાસે અચંબિત થઈને, તાજુબ થઈને, તીવ્ર આઘાત તળે

નીરખ્યા હતા.

તેનો ચહેરો સોહામણો હતો. આકરી કસરતને લીધે ચહેરા પર મર્દાના સખ્તાઈ હતી, પણ તેની આંખોમાં બાળકસહજ માસૂમિયત વર્તાતી હતી. શરીરમાં ક્યાંય દોરા જેટલી ય ચરબી ન હતી અને સ્નાયુના ગઠ્ઠામાં ફૌલાદી તાકાત ઉભરતી હતી, પણ તેના સ્મિતમાં વણબોલાયેલી સાલસતા વ્યક્ત થઈ જતી હતી.

તે બહુ જ ખરાબ રીતે ઘાયલ થયો હતો. ત્રણ ગોળી તો ખુદ ઉલ્હાસે તેના પર છોડી હતી. ઉઝી ગનમાંથી 400 મીટર પ્રતિ સેકન્ડની સૂસવાતી ઝડપે તેના પેટમાં ઝીંકાયેલી 9 એમએમની બબ્બે ગોળીએ તેના આંતરડાનો કચ્ચરઘાણ કાઢી નાંખ્યો હતો. તેના સાથળમાં ય ગોળી વાગી હતી.

એમ છતાં એ ક્ષુબ્ધ આંખે શૂન્યમાં તાકીને ઊભો થયો હતો. અંધારાની પેલે પાર કશોક દેદીપ્યમાન ઉજાસ નિહાળી રહ્યો હોય તેમ ઘડીક તેની આંખો ચકિત થઈ હતી. તેના ચહેરા પર સ્મિત રેલાયું હતું. મરણતોલ ઈજાઓ તળે તેણે કદાચ ભાન ગુમાવ્યું હતું, પણ તેની આંતરિક સાન સાબૂત હતી. તેણે કશીક કઢંગી ચેષ્ટાઓ કરી હતી, પણ એ દરેક ચેષ્ટાઓમાં કશોક ભાવ હોવાનું ઉલ્હાસને લાગ્યું હતું.

તેણે અર્ધબેહોશ બિરવાને ય ઓળખી હતી. તેના વાળમાં તેણે કાંપતો હાથ પણ પસવાર્યો હતો. એ વખતે ઉલ્હાસ હજુ તેને ઢંઢોળવા જાય એ પહેલાં જ તેણે દમ તોડી દીધો હતો.

- અને ત્યારે ય તેના ચહેરા પર ગજબ સોહામણું, આર્જવભર્યું સ્મિત ફરકતું હતું.

એ ઘડીથી લઈને આજના ત્રીજા દિવસ સુધી ઉલ્હાસ હજુ ય કશ્મકશમાં જ હતો કે રાઘવે લાગ જોઈને છોડાવવા આવેલા કાફલા તરફ નાસી છૂટવાને બદલે આટલી હિંમતથી તેમનો સામનો કેમ કર્યો? કાંઠા પર હુમલો થયો ત્યારે બીજા આદમીઓ તેની સાથે હતા, પણ અંધારાનો લાભ લઈને એ લોકો સરકી ગયા એ પછી ય રાઘવ કેમ સરન્ડર ન થઈ ગયો? એ તો પરાણે ગયો હતો. તેણે જ તો આખા રસ્તે છીંડાંઓ મૂકીને પોતાના સુધીનો રસ્તો ચાતરી આપ્યો હતો...

તો પછી...

ઉલ્હાસે આમતેમ જોઈ નાંખ્યું. ભયાનક અવઢવમાં અથડાઈ-કુટાઈને પસ્ત થઈ ગયેલા તેના દિમાગને સતત વ્હિસ્કીની તલબ ઊપડતી હતી. તેણે ફ્રીઝમાંથી બકેટ ઉઠાવ્યું અને ગ્લાસમાં ત્રણ આઈસક્યૂબ નાંખ્યા. બોટલમાંથી ગ્લેનફિડિચ ધીમી ધારે રેડતા જઈને બરફમાંથી ઊઠતી આછેરી સિકરોને ઘડીક તાક્યા કરી.

રાઘવને ઉઠાવી જનાર લોકો કોઈ પણ હોય, ઉલ્હાસને હવે તેમાં ખાસ રસ રહ્યો ન હતો. એ લોકો જરાક સરખી ય એંધાણી મૂક્યા વગર છટકી ગયા હતા. બાકીના લોકો સંભવિતપણે ડેવિલ્સ બેડ ઊતરીને તિબેટની સરહદમાં પણ સરકી ગયા હોય અથવા પહાડ ઊતરીને ગાઢ જંગલોમાં ગાયબ થઈ ગયા હોય. એ આતંકવાદીઓ ય હોઈ શકે, મળેલી બે લાશના ચહેરા પરથી લાગતું હતું કે પૂર્વોત્તરના અલગતાવાદી પણ હોય... એ શોધવાનું કામ ઉલ્હાસનું ન હતું.

રાઘવ મળ્યો એ સાથે ઉલ્હાસનું ઓપરેશન પૂરું થઈ જતું હતું. હવે તેના રિપોર્ટ પછી એ ટોળકીને જો શોધવી હોય તો બોર્ડર ફોર્સીસને ઓર્ડર કરવાનું કામ હોમ ડિપાર્ટમેન્ટનું હતું. એટલે રિપોર્ટમાં તેણે 'હાઈપ્રોફાઈલ વેપનથી સજ્જ અજાણ્યા ટ્રેઈન્ડ મિલિટન્ટ' એવું લખી નાંખ્યું હતું, પણ રાઘવ વિશે લખતાં એ ખચકાતો હતો.

જો રાઘવ આખી ટોળકીને પકડાવવા જ ઇચ્છતો હતો તો છેલ્લે તક હોવા છતાં કેમ સરન્ડર ન

થયો? શા માટે એક કલાક સુધી તેણે એકલે હાથે સામનો કરીને બીજા લોકોને છટકવાનો સમય આપ્યો?

તેણે જે રીતે છેક જબલપુરથી બ્રહ્મપુત્રના કાંઠા સુધી એંધાણીઓ મૂકી એ જોતાં એ બેહદ કાબેલ હતો. જે રીતે તેણે કાંઠાના જંગમાં એકલેહાથે લડત આપી એ જોતાં એ પાક્કો પુલિસવાળો હતો. આવી લડાઈમાં છેવટે તેણે જ મરવાનું છે એ તેને ખબર હોય જ. તો પણ...

શા માટે???

અકળાયેલા ઉલ્હાસે વ્હિસ્કીનો વધુ એક મોટો ઘૂંટ ગળા નીચે ઉતારીને ગંદો ઓડકાર ખાધો. ઉજાગરા અને સંતાપ, અવઢવ અને ઉદાસીને લીધે લાલઘૂમ થઈ ગયેલી આંખો તેણે ભારપૂર્વક મીંચી દીધી. તેની બંધ આંખોની ભીતર મરણિયો બનેલો રાઘવ વર્તાતો હતો. કાંઠાના અંધારામાં ત્યારે ન દેખાયેલો રાઘવ અત્યારે તેને સ્પષ્ટ ભળાતો હતો.

ખડકો વચ્ચે સપાટાભેર છલાંગ લગાવીને જગ્યા બદલતો રાઘવ... ક્યાંથી, કોણ અને કેટલા આદમી ફેંકે છે તેનો અંદાજ સુધ્ધાં ન આવે એવી સિફતથી ગ્રેનેડ ઉછાળતો રાઘવ... બેય હાથે બે વિરુદ્ધ દિશામાં એકધારી ગન ચલાવતો રાઘવ...

ઉલ્હાસ ઝાટકા સાથે ઊભો થઈને સોફા પર ખસ્યો. લેપટોપ ઉઠાવીને તેણે ઝડપથી લખી નાંખ્યું,

'કાબૂ બહારના સંજોગોમાં સર્જાયેલી ગેરસમજને લીધે એસીપી રાઘવ માહિયાનું મોત નીપજ્યું હતું. બટ હી વોઝ રિઅલી અ બ્રેવ વોરિઅર એન્ડ ડેડિકેટેડ પોલીસ ઓફિસર. તેને મરણોત્તર ઉચિત સન્માન મળે એ માટે હું ભલામણ કરું છું...'

પાંચ મિનિટ પછી તેણે હેડ ક્વાર્ટરને મેઈલ સેન્ડ કર્યો અને રેકલાઈનર ચેર પર બંધ આંખે શરીર લંબાવી દીધું. ભૂતાવળ જેવા એક દુઃસ્વપ્નના ભારમાંથી છૂટવા હવે એ તલપાપડ હતો.

*** *** ***

'કલાક હજુ ચાલી નાંખો...' કેસીએ હાંફતા પ્રોફેસરની પીઠ પર હાથ મૂકીને કહ્યું, 'કલાક પછી આપણે પહેલો કેમ્પ કરીશું.'

'નો પ્રોબ્લેમ કેસી...' પ્રોફેસરે ફિક્કું સ્મિત વેરીને જવાબ વાળ્યો.

ગઈકાલ રાતથી શરૂ થયેલો વરસાદ હજુ ય અટક્યા વગર એકસરખા વેગથી ધોધમાર વરસી રહ્યો હતો. ડેવિલ્સ બેડની ખાઈ પસાર કર્યા પછી એકધારું સીધુ ચઢાણ શરૂ થયું હતું. કેસીએ ત્યાં સૌને અટકાવીને શૂઝ પર ક્રેમ્પોન્સ ચડાવવાની સૂચના આપી હતી.

વરસાદને લીધે ઢોળાવ પરથી સતત વહેતું પાણી, ઠંડોગાર પવન, લથબથ કપડાં અને ઢોળાવના ભીના, લિસ્સા ખડક પરથી સરકતી મુરમ...

પગમાં ક્રેમ્પોન્સ ચડાવ્યા હોવા છતાં સૌથી પહેલો ઝુઝાર ગબડ્યો હતો. કઠણ કાંકરાની ઝીણી મુરમ સાથે ઘસડાવાથી તેના હાથ, પગ અને ચહેરો છોલાઈ ગયા હતા. છપ્પન બે વખત લપસતા બચ્યો, પણ ત્રીજી વખત એ ય પટકાયો હતો. મુસાફરીનું પહેલું ચરણ જ સૌના હતાશ દિમાગ અને થાકેલા શરીરને આકરું પડી રહ્યું હતું.

ત્વરિત કશું જ બોલ્યા વગર શૂન્યમનસ્કપણે બસ, ચાલ્યે જતો હતો. તેના રડમસ ચહેરા પર બેબસી અને ખુન્નસના મિશ્રિત ભાવ ક્યારેક ગળામાંથી નીકળી જતાં ધીમાં ડુસકાં વડે વ્યક્ત થઈ જતા હતા.

મુક્તિવાહિનીના બે આદમીઓએ વૃક્ષોની ડાળીઓ તોડીને તેના ફરતું કંતાન વીંટીને ડોળી જેવું બનાવી લીધું હતું અને બેહોશ તાન્શીને તેમાં સૂવડાવીને ખભે ઊંચકી લીધી હતી. માલસામાનના કોથળા ખભા પર ઊંચકીને બીજા કેટલાંક આદમીઓ ધોધમાર વરસાદ વચ્ચે ય સડસડાટ આગળ વધીને ક્યારના ચઢાણ પાર કરી ગયા હતા. પોતાને લગતું કામ શોધી લેવા ટેવાયેલો ઉજમ બહાદુર પણ કોથળા ઊંચકીને આગળના કાફલા સાથે રવાના થઈ ગયો હતો.

સતત સૌને અવલોકી રહેલો કેસી આખરે આગળ ચાલી જતી હિરનની સાથે થઈ ગયો હતો.

'ફિલિંગ કમ્ફર્ટેબલ?' તેણે સ્મિતભેર પૂછ્યું.

'યસ, અફકોર્સ...' છરહરી હિરન કોઈ તકલીફ વગર સરળતાથી ચઢાણ ચઢી રહી હતી.

'પણ બીજા બધા સખત થાકેલા લાગે છે'

'હા..' હિરને છલાંગભેર એક મોટો ખડક કૂદતા જવાબ વાળ્યો, '... અને થોડા હતાશ પણ.' તેની આંખોમાં ગમગીની હોવાનું કેસીને સ્પષ્ટ વર્તાતું હતું, 'રાઘવનું ડેથ ખરેખર શોકિંગ છે. હી વોઝ રિઅલી અ બ્રેવ સોલ્જર.'

'યાહ...' જવાબમાં કેસીથી ય ઊંડો નિ:શ્વાસ નંખાઈ ગયો. તેની આંખો સામે રાઘવની આખરી ક્ષણો તરી આવી.

'હુમલાખોર કોણ હોઈ શકે? તને કંઈ અંદાજ આવે છે?' શાંગરાના કાંઠા પર હોડીઓ લાંગરી એ પછી પહેલી જ વાર કેસી અને હિરનને ચર્ચા કરવાની મોકળાશ મળી હતી.

'હું હજુ ય અવઢવમાં છું...' કેસીએ ડોકું ધુણાવી નાંખ્યું, 'આવું આ પહેલાં કદી બન્યું નથી.' પછી તેણે હિરનની આંખમાં આંખ પરોવીને ઉમેર્યું, 'સાચું કહું? એક તબક્કે મને રાઘવ પર જ શંકા ગયેલી, પણ તેને મેં જે રીતે લડતો જોયો એ પછી હવે મને મારી એ શંકા બદલ પસ્તાવો થાય છે.'

'મને પણ...' નીચું જોઈને હિરને જવાબ વાળ્યો, 'રાઘવ કંઈક રમત રમશે એવો ઉચાટ મને ય હતો જ.'

એ જ વખતે ડોળી ઊંચકીને જતા આદમીઓએ તેમને ક્રોસ કર્યા એટલે હિરને પૂછી લીધું, 'તાન્શીને કેમ છે?'

'તેને મૂઢ માર વાગ્યો છે. થોડા આરામની જરૂર છે.' પછી તેણે ત્વરિત તરફ આંગળી ચીંધી, 'યુ શૂડ કોન્સોલ ત્વરિત. રાઘવનું મોત જોઈને એ બેહદ આઘાતમાં છે.' લથડાતાં કદમે દૂર, સહેજ પાછળ ચાલી રહેલા એકલાઅટૂલા ત્વરિતે ખભા પર ખાસ્સો બોજ ઊંચક્યો હતો. વરસાદની વાછટની પરવા કર્યા વગર એ નીચું જોઈને એકધારો ચાલ્યે જતો હતો એ તરફ અછડતી નજર ફેરવીને કેસીએ ઉમેર્યું, 'રાઘવને ન બચાવવા માટે એ મારા પર બેહદ નારાજ પણ છે.'

'હમ્મ્મ...' હિરને જરા અટકીને ત્વરિત તરફ જોયું, 'આઈ કેન અન્ડરસ્ટેન્ડ...'

કેસીને આગળ વધતો છોડીને એ ત્યાં જ અટકી ગઈ.

*** *** ***

'એમાં તારો કોઈ વાંક નથી.' હિરન હતાશ ત્વરિતના ખભા પર હાથ મૂકીને તેને સમજાવી રહી હતી અને... ત્વરિત ધીમાં ધીમાં મૂંગાં ડૂસકાં ભરતો, ખભા પર મુકાયેલો હિરનનો હાથ તરછોડતો આગળ ભાગવા જતો હતો.

છેવટે હિરને મજબૂત હાથે તેને પકડ્યો એટલે નાછૂટકે તેણે અટકવું પડ્યું. તેની આંખોમાં

પારાવાર ગમગીની હતી. ખુબરાના જંગમાં તેણે બેફામ ગોળીઓ ચલાવી હતી. રણની ભીષણ આંધીમાં એ ઝઝૂમ્યો હતો. ગીધડાં જીવતેજીવત તેને ફોલી રહ્યાં હતાં ત્યારે ય તેણે પ્રબળ જિજીવિષા છોડી ન હતી. વામપંથી મૂર્તિઓનો ભેદ પામવાની અને આધુનિક સંપર્કવિદ્યા સાથે તેનો તાળો મેળવવાની તેને અપાર ઉત્સુકતા હતી. તિબેટ જવા માટે... ગમે તેમ કરીને હર હાલતમાં પણ તિબેટ જવા માટે પ્રોફેસર પછી જો કોઈ દૃઢ અને મક્કમ હોય તો એ ત્વરિત હતો.

- પણ રાઘવના મૃત્યુએ તેને ખળભળાવી દીધો હતો.

હિરનને વળગીને એ ધ્રૂસકે ધ્રૂસકે રડી પડ્યો. ક્યાંય સુધી હિરન તેના વાળમાં, તેના ચહેરા પર હાથ પસવારતી રહી. આકાશમાંથી વરસતો મેઘ, પહાડો પરથી વળ ખાઈને નીચે ધસી જતાં ઝરણાંઓનો મંજુલ કલરવ, ધરતીની બાથમાં ભીંસાયેલા ખડક પર પછડાતાં વરસાદનાં મોટાં ફોરાથી થતી તડતડાટી અને અહીં અટૂલાં બે જણ...

આખરે ત્વરિત સ્વસ્થ થયો, પણ હજુ ય તેના અવાજનો કંપ ઘટતો ન હતો.

‘તેણે બેહદ જીદ કરી હતી...’ નીચે જોઈને એ સ્વગત બોલ્યે જતો હતો, ‘મેં તેને એકલા છોડવાની ના પાડી ત્યારે તેના ચહેરા પર અજબ ઉન્માદ તરી આવ્યો હતો. તેણે મને સવાલ કર્યો હતો કે, મૂર્તિ જ શા માટે... કોઈક માણસનો માંહ્યલો પણ વામપંથનો સૂચક ન હોઈ શકે? દેશભરમાં ઠેરઠેર છુપાવેલી મૂર્તિઓની માફક કોઈકનો આત્મા જન્માંતરોથી પ્રાચીન જ્ઞાનના રક્ષણ માટે દોરવાયો હોય તેમ ન બની શકે?’

‘તેના સવાલોનો હું શું જવાબ આપું? હું ઘડીક મૌન રહ્યો એટલે તેણે જાતે જ જવાબ વાળી દીધો હતો કે, જો ખરેખર એવું હોય તો સમજી લે કે આપણાં પૂર્વજોએ સદીઓની જહેમતથી જાળવેલા એ જ્ઞાનના સંરક્ષણ માટે જ હું જન્મ્યો છું. એ વગર હું, એક સીધોસાદો પોલીસ અફસર આટલો ઊંડો ન ઊતર્યો હોઉં...’

‘તેં કહ્યું હતું ને કે હું ટિપિકલ ખાખી છું? હા, હું ટિપિકલ ખાખી જ છું.... અ ખાખી ડેડિકેટેડ ટૂ હિઝ ડ્યુટી. હવે એ વાત અલગ છે કે કાયદા કરતાં મારા પૂર્વજો પ્રત્યેની, સદીઓની આ મહામથામણ પ્રત્યેની મારી ફરજ મને વધુ અગત્યની લાગે છે. બટ અલ્ટિમેટલી આઈ એમ ડુઈંગ માય ડ્યૂટી...’

ત્વરિત કહી રહ્યો હતો અને હિરન રાઘવની આખરી ક્ષણોનું વર્ણન તાજુબ થઈને સાંભળી રહી હતી. પ્રોફેસર સાચું જ કહેતા હતા, વામપંથનું શાસ્ત્ર બહુ અજીબ છે. તેમાં ઊંડા ઊતરવામાં સાર નથી. એ જ્ઞાન બધા માટે નથી. તલવારની ધાર જેવી તીક્ષ્ણ સમજણ અને સ્પષ્ટતા ન હોય તો જ્ઞાન અને ભ્રમ વચ્ચે, સત્યના આગ્રહ અને સત્યના વળગણ વચ્ચેનો ફરક પામી શકાતો નથી.

રાઘવની એ અવઢવ જ આખરે તેને તેના અંતિમ સત્ય ભણી દોરી ગઈ હતી કદાચ.

પરમ સત્યનું સરનામું પામનારો એ પહેલો હતો.

*** *** ***

આકાશમાં છવાયેલા મેઘાડંબરને લીધે સમયનો ખ્યાલ આવતો ન હતો, પણ આકરાં ચઢાણ પાર કર્યા પછી બે પહાડોને જોડતી તળેટી જેવી જરાક સમથળ જમીન પર રેક્ઝિનના પાતળા તંબુ તણાઈ ગયા હતા. આગળ પહોંચેલા આદમીઓ હંમેશ મુજબ, તેમની ફરજ અવ્વલપણે બજાવી રહ્યા હતા.

હવે અડધો દિવસ અને આખી રાત અહીં જ આરામ કરવાનો હતો. રાતભર ચાલેલા જંગ અને રાઘવ સહિત મુક્તિવાહિનીના બે આદમીઓના મોતને લીધે સૌના મન પર છવાયેલો ઓથાર હળવો કરવા માટે કેસીએ પહેલે જ દિવસે કેમ્પ ડાઉનનો નિર્ણય લીધો હતો.

સળંગ દસ દિવસ એકધારી ગતિએ રોજ નવ-દસ કલાક પહાડોનું ચઢાણ કરતાં રહીએ ત્યારે માંડ તિબેટ આવે. આ રસ્તાનો ફાયદો એ હતો કે અહીં ચઢાણ એકધારાં હતાં, પણ તેને આરોહણ કહેવાય એવા ન હતાં. હિરનના કાફલાની કમજોરીને ધ્યાનમાં રાખીને કેસીએ આ માર્ગ પસંદ કર્યો હતો.

બે દિવસની મુસાફરી પછી ત્સાલિંગ નામનો પહેલો કસ્બો તેમણે પસાર કરવાનો હતો. ખચ્ચર ચરાવવા માટે ચોમાસાની સીઝનમાં અહીં ભરવાડો કૂબા બાંધીને વસતા અને પાછોતરો વરસાદ શરૂ થાય એ પહેલાં મેદાની વિસ્તારોમાં પરત જતાં રહેતા. તિબેટની લગભગ તમામ આવી વિચરતી જાતિ મુક્તિવાહિનીના સ્લિપર સેલ જેવું કામ કરતી.

પરંતુ આ રસ્તાનો ગેરફાયદો એ હતો કે કૈલાસ-માનસરોવર તેમજ બૌદ્ધ ધાર્મિક સ્થળોના પ્રવાસે જતા યાત્રાળુઓનો ત્રિભેટો આ માર્ગ પર જ પડતો હતો. યાત્રાળુઓની અવરજવર બહુ જ કડકાઈથી નજર તળે રાખતા ચીની અફસરો ક્યારેક આ રસ્તે ય રાઉન્ડમાં આવી ચડતા.

બીજો રસ્તો વધારે સલામત હતો, કારણ કે એ બેહદ કઠણ હતો. ડેવિલ્સ બેડ ઊતર્યા પછી દક્ષિણ તરફની દોમ્ઝા તરીકે ઓળખાતી પર્વતમાળા હતી. મુક્તિવાહિનીના પહાડછોરુ મોટાભાગે તિબેટની આવ-જા માટે એ રસ્તો જ પસંદ કરતા, કારણ કે અડાબીડ પહાડોને લીધે અહીં ચાઈનીઝ લશ્કરનો ભેટો થવાના કોઈ ચાન્સ ન હતા.

પરંતુ હિરનના કાફલા માટે એ પહાડોનું આરોહણ બેહદ મુશ્કેલ હતું. તાન્શીએ આપેલી તાલીમ પૂરી થાય એ પહેલાં જ તેમને ભાગવાની નોબત આવી હતી. વળી, આટલી ટૂંકી તાલીમ દોમ્ઝાની પર્વતમાળા વટાવવા માટે અપૂરતી પણ હતી. એટલે કેસીએ ત્સાલિંગ કસ્બાનો રસ્તો પસંદ કર્યો હતો.

આયોજનમાં માહેર કેસીએ પહેલેથી જ પૂરતી તૈયારી કરી રાખી હતી. પર્વતારોહણની તાલીમ શરૂ થઈ એ પહેલાં જ દરેકની તસવીરો, બોડી માર્ક્સ વગેરેની નોંધ તૈયાર થઈ ગઈ હતી અને તેના આધારે ઓળખના ખોટા પુરાવા, તિબેટમાં જરૂર પડનારા ત્રણ-ચાર પ્રકારના પરવાના વગેરે તૈયાર કરી નાખ્યા હતા.

દસ દિવસની મુસાફરી માટે આખાય કાફલાની જરૂરિયાત મુજબનો સામાન અગાઉથી ખોખાંઓમાં પેક કરીને તૈયાર રખાયો હતો. એટલે જ, અણધાર્યા સમયે અણધાર્યો જંગ ખેડીને અચાનક જ તિબેટની ભૂમિમાં ઊતરી જવું પડ્યું તો પણ કેસીને મૂંઝવણ ન હતી.

પહેલાં કેમ્પ પર પહોંચીને કેસી સહિત મુક્તિવાહિનીના આદમીઓએ ઉત્તર દિશાએ મોં કરીને પ્રાર્થના કરી હતી. દૂર ખડક પર માખણના દીવા પ્રગટાવ્યા હતા અને લાલ, પીળા, નારંગી રંગની ત્રણ ધજાઓ ખોસી હતી.

સાંજ ઢળી ત્યારે વરસાદ અટક્યો હતો. પહાડોની આરપાર આથમતા સૂરજના ઝાંખા

અજવાળામાં દૂર ક્ષિતિજ પર તાકી રહેલાં પ્રોફેસરની એક આંખમાં અફાટ ઉતાવળ અને બીજી આંખમાં અજંપો વર્તાતાં હતાં.

જ્યાં પહોંચવાનું સપને ય વિચાર્યું ન હતું એ તિબેટની ભૂમિમાં તેઓ પગ માંડી ચૂક્યા હતા, પણ જે શોધવા માટે આટઆટલાં જોખમો ઉઠાવ્યાં હતાં તેના વિશે કોઈ ઠામઠેકાણું તેમની પાસે ન હતું.

*** *** ***

'બટ બેટા, ટ્રાય ટૂ અન્ડરસ્ટેન્ડ...' બિરવાના માથા પર વ્હાલસોયો હાથ ફેરવીને તેમણે કહ્યું, 'કેપ્ટન રેડ્ડી હેઝ ઓલરેડી સબમિટેડ હિઝ રિપોર્ટ. એમાં સ્પષ્ટ ઉલ્લેખ છે કે...'

'નો વે, આઈ ડોન્ટ બીલિવ ઈટ..' બિરવા ઉગ્રપણે ચિલ્લાઈ હતી, 'હાઉ કૂડ આઈ બીલિવ ઈટ પાપા? રાઘવ આટલી મુસીબતમાં મુકાયો હોય, આટલી ચીવટથી સંદેશો મૂકે, આટલું જોખમ ઉઠાવીને છેક સુધી નિશાનીઓ છોડતો જાય અને છેવટની ઘડીએ એ પોતે સામનો કરીને મોતને ભેટે?'

રાઘવ નથી રહ્યો એ સ્વીકારતાં બિરવાને ત્રણ દિવસ લાગ્યા હતા, પણ ત્રીજા દિવસે એ બરાબર વિફરી હતી.

'હુ વેર ધોઝ ગાય્ઝ? ક્યાં જતી રહી એ ટોળકી? કેમ એકલો રાઘવ જ મરાયો? કેમ ઉલ્હાસે બીજા લોકોનો પીછો ન કર્યો? પાપા, જ્યાં સુધી આ દરેક સવાલના જવાબ નહીં મળે ત્યાં સુધી રાઘવના ડેથનું રિઝન જાણવા નહીં મળે અને ત્યાં સુધી....'

જી.ડી. અસનાની ફાયનાન્સ મિનિસ્ટ્રીનો સેક્રેટરી હતો. સરકારમાં તેની ઊંચી વગ હતી, પણ આઈએએસ અફસર તરીકે બિરવા ય કમ ન હતી.

'વ્હાય શૂડન્ટ આઈ ગિવ અ સેપરેટ સ્ટેટમેન્ટ એઝ એન આઈ વિટનેસ ઓફ ધ ઈન્સિડન્ટ? કેપ્ટન રેડ્ડીએ તેની રીતે રિપોર્ટ આપ્યો હોય તો હું પણ હોમ ડિપાર્ટમેન્ટને એક રિપોર્ટ આપી જ શકું ને? હું જ આ કેસની ફરિયાદી છું. મેં જ

તપાસ માટે અરજી કરી છે તો પછી ઈન્વેસ્ટિગેશનનું કન્ક્લુઝન અધકચરું છે. ભાગી ગયેલા લોકોની ભાળ મેળવવામાં ન આવે ત્યાં સુધી રાઘવના ડેથનું રિઝન સ્વીકારી શકાય તેમ નથી. ઈટ મે બી અ બિગ, બિગેસ્ટ કોન્સ્પિરસી અગેઈન્સ્ટ નેશન. આખરે એક આઈપીએસ ઓફિસરના અપહરણ અને મોતનો આ ઈશ્યૂ છે...'

બિરવાએ એકધારી દલીલો વરસાવીને જી.ડી.ને ચૂપ કરી દીધા.

'પણ બેટા...' જી.ડી.ને ય બિરવાની દલીલ ગળે ઊતરતી હતી, પણ દીકરી હવે આ પ્રકરણને ભૂતકાળ ગણીને ઉજ્જવળ ભવિષ્ય તરફ આગળ વધે તેની તેમને વધારે ચિંતા હતી, 'એઝ ઉલ્હાસ હેઝ રિપોર્ટેડ, રાઘવને ઉઠાવી ગયેલા લોકો તિબેટની સરહદ પાર કરી ગયા હોય એ શક્યતા બળવત્તર છે.'

'સો વોટ?' બિરવા તાડુકી ઊઠી, 'તિબેટ ઈઝ નોટ એન એલિયન કન્ટ્રી... હોમ ડિપાર્ટમેન્ટ ચાઈનાને એલર્ટ કરી શકે.'

'ચાઈના સાથે આપણે એવી કોઈ એક્સ્ટોર્શન ટ્રિટી નથી.'

'ઈટ્સ નોટ અ મેટર ઓફ એક્સ્ટોર્શન... નોટ એટ ઓલ... શક્ય છે કે એ લોકો ચાઈનાના ય ગુનેગાર હોય. ખુદ કેપ્ટન સ્વીકારે છે કે એ આખો રિમોટ બોર્ડર એરિયા છે અને બંનેમાંથી એક પણ દેશની ત્યાં ચોકી નથી. તો શક્ય છે કે એ રિમોટ બોર્ડર એરિયાની આવી મૂવમેન્ટથી

ચાઈના પણ અજાણ હોય.'

એ પછી ય જી.ડી.એ મૌન ન તોડ્યું એટલે બિરવાએ છેલ્લું શસ્ત્ર ઉગામી લીધું,

'ઈફ યુ વિલ નોટ ઈન્સિસ્ટ હોમ ડિપાર્ટમેન્ટ ધેન...' બિરવાએ ખુન્નસ ભભૂકતી આંખે જી.ડી.ની આંખમાં આંખ પરોવીને કહી દીધું, '... તો હું આ

તમામ પ્રૂફ સાથે મીડિયામાં જઈશ અને એક હોનહાર આઈપીએસ અફસરના મૃત્યુની તપાસમાં સરકાર કેવા ઠાગાઠૈયા કરે છે એ ઉઘાડું પાડી દઈશ... ભલે મારી કારકિર્દી રોળાઈ જાય...'

એ પછી વધુ અડધી કલાકની ઉગ્ર દલીલોને અંતે આખરે જી.ડી.અસનાનીએ નમતું જોખ્યું. હોમ સેક્રેટરીને ફોન જોડ્યો અને તાત્કાલિક ચીનના બોર્ડર ફોર્સને માહિતગાર કરવાની તાકીદ કરી.

*** *** ***

આરામ કર્યા પછીના બીજા દિવસે થયેલી આગેકૂચથી કેસી સંતુષ્ટ હતો. મોડી સાંજે સૂરજ અસ્તાચળે જઈ રહ્યો હતો ત્યારે તેણે કેમ્પ નાંખવા સૂચના આપી હતી. રાત્રે ભોજન પછી સૌની કેમ્પ મિટિંગ લઈને તેણે આવતીકાલની મુસાફરી વિશે, રસ્તા વિશે માહિતી આપી અને બે દિવસ પછી ચીની બોર્ડર ફોર્સનો ભેટો થાય તો એલિયન પરમિટ વિશે સૌને ગોખાવેલી વિગતોની પરીક્ષા લીધી.

દરેકના ખોટાં નામ હતાં, ખોટા વ્યવસાય અને ખોટાં ઠામઠેકાણાં હતાં. દરેક લોકો ભારતની જુદી જુદી યુનિવર્સિટીઓ સાથે સંકળાયેલા હતા. કોઈ નૃવંશશાસ્ત્રનો અભ્યાસ કરતું હતું તો કોઈ વંશીય ઉત્ક્રાંતિના અભ્યાસ માટે તિબેટ આવ્યા હતા. આ પ્રકારની અભ્યાસ ટૂરને તિબેટના આંતરિક વિભાગોમાં જવા માટે બેજિંગ યુનિવર્સિટી તરફથી ભલામણ કરવામાં આવે તો ચીનનો પ્રોવિન્સ વિભાગ સીધી જ પરમિટ કાઢી આપતો હતો.

કેસીએ આ છટકબારીનો જડબેસલાક ઉપયોગ કરી નાંખ્યો હતો.

હોશમાં આવેલી તાન્શી હવે સ્વસ્થ થઇ ચૂકી હતી. ચોથા અને પાંચમા દિવસનું ચઢાણ વધારે અઘરું અને દોહ્યલું બનવાનું હતું. ત્યાં સુધીમાં તાન્શીને આરામ મળે એ માટે કેસીએ તેને ડોળીમાં જ મુસાફરી કરવાનો આગ્રહ કર્યો, પણ એ લડાયક છોકરીને કોકની ખાંધે ચડીને મુસાફરી કરવામાં પર્વતોની તૌહિન લાગતી હતી.

ત્રીજા દિવસે એકધારા અને એકસરખા ચઢાણથી સૌ પરિચિત થઈ ચૂક્યા હતા એટલે ધારણા કરતાં ઘણી સારી ઝડપ મેળવી શકાઈ હતી. બપોરે નાનકડો બ્રેક લીધા પછી કાફલો વળી આગળ વધી રહ્યો હતો એ જ વખતે તીણા, પાતળા અવાજથી કેસી પહેલાં ચોંક્યો. મુક્તિવાહિનીની સંદેશા આપવાની આ અનોખી રીતથી ધીમે ધીમે પરિચિત થઈ રહેલી હિરન પણ છેક છેલ્લી હરોળમાં ખડી રહી ગઈ.

સાવ આગળની હરોળમાંથી આવેલો ચેતવણીનો આ સંકેત હતો.

શેના વિશે ચેતવણી અપાઈ છે, લપાઈ જવાનું છે કે પોઝિશન લેવાની છે કે અટકી જવાનું છે તેની કશી જ ગતાગમ પડે એ પહેલાં દૂર પૂર્વ દિશાની પહાડી પાછળથી બે હેલિકોપ્ટર દેખાયાં.

'ફોલ ડાઉન...' કેસીના મોંમાંથી ચીસ ફાટી ગઈ.

બે જ મિનિટમાં પહાડની બંજર, ખુલ્લી જમીન પર તિતરબિતર થયેલો કાફલો ભોંયસરસો લપાઈને નિર્જીવ બની ગયો હતો અને હેલિકોપ્ટરની પાંખોનો અવાજ સતત નજીક આવતો જતો હતો.

ફટ્..ફટ્..ફટ્..ફટ્..ફટ્...ફટ્....

*** *** ***

ત્રણ બાજુ શુદ્ધ ધવલ પહાડો, ચોથી તરફ પ્રિયતમના બાવડે ચૂંટી ખણીને દોડી જતી મુગ્ધ કન્યા જેવી કૈલુ નદી અને બેયની વચ્ચે પથરાયેલી સમથળ લીલીછમ્મ તળેટી...

ત્સાલિંગ.

દોમદોમ સાહ્યબીથી હરીભરી હવેલી, શેઠ દેવાળું કાઢે પછી નિ:સાસા નાંખતી નાંખતી ખંડેર થઈ જાય, ત્સાલિંગની નિયતિ ય કંઈક અંશે એવી જ હતી.

સત્તરમી સદીના ઉત્તરાર્ધમાં લોબસાંગ ગ્યાત્સો બૌદ્ધ ધર્મવાહક બન્યા એ સમય તિબેટના ધાર્મિક, સાંસ્કૃતિક, સામાજિક ઉપરાંત રાજકીય રીતે પણ બહુ જ ધારદાર બની રહ્યો હતો. તિબેટ એ સમયે ચાર અલગ અલગ વંશના રાજાઓમાં વહેંચાયેલું હતું અને ચારેય સતત એકમેક સાથે યુદ્ધે ચડેલા રહેતા હતા. પરિણામે ધર્મસત્તા પાંગળી બની ચૂકી હતી.

પાડોશી દેશમાંથી મંગોલ આક્રમકોનાં ધાડાં વારંવાર તિબેટ પર ચડી આવીને સર્વત્ર તારાજી અને વિનાશ વેરી જતાં હતાં. સેંકડો બૌદ્ધ મઠો વેરણછેરણ થઈ ચૂક્યા હતા અને સમગ્ર પ્રજાની માનસિકતાને જ હિણપતનો લૂણો લાગી ચૂક્યો હતો.

લોબસાંગ માટે બૌદ્ધ મતને અને ધર્મશાસનને પૂર્વવત્ સ્થાપિત કરવું એ બહુ કઠિન પડકાર હતો. તેમણે તેમના પૂર્વસૂરિઓની માફક લ્હાસામાં બેસીને દર્શન આપવાને બદલે સમગ્ર તિબેટનો પ્રવાસ શરૂ કર્યો. કુશાગ્ર બુદ્ધિ, ધર્મશાસ્ત્રોનો પ્રખર અભ્યાસ અને તેજસ્વી વ્યક્તિત્વ ધરાવતા લોબસાંગની સંમોહિનીની તીવ્ર અસર થઈ અને બહુ ઝડપથી બૌદ્ધ મઠનો અંકુશ પુન:સ્થાપિત થયો.

અત્યાર સુધીના દરેક લામાઓ ફક્ત ધાર્મિક બાબતોમાં જ રચ્યાપચ્યા રહેતા હતા. લોબસાંગે સમાજજીવનને ય એટલું જ પ્રાધાન્ય આપ્યું અને તિબેટના દરેક છેડે બૌદ્ધવિહાર સ્થાપીને વર્ષભર વિવિધ સાંસ્કૃતિક મહોત્સવો શરૂ કરાવ્યા. અત્યંત દુર્ગમ પહાડોથી છવાયેલા દેશને એકજૂટ કરવા માટે તેમણે વર્ષના ચાર મુખ્ય ઉત્સવ માટે તિબેટની ચાર દિશામાં ચાર અલગ કેન્દ્રો સ્થાપ્યાં. એક કેન્દ્ર યજમાન હોય તો બાકીનાં ત્રણ કેન્દ્રો મહેમાન બનીને એ ઉત્સવ માણવા માટે ત્યાં પધારે. લોબસાંગે અપનાવેલી આ પદ્ધતિએ સમગ્ર તિબેટી પ્રજાને એકત્વની પ્રચંડ ભાવનાથી પ્રેરિત કરી.

એ સમયે મહોત્સવનું એક મહત્ત્વનું કેન્દ્ર હતું ત્સાલિંગ.

તિબેટિયન કેલેન્ડર મુજબ વર્ષના ત્રણ મહિના બૌદ્ધ સાધુઓ અજાણ સ્થળોએ સાધના કરવા જતા રહે અને પછી કેલેન્ડરના સાતમા મહિને પરત ફરે. સાધુઓના પુનરાગમનના એ સમયે શોટોન મહોત્સવનો આરંભ થતો અને તેનું યજમાન હતું ત્સાલિંગ.

અહીં પહાડીઓનો ઢાળ ઊતરતી ટેકરીઓ પર બેઠા ઘાટનો વિહાર બંધાયેલો હતો. વિહારની નીચેથી શરૂ થતી સમથળ તળેટી નદીની દિશામાં નૈસર્ગિક ઢાળ ધરાવતી હોઈ ચોમાસામાં પર્વતો પરથી દદડતો જળપ્રવાહ વરસાદ શમે કે તરત નદીમાં ભળી જતો અને રહી જતી માત્ર લીલીછમ્મ રમ્ય ઘોષા.

એવા માહોલમાં અહીં ઉત્સવ મંડાતો. વિહારના દરેક ટોડલે કાગળના રંગબેરંગી ફાનસમાં માખણના દીવા પ્રગટતા. દિવસભર ઘોડાદોડની હરીફાઈમાં પરસેવો પાડીને લાલઘૂમ થયેલા તિબેટિયન જુવાનિયા સાંજ ઢળે એટલે રંગીન અતલસી વાઘા સજીને તળેટીના ચોકમાં ઉમટી

પડતા.

ઊંચા ઓટલા પર ચડીને તૂરી વગાડતા સાજિંદાઓ, દૂર ક્યાંક ખીલે બાંધેલા ઘોડાઓની હણહણાટી, આકાશમાં ક્વચિત ગર્જી જતો મેઘ, એકમેકના ખભે હાથ વીંટાળીને આમતેમ નજર ફેંક્યા કરતા છેલબટાઉ જવાનિયાઓ અને રંગીન ફાનસની થરથરતી જ્યોતના જાંબલિયાળા ઉજાસ તળે મારકણાં સ્મિત વેરતી, આંખોમાં આંજેલા આંજણના કામણથી તરબોળ કરતી છોકરીઓ...

રોજ સમી સાંજે શરૂ થતો નૃત્ય અને નાટકનો એ સમો વહેલી સવારના પહેલા પ્રહર સુધી જારી રહેતો અને ત્સાલિંગની સોહામણી તળેટી શોટોન ઉત્સવના દિવસોમાં ખુશમિજાજ તરુણીની માફક ખિલખિલાટ કિલ્લોલતી રહેતી.

પોતાની જ દુનિયામાં મશગૂલ રહેતા નિર્દોષ તિબેટીઓની આ સાંસ્કૃતિક પ્રણાલી પર પહેલો કુઠારાઘાત થયો ઈ.સ. 1892માં. યન્નાનના રસ્તે ચીની આક્રમણકારીઓ દક્ષિણ તિબેટમાં ઘૂસ્યા ત્યારે તેમનું પહેલું નિશાન હતા બૌદ્ધ મઠ. હાન વંશના સૈનિકો પોતે ય બૌદ્ધ હતા, પણ જાણે તિબેટના બૌદ્ધ જુદા અને ચીનના બૌદ્ધ ચડિયાતા હોય તેમ બર્બર સૈનિકોએ રસ્તામાં આવતાં કેટલાંય વિહારોનો સફાયો કરી નાંખ્યો. જગતને અહિંસા અને સદ્ભાવનો ઉપદેશ આપનાર ભગવાન બુદ્ધના કરુણાચક્ષુમાંથી આંસુ દદડવાની એ પહેલી ક્ષણ હતી.

ત્સાલિંગનો વિહાર પણ એ આક્રમણમાં જમીનદોસ્ત થઈ ગયો. શોટોન ઉત્સવના સમયે જ થયેલા એ આક્રમણમાં સેંકડો નિર્દોષ તિબેટીઓએ જીવ ગુમાવ્યો. ભીષણ રક્તપાતમાં કૈલુ નદીનાં જળ પણ લાલ બની ગયાં. અસંખ્ય કોડીલી છોકરીઓ પર અત્યાચારો થયા. બે મહિના સુધી આખાય વિસ્તારને રગદોળીને હાન સૈનિકો પાછા ફર્યા, પરંતુ ત્યાં સુધી ભોળા, અબુધ, નિહથ્થા તિબેટીઓની હામ તૂટી ગઈ હતી.

એ પછી લગાતાર એ માર્ગે આક્રમણો થતાં રહ્યાં. વિહાર બંધાતો રહ્યો, તૂટતો રહ્યો... તૂટતો રહ્યો. છેવટે શોટોન ઉત્સવની પ્રણાલી જ બંધ થઈ ગઈ.

માખણનાં રંગબેરંગી દીવડાં ક્યારનાં ઓલવાઈ ગયાં હતાં. ઘોડાઓની હણહણાટી અને ખચ્ચરની ખરીના અવાજ દાયકાઓથી નિ:સ્તબ્ધ થઈ ગયા હતા. ઘેનભર્યા સ્મિતનાં કામણ દંતકથાઓ પર વહીને વિસરાઈ ગયાં હતા અને રંગબેરંગી વેશભૂષા પહેરીને પરંપરાગત તિબેટી કથાઓની નાટ્યાત્મક ભજવણી ઘરડેરાંઓના સ્મરણમાં બુઝાઈ રહી હતી.

હવે બચ્યાં હતાં ટેકરીઓના વળાંક પર ઊભેલાં ખંડેર, ખુલ્લી તળેટીમાં ચોમાસામાં છૂટાછવાયા બંધાયેલા ભરવાડોના કૂબા અને વળી કદીક કોલાહલ ઊઠશે, ઉત્સવઘેલા લોકો ઉમટશે એ આશાએ ઊંચા થઈ થઈને તળેટી ભણી નીરખી રહેલા પહાડો...

મૂંગો સન્નાટો ઓઢીને કારમા સન્નાટા નાંખતી લીલોતરી ફરતો હવે નર્યો હાયકારો વીંઝાતો હતો.

*** *** ***

‘ફોલ ડાઉન...’

કેસીએ પહેલાં તિબેટી ભાષામાં અને પછી અંગ્રેજીમાં આદેશ કર્યો એ સાથે સૌ કોઈ જ્યાં હતા ત્યાં જ ખોડાઈ ગયા. મુક્તિવાહિનીના આદમીઓએ તરત માલસામાનના કોથળા, ખોખાં જ્યાં દેખાયાં ત્યાં ખડકની આડશમાં ગોઠવવા માંડ્યાં. ચઢાણ મુશ્કેલ હતું, પરંતુ ચારેબાજુ અડાબીડ પહાડોને બદલે છૂટાછવાયા ખડકો પથરાયેલા હતા.

ત્વરિતે જોયું કે, આવા વખતે ભોંય પર લપાવાની ય તેમની આગવી પદ્ધતિ હતી. કોઈ ભોંય

પર અધૂકડી સ્થિતિમાં આડા પડી ગયા હતા તો કોઈ છાતી સુધી પગ ખેંચીને ઊંધા મોંએ ભોંય સાથે ચીપકી ગયા હતા. કોઈ કમરમાંથી કમાન આકારે ખેંચાઈને મડદાની માફક પડી રહ્યું હતું.

મુસાફરી શરૂ કરતાં પહેલાં જ રોજેરોજ દરેકને મોટાં શણિયાં આપી દેવાતાં હતાં અને દરેકે પોતાના સામાન ફરતો શણિયું વીંટાળવું ફરજિયાત હતું. ત્વરિતને હવે એ શણિયાનો અસલ ઉપયોગ સમજાતો હતો. કઢંગા આકારમાં ભોંયસરસા સજ્જડ ચંપાઈ ગયેલા દરેક આદમી માથા પર શણિયાં ઓઢી રહ્યાં હતાં.

મુક્તિવાહિનીની તરકીબ પર તે મનોમન આફરીન પોકારી ગયો.

સેંકડો ફિટ ઉપરની સહેજ પાતળી હવામાં ગતિશીલ હેલિકોપ્ટરમાંથી બાયનોક્યુલર વડે જોઈ રહેલો આદમી કઈ રીતે થાપ ખાઈ શકે તેનો ગેરિલાઓએ પાક્કો અભ્યાસ કર્યો હતો.

એરિયલ વ્યૂના ટોપ એન્ગલમાં એ ભોંય પર લપાયેલા માણસનો આકાર પારખવા પ્રયત્ન કરે. હેલિકોપ્ટરના અવાજથી ભાગો તો ય દૂરથી નજરે ચડી જવાય અને ચત્તાપાટ કે ઊંધેકાંધ પડ્યા રહો તો પણ કદ, આકારને લીધે હાજરી પરખાઈ જાય. તેને બદલે શરીરને શક્ય તેટલું કઢંગું બનાવો અને ઉપર શણિયું ઓઢી લો તો વેરવિખેર પથરાયેલા ખડક સાથે એકરૂપ થઈ જવાશે અને થાપ આપવાના ચાન્સ વધી જશે.

પહેલા બે હેલિકોપ્ટર સડસડાટ આગળ નીકળી ગયાં, પણ ત્રીજું હજુ ય માથા પર મંડરાતું હતું. ઘડીક એ સ્થિર રહ્યું, ઘડીક ડાબી દિશા પકડી પછી જમણી પહાડીઓ તરફ વળ્યું અને પછી ઊંડી ડૂબકી મારીને એ પણ આગળની તરફ વળી ગયું.

ક્યાંય સુધી કોઈ હલનચલન વગર બધા એમ જ પડ્યા રહ્યા. છેવટે તીણો સિસોટી જેવો અવાજ થયો કે તરત ભોંયમાંથી પ્રગટતો હોય તેમ આખો કાફલો ખડો થયો.

હિરન દોડીને તરત કેસી તરફ લપકી. સૌ કોઈ હેલિકોપ્ટરની દિશામાં નજર માંડી રહ્યા હતા ત્યારે કેસી અને તાન્શી ચિંતાતુર ચહેરે ઉપરના ચઢાણ તરફ નીરખી રહ્યાં હતાં.

'ઈટ વોઝ બોર્ડર ફોર્સ...' હિરન કશું જ પૂછે એ પહેલાં કેસીએ કહી દીધું, 'સમથિંગ ઈઝ રોંગ... એબસોલ્યુટલી રોંગ...'

સાધારણ સંજોગોમાં ચોમાસાની સીઝનમાં આ દુર્ગમ રસ્તે કોઈ ઘૂસણખોરી થતી નહીં. રસ્તો મુશ્કેલ અને નિર્જન હતો અને ધારો કે કોઈ આવે તો પણ આગળ શરૂ થતા યાત્રાળુઓ માટેના ત્રિભેટે કડક ચોકીપહેરો હતો જ. વળી, આવા વરસાદી માહોલમાં ગમે ત્યારે હવામાન બદલતા પહાડો પર હેલિકોપ્ટર બે જ સંજોગોમાં નીકળે. એક તો યુદ્ધ જેવી કોઈ પરિસ્થિતિ હોય તો અથવા ઘૂસણખોરીની પાક્કી બાતમી હોય તો...

કેસીનાં રૂંવાડાં કાંપી રહ્યાં હતાં. આ કાફલાને તિબેટ પાર કરાવવાનું બીડું ઝડપીને તેણે ભૂલ કરી હતી કે શું?

પહેલેથી જ સતત અણધારી ઘટનાઓ બની રહી હતી એટલે બરાબર વહેમાયેલા કેસીએ તરત તાન્શી અને હિરન જોડે મસલત કરવા માંડી. થોડી વારમાં પ્રોફેસર પણ તેમાં જોડાયા.

બ્રહ્મપુત્રના કાંઠે હુમલો કરવા આવેલા લોકો ભારતના બોર્ડર ફોર્સ સાથે સંકળાયેલા હોય તો તેમણે અત્યાર સુધીમાં સરકારને પોતાનો રિપોર્ટ મોકલ્યો જ હોય. આઈપીએસ અફસરનું મોત થયું હતું એટલે શક્ય છે કે ભારત સરકારે ચીનનો ય સંપર્ક સાધ્યો હોય.

કેસીનો તર્ક બિલકુલ સાચો હતો, પણ તેનું તકદીર ખોટી દિશામાં દોડી રહ્યું હતું.

'આ રસ્તે આગળ ત્સાલિંગ નામનો કસ્બો આવશે...' તેણે પહેલી જ વાર પોતાનો ગેઇમપ્લાન

સૌની સામે મૂક્યો, 'આપણે ત્યાં જવાનું હતું.'

'તો?' હિરનના ચહેરા પર પણ ઉચાટ હતો, 'હેલિકોપ્ટર તો આગળ જતાં રહ્યાં. હવે મને નથી લાગતું કે...'

'મને એર સર્વેલન્સનો નહી, પણ ગ્રાઉન્ડ ફોર્સનો ડર છે...' દૂરંદેશી કેસીએ સ્પષ્ટતા કરવા માંડી, 'આ સીઝનમાં હેલિકોપ્ટર નીકળે નહી. નીકળ્યા છે મતલબ આપણા વિશે બાતમી પહોંચી ગઈ છે. એ સંજોગોમાં ગ્રાઉન્ડ ફોર્સ પણ હરકતમાં આવી જ ગયું હોય.'

'હમ્મમ્...' હિરનને પણ હવે ભયસ્થાન સમજાતું હતું, 'મતલબ કે ત્સાલિંગના કસ્બાઓ પણ તેમની નજર તળે જ હોવાના, પણ આપણે ત્યાં જવું જરૂરી છે? મેપમાં તો બીજો રસ્તો ય છે જ...' હિરને મનોમન મેપ ચકાસી લીધો, 'આપણે સીધી દિશાએ ત્સાલિંગ જવાને બદલે જમણી તરફ ફંટાઈ જઈએ અને રાતભર ચકરાવો મારીને પિલગ્રિમ રૂટ પર પહોંચી શકીએ...'

'યસ્સ્...' હિરન તદ્દન અજાણી જગાએ પણ મનોમન કેટલી વિચક્ષણતાથી વિચારી રહી હતી એ પારખીને તાન્શીએ અહોભાવથી તેની સામે જોયું, 'એમ જ કરવું જોઈએ. હેલિકોપ્ટરની દિશા જોતાં બાતમી ડેવિલ્સ બેડ તરફથી આપણે ઘૂસ્યા એ પ્રકારની જ છે. એ સંજોગોમાં ત્સાલિંગથી પિલગ્રિમ રૂટના ત્રિભેટે જતા માર્ગ પર જોખમ છે. પરંતુ જમણી તરફનો રસ્તો કદાચ સલામત બની શકે.'

'હમ્મમ... તો પછી?' હિરનને હજુય ગડમથલનું કારણ સમજાતું ન હતું.

'પિલગ્રિમ રૂટ પર પરમિટ આપનારા અધિકારી દર પંદર દિવસે બદલાય છે. આપણી પાસે બનાવટી પરમિટ છે, પણ તેમાં અધિકારીના સહી-સિક્કા બાકી છે. અત્યારે કોણ ફરજ પર છે એ ત્સાલિંગ પહોંચ્યા બાદ જ ખબર પડે. મારા માણસો નિયમિત રીતે બદલાતા દરેક અધિકારીની સહીના નમૂના તફડાવી રાખતા હોય છે. પરમિટ પર આપણે એ સિક્કા મારીએ પછી જ આગળ વધવાનું શક્ય બને.'

ત્સાલિંગ પહોંચવાની અનિવાર્યતાનું ખરું કારણ, ચીનની જડબેસલાક તકેદારી અને મુક્તિવાહિનીની ગજબનાક દૂરંદેશીભરી કુનેહ પારખીને હિરન થીજી ગઈ.

'તો હવે?'

હિરનના સવાલના જવાબમાં કેસી આડું જોઈ ગયો. તેના ચહેરા પર સ્પષ્ટ નારાજગી, માયૂસી અને પરવશતા વર્તાતાં હતાં. હિરન અને પ્રોફેસરના ચહેરા પર ઉચાટ હતો.

- અને અચાનક તાન્શી ઊભી થઈ.

'લેટ મી ચેક...' તેણે મક્કમ અવાજે કહ્યું એ સાથે કેસી રોષભેર ઊભો થઈ ગયો.

'નોઓઓઓ...' તેણે ઝાટકા સાથે તાન્શીનો ખભો ઝકઝોરી નાંખ્યો. તેના અવાજમાં અજીબ અકળામણ વર્તાતી હતી. કદાચ તેના કંઠમાં ડૂમો બાઝ્યો હોય તેમ પણ હિરનને લાગ્યું.

જવાબમાં તાન્શી તેની સામે જોઈ રહી. તેની કાળી, મોટી, ચમકતી આંખોમાં ભીનાશ હતી કે ખુન્નસ? તેના પાતળા, નમણાં ચહેરા પર કાળઝાળ દૃઢતા હતી કે સંવેદનાની છાલક?

હિરન અને પ્રોફેસર તાજુબીથી બેયની વણબોલાયેલી જબાનમાં ફક્ત આંખોમાંથી પ્રગટતા, પ્રગટીને ક્ષણાર્ધમાં જ વિલાઈ જતા સંવેગોને જોતા રહ્યા.

બેયના મનોભાવ પારખીને પ્રોફેસરના ચહેરા પર અપાર પીડા તરી આવી અને અનાયાસે જ તેમણે આંખ બંધ કરીને આકાશ તરફ ગરદન ઊંચકી નાંખી. તેમનું મિશન કેટકેટલો ભોગ માંગવાનું હતું?

*** *** ***

મટન સૂપનો છેલ્લો કટોરો પરાણે ગળા નીચે ઉતાર્યા પછી તેણે શર્ટની બાંયથી ગંદા હોઠ લૂછ્યા. બેહૂદા અવાજે ડરામણો ઓડકાર કાઢ્યો અને બાજુમાં બેઠેલા પોતાના સાથીદાર તરફ જોયું.

'કેરિંગ્વા ત્યોટો?' દોરજીના અવાજમાં ચોખ્ખી ચાંપલુશી અને ચહેરા પર નરી ભાટાઈ વર્તાતાં હતાં. તેણે સૂપનું વાસણ આગળ ધરીને ફરીથી પૂછ્યું, 'આપું વધારે?'

બપોર ઢળી અને આસપાસના કૂબાના ભરવાડો પોતપોતાનાં દુધાળાં ઢોર અને ખચ્ચરને ચરિયાણમાંથી પાછા હાંકવા ઘોડા પલાણી રહ્યા હતા એ જ વખતે હિમ- લા તરફથી બે આદમીઓ ખચ્ચર ઉતારતા હતા. તેમના ખભા પર લટકતી ગન જોઈને દૂરથી જ તેમને પારખી ગયેલા મુખિયા શે દોરજીના પેટમાં ફાળ પડી હતી.

આવે વખતે ચીનના બોર્ડર ફોર્સના આદમી અહીં આવે એ જેટલું અજુગતું હતું એટલું જ જોખમી પણ હતું. કેસીનો સંદેશો મળ્યો તેને અઠવાડિયું થયું હતું. હવે ગમે તે દિવસે કેસીનો કાફલો પ્રગટ થવો જોઈએ. તેમાં વળી આ લપ...

દોરજી અને તેનો મહાખેપાની દીકરો હેંગસુન આખા ય તિબેટમાં કેસી માટે જાતભાતની વ્યવસ્થા કરી આપતાં આદમીઓમાં સૌથી વધુ વિશ્વાસુ હતા. દોરજીનો ઈશારો પામીને હેંગસુન તરત ખચ્ચર પર સવાર થઈને વિહારના ખંડેરોની પાછળ સરકી ગયો હતો. દોરજી ચીનના લઠ્ઠાઓને કૂબાઓમાં લઈ આવે એટલે તરત હેંગ્સુને પહાડ ઓળંગીને રાહ જોવાની હતી અને કેસીનો કાફલો સામે મળે તો તેમને રોકી લેવાના હતા.

પહાડ ઊતરીને આવેલા લશ્કરી આદમીઓ દોરજીના આવકારાને ધ્યાનમાં લીધા વગર કરડા ચહેરે સીધા જ કૂબામાં ધસી ગયા હતા અને પછી તરત હાજર હોય એ દરેકને ઓળખપત્ર સાથે મૌજૂદ થવા ફરમાન કર્યું હતું.

આવા ચેકિંગની તિબેટમાં નવાઈ ન હતી. ચીની લશ્કર ગમે ત્યારે, ગમે તેના ઘરમાં પ્રવેશીને ઓળખના પુરાવા ચકાસી શકતું હતું અને જરાક સરખો વિરોધ થાય તો સીધી ગોળી જ છૂટતી હતી. ગયા વરસે લ્હાસાની ઉત્તરે ન્યાસોગ ગામે ઓળખપત્રો ચકાસવાની અને મહિલાઓની અંગજડતી લેવાની વાતમાં ચડભડ થઈ અને પાંચ જ મિનિટમાં 11 લાશો ઢળી ગઈ ત્યારે સમગ્ર તિબેટમાં ભારે તંગદિલી પ્રસરી હતી. ચોરીછૂપીથી મુક્તિવાહિની સુધી પહોંચી ગયેલા કરપીણ હત્યાકાંડના ફોટાઓનો તેમણે સોશિયલ મીડિયાના માધ્યમથી ભારે પ્રચાર કર્યો હતો અને આખી દુનિયાએ ચીનની આપખુદ સરમુખત્યારી સામે માછલાં ધોયાં હતાં.

એ પછી નવા નિમાયેલા રિજન્ટે પ્રમાણમાં હળવાશ દાખવવાનું શરૂ કર્યું હતું, પણ તો ય લોહી ચાખી ગયેલા લશ્કરી આદમીઓનો વ્યાપક ભ્રષ્ટાચાર ખાસ ઘટ્યો ન હતો. ઓળખપત્રો આઘાં-પાછાં થયાં હોય, ફાટેલાં હોય કે રિન્યૂ ન થયાં હોય એવા સહજ કિસ્સામાં ય પૈસા પડાવતા ચીની ફૌજીઓ ખનખનિયાં મળતાં હોય તો નાના-મોટા ગુનાઓમાં આંખ આડા કાન પણ કરી લેતા.

ચીનના ફૌજીઓની એવી જ બીજી બદી હતી રૂપાળી છોકરીઓને ભોગવવાની લત. શરૂઆતમાં અફીણના દાણચોરોએ અફઘાન સરહદેથી ઉત્તર તિબેટમાં અફીણ ઘુસાડવા માટે તગડી લાંચ ઉપરાંત છોકરીઓ ધરવાનો ય રિવાજ દાખલ કર્યો એ પછી ફૌજીઓ પોતાની જોહુકમીની તાકાત અને તિબેટિયનોની વિવશતા બરાબર પારખી ગયા હતા. પછી તો, જરાક સરખા વાંકમાં ય છોકરીઓની માગણીઓ થવા માંડતી હતી.

કૂબામાં ઊતરી આવેલા ફૌજીઓની નજર ખંધા દોરજીએ તરત પારખી લીધી હતી. દરેકનાં ઓળખપત્રો ચકાસતી વખતે ચકળવકળ ઘૂમતી તેમની આંખો મહિલાઓ, યુવતીઓના વળાંક પર અટકતી હતી ત્યારે દોરજીનું મગજ ફાટી જતું હતું. ઘડીક તેને થઈ આવતું હતું કે બેયને સાલાને તેમની જ ગનથી ફૂંકી મારે.

એ ધારે તો ફૂંકી ય શકે, પણ પછી તેના માટે, તેની આખીય વસાહત માટે જીવવું દોહ્યલું થઈ જાય એ પણ નક્કર હકીકત હતી.

મનમાં પારાવાર રોષ અને જીભ પર રસઝરતું મધ ચોપડીને તેણે બેયને પટાવવા માંડ્યા હતા. બહુ બહુ તો ઓળખપત્રો ચકાસીને બેય રવાના થશે તેવી દોરજીની ધારણા વચ્ચે બંને જણાએ ખચ્ચર ખીલે બાંધવાનો હુકમ કર્યો અને ચોકમાં ચારપાઈ પથરાવી રાતના ખાણાની ફરમાઈશ કરી દીધી ત્યારે દોરજીને ખબર પડી કે આ લોકો તો બીજો હુકમ ન થાય ત્યાં સુધી અહીં જ રહેવાના હતા!

રાત્રે વાળુ કરતાં પહેલાં બંનેએ સરખાઈથી ચોખાનો દારૂ ઢીંચ્યો હતો અને મટન સૂપના વાટકા ગટગટાવ્યા હતા.

'કેરિંગ્વા ત્યોટો??' દોરજીએ ફરીથી મધઝરતા અવાજે પૂછ્યું અને પછી વગર કહ્યે કટોરામાં સૂપ રેડવા માંડ્યું.

'ના... ના...' એક આદમીએ રાતીચોળ આંખો તગતગાવીને હાથ આગળ ધરી દીધો અને પછી દોરજીની આંખમાં આંખ માંડીને સીધું જ પૂછી લીધું, 'કંઈ ગરમાવાની વ્યવસ્થા કરી આપ.'

તેની નીંભર માગણીથી છળી ઊઠેલા દોરજીના ચહેરા પર લાલાશ તરી આવી. તે ગમ ખાઈને નીચું જોઈ ગયો. તેની વિવશતા પર જાણે હસતા હોય તેમ બેય જણા ઠહાકા મારતા બહાર પાથરેલા ખાટલા ભણી દોરવાયા ત્યારે દોરજીનું મગજ અપમાન અને લાચારીથી ફાટાફાટ થતું હતું.

બેયને રેઢા મુકાય તેમ ન હતા અને સાથે બેસીને તેમની બેહૂદી વાતો સાંભળી લેવી અઘરી હતી. દોરજી કઠણ કાળજુ કરીને તેમની પાછળ દોરાયો. આખો જગ ભરીને શરાબ ઢીંચવા છતાં બેય હરામીઓ સાલા ઘોરતા ન હતા. મનોમન ગાળો બબડતા દોરજીએ બેયની પગચંપી કરવા માંડી, પણ તેના મનમાં આવનારા કાફલાના જ વિચાર અવિરત ચાલ્યા કરતા હતા.

બેય ફૌજી કૂબા ભણી આંગળી ચીંધીને ગંદા ઠહાકા મારતા એકબીજા સાથે ચાઇનીઝ ભાષામાં વાતો કરતા હતા એ જ વખતે કૂબાના બારણે તેનો દીકરો હેંગસુન ડોકાયો.

હેંગસુન આવી ગયો? તેને જોઈને દોરજીના પેટમાં રીતસર ફાળ પડી. મતલબ કે, કાફલો આવી પહોંચ્યો હતો અને અહીં માથે આ બલા ઝીંકાઈ હતી.

પેટમાં વળતા લોચા ચહેરા પર છતા થઈ જતા પરાણે અટકાવીને પાણી લાવવાના બહાને એ કૂબામાં પાછો ફર્યો. હેંગસુન તેને કૂબાની પછીતે લઈ ગયો. દસેક મિનિટ પછી તે પાછો ફર્યો ત્યારે તેના રૂંવે રૂંવે જાણે વિવશતાના ડામ પડતા હતા.

*** *** ***

ખુલ્લામાં પાથરેલા ખાટલા એક ખાલી કૂબામાં ખસેડાઈ રહ્યા હતા. દોરજી હવે ખોટું ખોટું હસવાના ય મૂડમાં ન હતો. નતમસ્તકે પારાવાર ગ્લાનિ, શરમ અને લાચારીથી તેણે હોઠ ભીડી રાખ્યા હતા અને બેય ફૌજીના ચહેરા ગલગોટા જેવા થઈ ગયા હતા. મુખિયાએ અચાનક જ કેમ તેમની માંગણી સ્વીકારી લીધી હતી એ સમજવાના બેયને હોશ ન હતા. મોટો કૂંજો ભરીને

શરાબ પીને ભરપેટ મટન પેટમાં ઠાંસ્યા પછી કૂમળું માંસ દબોચવાની કલ્પનામાત્રથી બેય ગેલમાં આવીને ઘડીક દોરજીને ભેટી રહ્યા હતા તો ઘડીક એકબીજાને તાળીઓ દેતા હતા.

એક કલાક પછી...

ત્સાલિંગની તળેટી પર રાત ઘેરાવા આવી હતી. ચંદ્રના ઝાંખા અજવાળામાં એક ફૌજી પાટલૂનનાં બટન ભીડતો કૂબામાંથી બહાર નીકળ્યો. તેના ચહેરા પર પરમ સંતૃપ્તિના ભાવ હતા. ભદ્દા હાવભાવથી તે દોરજીની સામે જોઈને હસ્યો. બીજા ફૌજી સામે હાથથી બીભત્સ ચેનચાળા કર્યા અને ખાટલા પર પડતું મૂક્યું.

એ બહાર આવે તેની જ રાહ જોઈ રહ્યો હોય તેમ બીજો ફૌજી હરણફાળ ભરતો અંદર ધસ્યો હતો. પછીની દસ જ મિનિટમાં સાંકડા કૂબાની વાંસ મઢેલી ભીંતો સાથે નાજુક ઊંહકારા અથડાવા લાગ્યા.

ફૌજીના કદાવર દેહ તળે એક નમણી, સુરેખ, ભરીભરી છોકરી ચગદાઈ રહી હતી. તેના ઉંહકારા કે કશાની પરવા કર્યા વગર ચીની ફૌજી બેય હાથે તેને ભીંસીને તેના પર છવાઈ ગયો હતો.

એ તાન્શી હતી.

કૂબામાં ક-મને એ ફૌજીને પસ્ત કરી રહી હતી અને બહાર દોરજી મૂંગા મૂંગા ડૂસકાં ભરી રહ્યો હતો. વતનની મુક્તિ કાજે હણાયેલા સેંકડો શહીદોની કસુંબલ શહાદત સામે આ છોકરીઓ પોતાના શિયળની જે રીતે કુરબાની આપી રહી હતી એથી દોરજીનું હૈયું વલોવાઈ જતું હતું.

પણ કારમું કલ્પાંત આદરનારો દોરજી એકલો ન હતો.

પરમિટના રૂક્કા પર સહી-સિક્કા લાગી ગયા પછી પહાડીનો જમણી તરફનો ઢોળાવ ચડી રહેલા કેસીની આંખો ય ચોધાર થઈ રહી હતી.

ભડભાંખળું થાય ત્યાં સુધી સૌએ મૂંગા મોંએ ચાલ્યા જ કર્યું હતું. આખરે એક પહાડી પર તેઓ રોકાયા. પાછળ કશોક અવાજ સંભળાતો હતો. ખચ્ચર પર સવાર થયેલો હેંગસુન તાન્શીને મૂકી ગયો હતો. ત્સાલિંગની તળેટીમાં રાક્ષસ જેવા બેય ફૌજી ચેનથી ઊંઘતા હતા ત્યારે તેમને બરાબર હાથતાળી આપી દઈને કાફલો બીજી દિશાએ છટકી ગયો હતો.

કેસી શી વાતે ય તાન્શીથી નજર મિલાવી શકતો ન હતો અને હિરન પણ તાન્શીને ભેટીને રડી પડી હતી. પ્રોફેસરની આંખો ભીંજાઈ ગઈ હતી. બાકીના લોકો યા તો આખાય મામલાથી અજાણ હતા અથવા તો મૌન હતા.

હજુ ત્રણેક કલાકના આરોહણ પછી તેઓ ત્રિભેટે પહોંચવાના હતા એટલે સૌનાં કદમમાં તેજી આવી હતી.

પણ એ વખતે એ કોઈને ખબર ન હતી કે તેમનું તકદીર પણ તેજકદમે આગળ ને આગળ દોડી રહ્યું હતું.

ચીનના પાટનગર બેજિંગમાં બેસતાં ફોરેન ઓફિસરે પહેલાં તો ભારતીય એલચી કચેરી દ્વારા મળેલા સત્તાવાર સંદેશા પર ધ્યાન જ નહોતું આપ્યું. તેણે રાબેતા મુજબ ઈન્ટર સ્ટેટ ડિપ્લોમેટિક રજિસ્ટરમાં ભારતીય ગૃહ મંત્રાલય દ્વારા મળેલા સંદેશાની નોંધ લેવડાવીને સંતોષ માની લીધો.

જો આટલું જ થયું હોત તો કેસી, હિરનનો કાફલો પાંચમા દિવસે તો ખચ્ચર પર સવાર થઈને રંગેચંગે લ્હાસા પહોંચી ગયો હોત, પણ આ આખાય કમઠાણની શરૂઆતથી જ સૌનું તકદીર

બબ્બે ડગલાં આગળ ચાલીને વંકાતું હતું.

*** *** ***

ચાઈના કોઈ પ્રતિભાવ નથી આપતું એવું ઈન્ડિયન એમ્બેસીએ હોમ ડિપાર્ટમેન્ટને જાણાવ્યું એટલે તિબેટનો હવાલો સંભાળતા મંત્રાલયને ડેવિલ્સ બેડ તરફથી થયેલી ગંભીર ઘૂસણખોરીનો સંદેશો તાબડતોબ પહોંચાડવાની તેમને સૂચના મળી.

પ્રોટોકોલ મુજબ, ઈન્ડિયન એમ્બેસી તેમની સમકક્ષના ચીની વિદેશી મંત્રાલય સાથે જ વ્યવહાર કરી શકે, પરંતુ ભારત સરકારની તાકીદ પારખીને એમ્બેસીએ આઉટ ઓફ ધ વે જઈને તિબેટ માટે જવાબદાર ઓફિસરના કાન ફૂંક્યા.

તેનું નામ મેજર ક્વાંગ યુન.

ફૌજી કારકિર્દીનાં અગિયાર વરસ તેણે તિબેટમાં ગાળ્યાં હતાં. તિબેટની ભૂગોળ ઉપરાંત માનસિકતાથી ય તે બરાબર વાકેફ હતો એટલે જ તેને લશ્કરી ફરજની નિવૃત્તિ પછી ખાસ તિબેટ માટે રચાયેલા વિભાગનો ડિપ્લોમેટિક હવાલો સોંપાયો હતો.

ભારત દ્વારા મળેલા સંદેશાથી ચબરાક ક્વાંગ યુનના કાન સરવા થયા.

લાંબા સમયથી ખામ્પા લડાકુઓને એકજૂટ કરી રહેલી તિબેટ મુક્તિવાહિની લાગ જોઈને મોટો વિદ્રોહ કરાવવાની ફિરાકમાં છે એવી ખુફિયા બાતમી તેને ક્યારની મળેલી હતી. કોઈ મોટા ઉત્સવ વખતે પરંપરાગત રીતે લ્હાસામાં એકઠા થતાં તિબેટીઓ વચ્ચે ઘૂસી ગયેલા સશસ્ત્ર ખામ્પાઓ વિદ્રોહ કરશે એવી બાતમીઓમાં ભારતથી આવેલો આ સંદેશો ઉમેરાયો.

સંદેશાની વિગતો જાણીને એ ઝાટકા સાથે ઊભો થઈ ગયો.

તિબેટમાં અત્યારે શોટોન ઉત્સવનો સમય હતો. વિદ્રોહ કરાવવા મથતા મુક્તિવાહિનીના ગેરિલાઓ ભારતમાં આશરો લઈ રહ્યા હતા. તેમણે શા માટે ઈન્ડિયન પુલિસ અફસરનું અપહરણ કર્યું હોય અને શા માટે તેને મોતને ઘાટ ઉતાર્યો હોય એ તેને સમજાતું ન હતું, પણ ભારતે કેમ ચાઈનાનો સંપર્ક કર્યો એ કારણ તેને બરાબર ભરોસાપાત્ર લાગ્યું હતું.

ચોંકેલા ક્વાંગ યુને પોતે તાત્કાલિક હવાઈ નિરીક્ષણ કરાવે છે તેની ખાતરી આપીને ઈન્ડિયન એમ્બેસેડરને રવાના કર્યો અને તરત સૂચનાઓ જારી કરવા માંડી.

સૌથી પહેલાં તો તેણે લ્હાસા તરફ આવતા દરેક રસ્તે કાર્યરત ચેકપોસ્ટને સતર્કતાનો હુકમ આપી દીધો અને પછી તરત ડેવિલ્સ બેડ તરફ હવાઈ નિરીક્ષણ માટે હેલિકોપ્ટર રવાના કરવા અંગે મોન્ચાંગ એરબેઝને ઓર્ડર કર્યો. ટેબલ પર પડેલી બેટન ઉઠાવી અને સપાટાભેર બહાર નીકળ્યો.

ડિફેન્સ સેક્રેટરીને માહિતગાર કરીને તે સત્વરે લ્હાસા પહોંચી જવાના નિર્ણય પર આવી ચૂક્યો હતો.

કમનસીબે ક્વાંગ જેટલો સતર્ક હતો એટલી સતર્કતા તિબેટમાં ફરજ બજાવતા અફસરોને ન હતી. તિબેટ પ્રોવિન્સના ઈનચાર્જ તરીકે ક્વાંગ આદેશ કરે એટલે માનવો તો પડે જ. કટાણા મોંએ મોન્ચાંગ એરબેઝના સ્ક્વોડ્રન લીડરે ફ્લાઈટ ઓફિસર તૈનાત કર્યા. આવા વરસાદી હવામાનમાં ડેવિલ્સ બેડમાંથી કોણ ક્વાંગનો બાપ આવવાનો હતો એવી ગાળો બબડતા તેણે ત્રણ હેલિકોપ્ટર સાબદાં કર્યાં.

લ્હાસાની સુરક્ષાની જવાબદારી સંભાળતો ઓફિસર શીન લાઈ પણ એવો જ દોંગો હતો. ત્રણેક વર્ષથી અહીં ચીફ ઓફિસર તરીકે ફરજ બજાવીને લાઈ મબલખ ઘી-કેળાં જમ્યો હતો.

અફીણ, શણ, આસામની ચાયપત્તી અને ભુતાનમાં બનતાં દેશી તમંચા લાવતાં તિબેટી દાણચોરો તેને ભરચક લાંચ ચૂકવતા અને આ દાણચોરો બીજી કોઈ રીતે હાનિકારક પણ ન હતા. એ સિવાય સમગ્ર પ્રજા ગજબની ડરપોક હતી એટલે કોઈ પડકાર વગર શીન લાઈ પણ ઉપરછલ્લો કડપ રાખીને અંદરખાને સારી પેઠે બેદરકાર રહેતો હતો.

ચેકપોસ્ટને સતર્ક કરવી એટલે દાણચોરોને સરહદ પાર રોકી રાખવા. દાણચોરી અટકે તો પોતાનો દલ્લો ય અટકે. શીન લાઈએ બોર્ડર એરિયાની જડતી લેવાનો આદેશ કરીને ક્વાંગ યુનને 'સબ સલામત'નો રિપોર્ટ ઠપકારી દીધો.

ચેકપોસ્ટ રેઢી રાખવાની શીન લાઈની એ બેદરકારી હેંગસુન દોરજીને બરાબર ફળી હતી.

એ મેઘલી રાતે ત્સાલિંગની તળેટીમાં કૈલુ નદીના કાંઠે તાન્શીના માદક દેહની મિજબાની માણ્યા પછી ચાઈનીઝ ફૌજી રંગતે ચડ્યા હતા. ભરવાડનો મુખિયો શે દોરજી ભારે ખિન્ન ચહેરે તેમને બેધ્યાન રાખવામાં વ્યસ્ત હતો. એવે વખતે તાન્શીને મૂકીને પરત આવેલા દોરજીના દીકરા હેંગસુનની ગતિવિધિ તેજ બની હતી.

*** *** ***

બહુ આસાનીથી તિબેટને ગળી ગયા પછી છ દાયકામાં ચીની લશ્કર દરેક દિશાએથી ભરડો લઈ ચૂક્યું હતું. તિબેટની ઉત્તરે અને પૂર્વે ખુદ ચીનની સરહદ હતી, પરંતુ દક્ષિણ-પશ્ચિમ સરહદ ભારત, નેપાળ, મ્યાનમાર સાથે જોડાયેલી હતી.

આ દિશાએથી જમીન માર્ગે તિબેટમાં પ્રવેશવાના જે કેટલાંક રસ્તાઓ હતા ત્યાં ચીન છ દાયકાથી પેશકદમી કરીને પોતાની સરહદ આગળ વધારી ચૂક્યું હતું. સિક્કિમને તિબેટ સાથે જોડતો પ્રદેશ દુર્ગમ પહાડો, ગાઢ જંગલોથી છવાયેલો હતો. અહીં અજગર, ઝેરી સાપ અને હિંસક પ્રાણીઓ ઉપરાંત ભયાનક રોગચાળાનો ય એટલો જ ઉપદ્રવ હતો. એટલે સદીઓથી આ રસ્તાનો ઉપયોગ થતો ન હતો.

લેહ-લદ્દાખથી અક્સાઈ ચીનના રસ્તે તિબેટમાં પ્રવેશવું આસાન હતું અને કેટલેક ઠેકાણે તો લશ્કરી વાહનો પણ આવ-જા કરી શકે તેવો ધોરી માર્ગ હતો. અહીં બંને દેશોની સેના ચુસ્ત ચોકીપહેરો ભરતી હતી.

અરુણાચલ પ્રદેશમાંથી નીકળતા ત્રણ રસ્તા એવા હતા જે તિબેટ સુધી પહોંચી શકે. સાવ છેવાડે દિબાંગ નદીની ખીણ ઓળંગીને ચીન-તિબેટ પહોંચી શકાતું હતું. બીજો રસ્તો મોનિગોંગથી નીકળતો હતો. ભારત અને ચીન બંને દેશોએ એ રસ્તાને સત્તાવાર માન્યતા આપી હતી. જમીન માર્ગે બંને દેશો વચ્ચે જે કંઈ વ્યવહાર હતો એ મોનિગોંગથી ચાલતો. ત્યાં પણ ચીને જાતજાતની પરમિટની માયાજાળ ઊભી કરીને પ્રવેશ અત્યંત મુશ્કેલ અને કડાકૂટભર્યો બનાવી દીધો હતો.

આ એકમાત્ર રસ્તો એવો હતો જે સલામતીની દૃષ્ટિએ આસાન પણ હતો અને એટલો જ દુર્ગમ પણ..

એ જ રસ્તો કેસીએ પસંદ કર્યો હતો.

તિબેટમાં ઘૂસણખોરી માટે કેસીએ છેક લદ્દાખથી દિબાંગ વેલી સુધી પોતાનું નેટવર્ક ફેલાવી રાખ્યું હતું. તેના પિતાએ ભારતમાં આશરો લીધા પછી તિબેટની એકમાત્ર લડાયક કોમ ગણાતા ખામ્પાઓને સરહદી વિસ્તારોમાં વેરવિખેર વસાવ્યા હતા. એ ખામ્પાઓ ઉપરાંત વણઝારા, ભરવાડ, ગેન્મા તરીકે ઓળખાતી વિચરતી જાતિની મદદથી તૈયાર થયેલો સ્લિપર

સેલ એ મુક્તિવાહિનીનો સૌથી મોટો આધાર હતો.

દોરજી અને તેનો કબીલો એવો જ એક આધાર હતો. તિબેટની આઝાદી કાજે મરી ફિટનારાઓની સંખ્યા ઓછી હતી પણ સમર્પણ બેજોડ હતું. આમ છતાં, સલામતીના કારણોસર કેસી કદી પણ એક લિન્કને બીજી લિન્ક સાથે જોડવાનું ટાળતો. પોતાનું આયોજન છેલ્લી ઘડી સુધી એ કોઈને પણ ન કહેતો. એક લિન્ક પાસેથી મદદ મેળવ્યા પછી પોતે તેનો શું ઉપયોગ કર્યો એ વિશે ખબર પડવા ન દેતો.

આજે પણ તેણે એમ જ કર્યું હતું.

તાન્શીને મૂકવા આવેલા દોરજીના દીકરા હેંગસુનને તેણે કેટલીક યાદી સોંપીને પાછો રવાના કર્યો હતો.

એ પછી ખાસ્સા ત્રણેક કલાકના એકધારાં ચઢાણ પછી તેણે કેમ્પનો ઓર્ડર કર્યો ત્યારે ગ્યેમદોંગ ગામનો રસ્તો માંડ પાંચેક કિલોમીટર દૂર હતો.

*** *** ***

'અહીંથી આપણા માટે બિગેસ્ટ ચેલેન્જનો આરંભ થાય છે.'

આકાશમાં ભડભાંખળું થઈ રહ્યું હતું. નજર પડે ત્યાં સુધી પથરાયેલા ઉન્મત્ત પહાડોની અડાબીડ હારમાળા, વચ્ચે સાંકડી થતી ટેકરીઓના હરખઘેલી છોકરીની માફક દોડી આવતાં ઢોળાવ, ક્યાંક ઊગી નીકળેલી લીલીછમ વનરાજી અને ક્યાંક ઉબડખાબડ ખડકો વચ્ચે સુસવતી વેરાન સ્તબ્ધતા...

જગતનું છાપરું ગણાતા તિબેટની એ મેઘલી સવાર બેહદ આહ્લાદક હતી, પરંતુ આગલી રાતના અનુભવ પછી નિસર્ગની એ રમ્ય નજાકત માણવાના કોઈને હોશ ન હતા. થાકેલા, નિસ્તેજ ચહેરે સૌએ નજીકના ઝરણા પાસે મુકામ કર્યો હતો. પહાડીની આડશમાં ફ્રેશ થઈને સૌને ચોખાના લોટની રાબ અને સ્વાદમાં ગાજર જેવા લાગતા રૂમ્ગા નામના કંદમૂળનો નાસ્તો આપવામાં આવ્યો. એ પછી કેસીએ આગળનો પ્લાન કહેવા માંડ્યો,

'અહીંથી આ પહાડ ઓળંગીને આગળ વધશું એટલે સમથળ જમીન શરૂ થશે. પાંચ કિલોમીટર દૂર ગ્યેમદોંગ નામનું ગામ આવશે. આપણે ખરેખર તો ત્સાલિંગના રસ્તેથી આગળ જવાનું હતું અને ત્સાયકા ગામના રસ્તેથી પસાર થતા પિલગ્રિમ રૂટ પર પહોંચવાનું હતું, પરંતુ ચાઇનીઝ બોર્ડર ફોર્સ એલર્ટ થઈ ચૂકી છે એટલે આપણે પ્લાન બદલી નાંખ્યો છે.'

રમ વગર રીતસર તરફડી રહેલો ઝુઝાર બેધ્યાનપણે બોઝિલ આંખે કેસીને સાંભળી રહ્યો હતો. પ્રોફેસરની બાજુમાં ઊભેલો છપ્પનસિંઘ જાણે ગાઢ ઊંઘ લઈને ઊઠ્યો હોય તેવો તરોતાજા લાગતો હતો. ઠંડાગાર પાણીથી નહાયેલી હિરનના ગુલાબી ચહેરા પર ઠંડકની રતુમડી આભા છવાઈ ગઈ હતી. ત્વરિત હજુ ય તાજુબીથી તાન્શીની કાળી, ઘેરી, મોટી આંખોને તાકી રહેતો હતો.

'ત્સાયકા એ આપણાં રૂટની પહેલી મોટી ચેકપોસ્ટ છે. ત્સાલિંગથી આપણે ઘૂસ્યા એવી બાતમી મળી ગઈ હોય ત્યારે ચાઇનીઝ ફોર્સ નેચરલી એ રૂટ પર ચાંપતો બંદોબસ્ત રાખે. મેં એટલે જ આખી રાત ચકરાવો મારીને અહીં ગ્યેમદોંગ આવવાનું પસંદ કર્યું છે. આ તદ્દન વિરુદ્ધ દિશાનો છેડો છે. આપણે અહીંથી ત્સાયપે ચેકપોસ્ટ પર એન્ટ્રી મારવાની છે.'

'ત્સાયપે ચેકપોસ્ટ પર બહુ જ કડકાઈથી ચેકિંગ થશે.' કેસીએ કહેતો હતો એ સાથે સૌના ચહેરા પર ચિંતાની લકીરો ખેંચાતી જતી હતી. તિબેટ જવું શા માટે આસાન ન હતું તેનો

અહેસાસ હવે પ્રત્યેક ક્ષણે વધુ ને વધુ વિકરાળ બનતો જતો હતો.

‘હિરન, ઝુઝાર, ઉજમ અને મારી ટીમના ચાર સાથીઓ...’ તેણે નામ બોલવાનાં શરૂ કર્યાં અને તેમને અલગ બેસવા ઈશારો કર્યો, ‘પ્રોફેસર, ત્વરિત, છપ્પન, તાન્શી અને બીજા ત્રણ સાથીદારો...’ નામ બોલાય એ પ્રમાણે અલગ પડીને સૌ આતુરતાથી કેસીનો પ્લાન સમજવાની કોશિશમાં લાગ્યા હતા.

‘આપણે અહીંથી બે ટીમમાં વહેંચાઈ જઈએ છીએ..’

‘વ્હાય?’ કેસીના પ્લાનને અને ઓર્ડરને ચૂપચાપ ફોલો કરતી હિરને પહેલી વાર સવાલ કર્યો.

‘કારણ કે ત્સાલિંગનો રસ્તો હવે સલામત રહ્યો નથી. આપણી બાતમી પહોંચી ચૂકી છે. એ સંજોગોમાં આટલો મોટો કાફલો શંકાપ્રેરક બનશે. તેની સામે બે ટીમથી શંકા ઘટશે અને સલામતી વધશે.’

‘એ કઈ રીતે?’ હિરને સવાલ કર્યો એટલે ત્વરિતને ય મનમાં ઉદ્ભવતા જાતજાતના સવાલો જીભે ચડવા માંડ્યા.

‘ચેકિંગમાં પહેલી ટીમને અડચણ ઊભી થાય તો બીજી ટીમ મદદમાં રહેશે અને પહેલી ટીમ ચેકપોસ્ટની બહાર નીકળી જાય પછી બીજી ટીમ અટવાશે તો બહાર નીકળી ગયેલી ટીમ મદદમાં આવશે.’

‘ઓકે...’ કેસીના ખુલાસાથી સંતોષાયો હોય તેમ ત્વરિતે ડોકું ધુણાવીને બીજો સવાલ કરી નાંખ્યો, ‘બટ વોટ અબાઉટ અવર આઈડેન્ટિટી એન્ડ પરમિટ?’

‘ડોન્ટ આસ્ક ક્વેશ્ચન્સ, મેન...’ કેસીએ અણગમાના ભાવથી તેની સામે જોયા વગર ડારતા અવાજે કહી દીધું, ‘ઈટ્સ માય અર્થ... અહીં તમારી સલામતીની જવાબદારી મારી છે...’ તેના અવાજમાં સંભળાતા નક્કર રણકામાં આત્મવિશ્વાસ પણ હતો અને તકેદારી પણ...‘હવે નાનકડી ઊંઘ કરી લો. એક કલાક પછી આપણે રવાના થઈશું, પછી સીધા લ્હાસા પહોંચીને ઊંઘવા મળશે...’ લ્હાસાના ઉલ્લેખમાત્રથી સૌના ચહેરા પર હાશકારો પથરાયેલો જોઈને તેણે ઉમેર્યું, ‘ઊંઘતાં, જાગતાં, ચાલતાં, બેસતાં સતત પ્રાર્થના કરતાં રહેજો કે લ્હાસા પહોંચવા પામીએ...’

*** *** ***

રાતભરની દડમજલ અને હવાની પારાવાર ઠંડકથી થાકેલા ત્વરિતે પગમાંથી ક્રેમ્પોન કાઢ્યા, કમર ફરતા વીંટાળેલા રોપનો ફીંડલા જેવો વીંટો વાળીને માથા નીચે મૂક્યો અને લંબાવ્યું એ ભેગો એ ગાઢ ઊંઘમાં સરી પડ્યો.

કેટલો સમય વીત્યો તેનો અંદાજ નહોતો આવતો પણ અજવાળું વધી ચૂક્યું હતું. પહાડીના ઢોળાવ પર કશીક ચહલપહલ થતી હતી. હારબંધ ઊભેલાં ત્રણ- ચાર ખચ્ચરો પરથી કશોક માલસામન ઊતરી રહ્યો હતો અને કેસીના આદમીઓ સપાટાભેર એ ખોખાઓ ઉપરની તરફ લઈ આવતા હતા.

ખડકની ત્રાંસમાંથી ત્વરિત તાજુબીથી જોઈ રહ્યો. કેસી ઉંમરમાં તેના જેટલો જ, કદાચ તેનાથી ય નાનો હતો પણ ગજબનાક ખેપાની હતો. આટલી નાની વયે ચીન જેવી મહાસત્તા સામે પડકાર ઊભો કરનારા કેસીની વિચક્ષણતા, આત્મવિશ્વાસ અને ખાસ તો તેણે પાથરેલા નેટવર્કથી એ ભારે અભિભૂત થઈ રહ્યો હતો.

ખચ્ચર પરથી કેટલાંક કોથળા ઊતરતા હતા અને કેટલાંક ચડાવાતા હતા. આ શું થઈ રહ્યું છે એ ત્વરિતને સમજાતું ન હતું.

જેવી ચૂપકીદીથી ખચ્ચર લઈને એ આદમી આવ્યો હતો એવી જ ચૂપકીદીથી એ ચાલતો થયો. પહાડની સાંકડી કેડી પર ખચ્ચરને તગેડતા તેણે લાંબો ચકરાવો માર્યો અને પછી દેખાતો બંધ થઈ ગયો.

‘ઈટ્સ ટાઈમ ટૂ મૂવ ઓન...’ પંદર-વીશ મિનિટ પછી સૌને ઉઠાડવાનો આદેશ થયો એટલે કેસીએ પ્રસ્થાન પહેલાં અલગ પડેલી બંને ટીમને બ્રિફિંગ કરવા માંડ્યું, ‘હિરન, ઝુઝાર અને ઉજમને તિબેટનો એન્થ્રોપોલોજિકલ સ્ટડી કરવા આવેલા એક્સપર્ટ્સ તરીકેની આઈડેન્ટિટી આપું છું. એ ટીમને હું લીડ કરીશ.’

ગભરાયેલા ઝુઝારે કશુંક કહેવા માટે હાથ ઊંચો કર્યો, પણ તેને અધવચ્ચે જ અટકાવીને કેસીએ કહેવા માંડ્યું, ‘તમારે ક્યાંય એકેય શબ્દ બોલવાનો નથી. તમે ચાઇનીઝ ભાષાથી અજાણ છો. કદાચ ચેકપોસ્ટ પર કોઈ ભાંગ્યું-તૂટ્યું અંગ્રેજી જાણનારો અફસર હોય તો તમારે ફક્ત તમારા બનાવટી નામ, ઠામ યાદ રાખવાનાં છે. એન્થ્રોપોલોજીના નામે તને આવડે એવું કંઈ પણ તું ભરડી જઈશ તો ય વાંધો નથી.’

‘ત્વરિત, છપ્પન અને પ્રોફેસર...’ તેણે એ ત્રણેયની સામે જોઈને વચ્ચે પડેલા કોથળાઓ તરફ આંગળી ચીંધી, ‘આમાં તમારો તૈયાર થવાનો સામાન છે.’

‘તૈયાર થવાનું છે? હજુ શું તૈયારી બાકી છે?’ ત્વરિતે મૂંઝવણમાં બોલી નાંખ્યું.

‘તમે સૌ શોટોન ઉત્સવમાં ભાગ લેવા માટે તિબેટ જઈ રહેલા કલાકારો છો.’ કેસીએ સ્મિતભેર જવાબ વાળ્યો.

‘હેં??’ ત્વરિતના ગળામાંથી ડચકારો નીકળી ગયો. છપ્પને ય તાજુબીથી જોઈ રહ્યો અને એ બેયની અકળામણ પારખીને પ્રોફેસર મરકી પડ્યા.

‘યસ, તમે દેહાતી કસ્બામાંના કલાકારો છે અને શોટોન ઉત્સવમાં તમારી કળા પ્રદર્શિત કરવા જઈ રહ્યા છો...’

‘અરે, પણ..’ ત્વરિતની મૂંઝવણ વધતી હતી. હજુ ય તેને કેસીનું આયોજન ગળે નહોતું ઊતરતું, ‘તો અમારે તિબેટી ભાષા બોલવી પડે.’

'શોટોન ઉત્સવમાં ભાગ લેવા માટે કલાકારો પોતાના ગામથી પૂજા કરીને નીકળે ત્યારે તેમના હાથમાં મણિપદ્મ સ્તંભમાળ હોય છે. આખાય રસ્તે તેઓ મંત્રજાપ કરતા જાય છે. આખા રસ્તે તેઓ મૌન જાળવે છે. રસ્તામાં આવતાં દરેક કસ્બામાં, ગામમાં ઢોલ અને તૂરી વગાડીને તેમનું સ્વાગત થાય છે.'

'ઓહ્‌હ્‌...' કેસીનો ખુલાસો સાંભળીને ત્વરિતના ચહેરા પર તાજુબી ઘટવાને બદલે વધતી જતી હતી, 'પણ અમારા ચહેરા? અમે તો ચહેરે-મહોરેથી ય તરત ઓળખાઈ જઈએ તેમ છીએ કે અમે તિબેટી નથી.'

'તમારા ચહેરાનો તો કોઈ ઈલાજ નથી..' કેસીએ સ્મિતભેર કોથળા અને ખોખાં તરફ આંગળી ચીંધતા ઉમેર્યું, 'પણ મહોરાંનો બંદોબસ્ત મેં કરાવી લીધો છે. શોટોન શું છે એ વિશે રસ્તામાં તાન્શી તમને માહિતી આપતી જશે. તિબેટિયન લોકકલાના એ ઉત્સવમાં પરંપરાગત તિબેટી લોકકથાઓની ભજવણી થાય છે. કલાકારો જે વેશ ભજવવાના હોય એ જ શણગાર સજીને પોતાના ગામથી નીકળતા હોય છે. ચહેરા પર રંગબેરંગી ચિતરામણ કરીને આખું કપાળ ઢંકાય તેવા પૂંઠાના માસ્ક પહેરેલા હોય.'

પછી તેણે ગભરાઈ રહેલા ત્વરિત, છપ્પનની નજીક સરકીને ખભે હાથ મૂક્યો, 'સહેજ પણ ઘાંઘાં બનશો નહીં. અત્યંત ગંભીર શંકા ન જાય ત્યાં સુધી કોઈ તમારી જાંચ નહીં લે અને તમારા વતી તમામ વાતચીત કરવા માટે તાન્શી હશે જ.'

અડધી કલાક પછી કેસીના વડપણ હેઠળ પહેલો કાફલો રવાના થયો ત્યારે અહીં પહાડોની ધાર પર પ્રોફેસર, ત્વરિત અને છપ્પન શણગાર સજી રહ્યા હતા. તેમને તૈયાર કરી રહેલાં મુક્તિવાહિનીના આદમીઓ અને તૈયાર થઈ રહેલા આ ત્રણેયના ચહેરા પર લીંપાયેલી અપાર મૂંઝવણ પારખીને તાન્શીના ચહેરા પર પણ તોફાની સ્મિત તરી આવતું હતું.

*** *** ***

ઢોળાવ ચડીને હેંગસુને પોતે બેઠો હતો એ ખચ્ચરને આગળ તગેડ્યું અને બીજાં ત્રણેય ખચ્ચરને નેતરની સોટી ફટકારીને હારબંધ ખડા કરી દીધા. ખચ્ચરની પીઠ પર બાંધેલો ઘાસિયો ખેંચીને એ નીચે ઊતર્યો અને બિલકુલ એવી સહજતાથી આગળ વધ્યો, જાણે ખુદના ઘરનાં ફળિયામાં જઈ રહ્યો હોય.

લગભગ મહિનામાં બે વાર એ આવી રીતે ખચ્ચર પર સામાન લાદીને અહીંથી નીકળતો હતો. સામાન ન હોય ત્યારે પણ ચેકપોસ્ટ પર તે વારંવાર આવતો. ક્યારેક તેની સાથે ચોખાનો દારૂ હોય તો ક્યારેક ખચ્ચરના મટનની લિજ્જતદાર વાનગી હોય.

ખચ્ચર એ તિબેટની જીવાદોરી હતી. પરંપરાગત રીતે અહીં ખચ્ચરને મારવા પર ધાર્મિક પ્રતિબંધ હતો. ચીનાઓને ખચ્ચરનું માંસ બહુ સ્વાદિષ્ટ લાગતું, પણ એ મળવું આસાન ન હતું. એટલે હેંગસુન આવે ત્યારે તેને જોઈને જ ચેકપોસ્ટના ફૌજીઓના ચહેરા હસું-હસું થઈ જતા.

હેંગસુનનું આગમન જ્યારે પેટને ન ફળ્યું હોય ત્યારે ફૌજીઓના ગજવાને તો અચૂક ફળતું. ફૌજીઓ તેને અફીણના દાણચોર તરીકે ઓળખતા. અફઘાનિસ્તાનથી આવતું અફીણ સરહદની સમાંતરે હાથબદલો કરતું હેંગસુન દ્વારા તિબેટમાં પ્રવેશ કરે ત્યારે તગડી લાંચ આ ચેકપોસ્ટ પર ચૂકવાતી. કેટલાંક શોખીન ફૌજીઓને આઠ-દસ દિવસ તગડો કેફ માણવા પૂરતો જથ્થો ય મફતમાં મળી જતો.

કુમળી વયથી જ કેસીના કારોબારમાં પલોટાયેલો હેંગ્સુન માંડ બાવીસનો હતો, પણ પહાડોની આકરી જિંદગીથી તવાયેલા તેનાં કદકાઠી તેને સહેજે ત્રીશનો બતાવતા હતા. મજબૂત ખભા,

પાવડાના ફણા જેવા પહોળા હાથ અને ઢાલ જેવી છાતી કાઢીને 'ધબ્ ધબ્ ધબ્' પગ પછાડતો ગુમાનભેર એ ચેકપોસ્ટમાં પ્રવેશ્યો. અડધી કલાક પછી તેની સાથે બે-ત્રણ ફૌજી બહાર આવ્યા. જાણે હેંગસુન અહીંનો હાકેમ હોય અને ફૌજીએ અહીંથી પસાર થવાનો પરવાનો લેવાનો હોય તેમ ફૌજી તેની ખુશામત કરતા હતા.

હેંગસુને ખચ્ચરને ચોકીના મકાન પાછળ દોર્યું અને તેની પીઠ પર બાંધેલા વજનદાર ખોખામાંથી આઠ-દસ પડીકી બાંધેલું બાચકું કાઢીને ફૌજીઓને પકડાવી દીધું. ફૌજીનાં ખિસ્સાં તરબતર થઈ ગયાં પછી હવે દિમાગને ય ટાઢક આપવાનો બંદોબસ્ત થઈ ચૂક્યો હતો.

ચેકપોસ્ટ પર રૂક્કા, પરમિટ, માલસામાન ચકાસતા અધિકારીઓ સામે સ્મિત વેરતો, જડતી લેવડાવતા દેહાતીઓ સામે ઓળખાણ સૂચક હાથ ઊંચા કરતો હેંગસુન દમામભેર ચારેય ખચ્ચર હાંકીને ચેકપોસ્ટના બીજા મકાન પાસે લઘુશંકા કરવા ઊભો રહ્યો.

*** *** ***

હેંગસુન લઘુશંકા કરવા ઊભો હતો એ વખતે કેસીની ટીમ ચેકપોસ્ટના મકાન પાસે પહોંચી હતી. ખભે બાંધેલા થેલા ઉતારીને કેસી તેમાંથી રૂક્કા, પરવાનાના કાગળિયા તેમજ ફાઈલો કાઢી રહ્યો હતો. તેની સાથેની એક ચશ્મીશ છોકરી ટૂરિસ્ટની તાજુબીથી ચેકપોસ્ટના મકાનને, ફૌજીઓને, દેહાતીઓને નીરખી રહી હતી.

- અને ફૌજીઓ એ છોકરીના ચુસ્ત બદનમાંથી ફાટાફાટ થતા ઉભારોને લોલુપ આંખે જોઈ રહ્યા હતા.

એ જ ઘડીએ દૂર ક્યાંક સડક પર ઢોલ અને તૂરીનો અવાજ સંભળાવા લાગ્યો હતો. અચાનક શરૂ થયેલા અવાજથી ચોંકેલા ફૌજીએ બીજા આદમી સામે જોયું. બીજો ફૌજી ખુરસીમાંથી ઊભો થયો. એ જ ઘડીએ જડતી લેવડાવી રહેલો એક દેહાતી હરખભેર બોલી ગયો,

'સાંગ્વે કેવાસી શોટોન... સાંગ્વે શોટોન...' ઉત્તર દિશામાં બે હાથ જોડીને, બંધ આંખે નમન કરીને તેણે ફરીથી હોંશીલા અવાજે કહી દીધું, 'જલદી જડતી પતાવો... શોટોનના કલાકારો આવી રહ્યા છે...'

*** *** ***

ચેકપોસ્ટ પર પોતે દાખલ થાય એ પહેલાં હેંગસુનને મોકલવા પાછળ કેસીનો વ્યૂહ સ્પષ્ટ હતો. તિબેટમાં પ્રવેશતાં બહારના લોકો માટે જાતજાતના પરવાના દાખલ કરીને આડકતરી રીતે ચીને તિબેટને અભેદ્ય બનાવી દીધું હતું. હિરનના કાફલાને તિબેટમાં ઘુસાડવો હોય અને ઘુસાડ્યા પછી દિવસો સુધી સલામત રાખવો હોય તો અગમચેતી માટે દરેક પ્રકારની બનાવટી પરમિટ જોઈએ.

કેસીને બનાવટી પરમિટ ઊભી કરવામાં કોઈ મુશ્કેલી ન હતી, પરંતુ નિયમ મુજબ, એક પરમિટ હોલ્ડર પાસે બીજા પ્રકારની પરમિટ ન હોઈ શકે. ઠેકઠેકાણે મૂકાયેલી ચેકપોસ્ટમાં ક્યાં અંગજડતી થાય અને ક્યાં સામાનની ય તલાશી લેવાય એ નક્કી નહીં. એવે વખતે જો બીજી પરમિટ તેમના હાથમાં જઈ ચડે તો બધા એકસાથે ઝડપાઈ જાય.

અફીણના દાણચોર તરીકે હેંગસુન આ ચેકપોસ્ટમાં પેધો પડી ચૂક્યો હતો. તેની તલાશી લેવાય એ શક્યતા નહિવત્ હતી. એટલે હેંગસુનના સામાનમાં વધારાની પરમિટ, નકલી રૂક્કાઓ, હથિયારો અને બનાવટી ચલણી નોટો વગેરે તમામ જોખમ તેણે રવાના કરી દીધું હતું.

હેંગસુને આખોય કાફલો સહીસલામત ચેકપોસ્ટ પાર કરે ત્યાં સુધી ત્યાં જ રહેવાનું હતું.

તિબેટના પ્રવેશદ્વારે જ મુક્તિવાહિનીના આદમી તરીકે ફરજ બજાવતો હેંગસુન નાની વયથી જ કાબો થઈ ચૂક્યો હતો. લઘુશંકા પતાવીને ખચ્ચરને તેણે ચારો નાંખ્યો અને ચેકપોસ્ટની બહાર નીકળતી સાંકડી આડશ પાસે ઊભેલા ફૌજીઓ તરફ હાથ ઊંચો કર્યો. પરમિટ ચેક થઈ જાય પછી જો કોઈ શંકાસ્પદ હોય તો અહીં અફસરની હાજરીમાં તેમની અંગજડતી લેવાતી હતી.

'ઉપરવાસમાં હવામાન કેવું છે?' ખચ્ચરને ત્યાં જ છોડીને તેણે સ્મિતભેર ફૌજીને પૂછી લીધું.

'વરસાદ તો અટકી ગયો છે પણ રાત્રે ઠંડોગાર પવન ઠૂંઠવી નાંખે છે...' ફૌજીએ લાલચભરી આંખે તેની સામે જોઈને ઉમેર્યું, 'અને અહીં સાલો ગરમીનો કોઈ ઈન્તેઝામ પણ નથી.'

'બીજા ઈન્તેઝામ તો મારા હાથમાં નથી, પણ...' તેણે ગરમ કોટના અંદરના ખિસ્સામાં હાથ નાંખીને ટીમરુનાં પાનમાંથી બનેલી બીડીની ઝૂડી કાઢી અને ફૌજીને ધરી એટલે પેલાની આંખમાં ચમક આવી ગઈ.

ચીનાઓને ખુશ રાખવાનો હેંગસુનનો આ બીજો તરીકો હતો.

અહીં તિબેટની ઠંડીગાર હવા અને પહાડી જમીનમાં ક્યાંય ટીમરુનાં વૃક્ષ થતા નહીં. અહીં કાળઝાળ ઠંડીમાં જીવવા ટેવાયેલા સ્થાનિક તિબેટીઓ અંગિઠી પર ગડાકુનાં પાન પાથરીને સીધો તેનો ધુમાડો જ શ્વાસમાં લેવાની આદત ધરાવતા હતા. તેનાથી ગરમાવો ય મળે અને નશો ય ચડે, પણ અહીંના હવામાનથી ન ટેવાયેલા ચીની ફૌજીઓને આ વિશિષ્ટ પ્રકારનું ધૂમ્રપાન ફાવતું નહીં.

લ્હાસા, ગોઈલુંગ્દા, લામ્દો જેવા શહેરી વિસ્તારમાં ચીની સિગારેટ આસાનીથી મળતી, પણ અહીં અંતરિયાળ તો તેની ય તંગી વર્તાતી. એવે વખતે ફૌજીઓ હેંગસુનની સવારીની કાગડોળે રાહ જોતા.

દૂર સરહદ પાર બ્રહ્મપુત્રના કાંઠે અડાબીડ જંગલોમાં ટીમરુનાં વૃક્ષો ઊગતાં અને હેંગસુન ત્યાં પહાડોમાં વસતા આદિવાસીઓ પાસેથી બીડી મેળવી લેતો. સાદી બીડી ય અહીં પહેરો દેતા ફૌજીના ગુસ્તાખ ચહેરા પર દોસ્તાના સ્મિત લાવી શકતી હતી અને ઉસ્તાદ હેંગસુન આબાદ રીતે પોતાનું કામ કઢાવી લેતો.

'શોટોનમાં આવવાના કે નહીં?' ફૌજની હિલચાલ જાણવાના હેતુથી હેંગસુને સવાલો સજાવવા માંડ્યા.

'ના રે ભાઈ, અમારે તો અહીં ચેકપોસ્ટ ઉપર રોજ ઉત્સવ જ હોય છે ને!' ફૌજીએ ઊંડો કશ લઈને જવાબ વાળ્યો. તિબેટમાં ફરજ બજાવવી એ ચીની ફૌજીઓને મન ઉજાણી જેવું હતું. અહીં તેમનો તમામ દોરોદમામ ચાલી જતો. નાગરિકો પર થઈ શકે તેટલા અત્યાચાર કરવા, દમદાટી મારવી, દેહાતી કસ્બાઓમાં જઈને ગરીબડા તિબેટીઓની સ્ત્રીઓ, દીકરીઓને ભોગવવી અને દેશદ્રોહનો ડર બતાવીને ધનિકોને ખંખેરવા.

તિબેટમાં ફરજ બજાવીને વતન પરત જતો લગભગ દરેક ફૌજી શરીરનું અને ખિસ્સાનું વજન વધારીને જતો.

તેના બેશરમ જવાબથી હેંગસુન સમસમી ગયો, પણ ચહેરો ગલગોટા જેવો રાખીને તેણે વાતો ચાલુ રાખી. તેની નજર ચેકપોસ્ટના પહેલા પડાવ પાસે પહોંચેલા કેસીના કાફલા પર જ ચોંટેલી હતી.

એ જ વખતે એક જવાન ઓટલા જેવા પહેલાં પડાવ પરથી હાંફળોફાંફળો બહાર આવ્યો. તેના હાથમાં પરમિટના કાગળોની થોકડી હતી અને ચહેરા પર કાળઝાળ શંકા...

*** *** ***

જડબેસલાક અંકુશ રાખવામાં માહેર ચીને શબ્દશ: એક ચકલું ય પોતાની જાણબહાર તિબેટમાં પ્રવેશી ન શકે તેવું તંત્ર ગોઠવ્યું હતું.

તિબેટમાં પ્રવેશવાના દરેક માર્ગો પર ચેકપોસ્ટ. પ્રત્યેક દસ ચેકપોસ્ટનો એક ઉપરી અધિકારી અને એ દરેક અધિકારી તિબેટ પ્રોવિન્સના ડિફેન્સ ઓફિસર શીન લાઈને રિપોર્ટ કરે.

ચેકપોસ્ટના ઉપરી અધિકારી દર પંદર દિવસે બદલાઈ જાય, એટલે સ્થાનિક પરમિટ પર થતી સહી પણ દર પંદર દિવસે બદલાઈ જાય. પ્રવાસીઓએ પહેલી ચેકપોસ્ટ પર મૂળ પરમિટ જમા કરાવી દેવાની અને બદલામાં તેમને વ્યક્તિદીઠ એક બેઈઝ આપવામાં આવે. સમગ્ર પ્રવાસ દરમિયાન સતત એ બેઈઝ છાતી પર દેખાય તેમ પહેરી રાખવાનો. બેઈઝના કલર કોડ પણ અલગ. દૂરથી બેઈઝ જોઈને જ ખબર પડી જાય કે આવનાર વ્યક્તિ ક્યાંથી આવ્યો છે, કયા હેતુથી આવ્યો છે અને કેટલાં દિવસ માટે તેને પરમિટ મળી છે! પ્રવાસ પૂરો થાય તેના આગલા દિવસે તિબેટ રિજન્ટની ઓફિસથી મૂળ પરમિટ પરત મેળવો પછી જ દેશ છોડી શકાય.

આ આખીય વ્યવસ્થામાં પ્રવાસી પર સતત નજર રહે, પ્રવાસી કોઈ અનિચ્છનીય જગાએ જઈ ન શકે અને પ્રવાસીના સ્વાંગમાં બીજું કોઈ તો ઘૂસી જ ન શકે એવો ચીનનો હેતુ હતો.

ચબરાક કેસીએ દરેક પ્રકારની બનાવટી પરમિટ તૈયાર રાખી હતી. પહેલી ચેકપોસ્ટ માટે તેણે બે ટીમ પાડી હતી અને એક જ ટીમ પરમિટ હેઠળ ઘૂસે એવો વ્યૂહ અપનાવ્યો હતો. એ માટે તેણે એજ્યુકેશનલ એન્ડ રિસર્ચ પરમિટનો ઉપયોગ કર્યો હતો. આ પરમિટ બેજિંગથી જ સીધી નીકળી શકતી હતી.

ક્રમ એવો હતો કે, જે તે દેશના વિદેશ વિભાગ દ્વારા અરજી કરવાની, એ અરજી ચીનનો વિદેશ વિભાગ ચકાસીને પછી અન્ય સંબંધિત વિભાગને સોંપે અને એ સંબંધિત વિભાગને યોગ્ય લાગે તો પરમિટ માટે ભલામણ કરે. એ પછી જ વિદેશ વિભાગ પરમિટ ઈશ્યૂ કરે. આ બધી કાર્યવાહીમાં સહેજે એકાદ મહિનો નીકળી જતો હોય.

તળેટીનો ઢોળાવ આડેધડ કાપીને જેમતેમ સમથળ કરાયેલી જમીન, એક તરફ પથ્થરનું ચણતર કરીને બનાવેલો ઓટલો, ઓટલા પર હારબંધ પાથરેલાં ત્રણ-ચાર ટેબલ અને ટેબલ પાસે દમામભેર બેઠેલા ફૌજીઓનો કાફલો...

ડાંગર, જવ, કેળાં, સફરજન અને ઘાસચારા જેવી ચીજ-વસ્તુઓ લઈ જતા દેહાતીઓ એક પછી એક ટેબલ તરફ ખસતા જતા હતા. સ્થાનિક નાગરિક હોવાનાં ઓળખપત્રો રજૂ કરીને બેઈઝ મેળવતા હતા.

કેસી સહજતાથી પણ તીવ્ર સતર્કતાથી જોઈ રહ્યો હતો.

ગમે ત્યારે વરસાદ તૂટી પડશે એવું લાગતું હતું. હવામાં તીવ્ર બફારો હતો અને માહોલમાં એકધારાપણાની સુસ્તી હતી. આઈ-કાર્ડ, પરમિટ, રૂક્કા વગેરે ચેક કરી રહેલો જવાન તદ્દન નવો ભરતી થઈને તિબેટમાં ફરજ પર મૂકાયો હોય તેમ કેસીને લાગ્યું.

તેણે સહજતાથી આસપાસ નજર ફેરવવા માંડી. ચપ્પટ વાળ ઓળીને આંખ પર ચશ્માં ચડાવેલી હિરન તેને ખુદને જ વિચિત્ર લાગતી હતી. ફેલ્ટ હેટ પહેરેલો ઝુઝાર મોંમાં સિગાર ખોસીને હિરન સાથે કશીક વાતો કરી રહ્યો હતો. બીજા આદમીઓ તેમના ખચ્ચર સાથે બેપરવાઈનો ઢોંગ કરતાં આમતેમ ટહેલી રહ્યા હતા પણ દરેકના હૈયામાં ફફડાટ હતો. કેસી એ સમજી શકતો હતો. કઠિના પરીક્ષાઓના આકરા દૌરનો આ આરંભ હતો.

દૂર પછવાડે સંભળાતા ઢોલ અને તૂરીના અવાજ ક્રમશ: નજીક આવતા જતા હતા અને અબુધ શ્રદ્ધાળુ દેહાતીઓને જડતીની પ્રક્રિયા જલદીથી આટોપવાની ઉતાવળ ચડતી હતી.

પોતાનો વારો આવ્યો એટલે કેસીએ સ્મિતભેર ટેબલ પર કાર્ડ મૂક્યું. લ્હાસામાં ઓફિસ ધરાવતી ટ્રેવેલ એજન્સી અને સિગ્મુડ ત્સેમ્પા લખેલું નામ વાંચીને એ જવાને ઊંચે જોયું. ધોળી પૂણી જેવો તેનો ચહેરો તદ્દન સપાટ અને ભાવશૂન્ય હતો અને પીંગળી આંખોમાં ય કોઈ ભાવ ન હતા.

કેસીએ ધરેલી પરમિટના કાગળો બાજુ પર હડસેલીને તેણે દરેક ટૂરિસ્ટને એક પછી એક પોતાની સામે લાવવાની સૂચના આપી.

સૌથી પહેલાં ઝુઝાર આગળ વધ્યો. તેણે મોંમાંથી ધુમાડો કાઢીને સિગાર આંગળીઓ વચ્ચે લઈ લીધી અને શાલીનતાથી હળવું સ્મિત કર્યું.

'તેને કહે હેટ ઉતારે...' તોછડી, અધકચરી તિબેટી ભાષામાં એ જવાને કેસીને કહ્યું. કેસીએ ઈશારો કર્યો એટલે ઝુઝારે માથા પરથી હેટ ઉતારી.

હડપચી નીચે વાગ્યાનું નિશાન, જમણી આંખના નેણ નીચે ઈજાનું નિશાન, ગરદન પર એક છરકો...

'વાગ્યાનાં આટલાં બધાં નિશાન?' તસવીર, વર્ણન અને સામે દેખાતા આદમીનો ચહેરો એ ત્રણેયને સરખાવી રહેલો એ જવાન બોલી ઊઠ્યો, 'આ માણસ રિસર્ચર છે કે વોરિયર?'

તેણે તો સહજતાથી જ પૂછ્યું હતું, પણ કેસીને ઘડીક ધ્રુજારી છૂટી ગઈ. ચંબલના પાણીથી ઘડાયેલો ઝુઝારનો અલમસ્ત બાંધો અને ચહેરાનાં નિશાનનું આ વર્ણન... પહેલે જ પગથિયે ચઢાણ આવ્યું કે શું?

તેણે ઝંખવાણું સ્મિત કરીને તરત બીજું ફોર્મ હાથમાં પકડાવી દીધું. દરેકના હુલિયાનું વર્ણન અને તસવીર સરખાવીને પછી તેણે પરમિટ જોવા માંડી.

શોટોન કલાકારોનું આગમન સૂચવતાં વાધોના અવાજથી કતારબંધ ઊભેલા દેહાતીઓનો શોરબકોર વધી રહ્યો હતો.

'કયા રસ્તે આવ્યા?' આ સવાલનો જવાબ આમ તો સ્પષ્ટ જ હતો. અહીં એક જ દિશાએ રસ્તો ખૂલતો હતો. છતાં આ સવાલ આવશે જ એવું ધારીને કેસી પણ તૈયાર જ હતો,

'જી, ગ્યાંગદોંગથી...'

'એ તો મને ય સમજાય છે, ગ્યાંગદોંગ કેવી રીતે પહોંચ્યા?'

'કોલકાતાથી મ્યાંમાર પહેલો કેમ્પ કર્યો...' આ જવાન જેટલો વખત વાતોમાં લપેટાયેલો રહીને પરમિટ ચેક કરે એટલું કામ આસાન થાય તેમ ધારીને કેસીએ લાંબો રૂટ બનાવવા માંડ્યો, 'મ્યાંમાર વીસ દિવસની ટૂર હતી. બેજિંગથી પરમિટ મળી પછી થિમ્પુથી લોરાંગ બાય એર પહોંચ્યા. લોરાંગથી વેલી રેલ-વે દ્વારા ઈસ્ટર્ન પ્રોવિન્સમાં એન્ટર થયા અને ઝોંગાગ પછી અહીં સુધીની મુસાફરી ખચ્ચર પર કરી.'

કેસી બોલતો હતો એ વખતે એ જવાન કેબિનના લાકડાં પર ખીલી જડીને ટીંગાડેલા મોટા કદના નકશા તરફ જોઈ રહ્યો હતો.

'જલ્દી કરોને...' એક દેહાતી ઔરતે દૂરથી જ ઓળખપત્ર બતાવીને બૂમ પાડી, 'શોટોન સાંગ્વે કેવાસી..' પાછળ ધક્કામુક્કી વધી હતી. કસ્બાના લોકોને જેમ બને તેમ જલ્દી શોટોન કલાકારોનું અભિવાદન કરવા દોડવું હતું. દેવના ઘરે જઈ રહેલા શોટોન કલાકારોના પડછાયાને

સ્પર્શ કરવાનો પરંપરાગત રીતે અનેરો મહિમા હતો.

ઢોલના અવાજ અને તિબેટીઓના દેકારાથી ખલેલ અનુભવતા જવાને અણગમાના ભાવ સાથે અવાજની દિશામાં જોયું અને પછી ટેબલના ખાનામાંથી મેગ્નિફાઈંગ લેન્સ કાઢીને ધ્યાનપૂર્વક લાખનું સીલ, રબ્બર સ્ટેમ્પ અને સહી જોવા માંડી અને પૂછતાછ પણ જારી રાખી,

'યાક ક્યાં બદલ્યા?'

'હેં?' આ સવાલ અણધાર્યો હતો એટલે કેસી ઘડીક ખચકાયો.

આટલા લાંબા રૂટ પર ખચ્ચર બદલવાં પડે. યાક અને ખચ્ચર અહીં દુર્ગમ પહાડી વિસ્તારની જીવાદોરી હતાં. વાહનોની માફક તેનાં ય રજિસ્ટ્રેશન થાય. લાંબી મુસાફરી દરમિયાન ખચ્ચર બદલવાના ય પડાવ આવે. સરકાર માન્ય પડાવ પર જ ખચ્ચર બદલી શકાય અને એ બદલીની રસીદ પણ લેવાની થાય.

કેસી તેમાં થાપ ખાઈ ગયો હતો. ખચ્ચર બદલીની અસલી તો શું, નકલી રસીદ પણ તેની પાસે ન હતી.

'ઝીદોઈ...' તેણે ચહેરો એવો જ સ્વસ્થ રાખીને સંદિગ્ધ જવાબ વાળી દીધો.

'મતલબ?' કેસીએ જાણીજોઈને આપેલા અસ્પષ્ટ જવાબથી જવાન ગૂંચવાયો. એ નવોસવો હતો. રોજ નજર સામે ટાંગેલો નકશો ગોખીને સ્થાનિક ભૂગોળ સમજવાનો એ પ્રયાસ કરતો હતો. આ નવું નામ આવ્યું એટલે તે અવઢવમાં પડ્યો.

ફરીથે તેણે પરમિટ જોવા માંડી. કાગળ પ્રમાણમાં ચોખ્ખો અને કડક હતો. ગડ પણ તાજી વાળી હોય એવી લાગતી હતી. સ્ટેમ્પની શાહી પણ હજુ ચમકતી હતી. બેજિંગથી ઈશ્યૂ થયેલી પરમિટ તો કમ સે કમ એક મહિનો જૂની હોવી જોઈએ.

'શું કહ્યું તે?' પરમિટ જોઈને મનમાં જાગેલી શંકા અને નકશા પર સ્થળ શોધવાની મથામણમાં તેની એકાગ્રતા જળવાતી ન હતી.

'જી...' તેને અવઢવમાં મુકાયેલો પારખીને કેસીએ કંઈ સ્પષ્ટ જવાબ આપવાને બદલે તેને વધુ ગૂંચવવાનું ચાલુ રાખ્યું. તેનું મગજ પૂરપાટ વેગે દોડવા લાગ્યું હતું.

દૂર ગોઠવેલી આડશો પાસે હેંગસુનનું ખચ્ચર ચરી રહેલું દેખાતું હતું. હેંગસુન નજીકમાં ચેકપોસ્ટ ઓફિસરની કેબિનમાં જ હોવો જોઈએ. તેણે ત્રાંસી આંખે હિરન તરફ જોઈ લીધું. દેહાતીઓને પોતાની પાસેના ફોટોગ્રાફ બતાવતી હિરને પણ કેસીની નજરમાં રહેલી સતર્કતા પારખી લીધી હતી. એ બંનેની નજર સમજીને ઝુઝારે ય રેલિંગના લાકડા પર ઘસીને સિગાર બુઝાવી નાંખી.

'એક મિનિટ...' એ જવાન ઝાટકા સાથે ઊભો થયો. પાછળ કલબલાટ કરીને ઉતાવળ વ્યક્ત કરી રહેલા દેહાતીઓને તેણે દમામભેર હાકોટો નાંખીને ડારી દીધા અને પરમિટના કાગળિયા ઉઠાવતો કેબિન તરફ દોડ્યો.

તેને ઊતાવળા કદમે આ તરફ આવતો જોઈને હેંગસુન પણ ચમક્યો. બીડી પી રહેલા ફોજીઓ સાથે વાતો જારી રાખીને તેણે ખચ્ચર તરફ ગરદન ફેરવી અને ચારો ચરી રહેલા ખચ્ચરને ખરેરો નાંખતો હોય એવો અવાજ ગળામાંથી કાઢ્યો.

કેસી સહિત મુક્તિવાહિનીના આદમીઓ માટે એ અવાજ એલર્ટ થવાની નિશાની સમો હતો. ટેબલ પાસે કેસી, તેની ડાબી તરફ હિરન, કેસીની બરાબર સામે ઝુઝાર અને એ દરેકથી સહેજ જમણે ચેકપોસ્ટ કેબિનની દિશામાં ખચ્ચર પર બેઠેલા મુક્તિવાહિનીના આદમીઓ.

ફટાફટ પોઝિશન રચાઈ ગઈ. હવે કંઈ પણ થઈ શકે તેમ હતું, પણ અહીં કોઈ પણ સંજોગોમાં

સામનો ન થવો જોઈએ. કોઈ પણ રીતે અહીંની અડચણ હટવી જ રહી.

કેસીએ ઈશારો કર્યો એ પારખીને હિરન આગળ વધી, 'વ્હોટ હેપન્ડ, મેન? મોડું કેમ થઈ રહ્યું છે?'

તદ્દન બરછટ ઈલાકો, એકસરખી લાગતી તિબેટી ઔરતો, ચીની ફૌજીઓની નજરથી બચવા ભાગ્યે જ સામે આવતી યુવતીઓ અને તેમાં આ છરહરી, ભરીભરી, માખણના પીંડા જેવી ગોરી સ્ટાઇલિશ છોકરી...

સતત બેશરમપણે તેના ચુસ્ત ઉભારોને તાકી રહેલા ફૌજીઓને હિરનની હાજરીથી જાણે ગરમાવો થતો હતો.

'ખબર નહી, કેમ... એ સાહેબ...' કેસીએ અસ્પષ્ટ ઉદ્ગારો કરીને કેબિન તરફ ગયેલા જવાન ભણી હાથ લંબાવ્યો એટલે હિરન પણ જાણે મોડું થવાથી અકળાઈ હોય તેમ એ દિશામાં ઉપડી. કેસી ય તેની પાછળ દોરાયો.

હિરન અને કેસી કેબિન તરફ જઈ રહ્યાં હતાં.

અંદર પહોંચી ચૂકેલા જવાને ઓફિસર સમક્ષ પોતાની શંકા વ્યક્ત કરવા માંડી હતી.

હેંસુન એ જ વખતે તેના બીડી સાથીદાર ફૌજીઓ જોડે વાતો કરતો ખચ્ચર પર બાંધેલા પોટલા પર હાથ ટેકવી રહ્યો હતો.

'મે આઈ કમ ઈન સર?' કેબિનના દરવાજા પાસે અટકીને હિરને મધઝરતા અવાજે આંખો નચાવીને માદક સ્મિત વેરતાં પૂછી લીધું.

ઉતાવળાં કદમે ચાલવાથી જાંબલી રંગના ટોપમાં તેના ઉભાર ઊંચકાઈ રહ્યા હતા. ઉપર પહેરેલા કોટનાં બટન તેણે ખોલી નાંખ્યાં હતાં. તેની પાછળ ઊભેલો કેસી તિબેટીમાં અનુવાદ કરે એ પહેલાં જ હિરનને એકીટશે તાકી રહેલા અફસરે હકારમાં ગરદન ધુણાવી દીધી.

'શું થયું સર?' તેણે એવા જ મારકણા સ્મિતથી પેલા જવાનને ય કામણનો લાભ આપ્યો, 'યસ ઑફિસર, ઈઝ એનિથિંગ રોંગ?'

'ક્યાંથી આવો છો?' અફસરે એકધારા હિરન પર જ નજર ચીપકાવેલી રાખીને અવાજને ધરાર કડકાઈ પહેરાવવા માંડી, પણ તેની આંખોમાં ઘૂમરાતાં સાપોલિયાં અછતાં રહેતાં ન હતાં.

'જી સર, આ લોકો કોલકાતાથી આવે છે. તિબેટની પરંપરા, સ્થાનિક લોકોના રીતિ-રિવાજ અને ખાસ તો આનુવંશિક ગુણોના અભ્યાસ માટે આવ્યા છે. યુનાઈટેડ નેશન્સનો ગ્રાન્ટ ઈન એઈડ પ્રોગ્રામ છે.' કેસીએ ફટાફટ બોલતા જઈને એક કાગળ પણ ધર્યો, 'અને સર, બેજિંગ ગવર્નમેન્ટે પોતે જ ઈન્વિટેશન મોકલ્યું છે...'

'હમ્મ્મ...' ઓફિસરે પરાણે કડક ચહેરો રાખીને ફરી હિરનની સામે જોયું, 'બેસોને...'

'આપ શું કરો છો?' તેની આંખો જાણે શારડીની જેમ ફરી રહી હોય તેમ હિરનને લાગ્યું.

'જી, એ મિસ કોમોલ સાવંત છે. બોમ્બે યુનિવર્સિટીના રિસર્ચ ફેલો છે...' કેસીએ જવાબ વાળ્યો એટલી વારમાં હિરને ખભા પરથી કોટ ઉતાર્યો, ખુરસી પર ટેકવ્યો અને બેય હાથ પાછળ લઈને અજબ અદાથી વાળ સંકોર્યા.

તેની એક-એક હિલચાલથી પેલા અફસરની આંખોમાં ઉભરતા હિલોળા કેસી બરાબર પારખી રહ્યો હતો.

'હમ્મ્...' તેણે ઉપરછલ્લી નજરે કાગળો જોઈને બાજુમાં અદબભેર ઊભેલા જવાનને

ચાઇનીઝ ભાષામાં કશુંક કહ્યું. પેલા જવાને જવાબમાં ફૌજી શિસ્તથી એડી અથડાવી અને બહાર ચાલ્યો ગયો.

'મેડમ અહીં તો આપની શું મહેમાનનવાઝી કરી શકું?' તેણે ખુરશી પર સહેજ આગળ આવીને કહેવા માંડ્યું, 'આવતાં અઠવાડિયે મારી ડ્યૂટી પૂરી થશે. પછી લ્હાસામાં મને આપને સત્કારવાની તક આપશો તો મને ગમશે.'

કેસીએ અંગ્રેજી તરજુમો કર્યો એટલે તરત હિરને ખિલખિલાટ હસીને અફસરના બેય હાથ પકડી લીધા, 'ઓહ સ્યોર... વ્હાય નોટ?'

ખચ્ચર કેમ ક્યાંય બદલ્યાં નથી, પરમિટનો કાગળ કેમ તાજો લાગે છે એવા પેલા જવાનના દરેક સવાલો ત્યાં જ ઊભા રહી ગયા અને અફસર હિરનના માસૂમ ભોળપણ અને માદક ઊભારો વચ્ચે ગડથોલાં ખાતો રહ્યો.

પંદર મિનિટ પછી હિરન અને કેસી બહાર નીકળ્યાં ત્યારે અફસર કેબિનની બહાર તેમને વળાવવા ય આવ્યો અને ઝૂકી ઝૂકીને અભિવાદન કરતો રહ્યો.

પરમિટના બદલે અપાયેલો બેઝ તેણે જાતે હિરનના હાથમાં દીધો. તેનું ચાલ્યું હોત તો પોતાના જ હાથે હિરનના ટોપ પર ચીપકાવ્યો હોત. પણ ઉસ્તાદ હિરને ફરીથી તેના હાથ દબાવીને તેને એટલામાં જ રોકી લીધો.

સાંકડી બેરિકેડમાંથી આખોય કાફલો બહાર નીકળ્યો ત્યારે ચેકપોસ્ટના ઓટલા પાસે જબરો તાયફો જામ્યો હતો.

ઢોલ અને તૂરીના અવાજ બંધ થઈ ગયા હતા. શોટોનના મહાપવિત્ર ઉત્સવમાં દેવના ઘરે જઈ રહેલા કલાકારોને નિહાળીને શ્રદ્ધાળુઓ ભાવવિભોર થઈ ગયા હતા. કસ્બામાંથી આવી ચડેલાં ટાબરિયાંઓને ખંધોલે ચડાવીને મોટેરાંઓ ય રંગબેરંગી વેશભૂષામાં સોહતા કલાકારોને મંત્રમુગ્ધ આંખે જોઈ રહ્યા હતા.

મોખરે ચાલતા ત્વરિતને પેટમાં રીતસર ફાળ પડતી હતી. તેના પડછાયાને સ્પર્શ કરી રહેલા લોકો સામે સ્મિત વેરવાનું તેને તાન્શીએ કહ્યું હતું, પણ સ્મિત કરવા જતાં તેને નાક સુધી બાંધેલું મહોરું સરકી જવાનો ડર લાગતો હતો.

પ્રોફેસરને લાલ રંગનો લાંબો ડગલો પહેરાવ્યો હતો. એ સૂત્રધારની નિશાની હતી. ખૂલતો, પહોળો લાલભડક ડગલો અને નીચે કસોકસ બાંધેલી એવા જ ભડક રંગની લુંગી. ચારેક કિલોમીટર પછી હજુ પણ પ્રોફેસરને આવા વેશમાં સહજ રીતે ચાલવામાં ફાવટ આવતી ન હતી.

છપ્પનને સમજાતું ન હતું કે તેની આસપાસ વધુ સંખ્યામાં ટોળું કેમ ઘૂમરાતું હતું અને એ લોકો સતત આનંદ, ઉલ્લાસની કિલકારી કેમ નાંખતા હતા.

નાક, હોઠ અને આંખ કોતરીને તેના આખાય ચહેરા પર પીળા રંગનું મહોરું બાંધ્યું હતું. જાંબલી, કિરમજી, પીળા અને કેસરી રંગના અતલસી પટ્ટા સિવેલો લાંબો, ઘેરદાર પાયજામો અને એવા જ કઢંગા રંગનું તેનું ખમીસ. શોટોન ઉત્સવમાં ભજવાતાં પરંપરાગત નાટકોના વિદૂષકનો એ અસબાબ હતો.

દરેક કલાકારોએ જાણે તસબી ફેરવતા હોય એ રીતે હાથમાંનો મણિસ્તંભ ફેરવતા જઈને 'ઓમ મણિપદ્મે હુમ્' મંત્રના અખંડ જાપ કરતા જવાના હતા. એક હાથે એકસરખા લયમાં વજનદાર મણિસ્તંભ ફેરવતા જવું અને કઢંગા કપડામાં ચહેરો કળાવા દીધા વગર શાંત, સ્વસ્થ

સ્મિત વેરતા પસાર થઈ જવું...

તાન્શીએ કહ્યું ત્યારે એમને આ બધું આસાન લાગ્યું હતું, પણ ખરાખરીની ઘડીએ એ દરેકના પેટમાં જાણે દેડકાં કૂદતાં હોય તેવા થડકારા અથડાતા હતા.

આકાશમાં મેઘ ઘેરાઈ રહ્યો હતો. વરસાદનો એક તગડો ફોરો તાન્શીના ચહેરા પર ટપક્યો અને એ ચોંકી. આ હાલતમાં જો વરસાદ તૂટી પડે તો આ સૌના ચહેરા પર કરેલું ચિતરામણ ધોવાઈ જાય અને તો...

'નિગ્વે ત્સાન...' તેણે બેય બાજુ હારબંધ ઊભેલા, પડછાયાને સ્પર્શ કરી રહેલાં દેહાતીઓને હડસેલવા માંડ્યા, 'દૂર રહો... વરસાદ તૂટી પડે એ પહેલાં અમારે સામેના કસ્બામાં પહોંચવાનું છે. દૂર હટો...'

મુક્તિવાહિનીના બીજા આદમીને ઈશારો કરીને તેણે 'કલાકારો'ને આગળ લઈ જવા કહ્યું અને પોતે ઓટલા પર ચડીને પેલા જવાનની સામે ઓળખપત્રો ધર્યાં.

ઓફિસરે પોતાની વાત સાંભળી ય નહીં અને પેલા લોકોને જવા દીધા, પેલી છોકરીને જોઈને તો સાલો લટ્ટુ જ થઈ ગયો... મનોમન ધૂંધવાતા એ જવાને કશી લાંબી પડપૂછ કર્યા વગર ઓળખપત્રો ઉપરછલ્લાં જોઈને પરત કરી દીધાં.

ફરીથી 'રિડિબાંબ...રિડિબાંબ' અવાજે ઢોલ ઢબૂકવા લાગ્યો હતો. ફરીથી તીણા સૂર રેલાવતી તૂરી વાગવા લાગી હતી. શોટોન કલાકારોને જોવા ઘડીક અફસર પણ ઓટલા પર ઊભો રહ્યો. છપ્પને, ત્વરિતે, પ્રોફેસરે અંદરઅંદર ચૂંથાતા જીવે મનોમન ઈષ્ટદેવનું નામ લઈને તેમની સામે ય સ્મિત વેરી દીધું...

- અને એમ એ આખોય વરઘોડો ચેકપોસ્ટની બહાર નીકળ્યો.

*** *** ***

પોણી કલાક પછી...

ચેકપોસ્ટથી દૂરની પહાડી પર બેય કાફલા ભેગા થઈ ચૂક્યા હતા. હેંગસુન હજુ ય ચેકપોસ્ટ આસપાસ લટાર મારતો, બીડીઓ વહેંચતો ફરતો હતો. કોઈને શંકા ન જાય એ માટે તેણે આરામથી નીકળવાનું હતું. અહીં બેય કાફલાના ચહેરા પર પહેલી કસોટી હેમખેમ પાર કર્યાની પારાવાર હળવાશ વર્તાતી હતી. ત્વરિત ખુશમિજાજ થઈને હિરનને પોતાનો અનુભવ કહી રહ્યો હતો. કઢંગા વેશમાં હાસ્યાસ્પદ લાગતા છપ્પનને જોઈને ઝુઝાર પહેલાં ખડખડાટ હસ્યો હતો અને પછી તેણે જોરથી બાથ ભરીને છપ્પનને, પ્રોફેસરને એકસામટા જ ઊંચકી લીધા હતા.

આરંભિક હળવાશ પછી આખરે કેસીએ વાત માંડી હતી.

'આગળ હવે છેક લ્હાસા સુધી ખાસ ભય નથી...' તેણે દરેકના ચહેરા બરાબર નોંધીને કહેવા માંડ્યું, 'હવે એકેય ચેકપોસ્ટ નહીં આવે. સિવાય કે રાઉન્ડમાં નીકળેલા કોઈ આદમી ભટકાઈ જાય. હજુ પણ આપણે સતર્કતા રાખવાની છે. આપણે છેક લ્હાસા સુધી બે ટીમમાં રહીને અલગ અલગ મુસાફરી કરશું. આખાય રસ્તે મનોમન પ્રાર્થના કરતા જજો કે આપણો ઉદ્દેશ કોઈ અડચણ વગર સફળ થાય.'

એટલી વારમાં તેના આદમીઓએ ટેકરીઓ પર રંગીન ધજાઓ ખોસી દીધી હતી. માખણનો દીવો પ્રગટ્યો હતો અને કેસી, તાન્શી સહિત મુક્તિવાહિનીના દરેક આદમીઓ ઢીંચણભેર જમીન પર બેસીને ઉત્તર દિશામાં મોં કરીને શ્રદ્ધાભર્યા ભાવે ક્ષેમકુશળની પ્રાર્થના કરી રહ્યાં હતાં.

તેમનું જોઈને પહેલાં પ્રોફેસર એ સ્થિતિમાં પ્રાર્થનામાં જોડાયા. પછી હિરન, પછી ત્વરિત અને પછી સૌ કોઈ એવી જ શ્રદ્ધાથી હારબંધ બેસી ગયાં.

ક્ષેમકુશળની પરવા અને આવી શકનારી અડચણો સામે ઉગરવાની શ્રદ્ધાને ભાષા, સંસ્કૃતિ કે રિવાજનો ફરક નથી હોતો એવું વણકહ્યે સૌ કોઈને લાગી રહ્યું હતું.

*** *** ***

ડિફેન્સ સેક્રેટરીની ચેમ્બરમાંથી બહાર આવીને તેણે દમામભરી ચાલે આખી લોબી પસાર કરી. બહાર પગથિયાં પાસે તેની ગાડી આવી ચૂકી હતી. ડ્રાઈવરે અદબભેર દરવાજો ખોલ્યો અને તેની સામે જોયું.

'હેલિપેડ તરફ લઈ લે...' તેણે સપાટ સ્વરે કહી દીધું.

એ જ વખતે ડિફેન્સ સેક્રેટરીની ઓફિસમાંથી રિજન્ટને (પ્રાંત અધિકારીને) સત્તાવાર મેઈલ રવાના થઈ રહ્યો હતો. જેમાં લખ્યું હતું, 'બેજિંગ સરકાર તરફથી મેજર ક્વાંગ યુનને તાત્કાલિક અસરથી તિબેટનો સર્વોચ્ચ હવાલો આપવામાં આવે છે. તિબેટમાં કાર્યરત પ્રશાસન અને ફૌજ બંને તેમના અધિકાર ક્ષેત્રમાં રહેશે. મેજર યુન ત્રણ કલાકમાં લ્હાસા પહોંચશે.'

કહેવા માટે તો કમ્પ્યૂટરના સ્ક્રીન પર મેઈલ સેન્ટ થઈ રહ્યો હતો...

- પણ ભેગાભેગી અડચણો ય રવાના થઈ રહી હતી... પારાવાર અડચણો.

*** *** ***

કશોક ભેદી કોલાહલ, લાકડાના પાટિયા પર દાંડી પીટવાથી થતી બોદી ઠકઠકાટી જેવો કશોક અવાજ, મંત્રોચ્ચારની માફક નિશ્ચિત લયમાં સામૂહિક રીતે બોલાતા કશાક શબ્દો અને પથ્થરની ભોંય પરથી પસાર થતા પગરવનો અવાજ...

ત્વરિતની આંખ તો ખૂલી ગઈ પણ હજુ ય તેને સમજાતું ન હતું. બાજુની ખાટ પર છપ્પન પડખાભેર નસકોરાં બોલાવી રહ્યો હતો. ખાટ સાંકડી પડવાથી ભોંય પર સૂતેલો ઝુઝાર પણ બહાર થતા દેકારાથી પડખું ફર્યો હતો, ઘડીક કાન સરવા કર્યા અને પછી મોં પર કામળી ઓઢીને ફરીથી સૂઈ ગયો.

એ સિવાય કમરામાં કોઈ ન હતું. પ્રોફેસરની અને કેસીની પથારી ખાલી હતી. ત્વરિત સફાળો બેઠો થયો. તેની કમરમાં હજુ ય સબાકા નીકળી રહ્યા હતા.

ચેકપોસ્ટ વટાવ્યા પછી યાકની પીઠ પર મુસાફરી શરૂ થઈ ત્યારે શરૂઆતમાં તો બહુ સારું લાગ્યું હતું, પણ અડધો દિવસ વટાવ્યા પછી કમરના અંકોડામાં કિચૂડાટી બોલવા માંડી હતી.

પહાડના ઢોળાવ પર ડાબે-જમણે લયબદ્ધ ડગલાં માંડતું યાક ધ્યાનસ્થ યોગીની અતૂટ તંદ્રાની માફક એકધારું ચાલ્યા કરતું હતું, પણ તેના લયના પ્રત્યેક હિલોળે અસવારનું શરીર પણ હાલક-ડોલક થતું રહેતું હતું. મેદાન પર ઘોડેસવારી કરવી અને યાકની પીઠ પર સવાર થઈને પહાડી ઈલાકાની સફર કરવી એ બેયમાં કેટલો તફાવત એ ઝુઝારને ય તરત સમજાઈ ગયું હતું.

ચંબલની ઘાટીઓમાં ઘોડા તબડાવી ચૂકેલા ઝુઝારે શરૂઆતમાં ગમ્મતભેર યાકને ય એમ જ તબડાવ્યું હતું, પણ એક-બે પાતળી કરાડ પર યાકે અણધાર્યો હિલોળો લઈને જે રીતે આબાદ કૂદકો માર્યો ત્યારે ઝુઝાર માંડ પડતાં પડતાં બચ્યો હતો.

ચેકપોસ્ટ વટ્યા પછી પહેલે દિવસે બે મોટી પહાડી ઓળંગવાની હતી એટલે બેય ટીમે એક

સાથે જ પ્રવાસ ખેડ્યો. પછીના દિવસે કેટલાંક કસ્બાઓ આવતા હતા એટલે કેસીની ટીમ યાક પર પહેલાં રવાના થઈ અને તાન્શી સાથે શોટોન કલાકારોનો સ્વાંગ ચડાવીને ત્વરિત, પ્રોફેસર પણ ખાસ્સું અંતર રાખીને નીકળ્યા. રાત્રે નિયત કરેલી જગાએ સૌ ભેગા મળવાના હતા.

દરેક કસ્બા આવે એટલે કેટલાંક ભેદી લોકો કેસીને મળવા આવતા હતા. ભાવવિભોર ચહેરે કેસીનું કપાળ ચૂમતા હતા અને અહોભાવભરી આંખે તેને નીરખી રહેતા હતા. વધઘટ મુજબ સામાનની આપ-લે થતી હતી. ક્યારેક કેસી તો

ક્યારેક તાન્શી આ અજાણ્યા લોકો સાથે દૂર જઈને ગૂફતગુ કરતાં રહેતાં હતાં.

કેસીએ જડબેસલાક પાથરેલા નેટવર્કને હિરન, ત્વરિત તાજુબીથી જોયા કરતાં હતાં.

બીજા દિવસે આકાશ ચોખ્ખું હતું. વરસાદ અટકી ગયો હતો અને મજાનો નરમ, કૂણો તડકો નીકળ્યો હતો. સળંગ મુસાફરીથી સૌના ચહેરા પર થકાન ઊભરી આવી હતી. ખાસ તો યાકની પીઠ પર સવારી કરવાના મહાવરાના અભાવે દરેકની કમર જવાબ દઈ ગઈ હતી એટલે કેસીએ બપોર થતાં જ પડાવ નાંખી દીધો હતો.

ઊંચી ચટ્ટાન પર સૌ લથબથ કપડાં અને સામાનનાં પોટલાં સૂકવવા મૂકી રહ્યા હતા ત્યારે મુક્તિવાહિનીના આદમીઓએ ખડકની આડશમાં ચૂલા પેટાવવા માંડ્યા હતા. ચોખાના લોટમાં લીલાં મરચાં નાંખીને પૂડલા જેવી કશીક વાનગી રંધાઈ હતી. વગડામાંથી વીણેલા કંદમૂળ અને અજાણી વનસ્પતિના વેલા બાફીને બનાવેલાં સૂપનો બેહૂદો સ્વાદ પણ અત્યારે ગળે ઊતરી જતો હતો.

'લ્હાસામાં આપણી વ્યવસ્થા થઈ ચૂકી છે...' ભોજન પછી પહાડીની છાયામાં આડા પડેલાં હિરન અને પ્રોફેસરને સંબોધીને કેસીએ વાત માંડી, 'ક્યા અવરોધો આવશે એ વિશે કંઈ કહી શકાય નહીં. આપણે ઓછામાં ઓછા સમયમાં તમારું કામ આટોપવું પડશે. ડૂ યુ હેવ એની ક્લ્યૂ? એ સ્થળો ઓળખવાની કોઈ એંધાણી કે એવું કશું?'

કેસીના સવાલ પછી હિરને અને પ્રોફેસરે વાત માંડી.

પ્રાચીન ભારતના અત્યંત મોંઘેરા જ્ઞાનવારસાનાં દુર્લભ પુસ્તકો તિબેટમાં હોવાનું એકમાત્ર સત્તાવાર બયાન હતું અને એ બયાન કરનારા રાહુલ સાંકૃત્યાયન હતા. તેમણે પોતે લામાઓની અનુમતિ પછી કેટલીક પ્રતોની નકલ ઉતારી હતી. એ સિવાય તેમણે તિબેટના વિહારોમાં જોયેલાં પુસ્તકો, હસ્તપ્રતો, તામ્રપત્રોનો એક કૅટલૉગ તૈયાર કર્યો હતો.

'હમ્મ્મ...' કેસીને ય આ દરેક વિગત પારાવાર રસ જગાવવા માંડી હતી, 'તેમણે ક્યા વિહારના ભોંયરામાં આ પુસ્તકો જોયાં એ વિશે કોઈ ઉલ્લેખ છે?'

'ના...' પ્રોફેસરે જવાબ વાળ્યો, 'કારણ કે, મધરાત વિત્યા પછી આંખે પાટા બાંધીને તેમને લઈ જવામાં આવતા હતા. એટલે તેમણે કોઈ વિહારનું ભૌગોલિક સ્થાન જોયું નથી. હા, કેટલેક ઠેકાણે તેમણે વિહારની આંતરિક બાંધણી કે જર્જરિત હસ્તપ્રતો સાચવવાની પદ્ધતિઓનો ઉલ્લેખ કર્યો છે.'

દિવસભરના આરામ પછી રાત ઢળતા જ કાફલો ઉપડ્યો હતો અને આખાય રસ્તે કેસી સતત પૂછતો રહ્યો. હિરન અને પ્રોફેસર જવાબ વાળતાં રહ્યાં. લ્હાસા પહોંચ્યા પછી ય અંધારામાં જ બાચકાં ભરવાનાં હતાં, પણ તેમ છતાં ય પ્રોફેસરનો ઉત્સાહ બેવડાવા લાગ્યો હતો.

થોડાં થોડાં વિરામ લઈને સળંગ ચોવીશ કલાકની આકરી મુસાફરી પછી લ્હાસાની ચેકપોસ્ટ પાર કરી ત્યારે મધરાત થવા આવી હતી. ગામેગામથી આવેલા શોટોન કલાકારોના ટોળામાં

તાન્શીની આગેવાની હેઠળ ત્વરિત, પ્રોફેસર અને છપ્પન ભળી ગયાં હતાં. બાકીની ટીમ છાતી પર બેઝ ચિપકાવીને પસાર થઈ. નાકા પર દરેકની અંગજડતી લેવાઈ, સામાન ચેક થયો અને ખાસ કોઈ સવાલ- જવાબ વગર તેમને પ્રવેશ મળી ગયો હતો.

શોટોન મહોત્સવના સ્થળે પહોંચીને પહેલો તંબુ દેખાયો કે તરત રંગબેરંગી વાઘા ઉતારીને ત્રણેયને તાન્શીએ ડુપ્લિકેટ બેઈઝ આપી દીધા હતા. મોડી રાતે રોકાણના સ્થળે પહોંચ્યા ત્યારે આટલા દિવસમાં પહેલી વાર હૂંફાળું ઘર, નર્મ પથારી જોઈને દરેકની આંખોમાં રીતસર હાશકારો ઉભરાઈ આવ્યો હતો.

કરોડરજ્જુના હાડકામાંથી કડેડાટી બોલતી હતી તો ય ત્વરિતે પરાણે શરીર સ્ટ્રેચ કરી નાંખ્યું અને અધૂકડું વાસેલું કમાડ ઉઘાડીને તેણે ઊંઘરેટી આંખે બહાર નજર નાંખી.

દૂર પહાડો પરથી નીચે ઊતરતો સોનલવરણો તડકો સાંકડી, પથ્થર જડેલી પગથારના ઢોળાવ પર જાણે રેલાઈને ઉંબરો પખાળતો હતો. બહાર કેટલાંક લોકોની આવનજાવન ચાલુ હતી. કમરથી નીચે છેક પગની પાની સુધી પહોળી મોરીની લુંગી જેવું રેશમી વસ્ત્ર વીંટાળેલા લોકોની આવનજાવન ચાલુ હતી. કોઈક ખચ્ચરની પીઠ પર બેય બાજુ મોટા સૂંડલામાં સામાન લાદીને પસાર થતું હતું તો કોઈક સાઈકલની પાછળ ઠેલણગાડી લઈને પસાર થતા હતા.

પોતે બહાર નીકળવું કે નહીં તેની અવઢવમાં ત્વરિત ઘડીક ત્યાં જ ખોડાઈ રહ્યો. એ જ વખતે પગથારની સામેની ટેકરી પરથી નીચે ઊતરતા પ્રોફેસર અને કેસીને તેણે જોયા.

‘ગૂડ મોર્નિંગ ત્વરિત...’ પ્રોફેસરના અવાજમાં અજાયબ ઉત્સાહ હતો. તેમણે હાથમાં રહેલું પોટલું ત્વરિતને થમાવ્યું. તેમની પાછળ કેસી ય અંદર પ્રવેશ્યો.

‘સોરી, થાકને લીધે મારી ઊંઘ જરા મોડી ઊઘડી...’ બહાર તડકો બરાબર જામ્યો હતો. પોતે આટલી વાર સુધી ઊંઘતો રહ્યો અને આ લોકો તો કામે ય લાગી ગયા તેના અહેસાસથી ત્વરિત મનોમન કોચવાતો હતો.

ત્વરિત ફ્રેશ થયો એટલે પ્રોફેસરે અને કેસીએ સવારના ઉધમનો હિસાબ આપવા માંડ્યો.

‘અહીંથી દોઢ કિલોમીટર દૂર દક્ષિણ દિશાએ એક નાનકડો વિહાર છે. તેને બૌદ્ધ દર્શનનું કેન્દ્ર કહો કે આધ્યાત્મિક મઠ પણ કહો. ત્યાં પહોંચીને અમે વિહારની પરિકમ્મા કરી અને વ્યવસ્થાપકને મળ્યા. તને તાજુબી થશે...’ પ્રોફેસર અજબ ઉલટભેર કહી રહ્યા હતા, ‘આરંભિક વાતચીત પછી જેવું મેં રાહુલ સાંકૃત્યાયન વિશે કહેવા માંડ્યું કે શરૂઆતમાં તો તેઓ સ્મિતભેર મને સાંભળતા રહ્યા અને પછી અંદરના ખંડમાં લઈ ગયા. હારબંધ ગોઠવેલા ઘોડાઓ પર જાતજાતનાં પુસ્તકોમાંથી તેમણે વચ્ચેની હાર તરફ આંગળી ચીંધી. ત્યાં રાહુલ સાંકૃત્યાયને બૌદ્ધ દર્શન વિશે લખેલાં પુસ્તકો હતાં...’

‘ઓહ્‌હ્‌... ગ્રેટ..’ ત્વરિતને ય હવે પ્રોફેસરનો ઉત્સાહ સમજાતો હતો, ‘રાહુલ ક્યા વિહારમાં હતા એ વિશે...’

‘એ જ કહું છું...’ પ્રોફેસરને જાણે પોતાની વાતમાં ત્વરિતના સવાલથી વિક્ષેપ થતો હતો, ‘મેં એ વ્યવસ્થાપકને રાહુલની તિબેટયાત્રા વિશે, તેમના સાથીદાર ગેંદોન ચોફેલ વિશે મારી જાણકારી કહી. રાહુલે ઉતારેલાં પુસ્તકો અને જોયેલાં પુસ્તકોનાં નામ વિશે ય મેં કહ્યું એટલે તેઓ મને એક જૈફ સાધુ પાસે લઈ ગયા. ધડ ઉપર ફક્ત કિરમજી રંગનો એક દુશાલો વીંટાળેલા એ જૈફ સાધુ હઠયોગની સાધના કરે છે. છેલ્લાં ચાર વર્ષથી ધડથી નીચેના શરીરને જમીનમાં દાટેલું રાખીને

તેઓ ધ્યાન ધરે છે. દિવસમાં ફક્ત સવારના સમયે ગણતરીની મિનિટો માટે જ વાત કરે છે.’

‘તેમનો બોલવાનો સમય તો વીતી ગયો હતો, પણ હજુ ધ્યાન શરૂ કર્યું ન હતું એટલે ઈશારાથી કે લખીને વાત થઈ શકે તેમ હતી. મેં તેમની સામે રાહુલનું પુસ્તક ધર્યું. રાહુલની તસવીર જોઈને તેમના ચહેરા પર સ્મિત આવ્યું. મેં પટણાથી આવેલા ઓરિએન્ટલ રિસર્ચના સ્કોલર તરીકે મારી ઓળખ આપી અને રાહુલ સાંકૃત્યાયન જે વિહારમાં રહ્યા હોય એ વિહાર વિશે માહિતી આપવા વિનંતી કરી.’

પ્રોફેસરે ખિસ્સામાંથી ચબરખી કાઢીને ત્વરિત સામે ધરી ત્યારે ત્વરિતના ચહેરા પર પણ એવી જ તાજુબી તરી આવી...

‘ઝેન્પા મઠનું એ સરનામું છે...’ ત્વરિત ચબરખી પર તિબેટી ભાષામાં લખાયેલું કશુંક જોઈ રહ્યો હતો અને પ્રોફેસરે ઉત્સાહપૂર્વક વાત જારી રાખી, ‘અહીંથી આશરે ત્રીસ કિલોમીટર દૂર પૂર્વમાં ઝેન્પા નામના નાનકડા સરોવરના કાંઠે એ મઠ આવેલો છે. એંશી વર્ષ પહેલાં રાહુલ સાંકૃત્યાયન જ્યારે અહીં આવ્યા ત્યારે ઝેન્પા મઠ ચોકેલ સાધુઓનો મુખ્ય મઠ હતો. રાહુલને તિબેટ સુધી લાવનાર બૌદ્ધ સાધુ ગેંદોન આ મઠનો શિષ્ય હતો. હવે ત્યાંથી કંઈક માહિતી સાંપડી શકે.’

*** *** ***

‘એર સર્વેલન્સનો રિપોર્ટ રોજ ક્યારે આવે છે?’ તેણે કાગળોનાં થોકડા પર નજર ફેરવતાં પૂછવા માંડ્યું.

‘જી સર, દિવસમાં બે વાર રિપોર્ટ આવે છે... સવારે દસ વાગ્યે અને સાંજે છ વાગ્યે.’ તેની સામે ઊભેલો આદમી અદબભેર કહી રહ્યો હતો, પણ તેના ચહેરા પર અણગમો સ્પષ્ટ વર્તાતો હતો.

‘ઈન્ડિયા સાઈડની બોર્ડર સીલ કરવા માટે કેટલી ટીમ મોકલી છે? ચાર્જમાં કોણ છે?’

‘તમારો ઓર્ડર મળ્યો કે તરત લોકલ પોસ્ટને એલર્ટ કરીને વધારાની બે ટ્રુપ મોકલી આપી હતી.’

‘ટ્રુપ નહીં...’ તેણે નાક પર લટકતાં ચશ્માંની આરપાર ધારદાર નજરે ઊંચે જોઈને કહ્યું, ‘હું ટીમનું પૂછું છું... કેટલા જવાનને મોકલ્યા?’

‘જી...’ તેનો અણગમો હવે અછતો રહેતો ન હતો, ‘એડમિનિસ્ટ્રેશનની ટર્મિનોલોજી તમને કદાચ ખબર ન હોય, પણ એક ટ્રુપ એટલે સાઠ આદમી... એવી બે ટ્રુપ એટલે 120ની ફોજ મોકલી છે.’

‘બહાર આવ...’ તેણે ઝાટકા સાથે ખુરસી પરથી ઊભા થતા હુકમ કર્યો.

‘હેં?’

‘હેં નહીં, બહાર આવ...’ તેણે બાવડું પકડીને રીતસર એ આદમીને બહાર દરવાજા તરફ ખેંચ્યો, ‘મને કહે, તું કેટલેક દૂરનું જોઈ શકે છે?’

‘તમે મને... કહેવા શું માંગો છો?’ પોતાના હાથ નીચેના સ્ટાફની હાજરીમાં પોતાની આવી બેઈજ્જતી થાય એ તેનાથી સહન થતું ન હતું.

‘મેં બહુ સાદો સવાલ કર્યો છે, કેટલે દૂરનું તને દેખાય છે? સામેની પહાડી? તેની નીચે ભરાયેલી બજાર? બજારમાં ફરતા આદમી ઓળખાય છે? તેમના ચહેરા વર્તાય છે?’

સવાલનો હેતુ સમજાતો ન હતો એટલે તેણે ઓઝપાયેલા ચહેરે નકારમાં ગરદન ધુણાવી દીધી.

‘માંડ ત્રણસો-ચારસો મીટર દૂર તને ભળાતું નથી અને સાડા ત્રણસો કિલોમીટર લાંબી પહાડી સરહદ પર તેં ફક્ત 120 આદમી મોકલ્યા? એક આદમી ત્રણ કિલોમીટર સુધી નજર રાખશે?’ તેના અવાજમાં ભારોભાર સખ્તાઈ હતી. ‘તાત્કાલિક બીજી બે ટ્રુપ મોકલવાનો બંદોબસ્ત કર...’

‘પણ..’

‘શું કહ્યું મેં?’ હવે તેણે રીતસર ત્રાડ પાડી દીધી અને તેની આંખોના ડોળા તગતગી ગયા, ‘એડમિનિસ્ટ્રેશનની ટર્મિનોલોજી મને ભલે ખબર ન હોય, પણ આર્મીની ટર્મિનોલોજી હું તને સમજાવીશ...’

તેણે બહાર જવા ઈશારો કર્યો એટલે પેલા આદમીએ નતમસ્તકે, ક્ષોભભર્યા ચહેરે ચાલવા માંડ્યું.

‘અને સાંભળ, એક કલાક પછી હું ચેકપોસ્ટની વિઝિટ પર જવા માંગું છું. તારે મારી સાથે આવવાનું છે. દરેક ડિપાર્ટમેન્ટમાં ઓર્ડર કરી દે, નવા રિજન્ટ તરીકે રોજ સવારે બધાએ મને રિપોર્ટ કરવાનો રહેશે.’

એ મેજર ક્વાંગ યુન હતો. લ્હાસા પહોંચતાની સાથે જ તેણે ચીફ ઓફિસર શીન લાઈને બરાબર કાંપતો કરી દીધો હતો.

*** *** ***

'મને જોવા દો...' પ્રોફેસરે મેગ્નિફાઈંગ લેન્સ આગળ ધરીને ચૂંચી આંખે અત્યંત ઝીણા અક્ષરમાં કોતરાયેલા જમાનાં જૂનાં તામ્રપત્રો પર નજર ફેરવવા માંડી.

ઝેન્પા મઠ પહોંચ્યા પછી પ્રોફેસર અને ત્વરિતે પોતાની અલબત્ત, ખોટી ઓળખ આપીને રજિસ્ટ્રેશન કરાવ્યું હતું. પૂર્વનાં પ્રાચીન શાસ્ત્ર તેમજ બૌદ્ધ વિદ્યાઓ પર ભારતીય દર્શનની અસર વિશે પોતે સંશોધન કરી રહ્યા છે તેવી વિગતો આપીને તેમણે રાહુલ સાંકૃત્યાયનના ચોફેલ મઠ સાથેના પ્રદાન વિશે વિગતો જાણવાની ઇચ્છા વ્યક્ત કરી હતી.

શરૂઆતમાં તેમને મુખ્ય ખંડના ભોંયતળિયે આવેલી લાઈબ્રેરીમાં લઈ જવાયા હતા. ત્યાં એકાદ કલાક સુધી તેમણે અનેક પુસ્તકો ફેંદ્યા. એ એકેય પુસ્તક કામનું ન હતું તેની ખબર હોવા છતાં સ્કોલર તરીકેની ગંભીરતા દર્શાવવા તેમણે કંટાળા સાથે નોંધ પણ કરી.

'મને નથી લાગતું કે આ લોકો સીધો જ સવાલ કરીએ તો સાચો જવાબ આપે.' અહીં જે પ્રકારે ગુપ્તતા રાખવાનો ધારો હતો, અજાણ્યા પરદેશીઓથી જે પ્રકારે અંતર રાખવામાં આવતું હતું એ જોઈને પ્રોફેસરને અવઢવ થતી હતી.

'રાહુલ સાંકૃત્યાયને ભોંયરાનાં પુસ્તકાલયોનું જે વર્ણન કર્યું છે તેના પરથી કશોક અંદાજ આવે?' ત્વરિતે ય ખોટી ખોટી નોંધ કરતા જઈને મગજ કસવાનું ચાલુ રાખ્યું.

'વરાહમિહિર રચિત બૃહદ્સંહિતાનાં ચાર પ્રકરણો અહીં કોઈક જુદા જ નામે સચવાયાં હોવાનો રાહુલે ઉલ્લેખ કર્યો છે...' લાઈબ્રેરીનો ચાર્જ સંભાળતા સાધુ પાસે જઈને ત્વરિતે કહેવા માંડ્યું, 'એ પ્રકરણો જોવા મળે?'

'એ પ્રકરણો તામ્રપત્રોમાં છે અને તેની પરવાનગી નથી.'

'આ લોકો...' દુભાષિયા તરીકે આવેલા કેસીએ છેવટે વચ્ચે ઝુકાવ્યું, 'દિવસોથી અહીં ઠેબાં ખાય છે. ક્યાંય કોઈ તેમને સરખી મદદ કરતું નથી. તેમનું કામ શું છે એ તો તેઓ જાણે, પણ મને લાગે છે કે તેઓ અહીંથી જશે ત્યારે આપણા દેશ માટે સારી છાપ લઈને નહીં જાય...' કેસીએ કાકલૂદીભર્યા સ્વરે ઉમેર્યું, 'તમે થોડીક છૂટ આપી શકો તો...'

એ સાધુ ઘડીક પ્રોફેસરને તાકી રહ્યો અને પછી વચ્ચેના ઓરડામાંથી પસાર થતા સાંકડા પેસેજમાં જઈને તેણે ત્રણ મીણબત્તી પેટાવી. લેમ્પ સ્ટેન્ડમાં ત્રણેય મીણબત્તી ખોસીને પાછળ આવવા ઈશારો કરતો તે આગળ વધ્યો અને ત્રણેય તેની પાછળ દોરવાયા.

ડાબા-જમણા બે ત્રણ વળાંક પછી તેણે સાવ સાંકડો દાદરો ઊતરવા માંડ્યો. આગળનાં દસેક પગથિયાં પર લાકડું જડ્યું હતું, પણ પછીનાં પગથિયાં પથ્થરનાં હતાં. દીવાલ પર જેમતેમ હાથ ટેકવીને ત્રણેય મીણબત્તીના ઉજાસમાં નીચે ઊતરતા ગયા.

'અહીં બે-અઢી હજાર વર્ષ પુરાણા ગ્રંથો, ભોજપત્રો, તામ્રપત્રો સાચવવામાં આવતા હતા...' તેણે લેમ્પ સ્ટેન્ડ ઊંચું કરીને દીવાલમાં જડેલા દેવદાર અને ચિનારનાં પાટિયા વચ્ચે ઉજાસ ફેરવવા માંડ્યો. દરેક જગ્યાએ મીણ પાયેલી દોરીમાં મજબૂત રીતે બાંધેલા અત્યંત જર્જરિત હસ્તપ્રતો, ધાતુના વાળા વડે બાંધેલી તામ્રપત્રોની ગડી, લીમડાના થડના લાકડાં સાથે જડેલા ભોજ વૃક્ષની છાલના થપ્પાઓ અને એ દરેક હસ્તપ્રતો, તામ્રપત્રો, ભોજપત્રો પર હજારો વર્ષ પહેલાં દિવ્ય હાથ વડે લખાયેલી જ્ઞાનસંપદા...

મીણબત્તીના આછેરા ઉજાસમાં પ્રોફેસર નીલાંબર રાયનો ચહેરો ઝળાંહળાં થઈ રહ્યો હતો…

*** *** ***

'રોજ કેટલાં લોકો અહીંથી પ્રવેશે છે?' ચેકપોસ્ટ ઓફિસરને તેણે રુઆબભેર પૂછ્યું અને રજિસ્ટર ચેક કરવા માંડ્યું.

'આમ તો વીસ-ત્રીસ પણ આમ…' સમગ્ર તિબેટ પ્રાંતનો રિજન્ટ, સર્વસત્તાધીશ પોતે ચેકપોસ્ટની વિઝિટ પર નીકળે એવો આ પહેલો બનાવ હતો. રિજન્ટથી આઠમી-દસમી પાયરીએ આવતો ચેકપોસ્ટ ઓફિસર મેજર ક્વાંગના કડપથી સરખા જવાબેય દઈ શકતો ન હતો, 'અત્યારે સીઝન છે એટલે રોજના સો પણ હોય છે..'

'કઈ રીતે તમે ચેક કરો છો એ મારે જોવું છે.' રજિસ્ટર લઈને તે ઊભો થયો, 'બહાર કોઈને મારા વિશે કહેવાની જરૂર નથી. જેમ ચાલે છે તેમ જ ચાલવા દે..' બહાર આવીને એક જ નજરમાં માહોલ નીરખવા માંડ્યો.

ઓટલા પર બે ફૌજી લાઈનબંધ ઊભેલા દેહાતીઓનાં ઓળખપત્રો ચેક કરી રહ્યા હતા. બેરિકેડ પાસે ઊભેલો એક ફૌજી સામાનની તલાશી લેતો હતો. શાકભાજી, ઘાસચારો લઈને જતા લોકોની પૂછપરછ કરી રહ્યો હતો. બેરીકેડની પાછળ બહાર નીકળવાના રસ્તે એક ફૌજી પરમિટના બદલામાં અપાતા બિલ્લાઓ ગણી રહ્યો હતો અને તેનો બીજો સાથીદાર બીડી પીતો પરમિટના કાગળો ફાઈલ કરી રહ્યો હતો.

'કેટલો સ્ટાફ છે અહીં?' તેણે ચેકપોસ્ટ ઓફિસરને પૂછ્યું.

'અત્યારે અઢાર જવાન છે. રાત્રે 8 હોય તોય ચાલી જાય…'

'ક્યા પ્રકારના પરમિટનું પ્રમાણ અહીં વધારે હોય છે?' તેમને જોઈને બેય જવાન સતર્ક બન્યા. ચેકપોસ્ટ ઓફિસર પોતે અદબભેર વાત કરતો હોય તો આ જરૂર મોટા સાહેબ હોવા જોઈએ એમ માનીને સ્મોકિંગ કરી રહેલા જવાને બીડી નીચે નાંખી દીધી.

'મોટા ભાગે તો પિલગ્રિમ પરમિટ વધારે હોય છે.'

'હમ્મ્…' પરમિટની ફાઈલ જોતાં જોતાં તેણે આસપાસ નજર દોડાવી. ક્યાંકથી ગંધ આવતી હતી. તેણે નાક સંકોર્યું અને અચાનક તેની નજર ઓટલા પાસે પડેલી અડધી બુઝાયેલી બીડીના આછકલા ધુમાડા પર પડી.

'અત્યારે ભારતીય યાત્રાળુઓની સીઝન છે, પણ ક્યારેક રિસર્ચ કે એવી પરમિટવાળા ય રડ્યાખડ્યા હોય ખરા.' ઓફિસર બોલી રહ્યો હતો, પણ મેજરની નજર સતત બીડી પર જ હતી. તેણે નીચે ઝૂકીને બીડીનું ઠૂંઠું ઉઠાવ્યું અને ધ્યાનથી જોયા કર્યું અને કોઈ કશું સમજે એ પહેલાં બીડી ફેંકનારા ફૌજીને તેણે સટાસટ બે અડબોથ લગાવી દીધી.

અહીં આખાય ઈલાકામાં ક્યાંય ટીમરુનાં પાન થતાં નથી તો ટીમરુની બીડી અહીં કેવી રીતે આવી?

અડધી જ કલાકમાં…

એ જવાન પોપટની જેમ બધું પઢી ગયો હતો. હેંગસુનનું સાચું નામ તો કોઈને ખબર ન હતી, પણ અહીં દાણચોરીનું કામ રંગેચંગે ચાલતું રહે છે. બધો સામાન સહીસલામત પસાર થઈ જાય એ માટે રોકડ લાંચ ઉપરાંત ટીમરુની બીડી અને અફીણ પણ ક્યારેક ભેટમાં મળે છે, વગેરે તમામ વિગતો જાણીને મેજરનું મગજ ફાટફાટ થઈ રહ્યું હતું.

તેણે તાત્કાલિક અસરથી ઓફિસરની ધરપકડ કરવા શીન લાઈને ઓર્ડર કરી દીધો હતો. મેજર

આવ્યો કે તરત જ એક પછી એક છીંડાં પકડવા માંડ્યો હતો એથી શીન લાઈને પેટમાં ફાળ પડતી હતી.

ઓફિસરની ધરપકડ પછી મેજરે બધા જવાનને એકઠા કર્યા અને નવો ચાર્જ સોંપ્યો ત્યારે એક લબરમૂછિયા, તાજા જ ભરતી થયેલા લાગતા જવાને હાથ ઊંચો કર્યો, 'મારે ય કંઈક કહેવું છે સાહેબ...'

મેજરે તેને અંદર કેબિનમાં આવવા ઈશારો કર્યો.

અહીં દાણચોરી ઉપરાંત પણ જાતજાતના કબાડા ચાલે છે. ચેકપોસ્ટ ઓફિસર પોતે જ બધા ભ્રષ્ટાચારને ઉત્તેજન આપે છે. સ્થાનિક દેહાતીઓની કશા ય વાંક વગર કનડગત થાય છે. ક્યારેક તિબેટી સ્ત્રીઓનુંય શોષણ થાય છે વગેરે વિગતો નવોસવો ભરતી થયેલો એ જવાન અકળામણથી કહેતો ગયો. મેજર માટે આ કશું નવું ન હતું, પણ તે ધીરજપૂર્વક સાંભળતો ગયો.

'... અને સર, થોડા સમય પહેલાં કેટલાંક શંકાસ્પદ લોકો ય અહીંથી પસાર થયા હતા...' પોતે જોયેલી પરમિટ તેને શંકાસ્પદ લાગી. પોતે ઓફિસરનું ધ્યાન દોર્યું, પણ રૂપાળી છોકરીથી અંજાયેલા ઓફિસરે આંખ આડા કાન કરી દીધા એ આખી વિગત તે જવાન પૂરી કરે એ પહેલાં તો મેજરની આંખો ફાટી ગઈ. ચહેરા પર પારાવાર સખ્તાઈ તરી આવી અને તરત તેણે શીન લાઈને હાક મારી દીધી.

'લ્હાસા કોન્ટેક્ટ કર... તાત્કાલિક...' તેની ત્રાડથી ચેકપોસ્ટનો તમામ માહોલ ધબકી ગયો હતો. પેલો જવાન પણ અચાનક શું થઈ ગયું તેની તાજુબીમાં કાંપવા લાગ્યો હતો અને મેજર મોટા અવાજે ફોનમાં ઓર્ડર છોડી રહ્યો હતો.

'લ્હાસામાં દેખાતા તમામ ભારતીયો પર નજર રાખો અને જે ટીમમાં રૂપાળી છોકરી હોય એ આખીય ટીમની તાત્કાલિક ધરપકડ કરો... એક આદમી ય ધ્યાનબહાર ગયો તો તારા રૂંવાડે રૂંવાડે મરચાં ભરીશ યાદ રાખજે... હું આવી જ રહ્યો છું'

*** *** ***

'એ બાજુ જોયા વગર એકદમ સહજ રીતે ચાલ્યે રાખ...' હિરને નજર ઘુમાવ્યા વગર, જાણે કશુંક બતાવતી હોય તેમ દૂર ક્ષિતિજ તરફ આંગળી ચીંધીને સ્મિતભેર કહ્યું એ સાથે ઝુઝાર સતર્ક બની ગયો.

રસ્તા પર પહેરો દેતા ફૌજીઓને જોઈને તેનું ધ્યાન ખેંચાયું હતું અને સહજ રીતે જ તે એકીટશે તેને જોઈ રહ્યો હતો. હિરનની ટકોર પછી તરત તેણે ય હિરને ચીંધેલી દિશામાં નજર ફેરવી નાંખી.

સાંજ ઢળવા આવી હતી. વાદળછાયા આકાશમાંથી ચળાઈને આવતો પાછોતરો અજવાસ હજુ ખાસ મોળો પડ્યો ન હતો. ઝુઝારે એક હાથે આંખ આડે નેજવું કરીને ખભે લટકાવેલ બેકપેક સરખો કરવાના બહાને પીઠમાં ખોસેલી ગન ચકાસી લીધી.

પ્રોફેસર, ત્વરિત અને કેસી ઝેન્પાના મઠ તરફ ગયા એ વખતે તાન્શી અને છપ્પને સ્લિપર સેલની મદદથી બીજા વધુ સલામત રહેઠાણની તલાશ કરવાની હતી અને હિરને ઝુઝારને લઈને પ્રોફેસરની જરૂરિયાત મુજબનાં સ્થળોની શોધ કરવાની હતી.

ઝેન્પાના મઠમાં રાહુલ સાંકૃત્યાયન રોકાયા હતા અને ત્યાંથી મધરાતે તેમને આંખે પટ્ટી બાંધીને બીજા કોઈ વિહારમાં લઈ જવામાં આવતા હતા. તેનો અર્થ એ થયો કે બીજા વિહાર ઝેન્પાની

આસપાસ જ હોવા જોઈએ. ઝેન્પા સરોવર ફરતા નાના-મોટા કુલ સાત મઠ હતા. પાટનગર લ્હાસાથી 30 કિલોમીટર દૂર આવેલું ઝેન્પા કિર્ઝે તહેસીલમાં આવતું હતું અને એ તહેસીલમાં બીજા ય કેટલાંક મઠ હતા. ક્યો મઠ વિશાળ પુસ્તકાલય ધરાવે છે, ક્યા મઠની શું વિશિષ્ટતા છે અને બૌદ્ધ સાધુઓ ધ્યાન-સાધના કે એકાંત અધ્યયન માટે ક્યાં જાય છે વગેરે માહિતી એકઠી થાય તો કદાચ કશીક કડી મળે એવી ગણતરીથી હિરન અને ઝુઝારે સવારથી જ તહેસીલમાં ફરવા માંડ્યું હતું. કોઈને શંકા ન જાય એ માટે લ્હાસાની બૌદ્ધ વિદ્યાપીઠમાંથી આગલા દિવસે જ એક સ્ટુડન્ટને ગાઈડ તરીકે સાથે લીધો હતો. ચારેક જગ્યાની મુલાકાત પછી ય ખાસ કશું નોંધપાત્ર લાગ્યું ન હતું.

ટેકરીઓ પર લાકડાની આડશ ઊભી કરીને બાંધેલા વિહારનો દેખાવ બહારથી લગભગ એકસરખો જ લાગે. લાકડાનાં આઠ-દસ પગથિયાં ઉપર એક વિશાળ માંચડો, માંચડા પર ડાબે, જમણે પાર્ટિશન પાડીને બનાવેલી નાનકડી કોટડી અને બરાબર સામે ઘુમ્મટ આકારમાં કોરેલા પોલાણમાં જલતા દીવડાંના અત્યંત ઝાંખા ઉજાસમાં ધ્યાન ધરતા ભિખ્ખુઓ...

બૌદ્ધ સાધુઓના ત્રણ કે ચાર સ્તર હતા. સૌથી ઉપર લામા હોય. એક લામા બે-ચાર મઠનો મુખિયા હોય અને તેના શિષ્યો એન્ગ લામા કે નાયબ સાધુ કહેવાય. એન્ગ લામાઓ જેમને દીક્ષા આપે એ પૈકી જેમનો અભ્યાસ પૂર્ણ થાય તે સોહાંગ કહેવાય અને જેમનો અભ્યાસ જારી હોય તે દીમા (ભિખ્ખુ) કહેવાય. દીમાઓ મઠ છોડીને નગરચર્યા કરી શકે. સાધનામાં પરોવાયેલા લામા, સોહાંગ કે એન્ગ લામા માટે ભોજન કે અન્ય પ્રાથમિક આવશ્યકતાઓની વ્યવસ્થા કરવાની જવાબદારી તેમની ગણાય.

લગભગ દરેક ઠેકાણે તેમને ઉત્સાહભેર માહિતી આપવામાં આવતી હતી. કેટલાંક મઠમાં લામાઓએ પણ એકાંતવાસમાંથી બહાર આવીને બૌદ્ધદર્શનો વિશે વાતો કરી હતી, પણ પ્રાચીન પુસ્તકાલયો વિશે કે રાહુલ સાંકૃત્યાયને જોયેલા ગ્રંથાગાર વિશે ક્યાંયથી જરાક સરખી ય માહિતી મળતી ન હતી. એક લામાએ તો ચીનના આગમન પછી બધું રફેદફે થઈ ગયું હોવાની ય દહેશત વ્યક્ત કરી હતી. દિવસભરની રઝળપાટ પછી ય ખાસ કંઈ માહિતી હાથ ન લાગી તેની માયૂસી અનુભવતા બંને પરત ફરી રહ્યા હતા. લ્હાસા લઈ જતી પેડલ રિક્ષા સુધી લઈ જઈને ગાઈડ છૂટો પડી ગયો હતો. લ્હાસાની ભાગોળે પહોંચીને બંનેએ ઝડપથી ચાલવા માંડ્યું.

રસ્તા પર બે ફૌજી મોટર સાઈકલ પર સડસડાટ પસાર થયા. થોડે આગળ જતાં બીજા ય કેટલાંક જવાન ટેકરી પર ઊભા રહીને દુકાનદારોને કશુંક કહી રહ્યા હતા. હિરનને લાગ્યું કે આ બધો કદાચ અહીંનો સહજ ક્રમ હતો, પણ એથી આગળ જતાં મુખ્ય સડકમાંથી ફંટાતી નાની-નાની ગલીઓમાં ય તેણે ફૌજીઓને જોયા એટલે તે વહેમાવા લાગી.

લગભગ અડધા કિલોમીટરના રસ્તામાં તેણે ત્રીસેક જેટલાં જવાનોને તેજકદમી કરતા જોયા હતા. આ કદાચ સહજ ક્રમ હોય તો પણ તેમના માટે જોખમી હતો.

'આપણે ઉતાવળ રાખીએ...' આસપાસનો માહોલ ઝુઝાર પણ નીરખતો જતો હતો. તેનેય કશોક અંદેશો આવી રહ્યો હતો.

'વધારે પડતી ઉતાવળી ચાલ પણ શંકા પ્રેરી શકે...' સાંજની ઠંડકથી બચવા હિરને ચહેરા પર સ્કાર્ફ બાંધવા માંડ્યો, 'રસ્તો નિર્જન છે. આપણે પેડલ રિક્ષા કરીને મુખ્ય બજારમાં પહોંચી જઈએ. ત્યાં ભીડમાં ભળી ગયા પછી ખાસ વાંધો નહી આવે.'

વીસેક ડગલાં પછી એક ગલીના નાકેથી ઉતાવળે ભાગી રહેલા પેડલ રિક્ષાવાળાને રોકવાનો

ઝુઝારે પ્રયાસ કર્યો, પણ હાથથી જ નનૈયો ભણીને તેણે સીટ પરથી ઊભા થઈ જોરથી પેડલ મારતાં ઢાળ ચડવા માંડ્યો. થોડે આગળ બીજો રિક્ષાવાળો ય ઝુઝારની હાક સાંભળીને તેમની તરફ જોવા છતાં મુખ્ય સડક પરથી ગલીમાં વળી ગયો.

'કંઈક લોચો છે...' ઝીણી આંખે આસપાસનું નિરીક્ષણ કરી રહેલી હિરન તંગ ચહેરે બબડી ગઈ. રિક્ષાવાળા થોભતા નથી. દુકાનોના ઓટલા પર પણ લોકોના છૂટક ટોળાં ઊભેલાં વર્તાય છે.

છેવટે મુખ્ય સડક પર એક દુકાનમાં શણનાં પોટલાં ઉતારીને પરત ફરી રહેલા એક રિક્ષાવાળાને જોઈને તરત ઝુઝાર દોડીને ચડી જ ગયો. એ કશું સમજે કે આનાકાની કરે એ પહેલાં તો હિરન પણ બેઠકની ઉપર બનાવેલા પતરાના છજાનો હાથો પકડીને અંદર ચડી બેઠી.

'બોરોમ... બોરોમ' ઝુઝારે બજારની દિશામાં હાથ લંબાવીને કહી દીધું.

બોરોમ એ લ્હાસાના ચાર મુખ્ય બજારોને જોડતો વિશાળ ચોક હતો. અહીં તેમને મુક્તિવાહિનીનો આદમી મળવાનો હતો અને નવા રહેઠાણ તરફ એ લઈ જવાનો હતો.

રસ્તામાં પણ કેટલેક ઠેકાણે ચાઇનીઝ આર્મીના રાતા ડગલા પહેરેલાં ચૂંચી આંખોવાળા કરડા જવાનો જોવા મળ્યા. એક દુકાન પાસે લશ્કરી જીપ પાર્ક થયેલી હતી અને અંદર કોઈક ઉગ્ર અવાજે બરાડા પાડતું હોય તેવું ય લાગ્યું. હિરને બેઠકના છજાની બહાર સહેજ પાછળ નજર તાણીને દુકાનનું પાટિયું જોયું. તિબેટી ભાષામાં લખાયેલા પાટિયાની નીચે અંગ્રેજી લિપિમાં લખ્યું હતું, 'ઈન્ડિયન ગુડ્ઝ સ્ટોર'...

'વ્હોટ હેપન્ડ?' પેડલ રિક્ષાવાળો અંગ્રેજી સમજવાનો નથી તેની ખાતરી હોવા છતાં તેણે દુકાન તરફ ઈશારો કરીને છેવટે પૂછી જ લીધું.

જવાબમાં તેણે કશુંક કહ્યું. દેહાતી તિબેટી ભાષામાં બોલાયેલા તેના શબ્દો તો સમજી શકાય તેમ ન હતા પણ પહેલાં તેણે લશ્કરી ગાડી તરફ હાથ લંબાવ્યો પછી દુકાનના પાટિયા તરફ આંગળી ચીંધી અને પછી ઝુઝાર-હિરનના ચહેરા તરફ જોઈને હુલિયાનો ઈશારો કર્યો એ સાથે હિરનના પેટમાં ફાળ વીંટળાઈ વળી.

એ કદાચ એમ કહી રહ્યો હતો કે, ચાઇનીઝ લશ્કરના આદમીઓ કોઈ અજાણ્યા ભારતીયોને શોધી રહ્યા છે!

ઝુઝારે અવઢવમાં હિરનની તરફ જોયું, પણ તેને ચૂપ રહેવાનો ઈશારો કરીને હિરને સ્કાર્ફ તળે ચહેરો વધુ સંકોરવા માંડ્યો.

બોરોમનો ચોક આવે એ પહેલાં જ મુક્તિવાહિનીના ગેરિલાએ અગાઉથી નક્કી થયા પ્રમાણે રસ્તો ક્રોસ કરતાં જઈને સંકેત કરી દીધો. ઝુઝારે ખિસ્સામાંથી પર્સ કાઢીને પાંચ યેનનો સિક્કો રિક્ષાવાળાના હાથમાં થમાવ્યો એટલી વારમાં હિરન ઝડપથી ચાલતી આગળ વધી ગઈ.

બોરોમ પાસે તો મામલો વધુ તંગ જણાતો હતો. ચોકની ડાબી તરફ હારબંધ આવેલાં બેઠા ઘાટનાં મકાનો સામે તિબેટીઓનાં ટોળાં એકઠાં થયેલાં હતાં. એક આદમી મરણતોલ ઈજાગ્રસ્ત થઈને ભોંય પર ચત્તોપાટ પડ્યો હતો. એક ઓરત છાતી પીટતી હૈયાફાટ રુદન કરી રહી હતી. અઢી-ત્રણ વર્ષનું એક બાળક તેના પગે વીંટળાઈને અવાંકપણે આમતેમ જોઈ રહ્યું હતું અને ટોળું ઉશ્કેરાટભર્યા અવાજે ચીસો પાડી પાડીને અધિકારી જેવા લાગતા એક દમામદાર ફૌજી સમક્ષ કશુંક કહી રહ્યું હતું.

'યે ક્યા હો રહા હૈ?' હિરને અત્યંત ધીમા અવાજે ગરદન ઝુકાવેલી રાખીને કેસીની ટીમના

આદમીને પૂછવા માંડ્યું.

'પતા નહિ, એક ઘંટે સે કુછ ગરબડ હૈ...' ગેરિલાએ ચોકના ત્રીજા વળાંક પર ઊભા રાખેલા ગુડ્ઝ વ્હિકલ તરફ પગ ઉપાડતાં કહ્યું, 'લોજિંગ-બોર્ડિંગ ચલાવતા એક ઢાબા પર ચાઈનાના ફૌજી તલાશી કરવા ગયા અને ઢાબાવાળાએ કશીક આનાકાની કરી તેમાં ફૌજીઓએ તેને ઢોરમાર માર્યો છે. લોકો ય ઉશ્કેરાયેલા જણાય છે...' ઊંડો નિ:શ્વાસ નાંખીને તેણે નાનકડી લોડિંગ રિક્ષા જેવી ગાડી સ્ટાર્ટ કરવા માંડી, 'યહાં તો યે સબ રોજાના બન ગયા હૈ.'

હિરન રિક્ષાની પાછળના ફાલકામાં ચડી ગઈ હતી, પણ ઝુઝાર હજુ ય બોરોમના એ મકાન તરફ જોઈ રહ્યો હતો. મકાનની સામે એકઠું થયેલું ટોળું, ટોળાની સામે દમ ભીડી રહેલો ફૌજી અફસર, અફસરના પગે પડીને કાકલૂદી કરી રહેલી ઔરત અને ઓરતના પગે વીંટળાઈને હવે રડવા લાગેલું માસૂમ ભૂલકું...

'જલ્દી અંદર આવી જા...' હિરને દબાયેલા અવાજે કહ્યું, પણ ઝુઝાર હજુ ય એકીટશે ત્યાં જ જોઈ રહ્યો હતો.

પેલો અફસર હવે પગે પડી રહેલી ઓરતને બહુ ઘાતકી રીતે લાતો મારી રહ્યો હતો. મકાનમાંથી બહાર આવેલા બીજા કેટલાંક ફૌજીઓએ ટોળાંમાં આગળ ઊભેલા લોકોને બંદૂકના કુદા ફટકારવા માંડ્યા હતા. બે ફૌજી પેલા ઘાયલ આદમીને જાણે મરેલું ઢોર ઢસડતાં હોય તેમ બેય હાથે ખેંચીને વાન ભણી લઈ જતા હતા.

'શું કરે છે ઝુઝાર..?' અકળાયેલી હિરને ફરીથી સહેજ ઊંચા અવાજે કહ્યું, પણ એ હજુ ય વિસ્ફારિત આંખે જોતો જડની જેમ ત્યાં જ ખોડાઈ રહ્યો હતો.

રડતી-કકળતી, કાકલૂદી કરતી ઓરતને હવે એ અફસરે વાળ ખેંચીને ઊભી કરી હતી અને જોરથી ધક્કો મારીને પાડી દીધી હતી. ઓરતને ફંગોળી દીધા પછી એ જંગલી માણસે બેફામ રડી રહેલાં માસૂમ બાળકને ય અડબોથ લગાવીને પછાડી દીધું હતું. વજનદાર લપડાક ખાઈને ભોંય પર પછડાયેલું એ બાળક શાંત થવાને બદલે ઘાયલ બાપ અને લોહી નીંગળતી માને જોઈને વધુ કારમું કલ્પાંત કરવા લાગ્યું હતું.

'ઝુઝાર, ઈટ્સ રિસ્કી...' રિક્ષાના ફાલકાથી આગળ વધીને છેક ચોક તરફ જઈ રહેલા ઝુઝારને જોઈને હિરનને પારાવાર ગુસ્સો આવતો હતો. આ માહોલનો લાભ લઈને વહેલી તકે તેમણે અહીંથી છટકી જવું જોઈએ તેને બદલે આ અડબંગ આદમી...

વાન ભણી ઘસડાતા મરણતોલ ઘાયલના બેબાક ઊંહકારા, લાચાર ઔરતની એકધારી રડમસ વિનવણી અને અણસમજુ બાળકનું તીણું રુદન...

ચાઈનિઝ ફૌજનો અત્યાચાર જોઈને ટોળાના ચહેરા પર તંગદિલી વધતી જતી હતી, દેકારો વધવા લાગ્યો હતો એ પારખીને પેલો જંગલી અફસર વધારે ભૂરાયો થયો. પહેલાં તેણે ટોળાની સામે આંખો કાઢીને ડોળા તગતગાવ્યા. ટોળાએ તેનાથી ડર્યા વગર હુરિયો બોલાવવાનું ચાલુ રાખ્યું એટલે તેણે કમરબંધમાંથી સિસમની જાડી બેટન કાઢી અને ટોળા સામે ઉગામી. તો ય ટોળાએ હુરિયો ચાલુ જ રાખ્યો એટલે ગિન્નાયેલા અફસરે બેહૂદા અવાજે ભદ્દો ચિત્કાર નાંખ્યો અને પછી અઢી-ત્રણ વરસના માસૂમ બાળકના બરડામાં બેટન ઝીંકી દીધી.

સ્તબ્ધ ટોળું, સિસકતી ઓરત, કણસતો આદમી અને વજનદાર બેટનનો કારમો પ્રહાર ખાઈને ઊંધેકાંધ પટકાયેલા માસૂમ બાળકની ફાટી ગયેલી આંખોમાંથી નીતરતો બેબાકળો આઘાત...

અફસરની જંગાલિયતથી હબકી ગયેલું ટોળું કશું સમજે, ઘાયલ તિબેટીને હજુ ફૌજીઓ વાનમાં ધકેલે, ભાન ભૂલેલો અફસર પોતાના રાક્ષસી અત્યાચારનો અર્થ હજુ પામે એ પહેલાં

ચોકના ત્રીજા વળાંક તરફથી એક બિહામણો ઘાંટો પડઘાયો, ભયાનક તાકાતથી ફેંકાયેલો પથ્થર ટોળાનાં માથાં કુદાવીને અફસરની છાતી પર ઝીંકાયો અને વામન કદના તિબેટીઓ, ચીનાઓની સરખામણીએ ક્યાંય વધારે ઊંચા-પહોળા લાગતા એક આદમીએ ઓચિંતા ધસી આવીને એ અફસરને પછાડી દીધો.

એ ઝુઝારસિંઘ મલ્હાન હતો.

અચાનક પહેલાં પથ્થર વાગ્યો અને પછી પેઢુમાં લાત પડી એથી ચોંકેલો અફસર જમીન પર પછડાયો. એ હજુ આઘાતમાંથી બહાર આવે એ પહેલાં મલ્હાન તેની છાતી પર ચડી બેઠો અને તેણે બેફામ ગાળો બોલતા જઈને રાઠોડી પંજાના અધમણિયા પ્રહારો વડે તેનું જડબું તોડી નાંખ્યું.

પોતાના ઓફિસર પર હુમલો થયાનું પારખીને બે ફૌજીઓ ઝુઝાર તરફ ધસ્યા તો ઝુઝારે આડેધડ હાથ વીંઝીને એ બેયને ય પછાડી દીધા અને પછી એ જ બેટન ઉઠાવીને તેણે આંખ મીંચીને અફસરને ઠમઠોરવા માંડ્યો.

સ્થાનિકોનો અવાજ જરાક સરખો ય ઊંચકાય તે પણ સાંખી ન લેતા ચીની ફૌજીઓ માટે આ દૃશ્ય પરમ આઘાતજનક હતું તો હંમેશાં ફૌજના અત્યાચારો મૂંગા મોંએ સહી લેતાં તિબેટીઓ માટે એ જ દૃશ્ય પરમ સુખકારી હતું.

ઝુઝારને ઝબ્બે કરવા વાનમાંથી ફૌજીઓ વછૂટ્યા કે તરત ટોળાએ તેમને ઘેરી લીધા અને જેમ ફાવે તેમ ગડદા-પાટુ ઝીંકવા માંડ્યા. ટોળાની બિહામણી કિલકારી, ઝુઝારની બેટનના આડેધડ વીંઝાતા ફટકા, અધમૂઆ થઈ ગયેલા અફસરની ચીસ અને અચાનક ક્યાંકથી આવી ચડેલી લોડિંગ રિક્ષાની ઘરઘરાટી...

આખા મોં પર ભૂરા રંગનો લાંબો પટકો બાંધેલું કોઈક ઊતર્યું અને પહાડી ઝુઝારને બગલમાંથી ખેંચીને રિક્ષાના પાછળના ફાલકામાં ફંગોળ્યો ત્યારે ય એ રાતીચોળ આંખો ફાડી ફાડીને હવામાં હાથ ઉગામી રહ્યો હતો અને તેના ચહેરા પર પારાવાર ઉન્માદ નીતરતો હતો. શરીરથી એ તિબેટમાં હતો, લ્હાસામાં હતો, બોરોમના ચોકમાં હતો...

- પણ મનથી એ બે દાયકા પહેલાંના ગ્વાલિયરમાં હતો, પુરાની કોઠી વિસ્તારના મારવાડી શેઠના બંગલામાં હતો.

ટોળાની ચિચિયારી વીંધતી રિક્ષા પૂરપાટ વેગે ત્રીજી ગલીમાંથી ભાગી એ જ ઘડીએ લ્હાસાની છાતી માથે હેલિકોપ્ટરની ફડફડાટી વીંઝાવા લાગી હતી. છદ્મવેશે ભારતની સીમા પરથી અજાણ્યા આદમીઓ લ્હાસામાં ઘૂસ્યા હોવાનું પારખીને બરાબર ઘૂરીએ ચડેલો મેજર ક્વાંગ યુન પરત આવી રહ્યો હતો.

એ રાત લ્હાસા માટે બહુ આકરી જવાની હતી... અને એ પછીના કેટલાંક દિવસો પણ.

*** *** ***

મેજર ક્વાંગ યુને ચેકપોસ્ટ પરથી આવતાંની સાથે જ શીન લાઈને સસ્પેન્ડ કરી દીધો હતો અને લ્હાસાની સુરક્ષાવ્યવસ્થા નવેસરથી ગોઠવવા માંડી હતી.

લ્હાસામાં પ્રવેશતા તમામ માર્ગો પર તેણે નાકાબંધીના આદેશ કરી દીધા અને બહાર નીકળતા દરેક આદમીની સખત જડતી લેવડાવવા માંડી. લ્હાસાના દરેક ગેસ્ટહાઉસ, બોર્ડિંગ હાઉસ, વટેમાર્ગુઓને આશરો આપતાં બૌદ્ધ મઠ અને ઘરઘરાઉ લોજનાં લિસ્ટ ચેક કરીને દરેક ઠેકાણે સીલ મરાવી દીધાં.

રાતભર લ્હાસાની સડકો પર લશ્કરી ગાડીઓની સાઈરન ગુંજતી રહી. વિદેશીઓની તલાશી લેવાતી રહી. તેમના પરમિટ, બેઈઝ ચેક થતા રહ્યા. દૂર ઉત્તર તિબેટમાંથી આવેલા નાગરિકોને ય શકમંદ ગણીને ઉલટતપાસ હેઠળ લેવાયા. જેમની પાસેથી તમંચા કે છરા જેવાં શસ્ત્રો મળ્યાં તેમની તો હાલત ખરાબ થઈ ગઈ. જે વિદેશીઓ પરમિટ પૂરી થયા પછી ય રોકાઈ ગયા હતા તેમને જવાબ આપતાં નાકે દમ આવી ગયો.

ધમપછાડા નાંખતો ક્વાંગ યુન પોતે રાતભર દરેક નાકા પર ફરતો રહ્યો. કેટલેક ઠેકાણે તેણે પોતે લ્હાસામાં પ્રવેશતાં કે બહાર નીકળતા લોકોની જડતી લઈ નાંખી. સવાર સુધીમાં ઘૂસણખોરોનો કેડો પામી જવાનો તેને અંદાજ હતો, પણ ભડભાંખળું થવા સુધી ક્યાંયથી કોઈ સુરાગ મળતો ન હતો. ક્યાંય કશું અજુગતું હોવાનો સંકેત મળતો ન હતો.

અકળાયેલો મેજર વહેલી સવારે રિજન્ટ હાઉસનાં પગથિયાં ચડી રહ્યો હતો ત્યારે એક સિનિયર અફસર અદબભેર તેની નજીક આવ્યો. પોતે જ્યારે બેજિંગમાં બેસીને તિબેટનો હવાલો સંભાળતો હતો ત્યારથી જ ચૌકન્ના મેજરે લ્હાસામાં પોતાના વિશ્વાસુ ઈન્ટેલિજન્સ ફોર્સને ખડકી દીધું હતું.

ઈન્ટેલિજન્સના અફસરને જોઈને મેજરે બીજા ફૌજીઓને દૂર જવા આદેશ કર્યો. ક્યાંય સુધી પેલો અફસર અત્યંત ધીમા અવાજે મેજરની સાવ લગોલગ જઈને કશુંક કહેતો રહ્યો. મેજરના ચહેરા પર ઘડીક હળવાશ, ઘડીક તંગદિલી, ઘડીક આઘાત તો ઘડીક અચરજની રેખાઓ ઉપસતી રહી, ઉકેલાતી રહી.

રિજન્ટ હાઉસ પહોંચીને ઘડીક આરામ કરવાની તેની ધારણા હતી, પણ હવે પાલવે તેમ ન હતું. એ આવ્યો હતો એથી ય ઝડપથી પાછો ફર્યો. પાછળ આવતાં કાફલાને તેણે રુઆબભેર હાકોટો પાડ્યો, 'ડિફેન્સ ઈન-ચાર્જને તાત્કાલિક મારી પાસે મોકલો.'

તિબેટ પહોંચ્યે મેજરને 36 કલાક થયા હતા અને તેને એક મિનિટનો ય વીરામ મળ્યો ન હતો...

- કદાચ મળવાનો ય ન હતો.

*** *** ***

ભીના, સડેલા ઘાસની ગંધાતી ગંજી, એક ખૂણામાં જલતું નાનકડું ફાનસ, લાકડાના સાંકડા-નાનકડી ડોકાબારી જેવાં બારણાં પાસે ઊભેલી તાન્શી, તેની પાસે પતરાંના સાંકડા સ્ટૂલ પર બેઠેલી હિરન, ભીની અને પારાવાર ગંધ મારતી ગંજી પર શણિયું પાથરીને અચંબિત ચહેરે બેઠેલા પ્રોફેસર, પથ્થરની ઉબડખાબડ, ખરબચડી ભોંય પર બેય પગ ફરતા હાથ વીંટાળીને બેઠેલો ઝુઝાર, ટ્રકના રદ્દી ટાયર પર બેઠેલો ત્વરિત, તેના ઢીંચણને અઢેલીને બેઠેલો છપ્પન અને સુક્કા ખડથી બાંધેલી પડાળી જેવી ખાટ પર બેઠેલો કેસી...

મેજર ક્વાંગ યુને પ્રત્યેક ભારતીય કાફલાની તલાશી લેવાનો આદેશ છોડ્યો હતો. એ જાણીને સૌના ચહેરા પર પારાવાર તંગદિલી હતી. મહામુસીબતે સૌ આ નવા ઠેકાણે પહોંચ્યા હતા. જે હેતુથી તિબેટમાં ઘૂસવાનું જોખમ ઉઠાવ્યું હતું એ હેતુની દિશામાં એક તસુ ય આગળ વધાયું ન હતું અને અચાનક અણધારી આફતો ખડી થઈ રહી હતી.

'મેજર ક્વાંગ યુન...' કેસીએ તંગ નજરે હિરનની તરફ જોઈને ગરદન ધુણાવી નાંખી, 'હું એ આદમીને બરાબર ઓળખું છું. એ જેટલો ઝેરીલો છે એટલો જ જીદ્દી છે. તેને ખાતરી થઈ ગઈ છે તો એ હવે છાલ નહીં જ છોડે.'

'એમાં આ હથોડાએ આફત ઊભી કરી...' હિરને ઉશ્કેરાટભેર ઝુઝારની તરફ હાથ લંબાવીને કહ્યું એટલે ઝુઝારે તેની સામે નજર ઊંચકી.

તેની આંખો હિંસક જાનવરની જેમ તગતગતી હતી અને ચહેરા પર કશુંક ભેદી છળ જોયાનો ઉન્માદ વર્તાતો હતો. બોરોમના ચોકમાં માસૂમ બાળકને પીટનારા જંગલી અફસરને ઝુઝારે એવી જ જંગાલિયતથી ઝૂડી નાંખ્યો એ સાંભળીને કેસી મિશ્રભાવ અનુભવતો હતો. પોતે આસાનીથી ઝડપાઈ શકે તેમ હતો છતાં ય તે જોખમ વહોરીનેય અજાણ્યા તિબેટીની વહારે ધસ્યો હતો એ માટે કેસી, તાન્શી અને મુક્તિવાહિનીના આદમીઓને ઝુઝાર માટે અહોભાવ થતો હતો, પણ આમ કરવાથી પોતાની હાજરી વધુ એક વાર મક્કમ રીતે ખુલ્લી પડી ગઈ હતી તેની ફડક પણ કેસીને અનુભવાતી હતી.

મામલો ફક્ત પ્રોફેસરને જોઈતી હસ્તપ્રતો, જ્ઞાનવારસા પૂરતો જ હોત તો ય કેસીને બહુ વાંધો ન હતો. આ તિબેટ તો તેના બાપદાદાનું થાનક હતું. ગમે તેવા જોખમ વચ્ચે ય તે બહુ આસાનીથી હવામાં ઓગળી શકે તેમ હતો, પરંતુ આ કાફલાની આડમાં તેનો ય એક ઉદ્દેશ હતો. તેણે ચિંતાભરી નજરે તાન્શીની તરફ જોયું અને હવે પછીના પ્લાન માટે પ્રોફેસરને ઈશારો કર્યો.

'ઝેન્પાના મઠમાં ખાસ કોઈ એંધાણી મળી નથી, પણ તિબેટના મઠોના આ ગુપ્ત ભોંયરાંઓ પ્રાચીન ભારતીય જ્ઞાનનો ખજાનો સમાવીને બેઠાં છે એ તો મને ખાતરી થઈ જ ગઈ.' દિવસભરની દડમજલ અને એકધારી તંગદિલી છતાં પ્રોફેસરના અવાજનો રણકો સાબૂત હતો. ફિક્કા ચહેરા પર સરી આવતા ભૂખરા વાળ કપાળ પરથી ખસેડીને તેમણે વાત માંડી.

'ઝેન્પા મઠમાં કેટલીક હસ્તપ્રતો અતિ પ્રાચીન છે. એ અનુવૈદિક કાળની એટલે કે આશરે ત્રણ હજાર વર્ષ પુરાણી છે એવું તો હું જોઈને ય કહી શકું છું, પણ તેમાંની મોટાભાગની હસ્તપ્રતો વૈદક, જ્યોતિષ, ખગોળ અને રસાયણને લગતી છે. કેટલાંક ભોજપત્રો પ્રાચીન ભારતીય ભૌતિકશાસ્ત્રી કણાદના વખતનાં છે. કદાચ એ કણાદ કે તેના શિષ્યોના ય હોય. મોટાભાગની હસ્તપ્રતો મૂળ હસ્તપ્રતના ઉતારા છે. એ બધું ચકાસવું પડે, પણ એ આપણો વિષય પણ નથી અને એવો માતબર સમય પણ નથી.'

'આપણા કામની કેટલીક વસ્તુઓ મેં ત્યાં જોઈ...' સૌના સરવા થયેલા કાન અને આતુરતા નીતરતી આંખોમાં તાકીને પ્રોફેસરે કહ્યું, 'આદ્ય શંકરાચાર્યે ઈશ, કેન, કઠ વગેરે 13 ઉપનિષદો પર ભાષ્યો લખ્યાં છે. તેમાંથી 10 ઉપનિષદો પરનાં ભાષ્યો પૂર્ણત: પ્રાપ્ય છે, પણ બાકીનાં ત્રણ ખંડિત અથવા તો અપૂર્ણ છે. મેં ઝેન્પા મઠમાં જોયેલી કેટલીક સંસ્કૃત હસ્તપ્રતો મને શ્વેતાશ્વતર ઉપનિષદ વિશે શંકરાચાર્યે લખેલ ભાષ્યનો હિસ્સો હોવાનું લાગ્યું છે.'

'ઝેન્પા મઠનો ગ્રંથાગાર બહુ જ ચુસ્ત છે. ત્રાહિત માણસને ત્યાં પ્રવેશ નથી. અમારી ભારે વિનવણી પછી ત્યાંના વ્યવસ્થાપકે માંડ દસ મિનિટ માટે અમને પરવાનગી આપી હતી અને તો ય પોતે હસ્તપ્રતો પોતાના હાથમાં રાખીને ત્રણ ફૂટના અંતરેથી અમને બતાવી હતી. સ્વાભાવિક છે કે એ આપણને મળે તેમ નથી.'

'એ મેળવવાનો એક જ રસ્તો છે...' પ્રોફેસરે ગરદન ઘુમાવીને ટ્રકના ટાયર પાસે બેઠેલા છપ્પન તરફ નજર ફેરવી, '... એન્ડ હી ઈઝ ઓલ પ્રિપેર્ડ'!

*** *** ***

મોડી રાતે સૌ જંપી ગયા હતા ત્યારે પ્રોફેસર, હિરન અને છપ્પન ક્યાંય સુધી ઘુસપુસ કરતાં રહ્યાં હતાં. છપ્પન સતત કાગળ પર કશુંક નોંધતો જતો હતો. છેવટે પ્રોફેસર અને હિરનને ત્યાં

જ છોડીને તેણે ગંધાતા ઘાસની એક ગંજી ઉઠાવી તેના પર શણિયું પાથર્યું અને લંબાવ્યું.

'ગૂડ લક માય સન...' આંખો પર ગમછો બાંધી રહેલા છપ્પનસિંઘના ખભે વહાલપભર્યો હાથ પસારીને પ્રોફેસરે હેતાળ અવાજે કહ્યું. તેમની આંખોમાં રીતસર ઝળઝળિયાં તગતગતાં હતાં, 'તારો અહેસાન હું કદી ચૂકવી શકું તેમ નથી, પણ આ છેલ્લું કામ પાર પાડજે. મારી જિંદગીનો આધાર જ અહીં લટકે છે.'

છપ્પન ઘડીક અચંબિત થઈને લાગણીશીલ થઈ ગયેલા પ્રોફેસરના ગાલ પર બંધાઈ રહેલી ભીનાશને જોતો રહ્યો. તેણે પ્રોફેસરનો હાથ પોતાના હાથમાં લઈને હળવી ભીંસ આપી, જરાક સ્મિત વેર્યું અને ધીમા અવાજે બબડ્યો, 'મારી જિંદગીનો પણ...!'

પંદર મિનિટ પછી,

બહાર અંધારું ઘેરાઈને ડમરીએ ચડ્યું હતું. લ્હાસાની ક્ષિતિજો પર લોખંડી પહેરો ભીંસાઈ રહ્યો હતો અને અહીં ગંધાતા ભોંયરામાં રીઢા, ઉસ્તાદ ચોર છપ્પનસિંહની બંધ આંખોની ભીતર તેનો બાપ ગૂંગાસિંઘ ખડખડાટ હસી રહ્યો હતો.

*** *** ***

વહેલી સવારે લ્હાસાની ભાગોળે પૂર્વ દિશાની પહાડીઓ તરફ જતી પગદંડી પર ત્રણ જણા પગપાળા જઈ રહ્યા હતા.

કિરમજી વસ્ત્રોમાં સોહતો એક બૌદ્ધ સાધુ હાથમાં મણિસ્તંભ ફેરવતો ઝુકાવેલા ચહેરે સતત મંત્રજાપ કરતો ચાલ્યા કરતો હતો. વહેલી સવારની ઠંડકથી બચવા તેણે ઉઘાડા માથા પર મફલર જેવો દુશાલો ઓઢ્યો હતો અને પહોળું, ખૂલતું ઘેરદાર પહેરણ છેક નીચે સુધી લહેરાતું હતું.

તેની પાછળ બે દેહાતી તિબેટી, એક પુરુષ અને એક ઓરત, થોડુંક અંતર રાખીને ચાલ્યાં જતાં હતાં. પુરુષે માથા પર કશોક ટોપલો ઊંચક્યો હતો. સ્ત્રીના હાથમાં ય કશાંક પોટલાં હતાં.

રસ્તા પર હજુ વહેલી સવારની સુસ્તી વર્તાતી હતી. દૂર ટેકરીના ઢોળાવ પર વાંસના ટુકડા સાથે કંતાન બાંધીને ઊભી કરાયેલી એક નાનકડી હાટડીમાં ફાનસ હજુ ય જલતું હતું. બહાર ચાઇનીઝ રેડ આર્મીનો ઝંડો લહેરાવતી એક ગાડી પાર્ક થયેલી હતી. એક-બે ફોજી હાથમાં માટીનું ગરમ શકોરું ઝાલીને દૂધમાં નાંખેલી ચાય પત્તીનો રગડા જેવો ઉકાળો પી રહ્યા હતા. તેમનાથી થોડે દૂર તિબેટ પરિવહનની મિનિ બસ પાસે પાંચ-સાત મુસાફરો ટોળે વળેલા હતા.

એ કશાય તરફ નજર સુધ્ધાં નાંખ્યા વગર સાધુએ સાંકડી પગદંડી પર ચાલ્યા કર્યું. મિનિ બસની દિશામાં તેને આવતો જોઈને મુસાફરો અદબભેર સહેજ દૂર ખસી ગયા. કેટલાંકે કમરમાંથી ઝૂકીને પરંપરાગત અભિવાદન કર્યું. જવાબમાં એ બૌદ્ધ સાધુએ ગરદન ઊંચક્યા વગર જ મણિસ્તંભ ઊંચો કરીને આશિષ આપી.

'બસ ક્યારે ઉપડશે?' તેની સાથેના આદમીએ મુસાફરોને પૂછ્યું.

'ટાઈમ તો થઈ ગયો છે, પણ આ લાલિયાઓ તલાશી લે તો ને?' એક મુસાફરે દબાયેલા અવાજે ઉકાળો પી રહેલા ફોજીઓ તરફ નજર ફેરવીને તિરસ્કારભર્યા ભાવથી કહ્યું.

'હા...' સાધુ બસમાં પ્રવેશીને બેસી રહ્યો હતો ત્યારે સાથેનો આદમી અહીં વાતોએ વળગ્યો હતો, 'એ લોકો ય નવાં-નવાં ડિંડક ઘાલતાં જ જાય છે...'

'સાંભળ્યું છે કે શોટોન વખતે કંઈક થવાનું છે...' પેલો મુસાફર ફોજી તરફ જોઈને બોલી રહ્યો હતો.

'અરે! આટલાં વરસ કંઈ ન થયું તો હવે શું થઈ જવાનું?' બીજા ય એક મુસાફરે ફોકટની ચર્ચામાં ઝુકાવ્યું.

'હા, પણ તો ય આ લાલિયા હડકાયા થયા છે.'

એ જ વખતે બે ફૌજીઓ બસની દિશામાં આગળ વધ્યા એટલે સૌ ઓળખપત્રો, બિલ્લાઓ હાથમાં ઝાલીને પોતપોતાના સામાન સાથે કતારમાં ઊભા રહી ગયા.

'અંદર કોણ બેઠું છે?' તલાશી પહેલાં જ કોઈ બસમાં બેસી જાય એથી ફૌજીને પોતાના ગણવેશનું અપમાન લાગતું હતું.

'જી, એ ઝેન્પા મઠના એન્ગ-લામા છે...' પેલા આદમીએ સહેજ દબાયેલા અવાજે દેહાતી તિબેટીમાં જવાબ વાળ્યો.

'એ કોઈ પણ હોય, સામાન તો બધાનો ચેક થશે.' તેણે કતારમાં આગળ ઊભેલા આદમીની તલાશી શરૂ કરતાં તોછડાઈથી જવાબ વાળ્યો.

'હા, એમનો સામાન અહીં જ છે.'

એટલી વારમાં એ સાધુ નીચે ઊતર્યો. પોતાના ઓળખપત્રનો બિલ્લો પેલા આદમીને સોંપીને તેના હાથમાંથી એક થેલી લીધી. બીજો એક ફૌજી તેને જોઈ રહ્યો હતો, પણ તેણે જાણે કશી ય પરવા ન હોય તેમ ટેકરીના ઢોળાવ પર આડા-અવળા ઊગી નીકળેલા જંગલી ઘાસ પર નીચે ઝૂકીને થેલીમાંથી લોટ કાઢીને કીડિયારું પૂરવા માંડ્યું. એ આમતેમ ભમીને કીડિયારાં પૂરી રહ્યો હતો એટલી વારમાં તલાશી પૂરી થઈ. ફૌજીઓ રાવટી તાણેલી પેલી હાટડી તરફ પાછા ફર્યા અને ઘરઘરાટી કરતું જુનવાણી બસનું ખખડધજ એન્જિન ગર્જ્યું. કીડિયારું પૂરતાં દૂર સડક સુધી આગળ વધી ગયેલા એ સાધુની પાસે બસ ઊભી રહી એટલે એ પણ મોં પર દુશાલો દબાવતો અંદર ચડી ગયો.

અને જોતજોતામાં ટેકરીઓના ઢોળાવ પર એન્જિન રાઉસ કરતી બસ આગળ વધવા લાગી.

*** *** ***

છપ્પનસિંઘ માટે એ ભયાનક કટોકટીની ક્ષણ હતી.

લ્હાસામાં ચારેબાજુ ચેકિંગ, જડતી, તલાશી ચાલે છે, બનાવટી પરવાના હેઠળ ઘુસેલા ભારતીયોની જ શોધ ચાલી રહી છે એ ખબર હોય અને તો પણ બહાર નીકળવું એ બહુ જ મોટો ખતરો હતો,

પણ એ ખતરો ઉઠાવ્યા વગર આરો ન હતો.

અત્યાર સુધીની દરેક ચોરીમાં તે પાકો નકશો બનાવતો. સ્થળ પર જઈને એક- બે દિવસ સુધી નક્કર આયોજન કરતો. આ વખતે સમય અને અનુકૂળતાની એવી બાદશાહી મળે તેમ ન હતી. ફક્ત પ્રોફેસરે આપેલા વર્ણનના આધારે તેણે યોજના બનાવવાની હતી. તેના કસબની ખતરનાક કસોટી હતી. તેના બાપ ગૂંગાસિંઘની ઈજ્જતનો સવાલ હતો.

- અને એટલે જ એ તાનમાં આવી ગયો હતો.

મોડી રાત સુધી પ્રોફેસર, હિરન અને કેસી સાથે મસલત કરીને છપ્પને પ્લાન વિચારી લીધો હતો. હાજર હોય એ કોઈ પણ ચીજને હથિયાર તરીકે વાપરી જાણવાનો તેનો કસબ આજે સરાણે ચડ્યો હતો. તેઓ જ્યાં છુપાયા હતા એ દુધાળાં ઢોર અને ખચ્ચરો માટેનું નીરણ ભરવાનો તબેલો હતો. સૌથી પહેલાં તેણે ત્રણ બાજુએથી બંધ અને એક બાજુથી ખુલ્લા એવા વિશાળ તબેલામાં લાલટેન ઝાલીને ત્રણ-ચાર આંટા માર્યા અને પોતાના કામની ચીજો એકઠી

કરવા માંડી.

ઘાસની ગંધાતી ગંજીમાંથી તેણે સુક્કા ખડની એક પૂળી ઉઠાવી હતી અને સુકાઈને બટકણા થઈ ગયેલા ખડની સળીઓ કેવી રીતે ગૂંથવી તેનો ડેમો આપીને ત્વરિતને કામે વળગાડી દીધો હતો. ટ્રકના રદ્દી ટાયરમાંથી જુદાં જુદાં કદ-આકારનાં જાડાં ચોસલાં કાપવાં ઝુઝારને બેસાડી દીધો હતો. ખચ્ચરના પગે નાળ જડવાનાં ઓજાર જોઈને તેનો ચહેરો ખીલી ઊઠ્યો હતો. તેમાંથી મળેલા કટર વડે તેણે પતરાંના ડબ્બા કાપીને અણીદાર ફણા જેવાં ચપતરાં બનાવ્યાં હતાં.

ઢોરના શરીર પર બગાઈ ન થાય એ માટે તેમને નવસાર અને કળીચૂનાના પાણીથી નવડાવવાં પડે. ચરિયાણમાં ઢોરને કંઈક ઈજા થાય કે ગૂમડાં પાકે ત્યારે તેના પર ગંધકનો મલમ પણ લગાવવો પડે. તબેલો ફંફોસતા મળેલી એ ત્રણેય ચીજ જોઈને છપ્પનના ચહેરા પર સ્મિત તરી આવ્યું અને પછી તેણે આભારવશ બનીને બંધ આંખે આકાશ ભણી જોઈ લીધું.

ગંધ મારતા નવસારમાં તેણે લીંબુની છાલ છૂંદીને પેસ્ટ બનાવી નાંખી. પ્લાસ્ટિકની બંધ કોથળીમાંથી ગંધકનો પાઉડર હવામાં ખુલ્લો પાથરી દીધો. છપ્પન કેમિસ્ટ્રીનો ક ભણ્યો ન હતો. નવસાર એટલે એમોનિયા અને ગંધક એટલે સલ્ફર એય તેને ખબર નહીં હોય. પણ ગંધકના પાઉડરમાંથી સહેલામાં સહેલી રીતે વધુમાં વધુ કામ આપી શકે તેવો એસિડ કેમ બનાવવો તેની તેને બરાબર ખબર હતી.

ઝુઝારને કહીને તેણે તબેલાની પછવાડે જોયેલો ત્રાંબાનો બંબો મંગાવ્યો. તેમાં કરગઠિયા ઠાંસીને આગ પેટાવી અને ઉપરના ખાનામાં ગંધક બાળવા માંડ્યો. પતરાના ડબ્બા કાપીને બનાવેલા નળાકારને બંબામાંથી વરાળ નીકળતી હોય એ ભાગે બાંધીને તેનો બીજો છેડો પાણી ભરેલા એક કેરબા સાથે જોડી દીધો.

છપ્પનની કરામત સૌ તાજુબીભેર જોઈ રહ્યા હતા અને બંધિયાર તબેલામાં જલતા ગંધકની કડવી, ઘેરી વાસ ઘૂમરાવા લાગી હતી. એક ટમલર જેટલાં પાણીમાં ગંધકની વરાળ ભરચક માત્રામાં ભેળવીને તેણે જલદ એસિડ બનાવી નાંખ્યો ત્યારે તેના ચહેરા પર સ્મિત રમતું હતું.

દિખાવા, પહનાવા ઔર ચલાવા.. ઉ તીણ બાતા ધિયાન મેં રખઉ..

બાપ ગૂંગાસિંઘના એક એક આદેશને ભગવદ્ગીતાની આસ્થાથી યાદ રાખતા છપ્પને ઓજારની કિટ તૈયાર કર્યા પછી વેશપલટાની કરામત આદરી હતી.

બહાર ગમે ત્યારે ચેકિંગ થશે, જડતી લેવાશે અને ઝેન્પાના મઠમાં પ્રવેશ મેળવવો ય કંઈ આસાન નહીં હોય એ બધી જ શક્યતાને ધ્યાનમાં રાખીને છપ્પન સતત કેસી સાથે મસલત કરતો રહ્યો. છપ્પનને એકલા જ કામ પાડવાની આદત હતી, પણ આજે છૂટકો ન હતો. તેણે બૌદ્ધ સાધુ બનવાનું હતું અને કેસી તેમજ તાન્શી તેના અનુચર તરીકે તેની સાથે જોડાવાનાં હતાં. ઝેન્પા મઠમાં પ્રવેશવા માટે એ જરૂરી હતું.

છપ્પને ક્યાંય સુધી પોતાની તૈયારીઓને આખરી ઓપ આપ્યા કર્યો. છેવટે તેણે તૈયાર કરેલાં ઓજારો વગેરે ચીજોને પેક કરવા માંડી. કેસી મોડી રાત સુધી તાજુબીભેર આ રીઢા ચોરની કુશાગ્ર બુદ્ધિને અહોભાવથી જોતો રહ્યો.

*** *** ***

ઝેન્પા સરોવર એ ત્રણ ટેકરીઓના ઢોળાવ પરથી વહી આવતા ચોમાસુ પાણીનું નૈસર્ગિક સરોવર હતું. દરેક ટેકરીઓની આસપાસ છૂટાછવાયા વિહારો બનેલા હતા. બેઠા ઘાટના,

લાકડાના મંચ પર બનેલા દરેક વિહારો બૌદ્ધ દર્શન અને ધ્યાનના સાધના કેન્દ્ર તરીકે જાણીતા હતા.

તિબેટિયન કેલેન્ડર મુજબ જળતત્ત્વનું વર્ષ હોય ત્યારે પંચેન લામા સહિતના મુખ્ય લામાઓ ઝેન્પા સરોવર આસપાસના મઠમાં સાધના કરવા આવતા. ચોક્કસ તિથિએ દલાઈ લામા પણ અહીં પધરામણી કરતા. લામાઓના અનુષ્ઠાનના એ સમયે અહીં આખોય ઈલાકો ખાલી થઈ જતો અને નિરવ, પ્રગાઢ શાંતિ પ્રવર્તી જતી.

એક જમાનામાં પ્રત્યેક ત્રીજો તિબેટી પુરુષ ઠેરઠેર પથરાયેલા વિવિધ મઠ અને વિહારોમાં વસતો હતો અને તિબેટી જીવન તેમજ વ્યવહાર પર મઠોના માધ્યમથી જ ધર્મસત્તા ચાલતી હતી, પરંતુ ચીનના આક્રમણ પછી આવેલા બદલાવે ઝેન્પા મઠની ય પૂરી બદહાલી કરી નાંખી હતી.

દલાઈ લામા અને પંચેન લામાની ગેરહાજરીમાં ચીનના રિજન્ટે કેટલાંક નિયમો લાદી દીધા હતા. એ મુજબ, એક મઠનો લામા બીજા કોઈ મઠમાં જાય તો તેણે પોતાલા પેલેસમાંથી સત્તાવાર હુકમનામું મેળવવું પડતું હતું. કહેવા પૂરતો એ અધિકાર પોતાલા પેલેસની સર્વોચ્ચ બૌદ્ધ ધર્મસત્તાને અપાયો હતો, પણ તેના પર નિયમન તો ચીની રિજન્ટનું જ રહેતું. ચીન દાવો તો એવો કરતું હતું કે તે લામાઓને સુવિધા-સુરક્ષા આપવા માંગે છે, પણ વાસ્તવમાં તેનો હેતુ લામાઓની હરફર પર અંકુશ રાખવાનો હતો.

ચીનની સીધી દખલને લીધે લામાઓ ય બને ત્યાં સુધી અન્યત્ર આવવા-જવાનું ટાળવા લાગ્યા હતા. પરિણામે લોકો સાથેનો તેમનો સીધો સંપર્ક તૂટતો જતો હતો. ચીનને એ જ જોઈતું હતું. હવે ઝેન્પા મઠમાં ગણ્યાંગાંઠ્યા લામાઓ, કેટલાંક ભિખ્ખુઓ વસતા હતા.

સરોવર કાંઠે સિમેન્ટ-કોંક્રિટના ઓટલા પર ચણેલી છાજલી જેવા બસ સ્ટેન્ડ પાસે બસ ઊભી રહી. પહેલાં એક આદમી અને ઓરત સામાન લઈને ઊતર્યાં અને તેની પાછળ બૌદ્ધ સાધુ ઊતર્યો. બસ ગઈ એથી વિરુદ્ધ દિશામાં તેમણે સરોવરની સમાંતરે કેડી પર ચાલવા માંડ્યું.

અચાનક જાણે ભોંયમાંથી પ્રગટ્યા હોય તેમ પંદર-વીસ આદમીઓ કાંઠાના ઢાળ ઊતરતા રસ્તા પરથી પ્રગટ થયા અને ઢોલ-તૂરીના અવાજો ધણધણવા લાગ્યા. શરૂઆતમાં તો બૌદ્ધ સાધુ ચોંક્યો. તેણે આગળ જઈ રહેલા આદમી- ઓરતની સાથે થઈ જવા ઝડપભેર કદમ ઉપાડ્યાં, ત્યાં જયજયકાર કરતા આવી રહેલા ટોળામાં મોખરે આવતા જવાનિયાને જોઈને તેના ચહેરા પર હળવાશ તરી આવી.

એ હેંગસુન હતો. ગુલાલનો દોથો ભરીને તેણે હવામાં ઊડાડ્યો અને તિબેટી ભાષામાં મોટેથી કશુંક બોલ્યો. વળતા જવાબમાં ટોળાએ ય કશોક દેકારો કરી નાંખ્યો.

એ કેસીએ કરેલી વ્યવસ્થા હતી એટલું તો સમજાતું હતું, પણ આ તાયફો શા માટે કર્યો એ ખ્યાલ નહોતો આવતો.

ઢોલના અવાજથી બે-ત્રણ મઠમાંથી સફેદ કપડાં પહેરેલાં ભિખ્ખુઓય બહાર ડોકાયા અને ઝડપથી કેડી પાસે હારબંધ ઊભા રહીને આવનારા સાધુનું અભિવાદન કરવા લાગ્યા.

પંદર-વીસ મિનિટ પછી...

‘આજે ક્યો વાર છે?’ કેસી તદ્દન ભોળો ચહેરો કરીને મઠના વ્યવસ્થાપકને પૂછી રહ્યો હતો.

‘આજે ફૂર-બૂ (ગુરુવાર).’

‘બસ તો, અમે ફૂર-બૂનો જ સંદેશો કહાવ્યો હતો...’ તેણે તાન્શીને ટોપલા નીચે મૂકવા ઈશારો

કર્યો, 'તમારી જ કંઈક ગફલત લાગે છે. બાકી, કસ્બાના લોકોને સંદેશો મળે અને તમને ન મળે એવું કંઈ હોતું હશે?'

'અરે, પણ અમને કોઈ સંદેશો મળ્યો જ નથી..' વ્યવસ્થા સંભાળતા ભિખ્ખુના ચહેરા પર પારાવાર અવઢવ હતી.

અચાનક એક વરિષ્ઠ લામા ત્રણ દિવસ માટે ઉપ-યાનની સાધના કરવા મઠમાં આવી ચડ્યા હતા. લ્હાસાના પોતાલા પેલેસથી તેમને એવો કોઈ સત્તાવાર માર્કાવાળો સંદેશો મળ્યો ન હતો. એટલે એ મૂંઝાતો હતો.

'અમે અહીં ઊતર્યા કે તરત કસ્બાના લોકો સ્વાગત કરવા હાજર થઈ ગયા. એમને શું સપનું આવ્યું હશે?' કેસીએ કૃત્રિમ છણકો કરીને લાકડાની પાટલી પર આરામથી બેઠક જમાવતાં કહ્યું, 'અમારો સંદેશો એમને મળ્યો અને તમને ન મળ્યો, એ વળી કેવું?'

'પણ હુકમનામા વગર...' વ્યવસ્થાપકને ચીની ફૌજના કડપનો ડર લાગતો હતો. કોઈ ફૌજી વાહન ઓચિંતું આવી ચડે અને હાજરી ચકાસે તેમાં હુકમનામા વગર અહીં રહેલા લામાની ખબર પડે તો તેમને તો કદાચ કંઈ ન થાય, પણ વ્યવસ્થાપક પીટાઈ જાય.

'તો શું અમારે આ લામાને પાછા લઈ જવા?' કેસીએ અસલ ગામઠી તોર બતાવવા માંડ્યો, 'જુઓ, ક્યારેક સંદેશો આઘો-પાછો થઈ શકે. નહીં મળ્યો હોય તો એકાદ દિવસમાં આવી જશે. અને કસ્બાના લોકોને તો સંદેશો મળ્યો જ છે. તમે ગભરાવ નહીં. જરૂર પડ્યે એ લોકો સાહેદી પૂરવા આવશે.'

તેણે બહાર ટોળે વળીને પ્રસાદ ખાવામાં મશગૂલ કસ્બાતીઓ તરફ 'ક્યૂં ભાઈઓ?' ટાઈપની નજરે જોયું એટલે તેની નજર પારખીને પહેલાં હેંગસુને 'હો..હો' કરી નાંખ્યું પછી તેનું જોઈને ખરેખરા કસ્બાવાળા ય ડોકું ધુણાવવા માંડ્યા.

વ્યવસ્થાપક વધુ મૂંઝાયો. વાત તો સાચી હતી, સંદેશો ન આવ્યો હોય તો કસ્બાના લોકોને કેવી રીતે ખબર પડે? ક્યાંક પોતાનાથી જ ગરબડ થઈ હશે.

તે ઝડપભેર વ્યવસ્થામાં પરોવાયો.

અડધા કલાક પછી...

ગ્રંથાગારને અડીને આવેલી એક સાંકડી કોટડીમાં છપ્પન કામે લાગી ગયો હતો. આખીય કોટડી બરાબર નીરખીને તેણે ખાતરી કરી લીધી અને પછી કિરમજી ઉપરણું ઉતાર્યું. તેની કમર ફરતો રેક્ઝિનનો પહોળો બટવો બાંધ્યો હતો અને એ બટવામાં તેનાં તમામ ઓજારો હતાં.

*** *** ***

‘શક્ય જ નથી...’ ધુંઆપુંઆ થતા મેજર ક્વાંગ યુને ટેબલ પર જાડી બેટન પછાડી નાંખી.

‘પણ સર, દરેકે દરેક ઈન્ડિયન પરમિટ હોલ્ડરનું ચેકિંગ થયું છે. એ બધા જ ઓફિશિયલ પરમિટ ધરાવે છે’ મેજરના અણધાર્યા ગુસ્સાથી ડરીને નાયબ રિજન્ટ સહેજ દૂર ઊભો રહીને રિપોર્ટ આપતો હતો.

મેજર ક્વાંગનું માથું ધમધમવા લાગ્યું હતું. તેણે માથું ધુણાવીને નવેસરથી વિચારવા માંડ્યું.

નંબર 1. તેના ઈન્ટેલિજન્સ ફોર્સે બે મહિના પહેલાં બાતમી આપી હતી કે શોટોન ઉત્સવ દરમિયાન કશીક બળવાખોરી થશે એવો અંદેશો છે.

નંબર 2. એ પછી હાલમાં ઈન્ડિયન એમ્બેસીએ નવી બાતમી આપી. એ મુજબ, ઈન્ડિયન પુલિસ ફોર્સના એક અફસરનું અપહરણ કરીને ભાગેલા કેટલાંક લોકો તિબેટમાં ઘૂસ્યાં હતાં.

નંબર 3. ડેવિલ્સ બેડ પછીની પહેલી ચેક પોસ્ટ પરથી તેઓ ઘૂસ્યા હતા તેના પુરાવા ય મળ્યા. તેણે તાત્કાલિક આખું લ્હાસા ઉલેચાવી નાંખ્યું અને તો ય ક્યાંયથી જરાક સરખી કડી ય મળી નથી.

નંબર 4. બોરોમના ચોકમાં એક અજાણ્યા આદમીએ ચીની અફસરને ઢીબી નાંખ્યો અને પછી એ અને તેનો સાગરીત ક્યાંક નાસી છૂટ્યા. અફસરે એ આદમીને જોયો નથી અને બાકીના લોકો તેનો હુલિયો કે બીજું કોઈ વર્ણન આપતાં નથી.

‘કેપ્ટન...’ તેણે હવામાં તાકીને અન્યમનસ્કપણે બોલવા માંડ્યું, ‘મુક્તિવાહિનીના સ્થાનિક મળતિયાઓ હોય એવા શકમંદો પર નજર રાખવાનું મેં કહ્યું હતું...’

‘જી સર...’ નાયબ રિજન્ટે અદબભેર જવાબ વાળ્યો, ‘ખામ્પા જાતિના એવા કેટલાંક શકમંદો પર નજર છે જ. તમે કહો તો અત્યારે જ...’

‘એવા કેટલાંક શકમંદો આપણા ધ્યાનમાં છે?’ મેજર મનોમન કશીક ગણતરીઓ માંડતો હતો પણ તેના મનમાં શું ઘૂંટાઈ રહ્યું છે તેનો નાયબને અંદાજ આવતો ન હતો.

‘જી... એક આદમી અગાઉ અહીં દેખાવો કરવા માટે, ઉશ્કેરણી જગાવવા માટે ગિરફ્તાર થયેલો હતો. હાલ એ ખચ્ચરની દલાલી કરે છે. બીજા આદમીને ત્યાંથી મુક્તિવાહિનીનું કેટલુંક સાહિત્ય ઝડપાયું હતું. તેને દસ-બાર મહિના જેલમાં રાખ્યો હતો. અત્યારે એ રસોઈયાનું કામ કરે છે. ત્રીજો આ...’

‘કુલ એવા કેટલાં શકમંદ આપણી નજર તળે છે?’ નાયબનાં લાંબાં વર્ણનોથી ત્રાસીને મેજર કંટાળ્યો.

‘પાંચેક જણા પર નજર છે.’

‘એક કામ કર...’ મેજર ઘડીક અટક્યો. તેણે કશુંક વિચાર્યું અને પછી ઉમેર્યું, ‘તેમાંથી કોઈ એકને એવી રીતે ઉઠાવી લે જેની કોઈને ખબર સુધ્ધાં ન પડે. બીજા કોઈ આદમીને એવી રીતે જાહેરમાં જ જાપ્તામાં લે જેથી બીજાને તરત ખબર પડી જાય અને એ પછી બાકીના શકમંદો આસપાસ એવું ચુસ્ત નેટવર્ક ગોઠવ કે એમની પાંપણ ફરકે તો ય આપણને ખબર પડે.’

દસ મિનિટ પછી નાયબનો કાફલો રિજન્ટ હાઉસથી રવાના થયો ત્યારે કેટલાંક ફૌજીઓ ટોર્ચર રૂમ સજાવવા લાગી ગયા હતા. હવે તેનો ખપ પડવાનો હતો.

*** *** ***

સાંજ ઢળી એ પહેલાં જ છપ્પને કરામત આદરી દીધી હતી.

સાધના માટે આવેલો લામા જ્યાંત્યાં ફરતો ન હોય. એટલે તેણે કોટડીમાં પુરાઈ રહેવું જરૂરી હતું. લામાઓ આવી રીતે વિહારમાં નીકળે ત્યારે તેમના અનુચરો તેમની જરૂરિયાત સાચવે. મૌન કે હઠયોગ કરી રહેલા લામાઓ વતી વાતચીત પણ એ જ કરે. કેસી અને તાન્શી એવા અનુચર દંપતી તરીકે વર્તતાં હતાં.

બૌદ્ધ આચાર મુજબ સાંજે પાંચ વાગ્યે કેસીએ કોટડી ખખડાવી હતી અને છપ્પને ખોલેલી નાનકડી બારીમાંથી થાળી ધરી હતી. તેમાં તાજા કાપેલા કંદમૂળ હતા. છપ્પનને કકડીને ભૂખ લાગી હતી, પણ

લામાનો વેશ નિભાવ્યા વગર છૂટકો ન હતો. વહેલી સવારે કામ તમામ કરીને અહીંથી છટકી જવાનું હતું.

વર્ણન વિશે પૂછી પૂછીને તેણે પ્રોફેસરનું દિમાગ કાણું કરી નાંખ્યું હતું. પછીતની કોટડીથી ગ્રંથાગારનું અંતર કેટલું છે, જોઈતી હસ્તપ્રતો અલમારીના ક્યા માળે પડેલી છે, બે માળ વચ્ચેની ઊંચાઈ આશરે કેટલીક હશે, સાદા કાગળ પર એ હસ્તપ્રતો ચિપકાવેલી છે તો એ કાગળના બાઈન્ડિંગ ફોલ્ડથી મૂળ હસ્તપ્રત વચ્ચેનું અંતર કેટલાં ઈંચ હશે, કાગળ કેવો છે અને તેના પરનું પૂંઠું કેવું છે... પ્રોફેસરની જગ્યાએ બીજો કોઈ હોય તો છપ્પનના સવાલોથી ત્રાસીને માથાં પટકી નાંખે, પણ પ્રોફેસર છપ્પનની ઝીણવટથી ટેવાયેલા હતા.

પ્રોફેસરે આપેલા વર્ણન મુજબ તેણે ગ્રંથાગારની પછીતે આવેલી કોટડી તેણે પસંદ કરી હતી. તેણે સૌ પહેલાં કટર, પક્કડ અને પતરાની ધારદાર ચપતરીઓ વડે પછીતનું લાકડું તોડવા માંડ્યું. આખી આડશ તોડવા જતા ભારે અવાજ થાય, જે શક્ય ન હતું. પ્રોફેસરે તેને બતાવેલી દિશા જો સાચી હોય અને પ્રોફેસરે ચીંધેલી હસ્તપ્રતો હજુ પણ એ જ જગ્યાએ હોય તો તેણે ચારેક ફૂટની ઊંચાઈએ કોતરકામ કરવું પડે.

હસ્તપ્રતની જગ્યાનો અંદાજ માંડીને તેણે ફટાફટ લાકડું કાપવા માંડ્યું. જ્યાં બળ વાપરવું પડે તેમ હતું ત્યાં ટાયરના કાપેલા ચોસલાનો શોક એબ્સોર્બર તરીકે ઉપયોગ કર્યો. દોઢેક કલાકની જહેમત પછી તેણે ભોંયથી ચારેક ફૂટ ઉપર ડાબી તરફ બે-અઢી ફૂટનું ગાબડું પાડી દીધું.

ઉપર છતમાં જડેલા બે કાચમાંથી આથમતી સાંજનું ઝાંખું અજવાળું વિસરાઈ ચૂકેલા જ્ઞાનના આ પુંજ પર સાવ આછકલો અજવાસ નાંખતું હતું. હવે ગ્રંથાગાર અને હારબંધ ગોઠવેલી અલમારી અને અલમારીઓ પર પડેલાં થપ્પા તેને નજર સામે દેખાતા હતા. સૌથી પહેલાં તેણે કપાયેલા અણિયાળા લાકડા ફરતે કળી ચૂનો અને નવસારની પેસ્ટ ભરી દીધી, જેથી હસ્તપ્રત ખેંચતી વખતે તેને નુકસાન ન થાય.

પછી તેણે ઘાસ ગૂંથીને બનાવેલું વાયર જેવું ફીંડલું કાઢ્યું. પોતાના પહેરણનું એક ચીંદરું ફાડીને તેણે એ વાયર પર આગળની તરફ વીંટાળ્યું. જોઈતી હસ્તપ્રતોનું ફીંડલું અલમારીના ત્રીજા માળ પર પડ્યું હતું અને ત્યાંથી કોટડીની દીવાલનું અંતર લગભગ ચારેક ફૂટ હશે એવું પ્રોફેસરે તેને કહ્યું હતું.

પ્રોફેસરને જોઈતી હસ્તપ્રત ઓળખવાનો સવાલ જ ઊભો નહોતો થતો. છપ્પને સંજીવની લેવા ગયેલા હનુમાનની માફક હાથ લાગે એ બધું જ ઉઠાવવાનું હતું.

સુક્કા ખડ સાથે પક્કડ બાંધીને તેણે તેણે શક્ય તેટલા બહાર હાથ લંબાવ્યા અને આઠ-દસ વખત પક્કડ વીંઝીને હસ્તપ્રતોના થોકડા કોટડીથી શક્ય તેટલા નજીક ભોંય પર પાડી દીધા. એ પછી ગૂંથેલા ઘાસના કડક રાંઢવાની આગળ બાંધેલી ચીંદરડીને જલદ એસિડમાં તરબોળ કરીને ભોંય પર પડેલા હસ્તપ્રતોનાં બંચ પર ફેરવવા માંડી. ચારેક જાડાં બંચ પર એ રીતે

વારંવાર એસિડ ફેરવીને તેણે લાકડાની પછીતની ભોંય ખોતરવા માંડી.

ભોંયને અડેલો પછીતનો હિસ્સો કટર વડે ખોતરવાનું બહુ મુશ્કેલ હતું, પણ તેને માંડ ત્રણ-ચાર ઇંચ જેટલી જગાની જ જરૂર હતી. હસ્તપ્રતોના બાઈન્ડિંગની કિનારી પર એસિડ લાગવાથી આખાય બન્ચ છૂટાં પડવાં માંડ્યાં હતાં. ઘાસના ગૂંથેલા વાયર વડે તેણે છૂટા પડેલા એ દરેક જર્જરિત કાગળોને અત્યંત સંભાળપૂર્વક પોતાની તરફ ખેંચવા માંડ્યા.

અત્યંત ધીરજ, તીવ્ર એકાગ્રતા અને એકધારા શ્રમ પછી તેણે ભોંય પર પડેલી તમામ હસ્તપ્રતો સેરવી લીધી ત્યારે મધરાત વીતી ચૂકી હતી. એ પરસેવે રેબઝેબ થઈ ગયો હતો પણ તેના ચહેરા પર પ્રચંડ આહ્લાદ હતો.

*** *** ***

બપોરે બાર વાગ્યે...

તબેલાના બંધિયાર, ગંધાતા હવામાનમાં જાણે જશ્ન જામ્યો હતો. છપ્પને બહુ જ ચીવટપૂર્વક લાવેલા હસ્તપ્રતોના જર્જરિત, પુરાણા થોકડા પ્રોફેસર ફાટી આંખે જોતા રહ્યા હતા. તેમના ચહેરા પર સતત ભાવ બદલાતા રહેતા હતા. બીજો થોકડો ઉપરછલ્લો ચેક કરીને તેમના ચહેરા પર પ્રચંડ વિસ્ફાર તરી આવ્યો હતો અને છપ્પનને તેમણે બાથમાં ભીંસીને રીતસર ઊંચકી લીધો હતો.

ત્વરિત પણ બારીકાઈથી હસ્તપ્રતો જોવામાં જોડાયો હતો. હિરનના ચહેરા પર ઉચાટ હતો, પણ એ પ્રોફેસર જાતે જ કશુંક બોલે તેની રાહમાં હતી.

એ જ ઘડીએ એક જ દિશાએ ખૂલતા તબેલાના મુખ પાસે કશોક અવાજ થયો. ઝડપભેર ભાગતા લોકોનાં જૂતાંનો એ અવાજ હતો એવું પરખાય એ પહેલાં કોઈએ તબેલાનાં પગથિયાં પાસે મોં ખોસીને તીણા અવાજે કશોક સિસકારો કર્યો. એ સાથે કેસી અને તાન્શીના ચહેરા ભયાનક છળી ઊઠ્યા. તાન્શીએ દોડીને વેપનની કિટ ઉઠાવી લીધી અને કેસીએ વેરવિખેર પથરાયેલી હસ્તપ્રતોના થોકડા પોટલામાં બાંધ્યા.

એ સિસકારો ભય નજીક હોવાનો સંકેત હતો તેની ખાતરી થઈ એ સાથે જ બીજો સિસકારો થયો... વધુ તીણો, વધુ કારમો...

ભય સાવ ઊંબરે ઊભો હોવાની એ નિશાની હતી.

*** *** ***

કેપ્ટન ફેંગ લ્યૂને ફક્ત એટલી જ સૂચના હતી કે ત્સાર-વો (દેહાતી તિબેટી ભાષાના આ શબ્દનો અર્થ થતો હતો ઘોડાર)ના ચૌરાહે પહોંચો. તે ત્સાર-વો પહોંચ્યો કે તરત તેને રિજન્ટ હાઉસમાંથી બીજો સંદેશો મળ્યો, જેમાં પરફેક્ટ લોકેશન આપવામાં આવ્યું.

ભારતથી બનાવટી ઓળખપત્ર પર તિબેટમાં ઘૂસેલા લોકો ડાબી તરફના ત્રીજા તબેલામાં છુપાયા હોવાની પાક્કી બાતમી હતી. એ સૌને બને ત્યાં સુધી જીવતાં પકડવાના હતા અને એ જવાબદારી કેપ્ટન ફેંગ લ્યૂની હતી.

ફેંગને સમય અપાયો ફક્ત વીસ મિનિટનો... એકવીસમી મિનિટે તેણે મિશન ફતેહનો રિપોર્ટ રિજન્ટ હાઉસમાં પહોંચાડવાનો હતો.

ત્સાર-વો તરીકે ઓળખાતો એ વિસ્તાર પાંચેક જેટલી ઘોડાર માટે એક જમાનામાં જાણીતો હતો. પોતાલા પેલેસના રક્ષક એવા ખામ્પા લડવૈયાઓનું ઘોડેસવાર દળ હતું અને એ ઘોડાઓને રાખવા, કેળવવાના તબેલા અહીં બાંધવામાં આવ્યા હતા.

ચીનાઓએ ઘોડેસવાર દળ વિખેરી નાંખ્યા પછી હવે આ તબેલાઓનો ઉપયોગ સ્થાનિકોના દુધાળાં ઢોર, યાક, ખચ્ચરને રાખવા માટે થતો હતો. દરેક તબેલાની બાંધણી લગભગ એકસરખી હતી. પથ્થર જડેલી સડકની સમાંતરે ખૂલતા ભોંયરામાં પંદરેક પગથિયાં જેટલો ઢોળાવ ઊતરતા આ દરેક તબેલા ઊંચાઈમાં સાંકડા, ઊંડાઈ-પહોળાઈમાં ખાસ્સા વિશાળ, ત્રણ બાજુએથી બંધ અને આ એક જ દિશાએથી સડક તરફ ખૂલતા હતા.

કેપ્ટને પહેલાં તો સાદા વેશમાં પોતાના આદમીઓને તબેલા તરફ મોકલ્યા. બે-ત્રણ આંટા મારીને તેમણે રિપોર્ટ કરી દીધો.

ત્રીજા તબેલાના પ્રવેશ પાસે બે ઓરત સૂંડલામાં છાણાં ભરીને બેઠી છે. દૂર સામે ટેકરીના ઢોળાવ પર લીલા ઘાસચારાની હરાજી થઈ રહી છે. ત્યાં કેટલાંક દેહાતી ભરવાડોનું ટોળું છે. તબેલાના જમણાં ખૂણે એક આદમી પાણીની હોઝ પાઈપ વડે વાસીદું ધોઈ રહ્યો છે. તબેલાની અંદર ખાસ કંઈ કળાતું નથી. બીજા તબેલામાં કેટલાંક ખચ્ચરને ચરિયાણ માટે બહાર લઈ જવાઈ રહ્યાં છે.

રિજન્ટ હાઉસમાંથી મળેલો ઓર્ડર સ્પષ્ટ હતો. ત્રીજા તબેલામાં જ શકમંદો હોવા જોઈએ, પણ પોતાના આદમીઓનો રિપોર્ટ તો નોર્મલ હતો. કેપ્ટનના ચહેરા પર ફરી મૂંઝવણ તરી આવી.

તેણે તરત નિર્ણય લીધો. આગળ સાદા વેશમાં મોકલેલા આદમીઓને ત્રીજા તબેલાની બરાબર સીધમાં અને સહેજ ડાબે પોઝિશન લેવાની સૂચના આપી. એક કાફલાને પોતે જ્યાં ઊભો હતો એ જમણી તરફના છેડે નાકાબંધીનો હુકમ કર્યો અને લશ્કરી ખટારીનું એન્જિન રાઉસ કરી પૂરપાટ ઝડપે ભગાવી દીધી.

ત્રીજા તબેલાના પ્રવેશદ્વારે ગાડી ઊભી રાખીને તેના આદમીઓ ઊતર્યા ત્યારે એક ઓરત છાણાંનો સૂંડલો લઈને બહાર આવી ચૂકી હતી. તેની પાછળ બીજો એક તિબેટી આદમી મોટી કથરોટમાં કેટલ ફૂડ ભરીને ઉપર આવી રહ્યો હતો અને અંદર એક-બે તિબેટી પાવડા વડે નીરણના ઢગલા કરી રહ્યા હતા. બીજા બે-ત્રણ જણા ખંપાળી વડે ઘાસની ગંજી છૂટી પાડતા હતા.

કેપ્ટનના કાફલાએ પ્રવેશદ્વાર પર કબજો મેળવીને ડઘાયેલા એ એકેએક આદમીને ઝબ્બે કર્યા અને અંદર ઊતરીને આખોય તબેલો કવર કરી લીધો.

તબેલામાં અને આસપાસ દેખાતા દરેક તિબેટીની ઓળખ સ્પષ્ટ કરવા તેણે આદમીઓને સૂચના આપીને તબેલાની તલાશી લેવા માંડી.

અંદર ડાબી તરફ બે નાનકડી ઓરડી હતી. એક ઓરડીમાં ચારપાઈ પાથરેલી હતી. બાજુમાં ટ્રકનાં રદ્દી ટાયર આમતેમ પડેલાં હતાં. દીવાલ પર જડેલા લાકડાના મજબૂત ખૂંટા પર રાશ લટકતી હતી. ઢોરના પગે જડવાની નાળનો કટાઈ ગયેલો થપ્પો એક ખૂણામાં ધૂળ ખાતો પડ્યો હતો. પાણી સીંચવા માટેની મશક અને સાથે બાંધેલું રાંઢવું ય પડ્યાં હતાં. બીજી ઓરડીમાં ઘાસની ગંજીઓ ખડકેલી હતી. દિવસોથી ભરેલું ઘાસ ગંધ મારતું હતું.

કેપ્ટને એ દરેક ગંજી ખસેડવા હુકમ આપીને તબેલાના ખુલ્લા ભાગને ચકાસવા માંડ્યો. ત્રણ તરફથી બંધ તબેલાના ઊંડાણમાં ખાસ્સું અંધારું હતું. તેણે ત્રણ-ચાર જગાએ ટોર્ચ મુકાવી. ઓરડીમાંથી મળેલું ફાનસ પણ જલાવ્યું અને તલાશી ચાલુ કરી દીધી.

તબેલાના જમણાં ખૂણે આઠ-દસ ખચ્ચર અને એટલાં જ યાક બાંધેલાં હતાં. તેણે માર્કા ચકાસી લીધા. દરેક પર લ્હાસા નોર્થ પ્રોવિન્સનો માર્કો હતો, મતલબ કે ઢોર તો સ્થાનિક જ હતાં. તેણે આખાય તબેલાનો ચકરાવો મારીને દીવાલો ય ચેક કરી લીધી. ક્યાંય કોઈ

છટકબારી કે પોલાણ જેવું ન હતું. અસમંજસભર્યા ચહેરે તેણે ભોંય ચકાસવા માંડી. અંદર કશુંક પોલાણ હોય તો...

પણ એવું ય કંઈ વર્તાયું નહીં. પ્રવેશદ્વારથી છેક નીચે સડક પરથી વહી આવતું વરસાદી પાણી સંગ્રહવા માટે એક મોટો ટાંકો તેણે જોયો. કોંક્રિટથી ચણેલા પાકા ટાંકા પરનું પતરાંનું ઢાંકણ ઉતારીને તે પોતે જ ઝૂક્યો અને અંદર ટોર્ચનો ઉજાસ ફેંક્યો. ટાંકામાં પાણી ભર્યું હતું. તેણે છેક નીચે હાથ ઝુકાવીને ઠંડાગાર પાણીને સ્પર્શ કર્યો. ના, એ તાજુ ભરેલું ય ન હતું.

એ જ વખતે અંદરની ઓરડીમાં કશોક ધબાકો થયો.

બીજી ઓરડીના માળિયા પર તલાશી માટે ચડેલો એક આદમી તકલાદી માળિયાનો કાંગરો ખરી પડતાં નીચે પટકાયો હતો. પડ્યા પછી ય તેના ચહેરા પર કશુંક જડી આવ્યાનો ઉન્માદ હતો.

‘ઉપર બંદૂક છે...’ તેણે મચકોડાયેલો પગ દબાવતા અંદર ધસી આવેલા કેપ્ટનને કહ્યું.

તરત બે ફૌજીના ખભા પર સવાર થઈને ત્રીજો એક ફૌજી માળિયામાં ચડ્યો. ત્રણેક ફૂટ ઊંચા માળિયામાં જંતુનાશક દવાનાં ખાલી કેન, પતરાંના ત્રણ-ચાર ડબ્બા અને ત્રણેક જોટાળી બંદૂક પડેલી હતી.

ફૌજીએ નીચે ઉતારેલી એ બંદૂક કેપ્ટને ચકાસી. ચીનની આર્કાન કંપનીની બનાવટની એ દેશી બંદૂકો 70-80 વર્ષ જૂની હતી. ઢોર ચરાવતા કે ખેતરની દેખભાળ કરતાં ભરવાડોના કૂબા-તબેલામાં આવી બંદૂકોની કોઈ નવાઈ ન હતી.

ક્યાંય કશું જ શંકાસ્પદ ન હતું. ન તો એકેય ચહેરો... ન તો એકેય ચીજ.

મૂંઝાયેલો કેપ્ટન ત્યાં જ થંભી ગયો.

ફરીથી તેણે આખાય તબેલાની ઝીણવટભરી તલાશી લેવડાવી. ઘાસની એકેએક ગંજી ખોલાવીને બધું રેડપેડ કરી મૂક્યું. પોલાણ હોવાની શંકાથી એક દીવાલ પર ગાબડાં ય પાડી નાંખ્યા. જમીન સમથળ કરવાનો વજનદાર ગજિયો મંગાવીને માટીની ભોંય પણ ચકાસી લીધી. ક્યાંય કોઈ નાઠાબારી વર્તાતી ન હતી.

અચાનક વજનદાર ગજિયાને અઢેલીને ઊભેલો તે અક્કડ થયો. વાંસનો લાંબો ટુકડો તેણે ઊઠાવ્યો અને ફરીથી ટાંકી તરફ આગળ વધ્યો.

તેણે ખોલેલું મેનહોલ હજુ ય ઉઘાડું જ હતું. એક ફૌજીને ટોર્ચ ઝાલીને તેણે ઊભો રાખ્યો અને પોતે લાંબો વાંસ અંદર નાંખવા માંડ્યો. ટાંકી તેની ધારણા કરતાં ઘણી ઊંડી લાગી. વાંસ બહાર કાઢીને તેણે ભીનાશના આધારે અંદાજ માંડ્યો. ટાંકીમાં સહેજે સાતેક ફૂટ જેટલું પાણી ભરેલું હશે. માથોડા ઉપર પાણી ભરેલું હોય ત્યારે અંદર કોઈના હોવાની શક્યતા ન હતી. આમ છતાં તેણે ટાંકીને દરેક ખૂણે ટોર્ચનો ઉજાસ ફેંકીને નજર ફેરવી લીધી. અંધારી ટાંકીમાં પાણી પર પછડાઈને પરાવર્તિત થતો પ્રકાશ તેની આંખમાં અંજાતો હતો.

છેવટે હતાશામાં ડોકું ધુણાવીને તેણે રિજન્ટ હાઉસમાં ફોન જોડવાની સૂચના આપી દીધી.

આટલી સઘન તલાશી છતાં કોઈ સુરાગ મળ્યો ન હતો. તેનો એક જ અર્થ થાય કે યા તો બાતમી ખોટી હતી અથવા તો તે અહીં પહોંચ્યો એ પહેલાં શકમંદો નાસી છૂટ્યા હતા.

રિજન્ટ હાઉસમાં સામા છેડે ખુદ મેજર ક્વાંગ યુન હતો. તબેલાની તલાશીના સમાચાર જાણીને તે ક્યાંય સુધી બેફામ ગાળો બોલ્યો હતો. કેપ્ટન લ્યુની સાત પેઢીને તેણે જોખી-જોખીને સંભળાવી હતી. છેવટે તબેલામાંથી પકડાયેલા તમામ તિબેટીઓને રિજન્ટ હાઉસ લાવવાનો

હુકમ કર્યો હતો.

નાસીપાસ થયેલા કેપ્ટન ફેંગ લ્યુએ પોતાની ભડાસ તિબેટીઓ પર ઉતારી હતી. એકાદ-બેને ધોલધપાટ કરીને તબેલામાંથી પકડાયેલા કુલ 6 તિબેટીઓને ખટારીમાં ચડાવી દીધા હતા. કાફલાના ચાર ફૌજીને તબેલામાં કડક ચોકી રાખવા તેણે સૂચના આપી. કોઈએ અંદર જવાનું ન હતું અને અંદર કોઈ હતું નહીં એટલે બહાર કોઈના નીકળવાનો સવાલ ન હતો.

સૂંડલામાં ભરીને છાણાં વેચતી દેહાતી તિબેટી ઓરતો હતપ્રભ થઈને જોતી રહી અને જે ઝડપે ખટારી આવી હતી, એવી જ ઝડપે ચાલી નીકળી.

કાફલો આવ્યો ત્યારે કથરોટ ઊંચકીને તબેલાના પ્રવેશ સુધી પહોંચી ગયેલો કેસી અને તેના પાંચ આદમીને ખટારીમાં ચડાવી દેવાયા એ શ્ય તાન્શી ઉદ્વેગપૂર્વક જોઈ રહી. કેપ્ટનનો કાફલો અંદર આવ્યો એ જ વખતે તે સૂંડલામાં છાણાં ભરીને ઉપર પહોંચી ગઈ હતી એટલે વળી એ નજર બહાર રહી ગઈ.

તાન્શીએ ભારે ઉચાટભરી આંખે તબેલાની અંદર નજર ફેરવી લીધી.

- ત્યારે અન્ડરગ્રાઉન્ડ વોટર ટેન્કમાં પાંચ જણાના શ્વાસ હાંફી રહ્યા હતા. બંધિયાર ટાંકીમાં અપૂરતો ઓક્સિજન, માંડ પકડાતા બચ્યાનો હાશકારો અને હવે કેવી રીતે બહાર નીકળવું તેનો ફફડાટ તેમના નાકના ફોયણાં તંગ કરી રહ્યો હતો.

*** *** ***

પહાડી વિસ્તારને લીધે લ્હાસા સહિત સમગ્ર તિબેટમાં વરસાદી પાણી સડસડાટ વહી જતું હતું. પરિણામે જમીનનાં તળ કોરાં રહી જતાં. આથી અહીં રેઈન વોટર હાર્વેસ્ટિંગનો પરંપરાગત મહિમા હતો. તબેલાની ટાંકી સ્ટોરેજ કમ હાર્વેસ્ટિંગ ટેન્ક હતી. વરસાદી પાણીનો અહીં સ્ટોરેજ થાય એ માટે સાત ફૂટ લાંબી, 12 ફૂટ પહોળી અને 10 ફૂટ ઊંડી ટાંકીમાં દરેક બાજુ કોન્ક્રેટિંગ કરી દેવાયેલું હતું. પણ મેનહોલની બરાબર નીચે ત્રણેક ફૂટના ઘેરાવામાં ચારેક ફૂટ ઊંડો ખાડો રાખવામાં આવ્યો હતો, જેની ગોળાકાર દીવાલોને કોન્ક્રેટિંગ કર્યું હતું, પણ તળિયું જમીનનું જ રખાયું હતું.

ચારેક ફૂટના એ ખાડા દ્વારા ટાંકીમાં સંગ્રહાયેલું પાણી જમીનમાં ઊતરે અને તળ ઊંચાં રહે. જ્યારે બાકીનું પાણી સ્ટોરેજમાં રહે. વહેમાયેલા કેપ્ટને સતર્કતા તો બરાબર રાખી પણ સ્ટોરેજ અને વોટર હાર્વેસ્ટિંગ એવા બે હેતુ એક જ ટાંકીમાં હોય એવું તેણે ચીનમાં કદી જોયેલું નહીં. પરિણામે તેને ટાંકીમાં સાતેક ફૂટ પાણી હોવાનું લાગ્યું એ ખરેખર ચાર ફૂટના ખાડા સહિતની ઊંડાઈ હતી. જ્યારે કે ચારેક ફૂટ ઊંડા એ ખાડાની ત્રણેક ફૂટની ગોળાઈને બાદ કરતાં બાકીની ટાંકીમાં તો ત્રણેક ફૂટ જેટલું જ પાણી હતું અને મેનહોલથી નવેક ફૂટ દૂર પાંચેય જણા સામાનનાં પોટલાં માથા પર ઊંચકીને ભીંતસરસા ચંપાઈને ઊભા હતા.

- અને એ જ હાલતમાં તેમણે આખી રાત અને બીજો અડધો દિવસ વિતાવી દેવાનો હતો. બંધિયાર ટાંકામાં વિતાવેલી એ એક-એક ઘડી એમને જન્માંતર સુધી ભુલાવાની ન હતી.

*** *** ***

તિબેટમાં ઠેરઠેર કેસીએ જડબેસલાક નેટવર્ક ગોઠવેલું હતું. તે પોતે સીધી રીતે ગણતરીના લોકોના જ સંપર્કમાં રહેતો હતો. આપણો નેતા કેસાંગ ત્સોરપે છે એ તિબેટનો પ્રત્યેક બચ્ચો જાણતો હતો, પણ આ સામે ઊભેલો ફૂટડો જુવાન એ જ એનેરોગ ત્સોરપેનો દીકરો... આપણા શહીદ સરદાર યોદોન ત્સોરપેનો પૌત્ર કેસાંગ... યાને કેસી પોતે છે એવી ઓળખાણ

તો જૂજ લોકોને જ હતી.

કેસી પ્રત્યક્ષ રીતે જેમના સંપર્કમાં હોય એવા આઠ-દસ લોકો, એ પ્રત્યેક લોકોના ખાસ વિશ્વાસુ એવા દસેક આદમીની બીજી ટીમ અને એ બીજી ટીમના દરેક આદમીએ વેરવિખેર ગોઠવેલા છૂટાછવાયા સ્લિપર સેલના આદમીઓ અને એ સ્લિપર સેલે પોતાની રીતે ફરતા રાખેલા બાતમીદારો...

આમ, પાંચસો-સાતસો ચુનંદા આદમીઓના નેટવર્ક વડે કેસી મહાસત્તા ચીનને પડકારતો હતો. ત્સોરપે ખાનદાન પ્રત્યેનો અદમ્ય વિશ્વાસ, વતનપ્રેમની કસુંબલ ભાવના અને મરી ફીટવાની તત્પરતાને લીધે એકાદ-બે આદમી પકડાય તો ય કેસી સુધી પહોંચવું આસાન ન હતું.

સામે મેજર ક્વાંગ યુન પણ ખંધાઈમાં ગાંજ્યો જાય તેમ ન હતો. મુક્તિવાહિનીના બાતમીદાર હોય એવા પાંચ શકમંદો ઓળખીને તેમના પર તેણે નજર રખાવી હતી. એ પૈકી એકને તેણે અત્યંત ખાનગીમાં ઉઠાવીને તેની ભારે મરમ્મત કરી હતી.

ઢોરમાર ખાઈને અધમૂઆ થઈ ગયેલા એ ખબરીએ છેવટ સુધી પોતે નિર્દોષ હોવાનું ગાણું ગાયા કર્યું હતું. એ બેહોશ થઈ ગયો ત્યાં સુધી ખુદ મેજર યુને તેને ઠમઠોર્યો પણ તેની પાસેથી એક અક્ષર ઓકાવી ન શકાયો.

જીવતાં ઉતરડાઈ જશે, પણ આ લોકો મોં નહીં જ ખોલે તેની ખાતરી થયા પછી છેવટે મેજરે બીજો દાવ ખેલ્યો. તેણે બીજા શકમંદને ઉઠાવ્યો. તેની એવી રીતે જાહેરમાં અટકાયત કરી કે સૌને ખબર પડે. એ પછી છૂટા ફરતા બીજા તમામ શકમંદોની ગતિવિધિ પર ચાંપતી નજર રાખી. એ પૈકી એક આદમી તરત મેક્સિયાંગ વિસ્તારમાં એક મોટા દુકાનદારની મરી-મસાલાની વખારમાં પહોંચ્યો હતો. એ વખારમાંથી ત્રણ આદમીઓ યાક પર સવાર થઈને ત્રણ અલગ અલગ જગાએ પહોંચ્યા હતા.

એ કેસીની કાબેલિયત હતી. અહીં તેણે ત્રણ ઠેકાણાંના ઓપ્શન આપ્યા હોય અને પોતે એ ત્રણ પૈકી કોઈ એક જગાએ હોય અથવા ન પણ હોય.

વખારમાંથી નીકળેલા ત્રણ પૈકી એક યાક સવાર કુનિયાંગ બજારમાં આવેલ હેન્ડીક્રાફ્ટની એક દુકાને પહોંચ્યો હતો. તબેલાઓથી અડધો કિલોમીટર છેટે તિબેટી ગાલીચાનો ધંધો કરતા હેન્ડીક્રાફ્ટ હાઉસમાંથી વળી બીજો એક આદમી નીકળ્યો અને એ ત્સાર-વો પહોંચ્યો. ત્યાં તે એક ભરવાડને મળ્યો અને એ ભરવાડ ટહેલતો હોય તેમ આ ત્રીજા તબેલા પાસે આવીને ઊભો રહ્યો અને અંદરથી આવેલા એક આદમી સાથે કશીક વાત કરીને ચાલતો થયો.

બીજા બે યાક સવારોનો પીછો કરીને એવી બીજી બે જગા જાણવા મળી હતી. મેજરે ત્રણેય જગાઓના ફોલોઅપ લીધા એથી એ વધુ ગૂંચવાયો. કશું કાચું ન કપાય એ માટે ત્રણેય જગાએ રેડ પાડવાની તેણે યોજના ઘડી કાઢી.

ક્યાંયથી કશું જ મળ્યું નહીં એથી મેજરની હાલત વધારે કફોડી થઈ.

મેજરનું નસીબ એ દિવસે બરાબર વંકાયું હતું. તિબેટની આઝાદીનો મતવાલો, જેની શહાદતનાં રૌદ્ર ગીતોથી તિબેટીઓનાં મડદાં ય બેઠાં થઈ જતાં એ શહીદ સરદાર યોદોન ત્સોરપેનો વારસ અને મુક્તિવાહિનીનો સૂત્રધાર કેસાંગ ખુદ તેના કબજામાં હતો. દેહાતી પહેરવેશમાં મુફલિસની માફક ગમાર જેવો ચહેરો કરીને ભોંય પર ઊભડક બેઠો હતો અને કોઈ તેને ઓળખતું ન હતું!

રિજન્ટ હાઉસમાં લવાયેલા એ સૌએ રડારોળ કરી મૂકી. થોડી જ વારમાં ખામ્પાઓના ટોળા રિજન્ટ હાઉસ પહોંચીને શોરબકોર કરવા લાગ્યાં. તબેલાઓ ભાડાપટ્ટે રાખનારા એક જમીનદાર ખામ્પાએ પકડાયેલા સૌ પોતાના માણસો હોવાનું કહ્યું અને તેમની ઓળખના

પુરાવા ય રજૂ કર્યા. મજૂરી કરી ખાતા નિર્દોષોને ચીનાઓએ કોઈ કારણ વિના માત્ર શંકાના આધારે પકડ્યા છે એવી ભારપૂર્વકની રજૂઆતો પછી પોતાલા પેલેસના બૌદ્ધ સાધુઓએ પણ તેમને છોડી મૂકવા રિજન્ટને અપીલ કરી.

પણ મેજર ટસનો મસ થતો ન હતો.

ત્રણેય જગાએથી કેસી અને તેના પાંચ આદમી સહિત કુલ 21 તિબેટીઓ પકડાયા હતા. જીવ ઉપર આવી ગયેલા મેજરે જાતજાતના સવાલો ખડા કર્યા હતા. દરેકના ઓળખના પુરાવા, રહેઠાણની ખાતરી, સગાં-સંબંધીની ઓળખાણ, કામકાજનાં સ્થળ, દર છ મહિને પ્રોવિન્સ ઓફિસમાં લેવાતી હયાતીની નોંધ વગેરે બધું જ ચકાસ્યું હતું. વગડામાં યાક ચરાવતા ખાનાબદોશ ભરવાડો સિવાય દરેકની હયાતીની નોંધ પણ મળી આવી.

તો ય મેજર હજુય છાલ છોડતો ન હતો. તેની છઠ્ઠી ઈન્દ્રિય પોકાર કરી-કરીને કહેતી હતી કે જે કંઈ ભેદ છે એ અહીં જ છે. બપોર પછીનો અડધો દિવસ, આખી રાત અને બીજો અડધો દિવસ વીતી ગયો. ખામ્પાઓના શોરબકોર હવે વિધિવત્ દેખાવોમાં પરિણમવા લાગ્યા હતા. મુખ્ય બજારોમાં ચીનની જોહુકમી સામે બેનરો લાગવાં માંડ્યાં હતાં.

મેજર વધુ એક વાર બીજા કાફલા પાસે ત્રણેય સંદેહાત્મક સ્થળોની જડતી લેવડાવવાનો વિચાર કરી રહ્યો હતો એ જ વખતે બીજી એક ઘટના બની.

લ્હાસાથી દક્ષિણે ગેન્દોન વિહાર પાસેથી પસાર થઈ રહેલા લશ્કરી કાફલાએ ખુલ્લા ખેતરમાં આઠ-દસ આદમીઓને જોયા. તેમની તલાશી લેવા માટે ઊભા રહેવાનો હુકમ થયો તો એ લોકો નાસવા લાગ્યા. લશ્કરી આદમીઓએ પીછો કર્યો તો એ લોકોએ ફૌજી કાફલા પર આડેધડ ગ્રેનેડ ફેંક્યા તેમાં ચાર ફૌજી માર્યા ગયા અને શકમંદ લોકો નાસી છૂટ્યા.

એ ઘટનાથી ભરમાઈને મેજરે તેના પર ધ્યાન કેન્દ્રિત કર્યું અને તિબેટીઓની નારાજગી વધુ પ્રસરે એ પહેલાં આ લોકોને છોડી મૂકવાનો આદેશ કરી દીધો.

*** *** ***

પૂરા સત્યાવીસ કલાક પછી હિરન, પ્રોફેસર, ત્વરિત, છપ્પન અને ઝુઝારનો છુટકારો થયો ત્યારે એ દરેકની હાલત અત્યંત કફોડી હતી. છાતીસમાણાં પાણીમાં ઊભા રહીને ચામડી ફદફદી ગઈ હતી. વર્ષોથી બંધ રહેલાં બારણાના સજ્જડ થઈ ગયેલા મિજાગરાની માફક દરેકના સાંધામાંથી કડેડાટી બોલી રહી હતી. અપૂરતા ઓક્સિજનને લીધે ફેફસાંને આકરો શ્રમ પડ્યો હતો અને શ્વાસનળી પર સોજો ચડી જવાથી દરેકને સૂકી ખાંસી શરૂ થઈ ગઈ હતી.

કેસી અને ગેરિલાઓ સાથે જ ઝડપાયેલો ઉજમ પાછો ફરીને તરત એ સૌની સારવારમાં લાગી ગયો હતો. બહાર હજુ પણ જાપ્તો હટ્યો ન હતો એટલે રોજિંદી પ્રવૃત્તિ જેવો જ દેખાવ કરીને સૌની હાજરી છાવરવાનું ભારે કસોટીભર્યું હતું.

એ દિવસે માંડ સાંજ ઢળી. જડતી દરમિયાન કેપ્ટન ફેંગ લ્યુના કાફલાએ ઘાસની ગંજીઓ આડેધડ ફેંદીને ખોલી નાંખી હતી. પાણી અને માટીમાં ખરડાયેલી ગંજીનો વહેલી તકે નિકાલ કરી દેવો જરૂરી હતો એમ કહીને જાપ્તાના આદમીઓની હાજરીમાં જ હાથલારી પર ઘાસના પૂળા ગોઠવાવા લાગ્યા. બે ગાડી ભરાતી જોયા પછી ફૌજી ય તડાકે ચડ્યા અને એમ હાથલારીના કુલ આઠ ફેરા થયા ત્યારે માંડ ઘાસનો નિકાલ થયો.

*** *** ***

'એની ક્લ્યુ?' હિરને ઉચાટભર્યા અવાજે પૂછી લીધું.

ભારે ફફડાટ અને હામ તોડી નાંખે તેવા તીવ્ર તણાવના પાંત્રીસ કલાક પછી છુટકારો થયો હતો તો ય નવા પડાવ પર પહોંચીને આરામ કરવાને બદલે પ્રોફેસર કામે લાગી ગયા હતા અને ત્વરિત તેમની સહાયમાં જોડાયો હતો.

ઘસઘસાટ ઊંઘી ગયેલી હિરન થોડી થોડી વારે ઝબકીને જાગી જતી હતી અને પ્રોફેસર તરફ આશાભરી નજર ફેરવી લેતી હતી.

'ઈટ્સ નોટ ધેટ મચ ઈઝી, માય ગર્લ...' અહીં સુધીની કારમી દડમજલ, એક પછી એક બનતી જતી તોફાની ઘટનાઓ, તીવ્ર તણાવ અને પારાવાર સંઘર્ષ વચ્ચે પ્રોફેસરનો ચહેરો વધુ ફિક્કો લાગતો હતો પણ તેમની આંખોમાં હજુ ય એવી જ આગ તગતગતી હતી...

- અને હવે તેમાં આનંદની પહેલી લહેરખી ય ભળી હતી.

તેમનું અનુમાન સાચું જ હતું. આદ્ય શંકરાચાર્યે લખેલ શ્વેતાશ્વતર ઉપનિષદ વિશેનું ગાયબ થયેલું મનાતું ભાષ્ય આખરે તેમણે ખોળી કાઢ્યું હતું, પણ એ તેમનો ઉદ્દેશ ન હતો. એ તો ઉદ્દેશ ભણી લઈ જઈ શકતો સંભવિત સંકેત હતો કદાચ...

શ્લોકોને તેમણે ક્રમાનુસાર ગોઠવવા માંડ્યા. મોટાભાગના શ્લોકોની ભાષા, સ્ફુટ થતો અર્થ તત્ત્વચિંતન સંબંધિત જ હતો, પરંતુ કેટલાંક શ્લોક તેમને અસંબદ્ધ લાગતા હતા. સિત્તેરેક જેટલાં જર્જરિત પાનાંમાં વચ્ચેનાં બે પાનાં એવાં હતાં જેની ભાષા પ્રાચીન સંસ્કૃતની ગૂઢતાની સરખામણીએ થોડીક હળવી બનતી લાગતી હતી. છંદબદ્ધ શ્લોકના સ્થાને અહીં ગદ્ય વાક્યો વધુ હતાં.

પ્રોફેસરની સૂચનાને અનુસરતો ત્વરિત પણ આ ભેદથી તાજુબ થતો હતો.

શક્ય છે કે એ મૂળ હસ્તપ્રતનો ઉતારો કરનાર લહિયાની ભૂલ હોય. શક્ય છે કે એ બે પાનાં આ હસ્તપ્રતનાં હોય જ નહીં અને ગફલતથી આ બાંધામાં મુકાઈ ગયાં હોય.

પ્રોફેસરે શંકાસ્પદ શ્લોકોની અલગ નોંધ કરીને હસ્તપ્રતનું બીજું પોટલું ખોલ્યું એ સાથે તાજુબીનું ય નવું પ્રકરણ ખૂલ્યું.

આજથી છવ્વીસ સો વર્ષ પહેલાં થઈ ગયેલા મહાન અવકાશભૌતિકશાસ્ત્રી વરાહમિહિરે લખેલ બૃહદ્સંહિતાના ગાયબ થયેલાં ત્રણ પ્રકરણોની નોંધ તેમાં હતી. આ હસ્તપ્રતોનો કોઈકે અભ્યાસ કર્યો હોય તેવું ય લાગતું હતું, કારણ કે કેટલાંય શ્લોકની નીચે પેન્સિલથી અત્યંત ઝાંખી અન્ડરલાઈન ક્યાંક દેખાતી હતી. ક્યાંક તિબેટી ભાષામાં કશુંક નોંધાયેલું હોય તેમ પણ લાગતું હતું. મેગ્નિફાઈંગ લેન્સ વડે પ્રોફેસર હસ્તપ્રતના અત્યંત પુરાણા કાગળનો એક-એક અક્ષર ચકાસી રહ્યા હતા. અચાનક એ અટક્યા. ફાટી આંખે ત્વરિતની સામે જોયું. ફરીથી લેન્સ ધર્યો.

'કેસીઈઈઈઈઈ....' તેમના ચહેરા પર અફાટ ઉન્માદ તરી આવ્યો અને સ્થળ-કાળનું ભાન ભૂલીને ગળામાંથી ચીસ નીકળી ગઈ.

બહાર પડાળીમાં તાન્શી અને બીજા ગેરિલાઓ સાથે બેસીને કશીક ચર્ચા કરી રહેલો કેસી હાંફળોફાંફળો અંદર ધસી આવ્યો ત્યારે પ્રોફેસર હસ્તપ્રતનું ફીંડલું લઈને તેની સામે જ ઊભા રહી ગયા હતા.

'આ શું છે, વાંચ તો...' પ્રોફેસરે તેની સામે હસ્તપ્રત ધરી દીધી.

'આ તો...' કેસીએ સહેજ અજવાસમાં હસ્તપ્રત ખસેડીને ઝીણી આંખે જોયું,

'મને ક્યાંથી આવડે, આ તો સંસ્કૃતમાં છે...'

‘એ નહીં…’ પ્રોફેસરે મેગ્નિફાઈંગ લેન્સ ધરીને કેટલીક લાઈન પર આંગળી ચીંધવા માંડી, ‘આ જો… આ પેન્સિલથી કરેલા ઝાંખાં માર્કિંગ… આ કેટલીક ફૂટનોટ જેવી નોંધ… મને લાગે છે કે એ તિબેટી ભાષામાં છે.’

‘હા…’ વધુ એકાગ્રતા કેળવવા જતા કેસીની ભ્રૂકુટી તણાઈ આવી, ‘છે તો તિબેટી ભાષા જ, પણ લિપિ જૂની છે. અહીં એક જગાએ રિ. યુ. એવી કોઈક મિતાક્ષરી સહી જેવું લાગે છે.’

‘ઓકે…’ પ્રોફેસરે તરત ત્વરિતને એ મિતાક્ષર નોંધવા ઈશારો કર્યો અને મેગ્નિફાઈંગ લેન્સ સહેજ ઉપર ખસેડ્યો, ‘આ શું લખ્યું છે?’

‘ઝેત્સેંલેન્ગ દોઈલુગ્ઝુબ કાઉ સા રિન્દેમ ગ્યા કુન્દામ.’ કેસી નવા નિશાળિયાની માફક એક-એક શબ્દ છુટ્ટો પાડીને બોલી રહ્યો હતો, ‘રિન્દેમ મઠ સિવાય પ્રત્યેક માટે આ પ્રતિબંધિત કરવું.’

‘અને આ…?’ કેસીના ભાષાંતરના એક-એક શબ્દે પ્રોફેસરના અવાજનો કંપ ઊંચકાતો જતો હતો.

‘શ્યે ત્સાં સુદ નોર્બુલિંગ્કા… તમામ ગ્રંથો નોર્બુલિંગ્કા ખાતે કોઈ એક જ જગાએ ખસેડવા અને નોર્બુલિંગ્કામાં શ્ત્સેલિંગ્કા ખાતે…’

‘એટલે?’ ઉન્માદનો લાલઘૂમ રંગ પકડી રહેલા પ્રોફેસરના ગોરા, ફિક્કા ચહેરા પર કશ્મકશ તરી આવી.

‘એટલે…’ કેસીએ ફરીથી એ લાઈન વાંચી, ‘અહીં એવું કંઈક કહેવાયું છે કે બધા જ ગ્રંથો નોર્બુલિંગ્કા ખાતે મૂકવા.’

‘નોર્બુલિંગ્કા એટલે?’

‘નોર્બુલિંગ્કા એટલે…’ કેસીની આંખો ઘડીક મીંચાઈ. તેના હોઠ ઘડીક ફફડ્યા, ‘એ પરમપવિત્ર દલાઈ લામાનો મહેલ છે, જ્યાં…’ ફરીથી તે ખચકાયો. તેની આંખો મીંચાઈ અને ફરીથી અસ્ફુટપણે કશુંક બબડીને તેણે પ્રોફેસરની સામે જોઈને ઉમેર્યું, ‘જ્યાં પવિત્ર ધર્મસત્તાના પ્રતીક સમો દલાઈ લામાનો ક્રાઉન અને છડી રાખવામાં આવ્યાં છે.’

‘તો આ બીજો શબ્દ શ્ત્સેલિંગ્કા શું છે?’

‘એ…’ પ્રોફેસર કેસીને એકધારા તાકી રહ્યા હતા. તેમની નજરના તાપથી કેસી ઘડીક થોથવાઈ ગયો, ‘ઈટ્સ પ્યોર તિબેટી વર્ડ. આઈ કાન્ટ એક્સ્પ્લેઈન એક્ઝેક્ટ મીનિંગ, પણ તેનો અર્થ એવો થાય કે ઉનાળાની ગરમી વખતે ઠંડક આપતી ટેકરી… યાને સમરહિલ.’

‘અને એ પછીનું વાક્ય?’

‘એ કશીક કવિતા જેવું લાગે છે… જેનો અર્થ મને કદાચ નહીં આવડે… કદાચ.. ’ કેસીએ થોથવાતા અવાજે તિબેટી વાક્ય વાંચ્યું અને બોલવા માંડ્યું, ‘આખી દુનિયાનું વૃક્ષ મારામાંથી નીકળે છે… મારી ફેઈમ યાને પ્રતિષ્ઠા પર્વત જેવી છે… બહુ વિચિત્ર ભાષા છે આ..’ કેસીએ કંટાળાના ભાવે પ્રોફેસરની સામે જોયું. હિરન હજુ ય પ્રોફેસરના દિમાગમાં ઝડપભેર બદલાતા ભાવ પકડવા મથતી હતી. ત્વરિત હજુ ય દંગ થઈને ફાટી આંખે જોઈ રહ્યો હતો.

- અને પ્રોફેસરે મોટા અવાજે નાના બાળકની માફક ખુશહાલ અવાજે બોલવા માંડ્યું, ‘જ્ઞાનનો પ્રકાશ મારું રક્ષણ કરે છે… સુમેધા અમૃતોક્ષિત:,’

કેસી તાજુબીભેર જોઈ રહ્યો અને પ્રોફેસરે બેય હાથ હવામાં આકાશ તરફ ફેલાવીને બંધ આંખે ગરદન ઊંચકી દીધી.

*** *** ***

'એક શ્લોકના આધારે તમે કેવી રીતે કહી શકો કે તમારે જોઈએ છે એ જ પ્રાચીન વિદ્યાની આ વાત છે અને એ જ શ્ત્સેલિંગ્કા ખાતે હોવી જોઈએ?'

બપોરના ભોજન પછી કેસી, તાન્શી અને હિરને પ્લાનિંગ વિચારવા માંડ્યું હતું ત્યારે પણ પ્રોફેસર અને ત્વરિત હસ્તપ્રતોના અભ્યાસમાં લાગેલા હતા.

ત્વરિતને હજુ ય પ્રોફેસરનો ઉન્માદ ગળે ઊતરતો ન હતો. આદ્ય શંકરાચાર્યે શ્વેતાશ્વતર ઉપનિષદ પર લખેલા ભાષ્યના અધૂરાં પાનાઓમાં તત્ત્વચિંતનની વાત હતી. બૃહદ્સંહિતામાં પણ અવકાશ અને ખગોળ વિજ્ઞાનનો જ ઉલ્લેખ હતો. તો પછી પ્રોફેસર ક્યા આધારે ખાતરીપૂર્વક કહી રહ્યા હતા?

'ઈટ્સ અ લોંગ સ્ટોરી..' પ્રોફેસરે ચશ્માં ઉતારીને ત્વરિતની સામે જોયું. પ્રોફેસરની આંખોમાં પરમ સંતૃપ્તિનો ભાવ હતો. સફરની ગડમથલના સ્થાને હવે મંઝિલ તરફ પહોંચવાની અદમ્ય ઉતાવળ અંકાઈ રહી હતી.

'તું મૂર્તિવિધાન તો ભણ્યો છે, રાઈટ?' તેમણે ત્વરિતના અસમંજસભર્યા ચહેરા તરફ તાકીને પૂછ્યું, 'સાપેક્ષ અને સંકેત પ્રતિમા વચ્ચેનો ભેદ તો તને યાદ જ હશે.'

'અફકોર્સ યસ..' ત્વરિતે તરત જવાબ વાળ્યો, 'સંકેત પ્રતિમામાં રેખાઓ, લિપિઓ કે કશીક આકૃતિઓ વડે ગૂઢ સંકેત આપવામાં આવે જ્યારે સાપેક્ષ પ્રતિમા એકથી વધુ હોય, ક્યારેક આવી પ્રતિમાઓની આખી શ્રેણીય હોય. એવી દરેક પ્રતિમામાં છુપાયેલા અધકચરા કે અડધા સંકેતોને એકમેક સાથે જોડીને આખી કડી મેળવી શકાય.' ત્વરિતે ઉત્સાહભેર પોતાની આવડત દર્શાવી દીધી.

'ગૂડ..' પ્રોફેસરે હકારમાં ગરદન હલાવી, 'સંકેત પ્રતિમા અને સાપેક્ષ પ્રતિમાનું એક જાણીતું એક્ઝામ્પલ આપી શકે?'

'અશોકનો શીલાલેખ એ સંકેત પ્રતિમાનો જ એક પ્રકાર છે જ્યારે ગયાના બૌદ્ધવિહારમાં જન્મ, જરા, વ્યાધિ અને મૃત્યુની સ્થિતિ વર્ણવતી સોળ પ્રતિમાઓ સાપેક્ષ છે. કોણાર્કમાં સૂર્યમાળાનું સ્થાન દર્શાવતી 48 પ્રતિમાઓ પણ સાપેક્ષ છે'

'એક્ઝેક્ટલી...' પ્રોફેસરે પોતાના બેકપેકમાંથી કેટલીક તસવીરોની થોકડી ફંફોસીને એક તસવીર કાઢી, 'છપ્પન મારફત મેં ઉઠાવેલી આ આઠમી મૂર્તિ ધ્યાનથી જો...' તેમણે ઉજાસમાં એ તસવીર મૂકી, 'મૂર્તિની નીચે તૈત્તિરીય સંહિતાનો શ્લોક છે, પણ મૂર્તિના ચહેરા પર ડાબા ગાલે કશુંક વર્તુળ દેખાય છે?'

'યસ..' મેગ્નિફાઈંગ લેન્સ વડે ધ્યાનથી નીરખી રહેલા ત્વરિતની આંખોમાં ચમક આવી, 'ડાબા ગાલ પર વર્તુળ છે. ખભા પર તીર જેવું ય કશુંક વર્તાય છે. કોણીના સ્થાને અર્ધત્રિકોણ છે..' તેણે લેન્સ હટાવીને પ્રોફેસરની સામે જોયું, 'તેનો શો અર્થ થાય?'

'ઈટ્સ ધ બ્રેઈન ઓફ અવર માસ્ટર એન્સેસ્ટર્સ...' પ્રોફેસરે હસ્તપ્રતનો થોકડો બાજુ પર મૂકીને પગ લંબાવ્યા અને ગરદન ઊંચકીને હવામાં તાકતાં કહ્યું, 'કદાચ આદ્ય શંકરાચાર્ય... કદાચ એક આખી પરંપરાની વિલક્ષણ બુદ્ધિનું એ પરિણામ છે કે હજારો વર્ષ પછી, આટઆટલી ઉથલપાથલ પછી ય પ્રાચીન જ્ઞાનને આપણે સાચવી શક્યા છીએ.'

'છ-સાત હજાર વર્ષ પુરાણા વેદ આપણે પેઢી દર પેઢી શ્રુતિ (સાંભળીને), સ્મૃતિ (યાદ રાખીને) અને કંઠસ્થ કરીને સાચવી જાણ્યા. એક પરંપરા, જેને આજના સંદર્ભમાં કહું તો, એક આખી

સ્કૂલ એવી હતી જે પેઢીઓ સુધી ફક્ત સામવેદની જ જાળવણી કરે. એવી જ બીજી સ્કૂલ, બીજી પરંપરા વારસાગત રીતે ફક્ત ઋગ્વેદ જ યાદ રાખે. તેની નકલો ઉતારે. હું બે લીટીમાં આ વાત બોલી ગયો, પણ કેટલી પેઢીઓએ એકધારી નિષ્ઠાથી કેવી જહેમત ઉઠાવી હશે તેનો અંદાજ તું માંડી શકે છે?

પ્રોફેસર જરા વાર માટે અટક્યા. બોટલમાંથી પાણીનો ઘૂંટ ભરીને ગળા નીચે ઉતાર્યો અને ફરીથી વાત માંડી.

'હજારો વર્ષ પછી પણ સામવેદની ઋચાઓનો એક નાનકડો સ્વરભાર સુધ્ધાં બદલાય નહીં, ઋગ્વેદના આખા ને આખા મંડલ આપણને યથાવત્ મળે એ સિદ્ધિ કંઇ નાનીસૂની નથી. ઈટ્સ અ મિરેકલ ઓફ ઓલ ધ મેનકાઈન્ડ હિસ્ટરી. એવો જ બીજો ચમત્કાર એટલે આ ગુપ્તવિધાઓની જાળવણી માટેની આબાદ તરકીબો અને એ મેળવવા માટેના અદ્ભૂત સંકેતો.'

'દશનામીઓ, એકદંડીઓ, કૌંઢ્યો વગેરેના માધ્યમથી તેમણે સમગ્ર વિધાને આખા ય દેશમાં વહેંચી નાંખી, કારણ કે કોઈ એક જગ્યાએ એ જાળવવાનું અશક્ય હતું, પરંતુ તો પછી કોઈ સુપાત્રને એ વિધા વિશે જાણવું હોય તો? સરળ બુદ્ધિના સંસારીઓ માટે કે નિમ્ન બુદ્ધિના જડસુઓ માટે આ વિધા ત્યાજ્ય હતી પરંતુ શક્ય છે કે સદીઓ પછી કશીક એવી સમાજવ્યવસ્થા આકાર લે જેમાં આ વિધાઓ સમગ્ર માનવજાત માટે ઉપયોગી પણ નીવડે. શક્ય છે કે સેંકડો વર્ષોનો દેશ-કાળ બદલાયા પછી કોઈક એવી પરંપરાનું ઘડતર થાય જે આ વિધાઓ મેળવવા માટે લાયક હોય.'

'દીર્ઘદૃષ્ટિના સાક્ષાત્ અવતાર સમા આધ શંકરાચાર્યે તેનો ય વિકલ્પ વિચારી રાખ્યો હતો. એ માટે તેમણે મૂર્તિવિધાનની કલા અને સંકેત-સાપેક્ષ પ્રતિમાઓની તરકીબોનો ઉપયોગ કર્યો. ભાસ્કરાચાર્યનાં સૂત્રોએ મને બખ્શાલી હસ્તપ્રત સુધી દોર્યો અને બખ્શાલી હસ્તપ્રતમાં ગણિતનાં સૂત્રોમાં વણાયેલો ભેદ ઉકેલીને હું મૂર્તિઓ સુધી પહોંચ્યો. એક મૂર્તિએ મને બીજી મૂર્તિનું ઠેકાણું ચીંધ્યું અને એમ મેં કુલ 64 મૂર્તિઓ ઉઠાવી.'

'આમ છતાં કેટલીક મૂર્તિઓ એવી હતી જેના કેટલાંક સંકેતો ઉકેલાતા ન હતા. ક્રમ મુજબ એ દરેક મૂર્તિ 8મી, 16મી, 24મી, 32મી, 40મી, 48મી, 56મી અને 64મી છે. આઠના ગુણાંકમાં રહેલો આ ક્રમનો નિયત અંતરાલ શું દર્શાવે છે એ હું સમજી શકતો ન હતો. આજે મને લાગે છે કે, હું તેનો પાર પામવાના આરે આવીને ઊભો છું.'

એકધારું બોલીને પ્રોફેસરે ઊંડો શ્વાસ લીધો, પણ ત્વરિતની આંખોમાં પારાવાર અચંબો હતો. તે કશું ય બોલ્યા વગર વિસ્ફારિત આંખે પ્રોફેસરને તાકી રહ્યો.

'આ હસ્તપ્રતો પર થયેલી નોંધમાં પણ તૈત્તિરીય સંહિતાના એ જ શ્લોકનું ભાષાંતર હોય એ દર્શાવે છે કે રિ.યુ. નામથી નોંધ કરનાર એ વ્યક્તિ આ દરેક વિધાઓ પામી ચૂક્યો છે. એ એવું કશુંક જાણે છે જે 8થી 64 સુધીની કુલ 8 પ્રતિમાઓનાં અર્થઘટનમાં હું નથી જાણી શક્યો. આપણે તેના સુધી પહોંચવું રહ્યું.'

'પણ..' ત્વરિત દિગ્મૂઢ થઈને પૂછી રહ્યો હતો, 'આ નોંધ તો અતિશય જૂની હોવાનું લાગે છે. શક્ય છે કે એ રિ.યુ. નામની વ્યક્તિ અત્યારે જીવિત ન પણ...'

'સામવેદનો સ્વરભાર કોઈ એક વ્યક્તિએ સાચવ્યો ન હતો...' પ્રોફેસરે તરત જવાબ વાળી દીધો, 'ઋગ્વેદની ઋચાઓ કોઈ એક વ્યક્તિએ કંઠસ્થ કરી ન હતી. વી ધ ઈન્ડિયન બીલિવ ઈન ટ્રેડિશન. આપણે પરંપરાના વાહકો છીએ માટે જ હજારો વર્ષો પછી ય આપણી જીવનશૈલી તરોતાજા છે, કારણ કે વ્યક્તિ નાશવંત છે, પરંપરા તો અવિરત વહેતી રહે છે.

રિ.યુ. વ્યક્તિ કદાચ નહીં હોય, પણ એ પરંપરા આપણી મદદ કરી શકે...'

*** *** ***

તિબેટી ભાષામાં રિન્દેમ એટલે બંડખોર.

ભગવાન ગૌતમ બુદ્ધે આપેલા ઉપદેશના કાળક્રમે બે ફાંટા પડ્યા હતા: મહાયાન અને હીનયાન. મહાયાન એટલે વિરાટ ચક્ર, જે અનેક લોકોને આ સ્થૂળ, ભૌતિક તેમજ નાશવંત મોહથી પાર કરીને સૂક્ષ્મ, શાશ્વત જ્ઞાન તરફ લઈ જાય. હીનયાન એટલે લઘુચક્ર, જે થોડાંક જ સુપાત્રોને જ્ઞાનની ચરમસીમા સુધી લઈ જાય.

ગૌતમ બુદ્ધની હયાતીમાં જ કેટલાંક બૌદ્ધ સાધુઓએ કેટલીક નિષેધાત્મક વિધિઓ, વિદ્યાઓની ઉપાસના શરૂ કરી હતી. મુખ્યત્વે મહાયાનના સમર્થક તિબેટમાં પણ એવા સાધુઓ હતા. આવા સાધુઓના સમૂહ રિન્દેમ તરીકે ઓળખાતા.

લ્હાસા સિટીથી ઉત્તરે દામઝોંગની પહાડીઓ અને નામ-કૂ સરોવરના કાંઠે આવેલો રિન્દેમ મઠ સાવ એકાકી, અટૂલો અને કોઈ અવરજવર વિહોણો હતો... દુનિયાથી તરછોડાયેલા આદમી જેવો કે પછી જાતે જ દુનિયાને તરછોડીને પોતાના મત પર એકલા ઊભેલા જક્કી પ્રબુદ્ધ જેવો...

પહાડીઓના ઢોળાવ પર ઝાડીઝાંખરાંની વાડ વચ્ચે આવરેલું મોટું ચોગાન, ચોગાનની બરાબર વચ્ચે પથ્થરમાંથી કોરેલું વિરાટ કદનું ધર્મચક્ર, ધર્મચક્રની સામે સાંકડી આડશ રચીને બનાવેલો મંડપ, મંડપની વચ્ચે સતત જલતી વેદી અને વેદીમાંથી સ્ફુટ થઈને આસપાસની નીરવ સ્તબ્ધતાને વલોવી નાંખતો જાપ...

વલ્લઉ મણિપદ્મે હૂમ... વિસસ્તરઉ મણિપદ્મે હૂમ... વ્યતરઉ મણિપદ્મે હૂમ

વલ્લઉ... વિસસ્તરઉ.. વ્યતરઉ...

અસત્યમાંથી સત્ય તરફ, અંધકારમાંથી ઉજાસ તરફ, નાશવંતમાંથી શાશ્વત તરફ લઈ જતા જ્ઞાનના ઉજાસની પરંપરાગત ભારતીય કામના અહીં તિબેટી સ્વાંગ ઓઢીને અડીખમ બેઠી હતી....સદીઓથી.

પાંદડું ખરે તો ય અવાજ સંભળાય એવી ગાઢ શાંતિ વચ્ચે ઘેરા લાલ રંગનું ઉપરણું ઓઢેલા એક જૈફ સાધુ લાકડાની કોટડીમાંથી બહાર આવ્યા. ધ્રૂજતા હાથે વેદીને પ્રણામ કર્યાં અને પછી બાજુના ઓરડા ભણી ડગમગાતા કદમે આગળ વધ્યા.

પથ્થરની પગથાર પર ઘસાતી તેમની લાકડાની ચાખડીના અવાજથી એક યુવાન ભિખ્ખુ દોડતો પરસાળમાં આવ્યો અને કઠેડાને અડીને અદબભેર ઊભો રહી ગયો.

'કોણ?' ડાબા લમણે દુશાલો ધરીને એ જૈફ સાધુએ સફેદ પાંપણો તળે આંખ સ્થિર કરી, 'રિન્દેમ ગુયાંગ?'

જવાબમાં એ યુવાન ભિખ્ખુએ આદરભેર ડોકું હલાવ્યું અને શરીરને વધુ સંકોર્યું. ભાગ્યે જ કોટડીમાંથી બહાર આવતા આ વરિષ્ઠ લામાની હાજરીથી તેને કુતૂહલ પણ જાગતું હતું અને અવઢવ પણ.

'આહુતિ આપીને વેદી પ્રજ્વલિત કરાવી દે..' અવાજના કંપને લીધે અંદાજ નહોતો આવતો કે એ જૈફ લામાને ખરેખર બોલવામાં શ્રમ પડી રહ્યો છે કે ઉંમરને લીધે અવાજ તરડાયો છે, 'અને નીચેના ભોંયરામાંથી નકશાનાં ફીંડલાં મારી કોટડીમાં મુકાવ...' પછી તેમણે ભિખ્ખુની આંખમાં આંખ પરોવીને સ્મિત વેરતાં ઉમેર્યું, 'આજે કેટલાંક મહેમાન આવી રહ્યા છે...'

આટલું કહીને તેઓ આવ્યા હતા એવી જ સ્વસ્થતાથી કોટડી ભણી જતા રહ્યા. ભિખ્ખુ સ્તબ્ધ તાજુબીથી તેમને જોઈ રહ્યો.

અહીં ભાગ્યે જ કોઈ આવતું. અહીં ભાગ્યે જ કશું બનતું. અને છતાં ય આ વયોવૃદ્ધ લામાનાં અંતરચક્ષુ વ્યક્તિ કે ઘટનાના દરેક આગમનની બહુ પહેલાં આગાહ કરી લેતાં હતાં.

તેણે બંધ આંખે નમસ્કારની મુદ્રામાં હાથ જોડીને વંદન કરી દીધાં.

*** *** ***

તબેલા પર છાપો માર્યા પછી ય નિષ્ફળ ગયેલો મેજર ક્વાંગ યૂન હવે મરણિયો બન્યો હશે તેમાં કોઈ શંકા ન હતી. તબેલા સુધી એ પહોંચ્યો તેનો એક જ અર્થ થાય: કેસીના ચક્રવ્યૂહમાં કોઈક રીતે ઘૂસ મારવામાં એ સફળ થયો હતો.

કેસીએ જૂની તમામ લિન્ક વિખેરીને નવા લોકોને કામે વળગાડી દીધા હતા. લાકાન્ગ મોનેસ્ટરી તરફ જતા હાઈ-વે પર આવેલ આ મકાન તેણે સત્વરે ખાલી કરવાનું હતું. પ્રોફેસરનો સામાન પેક થયો એ પહેલાં છપ્પન, ઝુઝાર, હિરન અને તાન્શીને મુક્તિવાહિનીના બીજા આદમીઓ સાથે રવાના કરી દેવાયા હતા.

શ્ત્સેલિંગ્કા તરીકે ઓળખાતી ટેકરી એ વિરાટ, ભવ્ય પોતાલા પેલેસનો એક હિસ્સો હતી. શોટોન ઉત્સવને લીધે સ્વાભાવિક રીતે જ અહીં ભારે કડક બંદોબસ્ત હતો. એ લોકોએ અહીં પહોંચતા પહેલાં ફરીથી શોટોન કલાકારોનો સ્વાંગ સજી લેવાનો હતો.

એ ટીમ રવાના થઈ તેના એક કલાક પછી જૂના મોડેલની ફોર્ડ ગાડી આવી અને કેસી તેમાં આગળ બેઠો. બૌદ્ધ સાધુ જેવા ઉપરણા-દુશાલામાં સજ્જ પ્રોફેસર અને ત્વરિત પાછળની સીટ પર ગોઠવાયા. આગળ જતા એ કાફલાની સાથે બીજાં ય ત્રણ-ચાર વાહનો જોડાયાં.

વિહાર પૂર્ણ કરીને પુન: લાંબા એકાંતવાસ પર જઈ રહેલા લામાના કાફલા જેવો એ દેખાવ હતો. અગાઉ ઝેંગ્પાના મઠમાં થયેલી ઉઠાંતરી જાહેર થઈ ગઈ હોય તેમ ધારીને કેસીએ પગપાળા કે બસની મુસાફરી ટાળી હતી.

લ્હાસાની મુખ્ય સડક ઊતરીને ગાડી નામ-કૂ સરોવર તરફ આગળ વધી. સરોવર વટાવ્યું ત્યાં સુધીમાં દેખાડા માટે સાથે જોડેલાં વાહનો એક પછી એક દૂર થતાં ગયાં અને સરોવર પાછળની ટેકરીઓ તરફ રિન્દેમ મઠ દેખાયો ત્યારે સડકના વળાંક પર ઊભેલા સફેદ વસ્ત્રો પહેરેલા એક બૌદ્ધ ભિખ્ખુએ ગાડી થોભાવી.

'ભારતથી આવેલા પ્રોફેસરનું આ વાહન છે?' કેસીએ કાચ ઉતાર્યા કે તરત અંદર મોં ખોસીને તેણે પૂછ્યું ત્યારે જાણે વીજળી પડી હોય તેમ સન્નાટો વીંઝાઈ ગયો હતો. કિરમજી ઉપરણમાં મોં છુપાવવા મથતા પ્રોફેસર અને ત્વરિતના ચહેરા પર ફડકની રેખાઓ ઉપસી આવી હતી. આઘાતથી બહેર મારી ગયેલો કેસી નેફામાંથી ગન કાઢે એ પહેલાં જ એ ભિખ્ખુએ એવા જ નિર્દોષ અવાજે ઉમેરી દીધું હતું, 'રિન્દેમ લામાએ પોતે જ સ્વાગત માટે મને અહીં ઊભો રાખ્યો છે!!'

'રિન્દેમ મઠમાં આપનું સ્વાગત છે.'

ખરલમાં ઘૂંટાતા પથ્થરના અવાજ જેવા ખરબચડા સ્વરે પાકટ વયના લામાએ તેમને આવકાર્યા ત્યારે સૌ સ્તબ્ધ થઈને તેમને જોઈ રહ્યા. અત્યાર સુધી પ્રોફેસરના મોંએ જેના વિશે ફક્ત વાતો જ સાંભળી હતી એ વિદ્યાઓના જીવંત અનુભવથી દરેકના હૈયામાં ધ્રાસકા પડવા માંડ્યા હતા.

'તમને ધ્રાસકો પડે છે એ હું સમજી શકું છું...' આગળના બે દાંત પડી ગયા હતા. ઉચ્ચાર સ્પષ્ટ

થતા ન હતા. છતાંય વૃદ્ધ લામાના અવાજમાં રહેલું હેતાળપણું અછતું રહેતું ન હતું, ‘સાધારણ રીતે હું સામે બેઠેલી વ્યક્તિના વિચારો વાંચીને તેમને ચોંકાવી દેવાનું પસંદ કરતો નથી, પણ પ્રોફેસર એ વિદ્યાના એક્સપર્ટ છે અને એ હેતુથી જ આવ્યા છે એટલે કહી રહ્યો છું.’

‘આમ તો આવનારા લોકો પરિચય આપે અને પોતાના આગમનનો હેતુ કહે એવો શિષ્ટાચાર હોય છે, પણ અહીં તેની જરૂર નથી...’ તેમણે ખડખડાટ હાસ્ય વેર્યું, ‘એટલે પહેલાં હું મારો પરિચય આપી દઉં. મારું નામ રિન્દેમ નામલિંગ. તમે અહીં આવવા વિશે વિચાર કર્યો એ જ વખતે તમારા વાઈબ્રેશન મારા સુધી પહોંચે એ કર્ણોયતિ વિદ્યાની એક શાખા છે!!’

પ્રોફેસર પગથી માથા સુધી કંપી ઊઠ્યા. પોતે આટલાં વરસથી આટલા ઉધામા કરીને પ્રાચીન સંપર્ક વિદ્યાનું ફક્ત લિસ્ટ ભેગું કરી શક્યા છે ત્યારે આ માણસ એ જ્ઞાન પચાવીને અહીં આટલી નિર્જન જગાએ શાંતચિત્તે બેઠો હતો.

‘યઃ અકર્ણઃ તદપિ શ્રુણોતિ સઃ કર્ણોયતિઃ...’ તેમણે ફરીથી પ્રોફેસરની સામે જોયું, ચહેરા પર રૂપકડું સ્મિત મઢાયું, ‘કાન વગર જે સાંભળી શકે છે એ કર્ણોયતિ છે. યઃ અચક્ષુઃ તદપિ પશ્યતિ સઃ સુદ્દશ્યોયતિઃ... જે આંખ વગર જોઈ શકે છે, કાન વગર સાંભળી શકે છે, સ્થળ પર હાજર ન હોય છતાં ય એકસાથે અનેક લોકોની હાજરીનો અનુભવ કરાવી શકે...’ આસન સહેજ નજીક ખસેડીને તેમણે પ્રોફેસરના ખભે હાથ મૂક્યો, ‘બોલો, શું જાણવું છે તમારે?’

પ્રોફેસરે એ જ ઘડીએ સજળ આંખે તેમને દંડવત્ પ્રણામ કરી લીધાં. કેસી અને ત્વરિત તરફ એવી જ ભાવસભર આંખે જોતાં રહીને રિન્દેમ નામલિંગ પ્રોફેસરના માથા પર હાથ પસવારતા રહ્યા.

‘તમે ભયાનક જોખમ ઉઠાવ્યું છે...’ ભાવવિભોર થઈ ગયેલા પ્રોફેસરને પોતાની સાવ પાસે બેસાડીને તેમણે કહેવા માંડ્યું. તેમનું અંગ્રેજી બિલકુલ સાફ હતું. ઉંમરની અસર અવાજમાં વર્તાતી હતી, પણ વિચારોની મક્કમતા યથાવત્ હતી, ‘દાયકાઓ પહેલાં જ્ઞાનની પ્રબળ ભૂખનો દોરવાયેલો રાહુલ સાંકૃત્યાયન અહીં આવ્યો હતો અને આજે હવે તમે આવ્યા છો...’

‘રાહુલની વાત અલગ હતી, પણ મારા માટે તો આ પ્રાચીન સંપર્ક વિદ્યા સાચી સાબિત કરવી એ અસ્તિત્વનો સવાલ છે’ પ્રોફેસરના અવાજમાં હજુ ય ભીનાશ છલકાતી હતી, ‘મને આ વિદ્યાનું પગેરું આપો. મારી સમગ્ર જિંદગી... તમારાથી હું કશું છાનું રાખી શકવાનો નથી એટલે પૂરી પ્રામાણિકતાથી કહું છું કે, મારી જિંદગીના છેલ્લા બે દાયકાઓની એક-એક ક્ષણ ફક્ત અને ફક્ત આ ધૂનમાં જ વીતી છે. હવે કાંઠે આવીને મને..’

‘તમારા વિશે મને કશું જ કહેવાની જરૂર નથી...’ નામલિંગે હાથ ઊંચકીને અધવચ્ચે જ પ્રોફેસરને રોક્યા, ‘મારા માટે ય આ વિદ્યા બહુ મોટો ભાર છે. અઢીસો વર્ષથી રિન્દેમ મઠ આ ભાર વહેતો આવ્યો છે. ભારતે આપેલા આ દૈવી જ્ઞાનવારસાનો હું છેલ્લો વાહક છું. હવે મારે એ જ્ઞાનનો યોગ્ય વારસદાર શોધવો પડે અથવા એ વિદ્યાનો નાશ કરવો પડે અથવા તો ભારતને એ પરત સોંપવી પડે. તમારા આગમન પછી હવે હું પણ સુખેથી મરી શકીશ...’

રિન્દેમ નામલિંગે દુશાલાથી ચહેરો લૂછ્યો. બોઝિલ બનતી જતી આંખો સહેજ ઘસી અને પછી શૂન્યમાં તાકીને ઘડીક મૌન થઈ ગયા. તેમની આંખોની ભીતર સદીઓનાં વહેણ એકધારો ઘૂઘવાટ કરતાં વહી રહ્યાં હતાં.

ભારતમાં ઈસ્લામિક સત્તા વધુ દૃઢ બની રહી હતી. નાલંદા વિદ્યાપીઠ ધ્વસ્ત થયા પછી પ્રાચીન ભારતીય જ્ઞાનના સંપુટો વેરવિખેર દશામાં ચીંથરેહાલ બનતા ઠેરઠેર ભમી રહ્યા હતા. છેવટે દશનામી, કૌંઢ્યો અને કૃષિકો પણ થાક્યા. પ્રબળ તાકાત ધરાવતી સલ્તનતો સામે ઝૂઝવાનું

તેમનું હવે ગજું ન હતું. સમય બદલાયો હતો અને બદલાયેલા સમયની ધાર વધુ ઘાતક બનતી જતી હતી.

દેશભરમાં વિરવિખેર રઝળતા જ્ઞાનવારસાને નાછૂટકે કાશ્મીર લાવવામાં આવ્યો. કાશ્મીરમાં એ ખજાનો લગભગ દોઢસો વર્ષ સુધી પડ્યો રહ્યો અને પછી જ્યારે ત્યાં પણ જોખમ ખડું થયું ત્યારે હિમાલય પાર કરીને તેને તિબેટ પહોંચાડવામાં આવ્યો.

અત્યંત ધર્મચુસ્ત તિબેટમાં બૌદ્ધ આજ્ઞા મુજબ કેટલીક વિદ્યાઓ પ્રતિબંધિત હતી, પરંતુ સાતમા દલાઈ લામા કેલ્ઝામ ગ્યાત્સો બહુ જ વિચક્ષણ હતા. કાપાલિક શાસ્ત્રનો હિસ્સો ગણાતી પ્રાચીન સંપર્ક વિદ્યાનું મહત્ત્વ તેઓ સમજ્યા. બૌદ્ધ ધર્મ પોતે એ શીખી શકે તેમ ન હતો, પણ રિન્દેમ પરંપરાના બૌદ્ધ લામાઓને તેનો છોછ ન હતો. તેમણે એ તમામ હસ્તપ્રતો, ભોજપત્રો અને તામ્રપત્રો રિન્દેમ મઠને સોંપી દીધાં.

રિન્દેમ લામાઓની ચાર પેઢીએ હજારો વર્ષ જૂની આ વિદ્યાઓને સુગ્રથિત કરવામાં અપાર મથામણો કરી. છેવટે તેનું પદ્ધતિસરનું શિક્ષણ શક્ય બન્યું. બે-બે કે ચાર-ચારના જૂથમાં રિન્દેમ ભિખ્ખુઓને અલગ અલગ વિદ્યાઓ આ મઠમાં જ શીખવવામાં આવતી હતી, પરંતુ દરેક વિદ્યાઓ જાણનાર એકમાત્ર લામા અહીં હતો - રિન્દેમ યુતાંગ યાને કે હસ્તપ્રતો પર મિતાક્ષરી સહી કરનારા રિ.યુ. પોતે.

તિબેટ પર ચીનની હકૂમતનો પેસારો વધવાના અણસાર હતા ત્યારે ભય પારખીને રિન્દેમ યુતાંગે જ આ દરેક હસ્તપ્રતોનો ખજાનો ઉનાળુ ટેકરી પર શ્ત્સેલિંગ્કા ખાતે પહાડ નીચે કોરેલા વિરાટ ભોંયરામાં અનેક પ્રાચીન હસ્તપ્રતો ભેગો છુપાવી દેવાનો આદેશ કર્યો હતો. એ રિન્દેમ યુતાંગનો એક જ શિષ્ય હતો અને એ શિષ્ય એટલે સામે બેઠેલા રિન્દેમ નામલિંગ.

'તો તમે કેમ એ જ્ઞાનનો વારસો આગળ ન વધાર્યો?' પ્રોફેસરે પૂછી લીધું.

'સમગ્ર માનવજાતના હિતમાં ન હોય તેવો કોઈ પણ ઉપયોગ અમારા માટે વર્જિત ગણાય છે. અમે આ વિદ્યા વેચી શકતા નથી, તેનાથી ધન કમાઈ શકતા નથી. રિન્દેમ સાધુઓએ ફક્ત સાચવણીના ઉદ્દેશથી જ આ વિદ્યા શીખવા- શીખવાની હોય છે. બદલાયેલા સમયમાં કદાચ હું એવો કોઈ યોગ્ય શિષ્ય જોઈ શક્યો નહીં...' નામલિંગે ઘડીક હાંફ ખાધો. તેમની આંખોમાં સદીઓની કથની કંઠે આવ્યાનો અવસાદ તરી આવ્યો હતો, 'બૌદ્ધ ઉપદેશના ખરા અનુયાયી તરીકે મને ચીની આક્રમકો પ્રત્યે ય કોઈ કડવાશ ન હોવી જોઈએ, પણ ખરું કહું તો મારા મનમાં તેમના પ્રત્યે ભારોભાર કડવાશ અને નારાજગી છે. મને બેહદ ડર છે કે આ પ્રાચીન જ્ઞાન જો તેમના હાથમાં જઈ ચડે તો.. તેઓ દુનિયાની શી હાલત કરે એ કલ્પના કરતાં ય હું થથરી ઊઠું છું.'

'આપણે આ પ્રાચીન ભારતીય જ્ઞાન હસ્તગત કરીને ચીનને તિબેટમાંથી તગેડી શકીએ ખરાં?' એકધારી તલ્લીનતાથી સાંભળી રહેલો કેસી આખરે બોલી ઊઠ્યો.

'તેનો જવાબ હા પણ છે અને ના પણ છે...' નામલિંગે તેની તરફ બેહદ વહાલભર્યું સ્મિત કરીને ઉમેર્યું, 'હા એટલા માટે કે તમે આ વિદ્યાની મદદથી ચીનની દરેક પાશવી તાકાતને પહોંચી શકશો, પણ ના એટલા માટે કે આ વિદ્યાઓ હસ્તગત કરવામાં પેઢીઓ જતી રહેશે. એક આદમીની એક જિંદગી એક વિદ્યા હાંસલ કરવા માટે ઓછી પડે છે. મેં આ શીખવાનું શરૂ કર્યું ત્યારે હું 32નો હતો. આજે 92નો છું..' તેમણે ઊંડો નિઃશ્વાસ નાંખ્યો, 'શક્ય છે કે પાકટ અવસ્થાએ પહોંચીને હું વધારે હતાશ થઈ ગયો હોઉં.'

'પરંતુ...'

'તારો ઈરાદો સાચો છે...' તેમણે કેસી સામે આંગળી ચીંધીને ધારદાર અવાજે કહી દીધું, 'પણ એ બેહદ ભયાનક છે. તું સફળ થઈશ તો શું થશે એ મને ખબર નથી, પણ તું નિષ્ફળ નીવડ્યો તો શું થશે તેની કલ્પના જ મને કમકમાટી ઉપજાવી દે છે. તારા ખૂનની ગરમીને હું ઓળખું છું. બરાબર વિચારીને જ તારી યોજના અમલમાં મૂકજે...'

કેસી સ્તબ્ધ થઈને નીચું જોઈ ગયો. અહોભાવથી નામલિંગને સાંભળી રહેલો ત્વરિત પણ કશું ન સમજાવાથી પ્રોફેસર તરફ જોવા લાગ્યો અને પ્રોફેસર એકધારા કેસીના ચહેરાના બદલાતા હાવભાવ નીરખી રહ્યા.

દલાઈ લામાએ દેશ છોડ્યો પછી તેમના પવિત્ર મુકુટ અને પદછાપ હજુ પણ અહીં તિબેટમાં જ હતાં. હાલ ભારતમાં આશરો લઈ રહેલા 14મા દલાઈ લામા મૃત્યુ પામે પછી તિબેટીઓ પર ભાવનાત્મક અંકુશ મેળવવા માટે ચીનાઓ એ પવિત્ર મુકુટ અને પદછાપનો ઉપયોગ કરવા ધારતા હતા.

કેસીએ શોટોન ઉત્સવના ધમસાણ વખતે પ્રોફેસરને જોઈતી હસ્તપ્રતોની સમાંતરે એ પવિત્ર મુકુટ અને પદછાપ ઉઠાવી જવાનો છૂપો પ્લાન બનાવ્યો હતો.

*** *** ***

રણભેરીના અવાજની માફક વાગતી તૂરી, મડદાં ય બેઠાં કરી દે તેવા અવાજે ઢોલ પર વીંઝાતી થાપ અને આટલો અવાજ ઓછો હોય તેમ શોટોન કલાકારોને જોવા ઉમટેલી મેદનીનો કોલાહલ...

છપ્પન અને ઝુઝાર શોટોન કલાકારનો મુખવટો પહેરીને અન્ય ઝમેલા પાછળ લપાઈને બેઠા હતા. હિરને ય ચહેરો છુપાવવા જાતજાતનાં ચિતરામણ કર્યાં હતાં. દરેકનું વેશપરિવર્તન પત્યું ત્યારથી તાન્શી પણ મુક્તિવાહિનીના બીજા આદમીઓ સાથે ક્યાંક ગાયબ હતી. રાત્રે રિહર્સલ જેવો પહેલો શો થવાનો હતો અને ગામેગામથી આવેલા શોટોન કલાકારો પોતપોતાના પાઠ પાકા કરી રહ્યા હતા.

આથમતી સાંજે રંગબેરંગી કાગળમાં લપેટાયેલા માખણના દીવડાંઓની હારમાળા વચ્ચે ઝળહળી રહી હતી શ્ત્સેલિંગ્કાની ટેકરી યાને સમરહિલ..

એ જ વખતે રિન્દ્રેમ મઠમાંથી ફોર્ડ મોટર નીકળી હતી. આગળની સીટ પર બેઠેલો કેસી હજુ ય શૂન્યમનસ્ક હતો અને પાછળ પ્રોફેસરના હાથમાં બે નકશા હતા...

સમરહિલ યાને શ્ત્સેલિંગ્કા પહાડની નીચેના વિરાટ કદના ભોંયરામાં 64 નંબરનો ઓરડો, 83 નંબરની અલમારી અને લાલ માદરપાટમાં વીંટાળેલાં ચાલીસ જેટલાં પોટલાં...

સદીઓથી ખોવાયેલા સત્યનું એ સરનામું હતું...

શ્ત્સેલિંગ્કાની પહાડી પર રંગબેરંગી દીવડાંના ઉજાસમાં ઘેરાતી સાંજે પારાવાર કોલાહલ વચ્ચે દીવડાંની જ્યોત અજબ આકારે થથરી રહી હતી.

*** *** ***

લ્હાસાની ભાગોળે ફોર્ડ ગાડી ઊભી રહી ત્યારે સાંજ ઘેરાઈ ચૂકી હતી.

મોટા ચોકમાં પ્રવેશતી શહેરની સાંકડી ગલીઓમાંથી સંખ્યાબંધ લોકો આવી રહ્યા હતા. દરેકના હાથમાં રંગીન ફાનસ જલતા હતા અને તેની રોશનીમાં ઉજાસમાં દરેક ચહેરા પર ઉજવણીનો ઉલ્લાસ ઝીલમીલાતો હતો. સાવ ઝાંખા થતા જતા ઘેરાતી સાંજના અજવાસમાં રંગીન દીવડાંઓની આખી હારમાળા જાણે પોતાલા પેલેસનો ઢોળાવ ચડી રહી હોય એવું સોહામણું દૃશ્ય સર્જાતું હતું.

કેસી ભાવવિભોર બનીને પોતાના દેશબંધુઓની ખુશાલીને નજરથી પીતો રહ્યો.

સદીઓનો આ મૌન કલરવ, સદીઓની આ નિરુપદ્રવી પરંપરા. પોતાના નાના-નાના સુખમાં જ ખુશ રહેતા આ તિબેટીઓ, દુનિયાદારીથી તદ્દન બેપરવા તેમનું ભોળપણ...

વર્ષે એકવાર ઉજવાતા શોટોન ઉત્સવને બાદ કરતાં તિબેટની જિંદગી એકધારી હતી.

મહેનતથી રળી લેવાતો બે ટંકનો રોટલો, ગોરી અને સ્હેજ હરીભરી સ્ત્રી, ઓછામાં ઓછા ત્રણ છોકરાં અને આંગણે બાંધેલા ઓછામાં ઓછા બે ખચ્ચર, સાંજ ઢળે એ પહેલાં શેતુરના આસવની બે પ્યાલી અને પોતાલા પેલેસના ગુંબજ પરથી રાતે નવના ટકોરે તૂરીનો તીણો સૂર લહેરાય ત્યારે આંગણામાં કુબત્સો પાથરીને દેવસ્થાન તરફ નજર ફેરવીને ભાવવિભોર ચહેરે કરી લેવાતું ઈશ્વર સ્મરણ.

સરેરાશ તિબેટીની આટલી સરળ જિંદગી ક્યાં કોઈને નડતી હતી? એણે ક્યાં કદી કોઈના મુલક પર કબજો કરવા બંદૂક ઊઠાવી હતી? રસ્તામાં એક જીવાત જોઈ જાય તો તેને ય પાંદડા વડે ઊઠાવીને ઝાડના થડ પર ચડાવી દેતો સરેરાશ તિબેટી શા માટે કોઈ વાંકગુના વગર

દાયકાઓથી કચડાઈ રહ્યો હતો?

પોતાની બદહાલીને ય વિસારી શકતાં, શોટોનની ખુશાલીમાં તરબોળ બાંધવોની માસુમ સાલસતા જોઈને કેસીની આંખો છલકાઈ ઊઠી.

તેના હૈયાની ભીનાશ પારખીને ત્વરિતે તેનો ખભો થપથપાવ્યો તે સાથે ચટ્ટાન જેવો એ આદમી સતર્ક થઈ ગયો.

પંદર મિનિટ પછી ફોર્ડ મોટર શહેરની દિશામાં આગળ વધી રહી હતી અને બે ખચ્ચર જોડેલું એક ગાડું પોતાલા પેલેસનો ઢોળાવ ચડી રહ્યું હતું. રબ્બરના ટાયર પર લાકડાનું પ્લેટફોર્મ જડીને તેની ચારે તરફ માફા બાંધ્યા હતા અને બહારની તરફ સફેદ કપડામાં એક બેનર પર તિબેટી ભાષામાં લખ્યું હતું, હેક્-મા.

હેક્-મા એ આરોગ્યનો પરંપરાગત તિબેટી ખ્યાલ હતો. ચુસ્ત ધર્મસત્તા ધરાવતા તિબેટમાં પોતાલા પેલેસના વરિષ્ઠ સાધુઓ દ્વારા મોબાઈલ દવાખાનાઓ ચલાવવામાં આવતા. હેક્-મા સાધુઓ પહાડોમાંથી મળતી જડીબુટ્ટીઓમાંથી ઔષધો, ચૂર્ણ, અવલેહ બનાવે. પેલેસના ચોકમાં નાનકડા દવાખાનાઓમાં આવતા દર્દીઓને તપાસે અને એ સિવાય હેક્-મા સાધુઓ આવા ગાડાં દ્વારા આખા ય પ્રાંતમાં સતત ફરતા રહે.

'ક્યાં જાય છે એઈઈ...' આડશ તરફ ધસી રહેલા ખચ્ચર ગાડાને જોઈને એક ચીની ફૌજી તાડુકતો દોડી આવ્યો.

*** *** ***

સઘન તલાશી છતાં ભારતથી ઘૂસેલા આદમીઓનું પગેરું દબાવવામાં નિષ્ફળ ગયેલો મેજર ક્વાંગ યુન હવે શોટોન ઉત્સવ પર ટાંપીને બેઠો હતો. એકધારી નિષ્ફળતાથી સમસમી ગયેલા ક્વાંગે અહીં જબ્બર જુગાર ખેલ્યો હતો.

સળંગ ત્રણ દિવસથી એ એકધારો દોડધામ કરી રહ્યો હતો અને ગઈ રાત પણ એવી જ બેચેનીમાં વીતી હતી. તેણે પોતાના સવાલોને બે અલગ એન્ગલથી નોંધવા માંડ્યા: ભારત અને મુક્તિવાહિનીના ગેરિલાઓ.

ઘૂસણખોરો કોણ હોઈ શકે? તેમનો હેતુ શું હોઈ શકે? આવનારા લોકો ભારતીય હતા, તો સ્થાનિક સ્તરે તેમને કોણ મદદ કરી રહ્યું હતું? શું એ ભારતીય ખુફિયા સંસ્થા રિસર્ચ એન્ડ એનાલિસિસ વિંગ (રો)નું કારસ્તાન હોઈ શકે? તિબેટ મુક્તિવાહિનીની મદદ લઈને રોના જાસૂસો તિબેટમાં કંઈ ભાંગફોડ કરવા ધારતા હતા?

ચીનની પ્રચંડ લશ્કરી તાકાત જોતાં મુક્તિવાહિનીની હેસિયત મગતરાંથી વિશેષ ન હતી. શક્ય છે કે ભારતીય જાસૂસો મુક્તિવાહિનીના માધ્યમથી કશોક એવો કારસો રચવા ધારતા હોય જેનાંથી સમગ્ર તિબેટમાં ચીન પ્રત્યે અસંતોષ ભડકે. એ ભડકો ઠારવા જતાં ચીને કડક કાર્યવાહી કરવી પડે, જેમાં સેંકડો જાનહાનિ થાય. એવે વખતે ભારત દુનિયા સામે ચીનની બદબોઈ કરી શકે.

પોતાનો એ તર્ક ગળે ઉતર્યો એટલે તે સફાળો બેઠો થયો અને ટેબલના ડ્રોઅરમાંથી લેધરનું ચળકતું લાલ પૂંઠું મઢેલી એક બુક કાઢી.

તિબેટમાં ફરજ બજાવતા ટોચના પ્રશાસનિક કે લશ્કરી અધિકારીઓને ચીનની સરકાર એક ખાસ ગાઈડલાઈન આપતી હતી. રેડ બુક તરીકે ઓળખાતી એ ગાઈડલાઈનમાં તિબેટની ભૂગોળ, ઈતિહાસ, સમાજજીવન, માનસિકતા, રીતિરિવાજ વગેરેની સ્પષ્ટ ઓળખ આપવામાં

આવતી.

ક્યા ભૌગોલિક સ્થાનનું શું મહત્ત્વ છે, કઈ જગ્યા દુશ્મન દેશને વ્યૂહાત્મક ફાયદો કરાવે તેવી છે અને તેનો સામનો કઈ રીતે થઈ શકે વગેરે તમામ બાબતો તેમાં ઝીણવટપૂર્વક આવરી લેવામાં આવી હતી.

તિબેટમાં કઈ જાતિનું કેટલું પ્રમાણ છે, કઈ જાતિ પરાપૂર્વથી લડાયક છે, કઈ બે જાતિને એકબીજા સાથે અહંનો પ્રશ્ન છે અને એ પ્રશ્ન કઈ રીતે વધુ વકરાવી શકાય એવી તમામ તરકીબો જણાવતી આ માર્ગદર્શિકામાં તિબેટીઓની લાગણી ભડકાવી શકે તેવા જોખમસ્થાનો વિશે ય સમજણ આપેલી હતી.

ક્વાંગ યુન એ દરેક સેન્ટિમેન્ટલ રિસ્ક ફેક્ટર સતત જોતો રહ્યો.

તેના ઓરડાની બત્તી આખરે બુઝાઈ ત્યારે બહાર લ્હાસાની છાતી માથે ભડભાંખળું થવા આવ્યું હતું.

*** *** ***

પોતાલા પેલેસના આઠ દરવાજા હતા.

ક્વાંગે ટેબલ પર નકશો પાથરીને બરાબર ચેક કર્યો. દરેક શોટોન ઉત્સવ વખતે ચીની લશ્કર બીજા તમામ સાત દરવાજા બંધ કરાવીને એક જ દરવાજેથી ચુસ્ત જડતી પછી પ્રવેશ આપતું હતું. ઉત્સવ દરમિયાન અંદર કશી પણ ધમાલ ન થાય એ માટે આ શ્રેષ્ઠ રસ્તો હતો.

ક્વાંગે તદ્દન ઊંધો વ્યૂહ વિચાર્યો.

અત્યાર સુધી ઘૂસણખોરોએ પાડેલા છીંડા તે પકડી શક્યો હતો પણ છીંડામાં પ્રવેશી ચૂકેલા લોકો હાથ લાગતા ન હતા. અજાણ્યા લોકો ગેરકાયદે ઘૂસ્યા હતા, મતલબ કે કંઈક તો થવાનું જ હતું. એ રોકવાના પ્રયાસો સફળ થતા નથી તો પછી શા માટે બિન્ધાસ્ત એ થઈ જવા ન દેવું?

બકરું ધરીને વાઘને પકડતા શિકારીનો કીમિયો તેણે આબાદ અજમાવ્યો.

પોતાલા પેલેસના ત્રણ દરવાજા પ્રવેશ માટે ખોલી નાંખ્યા. તલાશી, જડતીમાં ઢીલાશ મૂકવાની સૂચના આપી દીધી. અંદર હાજર ફૌજીઓની સંખ્યા અડધી કરી નાંખી.

એ જ વખતે તિબેટીઓની સાથે ભળી શકે તેવા સંખ્યાબંધ ફૌજીઓને તિબેટી દર્શનાર્થીના સ્વાંગમાં અંદર ઉતારી દીધા. શોટોન ઉત્સવના આરંભટાણે પોતાલા પેલેસ ભરાઈ જાય પછી એક ચકલું ય બહાર ન નીકળી શકે તેની પાક્કી પેરવી કરીને તેણે લ્હાસાની બહાર નીકળતા માર્ગો તેમજ ભારત તરફ ખૂલતા તમામ સરહદી રસ્તાઓ અનિશ્ચિત મુદત સુધી સીલ કરવાનો આદેશ આપી દીધો.

બપોરે તેણે પોતાના ઓર્ડરલીને એક લિસ્ટ પકડાવ્યું. સાંજ ઘેરાવા લાગી ત્યારે મેજરે લિસ્ટ મુજબની સામગ્રી આવી ગયેલી જોઈને તૈયારી કરવા માંડી. લશ્કરી ગણવેશ ઉતારીને ખંધા બિલાડા જેવો મેજર ક્વાંગ યુન જ્યારે બૌદ્ધ સાધુનો વેશ ધારણ કરી રહ્યો હતો એ જ વખતે...

ફોર્ડ મોટરમાંથી ઉતરેલા આદમીઓ હેક્-મા આરોગ્ય સેવાના ખચ્ચરગાડામાં સવાર થઈ રહ્યા હતા. શાકભાજી અને પ્રસાદ અને શોટોન કલાકારોને ભેટમાં અપાનારા પવિત્ર દુશાલાના પોટલા લઈને કેટલાંક વાહનો અગાઉથી પોતાલા પેલેસના મેદાનમાં પ્રવેશી ચૂક્યા હતા.

એ જ વખતે...

ક્યાંય દૂર રિન્દેમ મઠના ચોગાનમાં વેદી પાસે ધ્યાનમગ્ન અવસ્થામાં બેઠેલા રિન્દેમ નામલિંગે અચાનક આંખો ખોલી નાંખી હતી. ઘડીક તેઓ વેદીમાંથી પ્રજ્વલિત થતા અગ્નિની જ્વાળાઓને તાકી રહ્યા. ફરીથી આંખો બંધ કરી અને પછી તરત ઝાટકા સાથે ખોલીને ઊભા થઈ ગયા. તેમના ચહેરા પર પારાવાર ખિન્નતા હતી. હતાશામાં સતત ડોકું ધૂણાવતા તેમણે ભિખ્ખુની સામે જોયું. તેમની ભયાર્ત આંખોમાંથી પારાવાર કરુણા છલકાતી હતી. પગથિયા ચડતી વખતે ભિખ્ખુના ખભે ટેકો દઈને તેમણે અવશ પૂછી નાંખ્યું,

'આકાશમાંથી સિતારો ખર્યો એ જોઈને ભગવાન બુધ્ધે શું કહ્યું હતું, તને યાદ છે ભિખ્ખુ?'

'જી ભન્તે...' લામાના સવાલનો હેતુ ન સમજાતા ભિખ્ખુના અવાજમાં અવઢવ હતી, 'શાક્ય મુનિએ કહ્યું હતું કે, આકાશમાંથી ખરતો સિતારો એ વિરાટ સ્વપ્નના હૃદય પર પડેલો ઉઝરડો છે...'

'આજે...' બળબળતો નિઃશ્વાસ નાંખીને લામાએ કહ્યું, 'આ પવિત્ર ભૂમિની મુક્તિનો વધુ એક પ્રયાસ રોળાઈ રહ્યો છે...' અવાક્ થઈ ગયેલા ભિખ્ખુની સામે જોયા વગર કોટડીમાં પ્રવેશતાં તેમણે ઉમેર્યું, 'વેદી રાતભર જલતી રાખજે...'

*** *** ***

'શોટોનના તંબુમાં જવાનું છે...' દોડતા આવેલા ફૌજીએ ગાડું રોક્યું એટલે ચાલકે તાણીને ખચ્ચરની રાશ ખેંચી, ગાડાના મોરા આગળ લટકાવેલા મોટા બિલ્લા તરફ આંગળી ચીંધી, 'આ રહ્યો હેક્-માનો બિલ્લો...'

'એ ભલે હોય પણ અહીં ગાડું રાખવાનું નથી'

ફૌજીએ કડકાઈથી જવાબ વાળ્યો એટલે ગાડાચાલક ચકિત થઈને જોતો રહ્યો. ખુલ્લું મેદાન હતું. સામે જ અઢીસો મીટર છેટે રાવટીઓ તાણેલી હતી અને આ ખડ્ડુસ અહીં ગાડું રાખવાની ના કેમ પાડતો હતો?

'તો મારે રાવટી તરફ ગાડું લઈ જવું કેવી રીતે?' તેણે ફરીથી આસપાસ જોઈને અવાજમાં શક્ય એટલી ભોળપણભરી ગડમથલ દર્શાવીને પૂછી લીધું.

ફૌજીએ ગોઠવેલી બેરિયર્સ પાછળ બે-ત્રણ આર્મી વ્હિકલ પાર્ક થયેલા હતા. આઠ-દસ મોટરસાઈકલ હતી. રેડ આર્મીના કેટલાંક જવાનો સહિત ઓફિસર્સ પણ ભારે સતર્ક થઈને હારબંધ ઊભા હતા.

'આગળ બીજા દરવાજેથી લઈ લે ને!'

'બીજો...' બે દરવાજા ખુલ્લા હોય એ કલ્પના જ તેને અજુગતી લાગી એટલે આશ્ચર્યચકિત થઈને પૂછી તો નાંખ્યું પણ સિફતપૂર્વક વાક્ય ત્યાં જ અધૂરું છોડીને ગાડું આગળ મારી મૂક્યું.

તિબેટીઓ ખાસ તલાશી વગર કેમ અંદર આવી રહ્યા હતા? એકથી વધુ દરવાજા ખુલ્લા હોય એવું આ પહેલાં તો કદી બન્યું ન હતું. ચીનાઓ અચાનક કેમ ઉદાર થઈ ગયા? અને રાવટી પાસે ફૌજીઓ કેમ એલર્ટ હતા? ત્યાં કેમ ગાડું રાખવા ન દીધું? શું ત્યાં કોઈ...

તેણે તરત પાછળ માફામાં મોં ખોસીને કશીક સૂચના આપી એટલે તરત મુક્તિવાહિનીનો એક આદમી કૂદી પડ્યો અને ઝપાટાભેર ચાલતો તિબેટીઓના ટોળામાં ભળી ગયો.

દસ-પંદર મિનિટ પછી બીજા દરવાજેથી ચકરાવો મારીને ગાડું શોટોન તંબુ પાસે ઊભું રહ્યું હતું. ત્રણ-ચાર આદમી કલાકારો માટેના તંબુમાં પ્રવેશ્યા હતા. ખચ્ચરને નીરણ નાખી રહેલો ગાડાચાલક એક આદમી સાથે કશીક ઘૂસપૂસ કરી રહ્યો હતો. તેના ચહેરાની રેખાઓ સ્થિર

હતી પણ તેની આંખના ભાવમાં અજબ ફડકો વીંટળાઈ વળ્યો હતો.

*** *** ***

‘કમ વોટ મે...’ હિરને દબાયેલા અવાજે કહ્યું પણ તેની આંખોમાં તીવ્ર ઉન્માદ હતો.

કેસીએ અંદર આવ્યો એ પહેલાં રાવટીમાં ગોળ નાનકડા કુંડાળાનું ફોર્મેશન રચાઈ ગયું હતું. પ્રોફેસર અને ત્વરિત દર્દીઓને તપાસતા હોય તેમ લાકડાની નાની પાટલી પર બેસીને આંખ-જીભ ચેક કરવા લાગ્યા હતા. કેસી અંદર આવીને પહેલાં તો કલાકારોના વાદ્યો ઠીક કરવા લાગ્યો અને પછી સાવ નજીક ખસીને હોઠ ફફડાવીને કહી દીધું, ‘અનબિલિવેબલ સિક્યોરિટી... મેજર અને તેના ટોપ ઓફિસર્સ લામાના વેશમાં છે. વી આર ઓન હાઈ રિસ્ક’

પહેલાં તાન્શીના ચહેરા પર તણાવ અંકાયો. તેણે મેસેજ પાસ કર્યો.

‘દરેક પોતાનું કામ ચાલુ રાખો...’ હિરને કારમી ઠંડકથી પ્રોફેસર પાસે નાડી બતાવતી હોય તેમ હાથ લંબાવીને કહ્યું, ‘નો નીડ ટુ બી પેનિક...’ પછી તેણે કેસી તરફ જોઈને દબાયેલા સ્વરે ઉમેર્યું, ‘ફટાફટ નકશો આંકવા માંડ. આપણે વહેલાંમાં વહેલી તકે ત્રાટકીને છટકી જવું છે.’

કેસી ઘડીક તેને જોઈ રહ્યો. તેના ચહેરાની દૃઢતામાં મક્કમતા વર્તાતી હતી.

તેણે મોટી ખંજરીના તાણીને બાંધેલા ગુણપાટ પર બારીકીથી નકશો દોરવા માંડ્યો. એ દરમિયાન તાન્શી અને બીજા ત્રણ-ચાર ગેરિલાઓ ફટાફટ જુદાં-જુદાં કામ કરતાં આખી ય રાવટીમાં સતર્કતાપૂર્વક ઘૂમી વળ્યા.

ખાસ્સી મોટી રાવટીમાં ગામેગામથી આવેલા શોટોન કલાકારો પોતપોતાના જૂથમાં ગોઠવાયા હતા. કોઈક તૈયારી કરી રહ્યા હતા તો કોઈક આડા પડ્યા હતા. પરંપરા મુજબ પોતાના ગામેથી પદયાત્રા કરીને આવતા કલાકારો આખા ય રસ્તે મૌન રાખે અને પોતાલા પેલેસમાં દલાઈ લામાની પવિત્ર પદછાપનાં દર્શન કર્યા પછી જ મૌનવ્રત તોડે. એકધારી દડમજલ પછી માંડ થોડોક વિરામ મળ્યો હતો એટલે સૌ પોતપોતાની મસ્તીમાં હતા.

તાન્શીએ સલામતીની ખાતરી કરીને સિગ્નલ આપ્યું એટલે તરત હિરને નકશો જોવા માંડ્યો. પંદર-વીસ મિનિટ સુધી નકશા પર એ કશુંક ચિતરામણ કરતી રહી, ભૂંસતી રહી. છેવટે તે કેસી પાસે બેઠી.

‘આપણાં વેપન્સ ક્યાં છે?’

‘રસોડાની પછીતે રસોઈના સામાન સાથે મોકલાવી દીધા છે. ત્યાં મારા ત્રણ માણસો છે’

‘આપણે બે સ્ટેજમાં વેપનની જરૂર પડશે...’ હિરને ખંજરી પર ઊંધી બોલપેન ફેરવવા માંડી, ‘એન્ટ્રી લેતી વખતે એક્ટિવ ટીમના દરેકની પાસે ફૂલ લોડેડ ગન પ્લસ બે સ્પેર મેગેઝિન્સ, કમ્યુનિકેશન ડિવાઈસ અને બહારની ડિફેન્સ ટીમ પાસે બે ગન અને મિનિમમ ચાર ગ્રેનેડ...’

‘ઓકે...’ કેસીએ નકશા તરફ જોવાને બદલે આસપાસનું વાતાવરણ જોતો હોય તેમ નજર ઘૂમાવીને જવાબ વાળી દીધો, ‘તમારા પાંચ પૂરતું એ હું મેનેજ કરી લઈશ. પેલેસમાં કોઈ જ પ્રકારનું વાયરલેસ કમ્યુનિકેશન શક્ય નહિ હોય.’

‘મધરાત વીત્યા પછી આપણે અહીંથી સરકી જઈશું. એ પહેલાં તારા આદમી આખો ય રૂટ કવર કરી લેશે. ત્રીજા ફુવારા પાસેથી આપણે છૂટા પડશું...’ હિરન નકશા તરફ ત્રાટક કરતી કહી રહી હતી, ‘એક્ટિવ ટીમ વન: છપ્પન, પ્રોફેસર અને ત્વરિત શ્ત્સેલિંગ્કા તરફ જશે. એક્ટિવ ટીમ ટૂ: તું અને તારા આદમીઓ નોર્બુલિંગ્કા તરફ આગળ વધશો. તાન્શી અને ઝુઝાર ત્રીજા ફુવારાની આસપાસ બંને ટીમના બહાર નીકળવાના રસ્તા પર ડિફેન્સ કરશે.’

‘ફાઈન...’ કેસીએ ઘડીભર આંખ બંધ કરીને મનોમન ભૂગોળ ચકાસી લીધી, ‘ડોન્ટ બોધર ફોર માય પ્લાન...’ મનોમન પવિત્ર પદછાપનો વિચાર કર્યો એટલા માત્રથી એ ભાવુક આદમી ઉત્તર તરફ મોં કરીને ઢીંચણભેર બેસી પડ્યો અને વંદન કરી લીધા, ‘તમારું કામ ચોરીછૂપીથી કદાચ થઈ શકશે. બટ માય જોબ વૂડ નોટ બી ધેટ મચ ઈઝી. ઈટ વૂડ બી એન એસોલ્ટ...’

‘યાહ્‌...’ હિરને ઊંડો નિ:શ્વાસ નાંખ્યો. પ્રોફેસર સાથેની સંતલસમાં તેને કેસીનો પ્લાન જાણવા મળ્યો ત્યારે જ તેના દિમાગમાં ખતરાની ઘંટડી વાગવા માંડી હતી. કેસી દલાઈ લામાનો પવિત્ર મુકુટ અને પદછાપ ઊઠાવવાની વેતરણમાં છે એવી ખબર પડ્યા પછી હિરનના મનમાં ઝંઝાવાત ફૂંકાયો હતો.

કેસીની નિષ્ઠા અને કસુંબલ વતનપરસ્તી હર કોઈને સ્પર્શી ગઈ હતી. આ જોખમમાં જો કેસી સાથે ન હોત તો ક્યારનો તેમનો સૌનો ઘડો-લાડવો થઈ ગયો હોત એ ય સ્પષ્ટ હતું. હસ્તપ્રતોનું ઠેકાણું મળી ગયા પછી એ ઊઠાવવી અને આખું ય તિબેટ તેમજ હિમાલયની વિકરાળ પર્વતમાળા વટાવીને ભારત પરત પહોંચવું સ્હેજે ય આસાન ન હતું. તેમાં જો કેસી આટલું મોટું જોખમ ઊઠાવવા ધારતો હોય તો તો...

‘મને લાગે છે એ આપણાં ગજા બહારનું જોખમ થઈ જશે.’ હિરને કેસીની સામે નજર માંડ્યા વગર કહ્યું.

‘ગજા બહારનું હોય એને જ જોખમ કહેવાય...’ કેસીએ નીચે જોઈને કહી દીધું, ‘તું અને પ્રોફેસર આટલા વરસથી ઊઠાવો જ છો ને?’

‘બટ...’ હિરન કેસીને રોકી શકતી ન હતી પણ કેસીના પ્લાનથી તેને ડર પણ લાગતો હતો, ‘બહાર નીકળવાનો કોઈ પ્લાન તેં વિચાર્યો છે?’

‘બને તેટલી ચૂપકીદી રાખીને મિશન પાર પાડી શકીએ તો બહાર નીકળવાનું એટલું મુશ્કેલ નહિ હોય...’

‘અને ચૂપકીદી ન રહી તો?’

‘તો...’ કેસી નીચે જોઈને મરકી પડ્યો, ‘બહાર નીકળવું એ એક કોયડો બની જશે...’

‘ઓહ કમ ઓન...’ કેસીની સ્વસ્થતાથી હિરનને ચટકારા ઉપડતા હતા, ‘હું હંમેશા કોયડામાં ઝંપલાવતાં પહેલાં તેનો ઉકેલ વિચારી લઉં છું...’

‘અને હું ઉકેલને બદલે કોયડા તરફ જ ધ્યાન કેન્દ્રિત કરું છું...’ તેણે ખંજરી ઊઠાવીને નકશા તરફ ધ્યાનથી જોતાં ઉમેર્યું, ‘હું બહુ દૃઢતાપૂર્વક માનું છું કે દરેક કોયડાનો એક ઉકેલ તો હોવાનો જ...’

*** *** ***

રાત્રે આઠ વાગ્યે ઢોલ પર પહેલી થાપ પડી એ સાથે રાવટીમાં ચહલપહલ મચી ગઈ. પહેલી ટુકડી સાંકડા પેસેજમાંથી પસાર થતી સ્ટેજ ભણી ગઈ અને બીજી ટુકડીઓએ તૈયારીને આખરી ઓપ આપવા માંડ્યો. મોટેરાંઓ, જુવાનિયાઓ, સ્ત્રીઓ ઉપરાંત નાના બાળકોનું ય એક વૃંદ કશીક ભજવણી કરવાનું હતું.

ઝુઝાર એકધારો એ ગોરાચીટ્ટા, ગોળમટોળ ટાબરિયાઓને વ્હાલપભરી નજરે જોઈ રહ્યો હતો. કોઈક ચહેરો રંગી રહ્યું હતું તો કોઈક ભૂરા, પીળા અતલસી વાઘા સજી રહ્યું હતું.

‘શું જુએ છે ક્યારનો?’ છપ્પને તેની નજીક જઈને પૂછ્યું એ સાથે ધ્યાનમગ્ન ઝુઝારની તંદ્રા તૂટી.

‘બસ, એમ જ...’ તેણે છપ્પન તરફ અછડતી નજર ફેરવીને સ્મિત વેરી દીધું અને ફરી

ટાબરિયાંઓને નિરખવા લાગ્યો.

'તારો રોલ સમજી લીધો ને?' છપ્પને ચહેરા પરનો પૂંઠાનો માસ્ક સ્હેજ હટાવીને પૂછ્યું.

'હમ્મ્મ્...' ઝુઝારને જાણે છપ્પનની વાતોથી વિક્ષેપ પડતો હતો. એક ટાબરિયો માથા પછવાડે હાથ લઈ જઈને માસ્ક બાંધવાની મથામણ કરતો હતો અને તેનાંથી દોરીની સરકણી ગાંઠ વળતી ન હતી.

'મારે તો...' છપ્પન બોલતો રહ્યો અને ઝુઝાર અચાનક ઊભો થયો. એ છોકરા તરફ આગળ વધ્યો અને તેના મોં ફરતો માસ્ક બાંધી આપ્યો.

તેનું જોઈને બીજો ય એક છોકરો માસ્ક બંધાવવા ઊભો રહી ગયો અને પછી તો ત્રીજો, ચોથો...

ઝુઝારે સ્મિતભેર સૌના માસ્ક બાંધી આપ્યા. કોઈકના પહેરણની કસ બાંધી દીધી. એક છોકરાના ગાલ પર રેળાયેલો અળતો ય ઠીક કરી દીધો.

'તને છોકરાં બહુ વહાલાં છે, નહિ?' એ પાછો ફર્યો એટલે છપ્પને પૂછ્યું.

'હમ્મ્મ્...' તેણે હળવાશભર્યા ચહેરે જવાબ વાળ્યો અને એક કોથળાને ટેકો દઈને નીચે બેઠો. તેની બંધ આંખોની ભીતર જાતભાતના કોલાહલ સંભળાવા લાગ્યા હતા.

મુંબઈ ખાતે શેઠાણી સાથે જીસ્મનું તોફાન ઠારવાના હેતુથી શરૂ થયેલી દાસ્તાન ક્યારે કરવટ બદલીને અદમ્ય લગાવ, લાગણી અને ખેવના બની ગઈ હતી તેની ઝુઝારને ય ખબર પડી નહોતી.

તેમાં ય શેઠાણી જ્યારે ગર્ભવતી બની, એ પોતાનું જ સંતાન છે તેનો ઝુઝારને અહેસાસ થયો ત્યારે...

પૂંઠાનું માસ્ક ઓઢેલા તેની બંધ આંખોમાં ભીનાશ તગતગી આવી.

એ દીકરો... આવડો જ હતો એ છોકરો...

સંતાનની એષણા ખાતર ઝુઝાર સાથે સંબંધ બાંધવા પ્રેરાયેલી શેઠાણી પૂરેપૂરી ઝુઝાર તરફ ઢળી ચૂકી હતી પણ દીકરો જન્મ્યા પછી શેઠના તેવર સાવ બદલાઈ ગયા હતા. ઝુઝારને તેણે લખનૌના કારખાને ધકેલી દીધો હતો. તોય ચોરીછૂપીથી બેય મળી લેતા હતા. સાવ જડબુદ્ધિનો ઝુઝાર દીકરાને રમાડતી વખતે કાલોઘેલો થઈ જતો. શેઠાણી તૈયાર થાય તો શેઠને બે અડબોથ મારીને શેઠાણી-દીકરા સાથે ચંબલમાં ઉતરી જવા એ તત્પર જ હતો પણ...

પહેલો ઘા એ હરામખોર શેઠે ફટકારી દીધો.

શેઠાણી હજુ ય છાનીછપની ઝુઝારને મળે છે એ પામી ગયેલા શેઠે ઝુઝારનો કાંટો કાઢવાનો બંદોબસ્ત કરી નાંખ્યો. પુરાની કોઠીમાં બેય મળ્યા એ જ રાતે થયેલા હલ્લામાં છ આદમીઓએ ઘેરીને નિહથ્થા ઝુઝારને લોહીઝાણ કરી નાંખ્યો. આડી પડેલી શેઠાણી અને દીકરો ય મરણતોલ ઘવાયા. ત્રણે મરી પરવાર્યા છે એમ ધારીને હુમલાખોરોએ કોઠીને આગ ચાંપી ત્યારે ઝુઝારને હોશ આવ્યા..

આગની જ્વાળાઓ તેની ચારે તરફ વીંટળાઈ વળી હતી અને પલંગ પર પડેલા મા-દીકરાના નિશ્ચેતન શરીર...

'આહ્હ્હ...' જાણે અત્યારે જ લ્હાય લાગી હોય તેમ એ સફાળો બેઠો થઈ ગયો.

બહાર શોરબકોર વધી રહ્યો હતો.

નૃત્યના રિહર્સલ પત્યા પછી આવતીકાલ વહેલી સવારના કાર્યક્રમોની જાહેરાત થઈ રહી હતી. વિરાટ મેદાનમાં જમા થયેલી મેદની રાતભર અહીં જ રોકાઈ પડવાની હતી. બૌદ્ધ લામાઓ અને એન્ગલામાઓ પોતપોતાની છાવણીઓમાં જઈ રહ્યા હતા.

બે બૌદ્ધ સાધુ વચ્ચેના પેસેજમાં ઘડીક થંભ્યા. મુખ્ય મહેલ અને ભોંયરા તરફ જતા રસ્તાઓ તરફ આંગળી ચીંધીને તેમણે કશોક ઈશારો કર્યો અને તંબુ તરફ ચાલતા થઈ ગયા.

*** *** ***

મધરાતે કલાકારોની રાવટીમાં સ્તબ્ધ સન્નાટો હતો ત્યારે તદ્દન દબાયેલા પગલે બે આદમીઓ હરફર કરવા માંડ્યા હતા. રાવટીની પાછળના રસોડાના તંબુમાંથી બે કોથળા લાવવામાં આવ્યા હતા. ગાઢ અંધકાર વચ્ચે ફક્ત હાથ ફંફોસીને સામાન વહેંચાયો હતો. કલાકારના રેશમી, અતલસી વાઘામાં જ અચાનક સાત-આઠ ઓળા ખડા થયા હતા.

દરેકની કમરે એક ઝોળી બાંધવામાં આવી. તેમાં ગન અને મેગેઝિન્સ લપેટાયા. આગળ રસ્તો ચકાસવા મોકલેલા આદમીઓ તરફથી ખૈરિયતનો સંકેત આવ્યો એટલે પહેલી એક્ટિવ ટીમ બહાર નીકળી.

પ્રોફેસર, ત્વરિત અને છપ્પન.

એ બહાર નીકળ્યા પછી મનોમન એકથી વીસ સુધીની ગણતરી માંડીને બીજી એક્ટિવ ટીમ બહાર નીકળી.

કેસી અને તેના ચાર આદમીઓ.

એમની પાછળ એટલું જ અંતર રાખીને તાન્શી અને ઝુઝાર નીકળ્યા અને સૌથી છેલ્લે નીકળી હિરન...

રસોડાના તંબુની સમાંતરે ઘાસની નરમ બિછાત વળોટવાની હતી અને સ્ટેજનો ચકરાવો મારીને પગથિયાં ઉતરવાના હતા. બોરસલ્લી, પલાશ અને વડના ઘેઘૂર વૃક્ષોથી છવાયેલા એ રસ્તા પર ત્રણેય ટીમ લપાતી-છૂપાતી આગળ વધી રહી હતી.

વદનો ચંદ્ર આકાશમાં સાવ ઝાંખો, મુરઝાયેલા ચહેરે વાદળ પાછળ શરમાઈ રહ્યો હતો અને પોતાલા પેલેસના વિરાટ ચોગાનમાં જાણે ભૂતાવળ ધૂણી રહી હોય તેમ પવનમાં લહેરાતા પાંદડાંના ઓળા વીંઝાતા હતા.

પવિત્ર કક્ષ સિવાયના 999 ઓરડા અને સેંકડો ભોંયરા ધરાવતા પહાડની ટોચે આવેલા પોતાલા પેલેસના સદીઓના ભવ્ય ઈતિહાસમાં એ રાત કાળરાત્રિ સાબિત થવાની હતી.

મેજરનો વ્યૂહ

રેડ બુક ઉથલાવીને મેજરે તર્ક તારવ્યો હતો. ભગવાન બુદ્ધની પવિત્ર પદછાપ અને દલાઈ લામાઓના સેંકડો વર્ષ જૂના પવિત્ર મુકુટને કંઈ હાનિ થાય તો આખું ય તિબેટ ભડકે બળે. શક્ય છે કે ભેદી ઘૂસણખોરોનો એ જ ઉદ્દેશ હોય.

તેણે તરત પેલેસનો નકશો ખોલીને કસરત આદરી દીધી હતી.

શોટોન મંચથી દોઢ કિલોમીટર સુધી પહાડ કોરીને જેમતેમ સમથળ કરાયેલા ચઢાણ પછી ડાબી તરફ શ્ત્સેલિંગ્કાની પહાડી શરૂ થતી હતી અને જમણી તરફ અગ્નિકૃત ખડકમાંથી કાપીને બનાવેલા વાંકાચૂંકા 437 પગથિયા નોર્બુલિંગ્કા યાને પોતાલા પેલેસ તરફ લઈ જતા હતા.

પેલેસની વ્યવસ્થા સંભાળવા માટે 6 મુખ્ય લામા અને 12 એંગ્લામાના મંડળ હેઠળ સેંકડો

ભીખ્ખુઓનો કાફલો રહેતો. વ્યવસ્થા સાથે સંકળાયેલા 30-35 જેટલા વિશાળ ઓરડાઓને બાદ કરતાં મહેલમાં અન્યત્ર ક્યાંય વિધિવત દીક્ષા લીધેલા સાધુઓ સિવાય અન્ય કોઈને જવાની પરવાનગી ન હતી.

પેલેસની સુરક્ષા સંભાળવા માટે એક જમાનામાં દલાઈ લામાના વિશેષ સંત્રીઓ રહેતા. પાંચ-સાત પેઢીથી પહેરેદારીની પવિત્ર ફરજ બજાવતા આ સંત્રીઓનો મોટો વર્ગ ધર્મસત્તા તરફ વફાદાર હતોપણ હવે દાયકાઓથી દલાઈ લામા ગેરહાજર હતા અને ચીનની લોખંડી બેડી ઉત્તરોત્તર વધુને વધુ મજબૂત બની ચૂકી હતી. એટલે સંત્રીઓની સતર્કતા અને વફાદારીને ય લૂણો લાગવા માંડ્યો હતો.

પેલેસ પ્રત્યે તિબેટીઓની અત્યંત આળી લાગણીને ધ્યાનમાં રાખીને ચીને પેલેસને સ્વાયત્ત રાખ્યો હતો. પોતે તિબેટીઓની ધર્મભાવનાનું સન્માન કરે છે એવો નર્યો ડોળ કરીને ય ચીને પેલેસમાં ઠેરઠેર પોતાના મળતિયા તો ગોઠવી જ દીધા હતા.

વ્યવસ્થા સંભાળતા લામામંડળના કેટલાંક ભીખ્ખુઓ, સુરક્ષા સંભાળતા કેટલાંક સંત્રીઓ ચીની રિજન્ટના જાસૂસ હતા. પેલેસમાં થતી દરેક મૂવમેન્ટની રિજન્ટ ઓફિસને માહિતી મળી જતી.

એમ છતાં ય મેજર ક્વાંગ યુન કોઈ રિસ્ક લેવા માંગતો ન હતો. ઓર્ડરલીને તેણે બૌદ્ધ સાધુ માટે આવશ્યક સરંજામ લાવવાની સૂચના આપીને ચોંકાવી દીધો હતો, પણ એ તેનો માસ્ટર પ્લાન હતો. લામાના વેશમાં એ હવે પેલેસમાં ગમે ત્યાં જઈ શકે તેમ હતો.

તેણે એમ જ કર્યું. રિહર્સલ અને ઉત્સવના બંને દિવસ અને રાતની પ્રત્યેક ઘડી આંખમાં મરચું આંજીને એ પેલેસમાં જ વીતાવવાનો હતો.

મોટી સંખ્યામાં પેલેસ પર હલ્લો થવાનો હોય તો?

એ તર્કથી મેજર થથરી રહ્યો હતો.

મહેલની પાછળની પહાડીઓમાં તો તેણે ફૌજ ખડી કરીને રીતસર ઘેરો ઘાલી દીધો હતો, પણ પેલેસની અંદર તેની મર્યાદા હતી. શોટોન મંચની પાછળના પરિસરમાં એ ચાઈનિઝ લશ્કરને રાખી શકે તેમ ન હતો. પેલેસ પર હલ્લો થાય એવી શંકાને તે લામામંડળ કે તિબેટીઓના ગળે ઉતારી ન શકે અને માત્ર શંકાના આધારે ચીનની સરકાર પણ પેલેસમાં લશ્કર મોકલવાની તેને પરવાનગી ન આપે.

મેજરે તેમાં ય આબાદ રસ્તો કાઢ્યો. શોટન મંચની પાછળ શરૂ થતા અવાવરૂ પરિસરના ગાઢ વૃક્ષો પર તેણે થોડા થોડા અંતરે બે આદમીઓને સાંજ ઢળી એ પહેલાં જ ચડાવી દીધા હતા.

પેલેસ તરફ જતા એ રસ્તે કોઈપણ મૂવમેન્ટ વર્તાય તો એ બંને આદમી પોતાલા પેલેસમાં છુપાયેલા મેજરને ખબર કરવાના હતા.

કેસીનું આયોજન

દલાઈ લામા ભગવાન ગૌતમ બુદ્ધનો અવતાર ગણાતા અને તેમનો પુનર્જન્મ થતો હોવાની તિબેટીઓની અખંડ શ્રદ્ધા હતી. એક દલાઈ લામાનું અવસાન થાય પછી તેમનો નવો અવતાર ક્યાં થયો છે એ શોધવાની અટપટી વિધિ હતી. નવા અવતારની ખાતરી થયા પછી એ બાળકને વાજતે-ગાજતે પોતાલા પેલેસમાં લાવવામાં આવતો. ભગવાન બુદ્ધની પવિત્ર પદછાપનો સ્પર્શ કર્યા પછી લામાઓનો મુકુટ તેના શિરે મૂકવામાં આવે એ સાથે ગઈકાલનો એ બાળક બુદ્ધના અવતાર અને નૂતન દલાઈ લામા તરીકે લાખો તિબેટીઓનું પરમ શ્રદ્ધાકેન્દ્ર બની

જતો.

હાલના ચૌદમા દલાઈ લામાની શોધ અને વરણી પણ આ રીતે જ થઈ હતી. ચીનના આક્રમણ પછી દલાઈ લામા પર જીવનું જોખમ ઊભું થયું અને તેઓ નાસીને ભારત આવતા રહ્યા. તેમની પાછળ હજારો તિબેટીઓ પણ ભારત આવ્યા. તિબેટ પર ચીનની આણ મજબૂત થઈ ચૂકી હોવા છતાં હજુ પણ ધર્મસત્તાનું અસલ કેન્દ્ર તો દલાઈ લામા જ હતા, પરંતુ પરંપરાગત રીતે બદલાતા દલાઈ લામાના રાજ્યાભિષેકની વિધિ માટે અનિવાર્ય એવી પદછાપ અને મુકુટ પોતાલા પેલેસમાં હતા. પોતાલા પેલેસ તિબેટમાં હતો અને તિબેટ પર ચીનનું એકચક્રી શાસન હતું.

ખંધું ચીન દલાઈ લામાના મૃત્યુની રાહ જોઈ રહ્યું હતું. જૈફ થયેલા ચૌદમા દલાઈ લામા મૃત્યુ પામે પછી તેમનો નવો અવતાર શોધવો પડે. એ વખતે ચીન પોતાની રીતે કળા કરીને તિબેટના કોઈ પણ બાળકને ચૌદમા દલાઈ લામાના પુનર્જન્મ તરીકે ઘોષિત કરી દે. નવા દલાઈ લામાની વરણી માટે પવિત્ર પદછાપનો સ્પર્શ અને અગાઉના ચૌદ દલાઈ લામાએ ધારણ કરેલ પવિત્ર મુકુટ માથા પર ધારણ કરવો જરૂરી હતો અને એ ચીનના કબજામાં હતો.

એકવાર ચીન પોતાના કહ્યાગરા દલાઈ લામા બનાવી નાંખે એ સાથે તિબેટ પરનો તેનો કબજો સંપૂર્ણ બની જવાનો હતો.

મુક્તિવાહિનીના સ્થાપક એનરોદ ત્સોરપેએ આ ભયસ્થાન દાયકાઓ પહેલાં જ પારખી લીધું હતું, પણ તેની લાચારી હતી. પોતાલા પેલેસમાં પ્રવેશવું, પવિત્ર ચિહ્નો ઉઠાવવા અને સહીસલામત ભારત પહોંચાડવા એ સર્વથા અશક્ય સાહસ હતું.

દાદા અને પિતાએ વારસામાં મૂકેલી જવાબદારી નિષ્ઠાપૂર્વક નિભાવતા કેસીએ એ અશક્ય બીડું ઝડપ્યું હતું અને કેટલાંક વર્ષોથી પેલેસની વ્યવસ્થામાં છીંડા પાડવા માંડ્યા હતા. લામામંડળના ત્રણેક વરિષ્ઠ લામાઓને તેણે બેહદ ભાવનાત્મક ઉગ્રતાથી પોતાનું આયોજન ગળે ઉતાર્યું હતું. સંત્રીમંડળના બે મુખ્ય અધિકારીઓને ય તેણે સાધી રાખ્યા હતા.

પેલેસના ત્રીજા માળે સીધી હારમાં ત્રણ વિશાળ ખંડો વટાવ્યા પછી માંડ 600 ચોરસ ફૂટનો એકપણ બારી વગરનો નાનકડો ઓરડો ચૌદમા દલાઈ લામા પૂજાવિધિ માટે ઉપયોગમાં લેતા હતા. એ ઓરડામાં વિરાટ સિંહાસન પર પવિત્ર મુકુટ અને નીચે મખમલના થપ્પા પર પવિત્ર પદછાપ રાખવામાં આવતા હતા.

વિશેષ તહેવારો વખતે જ એ ઓરડો ખુલતો અને તેનું ડીજીટલ લોક બે પાસવર્ડ એન્ટર કર્યા પછી જ ખુલતું. પહેલો પાસવર્ડ ચીની રિજન્ટ ઓફિસ આપે અને બીજો પાસવર્ડ લામામંડળ નાંખે પછી જ ઓરડો ખુલે.

કેસીને ભેદી તિજોરી જેવા આ લોકની કશી પરવા જ ન હતી. એ ઓરડાની પછીતની દીવાલ બ્લાસ્ટ કરીને અંદર ધસી જવા માંગતો હતો. ધડાકો કરવો એ સલામત નાસી છૂટવા માટે બેહદ જોખમી હતું, પણ એ સિવાય બીજો વિકલ્પ ન હતો.

હેંગસુનની આગેવાની હેઠળ તેણે ચાર આદમીઓને અગાઉ રવાના કર્યા હતા. શ્ત્સેલિંગ્કાનો પહાડ તો રેઢો હતો અને ત્યાં સેંકડો ભોંયરાઓમાં ઠાંસોઠાંસ પુસ્તકો, હસ્તપ્રતો અને એવી જ પુરાણી ચીજો હતી. એ ચોરાવાની કોઈ વકી ન હતી એટલે ત્યાં ખાસ પહેરો ન હોય એ સહજ હતું.

નોર્બુલિંગ્કાના પગથિયા શરૂ થાય ત્યાંથી હથિયારધારી સંત્રીઓની હાર શરૂ થતી હતી. સંત્રીઓ બેખબર રહે એ રીતે જો પગથિયા વટી શકાય તો ડાબી તરફના સાંકડા રવેશમાંથી અંદર

ઘૂસવાનું મુશ્કેલ બનવાનું ન હતું.

- પણ એ કેસીની ધારણા હતી.

શ્ત્સેબુલિંગ્કા તરફ

પહાડોમાં ઘૂમરાટો મારીને દૂર કોટની રાંગ પરથી ફૂંકાતો મધરાતનો અલ્લડ પવન, રાંગની સમાંતરે દર પચાસ ફૂટના અંતરે જલતી હેલોજનનો, રોગીષ્ઠની આંખ જેવો, પીળચટ્ટો ઉજાસ, એ ઉજાસને પોતાના ઘટાટોપમાં ગૂંચવી મારતાં ઘેઘૂર વૃક્ષો, પવનના સૂસવાટાથી આમતેમ ઝૂલતી ડાળીઓના ભોંય પર ઝીલાતા બિહામણા ઓળા અને પહાડની પેલે પાર ક્ષિતિજ પરથી દોટ મૂકતો સૂમસામ રાતનો કાળોડિબાંગ, ભેંકાર સન્નાટો...

દુનિયાભરમાં સૌથી વિરાટ પરિસર ધરાવતો પોતાલા પેલેસ જંપી ગયો હતો ત્યારે એકબીજાથી નિયમિત અંતર રાખતા ઓળાઓ પગથારની સમાંતરે વૃક્ષોની આડશમાં લપાતા સપાટાભેર આગળ વધી રહ્યા હતા.

પગથારની ડાબી તરફ ટીમ-એ અને જમણી તરફ ટીમ-બી.

પહેલાં ત્વરિત, તેની પાછળ પ્રોફેસર અને છેલ્લે છપ્પન. બીજી તરફ મુક્તિવાહિનીના બે આદમી અને તેમની પાછળ કેસી અને તેની પાછળ વધુ બે આદમી. બેય ટીમ રવાના થઈ એ પછી પગથારથી સહેજ ત્રાંસમાં ડાબે-જમણે ફંટાઈને વધુ બે ઓળા નીકળ્યા. એ તાન્શી અને ઝુઝાર હતાં.

મેજર ક્વાંગ પોતે બૌદ્ધ લામાના વેશમાં આવ્યો હોય ત્યારે ચોક્કસપણે તેને ગંધ આવી જ હોય એવું પારખી ચૂકેલી હિરને પોતાને સૌથી છેલ્લે રાખી હતી.

ત્રીજા ફુવારાથી શ્ત્સેબુલિંગ્કાની પહાડી અને પેલેસ તરફ જતા રસ્તા ફંટાતા હતા. મેજરે એ રસ્તાઓ પર નજર રાખવાની પેરવી કરી જ હોય, પણ કઈ રીતે એ નજર રાખતો હશે તેની ગડ સૂઝતી ન હતી.

બંને ટીમ રવાના થઈ. બેકઅપ કવર માટે તાન્શી અને ઝુઝાર પણ રવાના થયા. એ પછી વીસ મિનિટ સુધી ભયનો કોઈ સંકેત ન મળ્યો એટલે હિરને પોતાની કિટ બાંધી અને છાતીના ઊભાર વચ્ચે વોકીટોકી ખોસી.

બહાર કાળુડિબાંગ અંધારું હતું. છેક પેલેસના પગથિયા પાસે જલતી રોશની અને દૂર રાંગ પાસે મૂકેલી હેલોજનનો ઉજાસ પગથારની આસપાસ પહોંચે તેમ ન હતો.

હિરને તંબુની બહાર નીકળીને ઠંડી હવા ફેફસાંમાં ભરી, ઝીણી નજરે માહોલ નીરખ્યો. ક્યાંય કોઈ સંચાર જણાતો ન હતો. દબાયેલા પગલે તેણે આડેધડ ઊગેલી મહેંદીની વાડ તરફ દોટ મૂકી. બીજા ફુવારા સુધીનું અંતર એકધારું કાપીને એ થંભી.

પાછળ મંચ તરફ કોઈ હલચલ ન હતી. બેય ટીમ ત્રીજા ફુવારાનો વળાંક પસાર કરીને પોતપોતાના માર્ગે છૂટી પડી ચૂકી હોવી જોઈએ. તેણે બરાબર અંદાજ લગાવ્યો હતો. આસપાસ ધ્યાનપૂર્વક નીરખીને તેણે વળી દોટ મૂકી અને ત્રીજા ફુવારાના વળાંક પાસે પહોંચી.

તાન્શી અને ઝુઝારે એ વળાંક આસપાસ મોરચો સંભાળીને એ રસ્તો સલામત રાખવાનો હતો અને તેણે પોતે પાછળ મંચ તરફ જતો રસ્તો ખુલ્લો રાખવાનો હતો. જો બેય કામ ધારણા મુજબ ચુપકીદીભેર થઈ શકે તો ભડભાંખળું થતા પહેલાં શોટોન કલાકારની રાવટીમાં પ્રવેશીને પછી લાગ મળ્યે કલાકારના સ્વાંગમાં જ પોબારા ગણી જવાના હતા.

પણ તેના હૈયામાં કંઈક અજબ સંવેદન થતું હતું.

પેલેસમાં પ્રવેશવામાં ઢીલાશ દાખવાઈ હતી. ખુદ મેજર બૌદ્ધ લામાના સ્વાંગમાં આવ્યો હતો. મતલબ કે, એ રિજન્ટ હાઉસ પરત ગયો નથી. તો શું એ પોતાલા પેલેસમાં જ હોઈ શકે? તો પછી તેણે પેલેસ તરફના રસ્તા પર નજર રાખવા માટે કોઈક વ્યવસ્થા તો કરી જ હોય.

પણ એ વ્યવસ્થા કરી છે તો કોઈ વર્તાતું કેમ નથી? ક્યાંય કોઈ બોલાશ, કોઈ ચહલપહલ, કોઈ...

અચાનક તેની પીઠ પાછળના બોરસલ્લીના ઝાડ પરથી કશોક અવાજ આવ્યો. ચોંકેલી હિરને ઝાટકા સાથે ગરદન ફેરવીને અવાજની દિશામાં ગન તાકી લીધી. કેટલાંક કાગડા ક્રાંઉક્રાંઉ કરતા ઊડ્યા હતા...

ઓહ્હ્હ...

કાગડાની ઊડાઊડ જોઈને તેણે ઓઝપાયેલા ચહેરે નજર ફેરવી લીધી, પણ એ જ ઘડીએ તેના સતર્ક દિમાગમાં વિચાર ઝબક્યો.

મધરાતે આટલી ઠંડક અને આટલું સૂમસામ વાતાવરણ છતાં આછી-પાતળી નિંદર ધરાવતા કાગડા કેમ ઊડ્યા?

વિચારના ઝબકારા સાથે જ તેનું હૈયું થડકી ઊઠ્યું. ઓહ્‌ નો... કોઈક બોરસલ્લીના ઝાડ પર ઘેઘૂર ડાળીઓ વચ્ચે લપાયેલું હોય તો...

આકરી લશ્કરી તાલીમથી કેળવાયેલા શરીરને સ્પ્રિંગની માફક તેણે તંગ કર્યું અને નિર્જીવ લાકડી પડતી હોય તેમ, પછડાટનો અવાજ સુદ્ધાં ન આવે એ રીતે, કોણીભેર જમીન પર પડતું મૂક્યું.

બોરસલ્લી પરથી ઊડીને ગરમાળાની ડાળીએ બેઠેલા કાગડાંઓનું ક્રાંઉક્રાંઉ ધીમે ધીમે શમી રહ્યું હતું, પણ પવનથી હલતાં પાંદડાને બદલે ઝાડના ઘટાટોપ વચ્ચે પાતળી ડાળીઓનું આખું ઝુંડ હલી રહ્યું હતું.

હિરને આંખો ઝીણી કરીને સહેજપણ હલનચલન વગર એકધારા ઝાડના અંધારિયા ઝુંડને જોયા કર્યું.

- અને તેનાં ફેફસાંમાંથી ધ્રાસકો ફાટી ગયો.

બોરસલ્લીની ડાળીઓના ત્રીજા માળે તેનાં તરફ પીઠ ફેરવીને પેલેસની દિશાએ ચહેરો રાખીને એક આદમી ઝળુંબતો હતો. બે ડાળીઓ પર પગની આંટી બિડેલી રાખીને શરીરનું સંતુલન જાળવવા મથતો એ ડાબી તરફ કશુંક તાકી રહ્યો હતો.

માય ગ્ગ્ગોડ...

આગળ રવાના થયેલી બેય ટીમને તેણે કદાચ પારખી ન હોય તો પણ હવે તે તાન્શીને અથવા તો ઝુઝારને તો જોઈ જ ગયો છે... હિરનના મગજમાં ઝડપભેર ગણતરીઓની દોડધામ મચી રહી હતી અને તે એકધારી એ આદમીની દિશામાં તાકીને આંખોને સાબદી કરી રહી હતી.

ગણતરીની સેકન્ડ તેને નીરખીને હિરને સતત તેના પર નજર ચોંટાડેલી રાખતાં ઝડપથી ક્રાઉલિંગ કરી લીધું. હવે એ આદમી તેનાંથી માંડ ત્રીશ અંશ ત્રાંસમાં ચાલીસેક ફૂટ ઉપર હતો.

એ આદમી ડાળીઓ ફરતો વીંટાળેલો પગનો ઝોલ છોડી રહ્યો હતો. એક હાથે બીજી ડાળી પકડી હતી અને છાતી સાથે બાંધેલા પટ્ટામાંથી કશુંક કાઢવા જતો હતો...

નો વે, વધુ મોડું કરવું પાલવે તેમ નથી. યસ, એ કોઈકને જાણ કરે એ પહેલાં... અરે.. તેના હાથમાં વોકીટોકી જ હતી...

ચોંકેલી હિરને હિપ પોકેટમાંથી બ્રાઉનિંગ ગન કાઢી. નાળચા પર હાથ પસવારીને સાયલેન્સર નોબ ઘૂમાવ્યો અને અંધારામાં ડાળીઓ વચ્ચે લપાયેલા એ આદમી તરફ તાકી લીધી.

આડેધડ ઊગેલી ડાળીઓ, પવનની લહેરખીથી આમતેમ હિલોળાતા પાંદડા, નીચે ખરી રહેલાં સફેદ ફૂલ અને પાતળી ડાળીઓની આરપાર દેખાતી એ આદમીની પીઠ...

તેણે ટ્રિગર દબાવી દીધું.

પહેલાં સાયલેન્સરના મોડ્યુલરમાંથી દબાયેલો સિસકારો થયો, પછી ઝાડ પરથી થોડાંક વધુ પક્ષીઓ ઊડ્યા, પછી ડાળીઓને જાણે કંપવા ઉપડ્યો હોય તેમ હલવા લાગી, એક-બે ડાળીઓ તૂટવાના કડાકા ય થયા અને પછી ધબ્બ કરતો એ આદમી નીચે પછડાયો.

બ્રાઉનિંગના નાળચામાંથી બારુદની કડવી, તીખી ગંધ હળવા ધુમાડા વાટે નીકળી રહી હતી. અંધારામાં ડાળીઓના ઝુંડ વચ્ચેથી ય હિરને આબાદ નિશાન તાક્યું હતું.

નીચે પટકાયેલા આદમીનું મોં જમીન પર ભીંસીને તેણે ગનનું ધગધગતું નાળચું તેની ગરદન પર ભીંસ્યું. એ આદમીએ ઊંહકારો ય ન કર્યો. બ્રાઉનિંગમાંથી વછૂટેલી 9 એમએમ બુલેટ પીઠ પાછળથી તેના હૈયાની આરપાર નીકળી ગઈ હતી.

રાહતના હાશકારા સાથે હિરન ઝાટકાભેર ઊભી થઈ. આ આદમી એકલો ન હોઈ શકે. તેણે આસપાસના ઝાડ પર નજર ફેરવી લીધી અને ફટાફટ ગણતરી માંડીને વોકીટોકી હેન્ડસેટ ઓન કર્યો.

કેસીએ ત્રણ સેટની વ્યવસ્થા કરી હતી. એક તાન્શી પાસે, એક હિરન પાસે અને એક ત્વરિત પાસે. પોતાલા પેલેસમાં કેસીની ટીમ સાથે સંપર્ક થવાનો ન હતો.

'વી આર ઓન હાઈ રિસ્ક...' કોમન ફ્રિક્વન્સી પર તેણે દબાયેલા અવાજે ઝડપભેર કહેવા માંડ્યું, 'ઝાડ પર પક્ષીઓ ગોઠવાયા છે. એકને મેં વીંધી નાંખ્યું છે, પણ બીજા ય હશે જ. ટીમ-એ ઉતાવળ રાખે. ટીમ-સી તમે બેહદ ચૌકન્ના રહો... એન્ડ ફાઈન્ડ આઉટ ધ બર્ડ્ઝ.. હું ટીમ-બી ને એલર્ટ કરવા જાઉં છું. બી કેરફૂલ એન્ડ ટેઈક કેર. ઓવર એન્ડ આઉટ...'

ત્રીજા ફુવારાથી દૂર કોટની રાંગ તરફ ભોંયસરસી લપાઈને સાંભળતી તાન્શીના હૈયે ધ્રુજારી છૂટી ગઈ. શ્ત્સેલિંગકાની પહાડીના ભોંયરા તરફ ધસી રહેલા ત્વરિતને ય ડચકારો નીકળી ગયો.

પોતાલા પેલેસમાં ઘૂસી રહેલી કેસીની ટીમ તેમના પર ઘેરાતી આફતથી બેખબર હતી અને પેલેસની ભૂગોળથી ના-વાકેફ હિરન તેમને સતર્ક કરવા દોડી રહી હતી.

પેલેસ તરફ

ત્રીજા ફુવારાથી જમણી તરફ ફંટાયેલી કેસીની ટીમના મરજીવાઓ સલામતી ખાતર લપાતા-છુપાતા, વિરામ લેતાં પેલેસના પગથિયે તો પહોંચી ગયા, પણ અહીં ડાબે-જમણે અને ઉપર-નીચે એવા બેવડા ફોર્મેશનમાં સંત્રીઓ ગોઠવાયેલા હતા.

પેલેસની બરાબર સીધમાં ઝાડની આડશમાં લપાઈને કેસી ઢીંચણભેર બેઠો અને પારાવાર જોખમ વચ્ચે ય તેણે બેધડક આંખ મીંચી લીધી.

'ઓહ ઈશ્વર...' બંધ આંખે, થડકતા હૈયે એ મનોમન બબડી રહ્યો હતો, 'અહિંસાધર્મના પ્રવર્તક ભગવાન બુદ્ધ... તમારા પવિત્ર અને કૃપાળુ નિવાસની બરાબર સામે હું એકરાર કરું છું કે મેં જિંદગીભર હિંસા આચરી છે. નીતિ શું છે અને આચાર શું છે એ જાણવા છતાં મેં ભાગ્યે જ ધર્મસત્તાના આદેશ પાળ્યા છે, પણ જ્યારે મારું વતન, મારો દેશ... અરે મારો ખુદનો ધર્મ પોતે જ અસ્તિત્વના જોખમ તળે હોય ત્યારે પહેલાં શું મહત્ત્વનું હોય? ધર્મનો ઉપદેશ કે ધર્મનું

અસ્તિત્વ? નીતિ અને આચારનો વ્યવહાર કે વતનની મુક્તિ? એ સવાલના જવાબમાં મને જે સત્ય લાધ્યું તેને હું અનુસર્યો છું. હવે હું જે કરવા જઈ રહ્યો છું તેના સારા કે માઠા પરિણામોથી હું બેખબર છું, પણ મને લાધેલું સત્ય મને આદેશ કરે છે કે એ મારે કરવું જોઈએ. મને ખબર નથી કે હું મારા બાંધવોની ભાવિ પેઢી માટે શું કરી રહ્યો છું, પણ ઈશ્વર, તારા આંગણે ઊભીને હું પવિત્ર હૃદયે સ્વીકારું છું કે મન, વચન અને હેતુથી હું એટલો જ શુદ્ધ છું જેટલો આ ધરતી પર તેં મને અવતાર આપ્યો ત્યારે હતો. હું સફળ થઈશ તો એ તારી કૃપા હશે અને...'

ક્ષણાર્ધ માટે તેના ગળે ડૂમો ભરાયો. તેની બંધ આંખોની ભીતરથી આંસુની ધાર વહેતી થઈ, 'જો હું નિષ્ફળ જઈશ તો એ મારી નિયતિનો આદેશ હશે. જો હું સફળ થાઉં તો હે ઈશ્વર, મારા દેશબાંધવોના તરડાયેલા, મુરઝાયેલા, હતાશ ચહેરા પર તારો કૃપાળુ હાથ પસવારજે, અને જો હું નિષ્ફળ જાઉં તો...' ફરીથી

તેના જડબા તંગ થયા. ફરીથી આંખમાંથી વહેતા આંસુઓ ગાલ પર દદડીને ગરદન પખાળવા લાગ્યા, '... તો ફરીથી મને આ જ સોહામણી ધરતી પર આ જ ભોળુડા દેશબંધુઓની વચ્ચે જન્મ આપજે. આ જન્મે અને પ્રત્યેક જન્મે મને કામના તો એમની સુખાકારીની જ રહેશે...'

તેણે ઝાટકા સાથે આંખ ખોલી નાંખી. મણિમંત્રનો પાઠ કરતા રહીને કમરમાંથી તે ઝૂક્યો અને પરમ આસ્થાના પ્રતીક સમા મહેલનો પ્રણિપાત કર્યા.

'મૂવ...' શર્ટની બાંયથી ચહેરો લૂંછતા તેણે સિસકારા જેવા અવાજે આદેશ કર્યો. એ સાથે તેના આદમીઓ પથરાળ ઢોળાવ પર કોણી અને ઢીંચણના સહારે જરાક સરખો ય અવાજ કર્યા વગર રીઢા કાચિંડાની માફક ચઢાણ કરવા લાગ્યા.

એકધારા અડધી કલાકના ચઢાણ પછી વિરાટ મહેલના પહેલા માળની સમાંતરે તેઓ પહોંચ્યા. અહીં વિરામ લેવાનો કેસીએ આદેશ કર્યો. ગોરાડુ માટીના રંગે રંગેલી પેલેસની દીવાલો આસપાસ ઊગી નીકળેલા ઝાડી-ઝાંખરામાં લપાઈને લાકડાના વજનદાર પીઢિયાની આડશમાંથી કેસીએ અંદરનો નજારો જોયો. બલ્બના ઝાંખા પીળા અજવાસમાં લાંબી પરસાળ તદ્દન નિર્જીવ લાગતી હતી. એંશી ફૂટ લાંબી એ પરસાળ વટાવ્યા પછી સાંકડા રવેશ વાટે ઉપર જવાનું હતું.

સાધારણ રીતે બહારની તરફ ખુલતા દરેક રવેશ પર રખાતા સંત્રીઓ આજે કેસીના અંદરના જાણભેદુઓએ હટાવી લીધા હતા. લાકડાની મજબૂત બારીઓ ખુલ્લી રખાઈ હતી એટલે અંદર હાથ નાંખીને રિવેટ ખેંચી લેવાનું ખાસ મુશ્કેલ ન હતું.

કેસીએ ઘડિયાળમાં જોયું.

મધરાતના સવા ત્રણ થવા આવ્યા હતા. તેની પાસે હવે દોઢ કલાક હતી. મળસ્કે પોણા પાંચે પરંપરા પ્રમાણે મહેલના ડંકા-નિશાન વાગે એ પહેલાં તેણે પહોંચવાનું હતું. તેણે ઈશારો કર્યો એટલે તેની ટીમના ત્રણેય જોરાવર આદમીઓ કામે લાગી ગયા. અડધી કલાકની મહેનત પછી તેમણે દીવાલમાં રિવેટ વડે જડેલો લાકડાનો આખો કઠેડો જ નોંખો કરી દીધો એ સાથે એક આદમી શરીર સંકોરીને અંદર ઘૂસી શકે એટલી જગા થઈ ગઈ.

મહેલની પવિત્ર ભૂમિની અંદર પગ મૂકતા વેંત ફરીથી સૌએ પ્રાર્થના કરી અને સાંકડા, અંધારિયા રવેશમાં દોટ મૂકી. રવેશની પાછળ ખુલતો દાદર ચડીને તે સૌ ઉપર ચડ્યા. અહીં પણ લાંબી પરસાળ એવી જ સૂમસામ હતી. પરસાળની એ જ દીવાલ તોડવાની હતી.

હવે ચાર વાગ્યા હતા.

એકધારા શ્રમ, દડમજલ અને તણાવને લીધે પરસેવે રેબઝેબ થતા કેસીએ ઈશારો કર્યો એટલે

એક આદમી વજનદાર કોશ વડે દીવાલનું તળ ખોતરવા માંડ્યો. તદ્દન ધીમા ફટકા મારીને અને ભારે બળપૂર્વક કોશ અંદર ખોસતા જઈને આશરે અડધી કલાક પછી છ-સાત ઈંચ ઊંડું અને દોઢેક ફૂટ લાંબું બાખોરું તૈયાર થઈ ગયું.

ડંકા ગગડવાને હવે ચંદ મિનિટો જ બાકી હતી. એટલી વારમાં એ બાખોરામાં બારુદ ધરબીને અડધો ફૂટ લાંબી સિંદરી સળગાવી તેનો બીજો છેડો બારુદમાં ખોસ્યો અને સૌ સલામત અંતરે ખસીને ભોંયસરસા ચંપાઈ ગયા.

બરાબર પોણા પાંચે સૂમસામ સ્તબ્ધતાની છાતી માથે પહેલો ડંકો પડઘાયો. દસ સેકન્ડના વિરામ પછી બીજો ડંકો અને પછી તરત ત્રીજા ડંકા સાથે મહેલની છત પર પ્રચંડ અવાજે ઝાલર, ડંકા ગગડવા લાગ્યા. પ્રબુદ્ધ શક્તિની જાગવાની એ વેળા હતી. એ જ વખતે ભીષણ ધડાકા સાથે બારુદ ફાટ્યો હતો અને સૈકાઓ જૂની એ દીવાલ ધડાકાભેર ફસકી પડી હતી.

દીવાલ ભાંગતાં ઉડેલી ધૂળની ડમરી અને બારુદનો કાળોમેંશ ધૂમાડો ઓસરે એ પહેલાં જ કેસીએ દોટ મૂકી દીધી અને ઇંટ-પથ્થરના જેમતેમ ઊડેલા રોડાં કૂદાવતા જઈને એ ઓરડામાં પ્રવેશ્યો એ જ વખતે એકસામટી બંદૂકો ગરજી હતી. કેસી કંઈ સમજે, આડશ શોધે, વળતો ફાયર કરે એ પહેલાં તેના ખભામાં, પડખામાં અને પેઢુમાં ત્રણ ગોળી ઘૂસી ગઈ હતી.

નોર્બુલિંગ્કા તરફ કેટલાંક આદમીઓ ધસી રહ્યા છે એવો સંદેશો ઝાડ પર છુપાવેલા આદમીએ આપ્યો એ સાથે જ ખંધો મેજર આખો ય મામલો પામી ચૂક્યો હતો. અંધારી રીતે પેલેસ ભણી આવનારા આદમીઓનો ઈરાદો શું હોય એ હવે તેને સમજાવવું પડે તેમ ન હતું. તેણે તરત પોતાના ફર્સ્ટ ઓફિસરને તૈનાત કર્યા હતા. એખલાસ અને સદ્ભાવ અને સારા વર્તાવની ઐસીતૈસી કરીને બંદૂકની અણીએ લામામંડળને એકઠું કર્યું હતું અને બેય પાસવર્ડ લાગુ કરીને પવિત્ર ઓરડાનો દરવાજો ખોલાવ્યો હતો અને ખુદ પોતે ગન તાકીને ઊભો રહી ગયો હતો.

બહારથી દીવાલ પર ઝીંકાતા કોશના ફટકા જાણે મેજરના હૈયે ઝીંકાતા હતા. ચીનની સરકારને સુદ્ધાં બેખબર રાખીને તેણે પોતાલા પેલેસમાં છેક પવિત્ર ઓરડા સુધી હથિયાર સાથે પ્રવેશીને ખતરનાક જોખમ ખેડી નાંખ્યું હતું. હવે તો ઘુસણખોરોને રંગે હાથે, ઓન ધ એક્શન ઝડપ્યા વગર છૂટકો જ ન હતો.

અત્યાર સુધી વંકાતું રહેલું મેજર ક્વાંગ યુનનું નસીબ એ દિવસે પાધરું ચાલતું હતું.

બારુદ ફાટ્યો, દીવાલ ફસકી પડી તો ય ચૂપકીદીભેર લપાયેલા રહેલા મેજરે જેવો પહેલા આદમીને અંદર પ્રવેશતો જોયો એ સાથે જ બેય હાથે ગન ચલાવી નાંખી હતી.

*** *** ***

દૂર રિન્દેમ મઠમાં એ આખી રાત વેદી જલતી રહી હતી. જૈફ લામા નામલિંગ કિરમજી દુશાલાની આડશમાં ચહેરા પરની ખિન્નતા ઢબૂરીને બોઝિલ આંખો પર પાંપણો દબાવીને રાતભર આહુતિ આપતા રહ્યા હતા.

અચાનક વહેલી સવારે તેમની આંખો ખુલી ગઈ હતી. આહુતિ આપતો હાથ ઉંમરવશ ધ્રુજી રહ્યો છે કે રિન્દેમના હૈયાની ફફડાટી એ ધ્રુજારી થકી છતી થાય છે એ પાસે બેઠેલો ભીખ્ખુ સમજી શકતો ન હતો.

ખોળામાં મૂકેલું આહુતિપાત્ર તેમણે આવેશવશ હડસેલી દીધું. ક્યાંય સુધી એકધારા તે યજ્ઞની પવિત્ર વેદીમાંથી ઊઠતા હુતાશનને આક્રોશભેર જોઈ રહ્યા.

- અને પછી ધ્રુસકે ધ્રુસકે નાના બાળકની જેમ રડી પડ્યા.

ભીખ્ખુ તાજુબીપૂર્વક રિન્દેમ લામા નામલિંગની અજબ વ્યાકુળતા જોઈ રહ્યો. વેદીની અગનજ્વાળાઓને સંબોધતા હોય તેમ સ્વગત બબડી રહેલાં નામલિંગને સાંભળતો રહ્યો.

ત્યારે પહેલી વાર ભીખ્ખુને ખબર પડી કે રિન્દેમ નામલિંગ સન્યસ્ત ધારણ કરતાં પૂર્વે પૂર્વાશ્રમમાં ખામ્પા સરદાર યોદોંગ ત્સોરપેના નાના ભાઈ હતા અને મુક્તિવાહિનીનો કમાન્ડર કેસાંગ ત્સોરપે તેમના પરિવારનો આખરી આતશ હતો.

*** *** ***

ત્રીજા ફુવારાથી ડાબી તરફ ફંટાવાનું હતું અને રાવટીમાંથી નીકળ્યા ત્યારથી જ બેય ટીમે ડાબે-જમણે અલગ દિશા પકડી હતી. તો ય ત્રીજા ફુવારે પહોંચીને પ્રોફેસર ઘડીક થંભ્યા. ફુવારાથી ડાબી તરફ એકધારો ઢોળાવ શરૂ થતો હતો. દૂર રાંગ પરથી રેલાતી સાવ પાંખી રોશનીની પૃષ્ઠભૂમાં ઝંખવાતા જતા ઓળાઓને તેઓ ઘડીભર જોઈ રહ્યા.

પોતાલા પેલેસ પરિસરમાં જ વાયવ્ય ખૂણેથી શરૂ થતી શ્ત્સેલિંગ્કાની પહાડી અઢી કિલોમીટર સુધી પથરાયેલા કૌતુક સમાન હતી. નિસર્ગની કરાલ, રૌદ્ર લીલાએ કંઈક વર્ષોની કરામત પછી અહીં વિકરાળ ખડકોની વચ્ચે પોલાણ સર્જી દીધા હતા. હજારો વર્ષની ઉથલપાથલ પછી ઠરેલા લાવાના છિદ્રાળુ ખડકોમાં પવનના ઝંઝાવાતે આબાદ ગુફાઓ કોરી નાંખી હતી.

દુનિયાથી અલિપ્ત થઈને પરમતત્ત્વ સાથે સંધાન સાધવા મથતા બૌદ્ધ સાધુઓ વિકરાળ પહાડોની એ એકાકી, ભેંકાર ગુફાઓમાં મહિનાઓ સુધી આસનબદ્ધ બની રહેતા. સત્તરમી સદીના આરંભે પાંચમા દલાઈ લામાએ શ્ત્સેબુલિંગ્કાની ગુફાઓ પાસે પોતાલકા પર્વતમાળામાં ભવ્ય મહેલ બંધાવવાનો શરૂ કર્યો એ પછી આ ગુફાઓનો ખાસ ઉપયોગ રહ્યો ન હતો.

પરંતુ ઓગણીસમી સદીના આખરમાં ફરીથી અહીં ગુફાઓની સાફસૂફી શરૂ થઈ હતી. દેવદાર, ચિનારના ખોખામાં કાળજીપૂર્વક પેક કરેલાં અત્યંત પ્રાચીન અને મૂલ્યવાન હસ્તપ્રતો, ભોજપત્રો, તામ્રપત્રોનાં પોટલાં અહીં મોકલાયાં હતાં. વિષય અને ઉપયોગિતા મુજબ તેનું વિભાજન કરવામાં આવ્યું હતું અને લગાતાર પાંચ વર્ષની જહેમત પછી પોતાલા પેલેસ મંજૂરી આપે એ બૌદ્ધ મઠ માટે તેનો અભ્યાસ ખુલ્લો મુકાયો હતો.

ચીનના આક્રમણ પછી તિબેટિયનોની લાગણી જીતવા મથતા રેડ આર્મીએ એક વખત તો આખો ય પોતાલા પેલેસ અને શ્ત્સેબુલિંગ્કાની પહાડી પરના એકે એક ભોંયરા ફેંદી લીધા હતા. મુખ્યત્વે સુરક્ષા સાથે જ નિસ્બત ધરાવતા ચીની અફસરોને જર્જરિત પુસ્તકો, હસ્તપ્રતોમાં કંઈ જોખમ જેવું ન લાગ્યું એટલે તિબેટિયનોની ધાર્મિક લાગણી જીતવાના આશયથી પોતાલા પેલેસની સાથે શ્ત્સેબુલિંગ્કાની સેંકડો વિરાટ ગુફાઓને ય તેમણે સ્વાયત્ત જાહેર કરી દીધી

હતી.

વેરાન ઝાડીઓના કાંટાળા વળાંક, કઢંગા ખડકોનો એકધારો ઢોળાવ, પહાડ વચ્ચેની ફાંટમાંથી ફૂંકાતા પવનનો સિસકારો અને ભેંકાર સ્તબ્ધતા ઓઢીને અંધારું કણસતી રાત...

વાદળછાયા આકાશમાં કૃષ્ણ પક્ષનો ચંદ્ર ક્યાંય અલોપ થઈ ગયો હતો. દક્ષિણ દિશાએ કોટની રાંગ પર જલતી હેલોજનનો ઉજાસ ક્યાંય દૂર ક્ષિતિજ પર ઝાંખી વીજરેખા રચીને ઓલવાઈ જતો હતો. અંધારામાં તદ્દન અજાણી પહાડી પર દિશાભાન રાખવું અને ચૂપકીદીપૂર્વક આરોહણ કરવું જરાય આસાન ન હતું, પણ તાન્શીની કડક સૂચના હતી. પહાડની ડાબી તરફ પોતાલા પેલેસ પરિસરનું પછવાડું શરૂ થતું હતું અને વહેમાયેલા મેજર ક્વાંગે ત્યાં પહેરો ગોઠવ્યો જ હશે. એવા સંજોગોમાં પહાડીઓ પર ટોર્ચનો જરાક સરખો ઝબકારો ય પારાવાર જોખમ સર્જી શકે.

એકધારું ચઢાણ ચડીને હાંફી રહેલો ત્વરિત ઘડીક થંભ્યો. એ અને એકવડિયા બાંધાનો છપ્પન સડસડાટ ઉપર ચડી આવ્યા હતા, પણ પ્રોફેસરની ગતિ પ્રમાણમાં ધીમી હતી.

એ જ વખતે તેના વોકીટોકીમાં 'બીપ્..' અવાજ સાથે લીલી લાઈટનો આછકલો ઝબકારો થયો. ચોંકીને તરત તેણે સાવચેતી ખાતર વોલ્યુમ ડાઉન કરીને કાન સરવા કર્યા.

'હિરન વોઝ રાઈટ... ફુવારા પાસેના ઝાડ પર મેજરે કેટલાંક આદમીઓને ચડાવ્યા હતા. હિરને એકને ઢાળી દીધો છે, પણ...' ભેંકાર અંધારા વચ્ચે ય તેના ચહેરા પર ભયનો ઓથાર લપેટાતો સ્પષ્ટ વર્તાતો હતો, 'હિરન કેસીને ચેતવવા પેલેસ તરફ ધસી છે. આપણે શક્ય તેટલી ઝડપ રાખવી પડશે...'

ચિંતાતુર પ્રોફેસરે તરત ઘડિયાળમાં જોયું. મધરાતના દોઢનો સુમાર થવા આવ્યો હતો. આયોજન પ્રમાણે તેમણે ભડભાંખળું થાય એ પહેલાં કામ પતાવીને પરિસરના ત્રીજા ફુવારા પાસે પહોંચી જવાનું હતું.

ત્યાંથી શોટોન કેમ્પમાં અને ત્યાંથી...

સહી-સલામત ભાગી છૂટવાની કલ્પના માત્રથી દરેકના કદમમાં જોર ઊભરાયું. ત્વરિતે મજબૂતીથી પ્રોફેસરનો હાથ પકડ્યો અને ઉપરની તરફ દોટ મૂકી.

ચોર, ઊઠાઉગીર જેવા શબ્દો પોતાના માટે વપરાય એ જરાક પણ સહી ન શકતો છપ્પન સતત મૌન રહીને અંતર્મુખપણે આગળ ધસ્યે જતો હતો. આજે પહેલી વાર તે એવી જગ્યાએ કરામત કરવા જઈ રહ્યો હતો, જેનો તેની પાસે કોઈ પ્લાન ન હતો. કોઈ નકશો ન હતો. ન તો તેણે એ જગાની મુલાકાત લીધી હતી કે ન તો તેને પડી શકતી મુશ્કેલીઓનો કોઈ અંદાજ હતો.

- અને આજે પહેલી વાર તે એકલો ય ન હતો.

પોણી કલાક પછી પહેલી પહાડી તેમણે ઓળંગી અને વિસામો લીધો ત્યારે પ્રોફેસર હાંફતી છાતીએ તાજુબ થઈને જોઈ રહ્યા હતા.

જમણી તરફ ત્રાંસમાં ઊભા હતા રુદ્રના ખપ્પર જેવા કરાલ પહાડો, પહાડોએ ડાચું ફાડીને કરેલા અટ્ટહાસ્ય જેવી વિરાટ ગુફાઓ, ગુફાઓની ભીતરનું કાળુંડિબાંગ અંધારું અને અંધારાને ઉજાળતો સદીઓથી સચવાયેલા પુરાતન જ્ઞાનનો પ્રકાશ...

'માય ગોડ...' પહેલી ગુફાની નજીક સરકી રહેલા ત્વરિતના મોંમાંથી ઊંહકારો નીકળી ગયો. પર્વતના પોલાણમાં ઠેરઠેર ગુફાઓના નાના-મોટા મુખ વર્તાતા હતા, 'ટોર્ચ સળગાવ્યા વગર છૂટકો નથી...' તેણે છપ્પન અને પ્રોફેસર તરફ મૂંઝવણભરી નજરે જોયું.

'ના...' પ્રોફેસર પીઠ પાછળ ક્ષિતિજ તરફ જોયું. દૂર ક્ષિતિજ પર લગભગ એકસરખી ઊંચાઈએ અંધારા વચ્ચે નહાતો યશોજ્જવલ પેલેસ દેખાતો હતો, 'આપણે કોઈ જ જોખમ નથી લેવું... અહીં દરેક ગુફાની બહાર જે-તે મઠની નાનકડી ધજા અને પ્રતીક આંકેલા છે. આપણે રિન્દેમ મઠની ભૂરી ધજા અને બોધિવૃક્ષનું પ્રતીક ઓળખવાનું છે'

'કુમબુમ, ત્સેલુંગ, ચોફેલ, દારપો, ચોકપોરી...' પ્રોફેસરે બેકપેકમાંથી નાનકડી ડાયરી કાઢીને આગલી રાતે મોટા અક્ષરે લખી રાખેલો તિબેટી પ્રણાલી મુજબ મઠનો ક્રમ વાંચવા માંડ્યો, 'રિન્દેમ મઠનો ક્રમ સાતમો છે. જો પહેલું ભોંયરું કુમબુમ મઠનું હોય તો આપણે ક્રમ મુજબ શોધી શકીએ...'

છપ્પને આંખ ઝીણી કરીને આખાય પહાડનું બારીક અવલોકન કરવા માંડ્યું.

સીધી કરાડના ઉતરતા ઢોળાવ પર નાનકડી-સાંકડી તળેટી અને પછી વળી કરાડ એવા નૈસર્ગિક માળ વચ્ચે આબાદ ભોંયરા રચાયેલા હતા. એક પહાડ પર ઉપરથી નીચે તરફ 15-17 જેટલી ગુફા હોય તેવો કાચો અંદાજ તેણે માંડ્યો. એ હિસાબે ચોથી પહાડી તરફ રિન્દેમ મઠનું 64 નંબરનું ભોંયરું હશે. લામા નામલિંગે ભોંયરું શબ્દ વાપર્યો હતો, મતલબ કે એ છેલ્લી તળેટી તરફ જ હોવું જોઈએ.

ત્રણેયે પહાડના તળિયાને ત્રણ અલગ અલગ દિશામાં વહેંચીને શક્ય તેટલી ઉતાવળે અંધારામાં ફાંફા મારવાના શરૂ કરી દીધા. છપ્પનનો અંદાજ સાચો હતો. ચોથી પહાડીના તળિયામાં જ ખડક પર રિન્દેમ મઠનો ભૂરો ધ્વજ અને શીખાઉ છોકરડાંની કલાકારી જેવું અણઘડ હાથે ચિતરાયેલું બોધિવૃક્ષ દેખાયું.

હવે? ત્રણેયના ચહેરા પર પારાવાર અજંપો વર્તાતો હતો. પ્રોફેસર ફાટી આંખે ભોંયરાના અંધારાની આરપાર જોવા મથતા રહ્યા. પહેલાં ત્વરિત અંદર પ્રવેશ્યો. પથ્થર કોરીને બનાવેલા પગથિયાં અંદર ઊંડાણ હોવાનો અંદાજ આપતાં હતાં. સાંકડી છત પર હાથ ફંફોસતા જઈને તે છ-સાત પગથિયાં ઉતર્યો અને બાજુ પર સહેજ લપાયો એટલે પ્રોફેસર નીચે ઉતર્યા. બેયે સલામતી ખાતર અંધારામાં જ ગન તાકી દીધી એટલે બરાબર વચ્ચે આવીને છપ્પને ટોર્ચ સળગાવી.

સામે પહાડની કાળમીંઢ દીવાલના ભેંકાર સૂનકાર સિવાય કશું જ ન હતું. ત્રણેય એ જ ફોર્મેટમાં આગળ વધ્યા. વીસેક પગથિયાં જેટલો ઢાળ ઉતર્યા પછી ડાબી તરફ માંડ બે આદમી એકસાથે પસાર થઈ શકે તેવું પોલાણ હતું. એ પોલાણ વાટે દસેક મીટરનું સાંકડું બોગદું પસાર કરીને છપ્પને ફરીથી ટોર્ચનો ઉજાસ ફેંક્યો એ સાથે ત્રણેયની આંખમાં આશ્ચર્યનો ધોધ વરસી રહ્યો.

ચારેક ફૂટ ઊંચી છત ધરાવતો ચાલીસેક ફૂટ લાંબો અને અઢારેક ફૂટ પહોળો, ઢાળ ઉતરતો અને સહેજ વાંકોચૂંકો એ પથારો, ખડકની કુદરતી દીવાલો સાથે જડેલી આલમારીઓ અને દરેક અલમારીઓ પર હારબંધ ગોઠવેલા ખોખાંઓ, પોટલાંઓ અને મજબૂત લાકડાંનાં મોટા પટારાઓ...

પ્રોફેસરની આંખોમાં ઝળઝળિયાં આવી ગયાં.

જેના સાટે જિંદગી ખર્ચી નાંખી, આંખો નિસ્તેજ થઈ જાય અને મગજ બહેર મારી જાય એટલું અધ્યયન કર્યું, આખા ય દેશના અનેક ચકરાવા માર્યા, કેટલાંય જોખમો ઊઠાવ્યા અને બેહિસાબ ગુનાઓ ય કરી નાંખ્યા એ સત્ય હજારો માઈલ દૂરની આ નિર્જન, ભેંકાર, એકાકી અને વિકરાળ પહાડીઓ વચ્ચે તદ્દન અણધારી જગાએ કોઈ જ ચોકીપહેરા કે તાળાકૂંચી વગર

સાવ રેઢુ પડ્યું હતું.

પારાવાર ઉતાવળથી પ્રોફેસરે અલમારીઓ ગણવા માંડી. જમણી તરફથી ત્વરિત ગણવા માંડ્યો. દીવાલ સરસી સુઘડ રીતે બાંધેલી સાંકડી અલમારીઓ અને વચ્ચે ખડકની ભોંય પર લાકડાના પાટડા જડીને તેના પર બનાવેલા ઘોડા. ડાબે- જમણે બેય તરફથી ગણતરી માંડીને નામલિંગે ચીંધ્યા પ્રમાણે 83મી અલમારી તેમણે પસંદ કરી.

છપ્પને હારબંધ પડેલા ખોખાંઓ નીચે ઉતારવા માંડ્યા. ખોખાં પર બીડેલા મજબૂત તાળાને સ્પર્શ પણ કર્યા વગર તેણે બે પેચિયા અંદર ખોસીને હથોડીના ફટકા મારી મિજાગરા ઢીલા કરી નાંખ્યા. પહેલું ખોખું, બીજું, ત્રીજું...

એ ફટાફટ ખોખાં ખોલતો જતો હતો. ત્વરિત અંદરથી લાલ રંગના જાડા માદરપાટમાં વીંટાળેલા પોટલાં નીચે મૂકતો જતો હતો અને પ્રોફેસર એ એક-એક પોટલાંઓમાંથી હસ્તપ્રતો, ભોજપત્રો, તામ્રપત્રો બહાર કાઢી રહ્યા હતા.

તેમના હાથ ધ્રૂજી રહ્યા હતા અને આંખોમાં બાઝેલી ભીનાશ હવે ગાલ પર વરસી રહી હતી. ભરઊંઘમાં પોઢેલા લાડકવાયા સંતાનના વાળમાં ફેરવતા હોય એવા આર્જવથી તેમણે સજળ આંખે હસ્તપ્રતો પર હાથ પસવાર્યો. ટોર્ચનો ઉજાસ ફેંકીને કાળજીપૂર્વક હસ્તપ્રતો, તામ્રપત્રો, ભોજપત્રોને છૂટા પાડવા માંડ્યા.

વિસરી જવાયેલું શ્વેતાશ્વતરોપનિષદ ભાષ્ય, ભૃગુસંહિતાના ખોવાયેલા પાનાઓ, વાતાવરણનું પટલ ભેદીને અવકાશમાં સંપર્ક સ્થાપિત કરવા અંગેના વરાહમિહિરના ખોવાયેલા તર્કો, દૂર બેસીને ય સાંભળવા સક્ષમ બનાવતી કર્ણપિશાચિની વિધાનો આખો ય સંપુટ, સેંકડો જોજનો દૂર ક્યાંક હવામાં વહેતા ધ્વનિતરંગોને પારખી આપતી ધ્વનિર્ધરવિધાનો સંપૂર્ણ અભ્યાસક્રમ, ત્રાટક વડે સામેની વ્યક્તિને સંમોહનમાં લઈ લેતી નેત્રાવલંબ વિધા, બે માણસના મગજની ચેતાઓ વચ્ચે સંધાન સાધીને સંપર્ક ઊભો કરતી વૃત્તદીર્ઘા, ગુરુત્વાકર્ષણના સિદ્ધાંતને ચોક્કસ સંજોગોમાં વળોટી શકતી ઊર્ધ્વસંપાત...

ખોખાંઓ ખોલીને પ્રોફેસરની આસપાસ થપ્પો કરી રહેલો છપ્પન અને પોટલાંઓ ઠાલવીને હસ્તપ્રતોના થોકડા કરી રહેલો ત્વરિત, બંને અચરજથી જોઈ રહ્યા અને પ્રોફેસરે નાના બાળકની માફક ધ્રુસકે ધ્રુસકે રડતાં એ દરેક હસ્તપ્રતોને સાષ્ટાંગ પ્રણામ કરી લીધા.

હજારો વર્ષ પૂર્વેના વિચક્ષણ મહામાનવોને લાધેલું એ જ્ઞાન હતું. સદીઓ સુધી અનેક અનામ લોકોએ વહાવેલા લોહીની અણમોલ કિંમત ચૂકવીને સચવાયેલું એ જ્ઞાન પોતાની સામે પડ્યું છે તેના અહેસાસથી પ્રોફેસર ભાવવિભોર બની રહ્યા હતા.

બારીકીથી જોવાનો સમો ન હતો અને ભાવવિભોર થયે પાલવે તેમ ન હતું. ત્વરિતે લાગણીવશ પ્રોફેસરના ખભે હાથ દબાવ્યો. આંખો લૂછી રહેલા પ્રોફેસરે હકારમાં ગરદન ધૂણાવી.

જેના માટે આખું ય ભારત વળોટીને, હિમાલયની વિકરાળ પહાડીઓ વીંધીને આટલું જોખમ ઊઠાવીને તદ્દન અજાણ્યા મુલકમાં ઘૂસણખોરી કરવાનું સાહસ ખેડ્યું એ આ જ ખજાનો હતો.

પ્રોફેસરે હકાર ભણ્યો એટલે ત્વરિત અને છપ્પન ફટાફટ કામે લાગી ગયા. માદરપાટનું કપડું મજબૂત હતું, પણ વળતી મુસાફરી કેવીય હશે તેનો કોઈ અંદાજ ન હતો એટલે છપ્પને ત્યાંથી જ ત્રણેક પેટીઓ ઊઠાવી તેમાં પોટલાં ભર્યા અને દરેક આલમારીઓ હતી તેવી ગોઠવીને તેઓ બહાર નીકળ્યા ત્યારે પ્રોફેસરે સજળ આંખે ગરદન ફેરવીને આખાય ઓરડાને આવરી લીધો અને ભોંયરાના દેવતાઓનો, રિન્દેમ મઠના દીર્ઘદૃષ્ટા લામાઓનો અને અહીં સુધી પહોંચાડનાર નામલિંગનો મનોમન આભાર માની રહ્યા હતા.

*** *** ***

પોતાલા પેલેસ તરફ ધસી રહેલી હિરનના મગજમાં તર્કોનો ઝંઝાવાત ફૂંકાઈ રહ્યો હતો. પેલેસની ભૂગોળથી તે વાકેફ ન હતી. તેણે તાન્શીને મોકલવાની જરૂર હતી, પણ જો એ તાન્શીને મોકલે અને કેસીની ટીમ સહિત એ પણ જોખમમાં આવી પડે તો શ્ત્સેબુલિંગ્કા તરફથી આવનારી ટીમ (છપ્પન, ત્વરિત, પ્રોફેસર)ને બહાર કોણ કાઢે?

છેવટે તેણે જાતે જ એ જોખમ ઊઠાવી લીધું હતું.

13 માળના વિરાટ પોતાલા પેલેસના પગથિયાંની અંદર વાયરલેસ કમ્યુનિકેશન શક્ય નથી એવું કેસીએ કહ્યું હતું. એટલે જ તેણે ત્રીજો હેન્ડસેટ પોતાની પાસે રાખવાને બદલે ત્વરિતને આપવાનું કહ્યું હતું.

હિરને જેને વીંધી નાંખ્યો એ આદમી પાસે વોકીટોકી હેન્ડસેટ હતો. તેનો અર્થ એવો થયો કે પેલેસ સુધીના બે-અઢી કિલોમીટરના પરિસરમાં જ તેણે બીજા કોઈકને આ સંદેશો આપ્યો હોય. એ બીજો આદમી વાયરલેસ કોમ્યુનિકેશનની મહત્તમ મર્યાદામાં પેલેસથી શક્ય તેટલો નજીક ઊભો હોય અને પછી રૂબરૂ જઈને કે અન્ય કોઈ રિલે-નેટવર્કથી મેજરને સંદેશો આપે તેમ બની શકે?

અંધારામાં લપાવાની પરવા કર્યા વગર એકધારી દોડી રહેલી હિરનના વજનદાર શૂઝ ખડકની નક્કર ભોંય પર પછડાઈ રહ્યા હતા અને દિમાગમાં વંટોળ ઘૂમરાતો હતો.

જો એવું જ હોય તો મેજરે મહેલના પ્રવેશ પાસે જ કશીક વ્યવસ્થા ગોઠવી હોય. કેસી જોકે મુખ્ય પ્રવેશદ્વારેથી જ એન્ટ્રી લે એ શક્ય ન હતું.

પેલેસના પગથિયા દેખાતા શરૂ થયા એટલે તે ઘડીક થંભી. ફેફસાંના હાંફને કાબૂમાં લીધો. પગથિયાની જમણી તરફથી અહીં પહોંચેલી કેસીની ટીમ કઈ દિશાએથી અંદર પ્રવેશી હશે? 437 પગથિયા ધરાવતા તોતિંગ પેલેસનું છેલ્લું પગથિયું છેક ચોથા માળે ખુલતું હતું અને પગથિયાઓ પર નિયમિત અંતરે સંત્રીઓ પહેરો દેતા હતા. કેસીની ટીમ આ પગથિયાઓ વાટે તો અંદર ન જ પ્રવેશી હોય.

પગથિયાની લંબાઈ આશરે પચ્ચીસ ફૂટ હતી. ડાબી તરફથી પ્રવેશવા માટે કેસીની ટીમે સંત્રીઓની નજર ચૂકાવીને આટલું અંતર કાપવાનું થાય. પોતે કેસીની જગાએ હોય તો આવું જોખમ ન ખેડે. હિરને મનોમન વિચાર કર્યો અને બિલ્લીપગે થોડાં ડગલાં પાછળ હટીને બંદૂકમાંથી છૂટતી ગોળી જેવો વેગ પકડ્યો અને પલકવારમાં ચારેક ફૂટ ઊંચી કલાત્મક દીવાલ કૂદી ગઈ.

હવે તે સંત્રીની નજરમાં આસાનીથી આવે તેમ ન હતી. પગથિયાંની દીવાલની આડશે લપાઈને તે ઉપર તરફ જતા રવેશ ભણી લપકી.

એ જ ઘડીએ રવેશનો બલ્બ સળગ્યો. ઓચિંતી રોશની થવાથી ચોંકેલી હિરન દીવાલસરસી ભીંસાઈ ગઈ. ઉપર બારણું ખુલવાનો અવાજ આવ્યો. એક સંત્રી રવેશમાં પ્રવેશીને પાવરફૂલ ટોર્ચ ફેંકી રહ્યો હતો.

આ હંમેશનો ક્રમ હતો કે કેસીની ટીમની હાજરી પારખીને મેજર હરકતમાં આવ્યાની નિશાની હતી?

દીવાલસરસી ચંપાઈને હિરન મનોમન અંદાજ માંડતી રહી. મધુમાલતીના વેલાથી વીંટાયેલો માંડવો તેને સહજ છાવરી રહ્યો હતો એટલે તેને પોતે દેખાઈ જશે એવો ભય ન હતો, પણ એ

સંત્રી ન હટે ત્યાં સુધી તે ઉપર જઈ શકે તેમ ન હતી.

એ સાલો ખાસ્સી વાર સુધી ત્યાં જ ખોડાયેલો રહ્યો. થોડી વારમાં બે જણ વાત કરી રહ્યા હોય તેવો ચટરપટર અવાજ પણ સંભળાયો અને તરત હવામાં બળતી તમાકુની ગંધ પણ ફેંકાવા લાગી. રવેશમાં ઊભા રહીને બે સંત્રી સિગાર પીતાં વાતોએ વળગ્યા હતા અને અહીં હિરનનો ઉચાટ સતત વધતો જતો હતો.

એ બંને સંત્રી તરત નીકળી ગયા હોત તો હિરન સપાટાભેર ઉપર પહોંચી શકી હોત અને તો એ કેસીને સમયસર સતર્ક કરી શકી હોત. કારણ કે એ વખતે કેસીની ટીમ ઉપરના માળે રવેશમાં પ્રવેશવા માટે કઠેડો કાઢી રહી હતી.

પણ કેસની વંકાયેલી તકદીરે મોકલેલા એ બંને આદમીઓએ ગપાટા મારતા ત્યાં જ ઊભા રહીને આખી સિગાર ફૂંકી મારી...

- અને સાથેસાથે કેસીનું આયખું પણ...

એ બેય આદમી રવાના થયા. રવેશનું બારણું વસાવાનો અવાજ આવ્યો અને બલ્બ પણ બંધ થયો એ સાથે હિરને ફરીથી દોટ મૂકી. એકધારા ચઢાણને લીધે હાંફતા શ્વાસ, ગળામાં પડતી કાંચકી અને હૈયાના અજંપાની પરવા કર્યા વગર હિરન ઝડપથી ચઢાણ ચડતી જ રહી. મહેલની દરેક દીવાલો પર હાથ ફંફોસીને કેસીએ અંદર પ્રવેશવા કંઈક પોલાણ કર્યું છે કે નહિ તેની ખાતરી ય કરતી રહી.

લગભગ વીસેક મિનિટના ચઢાણ પછી તેના ચહેરા પર જરાક હાશકારો ઝબક્યો. ગોરાડુ રંગે રંગેલી દીવાલ તરફ ઝળૂંબતા રવેશનો લાકડાનો કઠેડો નીચે પડેલો હતો. કેસીની ટીમ અહીંથી જ પ્રવેશ્યાની એ નિશાની હતી. તેણે અંદર ડોકિયું કર્યું. લાંબી નિર્જન પરસાળમાં ઉજાસ હતો, પણ હવે એ જોખમ લેવું જ રહ્યું. તેણે પરસાળમાં ઝંપલાવ્યું એ જ ઘડીએ સુમસામ સ્તબ્ધતાના લમણે વીંઝાતો હોય તેવો ડંકાનો અવાજ આવ્યો.

ઝબકી ગયેલી હિરને શરીર સંકોરીને દરેક દિશાએ ગન તાકી દીધી. તરત બીજો ડંકો વાગ્યો.

ઓહ્‌હ્... આ તો પેલેસની કશીક પ્રાત:વિધિ જેવું લાગે છે... મનોમન વિચારીને હિરને આગળ વધવા ડાંફ ભરી એ જ વખતે ડંકા-નિશાન અને ઝાલરની ગડેડાટી વચ્ચે ભીષણ ધડાકો થયો અને તેની માથેની છત આખી ય હલબલી ગઈ.

ઉપરના મજલે બ્લાસ્ટ થયો હતો. એ કેસીનું જ કારસ્તાન હોવું જોઈએ.

માથા પરથી પડતી ચૂનાની પર્ત, લાકડાના ખપાટિયાની પરવા કર્યા વગર એ ધડાકાની દિશાએ જતો દાદર ચડવા લાગી એ જ ઘડીએ ત્રણ ફાયર થયા અને એ સાથે બેહદ સતર્ક રહી જાણતી હિરનના મોમાંથી ફક્ત અનુમાનવશ ચિત્કાર નીકળી ગયો..

કેસીઈઈઈઈ....

*** *** ***

પહેલી ગોળી ખભામાં વાગી એ સાથે એ ત્રણેક ફૂટ પાછો ધકેલાયો. હજુ એ કશું પણ સમજે, ગોળીની દિશા પારખે એ પહેલાં બીજો ધડાકો થયો અને તેના ડાબા પડખામાંથી માંસનો લોચો ઊડીને તેની છાતી સુધી ઉછળ્યો.

એકપણ ઉંહકારો કર્યા વગર જાણે કોઈકના ઘાવને જોતો હોય તેમ તેણે ક્ષણાર્ધ માટે પડખા તરફ જોયું, ગરદન ઊંચકી અને સામે ગન તાકી એ વખતે ત્રીજો ધડાકો થયો અને એ વળી ત્રણ-ચાર ફૂટ પાછો ધકેલાઈને ભીંતસરસો ફસકાઈ પડ્યો.

માંડ વીસ સેકન્ડની એ ઘટના હતી.

કેસી ભોંય પર ફસકાયો એ જ વખતે પાછળ ઊભેલ તેના સાથીદારોએ અવાજની દિશામાં ફાયરિંગ કરવા માંડ્યું હતું અને એ જ વખતે હિરન પરસાળમાં પ્રવેશી હતી.

સામે જમીનદોસ્ત થયેલી દીવાલ, દીવાલ પાસે લપાઈને ફાયરિંગ કરી રહેલા આદમીઓ અને એમની વચ્ચે ભોંય પર પટકાયેલો એક આદમી...

હિરને નિમિષમાત્રમાં માહોલ પારખી લીધો.

પણ એ સીધી જ ધસી જાય તો તેને ય હુમલાખોર ગણીને કેસીના આદમીઓ ગોળી મારી દે. તૂટેલી પરસાળની પાછળથી ફાયર કરી રહેલાં લોકો, સંભવતઃ મેજર પણ તેને નિશાન બનાવી શકે.

વીજળીની ઝડપે આ બધા જ પાસાંનો વિચાર કરતી હિરને તરત ભોંય પર પડતું મૂક્યું અને ભોંય પર સરકતી છછૂંદરની ઝડપે એ ફસકાયેલા આદમી પાસે લપકી. ઊંધા પડેલા, ઊભા થવા મથતા એ આદમીને તેણે ખભેથી પકડીને ઊંચો કર્યો એ સાથે તેના હૈયામાં જાણે ડામ ચંપાયો.

'ઓહ માય ગોડ... કેસી...'

કેસીએ બોઝિલ થતી પાંપણો ઊંચકી. તેની આંખોમાં ઝબકારો થયો. તેણે ભારપૂર્વક આંખો બંધ કરીને ફરીથી ખોલી. હિરન અહીં સુધી કઈ રીતે પહોંચી ગઈ એ તેને સમજાતું ન હતું.

એ જ ઘડીએ પરસાળની ડાબી તરફના દાદર પરથી ગોળી છૂટી અને ઓરડામાં ફાયર કરી રહેલો કેસીનો એક આદમી ઉથલી પડ્યો.

'ઓહ નો...' તેણે ચિત્કાર નાંખીને દાદર તરફ બે ફાયર કરી દીધા એ સાથે કેસીના બીજા આદમીએ ય તેને ઓળખી લીધી.

ઓરડો અને દાદર, એમ બે તરફથી તેઓ ઘેરાઈ ચૂક્યા હતા. ત્રીજી દિશા ક્યાં ખુલતી હતી તેનો અંદાજ ન હતો. હવે જ્યાંથી પ્રવેશ્યા એ જ રસ્તે છટકવું પડે. એ માટે દાદર વળોટવો પડે અને સહીસલામત દાદર વળોટવા માટે ત્યાંથી ફૂંકાતી ગનને ચૂપ કરવી પડે.

'તું કેસીને પકડીને ઓરડા તરફ નોનસ્ટોપ ફાયર ચાલુ રાખ...' મુક્તિવાહિનીના આદમીને સુચના આપીને એક જ છલાંગમાં તે આઠેક ફૂટ લાંબી પરસાળના સામા છેડે પહોંચી ગઈ. દીવાલસરસા લપાઈને દાદરની સાવ નજીક પહોંચી. ઊંડો શ્વાસ લીધો અને પછી દાદરની બરાબર સામે આવીને બેય હાથે તેણે ધડાધડ પાંચ રાઉન્ડ ફાયર કરી દીધા.

ફાયર કરીને એટલી જ ત્વરાથી એ દીવાલ તરફ લપાવા જતી હતી ત્યાં જ ઝીણા ચિત્કાર સાથે દાદર પરથી કશુંક ગબડવાનો ધડબડ અવાજ આવ્યો અને બે આદમી નીચે ઝીંકાયા.

હવે એ સાઈડ ખુલ્લી હતી, પણ ક્યાં સુધી ખુલ્લી રહેશે તે કહી શકાય તેમ ન હતું અને ઓરડા તરફથી છૂટતી ગોળીઓ સનકારા સાથે ભીંતમાં, લાકડાની બારસાખમાં અંટાતી જતી હતી. દીવાલો પર ટાંગેલા ચિત્રો ભોંય પર ઝીંકાયા હતા અને ફ્રેમના કાચની કરચો જ્યાંત્યાં વેરાઈ ગઈ હતી. અહિંસાના ઉદ્દાતા ભગવાન બુદ્ધની કાંસાની પ્રતિમા ય ગોળી ખાઇને ખનનનન અવાજ સાથે ભોંય પર પટકાઈ હતી.

એ અવાજથી તંદ્રામાં સરતા જતા કેસીએ આંખો ખોલી. હતું એટલું મનોબળ એકઠું કરીને સાથીદારના ખભા પર હાથ દઈ એ ઊભો થયો.

'ઓહ નો... કેસી... તું...' હિરને દોડીને કેસીને પકડ્યો.

‘આઈ એમ ઓકે...’ તેણે ભારે થતી જતી પાંપણોને પરાણે લૂઢકી પડતી રોકી, ‘મારો બેકપેક ખોલ અને તેમાંથી ઘેરા લાલ રંગનો ખેસ કાઢ...’

આવા વખતે કેસી શું કરવા માંગે છે તેની તાજુબીમાં અટવાતી હિરને બેકપેકમાંથી નાનકડી, પાતળી શાલ જેવો પટકો કાઢ્યો.

કેસી સ્મિતભેર અતલસના એ પટકાને જોઈ રહ્યો. તેના ખભામાંથી લોહીની ધાર થતી હતી. પડખામાં ખાસ્સું દોઢેક ઈંચનું ભગદાળું પડી ગયું હતું અને શર્ટના લીરામાંથી માંસના લોચા બહાર આવી ગયા હતા. પેઢુમાંથી નીતરતું લોહી ઢીંચણ ભીંજવતું હતું.

ઓરડા તરફ ફાયર કરી રહેલા આદમીઓની સાથે હિરને પણ કેસી પર નજર રાખતાં જઈને ફાયર ચાલુ રાખ્યા. હિપ પોકેટમાંથી બીજી ગન કાઢીને મેગેઝિન બદલ્યું. બેય તરફ ગોળીઓના સનકારા બેફામ છૂટી રહ્યા હતા અને માંડ આઠ ફૂટ પહોળી, ત્રીસેક ફૂટ લાંબી, પાંચ સદીથી પ્રગાઢ શાંતિમાં રહેવા ટેવાયેલી પરસાળમાં જાણે ભૂતાવળ ધૂણતી હતી.

ફાયરિંગ કરીને પાછા પગે ખસતી જતી હિરન એક હાથે કેસીને ય ખેંચતી જતી હતી. ત્યારે કેસી ધ્રૂજતા હાથે માથા પર પટકો બાંધી રહ્યો હતો. એ પટકા પર લાલ, ભૂરા અને પીળા રંગમાં આરી ભરત કરેલું કશુંક ચિહ્ન હતું. ખામ્પા સરદારોનું એ પ્રતીક હતું. રણસંગ્રામે જતો ખામ્પા યોદ્ધો માથા પર ગર્વનું આ ચિહ્ન ધારણ કરીને મરણિયો બનતો હતો. સદીઓની એ પરંપરા હતી અને હિન્દુસ્તાનમાં જન્મેલો, સાંપ્રત આધુનિકતામાં ઉછરેલો કેસાંગ ત્સોરપે ય આજે પોતાના વડવાઓની એ પરંપરાને અનુસરી રહ્યો હતો.

*** *** ***

હિરન પેલેસ તરફ દોડી અને ટીમ-એ શ્ત્સેલિંગ્કાની ગુફાઓ શોધી રહી હતી ત્યારે...

તાન્શીના ચહેરા પર પારાવાર તણાવ હતો.

મેજરે ઝાડ પર માણસો ચડાવવાની ઉસ્તાદી કરી એ જાણીને એ બરાબર ગિન્નાઈ હતી. ઝુઝાર અને તેની વચ્ચે સિસકારાથી કમ્યુનિકેશન થઈ શકે એટલું અંતર તેમણે રાખ્યું હતું, પણ આટલા વિશાળ પરિસરમાં આડેધડ ઊગેલા ઝાડ પર કોઈ માણસ ક્યાં લપાયો છે એ જાણ્યા વગર એ જોખમ ન ખેડાય.

મેજરને સંદેશો મળી ગયો હોય તો કેસીની ટીમની કેવી બૂરી વલે થશે તેની કલ્પના માત્રથી જ તાન્શીના હૈયામાં ફફડાટનો ઘાણ પીલાવા લાગ્યો હતો. તેને હર હાલમાં પેલેસ તરફ ધસવું હતું, પરંતુ તેને બેકકવરની જવાબદારી પણ સંભાળવાની હતી. શ્ત્સેલિંગ્કા તરફ ગયેલી ટીમ પાછી ફરે ત્યારે તેમને સહી- સલામત બહાર કાઢવાના હતા.

- અને એ પહેલાં ઝાડ પર લપાયેલા મેજરના ચાડિયાને શોધીને જેર કરવાના હતા.

એ દબાતા પગલે ઝુઝાર તરફ લપકી અને તેને હિરનના સંદેશથી વાકેફ કર્યો. બેય અવશપણે ઘડીક એકમેકને તાકી રહ્યા. ઘડીક અવઢવભેર વડ, બોરસલ્લી, ગરમાળો, આંબલી, પીલુ, સફરજનના ઘટાટોપને નીરખી રહ્યા.

સહેજ પણ અવાજ ન થાય એ રીતે તેમણે ઝાડ પર લપાયેલા આદમીઓને શોધવાના હતા અને અહીં સેંકડો ઝાડ હતાં.

કારમી તંગદીલી વચ્ચે ભીંસાતા ઝુઝારને ઓલ્ડ મોન્ક રમની તીવ્ર તલબ મહેસૂસ થતી હતી. તિબેટ આવ્યા પછી સતત શેતુરનો બેહદ કડવો અને ખાટી બડાસ જેવી તીવ્ર ગંધ મારતો દારુ પીને એ કંટાળ્યો હતો.

તેણે રાખોડી કલરના લોન્ગ શર્ટના ચેસ્ટ પોકેટમાંથી પ્લાસ્ટિકની નાનકડી, ચપટી બોટલ કાઢી અને કટાણું મોં કરીને ત્રણ-ચાર મોટા ઘૂંટડા ગળા નીચે ઉતાર્યા.

'એક-એક ઝાડ ચેક કરવામાં તો સવાર પડી જશે...' તેણે હોઠ ફફડાવીને કહ્યું, 'તું મને કવર આપ, હું કોશિષ કરું છું.'

ઝુઝાર રેન્જમાં રહે અને પાછળના રસ્તા પર નજર પણ રહે એટલું અંતર રાખીને તાન્શી સતત પોઝિશન બદલતી રહી એ દરમિયાન ઝુઝારે કમરમાંથી ઝૂકીને કેટલાંક વૃક્ષો ચેક કરવાનો નિષ્ફળ પ્રયાસ કરી જોયો. અંધારામાં ઘેઘૂર વૃક્ષોની અડાબીડ ડાળીઓ વચ્ચે ક્યાંય કશું પરખાય તેમ ન હતું.

દસ, પંદર, પચ્ચીશ, પાંત્રીશ...

ઘાંઘો થઈને એ વૃક્ષોની છાયા તળે લપાતો ગયો, આંખો ફાડી-ફાડીને હવાતિયાં મારતો રહ્યો. બંને દિશાએ ગન તાકતી તાન્શી તેની પાછળ દોરવાતી રહી. ક્યાંય કશું જ કળાતું ન હતું અને બેય પેલેસની દિશામાં આગળ અને આગળ નીકળી રહ્યાં હતાં.

એ જ ઘડીએ દૂર પેલેસના ઉપરના માળે રવેશમાં બલ્બ સળગ્યો.

(એ વખતે કેસીની ટીમ લાકડાનો કઠેડો કાઢીને પરસાળમાં દોટ મૂકી રહી હતી. તેમની પાછળ ભાગેલી હિરન બલ્બના ઉજાસથી સતર્ક બનીને રવેશની બરાબર નીચે ભીંતસરસી ચંપાઈ ગઈ હતી અને દૂર શ્ત્સેલિંગ્કાની પહાડીમાં પ્રોફેસર, છપ્પન, ત્વરિત પોટલાઓ બાંધી રહ્યા હતા)

*** *** ***

મેજરે ગોઠવેલી વ્યવસ્થાનું એ પરિણામ હતું.

બીજા ફુવારા આસપાસના ઝાડ પર તેમણે એક આદમીને છુપાવ્યો હતો અને બીજો આદમી પેલેસના પગથિયાની બરાબર સીધમાં પચાસેક મીટર છેટે આંબલીના ઝાડ પર લપાયો હતો.

પગથિયે પહેરો દેતા સંત્રીઓ મોટા ભાગના પરંપરાગત ખામ્પા પરિવારના હોય એટલે મેજરે તેમના પર વિશ્વાસ મૂક્યો ન હતો અને પોતાના આદમીઓને પહેલા, બીજા માળે ગોઠવ્યા હતા.

પહેલો આદમી પેલેસની નજીક લપાયેલા બીજા આદમીને સંદેશો આપે એટલે એ બીજો આદમી ઉપરની પરસાળમાંથી સતત તેને તાકી રહેલા ફૌજીઓ તરફ લેસર ગનનું ચાંદરડું ફેંકે.

એ રીતે અજાણ્યા લોકો ઘૂસ્યાનો એ સંદેશ મેજર સુધી પહોંચ્યો કે તરત તેણે અગાઉથી વિચારી રાખેલો વ્યુહ અમલમાં મૂકી દીધો. આવનારા લોકો પવિત્ર ઓરડા તરફ જ ત્રાટકશે એવો તેને પાક્કો અંદાજ હતો, પણ એ લોકો એકલા નહિ હોય એવી ય તેને ખાતરી હતી. કોઈક રીતે તેમણે બેકકવર ગોઠવ્યું જ હોય.

'પહેલા માળના રવેશમાં બલ્બ જલાવવાનું કહે...' પહોળા, સળંગ કિરમજી પહેરણની ઉપર બુલેટપ્રુફ જેકેટ ચડાવતા તેણે ફૌજીને સૂચના આપવા માંડી.

બહારના રવેશમાં બલ્બ ચાલુ થાય અને તરત બંધ થઈ જાય તો શોટોન મંચ તરફથી આર્મીની એક ટુકડીને અંદર ધસી આવવાનો સંદેશો મોકલવાનો હતો અને જો બલ્બ લાંબો સમય ચાલુ રહે તો શોટોન મંચ ઉપરાંત મહેલની પાછળ પહાડીઓમાં પહેરો દેતી ટુકડીને ય મહેલ તરફ ધસવાની સૂચના આપવાની હતી.

મેજરે નોરિન્કો - 54 ગન હાથમાં લીધી. તેના ત્રણ-ચાર મેગેઝિન્સ વેસ્ટ બેલ્ટમાં ખોસ્યા. ઘડીક એ ખચકાયો. તેની છઠ્ઠી ઈન્દ્રિય કશુંક ધારણા બહારનું બનવાનો અંદેશો વ્યક્ત કરતી હતી. તેણે ઘડીક વિચાર કર્યો, પછી ઊંડો શ્વાસ લઈને એમ-14 સ્નાઈપર રાઈફલ પણ

ઊઠાવી. નાઈટવિઝન ટેલિસ્કોપ વડે 800 મીટર દૂરથી ય આબાદ નિશાન તાકી શકતી સ્નાઈપર ચલાવવામાં મેજર ક્વાંગ યુન આખાય ચાઈનિઝ આર્મીમાં અવ્વલ ગણાતો હતો.

*** *** ***

અચાનક બલ્બનો ઉજાસ થવાથી ખાસ્સો સાંઠેક મીટર છેટે લપાઈને ઝાડવા તલાશી રહેલો ઝુઝાર ચોંક્યો હતો. તેનાંથી પચાસેક મીટરનું અંતર રાખતી તાન્શી ય સતર્ક થઈ ગઈ હતી.

મધરાતથી બ્રાહ્મમુહૂર્ત થાય ત્યાં સુધીનો સમય હુતાત્માઓનો ઘુમવાનો સમય કહેવાય. એ વખતે અકારણ બહાર ન નીકળાય, રોશની કરીને તેમને ખલેલ ન પહોંચાડાય એવી પરંપરાગત તિબેટિયન માન્યતાનું કમ સે કમ પોતાલા પેલેસમાં ચુસ્તીથી પાલન થતું હતું.

તો ય આ બલ્બ કેમ ચાલુ થયો?

લ્હાસાના તંત્રથી સારી પેઠે વાકેફ તાન્શી જાણતી હતી કે પર્વતોથી છવાયેલા આ વિસ્તારમાં બે કે ત્રણ જ ફ્રિક્વન્સી કાર્યક્ષમ હોય છે. બલ્બ ચાલુ થયો એ ઝાડ પર છુપાયેલા આદમી માટે કોઈ સંકેત હોય અને એ આદમી વોકીટોકી વડે બહાર કોઈકને...

ભડકેલી તાન્શીએ ધ્રૂજતા હાથે તરત વોકીટોકીની બીજી ફ્રિક્વન્સી સેટ કરી એ સાથે જ તેના હેન્ડસેટમાં ભૂરી લાઈટ બ્લિન્ક થવા લાગી. પંદર-વીસ મીટરની ત્રિજ્યામાં એ ફ્રિક્વન્સી પર બીજો વોકીટોકી એક્ટિવ થતો હોવાની એ નિશાની હતી.

એ બેહદ ચૌકન્ની બનીને ડાબી બાજુ ખસી. વોકીટોકી સેટ પર ઝબકતી ભૂરી લાઈટ પર નજર રાખતાં જઈને તેણે ડાબી બાજુના ત્રણેક વૃક્ષો ચેક કરવા માંડ્યા. બોરસલ્લી અને પીલુના સહેજ પાંખા વૃક્ષો પર કોઈ હોય એવું જણાતું ન હતું.

તાન્શીનું જોઈને ઝુઝાર પણ તેની દિશામાં પરત ફરતો વૃક્ષો જોવા લાગ્યો. આંબલી પર અંધારામાં સફેદ રંગનું કશુંક ભળાયું એથી એ ચોંક્યો. થડ પાસે લપાઈને તેણે ધારીને નિરીક્ષણ કર્યું. એક આદમી થડ અને બે મજબૂત ડાળીના ત્રિકોણ ફરતી કપડાની ઝોળી બાંધીને વોકીટોકી પર ગડમથલ કરી રહ્યો હતો.

ઝુઝારે ઈશારો કર્યો એટલે તાન્શી પણ દબાતા પગલે એ તરફ સરકી. ગણતરીની સેકન્ડમાં જ તેણે અંધારામાં આંખ કેળવી લીધી. સાયલેન્સર નોબના 'કટ્ટાક્..' અવાજથી ઉપર બેઠેલો ચીની ફૌજી ચોંક્યો. તેણે નીચે જોયું.

ઘટાટોપ ડાળી, ઝૂલતાં પાંદડા, નીચે બે ઓળા, તેના તરફ તકાયેલી ગન અને...

એ આદમીના ગળામાંથી ચીસ નીકળે એ પહેલાં જ તાન્શીની ગનમાંથી બુલેટ છૂટી ગઈ હતી અને રૂંધાયેલા ઊંહકારા સાથે એ છટપટાયો હતો. હજુ ય તે મર્યો ન હોય તેમ ધારીને બીજું નિશાન ઝુઝારે લીધુ. સાયલેન્સર નોબના સિસકારા સાથે વધુ એક ગોળી છૂટી. ડાળી ફરતી મુશ્કેટાટ બાંધેલી ઝોળીમાં એ આદમી જરાક તરફડ્યો અને તરત શાંત થઈ ગયો.

*** *** ***

ચોંકેલા ત્વરિતે બે વજનદાર બક્સા ખભા પર લાદીને સડસડાટ ઢાળ ઉતરી રહેલા છપ્પનને રોક્યો. પાછળ જોયું તો પ્રોફેસર પણ ત્યાં જ ખોડાઈને અંધારી ક્ષિતિજ ભણી તાકી રહ્યા હતા.

દૂર ક્યાંક પેલેસની દિશાએ કશોક અવાજ આવી રહ્યો હતો.

'પેલેસમાં આરતી કે એવી કંઈક વિધિ થતી લાગે છે...' અવાજ પારખવાનો પ્રયાસ કરતા ત્વરિતે કહ્યું.

પેલેસમાં નિત્યક્રમ મુજબ પોણા પાંચે ડંકા-નિશાન ગગડ્યા હતા. તેના તોતિંગ રણકારમાં બ્લાસ્ટનો અવાજ દબાઈ ગયો હતો. એ પછી પેલેસની સાંકડી પરસાળમાં ગોળીઓની બૌછાર વચ્ચે જંગ જામ્યો હતો.

- અને એ સઘળા ઘટનાક્રમથી બેખબર આ ત્રણેય ખભા પર વજનદાર ખોખાં ઊંચકીને એકમેકને ટેકો કરતાં અંધારિયો ઢાળ ઉતરીને ત્રીજા ફુવારા તરફ આગળ વધી રહ્યા હતા.

*** *** ***

ઓરડા તરફથી એકધારી છૂટતી ગોળીઓ, સાંકડી-લાંબી પરસાળ પર અચાનક ત્રણેય દિશાએથી ફેંકાવા માંડેલા રોશનીના શેરડા, ઉપરના મજલે થતી દોડધામના ધડબડ..ધડબડ અવાજો અને ગોળીઓના સનકારામાં ઉમેરો કરતી ચારેકોર વાગતી હાઈ એલર્ટની સિસોટીઓ...

પેલેસનો જે હિસ્સો સૌથી વધુ પવિત્ર ગણાતો હતો, સરેરાશ તિબેટી શ્રદ્ધાળુ જે જગાના સ્મરણ માત્રથી ભાવવિભોર અને સજળ થઈ જતો હતો, સદીઓથી જે જગા નિરવ, પ્રગાઢ શાંતિનું પ્રતીક ગણાતી હતી ત્યાં કલ્પનાતીત કોહરામ મચ્યો હતો.

હિરને જીવનું જોખમ ખેડીને દાદર તરફનો મોરચો તોડ્યો ત્યાં ઉપરના મજલેથી ફાયરિંગ શરૂ થયું હતું અને કેસીના વધુ એક આદમીના ખભામાં ગોળી ઘૂસી ગઈ હતી. હિરને લથડાતા કેસીને એ ઘવાયેલા આદમીને ભળાવ્યો અને એ બેય પીછેહઠ કરી શકે એ માટે ફરીથી આગળ વધીને ગન ધણધણાવવા માંડી.

ઓરડો સહેજ ત્રાંસમાં પડતો હતો. ત્યાંથી કેટલાં આદમી ક્યાંથી ફાયર કરી રહ્યા છે તેનો અંદાજ આવતો ન હતો. ઉપરના મજલેથી દીવાલ પાછળ લપાયેલા ત્રણ-ચાર આદમી ફક્ત હાથ લંબાવીને બ્લાઈન્ડ ફાયર કરી રહ્યા હતા.

હિરને ઝડપભેર માહોલ માપીને બેકપેકમાંથી ગ્રેનેડ કાઢ્યો. ઓરડા તરફ ફાયરિંગ કરી રહેલા મુક્તિવાહિનીના આદમીને એ પાછો ધકેલવા ગઈ એ જ ઘડીએ તેની પીઠ પાછળથી ગોળીઓ છૂટી અને ઉપરના મજલે બે હાથ લબડી પડ્યા.

ગ્રેનેડ અનપ્લગ્ડ કરવા જતી હિરને ચોંકીને ગરદન ફેરવી.

તોડેલા કઠેડા ભણી તેને લઈ જતા સાથીને હડસેલીને કેસી પરસાળની બરાબર વચ્ચે આવી ગયો હતો.

પડખામાં લબડતા ફાટેલા સ્નાયુના લોચા, ખભામાંથી વહેતા લોહીની ધારથી ભીંજાયેલો શર્ટ, પેઢુના ઘાવમાં લથબથ જીન્સ, બોઝિલ આંખો સ્થિર રાખવાથી કુમળા, ગોરા ચહેરા પર તણાઈ જતી પીડા અને માથા પર બાંધેલા પટકા પર ચળકતા ધાતુના બિલ્લા ફરતું લાલ, ભૂરા, પીળા રંગમાં ગૂંથેલું સમશેરનું પ્રતીક...

'યુ ગો બેક...' હિરનના હાથમાંથી ગ્રેનેડ ઝૂંટવીને તેણે સત્તાશાહી અવાજે કહ્યું, 'મને આથી વધુ ઈજા હવે થવાની નથી...' તેના તરડાયેલા અવાજમાં અસહ્ય દર્દનું કંપન સ્પષ્ટ વર્તાતું હતું, પણ ચહેરા પરની દૃઢતા યથાવત હતી.

હિરન દિગ્મૂઢ થઈને તેને જોતી રહી. ફાયરિંગ કરતો અટકી ગયેલો મુક્તિવાહિનીનો સાથીદાર બેબાકળો થઈને કેસીની હાલત જોઈ રહ્યો.

'ગો બેક...' હતી એટલી તાકાત એકઠી કરીને તેણે એ બેયને રીતસર પાછળ ફંગોળતા ઘાંટો પાડ્યો એ સાથે તેના મોંમાંથી લોહીનો ઘળકો નીકળી ગયો, 'નીચે પગથિયા પર પહોંચો.. હું

આવું જ છું…'

ગ્રેનેડની પીન ખેંચતી વખતે તેના જડબા ધ્રૂજતા હતા અને લોહીયાળ ચહેરો વધુ બિહામણો લાગતો હતો.

તેનો ઈરાદો પારખીને નાછૂટકે હિરન અને બેય આદમી કઠેડા ભણી લપક્યા. એ ત્રણેય નીચે પગથિયા તરફ કૂધા એ જ વખતે ભીષણ ધડાકાથી લોહપાષાણ પર સદીઓથી અડીખમ રહેલો પોતાલા પેલેસ ખળભળી ગયો.

*** *** ***

મેજર ક્વાંગ યુન બેફામ ગાળો બોલી રહ્યો હતો.

પોતાલા પેલેસમાં કોઈ જાતનું કમ્યુનિકેશન શક્ય ન હતું. ચુનંદા બરકંદાજોને તો તેણે અહીં છુપાવ્યા હતા, પણ આટલા વિરાટ મહેલમાં કોણ, ક્યાં હતું એ જ ગડ સૂઝતી ન હતી. અચાનક હુમલો થયા પછી સૌને ભેગા કરવા, સૂચના આપવી અને મોરચો બાંધવો એ કમ્યુનિકેશન વગર બહુ જ મુશ્કેલ બનતું હતું.

- અને હુમલાખોરો મેજરની ધારણા કરતાં અનેક ગણા ખૂંખાર પુરવાર થઈ રહ્યા હતા.

ધડાકો થયો અને દીવાલ તૂટી પડી એ સાથે જ અંદર ધસી રહેલા આદમીને તેણે નિશાન બનાવ્યો હતો. પવિત્ર ઓરડામાં પ્રવેશતા પહેલાં જ તેણે પરસાળમાં પડતા દાદર અને પરસાળની સામેના ઉપરના મજલે એમ બેય ઠેકાણે આદમીઓ રવાના કર્યા હતા.

ત્રણ ઠેકાણેથી ઘેરાયેલા હુમલાખોરો ગણતરીની મિનિટોમાં જ ઢેર થઈ જશે તેવી તેની ધારણા હતી.

તેને બદલે એક આદમીને તેણે વીંધી નાંખ્યો છતાં ઓરડામાં તેમની તરફ ધડાધડ ગોળીઓ છૂટતી રહી એથી મેજરે ય આડશ શોધવી પડી.

દીવાલ ફસકી ગઈ હતી. ઓરડો આખો ય ખાલીખમ હતો. આડશ લેવી તો ય ક્યાં લેવી એ સવાલ હતો. હુમલાખોરો પવિત્ર મુકુટ અને પદછાપ રાખેલા સિંહાસન તરફ તો હુમલો નહિ જ કરે એવી ખાતરી સાથે મેજર અને તેના ત્રણેય આદમી વિશાળ સિંહાસનની પાછળ લપાયા અને ચોથા આદમીને મુખ્ય દરવાજા તરફ ધકેલીને વીજળી ચાલુ કરવા તેમજ વધુ કુમક મોકલવા તેણે બહાર મોકલ્યો.

સિંહાસન પાછળથી તેણે ફાયરિંગ ચાલુ રાખ્યું પણ છેક ખૂણામાં લપાઈને નિશાન લેવાની શી વાતેય ફાવટ આવે તેમ ન હતી.

'હરામીના પિલ્લાઓ દાદર પરથી, ઉપરના માળેથી કેમ ફાયર નથી કરતા?' ઉશ્કેરાટથી ફાટી જતા અવાજે તે ગાળો બોલતો જતો હતો. એકધારા ધડાકા કરીને તેની સેમિ ઓટોમેટિક પિસ્તોલ નોરિન્કાનું નાળચું ધગધગી ગયું હતું.

તેણે ફર્સ્ટ ઓફિસર અને બીજા ફૌજીને ફાયર ચાલુ રાખવા સૂચના આપી અને વેસ્ટ બેલ્ટમાંથી નવું મેગેઝિન ગનમાં ખોસ્યું એ જ વખતે જાણે આભ ફાટ્યું હોય તેમ તેની માથે પ્રચંડ ધડાકો થયો. આખો ય ઓરડો ધરતીકંપ થયો હોય તેમ રીતસર હલબલી ગયો અને છત પર મઢેલી લાકડાની રંગબેરંગી મીનાકારી વેરણછેરણ થઈ નીચે પછડાવા લાગી.

શાતિર દિમાગના મેજરનું હૈયું ઘડીભર ધબકારા ચૂકી ગયું. પવિત્ર પોતાલા પેલેસના અતિપવિત્ર ઓરડાની સન્મુખ આટલી હદે ખુવારી થશે એવું તેણે સ્વપ્ને ય વિચાર્યું ન હતું. હુમલાખોરોની તાકાત અને ઝનૂન માપવામાં તેણે થાપ ખાધી હતી… જબ્બર થાપ ખાધી હતી.

ઝનૂનભેર તેણે સ્નાઈપર રાઈફલ ઊઠાવી અને તુચ્છકારથી સિંહાસનની આડશ હડસેલીને બહાર નીકળ્યો.

*** *** ***

ઉપરના મજલેથી વધુ કુમક આવશે જ એવી કેસીને ખાતરી હતી.

ધૂંધવાતી જતી દૃષ્ટિને તેણે મહાપ્રયત્ને એકાગ્ર કરી. તૂટેલી દીવાલના કાટમાળ વચ્ચેથી વછૂટતી ગોળીઓથી બચીને સહેજ દીવાલસરસો તે ટેકવાયો. ભગવાન બુદ્ધના પરમપવિત્ર ચરણ અને બુદ્ધના સાક્ષાત અવતાર એવા ચૌદ દલાઈ લામાનું એ પુનિત આસનનું સજળ આંખે સ્મરણ કર્યું અને બેબાક દૃઢતાથી પારાવાર પીડા છતાં હાથ ઊંચો કરીને ઉપરના મજલે ગ્રેનેડ ઝીંકી દીધો.

પ્રચંડ ધડાકાથી સાંકડી પરસાળ ભણી તીવ્ર વેગે ફૂંકાયેલી હવાએ તેને ય ફંગોળી દીધો હતો, પણ ઉપરના મજલેથી હવે કોઈ હુમલો આવી શકે તેમ નથી એ પારખીને તેના ચહેરા પર સ્મિત હતું.

દીવાલને ટેકો દઈને તે ફરી ઊભો થયો. કઠેડા સુધી પહોંચતા તેના મોંમાંથી લોહીના ઘળકા નીકળી રહ્યા હતા અને શરીરમાં ખૂંપેલી ગોળીઓએ ફાડી નાંખેલી માંસપેશીમાંથી અસહ્ય લવકારા ઊઠતા હતા.

એમ છતાં ય એક હાથે લાકડાના પીઢિયાના સહારે લટકીને તેણે ઈજાગ્રસ્ત હાથ ઊંચો કર્યો. મોંમાંથી નીકળી જતી દર્દની કારમી ટીસને પરાણે દબાવી અને પરસાળમાં બીજો ગ્રેનેડ ઝીંકી દીધો.

હવે આખાય મહેલનો ચકરાવો માર્યા વગર ચીનકાઓ અહીં સુધી પહોંચી શકે તેમ ન હતા.

*** *** ***

‘એક પણ અક્ષર વચ્ચે ન બોલ...’ તેને ઊઠાવવા જતી હિરન અને બેબાકળા થઈને તેના ઘાવ પર કપડું કસવા જતા મુક્તિવાહિનીના આદમીઓને તેણે રોકી દીધા, ‘આઈ ડોન્ટ હેવ મચ ટાઈમ... હું જે કહું એ ધ્યાનથી સાંભળ...’

હિરને બેકપેકમાંથી કાઢીને ધરેલી પાણીની બોટલ તેણે મોંઢે માંડી અને ગળું જરાક ભીંજવ્યું. તેની નાડીના ધબકારા સતત ક્ષીણ થતા જતા હતા અને આંખો વધુને વધુ ઊંડે ઉતરી રહી હતી. પ્રબળ જિજિવિષાના જોરે જ એ ટકી રહ્યો હતો.

‘એ બધું જ પછી કેસી...’ તેણે વહાલપપૂર્વક કેસીનો સોહામણો ચહેરો થપથપાવ્યો. તેનાં ભૂખરા વાળ પસવાર્યા, ‘ફર્સ્ટ ઓફ ઓલ વી નીડ ટૂ કમ આઉટ...’

‘નોટ વી...’ તેણે ફરીથી હિરનને રોકી. તેના અવાજમાં સ્પષ્ટ અધીરપ અને ઉશ્કેરાટ વર્તાતા હતા, ‘હું હવે અહીં જ મારા પરમ આરાધ્યના સાન્નિધ્યમાં સૂવાનો છું...’

‘નો કેસી...’ હિરનના મોંમાંથી દબાયેલો ચિત્કાર નીકળી ગયો, ‘હર હાલમાં હું તને...’

‘યુ વેર રાઈટ...’ તેણે હિરનના મોં પર હાથ ધરીને ફિક્કું સ્મિત વેર્યું, ‘ઉકેલ જાણ્યા વિના કોયડામાં ન ઝંપલાવાય...’ હિરન તાજુબીભેર તેને જોઈ રહી હતી. આટલી વસમી કટોકટીની ઘડીએ કેસી શું કહી રહ્યો હતો?

‘મારી પાસે પણ ઉકેલ હતો જ...’ હિરન અવાક્ થઈને સાંભળતી રહી અને તૂટતા અવાજે એ કહેતો રહ્યો.

1950માં ચીને પહેલો સશસ્ત્ર હુમલો કરીને ચામ્દો પ્રાંત પચાવી પાડ્યો ત્યારે જ દલાઈ લામા અને લડાયક વૃત્તિના તેમના મોટાભાઈ થુપ્ટેન જિગ્મેએ ચીનનો ભય પારખી લીધો હતો. મહાશક્તિશાળી ચાઈનિઝ દૈત્ય ગમે ત્યારે તિબેટને ગળી જશે એવું પારખીને તેમણે એ જ વખતે પોતાલા પેલેસમાંથી બહાર નીકળવાના બે ગુપ્ત માર્ગો બનાવવા માંડ્યા હતા.

એવા જ એક ગુપ્ત માર્ગેથી 1959માં, ચીનના કડક પહેરા છતાં ચૌદમા દલાઈ લામા ભારત તરફ નાસી છૂટવામાં સફળ નીવડ્યા હતા. પેલેસના ત્રીજા માળેથી સીધો જ પહાડીઓની આરપાર નીકળતો એ ગુપ્ત રસ્તો જોકે બાદમાં ચીનના ફૌજીઓએ પકડી પાડ્યો હતો, પરંતુ બીજો રસ્તો હજુ ય ગુપ્ત જ હતો.

એ રસ્તા વિશે ફક્ત બે જ વ્યક્તિને જાણ હતી. એક દલાઈ લામા પોતે અને બીજા તેમના મોટા ભાઈ.

થુપ્ટેન જિગ્મેએ મુક્તિવાહિનીના સૂત્રો એનરોદ ત્સોરપેને સોંપ્યા અને પોતે નિવૃત્તિ લીધી એ વખતે તેમણે એનરોદને આ રસ્તાની એંધાણી આપી હતી. તિબેટની આઝાદીનો એ એકમાત્ર રસ્તો હતો અને છેવટની ઘડી ન આવે ત્યાં સુધી એ માહિતી કોઈને કહેવાની ન હતી.

ગમે ત્યારે તિબેટ પર હલ્લો લઈ જઈ શકાશે, પોતાલા પેલેસના પવિત્ર ચિહ્નો પરત લાવી શકાશે એવી આશા ધૂંધળી બની અને એનરોદ ત્સોરપેએ પણ સંન્યસ્ત અંગીકાર કર્યું ત્યારે મુક્તિવાહિનીના વારસાની સાથે આ ગુપ્ત રસ્તાની માહિતી પણ તેમણે દીકરા કેસાંગને આપી હતી.

તૂટતા શ્વાસની આખરી વેળાએ કેસાંગ ત્સોરપે એ માહિતી આજે હિરનને આપી રહ્યો હતો. દાયકાઓથી છૂપી રહેલી એ વિગત મેળવનારી હિરન ફક્ત પાંચમી વ્યક્તિ હતી.

- અને દોઢ કિલોમીટર લાંબો એ રસ્તો તેઓ જ્યાં હતા એ જ પગથિયાની નીચેથી શરૂ થતો હતો!!

'ઓહ માય ગોડ...' હિરન ફાટી આંખે સાંભળતી રહી. કેસીએ આપેલી એંધાણીઓ મનોમન નોંધતી રહી.

કેસીએ ગજબનાક દીર્ઘદૃષ્ટિ વાપરી હતી. પવિત્ર ચિહ્નો ઊઠાવવા જતા બ્લાસ્ટ થશે જ અને ચીની ફૌજ સાથે લડવાની નોબત આવશે જ તેમ પારખીને તેણે એ જ પગથારથી હુમલો કરવાનો પ્લાન બનાવ્યો હતો, જેથી પવિત્ર ચિહ્નો ઊઠાવીને તરત નાસી શકાય.

હેંગસુન અને ઉજમ સહિતના આદમીઓને તેણે એ જ ગુપ્ત રસ્તાના બીજા છેડા પાસે દોઢ કિલોમીટર દૂર પહાડમાં ખચ્ચર અને જરૂરી સામાન સાથે ગોઠવી દીધા હતા.

'બીજા પહાડ પરથી બહાર નીકળો પછીનો રસ્તો તાન્શી, હેંગસુનને ખબર છે. તેણે ગેન્પાઓની મદદ પણ તૈયાર રાખી હશે.'

'યસ કેસી...' હિરને અપાર વહાલપથી તેનો લોહીયાળ, પીડાથી છલોછલ ચહેરો છાતીસરસો ચાંપી દીધો, 'યુ આર અ જેમ...' તેણે ઊભા થઈને કેસીને ઊઠાવવા માંડ્યો, 'લેટ્સ મૂવ...'

'નો...' ભાંગતા કદમે ડગમગ ઊભા થઈને તેણે હિરનને દૂર હડસેલી દીધી, 'હું આંતરિયાળ મરવા નથી માંગતો... હું અહીં જ...' તેના મોંમાંથી પ્રત્યેક ડચકારે લોહી ફેંકાતું હતું. તે પરાણે આંખો ભાર દઈને મીચતો હતો, ખોલતો હતો પણ આંખ સામે દેખાતા દૃશ્યો ધૂંધળાતા જતા હતા. શરીરનું તમામ ચેતનત્વ ખેંચાઈને તાળવા તરફ એકત્ર થતું હોય તેમ તેને તીવ્ર આંચકી ઉપડી રહી હતી.

'ડોન્ટ સ્પોઈલ માય ટાઈમ ટૂ મીટ માય બિલવ્ડ એન્સેસ્ટર...' તેણે વધુ એક ઝાટકો ખાધો. પેઢુમાં પેસીને ઉપર સુધી ખૂંપી ગયેલી ગોળીથી તેના આંતરડા ચૂંથાઈ રહ્યા હતા.

'તાન્શીને, હેંગસુનને કે મુક્તિવાહિનીના એકેય આદમીને ભારત પહોંચ્યા સુધી મારા મોતનું કહેશો નહીં...' તેની જીભ વળતી ન હતી. ભારે પ્રયત્નપૂર્વક તે બોલી રહ્યો હતો અને હિરન સ્તબ્ધપણે ધ્યાન દઈને તેના અસ્પષ્ટ ઉચ્ચારો પકડવા મથતી હતી.

લોહીથી ખરડાયેલા તેના ચહેરા પર પારાવાર દર્દ વચ્ચે મૂંગાં ડુસકાંની ભીનાશ તગતગી રહી.

'વતનની મુક્તિ કાજે શરીર સુદ્ધાં ધરી દેનારી તેનાં જેવી છોકરીઓના અમે સૌ જનમોજનમ અહેસાનમંદ છીએ...' તેનો ભાવાવેશ હવે હિરનની સ્તબ્ધ આંખોને ય છલકાવી રહ્યો હતો, 'વચન નથી માગતો પણ...' ખભા પર લૂઢકી જતી ગરદનને પરાણે સ્થિર કરી તે તૂટેલા કઠેડા તરફ લપક્યો, 'શક્ય હોય તો તાન્શીનો ખ્યાલ રાખજે...'

'યસ કેસી, પણ તને...' હિરન રડમસ અવાજે તેને પકડવા આગળ વધી.

'નાવ યુ ગો...' એ ચાર-પાંચ ડગલા લથડિયા ખાતો પાછો હટ્યો અને પોતાના જ લમણે ગન તાકી દીધી, 'તમે હવે નીચે નહિ જાવ તો હું જ મારા લમણે ગોળી મારી દઈશ...'

'બટ કેસી...'

'નોઓઓઓઓ...' તેણે છેલ્લી ત્રાડ નાંખી ટ્રિગર પર આંગળી મૂકી દીધી, 'મારું મોત ન બગાડ...'

કપાતા કાળજે નાછૂટકે હિરન પગથિયાં ઉતરવા માંડી. તેણે ગરદન ઘૂમાવીને જોયું ત્યારે એ છેલ્લા શ્વાસ એકઠાં કરીને તમામ પીડાને પાર કરતો તૂટેલા કઠેડામાં પ્રવેશી રહ્યો હતો. હિરન તરફ છેલ્લી દૃષ્ટિ ફેંકીને તે તદ્દન અસ્પષ્ટ અવાજે કશુંક બોલ્યો... હિરન સાંભળતી રહી.. એ ફરીથી બોલ્યો ત્યારે હિરનને જરાક સમજાયું. એ સાથે પ્રયત્નપૂર્વક રુંધી રાખેલું રુદન ધ્રૂસકે ધ્રુસકે તેના કંઠે વળગ્યું હતું.

પવિત્ર ઓરડા તરફ જતી પરસાળમાં પ્રવેશતાં પહેલાં તે કહી રહ્યો હતો, 'તાન્શીને કહેજે, આવતા જન્મે હું તેનો દીકરો થઈશ...'

પોતે જ ગ્રેનેડ ફેંકીને તોડી નાંખેલી પરસાળમાં દૂરથી જ તેણે પવિત્ર ચિહ્નોને વંદન કર્યા અને એ જ મુદ્રામાં બેસીને તેણે લમણે ગોળી મારી દીધી.

*** *** ***

ક્યાંય દૂર નામ-કૂ સરોવરના કાંઠે એકાકી મઠના નિર્જન ચોગાનમાં જલતી વેદીની સામે લામા નામલિંગ એકધારા ત્રાટક કરીને જોઈ રહ્યા. તેમની આંખોમાંથી વહેતા આંસુઓ દાઢીના ઘટાટોપને ભીંજવી રહ્યા હતા. ધ્રૂજતા હાથે તેમણે વેદીની સાવ સમીપ જઈને પંચદ્રવ્યનું છેલ્લું પાત્ર ભર્યું અને આહુતિ આપી એ સાથે વેદીનો અગ્નિ ભડભડી ઊઠ્યો.

ડગમગ કદમે તેઓ ઊભા થયા. અગ્નિની આંચની પરવા કર્યા વગર અંદર હાથ નાંખીને તેમણે ધગધગતી ભસ્મની ચપટી લીધી અને કપાળ પર ઘસીને બે હાથ જોડ્યા. તેમના હૈયેથી ફૂટતું રુદન શરીરની ધ્રૂજારીથી વ્યક્ત થતું હતું અને તેઓ હોઠ ફફડાવી રહ્યા હતા.

'હે ઈશ્વર, મારા પવિત્ર ગુરુઓ કહેતા, વિદ્યાનો હેતુ જનસાધારણ માટે આજીવિકાનો હોઈ શકે, પણ પરમતત્ત્વને પામવા મથતા લામા માટે વિદ્યાનો એક જ હેતુ છે - આત્માની ઉન્નતિ. મેં એ આદેશનું જીવનભર પાલન કર્યું છે.'

'મારા ખૂનમાં પેઢીઓથી વહેતા ખામ્પાઓના ઝનૂનને ઠારીને હું તારા શરણે બેઠો છું. મારા બાંધવો પર, મારા દેશ પર જે કંઈ વીતી રહ્યું છે તેને તારી અકળ લીલા સમજીને હું સ્વીકારતો રહ્યો છું. મારી વિરાસતનો આખરી દીવડો ય મારી આંખ સામે ઓલવાઈ ગયો અને તો ય મેં મારી સ્વસ્થતા અને મઠના આદેશ પ્રત્યેની પ્રતિબદ્ધતા ખોઈ નથી. હવે આખરી પાર્થના કરું છું...'

તેમનો કંઠ જરાક રૂંધાયો, ગળાનો હૈડિયો ઊંચકાયો, 'મારા તમામ તપ પછી ય મને ભલે રૌરવ નરક દેજે, પણ આ પ્રાચીન વિદ્યાને, સદીઓ સુધી... અનેક પેઢીની શહાદત પછી મહામુસીબતે સચવાયેલી આ વિદ્યાને તેના વારસદારો સુધી સહી-સલામત પહોંચવા દેજે... આટલાં બલિદાન એળે જવા ન દઈશ...'

ઢીંચણમાંથી લથડી જતા પગલે તેમણે વેદીની પ્રદક્ષિણ ફરવા માંડી અને મોટા અવાજે રિન્દેમ મઠનો પવિત્ર જાપ કરવા માંડ્યો,

વલ્લઉ મણિપદ્મે હુમ્...

વિસસ્તરઉ મણિપદ્મે હુમ્...

વ્યતરઉ મણિપદ્મે હુમ્...

*** *** ***

કેસીની ભારોભાર અગમચેતી અને ગજબનાક કોઠાસૂઝભરી દૂરંદેશી અનુભવીને હિરન એ સરફિરા આદમી પર ઓવારી ગઈ હતી. દરેક મિશન માટે તેણે જોખમની તમામ શક્યતાઓ ધ્યાનમાં રાખી હતી અને દરેક જોખમનો ઉકેલ પણ તેણે વિચારી રાખ્યો હતો.

કેસીએ ટાઈમિંગ જ એવી રીતે ગોઠવ્યા હતા કે દીવાલ તોડવા માટે એ બ્લાસ્ટ કરે અને ચાઈનિઝ ફૌજ એલર્ટ થાય એ વખતે શ્ત્સેબુલિંગ્કા તરફ ગયેલી ટીમ પરત ફરવાની તૈયારીમાં હોય. ડંકા-નિશાન ગગડવાના સમયે જ બ્લાસ્ટ કરવાનું તેણે નક્કી કર્યું હતું, જેથી ઝાલર-ઘંટના અવાજમાં બ્લાસ્ટનો ધડાકો પેલેસની બહાર ન પહોંચે, પરંતુ મેજર જો પેલેસમાં જ છૂપાયો હોય તો તેને તો અંદાજ આવી જ શકે. તિબેટમાં પગ મૂક્યો ત્યારથી સતત મેજર તેમની પાછળ હતો અને છેક અહીં સુધી પગેરું દબાવતો પહોંચી ગયો હતો.

'વી શૂડ ડ્રોપ ધ મિશન, આઈ થિન્ક...' મેજર બૌદ્ધ લામાના વેશમાં છે એવું જાણ્યા પછી ફફડી ગયેલી તાન્શીએ શોટોન છાવણીમાં કહ્યું ત્યારે કેસી બરાબર ગિન્નાયો હતો.

‘નો વે...’ તેણે ડારતા અવાજે જવાબ વાળ્યો હતો, ‘આખું રેડ આર્મી પેલેસમાં ખડકાઈ જાય તો ય હું હવે પીછેહઠ નહિ કરું.’

‘પણ તું ફસાય તો બહાર નીકળવાનો...’ તાન્શીને હજુ ય કેસીની જીદ ગળે ઉતરતી ન હતી.

‘કીપ ફેઈથ ઓન મી. હું મેજરનો ય બાપ છું...’ માસ્ક રંગી રહેલી તાન્શીની ગરદન ફરતો વહાલપભર્યો હાથ વીંટાળીને તેણે કહ્યું હતું, ‘બિકોઝ યુ આર વિથ મી...’

પવિત્ર ચિહ્નો ઊઠાવવાની અહેમિયત તાન્શી ય સમજતી હતી, પણ ભૂગર્ભ રસ્તો છાનો રાખવાની પ્રતિજ્ઞાને લીધે કેસી તેને કહી શકે તેમ ન હતો કે એ મિશન ખાસ સમયે જ પાર પાડી શકાય તેમ છે. બાર વર્ષ રાહ જોયા પછી આ સમય આવ્યો હતો અને કેસી ગમે તેવું જોખમ ખેડીને ય એ સમય ગુમાવવા તૈયાર ન હતો.

બ્લાસ્ટનો અવાજ સાંભળીને મેજર અને પેલેસમાં છુપાયેલા તેના આદમીઓ કદાચ ધસી આવે તો પણ કેસીને ખાસ ડર ન હતો. પેલેસમાં વાયરલેસ કમ્યુનિકેશન શક્ય ન હતું. મેજર કોઈક માણસને બહાર દોડાવે અને એ માણસ બહાર વોકીટોકીની રેન્જમાં જઈને બહારથી ફૌજની કુમક મંગાવે, ફૌજ અંદર આવે એ દરમિયાન તેણે ટીમ-એ અને ટીમ-બી બેય માટે છટકવાના પ્લાન વિચારી રાખ્યા હતા.

બ્લાસ્ટ થાય એ પછી તેને વધુમાં વધુ 45 મિનિટનો સમય જોઈતો હતો. આટલી વારમાં ટીમ-એ ત્રીજા ફુવારા સુધી પહોંચી ચૂકી હોય. પોતે પણ કામ આટોપીને ભૂગર્ભ રસ્તા સુધી પહોંચી ગયો હોય. બહારથી આવતી ફૌજે પહેલાં શોટોન મંચનું પરિસર વટાવવાનું થાય. એટલી વારમાં હિરન, તાન્શી અને ઝુઝાર ટીમ-એને કલાકારોની છાવણી સુધી દોરી ગયા હોય. ભૂગર્ભ રસ્તા વિશે છેવટની ઘડી સુધી તેણે કોઈને કહેવાનું ન હતું. તાન્શીએ ભારતીય કાફલાને સહી-સલામત બહાર કાઢવાનો હતો અને લ્હાસાથી પૂર્વ-દક્ષિણે નેદોંગની પર્વતમાળા પાસે કેસીની ટીમ તેમને મળવાની હતી.

આ આખા ય કમઠાણના દરેક તબક્કે હેંગસૂનને તેણે છૂટો જ રાખ્યો હતો. પ્રત્યક્ષ ચિત્રમાં ક્યાંય આવ્યા વગર લોજિસ્ટિક સપોર્ટ પૂરો પાડવાની જવાબદારી તેની હતી.

પોતે મર્યા પછી પણ તેનો આ પ્લાન સાબુત હતો.

*** *** ***

એક જમાનામાં પોતાલા પેલેસ એ 300 લામાઓ, 500 ભીખ્ખુઓ અને 700 જેટલા અધિકારીઓ, કારકુનો, સંત્રીઓ અને અનુચરો એમ દોઢેક હજાર લોકોનું કાયમી નિવાસસ્થાન હતો. આખા ય તિબેટ પર ચુસ્ત નિયંત્રણ ધરાવતા પોતાલા પેલેસનું પોતાનું એક ગંજાવર તંત્ર હતું. દલાઈ લામાએ હિજરત કર્યા પછી મહેલની ઝંખવાઈ રહેલી શાનોશૌકતમાં ઉપરના મજલાના કેટલાંય બંધ ઓરડાઓ અને પરિસરની કેટલીય ઈમારતોનો સન્નાટો જૂના દોરોદમામને ઝંખતો હતો.


રડમસ ચહેરે, લથડતા કદમે પરાણે આગળ વધી રહેલાં મુક્તિવાહિનીના બેય આદમીઓને સંભાળવા મથતી હિરન મનોમન કેસીની સૂચનાઓ રિપિટ કરી રહી હતી.

પગથિયાંની બરાબર નીચે પાઈન વૃક્ષોનું જંગલ શરૂ થતું હતું. એ નાનકડા જંગલની વચ્ચે સિમેન્ટના પાપડા મઢેલું, લાલ રંગનું, આઠ બારીઓ ધરાવતું મકાન. એ મકાનમાં દીવાલની સમાંતરે હારબંધ ગોઠવેલી સિસમની વજનદાર આલમારીઓ. તેમાંથી ત્રીજા નંબરની બારી પાસેની આલમારી હટાવશો એટલે નીચેથી પથ્થરની ટાઈલ્સ ખૂલી જશે. એક જમાનામાં એ

મકાન એકાઉન્ટ ઓફિસ તરીકે વપરાતું હતું. હવે તેનો રેકર્ડ રૂમ તરીકેનો જ વપરાશ થતો હતો.

દલાઈ લામા ભાગ્યા હતા એ રસ્તો વ્હાઈટ ચેપલ યાને શુભ્ર દેવળ તરીકે ઓળખાતા મંદિરના ભોંયરામાંથી સીધો જ પહાડોમાં નીકળતો હતો. 17 માર્ચ, 1959ની સાંજે એ દેવળમાં પૂજા કરવા ગયેલા દલાઈ લામા ત્યાંથી જ પોબારા ભણી ગયા હતા.

એ રસ્તો પકડાયા પછી ચીનના ફૌજીઓએ એક દાયકા સુધી પોતાલા પેલેસની એક-એક ભીંત, ભોંયતળિયાની એક-એક તસુ જમીન ચકાસીને નાના-મોટા બીજા આઠ ભોંયરા પકડ્યા હતા, પણ એ દરેક ભોંયરા એક ઈમારતમાંથી બીજી ઈમારતમાં જતા હતા. પોતાલા પેલેસના સત્તાવાર નકશામાં ય એ ભોંયરાની નોંધ હતી અને ધાર્મિક અનુષ્ઠાનો વખતે સદંતર જનસંપર્ક તોડી નાંખતા લામાઓ માટે એ ભૂગર્ભ રસ્તાઓ બંધાયા હોવાનો સત્તાવાર ઉલ્લેખ પણ હતો.



એ એકેય રસ્તો મહેલની રાંગની બહાર નથી જતો તેની પાક્કી ખાતરી ન થઈ ત્યાં સુધી ચીને એ ભોંયરા સીલ કરાવી દીધા હતા. 1981માં તિબેટીઓએ બળવો કર્યો અને ચીને ભારે કત્લેઆમ ચલાવી એ પછી લોકરોષ ઠારવા લુચ્ચા ચીને કેટલીક છૂટછાટો આપી હતી. એ વખતે અનુષ્ઠાન માટેના આ ભોંયરા પણ ખોલી દેવાયા હતા, પરંતુ એ જ વખતે પવિત્ર ચિહ્નો ધરાવતા ઓરડાની સુરક્ષા ચુસ્ત કરી દેવાઈ હતી. હવે પેલેસમાંથી ભાગવા જેવો કોઈ આદમી ન હતો અને ચોરાવા જેવી કોઈ ચીજ ન હતી. ચીન બેફિકર હતું.

એટલા પુરતી ચીનની બેદરકારી હિરનને ફળવાની હતી, પણ એમાં ચીનની બેદરકારી કરતાં ય લામાઓની બુદ્ધિનો મોટો ફાળો હતો.

રેકોર્ડ રૂમનું ભોંયરું અઢી મીટર ઊંડે પગથારની નીચેથી 140 મીટર દૂર કુમબુમ મઠના સાધના કેન્દ્રમાં નીકળતું હતું. કુમબુમ મઠ એ હાલના દલાઈ લામાનો પિતૃ મઠ હતો. એ ઈમારતમાં ડાબી તરફના પિલરથી ત્રણ ફૂટના અંતરે બીજા ભોંયરાનું મુખ હતું. સાડા ત્રણ મીટર ઊંડું એ ભોંયરું 342 મીટરના ચઢાણ-ઉતરાણ પછી પાંચ માળની આરસ મઢેલી ઈમારતમાં ખૂલતું હતું. તિબેટના પૂર્વ રાજવીઓનું એ સ્મૃતિમંદિર હતું.

પહાડ કોરીને બનાવેલી ભીંત પર પહાડના પથ્થરમાંથી જ ઘડેલા પૂર્વ રાજાઓના વિરાટ શિલ્પો, જન્મ-જરા-વ્યાધિ અને મૃત્યુના પ્રથમ દર્શન પછી રાજકુમાર સિદ્ધાર્થની મનોસ્થિતિ

વ્યક્ત કરતા શિલ્પો ઉપરાંત બોધિવૃક્ષની છાયા તળે ગૌમુખાસનની મુદ્રામાં ત્રિહિત ધ્યાન કેળવી રહેલા શાક્યમુનિ બુદ્ધની 50 ફૂટ ઊંચી પ્રતિમા અહીં સ્થાપિત થયેલી હતી.

પાંચ સદી પૂર્વેના તિબેટી સ્થપતિઓએ ખગોળ, જ્યોતિષ અને સ્થાપત્યનો અહીં અજબ સમન્વય કર્યો હતો.

સદીઓ પૂર્વે તિબેટી પરંપરાએ પોતાનું સાઠ વર્ષનું વિશિષ્ટ કેલેન્ડર તૈયાર કર્યું હતું. ઉંદર, આખલો, વાઘ, સસલું, ડ્રેગન એવી બાર પ્રાણીપ્રકૃતિ અને અગ્નિ, જળ, વાયુ, પૃથ્વી, અને આકાશ એવા પાંચ મૂળ તત્ત્વો એમ એક પ્રાણીપ્રકૃતિ પાંચ મૂળ તત્ત્વોમાં ફરતી રહે અને એ રીતે સાઠ વર્ષનું કેલેન્ડર બને.

સાઠ વર્ષના કેલેન્ડરમાં વાઘ-અગ્નિ, સાપ-અગ્નિ, ડ્રેગન-અગ્નિ એવા કુલ પાંચ વર્ષ એવા હતા જ્યારે વર્ષના ચોક્કસ મહિનામાં સવારના સમયે સૂરજના કિરણો સીધા જ બુદ્ધની 50 ફૂટ ઊંચી મહાકાય પ્રતિમા પર પડતા હતા અને એ ઉજાસમાં કંઈક અજબ રીતે બોધિવૃક્ષ અને બુદ્ધની પ્રતિમા ધગેલ તાંબાની માફક લાલચોળ થઈ જતા હતા. ધાર્મિક તિબેટી પરંપરા એ દૃશ્યને સૂર્યનારાયણે બુદ્ધને આપેલી અંજલિ ગણતી હતી.

ન સમજી શકાય એવી બાબતને ધાર્મિક ચમત્કાર ગણવાની આ માનસિકતા પાછળ પણ ખરેખર તો વૈજ્ઞાનિક કારણ જ જવાબદાર હતું.

સમુદ્ર સપાટીથી ઊંચાઈ જેમ વધતી જાય તેમ વાદળો વગરના ચોખ્ખા આકાશમાં સૂર્યના પારજાંબલી કિરણોની ઉગ્રતા પણ વધતી જાય એ વિજ્ઞાનસિદ્ધ બાબત હતી. સમુદ્રતટથી આશરે 5,072 મીટરની ઊંચાઈએ આવેલા લ્હાસાના આકાશમાં સૂર્ય જ્યારે ચોક્કસ ખૂણો રચે ત્યારે સ્મૃતિમંદિરના પૂર્વાભિમુખ મધ્યસ્થ ખંડમાં નિસર્ગનું અજાયબ કુતુહલ રચાતું હતું, પણ એવું જવલ્લે જ બનતું હતું.

મધ્યયુગના વિચક્ષણ લામાઓએ એ કૌતુકનું વિજ્ઞાન અને સમય બરાબર પારખ્યો હતો. પ્રત્યેક બાર વર્ષે અગ્નિ તત્ત્વમાં ઉગ્ર પ્રાણીપ્રકૃતિની રાશિ આવે ત્યારે ચોક્કસ મહિનાઓમાં સૂર્યના કિરણોની તીવ્રતા વધતી હતી અને બરાબર એ જ દિશામાં આવેલા, તામ્રકણોથી પ્રચૂર અગ્નિકૃત ખડકના પહાડો થોડી મિનિટો માટે ઝળહળી ઊઠતા હતા.

કિમિયાબાજ લામાઓએ એ જ પહાડ પર સ્મૃતિમંદિરની ઈમારત બાંધી હતી અને ત્રણ માળ જેટલા ઊંચા મધ્યસ્થ ખંડમાં સૂર્યના કિરણો ઝીલાય એ રીતે ખડક કોરીને બુદ્ધની વિરાટ પ્રતિમા ઘડી હતી.

પારજાંબલી કિરણોની તીવ્રતાને લીધે સૂર્ય સાવ સીધમાં હોય એ થોડી મિનિટો માટે અહીં મહત્તમ ગરમી પેદા થતી હતી. દલાઈ લામાના મોટાભાઈ થુબટેને પહાડનું પેટાળ ચીરીને ભૂગર્ભ રસ્તો કોરવા માટે આ વિશેષતાને લીધે જ સ્મૃતિમંદિરનો મધ્યસ્થ ખંડ અને આ પ્રતિમા પસંદ કર્યાં હતાં, જેમાં તેમને અમેરિકાની જાસૂસી સંસ્થા એફબીઆઈની સારી પેઠ મદદ મળી હતી. ચીન તિબેટનો કોળિયો કરીને મોટું થાય એ અમેરિકાને પાલવે તેવી બાબત ન હતી. થુપ્ટેન અને અમેરિકાના સંબંધોની એ શરૂઆત હતી.

થુબટેને મહેલની બહાર પહાડની દિશાએ માઈનિંગ વડે રસ્તો ખોલાવવા માંડ્યો અને તેને છેક સ્મૃતિમંદિરના મધ્યસ્થ ખંડના ખડક સુધી લંબાવ્યો.

પછી તેમણે બોધિવૃક્ષનું થડ કોરેલા ખડકને લંબાઈમાં અઢી ફૂટ અને ઊંચાઈમાં ચારેક ફૂટ કાપી નાંખ્યો એટલે દસેક ફૂટના ઊંડાણ પછી આખોય ભૂગર્ભ માર્ગ તૈયાર થઈ ગયો. ગમે તેવી ચકાસણી થાય તો પણ આ પોલાણ ન પકડાય તેની તકેદારી માટે તેમણે અમેરિકન

ધાતુશાસ્ત્રીઓની મદદ લીધી. બોધિવૃક્ષના થડનો જે પથ્થર કાપ્યો હતો તેને ચારે તરફથી નીટિનોલ નામની ધાતુથી જડી લીધો.

ગરમી આપવાથી તીવ્ર ઝડપે વિસ્તરણ પામતી આ ધાતુ તાપમાન જરાક ઘટે ત્યાં સંકોચાઈને મૂળ સ્વરૂપમાં આવી જતી હતી. બાર વર્ષે એક વાર આવતાં વર્ષના ચોક્કસ મહિનાઓ દરમિયાન સૂર્યકિરણો પડવાના સમયે જ જો બોધિવૃક્ષના થડને જોરાવર ધક્કો મારવામાં આવે તો એ પહાડના પોલાણ તરફ બારણાની માફક ખુલી જતું હતું અને તરત તેની વાસી દેવામાં આવે પછી સૂર્ય સ્થાનાંતર કરે એટલે ઠંડુ પડીને હતું એવું ને એવું થઈ જતું હતું. એ વખતે કોઈને ય અહીં પોલાણ હોવાની કલ્પના આવે તેમ ન હતી.

આ અજાયબ તરકીબ ફક્ત દલાઈ લામા અને તેમના ભાઈ થુપ્ટેન જાણતા હતા. પછી એનરોદ ત્સોરપેને કહેવામાં આવી હતી. એનરોદે કેસીને આ માહિતી આપી હતી અને હવે કેસીએ તિબેટનું આ મહારહસ્ય હિરનને કહી દીધું હતું.

*** *** ***

હિરનને પારાવાર બેચેની થતી હતી.

કેસીના વીરતાભર્યા મોતનો ભાર તેના હોશોહવાસ પર ઘણના ફટકાની માફક ઝીંકાતો હતો. ભાગવાના ભેદી રસ્તાના અત્યંત પેચીદા સંકેતો યાદ રાખવાના હતા અને ખાસ તો સમય જાળવવો સૌથી મહત્ત્વનો મુદ્દો હતો.

પગથારની નીચે પહેલાં તે કૂદી અને તેની પાછળ બેય તિબેટીઓએ છલાંગ લગાવી. ચિનાર અને પાઈનના ઘેઘૂર વૃક્ષો વચ્ચેથી રેકોર્ડરૂમની લાલ ઈમારત મળસ્કાના સાવ આછા ઉજાસ વચ્ચે ભળાતી હતી. બેય આદમીને આગળ ધકેલીને તેણે ઊંડો શ્વાસ લીધો. તેની ચાલ જરાક ધીમી થઈ. એક વૃક્ષના થડ સાથે પીઠ ટેકવીને તેણે આંખો બંધ કરી ડોળા પર ભારપૂર્વક પોપચાં બીડ્યા. ત્રણ-ચાર મિનિટ સુધી એ મથતી રહી. તેના લમણાની નસો ઉપસી આવી અને કપાળ પર પસીનો બાઝવા લાગ્યો. તંગ થયેલી ભ્રુકુટીની બરાબર વચ્ચે બંધ આંખોની ભીતર હવે તેને ધીમે ધીમે મૃદુ ઊજાસ વર્તાતો હતો. ભીંસાયેલા તેના જડબા જરાક હળવા થયા. ચૌકન્ના ચીનાઓ અધતન જામરની મદદથી વાયરલેસ કમ્યુનિકેશન રોકી શક્યા હતા, પણ પ્રાચીન ભારતની દીર્ઘાનુસારી વિધા થકી થતા સંપર્કને રોકવાની તેમની ગુંજાઈશ ન હતી.

*** *** ***

બ્લાસ્ટનો ધડાકો સંભળાયો એ સાથે જ તાન્શીનો જીવ ચૂંથાવા લાગ્યો હતો. કેસીએ મિશન આરંભી દીધાની એ નિશાની હતી. મેજર અંદર હોય, ઝાડ પર લપાયેલા આદમીએ તેને સતર્ક પણ કર્યો હોય એથી કેસીનું મિશન બેહદ જોખમી બની રહે એ સમજતી તાન્શી પેલેસમાં ધસી જવા તલપાપડ હતી, પણ તેને અહીં જ રહેવાનો આદેશ હતો.

બીજા આદમીને ઢાળી દીધા પછી હજુ કોઈ મૂવમેન્ટ વર્તાઈ ન હતી. શક્ય છે કે તે કોઈને મેસેજ પાસ કરે એ પહેલાં જ ગોળીથી અંટાઈ ગયો હોય. એ પણ શક્ય છે કે બીજે ક્યાંક બીજા ય કોઈક આદમી લપાયેલા હોય. તાન્શી સતત ગણતરીઓ માંડી રહી હતી.

જે કંઈ હોય, ચાઈનિઝ ફોર્સની વોકીટોકી ફ્રિક્વન્સી તેણે જાણી લીધી હતી. હવે ટીમ-એ પરત ફરે એટલે તરત તેણે પોતાનો વોકીટોકી સેટ એ ફ્રિક્વન્સી પર સેટ કરીને મ્યુટ કરી દેવાનો નિર્ણય લીધો. એમ કરવાથી ચીનના ફૌજી કદાચ ઝાડ પર હોય અથવા અંદરથી કોઈક બહાર આવે તો પણ છેક પેલેસ પરિસરની બહાર કોઈનો સંપર્ક સાધી ન શકે. એ જ ફ્રિક્વન્સી પર વોકીટોકી ચાલુ હોય ત્યારે નેટવર્ક જામ થઈ જાય.

બ્લાસ્ટ થયો તેની થોડી જ વારમાં શ્ત્સેબુલિંગ્કા પહાડી તરફના વળાંકમાંથી કેટલાંક ઓળા પ્રગટ્યા. ઝુઝાર ગન તૈનાત કરીને ઘડીક જોતો રહ્યો અને તરત તેને હાશ થઈ. સૌથી આગળ ખભા પર વજનદાર પેટી ઊંચકીને હાંફી રહેલાં છપ્પનને તે હોંશભેર ભેટી પડ્યો.

'ફતેહ?' તેણે ઉત્સુકતાભેર પૂછ્યું.

જવાબમાં ત્વરિતનો ચહેરો મલકી ઊઠ્યો અને પ્રોફેસરે હકારમાં ડોકું હલાવી દીધું.

ખભા પર વજન ઊંચકીને ઝડપભેર પહાડ ઊંચકવાને લીધે ત્રણેયની છાતી ભયાનક હાંફી રહી હતી અને એકધારા શ્રમને લીધે ગળામાં કાંચકી બાઝી ગઈ હતી.

ચીડના વૃક્ષોના ઘેરાવામાં ત્રણેય ઘડીક જંપ્યા. તેમને પાણીની બોટલ ધરીને ઝુઝાર તાન્શીને લઈ આવ્યો.

'ઓલ વેલ?' તાન્શીએ વોકીટોકી ઓન કરીને માઉથપીસ મ્યુટ કરી દીધું. તેના ચહેરા પર પારાવાર તણાવ હતો.

'હાઉ ઈઝ કેસી?' પ્રોફેસરે વળતો સવાલ કર્યો.

'કોઈ કમ્યુનિકેશન નથી પણ,' તાન્શી નક્કી નહોતી કરી શકતી કે તેમણે મૂળ પ્લાનને વળગીને શોટોન મંચ તરફ જવું કે પેલેસ તરફ જવું...

એ જ ઘડીએ પેલેસની દિશામાં ધડાકાનો અવાજ સંભળાયો. સૌ સફાળા ઊભા થઈ ગયા અને હજુ કંઈ બોલે એ પહેલાં બીજો ય ધડાકો થયો. (કેસીએ પરસાળ અને ઉપરના મજલે ફેંકેલા ગ્રેનેડના એ અવાજ હતા.)

'માય ગોડ...' તાન્શીનો ઉશ્કેરાટ કાબૂમાં રહેતો ન હતો, 'હવે આ સિરિયસ છે. વી શૂડ મૂવ ધેર...'

આગળ પોતે, લેફ્ટમાં સહેજ પાછળ પ્રોફેસર, છપ્પન અને ત્વરિત અને તેમનાથી સહેજ જમણે થોડોક પાછળ ઝુઝાર એમ ફટાફટ તેણે ફોર્મેશન રચી નાંખ્યું. પેલેસમાં બ્લાસ્ટ થયો છે તો મહેલમાંથી કોઈક આવશે અથવા બહારથી કાફલો મહેલ તરફ ધસી જશે એ પારખીને તેણે ચીડ, પાઈન અને ચિનાર વૃક્ષોની આડશમાં આગળ ધસવા માંડ્યું. તેની આશંકા સાચી હતી. થોડી જ વારમાં ફુવારાની પેલી તરફ ઝડપભેર દોડતા કદમોનો અવાજ સંભળાતો હતો.

કેસીએ દીવાલ તોડવા પહેલો બ્લાસ્ટ કર્યો એ સાથે મેજરે બહાર રવાના કરેલો ફૌજી ઘાંઘો બન્યો હતો. તેણે વોકીટોકીની રેન્જમાં જઈને પેલેસ પરિસર બહારથી કાફલાને બોલાવવાનો હતો અને અહીં નેટવર્ક જામ હતું. ખાસ્સી વાર સુધી તે લમણાંફોડ કરતો રહ્યો ત્યાં બીજા બે ધડાકા થઈ ગયા હતા એટલે બઘવાયેલા એ ફૌજીએ ઉપરના મજલે છુપાવેલા ચાર ફૌજીઓને બહાર રવાના કર્યા હતા અને પોતે મનોમન ગાળો દેતો ઝાડ પર લપાયેલા આદમીઓને શોધી રહ્યો હતો.

'વેઈટ...' પ્રોફેસરે દબાતા અવાજે કહ્યું અને આગળ ધસી રહેલી તાન્શીને રોકવા ત્વરિતને ઈશારો કર્યો.

છપ્પન અસમંજસભેર જોઈ રહ્યો. પ્રોફેસરના ચહેરા પર તણાવ હતો. કપાળની ચામડી તંગ બની રહી હતી. તેઓ આંખો ભારપૂર્વક બંધ કરી રહ્યા હતા અને ગરદન સહેજ નીચે ઝૂકાવી ધીમે ધીમે હકાર ભણતા હોય તેમ હલાવી રહ્યા હતા. નજીક આવી ગયેલા તાન્શી, ઝુઝાર અને ત્વરિત પણ તાજુબીથી મૌનપણે પ્રોફેસરને નીરખી રહ્યા.

પ્રોફેસર જાણે ભાવસમાધિમાં હોય તેમ ખાસ્સી ત્રણેક મિનિટ સુધી ત્યાં ખોડાઈ રહ્યા અને

પછી ધીમેથી તેમણે આંખો ખોલી.

'હિરન કહે છે આપણે શોટોન મંચ તરફ જવાનું છે..'

'એટલે?' તાન્શીને હજુ સમજાતું ન હતું.

'ચાઈનિઝ ફૌજને રોકવા માટે કેસીએ જ બ્લાસ્ટ કર્યા છે...' પ્રોફેસર હાથ ઊંચો કરીને સ્વગત બોલતા હોય તેમ બોલી રહ્યા હતા, 'મહેલની પાછળના રસ્તેથી એ ભાગે છે... કેસીનો ઓર્ડર છે, આપણે શોટોન મંચની દિશાએથી ભાગવાનું છે. કોટ કૂદીને બહાર નીકળીએ એટલે તેણે ઈન્તઝામ કરેલો છે. નેદોંગની પહાડી પાસે હિરન અને કેસી આપણને મળશે...'

'નેદોંગ? ક્યાં આવ્યું નેદોંગ, ખબર છે? ઈટ્સ વિઅર્ડ...' તાન્શી બેબાક ઉશ્કેરાટથી માથું ધુણાવી રહી હતી, 'મહેલની પાછળનો રસ્તો એટલે ક્યો રસ્તો? એવા કોઈ રસ્તા વિશે કેસીએ મને કેમ ન કહ્યું?' તેને હજુ ય ગળે ઉતરતું ન હતું.

તેના હૈયામાં કશીક અજબ ફફડાટી થતી હતી. પેટમાં કશાક વિચિત્ર આંટા વળતા હતા. ચહેરાના સ્નાયુઓમાં કશોક ફરકાટ થતો લાગતો હતો. બહાર ફુવારા તરફ થતી આવ-જા વધુ વેગીલી બની હતી. હવે જેટલું મોડું કરીએ એટલું જોખમ વધતું હતું.

*** *** ***

'જીવતો ભૂંજાઈ જજે પણ કોઈને અંદર ન આવવા દઈશ. હું વધુ આદમીઓને મોકલું છું...' મેજરે સ્નાઈપર રાઈફલ ઊઠાવી ફર્સ્ટ ઓફિસરને ઓર્ડર કર્યો અને છલાંગભેર ઓરડાની બહાર નીકળી ગયો.

'આખા ય પરિસરની વીજળી ચાલુ કરી દે...' બહાર નીકળતા જ તેણે સંત્રીઓને હાક મારીને હુકમ કર્યો. ધડાકાના અવાજથી ઉપર ધસી રહેલા લામાઓને તેણે તોછડાઈથી બાજુ પર હડસેલી દીધા. હજુ તેણે ખાસ્સા પગથિયાં નીચે ઉતરવાના હતા અને પછી આખા ય મહેલનો ચકરાવો મારીને જમણી તરફ વળવાનું હતું.

'બલ્બ સળગાવો... લાઈટ ચાલુ કરો..' તેની જીભ પર અનેક હુકમો ફાટતા હતા અને કમબખ્ત એકેય આદમી હુકમ ઝીલવા ક્યાંય શોધ્યો જડતો ન હતો. પારાવાર ઉશ્કેરાટ અને હૈયું ભીંસાઈ જાય એવા તણાવ તળે એ અકારણ બૂમો પાડતો એકસાથે ચચ્ચાર પગથિયા કૂદતો નીચે ઉતરતો રહ્યો.

એ વખતે આકાશમાં ભડભાંખળું થઈ રહ્યું હતું. પહાડીઓની પેલે પાર ક્ષિતિજ પરથી ઉદાસ ચહેરા પર ગમગીની ઓઢેલી ઉષા ક-મને ધીમા પગલે નીચે ઉતરી રહી હતી.

એ વખતે હિરન અને તેની સાથેના બંને આદમી રેકર્ડરૂમમાં પ્રવેશી ચૂક્યા હતા.

*** *** ***

'એઈઈઈઈ...' તીણા અવાજે પીઠ પાછળથી અવાજ આવ્યો એટલે ભાગતા ઝુઝારે જરાક ગરદન ઘુમાવીને પાછળ જોયું.

ઝાડવાઓ વચ્ચેથી એક આદમી તેમને રોકવાનો ઈશારો કરતો પાછળ આવી રહ્યો હતો. ઘટાટોપ ઝાડની છાયા તળે હજુ ય અંધારું હતું, પણ આદમીનો ઓળો સ્પષ્ટ વર્તાતો હતો. ઝુઝારે આગળ ભાગતા સાથીદારો ભણી જોયું. અવાજને લીધે ત્વરિતે ય ગરદન ઘુમાવી હતી.

ઝુઝારે તેને આગળ ભાગવા ઈશારો કરીને એક જ સેકન્ડમાં નિર્ણય લીધો. સહેજ ત્રાંસમાં દોડતા જઈને તે સલુકાઈભેર એક ઝાડની પાછળ લપાયો અને ફરીથી અવાજની દિશામાં જોયું

એ સાથે તેને ધ્રાસકો પડી ગયો.

એ આદમીની સાથે બીજા બે ફૌજી હતા. સબમશીનગન ખભા પર ગોઠવતા એ બંને આગળ દોડતા હતા અને અવાજ કરનારો ત્રીજો આદમી ઝાડના ક્યારાઓ તરફ ઝુઝારની જ દિશામાં ભાગતો આવતો હતો.

ઝુઝારના હૈયામાં કંપારી છૂટી ગઈ. જો એ બે ફૌજીને નિશાન ન બનાવે તો આગળ ભાગતા સાથીદારો જોખમમાં મૂકાય અને જો એ ફૌજીને નિશાન બનાવે તો ક્યારા તરફ દોડતો ત્રીજો આદમી તેને ખુદને જ નિશાન બનાવી દે.

તેણે ઊંડો શ્વાસ લીધો. નજર એમના પર જ માંડેલી રાખીને ગનનો સાયલેન્સર નોબ ચેક કર્યો. અંધારામાં ભાગતા ઓળાઓ પર નિશાન લેવું ફાવે તેમ તો ન હતું, પણ દાંત ભીંસીને તેણે ફક્ત અંદાજના આધારે બેય ફૌજી પર બે રાઉન્ડ ફાયર કરી નાંખ્યા અને ઝડપભેર છલાંગ મારતો આખી ય પગદંડી પસાર કરીને સામેની તરફ ઝાડની ઘટાઓમાં લપાયો.

ગોળી કોઈને વાગી કે નહિ એ સમજાતું ન હતું, પણ તેના અણધાર્યા ફાયરથી પાછળ આવતાં આદમીઓ અટકી ગયા હતા. સાવચેતી ખાતર તે ઘડીવાર ત્યાં જ ખોડાઈ રહ્યો. ક્યારાની દિશામાં ય કોઈ હલનચલન વર્તાતું ન હતું. તેમ છતાં ય તેણે એ દિશામાં બે ફાયર કર્યા અને પછી ફેફસામાં શ્વાસ ભરીને શોટોન મંચ તરફ દોટ મૂકી દીધી.

*** *** ***

મધરાતે તેઓ નીકળ્યા ત્યારે સુમસામ સ્તબ્ધતાને વળગીને જંપી ગયેલો માહોલ અત્યારે સાવ બદલાઈ ગયો હતો. પેલેસની બહાર નીકળેલા ફૌજીઓ પૈકી એક છેક બહાર નીકળીને ફાટી જતા સાદે આદમીઓને એકત્ર કરી રહ્યો હતો અને તેની ત્રાડથી ચોંકેલો કેપ્ટન દરજ્જાનો ઓફિસર ફટાફટ જીપગાડીઓ મહેલ ભણી રવાના કરી રહ્યો હતો.

બાકીના ત્રણેય ફૌજીઓએ શોટન મંચ પર સૂતેલા ભીખ્ખુઓને, સ્વયંસેવકોને દબડાવીને ઊઠાડ્યા હતા. જીપગાડીની ઘરઘરાટી અને અચાનક શરૂ થયેલા ફૌજીઓના હાકોટાને લીધે મોટા ચોકમાં જ્યાં-ત્યાં પાથરણાં પાથરીને ચેનથી ઊંઘી રહેલા, શોટોનમાં મહાલવા આવેલા તિબેટીઓ ય હડબડાટીભેર ઊઠવા લાગ્યા હતા.

તાન્શીએ પાછળ આવતા કાફલાને રોકવાનો ઈશારો કર્યો અને રસોડાના તંબુ તરફ નજર નાંખી. મુક્તિવાહિનીનો આદમી બહાર જ ઊભો હતો. તેણે હકારમાં ગરદન ધુણાવી એ સાથે તાન્શીને હાશ થઈ અને દબાયેલા કદમે ચૂપકીદીભેર પહેલાં તાન્શી, તેની પાછળ ત્વરિત, પ્રોફેસર અને છપ્પન પ્રવેશ્યા. અંદર જઈને તેમણે મોટા ડ્રમમાં લપાઈ જવાનું હતું અને રસોડાની ફરજ બજાવવાના નામે ઘૂસાડેલા મુક્તિવાહિનીના આદમીઓ રસોડાનો કચરો, એંઠવાડ ભરેલા ડ્રમ ખચ્ચર પર લાદીને રાંગ પાસે બનાવેલા ખાડામાં નાંખવા જતા હોય તેમ તેમને લઈ જવાના હતા.

છ ડ્રમ તૈયાર હતા અને લપાવા માટે માણસો ચાર. હિરન અચાનક પેલેસ તરફ ધસી ગઈ હતી અને હવે અધરસ્તે જ મળવાની હતી.

ઝુઝાર ક્યાં? તાન્શીની ચીસ ફાટી ગઈ.

એ ઘડીએ ઝુઝાર પીઠ પાછળ છૂટતી ગોળીઓથી બચવા વાંકોચૂકો દોડતો શોટોન મંચ તરફ ભાગી રહ્યો હતો. રઘવાટમાં એ રસોડા તરફનો રસ્તો ચૂકી ગયો હતો અને તેની પાછળ ચાર આદમીઓ ગન ધણધણાવતા દોડી રહ્યા હતા.

*** *** ***

અઢીસો પગથિયાં ઉતરીને તે ખુલ્લા મેદાનમાં પહોંચ્યો ત્યારે તેના ફેફસાં હાંફથી ફાટતાં હતાં, પણ મેદાનમાં હજુ ય સન્નાટો જોઈને તેના દિમાગમાં પારાવાર ગુસ્સો ઘુમરાવા લાગ્યો. કમબખ્ત, હજુ ય બહારથી ફૌજ કેમ આવતી નથી? તેણે મોકલેલો આદમી ક્યાં મરી ગયો? ઝાડ પર છૂપાવેલા બેય આદમી...

'ક્યાં મર્યા છો બેવકૂફો...' તેણે પાગલની માફક ઉન્માદભેર ચિત્કાર નાંખવા માંડ્યા. તેની ત્રાડ સાંભળીને ત્રણ-ચાર તિબેટી સૈનિકો ડરતા ડરતા સહેજ આગળ વધ્યા.

'બહાર નેટવર્ક જામ છે એટલે કેપ્ટને બે-ચાર આદમીઓને બહાર દોડાવ્યા છે...' એક સંત્રીએ દબાતા અવાજે ફોડ પાડ્યો એ સાથે મેજરના મોંમાંથી બેફામ ગાળો વછૂટવા લાગી.

નેટવર્ક જામ હતું કે ઘૂસણખોરોએ ફ્રિક્વન્સી હેક કરીને જામ કરી દીધું હતું? ઘડીક અવઢવમાં એ ત્યાં જ ઊભો રહ્યો અને પછી જાણે ઝોડ વળગ્યું હોય તેમ પાઈનના વૃક્ષો તરફ ધસી ગયો અને પછી સ્નાઈપરનો કૂંદો ખભા પર ટેકવીને પાઈનના વૃક્ષો તરફ કોઈ ટાર્ગેટ વગર ધડાધડ ત્રણ રાઉન્ડ ફાયર કરી દીધા. અંદર ક્યાંક લપાયેલા આદમીઓને સ્નાઈપરની ધાક તળે ધ્રૂજાવી દેવાનો એ તેનો મનોવૈજ્ઞાનિક વ્યૂહ હતો.

ઈંટ-પથ્થર જમીનમાં ખોસીને બનાવેલા ક્યારા કૂદીને તે આગળ વધ્યો એ જ ઘડીએ પહેલી જીપગાડીની ઘરઘરાટી સંભળાઈ. તેની પાછળી બીજી અને ત્રીજી...

ગણતરીની મિનિટોમાં તો પેલેસના પગથિયાં પાસે ચીની ફૌજીઓનો કાફલો ખડકાઈ ગયો. અવાજ ફાટી જાય એવી ત્રાડો નાંખીને મેજર ઓર્ડર છોડતો રહ્યો.

એ જ ઘડીએ આવેલી વધુ એક જીપગાડીમાંથી ઉતરેલો આદમી સલામ ઠોકીને શ્વાસભેર બોલી ગયો, 'શોટોન મંચ પાસે એક આદમી ફાયરિંગ કરી રહ્યો છે...'

*** *** ***

એ ઝુઝાર હતો.

પીછો કરતા આદમીએ તેને રોકવા અવાજ કર્યો ત્યારે ઝુઝારે ત્યાં રોકાઈને ફાયર કરવા જેવું ન હતું. પાછળથી આવતા એ ફૌજીઓએ ખાસ્સા અંતરે કેટલાંક ઓળા જોયા હતા. એ ઘૂસણખોર છે કે પોતાની માફક તલાશી લઈ રહેલા ફૌજીઓ છે તેનો અંદાજ નહોતો. એટલે જ તેમણે રોકાવા માટે હાક મારી હતી. વળી, એ ફૌજીઓ ખાસ્સા પાછળ હતા અને અંધારામાં આટલે દૂરથી નિશાન તાકી શકે તેમ ન હતા. ઝુઝારે બેય દિશાએ ચાર રાઉન્ડ ફાયર કર્યા તેને લીધે તેની હાજરી ઊઘાડી પડી ગઈ હતી, પરંતુ ફાયદો એ થયો કે તેના ફાયરને લીધે પીછો કરી રહેલા ફૌજીઓએ ત્યાં જ ખોડાઈ જવું પડ્યું. નહિ તો તેઓ શોટોન મંચથી ડાબે રસોડાના તંબુ તરફ જતાં લોકોને જોઈ ગયા હોત.

ફાયર કરીને ઝુઝારે દોટ તો મૂકી, પણ હવે ફૌજીઓ તેનો પીછો છોડે તેમ ન હતા. બે ફૌજીને તેની પાછળ ધકેલીને ક્યારા ભણી દોડતા આદમીએ સહેજ ત્રાંસમાં ટેકરીઓ પર ચડીને મંચ તરફનો રસ્તો લીધો અને પેલેસ તરફ જતા કાફલાને સતર્ક કરવા માંડ્યો. પેલેસ તરફ મેજરને તેણે સંદેશો મોકલાવ્યો અને પોતાની સાથે વધુ આદમીઓને લીધા.

પરિણામે ઝુઝાર બે બાજુથી ઘેરાયો. રેન્જમાં હોવા છતાં એ લોકો ફાયર કરતાં નહોતાં. તેને ઘેરીને ઝબ્બે કરવાનો તેમનો વ્યૂહ છે એવું પારખી ગયેલા ઝુઝારનો અસલ ચંબલછાપ આત્મા વધુ ગિન્નાયો. તેની જમણી તરફ સહેજ ત્રાંસમાંથી આવી રહેલા આદમીઓને જોઈને તેણે

પેંતરો બદલ્યો.

રાનોડ ગામની બિહામણી બિહડો વચ્ચે ઉછરેલો માથાફરેલો એ આદમી પડકાર ભાળીને ભૂરાયો થયો હતો. બેકપેકમાં બે મેગેઝિન ફૂલ્લી લોડેડ અને આ મેગેઝિનમાં 11 રાઉન્ડ સલામત. વધારામાં બે ગ્રેનેડ. મનોમન ગણતરી માંડતા જઈને તેણે ટેકરીઓ પરથી આવી રહેલા ફૌજીઓ તરફ અચાનક જ દોટ મૂકતાં ધડાધડ ગોળીઓ છોડીને આગળના આદમીને ઉથલાવી દીધો.

પીછો થતો હોય ત્યારે માણસ ભાગે, સલામત છટકવાની પેરવી કરે. તેને બદલે આ આદમીએ સામે આવીને હલ્લો કર્યો એટલે ચીની ફૌજીઓ રીતસર ડઘાઈ ગયા. એક આદમી ગોળી ખાઈને ચિત્કાર નાંખતો ઉથલી પડ્યો અને બાકીના આડશ શોધવા ઘાંઘા બન્યા.

પણ એટલી વારમાં ખાસ્સો આગળ ધસી ગયેલો ઝુઝાર ડાબી બાજુએ રસોડાના તંબુ તરફ જતી પગદંડી ચૂકી ગયો હતો. શોટોન મંચનો વિરાટ ઘેરાવો જોઈને તેને પણ એ ખ્યાલ આવ્યો, એથી એ વધુ ઘાંઘો બન્યો અને મંચ તરફ ભાગ્યો.

એ તેની ભયાનક મોટી ભૂલ હતી. કદાચ તેને ય પોતાની ભૂલનો અહેસાસ થઈ રહ્યો હતો, પણ નિયતિનો દોરવાયો એ હવે વિવશ હતો.

*** *** ***

પહાડ કાપીને બનાવેલા સાંકડા બોગદાની અવાવરૂ હવા પારાવાર ગંધ મારતી હતી. તળિયાના પથ્થર સહેજે ય સમથળ ન હતા. ગમે ત્યારે ચઢાણ આવી જતું હતું અને અચાનક વેગીલું ઉતરાણ પણ આવી જતું હતું. ઝડપ રાખ્યા વગર છૂટકો ન હતો અને ઝડપ શી વાતે ય આવે તેમ ન હતી.

રેકર્ડ રૂમથી કુમબુમ મઠ જવું ખાસ મુશ્કેલ ન લાગ્યું. કદાચ એ ભૂગર્ભ રસ્તો નિયમિત વપરાતો પણ હશે, પરંતુ કુમબુમ મઠના થાંભલાથી ત્રણ ફૂટ નીચે પથ્થરની વજનદાર લાદી ખસેડીને નીચે ઉતર્યા પછી તરત દરેકને હાંફ ચઢવા લાગ્યો હતો. હવામાં ઓક્સિજનનો અભાવ અને એકધારા શ્રમથી તેમના ફેફસાં ફાટતા હતા અને ગળામાં કાંચકી પડતી હતી.

કુમબુમ મઠમાંથી નીકળીને 342 મીટરના ચઢાણ-ઉતરાણ પછી સ્મૃતિમંદિર આવશે. સ્મૃતિમંદિરના પહેલા માળે ખૂલતા આ ભોંયરામાંથી બહાર નીકળીને તેમણે નીચે ઉતરવાનું હતું. મધ્યસ્થ ખંડમાં સવારના આઠ સુધીમાં તેમણે પહોંચી જવાનું હતું અને ભગવાન બુદ્ધની પ્રતિમા પાછળ બોધિવૃક્ષના થડને હડસેલવા તાકાત અજમાવવાની હતી.

મધ્યસ્થ ખંડના વિરાટ દરવાજા સામેથી પસાર થવામાં સૂર્યને માંડ પાંચ મિનિટ લાગવાની હતી. પહાડના તામ્રકણો સાથે અથડાઈને સૂર્યના પારજાંબલી કિરણોએ સર્જેલી ગરમી બીજી દસેક મિનિટ સુધી ધગેલી રહેશે. એટલા વખત પુરતી જ નીટિનોલ ધાતુ વિસ્તરી હશે. સવારના આઠ વાગ્યા પછી તેમની પાસે મહત્તમ વીસ મિનિટ હશે.

કેસીએ તૂટતા અવાજે આપેલી સૂચનાઓ હિરન મનોમન યાદ કરી રહી હતી. તેને પારાવાર ફફડાટ થતો હતો. તેણે એક એવા ભૂગર્ભ રસ્તે જવાનું હતું જે બન્યા પછી કદી ઉપયોગમાં લેવાયો ન હતો. એક એવું ભોંયરું ખોલવાનું હતું, જે બન્યા પછી કદી ખૂલ્યું ન હતું. ધારો કે એ ન ખૂલ્યું તો? ધારો કે એ ભૂગર્ભ રસ્તો બુરાઈ ગયો હશે તો?

હિરનના હૈયે જાણે પલીતો ચંપાયો હોય તેમ થરથરી ગઈ. હૈયાનો ફફડાટ ચહેરા પર ન વર્તાઈ જાય તેની તકેદારી રાખતાં તે સતર્ક બની.

કુમબુમ મઠમાં તેઓ પહોંચ્યા ત્યારે સવા છ થવા આવ્યા હતા. એ પછી વધુ અડધો કલાક વીત્યો હોય તો અત્યારે પોણા સાત-સાત વાગ્યા હોવા જોઈએ. એકસરખી ગતિ તેઓ જાળવી રાખે તો પણ સાડા સાત-પોણા આઠ સુધીમાં તેઓ સ્મૃતિમંદિર પહોંચી જાય.

મનોમન અંતર, પોતાની ઝડપ અને સમયનો ક્યાસ બાંધી રહેલી હિરને આરામનો હુકમ કર્યો.

*** *** ***

એક ડ્રમમાં શ્ત્સેબુલિંગ્કાથી ઊઠાવેલા ખોખાં ગોઠવીને છપ્પન બીજા ડ્રમમાં કૂદી ચૂક્યો હતો અને રસોડામાં છુપાયેલા મુક્તિવાહિનીના આદમીઓએ એ ડ્રમ ખચ્ચરગાડાં પર ચડાવી દીધા હતાં. ડ્રમમાં પેસવા મથતા પ્રોફેસર ખચકાયા. તાન્શીના ચહેરા પરની અકળામણ એ પારખી ગયા. એ જ ઘડીએ બહાર કોઈકના દોડવાનો ધડબડ..ધડબડ અવાજ સંભળાયો. કોઈક હાક મારતું હતું. તરત કોઈકની ચીસનો ય અવાજ સંભળાયો.

ઝુઝારની ગનમાં સાયલેન્સર હતું, પણ ઘવાયેલા ફૌજીના ગળામાં ન હતું. તેના સાથળમાં ગોળી વાગી એ સાથે તેણે કારમી ચીસ નાંખીને શોટોન મંચની વહેલી સવારની શાંતિ ખળભળાવી દીધી હતી.

ચીસનો અને દોડધામનો અવાજ સાંભળીને હેબતાયેલા ત્વરિતે તાન્શી તરફ જોયું. તેને ત્યાં જ થોભવા ઈશારો કરીને તેણે સાવચેતીપૂર્વક રસોડાના તંબુની બહાર ડોકિયું કર્યું. બહાર હવે અજવાળું થવા લાગ્યું હતું. ઝુઝાર તેને ભળાતો ન હતો, પણ દોટ મૂકતા બે ફૌજીને તેણે જોયા. તેમની દિશા મંચ તરફ હતી, તો શું ઝુઝાર રસોડાની પગદંડી તરફ આવવાને બદલે મંચ તરફ ભાગ્યો હશે?

તાન્શી ફફડી ગઈ.

જો એ મંચ તરફ ભાગ્યો હોય તો આખો ય ચકરાવો મારીને અહીં કેવી રીતે પહોંચવાનો? રઘવાટમાં એ તંબુની બહાર છેક પગથાર સુધી દોડી આવી. એ વખતે ઘાંઘો બનેલો ઝુઝાર મંચના પગથિયા કૂદતો ભાગી રહ્યો હતો. અહીં તો મંચ પર અને નીચે વિશાળ ચોગાનમાં ચારેબાજુ ફૌજીઓનો જમેલો હતો. એ જોઈને ઝુઝાર ઘડીક ખચકાયો. મંચની પાછળના તંબુ જોઈને તેને યાદ આવ્યું. એ જ છાવણીમાંથી તેઓ નીકળ્યા હતા અને તેણે કલાકારોના આ તંબુની પાછળ રસોડા તરફ જવાનું હતું. તેને બદલે...

'વી શૂડ ગો ધેર..' તાન્શીની પાછળ બહાર આવી ગયેલા ત્વરિતને હડસેલતા પ્રોફેસરે કહ્યું. તેમણે ગન તૈનાત કરી નાંખી હતી.

'બટ...' તીવ્ર કશમકશ અનુભવતી તાન્શી કશો નિર્ણય લઈ શકતી ન હતી, 'એમ કરવાથી આપણી હાજરી ઊઘાડી પડી જાય અને તો આપણે ય છટકી ન શકીએ...'

'અરે પણ...' પ્રોફેસરનો સાદ ઊંચકાયો, 'એને કંઈ રેઢો મૂકી દેવાનો? એ ઘેરાયો છે અને આ બે આદમીને તો આપણે...'

'બે આદમી અહીંયા છે..' તાન્શીએ ટેકરી તરફ હાથ લંબાવ્યો, 'ચાર-પાંચ ત્યાં ટેકરી પર છે. મંચ ઉપર અને નીચે ચોગાનમાં આખી ફૌજ ખડી હશે...'

'તો?' પ્રોફેસર હજુ ય ઉન્માદમાં હતા, પણ ત્વરિત સમજી શકતો હતો. ઝુઝારને બચાવવા જતાં બધા એકસાથે સપડાઈ જાય તેમ હતું.

'તેની હેલ્પમાં આપણે જઈએ એથી આપણા પર રિસ્ક વધી જશે..' ત્વરિતે પ્રોફેસરને કહ્યું, 'અને ખાસ તો આટલું જોખમ ઊઠાવીને મેળવેલી આ હસ્તપ્રતો ય ગુમાવવી પડશે...'

તેની દલીલમાં વજૂદ હતું, અવાજમાં દર્દ અને ચહેરા પર વિવશતા. પ્રોફેસર ઘડીક તેને તાકી રહ્યા. ઘડીક તાન્શી તરફ જોયા કર્યું. એ જ ઘડીએ મંચ પર ધડાધડ બે ફાયર થયા.

'વી શૂડ મૂવ...' તાન્શીએ રીતસર ત્વરિતને અને પ્રોફેસરને ધક્કો મારી દીધો, 'તાત્કાલિક કોટ કૂદી જાવ... આઈ વિલ મેનેજ સમહાવ...'

*** *** ***

પાગલ હાથીની માફક ધૂંધવાતા મેજરે પાઈનના જંગલમાં ઘૂસીને સ્નાઈપર રાઈફલમાંથી આડેધડ ગોળીઓ છોડી હતી. બેફામ બરાડા નાંખીને આવેલા કાફલાને ચારે બાજુ તગેડવા માંડ્યો હતો. ક્યાંય કોઈ સગડ દેખાતા ન હતા.

'એકેએક ઈમારત ઘેરીને ચેક કરવા માંડો...' તેણે પગથારની ડાબી તરફની છ-સાત નાની-મોટી ઈમારતો તરફ આંગળી ચીંધી. અહીંથી ભાગેલા આદમીઓ જંગલમાં લપાયા હોય અથવા પેલેસમાં જો તેમના મળતિયા હોય તો કોઈ ઈમારતમાં છુપાયા હોય.

'લ્હાસા એરબેઝને ઈન્ફોર્મ કરો. તાબડતોબ હેલિકોપ્ટર રવાના કરે. અહીંથી કોઈ ચસક્યું છે તો સાલા તમને સૌને બે આંખ વચ્ચે ગોળી મારી દઈશ.' કેપ્ટન દરજ્જાના અફસરો સામે તાડુકીને તે જીપમાં ગોઠવાયો અને શોટોન મંચ તરફ જીપ મારી મૂકી.

ત્યાં ફાયર કરી રહેલો આદમી અત્યાર સુધીમાં ઝબ્બે થઈ ગયો હોવો જોઈએ.

સવારે **8.02** મિનિટે

એક આદમીની પીઠ પર સવાર થઈને હિરને બેય હાથે હતી એટલી તાકાત વાપરી એ સાથે જરાક ખસેલા પથ્થરની ફાંટમાંથી તાજી હવાની લહેરખી આવી. તેણે વધુ બળ કરીને પથ્થરને અડધો-પોણો ફૂટ હડસેલી દીધો. એ જગામાં પરાણે તેણે ડોકું ઘાલ્યું. તેના માથા પર પથ્થર ટીચાતો હતો અને ગાલ પર ખડકના અણિયાળા પથ્થર ઘસાવાથી છરકા ઊઠતા હતા. ઊંડો શ્વાસ લઈને તાજી હવા તેણે ફેફસાંમાં ભરી અને બહાર નજર દોડાવી દીધી.

સ્મૃતિમંદિરના પહેલા માળમાં નર્યો સન્નાટો હતો. દૂર ખૂણામાં બે-ત્રણ ખાટ પડી હતી. રાખોડી રંગની રજાઈનો એક છેડો નીચે લબડતો હતો. તકિયો ખાટની પાંગત તરફ પડ્યો હતો. ત્યાં સૂતેલું કોઈ ઊઠીને ક્યાંક ગયું હોય તેવું વર્તાતું હતું.

બેય હાથે પથ્થરને હડસેલીને એ છલાંગભેર બહાર નીકળી અને દરેક દિશાએ ગન ઘૂમાવી દીધી. બોગદાના કારમા અંધકારમાંથી સીધા જ ઓરડાના ઉજાસમાં પ્રવેશતા અંજાયેલી આંખોને તેણે મસળી નાંખી. ભોંયરું જ્યાં ખુલતું હતું ત્યાંથી જમણે લગભગ પચાસેક કદમ દૂર દાદર હતો.

8.07 મિનિટે

દરેક દિશાએ ચાંપતી નજર નાંખીને પહેલાં તે દાદર તરફ લપકી. પછી બીજો આદમી અને છેલ્લે ત્રીજો, એમ ત્રણેય દબાતા પગલે દાદર ઉતરી ગયા. દાદરનો પહેલો વળાંક વટાવ્યો એ સાથે તેની આંખો અંજાઈ ગઈ. આકાશમાંથી જાણે રોશનીનો ધોધ વછૂટતો હોય તેમ વિરાટ છત ધરાવતો તોતિંગ મધ્યસ્થ ખંડ ઝળાંહળાં થઈ રહ્યો હતો. 30 ફૂટ લાંબા અને 60 ફૂટ ઊંચા આરસના નકશીદાર થાંભલા મઢેલા તોતિંગ સ્તંભ વચ્ચેથી સૂર્યનો સીધો જ ઉજાસ ઝીલતી ભગવાન બુદ્ધની ધ્યાનસ્થ પ્રતિમા, પ્રતિમાના ચહેરા પર લીંપાયેલી પ્રગાઢ સ્થિતપ્રજ્ઞતા અને તેની પાછળ પથ્થરમાંથી કોરેલાં બોધિવૃક્ષનો દૈવી ઝળહળાટ...

નિસર્ગની આ રમ્યલીલા જોઈને હિરન દિગ્મૂઢ થઈ ગઈ. તેની સાથેના બેય તિબેટી લડવૈયાઓ

આવી સ્થિતિમાં ય ઘૂંટણિયે પડી ચૂક્યા હતા અને ભાવનીતરતા ચહેરે, સજળ આંખે મૂર્તિ સમક્ષ હાથ જોડીને હોઠ ફફડાવતા મંત્રજાપ કરી રહ્યા હતા.

હિરન તેમની અતૂટ શ્રદ્ધાને આદરભેર જોઈ રહી.

8.12 મિનિટે

વિરાટ ખંડમાં કોઈની હાજરી ન હતી, પણ જમણી તરફ ઉપરના રવેશમાં કિરમજી દુશાલા ઓઢેલા સાધુઓ બંધ આંખે નાક પર અંગૂઠો દબાવીને પ્રાણાયામ કરી રહ્યા હતા.

હિરને એક જ નજરમાં આખો ય માહોલ માપી લીધો અને બેય તિબેટીઓને આંગળી વડે 1, 2, 3 ઈશારો કર્યો. તેની ત્રીજી આંગળી ઊંચકાઈ એ સાથે ત્રણેયે દબાયેલા કદમે મૂર્તિ તરફ દોટ મૂકી દીધી અને પલકવારમાં પચાસ ફૂટ ઊંચી પ્રતિમાની પાછળ લપાઈ ગયા.

હવે તેમણે પહાડના પથ્થરમાં વિશાળ કદના વૃક્ષનો આકાર કોતરેલા થડનું પોલાણ શોધીને બળ અજમાવવાનું હતું. ત્રણેયે થડના પોતાની ઊંચાઈના વચ્ચેના હિસ્સા પર બેય હાથ ભીંસીને બળ કરવા માંડ્યું. હવે એક-એક મિનિટ જીવ જેટલી મૂલ્યવાન હતી અને થડનો પથ્થર ખસવાને બદલે હથેળીમાં ભોંકાતો હતો.

એ જ ઘડીએ બહાર કશીક ઘરઘરાટી સંભળાઈ. કોઈક ઊંચા અવાજે બરાડા પાડી રહ્યું હતું. મેજરે એકેએક ઈમારતની તલાશી લેવા મોકલેલા કાફલાની એક જીપ સ્મૃતિમંદિર સામેના ખડકાળ ઢોળાવ પર પાર્ક થઈ રહી હતી અને એક અફસર ઓર્ડર છોડી રહ્યો હતો.

બહારના અવાજની ખલેલથી વિક્ષુબ્ધ થયેલો એક સાધુ વીરાસન છોડીને ઊભો થયો હતો. ઉપર રવેશમાંથી જ તેણે નીચે બહારની તરફ ગરદન લંબાવીને જોયું હતું અને પછી તરત દાદર ઉતરવા માંડ્યો હતો.

8.15 મિનિટે...

બેહદ તણાવથી ભીંસાયેલો ચહેરો, બોગદાની બંધિયાર હવામાં લાંબો સમય વીતાવીને પાંસળીઓ સાથે અથડાતો હાંફ, ફેફસાંના હાંફ સાથે ગોટવાતી હૈયાની વેગીલી ધડકન, ઉશ્કેરાટ અને ઉતાવળથી ધ્રૂજતા હાથ-પગ અને વિસ્ફારિત થયેલી બાઘી આંખોમાંથી ધાર નીતરતો ભયનો ઓથાર...

અવાજ નજીક આવતા જતા હતા. ઈમારતની ડાબી દીવાલ તરફ કેટલાંક આદમીઓની ચહલકદમી હવે સ્પષ્ટ સંભળાતી હતી. ઉતાવળી બનેલી હિરન સાવ નીચે ઝૂકીને ભોંયતળિયાને અડેલા થડના હિસ્સાને હડસેલવા મરણિયો પ્રયાસ કરી રહી હતી..

- અને કમબખ્ત ક્યાંય પોલાણનો જરાક સરખો ય અંદાજ આવતો ન હતો. કેસીની ધારણા ખોટી હતી? ચીની અફસરોએ નીટિનોલની કારગરી પકડી પાડીને તેને હટાવી દીધું હતું? હવે???

એ જ વખતે પગથિયા ચડી રહેલા બે અફસર સાથેના જવાનને ચાઈનિઝ ભાષામાં સૂચનાઓ આપતાં અંદર ધસી રહ્યા હતા.

8.18 મિનિટે

'કમરમાંથી નીચે ઝૂક...' ઘાંઘી બનેલી હિરને હોઠ ફફડાવીને એક આદમીને ઈશારો કર્યો. તેની પીઠ પર ચડીને તેણે થડના ઉપરના હિસ્સાને ચકાસવા માંડ્યો. હાથ ફંફોસવાથી તો કશું કળાય તેમ ન હતું.

'અહીં શું કરો છો તમે?' ચીનના ફૌજી અફસરને પેલેસમાં છેક અહીં, બિલકુલ પ્રતિબંધિત

સમયે આવી ચડેલા જોઈને બહાર નીકળેલો સાધુ ચોંક્યો હતો, 'કોના ઓર્ડરથી અહીં આવ્યા છો?'

'અંદર હોય એ તમામ લોકોને બહાર કાઢો...' આડા ઊભા રહી ગયેલા સાધુને અફસરે તોછડાઈથી ધક્કો મારી દીધો અને ગનનું નાળચું ઘુમાવીને જવાનોને ઉપરના મજલાની તલાશી લેવા હુકમ કર્યો.

ચાઈનિઝ અને તિબેટીમાં થતી વાતચીત હિરન સમજતી ન હતી, પણ તે એટલું તો પામી જ ગઈ કે હવે બસ, બે ઘડીનો જ ફરક છે... જિંદગી અને મોત વચ્ચેનો ચંદ મિનિટનો ફાંસલો અનુભવીને તેના રૂંવેરૂંવે લખલખું પસાર થઈ ગયું અને પેલા આદમીની પીઠ પર શરીરને વધુ ઊંચકીને તેણે બેય હાથ ઉપરાંત માથું સુદ્ધાં ભીંસીને ખડક પર જોર પછાડવા માંડ્યું.

ઘડીક તે સમતુલા ચૂકી. નીચે ઝૂકેલો આદમી કદાચ હલી રહ્યો હતો કે શું? સંતુલન જાળવવા તેણે ખડકની ખરબચડી ખાંચમાં આંગળા ખોસવા માંડ્યા એ સાથે તેનું હૈયું ધબકારો ચૂકી ગયું.

તે જેના બરડા પર ઊભી હતી એ આદમી તો ભયનો માર્યો સહેજે ય હલ્યો ન હતો, પણ હિરને જેને હાથ અને માથું ભીંસીને જોર અજમાવ્યું હતું એ, ખુલાવા માટેની પુનિત પળની રાહ જોતો થડનો દાયકાઓથી અકબંધ રહેલો હિસ્સો બહારની તરફ સરકી રહ્યો હતો.

કિમિયાબાજ થુપ્ટેને બુદ્ધની પ્રતિમાની બરાબર પાછળ, પ્રતિમાના ધડના પહોળા ભાગની આડશ મળે એ રીતે જમીનથી લગભગ આઠેક ફૂટની ઊંચાઈ પર અઢી ફૂટની લંબાઈમાં કોતરણી કરી હતી.

8.22 મિનિટે

બહારની તરફ થડનો એ હિસ્સો વધુ સહેજ હડસેલીને તેણે પથ્થરમાં આંગળા ભેરવ્યા, આંગળાના જોર પર આખું ય શરીર ઊંચકીને તિબેટીના બરડા પરથી પગ ઊંચા લીધા, શરીરને જરાક ઝોલ આપ્યો, ફેફસાંમાં ઊંડો શ્વાસ ભર્યો અને દીવાલ કૂદતી જંગલી બિલાડીના માફક પોલાણમાં સરકી ગઈ.

તેનું માથું બહુ બૂરી રીતે દિવાલ સાથે ટીચાયું હતું. ખાંચમાં સખ્તાઈથી ભોંકી રાખેલી આંગળીઓના નખ ફાડીને લોહી ધસી આવ્યું હતું, પણ તેને એ કશાની પરવા ન હતી. પોલાણમાં આડા પડીને તેણે નીચે હાથ લંબાવી પહેલાં દરેકના બેકપેક ઉપર લીધા. પછવાડે બોગદામાં બેકપેક ફગાવીને તેણે ફરી નીચે હાથ લંબાવ્યો અને દાંત ભીંસી, પારાવાર જોર એકઠું કરીને ઘાયલ આદમીને પહેલાં ઉપર ચડાવ્યો. માંડ અઢી ફૂટ પહોળા બોગદામાં મહમુશ્કેલીએ ખડક સાથે રીતસર ઘસાઈને એ આદમી થોડો આગળ વધ્યો એટલે તેણે ત્રીજા આદમીને ય એ જ રીતે ઉપર ઊઠાવી લીધો.

અંદરની તરફ સરકીને તેણે ખડકને સાવચેતીપૂર્વક ધકેલવા માંડ્યો. થડની કોરેલી ખાંચમાં ગોઠવાતા ખડકની ધાર પર જડેલી નીટિનોલની પટ્ટીઓ હવે સખત થતી જતી હતી. ભોંય સાથે પગ સજ્જડ દબાવીને થડના દરવાજાને ખાંચમાં ફીટ કરવા તેણે તીવ્ર ભીંસ આપી એ સાથે પથ્થર ઘસાવાનો ખરબચડો અવાજ થયો અને બારણું વસાઈ ગયું.

એ અવાજ સાંભળીને પ્રતિમાથી સહેજ દૂર ઊભેલો અફસર ચોંક્યો હતો, પણ એ જ ઘડીએ દાદર ઉપરથી ત્રણ-ચાર સાધુઓ, બે-ચાર અનુચરો ગભરાટભર્યા ચહેરે નીચે ઉતર્યા હતા.

- પણ જેને નીકળવાનું હતું એ આબાદ નીકળી ચૂક્યા હતા.

તેજથી ઝળહળતી બુદ્ધની વિરાટ પ્રતિમા તરફ અફસરે આંખ આડે હાથનું નેજવું કરીને જોયું અને અંજાયેલી આંખો તરત ફેરવી લીધી.

નિર્જીવ પ્રતિમાના હોઠ પર જાણે હળવું સ્મિત ફરકીને અદૃશ્ય થઈ ગયું હોય તેવો તેને ભાસ થતો હતો.

*** *** ***

ઝુઝારે જબ્બર ધમાસાણ મચાવ્યું હતું. તેની સાવ લગોલગ આવી ગયેલા બે ફૌજીઓ પૈકી એકને તેણે છાતીમાં હથોડા જેવા પંજાનો ઘણ જેવો પ્રહાર કરીને ચત્તોપાટ પાડી દીધો હતો અને બીજા આદમીની ગરદન બળુકા પંજામાં, સિગરામાં પાઈપ ભીંસતો હોય તેમ ભીંસીને મરડી નાંખી હતી. પીછો કરી રહેલા બે આદમીને તેણે મંચ પરથી નીચે ઉતરતા પહેલાં જ ગોળી ધરબી દીધી હતી.

હવે તેના માટે આરપારની લડાઈ હતી.

પોતે રસોડાના તંબુ તરફ લપકે તો આખો ય કાફલો તેનો પીછો કરતો પાછળ ધસે, અને તો પોતાની સાથે બીજા બધા ય ઝલાઈ જાય. અહીં મંચ પર કોઈ આડશ ન હતી. અત્યાર સુધી તેને જીવતો ઝબ્બે કરવા મથતા ચીની ફૌજીઓ હવે વધુ ધીરજ નહિ રાખે. એ ગમે તે ઘડીએ ફાયર કરશે અને તો પોતે આસાનીથી વીંધાઈ જશે. આમતેમ દોડાદોડી કરતાં જઈને તેણે મંચની સામેના ચોગાન તરફ જોયું. અચાનક ફૌજીઓના હડદોલા ખાઈને કાચી ઊંઘમાંથી ઊઠેલા સેંકડો અબુધ-દેહાતી તિબેટીઓ ગનના ધડાકા-ભડાકાથી રઘવાયા થઈને કલબલાટ કરતાં દોડધામ મચાવી રહ્યા હતા.

ખાસ્સે દૂર મુખ્ય રસ્તા તરફ ખુલતાં દરવાજામાંથી ફૌજીઓની કુમકને આવતી તેણે મંચની ઊંચાઈ પરથી જોઈ હતી. પાછળ આવતાં અને મંચ ઉપર રહેલાં ફૌજીઓને તેણે પછાડી દીધા હતા. ટેકરીઓ પરથી આવેલા ફૌજી તરફ તેણે ગનના બીજા ત્રણ ફાયર કરીને તેમને ત્યાં જ લપાઈ જવાની ફરજ પાડી અને લાગ જોઈને સીધા જ દેહાતી તિબેટીઓના કલબલતા જમેલા તરફ દોટ મૂકી દીધી.

*** *** ***

બઘવાયેલા તિબેટીએ ઉતાવળમાં ખચ્ચરની પૂંઠે આર ભોંકીને દેમાર ઝડપે રાંગ તરફ ગાડું ભગાવ્યું. એ તેની ભૂલ હતી. એ સહજ રીતે ગાડું હંકારી ગયો હોત તો રસોડાના તંબુથી ખાસ્સે દૂર રાંગની દીવાલની સમાંતરે તલાશી લઈ રહેલાં બે ફૌજીને ખાસ ખ્યાલ આવ્યો ન હોત. શોટોન મંચ પર મચેલી ધમાલથી તે બંને અજાણ હતા.

પરંતુ ગાડાંની બેબાકળી ઝડપ અને પથ્થરની નક્કર ભોંય પર પછડાતી ખચ્ચરની ખરીના અવાજથી એ બેઉનું ધ્યાન ખેંચાયું. રસોડા તરફથી આવતું ગાડું, તેમાં કચરાના ડ્રમ, કચરાકુંડી તરફની દિશા... ઘડીક તેમને ખાસ અજુગતું ન લાગ્યું, પણ ગાડાંની ઝડપ વધારે પડતી હતી.

એ બેઉએ એકમેકની સામે જોયું. રાંગ પાસે ગાડું થોભ્યું એ સાથે જાણે ભૂતાવળ પ્રગટતી હોય તેમ ડ્રમમાંથી ત્રણ આદમીઓ નીકળ્યા. બહાર નીકળીને તરત તેમણે ચોથું ડ્રમ ઊઠાવ્યું અને તેમાંથી કશીક પેટીઓ કાઢી.

ચોંકી ઊઠેલા બેય ફૌજીની રાડ ફાટી ગઈ અને બેય ગાડાં તરફ દોડ્યા. એ જ ઘડીએ બે ગોળી છૂટી અને માંડ દસેક કદમ દોડીને બેય જવાન ઝાડના ક્યારામાં પછડાઈ ગયા.

એ તાન્શી હતી.

ગાડું રવાના કર્યા પછી ઝુઝારની મદદમાં ગયેલી તાન્શીએ ઝુઝારને છેક મંચની નીચે કૂદતા જોયો. હવે તેની સહાયતામાં જવું અશક્ય જ હતું. ભારે કદમે તે રાંગ તરફ પાછી ફરી અને એ જ વખતે તેણે બે ફૌજીને દોડતા જોયા એ સાથે ગન ચલાવી નાંખી હતી.

*** *** ***

મેજરે બેય અફસરને ધડાધડ ચાર-પાંચ લાફા વળગાડી દીધા હતા.

ગનના ધડાકા કરતો આદમી સાત-સાત ફૌજીને ગોળી મારીને, જખ્મી કરીને આખી ફૌજની નજર સામે દેહાતી તિબેટીઓના ટોળા વચ્ચે ક્યાં ગાયબ થઈ ગયો હતો તેની ગડ સૂઝતી ન હતી. મંચની સામેના વિરાટ મેદાનમાં દોઢેક હજાર તિબેટી પરિવારો, તેમના માલસામાનના લબાચા અને આડેધડ તાણેલા તંબુઓ... મેજરે ચુસ્ત નાકાબંધીનો આદેશ કર્યો અને એકેએક આદમીની જડતી, ઓળખની ખરાઈ કરાવવા માંડી.

'રાંગ પાસેના ઝાડના ક્યારમાં બે ફૌજી મરેલા પડ્યા છે.' હાંફતા આવેલા આદમીએ શ્વાસભેર ખબર આપ્યા એ સાથે મેજરે રાંગ તરફ દોટ મૂકી.

ડાબી તરફ દૂર ક્યારામાં પડેલી ફૌજીઓની લાશ, જમણે કચરાકુંડી પાસે પડેલું ગાડું, ગાડામાં ત્રાંસા-ઊભા પડેલાં ડ્રમ અને આરામથી કચરામાં મોં નાંખી રહેલાં ખચ્ચર...

ચબરાક મેજર તરત જ તાયફો પામી ગયો. પગથાર પરથી સીધી જ તેણે રાંગ તરફ દોટ મૂકી. અઢાર ફૂટ ઊંચી રાંગ પર જડેલી કાંટાળા તારની વાડ તૂટેલી હતી. સ્નાઈપર રાયફલના કૂંદાના જોરાવર ફટકા મારીને તેણે દીવાલમાં ત્રણ-ચાર ઠેકાણે પગ મૂકવા જેવું પોલાણ કરી નાંખ્યું. તેમાં પગ ટેકવીને તે ઊંચો થયો.

બહાર નજર કરી એ સાથે તેની છાતીના પાટિયા ભીંસાવા લાગ્યા. બહાર ક્યાંય દૂર સાત-આઠ આદમી જાણે પાછળ જીનાત પડ્યો હોય તેમ પૂરઝડપે પહાડનો કારમો ઢોળાવ ઊતરી રહ્યા હતા.

જડબા તંગ કરીને મેજર તેમને જોતો રહ્યો. તેણે સ્નાઈપર ગન ઊઠાવી. કાંટાળા તારથી ઊતરડાઈ જતી ચામડીની પરવા કર્યા વગર ભીંત પાછળ એક હાથ લંબાવ્યો. રાઈફલનો કૂંદો ખભા પર ટેકવ્યો. ટેલિસ્કોપના વ્યૂફાઈન્ડરમાં આંખ કેળવતા જઈને ધીમે ધીમે નાળચું ઘુમાવવા માંડ્યું.

- અને દાંત કચકચાવીને ટ્રિગર પર આંગળી દાબી દીધી એ સાથે રાંગથી લગભગ પોણો કિલોમીટર દૂર નાસી રહેલા ટોળામાંથી એક આદમી ભખ્ખ કરતો ભોંય પર ઝીંકાયો.

*** *** ***

રાંગને અડોઅડ તીવ્ર ખૂણો રચીને સડસડાટ ઢાળ ઊતરતી સિલેટિયા રંગની કરાડ, લપસણા ઢોળાવ પર પથ્થરની છાતી ફાડીને ઊગી નીકળેલા હાથિયા થોરના અડાબીડ ઝૂંડ, દૂર ક્ષિતિજ પર વહેલી સવારના વાદળોનો ઘટાટોપ અંબાર અને આછકલા ઉજાસમાં પૂરપાટ વેગે ભાગી રહેલો કાફલો...

'સૂરજ ઊગે એ પહેલાં આપણે તળેટી વટીને સામેની પહાડીઓમાં પહોંચવાનું છે...' દદડતા ઝરણા જેવી ત્વરાથી ઢોળાવ પર છલાંગો મારતી તાન્શી કહી રહી હતી, 'મોટી લાંઘ ભરો... નજર સતત ભોંય પર માંડેલી રાખો... શરીરને કમરમાંથી ઝૂકાવો... પાછળ તરફ ખેંચેલું રાખીને દોડો...'

ત્રણેક તબક્કે દિશા બદલતા દોઢેક કિલોમીટરના એકધારા ઢોળાવ પછી સાંકડી તળેટી આવતી હતી. તળેટીથી ત્રણ ફાંટા પડતા હતા. જમણી તરફનો તળેટીનો છેડો આછેરા ઘાસના નયનરમ્ય મેદાનો વટીને લ્હાસાના ઉત્તર દરવાજા તરફ જતો હતો. વચ્ચેનો રસ્તો તિંગ-રી નદીના કાંઠાળા જંગલોમાં ભળી જતો હતો અને ડાબી તરફ નેદોંગની અફાટ, દુર્ગમ અને નિર્જન પર્વતમાળા શરૂ થતી હતી.

દિવસ ઊગશે અને જરાક અજવાળું થશે કે તરત હેલિકોપ્ટર તેમના શિકારે નીકળશે જ એવી તાન્શીને ખાતરી હતી. એ પહેલાં પહાડોની આડશમાં પહોંચી જવું જરૂરી હતું. ઢોળાવની બીજી ખાંચ પર કૂદવા તાન્શીએ ફાળ ભરી એ જ સમયે બંદૂકના ધડાકાથી તેના હૈયામાં ફાળ પડી ગઈ.

ક્યાંય આગળ ભાગી રહેલા પહાડના છોરું એવા મુક્તિવાહિનીના ગેરિલાઓ ધડાકાના અવાજથી શરીરને સજ્જડ બ્રેક મારીને સિફતપૂર્વક થંભી ગયા હતા. પીઠ પાછળ બાંધેલા વિનાઈલના ડ્રમના ભાર છતાં ચપળતાથી ભાગી રહેલો ત્વરિત ધડાકાના અવાજથી ચોંક્યો હતો, પણ કારમા ઢોળાવ અને શરીરની ગતિનું સંતુલન સાધીને પગને રોકાવામાં તે અડબડિયાં ખાઈ રહ્યો હતો.

તેણે પાછળ જોયું. વહેલી સવારના ઠાર અને શ્રમને લીધે આંખોમાંથી ઝમી રહેલા પાણી વચ્ચે તેનાંથી સહેજ ત્રાંસમાં દોડતા છપ્પનનો ધૂંધળો, બઘવાયેલો ચહેરો તેને ભળાયો. સરકતી જતી ભોંય પર પગ જડવાના ઉગ્ર પ્રયાસમાં તેના ઢીંચણમાંથી કડેડાટી બોલી રહી હતી તો ય તેણે કમરમાંથી આખુંય શરીર મરડીને પાછળ જોયું એ સાથે તેની ચીસ ફાટી ગઈ.

પ્રોફેસર ઊંધેકાંધ ભોંય પર પટકાયા હતા.

'ફોલ ડાઉઉઉઉન...' તાન્શીએ ત્રાડ નાંખી દીધી. આટલા અંતરેથી ય આબાદ નિશાન તકાયું હોય ત્યારે એ સ્નાઈપર રાઈફલ લઈને ઊભેલા નિશાનબાજનું જ પરાક્રમ હોય એ પારખી ગયેલી તાન્શી ફફડી રહી હતી, પણ આ હાલતમાં હવે તેણે જ આગેવાની લેવાની હતી.

બઘવાઈને ઊભા રહી ગયેલા છપ્પનને તેણે ધબ્બો મારીને નીચે પાડી દીધો. એ જ ઘડીએ બીજી ગોળી છૂટી હતી. જમીન પર પછડાયેલી તાન્શીએ પ્રોફેસર તરફ ક્રાઉલિંગ કરવા માંડ્યું ત્યાં સુધીમાં તો ગોળીઓનું ધમાસાણ મચી ગયું.

ભૂરાંટા થયેલા મેજરે ધડાધડ આઠ ગોળીઓ છોડી દીધી અને ટેલિસ્કોપમાં નજર માંડેલી રાખીને જ જવાનોની એક ટીમને રાંગ ઓળંગવા આદેશ કરી દીધો.

આવું થશે જ તેનો અંદાજ માંડીને તાન્શીએ લેટેલી હાલતમાં જ પોતાનો બેકપેક બીજા સાથીદાર ભણી ફગાવ્યો અને પ્રોફેસરની હાલતની પરવા કર્યા વિના જ તેમને ઢસડવા માંડ્યા. હજુ બીજા સો-દોઢસો મીટર સુધી તેઓ સ્નાઈપરની રેન્જમાં હતા.

માથા પર સનકારા કરતી ગોળીઓ પસાર થઈ રહી હતી અને નાજુક બદનની પણ ગજવેલ જેવો સાબૂત મિજાજ ધરાવતી એ રૂપકડી છોકરી શરીરને ભોંયથી ઊંચક્યા વિના પ્રોફેસરને ઘસડતી આગળ વધવા લાગી. તેનું જોઈને બીજા બધાએ પણ ઝડપથી ક્રાઉલિંગ કરવા માંડ્યું.

*** *** ***

'લોહી બંધ નથી થતું...' પાછળ આવતાં કાફલાને ધ્યાનથી નીરખી રહેલી તાન્શી પાસે સરકીને છપ્પને કહ્યું.

રાઈફલના ધડાકા વચ્ચે તળેટીમાં પહોંચીને ત્વરિતે પ્રોફેસરને બે હાથે ઊંચકી લીધા હતા. ખભા પર વજનદાર ડ્રમ અને બે હાથમાં પ્રોફેસરનું વજન ઊંચકીને મજબૂત બાંધાના ત્વરિતે પહાડી તરફ દોટ મૂકી દીધી હતી. ખડકની આડશમાં લપાવા માટે તેઓ સરક્યા ત્યારે ત્યાં પહેલેથી જ દેહાતી કબીલાના આઠ-દસ આદમી હાજર હતા.

કેસીએ હેંગસુન મારફત ગોઠવેલી વ્યવસ્થાનું એ પરિણામ હતું. વર્ષોથી આરપારના જંગની તૈયારી કરી રહેલા કેસીએ બહુ ધીરજપૂર્વક અને લાંબી ગણતરીઓ સાથે આખાય તિબેટમાં

વણઝારાઓના કબીલાઓ, વગડામાં વિચરતા ભરવાડો, મરેલા ખચ્ચરનું ચામડું ચીરતા ગેન્માઓ જેવા વર્ગમાં પોતાની વગ વધારવા માંડી હતી અને ધીમે ધીમે પોતાના માણસો ઘૂસાડવા માંડ્યા હતા.

છપ્પનના સાદથી ચોંકેલી તાન્શી કૂદકો મારતી આડશમાં સરકી. ત્વરિતના ખોળામાં માથું ટેકવી રહેલા પ્રોફેસરની આંખો બોઝિલ બની રહી હતી અને તેમના ખૂનથી ત્વરિતના કપડાં ખરડાઈ ચૂક્યાં હતાં.

'પીઠમાં છેક નીચે ગોળી વાગી છે અને ખાસ્સું બ્લિડિંગ થઈ રહ્યું છે...' ત્વરિતના ચહેરા પર તંગદીલીના નહોર તણાઈ રહ્યા હતા, 'વી શૂડ મૂવ ફાસ્ટ...'

તાન્શી દૃઢતાથી હોઠ બીડીને ઘડીક વિચારતી રહી. એ પછી તેણે વણઝારાના આદમીઓ તરફ જોયું.

દસ મિનિટ પછી...

વણઝારાના પાંચ આદમીઓ તિંગ-રી નદીના જંગલો તરફ ભાગી રહ્યા હતા. થોડેક દૂર જઈને તેમણે પાછળ આવતાં ચીની ફૌજીઓ સામે ધડાકા કરી દેવાના હતા. પોતાની તરફ ફૌજીઓને દોડાવીને ક્યાંય સુધી, શક્ય હોય તો આખો દિવસ તેમને પકડદાવ રમાડવાનો હતો. પકડાઈ ગયા પછી પોતે અફીણના દાણચોર હતા અને ગભરાઈને ભાગ્યા હતા એવી કબૂલાત કરે ત્યાં સુધીમાં તાન્શીની ટીમને પહાડોમાં ક્યાંય આગળ નીકળી જવાનો સમય આપવાનો હતો.

તેમણે એ ભૂમિકા બખૂબી નિભાવી જાણી.

*** *** ***

પ્રોફેસરને સખત તાવ ચડ્યો હતો.

તેમને ગોળી એક જ વાગી હતી, પણ ઘાવ જીવલેણ હતો. એમ-14 રાઈફલમાંથી છૂટેલો સાડા પાંચ સેન્ટીમીટર લાંબો કારતૂસ પડખામાં ઘૂસીને છેક અંદર કીડની સુધી ફંટાયો હતો. પીઠમાં કરોડરજ્જુ પાસે માંસના લોચા બહાર આવી ગયા હતા અને ત્યાંથી વહેતું લોહી અટકતું ન હતું.

'સર...' પીઠ પાછળ ડોળી જેવો માંચડો બનાવીને ત્વરિત તેમને ઊંચકીને ભાગતો હતો અને આખા ય રસ્તે સતત તેમને હોશમાં રાખવા પ્રયાસ કરતો હતો, 'સર... આર યુ ઓલરાઈટ?'

જવાબમાં પ્રોફેસર તરડાતા અવાજે કયારેક હોંકારો ભણતા હતા. ક્યારેક તેમના ફાટી રહેલા શ્વાસ ત્વરિતની ગરદન સાથે અથડાતા હતા. ક્યારેક તેમના હોઠ અસંબદ્ધપણે કશુંક ફફડતા રહેતા હતા. ક્યારેક અધખુલ્લી આંખો સ્થિર થઈને શૂન્યની આરપાર કશુંક તાકી રહેતી હતી.

'મારી ચિંતા ન કર..' તેમના અવાજનો રણકો સાબૂત હતો, 'ગમે તેમ કરીને આ બધું ભારત પહોંચાડો...'

તરફડાટ વચ્ચે ય તેમની પ્રબળ સતર્કતા ત્વરિત સ્તબ્ધપણે અનુભવી રહ્યો.

બપોરે આકાશમાં ત્રણ હેલિકોપ્ટર દેખાયાં ત્યારે નાછૂટકે તેમણે તોતિંગ ખડકની આડશમાં લપાઈ જવું પડ્યું હતું. સદ્નસીબે હેલિકોપ્ટર પહાડી પર અછડતો ચકરાવો મારીને તિંગ-રીના જંગલો તરફ વળી ગયાં. એ પછી ફરી દડમજલનો આરંભ થયો હતો. નેદોંગની પહાડી હજુ ખાસ્સી દૂર હતી. એક કારમી ચટ્ટાન વટાવ્યા પછી બીજે દિવસે ત્રણેક કલાકના ઉતરાણ પછી નેદોંગ પહોંચાય તેમ હતું.

નમતી બપોરે તાન્શીએ વિરામ લેવડાવ્યો. ચણા, મકાઈ અને જુવારના લોટમાં ગોળ નાંખેલી

બાટી ઉપર લાલ મરચું છાંટીને સૌને પીરસાયું. હેંગસુનનો ભેટો ન થાય ત્યાં સુધી આ બાટી જ એકમાત્ર આધાર હતો.

સૌ બાટી ખાઈ રહ્યા હતા ત્યારે તાન્શી અને મુક્તિવાહિનીનો બીજો એક આદમી ચટ્ટાનની ટોચ પર જઈને કશાક વેલા ખેંચી લાવ્યા હતા. પથ્થર પર વેલા સહેજ કચડીને તેમણે હાથિયા થોરનું દૂધ તેમાં મેળવ્યું હતું અને પછી છૂંદાયેલા વેલાને એક કપડામાં બાંધી પ્રોફેસરના ઘાવ પર મુશ્કેટાટ પાટો બાંધવામાં આવ્યો હતો.

પારાવાર દર્દથી અસંબદ્ધપણે કણસી રહેલા પ્રોફેસરે જરાક આંખો ખોલી હતી. તેમનો પાતળો ચહેરો વધુ ફિક્કો લાગતો હતો અને આંખોમાં પીળો, સ્તબ્ધ ખાલીપો અટવાતો હતો. તેમણે આકાશ ભણી જોયું. ત્વરિતની બાજુમાં પડેલી, ભૂરા વિનાઈલના ડ્રમમાં બાંધેલી હસ્તપ્રતોની પેટીઓ તરફ જોયું. તેમના મુરઝાયેલા ચહેરા પર સ્મિત તરી આવ્યું.

'યસ સર…' તેમનો ઉત્સાહ વધારવા ત્વરિત સતત મથામણ કરતો હતો, 'ફાઈનલી યુ હેવ એચિવ્ડ યોર ગોલ… તમે હવે તમારી ક્ષમતા સાબિત કરી શકશો.'

જવાબમાં પ્રોફેસરે ભારપૂર્વક ગરદન ધૂણાવી દીધી. ફરીથી હસ્તપ્રતો તરફ જોયું અને પછી આકાશ તરફ ગરદન ઊંચકીને આંખ મીંચી દીધી. આટલી પીડા વચ્ચે ય તેમના ચહેરા પર પરમ સંતૃપ્તિનું ઓજસ ઝળકતું હતું.

હવે આગળની મુસાફરી બહુ જ મુશ્કેલ હતી. ઊભી કરાડ પર ચડવાનું હતું. દરેકના જૂતામાં ક્રેમ્પોન્સ જડવામાં આવ્યા. તિબેટીઓએ ચટ્ટાન પર જઈને દોરડા બાંધ્યા અને દરેકને એસેન્ડર વડે એ દોરડા સાથે જોડી દીધા. સૌથી મોખરે ત્વરિત, તેની પાછળ છપ્પન, વચ્ચે બે તિબેટિયન અને છેલ્લે પ્રોફેસરને ખભા પર ઊંચકીને આગળ વધી રહેલી તાન્શી…

લગભગ દોઢસો મીટર ઊંચી એ ચટ્ટાન પાર કરી ત્યારે પહાડની ટોચ પાછળ સૂરજ લપાઈ રહ્યો હતો. અહીં હવે ચારેક કલાક વિરામ લેવાનો હતો. ત્વરિત રાતભર ગમછો પલાળીને પ્રોફેસરના કપાળ પર મૂકતો રહ્યો. રાતભર પ્રોફેસર સનેપાતમાં કશુંક બબડતા રહ્યા અને રાતભર તાન્શી પડખાં ઘસતી રહી.

તિંગ-રીના જંગલો તરફ વણઝારાઓ પકડાયા પછી ચીની ફૌજને પોતે બેવકૂફ બન્યાનો અંદાજ હવે આવી જ ગયો હશે. અહીં સુધી તો હેમખેમ પહોંચ્યા પણ હવે આગળ શું થશે?

*** *** ***

મોડી રાતે જ આકાશમાં હેલિકોપ્ટરની કારમી ઘરઘરાટી સંભળાવા લાગી હતી. નીચી સપાટીએ ઊડતા હેલિકોપ્ટરમાંથી પહાડો પર ચારેકોર આતશ ફેંકાતો હતો. હેલિકોપ્ટરમાંથી ફેંકાયા પછી અધવચ્ચે આકાશમાં જ ફૂટે અને ખાસ્સી બે-ત્રણ મિનિટ સુધી સફેદ દૂધ જેવો ઉજાસ રેલાવે એવા વીજ-ફટાકડાની તડાફડી બોલવા લાગી હતી.

'જરાક પણ ચસક્યા વિના જેમના તેમ પડ્યા રહો…' હેલિકોપ્ટરના અવાજ સાથે જ સતર્ક થઈ ગયેલી તાન્શીએ આદેશ કર્યો. નાઈટ પેટ્રોલિંગનો આ તરીકો ભાગેડુઓને ગભરાવીને લોકેટ કરવાનો મનોવૈજ્ઞાનિક કિમિયો હતો. આટલી ઊંચાઈએથી કાળાડિબાંગમાં અંધકારમાં કશું ભળાવાનું ન હોય. વીજ-ફટાકડાના ઉજાસ તળે ય બે-ત્રણ મિનિટમાં કશો અંદાજ આવી શકે નહિ, પરંતુ ગભરાયેલા ભાગેડુઓ હેલિકોપ્ટરની બ્લેડની કારમી ફફડાટી અને ઉજાસ રેલાવતા ફટાકડાથી ગભરાઈને ભાગંભાગ કરી મૂકે તો ક્ષણભરના ઝાંખાપાંખા ઉજાસમાં ય એ મૂવમેન્ટ પકડાઈ જાય.

'ગભરાયા વગર શરીર સંકોરીને પડ્યા રહો. કોઈએ આડશ છોડવાની નથી.' તાન્શી હેલિકોપ્ટરની મૂવમેન્ટ ધ્યાનથી નીરખી રહી હતી. પાંચેક મિનિટનો ચકરાવો મારીને હેલિકોપ્ટરે દિશા બદલી નાંખી.

વહેલી સવારે તેમણે ઉતરાણ શરૂ કર્યું. સૌના માથા પર શણના મોટા, પહોળા બુંગણ બાંધેલા હતા. ઉતરાણ કરતી વખતે તેમણે ઝિગઝેગ ફોર્મેશનમાં એકમેકથી ત્રીશ-ચાલીશ ફૂટ ડાબે-જમણે અંતર રાખીને આગળ વધવાનું હતું અને ક્યાંય જરાક સરખો ભય જણાય તો જ્યાં હોય ત્યાં જ જમીન પર અધૂકડા લેટી જવાનું હતું.

*** *** ***

સતત પહાડોના વળાંક પર મંડરાતી લપસણી ક્ષિતિજ પર તાકી રહેલી હિરન વારંવાર આંખો બંધ કરતી હતી. તેનાં જડબા ભીંસાતા હતા. બોગદાંની બહાર નીકળ્યા પછી તરત તેને હેંગસુન અને ઉજમનો ભેટો થઈ ગયો હતો, પરંતુ સલામત બહાર નીકળી શક્યાની હાશને બદલે તેનાં ચહેરા પર પારાવાર ઉચાટ હતો.

તે વારંવાર ધ્યાન કેન્દ્રિત કરતી હતી. તેની ભ્રૂકુટી તંગ થઈ જતી હતી. કપાળ પર પસીનો બાઝી જતો હતો, પણ સામેથી કોઈ રિસ્પોન્સ મળતો ન હતો એટલે હવે તેની ધીરજ ખૂટી હતી.

'આપણે અહીં જ તેમની રાહ જોવાને બદલે સામે જવું જોઈએ...' તેણે હેંગસુનની સામે જોઈને ઉમેર્યું, 'શક્ય છે કે એ કોઈ તકલીફમાં પણ હોય..'

'એવું કોઈ જોખમ હું તમને લેવા નહિ દઉં.' હેંગસુને કરડી મક્કમતાથી નનૈયો ભણી દીધો, 'આ પહાડ છે. અહીં કોઈ ધોરી માર્ગ ન હોય. કોઈપણ રસ્તેથી જોખમ...'

'હેલ વિથ એવરીથિંગ...' હિરન તાડુકીને ઊભી થઈ ગઈ, 'મારો બાપ મુશ્કેલીમાં હોય ત્યારે કોઈ હુકમને હું તાબે ન થાઉં...'

'... અને મારા બાપે હુકમ કર્યો હોય ત્યારે હું કોઈને એ ઉથાપવા ન દઉં...' હિરન કરતાં ય બમણી ઝડપે પાછા હટીને હેંગસુને તરત ગન ખેંચી લીધી, 'કેસીનો ઓર્ડર છે કે અહીં રાહ જોવાની.. એટલે બસ, જોવાની.. તિબેટની ભૂમિ પર કેસી જ સરદાર હોય છે... યા તો કેસી યા તો તેનો હુકમ...' તેની આંખોના ભાવ અને ચહેરા પરની દૃઢતા હિરન જોઈ રહી.

મરી ફીટવા માટે તત્પર મુક્તિવાહિનીના આ અજાયબ નેટવર્કનો પરચો આટલા દિવસથી તે જોઈ રહી હતી. અત્યંત પાંખા સાધનો છતાં એકમેક પ્રત્યેના અતૂટ વિશ્વાસ અને કસુંબલ વતનપરસ્તીથી એ બેહદ પ્રભાવિત હતી અને એમાં કેસીનું સ્મરણ...

કશું બોલ્યા વગર, પોતાની પ્રકૃતિથી વિપરિત એ ચૂપચાપ બેસી ગઈ.

*** *** ***

રાત્રે ક્યાંય સુધી હિરને મનની તમામ શક્તિ એકાગ્ર કરીને પ્રોફેસરને ઢંઢોળવા પ્રયાસ કર્યા હતા, પણ તેને કોઈ પ્રતિસાદ મળતો ન હતો. રાતભર હેલિકોપ્ટરની આવ-જા અને વીજફટાકડાની આતશબાજી પછી તે બેહદ બેબાકળી પણ બની હતી.

પહાડોમાં યાક ઘૂમાવતા નીકળી પડેલા હેંગસુનના તિબેટી કસ્બાતીઓએ સવારે દૂર ચટ્ટાન પર કશીક મૂવમેન્ટ વર્તાતી હોવાનો પહેલો સંકેત આપ્યો એ સાથે હિરનને પાછળ રાખીને હેંગસુન આડશમાંથી બહાર નીકળ્યો હતો. એક કલાક પછી ચટ્ટાન પરથી ઉતરી રહેલા આદમીઓ સ્પષ્ટ ભળાયા.

ખભા પર વજનદાર બેકપેક, હાથમાં ખડક પર ખોસવાની કુહાડી, લગભગ 70 અંશના વેગીલા ઢોળાવ પર ખાસ્સા આગળ જઈને નાયલોન રોપ બાંધતા બે આદમી અને તેમની પાછળ હારબંધ આવી રહેલો કાફલો... એ જ... એ જ છે...

હેંગસુને હકાર ભણ્યો એ સાથે બેબાકળી હિરને દોટ મૂકી હતી.

એક કલાક પછી...

'વી શૂડ મૂવ...' હિરનના ખભા પર હાથ મૂકીને તાન્શીએ સ્મિતભેર કહ્યું.

'યસ બેટા...' ઊંડે ઉતરી રહેલી આંખો પરાણે ખોલીને પ્રોફેસરે કહ્યું. તેમનો અવાજ ક્ષીણ હતો, પણ મક્કમતા હજુ ય યથાવત હતી, 'મારી ફિકર કર્યા વિના વહેલામાં વહેલી તકે ભારત પહોંચો...'

'હમ્મ્મ...' પ્રોફેસરના ધખધખતા કપાળ પર મૂકેલો હાથ હટાવીને હિરને આંખો લૂછી નાંખી. પ્રોફેસરનો ઘાવ તેણે તપાસ્યો હતો. પીઠના સ્નાયુ ફાડીને ગોળી છેક નીચે, અંદરની તરફ ઘૂસેલી હતી. રક્તસ્ત્રાવ બંધ થતો ન હતો. લોહી પણ હવે ફિક્કુ થવા માંડ્યું હતું. કદાચ કિડની તરફ લોહી લઈ જતી શિરાઓનું જાળું ફાટી પડ્યું હતું. પહેલાં રાઘવ, પછી કેસી અને હવે...

હૈયુ વલોવી નાંખતું કારમું કલ્પાંત આંખોમાં ધસી આવતું રોકીને એ ઊભી થઈ. શરીરને તેણે ખેંચીને તંગ કર્યું. ત્વરિતે તેમને ડોળીમાં ગોઠવ્યા અને ફરી આગેકૂચ ચાલુ થઈ.

સાંજે પ્રોફેસરનો તાવ થોડો ઘટ્યો હતો અને હવે તેઓ સતત કશુંક બોલ્યા કરતા હતા.

'મારા શરીરને અહીં જ છોડી દેજો. કોઈ જ વિધિ નહિ... કોઈ જ વિધાન નહિ..'

'યસ પાપા...' હિરન તેમને રોકવા મથતી હતી, 'આરામ કરો પ્લિઝ, આપણે ભારત પહોંચવાનું છે. તમારે બહુ ઝડપથી સાજા થઈ જવાનું છે. એઝ યુ સેઈડ ઓલવેઝ, તમે સંસારના સૌથી બુદ્ધિમાન વ્યક્તિ છો... સુમેધા અમૃતો...'

'નોઓઓઓ...' પ્રોફેસરે તેનો હાથ પકડીને અધવચ્ચે જ અટકાવી, 'સૌથી વધુ, સૌથી મોટો, સૌથી ઊંચો, સૌથી આગળ...' ક્ષિતિજ ભણી શૂન્યમાં આંખ પરોવીને જાણે એ સ્વગત બોલી રહ્યા હતા, 'ઈટ્સ ઓલ એન ઈલ્યુઝન. એ બધો જ ભ્રમ છે.'

તેમના ગળામાં કશુંક અટવાતું હોય તેમ હૈડિયો સખત ઊંચકાતો હતો, પણ તેઓ દર્દ વચ્ચે ય બોલ્યે જતા હતા, 'એ મારી અધીરાઈ તો હતી જ, એ મારી અધુરપ પણ હતી...'

તેમણે ફરીથી આકાશ ભણી જોયું અને સહેજ હાથ ઊંચક્યો, 'સૌથી વધુ, સૌથી આગળ... એ બધું તો સાપેક્ષ છે. તેમાં સરખામણીનો ભાવ છે. જ્ઞાન હોવું એ જ પૂરતું નથી, પચાવવું એ ય એટલું જ મહત્ત્વનું છે. જ્ઞાન એ છે જે અંદરથી ઝગમગાટ આપે છે અને અંદરથી જે ઉજળી ચૂક્યો છે તે કદી સૌથી મોટો, સૌથી વિરાટ એવી સાપેક્ષ સરખામણીમાં પડતો નથી. જ્ઞાન તો નિરપેક્ષ છે. ઈટ ગિવ્સ એબ્સોલ્યુટ રિઆલિટી. જ્યાં કોઈ સરખામણી નથી, જ્યાં કોઈ સ્પર્ધા નથી, જ્યાં કશું જ સાબિત કરવાનું નથી એ જ્ઞાન છે.'

ત્વરિત તીવ્ર એકાગ્રતાથી તેમને સાંભળી રહ્યો હતો એ અનુભવીને તેમણે સહેજ સ્મિત વેર્યું, 'બ્રહ્મવિદ્ બ્રહ્મૈવ ભવતિ...' તેમનો અવાજ અસલ બુલંદીને આંબી રહ્યો હતો. ત્વરિતની સામે જોઈને તેમણે સવાલ કર્યો, 'બ્રહ્મ શું છે? ઈશ્વર છે?' ત્વરિત કશું સમજે, જવાબ વાળે એ પહેલાં તેમણે જ જવાબ આપ્યો, 'ના, જે અફર છે, જે પરમ સત્ય છે એ જ્ઞાન છે અને એ જ પરબ્રહ્મ છે. મુંડકોપનિષદ કહે છે, જે પરમ સત્યને પામી જાય છે એ પોતે જ સત્ય બની જાય છે.' તેમણે થૂંક ગળા નીચે ઉતાર્યું. તેમના ચહેરા પર દર્દની રેખાઓ તણાઈ આવી તો ય બે

હાથ આકાશ ભણી ઊંચા કરીને બુલંદ અવાજે બોલ્યા, 'બ્રહ્મવિદ્ બ્રહ્મૈવ ભવતિ... હું મારા પરબ્રહ્મને પામી રહ્યો છું... હું મારા ચરમ સત્યની સાવ નજીક છું... એ પછી હું જ બ્રહ્મ હોઈશ... હું જ અંતિમ સત્ય હોઈશ...'

હિરન સ્તબ્ધપણે પ્રોફેસરની આ સ્વગતોક્તિ સાંભળી રહી હતી. ત્વરિત તાજુબીભેર તેમનો મર્મ પામી રહ્યો હતો અને જાણે આંતરચક્ષુ ખૂલી ગયા હોય તેમ પ્રોફેસર બંધ આંખે જાત સાથે સંવાદ સાધતા બોલી રહ્યા હતા. ક્યારેક તેમનો અવાજ ઊંચકાતો હતો, ક્યારેક તરડાતો હતો, ક્યારેક ફક્ત હોઠ ફફડતા હતા...

'જન્મથી લઈને મૃત્યુ સુધીના પ્રવાસને આપણે જિંદગી કહીએ છીએ. ખરેખર તો એ જ્ઞાનની પ્રાપ્તિ તરફની, પરબ્રહ્મની અનુભૂતિ તરફની ગતિ છે. જિંદગીભર આપણે મારેલાં બધા જ હવાતિયાં, બધી જ વિટંબણાઓ એ જ્ઞાન પ્રાપ્ત ન થયાની નિશાની છે.'

'તો જ્ઞાન પ્રાપ્ત થયાની નિશાની શું?' અબુધની માફક પ્રોફેસરને સાંભળી રહેલાં છપ્પનથી પૂછ્યા વિના ન રહેવાયું.

'છપ્પન બાદશાહ...' દર્દના અસ્ફૂટ ઊંહકારા વચ્ચે પીઠ પાછળ હાથ લંબાવીને પ્રોફેસરે કહ્યું, 'જે પરમને ઓળખી જાય છે એ ક્યાંય હવાતિયાં મારતો નથી.' તેમનાં સ્મિતમાં છપ્પનને છેલ્લા અઢી-ત્રણ વર્ષના તોફાનનું શમન વર્તાતું હતું, 'જેમ કે લામા નામલિંગ... એમના ચહેરા પરની પ્રબુદ્ધ સ્થિરતા ગજબ હતી.. હું જેના માટે જિંદગીભર અંદરથી ભડભડ થતો રહ્યો એ સઘળું પામીને એ તદ્ન વેરાન, અટૂલી જગાએ તદ્દન નિર્લેપભાવે બેઠા હતા. મારામાં શું ખૂટે છે એ હું તેમને મળીને જાણી...'

સતત શ્રમથી તેમના ગળામાં અવાજ તરડાવા લાગ્યો હતો. હિરને મશક કાઢીને તેમને બે ઘૂંટડા પાણી પીવડાવ્યું, 'પ્લિઝ પાપા, તમે આરામ કરો...'

પ્રોફેસર ક્ષીણ અવાજે સતત હોઠ ફફડાવતા રહ્યા. તેમની આંખો ઊંડી ઉતરી રહી હતી.

એ રાત પણ એવી જ વીતી. ભેંકાર પહાડોનો અબોલ સન્નાટો, ઠંડાગાર પવનના સૂસવાટા ઓઢીને બિહામણી ચટ્ટાનો પરથી ફાળ ભરતો કાળમુખો અંધકાર અને પરમસત્યના આંતરિક ઉજાસમાં પ્રજ્વલિત થઈ ચૂકેલા પ્રોફેસરનો રાતભર વ્યક્ત થતો રહેલો તીવ્ર તલસાટ...

મશકના પાણીમાં પલાળીને હિરન તેમના ચહેરા પર ગમછો પાથરતી રહી. ત્વરિત સતત તેમની પીઠના ઘાવને સાફ કરતો રહ્યો. છપ્પન બેહદ આઘાતથી તેના 'દુબળી'ની આખરી ક્ષણો જોઈ રહ્યો હતો. તાન્શીએ લાવેલા વેલા ય હવે ખૂટી ગયા હતા. રક્તસ્રાવ વધવા લાગ્યો હતો.

વહેલી સવારે ક્ષિતિજમાં જરાક સરખી ઉજાસની લકિર ખેંચાઈ રહી હતી ત્યારે મંદ પડતા જતા ધબકારા વચ્ચે તેમણે હસ્તપ્રતોના ડ્રમ તરફ હાથ લંબાવ્યો હતો. મટકું ય માર્યા વગર આખી રાત પ્રોફેસર તરફ જોતા રહેલા ત્વરિતે તરત ડ્રમ ખોલીને પેટીમાંથી હસ્તપ્રતો કાઢીને તેમના હાથમાં થમાવી હતી. એ સાથે તેમના ચહેરા પર અવર્ણનીય સંતૃપ્તિ અંકાવા લાગી. તેમણે એક હેડકી ખાધી અને ધ્રૂજતા હાથે હસ્તપ્રત કપાળે અડાડીને ત્વરિત ભણી લંબાવી દીધી.

'હું જ મારો ઉજાસ છું...' તેમણે તદ્દન ક્ષીણ, અસ્પષ્ટ અવાજે હોઠ ફફડાવ્યા, 'હવે પરમપ્રાપ્તિ સુધી લઈ જતું આ જ્ઞાન તમારું છે. હજારો વર્ષથી પ્રજ્વલિત રહેલી આ યજ્ઞવેદી જલતી રાખજો.' તેમનું શરીર ભયાનક રીતે અમળાયું અને ગળામાંથી સઘળું ચેતન છેલ્લો સ્વર બનીને બહાર નીકળી ગયું, 'મારા જિંદગીભરના તમામ હવાતિયાંની, તમામ અધૂરપની હું આહુતિ આપું છું. તમને પણ ઉજાસની આ ક્ષણ પ્રાપ્ત થ...'

- અને તેમણે વધુ એક આંચકા સાથે ગરદન ઢાળી દીધી. તાન્શી અવાક્પણે એક વિરલ પ્રસંગ જોઈ રહી હતી. હિરન સ્તબ્ધ થઈને પ્રોફેસરને તાકી રહી હતી. ગળા સુધી આવી ગયેલું ડુસકું પરાણે અટકાવીને છપ્પન તેમના પગ પર ઝળુંબી ગયો હતો. મોં-ફાટ રડતા ઉજમને હિરન ભેટી પડી હતી અને ત્વરિત અવશપણે બે હાથ જોડીને વંદનની મુદ્રામાં ઊભો રહી ગયો હતો.

ક્ષિતિજ પરની વીજરેખામાં એ વખતે જાણે પ્રચંડ મેધાવી આત્મા પોતાનું શરીર છોડીને ઓતપ્રોત થવા જઈ રહ્યો હતો.

*** *** ***

બેહદ ભારે કદમે આગળનો પ્રવાસ શરૂ થયો હતો. એ આખો દિવસ અડાબીડ પહાડીઓમાં તોફાની હવા ફૂંકાતી રહી એથી તેમની ગતિ થોડીક ધીમી પડી પણ ફાયદો એ થયો કે પવનના તોફાનને લીધે હેલિકોપ્ટરનો ડર ન હતો.

સૂરજ આથમ્યો ત્યારે અવરોહણ શરૂ થતું હતું એટલે મોડી રાત સુધી તેમણે મુસાફરી ચાલુ રાખી અને પછી પહાડની આગોશમાં વિરામ લીધો. ચોથા દિવસે એક વિરાટ પર્વત ઓળંગવાનો હતો. નેદોંગની પર્વતમાળાનો એ છેલ્લો વિકરાળ પહાડ હતો. એ સલામત રીતે વળોટી જવાય તો આગળના મેદાની વિસ્તારમાં મરેલા ખચ્ચર, યાકના ચામડા ચીરતા ગેન્માઓના કબીલા તૈયાર જ હતા. સૌએ તેમાં ભળી જવાનું હતું.

- પણ બપોર નમે એ પહેલાં જ આકાશમાં ત્રણ દિશાએથી હેલિકોપ્ટર ચડી આવ્યાં હતાં. ત્રાંસી કરાડ પર અત્યંત મુશ્કેલ ચઢાણ કાપી રહેલાં એ સૌ હેલિકોપ્ટરની ઘરઘરાટી સાંભળીને તરત જ, સેફ્ટી રોપ સાથે બંધાયેલા હોવા છતાં ત્યાં જ અધૂકડા બેસી પડ્યા હતા.

પહેલું હેલિકોપ્ટર તો દૂરથી જતું રહ્યું. સૂરજની દિશાએ હોવાથી તેને ચટ્ટાનમાં કશું ભળાય તેમ ન હતું. પરંતુ બીજું હેલિકોપ્ટર ચટ્ટાનથી સહેજ આઘે જઈને ચકરાવો મારતું પાછું ફર્યું હતું અને તળેટીમાં તિરછી ડૂબકી ખાધી હતી.

'માય ગોડ...' હિરનની ચીસ ફાટી ગઈ હતી, 'વી હેવ બીન ડિસ્ક્લોઝ્ડ...'

સૌથી છેલ્લે આવી રહેલી તાન્શીએ પણ હેલિકોપ્ટરનો ઈરાદો પારખી લીધો હતો. તેણે એસેન્ડરના હુકમાંથી સેફ્ટી રોપ ફગાવ્યો અને ભેખડ પર છલાંગ મારતા જાનવરની માફક આરોહણ કરતી જઈને હિરનની લગોલગ થઈ ગઈ.

'હેંગસુનના સામાનમાં કેપ્ટિવ બોલ્ટ ગન છે...' હિરને ત્રાડ નાંખીને તાન્શીને કહ્યું, 'સેકન્ડ રાઉન્ડ વૂડ બી એન એસોલ્ટ.. આપણે શક્ય તેટલી ઝડપે આરોહણ કરવું પડશે...'

સૌથી મોખરે રહેલો હેંગસુન અને પહાડમાં પલોટાયેલા તેના આદમીઓ ચટ્ટાન પર પહોંચી ચૂક્યા હતા.

તાન્શી ફરીથી ખડક તરફ લપકી. ખાંચમાં હાથ-પગ ભરાવતી, આખા ય શરીરને આબાદ ફંગોળતી ગરોળીની માફક એ કરાડની અત્યંત ત્રાંસી, ધારદાર ચટ્ટાન પર પહોંચી. હેંગસુનને કેપ્ટિવ ગન કાઢવા સૂચના આપીને તેણે બીજો રોપ નીચે ફગાવ્યો.

એ પકડીને સૌથી પહેલાં હિરન ઉપર પહોંચી. વજનદાર બક્સાઓ ઊઠાવીને આવી રહેલાં ત્વરિત, છપ્પન માટે એ જોખમ લેવાય તેમ ન હતું, એટલે તેમને જ્યાં છે ત્યાં જ ખડકની આડશમાં સ્થિર લપાઈ રહેવાનું હતું.

સાંકડી ચટ્ટાનની ધારની તરત જ નીચે લપસણો ઢોળાવ શરૂ થઈ જતો હતો. હિરને કેપ્ટિવ ગન ચકાસવા માંડી. કેસીએ કહ્યું હતું, તેમાં એક ધડાકો સાબૂત હતો. હિરનનું હૈયુ બેફામ ફફડતું

હતું, એક જ ધડાકો સાબૂત હતો!

તેમના સદ્નસીબે ડૂબકી મારનારા હેલિકોપ્ટરને હજુ શંકા જ ગઈ હતી. ખાતરી થાય એ પહેલાં પહાડના પોલાણમાં પંખાના સૂસવાટાને લીધે બેફામ ડમરી ચડી હતી એટલે બીજા હેલિકોપ્ટરને સાવચેત કરતાં પહેલાં તેના ચાલકે વધુ એક ડૂબકી મારવાનું નક્કી કર્યું હતું.

હેલિકોપ્ટરની ઘરઘરાટી નજીક આવતી સંભળાઈ એ સાથે હિરને કેષ્ટિવ ગન સાબદી કરીને દિશાનો ક્યાસ માંડવા માંડ્યો હતો. ઊંચે આકાશમાં હેલિકોપ્ટર દેખાયું. પહેલાં તેણે ચટ્ટાન પર બે-ત્રણ ચકરાવા માર્યા, પછી ડાબો મોરો સહેજ ઝૂકાવીને આગળ વધ્યું. હવે એ સતત ઊંચાઈ ઘટાડતું આખી ય પહાડીનો રાઉન્ડ લગાવીને ચટ્ટાન પર આવશે અને અહીંથી જ મોરો ઊંચકશે એવો અંદાજ માંડીને હિરને પોઝિશન લેવા માંડી.

આંખના પલકારામાં પહાડીનો ચકરાવો મારીને સતત ઊંચાઈ ઘટાડતું હેલિકોપ્ટર ચટ્ટાન તરફ આવ્યું. એ સાથે જ હેંગસુન, તાન્શી અને તેના આદમીઓએ ચટ્ટાન પર મૂવમેન્ટ શરૂ કરી દીધી. પોતાની હાજરી બતાવવીને હેલિકોપ્ટરને વધુ ઊંચાઈ ઘટાડવાની લાલચ આપવાનો તેમનો વ્યૂહ કારગત સાબિત થયો હતો.

ચાલકે મૂવમેન્ટ જોઈ એ સાથે જ જોખમ લઈને ય તેણે થ્રોટલ નોબ દબાવવા માંડ્યો.

પોતાના કાફલાના બીજા હેલિકોપ્ટરને તેણે સતર્ક કરવા જોઈએ તેને બદલે એ પોતે જ પહેલાં એટેકનો જશ ખાટવા માંગતો હતો.

પહેલી ડૂબકી, બીજી ડૂબકી... ત્રીજી વારે એ આમતેમ દોડીને ઢાળ ઉતરવા મથતા આદમીઓની બરાબર માથે આવ્યો એ જ ઘડીએ તેના કમનસીબે હેલિકોપ્ટર હિરનની બરાબર સામે આવી ગયું હતું. તેણે પહાડના ખડક પર આડા લેટીને બેરલને સજ્જડ ભીંસી રાખ્યું. ઊંડો શ્વાસ લીધો અને આંખ મીંચીને ટ્રીગર તરીકે કામ આપતો લાંબો સળિયો ખેંચી નાંખ્યો.

પહેલાં પ્રચંડ સૂસવાટા જેવો અવાજ, પછી કાન ફાડી નાંખતો પ્રચંડ ધડાકો... તેણે બહાવરી આંખો ખોલી ત્યારે આકાશમાં આગના બિહામણા ભડકા વચ્ચે હેલિકોપ્ટરના ફૂરચા જ્યાં ત્યાં ઊડી રહ્યા હતા.

*** *** ***

ભારત તરફ દિબાંગ ઘાટીના માર્ગે મેદોગ ચેકપોસ્ટ પર એ દિવસે પારાવાર તંગદીલી હતી. તમામ ચેકપોસ્ટ પર દરેક ઓફિસરને એક મિનિટ માટે ય ન ખસવાનો આદેશ હતો. આઠ-આઠ દિવસથી બબ્બે-ત્રણ-ત્રણ કલાકની ઊંઘ લઈને સતત સાબદા રહેલાં જવાનોના કસાયેલા શરીર પણ હવે જવાબ દઈ ગયા હતા.

હવામાં ઘુમરાતી દુર્ગંધ દૂરથી જ પારખીને એક ફૌજીએ નાકનું ફોયણું ચડાવવા માંડ્યું, 'આજે ફરીથી સાલા મરેલા, ગંધાતા જાનવર લાવી રહ્યા છે...'

દિબાંગની ઘાટીમાં લોહિત નદીના કિનારે વસતાં આદિવાસીઓ મરેલા પશુના ચામડા ઉતરડી, તેને સાફ કરીને આસામના કારખાનાઓમાં મોકલતા હતા. શુદ્ધ અહિંસામાં માનતાં તિબેટમાં ચામડા ઉતરડવાની મનાઈ હતી એટલે ગેન્પા તરીકે ઓળખાતી કોમ આખાય તિબેટમાંથી મરેલા ઢોર ઉપાડીને તેને દિબાંગની ઘાટીના આદિવાસીઓને પહોંચાડવાના વ્યવસાયમાં જોતરાયેલી હતી. હજુ કાલે જ એવા બે ગાડા અહીંથી પસાર થયા હતા અને આજે વળી પાછું...

ખચ્ચર જોડેલાં ગાડાં નજીક આવતાં ગયા એમ વાતાવરણમાં માથું ફાડી નાંખે એવી દુર્ગંધ

ઘુમરાવા લાગી એટલે કેબિનમાંથી એક અફસર બહાર આવીને તાડુક્યો, 'તેને દૂર કાઢ અને ફટાફટ જડતી પતાવીને રવાના કર... સાલા, જતા રહે પછી ય આખો દિવસ બધું ગંધવી મારે છે.'

મોં-નાક પર સજ્જડ રૂમાલ ભીંસીને ફૌજીએ ખચ્ચરગાડાં સાથેના આદમીઓના ઓળખપત્રો ચકાસ્યા. ઈનવર્ડ રજીસ્ટર ચેક કર્યું. છ દિવસ પહેલાં તેઓ અહીંથી જ પસાર થઈને તિબેટમાં ગયા હતા એટલે શંકા કરવાનું કોઈ કારણ ન હતું અને આટલા ગંધાતા જાનવરના મડદાં હટાવીને ગાડાંની તલાશી લેવાની તેની હામ ન હત

'કેમ આટલા બધા જાનવર મરે છે?' તેણે સિક્કો મારતાં પૂછી લીધું.

'ઉપરવાસમાં કંઈક રોગચાળો ફેલાયો છે.' ગાડાંચાલકે ભોળાભટ્ટાક ચહેરે જવાબ વાળ્યો.

'ઓહોહો.. તો તો હજુ ય તમે અમારી હવા બગાડતા રહેશો...'

'ના સાહેબ, આ છેલ્લો ફેરો છે...' ગાડાંચાલકે જવાબ વાળી દીધો. સિક્કો મારીને ઝડપથી પાછા ફરી રહેલા ફૌજીએ તેનો ચહેરો જોયો હોત તો તેના સ્મિતમાં ફરકતી તોફાની ઉસ્તાદી કદાચ પારખી શક્યો હોત.

*** *** ***

લોહિત નદીના ઠંડાગાર પાણીમાં ક્યાંય સુધી ત્વરિત બેઠો રહ્યો હતો. ગંધાતી વાસથી છૂટકારો મેળવવા છપ્પને કેટલીય ડૂબકીઓ મારી લીધી હતી. મરેલા, જાણીજોઈને વધારે પડતાં કોહવી નાંખેલા જાનવરોના પારાવાર ગંધાતા મડદાં નીચે લપાઈને ચેકપોસ્ટ પસાર કરવાનો એ અનુભવ સલામત હતો, પણ એ અનુભૂતિ દોઝખથી ય વસમી હતી.

પ્રવાસનો એ છેલ્લો તબક્કો હતો. દિબાંગ ઘાટીના ઘટાટોપ જંગલોમાંથી ચળાઈને આવતો સૂરજનો ઉજાસ આજે વધુ દેદીપ્યમાન લાગતો હતો. ભેંકાર ખીણમાં દદડતા ઝરણાઓનો કર્ણમંજુલ નિનાદ, પવનની શીતળ લહેરખીથી હિલોળાતો ગમતીલો પર્ણમર્મર, પહાડની છાતી સાથે અડપલું કરીને ખીણ ભણી ભાગી રહેલાં રૂપકડા વાદળો અને હવામાં લહેરાતી તાજગી...

આખી ય ઘાટી વટીને સૌથી પહેલાં હિરન ઉપર પહોંચી હતી. તેની પાછળ તાન્શી, પછી ત્વરિત, પછી તિબેટિયનો અને છેલ્લે છપ્પને ડ્રમના બાચકા ઉપર ચડાવ્યા હતા ત્યારે સૌના ચહેરા પર પ્રલંબ હાશકારો હતો.

પારાવાર હાનિ પછી ય સદીઓથી ખોવાયેલું સત્ય આખરે પરત મેળવ્યાનો એ હાશકારો હતો.

છ મહિના પછી

પોતાલા પેલેસમાં પવિત્ર ઓરડામાં જ ધમાસાણ મચવાની પ્રતિક્રિયા તરીકે તિબેટમાં તોફાનો શરૂ થયા હતા. કોઈક કહેતું હતું કે કેસાંગ ત્સોરપે માર્યો ગયો હતો. કોઈક કહેતું હતું કે પવિત્ર ચિહ્નોની ચોરી થઈ ગઈ છે. અફવાઓના પગલે તિબેટભરમાંથી શ્રદ્ધાળુઓના ધાડાં લ્હાસામાં ઉમટવા માંડ્યા હતા અને ભારે અરાજકતા સર્જાઈ ગઈ હતી.

છેવટે ચીનની સરકારે બિજિંગથી નવી ટીમ મોકલી હતી. નિષ્ફળ નીવડેલા મેજર ક્વાંગ યુનની ધરપકડ કરીને તેની સામે કોર્ટ માર્શલ જાહેર કરાયો હતો. પવિત્ર ઓરડાને હાનિ પહોંચી હોવાથી બેહદ ઉશ્કેરાયેલા તિબેટીઓને શાંત પાડવા પવિત્ર ચિહ્નોને જાહેર દર્શનમાં મૂકાયા હતા. ઓરડાની સામે જ પડેલા આદમીનું મૃત શરીર તિબેટીઓને સોંપી દેવાયું હતું. એ ડેડબોડી છેવટે કોણ લઈ ગયું, ક્યાં લઈ ગયું તેની કોઈને સમજ પડી ન હતી.

રાઘવ, કેસી અને પ્રોફેસરનો બલિ ચઢાવ્યા પછી મહામુસીબતે પ્રાચીન શાસ્ત્ર તો મળ્યું હતું,

પરંતુ તેનું અર્થઘટન કરવું આસાન ન હતું. પ્રોફેસરની ગેરમૌજુદગીમાં હવે આ દરેક વિધાઓનો, અતિ પ્રાચીન લિપિઓનો નવેસરથી અભ્યાસ કરવો પડે તેમ હતો. દરેક વિધાઓને કેટેગરાઈઝ્ડ કરવી પડે તેમ હતી. સેંકડો વિદ્વાનો, નિષ્ણાતોને જોડ્યા વગર આ કામ દુષ્કર બની રહે તેમ હતું.

હિરન અને ત્વરિતે તમામ હસ્તપ્રતો, ભોજપત્રો, તામ્રપત્રો અને તેના ઉતારા કરેલી નોંધપોથીઓ સરકારને સોંપી દીધી હતી. આ બધું શું છે તેનાંથી ય વધારે આ બધું કેવી રીતે મેળવાયું એ જાણીને સરકાર દંગ થઈ ગઈ હતી, પણ મામલો બેહદ કટોકટીભર્યો હતો. પ્રોફેસરનો અને તેમનો કાફલો કઈ રીતે, કેવી મહેનતથી, કેટલી વિચક્ષણતાથી આ જ્ઞાનવારસો ભારત લાવ્યા હતા એ જાહેર થાય તો આપોઆપ એ સૌ ચીનના ગુનેગાર ગણાઈ જાય. ચીન માગણી કરે તો સોંપવા ય પડે અને ન સોંપે તો યુદ્ધની નોબત ગગડવા લાગે.

સઘન મંત્રણાઓ પછી સરકારે સદંતર ચૂપકીદી જાળવીને મામલો ઠરી જવા દીધો હતો અને પછી બહુ જ ઔપચારિક રીતે પ્રાચ્ય વિધાઓની વિશેષ યુનિવર્સિટી તેમજ પ્રાચીન સંપર્કશાસ્ત્રની 64 કળાઓના સંશોધન કેન્દ્રની જાહેરાત કરી હતી.

પ્રોફેસર નિલાંબર રાય પ્રાચ્ય વિધા વિશ્વવિધાલય અને સંશોધન સંસ્થાનના વડા તરીકે પ્રોફેસર ત્વરિત કૌલની નિમણૂંક થઈ હતી. પોતાની ઓફિસમાં કાર્યભાર સંભાળી રહેલા ત્વરિતે બે કામ સૌથી પહેલા કર્યા હતા. સૌથી પહેલાં તેણે યુનિવર્સિટીના વિશાળ ચોગાનમાં સ્થાપેલી પ્રોફેસર નિલાંબર રાયની આદમકદ પ્રતિમાને સજળ આંખે પ્રણામ કર્યા હતા, અને એ પછી છપ્પને ઊઠાવેલી તમામ 64 મૂર્તિઓના પ્રદર્શન કક્ષના નામકરણની તકતી આડેથી પડદો હટાવ્યો હતો...

રાઘવ માહિયા મૂર્તિવિધાન અભ્યાસ કેન્દ્ર.

64 મૂર્તિઓ પછી તરત 65મી પ્રતિમા રાઘવની હતી. એ પ્રતિમાને એકીટશે જોઈ રહેલી બિરવા અસનાનીની આંખોમાંથી ભીનાશ શી વાતેય અટકતી ન હતી.

એ ઘટનાના બીજા ચાર મહિના પછી...

શોટોન મંચની સામે જ દેહાતી તિબેટીઓના જમેલામાં ભળી ગયેલો ઝુઝારસિંઘ મલ્હાન અંધાધૂંધીનો લાભ ઊઠાવીને આબાદ છટકી ગયો હતો. પંદરેક દિવસ સુધી ભૂખ્યો-તરસ્યો એ ભીખારીની માફક ચીંથરેહાલ થઈને રઝળતો રહ્યો હતો. આખરે એક વહેલી સવારે એ ઠૂંઠવાતો હતો ત્યારે કોઈએ તેને જગાડ્યો હતો. ગરમ કામળો ઓઢાડીને ગરમાગરમ ચા પીવડાવી હતી અને પછી ગાડીમાં બેસાડીને ક્યાંક લઈ ગયા હતા.

એ કોઈક મઠ હતો. ચોગાનમાં જલતી વેદીમાં બંધ આંખે આહુતિ આપી રહેલાં એક વયોવૃદ્ધ લામા અગ્નિશિખાઓના રતૂમડાં ઉજાસમાં ભવ્ય લાગતા હતા. બે મહિના પછી એ વયોવૃદ્ધ લામાએ ભારત પરત ફરવાની તેની વ્યવસ્થા થઈ ચૂકી છે એવું કહ્યું ત્યારે ઝુઝારે નતમસ્તક થઈને હાથ જોડી દીધા હતા અને પરત જવાની ના પાડી દીધી હતી.

હવે એ અહીં જ રહેવાનો હતો... લામાના શાંત સાન્નિધ્યમાં એ મઠમાં ધાર્મિક શિક્ષણ માટે દાખલ થતાં નાનાં-નાનાં બાળકોની સંભાળ લેવાનો હતો. એ જ વખતે...

બ્રહ્મપુત્રના ઘાટ પર અજબ શાંતિ પથરાયેલી હતી. શાંગરાના જંગલોમાં આશરે 400 જેટલાં મુક્તિવાહિનીના લડાકુઓ એકઠા થયા હતા. કેસાંગ ત્સોરપે તિબેટમાં વસીને આઝાદીનો જંગ ચલાવવાનો હતો એવો આદેશ બધે ફરી વળ્યો હતો અને ભારતમાં તેના સ્થાને મુક્તિવાહિનીનું સુકાન નવી વ્યક્તિ સંભાળવાની હતી. એ એક છોકરી હતી...

- અને તે જન્મે-કર્મે કોઈપણ રીતે તિબેટી ન હતી.

એ હિરન રાય હતી.

જયજયકાર અને હર્ષાવેશના દેકારા વચ્ચે તેણે માથા પર ખામ્પા લડવૈયાઓનો કસુંબલ જામો કસ્યો હતો અને આંખ બંધ કરીને મનોમન કેસીનું સ્મરણ કર્યું હતું ત્યારે પરાણે સ્વસ્થ રહેવા મથતી તાન્શી તેને ભેટીને ધ્રુસકે ધ્રુસકે રડી પડી હતી. એ વખતે અડીખમ ચટ્ટાન જેવી હિરનની આંખના ખૂણા ય તગતગી ઊઠ્યા હતા.

એ ઘટનાની સમાંતરે મધ્યભારતના જંગલો વચ્ચે ક્યાંક...

આંતરિયાળ આવેલા મંદિરની ધર્મશાળાના ખખડધજ બારણાની ફાંટમાંથી આવતો પ્રકાશ એક આદમી નીરખી રહ્યો હતો. તેણે બેય હથેળી પર છૂંદેલા ચીભડાનો રસ લગાવ્યો હતો. બાજુમાં એક સ્ટુલ પર જર્મન-સિલ્વરની રકાબીમાં જલતી મીણબત્તીમાંથી નીતરતું મીણ તેણે ચપતરી વડે ઊઠાવ્યું.

બહુ તગડો ઘરાક મળ્યો હતો. એક મૂર્તિ ચોરવાના તેને 45 લાખ રૂપિયા મળવાના હતા, પણ તો ય તેના ચહેરા પર તંગદીલી હતી. તેણે ફરીથી આંખ બંધ કરી. ઘડીક વાર રહીને ખોલી નાંખી. ફરીથી આંખ ભીંસીને મીંચી દીધી.

એ ક્યારનો મથતો હતો પણ હજુ ય તેને બાપ ગૂંગાસિંઘનો ચહેરો, ચહેરા પર મઢેલું સ્મિત દેખાતું ન હતું. દરેક અગત્યના કામના આરંભે આશીર્વાદ આપી જતો તેનો બાપ આજે કેમ રિસાયો હતો? ખાસ્સી વાર સુધી તેણે કોશિષ કર્યા કરી. તેણે ગરદન ધૂણાવી નાખી. બાપ ના પાડતો હોય તો હવે આ કામ નહિ કરી શકાય...

નળ ચાલુ કરીને તેણે ચહેરો ધોવા છાલક મારી એ વખતે અનાયાસે તેની આંખો મિંચાઈ, ત્યારે બંધ આંખોની ભીતર તેનો બાપ ગૂંગાસિંઘ ખડખડ હસતો દેખાતો હતો અને આજે પહેલી જ વાર તેના દાદા નામધારીસિંઘ પણ દેખાતા હતા. આંગળીએ વળગાડેલા બાળકને તેઓ કહી રહ્યા હતા, 'બેટે, હમ કરસુખા રાજપૂત હૈ... ભલે હી હમ ખેતીબાડી કરત હૈ પર હમરે પુરખોં કા બડા નામ હુઆ કરતા થા.'

બાપ અને દાદા બેયની આંખમાં ગૌરવભેર આંખ મિલાવીને છપ્પને ખુશખુશાલ ચહેરે ચોખ્ખા પાણીથી હાથ ધોઈ નાંખ્યા.

એ ખેપાની અને રીઢા ચોરને ય આખરે પોતાનું સત્ય લાધી ગયું હતું.

*** *** ***

જ્યારે હું ખરાં છપ્પનસિંઘને મળ્યો...

એપ્રિલ, **2012**નો કોઈ એક દિવસ...

'ગુજરાત સમાચાર'ની રવિપૂર્તિમાં મારી પહેલી નવલકથા લાઈટહાઉસ પ્રસિદ્ધ થઈ રહી હતી. પોલીસતંત્રની વાત હોવાથી પોલીસ વર્તુળોમાં ય એ નવલકથાના ઘણા વાચકો હતા, અને એ રીતે પણ મને એ નવલકથા મને વધુ ફળી રહી હતી... મારી તદ્દન જાણ બહાર.

એક દિવસ એક સિનિયર આઈપીએસ ઓફિસર મિત્રનો મારા પર ફોન આવ્યો, 'યાર, એક મૂર્તિચોર ઝડપાયો છે. મને લાગે છે કે તારા કામન છે. તારે એને મળવું જોઈએ.'

'કોની, પેલા ઉમતામાંથી ચોરી કરતાં પકડાયેલા છપ્પનસિંઘની વાત કરો છો?' છપ્પન જેવા વિશિષ્ટ નામને લીધે મને એ સમાચાર બરાબર યાદ રહી ગયા હતા. મને થયું કે, જૂની-પુરાણી મૂર્તિઓ ચોરનારા માણસ પાસેથી બે- ચાર ક્રાઈમ સ્ટોરી મળવાથી વિશેષ તો કંઈ શું હોવાનું?

આઈપીએસ ઓફિસરનું માન રાખવા મેં હા તો પાડી દીધી, પણ એ પછી અમારા બેઉની અનુકૂળતાનો કદી મેળ ન ખાય. હું ફ્રી હોઉં તો સાહેબ કંઈક કામમાં હોય અને એ મને ફોન કરે ત્યારે હું ક્યાંક અટવાયેલો હોઉં. એમાંને એમાં ખાસ્સો સમય નીકળી ગયો.

એક દિવસ બીજા કોઈક કામ માટે મેં આઈપીએસ ઓફિસરને ફોન કર્યો ત્યારે કર્ટસી ખાતર એ મૂર્તિચોરની વાત કાઢી એટલે તરત એ ઉત્સાહમાં આવી ગયા.

'અરે, એ તો કાલે જાય છે. બીજા રાજ્યોમાં ય તેના પર કેસ થયેલા છે એટલે ટ્રાન્સફર વોરંટથી બિહાર પોલીસને તેનો કબજો આપવાનો છે.'

મને થયું, હાશ... ચાલો છૂટ્યા. આમ પણ મને મૂર્તિચોરને મળવામાં સમય બગાડવા જેવું જ લાગતું હતું, પણ સાહેબ એમ મને છોડે એમ ન હતા.

'ના, તારે એને મળવા જેવું તો છે જ. એક કામ કર, કાલે હું તેને ટ્રેઈનના ટાઈમ કરતાં બે-ત્રણ કલાક વહેલો સ્ટેશન પર મોકલી દઈશ. જાપ્તામાં જે કોઈ હશે તેને ફોન કરીને સ્ટેશનના વેઈટિંગ લાઉન્જમાં જ એ ચોર સાથે મળવાની તારી ગોઠવણ કરાવી દઉં. તેમણે વળી તાકીદ કરી, ડોન્ટ ફેઈલ.. તારે મળવા જેવું તો છે જ... '

બીજા દિવસે હું કાલુપુર રેલવે સ્ટેશનના વેઈટિંગ રૂમમાં પ્રવેશ્યો. આવતી- જતી ટ્રેનોની વ્હિસલની ચિચિયારી, માઈક્રોફોન પર અવિરત વહેતી સૂચનાઓ, વેઈટિંગ લાઉન્જમાં આડાઅવળાં ઠલવાયેલા મુસાફરોનો કલબલાટ, જ્યાં-ત્યાં બેગ-બિસ્તરાંનો પથારો, હવામાં ઘુમરાતી આચાર અને મેંદુવડાની સોડમ...

હું રૂમની વચ્ચોવચ ઊભો રહીને નીરખી રહ્યો હતો. પ્લેટફોર્મ સાઈડની એક બારી પાસે બેઠેલા પોલીસ કાફલા પર મારી નજર પડી. ચાર પોલીસ કોન્સ્ટેબલ્સ, એક પીએસઆઈ અને વચ્ચે ખુરસી પર ચડાવેલો પગ ઢીંચણમાંથી વાળીને બેફિકરાઈથી બારીની બહાર તાકી રહેલો એક આદમી...

મિલિટરી ગ્રીન કલરનું લાંબું ખમીસ, પહોળી મોરીનો અલીગઢી પાયજામો, પગમાં ચાંચવાળા, વજનદાર દેહાજી જોડાં, બેય હાથમાં ચાંદીના જાડાં કડાં, ડાબા કાનમાં સોનાની વાળી...

'આઈયે સા'...' પીએસઆઈએ તેને મારી ઓળખાણ કરાવી એટલે જાણે હું તેની જાનમાં આવ્યો હોઉં એમ તેણે હોંશભેર મને આવકાર આપ્યો. બાજુની ખુરસી પર પડેલો થેલો ઊઠાવીને બેસવાની જગ્યા કરતાં તેણે સ્મિત વેર્યું.

ઘેરો, ઠરડાતો અવાજ, કપાળ પર ત્રિકોણ રચીને બેય લમણે વહેંચાઈ જતા બરછટ, કાબરચિતરાં વાળ, સીધું અણિયાળું નાક, મક્કમ જડબા, સતત સિગારેટ પીને કાળા પડી ગયેલા હોઠ, સુરમો આંજેલી આંખોને વધુ ડરામણી બનાવતી કાળાશ...

પહેલી નજરે જ એ આદમી પૈદાઈશી ડામિસ લાગ્યો મને...

લાઈટહાઉસ વખતે અભરામ સુમરાનું પાત્ર પણ એક રીઢા ગુનેગારની મુલાકાતથી જ જડ્યું હતું. એ માણસ પણ દેખાવ અને આંખોના ભાવથી ગુનેગાર તો લાગતો જ હતો પણ તેના વ્યક્તિત્વમાં ખૌફ ન હતો. જ્યારે આ માણસનો તો રૂતબો જ એવો હતો કે સીધાં-સાદાં લોકો તેને જોઈને જ છેટા રહે.

'હમરી કહાણી મેં...' ખમીસના ખિસ્સામાંથી તેણે માર્લબોરોનું પાકિટ કાઢતાં કહ્યું, 'કુછ ખાસ તો નહિ હૈ સા'...'

એવી નમ્રતા સાથે તેની વાતો શરૂ થઈ. હું સાંભળતો રહ્યો. આસપાસનો માહોલ અલોપ થતો રહ્યો. ટ્રેનની વ્હિસલની ચિચિયારી, આમતેમ આવ-જા કરતા મુસાફરોનો કલબલાટ, માઈક્રોફોન પર ગાજતું એનાઉન્સમેન્ટ, તવા પર શેકાતા પાઉંવડાની તીખી, મસાલેદાર સોડમ... બધું જ ધીમે ધીમે અલોપ થતું ગયું અને ભરચક કાલુપુર રેલવે સ્ટેશનના તમામ શોરબકોર વચ્ચે બેઠા હતા ફક્ત અમે બે...

તેની વાતો એવી જ હતી, જે દરેક અઠંગ ઊઠાઉગીરની હોય, પણ મારા મનમાં કંઈક જુદી જ કલ્પનાનો વંટોળિયો હેલે ચડવા લાગ્યો હતો. એ બોલતો જતો હતો અને મારા ભાવવિશ્વમાં પાત્રો ઘડાતાં જતાં હતાં. એ કંઈક અલગ વાત કહેતો હતો અને મારી આંખો સામે કંઈક નોંખા જ દૃશ્યો ભજવાતાં જતાં હતાં.

સવા બે કલાક પછી એ ટ્રેનના ડબ્બામાં ચડ્યો, પણ ત્યાં સુધીમાં મારા મનમાં પ્રજ્વલિત થયેલું વિસ્મય નવલકથાનો આકાર ધરીને ઊભું રહી ગયું હતું. તેની ટ્રેન પટણાના સરનામે દોડવા લાગી હતી અને મારા મનમાં સદીઓથી ખોવાયેલા સત્યનું સરનામું ફંફોસાઈ રહ્યું હતું...

64, સમરહિલ.

છપ્પને તો એ વાક્ય જ કહ્યું હતું. પોતે કોના માટે ચોરી કરે છે, કોણ તેને આ જરીપુરાણી મૂર્તિઓની આટલી મોટી રકમ ચૂકવે છે એ વિશે છપ્પને એક એવું ભેદી ચિત્ર મારી આંખ સામે દોર્યું, જે તેણે પોલીસ સમક્ષ પોતાની કેફિયતમાં ય કહ્યું હતું.

'ઉસે મૈં નહિ જાનતા. વો કૌન હૈ, કહાં રહતા હૈ, યે સબ મૂર્તિ કા ક્યા કરતા હૈ.. મુજે કુછ નહિ માલુમ. મૈં સિર્ફ ઈતના જાનતા હું કિ વો કહીં ભી, કભી ભી મેરે ઈર્દગિર્દ હોતા હૈ. મારા વિશે એવું કંઈ જ નથી, જે એ માણસ ન જાણતો હોય અને તેના વિશે હું ફક્ત એટલું જ જાણું છું કે મારા વિશે એ બધું જ જાણે છે.'

એ પછી તેણે મારી આંખમાં તાકીને ઉમેર્યું, 'તમે અને હું અહીં વાત કરી રહ્યા છીએ... ઔર હો સકતા હૈ વો યહીં કહીં હો...!'

- અને એમ મારી કલ્પનાને પાંખો મળી.

નામ, ચહેરો કે ઓળખ વગરનો... હવા જેવો એક માણસ... દેશભરમાં વેરવિખેર જૂનાં-પુરાણાં મંદિરોમાં સ્થપાયેલી જર્જરિત, અપૂજ મૂર્તિઓ... મૂર્તિઓમાં છુપાયેલાં તિલસ્મી રહસ્યો અને એ રહસ્યોનો તાગ પામીને સર્વોપરિતા સાબિત કરવાનું આગના લબકારા જેવું ઝનૂન...

છપ્પનની ટ્રેને પ્લેટફોર્મ છોડ્યું, પણ હું ત્યાં જ થંભી ગયો હતો. મારા ચહેરા પર નરી સ્તબ્ધતા

વીંઝાતી હતી, પણ મારા ભાવવિશ્વમાં પાત્રો અને ઘટનાઓનો ઝાંખોપાંખો ઝંઝાવાત ફૂંકાવા માંડ્યો હતો.

મારો છપ્પનસિંઘ આ વાસ્તવિક છપ્પનસિંઘ કરતાં ખાસ્સો અલગ છે. વાસ્તવિક છપ્પનની જિંદગીને, તેણે ચોરેલી મૂર્તિઓને આ કથા સાથે કોઈ જ સંબંધ નથી. મને ફક્ત તેનું નામ ગમી ગયું. મૂર્તિઓ ચોરવાની તેણે કહેલી કેટલીક તરકીબો ય મને બહુ જ રોચક લાગી. એટલાં પૂરતું સામ્ય નવલકથામાં છે.

પટણા ગયા પછી તે ક્યાં ગયો એ મને ખબર નથી. અંદર છે કે બહાર એય હું જાણતો નથી. એમ છતાં દેશભરમાં ક્યાંય પણ જૂની, જર્જરિત મૂર્તિ ચોરાયાના સમાચાર વાંચું છું ત્યારે મને છપ્પનસિંઘ યાદ આવે છે... હંમેશા યાદ આવતો રહેશે.

*** *** ***

સંદર્ભગ્રંથસૂચિ

સંસ્કૃત:

- કેનોપનિષદ
- ચંદ્રલાપરમેશ્વરી માહાત્મ્ય
- તૈત્તિરીયોપનિષદ
- શુલ્બસૂત્ર
- શ્રીમદ્ શંકરાચાર્ય વિરચિત કાલિકાષ્ટકમ્
- શ્વેતાશ્વતરોપનિષદ
- મુંડકોપનિષદ

હિન્દી:

- કલ્યાણ શિક્ષા વિશેષાંક, ગીતા પ્રેસ ગોરખપુર, 1988
- તિબ્બત મેં બૌદ્ધ ધર્મ, રાહુલ સાંકૃત્યાયન
- પુરાણ-વિમર્શ, આચાર્ય બલદેવ ઉપાધ્યાય
- ભારતીય શિલ્પસંહિતા, પ્રભાશંકર સોમપુરા
- પ્રાચીન ભારતીય મૂર્તિવિજ્ઞાન, વાસુદેવ ઉપાધ્યાય
- રાહુલ સાંકૃત્યાયન, એક ઈતિહાસપરક અનુશીલન, લે.બ્રિજેશકુમાર શ્રીવાસ્તવ
- ટસર્વ દર્શન સંગ્રહ, ડો. ઉમાશંકર શર્મા 'ઋષિ'

અંગ્રેજી:

- Applied criminal psychology: a guide to forensic behavioral sciences, Richard N. Kocsis
- The Crest of The Peacock, G.G. Joseph
- Criminal Psychology London: Hodder Education, Canter David
- God Particle: If the Universe is the Answer, What is the Question? Leon M. Lederman
- The Hidden Connection, F. Capra
- Hidden Evidence: The Story of Forensic Science and how it Helped to Solve 40 of the World's Toughest Crimes, D. Owen
- The History Of Weapons, Herbst Judith
- The Holographic paradigm, Renee weber
- Indian Institute of Scientific Heritage
- Indian Sculpture, Stella Kramrisch
- Introduction to Tantra: The Transformation of Desire, Lama Thubten Yeshe
- Medieval Weapons: An Illustrated History of Their Impact Kelly DeVries, Robert Douglas Smith

- Origin of Tantricism and 64 Yogini Cult, Janmejey Chowdhary
- Science and Tantra Yoga, A. S. Sinha
- Science and Technology in World History: An Introduction, James E McClellan And Herod Dorn
- The Secret Lives of The Dalai Lama, Alexander Norman
- Studies in the Tantra & the Veda, M. P. Pandit
- Tantra and its Effect on Society, Shri Shri Anandmurti
- The Tao of Physics, F. Capra
- Think Everest, Anita Karval, Atul Karval
- Tibet and China: History of a Complex Relationship: Is Tibet Part of China? Kallie Szczepanski
- Triadic Heart of Shiva and Kaul Tantricism, Ortega-Muller
- The Worlds last Mysteries, Reader Digest
- Wiley Encyclopedia of Forensic Science, Allan Jamieson; Andre Moenssens

ગુજરાતી:

- ખનીજવિદ્યા, ડો. પી.જી.શેઠ
- તિબેટની ભીતરમાં, હેનરિક હેરર, અનુ. મહેન્દ્ર મેઘાણી
- દલાઈ લામા, મયંક છાયા
- પૂર્વરંગ - હિમરંગ, ડો. પ્રતિભા આઠવલે, અનુ. ડો. અલકા પ્રધાન
- પ્રાચીન ભારતીય શિલ્પકળા અને સ્થાપત્ય, ડો. પ્રિયબાળા શાહ
- ભારતીય અભિલેખ વિદ્યા, ડો. હરિપ્રસાદ ગં. શાસ્ત્રી
- શિવ અને શિવા, સંપા. વસંત પરીખ

*** *** ***


CYGNET GROUP

e-શબ્દ
indian-ebooks